
॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી

બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રમુખસ્વામી મહારાજ

(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૨૦૦૩ થી ૨૦૦૬)

ભાગ : ૧૦



લેખક

સાધુ આદર્શજીવનદાસ

Brahmaswarup Pramukh Swami Maharaj, Part 10

(Biography of Brahmaswarup Pramukh Swami Maharaj)

By Sadhu Adarshjivandas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
September 2024

Copies: 17,000

ISBN: 978-81-7526-994-1

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.


પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર ૨૦૨૪

પ્રત : ૧૭,૦૦૦

કિંમત : **રૂ. ૨૦૦-૦૦** (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત રૂ. **૨૫૦-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪



બ્રહ્મસ્વરૂપ
શ્રી પ્રમુખસ્વામી મહારાજ

(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૨૦૦૩ થી ૨૦૦૬)

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના

આશીર્વાદ[૧]

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું જીવન દરેકને પ્રેરણા મળે એવું છે. આ હકીકત તેઓના જીવનચરિત્રનું કોઈ પણ પાનું વાંચતાં અનુભવાય છે. સ્વામીબાપાનું આ જીવનચરિત્ર વાંચવાથી કેટલાયના જીવનને સાચી દિશા અને પૂરતી ગતિ મળ્યાં છે. માટે તેનો નિયમિત પાઠ કરતાં જ રહેવું.

પ્રમુખસ્વામી મહારાજ એટલું સહજ જીવતા હતા કે તેઓની સાથે રહીએ તોય તેઓની મહાનતાને સમજી ના શકાય. તેઓ ભગવાન અને ગુરુમાં જ રસબસ થઈ કાર્ય કરતા. ભગવાન અને ગુરુને રાજી કરવા જ કાર્ય કરતા. એટલે તેઓ પાસે જે આવે તેને શાંતિ અને સમાધાન મળતાં.

આવા સ્વામીબાપાનું જીવનચરિત્ર અનંત કાળ સુધી સૌને માર્ગદર્શન આપતું રહેશે. આ જીવનચરિત્ર તૈયાર કરવામાં પૂજ્ય આદર્શજીવન સ્વામી અને સંતોએ ખૂબ દાખડો કર્યો છે. તે સૌને અને આ જીવનચરિત્ર જે વાંચે તે બધાને સ્વામીબાપા અખંડ સુખિયા રાખે તે પ્રાર્થના.

તા. ૨૩/૫/૨૦૨૩,
જેઠ સુદ ચોથ, પ્રમુખવરણી દિન,
લંડન

---

૧. આશીર્વાદનો આ ભાવાનુવાદ વીડિયોમાંથી સંકલિત કરાયો છે. મૂળ આશીર્વાદ સાંભળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી અને વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનની વિસ્તૃત ગાથા વર્ણવતી આ ગ્રંથશ્રેણી આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવાય છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર, જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા, પરાભક્તિ અને ગુરુ-ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ, કરુણા અને પરહિતની અવિરત વહેતી ગંગા, બીજાના સુખ માટે જીવનની આહુતિ આપનાર, નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષાત્ મૂર્તિ, સમત્વથી સૌ પર વરસતી સ્નેહની અનરાધાર વર્ષા અને ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર. એમની ફોરમતી પવિત્રતામાં ભગવદ્ગીતાનું ગુણાતીતગાન ગુંજ્યા કરે. એમના સાન્નિધ્યમાં પરમાત્માની સુવાસ સહેજે મઘમઘે. કોઈ અધિકાર કે કંઈક હોવાનો કોઈ દાવો નહીં, કોઈ હક્ક કે માલિકીનો ભાવમાત્ર નહીં, 'હું કંઈક છું કે હું કંઈક કરું છું' એવા અસ્તિત્વની સભાનતા એમની નજીક પણ ફરકે નહીં. સદા સરળ. સદા સહજ. દંભ કે કોઈ દોર-દમામનો અંશમાત્ર નહીં. એક વિલક્ષણ અજોડ આર્ષદ્રષ્ટા અને અદ્વિતીય સર્જક-લોકસેવક હોવા છતાં અહંશૂન્યતાની જીવતી જાગતી પરાકાષ્ઠા. તેમના જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાન સ્વામિનારાયણને ચરણે લોકહિત કે જનકલ્યાણ માટે સમર્પિત. શરીરની કોઈ ખેવના નહીં. હૃદય ઋજુતાથી અહોરાત્ર ધબકે છતાં સહનશીલતાનો એમનાથી મોટો કોઈ પર્યાય નહીં. સૌમ્ય અને પ્રિય હિતકારી વાણી, પ્રેમ અને કરુણા વર્ષાવતી એમની નિર્મળ આંખો, રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.

આ બધું આજે સાંભરે છે ત્યારે હૃદય ગદ્ગદ થઈ જાય છે. આ પૃથ્વી અને પૃથ્વી પર વસતા કરોડો લોકો સતત ૯૫ વર્ષ સુધી તેમના સાન્નિધ્યથી ધન્ય થતા રહ્યાં. આવા શબ્દાતીત-સમયાતીત-ગુણાતીત મહાપુરુષનું જીવનચરિત્ર શબ્દોમાં કંડારવું એનાથી મોટું કોઈ કપરું કામ નથી. આમ છતાં, આવનારી અનેક પેઢીઓને આ ગુણાતીત મહાપુરુષના દિવ્ય જીવનમાંથી સતત પ્રેરણા મળતી રહે તે માટે આ ગ્રંથશ્રેણી પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની રોજનીશી લખનાર સંતોએ લખેલાં હજારો પૃષ્ઠો, હજારો હરિભક્તો અને સંતો દ્વારા લખાયેલા સ્વાનુભવોનાં હજારો પૃષ્ઠો, સ્વામિનારાયણ પ્રકાશનાં સામયિક વર્ણનો તેમ જ અન્ય અનેક દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોમાંથી મળતી સામગ્રીનું સંકલન કરીને આ ગ્રંથ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીએ કર્યું છે. એ વાતનો આનંદ છે કે વરિષ્ઠ સંતોના માર્ગદર્શન અને અન્ય સહાયક સંતોની મદદથી અનેક ભાગોમાં વહેંચાયેલું આ વિસ્તૃત જીવનચરિત્ર ખૂબ ઝડપથી આકાર લઈ રહ્યું છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી જ આ ગ્રંથ-શ્રેણી પ્રકાશિત થઈ રહી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ પર્વે આ ગ્રંથશ્રેણી તેમને સૌથી મોટું અર્ઘ્ય બની રહેશે.

આ ગ્રંથશ્રેણી માત્ર પ્રમુખસ્વામી મહારાજના જીવનની ઝાંખી નથી કરાવતી, પરંતુ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સિદ્ધાંતો અને અક્ષરપુરુષોત્તમ દર્શન, સંપ્રદાયની અજોડ પરંપરા, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સુદીર્ઘ ઇતિહાસનું આચમન કરાવે છે. આ ગ્રંથશ્રેણી ભગવાન સ્વામિનારાયણ તેમ જ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પર્યંત વહેતી ગુણાતીત પરંપરાને એક વિનમ્ર ભાવાંજલિ છે. ભારતની વૈદિક ઋષિ-પરંપરાને એક ભાવવંદના છે. કારણ કે પ્રમુખસ્વામી મહારાજ એટલે એ બધાનો સાક્ષાત્ સરવાળો !!

આ ગ્રંથના સર્જનમાં ભક્તિપૂર્વક ખૂબ જહેમત લેનાર પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામી, વરિષ્ઠ સંતો, સ્વામિનારાયણ અક્ષરપીઠના સંચાલક સંતો અને કાર્યકરો સહિત સૌનો હૃદયપૂર્વક આભાર. એ સૌ પર ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની કૃપા નિરંતર વરસતી રહે એ જ અભ્યર્થના.

આવો, ભગવાન શ્રી સ્વામિનારાયણ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં ચરણે પ્રાર્થના કરીએ કે આ પરમ પવિત્ર જીવનગાથા યુગે યુગે સૌને પ્રમુખસ્વામી મહારાજના શાશ્વત અસ્તિત્વનો અનુભવ કરાવતી રહે.

- સ્વામિનારાયણ અક્ષરપીઠ

શરદ પૂર્ણિમા, સન ૨૦૧૮.

અનુક્રમણિકા

વિષય **પૃષ્ઠ**

અમૃતધારા-૩૬ :
સ્વામીની સેનામાં સાતસો સંતો

અમૃતધારા-૩૭:
I will always be with You (હું હંમેશાં તમારી સાથે રહીશ)

- **સન ૨૦૦૪**



શોભો સાધુ ગુણે સદા સરળ ને, જક્તે અનાસક્ત છો,
શાસ્ત્રીજી ગુરુ યોગીજી ઉભયની, કૃપાતણું પાત્ર છો;
ધારી ધર્મધુરા સમુદ્ર સરખા, ગંભીર જ્ઞાને જ છો,
નારાયણસ્વરૂપદાસ ગુણીને, સ્નેહે જ વંદું અહો.






ભગતજી મહારાજ શાસ્ત્રીજી મહારાજ યોગીજી મહારાજ પ્રમુખસ્વામી મહારાજ મહંત સ્વામી મહારાજ

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
(પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી)
તથા તેમની ગુણાતીત ગુરુપરંપરા

જેનું વહન કરીને
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભગવાન શ્રી સ્વામિનારાયણના
દિવ્ય પ્રગટ સાંનિધ્યનો અસંખ્ય લોકોને અનુભવ કરાવ્યો હતો.



આદિવાસી જનસમાજ માટે સંસ્થા દ્વારા શિક્ષણસેવાનું એક વધુ નૂતન પ્રદાન.
સેલવાસમાં ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન ટેક્નોલોજીનાં દ્વાર ખુલ્લાં મૂકતા સ્વામીશ્રી. (૧૦-૧-૨૦૦૩)



રાજધાની દિલ્હીમાં નવનિર્મિત શિખરબદ્ધ સંગેમરમર મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનો મંગલ પ્રારંભ.
વિશ્વશાંતિ મહાયજ્ઞમાં ઉપસ્થિત યજમાનોને આશીર્વાદનું અમૃત પાતા સ્વામીશ્રી. (૫-૨-૨૦૦૩)



દિલ્હીના મુખ્ય રાજમાર્ગો પર વિવિધ રથમાં શોભતી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા
ભગવત્સ્વરૂપોની ભવ્ય અને અલૌકિક શોભાયાત્રામાં સંતો-ભક્તોનું વૃંદ. (૫-૨-૨૦૦૩)



ગુરુ યોગીજી મહારાજના સંકલ્પને પૂર્ણ કરતાં નવનિર્મિત કલાત્મક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ
મંદિરમાં વેદોક્ત વિધિપૂર્વક પ્રાણપ્રતિષ્ઠા કરતા સ્વામીશ્રી. (નવી દિલ્હી, ૬-૨-૨૦૦૩)




પ્રથમ ખંડમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા બાદ
વેદોક્ત પૂજન કરતા સ્વામીશ્રી. (નવી દિલ્હી, ૬-૨-૨૦૦૩)



મહોત્સવ મંચ પર સ્વામીશ્રી સાથે શ્રી લાલકૃષ્ણ અડવાણીજી, ડો. મનમોહનસિંઘજી, લે. ગવર્નર વિજય
કપૂર, શ્રી નરેન્દ્રભાઈ મોદી, બ્રિટિશ સાંસદ શ્રી બેરી ગાર્ડીનર વગેરે. (નવી દિલ્હી, ૬-૨-૨૦૦૩)



બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના દિવ્ય સંકલ્પને સાકાર કરતું યમુના મૈયાના પટમાં શોભતું
પૂર્ણતઃ સંગેમરમરનું કલાત્મક શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર. (નવી દિલ્હી)



સ્વામિનારાયણ અક્ષરધામના સર્વાંગ સંપૂર્ણ સર્જનમાં ઊંડો રસ લઈ માર્ગદર્શન આપતા સ્વામીશ્રીનું
એક વિલક્ષણ છબિદર્શન. (નવી દિલ્હી, ૩-૨-૨૦૦૩)




ખાનદેશમાં શાસ્ત્રીજી મહારાજનાં પ્રસાદીભૂત સ્થાનોની દર્શન-યાત્રાએ સ્વામીશ્રી.
ગલવાડામાં શાસ્ત્રીજી મહારાજ જે વડ નીચે કૂવે સ્નાન કરતા તેના દર્શનાર્થે સ્વામીશ્રી. (૨૦-૨-૨૦૦૩)



મોહાડીમાં શાસ્ત્રીજી મહારાજ જ્યાં પધારેલા એ પ્રાસાદિક સ્થાનોનાં મહિમાગાનમાં લીન સ્વામીશ્રી.
(૨૧-૨-૨૦૦૩)



બોડેલીમાં સ્વામીશ્રીને વધાવવા ઊમટેલા ૫,૦૦૦ આદિવાસી બંધુઓનું વિરાટ સંમેલન.
કલાભક્તિ રજૂ કરનાર આદિવાસીભાઈઓ પર પ્રસન્નતા વરસાવતા સ્વામીશ્રી. (૨૮-૨-૨૦૦૩)




સ્વામીશ્રીની દિવ્ય સ્નેહલ વર્ષાથી ભીંજાયેલાં આ આદિવાસી બંધુઓનાં જીવન આજે
સત્સંગ, ભક્તિ, નીતિમત્તા અને પ્રામાણિકતાની સુવાસથી મહેકી રહ્યાં છે. (બોડેલી, ૨૮-૨-૨૦૦૩)



લઈ પિચકારી પ્રમુખ રસિયા, ખેલો હોરી આજ. – સંતો-ભક્તો પર રંગની ઝડી વરસાવી શ્રીહરિના દિવ્ય રંગોત્સવની અનુભૂતિ કરાવતા સ્વામીશ્રી. (સારંગપુર, ૧૮-૩-૨૦૦૩)



તીર્થધામ પાળિયાદ ખાતે સ્વામીશ્રીના હસ્તે સંપન્ન થયાં – દિવંગત અમરા બાપુના સ્મૃતિસ્થાનનાં પ્રતિષ્ઠા અને ઉદ્‌ઘાટનવિધિ. આ અવસરે પ્રસિદ્ધ ધર્માચાર્યો સાથે સ્વામીશ્રી. (૯-૪-૨૦૦૩)



'પ્રમુખસ્વામી દ્વારા સાતસો સાધુ થશે' – યોગીજી મહારાજની આ આર્ષવાણીને સિદ્ધ કરતાં,
૭૦૦ સંતોનો શીલવંતો સમુદાય સમાજને અર્પતા સ્વામીશ્રી. (ગોંડલ, ૨૭-૫-૨૦૦૩)




ગુરુચરણે સર્વસ્વ સમર્પણ કરી ત્યાગાશ્રમની દીક્ષા ગ્રહણ કરતા દેશ-વિદેશના સુશિક્ષિત નવયુવાનો.
(ગોંડલ, ૨૭-૫-૨૦૦૩)




અમદાવાદના પ્રસિદ્ધ શ્રી જગન્નાથજી મંદિરમાં દર્શને પધારેલા સ્વામીશ્રીનું
હારતોરાથી ભાવભર્યું સન્માન કરતા મહંત શ્રી પૂજ્ય રામેશ્વરદાસજી મહારાજ. (૩૦-૬-૨૦૦૩)




શ્રી જગન્નાથજી મંદિરમાં બિરાજિત ભગવાન શ્રીકૃષ્ણ, શ્રી બળદેવજી અને શ્રી સુભદ્રાજીનાં ચરણોમાં
ભાવવંદના અર્પણ કરતા સ્વામીશ્રી. (અમદાવાદ, ૩૦-૬-૨૦૦૩)




આણંદ સ્થિત ઇરમા સંકુલ ખાતે આયોજિત વિદેશનાં કિશોર-કિશોરીઓની શિબિરમાં
યુ.કે.-યુ.એસ.એ.ના કિશોરોને અમૃતલાભ આપતા સ્વામીશ્રી. (૧૯-૭-૨૦૦૩)



સ્વામીશ્રીના પ્રેમાળ સાંનિધ્યમાં ભારતીય સનાતન મૂલ્યોની સાથે સંપ્રદાયની અસ્મિતાને દૃઢ કરનાર
કિશોરોની સ્વામીશ્રી સાથેની એક સ્મૃતિછબિ. (૨૩-૭-૨૦૦૩)



માઉન્ટ આબુ ખાતે સંસ્થા સંચાલિત વિદ્યામંદિરમાં સ્વામીશ્રીએ બાળકો પર વરસાવેલી સ્નેહવર્ષા.
બાળકોને વર્ગમાં સફળતાનાં સીમાચિહ્ન સમાં વચનો કોતરી આપતા સ્વામીશ્રી. (૧૪-૧૧-૨૦૦૩)



'હંમેશાં ભગવાનનું નામ લેવું. તેથી આપણું કલ્યાણ થાય, સુખિયા થવાય, અભ્યાસ પણ સારો થાય.'
– વિદ્યામંદિરના બાળકોને જ્ઞાનોપદેશ આપતા સ્વામીશ્રી. (માઉન્ટ આબુ, ૧૪-૧૧-૨૦૦૩)




નિઃસ્વાર્થ મમતાપૂર્વક વાત્સલ્ય વરસાવી બાળકોને ધન્ય કરતા સ્વામીશ્રી.
(માઉન્ટ આબુ, ૧૪-૧૧-૨૦૦૩)




વિદ્યાભ્યાસની સાથે સાથે બાળકોના સર્વાંગી ઉત્કર્ષની મમતાપૂર્ણ સંભાળ લેનાર સ્વામીશ્રી દ્વારા બાળ-કેળવણીનો સૌને મળેલો એક ઉત્તમ સંદેશ. (માઉન્ટ આબુ, ૧૪-૧૧-૨૦૦૩)



દિલ્હીમાં નિર્માણ પામી રહેલા અક્ષરધામનું ઘડતર-કાર્ય કરતા હજારો કારીગરો પૈકી
પ્રત્યેકના મસ્તક પર હાથ મૂકી પ્રસન્નતાના આશીર્વાદ આપતા સ્વામીશ્રી. (સ્વરૂપગંજ, ૧૪-૧૧-૨૦૦૩)



અક્ષરધામના નિર્માણમાં સહભાગી કારીગરો અને સ્વયંસેવકોને
ચિરંતન સ્મૃતિછબિ આપતા સ્વામીશ્રી. (પીંડવાડા, ૧૫-૧૧-૨૦૦૩)



દિલ્હીના અક્ષરધામના પથ્થર-ઘડતરમાં અમૂલ્ય માર્ગદર્શન આપતા સ્વામીશ્રી. સાથે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી તથા શ્રી હર્ષદભાઈ ચાવડા. (પીંડવાડા, ૧૫-૧૧-૨૦૦૩)




ઘડતર-કામ કરતા પ્રત્યેક કારીગરને પ્રેમ અને પ્રોત્સાહનનું અમૃત પાતા સ્વામીશ્રી. (સીવેરા, ૧૫-૧૧-૨૦૦૩)




નિર્માણાધીન સ્વામિનારાયણ અક્ષરધામના પથ્થરોના ઘડતર-કાર્યને વેગ, માર્ગદર્શન અને પૂર્ણતા આપતા સ્વામીશ્રી. (સીવેરા, ૧૫-૧૧-૨૦૦૩)




પથ્થરના ઘડતરમાં જોડાયેલા તમામ કારીગરોની સભામાં આશીર્વચન અર્પી સૌ કારીગરોને કૃતાર્થ કરતા સ્વામીશ્રી. (સીવેરા, ૧૫-૧૧-૨૦૦૩)




પથ્થરોની કોતરણી નિહાળી, નિર્માણમાં સહયોગી કારીગરો પર નિઃસ્વાર્થ સ્નેહ અને વાત્સલ્યપૂર્વક આશીર્વાદનાં ફૂલ વરસાવી તેમનું ગૌરવ કરતા સ્વામીશ્રી. (સિકંદરા, ૧૯-૧૧-૨૦૦૩)




કારીગરોની સભામાં દર્શન-આશીર્વચનનો દિવ્ય લાભ આપતા સ્વામીશ્રી.
(સિકંદરા, ૧૯-૧૧-૨૦૦૩)




દિલ્હીમાં અક્ષરધામની સન્મુખ રચાયેલા નૂતન 'અક્ષરધામ સેતુ' પરથી સમગ્ર અક્ષરધામના નિર્માણકાર્યની ગતિવિધિ નિહાળી રહેલા સ્વામીશ્રી. સાથે ઈશ્વરચરણદાસ સ્વામી. (૨૨-૧૧-૨૦૦૩)



અક્ષરધામ પરિસરમાં નિર્માણાધીન પ્રદર્શન-સૃષ્ટિમાં અનુભવપૂર્ણ માર્ગદર્શન સાથે આગવો ઓપ આપતા સ્વામીશ્રી. (નવી દિલ્હી, ૨૩-૧૧-૨૦૦૩)




'પૃથ્વીનું તળ રહેશે ત્યાં સુધી અક્ષરધામ રહેશે.' – અક્ષરધામ મહામંદિરની છત ઢાંકવાના મુહૂર્ત સમયે અભય વચન ઉચ્ચારતા સ્વામીશ્રી. (નવી દિલ્હી, ૨૪-૧૧-૨૦૦૩)



મહાનગર કલકત્તામાં નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરનાં મંડાણ કરતા સ્વામીશ્રી. મંદિરના શિલાન્યાસની વેદોક્ત વિધિમાં ઠાકોરજીની આરતી ઉતારતા સ્વામીશ્રી. (૩૦-૧૧-૨૦૦૩)



સ્વામીશ્રીના ૮૩મા પ્રાગટ્યોત્સવની મહાનગર કલકત્તા ખાતે ધામધૂમપર્વક ઉજવણી.
(૧-૧૨-૨૦૦૩)



જન્મજયંતી દિને નમ્રતાના નિધિ સ્વામીશ્રીનાં એક વિરલ દર્શન. મહંત સ્વામી, ડોક્ટર સ્વામી વગેરે વરિષ્ઠ સંતોને મહિમાપૂર્વક પ્રણામ કરતા ગુરુહરિ સ્વામીશ્રી. (કલકત્તા, ૧-૧૨-૨૦૦૩)

દક્ષિણ ભારતનાં પ્રખ્યાત તીર્થસ્થાનોના મહાધીશો-મહામંડલેશ્વરોની સ્વામીશ્રી સાથેની સ્નેહસભર મુલાકાતોનાં વિરલ છબિદર્શન.

કર્ણાટકના મેલુકોટે મઠના રામાનુજાચાર્ય શ્રી યતિરાજ જિયર સ્વામી સાથે સ્વામીશ્રીનું ભાવસભર સ્નેહમિલન. (ચેન્નાઈ, ૨૨-૧૨-૨૦૦૩)






કર્ણાટકના ઓમકાર આશ્રમના સ્થાપક શ્રી શિવપુરી મહાસ્વામીજીને પુષ્પહારથી સત્કારતા સ્વામીશ્રી. (બેંગલોર, ૩૧-૧૨-૨૦૦૩)




સ્વામીશ્રીને પુષ્પહારથી સન્માનતા વીરશૈવ સંપ્રદાયના સુત્તુર મઠના પૂજ્ય દેશિકેન્દ્ર સ્વામીજી. (બેંગલોર, ૧-૧-૨૦૦૪)




ગાંધીનગર સ્થિત અક્ષરધામ ખાતે બાળપ્રવૃત્તિ સુવર્ણ મહોત્સવની ઉજવણીનો શાનદાર માહોલ.
ત્રિરંગો લહેરાવી મહાનુભાવોનું ભાવભર્યું સ્વાગત કરતા બાળકો. (૮-૨-૨૦૦૪)



સુવર્ણ મહોત્સવમાં સ્વામીશ્રી સાથે શ્રીહરિનાં દર્શને રાષ્ટ્રપતિશ્રી ડૉ. અબ્દુલ કલામ, ઉપવડાપ્રધાન
શ્રી અડવાણીજી, રાજ્યપાલ શ્રી કૈલાસપતિ મિશ્રા, મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી. (૮-૨-૨૦૦૪)



બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિના સુવર્ણ મહોત્સવમાં અક્ષરધામના પોડિયમ પર સ્વામીશ્રી સાથે રાષ્ટ્રપતિશ્રી અને મહાનુભાવો રાષ્ટ્રગીતના ગાનમાં શામિલ. (ગાંધીનગર, ૮-૨-૨૦૦૪)



રાષ્ટ્રગીતના ગાન બાદ શુભ ભાવનાઓ સાથે તિરંગા ફુગ્ગાઓના ગુચ્છને ગગનમાં વહેતો મૂકતા સ્વામીશ્રી, રાષ્ટ્રપતિશ્રી, આમંત્રિત મહાનુભાવો અને હજારો બાળકો. (ગાંધીનગર, ૮-૨-૨૦૦૪)




બાળપ્રવૃત્તિના સુવર્ણ મહોત્સવમાં બાળકોના જિજ્ઞાસાસભર પ્રશ્નોને વહાલપૂર્વક સંતોષી, રાષ્ટ્ર તેમજ સ્વના સર્વાંગી ઉત્કર્ષ માટે બાળકોને પ્રતિજ્ઞાબદ્ધ કરતા રાષ્ટ્રપતિશ્રી. (૮-૨-૨૦૦૪)



સમૂહ આરતીમાં સ્વામીશ્રી તથા રાષ્ટ્રપતિશ્રી સાથે ૨૦,૦૦૦ બાળકોનો સમૂહ. ટમટમતા દીવડાઓ અને નિર્દોષ બાળતારલાઓથી અક્ષરધામનું પ્રાંગણ છલકાઈ ઊઠ્યું. (ગાંધીનગર, ૮-૨-૨૦૦૪)



સારંગપુરમાં ફૂલદોલોત્સવ પ્રસંગે આશીર્વાદના ફગવા પીરસતા સ્વામીશ્રી.
(૭-૩-૨૦૦૪)



પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજને કેસૂડાંના જળથી રંગીને ભક્તિ અદા કરતા સ્વામીશ્રી.
(સારંગપુર, ૭-૩-૨૦૦૪)




સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિમંદિરની પ્રદક્ષિણામાં લાડીલા ભક્તો સાથે ગોઠડી.
શ્રી હકાભાઈ ખાચર તથા અન્ય ભક્તો સાથે આનંદની પળોમાં સ્વામીશ્રી. (૧૯-૧૧-૨૦૦૪)



નડિયાદમાં ભગવાન સ્વામિનારાયણ સાથે ખ્રિસ્તી વડા બિશપ હેબરની મુલાકાત યોજાઈ હતી
તે સ્થળે રચાયેલા સ્વામિનારાયણ સ્મૃતિમંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના મંચ પર સ્વામીશ્રી. (૨૦૦૪)



પ્રમુખસ્વામી મહારાજના હસ્તે પ્રતિષ્ઠિત નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ સ્મૃતિમંદિર.
(નડિયાદ, ૨૮-૩-૨૦૦૪)



નડિયાદમાં નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ સ્મૃતિમંદિર સ્થિત પ્રદર્શનમાં
ભગવાન સ્વામિનારાયણ અને બિશપ હેબરની મુલાકાતનું હૂબહૂ દૃશ્ય.



અમેરિકામાં બી.એ.પી.એસ. દ્વારા આયોજિત ભારતીય સંસ્કૃતિની ભવ્યતાનું દર્શન કરાવતા વિશિષ્ટ કાર્યક્રમમાં મંચ પરથી આશીર્વાદ વરસાવતા સંસ્કૃતિના જ્યોતિર્ધર સ્વામીશ્રી. (ન્યૂજર્સી, ૫-૬-૨૦૦૪)



ન્યૂજર્સી (અમેરિકા) ખાતે વિખ્યાત કોન્ટિનેન્ટલ એરિનામાં યોજાયેલા શાનદાર 'સંસ્કૃતિ' કાર્યક્રમમાં સ્વામીશ્રીના આશીર્વાદ માણતો વિશાળ ભક્ત મહેરામણ. (૫-૬-૨૦૦૪)



અમેરિકામાં સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા વધુ એક ભારતીય પરંપરાગત શૈલીના મંદિરનો પ્રારંભ. એટલાન્ટામાં બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસવિધિ કરતા સ્વામીશ્રી. (૧૩-૬-૨૦૦૪)



અમેરિકામાં હ્યુસ્ટનમાં રચાયેલા ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા. શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજમાં પ્રાણ-આહ્‌વાન કરતા સ્વામીશ્રી. (૨૫-૭-૨૦૦૪)



પ્રાણપ્રતિષ્ઠા વિધિ બાદ પ્રતિષ્ઠિત મૂર્તિઓની પ્રથમ આરતી ઉતારતા સ્વામીશ્રી.
સ્વામીશ્રી સાથે આરતીનો લાભ લેતો ભક્ત સમુદાય. (હ્યુસ્ટન, ૨૫-૭-૨૦૦૪)



નકશીદાર સ્તંભો, કલાત્મક કમાનો, વિશાળ છત-વિતાનો તેમજ અનેક શિલ્પાકૃતિઓ સાથે
હ્યુસ્ટન મહાનગર ખાતે શોભતું ભવ્ય પંચશિખરીય શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર.



મહાનગર શિકાગો ખાતે નૂતન શિખરબદ્ધ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો શાનદાર પ્રારંભ.
મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે આયોજિત ઠાકોરજીની શોભાયાત્રાને વધાવતા સ્વામીશ્રી. (૭-૮-૨૦૦૪)




શિકાગોના રાજમાર્ગો પર વિવિધ કલાત્મક રથ તેમજ સંતો-ભક્તો-બાળકો-કિશોરો અને બહેનોની
ભક્તિસભર રજૂઆતો સાથે પસાર થતી શોભાયાત્રાનું એક દર્શન. (૭-૮-૨૦૦૪)



ભવ્ય બી.એ.પી.એસ. મંદિરમાં બિરાજમાન મૂર્તિઓની વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા વિધિમાં લીન સ્વામીશ્રી...
(શિકાગો, ૮-૮-૨૦૦૪)



અમેરિકાની ધરતી પર શિકાગો મહાનગર ખાતે સનાતન ધર્મનો વિજયઘોષ કરતું
પ્રમુખસ્વામી મહારાજ દ્વારા નિર્મિત ભવ્ય શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર.



મંદિર-નિર્માણની સેવામાં યાહોમ થનાર કિશોર-યુવાવૃંદ સાથે તેમના પ્રેરણામૂર્તિ સ્વામીશ્રી.
(હ્યુસ્ટન, ૨૨-૭-૨૦૦૪)




દક્ષિણ આફ્રિકામાં બોટ્સવાના દેશના ગેબેરોન ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા કરતા સ્વામીશ્રી. (૧૭-૯-૨૦૦૪)




બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ચાલતી આરોગ્ય સેવાઓ અંતર્ગત, સુરત ખાતે સુવિધાસજ્જ બી.એ.પી.એસ. પ્રમુખસ્વામી હોસ્પિટલને આશીર્વાદ આપતા સ્વામીશ્રી. (૨૮-૧-૨૦૦૫)



સાબરકાંઠાના પોશીના ખાતે યોજાયેલા વિરાટ વનવાસી સંમેલનમાં પ્રાણપ્યારા ગુરુહરિને વધાવવા પરંપરાગત વેશભૂષા અને વાજિંત્ર સાથે ઊમટેલા વનવાસી બંધુઓ. (૨૪-૨-૨૦૦૫)




જેમના આશીર્વાદથી જીવન-પરિવર્તન થયાં, તે ગુરુહરિ સ્વામીશ્રીની અમૃતવર્ષા પામતા સુણસર ગામના ભક્તો. (મહેસાણા, ૩-૩-૨૦૦૫)



નવી દિલ્હી ખાતે સ્વામિનારાયણ અક્ષરધામના ભવ્ય શિખર પર પ્રસ્થાપિત થનારા સુવર્ણમંડિત કળશ-ધજાદંડનું વિધિવત્ પૂજન કરતા સ્વામીશ્રી. (અમદાવાદ, ૨૯-૪-૨૦૦૫)



નવી દિલ્હી ખાતે અક્ષરધામના શિખર પર શોભનારા સ્વર્ણિમ કળશના વેદોક્ત પૂજન દરમ્યાન પ્રાતઃપૂજાવિધિમાં રત સ્વામીશ્રી. (અમદાવાદ, ૨૯-૪-૨૦૦૫)




નવી દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામ પર સ્થાપિત થનારા કળશ તથા ધજાદંડનાં
વેદોક્ત પૂજન-આરતી કરતા સ્વામીશ્રી. (અમદાવાદ, ૨૯-૪-૨૦૦૫)



સ્વામિનારાયણ અક્ષરધામમાં ભગવાન સ્વામિનારાયણની મૂર્તિના સ્થાપન વેળાએ
વેદોક્ત મહાપૂજામાં મગ્ન સ્વામીશ્રી. (નવી દિલ્હી, ૧૭-૭-૨૦૦૫)




અક્ષરધામના ઉત્તુંગ શિખર પર પ્રસ્થાપતિ થનારા સ્વર્ણિમ કળશ પર તીર્થ જળ અને પંચામૃતથી
અભિષેક કરતા સ્વામીશ્રી. (નવી દિલ્હી, ૧૭-૭-૨૦૦૫)



અક્ષરધામમાં બિરાજમાન ભગવાન સ્વામિનારાયણની ભવ્ય મૂર્તિની પીઠિકામાં વેદોક્ત પૂજનપૂર્વક ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અસ્થિપુષ્પોનું સ્થાપન કરતા સ્વામીશ્રી. (નવી દિલ્હી, ૧૭-૭-૨૦૦૫)



અક્ષરધામમાં બિરાજમાન ભગવાન સ્વામિનારાયણની ૧૧ ફૂટ ઊંચી પંચધાતુની મૂર્તિના વેદોક્ત સ્થાપનવિધિ વેળાએ હર્ષોલ્લાસપૂર્વક જયનાદ ગુંજાવતા સ્વામીશ્રી. (નવી દિલ્હી, ૧૭-૭-૨૦૦૫)




રાજસ્થાનની રાજધાની જયપુરમાં નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ.
વિશ્વશાંતિ મહાયાગમાં આશીર્વાદ પ્રદાન કરી રહેલા સ્વામીશ્રી. (૫-૧૦-૨૦૦૫)



પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી રાજસ્થાનની ધરતી પર જયપુરમાં રચાયેલું
ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર.



જયપુરના શિખરબદ્ધ મંદિરના મધ્યખંડમાં બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની
વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરતા સ્વામીશ્રી. (જયપુર, ૬-૧૦-૨૦૦૫)




ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરની ભેટ આપનાર સ્વામીશ્રીને પુષ્પહાર અર્પણ કરી
કૃતજ્ઞતા વ્યક્ત કરતું રાજસ્થાનનું બી.એ.પી.એસ. સત્સંગ મંડળ. (૬-૧૦-૨૦૦૫)




નવી દિલ્હીમાં ભવ્ય સ્વામિનારાયણ અક્ષરધામના ઉદ્‌ઘાટન મહોત્સવનો મંગલ પ્રારંભ.
મહોત્સવમાં પધારેલા ભક્તોને સત્કારતો મહોત્સવ સ્થળનો ભવ્ય પ્રવેશદ્વાર.



સતત એક મહિના સુધી ચાલેલા અક્ષરધામ મહોત્સવનો લાભ લેવા દેશ-વિદેશથી ઊમટેલા
લાખો દર્શનાર્થી હરિભક્તોની એક ઝલક. (નવી દિલ્હી)





અક્ષરધામ મહોત્સવ પ્રસંગે નિત્ય યોજાતી
સંધ્યા સભાનું એક દૃશ્ય. (નવી દિલ્હી)




વિજયા દશમીના મંગલ પ્રભાતે અક્ષરધામનો પ્રાસાદ-પ્રવેશવિધિ કરતા સ્વામીશ્રી. પરિસરના દ્વારમાંથી શ્રીહરિકૃષ્ણ મહારાજ સાથે વિધિવત્ પ્રવેશતા સ્વામીશ્રી. (નવી દિલ્હી, ૧૨-૧૦-૨૦૦૫)



માનવમાત્રના કલ્યાણની મંગલ પ્રાર્થના સાથે અક્ષરધામનાં દ્વાર
ચિરંતન સમય માટે ખુલ્લાં મૂકતા સ્વામીશ્રી. (નવી દિલ્હી, ૧૨-૧૦-૨૦૦૫)



અક્ષરધામના પ્રાસાદ-પ્રવેશ પૂજનવિધિ વેળાએ, ભગવાન સ્વામિનારાયણ તથા ગુણાતીત ગુરુપરંપરાનું
વેદોક્ત પૂજન કરતા સ્વામીશ્રી, સાથે વરિષ્ઠ સંતો. (નવી દિલ્હી, ૧૨-૧૦-૨૦૦૫)



લાભપંચમીના ઐતિહાસિક મુહૂર્તે અક્ષરધામ મહામંદિરમાં બિરાજમાન ભગવાન સ્વામિનારાયણની વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરતા સ્વામીશ્રી. (નવી દિલ્હી, ૬-૧૧-૨૦૦૫)




પ્રાણપ્રતિષ્ઠા વિધિના ઉપક્રમે ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિનું વેદોક્ત પૂજન કરતા સ્વામીશ્રી.
(નવી દિલ્હી, ૬-૧૧-૨૦૦૫)




અક્ષરધામ મહામંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, ગુણાતીત ગુરુપરંપરા તથા દેવો-અવતારોની
પ્રાણપ્રતિષ્ઠા વિધિનો લાભ લેતો ભક્તસમુદાય. (નવી દિલ્હી, ૬-૧૧-૨૦૦૫)



અક્ષરધામમાં કલાત્મક મધ્ય ઘુમ્મટ તળે વિરાજિત પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમજ તેમની અનુગામી ગુણાતીત ગુરુપરંપરાનાં દિવ્ય સ્વરૂપોનાં દર્શન. (નવી દિલ્હી)




'જે અહીં આવશે, ભાવથી દર્શન કરશે, તેનું કલ્યાણ ભગવાન કરશે...'
મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે અભયવચન ઉચ્ચારતા પ્રસન્ન સ્વામીશ્રી. (નવી દિલ્હી, ૬-૧૧-૨૦૦૫)



સ્વામિનારાયણ અક્ષરધામનું અભૂતપૂર્વ અને બેનમૂન સર્જન કરનાર સ્વામીશ્રીની
ભક્તહૃદયી વિનમ્રતાનું એક વિરલ દર્શન. (નવી દિલ્હી, ૬-૧૧-૨૦૦૫)




અક્ષરધામના લોકાર્પણ સમારોહમાં પધારેલા રાષ્ટ્રપતિશ્રી અબ્દુલ કલામ, વડાપ્રધાનશ્રી મનમોહનસિંઘ તથા વિપક્ષના નેતા શ્રી અડવાણીજી સાથે સ્વામીશ્રી. (નવી દિલ્હી, ૬-૧૧-૨૦૦૫)



અક્ષરધામ લોકાર્પણ સમારોહને માણતા સ્વામીશ્રી સાથે ઉપમંચ પર બિરાજિત મહાનુભાવો. (નવી દિલ્હી, ૬-૧૧-૨૦૦૫)




રાષ્ટ્રની આધ્યાત્મિક તેમજ સાંસ્કૃતિક વિરાસતને રાષ્ટ્રધ્વજના ત્રિરંગા પરિવેશ સાથે વધાવતો બી.એ.પી.એસ. બાળ સમુદાય. (નવી દિલ્હી, ૬-૧૧-૨૦૦૫)



ભારતીય સંસ્કૃતિની દિવ્ય પરંપરાને ભવ્ય અંજલિ અર્પતા અક્ષરધામનો લોકાર્પણ સમારોહ. રાષ્ટ્રગીત સાથે મંગલ પ્રારંભ. (નવી દિલ્હી, ૬-૧૧-૨૦૦૫)



વિશ્વ સમસ્ત માટે અક્ષરધામનાં દ્વાર ખુલ્લાં મૂક્યા બાદ સ્વામીશ્રી સાથે
ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણે ભાવાંજલિ અર્પતા મહાનુભાવો. (નવી દિલ્હી, ૬-૧૧-૨૦૦૫)



ઉદ્‌ઘાટન સમારોહના રંગારંગ કાર્યક્રમોની પ્રભાવક પ્રસ્તુતિ સાથે
અક્ષરધામની રમણીય સૃષ્ટિ નીરખી પ્રભાવિત થતા મહાનુભાવો. (નવી દિલ્હી, ૬-૧૧-૨૦૦૫)



લોકાર્પણ વિધિ બાદ અક્ષરધામના પ્રવેશ મંડપમ્ પર બિરાજી સમારોહની રચનાત્મક પ્રસ્તુતિઓ નિહાળતા સ્વામીશ્રી અને મહાનુભાવો. (નવી દિલ્હી, ૬-૧૧-૨૦૦૫)



ઉદ્ઘાટન સમારોહમાં કવિતારૂપે હૈયાની ઊર્મિઓ વહાવ્યા બાદ, અક્ષરધામ અને તેના સર્જક સ્વામીશ્રીની ગરિમા-ગાથા ગાતા રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામ. (નવી દિલ્હી, ૬-૧૧-૨૦૦૫)



અક્ષરધામનું અદ્‌ભુત સર્જન કરીને તેનો સમગ્ર યશ ઇષ્ટદેવ અને ગુરુ
યોગીજી મહારાજનાં ચરણે ધરી, કૃતજ્ઞતા વ્યક્ત કરતા સ્વામીશ્રી. (નવી દિલ્હી, ૬-૧૧-૨૦૦૫)



લોકાર્પણ સમારોહમાં, ભગવાન સ્વામિનારાયણ તેમજ અક્ષરધામના સર્જક સ્વામીશ્રીને
મહાઆરતી દ્વારા વધાવતો ઉપસ્થિત વિશાળ ભક્ત મહેરામણ. (નવી દિલ્હી, ૬-૧૧-૨૦૦૫)



ભારતીય સંસ્કૃતિનાં કલા અને સંસ્કૃતિના ભવ્ય વારસા સમાન શોભતું
સ્વામિનારાયણ અક્ષરધામનું મનોહર દૃશ્ય.



પ્રકાશના નયનરમ્ય સંયોજનથી નીખરી ઊઠેલા સ્વામિનારાયણ અક્ષરધામની શોભાનું એક દૃશ્ય.



વિભિન્નતામાં એકતા, તમામ દિશાઓમાંથી શુભ વિચારને આવકારતાં
ભારતીય સંસ્કૃતિનાં દસ સ્વાગત દ્વાર. (અક્ષરધામ પરિસર, નવી દિલ્હી)



ભક્તિની શાશ્વત પરંપરામાં પૂજાતાં ભક્ત-ભગવાનનાં ૨૦૮ યુગલ સ્વરૂપોથી શોભતું
શિલ્પકલાયુક્ત આકર્ષક ભક્તિદ્વાર. (અક્ષરધામ પરિસર, નવી દિલ્હી)




વિવિધ કલાઓ અને મુદ્રાઓમાં શિલ્પાંકિત કરાયેલા ૮૬૯ મયૂરથી શોભતો આકર્ષક મયૂરદ્વાર.
(અક્ષરધામ પરિસર, નવી દિલ્હી)



અક્ષરધામ પરિસરમાં મનોહર ભારત ઉદ્યાનમાં ભારતીય સંસ્કૃતિનું ગૌરવ છલકાવતાં
સ્વાતંત્ર્ય વીરો, મહાનાયકો, વીરાંગનાઓ, દેશભક્તો તેમજ રાષ્ટ્રસપૂતોની પૂર્ણ કદની કાંસ્ય-પ્રતિમાઓ.




અક્ષરધામના કલામંડિત ઘુમ્મટનું એક મનોરમ્ય દૃશ્ય.



સનાતન ધર્મના મહાન અવતારો, ઋષિઓ, ભક્તો, આચાર્યો તેમજ દેવતાઓનાં ૩૦૦ મૂર્તિ-શિલ્પો સાથે શોભતું અક્ષરધામનું કલામંડિત મંડોવર. (અક્ષરધામ પરિસર, નવી દિલ્હી)




પ્રાચીન ભારતીય બોધકથાઓ, લોકકથાઓ તેમજ પુરાણકથાઓના આધારે રચાયેલી ગજેન્દ્રપીઠની અપૂર્વ અને અદ્‌ભુત શિલ્પમાળ. (અક્ષરધામ પરિસર, નવી દિલ્હી)



ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રેરક જીવન-પ્રસંગો દ્વારા પવિત્ર મૂલ્યોની પ્રેરણા આપતા પ્રદર્શન ખંડ 'સહજાનંદ દર્શન'નું એક દૃશ્ય. (અક્ષરધામ પરિસર, નવી દિલ્હી)



માત્ર ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી કઠોર તપ કરનાર શ્રી નીલકંઠવર્ણીની અજોડ ભારત યાત્રાનું દર્શન કરાવતી લાર્જ ફોર્મેટ ફિલ્મને માણતા પ્રેક્ષકો. (અક્ષરધામ પરિસર, નવી દિલ્હી)



નૌકાવિહાર દ્વારા ૧૦,૦૦૦ વર્ષ પુરાણી ભારતીય સંસ્કૃતિના ભવ્ય વારસાનું નિદર્શન કરાવતા અનુપમ સંસ્કૃતિ વિહાર પ્રદર્શનનું એક દૃશ્ય. (અક્ષરધામ પરિસર, નવી દિલ્હી)



લેસર પ્રોજેક્શન, મ્યૂઝિકલ ફાઉન્ટેન, સંગીત તેમજ સંવાદ જેવાં વિવિધ માધ્યમોના સંયોજન સાથે ભારતના શાશ્વત આધ્યાત્મિક સંદેશની હૃદયસ્પર્શી પ્રસ્તુતિ. (અક્ષરધામ પરિસર, નવી દિલ્હી)



ત્યાગ, તિતિક્ષા અને ભગવદ્‌ભક્તિની દિવ્ય પ્રેરણા આપતા બાળયોગી નીલકંઠવર્ણીનું
૨૭ ફૂટ ઊંચું ધાતુશિલ્પ.




અભિષેક મંડપમ્:
શાંતિ અને માંગલ્યની પ્રાર્થના સ્વીકારતા
બાળયોગી નીલકંઠવર્ણીની અભિષેક મૂર્તિ.




વિશ્વના મહાન ચિંતકો, વૈજ્ઞાનિકો, સંતો, મહાપુરુષોનો પ્રેરણાદાયી સંદેશ પ્રસરાવતા
યોગીહૃદય કમળનું એક મનોહર દૃશ્ય. (અક્ષરધામ પરિસર, નવી દિલ્હી)




સ્વામિનારાયણ અક્ષરધામના ઉદ્‌ઘાટન મહોત્સવમાં અહોરાત્ર સેવા કરનાર સ્વયંસેવકોને
સન્માનતો સ્વયંસેવક દિન. (નવી દિલ્હી, ૭-૧૧-૨૦૦૫)



સ્વામીશ્રીની નિશ્રામાં સ્વામિનારાયણ અક્ષરધામના નિર્માણકાર્યનું સૂત્ર સંભાળનાર
ઈશ્વરચરણદાસ સ્વામી પર પ્રસન્નતા વરસાવતા સ્વામીશ્રી. (નવી દિલ્હી, ૭-૧૧-૨૦૦૫)



સારંગપુરમાં ફૂલદોલોત્સવ પ્રસંગે પ્રાસાદિક રંગથી સૌને રંગતા સ્વામીશ્રી.
સ્વામીશ્રીની પ્રેમલ રંગવર્ષાથી ભીંજાતો ભક્ત સમુદાય. (૧૫-૩-૨૦૦૫)



ગિરનારની ગોદમાં જૂનાગઢમાં કલાત્મક બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિરના મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે વિશ્વશાંતિ મહાયાગમાં વેદોક્ત યજ્ઞવિધિમાં મગ્ન સ્વામીશ્રી. (૨-૫-૨૦૦૬)



જૂનાગઢમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે આયોજિત ઉત્સવ-સભામાં આશીર્વાદ રેલાવતા સ્વામીશ્રી.
(૩-૫-૨૦૦૬)



જૂનાગઢમાં નવનિર્મિત બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિરમાં શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજની વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા કરતા સ્વામીશ્રી. (૩-૫-૨૦૦૬)



ગુણાતીતાનંદ સ્વામીએ જ્યાં ૪૦ વર્ષ સુધી રહી ઉપાસનાના પડછંદા ગજાવેલા તે જૂનાગઢ નગરમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં અજવાળાં પાથરતું નયનરમ્ય શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર.



ગોહિલવાડની ધરતી પર ભાવનગરમાં નૂતન બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા.
વિશ્વશાંતિ મહાયાગમાં અમૃતકળશ ધારણ કરતા સ્વામીશ્રી. (૧૮-૫-૨૦૦૬)



ભાવનગરના બી.એ.પી.એસ. મંદિરમાં બિરાજિત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓમાં
વેદોક્ત ન્યાસવિધિ કરતા સ્વામીશ્રી. (૧૯-૫-૨૦૦૬)



સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા ભાવનગરમાં પ્રતિષ્ઠિત થયેલું કલાત્મક
શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર.




બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સર્વપ્રથમ શિખરબદ્ધ મંદિરના શતવાર્ષિક પાટોત્સવે
કાયાકલ્પ પામેલી મૂર્તિઓમાં પ્રાણાહ્‌વાન કરતા સ્વામીશ્રી. (બોચાસણ, ૨૭-૧૧-૨૦૦૬)



સ્વામીશ્રીની ૮૬મી જન્મજયંતીએ બી.એ.પી.એસ. સંસ્થાના શતાબ્દી વર્ષનો દબદબાપૂર્વક શુભારંભ.
ઉદ્‌ઘોષ સભામાં બિરાજમાન સ્વામીશ્રીનાં દિવ્ય દર્શન. (બોચાસણ, ૨૮-૧૧-૨૦૦૬)




૮૬મા જન્મજયંતી પર્વે ગુરુહરિ સ્વામીશ્રીને વધાવવા ઊમટેલો બે લાખ કરતાંય વધુ ભક્તોનો
વિશાળ મહેરામણ. (બોચાસણ, ૨૮-૧૧-૨૦૦૬)



ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે સ્થાપેલી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના શતાબ્દી વર્ષનો દીપ પ્રાગટ્ય દ્વારા મંગલ પ્રારંભ કરતા સ્વામીશ્રી. (બોચાસણ, ૨૮-૧૧-૨૦૦૬)



હર્ષોલ્લાસ સાથે બી.એ.પી.એસ.ના ધ્વજ ફરકાવી બી.એ.પી.એસ. સંસ્થાના શતાબ્દી વર્ષને વધાવતા સ્વામીશ્રી, મહંત સ્વામી અને વરિષ્ઠ સંતો. (બોચાસણ, ૨૮-૧૧-૨૦૦૬)



બી.એ.પી.એસ. સંસ્થા સ્થાપીને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે કરેલા ઉપાસના પ્રવર્તનના કાર્યને,
વિશ્વના ખૂણે-ખૂણે ફેલાવનાર, બી.એ.પી.એસ.ના ધ્વજ ધારક સ્વામીશ્રી. (બોચાસણ, ૨૮-૧૧-૨૦૦૬)



સ્વામીની સેનામાં સાતસો સંતો

સન ૨૦૦૩

સત્સંગી સહુને સદા સુખ કરો

સન ૨૦૦૩ના પ્રથમ ત્રણ દિવસ સુધી સુરતને સત્સંગ-લાભ આપી તા. ૪/૧ની સવારે વિદાય થયેલા સ્વામીશ્રી ઉધનાના સંભવિત મંદિરની ભૂમિ પર પગલાં પાડી મરોલીની સુગર ફેક્ટરીના આંગણે પધાર્યા. અત્રે કર્મચારીઓ તથા ખેડૂત વર્ગ પર અમૃતધારા વરસાવી નવસારી પહોંચેલા તેઓએ અહીંથી તા. ૬/૧ની સવારે ૯:૧૦ વાગ્યે પ્રસ્થાન કર્યું.

આ મુસાફરીમાં પ્રથમ આવેલા ટાંકલ મુકામે સંભવિત મંદિરની ભૂમિ પર અમીદૃષ્ટિ વેરી સ્વામીશ્રી દોણજા પહોંચ્યા.

અત્રે શ્રીજીના પરમહંસ સદ્‌ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામી દ્વારા બંધાયેલા મંદિરનું નવીનીકરણ થઈ ચૂકેલું. મહિલાઓ માટે આરક્ષિત રહેનારા આ મંદિરની મૂર્તિઓનાં પૂજન-આરતી કર્યા બાદ ભાઈઓના મંદિરે પધારેલા સ્વામીશ્રીએ અહીં શીશ ઝુકાવી સારવણી અને વાંદરવેલાને દૃષ્ટિમાં લીધાં.

અત્રે સત્સંગ-સભાનો લાભ આપી આગળ વધેલા તેઓ માર્ગમાં આવતાં ફડવેલ, ખોડવેલ, ગોલવાડ અને ચીખલીના હરિભક્તોને ધન્ય કરી સાંજે છ વાગ્યે બિલિમોરા પધાર્યા.

અહીં યોગીજી મહારાજના પ્રસાદીભૂત કિસ્મત બંગલામાં હરિમંદિરે આકાર પકડેલો. તેમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓની આરતી ઉતારી સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે 'અમારે સવારે નીકળ્યા ત્યારથી પ્રોગ્રામ ચાલે છે. 'રાત થોડી ને વેશ ઝાઝા' જેવું છે, પણ આ તો પ્રસાદીની જગ્યા છે. અહીંના પ્રાણલાલભાઈ, એમના દીકરા હીરાભાઈએ આ જગ્યા આપી છે, તો ભવિષ્યમાં વિકાસ થશે. સારું મંદિર થશે. વિશાળ જગ્યા થશે.'

આ આર્ષવાણી ઉચ્ચારી નીકળેલા સ્વામીશ્રી રસ્તામાં ખાપરવાડાના સત્સંગીઓનો મનોરથ પૂર્ણ કરી રાત્રે ૮:૨૦ વાગ્યે તીથલ પહોંચ્યા ત્યારે તેઓ આજે ૧૧ કલાકમાં ૧૧ ગામો ખૂંદી વળેલા! ૮૨ વર્ષની વયોવૃદ્ધ વ્યક્તિ દ્વારા થયેલો આવો પરિશ્રમ દુનિયાએ કદાચ પહેલી વાર જોયો.

પરંતુ આજના પ્રવાસમાં ઘણી વાર કરવી પડેલી ચડ-ઊતરને કારણે સ્વામીશ્રી તીથલ પહોંચ્યા ત્યારે તેઓના પગમાં સોજા ચઢી ગયેલા. તે જોઈ સેવકોએ રાત્રિભોજન બાદ વહેલા આરામમાં જવા વિનંતી કરી, પરંતુ તે ઠુકરાવતાં સ્વામીશ્રીએ ૧૦:૧૦ વાગ્યા સુધી પત્રવાંચન કર્યું અને સૂતા તો નિશ્ચિત સમયે જ.

વર્ષો વીતતાં તેઓની વય વધતી, પણ *'સત્સંગી સહુને સદા સુખ કરો...'*ની સ્વામીશ્રીની જીવનશૈલી તો એની એ જ રહેતી.

ભૂખ-તરસ તણું નહીં ભાન

તીથલમાં તા. ૭/૧ની બપોરે સ્વામીશ્રી ભોજન માટે બિરાજ્યા ત્યારે ૧૨:૫૫ વાગ્યાનો સમય થઈ ચૂકેલો. તેના અનુસંધાનમાં એક સંતે સ્વામીશ્રીને કહ્યું : 'આજે આપને જમવામાં મોડું થઈ ગયું.'

'ટાઈમ જોવા બેસીએ તો ભજન, ભક્તિ, કથા-વાર્તા થાય નહીં.'

'આ તો આપની ઉંમર થઈ ને, એટલે કહ્યું !'

'ઉંમર મારી થઈ કે તમારી ?' સ્વામીશ્રી બોલ્યા.

સેવાના આ તરવરાટ સાથે તેઓએ આજની સાંજે ૨૮,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં સમુદ્રતટે યોજાયેલી ઝોળી પર્વની સભામાં લાભ આપ્યો.

તેથી પરવારી તેઓ રાત્રિભોજન માટે પધાર્યા ત્યારે રાત્રિના ૯:૦૦ વાગ્યાનો સમય થયેલો. બપોરની જેમ રાત્રે પણ સ્વામીશ્રી ભોજન લેવામાં અડધો કલાક મોડા પડ્યા.

આમ, ભજન-ભક્તિ કરવામાં સમય સામે ન જોતા તેઓ શરીરની સૂધ પણ વીસરી જતા. તેથી જ તા. ૮/૧ની સવારે ડૉ. દેશપાંડેને બોલાવવા પડ્યા, કારણ કે આ અરસામાં સ્વામીશ્રીના જમણા હાથના પોંચા પર લાલ ચકામાં ઊપસી આવેલાં. તે અંગે તેઓએ જ તબીબને માહિતી આપી કે 'બે દિવસ પહેલાં મને અહીં ચળ આવતી હતી. પછી બીજે દિવસે લાલ ચાઠું થઈ ગયું. તે આવું ને આવું લાલ રહે છે.'

'કંઈક કરડી ગયું છે. ખાસ્સું ઊંડું કરડેલું છે !'

ચામડીના રોગોના નિષ્ણાત દાક્તરનું આ નિદાન સાંભળી સ્વામીશ્રીએ પૂછ્યું : 'મચ્છર હશે ?'

'ના, મચ્છરથી આટલું બધું ન થાય. બીજું કંઈક જીવડું કરડેલું છે. દવા ચોપડવાથી સારું થઈ જશે.' ડૉક્ટરે કહ્યું.

આ નિદાન જાણી સૌ બે દિવસ પૂર્વે સ્વામીશ્રીએ ખેડેલાં ૧૧ ગામોમાંથી કો'ક જગ્યાએ કંઈક કરડી ગયાનું અનુમાન કરવા લાગ્યા, પરંતુ તે ચર્ચાથી તદ્દન અલિપ્ત રહી સ્વામીશ્રી તો પોતાનાં સેવા-કાર્યોમાં પરોવાઈ ગયા.

જેને વા'લા ભલા ભગવંત

તા. ૯/૧ની સવારે વલસાડની સુગર ફેક્ટરીમાં ધર્મલાભ આપી આજની સાંજે વાપી પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે સંભવિત હરિમંદિરની ભૂમિ પર પુષ્પો પધરાવ્યાં. ત્યારબાદ તેઓ ભુલા-લક્ષ્મી પાર્ટી પ્લોટમાં યોજાયેલી સભામાં અમૃતધારા વહાવી રાત્રે સેલવાસ પહોંચ્યા.

અહીં તેઓનાં કરકમળો દ્વારા તા. ૧૦/૧ની સવારે પ્રમુખસ્વામી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ફોર્મેશન ટેક્નોલોજીનાં દ્વાર ખૂલતાં જ અનેક યુવાનોની પ્રગતિનાં દ્વાર પણ ઊઘડી ગયાં.

આ પ્રસંગે કંઈક મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટનનો માંગલિક-વિધિ, તકતીનું અનાવરણ, સંકુલની મુલાકાત વગેરે કાર્યક્રમો સંપન્ન કરી સ્વામીશ્રી પહેલા માળની અટારીએ બનાવેલા મંચ પર બિરાજ્યા. તે વખતે સામેથી સૂર્યનો તાપ આવતો હોવાથી એક સંતે છત્રી લાવી સ્વામીશ્રી પર ધરી. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'ઠાકોરજી પર ધરો.' તેથી તેઓના આસનની લગોલગ ઠાકોરજીનું આસન મૂકી તેઓ પર પણ છાયા કરવામાં આવી, ત્યારે સ્વામીશ્રીને શાતા વળી.

આ ભક્તિભાવ સાથે તેઓ તા. ૧૦/૧ની સાંજે સામરવરણી અને તા. ૧૧/૧ની સાંજે વાઘછીપાને ધન્ય કરતાં તા. ૧૨/૧ની સવારે મુંબઈ પહોંચ્યા.

અહીં તેઓની નિશ્રામાં તા. ૧૪/૧ના રોજ પોલીસ મેદાનમાં ઉત્તરાયણનો ઉત્સવ યોજાયેલો, પણ આ દિવસ એકાદશીનો હોવાથી આજની સવારે વડીલ સંતો અને આગેવાન ભક્તોએ સ્વામીશ્રીને ઉપવાસમાં ફરાળ જમવાની છૂટ આપવા વિનંતી કરી, તેને તેઓએ ન સ્વીકારી.

તેના અનુસંધાનમાં આજની રાત્રે પોઢી રહેલા સ્વામીશ્રીને એક સંતે કહ્યું : 'આજે એકાદશીનો બંધ બહુ કડક પળાયો.'

'આપણે તો હજુ ઢીલું મૂકીએ છીએ, પણ જોગી મહારાજ તો એટલા કડક! એમના જેટલું તો કડક છે જ નહીં. સમૈયા-ઉત્સવ જેવું આવી ગયું હોય ને કામ કરતા હોય તો છૂટ આપીએ છીએ; પણ અમથા-અમથા કરવાનું? જોગી મહારાજનો સિદ્ધાંત આપણે ભૂલીએ છીએ. પછી મારા જેવો માંદો-સાજો હોય ને અમથો-અમથો અમળાતો હોય તે ખુશ થઈ જાય.'

આટલું કહી સંદર્ભ બદલતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'બંધ તો ગયા વર્ષે અમદાવાદમાં ખરેખરો પળાયો. બારમી ડિસેમ્બરે (જન્મજયંતી સંબંધી) એક શબ્દ વચમાં ના આવ્યો. હિંમતનગરમાં (તારીખ મુજબ) સમૈયો ઊજવાઈ ગયા પછી (તિથિ અનુસાર બારમી તારીખે) ઊજવવાની શી જરૂર? પછી બધે થવા માંડે.'

સ્વામીશ્રીને પોતાના સન્માનમાં મુદ્દલ રસ નહીં. તેથી તે સંબંધી તજવીજને તેઓ હરહંમેશ રોકતા રહેતા.

સ્વપ્નમાં પણ હાથ ઝાલે એવા ગુરુજી

મુંબઈમાં તા. ૧૬/૧ની સવારે નવનિર્મિત યોગી સભાગૃહના વાસ્તુહોમનો વિધિ સંપન્ન કરી સ્વામીશ્રી તા. ૧૭/૧ની બપોરે ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે તેઓ સમક્ષ પત્રપઠન શરૂ થયું. તેમાં સુરતના રહેવાસી શ્રી મેઘજીભાઈ ભાનુશાળીએ લખેલું :

'હું દસ વરસનો હતો ત્યારથી બીડી પીઉં છું. હાલ મારી ઉંમર ૬૫ વર્ષની છે. ૨૦૦૦ની સાલના માર્ચ મહિનામાં સાંકરી મુકામે મંદિરમાં યોજાયેલી ત્રણ દિવસની શિબિરમાં હું ગયો. ત્રીજે દહાડે સંતો મને મહંત સ્વામી પાસે તેડી ગયા. તેઓને વાત કરી કે 'બીડી છોડવી છે,

પણ છૂટતી નથી.' તો મહંત સ્વામીએ એક ધબ્બો મારીને કહ્યું : 'જાવ, બીડી છૂટી ગઈ.' ત્યારથી બીડી છૂટી ગઈ. કરાંચીમાં બીજીમાં ભણતો હતો ત્યારથી બીડી પીતો હતો ને માસ્તરે થપાટ મારી હતી, તો પણ બીડી છૂટી નહીં. તે સંતના એક ધબ્બાથી છૂટી ગઈ!

તે પછી સ્વપ્નમાં રોજ બીડી હેરાન કરતી હતી. મેં સંતોને આ જણાવ્યું તો એમણે પ્રમુખસ્વામી મહારાજને પ્રાર્થના કરવાનું કહ્યું. ચાર દિવસ મેં પ્રાર્થના કરી. પછી સ્વપ્નામાં રોજની જેમ બીડી હાથમાં આવી. હાથ મોઢા તરફ ગયો ત્યારે પ્રમુખસ્વામી મહારાજે હાથ ઝાલ્યો. હસતાં હસતાં કહ્યું : 'આ શું કરે છે?' ત્યારથી સ્વપ્નમાં પણ બીડી છૂટી ગઈ. સ્વપ્નામાં પણ હાથ ઝાલે એવા ગુરુજીનો જોટો જગતમાં ના જડે. આવા અમારા પરમ તપસ્વી સદ્‌ગુરુ પ્રમુખસ્વામી મહારાજને કોટિ કોટિ વંદન.'

પત્રની આ વિગત વંચાઈ ત્યાં જ સામે બેઠેલા પુરુષોત્તમચરણદાસ સ્વામીએ સ્વાનુભવ કહેવો શરૂ કર્યો કે –

''ચીખલી પાસેના સમરોલી ગામમાં રહેતા એક ભાવિકે નવસારીના મંદિરે આવી સવારના સાત વાગ્યે મને કહ્યું : 'કંઠી પહેરાવો.' તેઓને મેં વર્તમાન ધરાવતાં વાત કરી કે 'વ્યસન હોય તો છોડી દેજો.' ત્યારે એ સામેથી બોલ્યા : 'એના માટે જ આવ્યો છું.' આમ કહી તેઓએ પોતાની વીતક કથા જણાવી કે 'હું ગૅરેજમાં કામ કરું છું. રોજ બસો રૂપિયા કમાવ છું. તેમાંથી મોટા ભાગના રૂપિયા દારૂ પાછળ જાય છે. થોડા સમય પહેલાં મને સ્વપ્નમાં પ્રમુખસ્વામી મહારાજ દેખાયા. મેં ઘરના કૅલેન્ડર સિવાય ક્યારેય એમનાં દર્શન કર્યાં નહોતાં, પણ તેઓએ ઠપકો આપતાં મને કહ્યું : 'ક્યાં સુધી દારૂ પીધે રાખીશ? છોડી દે.' આ વાત સવારે મેં પત્નીને કહી. તેણે કહ્યું : 'નવસારી જાવ ને કંઠી પહેરી આવો.' એટલે આજે આવ્યો છું.''

આમ, રાત અને દિવસ વ્યસનમુક્તિ યજ્ઞની ધૂણી ધખતી રાખનારા સ્વામીશ્રીની આ સમાજસેવાનાં ગાણાં પણ રાત અને દિવસ ગાતાં ન ખૂટે એમાં શું આશ્ચર્ય!

જેને પ્રભુપદમાં પ્રેમ ઝાઝો

તા. ૧૮/૧ની સવારે થાણાના માનપાડામાં આવેલો સૂરજ વૉટર પાર્ક

૧૨,૦૦૦ની ભક્તમેદનીથી ઊભરાતો હતો. અહીં આયોજિત ગુણાતીત દીક્ષા દિનના ઉત્સવ નિમિત્તે યજમાન શ્રી અરુણભાઈ મૂછાળાએ સઘળી વ્યવસ્થા તૈયાર રાખેલી. તેને સાર્થક કરી સ્વામીશ્રી આજની સાંજે વિક્રોલી પધાર્યા.

અત્રે એક ઉદ્યાનમાં હંગામી ધોરણે નિર્માણ પામેલા મંદિરમાં પંચમૂર્તિ પધરાવી દાદર પરત ફરેલા તેઓના વરદહસ્તે તા. ૧૯/૧ની સવારે યોગી સભાગૃહનું ઉદ્‌ઘાટન થયું. ૯૦,૦૦૦ ચો.ફૂ.માં વિસ્તરેલી આ બહુમાળીય ઇમારત વાતાનુકૂલિત સભાખંડ સહિત અતિથિ નિવાસ, કાર્યાલય વગેરે અનેક સવલતોથી સંપન્ન હતી. તેના પ્રવેશદ્વારે નાડાછડી છોડી અંદર દાખલ થયેલા સ્વામીશ્રીએ અહીં મૂકવામાં આવેલા યોગીજી મહારાજના આકર્ષક તૈલચિત્ર સમક્ષ દીપપ્રાગટ્ય કર્યું. તે દ્વારા મહારાષ્ટ્રના ઉપ-મુખ્યમંત્રી, મુંબઈના ઉપમેયર વગેરે મહાનુભાવોની હાજરીમાં સભાગૃહ ખુલ્લો મૂકી ઉતારે આવેલા તેઓની તબિયતે તા. ૨૧/૧ની સવારથી અચાનક પલટો માર્યો.

આ સમયે પ્રાતઃભ્રમણને દસ મિનિટ વહેલું આટોપી શવાસન માટે ન સૂતેલા તેઓ પુનઃ શૌચવિધિ કરવા ગયા. તે પછી મંદિરમાં દર્શન, પ્રાતઃપૂજા અને વર્તમાનધારણ વિધિનો કાર્યક્રમ સ્વામીશ્રીએ પોતાના આત્મબળથી જ પૂરો કર્યો, કારણ કે આ ક્રમ બાદ તેઓ ભોજનખંડ તરફ ન જતાં સીધા જ શયનખંડના સોફા પર જઈને બેસી ગયા. અહીં જ સાધારણ અલ્પાહાર લઈ સ્વામીશ્રી સૂતા, પણ પોણા બાર વાગ્યે ઊલટી થઈ. તે મુશ્કેલી માંડ થાળે પડી ત્યાં શૌચ માટે જવાનું થયું. તેથી પરવારતી વખતે જ ફરી ઊલટીનો ઉપદ્રવ થયો. તેણે પોણા બે વાગ્યે બીજો એક હુમલો કર્યો.

ઝાડા-ઊલટીના આ ચક્રમાં વધવા માંડેલું સ્વામીશ્રીના શરીરનું તાપમાન રાત્રે ૧૧:૩૦ વાગ્યે ૧૦૧.૨ ડિગ્રીને આંબી ગયું. વચગાળાના આ સમય દરમ્યાન વધુ બે વાર ઝાડા-ઊલટીની તકલીફે સ્વામીશ્રીના શરીરને વિશેષ રગડ્યું. આજે સતત ચાલેલી આ પરંપરાથી સ્વામીશ્રીનું વજન એક જ દિવસમાં બે કિલો ઘટી જતાં તેઓ ઘણી જ શિથિલતા અનુભવી રહ્યા.

આવા સંજોગોમાં તા. ૨૨/૧ની સવારે નિત્યપૂજાથી પરવારેલા સ્વામીશ્રીને સેવક ઊલટી બંધ થવાની ગોળી આપવા ગયા, પરંતુ તે લેતાં પૂર્વે સ્વામીશ્રીએ કહ્યું : 'ઠાકોરજીને ધરાવીને આપો.'

આ જ રીતે આજની બપોરે ઝાડા બંધ કરવાના દેશી ઉપચારરૂપે સેવક જાયફળ, દહીં અને સાકરને ઘોળતાં સ્વામીશ્રી પાસે આવ્યા ત્યારે પણ

સ્વામીશ્રી બોલ્યા : 'ઠાકોરજીને ધરાવો.'

તેઓના શરીરમાં વખતોવખત તાવની વધ-ઘટ થતી, બ્લડ પ્રેશરમાંય ચડ-ઊતર રહેતી, હૃદયના ધબકારા પણ અનિયમિત જણાતા, ક્યારેક ક્યારેક શારીરિક દુખાવાની આવન-જાવન દેખા દેતી; પરંતુ સ્વામીશ્રીની ભક્તિમાં કોઈ વધ-ઘટ, ચડ-ઊતર, આવન-જાવન કે અનિયમિતતા કદીયે નોંધાતાં નહીં.

આપે એને મળે

સ્વામીશ્રીને વળગેલી ઝાડા-ઊલટીની બીમારી તા. ૨૨/૧ના રોજ પણ શરીરના વજનનો બે કિલો ભાગ ખાઈ ગઈ! તેથી બે જ દિવસમાં નોંધાયેલી ચાર કિલોની કમીથી સ્વામીશ્રી ખૂબ અશક્ત થઈ ગયા. છતાં તા. ૨૩/૧ની સવારે નિત્યપૂજાનો ક્રમ જાળવી રાખનારા તેઓએ ડાબા હાથે દવા આપવા લગાવેલા વેનફ્લોન સાથે જમણા હાથે માળા ફેરવવી શરૂ કરી. જો કે શિથિલતાને કારણે સ્વામીશ્રી થોડી-થોડી વારે નમી જતા. આવી જ પરિસ્થિતિ ભોજન ગ્રહણ કરતી વખતેય સર્જાતી રહી.

આ જ રીતે તા. ૨૬/૧ની બપોરે ૩:૨૦ વાગ્યે સૂક્ષ્મ ખોરાક ગ્રહણ કરી રહેલા સ્વામીશ્રીની સામે બેઠેલા એક સંત મહંત સ્વામીની વિદેશયાત્રાનો અહેવાલ વાંચતા હતા. આ સમયે થોડે દૂર ખુરશી પર બેઠેલા રામચરણદાસ સ્વામી દર્શનમગ્ન હતા. તે વખતે જ ઓરડામાં વિવેકસાગરદાસ સ્વામી પ્રવેશતાં આ સંત ખુરશી ખાલી કરી નીચે બેસી ગયા. તે જોઈ કો'ક બીજી ખુરશી લઈ આવતાં સ્વામીશ્રીએ રામચરણદાસ સ્વામીને પણ ઉપર બેસવા કહ્યું.

તેઓ ખુરશી પર બેઠા એટલે સ્વામીશ્રી બોલ્યા : 'આપે એને મળે.'

તે દ્વારા ફક્ત ત્રણ જ શબ્દોમાં જીવન-સાફલ્યનો એક સોનેરી સિદ્ધાંત સમજાવી દેનારા તેઓના સાંનિધ્યમાં તા. ૩૦/૧ની બપોરે સ્થાનિક સંતોની બેઠક યોજાઈ. તેમાં જાહેરાત કરતાં ઉદ્‌ઘોષક બોલ્યા : 'સ્વામીબાપાએ સુંદર મજાનો યોગી સભાગૃહ તૈયાર કરી આપણને આપ્યો છે, તો...'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ કહ્યું : 'જોગી મહારાજે આપણને આપ્યો છે.'

'જોગી મહારાજે સંકલ્પ કર્યો ને આપે પૂરો કર્યો.'

'સંકલ્પ કરનારની મહત્તા છે, પૂરો કરનારની નહીં.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓની આવી ગુરુભક્તિના પ્રવાહમાં વહી રહેલી આજની મીટિંગમાં

કરકસરની શીખ આપતાં સ્વામીશ્રી બોલ્યા :

'લાઈટ અને પંખા બંધ કરવાનું અભિયાન ચલાવો, તો વર્ષે-દા'ડે ઘણો બધો ખોટો ખર્ચ બચાવી શકાય. આપણને ખબર નથી પણ લાઈટનું બિલ લાખો રૂપિયામાં આવે છે. જ્યાં કચરો જુઓ ત્યાંથી ઉપાડી લેવો ને જ્યાં-ત્યાં નાંખવો નહીં. બધાએ ખટકો રાખવાની જરૂર છે. આપણે ટેવ જ પાડી નથી. લાઈટ-પંખા ચાલુ જોઈએ, પણ બંધ ન કરીએ. કચરો પડ્યો ને નાંખી આવીએ તે મોટામાં મોટી સેવા છે તમારી !'

હવે બહાર ક્યાંય નીકળશો નહીં

તા. ૩૧/૧ની રાત્રે સ્વામીશ્રી મુંબઈથી દિલ્હી પધાર્યા ત્યારે અહીંની ઠંડીમાં ભળેલા વરસાદી વાતાવરણે મંદિરની પ્રતિષ્ઠાના ઉત્સવમાં ઘણી મુશ્કેલી પેદા કરેલી. આ વિગત સંતોએ જણાવતાં સ્વામીશ્રીએ પ્રતિકૂળતા હડસેલવા સૌને એક-એક માળા અધિક ફેરવવાનો આદેશ આપ્યો. તેના પ્રતાપે તા. ૧/૨ની સવારથી જ સૂર્યદેવ તપવા લાગ્યા. તે જોઈ સ્વામીશ્રી હાથ જોડતાં બોલ્યા : 'જય સૂર્યનારાયણ દેવ ! આવાં ને આવાં રોજ દર્શન દેજો.'

સવિતાદેવે પણ અક્ષરબ્રહ્મનું આ પ્રશાસન સ્વીકારી લીધું હોય તેમ તેઓ પોતાનું પોત પ્રકાશતા જ રહ્યા.

તેના અજવાળે આગળ ધપવા માંડેલા દિલ્હીના શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠાના ઉત્સવમાં પ્રાણ ફૂંકવા સ્વામીશ્રી તા. ૧/૨ની સવારે નૂતન સંત-નિવાસનું નિરીક્ષણ કરતાં-કરતાં છેક અગાશી સુધી ગયા.

અહીંથી તેઓએ અક્ષરધામના વિવિધ ભાગો અને નિર્માણ-પ્રક્રિયાનું વિહંગાવલોકન કરી નવનિર્મિત મંદિરના સ્થાપત્યને નિહાળ્યું. વળી, સંગેમરમરમાંથી બનેલા આ મંદિરનાં શિખરો પર પ્રતિષ્ઠિત થનારા સુવર્ણમંડિત કળશ અને ધજાદંડને પણ સ્વામીશ્રીએ તા. ૩/૨ની સવારે વેદોક્તવિધિથી પૂજ્યા. તેની સાથે તેઓએ ગુજરાત વિહારના હરિમંદિરમાં પ્રતિષ્ઠિત થનારી પટપ્રતિમાઓમાં પ્રાણ પૂર્યા.

ત્યારબાદ ઉતારે પધારેલા સ્વામીશ્રી બારીમાંથી ઓરડામાં વેરાતાં સૂર્યકિરણોને જોઈ બોલ્યા : 'જય સૂર્યનારાયણ દેવ ! બે-ત્રણ દા'ડા આવાં ને આવાં દર્શન દેજો.' તેની ખાતરી આપતા હોય તેમ સૂરજદાદા અધિક તેજથી ઝળહળવા લાગ્યા. તેના ઉજાશમાં સ્વામીશ્રીએ આજે અક્ષરધામના નિર્માણની

સઘળી કાર્યવાહી સ્થળ પર જઈ નિહાળી.

તેને અનુસરતાં તેઓએ તા. ૪/૨ની સાંજે મંદિરના ઘુમ્મટમાં બિરાજી વાસ્તુહોમનો વિધિ કર્યો. તે દરમ્યાન સ્વામીશ્રીની પ્રત્યેક ક્રિયામાંથી યોગીજી મહારાજના સંકલ્પની સિદ્ધિનો આનંદ ફૂટી રહ્યો. તે તેઓની અમૃતધારામાં પણ ઊછળી આવ્યો કે –

'એક-બે જીવનું કલ્યાણ નહીં, અનંત જીવોનું કલ્યાણ કરવું છે એટલે આવી વિશાળ જગ્યા મળી ગઈ. આટલા મોટા કામની અંદર ઘણી બધી જરૂરિયાતો પડે. પ્રથમ તો નાણાં, પણ અમારે સધ્ધર બેંકો છે બધા હરિભક્તો. દેશ-પરદેશના બધાએ ખૂબ સેવા કરી. ઈશ્વરચરણ સ્વામી ને બધાએ બેસીને પ્લાન કર્યો. પ્લાન પછી પથ્થર કાઢવાના, ઘડાવવાના, ઘડીને અહીં લાવવાના. એ પણ બહુ સરસ કામ થઈ ગયું, જેને બ્રહ્મનો પ્રવેશ કહીએ. પ્રતિષ્ઠાનું મુહૂર્ત આવ્યું વસંત પંચમી. શાસ્ત્રીજી મહારાજે જ આ બધાં મંદિરો કર્યાં, તો એમના જન્મદિવસે મુહૂર્ત આવી ગયું. મહારાજની દયાથી આ ધર્મનાં દ્વાર દિલ્હીમાં ખુલ્લાં થશે. હજારો-લાખો માણસો આવશે ને સમાસ થશે એવું જબરજસ્ત કાર્ય થશે.

ગૃહપ્રવેશનો આ એક વિધિ છે. ભગવાનનું ઘર કયું ? અક્ષરધામ. એમાં આપણે પ્રવેશ કરીએ છીએ. હવે બધા બહાર ક્યાંય નીકળશો નહીં. હવે 'ભગવાનની સેવામાં બેસી જવું છે' એવો દૃઢ સંકલ્પ રાખવો. મહારાજ-સ્વામી મળ્યા છે એ એવા જબરજસ્ત છે કે આપણને મૂકશે નહીં, પણ આપણે છોડાવવા પ્રયત્ન ના કરવો.'

જીવની અવળાઈ તેને જ ભરખી ન જાય તેની ચેતવણી સ્વામીશ્રીએ આપી દીધી.

દિલ્હીના દિલમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ

તા. ૫/૨ના સુપ્રભાતે જ્ઞાનજીવન યજ્ઞશાળાના ૮૨ કુંડોની ફરતે બેઠેલા ૭૭૦ યજમાનોની ઉપસ્થિતિમાં સ્વામીશ્રીએ પ્રતિષ્ઠા નિમિત્તે વિશ્વશાંતિ મહાયાગનો આરંભ કરાવી દીધો. તેથી હસ્તિનાપુરની હવામાં હુતદ્રવ્યોની સોડમ ફરી વળી.

તેની વચ્ચે બપોરે બે વાગ્યે ગુજરાત વિહાર પાર્કથી નીકળેલી શોભાયાત્રાએ પણ ઇન્દ્રપ્રસ્થમાં *'નગરમાં ચાલી તે અસવારી, મળ્યાં જોવા*

*બહુ નરનારી...'*નો માહોલ સર્જી દીધો. યમુના રથ, કુટિર રથ, મયૂર રથ અને હંસ રથમાં બિરાજમાન મૂર્તિઓ સાથે અઢીસો ઉપરાંત સંતો અને સેંકડો હરિભક્તોનો સમુદાય વિકાસ માર્ગ, મધર ડેરી માર્ગ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ - ૨૪ પર થઈને અક્ષરધામની ભૂમિ પર પહોંચ્યો ત્યાં સુધીમાં તો આખું દિલ્હી ડોલી ગયું.

તેના આનંદમાં સૌ ગરકાવ હતા ત્યાં જ તા. ૬/૨ની સવારે દીક્ષા મહોત્સવ આવી પહોંચ્યો. વસંત પંચમીના આ દિવસે સ્વામીશ્રીએ છ પરદેશી યુવાનોને દીક્ષિત કરી જાણે અભિનવ ષડ્દર્શનોને જ અવતારી દીધાં!

તેને અનુસરતાં ક્ષણ આવી – સાતમા દર્શનના પ્રાગટ્યની, જેનું બીજારોપણ યોગીજી મહારાજે કરેલું. તા. ૧૮/૧૧/૧૯૬૯ની એ સવારે નાડી તપાસવા ગયેલા ડૉક્ટર સ્વામીને યોગીજી મહારાજે કહેલું : 'આપણે દિલ્હીમાં શિખરબંધ મંદિર કરવું છે. અક્ષર-પુરુષોત્તમ અને શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ પધરાવવી છે.'

આ સાંભળી ઈશ્વરચરણદાસ સ્વામીએ પૂછેલું કે 'શાસ્ત્રીજી મહારાજની પણ આરસની મૂર્તિ પધરાવવી છે?'

'હા. નડિયાદમાં દોલતરામ પંડ્યાએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું હતું ને કે તમારા શિષ્યો તમારી સોનાની મૂર્તિ પધરાવશે. સોનાની તો નહીં, પણ આરસની તો પધરાવીએ.'

યોગીજી મહારાજના હૈયે છલકાતા ગુરુભક્તિના સરોવરમાંથી સ્રવેલી આ વાક્ધારાને યથાર્થરૂપમાં ઝીલનારા સ્વામીશ્રીએ આજે દિલ્હીમાં ૭ ઉત્તુંગ શિખરો, ૯ ભવ્ય ઘુમ્મટ-ઘુમ્મટીઓ, ૯૬ કલામંડિત સ્તંભો અને ૯૭ નાજુક તોરણો સહિતનું મંદિર ઇટાલિયન આરસમાંથી સર્જી એક ઇતિહાસ રચી દીધેલો. તેના સાક્ષી બનવા આ મંદિરના નિર્માણમાં વિશેષ યોગદાન આપનારા દેશ-વિદેશના દસેક હજાર હરિભક્તો ઊમટી પડેલા. આ ભક્તસમુદાયના ગગનભેદી જયઘોષ વચ્ચે જ્યારે સ્વામીશ્રીના વરદહસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને શાસ્ત્રીજી મહારાજ પ્રતિષ્ઠિત થયા ત્યારે સ્વયં સ્વામીશ્રીની પારદર્શક આંખો વધુ તરલ બની ગઈ. આ અવસરે તેઓના મુખ પર મહોરી ઊઠેલી ગુરુભક્તિની વસંતે સૌને પ્રફુલ્લિત કરી દીધા.

આ વાસંતી માહોલ પ્રતિષ્ઠાવિધિ બાદ મંત્રી-મહાનુભાવોથી ભરચક ઉત્સવ-સભામાં પણ એવો જ છવાઈ રહ્યો. તેમાં આ અવસર માટે જ

ઇંગ્લેન્ડથી ઊડીને આવેલા હાઉસ ઑફ કૉમન્સના સભ્ય શ્રી બેરી ગાર્ડિનરે જણાવ્યું : "પૂર્વે કોઈકે કહ્યું કે 'લંડનનું મંદિર એ બ્રિટનનો તાજમહેલ છે.' પણ ના ! મંદિરનો પથ્થર તો તાજમહેલ જેટલો જ સુંદર છે, પણ તાજમહેલ મૃત્યુનું સ્મારક છે, જ્યારે મંદિર તો જીવનનું સ્મારક છે !"

મંદિરના મહિમાની આ જ્યોતમાં પોતાના પ્રવચનથી પ્રકાશ પૂરતાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું :

"लोग कहते होंगे कि 'गुरु कैसा हो ?', तो प्रमुखस्वामी जैसा हो ! लेकिन मैं पूछता हूँ कि 'शिष्य कैसा हो ?' योगीजी महाराज ने आदेश नहीं दिया था, योगीजी महाराज ने संभाषण नहीं दिया था, यूंहि जाते-जाते कह दिया था : *'जमना के किनारे पर कोई मंदिर हो।'* और आज हो गया ! ऐसा शिष्य कहाँ – जो गुरु के एक छोटे से वाक्य को पकड़ ले और अपना जीवन उसके लिए लगा दे ?! जो शिष्य बन सकता है, वो ही तो असल में गुरु बन सकता है।

पूज्य प्रमुखस्वामी महाराज का जीवन पारसमणि की तरह है, उनके स्पर्शमात्र से जीवन बदल जाता है, दर्शनमात्र से दिशा बदल जाती है।"

આ જ રીતે મંચ પર ઉપસ્થિત પ્રત્યેક મહાનુભાવ સ્વામીશ્રીના યુગ-કાર્યથી પ્રભાવિત હતા. તે ક્રમમાં ઉપ-વડાપ્રધાન શ્રી અડવાણી, પૂર્વ નાણામંત્રી ડૉ. મનમોહનસિંઘ, દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી વિજય કપૂર વગેરેએ પણ મંદિર તથા સ્વામીશ્રીને શબ્દસુમનોથી વધાવ્યા.[1]

માળા પર મદાર

દિલ્હીમાં ગાજી રહેલા મંદિરની પ્રતિષ્ઠાનાં પડઘમ વચ્ચે સ્વામીશ્રી તા. ૭/૨ની સવારે દર્શન કરવા પધાર્યા ત્યારે શાસ્ત્રીજી મહારાજના ખંડ આગળ સંતોએ કીર્તન ઉપાડ્યું : *'આજે યજ્ઞપુરુષને દ્વાર, ડંકા વાગે રે લોલ...'*

આ સાંભળતાં જ હરખાઈ ઊઠેલા સ્વામીશ્રી મૂર્તિ સમક્ષ ઊભા રહી ભક્તિમુજરા કરવા લાગ્યા.

---

૧. ભારતની રાજધાની દિલ્હીમાં થયેલા અક્ષરપુરુષોત્તમ મહારાજના આ પ્રતિષ્ઠાવિધિને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

આ આનંદ સાથે પ્રદક્ષિણામાં પહોંચેલા તેઓ મંડોવર જોઈ બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજ આ જુવત તો બહુ રાજી થઈ જાત!'

આમ જણાવી નજીક સરકેલા સ્વામીશ્રી મંડોવરના થરવાળાનો સ્પર્શ કરી કહેવા લાગ્યા: 'ગઢડાના મંદિરમાં આવા મંડોવર જોઈ શાસ્ત્રીજી મહારાજ રાજી થયેલા ને આમ હાથ ફેરવ્યો હતો!'

આ જ રીતે અહીં મંદિરમાં બિરાજેલા ઘનશ્યામ મહારાજ પણ સ્વામીશ્રીને મન ભાવી ગયેલા. તે વિષે તેઓ તા. ૮/૨ની સવારે બોલ્યા: 'મૂર્તિ બહુ સરસ છે. ફર્સ્ટ ક્લાસ થઈ છે. નાજુક છે. માપસર છે. આકર્ષક છે.'

આ સંતોષ સાથે આગળ વધેલા સ્વામીશ્રીએ તા. ૯/૨ની સવારે અલ્પાહાર બાદ વાત ઉપાડી કે –

'મંદિર થઈ ગયું. હવે સંતોએ બધાએ દરરોજ બે માળા કરવાની. અક્ષરધામનું કામ સારામાં સારી રીતે પૂરું થાય ને એનો સમૈયો ફરીથી ધામધૂમથી આપણે ઊજવીએ.

બીજું, નીલકંઠયાત્રાની ફિલમ નિર્વિઘ્ને થઈ જાય. લાખો માણસો લાભ લે ને શાંતિ થઈ જાય. ડંકો વાગી જાય. સવારે પૂજામાં માળા કરી લેવાની. કદાચ રહી જાય તો સૂતાં કેડ્યે કરવું. એમ કરતાં રહી જાય ને રાતે ઊંઘમાંથી જાગી જવાય તો ઊંઘમાંથી જાગીને બે માળા કરવી, પણ બે માળા થવી જ જોઈએ દરરોજ! હરિભક્તોને પણ ફેરવવાની. સાગટમ નોતરું છે.'

આમ, માળા પર મદાર રાખી મહાકાય પ્રકલ્પો ચપટીમાં પૂરા કરતા સ્વામીશ્રી તા. ૧૧/૨ની સવારે અક્ષરધામનું નિરીક્ષણ કરવા નીકળ્યા. તે દરમ્યાન નિષ્ણાતો પાસેથી સઘળી સમજ મેળવતા તેઓ હાલ જ્યાં નૌકા-વિહારનું સ્થળ છે તે તરફથી સહજાનંદ પ્રદર્શન ખંડનું બાંધકામ નિહાળવા જઈ રહેલા ત્યારે વચમાં જાંબુડાનાં બે વૃક્ષો આવ્યાં. જ્યારે સ્વામીશ્રીએ અક્ષરધામની ભૂમિ પર પ્રથમ વાર પદાર્પણ કરેલું ત્યારે આ જગ્યાએ તેઓએ જમીનને દંડવત્ કરેલા.

ત્યાં જ ઊભેલાં આ વૃક્ષોના સંદર્ભમાં સ્વામીશ્રીએ શ્રીજીસ્વરૂપદાસ સ્વામી વગેરેને કહ્યું: 'જો પ્લાનમાં નડે તેમ ન હોય ને સહેજે રહેતા હોય તો આ બેય ઝાડ રાખજો.'

સ્વામીશ્રીના આ શબ્દોમાં ભારોભાર વિનય હતો. તેની સાથે પર્યાવરણના જતનની ખેવના પણ ખરી. તેમાંથી તેઓના ઋજુ-સમજુ હૃદયનો

પડઘો પડી રહ્યો. તે આજે પણ અક્ષરધામના પરિસરમાં ઊભેલાં એ વૃક્ષોના પાંદડે-પાંદડે સંભળાય છે.

સાચા સંગાથી સંત છે

તા. ૧૨/૨ની બપોરે ૧૨:૩૫ વાગ્યે દિલ્હીથી ધુલિયા પધારેલા સ્વામીશ્રી તા. ૧૪/૨ની સવારે તો વરખેડા પહોંચી ગયા. ક્યાં રાજધાનીના ઠાઠ-માઠ અને ક્યાં આ ગામડા ગામનાં ધૂળ-ધૂપ! પરંતુ સ્વામીશ્રીને તો સબ સમાન!

આ સ્થિતિમાં વસતા તેઓએ મંદિરમાં દર્શન કરી પડખે વસેલાં શ્રી હરકુંવરબાઈના ઘરમાં પગલાં પાડ્યાં. શાસ્ત્રીજી મહારાજના સમયથી સેવારત આ બાઈએ બનાવેલા લાડુમાંથી ચપટી પ્રસાદી અંગીકાર કરી સ્વામીશ્રીએ તે ભક્તને અનેરી સ્મૃતિના સ્વાદનો અનુભવ કરાવી દીધો.

ત્યારબાદ સભા તરફ જઈ રહેલા તેઓ રસ્તામાં આવેલું હનુમાનજીનું મંદિર જોઈ બોલ્યા : 'આ મંદિરે અમે દર્શન કરતા.'

આ રીતે અત્રે ખાનદેશમાં સ્વામીશ્રી વખતોવખત પોતાના પૂર્વ વિચરણ અને જૂના ભક્તોની સ્મૃતિમાં ખોવાઈ જતા. તેથી સભા બાદ પણ તેઓ શાસ્ત્રીજી મહારાજના સમકાલીન પુરુષોત્તમ સ્વામીના ઘેર જઈ ઊભા.

અહીં તેઓએ આ સંતના કુટુંબીઓનો પરિચય મેળવ્યો. આ ઘરની એક નાની ઓરડીમાં કૂવા પર ફાળકો હતો. તે જોઈ સ્વામીશ્રીએ નીચા નમીને એ સાંકડી જગ્યામાં પ્રવેશ કર્યો અને સ્વયં ફાળકો ફેરવી બતાવ્યો.

તે દ્વારા સૌનાં અંતર ફેરવતા તેઓ હરિભક્ત શ્રી ગજમલ વેડુના ઘેર પહોંચ્યા. આ મકાન પણ તેઓનું પ્રાસાદિક. અત્રે તેઓએ એક સાવ સાદી ખુરશી પર બિરાજી સર્વે પરિવારને આશીર્વાદનો પત્ર લખી આપ્યો. તેમાં ત્રણ-ત્રણ પેઢીઓના નામોલ્લેખ સાથે એવું હેત રેલાવ્યું કે એ કાગળનો ટુકડો આ કુટુંબ માટે કાળજાનો કટકો બની ગયો!

સ્વામીશ્રીનો આ પ્રેમપ્રવાહ ૧૦:૪૦ વાગ્યે જાપીમાં પ્રવેશ્યો. અહીં ખુરશી દ્વારા મંદિરના ઉપલા માળે પહોંચેલા તેઓએ સામેથી ઠાકોરજીનું પૂજન કરવા ઇચ્છા દર્શાવી અને જે ઉપલબ્ધ હતાં તે કુસુમ-કુમકુમ તથા અક્ષત-આરતીનાં અર્ઘ્યથી મૂર્તિઓને પૂજી તેઓ મંદિરની ડાબી તરફની દીવાલે પધાર્યા. ત્યાં અહીંના જૂના હરિભક્તોની વંશાવલિનું કોષ્ટક ટીંગાડેલું. તેમાં

રાજારામના વંશનું વર્ણન વાંચતાં સ્વામીશ્રી તરત બોલ્યાઃ 'અલ્યા, આની અંદર તારાચંદનું નામ કેમ નથી? ત્રીજો દીકરો એ નહીં?'

'હતા ને! પણ એ નામ રહી ગયું લાગે છે.' સ્થાનિક ભક્તોએ કહ્યું.

પચાસ વર્ષ પૂર્વે જાણેલી એક સત્સંગીના પરિવારની વિગત પણ સ્વામીશ્રીના મનમાં હજી અકબંધ જોઈ સૌ ગાઈ ઊઠ્યાઃ *'સાચા સંગાથી સંત છે, જાણો જીવના જગમાંય...'*

સૌને આ કુટુંબભાવનો અનુભવ કરાવતા સ્વામીશ્રી ગામના માધ્યમિક વિદ્યાલયમાં સભાલાભ આપી બપોરે બાર વાગ્યે ધુલિયા પરત ફર્યા.

ખાનદેશની યાત્રા

ધુલિયામાં તા. ૧૫/૨ની સવારે સ્વામીશ્રીએ હરિમંદિરમાં દર્શન કરી સંતોને પૂછ્યું: 'અહીંના પૂજારી કોણ છે?'

તેઓની આ પૂછપરછના અનુસંધાનમાં બ્રહ્મપ્રસાદદાસ સ્વામી આગળ આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેઓને કહ્યું: 'મૂર્તિઓને હાર પહેરાવ્યા છે તેમાં રાધિકાજી અને ભગતજી મહારાજની મૂર્તિનાં મુખ ઢંકાય છે, તે સરખાં કરી નાંખજો. હાર એવી રીતે પહેરાવવા કે મુખારવિંદ ન ઢંકાય.'

આટલી સૂચના આપી સ્વામીશ્રીએ બાજુમાં ઊભેલા એક સંતને પ્રશ્ન કર્યો કે 'તમે આ જોયેલું?'

'હા.'

'તો પછી કેમ એમને કહ્યું નહીં? કહેવું જોઈએ ને!'

'અમારાથી કઈ રીતે કહેવાય?'

'કહેવાય કેમ નહીં? આપણે ક્યાં ખોટું કહેવું છે? સારી વાત અને સાચી વાત હોય તો તે કહેવામાં શું વાંધો? ખોટી બીક ન રાખવી. તમે લોકો બીકમાં ને બીકમાં ચલાવી લો છો.' સ્વામીશ્રી બોલ્યા.

આ રીત સાથે વિચરતા તેઓએ તા. ૧૫/૨ની સવારે સવા દસ વાગ્યે સોનગીરને પાવન કર્યું.

અત્રે ગામની બહાર મુખ્ય માર્ગને અડીને ઊભેલા આપણા સંસ્કાર-ધામમાં દર્શન-દંડવત્ કરી સ્વામીશ્રીએ અહીં જ યોજાયેલી સભામાં સૌને ધર્મલાભ આપ્યો. તેમાં તેઓએ 'पहले जब हम यहाँ आते थे...'થી શરૂ કરી પોતાના પૂર્વ વિચરણની ઝાંખી કરાવી. તે પછી ઉપાસનાનો એકડો ઘૂંટાવી

ગામમાં પહોંચેલા સ્વામીશ્રીએ રાધાકૃષ્ણ મંદિરમાં પૂજન-આરતી કર્યાં.

અહીંથી તેઓ પાછળના ભાગે આવેલા નાનકડા દરવાજામાંથી નીચા નમી વિઠ્ઠલ લકડુના ઘેર પહોંચ્યા. આ ઘર તથા તેના ફળિયામાં ઊભેલા કૂવો અને ફાળકો શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક. તેથી ગુરુસ્મૃતિ સાથે સઘળે દર્શન કરતાં સ્વામીશ્રીએ ફાળકો ફેરવી નવી ગુરુસ્મૃતિને જન્મ આપ્યો.

તેને વધાવતાં સૌ સંતો-ભક્તો સાથે પરત ફરી રહેલા તેઓ રસ્તામાં જૂના હરિભક્ત શ્રી સુખલાલભાઈની પ્રસાદીભૂત વાડી પર દૃષ્ટિ કરતાં ધુલિયા આવી ગયા.

અહીં મંદિરના સંકુલમાં કાર્યરત છાત્રાલયના વિદ્યાર્થીઓ પર સ્વામીશ્રી આ વખતે ખૂબ ઢળેલા. આનંદજીવનદાસ સ્વામી, હર્ષવર્ધનદાસ સ્વામી, યોગીસ્નેહદાસ સ્વામી વગેરેની દેખરેખ નીચે તૈયાર થતા આ છાત્રોની રજૂઆતોને તેઓ પોતાનાં ભોજન કે ભ્રમણ દરમ્યાન તેમ જ પૂજા અને સભામાં હોંશપૂર્વક નીરખતા. અંતે રાજીપાનું ઇનામ પણ આપતા. તેથી પોરસાયેલા છાત્રો બીજે દા'ડે બમણા ઉત્સાહથી સ્વામીશ્રી પાસે દોડી આવતા. આ વિદ્યાર્થીવૃંદમાં મરાઠી, બંગાળી, આસામી વગેરે વિવિધતાવાળા પણ હતા, છતાં કોઈનેય સ્વામીશ્રીથી પરાયાપણું ન અનુભવાતું. આ સ્વાનુભૂતિ તા. ૧૬/૨ની સવારે યોજાયેલા વાલી સંમેલનમાં સૌ છાત્રોએ મુક્ત કંઠે ગાઈ ત્યારે વાલીઓનેય સ્વામીશ્રીના વાલીપણાનો વિશિષ્ટ પરિચય મળ્યો.

આ પરિચયનો પનો તા. ૧૯/૨ની સવારે કુસુંબે સુધી વિસ્તર્યો.

આ સમયે અત્રે પધારેલા સ્વામીશ્રીએ ગામનાં નવા અને જૂના બંને મંદિરોમાં દર્શન કરી નૂતન મંદિરની પાછળના પટાંગણે ભરાયેલી સભામાં અમૃતધારા વહાવી. ત્યારબાદ મંદિરમાં જ ભોજન અને વિશ્રામ લઈ નીકળેલા તેઓ આજની સાંજે ચોપડા થઈને અમલનેર પહોંચ્યા.

અત્રે સત્સંગી શ્રી બજરંગલાલ અગ્રવાલની પ્રતાપ મિલના સંકુલમાં રોકાયેલા તેઓએ તા. ૨૦/૨ની સવારે ગલવાડેને ઘેલું કર્યું.

અહીં મંદિરમાં પધરાવેલી મૂર્તિઓનાં પૂજન-આરતી કરી સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની પ્રાસાદિક વાડીએ પધાર્યા. હરિભક્ત શ્રી રાજધર રતનના આ ખેતરમાં આવેલા કૂવે શાસ્ત્રીજી મહારાજે સ્નાન કરેલું. અહીં એક ચપટા કાળમીંઢ પથ્થર પર પગ મૂકતાં સ્વામીશ્રી એ કૂવાના થાળા પર આવ્યા. જમીનથી દોઢેક ફૂટ ઊંચી આ જગ્યાએથી નીચા નમી કૂવામાં ડોકિયું કરતાં

તેઓએ પુષ્પો પધરાવ્યાં અને ચાલીસ-પચાસ ફૂટ ઊંડે રહેલું પ્રાસાદિક પાણી બાલદી દ્વારા મંગાવી માથે ચઢાવ્યું.

ત્યારબાદ અહીંથી વડલા નીચે પધારેલા સ્વામીશ્રીએ ઓટા આગળ ઊભા રહી એક વડવાઈ ઝાલી. તે સમયે ઓરડી તરફની દિશા ચીંધતાં કો'ક બોલ્યું: 'એ બાજુ વડવાઈ છેક જમીનને અડે છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ ત્યાં જઈ બે હાથે એક-એક વડવાઈ ઝાલી.

તે જોઈ સંતોએ કહ્યું : 'હીંચકો ખાવ.'

આ વિનંતીને પ્રતિસાદ આપતાં સ્વામીશ્રીએ બંને હાથે મજબૂત રીતે વડવાઈ ઝાલી ત્રણ વાર હળવો હીંચકો લીધો.

તે દ્વારા સૌને ડોલાવતા તેઓ અમલનેર પરત પધાર્યા ત્યારે અહીં આજની સાંજે યોજાયેલી જાહેર-સભામાં સ્થાનિક નગરપાલિકાએ તેઓને સન્માનપત્ર આપી બિરદાવ્યા. તે સાથે શહેરના સ્ટેશન રોડથી સુભાષ ચોક સુધીના માર્ગને 'પ્રમુખસ્વામી માર્ગ' તરીકે ઘોષિત કરવામાં આવ્યો.

તેને અનુસરતાં તા. ૨૧/૨ની સવારે મંદિરના સમીપવર્તી ચોકનું નામાભિધાન 'શ્રી સ્વામિનારાયણ ચોક' કરવામાં આવ્યું. નગરના અધ્યક્ષ સહિત કંઈક મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સંપન્ન કરી વિચરણમાં આગળ વધેલા સ્વામીશ્રી સાતરણે ગામના સંભવિત મંદિરની ભૂમિ પર પુષ્પો છાંટી ૯:૪૫ વાગ્યે મોહાડી પધાર્યા.

અહીં પ્રથમ આપણા મંદિરે દર્શન કરી તેઓ શાસ્ત્રીજી મહારાજનું પ્રાસાદિક વિઠ્ઠલ મહાજનનું ઘર, ભગતજી મહારાજ જ્યાં દિવ્ય દેહે પધારેલા તે પ્રસાદીભૂત ભૂખણદાસનું મકાન, જૂનું મંદિર વગેરે સ્થળે પહોંચ્યા. આ એકેએક સ્થાનમાં સ્વામીશ્રી સાથેના સંતો-ભક્તોને તે-તે સ્થાનકે બનેલાં ગુરુચરિત્રો પણ સંભળાવતા ગયા.

આ રીતે મહિમાપૂર્વક ખાનદેશની પંચતીર્થી પૂર્ણ કરી તેઓ તા. ૨૧/૨ની બપોરે ધુલિયા પધાર્યા ત્યારે અહીં જૂના આગ્રા રોડનું નૂતન નામાભિધાન 'પ્રમુખસ્વામી મહારાજ માર્ગ' કરવાનો સમારંભ ગોઠવાઈ ચૂકેલો. આજની સાંજે સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં આયોજિત આ સમારોહમાં રાજ્યના શિક્ષણમંત્રી શ્રી અંબરીષ પટેલ વગેરે અગ્રણીઓએ સ્વામીશ્રીના નામથી અંકિત બૉર્ડનું અનાવરણ કર્યું ત્યારે વાતાવરણ હર્ષોલ્લાસથી ઊભરાઈ ગયું. આનંદની આ આબોહવામાં ધુલિયાને તરતું મૂકી સ્વામીશ્રી સાંજે ૭:૩૫

વાગ્યે ઉકાઈ આવી પહોંચ્યા.[૨]

આદિવાસી શિશુઓની સ્નેહસભર સંભાળ

ઉકાઈમાં તા. ૨૨/૨ની સવારે મંદિરનો પાટોત્સવ ઊજવી અહીં કાર્યરત છાત્રાલયનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રીએ એક કૂવા પાસે સંચાલક સંતો શુભદર્શનદાસ સ્વામી તથા દેવરત્નદાસ સ્વામીને પૂછ્યું : 'આ કૂવાનું પાણી શામાં વાપરો છો?'

'પીવામાં, રસોઈમાં અને ના'વા-ધોવામાં.'

'પાણી લેબોરેટરીમાં ચૅક કરાવ્યું છે?'

'ના.'

'તો બંને કૂવાનું પાણી ચૅક કરાવડાવો. તેમાંથી જે પાણી સારું હોય તેનો પીવા ને રસોઈમાં ઉપયોગ કરવો ને બીજું ખેતીવાડીમાં વાપરવું.'

સ્વામીશ્રીની આ ભલામણમાંથી આદિવાસી બાળકો માટેની તેઓની લાગણી નીતરી રહી. પ્રયોગશાળાના પરીક્ષણમાં સુયોગ્ય ઠરેલું પાણી જ આદિવાસી કુમારોને પિવડાવવાની ખેવના આદિવાસી ઉત્કર્ષનો નેજો ઝાલનારા કોઈ સમાજસેવકે પણ રાખી હશે? દરેકમાં ભગવાનને જોતા સ્વામીશ્રીની સેવા-સંભાવનામાં હંમેશાં કંઈક વિશેષતા જરૂર નજરે ચડતી.

તેથી જ આદિવાસી શિશુઓના રમત-ગમતનું મેદાન પણ ખેતરાઉ જમીન જેવું જોઈ તેઓએ વ્યવસ્થાપક શ્રી કૈલાસભાઈને કહ્યું : 'આ જમીનને માટી નાંખીને સરખી કરજો.'

સ્વામીશ્રીના એક-એક સૂચનમાંથી નીતરતો ભાવ જોઈ આદિવાસી બાળકો તો તેઓને જ *'પિતા માતા ભ્રાતા પરમપદ દાતા પ્રભુ તમે...'* પોકારી વધાવતા રહ્યા.

બોડેલીમાં આદિવાસી સંમેલન

તા. ૨૨/૨ની સાંજે ઉકાઈથી વિદાય લઈ સ્વામીશ્રી સોનગઢ અને

---

૨. સ્વામીશ્રીએ ખેડેલી ખાનદેશની આ યાત્રામાં સહભાગી થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

સાંકરીને લાભ આપતાં તા. ૨૫/૨ની સાંજે કોસિન્દ્રા પધાર્યા.

અત્રે તેઓએ હરિમંદિરમાં બિરાજમાન ઠાકોરજીનાં પૂજન-આરતી કરી એકત્રિત ભક્તસમુદાયને આશીર્વચન સંભળાવવાં શરૂ કર્યાં, પરંતુ થોડી ક્ષણોમાં જ વીજળી ગુલ થઈ જતાં ફાનસ અને પેટ્રોમેક્સ હાજર થયાં. આ રીતે ચાર-પાંચ મિનિટ વીતી તોય વીજપ્રવાહ ન સંધાતાં સ્વામીશ્રી પોતાના આસન પરથી જાતે જ ઊભા થઈ હરિભક્તોની પ્રથમ હરોળ સુધી આવીને ઊભા રહી ગયા. અહીંથી તેઓએ વગર માઈકે અને વગર લાઈટે પાંચેક મિનિટ સુધી અમૃતધારા વહાવી સૌને તૃપ્તિ પમાડી!

આ જ હેતુસર કોસિન્દ્રાથી બોડેલી પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અત્રે તા. ૨૬/૨ની સવારે નૂતન ભવ્ય મંદિરનું ભૂમિપૂજન સંપન્ન થયું. આ પ્રસંગે સ્થાનિક ભક્તોએ ઠાકોરજીની રજતતુલા કરી પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કર્યો.

આ અવસરને અનુસરતાં આજની સાંજે શિક્ષક સંમેલનમાં પણ પ્રેરક માર્ગદર્શન આપી સ્વામીશ્રીએ તા. ૨૭/૨ની સાંજે કકરોલિયાને પાવન કર્યું.

અત્રે સોળ એકરમાં વિસ્તરનારી ભક્તા ઇંગ્લિશ મીડિયમ સ્કૂલનું ભૂમિપૂજન કર્યા બાદ પુનઃ બોડેલી પધારેલા તેઓએ તા. ૨૮/૨ની સવારે આદિવાસી સ્નેહ સંમેલનને ધન્ય કર્યું. આ નિમિત્તે દોડી આવેલા વડોદરા જિલ્લાની પૂર્વ પટ્ટીના પાંચેક હજાર આદિવાસીઓએ પરંપરાગત નૃત્યો અને પોતાનાં પરિવર્તનની ગાથાઓથી આ સંમેલનને ગજવ્યું.

તે ભોળા ભક્તો સાથે, અહીં જેઓના ઘેર નિવાસ હતો તે શ્રી ઉમેશભાઈ તથા ઉપેન્દ્રભાઈ ભક્તાના પરિવારને આશીર્વાદથી ભીંજવી સ્વામીશ્રી આજની સાંજે અટલાદરા પધાર્યા.

કચવાય નહીં કોઈ મશ (નિમિત્ત) રે

અટલાદરામાં તા. ૩/૩નો કાર્યક્રમ ભરચક હોવાથી સ્વામીશ્રી પ્રાતઃભ્રમણ રદ કરીને સવારે પોણા સાત વાગ્યે તો નિત્યપૂજામાં જવા માટે રસોડા તરફ આવેલી લિફ્ટમાં પ્રવેશી ગયા, પરંતુ આ યંત્ર ચાલુ થયા બાદ બે માળની બરાબર વચ્ચેના ભાગમાં અટક્યું. તેને પુનઃ ગતિશીલ કરવા અગાશી પર આવેલી લિફ્ટની કંટ્રોલ કેબિનમાં જઈ નિર્માનપ્રિયદાસ સ્વામીએ પ્રયત્ન કર્યો, પણ તે વ્યર્થ નીવડ્યો.

પાંચ-સાત મિનિટ સુધી ચાલેલી આ મથામણ દરમ્યાન સ્વામીશ્રી એક સંતને તેઓના મંદિરના એકાઉન્ટ સંબંધી માર્ગદર્શન આપવામાં મશગૂલ રહ્યા. આ વખતે બંધ પડેલી લિફ્ટને ચાલુ કરવાના પ્રયાસમાં ચારેબાજુ કોલાહલ મચી રહેલો. લિફ્ટની જાળીઓનેય ખોલીને જોર સાથે બંધ કરવાના ઉપાયોથી ધડાધડ અવાજ પણ ઘણો થતો હતો. તેની વચ્ચે હિસાબ-કિતાબની વિગતો સમજાવતા સ્વામીશ્રીની એકાગ્રતા, નિશ્ચિંતતા, સ્થિરતા અને સ્થિતપ્રજ્ઞતાનો કોઈ હિસાબ માંડી ન શકાયો.

અંતે લિફ્ટને ચાલુ કરવાના કંઈક ઉધામા પછી નિર્ણય એવો થયો કે 'લિફ્ટમાં ટેબલ ગોઠવીને તેના પર સ્વામીશ્રીને ચઢાવી ઉપલા માળેથી બહાર ખેંચી લેવા!' તે માટે લિફ્ટની અંદર-બહારની જાળી ખોલી પ્રથમ પ્લાસ્ટિકની એક ખુરશી લિફ્ટમાં દાખલ કરવામાં આવી. તેની પાછળ સ્ટીલનું ટેબલ ઊતર્યું. આ ટેબલ પર ચઢી શકાય તે માટે તેની આગળ ખુરશીને અવળી ગોઠવવામાં આવી. ત્યારબાદ બે સેવકોએ સ્વામીશ્રીને ઊંચકી ખુરશી પર ચઢાવ્યા. તે ખુરશી પર ઊભેલા સ્વામીશ્રી ઊભાં ઊભાં જ અવળા ફરી ગયા અને લિફ્ટની જાળી તરફ પીઠ આવે તે રીતે ટેબલ પર બેસી ગયા.

આ ટેબલ પર જો તેઓ ઊભા થાય તો તેઓનું મસ્તક સીધું લિફ્ટની છતે અથડાય એમ હતું. વળી, બીજા માળનું ભૂમિતલ સ્વામીશ્રીની છાતીથી થોડે નીચે સુધી આવતું હતું. આ ભૂમિતલ અને લિફ્ટના ઉપરના ભાગ વચ્ચે બચેલા બે-અઢી ફૂટના ગાળામાંથી ગરકીને સ્વામીશ્રીને બહાર નીકળવાનું હતું! તે માટે નીચેથી તેઓને ઊંચકવાના હતા અને ઉપરથી ખેંચવાના હતા. તેમાં વચ્ચે ક્યાંય કોઈ અંગ ભટકાવાની પૂરેપૂરી શક્યતા. આ પ્રક્રિયા ૮૨ વર્ષીય સ્વામીશ્રી માટે કષ્ટદાયકની સાથે પૂરેપૂરી જોખમકારક હતી, પરંતુ સ્વામીશ્રી જે સ્વસ્થતા દાખવી સહકાર આપી રહેલા તે બાબત સૌને માટે આશ્વાસનરૂપ બની રહી.

તેથી ટેબલ પર લિફ્ટની જાળી બાજુ પીઠ રાખી બેઠેલા સ્વામીશ્રીને બે સેવકોએ ઊંચક્યા. સ્વામીશ્રી પણ ગરદનને પાછળ તરફ નીચી રાખીને ઊંચા થયા. તેઓને બીજા માળે ઊભેલા સેવકે કેડના ભાગથી ઝાલીને ઉપર તરફ ખેંચ્યા. તે વખતે લિફ્ટમાં રહેલા બે સંતોએ સ્વામીશ્રીના થાપે ટેકો આપીને તેઓને ઊંચકી રાખ્યા. આ રીતે બીજા માળે પ્રથમ સ્વામીશ્રીનું મસ્તક લિફ્ટની બહાર લવાયું. તે પછી જેવો છાતીનો ભાગ બહાર આવ્યો

તે સમયે સ્વામીશ્રી બીજા માળની ભૂમિની ધારે બેસી ગયા. ત્યારબાદ સવળા ફરેલા તેઓને સેવકોએ ઊભા કર્યા. તે સાથે જ એક ક્ષણ પણ રાહ જોયા વિના સ્વામીશ્રી પગથિયાં ઊતરવા માંડ્યા.

ન કોઈને ઠપકો કે ન કોઈ સાથે આ બનાવની ચર્ચા! ન કેવી રીતે બહાર આવ્યા તે જોવાનું કુતૂહલ કે ન પાછા આવીએ ત્યારે લિફ્ટ વ્યવસ્થિત કરી દેવાની ભલામણ! એક પીડાકારક અઘટિત ઘટનાએ જાણે જન્મ જ નથી લીધો તેટલી નિર્લેપતા અને સહજતાથી સ્વામીશ્રી મંદિરમાં દર્શન બાદ પ્રાતઃપૂજાના આસન પર બિરાજી માનસીમાં મગ્ન થઈ ગયા!

*'કચવાય નહીં કોઈ મશ રે...'*ની રીતે રહેતા તેઓને કોઈ પરિસ્થિતિ પજવી ન શકતી.

પ્રતિષ્ઠાનાં વાજાં વચ્ચે કરકસરનો સૂર

તા. ૩/૩ની સવારે નિત્યક્રમથી પરવારેલા સ્વામીશ્રી અટલાદરાથી વિદાય લઈ ૧૦:૩૦ વાગ્યે ડભાસા પહોંચ્યા. અહીંના નવનિર્મિત મંદિરમાં બિરાજેલી મૂર્તિઓનાં પૂજન-આરતી કરી તેઓએ ૧૧:૫૫ વાગ્યે જંબુસરને પાવન કર્યું ત્યારે અત્રે ટંકારી ભાગોળે મહોરી ઊઠેલા મંદિરની પ્રતિષ્ઠાનાં પડઘમ ગુંજી રહેલાં.

આ માંગલિકવિધિ સંપન્ન કરવા જ પધારેલા સ્વામીશ્રી તા. ૫/૩ના રોજ આવેલા પ્રતિષ્ઠાદિને મંદિરના પરિસરમાં બાંધેલા મંડપ ભણી પ્રાતઃપૂજા માટે જતા હતા. તે વખતે તેઓએ મંદિરના ઉદ્યાનમાં સુશોભન માટે થોડે-થોડે અંતરે ખોડેલા દીપસ્તંભોમાં બત્તીઓ ઝગતી જોઈ ગાડી ઊભી રખાવી અને ઈશારા દ્વારા એક સ્વયંસેવકને નજીક બોલાવ્યો. તે આવતાં સ્વામીશ્રીએ સૂચના આપી : 'આ લાઇટ બધી બંધ કરી દો. અજવાળું થઈ ગયું છે.'

ચાર એકરની ભૂમિ પર વિસ્તરેલા મંદિરમાં ઠાકોરજી પધરાવવા આવેલા તેઓએ એક બત્તી પણ વ્યર્થ ન બળે તેની તકેદારી લીધી. પ્રતિષ્ઠાનાં વાજાં વચ્ચે સ્પષ્ટપણે સંભળાયેલો સ્વામીશ્રીની કરકસરનો આ સૂર સૌનાં અંતર રણઝણાવી ગયો. આ સૂરાવલી વચ્ચે સ્વામીશ્રીએ અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની આરસની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા ત્યારે જંબુસરમાં જયજયકાર થઈ ગયો.

તે ઝીલતાં વિદાય થયેલા સ્વામીશ્રી આજની સાંજે સાડા પાંચ વાગ્યે

ગવાસદ પહોંચ્યા. અત્રે તેઓ નૂતન મંદિરમાં મૂર્તિઓનાં પૂજન-આરતી કર્યા બાદ શ્રીજીમહારાજના પ્રાસાદિક કૂવાનાં દર્શન કરી બામણગામ આવ્યા.

આ મંદિરના આઠમા પાટોત્સવની આરતી ઉતારી વિદ્યાનગરને પાવન કરનારા સ્વામીશ્રીએ તા. ૬/૩ની સવારે અક્ષરફાર્મના આંગણે રામોલ અને વિરોલનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણપ્રતિષ્ઠા કરી.

આ જ હેતુસર તા. ૭/૩ની સવારે માતર પહોંચેલા સ્વામીશ્રી આ પ્રાસાદિક ગામના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને બિરાજમાન કરી બપોરે સાડા બાર વાગ્યે કલોલ પધાર્યા.

કલોલમાં કિલ્લોલ

કલોલમાં નિર્માણાધીન મંદિરની સામેના મેદાનમાં તા. ૭/૩ની સાંજે યોજાયેલી જાહેર-સભામાં નગરપાલિકાએ સન્માનપત્ર આપી સ્વામીશ્રીને સત્કાર્યા. તેની સાથે લક્ષ્મીનગર સોસાયટીથી બોરીસણા ચાર રસ્તા સુધીના માર્ગને 'પ્રમુખસ્વામી માર્ગ' તરીકે ઘોષિત કરી શહેરના સૂત્રધારોએ ધન્યતા અનુભવી. લાખોને માર્ગદર્શન આપનારા સ્વામીશ્રીનું ઋણ સમાજ આ રીતે ચૂકવી રહેલો.

આ બહુમાન સ્વીકારી શ્રી અશ્વિનભાઈ પટેલના ઘેર રોકાયેલા સ્વામીશ્રી અહીં તા. ૮/૩ની સવારે ધોતિયું ધારણ કરી રહેલા ત્યારે યોગીચરણદાસ સ્વામીએ તેઓને પૂછ્યું : 'શંકર કવિ કલોલના વતની હતા. એમના દીકરાઓ કોઈ છે કે નહીં ?'

'એમનો મોટો દીકરો શ્યામસુંદર છે, પણ ઘણા વખતથી મળવા આવતો નથી. એટલે અહીં રહે છે કે બીજે એ ખબર નથી.'

આટલું કહી સભાસ્થળે પ્રાતઃપૂજા કરવા પધારેલા સ્વામીશ્રી આ નિત્યકર્મ આટોપી પુનઃ ઉતારે આવ્યા.

તે વખતે તેઓની ગાડી આગળ આવીને યોગીચરણદાસ સ્વામીએ વાત કરી કે 'આ સોસાયટીના ખૂણે એક ઘરની તકતી પર મેં 'શ્યામસુંદર બ્રહ્મભટ્ટ' એવું નામ વાંચ્યું. એ જ તો શંકર કવિના દીકરા નહીં હોય ને ?!'

આ વિગત ગાડીમાંથી ઊતરતાં ઊતરતાં સાંભળનારા સ્વામીશ્રી જેવા ગાડીમાંથી બહાર આવ્યા કે ત્યાં જ તેઓ સામે ઊભેલી હરિભક્તોની ભીડમાં લાંબો ઝભ્ભો પહેરેલી એક વ્યક્તિને જોતાં બોલ્યા : 'આ રહ્યો એ !'

જેને પોતે વર્ષોથી મળ્યા નથી એ વ્યક્તિનાં નામ અને ચહેરો પણ સ્વામીશ્રીને અદલ યાદ હતાં. તેથી ગિરદીમાંય એક જ નજરે તેઓ શ્યામસુંદરને ઓળખી ગયા! વર્ષે-દહાડે લાખો વ્યક્તિઓના સંપર્કમાં આવવા છતાં સ્વામીશ્રીનો એક-એક વ્યક્તિ સાથેનો ઘરોબો ઘણો ઘનિષ્ઠ રહેતો.

પ્રભાવ અને પ્રેમભાવ

કલોલથી મહેસાણા પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીંના મંદિરમાં તા. ૯/૩ની સવારે સુવર્ણ સિંહાસનોનો સ્થાપનવિધિ સંપન્ન થયો. આ સુવર્ણમંડિત સિંહાસનમાં શોભતા ઠાકોરજીની પ્રથમ આરતી ઉતારી સ્વામીશ્રીએ છાત્રાલયના પૂર્વ વિદ્યાર્થી સંમેલનને પણ ધન્ય કર્યું.

ત્યારબાદ ઉતારે પાછા વળતાં તેઓ સ્થાનિક સંતોને ટકોર કરતાં બોલ્યા: 'સભામંડપની બહાર લૉનમાં હરિભક્તો તડકે બેઠા છે. મંડપ કેમ બાંધ્યો નથી?'

'અમને ખ્યાલ ન'તો કે આટલી બધી સંખ્યા થશે!'

'બધો કાર્યક્રમ (છાત્ર સંમેલન, મહિલા સંમેલન, ઠાકોરજીની રજતતુલા વગેરે) એકસાથે કર્યો છે અને રવિવાર છે પાછો! બધાને બોલાવ્યા હોય તો સંખ્યા તો થાય ને! અમે આવીએ એટલે સમજવું કે સંખ્યા થશે.'

સ્વામીશ્રીનો આ વાર્તાલાપ તેઓના પ્રભાવ સાથે તેઓનો પ્રેમભાવ પણ છતો કરી ગયો.

*'જેમ લોહ ચમક ભણી ચળે, સરિતા તો સાગર ભણી વળે...'*માં કશું જ આશ્ચર્ય નથી, તેમ સમુદાય સ્વામીશ્રી તરફ ઢળે તે પણ એક સર્વસ્વીકૃત હકીકત બની રહેલી.

તેથી જ હવે મંદિરોયે સાંકડાં સાબિત થતાં તે-તે મંદિરોનાં વિસ્તરણ કે નવીનીકરણની પ્રક્રિયાઓ ચાલતી જ રહેતી. તે અનુસાર આ પંથકનાં પલિયડ, સુજાણપુર અને મોખાસણનાં મંદિરો વિસ્તરતાં તેમાં નવી મૂર્તિઓ પધરાવવાની થયેલી. આ પ્રતિષ્ઠાવિધિ આજની સાંજે છાત્રાલયના પ્રાર્થના-ખંડમાં સ્વામીશ્રીના વરદહસ્તે સંપન્ન થયો.

આ પ્રસંગે કેટલાકનો સંકલ્પ પકડતા હોય તેમ સ્વામીશ્રીએ આશીર્વાદમાં કહ્યું:

''અમુકને એમ કે 'આપણા ગામમાં આવીને મૂર્તિઓ પધરાવી હોય

તો બરાબર છે', પણ તબિયતને હિસાબે ઘણે ઠેકાણે હવે જઈ શકાય નહીં. કદાચ બહુ હિંમત કરીએ છીએ તો પાછું તબિયત લથડી જાય છે અને દસ-પંદર દા'ડા એમ ને એમ કાઢવા પડે છે. એટલે બધા મોટા સંતોએ ભેગા થઈને એવો નિર્ણય કર્યો કે ગામડાંઓની મૂર્તિઓ છે તે મુખ્ય મંદિર હોય ત્યાં લાવીને ત્યાં પૂજન-આરતી કરીને આશીર્વાદ આપવા, એટલે ગામમાં ગયા બરાબર જ થઈ જશે. આ રીતનું આયોજન છે. માટે બધાએ રાજી થવાનું છે.'

સ્વામીશ્રીનો આ દીનભાવ સૌને ગદ્‌ગદ કરી ગયો.

સર્વેના નિયંતા સ્વામી

આ અરસામાં દિલ્હીના અક્ષરધામમાં પ્રદર્શિત થનારી નીલકંઠવર્ણીના જીવન આધારિત આઇ-મેક્સ ફિલ્મના શૂટિંગનો કાર્યક્રમ ગોઠવાયેલો. ભારતમાં પ્રથમ વાર બનનારી આવી ફિલ્મના શૂટિંગ માટે હોલીવૂડના ખ્યાતનામ ફિલ્મ નિર્દેશક શ્રી કિથ મેલ્ટન, છબીકલાના સુપ્રસિદ્ધ નિર્દેશક શ્રી રીડ સ્મૂટ વગેરે તેઓના કાફલા સાથે અમેરિકાથી અત્રે આવી પહોંચેલા. આ ફિલ્માંકનનું મંગલાચરણ નેપાળમાં આવેલા ધવલગિરિ અને નીલગિરિના પ્રદેશમાં થવાનું હતું. નીલકંઠવર્ણીનાં આ પ્રાસાદિક સ્થાનો ઉપરાંત મુક્તિનાથ, પુલહાશ્રમ, કાલી ગંડકી વગેરે પ્રસાદીભૂત સ્થળોને પણ આવરી લેતો ફિલ્માંકનનો આ કાર્યક્રમ તા. ૩/૩થી શરૂ થવાનો હતો. તેની માહિતી સ્વામીશ્રીને અપાયેલી ત્યારે તેઓએ તા. ૫/૩ના ચઢતા સૂરજથી ફિલ્મ લેવાનો પ્રારંભ કરવા સૂચવેલું.

આ સાંભળી ફિલ્મીકરણનું સંકલન કરનારા કાર્યકર શ્રી કલ્પેશભાઈ ભટ્ટ મૂંઝાયેલા, કારણ કે ફિલ્માંકન બે દિવસ મોડું શરૂ કરતાં તે બે દિવસ મોડું પૂરું થાય. તેથી અમેરિકાથી આવેલો ફિલ્મકારોનો સંઘ તેઓના ધારાધોરણ મુજબ, ઉમેરાયેલા બે દિવસ નહીં પરંતુ આખા અઠવાડિયાનું મહેનતાણું માંગે. તેની રકમ ઘણી મોટી થતી હતી.

આ વિગતથી સ્વામીશ્રીને વાકેફ કરાતાં તેઓએ કાર્યકરને કહેલું : 'તમે કહેજો કે અમારા ગુરુની ઇચ્છા છે.'

આ વાત જ્યારે શ્રી કિથને કરવામાં આવેલી ત્યારે તેઓ તરત જ સ્વામીશ્રીના પ્રસ્તાવમાં સંમત થઈ જતાં સૌ નેપાળ પહોંચેલા.

પરંતુ અહીં આવતાં એક નવી આફત ખડી થયેલી. સ્વામીશ્રીના આદેશ

મુજબ જે માર્ગે નીલકંઠવર્ણી પસાર થયેલા તે જ માર્ગે ફિલ્માંકન કરવાનું હતું, પણ ત્યાં જઈ સૌએ જોયું તો તે રસ્તે બરફ જ નહોતો. આ મુશ્કેલીમાંથી માર્ગ કાઢતાં ફિલ્મકારોએ નીલકંઠવર્ણીએ લીધેલો રસ્તો પડતો મૂકી જ્યાં બરફની માત્રા ફિલ્માંકન માટે પર્યાપ્ત હતી તે ઍવરેસ્ટ તરફ કાર્યક્રમ ખસેડવાનું નક્કી કરેલું, પરંતુ આ નિર્ણયની જાણ સ્વામીશ્રીને કરવામાં આવતાં તેઓએ ભારપૂર્વક ઉચ્ચારેલું કે 'આપણે જ્યાં નીલકંઠવર્ણી ગયા છે ત્યાં જ ફિલમ ઉતારવી છે. માટે પ્રયત્ન કરો.'

'પણ બાપા! અહીં વાતાવરણ પણ વાદળછાયું હોવાથી શ્રી રીડ તો શૂટિંગ કરવાની જ ના પાડે છે.'

'બધું જ શક્ય છે. આપણે નીલકંઠવર્ણી જ્યાં ગયા છે ત્યાં જ શૂટિંગ કરવું છે.' સ્વામીશ્રી દૃઢતાથી બોલેલા.

તેઓ ફિલ્મની ઐતિહાસિકતા અને પ્રમાણભૂતતા સાથે સમાધાન કરવામાં રાજી નહોતા. તેથી ફિલ્મકારો અને આયોજકો સહિત સૌ વિમાસણ અનુભવી રહેલા.

સ્થાનિક હવામાન ખાતાની આગાહી મુજબ તો હજી એક અઠવાડિયા સુધી સૂર્યના સગડ મળવાના નહોતા. વાતાવરણ વરસાદી જ રહેવાનું હતું. બરફવર્ષાની શક્યતા તો સાવ નહીંવત્ હતી. તે કારણે અમેરિકન ફિલ્મકારો તો હેલિકૉપ્ટર દ્વારા અન્ય કોઈ બરફાની સ્થળની તપાસ કરવા ઍરપોર્ટ સુધી પહોંચી ગયેલા, પરંતુ ભયંકર વરસાદને કારણે ઉડ્ડયન શક્ય ન બનતાં તા. ૪/૩ની સાંજે સ્વામીશ્રીને હવાઈ મથક પરથી જ ફોન જોડી કાર્યકરે કહેલું: 'સ્વામી! હવે ફિલ્મ ઉતારવા માટે યોગ્ય દૃશ્યો ન મળવાથી શૂટિંગ રદ કરવાનું ફિલ્મકારો વિચારી રહ્યા છે.'

'શાનું કૅન્સલ કરવાનું? મેં કહ્યું ને કે કાલે ચઢતા સૂરજથી કામ શરૂ કરવાનું છે! મહારાજનું કાર્ય આપણે કરીએ છીએ. નીલકંઠવર્ણી સાક્ષાત્ પ્રવેશ કરશે.' સ્વામીશ્રીના શબ્દે-શબ્દે વિશ્વાસ રણકતો હતો.

પરંતુ આ રણકો પેલા અમેરિકન ફિલ્મકારોના કાને પહોંચતો નહોતો. તેથી તેઓ દહેશત સેવી રહેલા કે 'ફક્ત બાર કલાકમાં હિમાલયની આબોહવા કેવી રીતે પલટાય? કદાચ સૂર્ય દેખાય, પણ આટલા ટૂંકા સમયમાં શ્વેત-શુભ્ર બરફની ચાદર આ પર્વત પર અને તેની ખીણોમાં કેવી રીતે પથરાય?' તેથી સૌ 'જે થવાનું હશે તે થશે...'નો ઊનો નિઃશ્વાસ નાંખી પથારીભેગા થયેલા.

અલબત્ત, સ્વામીશ્રીનો આદેશ હોવાથી સૌને વહેલી સવારે શૂટિંગ માટે સજ્જ રહેવા તો તાકીદ કરી જ દેવાયેલી.

તે મુજબ સૌ પ્રભાતના પ્રથમ પ્રહરમાં જાગ્યા ત્યારે તેઓએ જોયું તો સવારના પાંચ વાગ્યા ત્યાં જ સોનલવરણા સૂરજદેવે આકાશના આંગણે પગલી પાડી! તેના ઉજાશમાં આકાશ એકદમ સ્વચ્છ જણાયું. આ જોઈ પેલા અમેરિકન કલાકારો તો 'This is a miracle' (આ તો ચમત્કાર) કહેતાં સાધન-સામગ્રી સાથે નીકળી પડેલા ફિલ્માંકન કરવા!

જો કે તેઓ હજી જે સ્થળે ફિલ્માંકન કરવાનું હતું ત્યાં બરફ હશે કે કેમ તે વિષે સાશંક હતા, પરંતુ આ કાફલો હેલિકૉપ્ટર દ્વારા નિશ્ચિત સ્થળે પહોંચ્યો તો સ્વામીશ્રીએ નીલકંઠવર્ણીના જે પ્રાસાદિક સ્થળે ફિલ્મ ઉતારવાનો આગ્રહ રાખેલો તે અન્નપૂર્ણા ખીણ તો આખી હિમાચ્છાદિત બની ગયેલી! વળી, આ નવજાત બરફ પરિશુદ્ધ અને ધવલરંગી હતો. ફિલ્માંકનના સતત ચાર દિવસ સુધી વાદળ અને વરસાદનું નામનિશાન ન રહ્યું! જોઈએ તેવી બરફવર્ષા પણ થતી રહી. તેથી ફિલ્માંકન ઝડપી બનતાં ફાળવેલા સમયથી ઓછી મુદતમાં જરૂરી દૃશ્યો ઝડપી લેવાયાં. છતાં સમય બચતાં વધુ દૃશ્યો પણ કચકડે કંડારાયાં.

આ સમયે આવા જ એક આશ્ચર્યકારી અનુભવમાંથી નીલકંઠવર્ણીનું પાત્ર ભજવનારો બાળક પણ પસાર થઈ રહ્યો. દસેક વર્ષની ઉંમર ધરાવતા એ નીલકંઠને માઈનસ ૧૦ ડિગ્રી ઠંડીમાં ચાલવાનું હતું. તેની પર ફિલ્માંકન માટે કેમેરા સહિતનું હેલિકૉપ્ટર ઊડે ત્યારે તો પવનનો વેગ ઉમેરાતાં માઈનસ ૧૪ ડિગ્રી ઠંડી અનુભવાય. આવા સંજોગોમાં ચાલવાથી આટલી કાચી વયના બાળકને ગેંગરીન થઈ જવાની શક્યતા તબીબો જોઈ રહેલા. ફિલ્માંકનનો સમય જો લંબાય તો બાળક મૃત્યુને ભેટે.

આ વાત આયોજકોએ સ્વામીશ્રીને કરેલી, ત્યારે પણ તેઓ બોલેલા: 'કશું નહીં થાય. નીલકંઠવર્ણી તેનામાં પ્રવેશ કરશે.' તે બાળકનેય હામ પૂરતાં સ્વામીશ્રીએ કહેલું: 'નીલકંઠવર્ણી તારી સાથે છે. યોગીબાપાને પ્રાર્થના કરજે. ઠંડી નહીં લાગે.'

આમ, *'નિજજન મનને અભીત કીધાં, નિરભય વાક્ય વળી સુણાવી દીધાં...'*ની જેમ સ્વામીશ્રી દૂર રહ્યાં થકા જાણે આ ફિલ્માંકનનું સૂત્ર સંભાળી રહેલા.

અને બન્યું પણ એમ જ ! ૧૩,૦૦૦ ફૂટની ઊંચાઈએ બર્ફીલા પ્રદેશમાં ફૂંકાતા પવનની વચ્ચે જ્યારે બાળ નીલકંઠને ઊભો રાખવામાં આવતો ત્યારે તે ધ્રૂજવા માંડતો, પરંતુ નિર્દેશક દ્વારા ફિલ્માંકન શરૂ થવાની સૂચના આપતી 'ઍક્શન'ની બૂમ પડે તે સાથે જ બાળકના શરીરમાં વ્યાપેલી ધ્રુજારી ગાયબ થઈ જતી અને તે બગીચામાં ટહેલતો હોય તેમ બરફ પર ચાલવા માંડતો. જ્યારે ફિલ્માંકન અટકાવવાની સંજ્ઞા કરતી 'કટ'ની બૂમ પડે ત્યાં એ બાળકના અંગોઅંગમાં ધ્રુજારી ફરી વળતી ! ફિલ્માંકનના ચાર દિવસ દરમ્યાન વારાફરતી બધા જ બીમાર પડ્યા, પણ આ બાળકને ખુલ્લામાં હરવા-ફરવાનું થયું છતાં તેને એક છીંક સુધ્ધાં ન આવી ![3]

આવા અનેક આશ્ચર્યકારી અનુભવોને જીવનની મૂડીરૂપે સંઘરી આપતું આ ફિલ્માંકન પૂરું થયું ત્યારે સૌના મુખે એક જ એકરાર હતો કે *'સર્વેના નિયંતા સ્વામી, કરે એમ ચરિત્ર બહુનામી...'*

જેને નથી દેહનો અધ્યાસ

આ સમયમાં છેલ્લા કેટલાક દિવસોથી સ્વામીશ્રીને નાસિકા અને ઉપલા હોઠ વચ્ચેના ભાગમાં થયેલી ફોડલી ઘણી પરેશાની પહોંચાડી રહેલી. તેના નિકાલ માટે મહેસાણામાં તા. ૯/૩ની બપોરે એક નાનકડી શસ્ત્રક્રિયા કરવામાં આવી. જ્યાં ફોડલી થયેલી તેની આસપાસના અંગને બહેરું બનાવી ડૉક્ટરોએ ગૂમડાનો બિયો, પરું, બગડેલું લોહી વગેરે કાઢી પટ્ટી મારી દીધી.

તે સમયે આ શસ્ત્રક્રિયા કરનારા ડૉ. દિલીપભાઈ ત્રિવેદી બોલી ઊઠ્યા : 'સ્વામીજી કહેતા નથી, પણ ઑપરેશન પહેલાં એમને ખૂબ જ દુખાવો થતો હશે.'

દરેક બીમારીમાં સ્વામીશ્રીના રોગને વહેલો-મોડો પકડી શકાતો, પરંતુ તેઓની સહનશીલતા તો સૌની પહોંચ બહાર જ રહી જતી.

આવી જ એક અન્ય પકડ બહારની વાત રહેતી – સ્વામીશ્રીની ભક્તવત્સલતા. સ્વામીશ્રીને અપાયેલી ઉપરોક્ત સારવાર બાદ તેઓને કોઈ ચેપ ન લાગે તે હેતુથી તબીબોએ આજે મુલાકાતનું સત્ર ન ગોઠવવા સૂચના આપેલી, પરંતુ ડૉક્ટરોની વિદાય બાદ સ્વામીશ્રીએ પચાસેક હરિભક્તોને મળી તેઓના પ્રશ્નોનો તોડ કાઢી આપ્યો !

---

૩. આ બાળક સમયાંતરે મહંત સ્વામી દ્વારા દીક્ષિત થઈ સાધુ નીલકંઠદાસ બન્યા.

નથી છાનો પ્રતાપ લગાર

તા. ૧૨/૩ના રોજ મહેસાણાથી વિદાય લઈ મોઢેરા પધારેલા સ્વામીશ્રીના અહીંના આગમનનું પ્રયોજન હતું – આઇ-મેક્સ ફિલ્મના અમુક અંશોનું ફિલ્માંકન. તે માટે તા. ૧૩/૩ની સવારે પોણા નવ વાગ્યે સૂર્યમંદિરે પધારેલા તેઓને અત્રે રામકુંડની પાળ જ્યાં શરૂ થાય છે ત્યાં આવેલા નાના પ્લેટફોર્મ પર બિરાજમાન કરવામાં આવ્યા. આ સ્થળે સાદી ભગવી ગાદી પર બેઠેલા સ્વામીશ્રી કુંડ તરફ મુખારવિંદ રાખીને માળાજાપ કરતા હોય તેવું દૃશ્ય ઝડપવાનું હતું, પરંતુ એમ ને એમ માળા ફેરવવાનું પસંદ ન કરતાં સ્વામીશ્રીએ સામે ઠાકોરજીને પધરાવ્યા. તેઓની આ પરાભક્તિના પ્રકાશથી મોઢેરાનું સૂર્યમંદિર ઝળહળી ઊઠ્યું.

પરંતુ કૅમેરામેનને તો નિસ્બત હતી સૂર્યપ્રકાશ સાથે. અને આ સમયે આકાશમાં વાદળાં ચઢી આવતાં ઝાંખા પ્રકાશમાં ફિલ્માંકન ન જામ્યું. તેથી થોડી વાર રાહ જોવાનું નક્કી થતાં સ્વામીશ્રી મંદિરની દર્શનયાત્રા કરવા નીકળ્યા. આ ક્રમમાં તેઓ મંદિરના ઈશાન ખૂણે આવ્યા ત્યારે પણ ઇચ્છિત સૂર્યપ્રકાશ થયો ન હોવાથી સંતોએ બેસવા સારુ ખુરશી મૂકી. તે જોઈ સ્વામીશ્રીએ સવાલ કર્યો : 'કેમ ?'

'હજી જોઈએ તેવો તાપ થયો નથી. વાદળાં છે.' સંતોએ જણાવ્યું.

આ સમયે કેટલાક ભાળ કાઢનારાએ તો એમ પણ કહ્યું : 'છેક અમદાવાદ સુધીનું આકાશ વાદળાંથી છવાયેલું છે.'

આ સાંભળી આકાશ ભણી દૃષ્ટિ ઠેરવતા સ્વામીશ્રી જાણે વાદળોને આદેશ આપી રહ્યા હોય તેમ હાથ વીંઝતાં બોલ્યા : 'ચાલો... ચાલો... ખસો આમ.'

આટલું કહી તેઓ ખુરશી પર બિરાજ્યા અને પળ વારમાં તો વાદળોએ સ્થળાંતર કરી દેતાં ૯:૩૪ વાગ્યે ફિલ્માંકન શરૂ થઈ ગયું, તે ૯:૪૦ વાગ્યે પૂરું થયું ત્યાં સુધી આકાશમાં કોઈ વાદળું રખડપટ્ટી કરવા આવી ન શક્યું !

તે જોઈ સ્વામીશ્રીને નમી પડતાં સૌ પોકારી ઊઠ્યા : *'નથી છાનો પ્રતાપ લગાર, એવા તમે તેને નમસ્કાર.'*

માહાત્મ્ય મોટું મનમાં ધરે છે

સવારે પૂર્ણ થયેલા પ્રથમ તબક્કાના ફિલ્માંકન બાદ બપોરે બે વાગ્યાથી

અઢી વાગ્યા દરમ્યાન થનારા ફિલ્માંકન વખતે વાવની સુંદર રચના દેખાય તેમ મંદિરના રામકુંડની બેઠકો પર સંતોને બેસાડવાના હતા. તેમાં ૫૪ સંતોની આવશ્યકતા જણાતાં આયોજકોએ સ્વામીશ્રીને અગાઉ કહેલું: 'મોઢેરાની નજીક આવેલાં મહેસાણા, ગાંધીનગર અને અમદાવાદનાં મંદિરોમાંથી સંતો બોલાવી લઈશું.'

પરંતુ સ્વામીશ્રીએ જણાવેલું: 'એની વ્યવસ્થા હું કરાવીશ.' આમ કહી તેઓએ આ ફિલ્માંકનમાં યોગીજી મહારાજના દીક્ષિત સંતોને સામેલ કરવાનું આયોજન ગોઠવેલું. જો સંખ્યા ખૂટે તો મંદિરોના કોઠારી સંતો અને અન્ય વડીલ સંતોને સમાવવાની સૂચના પણ નારાયણમુનિદાસ સ્વામીને આપી રાખેલી. પરંતુ પછી તો સ્વામીશ્રીએ 'આમને બોલાવો... પેલાને બોલાવો...' કહેતાં ૮૨ સંતોની યાદી તૈયાર કરાવેલી અને તે મુજબ સંતો આજે આવી પણ ગયેલા.

આ અંગે આયોજકોએ સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! આપણે જરૂરિયાત ૫૪ સંતોની છે અને આપે ૮૨ સંતો બોલાવ્યા છે, તો કેમ કરશું?'

આ સાંભળી રામકુંડ બતાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'તમારો વિચાર તો સારો છે, પણ આ ૫૪ બેઠકો સિવાયની બીજી બધી જગ્યા ખાલી નથી લાગતી? ત્યાં પણ સંતો બેસે તો?'

તેઓનું આ સૂચન ફિલ્મકાર શ્રી રીડને જણાવતાં તેઓને તો તે ખૂબ ગમી ગયું. તેઓ બોલી ઊઠ્યા: 'સ્વામીજી કહે છે તેમ જ થવું જોઈએ. એ રીતે દૃશ્ય ખૂબ સુંદર લાગશે.' પરંતુ તેઓએ ચિંતા વ્યક્ત કરી કે 'તાત્કાલિક બીજા સંતો લાવશું ક્યાંથી?'

'એ ચિંતા તમે ન કરો. ફરી ગણતરી કરી કહો કે કેટલા સંતો જોઈશે!' ધરપત આપતાં સ્વામીશ્રીએ કહ્યું.

તેથી ગણતરી કરવા માંડેલા શ્રી રીડે થોડી વારે સંખ્યા જણાવી: '૮૨.'

સ્વામીશ્રીએ બોલાવેલા સંતોના આંકડા સાથે આ ગણતરીનો બરાબર મેળ ખાઈ જતાં સૌ વિસ્મય પામ્યા.

આ ઘટનાક્રમના સંદર્ભમાં, ફિલ્માંકન બાદ સ્વામીશ્રીને પૂછવામાં આવ્યું કે 'બાપા! આ તો ફક્ત દસ જ સેકન્ડનું દૃશ્ય હતું. વળી, તે દૃશ્ય પહોળા પટે(wide angle) અને ગતિમય(moving) રીતે ઝડપવાનું હતું. તેથી ફિલ્મ જોતી વખતે તો જે-તે સંતનો ચહેરો ઓળખાવાનો પણ નથી. છતાં

દૂર-દૂરથી આપે આટલા બધા સંતો કેમ બોલાવ્યા ?'

'ભલે દસ સેકન્ડનું દૃશ્ય હોય, પણ યોગીજી મહારાજના દીક્ષિત સંતો, મોટેરા સંતો બધા ફિલ્મમાં આવી જાય ને !' સ્વામીશ્રી બોલ્યા.

ફિલ્મકારોની નજરમાં સંખ્યાની અગત્ય હતી, પણ સ્વામીશ્રીની દૃષ્ટિમાં સુહૃદભાવ અગત્યનો હતો. તેઓની આ આત્મીયતાએ સૌનાં અંતર અહોભાવથી છલકાવી દીધાં.

બધા મિત્રો જ છે અમારા

તા. ૧૩/૩ના રોજ મોઢેરાના સરકારી અતિથિગૃહ 'તોરણ'માં ભોજન અને વિશ્રામ લઈ સ્વામીશ્રી બપોરે ૧:૫૫ વાગ્યે સૂર્યમંદિરે પધાર્યા ત્યારે અહીં ૧૭૬ x ૧૨૦ ફૂટનું પરિમાણ ધરાવતા રામકુંડમાં સૂચના અનુસાર સંતો ગોઠવાઈ ગયેલા. અધ્ધર આકાશમાં વાદળોને લાગેલી સ્વામીશ્રીની સંચારબંધીનો અમલ અત્યારે ચાલુ જ હોય તેમ તેઓ તરફથી કોઈ નડતર ન આવ્યું. તેથી ફિલ્માંકન સમયસર પૂરું થતાં સ્વામીશ્રી ઉતારે અલ્પ આરામ લઈ સાંજે ૫:૩૦ વાગ્યે મોઢેશ્વરી માતાના મંદિરે પધાર્યા.

અત્રે મુખ્ય દ્વારમાંથી પ્રવેશતાં અંદર ભટ્ટારિકા માતા, હંસવાહિની માતાનાં દેરાં પણ આવ્યાં. ત્યાં વંદન કર્યા બાદ પાછળના ભાગે આવેલા ધર્મેશ્વર મહાદેવને પ્રણામ કરી સ્વામીશ્રી ગાંધીનગર જવા વિદાય થયા.

આ રસ્તે તેઓએ ખેરવા ગામની સીમમાં નિર્માણાધીન છાત્રાલયની જમીન પર પુષ્પો છાંટી લીંબોદરાને પાવન કર્યું. અહીં તેઓ નીલકંઠવર્ણીની ફિલ્મ માટે ઊભાં કરાયેલાં લોજની વાવ, રામાનંદ સ્વામીનો આશ્રમ, લોજની શેરી વગેરેનાં દૃશ્યો પર દૃષ્ટિ કરતાં ગાંધીનગર આવી ગયા.

અત્રે તા. ૧૪/૩ની સવારે અક્ષરધામના પોડિયમ પર નીલકંઠવર્ણીને પુષ્પાંજલિ અર્પણ કરી વંદના કરતા હોય તેવા સ્વામીશ્રીનું ફિલ્માંકન થયું.

આ જ હેતુસર સ્વામીશ્રી આજની બપોરે અક્ષરધામના નૈમિષારણ્ય ઉપવનમાં પધાર્યા. અત્રે તેઓ હરિભક્તો સાથે હળતા-મળતા હોય તેવાં દૃશ્યોનું ફિલ્માંકન કરવાનું હતું. તે માટે હરોળબંધ ઊભેલી લગભગ ૧૦૦ વ્યક્તિઓમાં સાતેક વર્ષના બાળકથી માંડી સિત્તેર વર્ષના વયોવૃદ્ધની સાથે ગામડાના ફાળિયાધારીથી લઈ કોટ-પાટલૂનમાં સજ્જ શહેરી પણ હતા. નિર્ધન-ધનવાન, ભણેલા-અભણ એમ તરેહ-તરેહના આ હરિભક્તોમાંથી કો'કની

સાથે વાતચીત કરતાં, તો કો'કના માથે હાથ મૂકતાં, તો કોઈકને હસતાં-હસતાં હેત કરતાં સ્વામીશ્રી આગળ વધી રહ્યા. તેઓના આ મિલનમાં રહેલી આત્મીયતા અને સાહજિકતાથી ફિલ્મકારો તો ખુશ થઈ ગયા. તેઓને એકેય દૃશ્ય ફરી ઝડપવાની જરૂર ન જણાઈ. ફિલ્મ નિર્દેશક શ્રી કિથ તો બોલી ઊઠ્યા: 'મારે એક દૃશ્ય જોઈતું હતું પણ મને એવાં દસ સારાં દૃશ્યો મળી ગયાં છે !'

તેથી જ ફિલ્માંકન બાદ આ અમેરિકને સ્વામીશ્રીનો આભાર માનતાં કહ્યું: 'તમારે ઘણા બધા મિત્રો છે અને તે દરેક સાથે તમારે પ્રગાઢ મિત્રતા છે.'

આ સાંભળી સામે ઊભેલા ભક્તો તરફ આંગળી ચીંધતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ બધા મિત્રો જ છે અમારા !'

તે પછી તેઓએ એક બાળકનો નિર્દેશ કરી કહ્યું: 'ये छोटा मित्र।' વળી, એક વડીલને દર્શાવી જણાવ્યું: 'ये बड़ा मित्र।' આમ સરવા લાગેલી પોતાના સખાઓની સૂચિમાં સ્વામીશ્રી બોલતા જ રહ્યા: 'ધીઝ ખેડૂત માય ફ્રેન્ડ (આ ખેડૂત અમારા મિત્ર)... ધીઝ ડૉક્ટર માય ફ્રેન્ડ (આ ડૉક્ટર અમારા મિત્ર)... આ ભાભા (વયસ્ક વ્યક્તિ) માય ફ્રેન્ડ... આ યુવકો માય ફ્રેન્ડ...'

આમ કહેતાં સ્વામીશ્રી છેલ્લે શ્રી કિથ સામે પણ આંગળી કરતાં બોલ્યા: 'યુ માય ફ્રેન્ડ (તમે અમારા મિત્ર)!' પછી કૅમેરામેન શ્રી રીડ સામે જોઈ કહ્યું: 'આ દાઢીવાળા માય ફ્રેન્ડ.' અંતે સ્વામીશ્રી ઉચ્ચર્યા: 'આ બધો સત્સંગ માય ફ્રેન્ડ.'

ભક્તો પ્રત્યેની તેઓની આત્મબુદ્ધિનું આ આહ્લાદક દર્શન પામી ધન્ય થઈ ઊઠેલા સૌનું અંતર ગાઈ રહ્યું: *'અમ તણાં ભાગ્ય જે સારા સખા મળ્યા...'*

ભક્તિ માનીને કરે છે કામ

તા. ૧૪/૩ની સાંજે અક્ષરધામના પોડિયમ પર ઊભેલા સ્વામીશ્રી શ્રીજીમહારાજ અને ગુરુપરંપરાની આરતી ઉતારતા હોય તેવું દૃશ્ય કચકડે કંડારાયા બાદ સ્વામીશ્રી તા. ૧૫/૩ની સવારે રાયસણ પધાર્યા.

અત્રે આઈ-મેક્સ ફિલ્મ માટે ખડી કરાયેલી વિવિધ રચનાઓ પર દૃષ્ટિ કરતા તેઓને નીલકંઠવર્ણીના ગૃહત્યાગનું દૃશ્ય સમજાવતાં શ્રી કિથે કહ્યું: 'અહીં પલંગ પર સુવાસિની અને તેની ગોદમાં નંદરામ હશે. નીચે ભોંય પર રામપ્રતાપભાઈ સૂતા હશે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'ભારતીય સંસ્કૃતિમાં પતિવ્રતા સ્ત્રી હંમેશાં પતિને આદર આપે. તેથી રામપ્રતાપભાઈ પલંગ પર હોય અને સુવાસિની ભોંય પર.'

સ્વામીશ્રીની આ સલાહને 'બહુ અગત્યનું સૂચન' કહી શ્રી કિથે વધાવી લીધી. ફિલ્મક્ષેત્રના પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત ઓસ્કાર ઍવોર્ડના નવ નિર્ણાયકો પૈકીના એક તરીકે રહી ચૂકેલા તેઓનો આ અભિપ્રાય સૌને સ્વામીશ્રીની મેધા માટે પણ આદર જન્માવી ગયો.

આ રીતે પ્રત્યેક વળાંકે પોતાનાં સૂચન અને સાંનિધ્યથી ફિલ્માંકનને પૂર્ણતા બક્ષી રહેલા સ્વામીશ્રી અત્રે ઊભી થયેલી રામેશ્વર મંદિરની પરિક્રમા પાસે આવ્યા. આ રચના એવી આબેહૂબ બનેલી કે તેને જોઈ ફિલ્મ ક્ષેત્રના કસબીઓ પણ ચકિત થઈ જતા. પરંતુ તેના રચયિતા બ્રહ્મચરણદાસ સ્વામી તથા અન્ય સહાયકો તરફ નિર્દેશ કરતાં શ્રી કિથે સ્વામીશ્રીને કહ્યું : 'મને લાગે છે કે આ લોકોને દુ:ખ થશે કે જે સેટ તૈયાર કરવામાં મહિનાઓ લાગ્યા તેનું દૃશ્ય ફિલ્મમાં માત્ર ૪૦ સેકન્ડ જ આવશે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'કલાક-બલાક કે સેકન્ડ-બેકન્ડનો ટાઈમ જોવાનો નથી. સૌ ભક્તિ માનીને કામ કરે છે, 'સેવા મળી છે' એ ભાવથી કામ કરે છે !'

આમ, ફિલ્માંકનનો મહાકાય પ્રકલ્પ ભક્તિના પાટે આગળ સરકાવતા તેઓ તા. ૧૫/૩ની સાંજે પુનઃ અક્ષરધામના પોડિયમ પર પધાર્યા. અહીં સંતો-ભક્તો સાથે નીલકંઠવર્ણીની આરતી ઉતારતા સ્વામીશ્રીનું ફિલ્માંકન થયું.

આપણે ઊં... ઊં... ઊં... કરતા નથી

તા. ૧૬/૩ની સાંજે ગાંધીનગરથી સારંગપુર પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં તા. ૧૮/૩ના રોજ રંગની ઝડી વરસી રહી. આ દિવસે યોજાયેલા પુષ્પદોલોત્સવમાં સ્વામીશ્રીએ સૌને એવું સુખ આપ્યું કે મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી સુધ્ધાં ભક્તિમુજરા કરી રહ્યા. તે જોઈ આનંદિત થઈ ઊઠેલા સ્વામીશ્રીએ ઉત્સવનું સમાપન કર્યું. પરંતુ તે વખતે મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી વગેરે સદ્‌ગુરુ સંતોએ સ્વામીશ્રીનાં શિરે અને શરીરે રંગભરેલા કળશની ધીમી ધાર કરી તેઓનેય રંગભીના કર્યા. આ ઉત્સવ-સ્મૃતિને નજરમાં ભરનારા ૪૦,૦૦૦

હરિભક્તો કૃતાર્થ થઈ ગયા.

આ અનુભવ ઉત્સવ બાદ પણ સ્વામીશ્રીનાં વિવિધ લાભ અને લટકાં દ્વારા સૌને થતો જ રહ્યો. આ ક્રમમાં તા. ૨૨/૩ની સાંજે ઉતારેથી સ્મૃતિમંદિરે જવા નીકળેલા સ્વામીશ્રીએ ગાડીમાં થતી ચૂં... ચૂં... સાંભળી પૂછ્યું : 'આ શેનો અવાજ આવે છે ?'

'ગાડીને 'વા' થઈ ગયો છે. બહુ વિચરણ કરે છે ને એટલે !'

ગાડીચાલકે આમ ગમ્મત કરી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'વિચરણ તો આપણેય કરીએ છીએ, પણ આવી રીતે ઊં... ઊં... ઊં... કરતા નથી.'

સ્વામીશ્રીના આ શબ્દો તેઓની ફરિયાદશૂન્ય જીવનશૈલી ઉઘાડી ગયા.

ઝાઝું દોડવાથી પહોંચેલી હાલાકીને મિટાવવા જડ મોટર પણ ચૂં... ચૂં... અવાજ કરી મરામત માંગે છે, જ્યારે જીવનભર દોડતા રહેલા સ્વામીશ્રીએ પોતાની માવજત માટે કદી ઊં... ઊં... કર્યું નહોતું.

વન-મહોત્સવના મીઠા મેવા

સારંગપુરમાં સ્વામીશ્રીનાં ભોજનસત્ર દરમ્યાન સંતો દ્વારા રોજેરોજ રજૂ થતા વિવિધ કાર્યક્રમોમાં તા. ૨૬/૩ના દિવસે અક્ષર-પુરુષોત્તમ ઉપાસના સંબંધી પરિસંવાદ છટાદાર રીતે પ્રસ્તુત થયો. તે જોઈ રીઝેલા સ્વામીશ્રીએ રજૂઆત-કર્તા સંતોને લાડુની પ્રસાદી આપતાં કહ્યું :

'બધાયને બેય હાથમાં લાડુ છે. આ સત્સંગમાં આવ્યા છો ને અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન સમજ્યા છો ને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની આજ્ઞા પાળી છે તો બેય હાથમાં લાડુ છે. આમ (ડાબે હાથે) ખાવ તોય ને આમ (જમણે હાથે) ખાવ તોય ! સાધુતા રાખીને ખાવ એટલે વાંધો ન આવે.'

સ્વામીશ્રીએ પીરસેલી આ પ્રાપ્તિની મીઠાશ તા. ૧/૪ની સવારે તો કંઈક ઓર જ સ્વાદ લઈને આવી.

આ સમયે યજ્ઞપુરુષ વાડીમાં તૈયાર થયેલો સભામંચ કાઠિયાવાડી ખોરડાનો અદલ અનુભવ કરાવતો હતો. ગાર-માટીના લીંપણયુક્ત દીવાલો સહિત ગાદલું, તકિયા અને ઢીંચણિયાં ગોઠવીને મૂકેલી ખાટલી તથા નાની સાંગામાંચી વગેરેથી શોભતી આ ઝૂંપડીની બાજુમાં કૂવો ઊભેલો. તેની ઉપર ઝળુંબતી વડલાની ઘટાદાર છાયા વાતાવરણની ગ્રામીણતામાં વિશેષ ઉમેરો કરતી હતી. આવા નૈસર્ગિક માહોલમાં ઝૂંપડીની ઓસરીએ બેસી પૂજા કરી

રહેલા સ્વામીશ્રી સમક્ષ *'મારા કૂબામાં હાથી પેઠો મારા ભૈ...'* કીર્તન ગવાતું હતું. તે જ વખતે રચાયેલા એક નવા ઠાઠના ભાગરૂપે ઘનશ્યામચરણદાસ સ્વામીએ મંચ પર પદાર્પણ કર્યું. માથે છોગલિયાળું ફાળિયું, ગળે ગુલાબનો હાર, બાંયે કુસુમના બાજુબંધ, કાંડે ફૂલોનાં કડાં અને હાથમાં કરતાલના તાલ સાથે આ સંત ભજનના શબ્દે-શબ્દે સુચારુ મુજરા કરવા લાગ્યા.

તેઓને સંગત દેવા પૂજા બાદ સ્વામીશ્રીને પણ કરતાલ આપવામાં આવી, પરંતુ તે હાથમાં પકડતાં જ તેઓ આસન પરથી ઊભા થઈ ગયા અને ઘનશ્યામ સ્વામીની જેમ કરતાલ વગાડી હળવા હેલે મુજરા કરવા લાગ્યા. તેની વચ્ચે તેઓ કરતાલ વડે આ સંત-સખાનાં ઓવારણાં પણ લેતા ગયા.

તેથી ઊભરાયેલા સુખસાગરના તરંગો પર સવાર સંતોની ઊર્મિઓને અધિક ઊંચે ચઢાવતા સ્વામીશ્રી નિત્યક્રમથી પરવારી સભામાં પધાર્યા ત્યારે સૌની વિનંતી સ્વીકારી તેઓ ઝૂંપડીની ખાટલી પર બિરાજ્યા. સામે મૂકેલી સાંગામાંચી પર પોતાનાં ચરણ ટેકવ્યાં. આ સમયે તેઓની આજુબાજુ ત્રિકોણાકાર ઢીંચણિયાં અને પાછળ આભલાં ભરેલો તકિયો ગોઠવાતાં અનેરી શોભા ખડી થઈ રહી. આ રીતે કેટલીક વાર સુધી બિરાજી સ્વામીશ્રી ઝૂંપડીની સામે રહેલા આંબલિયાળા ઓટે પહોંચ્યા. અહીં તેઓએ આસન પર બેસતાં પૂર્વે શાસ્ત્રીજી મહારાજની પ્રાસાદિક આંબલીનો મહિમાપૂર્વક સ્પર્શ કરી તે હાથને આંખે, માથે ચડાવ્યો.

ત્યારબાદ વનમાં વાગતી વાંસળી જેવી વાણી રેલાવતાં સ્વામીશ્રી બોલ્યા :

"અગવડમાં સગવડ સમજે એ લોકો આગળ વધ્યા છે. પ્રગતિ ક્યારે થાય તો અગવડ સામેથી આવે અને એની સામે તમે કામ કરો તો ! શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'કોઈ શત્રુ ના હોય તો ઊભો કરવો', તો તમારી શક્તિ બહાર આવે. સોમા ભગત ને ભક્તિવલ્લભ (સ્વામી) બાજરાનો લોટ કુલેર કરીને ખાતા. ખીચડી થાય ને એમાં મગ હોય ત્યારે કાંકરા આવે. તે વખતે ખીચડીમાં છાશ લે ને એને હલાવે એટલે કાંકરા નીચે બેસી જાય. પછી ઉપર ઉપરનું પી જાય. આ પરિસ્થિતિ હતી ! તેમાં એક ધ્યેય હતું તો આ કામ થઈ ગયું. હવે આપણે સુખમાં આવ્યા તો સુખની અંદર તો વધારે કામ થવું જોઈએ ને !"

આ સદ્‌બોધ આપી સ્વામીશ્રી મંદિરે જવા વિદાય થયા ત્યારે તેઓના મુખમાં શબ્દો હતા : 'સરસ વન-મહોત્સવ થઈ ગયો !'

સ્વામી તારા નામનો પ્રતાપ

તા. ૫/૪ની સાંજે સારંગપુરથી વિદાય લઈ સ્વામીશ્રી દરેડ અને કાળા તળાવને પાવન કરતાં ગઢડા પધાર્યા.

અહીંથી તેઓ સમીપવર્તી રળિયાણાના નૂતન મંદિરમાં તા. ૭/૪ના રોજ અક્ષર-પુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કરી આવ્યા. તેને અનુસરતાં આ જ દિવસની સાંજે સ્વામીશ્રી ગઢડાની નગરપાલિકાનું સન્માન ઝીલી તા. ૯/૪ની સવારે પાળિયાદ પહોંચ્યા.

અત્રે તેઓના વરદહસ્તે દિવંગત શ્રી અમરા બાપુની ચિત્રપ્રતિમાનો પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો. તે પછી આ પ્રસંગે યોજાયેલા સંત સંમેલનને પોતાનાં શબ્દ અને સાંનિધ્યથી શોભાવતા સ્વામીશ્રી લાઠીને લાભ આપતાં અમરેલી આવ્યા.

અહીં શ્રી પોપટભાઈ કાબરિયાના ઘેર ઊતરેલા તેઓએ આજે સાંજે યોજાયેલી જાહેર-સભામાં નગરપાલિકાનું સન્માનપત્ર સ્વીકારી તા. ૧૦/૪ની સવારે હરિમંદિરનો પાટોત્સવ ઊજવ્યો.

આ વૈદિક વિધિ બાદ નૂતન મંદિર માટે જમીન જોવા નીકળેલા સ્વામીશ્રીની ગાડી જ્યાં જમીન હતી તે સોસાયટીની સડક પર આવી ત્યારે અક્ષરનયનદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! આ રસ્તાનું નામ 'પ્રમુખસ્વામી માર્ગ' રાખ્યું છે.'

'તો તો સત્સંગી થઈ જશે બધા!'

સ્વ-નામનો આ પ્રતાપ જણાવી સ્વામીશ્રીએ નવી જમીન પર જ તા. ૧૧/૪ની રાત્રે શ્રીજીમહારાજનો ૨૨૩મો જન્મોત્સવ ધામધૂમપૂર્વક ઊજવ્યો. આ લાભ લેવા ઊમટેલી ૯,૦૦૦ની જનસંખ્યા અમરેલી માટે વિક્રમસર્જક બની રહી.

આ પરંપરા ધારીમાં પણ અખંડિત રહી. અત્રે સ્વામીશ્રીએ તા. ૧૩/૪ની સાંજે વી. પી. જી. ગર્લ્સ હાઈસ્કૂલના મેદાનમાં ભરાયેલી ચિક્કાર સભામાં સ્થાનિક પંચાયતનું સન્માનપત્ર સ્વીકારી નગરને ધન્ય કર્યું.

અહીં તેઓનો દર્શનલાભ લેવા ઓરિસ્સાથી આવેલા સિત્તેર જેટલા મુમુક્ષુઓએ પોતાનાં ખોલ, મંજીરાં, ઝાલર વગેરે પ્રાદેશિક વાદ્યો અને નૃત્યોથી તા. ૧૪/૪ની પ્રાતઃપૂજા તો ગજવી, પણ પૂજા બાદ મંચથી મંદિર સુધીના

ગમનપથ પર તેઓ સામસામે બે હરોળમાં ગોઠવાઈ ગયા. આ રસ્તે જેવું સ્વામીશ્રીએ પદાર્પણ કર્યું કે આ આગંતુક કલાકારો એકસાથે લયબદ્ધ નર્તનની સંગતમાં ઝાલરનો ટંકારવ કરતાં આગળ વધવા લાગ્યા. જગન્નાથપુરીની રથયાત્રાના પ્રસંગે તેઓ આ રીતે જ ભગવાનનો રથ દોરતા. એ લહાવો આજે મેળવી આ પૂર્વવાસીઓ અપૂર્વ આનંદ પામ્યા.

વિષમતાઓમાં વિકસતા

તા. ૧૪/૪ની સાંજે ધારીમાં આવેલા યોગીજી મહારાજનાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કરી ખાંભા પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં અક્ષર-પુરુષોત્તમની આરસ પ્રતિમાઓ અને ગુરુપરંપરાની ચિત્રપ્રતિમાઓમાં પ્રાણ પુરાયા. એ જ કરકમળો દ્વારા ખાંભા બાદ ડેડાણમાં પણ નવા હરિમંદિરની મૂર્તિઓનાં પૂજન-આરતી થયાં.

પ્રતિષ્ઠા-પૂજનના આ જ હેતુસર ડેડાણથી રાજુલા પધારેલા સ્વામીશ્રીના હસ્તે અત્રે તા. ૧૫/૪ની સવારે વિશ્વશાંતિ મહાયાગનો અગ્નિ પ્રગટી ગયો. તેમાં આશીર્વાદનું અમીસિંચન કરતાં તેઓએ જણાવ્યું: 'રાજુલામાં મંડળ નાનું, પણ પ્રેમ બહુ મોટો. વલ્લભભાઈ, નાગરદાસ વગેરે ભક્તોને લઈ અહીં સત્સંગ વધ્યો. ચિત્તરંજનભાઈ વગેરેએ મળીને મંદિર માટે સારી સેવા એકઠી કરી. અહીંની જનતાએ પણ સારો સાથ-સહકાર આપ્યો. આ યજ્ઞમાં જે બેઠા છે તે બધાનું કલ્યાણ થશે.'

સ્વામીશ્રીના આ ઉપકાર બદલ નગરપાલિકાએ આજની સાયંસભામાં તેઓને સન્માનપત્ર અર્પણ કર્યું. વળી, નવનિર્મિત મંદિર આગળથી પસાર થતા માર્ગને 'પ્રમુખસ્વામી માર્ગ' ઘોષિત કરી સ્વામીશ્રીનું ઋણ માથે ચડાવ્યું.

શહેરીજનોના આવા ઉત્સાહ વચ્ચે તા. ૧૬/૪ની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજતાં રાજુલાના રતન સમું નૂતન મંદિર ચેતનવંતું થઈ ગયું. નગરને આ નજરાણું આપી તેઓ આજની સાંજે શ્રી નાનજીભાઈ સોંડાગરના ઘેરથી વિદાય લઈ આંબરડી અને બાઢડાને ધન્ય કરતાં સાવરકુંડલા પહોંચ્યા.

અત્રે તા. ૧૭/૪ની સવારે મંદિરમાં થયેલા નવા સિંહાસનમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની આરસ-પ્રતિમાઓ પધરાવી સ્વામીશ્રીએ પટેલ વાડીમાં ધર્મલાભ આપ્યો.

આ ધર્મની ધૂણી આજની સાંજે સાડા પાંચ વાગ્યે વીજપડીમાં પ્રગટી.

આ સમયે અહીં યોજાયેલી જાહેર-સભામાં સ્વામીશ્રી બિરાજ્યા, પણ શ્રી વિનુભાઈ નગદિયાના ઘર આગળ બાંધેલા મંડપની રચના એવી હતી કે સૂર્ય મંચની બરાબર સામે જ ઊભો રહી શેરડા છોડી રહેલો. તેનો સીધો તડકો સ્વામીશ્રીનાં ચરણથી ઉદર સુધી ફેલાતો હતો. તેને અળસાવવા સંતો આડશ કરવા ગયા, પણ તે સભામાં બેઠેલા ભાવિકોને દર્શનમાં અવરોધરૂપ બને તેમ લાગતાં સ્વામીશ્રીએ એ ગતિવિધિ રોકી દીધી.

પરંતુ ધીરે ધીરે ઉપર ચઢતો તાપ સ્વામીશ્રીને આશીર્વાદ આપવાની વેળા આવી ત્યારે તો તેઓના મુખકમળને જ પ્રજાળવા લાગ્યો. છતાં વિષમતાઓમાં પણ વિકસવાની ત્રેવડ ધરાવતા સ્વામીશ્રીએ તડકાથી લેશ વિચલિત થયા વિના અડધો કલાક સુધી અમૃતધારા વહાવ્યે રાખી.

આમ, પોતે પ્રતિકૂળતા વેઠી અન્યની સાનુકૂળતા સાચવતા તેઓએ અહીંથી વિદાય લઈ ૬:૨૦ વાગ્યે મોટી વડાળને પાવન કર્યું.

અત્રે ગામની મધ્યમાં બનેલા નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સ્વામીશ્રી રાત્રે પોણા આઠ વાગ્યે ભાદરા(મહુવા) આવ્યા. અહીં તેઓએ શ્રી ગુણવંત દાણી પ્રાથમિક શાળાનું ઉદ્‌ઘાટન કરી રાત્રે ૮:૧૦ વાગ્યે મહુવામાં ચરણ મૂક્યાં.

મોટી મહત્તાના માલિક

મહુવામાં તા. ૧૮/૪ની સવારે પ્રાસાદિક સ્થાનોની યાત્રા કરનારા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા તા. ૧૯/૪ની સવારે કાપડિયા નગરના સંસ્કાર-ધામની મૂર્તિઓનાં પૂજન-પ્રતિષ્ઠા થયાં. ત્યારબાદ આજની રાત્રે શ્રી ગુણવંતભાઈ ગોહેલના ઘેર ભોજન કરવા બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ વંચાતા ગ્રંથમાં પરમહંસોએ વેઠેલાં કષ્ટોની વિગત આવી.

તે સાંભળી એક સંત બોલ્યા : 'મહારાજે બહુ તાવ્યા !'

'એમાં રહ્યા તેને ધન્યવાદ ને ! મહારાજે પોતેય સહન કર્યું ને બીજાનેય કરાવ્યું.' સ્વામીશ્રીએ કહ્યું.

તે સાંભળી શ્રીજીમહારાજને આવેલી ઉપાધિઓનાં પ્રકરણ ખૂલ્યાં. તે સંદર્ભમાં સંતોએ જણાવ્યું : 'મહારાજનેય થયું હશે કે આના કરતાં તો બીજા બ્રહ્માંડમાં ગયા હોત તો સારું હતું !'

'બધાં બ્રહ્માંડમાં આવું જ હોય ને, કારણ કે માયા બધે જ છે, એટલે કજિયા રહે જ !' બ્રહ્માંડોના ભોમિયા સ્વામીશ્રી બોલ્યા.

ત્યારે સંતોએ તેઓને જ પૂછ્યું : 'તમને આ લોકમાં ફાવે છે ?'

'કેમ ન ફાવે ? મહારાજથી લઈ જોગી મહારાજ સુધી બધાને ફાવ્યું ને આપણને કેમ ન ફાવે ? જીવોનું કલ્યાણ કરવું એ અગત્યનું છે ને ! દુનિયાના સુખની વાત નથી.'

'પણ બે પૈસાનો માલ ન હોય તે આપણી નિંદા કરે; આપણે સારું કરીએ ને એ ખોટું કરે, તોય આપણને ખોટા ગણે.'

'એ તો છે જ. એમાં રહીને ભગવાન ભજવા ને ભજાવવા એ મોટી મહત્તા છે ને !' સ્વામીશ્રી બોલ્યા.

ઠંડીમાં ઠીંગરાય નહીં, ગરમીમાં ચીમળાય નહીં, વરસાદમાં કોહવાય નહીં – એ છોડની મહત્તા. ભેજમાં કટાઈ ન જાય, માટીમાં ખવાઈ ન જાય, વાપરતાં ઘસાઈ ન જાય – એમાં ધાતુની મહત્તા. એ જ રીતે નિંદાથી કરમાયા વિના અને સ્તુતિથી હરખાયા વિના સંસારમાં રહી જે સંસારને શોભાવી જાય તે સાધુની મહત્તા. આવી મહત્તાના માલિક હતા સ્વામીશ્રી !

ભક્તિરસમાં થયા લીન ભારે

મહુવામાં ત્રિદિવસીય પારાયણનો લાભ આપી તા. ૨૦/૪ની સાંજે તળાજા પધારેલા સ્વામીશ્રીનું સ્વાગત કરતાં સ્થાનિક નગરપાલિકાએ સ્વામિનારાયણ મંદિરથી ગાયત્રી મંદિર સુધીની સડકને 'પ્રમુખસ્વામી માર્ગ' તરીકે જાહેર કરી. આ સન્માન ઝીલતા સ્વામીશ્રીએ તા. ૨૧/૪ની સવારે સ્થાનિક મંદિરનો પાટોત્સવ ઊજવી, મંદિરની સમીપવર્તી ભૂમિ પર નૂતન સભાગૃહનો ખાતવિધિ પણ કરી આપ્યો.

તે પછી તેઓ તાલધ્વજ ડુંગરની તળેટીમાં વસેલા નારાયણેશ્વર મહાદેવનાં દર્શને નીકળ્યા.

શ્રીજીના આ પ્રાસાદિક સ્થાને પહોંચવા વાંકાં-ચૂંકાં, ઊંચાં-નીચાં, તૂટલાં-ફૂટલાં ૪૯ પગથિયાં ચઢવાં પડે એમ હતાં. વળી, પ્રખર તાપને લીધે તે દાદરા પગમાં લાય બળે એવા તપી ગયેલા. તેથી સ્વામીશ્રીને તો સેવકોએ હાથ પર ઊંચકી લીધા, પણ આટલું ચઢાણ ચઢતાં સશક્ત સેવકોનાય મોઢાં લાલ થઈ ગયાં. આવી ગરમીમાં નીલકંઠવર્ણીની બેઠકે ઊભેલા ઓટાની પાંચ પ્રદક્ષિણા

ફરી સ્વામીશ્રીએ અહીં જડેલો લેખ પણ વંચાવ્યો.

ત્યારબાદ તેઓ અત્રે વસેલાં અન્ય દેવસ્થાનોએ વંદન કરતાં ૪૯ પગથિયાં પગે ચાલીને નીચે ઊતર્યા ત્યારે તેઓના શરીરે પરસેવો નીતરી રહ્યો. સ્વામીશ્રીના રોમ-રોમમાંથી ફૂટેલી એ ગંગા *'ભક્તિરસમાં થયા લીન ભારે...'*ની તેઓની ઓળખ આપી રહી.

આ ભક્તિભાવ સાથે તેઓ આજની સાંજે લીલીવાવ થઈને ખંઢેરા પહોંચ્યા.

અત્રે તેઓએ અગ્રણી ડૉ. મહિપતસિંહ સરવૈયાએ બાંધેલા ત્રિશિખરીય મંદિરના મધ્ય ખંડમાં બિરાજમાન અક્ષર-પુરુષોત્તમ મહારાજની પુનઃ પ્રતિષ્ઠા કરી. તેથી સૌ હરખાયા, પણ આ પધરામણી અને પ્રતિષ્ઠાનો અદકેરો આનંદ તો ગામવાસી શ્રી યાકુબઅલી પંજવાણીના દિલમાં વ્યાપી વળ્યો.

આ ભક્તે સ્વામીશ્રીને અહીં આવવાની વિનંતી કરતી ૩૮ ટપાલો સમયાંતરે લખેલી. તે દરેક વખતે સ્વામીશ્રી 'અમે આવી જઈશું' કહી ધરપત આપતા. એ ક્ષણ આજે આવતાં આ બિરાદરની સ્થિતિ તો *'આવ્યાં હર્ષનાં આંખ્યમાં આંસુ, જાણ્યું આવી મંડાણું ચોમાસું...'* જેવી બની રહી.

આવો જ અનુભવ અહીંથી વિદાય થયેલા સ્વામીશ્રી નાગધણીંબાને ધન્ય કરતાં ભાવનગર પહોંચ્યા ત્યારે અત્રે શ્રી અલ્તાફ પણ કરી રહ્યા. તા. ૨૨/૪ની સવારે આ મુસ્લિમ મુરબ્બીનો હાથ પકડી સ્વામીશ્રીએ આત્મીયતાથી પૂછ્યું : 'અલ્તાફ ! તું ક્યાં છે ? તને હું તળાજામાં યાદ કરતો હતો. મેં બે વખત પૂછ્યું કે અલ્તાફ ક્યાં છે ?'

આ પ્રેમસભર પૂછપરછથી એ બંદાની આંખોમાં પણ ચોમાસું આવી વસ્યું. એક-એક ગામ અને તે-તે ગામના એકેએક ભક્ત-ભાવિક સાથે સ્વામીશ્રીનો નેહભર્યો નાતો અમાપ હતો.

ભણતરનો મર્મ

તા. ૨૩/૪ની સવારે ભાવનગરમાં સર્જાયેલી પ્રતિષ્ઠાની ત્રિવેણીમાં સ્વામીશ્રીના વરદહસ્તે કુંઢડા, જસપરા(માંડવા) અને પીપળિયાનાં મંદિરોની મૂર્તિમાં પ્રાણ પુરાયા. તેની સાથે જ સ્વામીશ્રીએ અહીં અદ્યતન છાત્રાલયનો શિલાન્યાસ પણ કર્યો.

વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં આ વિધિ સંપન્ન કરી તેઓ

પોતાની મોટરમાં બેસવા ન જતાં દૂર ઊભેલી અન્ય એક ગાડી તરફ વળ્યા. આટલી ભીડમાંય તેઓની આંખે એ વાહનમાં બેઠેલા લકવાગ્રસ્ત હરિભક્ત શ્રી વનમાળીભાઈને જોઈ લીધેલા. તેથી એ સત્સંગીની ખબર-અંતર પૂછવા દોડી ગયેલા સ્વામીશ્રીએ નાડાછડી માંગતાં કો'કે તે સ્વામીશ્રી સુધી લંબાવી, પરંતુ સરતચૂકથી બે નાડાછડી આવી ગઈ. તેને છૂટી ન પાડતાં સ્વામીશ્રી એકસાથે બે નાડાછડી બાંધતાં બોલ્યા : 'ડબલ છે, માટે ડબલ દોરે કામ થશે.'

આ સમયે વનમાળીભાઈ મંદિરની સેવામાં સમર્પિત કરવા લઈ આવેલો ચૅક સ્વામીશ્રીને આપવા ગયા, પણ તેઓને અટકાવતાં સ્વામીશ્રીએ સંતો પાસે ઠાકોરજીની પટપ્રતિમા મંગાવી અને તેઓનાં ચરણે જ ચૅક મુકાવ્યો.

આવા ભક્તિપરાયણ તેઓ સમક્ષ તા. ૨૬/૪ની સવારે કાર્યકરોનો પરિચય આપતાં અગ્રેસર શ્રી વલ્લભભાઈ ગોટી બોલ્યા : 'બાપા ! અમારા બધા કાર્યકર્તા ઓછું ભણેલા છે. એસ.એસ.સી. સુધી તો કોઈ પહોંચ્યા જ નથી.'

'ભલે ઓછું ભણ્યા, પણ ભગવાન સ્વામિનારાયણને ઓળખવામાં, આત્મા-પરમાત્માના જ્ઞાનમાં ભણેલા છો. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને ઓળખ્યા એટલે ભણેલા જ છો. શ્રીજીમહારાજ સર્વોપરી, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરમૂર્તિ અને જોગી મહારાજ મોક્ષનું દ્વાર – આ સમજણ દૃઢ થઈ એટલે બધું ભણતર આવી ગયું ! એમાં ફેર ન પડવો જોઈએ.'

સ્વામીશ્રીએ આ સમજ આપી તોય ટેવવશ પેલા અગ્રેસર બોલ્યા : 'આવી રીતે કાર્યકરો ભલે અભણ, તોય કાર્ય સારું કરે છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ પુનઃ ઉચ્ચાર્યું : ''હવે તમે 'અભણ છે... અભણ છે...' એવું કહેશો નહીં. જે ભણવાનું છે એ આપણે ભણી લીધું. અભણે ભગવાન અને સંત ઓળખ્યા એમાં બધું જ આવી ગયું !''

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'આત્યંતિક જ્ઞાન તો આ સાધુને ઓળખ્યા એ જ છે.'[૪] આ જ સૂર આજે સ્વામીશ્રીની વાતોમાં પણ સંભળાઈ રહ્યો.

સ્વામીશ્રીના સ્પેશિયલ

તા. ૨૮/૪ની સવારે ભાવનગરના જૂના મંદિર, ગુરુકુળ, લાતી બજારનાં હરિમંદિર વગેરે સ્થળે દર્શન કરી સ્વામીશ્રી આજની રાત્રે ભોજન લેવા બિરાજ્યા ત્યારે મંદિરના નિર્માણકાર્યમાં તનતોડ સેવા કરનારા ભક્તો

૪. સ્વામીની વાતો : ૫/૭.

સામે બેઠા હતા. તેઓની સેવાકીય વિગતો જાણી જમતાં જમતાં સ્વામીશ્રી બોલવા લાગ્યા: 'પાયાનો પથ્થર બની ગયા. એક ગામમાં વૈષ્ણવોની હવેલી બંધાતી હતી. એક માણસ પથરો નાંખી વયો (નીકળી) ગયો. ભગવાન વિષ્ણુ તેને અંતકાળે તેડવા આવ્યા. કારણ, મારા મંદિરના પાયામાં એણે પથરો નાંખ્યો છે. આમ, જાણે-અજાણે, મને-કમને નાંખ્યું હોય તોય તેનું કલ્યાણ થયું, જ્યારે તમે તો મહિમાથી નાંખ્યા છે, એટલે તમારી તો ઇકોતેર પેઢી તરી જશે.'

આવી મોજનાં મોજાંમાં ભાવનગરને તરબોળ કરી રહેલા સ્વામીશ્રી આ વખતે અક્ષરવાડીના આંગણે જ રોકાયેલા. અત્રે તેઓ ઉતારા બહાર ઊભેલા એક વડલા પર જતાં-આવતાં દૃષ્ટિ કરી કહેતા: 'બાંધકામ થાય એમાં આ વડલાને સાચવી રાખજો, પાડતા નહીં. બહુ સારો છે.'

એક ઠેકાણે આસન જમાવી બેસી ગયેલા કોઈ જટાધારી સિદ્ધ પર પ્રભુકૃપા ઊતરે તેમ વડવાઈરૂપી જટા રાખી એક ઠેકાણે વર્ષોથી ખોડાઈ રહેલું આ વટવૃક્ષ આજે સ્વામીશ્રીની અમીદૃષ્ટિનું અધિકારી બની ગયું. તે જોઈ સંતોને પણ ઉરમાં ઊર્મિઓ જાગી કે 'એકાદ વાર સ્વામીશ્રી આ વડલા નીચે ઓટલા પર બિરાજે.'

આ સંકલ્પ પૂરો કરવા સ્વામીશ્રી તા. ૨૯/૪ની પ્રાતઃપૂજા બાદ એ વડલા નીચે પહોંચ્યા. અહીં બિછાવેલા આસન પર બિરાજેલા તેઓએ બાજુમાં ઠાકોરજી રખાવ્યા અને સ્થાનિક સંતોને આસપાસ બેસાડી ફોટો પડાવ્યો. તે દ્વારા તેઓએ સૌને વડલા જેવી જ ઘેઘૂર સ્મૃતિ આપી દીધી!

આ જ રીતે સ્વામીશ્રીએ અન્ય મંદિરોમાંથી આવેલા સંતો સાથે પણ છબી લેવડાવી. ત્યારબાદ સૌની વિનંતીથી પોતાના ખોળામાં ઠાકોરજી લઈ એકલા બિરાજેલા સ્વામીશ્રી વડલા સામું જોઈ બોલ્યા: 'સ્થાન સારું છે. ધ્યાન-ભજન કરવાનું મન થાય એવું છે.'

'તો કરો જોઈએ.' સંતોએ તક જોઈ તીર તાક્યું.

આ મનોકામના પણ પૂરી કરતા સ્વામીશ્રી ધ્યાનસ્થ મુદ્રામાં બિરાજ્યા. તે વખતે તેઓ લોજની વાવે વડલા હેઠે બિરાજેલા તપસ્વી નીલકંઠ જેવા જ શોભી રહ્યા.

આ સમયે તેઓએ પોતાની બાજુમાં બિરાજેલા હરિકૃષ્ણ મહારાજને દર્શાવી બ્રહ્મસેવાદાસ સ્વામીને કહ્યું: 'સ્પેશિયલ વસ્તુ જોડે રાખવી જોઈએ. જો, અમારે સ્પેશિયલ આ ઠાકોરજી છે તો તેમને ભેગા રાખીએ છીએ.'

શ્રીજીમહારાજ સાથેનો સ્વામીશ્રીનો શાશ્વત સંબંધ અનાયાસે ઉદ્‌ઘાટિત થઈ ગયો.

ગોષ્ઠીની ગમ

તા. ૨૯/૪ના રોજ ભાવનગરથી વિદાય લઈ રાજકોટ પધારેલા સ્વામીશ્રી અહીં તા. ૩૦/૪ની સવારે સવા દસ વાગ્યે હેમુ ગઢવી હૉલમાં પહોંચ્યા. અત્રે રાજકોટની ચેમ્બર ઑફ કૉમર્સ દ્વારા યોજાયેલા સમારંભમાં પ્રસિદ્ધ ઉદ્યોગપતિઓ, શ્રેષ્ઠીઓ, વ્યાવસાયિકોએ સ્થાન લીધેલું. તે સૌના વ્યવહારમાં સ્વામીશ્રીએ અધ્યાત્મનું ભાથું ભરી આપ્યું. તેને આરોગી આ સંગઠનના એક અગ્રણી શ્રી રમેશભાઈ પટેલ તો એટલા પુષ્ટ થઈ ગયા કે તેઓએ સભા બાદ સ્વામીશ્રી પાસે આવી જીભ કચરી : ‘આજે મને આપના આશીર્વચનમાંથી પ્રેરણા મળી છે. હું આપની પાસે તમાકુનું વ્યસન મૂકું છું.’

આ સાંભળી રાજી થયેલા સ્વામીશ્રી તેઓના વાંસામાં ધબ્બો મારતાં બોલ્યા : ‘વાહ ! અમારું અહીં આવવું અને આ સમારંભ સાર્થક થઈ ગયાં.’

સ્વામીશ્રીના મતે સમારંભોની સાર્થકતા પોતાની પ્રસિદ્ધિના પાવા વાગે તેમાં નહીં, પણ જીવ પરિવર્તન પામે તેમાં રહેલી.

આવી સભાઓના લઘુસ્વરૂપ સમી સત્સંગ-ગોષ્ઠી અંગે પણ તેઓએ આજે મંદિરે આવી અભિપ્રાય પ્રગટ કર્યો કે ‘સ્વભાવ ટળે, વાસના ટળે, દોષો ટળે એવી વાતો થાય એનું નામ ગોષ્ઠી. મહિમાની વાતો થાય, શાસ્ત્રને આધારે વાતો થાય એ ગોષ્ઠી. અભાવ-અવગુણની વાતો થાય એ ગોષ્ઠી નહીં.’

ગુનેગારો ઊભા કરવાની ફેક્ટરી

તા. ૩૦/૪ની સાયંસભામાં ‘ટી.વી. : જીવનનું પોષક કે ભક્ષક ?’ વિષયક ચર્ચા પ્રસ્તુત કરતાં કિશોરોએ સ્વમત-મંડન અને પરમત-ખંડનનાં દૃષ્ટાંતો, દાખલાઓ તથા દલીલોને અતિ અસરકારક રીતે રજૂ કર્યાં. આ અંગે શહેરના પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવે પણ પોલીસ દફતરમાં નોંધાયેલા ગુનાઓમાં ટી.વી.ના પ્રભાવની કેટલીક વરવી વાસ્તવિકતાઓ જણાવી. તેના અંતે સ્વામીશ્રીએ જેમ છે તેમ ચિત્ર સ્પષ્ટ કરતી અમૃતધારા વહાવી સભાનું સમાપન કર્યું.

આ સમયે તેઓની વિદાય લેવા પોલીસ કમિશનર આવતાં સ્વામીશ્રીએ

તેઓના માર્ગદર્શનની સરાહના કરી કહ્યું: 'સાહેબ! ટી.વી. એ ગુનેગારો ઊભા કરવાની ફેક્ટરી છે. ઝાઝા ગુનેગારો આમાંથી જ ઊભા થાય છે.'

સમાજરૂપી શરીરની પ્રત્યેક નાડીનું શોધન કરીને આવેલું સ્વામીશ્રીનું આ નિદાન જેટલું ચોંકાવનારું છે, એટલું જ ચોક્કસ પણ છે.

આ રીતે અગમચેતીની સાયરન વગાડતા તેઓ પાસે તા. ૧/પની સવારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રો-વાઈસ ચાન્સેલર ડૉ. મહેશચંદ્ર યાજ્ઞિક આવી પહોંચ્યા. વિશ્વવિદ્યાલયમાં કાર્યરત વિવિધ ૨૨ વિભાગોના અધ્યક્ષો સાથે ઉપસ્થિત થયેલા તેઓએ યુનિવર્સિટીએ સાધેલી જ્વલંત પ્રગતિનો અહેવાલ આપી છેલ્લે જણાવ્યું કે 'મને પ્રેરણા પ્રમુખસ્વામીજીમાંથી મળી છે. હું વિદ્યાનગર હતો ત્યારે 'સ્વામિનારાયણ પ્રકાશ' નિયમિત વાંચતો. તેમાં સ્વામીજીની ભાવનાઓ આલેખાય છે. તેમાંથી પ્રેરણા મળી કે સમાજસેવા કઈ રીતે કરવી.'

આમ, પ્રાધ્યાપકોના પણ પ્રાધ્યાપક પુરવાર થતા સ્વામીશ્રી આજની સાંજે રાજશૃંગાર પાર્ટી પ્લોટમાં ધર્મલાભ આપી તા. ૪/પની સાંજે હેમુ ગઢવી હૉલમાં પધાર્યા. અત્રે તેઓને ખીચોખીચ મેદની વચ્ચે શહેરના ૫૪ પ્રતિષ્ઠિતો દ્વારા સન્માનપત્ર આપી બિરદાવવામાં આવ્યા. રાજકીય, સામાજિક, ઔદ્યોગિક વગેરે વિવિધ ક્ષેત્રોના આ શ્રેષ્ઠીમંડળનો આદર ઝીલી સ્વામીશ્રી તા. ૬/પની સવારે ડાંગરા થઈને ભાદરા પધાર્યા.

અહીં મંદિરમાં દર્શન અને સભામાં કથા વગેરે કાર્યક્રમ પૂર્ણ કરી નિજનિવાસ તરફ વળેલા તેઓએ પોતાના ઓરડામાં ચરણ મૂકતાં પહેલાં પૂછ્યું: 'ઠાકોરજી અંદર પધરાવ્યા?'

જાન્યુઆરી માસમાં ભડકેલી એક આકસ્મિક આગમાં આ ઓરડાનું તમામ રાચરચીલું ભસ્મીભૂત થઈ ગયેલું. ત્યારબાદ નવેસરથી તૈયાર થયેલા આ ઓરડામાં સ્વામીશ્રી પહેલી વાર પ્રવેશી રહેલા. તેથી તેઓના હોઠે પ્રશ્ન ફૂટેલો કે 'ઠાકોરજી અંદર પધરાવ્યા?'

પરંતુ આ વિગત સૌનાં મનમાંથી છટકી ગયેલી, કારણ કે ઓરડો તો એનો એ જ હતો ને! પણ સ્વામીશ્રીનું તો ગણિત જ જુદું. તેથી તેઓએ એ ઓરડામાં પગ ન મૂક્યો. આ સમયે ઠાકોરજી થાળ આરોગવા બિરાજી ગયા હોવાથી બાજુમાં આવેલી એક નાની ઓરડીમાં બેઠેલા સ્વામીશ્રીએ પોતાના ઓરડામાં પ્રવેશ તો ત્યારે જ કર્યો કે જ્યારે ઠાકોરજી તેઓના પલંગ પર બિરાજ્યા.

આવા પ્રભુપ્રેમી સ્વામીશ્રી ઓરડાની સાથે સૌનાં અંતરમાં પણ પ્રવેશી ગયા.

હેલા તો બહુ ખાધા છે

તા. ૭/૫ની સવારે ભાદરાના મંદિરનો ૩૪મો પાટોત્સવ ઊજવી તા. ૯/૫ની સાંજે જૂનાગઢ પધારેલા સ્વામીશ્રીનો સન્માન સમારંભ અહીં તા. ૧૧/૫ની સાંજે યોજાયો. મંદિરના સભાગૃહમાં જ મહાનગરપાલિકા વતી આયોજિત આ સમારોહમાં જવા નીકળેલા સ્વામીશ્રીએ સમયસર પહોંચવાના હેતુથી ગાડીચાલકને સૂચના આપી કે 'ઉતાવળે ચલાવ.'

ત્યારે એ યુવાને કહ્યું : 'બાપા ! રસ્તો ઊબડખાબડ છે એટલે ઉતાવળે ચલાવવાથી આપને હેલા આવશે.'

'એમાં શું ? હેલા તો બહુ ખાધા છે. હેલા ખાઈ ખાઈને તો મોટા થયા છીએ.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ શબ્દોમાં તેઓએ ખેડેલા જીવનપથનું બયાન હતું. ખરાબ અને ખડકાળ રસ્તે પણ સમતોલ રહીને સિદ્ધિના શિખરે પહોંચેલા સ્વામીશ્રીને આજે નગરના શ્રેષ્ઠીઓએ વધાવી ગૌરવ અનુભવ્યું.

શહેરવાસીઓનું આ બહુમાન સ્વીકારતા સ્વામીશ્રી તા. ૧૫/૫ની સવારે જૂનાગઢથી વિદાય લઈ જેતપુર પધાર્યા.

અત્રે સંસ્થાને ભેટમાં મળેલી પાંચ વીઘા જમીનને પુષ્પો વેરી પ્રસાદીભૂત કરતાં તેઓએ જૂના મંદિરમાં દર્શનલાભ લીધો. ત્યારબાદ જેતપુરમાં જ શ્રી કેશુભાઈ રૂપાપરાના ઘેર બપોરનાં ભોજન-વિશ્રામ લેનારા સ્વામીશ્રી સાંજે નવી જમીન પર યોજાયેલી સભામાં લાભ આપી રાત્રે ગોંડલ પધાર્યા.

અત્રે દસ વાગ્યે તેઓને નીલકંઠવર્ણીની આઇ-મેક્સ ફિલ્મ સંબંધી જવાબદારી સંભાળતા કાર્યકરો મળ્યા. તેઓ સાથે શરૂ થયેલા વાર્તાલાપમાં અક્ષરધામના નિર્વિઘ્ન નિર્માણ માટે સ્વામીશ્રીએ સૌ સંતો-ભક્તોને બે માળા અધિક કરવા જણાવેલું તે વિગતનો ઉલ્લેખ થયો. આ સાંભળી પોતાના જમણા હાથનો પંજો બતાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'સંતોને બે માળા થતી ને મારે દરરોજ છ (માળા) થતી.'

આ સાંભળી સૌ ચકિત થઈ ગયા. સ્વામીશ્રી જે કહેતા, એથી અધિક વર્તતા.

સબળ અને કોમળ

તા. ૨૦/૫ની સવારે અલ્પાહાર લઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ વંચાતા એક અખબારી લેખમાં સત્સંગી યુવાન શ્રી ક્રિપાલસિંહ રાણાનો ઉલ્લેખ થયો. બારમા ધોરણના વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં પાંચમા ક્રમાંકે ઉત્તીર્ણ થયેલા આ યુવકે પોતાની સફળતાનો યશ સ્વામીશ્રીની પ્રેરણાને આપેલો.

આ સમાચારનું વાંચન પૂરું થતાં સ્વામીશ્રીએ સામે બેઠેલા સ્થાનિક ગુરુકુળના સંચાલક નિર્ભયજીવનદાસ સ્વામીને પૂછ્યું : 'તમારા ગુરુકુળમાંથી કોણ આવ્યું ?'

'આપણે તો હજી આ વર્ષે ધો. ૧૧, ૧૨ની માન્યતા મળી છે, એટલે હવે વિદ્યાર્થીઓ ધો. ૧૨ની પરીક્ષામાં બેસશે.'

આ ખુલાસો સાંભળી જમતાં જમતાં પણ જમણા હાથની મુઠ્ઠી વાળી તેને ઊંચી કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'તમે બધા મંડો. અહીંથી સીધો જ (બૉર્ડમાં નંબર) આવે એવું કરો.'

સ્વામીશ્રીએ રોપી આપેલા આ નિશાને સંચાલકોમાં શક્તિ અને વિશ્વાસનો એવો સંચાર કર્યો કે સમયાંતરે ગોંડલના ગુરુકુળમાં ભણનારા ઘણા વિદ્યાર્થીઓ ગુજરાત બૉર્ડના એકથી દસ ક્રમાંકમાં સ્થાન પામ્યા. જેઓના સહજ શબ્દોથી પણ વ્યક્તિત્વ-વિકાસના નવતર નકશા અંકાઈ જાય એવા સબળ સુકાની હતા સ્વામીશ્રી !

પરંતુ વિશેષતા એ કે તેઓ જેટલા સબળ એટલા જ કોમળ. તેનો મૃદુ સ્પર્શ તા. ૨૨/૫ની સવારને અનુભવાયો.

આ સમયે યોગી સ્મૃતિમંદિરે દર્શન કરી ગોલ્ફ કાર્ટમાં બેસી રહેલા સ્વામીશ્રીએ નજીકમાં ઊભેલા બે શિશુઓને જોયા. તે બંનેને માથે હાથ મૂકી આશીર્વાદ આપતાં તેઓએ પૂછ્યું : 'કોણ છે આ ?'

'આ ડૉ. ગિરધરભાઈ પોકળનો દીકરો વંદન છે. તે આબુમાં ભણે છે. આજે બાળદિન નિમિત્તે અતિથિવિશેષ તરીકે આવ્યો છે.'

મંદિરના સેવક શ્રી નારાયણભાઈ ગોંસાઈએ આપેલો આ ગમ્મતસભર પરિચય સાંભળી સ્વામીશ્રીએ સ્મિત વેર્યું, પણ પછી બાજુમાં ઊભેલા સંતને જણાવ્યું : 'બેયને પ્રસાદ આપો. એક-એક ફૂલ આપો. અતિથિવિશેષ છે !'

સ્વામીશ્રીનાં આ કદર અને કરુણા એ બે બાળકો કેવી રીતે ભૂલી શકશે? પાંચ વર્ષના શિશુઓનો ૮૨ વર્ષના ધર્મગુરુ દ્વારા થયેલો આ માનવંતો સત્કાર એ સ્વામીશ્રીના સૌજન્યની સાથોસાથ સંતતિઉછેરના શિક્ષણનું પણ એક ઉજ્જવળ પૃષ્ઠ છે.

ધર્મના બંધનવાળું જીવન આપણો ઉત્કર્ષ કરે છે

તા. ૨૨/૫ની સાંજે બાળ-કિશોરદિનની ખાસ સભામાં પધારેલા સ્વામીશ્રીએ આશીર્વાદના પ્રારંભમાં જયનાદ બાદ પોતાની પાસે પડેલો એક પત્ર ઉઠાવ્યો. તેમાં બારમા ધોરણમાં નાપાસ થયેલા કો'ક વિદ્યાર્થીએ પોતાની નિષ્ફળતાનાં ચૌદ કારણો લખી જણાવેલાં. અંતે સ્વામીશ્રી પાસેથી માફી અને માર્ગદર્શન માંગતાં એ છાત્રે લખેલું: *'બીજા કોઈ ઉપર વિશ્વાસ કરતાં મને તમારા ઉપર વધુ વિશ્વાસ છે. તમે મારું જરૂર કંઈ કરી શકો તેમ છો.'*

આ પત્રને હાથમાં લેતાં સ્વામીશ્રી બોલ્યા: 'હમણાં એક છોકરાનો કાગળ આવ્યો છે. હું તમને વાંચીને જરા વાત કરું. છોકરો લખે છે...' કહી સ્વામીશ્રી એ કિશોરે લખેલા રખડપટ્ટી, વિજાતીય મૈત્રી, કુસંગ, ઝઘડાખોરી, આળસ, ઊંઘણશી સ્વભાવ, લાસરિયાપણું, ટી.વી., ક્રિકેટ, ફિલ્મી ગીતો, અનિયમિતતા વગેરે એક-એક મુદ્દા વાંચતા ગયા અને તેની છણાવટ કરતા ગયા. છેલ્લે તેઓએ કહ્યું: 'આ ભાઈની વાત આવી છે. આનાથી બચવું હોય તો આ સત્સંગ તમને મળ્યો છે. અહીં છોકરા પાસેથી કોઈ ફી લેતા નથી, પણ છોકરા સુધરે એ એક મોટું કામ છે. માટે બાળકોને બાળ મંડળમાં મોકલતા રહેજો, તો સારું થશે. બાળકોએ પણ ખટકો રાખીને અભ્યાસ કરી લેવો, મા-બાપની આજ્ઞા પાળવી, ભગવાનની આજ્ઞા પાળવી.'

આ જ રીતે તા. ૨૩/૫થી શરૂ થયેલી આંતર છાત્રાલય શિબિરમાં પણ જાગૃતિનો શંખનાદ ગજાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

'ધર્મના બંધનવાળું જીવન છે એ આપણો ઉત્કર્ષ કરે છે. વિકાસની સાથે મોક્ષ પણ થાય. આપ તો બધા ભાગ્યશાળી છો કે આપણા છાત્રાલયની અંદર ભણવાનો લાભ મળે છે. જોગી મહારાજના આશીર્વાદ છે કે આમાં જે ભણશે તેને સુખ થશે અને તેનો મોક્ષ પણ થશે. પણ એ આશિષ ક્યારે ફળે? જો એમના નિયમ પળાય તો! ભલે તમે સાધુ ન થાવ પણ અંતરથી તો સાધુ થવાનું જ છે. ભગવાં લૂગડાં ન પહેરીએ પણ સિદ્ધાંતો બધા અપનાવો તો સાધુ

જ છો. આપણે એટલા શૂરવીર થઈએ કે સો(કુસંગી)ને પાછા પાડીએ.'

આ રીતે સતત ત્રણ દિવસ સુધી સ્વામીશ્રી યુવાનોને અમૃતરસ પિવડાવતા રહ્યા. તે દરમ્યાન તેઓએ તા. ૨૪/૫ની સાંજે મંદિરની વાડીમાં પધારી ગોળ-ઉત્સવની પણ મીઠી સ્મૃતિ સંતો-ભક્તોને આપી દીધી.

સ્વામીની સેનામાં સાતસો સંતો

તા. ૨૭/૫ની સવારથી ગોંડલના મંદિરમાં અત્ર, તત્ર, સર્વત્ર ૭૦૦ના અંકનું પ્રાધાન્ય પ્રવર્તી રહેલું. આ દિવસે યોગી સ્મૃતિમંદિરે ગોંડલના મહિલા મંડળે ૭૦૦ વાનગીઓનો અન્નકૂટ પૂરેલો, તો યોગીજી મહારાજના પ્રાસાદિક ઓરડે પાટ પર સંસ્થાના ૭૦૦ સંતોની નામાવલિના કાગળ પથરાયેલા. સ્વામીશ્રીના નિવાસની પરસાળમાં મૂકેલી મનવાર પર પણ વસ્ત્રનિર્મિત ૭૦૦ ગુલાબ ગૂંથાયેલાં. તે પ્રત્યેકની પાંખડીઓ સંત-પાર્ષદોનાં નામથી અંકિત હતી.

આમ, મંદિરમાં હિલોળતા સેંકડો સંતો અને દસેક હજાર હરિભક્તોની આંખે વારંવાર ચઢતો આ ૭૦૦નો આંક આજે કેવળ ગાણિતિક સંખ્યા નહોતો રહ્યો, પરંતુ તે યોગીજી મહારાજ અને સ્વામીશ્રીના અપરિમિત ઐશ્વર્યનું એક સીમાચિહ્‌ન પણ બની રહેલો. 'પ્રમુખસ્વામી દ્વારા સાતસો સાધુ થશે' – યોગીજી મહારાજે ઉચ્ચારેલી આ આર્ષવાણી આજે સાકાર સ્વરૂપ પકડવાની હતી. તેના સાક્ષી બનવા ઉપરતળે થઈ રહેલા સૌના થનગનાટ વચ્ચે સ્વામીશ્રી આજની સવારે યોગી સ્મૃતિમંદિરે પધાર્યા.

અહીં યોગીજી મહારાજની સાથે અન્નકૂટની આરતી ઉતારી પ્રદક્ષિણા ફરવા લાગેલા તેઓએ યોગીજી મહારાજનું ગુણાષ્ટક ગાવા સંતોને ઈશારો કર્યો. આ સ્તોત્ર વિરમતાં જ સ્વામીશ્રી યોગીજી મહારાજની મૂર્તિ સમક્ષ ઊભા રહી ગયા અને ગુરુચરણે તેઓના હૃદયની ભાવનાઓ વહી છૂટી કે –

'સાતસો સાધુનો યોગીજી મહારાજનો સંકલ્પ હતો તે આજે પૂરો થાય છે. એમના પ્રતાપે ને એમના આશીર્વાદથી આ બધું કામ થયું છે.

જે ૭૦૦ સાધુ થયા છે એ બધા એકાંતિક ધર્મ સિદ્ધ કરે, સાધુતાના ગુણે સંપન્ન બને, ભગવાનની આજ્ઞા-ઉપાસના ને નિયમ-ધર્મની પણ દૃઢતા થાય, દેશ-વિદેશમાં જ્યાં ફરે ત્યાં સાધુતા રાખીને સત્સંગ વધારવાનું કાર્ય થાય, એવું બળ સર્વેને રહે. દરેકમાં સુહૃદભાવ રહે, એકબીજાનો મહિમા સમજાય, કોઈનો અભાવ-અવગુણ ન આવે, તેની વાત પણ ન થાય. એમાં

આપણે બધાય દૃઢ રહીએ.

દરેક મંદિરની અંદર કથા-વાર્તા, કીર્તન-ભજન, નિયમ-ચેષ્ટા, દર્શનની જે યોગીજી મહારાજની જૂનાગઢની રીત હતી તે આપણે બધાએ સાચવવાની છે. નાના-મોટા બધાએ આ વસ્તુ ધ્યાનમાં લેવી.

જે જે ક્રિયાઓ કરીએ એમાં કોઈ જાતનું અહં ન આવે. 'ભગવાને જ કર્યું છે, સ્વામીએ જ કર્યું છે, મેં કંઈ કર્યું નથી' એ આપણા જીવનમાં દૃઢ રહે. એમના સ્વરૂપને સમજવામાં કોઈ પણ પ્રકારનો દોષ ન આવે. એમાં દિવ્યભાવ, દિવ્યભાવ ને દિવ્યભાવ. આપણા જીવનની અંદર જ્યાં જઈએ ત્યાં એમનું પ્રધાનપણું, એમની વાત અને એ અણસાર આવી જવો જોઈએ. જોગી મહારાજને અખંડ મહિમા ને મહિમાની જ વાત. સર્વોપરીપણાની જ વાત. દરેકમાં નિર્દોષબુદ્ધિની જ વાત. એમની રુચિ, અભિપ્રાય આ છે.

આજે આપણે સાતસો સાધુ થયા છે. હજુ એમનો સંકલ્પ છે એટલે થશે, પણ આપણે જે થયા છે એને તો એક દૃઢ રાખવું કે આપણા પછીનાને પણ યોગીજી મહારાજની જે રુચિ છે, રીત છે, પ્રથા છે એ સચવાઈ જવી જોઈએ. આપણામાં જરાય રજોગુણ ન હોવો જોઈએ. સાદાઈ કપડાંમાં, ખાવામાં, પીવામાં, હરવા-ફરવામાં. આપણે એ રીતથી ચાલવું છે.'

ગુરુના સંકલ્પે થયેલા ૭૦૦ સાધુ વતી પ્રાર્થના કરતા હોય તેમ સ્વામીશ્રી એકધારું બોલી રહ્યા.

ત્યારબાદ નિત્યક્રમથી પરવારી યોગી જયંતીના સભામંચ પર પધારેલા તેઓ અહીં પ્રથમ પોતાના આસનની બાજુમાં બિરાજેલી યોગીજી મહારાજની મૂર્તિ પાસે પહોંચી ગયા. જેવા તેઓ ત્યાં જઈને ઊભા તે સાથે જ યાંત્રિક કળને કારણે એ મૂર્તિ યોગીજી મહારાજની યાદ અપાવે તેમ ડોલવા માંડી. તે જોઈ રાજી થઈ ગયેલા સ્વામીશ્રી પણ બે હાથ સહેજ પહોળા કરી ડોલવા લાગ્યા. *'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે...'*નું આ દૃશ્ય જોઈ સભાયે ડોલી ગઈ.

આ બ્રહ્માનંદની છોળ્યો વચ્ચે જ શરૂ થયો – ઐતિહાસિક દીક્ષા સમારંભ. તેમાં સ્વામીશ્રીએ નવ પાર્ષદોને ભાગવતી દીક્ષા અને ત્રેવીસ નવયુવાનોને પાર્ષદી દીક્ષા આપતાં સ્વામીની સેનામાં ૭૦૩ સંતોની સંખ્યા થઈ રહી. સ્વામીશ્રીના આ દિગ્વિજયને સંતો-ભક્તોએ ગગનભેદી હર્ષનાદથી વધાવી લીધો. જે અક્ષર દેરીમાં યોગીજી મહારાજ 'સાધુ વધો... સાધુ વધો...'ની ધૂન ગજાવતા, એ જ અક્ષર દેરીનું આંગણું આ સંકલ્પસિદ્ધિ જોઈ

જયજયકારથી ગાજી રહ્યું. આ સ્વર્ણિમ ઇતિહાસનો ભાગ બનેલા નવદીક્ષિતો તો સ્વામીશ્રીને વધાવતાં નર્તન કરવા લાગ્યા. તેઓની સંગતમાં હરિભક્તોએ પણ કીર્તનોના તાલે મન મૂકીને મુજરા કર્યા.

આજે અક્ષરધામમાંય આનંદ છે

યોગીજી મહારાજે કરેલા સાતસો સાધુના સંકલ્પની સિદ્ધિનો આનંદ સ્વામીશ્રીના રોમ-રોમમાં છલકાતો હતો. તે તેઓની અમૃતધારામાં પણ ઊછળી રહ્યો કે –

"યોગીજી મહારાજનો કેવો બળિયો સંકલ્પ હતો! એથી આ કાર્ય આપણે પૂરું કરી શક્યા છીએ. એમાં સદ્‌ગુરુ સંતોનો પણ ખૂબ પ્રયત્ન છે. સાથે હરિભક્તોનો પણ એટલો જ સહકાર મળ્યો. તેઓ પોતાના ભણેલા-ગણેલા, તાવ-તરિયો નીકળી ગયેલા એકના એક દીકરા કૃષ્ણાર્પણ કરે તે પણ એક મોટામાં મોટી સેવા છે. કાળજું આપવા જેવી વાત છે. બાપને તો હજીયે થોડું-ઘણું હોય, પણ માને તો એ છૂટે જ નહીં, પણ તે બધાં અહીં ચાંદલો કરીને શ્રીફળ આપે છે. તેથી યોગીજી મહારાજ પણ બહુ જ રાજી થયા છે ને બધાંને ખૂબ આશીર્વાદ પણ આપે છે, શાબાશી પણ આપે છે કે 'તમે આ ખૂબ અદ્‌ભુત કાર્ય કર્યું છે!' પ્રત્યક્ષ રીતે પણ તે અહીં બિરાજીને આપણને સુખ આપે છે."

આટલું કહી સ્વામીશ્રીએ બાજુમાં ડોલતી યોગીજી મહારાજની મૂર્તિને દર્શાવતાં જણાવ્યું :

"હું સભામાં આવ્યો ત્યારે એ પણ ડોલતા અને મને આશીર્વાદ આપતા ગયા કે 'બહુ મોટું કામ કર્યું! તમને પણ આશીર્વાદ છે, સંતોને પણ આશીર્વાદ છે, હરિભક્તોને પણ આશીર્વાદ છે.' એ વાત એમણે કરી. એટલે આપણે બહુ આનંદ થઈ ગયો, કારણ કે એમને જે કાર્ય કરવું'તું, તે જુએ એટલે રાજી થઈ જાય ને ?!

શાસ્ત્રીજી મહારાજ પણ એટલા રાજી થયા છે. અક્ષરધામમાં બેઠાં એમને થયું કે 'આ સંસ્થા મારી હવે મજબૂત બની છે અને કોઈ જાતની આંચ નહીં આવે.' કારણ કે એમણે આ સંસ્થા સ્થાપી તે ઘડીએ ઘણા માણસો કહેતા હતા કે 'તમે આ મંદિરો કરો છો, પણ પાછળથી સાચવશે કોણ? સાધુ તો મળતા નથી.' પણ શાસ્ત્રીજી મહારાજને શ્રદ્ધા હતી. માટે એ પણ ખૂબ રાજી

છે. નિર્ગુણ સ્વામી ને જૂના સંતો પણ રાજી થયા છે. આજે અક્ષરધામમાંય આનંદ છે. આ દેરી એ અક્ષરધામ છે. તેમાં પણ આનંદ થયો છે.''

આ રીતે અવની, આકાશ અને અક્ષરધામ – ત્રણેય આજે આનંદથી ઊભરાઈ ગયાં.

આવું યુગકાર્ય કરી સ્વામીશ્રી આજની રાત્રે ઠાકોરજી જમાડી રહેલા ત્યારે સંતોએ પૂછ્યું : 'બાપા ! આજે આપને કેવો આનંદ છે ?'

'આનંદ તો થાય ને ! જોગી મહારાજનો સંકલ્પ પૂરો થયો તો આનંદ આનંદ થઈ જાય. *'શી કહું એ સુખની સીમા...'* એવું કહ્યું છે ને ! એવું સુખ આવે છે.'

સ્વામીશ્રીની આ અનુભૂતિ આજે સૌની પણ બની રહી.[૫]

स्वामीजी की सब से बड़ी भेंट

તા. ૩૦/૫ની બપોરે દર્શને આવેલા ઉપરાષ્ટ્રપતિ શ્રી ભૈરવસિંહ શેખાવત સ્વામીશ્રીને મળી મંદિરના સભામંડપમાં આવ્યા ત્યારે તેઓને સ્વામીશ્રી સાથેની મુલાકાત બાબતે અભિપ્રાય આપવા ઑલ ઇન્ડિયા રેડિયોના સંવાદદાતાએ કહ્યું. તે વખતે આ મહાનુભાવ બોલ્યા : 'प्रमुखस्वामीजी के दर्शन करके हमें ऐसा महसूस हुआ है कि हमारी यात्रा पूर्ण हुई है। हमें बहुत शांति मिली है और मैं बताना चाहता हूँ कि स्वामीजी ने सातसौ साधुओं को दीक्षा प्रदान की, उससे बड़ी भेंट समाज को और कोई नहीं हो सकती!'

સ્વામીશ્રીની પ્રશસ્તિના આ પડઘા હજી તો હવામાં ગુંજી રહેલા ત્યાં જ આજની સાંજે તેઓ પાસે યશ અજમેરા આવી ચડ્યો. આ બાળકના હાથમાં રહેલું પરબીડિયું દર્શાવતાં જ્ઞાનપ્રસાદદાસ સ્વામી બોલ્યા : 'બાપા ! આ સેવા આપને આપે છે.'

'તમે બોલો છો જ ખોટું.' આ નિષેધ ફરમાવતાં સ્વામીશ્રીએ ઉમેર્યું : 'આપણને નથી આપતા, ઠાકોરજીને આપે છે. સવારે (નારાયણ)મુનિ પણ એવું બોલ્યા કે 'શેખાવતજી સ્વામીશ્રીનાં દર્શને આવે છે', પણ 'ભગવાનનાં

---

૫. યોગીજી મહારાજના સાતસો સંતોના સંકલ્પની સ્વામીશ્રી દ્વારા થયેલી સિદ્ધિના સાક્ષી બનવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

દર્શને આવે છે' એમ બોલવું જોઈએ. આ મંદિર શેના માટે કર્યાં છે?''

લાખોના દર્શનીય અને પૂજનીય બન્યા પછી પણ સ્વામીશ્રી તો આ દાસભાવ સાથે જ વર્તતા.

સુરેન્દ્રનગરમાં ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા

તા. ૩૧/૫ની સવારે ૭:૩૭ વાગ્યાથી ૮:૦૭ વાગ્યા સુધી સૂર્યગ્રહણનો સમૈયો ઊજવી આજની સાંજે ગોંડલથી વિદાય થયેલા સ્વામીશ્રી રાજકોટ પધાર્યા. અહીં સરકાર દ્વારા આયોજિત કૃષિ પ્રદર્શનને પોતાની ઉપસ્થિતિથી પાવન કરી તેઓ રાત્રે સુરેન્દ્રનગર પહોંચ્યા.

અત્રે તા. ૧/૬ની સાયંસભામાં સુરેન્દ્રનગર અને દૂધરેજની નગર-પાલિકાએ સ્વામીશ્રીને સન્માનપત્ર આપી નવાજ્યા. એટલું જ નહીં, શહેરની ધોરી નસ સમા ૮૦ ફૂટના રસ્તાને 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ માર્ગ' ઘોષિત કરી નગરના શ્રેષ્ઠીઓએ આનંદ અનુભવ્યો.

આ ખુશીમાં સૌ ઝૂમતા હતા ત્યાં જ તા. ૩/૬ની સવારે ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા યજ્ઞના મંત્રોચ્ચાર ગુંજવા માંડ્યા. આ પ્રસંગે સ્વામીશ્રીએ અગ્નિપ્રાગટ્યની સાથે હળવદ, ખારવા અને રંગપુર ગામની મૂર્તિઓનાં પણ પ્રતિષ્ઠા-પૂજન કર્યાં. તેને અનુસરતાં તેઓ બોલ્યા:

'ઝાલાવાડના ભક્તોમાં અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠા જબરજસ્ત છે. તન, મન, ધનથી સેવા પણ ઉત્સાહથી કરે છે. અહીં હરિપ્રકાશ સ્વામી, મુકુંદજીવન સ્વામી વગેરે સંતો તેમ જ હરિભાઈ વગેરેના ઉત્સાહથી સત્સંગની સારી વૃદ્ધિ થઈ છે. અત્યારે આપણે ત્રિકમભાઈને ખાસ યાદ કરવા જોઈએ. તેમની ઇચ્છા હતી કે મંદિરમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવવી. એ તો ભગવાનની સેવામાં બેસી ગયા પણ એમનો સંકલ્પ આજે મૂર્તિમાન બની રહ્યો છે.'

તે મુજબ તા. ૪/૬ની સવારે મંદિર-સંકુલમાં ગુંજી રહેલી શરણાઈઓના સૂર વચ્ચે સ્વામીશ્રીએ અમૃત ચોઘડિયામાં ઘનશ્યામ મહારાજની મૂર્તિમાં વેદવિધિપૂર્વક પ્રાણ પૂર્યા. આ મૂર્તિનો મહિમા ગાતાં પણ તેઓએ કહ્યું:

'મૂર્તિ ખૂબ જ સુંદર અને રમણીય છે. એનાં દર્શન કર્યા કરીએ એવું લાગે છે. આટલી સરસ મૂર્તિ પધરાવી છે, તો આપણે દરરોજ એક વખત દર્શને આવી જવું. ઘનશ્યામ મહારાજને હૃદયમાં રાખજો. તમારા બધા સંકલ્પો પૂરા કરશે. આવી મૂર્તિનાં દર્શન કરવાથી અંતરમાં શાંતિ થશે. આપણાં દુઃખ હશે

એ પણ દૂર થશે. ત્યાં ઊભા રહી માળા કરીશું તો પણ તમારાં કામ બધાં થશે.'

આમ, સુરેન્દ્રનગરને એક અણમોલ ભેટ આપી સ્વામીશ્રીએ આજની સાંજે ૫:૦૫ વાગ્યે વિદાય લીધી.

આવ્યાય નથી ને ગયાય નથી

સુરેન્દ્રનગરથી નીકળેલા સ્વામીશ્રી રસ્તામાં બોચાસણ મુકામે દર્શન કરી ૮:૧૦ વાગ્યે અટલાદરા પધાર્યા.

અહીં તા. ૫/૬ની સવારે નિત્યપૂજા કરવા જઈ રહેલા તેઓને એક સંતે સહજભાવે કહ્યું : 'ગઈકાલે આપ બોચાસણ દર્શને આવી ગયા !'

'અમે તો ક્યાંય આવ્યાય નથી ને ગયાય નથી. તમારે આવવા-જવાનું થાય.' સ્વામીશ્રીએ જણાવ્યું.

'વ્યાપી રહ્યા વિશ્વમાં ઠામ ઠામ...' એવા સર્વવ્યાપક અક્ષરબ્રહ્મ તેઓને આવવું-જવું ક્યાંથી હોય ?!

આ મર્મ સમજાવી સ્વામીશ્રી તા. ૫/૬ની સવારે નિત્યપૂજા કરવા બિરાજ્યા ત્યારે આજે તેઓના ૫૩મા પ્રમુખવરણી દિન નિમિત્તે છાત્રાલયના યુવકોએ ચંદનની ૫,૩૦૦ ગોટીઓ તૈયાર કરી ૫૪ ફૂટ લાંબો હાર બનાવેલો.

તેઓની આ ભક્તિ પ્રાતઃપૂજા બાદ સ્વીકારતાં સ્વામીશ્રીએ સામેથી માઈક મંગાવી આશીર્વાદ આપ્યા કે 'વિદ્યાર્થીઓને એટલો ઉમંગ આવી ગયો કે જબરજસ્ત હાર બનાવી નાંખ્યો ! પુરુષાર્થ કર્યો, પણ તેનું ફળ મળવું જોઈએ ને ! તમે હાર કર્યો તેનું ફળ એ કે દરરોજ તિલક-ચાંદલો કરવો. લોકો શું કહેશે તે ચિંતા ન કરો. ભગવાન શું કહેશે તે જુઓ.'

ચંદનહારનું આ વિશિષ્ટ ફળ આપી સ્વામીશ્રીએ મગનપુરાની મૂર્તિઓનાં પૂજન-આરતી કર્યાં. ત્યારબાદ તેઓએ અલ્પાહાર આરોગી સુરત જવા વિદાય લીધી.

હિંદુસ્તાનનો યુવાન આવો જ હોવો જોઈએ

અટલાદરાથી વિદાય થયેલા સ્વામીશ્રી ૧૧:૪૫ વાગ્યે સુરત પહોંચ્યા ત્યારે અહીં તેઓના વરદહસ્તે નૂતન છાત્રાલયનાં દ્વાર ખૂલ્યાં. આશરે ૨૨૫ છાત્રોને સમાવતી આ અદ્યતન બહુમાળી ઈમારતના ઉપલા ત્રણેક માળ અતિથિઓના નિવાસરૂપે હતા. ત્યાં અને છાત્રાલયના અમુક ઓરડાઓમાં

પગલાં પાડી સ્વામીશ્રી મંદિરના સંતનિવાસ પાસે પધાર્યા.

અત્રે તેઓ ગાડીમાંથી ઊતર્યા ત્યારે એન.સી.સી.ના ગણવેશમાં સજ્જ સત્સંગી તરુણ શ્રી બિમલ કાપડિયાએ સલામી આપી. અભિવાદનની આ ક્રિયા બાદ તે પાણીદાર આંખો અને ઉન્નત મસ્તક સાથે છાતી ફુલાવી સ્વામીશ્રી સામે ઊભો રહ્યો. તે વખતે તેણે સલામી આપતી વખતે જમીન પર પછાડેલા પગના સંદર્ભમાં એક યુવક મર્મ કરતાં બોલ્યો: 'પગ ધીમેથી પછાડજે. જમીનમાં ખાડો પાડી દઈશ.'

'ના, બરાબર છે. હિંદુસ્તાનનો યુવાન આવો જ હોવો જોઈએ – ખડતલ; માયકાંગલો નહીં!' સ્વામીશ્રીએ કહ્યું.

આવા યુવાનોની ભેટ ધરવાના હેતુથી જ આજે છાત્રાલયનું ઉદ્‌ઘાટન કરનારા તેઓએ તા. ૮/૬ની સવારે ડુમ્મસ ખાતે સી. કે. પીઠાવાલા કૉલેજ ઑફ એન્જિનિયરિંગ ઍન્ડ ટેક્‌નોલોજીને સમાજની સેવામાં સમર્પિત કરી.

આમ, શિક્ષણ અને સંસ્કારનો સમન્વય સાધી આપતી આ દક્ષિણ ગુજરાતની ખેપ મારી સ્વામીશ્રી તા. ૯/૬ના રોજ ભરૂચ થઈને આણંદ આવી પહોંચ્યા.

દીનબંધુ દયાના છે દરિયા

આણંદમાં તા. ૧૦/૬ની સવારે ત્રાજ ગામની મૂર્તિઓમાં પ્રાણ પૂરી સ્વામીશ્રી આજની સાંજે નડિયાદ પધાર્યા.

અત્રે મંદિરમાં દર્શન-દંડવત્ કરી પુનઃ ગાડીમાં બિરાજેલા તેઓએ સંતો પાસેથી પુષ્પો માંગી પોતાના હાથમાં રાખ્યાં. તેની સાથે બારીનો કાચ પણ ખુલ્લો રાખતાં સૌ પધરામણીનું અનુમાન કરવા લાગ્યા.

પરંતુ બન્યું કંઈક જુદું જ!

નડિયાદ શહેર વટાવી દીધા પછીયે સ્વામીશ્રી હાથમાં પુષ્પો રાખી બેસી જ રહ્યા, પણ થોડી વારમાં ઍક્સપ્રેસ હાઈવે પર ગાડી ચઢતાં તેઓએ પાછળ બેઠેલા સંતોને કહ્યું: 'બારીમાંથી ઠાકોરજીની દૃષ્ટિ કરાવજો.' આમ કહી તેઓ પોતાના હાથમાં રાખેલાં ફૂલ 'જય મહારાજ-સ્વામી...' બોલતાં બોલતાં ઊભે રસ્તે પધરાવવા લાગ્યા.

ઍક્સપ્રેસ હાઈવે તૈયાર થયા બાદ સ્વામીશ્રી આજે પહેલી વાર તેની પર પ્રવાસ ખેડી રહેલા. તેથી તેઓએ માર્ગપ્રવેશનો આ માંગલિકવિધિ

ઠાકોરજીને આગળ રાખી કરી દીધો! વસ્તુઓનો ઉપયોગ તો ઠીક, પણ ઠાકોરજી વિના સડકોનો ઉપયોગ કરવામાંયે તેઓ રાજી નહીં.

તેઓના આવા ભક્તિમાર્ગે સડસડાટ દોડતી ગાડી ૭:૨૦ વાગ્યે અમદાવાદને અડી ગઈ.

અત્રે શ્રીપુરવાસીઓનું સ્વાગત સ્વીકારી ઉતારે પહોંચેલા સ્વામીશ્રીએ તા. ૧૧/૬ની સવારે ભાવનગરમાં રહેતા સોમપ્રકાશદાસ સ્વામી સાથે ફોનમાં વાત આરંભી. તેમાં તેઓ જે બોલ્યા તે સાંભળી પેલા સંતને એક સપ્તાહ પૂર્વેનો ઘટનાક્રમ સાંભરી આવ્યો.

તા. ૪/૬ના એ દિવસે સુરેન્દ્રનગરમાં બિરાજતા સ્વામીશ્રીને આ સંતે આરસ ખરીદ્યાની વાત કરેલી. ભાવનગરના મંદિરમાં બની રહેલા ઠાકોરજીના ભંડકિયા માટે થયેલી આ ખરીદીની વાત જાણી સહેજ અકળાઈ જતાં સ્વામીશ્રીએ કહેલું: 'ભંડકિયામાં કોણ આવવાનું હતું? ત્યાં તો કોટા સ્ટોન કે ટાઈલ્સ નંખાય.'

તે વખતે સોમપ્રકાશદાસ સ્વામી 'મંદિરનું છે એટલે...' કહી જ્યાં દલીલ કરવા ગયેલા ત્યાં જ તેઓને મંદિર-વ્યવહારની રીત સમજાવતાં સ્વામીશ્રી બોલવા માંડેલા: 'તમે એમ ન કહો. હું પણ મંદિરનું જ કહું છું. એવું હોય તો ઉપર શિખર અને ઘુમ્મટ બધું આરસનું કરો ને!' આટલું કહી તેઓએ જણાવેલું: 'સારું, ભંડકિયામાં આરસ નાંખો, પણ મારી ઇચ્છા નથી.'

આ સ્પષ્ટ મત જાણી પેલા સંતે સ્વામીશ્રીને કહેલું: 'આપે કહ્યું એટલે હવે આરસ પાથરવાનો વિચાર માંડી વાળ્યો.'

ત્યારે સ્વામીશ્રી બોલેલા: 'પછી મનમાં ચૂં... ચૂં... ન થવું જોઈએ.'

આ પ્રસંગના અનુસંધાનમાં આજે તા. ૧૧/૬ના રોજ સ્વામીશ્રીએ સોમપ્રકાશદાસ સ્વામીને કહ્યું: 'મેં તમને પેલા આરસની ના પાડેલી તેનું મને દુ:ખ થાય છે. બે-ત્રણ દિવસથી વિચાર આવે છે. માટે ત્યાં આરસ નાંખજો.'

આ સાંભળી સ્તબ્ધ થઈ ગયેલા એ સંતને હજી તો કંઈક કળ વળે ત્યાં સ્વામીશ્રીના શબ્દો સંભળાયા: 'હું રાજી થઈને કહું છું કે આરસ ભંડકિયામાં વાપરજો.'

સંતો-ભક્તોનાં મનને સાચવવાની સ્વામીશ્રીની જીવનશૈલી આજે પણ *'દીનબંધુ દયાના છે દરિયા...'* તરીકે તેઓની ઓળખ આપી રહી છે. તેમાં ડૂબેલું કોઈ બહાર નીકળી શકે એમ નથી.

આપણા પર બધાનો હક છે

અમદાવાદમાં ગોઠવાયેલી દર્શન-વ્યવસ્થા અનુસાર એક ક્ષેત્રમાં સેવા આપતા કાર્યકરોનાં બે વૃંદને વારાફરતી સ્વામીશ્રી પાસે લાવવાનું આયોજન હતું. તે જાણી તા. ૧૪/૬ની સવારે એક સંતે આશંકા કરી કે 'પહેલા વૃંદને સ્વામીશ્રી લાભ આપશે તો બીજા વૃંદવાળાને કેવું લાગશે?'

'એની ચિંતા કરવા જેવી નથી. સ્વામીશ્રી પર હવે કોઈનો હક રહ્યો નથી.'

આયોજકનો આ ખુલાસો સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આપણા પર સંતો, હરિભક્તો બધાનો હક છે.'

આટલું કહી તેઓ હજી આગળ બોલવા જતા હતા ત્યાં જ ભોજન પૂર્વેનું શ્લોકગાન શરૂ થઈ જતાં વાત પર પૂર્ણવિરામ મુકાઈ ગયું, પણ આ સમયે જો સ્વામીશ્રીને આગળ બોલવાની તક મળી હોત તો તેઓ આમ જ કહેત કે *'હું તો છું સૌના દાસનો દાસ...'*

હા, સત્સંગમાં સદા દાસના દાસ થઈને રહેતા તેઓએ પોતાનાં શરીર, સમય, ભોજન, ભ્રમણ, દિનચર્યા, પરિચર્યા વગેરે દરેક પર સંતો અને સત્સંગીનો હક અબાધિત રાખેલો. સભામાં સ્વામીશ્રીએ ક્યાં બેસવું? અને ક્યારે આવવું?, ભોજન કે ભ્રમણ વખતે તેઓએ શું જોવું અગર તો શું સાંભળવું?, ભોજન માટે ક્યાં બેસવું?, ભ્રમણ ક્યાં કરવું? વગેરેનો નિર્ણય સંતો-ભક્તો લે. સ્વામીશ્રીના મુલાકાતીઓની સંખ્યા, પધરામણીઓના આંકડા પણ સંતો-કાર્યકરો માંડે. તેઓના અંગત વપરાશની વસ્તુઓનાં રંગ-રૂપ પણ સંતો નક્કી કરે. પોતાના ઓરડામાં સેવારત સ્વામીશ્રી પાસે સંતો-ભક્તો ટાણું-કટાણું જોયા વિના ધસી જાય, છતાં લેશ કચવાટ વિના સ્વામીશ્રી પોતાના કામ પડતાં મૂકી તેઓને સંતોષે. તેમાં પણ સ્વામીશ્રી કો'કને મળતા હોય ત્યાં વચમાં બીજા આશીર્વાદ લખાવવા કાગળ-કલમ ધરે. તે લઈ સ્વામીશ્રી લખવા જાય ત્યાં કો'ક સાકર-શ્રીફળ પર હાથ મુકાવવા આવે. સ્વામીશ્રી તેમ કરવા જાય ત્યાં ત્રીજો આશીર્વાદ લેવા માથું ધરે. તે મસ્તકે હાથ મૂકવા સ્વામીશ્રી જ્યાં હાથ ઊંચો કરે ત્યાં કો'ક બાળકની લટ લેવા તેઓના હાથમાં કાતર પણ પકડાવી દે.

આમ, એકેય ક્રિયા સ્વામીશ્રીના હકની થતી હોય એમ ન લાગે. સત્સંગને સંપૂર્ણ સમર્પિત તેઓનું ૯૫ વર્ષનું જીવન પૃથ્વી પરની એક

અજાયબી જેવું જ છે!

આ તો પ્રેમ છે એટલે કહું છું

તા. ૨૦/૬ની સવારે સ્નાન બાદ ધોતિયું ધારણ કરી રહેલા સ્વામીશ્રીને ટિપાઈ પર ચાર-પાંચ દિવસથી પડી રહેલો 'નિષ્કુળાનંદ કાવ્ય'નો ગ્રંથ બતાવતાં સેવકે પૂછ્યું : 'આની જરૂર ન હોય તો પાછો આપી દેવો છે?'

'ના, ના, મેં મંગાવ્યો છે, વાંચવા માટે.' આટલું કહી સ્વામીશ્રીએ ખેદ વ્યક્ત કર્યો કે 'ઇચ્છા થાય છે કે 'વાંચવું છે', પણ સમય મળતો નથી.'

'કાંઈ જાણવા પામવા માંઈ, કેડે રહ્યું નથી બાકી કાંઈ...' જેવા સર્વજ્ઞ હોવા છતાં સ્વામીશ્રીને સાંપ્રદાયિક સાહિત્યના વાંચનની રુચિ સદૈવ રહેતી.

તે સાથે વિચરતા તેઓએ આજે પ્રાતઃપૂજા પછી અમદાવાદનાં મેઘાણીનગર, નરોડા અને રાયપુરની મૂર્તિઓનાં પ્રતિષ્ઠા-પૂજન કર્યાં.

ત્યારબાદ તા. ૨૧/૬ની સવારે સભામંડપમાંથી ઉતારે પધારી રહેલા તેઓ વચ્ચે ચોકમાં જયંતભાઈ ટાંક અને જગદીશભાઈ ત્રિપાઠીને જોઈ ઊભા રહી ગયા. આ બંને હરિભક્તોને હાથના ઇશારે નજીક બોલાવતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'આવો, તમે તો જૂના છો. દેખાતા કેમ નથી?'

'રોજ આવીએ છીએ.' તે હરિભક્તોએ જણાવ્યું, ત્યારે એક સંત બોલ્યા : 'રવિસભામાં આવે છે, પણ વિસ્તારની સભામાં નથી આવતા.'

આ સાંભળી સ્વામીશ્રીએ રુચિ વ્યક્ત કરી કે 'અનુકૂળતા હોય તો વિસ્તારની સભામાંય જવું ને રવિસભામાંય આવવું. ઠાકોરજીનાં દર્શન થાય, સંતોને મળાય. આજ્ઞા પાળશો તો તમને શાંતિ થશે. આ તો પ્રેમ છે, હેત છે, એટલે કહું છું. માફ કરજો.'

સ્વામીશ્રીનાં આ હેતાળ વચનો સાંભળી ગળગળા થઈ ગયેલા એ બંને ભક્તો બોલી ઊઠ્યા : 'બાપા! આપને તો અમને કહેવાનો અધિકાર છે.'

વાત હિતની જ હોય, વળી તે શુદ્ધ હેતુ ધરાવતી હોય અને હેતથી જ કહેવાઈ હોય છતાં 'રખે કોઈ દુખાઈ ન જાય'નો ફડકો સ્વામીશ્રીને કાયમ રહેતો. કેવા સંવેદનશીલ હતા તેઓ!

જગન્નાથજીના મંદિરમાં પધરામણી

તા. ૨૨/૬ની સાંજે સ્વામીશ્રીને મળવા અમદાવાદ-સ્થિત જગન્નાથ

મંદિરના મહંત પૂજ્ય રામેશ્વરદાસજી મહારાજ આવી પહોંચ્યા. તેઓએ ટૂંક સમયમાં યોજાનારી રથયાત્રા પ્રસંગે પોતાના મંદિરે પધારવા સ્વામીશ્રીને આમંત્રણ પાઠવ્યું. આ નિમંત્રણ સ્વીકારતાં સ્વામીશ્રીએ તેઓને હાર તથા શાલ અર્પણ કરીને સન્માન્યા.

ત્યારબાદ તેઓ તા. ૨૮/૬ની સાંજે ગુજરાત સમાચાર દૈનિક દ્વારા આયોજિત એક સમારોહને ધન્ય કરવા શહેરના ઠાકોરભાઈ હૉલમાં જઈ પહોંચ્યા. અત્રે તેઓની મુલાકાત રાજ્યપાલ શ્રી કૈલાસપતિ મિશ્રા સાથે થઈ. આ ગવર્નરને સ્વામીશ્રીએ પોતાના આસન પરથી ઊભા થઈ આવકાર્યા. એટલું જ નહીં, પ્રતીક્ષાકક્ષમાં રાજ્યપાલ માટે રખાયેલી બેઠક સ્વામીશ્રીને સુયોગ્ય ન જણાતાં તેઓએ શ્રી મિશ્રાને પોતાના આસન પર જ બેસાડી દીધા. સ્વામીશ્રીનાં આ સ્નેહ-સૌજન્ય માણી રાજ્યપાલને સ્વામીશ્રી વિશે ઘણો જ અહોભાવ ઊપજ્યો.

સ્વામીશ્રી પ્રત્યે આવો અહોભાવ અહર્નિશ અનુભવતા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તો તા. ૨૯/૬ની રાત્રે સ્વામીશ્રીના આશીર્વાદ લેવા મંદિરે દોડી આવ્યા. આ પ્રસંગે તેઓએ સભાસદોને જણાવ્યું : 'તમે એવા બાળકની કલ્પના કરી છે કે જેને 'મા'ને મળવાની ઉતાવળ હોય, વલખતો હોય ને છતાંય મળવાનો મેળ ન પડે અને મળાય એ પળ કેવી હોય? હું અત્યારે એ પળનો અનુભવ કરી રહ્યો છું. પ્રમુખસ્વામી મહારાજની ઇચ્છા એ મારે માટે આદેશ હોય છે. પૂજ્ય પ્રમુખસ્વામીના આશીર્વાદ, એમનું માર્ગદર્શન, અમારી વ્યક્તિગત કાળજી લેવાની એમની પ્રકૃતિ એક તાકાત, એક પ્રેરણા અને ઉમંગ ભરતી હોય છે.'

આ શબ્દો સાથે પોતાની લાગણીને વાચા આપી શ્રી મોદીએ વિદાય લીધી. ત્યારબાદ સ્વામીશ્રી તા. ૩૦/૬ની સવારે જગન્નાથ મંદિરે પધાર્યા.

અહીંથી પ્રતિવર્ષ નીકળતી રથયાત્રાના પૂર્વ દિને જ થયેલા તેઓના આ આગમનને અઢાર ગજરાજોએ સૂંઢ ઊંચી કરીને સલામી આપતાં આવકાર્યું. તેની સાથે મંદિરના વ્યવસ્થાપકો સ્વામીશ્રીને પુષ્પમાળા પહેરાવી રથ તરફ દોરી ગયા. અત્રે સ્વામીશ્રીએ શ્રી જગન્નાથજી, બળદેવજી અને સુભદ્રાજીના રંગીન કલામંડિત રથનું પૂજન કર્યું તથા રથના કાગવા પર શ્રીફળ પણ વધેર્યું.

આ રીતે રથપૂજન કર્યા બાદ તેઓ રથશાળામાંથી બહાર પધાર્યા ત્યારે મંદિરના ગમનપથની બંને બાજુ આઠ-આઠ ગજેન્દ્ર ઊભેલા. તેઓ

પોતાની ઊંચી કરેલી સૂંઢ સ્વામીશ્રી તરફ લંબાવતાં હર્ષભરી કિકિયારીઓ કરી સ્વામીશ્રીને વધાવવા લાગ્યા. તે વખતે જ મહાવતો સ્વામીશ્રી પાસે પુષ્પહાર લઈ હાજર થયા. તેઓના આ હાર અંગીકાર કરતાં સ્વામીશ્રી એ હારથી જ દરેક હાથીને સત્કારવા લાગ્યા.

આ રીતે દબદબાભેર મંદિરમાં પ્રવેશ કર્યા બાદ ગૌશાળામાં પહોંચેલા તેઓ રૂપેરી શિંગડાં ધરાવતી ગૌમાતાનું પૂજન કરી ગાદીસ્થાને પધાર્યા.

અત્રે મહંત શ્રી રામેશ્વરદાસજી મહારાજે પોતાના આસન પરથી ઊભા થઈ સ્વામીશ્રીને આવકાર્યા. તેઓનું અભિવાદન ઝીલી સ્વામીશ્રીએ ધખતી ધૂણીની ભસ્મ વડે ઠાકોરજીને ચાંદલો કરી તે પ્રાસાદિક ઉપચાર વડે પોતાના ભાલમાં પણ ચાંદલો ચોડ્યો.

આ પારંપરિક વિધિ બાદ તેઓ મહંતશ્રી સાથે મંદિરે પહોંચ્યા. અહીં પોતા માટે રાખેલી ખુરશી પર ન બેસતાં પગથિયાં ચઢીને જ ઉપર પધારેલા સ્વામીશ્રીએ મંદિરના મધ્ય ખંડમાં શ્રી જગન્નાથજી તથા બળદેવ-સુભદ્રાની મૂર્તિઓનું પુષ્પમાળા પહેરાવી પૂજન કર્યા બાદ આ ત્રણેય મૂર્તિઓને શાલ ઓઢાડી. તેની સાથે ચરણોમાં મીઠાઈ તથા ફળફળાદિ ધર્યાં. મહંતજીને પણ તેઓએ પ્રસાદ, પુષ્પહાર, શાલ વગેરેથી સન્માન્યા.

આ અવસરે મંદિરના ઘુમ્મટ નીચે જ રાખવામાં આવેલી સભા ભાવિકોથી ભરચક હતી. તેમાં પોતાની અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'એકબીજાનો મહિમા સમજે એ સંતો-મહંતોનું લક્ષણ છે. શ્રીજીમહારાજે દરેક મહાત્માઓ, મંદિરોનો આદર રાખી કાર્ય કર્યું છે. આ મંદિરની અંદર પણ એ જ ભાવના છે. આવા સિદ્ધાંતોને લીધે આ સ્થાનનો મહિમા વધ્યો છે અને વધશે.'

આ વક્તવ્ય બાદ પૂજ્ય રામેશ્વરદાસજી મહારાજે સ્વામીશ્રીને ભગવો ખેસ ઓઢાડી પ્રસાદ તથા ઉપહાર અર્પણ કર્યા. તે સ્વીકારી મંદિરમાં પધરાવેલા અન્ય દેવો તેમ જ અવતારોનાં દર્શન કરી સ્વામીશ્રી નીકળવા તૈયાર થયા ત્યારે પુનઃ અઢાર ગજરાજોએ એકસાથે સૂંઢ ઊંચી કરી તેઓને ભવ્ય વિદાયમાન આપ્યું.

સનત્કુમારોની જ્ઞાનગોષ્ઠી

તા. ૧/૭ની સવારે અમદાવાદના મંદિરમાં જામેલા રથયાત્રાના માહોલમાં સ્વામીશ્રી પધારતાં જ જબરજસ્ત ભાવભરતી ચઢી. આ સમયે એક

રથમાં શ્રીજીમહારાજની ઉત્સવમૂર્તિ પધરાવવામાં આવેલી, તો બીજા યંત્ર-સંચાલિત રથમાં ભગવાનના ચલસ્વરૂપ સમાન ઠાકોરજી બિરાજમાન હતા. તેઓની સમીપે પહોંચેલા સ્વામીશ્રી ઉત્સવમૂર્તિ તથા હરિકૃષ્ણ મહારાજનું પૂજન કરી અડવાણે પગે રથને ખેંચવા લાગ્યા. આ રીતે મંદિરની એક પ્રદક્ષિણા ફરી તેઓ બીજી પ્રદક્ષિણામાં ઠાકોરજીનો નાનો રથ રિમોટ-કંટ્રોલ દ્વારા હંકારવા લાગ્યા. તે વખતે થઈ રહેલાં વાજિંત્રોના નાદ, સંતો-ભક્તોનાં ધૂન-કીર્તન અને બાળકોનાં નર્તન વગેરે દ્વારા ઉત્સવિયું વાતાવરણ ખડું થઈ ગયું.

તેને અનુસરતાં સ્વામીશ્રી તા. ૨/૭ની સાંજે સભામાં આવી બિરાજ્યા તે સાથે જ તેઓની બંને બાજુ સફેદ ઝભ્ભો અને ધોતિયું, માથે કાળી કે સફેદ ટોપીઓ, આંખે ચશ્માં તેમ જ હાથમાં ડંગોરા લઈ ૧૫-૨૦ બાળકોએ સ્થાન જમાવી દીધું. ગાડાં ભરીને ગ્રંથો સાથે હાજર થયેલા આ ૭-૮ વર્ષના સનત્કુમારોએ આજે શ્રીજીમહારાજની સર્વોપરિતા, ગુણાતીતાનંદ સ્વામીનું અક્ષરબ્રહ્મપણું, અક્ષર-પુરુષોત્તમ જ્ઞાનની સચોટતા વગેરે વિષયો પર ચર્ચા છેડી દીધી. વચનામૃત, સ્વામીની વાતો, સત્સંગિજીવન, હરિલીલાકલ્પતરુ જેવા સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથોના સંદર્ભો આ બાળકોના મુખે પાના નંબર, પ્રકરણ સંખ્યા વગેરે સાથે એવી કડકડાટ રીતે બોલાતાં ગયાં કે કોઈનેય ન લાગે કે નાના મોઢે મોટી વાત થઈ રહી છે. ૧૨,૦૦૦ની જનમેદની સાથે સ્વયં સ્વામીશ્રી પણ આ બાળજ્ઞાનીઓની વાતો ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા.

આ સમયે તે બાળકો વડીલોની જેમ પગ પર પગ ચઢાવીને ઠાવકાઈથી બેસવું, લાકડીને ટેકે વાંકા વળીને કે ખોડંગાઈને ચાલવું, થોડી થોડી વારે ચશ્માંની દાંડી સરખી કરવી, ચરોતરી તેમ જ ઉત્તર ગુજરાતી કે કાઠિયાવાડી ભાષાના લહેકામાં બોલવું વગેરે વડીલોની તમામ લાક્ષણિકતાઓ ઝળકાવતા હતા. તેથી ચર્ચા એટલી રસપ્રદ અને વાસ્તવિક બની રહી કે પાંત્રીસ મિનિટ તો પલકારામાં વીતી ગઈ! અંતે આ સૌ શિશુઓ પર રાજી થઈ સ્વામીશ્રી અમૃતધારા ઢોળવા લાગ્યા ત્યારે આ આશીર્વાદ પણ તેઓ અને શિશુઓના સંવાદ સમા જ બની રહ્યા.

સ્વામીશ્રીએ શરૂઆત કરી કે 'ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે આ હરિભક્તોના છોકરાઓ સામું જોઈએ છીએ તો કરોડ-કરોડ ગણું તેજ દેખાય છે. એ અહીં અમદાવાદ મંડળમાં આજે જોયું.'

જ્યાં સ્વામીશ્રી આમ બોલ્યા ત્યાં જ એક બાળક ટહુક્યો: 'બાપા!

આપે જ એ તેજ મૂક્યું છે.'

'હા, એ પાછો નિશ્ચય થઈ ગયો છે બરાબર. છતાંય તમે કર્યું છે તો ધન્યવાદ તો આપવા પડે ને!'

'બાપા! ધન્યવાદ તો અમારે તમને આપવા જોઈએ કે તમે અમારો કાર્યક્રમ જોયો.'

'આપણે અરસપરસ કરો.' સ્વામીશ્રી બોલ્યા.

આમ, શિશુઓ સાથેના આદાન-પ્રદાન દ્વારા તેઓના આશીર્વાદ આગળ ધપતા ગયા. તેમાં તેઓ છેલ્લે બોલ્યા: 'બધાને બહુ આનંદ થાય એવો પ્રોગ્રામ થયો. સોએ સો ટકા!'

આ પ્રમાણપત્રને સમગ્ર સભાએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું. સ્વામીશ્રીની બાળસહજ નિર્દોષતા અને બાળકોની ઋષિતુલ્ય જ્ઞાનગંભીરતાને આજની સભાના પ્રસાદ સાથે વાગોળતાં સૌ વીખરાયા.

હું (સંસ્થા) ચલાવતો જ નથી

તા. ૩/૭ની સવારે સ્વામીશ્રી નિત્યપૂજાથી પરવારી મંદિરના ચોકમાં આવ્યા ત્યારે અહીં જગન્નાથ મંદિરની હાથણી લક્ષ્મી સાથે સત્તરેક મહાવતો ઊભા હતા. તેઓનું સન્માન કરવાનો વિચાર સ્વામીશ્રીને ત્રણ દિવસ પૂર્વે જગન્નાથજીના મંદિરેથી પાછા વળતાં આવેલો. તે મુજબ આજે હાજર થયેલા આ મહાવતોને તેઓએ શાલ ઓઢાડી હાર, પ્રસાદ તથા દક્ષિણા અપાવ્યાં. સાથે આવેલી ગજલક્ષ્મીનેય સ્વામીશ્રીએ પાંચ કેળાં તથા એક સફરજનનો આહાર કરાવી તેની સૂંઢમાં શાલ અને હાર મૂક્યાં. તેઓની આ કદરથી પશુ અને પાલક – બંને ખુશ થઈ ગયાં.

આવો જ આનંદ તા. ૪/૭ની સવારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી મંગળભાઈ પટેલ પણ અનુભવી રહ્યા. તે સાથે તેઓએ પોતાના મનમાં ઘોળાતી એક જિજ્ઞાસા રજૂ કરતાં સ્વામીશ્રીને પૂછ્યું: 'અત્યારે આપની સંસ્થામાં ૫૦૦થી વધુ મંદિરો છે અને દેશ-પરદેશમાં વિસ્તરેલો આટલો બધો સત્સંગ! તો આપ આ બધું શાંતિથી કેવી રીતે ચલાવો છો?'

'હું ચલાવતો જ નથી. ગુરુ અને ભગવાન – એ બે જ બધું ચલાવે છે.' સ્વામીશ્રી તરત જ બોલી ઊઠ્યા.

આ નમ્રતા અને નિર્લેપતા સાથે તેઓએ વધુમાં કહ્યું:

"અમે એમ માનતા જ નથી કે અમે કંઈ કરીએ છીએ. અમારા ગુરુએ અમને શીખવ્યું છે કે પાણીમાંથી દેગડો ભરીને તમે માથે મૂકો તો તેનો ભાર તમને સતત રહ્યા કરે, પણ પાણીમાં જ ડૂબકી મારી દો તો ટનબંધ પાણી માથેથી પસાર થઈ જાય તોય ભાર લાગતો નથી. એટલે 'અમે કાંઈ કરતા જ નથી, ભગવાન અને ગુરુ જ બધું કરે છે' એવું અમે સતત માનીએ છીએ. એવી રીતે આખી સંસ્થાનું સંચાલન થાય છે."

સ્વામીશ્રીના આ ઉત્તરમાંથી કર્મયોગનો અર્ક નહીં, પણ અનુભવ નીતરી રહ્યો. તેઓને 'कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किञ्चित्करोति सः' (૪/૨૦) – *'પ્રવર્તે કર્મમાં તોયે, કશું તે કરતા નથી...'*ની ગીતાકથિત સ્થિતિ સહજસિદ્ધ હતી.

ઘરસભામાં બેસવું, તો શાંતિ થઈ જાય

તા. ૭/૭ની સવારે સાનફ્રાન્સિસ્કોના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂરનારા સ્વામીશ્રીએ તા. ૮/૭ના પ્રભાતે અમેરિકાનાં વેસ્ટ ચેસ્ટર, મિનિયા પોલીસ, પેરી અને સવાના શહેરોમાં બિરાજમાન થનારી મૂર્તિઓમાં દૈવત આરોપી પ્રતિષ્ઠાનો ચંદરવો રચી દીધો.

તેની તળે આજની સાયંસભામાં સમૂહ પધરામણીનો વિશિષ્ટ કાર્યક્રમ શરૂ થયો. જાણે સ્વામીશ્રી સાક્ષાત્ પોતાને ઘેર પધાર્યા હોય તેમ મંચ પર બેઠેલા એક પરિવારના સભ્યો સમા બાળક, કિશોર, યુવક, વડીલ વગેરેએ *'આજ મારે ઓરડે રે...'* પદ ગાયું. તે પછી પધરામણીના પૂજન નિમિત્તે ઠાકોરજીને ચાંદલા થયા અને આરતી પણ ઊતરી.

અંતે આ મંચસ્થ કુટુંબીઓ દ્વારા પુછાયેલા વહેમમુક્તિના પ્રશ્નનું માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'પોલું ઝાડ હોય તેમાં ભૂત રહે છે, તેમ ભગવાનના નિશ્ચયમાં જેટલી ખામી છે એટલો વહેમ આપણને આવે. વહેમ વસ્તુ એવી છે કે જેટલું તમે પૂછવા જાઓ એટલો વહેમ વધારે પેસે. વહેમમાં માણસ કોઈ દા'ડો ઊંચો આવી શકે નહીં. વહેમ એ વસ્તુ ખોટી છે. એમાં પડવાની કોઈ જરૂર નથી. ભગવાનની ઇચ્છાથી સુખ આવે તો સુખ ને દુઃખ આવે તો દુઃખ ભોગવી લો. આપણામાં અનેક જન્મોની વાસનાઓ ભરી છે. એ કાઢવા ભગવાન આવા પ્રસંગો મૂકે. નિષ્ઠાવાળાને તો કોઈ મલિન મંત્ર-જંત્રનો ભાર જ ન પડે.'

આ જ રીતે પારિવારિક સંવાદિતા વિષયક પ્રશ્ન રજૂ થતાં સ્વામીશ્રી

બોલ્યા: 'સત્સંગ આટલો થયો હોય ને સ્વભાવ ન મુકાય તો શું કામનું? સ્વભાવ મૂકવા માટે તો આ સત્સંગ કરીએ છીએ. સ્વભાવ મૂકી દે તો બધું જ છે. પતિ-પત્ની, સાસુ-સસરા બધાંએ ખાલી આંટી જ મૂકવાની છે. એટલા માટે ઘરમંદિર ને ઘરસભાની વાત કરીએ છીએ. ભજન કરો, કીર્તન કરો, વૃત્તિ પાછી વાળો. એકબીજાનું ખોદ-ખોદ કરશો તો ઘર બગડી જશે. 'ઘરની આબરૂ-પ્રતિષ્ઠા જશે' એટલું તો સમજો. આપણે સત્સંગીઓએ તો ઘરસભામાં બેસવું, તો બધી શાંતિ થઈ જાય.'

ભક્તિ કરવી એ આપણો ધર્મ છે

તા. ૯/૭ની સવારે મેઘાણીનગરના નૂતન મંદિરમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓની આરતી ઉતારી પુનઃ શાહીબાગ આવી ગયેલા સ્વામીશ્રી તા. ૧૦/૭ની જે સાયંસભામાં પધાર્યા તે તેઓના આ વખતના રોકાણની અંતિમ સભા હતી. તેથી ઉદ્‌ઘોષક દ્વારા 'સ્વામીશ્રીએ ભીડો વેઠીને હરિભક્તોને ખૂબ સુખ આપ્યું છે...'ની ભાવના રેલાઈ રહી. તેને જ પોતાના આશીર્વાદની આધારશિલા બનાવતાં સ્વામીશ્રી બોલવા માંડ્યા:

''સંતોએ વાત કરી કે 'બહુ ભીડો વેઠ્યો', પણ જોગી મહારાજ ને શાસ્ત્રીજી મહારાજે જે ભીડા વેઠ્યા છે એની આગળ આ ભીડો તો કંઈ હિસાબમાં ન ગણાય. પણ મનનો ભીડો દરેકને નડે છે એ હકીકત છે. જરા થયું એટલે 'મને આમ બોલ્યો... મને આ થયું... મને સગવડ ના થઈ... ફલાણું ના થયું...' શું આ ભગવાનને ભજવા આવ્યા છીએ? આપણે કલ્યાણના ખપ માટે આવ્યા છીએ? આ બધાની અંદર આપણે સગવડો-અગવડોની વાત હોતી હશે? ભક્તિ કરવી એ આપણો ધર્મ છે.

યોગીજી મહારાજને ભીડો પડે એ ભક્તિ અને આપણે ભીડો ન પડે એ ભક્તિ. આપણે ઉપાધિ માની લઈએ ને એમણે ભક્તિ માનેલી. એમનો વિચાર કરીએ તો આપણને દુઃખનો અંશ આવ્યો નથી, પણ આપણે મનનું ધાર્યું ન થયું એટલે બધું ખોટું જ! પોતાના મનની રીતે બહુ મહેનત કરે એ ભીડો ન લાગે, પણ મનધાર્યું મુકાવી દે એ મોટામાં મોટો ભીડો લાગે.

અમારા કરતાં તમને હરિભક્તોને ભીડો વધારે પડ્યો, કેમ કે અમે તો અહીંના અહીં ને તમારે તો સવારે વહેલા ઊઠવાનું થાય, ગાડીઓ-મોટર પકડવાની, વરસાદમાં આવવાનું, રસોઈના ભીડા, પારાયણના પૈસાના ભીડા,

બેસવાના ભીડા, એટલે કેટલો ભીડો વેઠ્યો! પણ આપણે જે ભીડો વેઠ્યો છે તે મોટાપુરુષ કોઈ દિવસ ભૂલતા નથી.''

આ સેવા તો ખૂટે એમ છે જ નહીં

તા. ૧૦/૭ની સાયંસભા બાદ ઉતારે પધારેલા સ્વામીશ્રીએ અહીં પણ ભોજન બાદ સંતસભા કરી. તે પછી તેઓ જે મીટિંગમાં પરોવાયા તેની સમાપ્તિ થઈ ત્યારે આરામનો સમય થઈ ગયો. તેથી ઓરડામાં આવેલા સેવક કૃષ્ણવલ્લભદાસ સ્વામી હળવા સૂરમાં બોલ્યા: 'એક મહિના સુધી અહીં રહ્યા તોય તમારી વાતો ખૂટી નહીં!'

'આ સેવા તો ખૂટે એમ છે જ નહીં! *અતિ આદર્યું કામ અતોલ... બેસી રહ્યે થોડું થાય?*' આટલું કહેતાં સ્વામીશ્રી હસવા લાગ્યા. તે પછી એ જ અવસ્થામાં સોફા પરથી ઊભા થઈ તેઓ બોલ્યા: 'બધા (પૂર્વેના ગુરુઓ) મોટા મોટા સંકલ્પો કરી ગયા છે કે 'આખા બ્રહ્માંડમાં સત્સંગ કરાવવો છે... પાંદડે-પાંદડે સ્વામિનારાયણનું નામ ગુંજતું કરવું છે...' એટલે આપણે ભીડો તો વેઠવો જ પડે.'

'કરવાનું બધું તમારે માથે.'

'મારે નહીં, આપણે બધાએ.' આમ કહી સામે ઊભેલા તમામ સંતો તરફ આંગળી ફેરવતાં સ્વામીશ્રી આરામમાં ગયા.

૮૨મા વર્ષેય તેઓના જીવનમાં ઠરીઠામ થવાની વાત નહોતી.

તેથી જ તો સ્વામીશ્રી તા. ૧૧/૭ની સવારે નરોડાના હરિમંદિરમાં બિરાજમાન મૂર્તિઓની આરતી ઉતારી આજની સાંજે ત્રાજ પહોંચ્યા. અહીં પણ તેઓ નૂતન મંદિરમાં આરતી અને સભાનો લાભ આપી વડદલા પધાર્યા. આ ગામમાંય સ્વામીશ્રી નવા મંદિરમાં પધરાવેલી મૂર્તિને આરતીનું અર્ઘ્ય આપી રાત્રે બોચાસણ આવી ગયા.

અમદાવાદથી અહીં સુધીનો આ આખો ક્રમ તેઓએ વરસતા વરસાદમાં અને ગામડાંઓમાં તો વીજપ્રવાહની આવન-જાવન વચ્ચે જ આટોપ્યો.

તેઓની આવી અવિરામ જીવનશૈલીનું એક નવતર પૃષ્ઠ તા. ૧૨/૭ની રાત્રે ૧૦:૨૦ વાગ્યે ઊઘડ્યું. આ સમયે આરામના નિશ્ચિત સમયને દસ મિનિટ બાકી હતી. તે વખતે સ્વામીશ્રીએ હાથમાં લીધેલો છેલ્લો કાગળ વાંચી પત્ર-પરિચારકને પૂછ્યું: 'ટપાલ પૂરી થઈ ગઈ?'

'થઈ ગઈ પૂરી! આવતીકાલે પાછું ગુરુપૂનમનો સમૈયો હોવાથી વહેલું ઊઠવાનું છે ને!' સામે ઊભેલા સેવક બોલ્યા.

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'વહેલું જ ઊઠવાનું છે, પણ કાલે સમૈયો હોવાથી ટાઈમ ન મળે.' આમ કહેતાં તેઓએ ડાબી તરફ હાથ લંબાવીને ત્યાં પડેલી પ્લાસ્ટિક બેગ ઉપાડી અને તેમાંથી ટપાલો કાઢી વાંચવા લાગ્યા! દિવસની એ છેલ્લી દસ મિનિટનો પણ તેઓ પૂરેપૂરો કસ કાઢીને જ પોઢ્યા.

નિરુત્થાન છે નર ને નારી

તા. ૧૩/૭ના રોજ રવિવાર તથા ગુરુપૂનમનો સંગમ થયો હોવાથી ૩૫,૦૦૦ની ભક્તમેદની વડે સભાગૃહ ચિક્કાર હતું, પરંતુ અધ્ધર આકાશમાં જામેલું ઘનઘોર વાતાવરણ સંતો અને સ્વયંસેવકો માટે ચિંતાનો વિષય બનેલું. છતાં સ્વામીશ્રીએ તો પૂર્ણ સ્થિરતાથી પ્રાતઃપૂજા સંપન્ન કરી. તે સમયે સરઈ ગામના હરિભક્ત શ્રી મગનભાઈ પટેલ તરફથી સૌને સાકરનો પ્રસાદ વહેંચાયો. તેની મીઠાશ સાથે સૌ સત્સંગના પ્રતાપને પણ મમળાવે તે હેતુથી સ્વામીશ્રીએ આ યજમાનને બે શબ્દો બોલવા આજ્ઞા કરી.

તે વખતે મગનભાઈએ કહ્યું: 'મારો એકનો એક નવયુવાન પુત્ર અને પુત્રવધૂ અકસ્માત થવાથી ધામમાં ગયાં છે, પણ મને એનો શોક નથી. ભગવાનની મરજી હોય તેમ થાય છે. એમનું આયુષ્ય પૂરું થયું હશે. દીકરો અમેરિકા જાય તો બાપ ખુશ થાય. આ તો અક્ષરધામમાં ગયો છે, તો એના કરતાં પણ વધુ આનંદ થવો જોઈએ.'

સત્સંગીના શબ્દે-શબ્દે સમજણ નીતરી રહી.

'જે દિ'ના એને સ્વામી મળ્યા છે, તે દિ'ના સર્વે સંશય ટળ્યા છે;
નિરુત્થાન છે નર ને નારી, એક-એકથી સમજણ્યે ભારી...'

– આ હતો સ્વામીશ્રીનો સત્સંગ.

આવા લાખો સત્સંગી તૈયાર કરનારા તેઓ સવા દસ વાગ્યે પુનઃ ઉત્સવ-સભામાં પધાર્યા ત્યારે અત્રે રજૂ થઈ રહેલા એકેએક કાર્યક્રમમાં શમિયાણા પર ટપ... ટપ... પડતાં વરસાદી ટીપાંનું સંગીત સંગત આપી રહેલું. અલબત્ત, મંડપ પર ટપકતું એ પ્રત્યેક બુંદ વ્યવસ્થાપકોને તો માથા પર હથોડાની જેમ વાગતું હતું. થોડી વારે એ ધારાની ગતિ વધતાં જ વેદજ્ઞદાસ સ્વામીએ સ્વામીશ્રી પાસે દોડી જઈ વરસાદ અટકાવવા પ્રાર્થના કરી. તે સાંભળી ઉપર

દૃષ્ટિ કરતાં સ્વામીશ્રી આમ-તેમ જોવા લાગ્યા. એ નેણમાંથી ઝરતું બ્રહ્મતેજ જીરવવું અસહ્ય થઈ પડ્યું હોય તેમ મેઘરાજા એ જ ઘડીએ પલાયન થઈ ગયા. વરસાદ તત્ક્ષણ બંધ થઈ ગયો, પરંતુ કેવળ બોચાસણ પૂરતો જ! હા, બોચાસણનાં અતિ નિકટવર્તી ડભાસી, રૂદેલ, ભારેલ, ધર્મજ, બોરસદ વગેરેમાં તો આ સમયે ધોધમાર વરસાદ ખાબકી રહ્યો.

આ ઉલ્લેખ સ્વામીશ્રીએ પોતાની આશીર્વર્ષામાં પણ કર્યો કે 'વરસાદની સીઝન (ઋતુ) છે એટલે એના કામ માટે આપણે તેનો અનાદર ના કરવો જોઈએ. ચારેય બાજુ વરસાદ છે, પણ અહીંયાં ભગવાને ભક્તિ કરવા માટે અને ઉત્સવ ઊજવવા માટે દયા કરી છે.'

સ્વામીશ્રીના આ પ્રૌઢ પ્રતાપને નજરે નિહાળનારા સૌ આનંદ અને આશ્ચર્ય સાથે વીખરાયા. તેઓ માટે આ અનુભવ ગુરુપૂર્ણિમાની વિરલ પ્રસાદી બની રહ્યો.

ક્ષમાવંત તમે ખરા

તા. ૧૮/૭ના રોજ બોચાસણથી ગાના થઈને આણંદના ઇરમા સંકુલમાં આવી પહોંચેલા સ્વામીશ્રીની નિશ્રામાં અહીં યુ.કે.-યુ.એસ.એ.નાં કિશોર-કિશોરીઓની શિબિરનો દીપ પ્રગટી ઊઠ્યો. વૅકેશનની મોજમજાને ઠોકરે ચડાવી ભારતની ભવ્યતા અને સંપ્રદાયની અસ્મિતાને પોતાના કણ-કણમાં ઘૂંટવા દોડી આવેલા આ શિબિરાર્થીઓ પર સ્વામીશ્રી ખૂબ રાજી હતા. સંકુલના ચૅરમેન ડૉ. કુરિયન પણ સ્વામીશ્રીના આગમનથી અત્યંત ઉત્સાહિત હતા. અત્રે સ્વામીશ્રીનો જ્યાં નિવાસ હતો તે ઓરડાની સ્વચ્છતા અને સુવિધા આ પ્રતિષ્ઠિત મહાનુભાવે જાતે તપાસી તેને આખરી ઓપ આપેલો. શિબિર સ્થળની સગવડ જાળવવામાં પણ તેઓએ કોઈ કસર છોડી નહોતી.

આવા સાનુકૂળ સંજોગોમાં ૧૫-૧૭ વર્ષીય ૨૦૦ શિબિરાર્થીઓને સ્વામીશ્રી સંસ્કૃતિ, સત્સંગ, સમજણ, સત્પુરુષ અને સંસ્થા સંબંધી અમૃત-ધારાઓનું પાન કરાવવા લાગ્યા. સભાના સમય ઉપરાંત સ્વામીશ્રીનાં ભોજન તથા ભ્રમણ સુધી આ શિબિરનું સૂત્ર લંબાતું. તે વખતેય સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી, વાર્તાલાપ, રમત-ગમત દ્વારા સૌ શિબિરનો સાર સંઘરતા જતા.

આ ક્રમમાં તા. ૨૩/૭ની સાંજે સ્વામીશ્રીના ભ્રમણ વખતે એક કિશોર શાસ્ત્રીજી મહારાજે વેઠેલા ભીડાની વાત કરતાં બોલ્યો: 'શાસ્ત્રીજી મહારાજને

સારંગપુરમાં કોઈ છાશ ન આપે, તો તે લેવા લાઠીદડ જવું પડતું.'

આના અનુસંધાનમાં, સાયંભ્રમણથી પરવારેલા સ્વામીશ્રીને બ્રહ્મતીર્થદાસ સ્વામીએ કહ્યું : 'બાપા ! તે જમાનામાં શાસ્ત્રીજી મહારાજને કોઈ છાશ નહોતું આપતું, પણ આજની તારીખે સારંગપુરના આપણા મંદિર દ્વારા રોજ ૧,૨૦૦ લિટર છાશનું વિતરણ થાય છે. તેનો લાભ બોટાદથી માંડીને બરવાળા સુધીનાં ગામો લે છે.'

'સારું, આપજો. ખૂબ પ્રેમથી આપજો, છૂટથી આપજો. એમના વડવાઓનો ઉદ્ધાર થઈ જાય ને !' સ્વામીશ્રી બોલ્યા.

વિરોધીઓને પણ ભુક્તિ-મુક્તિની છૂટે હાથે લહાણ કરતા તેઓના આ ઉદ્‌ગાર સાંભળી સૌના હોઠેથી *'ક્ષમાવંત તમે ખરા...'*નો અહોભાવ સરી પડ્યો.

શ્રુતવાનમાં શ્રેષ્ઠ

પરદેશી કિશોર-કિશોરીઓની શિબિર દરમ્યાન ઇરમા સંકુલના જુદા જુદા વિભાગોને પોતાનાં પગલાંથી પ્રસાદીભૂત કરનારા સ્વામીશ્રીએ આ પરિસરના કર્મચારીઓ અને અધિકારીઓની સભા ભરી તેઓને પણ અમૃતધારાનું આચમન કરાવ્યું. તેની સાથે ઇરમાની સમીપવર્તી ખેતીવાડી કૉલેજમાં ઊભેલી વિદ્યા ડેરીનેય લટકાનો લાભ મળી ગયો.

આમ, ઠેકઠેકાણે વહેતાં વહેતાં તા. ૨૩/૭ના રોજ પૂર્ણાહુતિના આરે પહોંચેલી આ પરદેશની શિબિરને અડોઅડ તા. ૨૪/૭થી પર-પ્રાંતના કાર્યકરો માટે દિવ્ય સંનિધિ પર્વનો પ્રારંભ થયો.

તે માટે વિદ્યાનગરના છાત્રાલયમાં પધારેલા સ્વામીશ્રીનો સત્સંગ માણવા ગુજરાત સિવાયનાં ૧૮ રાજ્યોમાંથી ૫૬૭ કાર્યકર્તાઓ ઉપસ્થિત થયેલા. તે તે રાજ્યોમાં વિચરતા સંતો પણ આ પર્વમાં સામેલ હતા. 'सोलह आनी पक्का' વિષયક આ શિબિરમાં સતત ચાર દિવસ સુધી લાભ આપી સ્વામીશ્રીએ સૌને *'નિત્ય વાતો નવી નવી થાય, સુણી આનંદમાં દિન જાય...'*નો અનુભવ કરાવી દીધો.

આ અનુભૂતિને નાસિકવાસીઓના જીવનમાં કાયમી કરવા તેઓએ તા. ૨૬/૭ના રોજ આ નગરના નવનિર્મિત સંસ્કારધામમાં બિરાજનારી મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કર્યાં.

બરાબર આ જ સમયગાળામાં અમેરિકાના એડિસન મુકામે રાષ્ટ્રીય

સ્વયંસેવક સંઘ અને વિશ્વ હિંદુ પરિષદના સહયોગથી વૈશ્વિક ધર્મ પરિષદ યોજાયેલી. કાંચીના શંકરાચાર્ય, શ્રી દલાઈ લામા, શ્રી અબ્દુલ કલામ જેવી વૈશ્વિક પ્રતિભાઓનો લાભ મેળવી ચૂકેલી આ પરિષદની પૂર્ણાહુતિ તા. ૨૭/૭ના રોજ હતી. આ અવસરને સ્વામીશ્રીએ લાઇવ વીડિયો કૉન્ફરન્સની સુવિધા દ્વારા આશીર્વાદ આપી ધન્ય કર્યો. આ પ્રસંગે તેઓએ વીસ મિનિટ સુધી ઉચ્ચારેલા પ્રવચનનો ઘણો જ પ્રભાવ પડ્યો.

એ પ્રભાવમાં તા. ૨૯/૭ની સાંજે સ્વામીશ્રીના એક આગવા સદ્‌ગુણની સુગંધ ભળી. આ સમયે ટ્રેડમિલ મશીન પર વૉકિંગ કરી રહેલા તેઓ સમક્ષ વંચાતા ગ્રંથમાં વિગત આવી કે – *'આચાર્ય શ્રીપતિપ્રસાદજીની નવી નિમણૂક સં. ૧૯૬૨, વૈશાખ સુદ ૭, તા. ૨૬/૪/૧૯૦૯ના દિવસે થઈ હતી. એ પછી આઠ માસ વીતી ગયા હતા ત્યારે તેઓ કોઠારી સ્વામી પ્રત્યે પોતાના સેવક ગોકળદાસ પાસે લખાવે છે - સં. ૧૯૬૬, પોષ વદ ૧૦, તા. ૪/૨/૧૯૧૦...'*

આ સાંભળી સ્વામીશ્રીએ વાંચન કરનારા સંતને કહ્યું: 'કંઈક ભૂલ લાગે છે. ફરી વાંચો.'

તેથી પુનઃ વાંચન થયું. છતાં કોઈને ખ્યાલ ન આવ્યો. છેવટે તલસ્પર્શી તપાસ કરતાં માલૂમ પડ્યું કે આચાર્ય શ્રીપતિપ્રસાદજીની નિમણૂક સં. ૧૯૬૨માં નહીં, પણ સં. ૧૯૬૫માં થયેલી. તેથી તેને આઠેક માસ વીતતાં સં. ૧૯૬૬માં પત્ર લખાવ્યાની વિગતનો તાળો પણ મળી ગયો. ચાલતાં-ચાલતાં સાંભળી રહેલા સ્વામીશ્રીએ પલકવારમાં ઝડપેલો આ મુદ્રણદોષ જોઈ સૌ ચકિત થઈ ગયા.

કાર્યકરોએ કોઈ કામમાં ઢીલા ન પડવું

તા. ૩/૮ની સવારે અલ્પાહાર લઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ વાસણા ગામના એક પ્રજાપતિ યુવાને પોતાનો પરિચય આપી પ્રાર્થના કરી કે 'બાપા! હું ધોરણ-૧૨માં છું. મારે મોટા થઈને રાષ્ટ્રપતિ બનવાની ઇચ્છા છે.'

આ સાંભળી કો'ક બોલ્યું: 'પ્રજાપતિમાંથી આને રાષ્ટ્રપતિ બનવાની ઇચ્છા છે!'

આ ટોણાથી સૌ હસી પડ્યા, પરંતુ સ્વામીશ્રીએ એ યુવાનને સંબોધતાં કહ્યું: 'થઈ શકાય હોં! અબ્દુલ કલામ માછીમારના દીકરા હતા. તેમાંથી રાષ્ટ્રપતિ થયા છે. તો તું કેમ ના થાય? ભગવાનને સંભારે તો તું પણ થાય!

પણ એના જેવી મહેનત કરવી પડે.' આટલું કહી સ્વામીશ્રીએ એક કૂંપળને કરમાતી બચાવી લીધી.

તેઓ કદી જ્ઞાતિ-જાતિ, શિક્ષણ-સંપત્તિ, વેશ-દેશ જેવાં બાહ્ય પરિબળો પરથી વ્યક્તિનું માપ ન કાઢતા. સૌને આત્મારૂપે જ દેખતા સ્વામીશ્રીને એક-એક વ્યક્તિ ઇતિહાસ સર્જવા સક્ષમ જણાતી. તેથી તો તેઓનાં વક્તવ્ય કે વાર્તાલાપમાં કદી મોળી વાત સાંભળવા ન મળતી.

તે વડે આજે એક યુવાનનો આતમદીપ સંકોરી આણંદના મંદિરે પહોંચેલા સ્વામીશ્રીએ અહીં યોજાયેલી કાર્યકર સભાને પણ શૂરવીરતાના સૂરથી ગુંજાવતાં કહ્યું :

'કાર્યકરોને કાર્ય કરવામાં નરમ થઈ જવાય છે, ઢીલાશ આવી જાય છે, પણ આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજને આપણા કરતાં ઘણાં વિઘ્નો આવ્યાં છે, છતાં કોઈ દિવસ મોળો વિચાર આવ્યો નથી કે 'હવે આપણે આ કાર્ય નથી કરવું. સત્સંગ થવો હોય તો થાય, નહીંતર કાંઈ નહીં!' આપણને તો કોઈ બોલી જાય તો મન પાછું પડી જાય; પણ એમને તો ઢગલાબંધ અપમાન થયું છે. માટે આવી બધી ઉપાધિઓથી આપણું મન પાછું પડવા દેવું ન જોઈએ. ગામનું સારું કામ હોય તો તેમાં પણ ચાર-પાંચ અડચણિયા તો હોય જ, પણ આપણે સારા કામમાં યાહોમ થવું જોઈએ.

મને કોઈ મદદ નથી, મને કોઈ સાથ આપનાર નથી – એમ નિરાશ ન થવું. અરે! તું એકલો છું તોય બસ છે. તું એકલો જ ફરીશ તો તારી પાછળ હજારો ફરશે. શાસ્ત્રીજી મહારાજ બે-પાંચ સંતો લઈને નીકળ્યા, તો આજે લાખો હરિભક્તો નીકળી પડ્યા કે નહીં?! ભગવાન અને સંતનું બળ આપણે રાખવું, તો કાર્ય થશે જ! બધા કાર્યમાં આપણો પહેલો નંબર આવવો જોઈએ. સત્સંગ શિક્ષણ પરીક્ષામાં ઢીલા પડાય છે, માટે ખબરદાર રહેવું.

સરદાર વલ્લભભાઈ પટેલને લોખંડી પુરુષ કહે છે. ભાષણ આપે તો મડદાં ઊભાં થઈ જાય. એટલી બધી તાકાત શાથી? શ્રીજીમહારાજનો જોગ, શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ! ભાઈકાકાએ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ લઈને કાર્ય કર્યું તો આજે સરદાર પટેલ યુનિવર્સિટી થઈ ગઈ. એ અને ભીખાભાઈ આંબા નીચે બેસીને શાસ્ત્રીજી મહારાજને વિદ્યાનગરનો નકશો બતાવતા હતા. એમને વિચાર આવ્યો કે 'કામ કરવું જ છે', તો જ્યાં ઘાસ ઊગતા'તા ત્યાં કૉલેજ થઈ ગઈ.

એમ આપણે ધારવાનું છે કે 'આ સત્સંગ વધારવો છે.' માટે મોળી વાત ક્યારેય કરવી નહીં, મોળો સંકલ્પ ન કરવો. ન શું થાય? થાય. થોડું કષ્ટ પડે, પણ ધાર્યું, લીધેલું કામ થઈ જ જાય છે. કાર્યકરોએ કોઈ કામમાં ઢીલા ન પડવું; જે કાર્યક્રમ આવે તે બરોબર વ્યવસ્થિત કરવો જોઈએ.

નિયમ પણ બરાબર પાળવા. આપણા મંદિરનું ગૌરવ વધે, આપણા ઈષ્ટદેવનું ગૌરવ વધે, આપણા ગુરુનું ગૌરવ વધે એવું આપણે રહેવું જોઈએ. એ રીતે કાર્ય કરવું જોઈએ. એમાં કોઈ જોખમ નથી.

બીજાને નિષ્ઠાની વાત કરવામાં આપણે કસર ન રાખવી. કાર્યકર્તાઓ જ્યાં જ્યાં જાય ત્યાં એવી વાત કરવી કે સામાની છાતી ફાટી જાય અને સત્સંગી થઈ જ જાય.'

આત્માના મિત્ર

તા. ૩/૮ની સવારે આણંદમાં કાર્યકર સભાને સંબોધી સ્વામીશ્રી મંચની ધારે આવ્યા ત્યારે ત્યાં ત્રણ કિશોરોએ એક કાર્ડ બતાવતાં કહ્યું : 'બાપા ! આજે વિશ્વ મિત્ર દિન.'

'એટલે ?'

'ફ્રેન્ડશિપ ડે.'

'આપણે તો જન્મ્યા ત્યારથી મિત્રતા છે.' સ્વામીશ્રી બોલ્યા.

હા, તેઓ હતા – કિશોરોના આજન્મ અને આજીવન મિત્ર. એ મિત્રતાના દાવે જ તેઓએ પેલા ત્રણ કિશોરોના મિષે સત્સંગમાં ઊછરતી સમસ્ત કિશોર પેઢીને ઉદ્દેશી વાત કરવા માંડી કે –

'આપણે ભગવાન ને સંત સિવાય કોઈની સાથે મિત્રતા ન કરવી. અહીં કાર્ડમાં લખીએ, પછી બીજા જોડે હાથ ઝાલીને ચાલવા માંડીએ. માટે આપણે કોઈને કાર્ડ-કાગળિયાં આપીને મિત્રતા વધારવી નહીં. આપણે તિલક-ચાંદલો કરીએ ને કાર્ડ આપીએ તે સારું લાગે? આપણી સંપૂર્ણ મર્યાદા અને નિયમ-ધર્મ સાચવીએ તો આપણી મહત્તા છે. ભણતા હોઈએ ને છોકરીઓ સાથે ફ્રેન્ડશિપ થઈ જાય એ ખોટું છે. આપણે મા-બાપ જેમ કહે તેમ કરવાનું. અત્યારે તો ભણવામાં જ ધ્યાન આપો.'

મૈત્રીભાવનું આવું પવિત્ર ઝરણું સ્વામીશ્રી આજની સાંજે નડિયાદ પધાર્યા ત્યારે અહીં પણ ફૂટી નીકળ્યું. અત્રે તેઓના રાત્રિભોજન બાદ

છાત્રાલયના બાર યુવાનોને ઊભા કરવામાં આવ્યા. આ મંડળીએ સ્વામીશ્રીની ૮૩ વર્ષની ઉંમરને અનુલક્ષી ૮૩ કલાકનું મૌનવ્રત ધારેલું. તેઓનો પરિચય આપતાં ત્યાગપ્રકાશદાસ સ્વામી બોલ્યા : 'બાપા ! આ લોકો...'

'આ લોકો એમ ન કહેવાય, આપણા કહેવાય.' સ્વામીશ્રીની કેવી આત્મીયતા ! તેનો ઉછાળ તા. ૫/૮ના રોજ વધુ તીવ્ર બન્યો.

આ દિવસે પરદેશથી આવેલા કિશોર શ્રી સંદીપ પટેલે સ્વામીશ્રીને કહ્યું : ''બાપા ! મને મૂંઝવણ અને ગભરામણ થાય છે કે 'આપ તો અક્ષરબ્રહ્મ છો ને હું તો સામાન્ય જીવ !' તમારી સાથે કેવી રીતે વાત કરું ?''

'આપણે તો મિત્ર છીએ. ભગવાન અને સંત સાથે વાત કરીએ ત્યારે મિત્રભાવે વાત કરવી. શાંતિથી વાત કર.' આટલું બોલી સ્વામીશ્રીએ જણાવ્યું : 'અક્ષર છે ને બહુ મહત્ સ્વરૂપ છે – એવું ન વિચારવું. આત્માના મિત્ર છે એમ માનીને વાત કરવી.'

'કોટિ બ્રહ્માંડ રહે જેને રોમ...' એવા અક્ષરબ્રહ્મ સ્વામીશ્રીએ જેને 'આપણા' અને 'મિત્ર' માનેલા એ સત્સંગી કિશોરો-યુવાનોનાં સદ્‌ભાગ્યની સીમાનું તો શું કહેવું !

એક સેકન્ડ પણ મોડું થાય તો તે આળસુ

તા. ૫/૮ની સાયંસભામાં નડિયાદના કિશોરો દ્વારા સ્વાવલંબનનો સંદેશ આપતો પ્રેરક કાર્યક્રમ રજૂ થયો, પરંતુ એથીયે વધુ પ્રેરક અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ઘણા છોકરાઓ આજે આગળ વધવાના વિચારો કરે, પણ કામ કરવામાં આળસનો ઢગલો. તે આગળ વધી ન શકે. જે કામ કરવાનું હોય તે તત્કાળ કરી લેવું જોઈએ. એક દા'ડાનું કે એક મિનિટનું પણ મોડું ન થવું જોઈએ. એક સેકન્ડ પણ મોડું થાય તો તે આળસુ કહેવાય. જે આળસ મૂકીને બરાબર વર્તે છે તેને બધી રીતે સુખ-શાંતિ થઈ જાય છે. આળસુ માણસની ક્યારેય પ્રગતિ ન થાય.

દરેકે સત્સંગનું સાહિત્ય પણ વાંચવું જોઈએ, પણ આપણને આળસ છે કે 'જોગી મહારાજે થાપો મારી દીધો એટલે આપણું કામ થઈ જશે,' પણ કામ થશે નહીં. થાપો માર્યો છે એટલા માટે કે તમે એનાં નિયમ-ધર્મ, આજ્ઞા-ઉપાસના દૃઢ કરો. વચનામૃત બે વાંચવાનાં હોય તો વાંચી જ લેવાનાં. સ્વામીની

વાતો વાંચવાની, માળા કરવાની, પૂજા કરવાની. તે બધું દરરોજ કરવું.'

કર્મઠતાનો આ પાઠ ભણાવી ઉતારે પધારેલા સ્વામીશ્રીના જીવનમાં આ સદ્‌ગુણ તા. ૭/૮ની સવારે તેની ચરમસીમાએ જોવા મળ્યો.

આ સમયે પ્રાતઃપૂજાથી પરવારેલા તેઓ અલ્પાહાર માટે ભોજનખંડમાં ન પ્રવેશતાં બારણે જ ઊભા રહી ગયા અને કેવળ દૂધ સાથે રોજની ગોળીઓ લેવા રુચિ જણાવી. તેથી કથળેલા સ્વાસ્થ્યનું અનુમાન થતાં તેઓને સુવડાવી તપાસ કરી ત્યારે ખબર પડી કે સ્વામીશ્રીનું શરીર ૧૦૨ ડિગ્રી તાવમાં શેકાઈ રહ્યું છે! આજે તેઓને પ્રાતઃભ્રમણ, મંદિર-દર્શન અને નિત્યપૂજા કરતા જોઈ કોઈ તેઓની આવી ગંભીર પરિસ્થિતિ કળી શક્યું નહોતું. સ્વામીશ્રીનું કેવું આત્મબળ!

ધર્મ ન ત્યાગે આપત્કાળ રે

સ્વામીશ્રીના શરીરને પીંખી રહેલા તાવની સાથે ઝાડા-ઊલટીના ઉપદ્રવે પણ કેર મચાવવાનું શરૂ કરતાં ધીરે ધીરે ઘટવા માંડેલું બ્લડ પ્રેશર રાત્રે પોણા નવ વાગ્યે તો ૬૦/૩૦ જેટલું નીચે ઊતરી ગયું. તેથી સ્વામીશ્રીના ડાબા હાથે ત્રિમાર્ગીય(3 way) વેનફ્લોન જડવામાં આવ્યું. તે દ્વારા નસની અંદર દવા અને જરૂરિયાત મુજબ ગ્લુકોઝ દાખલ કરવાનું શરૂ થયું. આ ઉપચારથી થોડા સમયે પરિસ્થિતિ કંઈક થાળે પડતાં તબીબોએ સ્વામીશ્રીને અલ્પ માત્રામાં જમવા કહ્યું. તે બાબતે સ્વામીશ્રીએ સંમતિ આપતાં તૈયાર થયેલી ખીચડી પલંગની ધારે બેઠેલા સ્વામીશ્રી સમક્ષ ટેબલ પર મુકાઈ. તે આરોગવા સૌએ વિનંતી કરી ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું: 'શ્લોક બોલ્યા?'

જ્યારે બીમારીથી કાયા કંતાઈ રહી છે ત્યારે પણ સ્વામીશ્રીના ગળે ભોજનમંત્ર બોલ્યા વિના એક કણ ન ઊતરી શક્યો, તો કોળિયા તો ક્યાંથી ઊતરે? દર વખતની જેમ આ વખતની માંદગીએ પણ તેઓના મહિમાનું એક નવું પાનું ઉઘાડી આપ્યું!

આ પાના પર તા. ૮/૮ની સવારે આગવા જ અક્ષર અંકાયા.

આ સમયે સ્નાનાદિથી પરવારી સોફા પર બિરાજેલા સ્વામીશ્રીને ડૉક્ટરે પૂછ્યું: 'આજે નાસ્તામાં શું લેશો?'

'ખીચડી.' કો'ક આમ બોલ્યું ત્યાં જ તે તરફ સ્વામીશ્રીની નજર ફરી. એ આંખોમાં કચવાટ અને કુરાજીપો હતા, કારણ કે આજે એકાદશી હોવા

છતાં ખીચડી આરોગવાનો પ્રસ્તાવ મુકાયેલો!

પરંતુ સેવકે સ્પષ્ટતા કરી કે 'એ તો ફરાળી ખીચડીની વાત કરે છે!'

આ સમયે જ કોઈક નાદાનનું અતિજ્ઞાન ટપક્યું કે '૮૦ વર્ષ પછી ધર્મામૃત પ્રમાણે વિધિ-નિષેધ લાગુ ન પડે.'

આ તંતને ઝાલતાં ડૉક્ટરે સ્વામીશ્રીને કહ્યું કે 'હવે આપે આ એકાદશીએ ખીચડી લેવામાં વાંધો નહીં.'

પરંતુ 'નથી ચલાવ્યું આગળવાળાએ (શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે)...' કહી સ્વામીશ્રીએ આ તંતનો અંત લાવી દીધો.

છતાં ડૉક્ટરે આગ્રહ જારી રાખ્યો કે 'આ તો શાસ્ત્રમાં લખ્યું છે ને!'

'તોય શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ છેક સુધી વર્ત્યા છે. ક્યારેય નિયમ લોપ્યો નથી.'

'પણ તમારે તબિયતને કારણે...'

'તબિયત તો ચાલ્યા કરે ને જયા કરે.' સ્વામીશ્રીએ કહ્યું.

માંદગીને કારણે તેઓનો સ્વર શિથિલ હતો, પણ તેમાંથી ઊઠતા ધર્મપાલનના નિર્ધારનો રણકાર તો નક્કર જ અનુભવાયો.

હોદ્દો નહીં, સાધુતા અગત્યની છે

શરીરમાં કસર હોવા છતાં તા. ૮/૮ની સવારે સ્વામીશ્રી મંદિરે દર્શન માટે જવા તત્પર થતાં ખુરશી તેઓના ઉતારાની બહાર લાવવામાં આવી, પરંતુ સ્વામીશ્રી તેમાં ન બેઠા. ઠાકોરજીની શક્ય એટલી વધુ મર્યાદા જાળવવા હંમેશાં પ્રયત્નશીલ રહેતા તેઓ ઉતારેથી મંદિરનાં પગથિયાં સુધી ચાલતાં જ ગયા. અહીંથી ખુરશીમાં બેસી તેઓ ઠાકોરજી પાસે પહોંચ્યા ત્યારે અત્રે પવિત્રા એકાદશી નિમિત્તે કલાત્મક હિંડોળો તૈયાર થયેલો. તેમાં બિરાજેલા ઠાકોરજીને ઝુલાવી સ્વામીશ્રી ધીરે ધીરે ત્રણ પ્રદક્ષિણા ફર્યા.

તે પછી ઉતારે પાછા વળતાં ખુરશી તૈયાર હતી, છતાં તેમાં ન બેસતાં તેઓ સંતોનો ટેકો લઈ પગથિયાં ઊતરવા લાગ્યા, પરંતુ અધવચ્ચે પહોંચ્યા ત્યાં તેઓએ ધીમા અવાજે કહ્યું: 'ખુરશી લાવો.' શારીરિક અશક્તિને કારણે તેઓને ન છૂટકે ખુરશીમાં બેસી જવું પડ્યું.

આવી પરિસ્થિતિમાં પણ કથા-વાર્તા કરવાનો સ્વામીશ્રીનો ઉત્સાહ મંદ પડતો નહોતો. તેથી તેઓએ તા. ૧૧/૮ની સવારે મંદિર તથા છાત્રાલયના

વ્યવસ્થાપક સંતોને માર્ગદર્શન આપતાં કહ્યું :

'આપણે નિર્માની થઈને, સેવક થઈને કાર્ય કરવું. આપણે નથી ભંડારી, પૂજારી, કોઠારી. આપણે હોદ્દાનું અભિમાન ન હોવું જોઈએ. હોદ્દો અગત્યનો નથી, સાધુતા અગત્યની છે.

બધાને પ્રેમથી રમાડવા, જમાડવા. છોકરાઓ(છાત્રો)ને સમાન રીતે જોવા. બે વહાલા અને બે દવલા નહીં! બેનું રાખીએ ને બેનું નહીં, એવો ભેદભાવ ન રાખવો. બધા સરખી રીતે આગળ વધે, સરખી રીતે સચવાય તે જોવું. એવું નથી કે ચલાવી લેવું. આપણી મર્યાદા પ્રમાણે ન ચાલતા હોય તો નોટિસ આપવી. તેનાં મા-બાપને પણ જાણ કરવી. છોકરો છાત્રાલયમાંથી નીકળે એટલે એને છાત્રાલય સાંભરવું જોઈએ. એને સંસ્કાર મળે, સારી રીતે અભ્યાસ થાય, શાંતિ થાય એ રીતે આપણી વાણી, વ્યવહાર અને સંભાળ હોવાં જોઈએ.'

સ્વામીશ્રીએ આજે જે કહ્યું તે તેઓએ તા. ૧૨/૮ના રોજ પાળી પણ બતાવ્યું. આ દિવસે ઊગેલા રક્ષાબંધનના પરોઢે તેઓ લાભ લેવા આવેલા પરદેશના કિશોરોને સામેથી બોલાવી રાખડીઓ બાંધવા લાગ્યા. આ કૃપાથી ગદ્‌ગદ એક કિશોર શ્રી ભાવેશે પ્રાર્થના વહાવી કે 'બાપા! અમારી સાથે અખંડ રહેજો.'

'તેના માટે તો રાખડી બાંધીએ છીએ. અમેરિકા જઈને પછી છૂટી ન જાય એ જોજો. અમેરિકાના ખરાબ વાતાવરણથી ભગવાન રક્ષા કરે, વ્યસન-કુસંગ લાગી ન જાય તે રક્ષા કરે. ઘણા દહાડાથી ભેગા રહ્યા.'

'બાપા! આપે ઘણું સુખ આપ્યું.'

'એમાં તમને કોઈ ભીડો પડ્યો હોય તો માફ કરજો. બધા રાજી રહેજો. કથા-વાર્તા, કીર્તન-ભજન કરજો. બાળ મંડળ, કિશોર મંડળની સેવા કરજો. આવો ને આવો ભપકાબંધ તિલક-ચાંદલો કરજો. તમે જે શીખ્યા છો તે બીજાને પણ શિખવાડજો.'

આમ બોલતાં-બોલતાં એક પછી એક કિશોરના કાંડે રાખડી બાંધી રહેલા સ્વામીશ્રીના સ્નેહસૂત્રથી કિશોરોનાં હૈયાં પણ બંધાઈ ગયાં.

પ્રીતિ પ્રભુપદમાં બહુ રાખે

તા. ૧૨/૮ની સાંજે નડિયાદથી ભરૂચ પહોંચેલા સ્વામીશ્રીનું ઉષ્માસભર

સ્વાગત કરતાં સ્થાનિક ભક્તોએ તેઓને જાણે ભૃગુ ઋષિના આશ્રમમાં પધરાવ્યા. મંચ પર રચાયેલી પ્રાચીનકાલીન આ શોભાને સાર્થક કરી સ્વામીશ્રી નિજનિવાસમાં પધાર્યા ત્યારે અત્રે રાત્રિભોજન બાદ તેઓને મંદિરની મૂર્તિઓ માટે તૈયાર કરાયેલા મુગટ બતાવવામાં આવ્યા. ચાંદી પર સુવર્ણજળ ચઢાવી બનાવેલા આ મુગટ-સંપુટમાંથી ઘનશ્યામ મહારાજનો મુગટ હાથમાં લેતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'કેટલું વજન છે ?'

'ત્રણ કિલો અને સાતસો ગ્રામ.' મુગટ બનાવનારા પંકજભાઈ સોનીએ કહ્યું.

તે સાંભળી આશ્ચર્ય પામતાં સ્વામીશ્રી બોલ્યા : 'ભગવાન વજન ખમી શકશે ?'

'વજન તો છે, પણ છૂટકો નથી, કારણ કે મુગટની નકશી એવી છે કે...'

'એમ નહીં ! તમારા માથા પર મૂકો તો તમે કેટલી મિનિટ રાખશો ? यथा देहे तथा देवे । જો આપણને વજન લાગતું હોય તો ભગવાનને માથે વજન ન આવે ? ભગવાનના માથે વજન ન આવે એવું કરવું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓ મંદિરની મૂર્તિઓને પાષાણ કે પિત્તળના પ્રકારરૂપે નહીં, પણ સાક્ષાત્ શ્રીજીમહારાજ જ સમજતા.

સહુ જનને કરવા છે સુખી રે

તા. ૧૫/૮ની સવારે સ્વામીશ્રીએ મંદિરના પ્રાંગણમાં શિસ્તબદ્ધ ગોઠવાયેલા સ્વયંસેવકો, સત્સંગીઓ અને સુરક્ષા કર્મચારીઓની ઉપસ્થિતિમાં રાષ્ટ્રધ્વજ લહેરાવી દેશભક્તિનું મોજું પ્રસરાવી દીધું. એ લહેરાતા ધ્વજને સલામી આપી તેઓએ રાષ્ટ્રગીતના ગુંજન બાદ પોતાની અમૃતધારા વહાવતાં કહ્યું :

'નેતાઓનો પુરુષાર્થ, ભગવાનની કૃપા અને મોટાપુરુષના આશીર્વાદથી આપણને સ્વતંત્રતા પ્રાપ્ત થઈ છે. એમણે (તત્કાલીન રાષ્ટ્રીય નેતાઓએ) આપણને સાદાઈનો, નીતિ-નિયમનો, સર્વમાં સદ્ભાવનો ઘણો મોટો વારસો આપ્યો છે, પણ તેમાં યોગીજી મહારાજનો જે સિદ્ધાંત છે – સંપ, સુહૃદભાવ અને એકતા – તે જો ભારતના તમામ મનુષ્યોમાં દૃઢ થાય તો બીજી ગમે તેવી શક્તિ હશે તે કામ કરી શકશે નહીં.

આપણી અંદર રાગ-દ્વેષ, મારું-તારું ને અહં-મમત્વ છે તેને લઈને

આપણે ઘણા પાછળ પડીએ છીએ. ભારત દેશની અસ્મિતા આપણને હોવી જોઈએ. આ દેશ મારો છે. દેશને માટે આપણે મરી ફીટવાનું છે. દેશને માટે જે કરવું ઘટે તે કરીને આપણા દેશને સુખી, સમૃદ્ધ અને ધર્મવાન બનાવવાનો છે.

ભગવાનને પ્રાર્થના કરીએ કે આવા વિચારો નેતા, કાર્યકર્તા, ઉદ્યોગપતિ, પ્રજા, શિક્ષણ વગેરે દરેક ક્ષેત્રના મનુષ્યોમાં આવે. પોતાનો સ્વાર્થ મૂકીને દેશને માટે કાર્ય કરીએ. હિંદુ ધર્મનું સર્વ પ્રકારે રક્ષણ થાય તે પ્રાર્થના.'

રાષ્ટ્રની આચારસંહિતા બની રહે એવો આ સંદેશ આપી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે અત્રે તા. ૧૬/૮ની સવારે આવેલા એક સદ્‌ગૃહસ્થ પગે લાગતાં જ બોલવા લાગ્યા: 'સત્યનો સદા જય થાઓ... અસત્યનો વિનાશ થાઓ... અસત્ય કરનારાઓનો પણ વિનાશ થાઓ...'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ કહ્યું: 'સૌની બુદ્ધિ સારી થાય – એવું બોલો. તેનો વિનાશ થાય તેમ કહો તો તેય એવી પ્રાર્થના કરે. તેના કરતાં સૌનું સારું થાય એવો સંકલ્પ કરવો.'

સ્વામીશ્રીના જીવનમાં *'સહુ જનને કરવા છે સુખી રે, નથી રાખવા કોઈને દુ:ખી રે...'*ના વિચારનું વર્ચસ્વ રહેતું. તેથી તેઓ વૃત્તિને વખોડતા, વ્યક્તિને નહીં.

તપસ્વી ભક્તોને દંડવત્‌ની અંજલિ

નર્મદાનો તટ, શ્રાવણ મહિનો અને સ્વામીશ્રીનું સાંનિધ્ય – આ ત્રિવેણી સંગમમાં સ્નાન કરતાં કરતાં સપ્તાહનો સમય ક્યાં વીતી ગયો તેનો ખ્યાલ કોઈને ન રહ્યો અને સ્વામીશ્રી તા. ૧૯/૮ની સવારે ભરૂચથી વિદાય લઈ અટલાદરા પધાર્યા.

અહીં તેઓ બપોરે ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે સ્થાનિક કિશોરોએ કરેલાં વિશિષ્ટ વ્રત-તપનો અહેવાલ રજૂ થયો.

જો કે આ ક્રમ સ્વામીશ્રી જ્યાં પધારે ત્યાં જોવા મળતો. દરેક સત્સંગ-કેન્દ્રોમાં નાનકડા શિશુઓથી માંડી વયસ્ક બાઈ-ભાઈ સુધીનાં સૌ હોંશ-હરખથી ઉપવાસમાં ઉમેદવારી નોંધાવતાં. તેમાં અભ્યાસ, વ્યવસાય, વ્યવહાર, ઘરકામ વગેરેની દોડધામ કે શારીરિક તકલીફોની વણઝાર બાધારૂપ ન નીવડતી. બસ! *'પ્રસન્ન કરવા છે પ્રાણપતિને...'*ના ભાવને વશ સત્સંગ-સમુદાય એકટાણાથી લઈને સતત બાર દિવસના નિર્જળ ઉપવાસ કરવાના પારાક વ્રત

સુધીનાં તપમાં જોડાતો.

આવા ભક્તો પર વારી જતાં આજે સ્વામીશ્રી બોલ્યા : 'બધાંનું તપ જોઈને આપણને દંડવત્ કરવાનું મન થાય.'

વિશ્વભરમાં પથરાયેલા લાખો સત્સંગીઓએ કરેલી નાની-મોટી તપશ્ચર્યાને તેઓએ આપેલી આ અંજલિ ત્રિકાલાબાધિત છે. તેથી કહેવાનું મન થાય છે કે આજે પણ સ્વામીશ્રી તપસ્વી ભક્તોને અક્ષરધામમાંથી જરૂર દંડવત્ કરી રહ્યા હશે!

ભક્તોનો આવો મહિમા સમજનારા તેઓના સાંનિધ્યમાં તા. ૨૦/૮ના રોજ જન્માષ્ટમીનો ઉત્સવ આવી પહોંચ્યો. આ સમૈયાની વ્યસ્તતા વચ્ચે સ્વામીશ્રીએ આજની બપોરે ફરાળનો થાળ સામે મુકાયો ત્યાં સુધી મીટિંગો ચલાવી. તે પછી હાથમાં લીધેલો કોળિયો મોંમાં મૂકવા જઈ રહેલા તેઓએ સામે બેઠેલા એક સંત તરફ જોયું. એ નજરમાં 'શ્રીમદ્સદ્ગુણ... ભોજન-મંત્ર બોલાયો કે નહીં?'ની પૂછપરછ હતી. તેનો પ્રત્યુત્તર આપવામાં એ સંત ક્ષણભર ખચકાયા. એટલામાં જ સઘળું સમજી ગયેલા સ્વામીશ્રીએ હોઠ સુધી પહોંચેલો કોળિયો પાછો મૂકી દીધો. ભોજનશ્લોક બોલાયા પછી જ તે ગળા હેઠે ઉતાર્યો.

સ્વતઃ સિદ્ધ હોવા છતાં સ્વામીશ્રીએ સાધકની શૈલી જીવનપર્યંત ટકાવી રાખેલી.

વિચરણના ચાર ફાયદા

આ અરસામાં શ્રાવણ માસનું વિચરણ પૂરું કરીને સારંગપુરના સંતો સ્વામીશ્રી પાસે આવવા માંડેલા. આ એકેએક સંતનો અનુભવ રહેલો કે 'અમે જે જે ગામમાં ગયા ત્યાં સ્વામીશ્રી પૂર્વે પધારેલા જ હતા. એ વાત સાંભળી અમને ખૂબ બળ મળતું.' આ સૂર સંતોના અહેવાલ-કથનમાં વારંવાર ઘૂંટાતો રહ્યો.

તે સાંભળી તા. ૨૯/૮ના રોજ સ્વામીશ્રી બોલ્યા :

'આપણે તો ફરવાનો (વિચરણ કરવાનો) જ ધંધો છે ને! આપણા કરતાં શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કેટલું ફર્યા છે! આપણે તો વાહનમાં ફરીએ છીએ; એ તો પગે ચાલીને ફર્યા છે. વિચરણ કરવાથી સત્સંગ વધે, હરિભક્તો રાજી થાય, કથા-વાર્તા થાય ને ચોથું ઠાકોરજીની સેવા થાય –

આટલા ફાયદા થાય! માટે આવો ને આવો ઉત્સાહ કાયમ આપણે રાખવાનો. મંદિરમાં પડ્યા રહેવાની જરૂર નથી. જ્યારે આવી રીતે શ્રાવણ મહિનામાં ફરવાનું થાય એ સિવાય પણ વર્ષમાં એકાદ વખત ફરી આવવું. સંતોનું વિચરણ રહેવું જોઈએ. પાંચસો સંતોએ ફરી ફરીને સત્સંગ કરાવ્યો. એમ બળ રાખવું. નદીનાં નીર વહેતાં ભલાં ને સંત ચલતા ભલા.'

પોતાની આ અનુભવસિદ્ધ જીવનશૈલી સંતોને શીખવી સ્વામીશ્રી આજની રાત્રે મુલાકાતો આપી રહેલા ત્યારે એક સત્સંગી યુવક પોતાના મિત્રને તેઓ પાસે લઈ આવ્યા. તે આગંતુક અંગ્રેજી દૈનિકના પત્રકાર હોવાનું જાણી સ્વામીશ્રીએ તેઓને કહ્યું: 'આપણે સારા અને સાચા સમાચાર છાપવા. ધાર્મિક હોય, સંસ્કારી હોય તેવું લેવું. રાજકારણનું ને એવું હોય તે પણ લેવું, પણ તેમાં ખોટું થાય એ સારું નહીં.'

સ્વામીશ્રીની આ વાત સાંભળી એ ખબરપત્રી આગળ વધ્યા ત્યાં સંતોએ તેઓને પ્રસાદ આપ્યો, પણ તે વખતે સ્વામીશ્રીએ એ સંવાદદાતાને વળી પાછા બોલાવી જણાવ્યું: 'તમને વધારે કહ્યું તેવું નથી લાગતું ને?!'

આટલું કહેતાં તેઓએ આ પત્રકારની છાતી પર પોતાના જમણા હાથની પ્રથમ આંગળી ચપ્પાથી કાપો મૂકતા હોય એ રીતે સહેજ દબાવતાં ફેરવીને કહ્યું: 'ઑપરેશનમાં આટલો કાપો જરૂરી હોય અને લાંબો મૂકે તો કેવું કહેવાય? તેમ સમાચાર આપવા, પણ સત્ય હકીકત જેટલી હોય તેટલી આપવી. વાતનું વતેસર ન કરવું. પ્રજાને સમાચાર આપવા તે એવી રીતે આપવા કે તેને દુ:ખ ન થાય.'

અખબારી આલમને તેની સામાજિક જવાબદારીથી સભાન કરતો આ સદુપદેશ પ્રત્યેક તંત્રીના ટેબલનો અધિકારી છે. સ્વામીશ્રી પીળા પત્રકારત્વ(yellow journalism)ના નહીં, પરંતુ પવિત્ર પત્રકારત્વના તરફદાર હતા.

हम तो सबका दास हैं

તા. ૩૦/૮ની સવારે આપણી સંસ્થા અને ભારત સરકારના આઈ.ટી. મંત્રાલય દ્વારા ૭૦૦ શાળાઓમાં માઈક્રોસોફ્ટ સોફ્ટવેરના નિઃશુલ્ક વિતરણનો કાર્યક્રમ યોજાયેલો. અનુદાનમાં અપાનારા આ એક-એક સોફ્ટવેર પૅકેટની કિંમત એક લાખ રૂપિયાની થતી હતી. આવાં ૭૦૦ પૅકેટના વિતરણથી

પ્રતિવર્ષ ધોરણ ૪ થી ૯ સુધીના ૨,૦૮,૩૪૦ વિદ્યાર્થીઓ લાભાન્વિત થવાના હતા. નવી પેઢીના શૈક્ષણિક ઉત્કર્ષનો આ સમારંભ ધન્ય કરી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે આજના અવસરે ઉપસ્થિત રહેલા આઈ.ટી. મંત્રાલયના સચિવ શ્રી લક્ષ્મીનારાયણન્ મળવા આવી પહોંચ્યા.

સ્વામીશ્રી સન્મુખ પાથરેલી જાજમ પર જ પલાંઠી વાળીને બેસી ગયેલા આ ઉચ્ચ પદાધિકારીએ વાતચીતમાં જાણ્યું કે 'આવતા વર્ષે જાન્યુઆરી માસમાં સ્વામીશ્રી દક્ષિણ ભારતની યાત્રાએ આવી રહ્યા છે.'

આ વિગતથી અતિ આનંદિત થતાં તેઓ બોલી ઊઠ્યા : 'કાંચી અને શ્રૃંગેરીના શંકરાચાર્ય સાથે મારા સારા સંબંધો છે. આપનું અત્યંત રોયલ (રજવાડી) સન્માન કરવાની ઇચ્છા છે.'

આ ઉમળકાનો સ્વામીશ્રીએ કોઈ પ્રતિભાવ ન આપતાં સંતોએ હસતાં-હસતાં પૂછ્યું : 'કેમ બાપા ! શાહી સન્માન નથી જોઈતું ?'

આ સમયે સ્વામીશ્રી પેલા સરકારી સચિવને કહેવા લાગ્યા : 'शंकराचार्य तो जगद्गुरु हैं। हम तो सबका दास हैं। सेवक भाव से काम करने आये हैं। हम सब जगह जाते हैं – ગામડે-ગામડે, પણ ऐसी (सन्मान की) इच्छा नहीं रखते।'

આ રીતે સન્માનમાં નહીં, પણ સેવા કરવામાં જ રસ ધરાવતા સ્વામીશ્રી તા. ૩૧/૮ની સાંજે અટલાદરાથી મહેળાવ પધારી ગયા.

લગ્ને-લગ્ને કુંવારા ન રહેવું

મહેળાવથી તા. ૧/૯ની સાંજે રામોલ અને કલોલી ગામોમાં સત્સંગ-લાભ આપી આવેલા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૨/૯ની સવારે મહેળાવના 'યજ્ઞપુરુષ વારિગૃહ'નું ઉદ્‌ઘાટન થયું. સંસ્થાકીય સહાયથી નિર્મિત બે લાખ લિટરની ક્ષમતા ધરાવતી આ ટાંકી દ્વારા ગામની સુખાકારીનું જતન થયેલું. તેથી કૃતજ્ઞતા વ્યક્ત કરતાં પંચાયતે મહેળાવના મુખ્ય પ્રવેશમાર્ગને 'શાસ્ત્રીજી મહારાજ માર્ગ' અને ગામના મુખ્ય ચોકને 'પ્રમુખસ્વામી મહારાજ ચોક' ઘોષિત કર્યા. આ અવસરે રાજ્યના પાણી-પુરવઠા મંત્રી, જિલ્લા વિકાસ અધિકારી સહિત ઘણા મહાનુભાવોએ ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી.

આ અનુભવ મહેળાવની જનતાને પણ કરાવતાં સ્વામીશ્રી તા. ૫/૯ની સવારે શાસ્ત્રીજી મહારાજના જન્મસ્થાને જવા નીકળ્યા. આ સ્થળ જે પોળમાં છે તેનું નામાભિધાન ગ્રામજનોએ હવે 'યજ્ઞપુરુષ પોળ' કરી દીધેલું. આ

નામાંકિત બૉર્ડનું પૂજન કરી પોળમાં પ્રવેશતાં પૂર્વે સ્વામીશ્રીએ પ્રવેશદ્વારનું પણ પૂજન કર્યું. ત્યારબાદ જન્મસ્થાને દર્શન કરી વિદાય થયેલા તેઓ રસ્તામાં પેટલાદના સંભવિત મંદિરની ભૂમિ પર દૃષ્ટિ કરતાં વિરોલ પહોંચ્યા.

અત્રે તેઓએ ગામના નવનિર્મિત મંદિરની મૂર્તિઓનાં પૂજન-આરતી કરી જેસરવાને પાવન કર્યું. અહીં નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને વિધિવત્ પ્રતિષ્ઠિત કરી આજની સાંજે રોજીદના રાધાકૃષ્ણ મંદિરમાં ધર્મલાભ આપતાં સ્વામીશ્રી રાત્રે સારંગપુર પધાર્યા.

આ પ્રાસાદિક ધરા પર તા. ૬/૯ના રોજ જળઝીલણી એકાદશીનો ઉત્સવ હિલોળા લેવા માંડેલો. તે નિમિત્તે ગામમાં થતી ઠાકોરજીની પધરામણી માટે સંતોએ કાષ્ઠની કલા-કોતરણીથી ઓપતી એક આકર્ષક પાલખી બનાવી હતી. તે આજની સવારે સ્વામીશ્રી સમક્ષ લાવવામાં આવી ત્યારે તેને જોતાંવેંત તેઓ બોલ્યા : 'બહુ સાંકડી ને ઊંડી છે. આમાં લોકોને ઠાકોરજીનાં દર્શન કેવી રીતે થાય ?'

બેનમૂન કલાસૂઝ ધરાવતા સ્વામીશ્રી હેતુલક્ષી પણ એટલા જ હતા. તેઓ કોઈ પણ બાબતમાં મુદ્દો માર્યો ન જાય તેનો ખૂબ ખ્યાલ રાખતા.

આ રીત સાથે તેઓએ પાંચેક હજારની ભક્તમેદની વચ્ચે ઉતાવળી નદીના નીરમાં જળઝીલણી એકાદશીનો ઉત્સવ ઊજવ્યો. તે દરમ્યાન જ તેઓએ બાહરીનના મંદિરમાં બિરાજનારી ચલમૂર્તિમાં પણ પ્રાણ પૂર્યા.

પરિવર્તિની એકાદશીના આ સમૈયાને અનુસરતાં આવતું શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિપર્વ સૌ માટે આકર્ષણરૂપ રહેતું. તેથી આ સમયે વિવિધ મંદિરોમાંથી સંતો પણ અહીં ઊમટવા લાગેલા.

તેમાંના એક સંતને તા. ૧૧/૯ની સવારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'કેમ આવ્યા છો ?'

'લાભ લેવા.'

'લાભ તો હમણાં તમારા સેન્ટરમાં આવ્યા ત્યારે લીધો જ છે ને !'

'શ્રાદ્ધના ઉત્સવ માટે આવ્યા છીએ, કોઠારી સ્વામીની આજ્ઞાથી !'

'એ ઉત્સવને તો હજી ત્રણ-ચાર દિવસની વાર છે. આટલા વહેલા આવવાની શી જરૂર છે ? ખોટી દોડાદોડી ન કરવી.' સ્વામીશ્રીએ રુચિ વ્યક્ત કરી.

આવો જ અભિપ્રાય આપતાં તેઓએ આજની રાત્રે પરપ્રાંતથી આવેલા સંતોને પણ કહ્યું :

'લગ્ને-લગ્ને કુંવારા ન રહેવું. એક જ સમૈયો ફૂલદોલનો છે એમાં આવવું. બીજો જન્મજયંતીનો ઉત્સવ હોય એમાં આવવું. બાકી વચ્ચે-વચ્ચે આવા તો કેટલાય ઉત્સવ આવે. હવે આ ધ્યાનમાં રાખજો. આ બાબતે આગ્રહ ન રાખવો. સમય પણ બગડે ને પૈસા પણ બગડે.'

શ્રીજીમહારાજની જેમ સ્વામીશ્રીએ પણ *'જ્યારે અમે તેડાવિયે, ત્યારે આવજ્યો તમે વળી...'*નો પોતાનો મત જણાવી દીધો. તે તેઓ આગામી દિવસોમાં પણ વારંવાર પ્રગટ કરતા રહ્યા.

નિષ્ઠાવાળા ગભરાય જ નહીં

તા. ૧૨/૯ના રોજ ચાલી રહેલી મુલાકાતોમાં આવેલા એક યુવાને સ્વામીશ્રી સમક્ષ વેદના ઠાલવી કે 'મારી બહેનને ત્રેવીસ વર્ષ થયાં છે. તેનાં લગ્નનું ગોઠવાતું નથી. વાત ચાલે અને તૂટી જાય છે. થોડા સમય પહેલાં એક જ્યોતિષને બતાવ્યું હતું. તેણે જન્મકુંડળીને આધારે જણાવ્યું કે તેને મંગળ નડે છે અને કાલસર્પયોગ છે.'

આ વિગતની પુષ્ટિ કરતાં પડખે ઊભેલા એક સંત બોલ્યા: 'આ યુવકના કુટુંબમાં આમ તો બધા નિષ્ઠાવાળા જ છે, પણ જ્યોતિષે આવું કહ્યું એટલે ગભરાઈ ગયા છે.'

'નિષ્ઠાવાળા ગભરાય જ નહીં!' આમ કહી સ્વામીશ્રીએ પેલા યુવાનને જણાવ્યું: 'ભગવાન સ્વામિનારાયણનો આશરો છે, શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ જેવા ગુરુ છે, પછી ગ્રહો આદિકથી ગભરાવાનું શું? મંગળ અને કાલસર્પદોષના નિવારણ માટે તમારી બહેન રોજ જનમંગલ નામાવલિના પાંચ પાઠ કરે. પૂજા પછી ભગવાન સામે બેસીને આ પાઠ કરવાના ને પ્રાર્થના કરવાની કે 'વિઘ્ન બધાં દૂર થઈ જાય, મારું લગ્ન સારા ઠેકાણે સંસ્કારી છોકરા સાથે થઈ જાય, તમારી ભક્તિ કરી શકું ને કલ્યાણ થાય.' તમારે પણ પૂજામાં એક માળા અધિક કરવી. વહેમ રહેશે તો હેરાન થશો. વિઘ્નો તો આવે, પણ એનાથી ગભરાવું નહીં. ભગવાન સારું કરશે.' આમ કહેતાં સ્વામીશ્રીએ વહેમને ખંખેરી આપ્યો.

તું બ્રહ્મરસ ભોગવનાર

તા. ૧૪/૯ના રોજ આવેલા શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વે

સ્વામીશ્રીએ ગુરુચરિત્રો સંભળાવી સૌને શાસ્ત્રીજી મહારાજમાં રમમાણ કરી મૂક્યા. તેમાંય ગુરુએ ગજાવેલા ગુણાતીતના ડંકાની યાદ અપાવતાં તેઓએ આજે સંતોના કીર્તનગાન દરમ્યાન તાલબદ્ધ ઘંટનાદ કરી સૌને એક રણકતી સ્મૃતિ પણ આપી દીધી. ત્યારબાદ સ્વામીશ્રીએ *'આપ્યાં ભોજન ભાજન ભરી...'*ની રીતે સૌને દૂધપાક પીરસીનેય તૃપ્ત કરી મૂક્યા.

આ રસલહાણ કરી તેઓ તા. ૨૪/૯ની રાત્રે પોતાના ઓરડામાં સંતોને વ્યક્તિગત માર્ગદર્શન આપવા બિરાજ્યા. તે વખતે એક પછી એક આવતા સંતોમાંથી છેલ્લે બહાર નીકળેલા સંત બાદ ઓરડામાં કોઈ ન રહ્યું. આ સમયે જ મુલાકાત કક્ષમાં પ્રવેશેલા સેવક સંત નિજાનંદમાં બેઠેલા સ્વામીશ્રીને જોઈ બોલ્યા : 'ઓહો ! મસ્તીમાં બેઠા છો ને !'

'સાધુ થયા એટલે મસ્તીમાં જ રહેવું પડે ને ! બીજી મસ્તી નહીં, પણ ભજનની મસ્તી, કથા-વાર્તાની મસ્તી !' સ્વામીશ્રીએ પોતાની મસ્તીનું મૂળ બતાવ્યું.

આ મસ્તીમાં સતત વીસ દિવસ સુધી સારંગપુરને ઝબકોળી તેઓ તા. ૨૬/૯ના રોજ ભાવનગર જવાના હતા, પરંતુ વિદાયના આ દિવસની સવારે ગામનો એક ગોકળી દૂધનો પ્યાલો ભરીને સ્વામીશ્રી પાસે આવી ચડ્યો. ઠાકોરજીને ધરાવેલું એ દૂધ સ્વામીશ્રીએ પોતે અલ્પાહાર કરીને બિરાજેલા છતાં અડધા પ્યાલા જેટલું અંગીકાર કરી ભરવાડને પૂછ્યું : 'શેનું દૂધ છે ?'

'ગાયનું.'

'તે ગાયનુંય કલ્યાણ !' સ્વામીશ્રી બોલ્યા. આ હેતુસર જ તેઓએ દુગ્ધપાન કર્યું હશે ને !

આમ, પોતાના સંબંધે કંઈક જીવની અક્ષરવાટ ખોલતા સ્વામીશ્રી આ જ કાર્ય માટે આજની સાંજે ભાવનગર આવી પહોંચ્યા.

પ્રતિકૂળતાનો શાંત પ્રતિકાર

ભાવનગરમાં સ્વામીશ્રીને વધાવતાં બાળકો અને કિશોરોએ ભાવ-ભંગિમા સભર સ્વાગત-નૃત્ય કર્યું. તેઓનો આ ભક્તિભાવ ઝીલી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે સ્થાનિક સંતો અહીંના રોકાણનો કાર્યક્રમ બતાવવા આવી પહોંચ્યા. તેઓની વિગત જાણી સ્વામીશ્રી આજે સ્વાગત-નૃત્યમાં ફોડાયેલા ફટાકડાનો ઉલ્લેખ કરતાં બોલ્યા : 'હજુ તમારે મંદિર પૂરું કરવાનું

છે. ફટાકડા-બટાકડા ન ફોડવા. સ્ટેજ ડેકોરેશનમાં પણ ખોટા ખર્ચા ન કરવા. ઠાકોરજી બેસે પછી કરજો ધામધૂમ ! બાકી અમારા જેવા સંતો તો વરસમાં એક-બે વાર આવે ને જાય.'

પોતાના સ્વાગતમાં થતી ધામધૂમ સ્વામીશ્રીને લેશ ન રુચતી.

આ વિતરાગી પ્રકૃતિ સાથે વિચરતા તેઓને તા. ૨૭/૯ની સવારે જાણ થઈ કે 'મુંબઈથી વિમાન દ્વારા માર્કંડભાઈ, યોગેશભાઈ, નીતિનભાઈ પલાણ વગેરે સત્સંગીઓ આવી રહ્યા છે.' તેથી તેઓએ આ હરિભક્તોને લેવા સત્સંગી શ્રી જનકભાઈ દવેને ગાડી લઈ ઍરપોર્ટ પર મોકલ્યા. પોતાના સ્વાગતમાં લેશ ઉમળકો પસંદ ન કરનારા સ્વામીશ્રી ભક્તોને આવકારવામાં અછો-અછો થઈ જતા.

તે અનુસાર તેઓએ આ બંદોબસ્ત તો કરાવ્યો, પણ થોડી વારમાં જ મુંબઈથી આવેલા હરિભક્તોને જોઈ સ્વામીશ્રી નવાઈ પામતાં બોલ્યા: 'આપણે તો પેલા ભ'ઈને લેવા મોકલ્યા ને આ તો આવી ગયા!' આટલું કહી તેઓએ એ હરિભક્તો સમક્ષ દિલગીરી વ્યક્ત કરી કે 'અમે પહેલાં તમને સૉરી કહી દઈએ – તમને ઍરપોર્ટ પર લેવા ગાડી ન મોકલી શક્યા !'

પોતે સઘળી વ્યવસ્થા કરી હોવા છતાં સંજોગવશાત્ થયેલી કંઈક ગરબડ બદલ પણ સ્વામીશ્રીએ આ રંજ પ્રગટ કર્યો ત્યારે નીતિનભાઈએ કહ્યું : 'બાપા ! આમાં આપ ચિંતા ન કરો, પણ અક્ષરધામમાંથી વિમાન લેવા આવે એ પાકું કરી આપો.'

'એ તો આવી જશે ! ટાઈમે આવશે ને ટાઈમે જશે.' સ્વામીશ્રી બોલ્યા.

એકના મિષે સૌ આશ્રિતોને આ બળકટ બાંયધરી આપતા તેઓ મુલાકાત-સત્રમાં પરોવાયા. આ મિલનમાળા અડધા કલાકે વિરમી ત્યારે સ્વામીશ્રી સમક્ષ ગોઠવેલું રોસ્ટ્રમ હટાવવામાં આવ્યું. તે વખતે તેઓએ એક સંતને ભલામણ કરી કે 'આમાં નીચે પગ રાખવાનું નથી, તે મૂકી દેજો.'

સ્વામીશ્રી આમ બોલ્યા ત્યારે સૌને ખ્યાલ આવ્યો કે 'રોસ્ટ્રમમાં સ્વામીશ્રીને પગ ટેકવવા ફૂટબૉર્ડ જ નહોતું !' તેથી તેઓ અડધો કલાક સુધી લબડતા પગે જ સૌને મળતા રહેલા !

ભક્તોની સાનુકૂળતા સાચવવા સદા તત્પર તેઓ પોતાની પ્રતિકૂળતા ઠંડા કલેજે સહન કરી લેતા. પોતાની ભૂલ ન હોવા છતાં ભક્તો સમક્ષ ખેદ પ્રગટ કરનારા સ્વામીશ્રી ભક્તોની ભૂલો લેશ અણગમો દાખવ્યા સિવાય

નિભાવી લેતા.

એક જ ઉત્તરમાં બધા પ્રશ્નોનું નિરાકરણ

તા. ૨૭/૯ની સાંજે સ્વામીશ્રીનાં દર્શને આવેલા સત્સંગી શ્રી વ્યોમેશભાઈ જોશી આંતરરાષ્ટ્રીય કંપની હ્યુલેટ પેકાર્ડના એક ઉચ્ચ હોદ્દેદાર. રાષ્ટ્રપતિ શ્રી કલામ દ્વારા કોચીન ખાતે આયોજિત એક પરિષદમાં નિમંત્રિત તેઓ સમય મળતાં જ આજે સ્વામીશ્રી પાસે દોડી આવ્યા ત્યારે તેઓની સાથે મનોવૈજ્ઞાનિક તરીકે પંકાયેલા શ્રી ફ્રેન્ક પણ હતા. વિચારક તરીકે ખ્યાતિ ધરાવતી આ વ્યક્તિ hp કંપનીમાં પ્રતિષ્ઠિત પદ પર નિયુક્ત હતી.

તેથી તેઓએ ઔપચારિક વાતચીત બાદ સ્વામીશ્રીને પૂછ્યું: 'એવું અમે શું કરીએ કે જેથી અમારી કંપનીના પ્રશ્નો હલ થાય અને કંપની સારી રીતે પ્રગતિ કરી શકે?'

આ અંગે માર્ગદર્શન આપતાં સ્વામીશ્રી બોલ્યા: "બધામાં ધાર્મિક, આધ્યાત્મિક સંસ્કાર હોય તો એકબીજા સાથે સારી રીતે કામ કરી શકો. એ ન હોય ને પૈસા કે નોકરીને હિસાબે કરે તો કરવા ખાતર કરે, પણ આધ્યાત્મિક સંસ્કાર હોય તો પ્રામાણિકતાથી કરે, જવાબદારીપૂર્વક કરે. તેથી કંપની પણ સારી થાય, લોકોને પણ લાભ થાય અને પોતાને પણ લાભ થાય. એવી ભાવના જોઈએ કે 'આ મારી કંપની છે ને હું તેનો વિકાસ કરવા માંગું છું.' કંપનીના બધા માણસો પોતાના માને ને એકબીજા સાથે સંપ રાખે, આત્મીયતા રાખે તો સાચો વિકાસ થાય. એની જ ખામી છે ને – દેશ અને દુનિયામાં!"

સ્વામીશ્રીનું આ સચોટ સમાધાન સાંભળી શ્રી ફ્રેન્ક નિઃસંશય થઈ ગયા. તેથી તેઓને જ્યારે વ્યોમેશભાઈએ પૂછ્યું કે 'બીજો કોઈ પ્રશ્ન છે આપને?' ત્યારે આ અમેરિકને તરત જ ના કહી.

તે જોઈ સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા: 'એક જ ઉત્તરમાં બધા પ્રશ્નોનું નિરાકરણ! સ્પિરિચ્યુઅલ(આધ્યાત્મિકતા)માં બધા મુદ્દા સમાઈ જાય છે.'

ભાવનગરમાં સ્તંભરોપણ, ગઢપુરમાં વૃક્ષારોપણ

તા. ૩૦/૯ની સવારે ભાવનગરના નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરનો પ્રથમ સ્તંભ સ્વામીશ્રીના વરદહસ્તે મુકાવાનો હતો. આ અવસરના સાક્ષી બનવા કલેક્ટર શ્રી વોરા સહિત શહેરના અનેક નામાંકિત મહાનુભાવોએ

સમયસર આવી સ્થાન ગ્રહણ કરી લીધેલું. સ્વામીશ્રીએ પણ સાડા દસ વાગ્યે ઘુમ્મટના સ્થાને પધારી સ્તંભનાં વિવિધ અંગો – ખડસલ, કુંભી, સ્તંભ, કાંઠાસરુ, ઠેકી, ભરણી અને ભેટાસરાનું વૈદિક વિધિથી પૂજન કર્યું.

ત્યારબાદ તેઓએ આ પ્રસંગને જ લક્ષમાં રાખી આશીર્વાદ આપ્યા કે 'આજે મંદિરના સ્તંભનું આપણે પૂજન કર્યું છે એને ટેકો કહેવાય. આપણને યાદગીરી રહેશે કે મંદિરના ટેકામાં અમે પણ હતા. આની અંદર આપણે જેટલો ભાગ લઈશું તેનું ભગવાન અનંતગણું ફળ આપશે. ભગવાનનો સંબંધ થયો છે તો અંતકાળે પણ ભગવાન આવશે જ. થાંભલા સાથે આવી, દર્શન આપી ધામમાં લઈ જશે.'

સ્વામીશ્રીની આ આશીર્વર્ષાથી હરખી ઊઠેલા ભક્તોના ઉત્સાહ વચ્ચે ખડસલ પર કુંભી મૂકવામાં આવી. તેની વચ્ચેના ખાડામાં સ્વામીશ્રીએ સ્વહસ્તે સફેદ સિમેન્ટનો રસ રેડ્યો. તે પછી તેઓ દ્વારા પૂજાયેલો સ્તંભ કુંભી પર રોપવામાં આવ્યો. આ ઐતિહાસિક ક્ષણને સૌએ બુલંદ જયકારથી વધાવી લીધી.

આમ, ભાવનગરમાં ધર્મનો સ્તંભ રોપી તા. ૧/૧૦ની બપોરે ગઢડા પધારેલા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા અત્રે તા. ૩/૧૦ની સવારે વૃક્ષો રોપાયાં. આ તીર્થભૂમિ પર ઘેલા નદીના કિનારે મંદિરની બરાબર સામે ૧,૫૦૦ વૃક્ષોની 'પ્રમુખવાટિકા' લહેરાતી હતી. તેની સમાંતર નદીના સામા તટે 'યજ્ઞપુરુષ ઉપવન' ખડું કરવામાં આવેલું. ૨,૭૦૦ નિંબતરુથી સઘન બની રહેનારા આ વનમાં સ્વામીશ્રી તેમ જ રાજ્યના કૃષિમંત્રી, મામલતદાર, નગરપાલિકાના હોદ્દેદારો વગેરે આગેવાનોની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ થયું. તે વખતે સ્વામીશ્રીએ આજે 'વવાયેલા છોડવાને રોજ પાણી અપાય, વાડનીયે માવજત થાય અને રખોપિયો નિયમિત કાળજી લે' વગેરે સૂચનાઓ આપી.

તેઓની આ કૃપાથી અભિભૂત થઈ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રી હરેશભાઈ સોઢાતર પ્રાસંગિક સભામાં બોલી ઊઠ્યા : 'ગઢપુરને શ્રીજીમહારાજે પોતાની કર્મભૂમિ તો બનાવી, પણ એ કર્મભૂમિને વિશ્વના નકશામાં કોઈ મૂકનાર હોય તો તે છે – પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ! પ્રમુખસ્વામી મહારાજ જે રસ્તેથી ગામમાં પ્રવેશ્યા તે એટલી હદે ખરાબ રસ્તો હતો કે તેનું વર્ણન ન થાય; પરંતુ અક્ષર-પુરુષોત્તમ મંદિરે ત્યાં અદ્યતન વાટિકા બનાવી છે.'

આ અવસરે નગરના આગેવાન ડૉ. કળથિયાએ પણ કહ્યું કે 'ગઢપુર અને ઘેલો એ સ્વામીબાપાના નામ સાથે જોડાઈ ગયાં છે. અહીં બંજર જમીન

હતી, ઘેલામાં પ્રદૂષણ હતું, પણ હવે આવનારને એમ થાય છે કે અહીં અક્ષરધામ ખડું થયું છે!'

આ રીતે સ્વામીશ્રીના પુરુષાર્થથી *'દુરગનગર કાંતિમાન કેવું, અકળિત ધામ સુઅક્ષરાખ્ય જેવું...'* શાસ્ત્રપંક્તિ સાર્થક બની રહી.

મૂંઝવણનો વિષય

તા. ૪/૧૦ની સાંજે ગઢપુરથી ગોંડલ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં તા. ૫/૧૦ના રોજ આવેલી દશેરાની સવારે મંદિરના પાંચેય ખંડમાં સુવર્ણ સિંહાસનોનો ઉદ્‌ઘાટનવિધિ સંપન્ન થયો. આ સ્વર્ણિમ પ્રસંગે ઠાકોરજી અને સિંહાસનોના પૂજન બાદ સ્વામીશ્રીએ આરતી ઉતારી વાત ઉપાડી કે 'યોગીબાપાના સંકલ્પે સિંહાસન અદ્‌ભુત થયું છે! ભગવાનની ચારે બાજુ સોનું સોનું દેખાય છે. હવે મહારાજ-સ્વામીને પ્રાર્થના કરીએ કે દર્શન કરનારા બધાનું કલ્યાણ થાય.'

સ્વામીશ્રીના પ્રત્યેક કાર્યમાં જીવના કલ્યાણનો હેતુ મુખ્ય રહેતો.

આ જ ભાવનાથી તેઓએ અત્રે શરૂ કરાવેલું નૂતન અતિથિ-આવાસનું કાર્ય પણ પૂર્ણ થયેલું. તેથી આજે તેનો વાસ્તુવિધિ કર્યા બાદ સ્વામીશ્રીએ ભોંયતળિયાના અને પાંચમા માળના કેટલાક ઓરડા પ્રસાદીભૂત કર્યા.

આ અરસામાં જૂનાગઢના બે છેડે શહેરની શાન સમાં પ્રવેશદ્વારો – અક્ષરદ્વાર અને યોગીદ્વાર પણ રચાઈ રહેલાં. આ દ્વારની શિલાઓનું પૂજન તા. ૧૦/૧૦, શરદ પૂનમની સવારે કરનારા સ્વામીશ્રીએ આજની રાત્રે ૧૪,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં ગુણાતીત જન્મોત્સવ ધામધૂમથી ઊજવ્યો.

આ ઉજવણીને અનુસરતાં તા. ૧૪/૧૦ની સવારે અક્ષર દેરીમાં પધારેલા તેઓ દેરીની અંદર શ્રીજીમહારાજનાં ચરણારવિંદ આગળ પલાંઠી વાળીને બેસી ગયા અને સ્વહસ્તે ગુલાબનાં ફૂલ લઈ ચરણારવિંદ પર ગોઠવવા લાગ્યા. તેમાં તેઓએ સૌ પ્રથમ ચોરસ આકારમાં પુષ્પો ગોઠવ્યાં, પછી વચ્ચે આછા ગુલાબી રંગનાં ૮-૧૦ ફૂલો મૂકી સુંદર ભાત ઉપસાવી. ત્યારબાદ ઊભા થઈ શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને ગુરુપરંપરાની મૂર્તિઓ પર પણ પુષ્પ ચઢાવ્યાં.

આમ, જે રીતે યોગીજી મહારાજ દેરીમાં પુષ્પો સજાવી પૂજા કરતા એ જ શૈલીથી આજે દર્શન આપી સ્વામીશ્રી અલ્પાહાર લેવા બિરાજ્યા.

આ સમયે તેઓ સમક્ષ એક વિશ્વપ્રસિદ્ધ ધર્મગુરુના પટ્ટાભિષેકની રજત જયંતીનો અહેવાલ વંચાયો. તેમાં વિગત આવી કે 'આ ધર્માત્માને કંપવાની બીમારી હોવા છતાં તેઓ અઠવાડિયે એક વાર લોકોને અપાતી મુલાકાતો ચાલુ રાખશે.'

આ સાંભળી સંતો આશ્ચર્ય પામ્યા, કારણ કે બીજે જે અઠવાડિયે એક વાર દેખાય તે સ્વામીશ્રી પાસે તો દિવસમાં ત્રણ વાર જોવા મળતું !

તેથી સૌએ સ્વામીશ્રીને કહ્યું : 'આપે પણ હવે અઠવાડિયે એક જ વખત મુલાકાત આપવી.'

'મૂંઝવણ થઈ જાય !' મૂંઝારો વ્યક્ત કરતા હોય તેમ ડાબો હાથ હલાવી સ્વામીશ્રી બોલ્યા.

તેઓ *'જેમ જળ વિના ઝષના, પળ એકમાં પ્રાણ જાય...'*ની રીતે ભક્તો સાથે ઓતપ્રોત થયેલા. આ પ્રેમને વશ થઈ સ્વામીશ્રીએ જાળવેલો જનસંપર્ક તેઓને વિશ્વભરમાં અજોડ સાબિત કરવા પૂરતો છે.

તકલીફનો વિષય

ગોંડલમાં રોજ સાંજે યોજાતી હેતુલક્ષી સભાઓમાં તા. ૧૯/૧૦ના દિવસે બાળદિન ઊજવાયો. તેના અનુસંધાનમાં બાલિકાઓએ લખી જણાવેલી કેટલીક જિજ્ઞાસાઓ સ્વામીશ્રીના આજના રાત્રિભોજન દરમ્યાન એક કાર્યકર વાંચવા લાગ્યા. તેનાં સુયોગ્ય સમાધાન સ્વામીશ્રી આપતા ગયા. જેમ કે –

- અમે કામ, ક્રોધ, માન, ઈર્ષ્યા વગેરે દોષો સહિત સેવા કરીએ છીએ, તો એ આપ અને શ્રીજીમહારાજ સુધી પહોંચતી હશે ?
  'ચોક્કસ પહોંચે છે. ભલે દોષો છે, પણ નિષ્ઠા રાખીને કરેલી સેવા પહોંચે છે.'
- દોષો ટાળવા અમારે શું કરવું ?
  'બસ ! સેવા કર્યા કરવી. નિષ્ઠા રાખીને, શ્રદ્ધાપૂર્વક સેવા કરવાથી ધીરે ધીરે બધા જ દોષો ટળી જશે.'
- દોષો ટાળવા સતત કયો વિચાર કરવો ?
  'બસ ! આ જ. ભગવાન અને સંતને રાજી કરવા સેવા કરું છું. એટલે ભગવાન અને સંત બધું સંભાળી લેશે. આપણે એમના પર છોડી દેવું. અનેકના દોષ ટાળ્યા છે એ જ એમની મોટપ છે.'

ગુણાતીત સંતની આ મોટપ ધરાવતા સ્વામીશ્રી તા. ૨૨/૧૦ની સવારે અલ્પાહારથી પરવાર્યા ત્યારે તેઓ પર નૈરોબીથી શ્રી હર્ષદભાઈ રાણાનો ફોન આવ્યો. તેમાં આ અગ્રણી હરિભક્તે મનોરથ પ્રગટ કર્યો કે 'શાસ્ત્રીજી મહારાજની ૮૫મી જયંતીએ તેઓની સુવર્ણતુલા થયેલી. એ રીતે આવતે વર્ષે આફ્રિકાનાં બધાં મંડળો વતી આપનો સુવર્ણતુલા મહોત્સવ ઊજવવાનું આયોજન કર્યું છે.'

'તમે એ વિચાર કરશો જ નહીં.' પ્રસ્તાવ ફગાવતાં આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'ત્યાં અત્યારે દેશ-કાળ નબળા છે એ તો જુઓ! બધાને કેટલી તકલીફ પડે છે!'

'અહીં કોઈ તકલીફ નથી.'

'તમને તકલીફ નથી, પણ મને તકલીફ છે. એટલે તમે એ વિચારો હવે બંધ જ કરી દો.' આમ જણાવી સ્વામીશ્રીએ ન કેવળ આ વાર્તાલાપ પર, પણ પોતાના એક સુવર્ણ-સન્માન પર પૂર્ણવિરામ મૂકી દીધું.

આખા વિશ્વમાં અક્ષરધામનું અજવાળું

તા. ૨૩/૧૦, ધનતેરસના રોજ લાઠીદડના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂરનારા સ્વામીશ્રી સમક્ષ તા. ૨૪/૧૦ની સવારે વિશ્વવિખ્યાત વર્તમાનપત્ર 'ધી ઇન્ડિપેન્ડન્ટ'ના એક લેખનું વાંચન શરૂ થયું. તેમાં ઉલ્લેખ પામેલી વિશ્વશ્રેષ્ઠ ૫૦ આધુનિક ઇમારતોમાં લંડનના આપણા મંદિરનો પણ સમાવેશ કરવામાં આવેલો. તે સાંભળી એક સંતે કહ્યું: 'દિલ્હીનું અક્ષરધામ થશે ત્યારે તો શું થશે!'

'ડૉક્ટર સ્વામી કહે છે તેમ – ચાર ગલોટિયાં ખાઈ જશે બધા!'

સ્વામીશ્રીની આ આર્ષવાણીનો પડઘો હજી તો શમ્યો નહોતો ત્યાં જ આજના રાત્રિભોજન દરમ્યાન સારંગપુરના સંતો દ્વારા રચાયેલો એક શ્લોક-સંચય વંચાયો. તેમાં પણ વાત આવી કે 'હે સ્વામી! આપ ભારતવર્ષના ઉંબરે દિલ્હીમાં જે અક્ષરધામરૂપી દીવો પ્રગટાવનાર છો, તે પોતાના દિવ્ય અને ભવ્ય પ્રકાશપુંજથી સમગ્ર દેશમાં અજવાળાં પાથરશે.'

'આખા વિશ્વમાં!' સ્વામીશ્રી બોલ્યા.

જ્યારે જ્યારે દિલ્હીના અક્ષરધામની વાત નીકળતી ત્યારે તેઓ અત્યંત હરખાઈ ઊઠતા અને આ સ્થાનનો ઉત્કૃષ્ટ મહિમા ગાવા માંડતા. તેમાંથી

ગુરુના સંકલ્પને સવાયો સિદ્ધ કરી બતાવવાનું તેઓનું તાન પડઘાતું રહેતું.

મનગમતું કીધું સુંદરવર

તા. ૨૬/૧૦ના રોજ ફૂટેલા વિ.સં. ૨૦૬૦ના પ્રથમ પ્રભાતે ભવ્યતાપૂર્વક અન્નકૂટોત્સવ ઊજવી સ્વામીશ્રી તા. ૨૭/૧૦ની સાંજે ગોંડલથી ભાદરા પહોંચ્યા.

અહીં તા. ૨૮/૧૦ની સાંજે પ્રાસાદિક સ્થાનોની યાત્રા કરવા નીકળેલા તેઓ પગપાળા જ જૂના મંદિરે પધાર્યા. અત્રેથી ઊંડ નદીએ જવાનું હતું, પણ મર્સીડીઝને આવવામાં વિલંબ થતાં સ્વામીશ્રી ચાલતાં ચાલતાં જ છેક ગામની ભાગોળે આવેલા બસ સ્ટેન્ડ સુધી પહોંચ્યા. ત્યાં એક નાનકડી મારુતિ ઝેન ગાડી જોઈ તેઓએ પૂછ્યું : 'આ કોની મોટર છે ?'

'પ્રેમજીભાઈ સુતરિયાની.' સંતોએ જણાવ્યું.

આજની સવારે સ્વામીશ્રીએ જ પૂજેલી આ ગાડીમાં તેઓ બેસે એવો સંકલ્પ આ હરિભક્તની આઠ વર્ષની પૌત્રીને થયેલો, પણ ઊઠવા-બેસવામાં કષ્ટ પડે એવી આ નાની ગાડીમાં બિરાજવાની વિનંતી ૮૨ વર્ષીય સ્વામીશ્રીને કેવી રીતે થાય? પરંતુ એ અબુધ બાલિકાનો મનોરથ પકડ્યો હોય તેમ સ્વામીશ્રી બોલ્યા : 'ચાલો, આ ગાડીમાં જ આપણે જતા રહીએ.' આમ કહેતાં તેઓ એ નાનકડી ગાડીમાં બિરાજી ઊંડના તીરે પહોંચ્યા! અહીં પોતાની નાની મોટરમાંથી સ્વામીશ્રીને ઊતરતાં જોઈ પેલી બાળકીના આનંદની તો કોઈ સીમા જ ન રહી.

આમ, આબાલવૃદ્ધ સૌની મનોકામના પૂરી કરતા સ્વામીશ્રીએ ઊંડના ઘાટે કછોટો મારી જળમાં ડૂબકી લગાવી ત્યારે તો ઉપસ્થિત સૌ આ જળક્રીડાની સ્મૃતિથી તરબતર થઈ ગયા. આ સ્નાનવિધિ બાદ ઘાટ પાસે જ આવેલી ઓરડીમાં વસ્ત્રપરિધાન કરી સ્વામીશ્રી પ્રાસાદિક ખેતર, ઓટા વગેરેનાં દર્શન કરતાં કરતાં પુનઃ મંદિરે આવ્યા.

વેણે તારે કીધાં મુને કામણિયાં

આ અરસામાં સ્વામીશ્રી પર આવી રહેલા વિવિધ મંદિરોના અન્નકૂટ-પ્રસાદમાં વિદ્યાનગરના છાત્રાલયનું પણ એક બૉક્સ આવેલું. પુસ્તક આકારના એ બૉક્સમાં છાત્રાલયના વસવાટ દરમ્યાન સ્વામીશ્રી પાસેથી પ્રસાદ પામીને

સાધુ થયેલા ૩૯ સંતોનાં સંસ્મરણો સંગૃહિત હતાં. તેની અંતે પ્રસાદ મુકાયેલો. તે પ્રસાદ સ્વામીશ્રીએ તા. ૨૮/૧૦ના રોજ અંગીકાર કર્યો અને તેની સાથે તેઓએ સંતોના પ્રસંગોનું વાંચન પણ શરૂ કરાવ્યું.

આ પઠન તા. ૨૯/૧૦ની સવારે પણ આગળ ચાલ્યું. પરંતુ સ્વામીશ્રીનો અલ્પાહાર પૂરો થયો તોય ૩૬ પ્રસંગો જ વંચાયા. ત્રણનું વાંચન હજી બાકી હતું. તે વખતે આનંદવિહારીદાસ સ્વામી થાળ લઈ ઊભા થવા ગયા ત્યાં જ સ્વામીશ્રીએ થાળ પકડી તેઓને બેસાડી રાખ્યા. પોતે પણ ચળું કર્યા વિના એમ ને એમ બેસી પ્રસંગો સાંભળતા રહ્યા. તે જોઈ વાંચન કરનારા યુવકે વાંચવાની ગતિ વધારી પુસ્તક પૂર્ણ કર્યું. આ સમયે તે યુવાનને નજીક બોલાવી સ્વામીશ્રીએ કહ્યું: 'આ બધાને (એટલે કે જે સંતોના પ્રસંગો વંચાયા તેઓને) તો પ્રસાદ મળ્યો. તું જ બાકી રહી ગયો, તે લે!' આમ કહી એ યુવકને મિષ્ટાન્ન આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'તારેય સાધુ થઈ જવાનું.'

આ શબ્દો એ યુવાનની મનોભૂમિમાં બ્રહ્મબીજની જેમ વવાઈ જતાં તેના હૃદયમાં વૈરાગ્યનું વન ખીલી ઊઠ્યું. તેથી તે પણ સ્વામીશ્રીનો પ્રસાદ પામીને સાધુ થયેલા છાત્રાલયના યુવકોની યાદીમાં સમયાંતરે ઊમેરાઈ ગયા![૬]

બ્રહ્મના બે બોલમાં કેવું બળ!

ઝઘડો ન કરે એના સ્વામીબાપા

તા. ૨૯/૧૦ની સાંજે ભાદરાથી રાજકોટ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં તા. ૩૦/૧૦ની સવારે અચારડા અને પાંદરીનાં નવનિર્મિત મંદિરોની મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો. માંગલિકવિધિની આ પરંપરામાં તા. ૩૧/૧૦ની સવારે રાજકોટના મંદિર-સંકુલમાં નૂતન સભામંડપનો ખાતવિધિ પણ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા યોજાઈ ગયો.

આ સપરમા દા'ડે અલ્પાહાર લઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ ત્રણ બાળકો એક પ્રહસન લઈ આવી ચડ્યા. શિશુ, યુવાન અને વડીલની ભૂમિકા ભજવવા માંડેલા તેઓ 'સ્વામીબાપા મારા છે'ના મુદ્દાને વિવિધ પ્રસંગો દ્વારા ચર્ચાસ્પદ બનાવતાં રીતસર ઝઘડો કરી બેઠા. તેઓનો આ અભિનય એટલો હૂબહૂ રહ્યો કે ચારેકોર ચકચાર મચી ગઈ.

આ સમયે એક કાર્યકરે આ ત્રણેય બાળકોને શાંત પાડતાં સ્વામીશ્રીને

---

૬. તેઓનું દીક્ષિત નામ સાધુ જ્ઞાનતૃપ્તદાસ રાખવામાં આવ્યું.

કહ્યું : 'બાપા ! આ શિશુ, આ યુવાન અને આ વડીલ અવારનવાર આ બાબતે ઝઘડી પડે છે.' આટલું કહી એ કાર્યકર્તાએ બાળકોને પૂછ્યું : 'તમને એ ખબર છે કે સ્વામીબાપા આપણા ક્યારે થાય ?'

'ઝઘડો ન કરે ત્યારે !' બાળકો બોલે તે પહેલાં તો સ્વામીશ્રી જ બોલી ઊઠ્યા. તેઓનો આ ખુલાસો ગમ્મતની સાથે જ્ઞાન પણ આપી ગયો.

જેને કદાપિ નહીં વળગે વિકાર

તા. ૨/૧૧ના પ્રભાતે સ્વામીશ્રી ભૂકંપરાહત કાર્ય અંતર્ગત સંસ્થા દ્વારા નિર્માણ પામેલા યજ્ઞપુરુષ નગર(પુરાણું નામ ગારિયા) તથા ગુણાતીત નગર(પુરાણું નામ મોડપર)નાં હરિમંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂરી તા. ૩/૧૧ની સવારે ધોળકા પધાર્યા. અહીં તેઓએ મંદિરનો દ્વિતીય પાટોત્સવ ઊજવ્યો.

તેને અનુસરતાં સ્વામીશ્રીએ તા. ૪/૧૧ની સવારે ભોયકાના મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી પટપ્રતિમાઓમાં દૈવત આરોપ્યું. વળી, આજનો દિવસ પ્રબોધિની એકાદશીનો હોવાથી ઠાકોરજી સમક્ષ ગોઠવેલી શાકની હાટડીનાં દર્શન કરી વિદાય થયેલા સ્વામીશ્રી પુરુષોત્તમપુરા પધાર્યા.

અહીંના મંદિરમાં તા. ૫/૧૧ના રોજ આરસના અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરનારા તેઓને આજની સાંજે એક મુલાકાતીએ 'દુર્ગપુર માહાત્મ્ય' ગ્રંથની બે પ્રતો અર્પણ કરી. આ પુસ્તકમાં શ્રી રઘુવીરજી મહારાજ દ્વારા શ્રીજીમહારાજનું સર્વોપરીપણું અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા સુંદર રીતે ગૂંથાયો છે. તેથી જ્યારે એક સંતે આ ગ્રંથનો પાઠ આજથી જ શરૂ કરવાની ઇચ્છા દર્શાવી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આવતીકાલે સવારે પૂજામાં ગ્રંથનું પૂજન કર્યા પછી શરૂ કરીએ.'

આ આદરભાવ સાથે તેઓ તા. ૬/૧૧ની સવારે અલ્પાહાર વખતે આ ગ્રંથનું શ્રવણ કરવા લાગ્યા. ઉકાળા-પાણીનો આ કાર્યક્રમ પૂરો થતાં સ્વામીશ્રી પાસે વિભાપરના શ્રી પુરુષોત્તમભાઈ દોમડિયા આવી પહોંચ્યા. તેઓએ સત્તરેક વર્ષ પહેલાં પોતાની કરિયાણાની દુકાન અંગે પૂછેલું ત્યારે સ્વામીશ્રીએ આશીર્વાદ આપેલા કે 'દુકાન સારી ચાલશે. પ્રામાણિકપણે ધંધો કરજો.'

આજે તેઓને જોતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું : 'દુકાન સારી ચાલે છે ને ?!'

આ પૂછપરછથી એ હાલારી હરિભક્ત હલી ગયા. સત્તર વર્ષ પૂર્વે સેકન્ડોમાં થયેલો વાર્તાલાપ પણ સ્વામીશ્રીની સ્મૃતિમાં હજી જીવંત હતો !

ભક્તો સાથે આવી ઘનિષ્ઠ આત્મીયતા ધરાવતા તેઓ આજે અહીંથી વિદાય લઈ રઢુને પાવન કરતાં સાંજે બોચાસણ પધાર્યા.

અત્રે તા. ૮/૧૧ના રોજ યોજાયેલા કાર્તિકી પૂર્ણિમાના સમૈયાની સભામાં નારાયણમુનિદાસ સ્વામીએ સ્વામીશ્રી પાસે સરકી વાત માંડી કે 'આજની રાત્રે ચંદ્રગ્રહણ છે, પણ પંચાંગ પ્રમાણે વૃદ્ધ, અશક્ત અને બાળકો માટે રાત્રે નવ વાગ્યા સુધી જમી શકાય એમ છે. માટે તમારે પણ ચાલશે.'

'મને સંતો સાથે રાખો ને! બધાની સાથે રાખો.'

'આપ વૃદ્ધ નથી?'

'અમે વૃદ્ધ નથી, બાળક નથી, યુવાન નથી.'

સ્વામીશ્રી દ્વારા સહજભાવે બોલાયેલા આ શબ્દોમાંથી *'જેને કદાપિ નહીં વળગે વિકાર...'*ની તેઓની સ્થિતિ સરી પડી. તેઓને એકેય અવસ્થા પોતાના આવેગોથી અભડાવી શકી નહોતી.

છતાં સ્વાસ્થ્ય સાચવવાનો હેતુ રાખી આજની બપોરે આરામમાં જઈ રહેલા સ્વામીશ્રીને સંતોએ પુનઃ વિનંતી કરી કે 'અશક્ત, વૃદ્ધ, રોગીને રાત્રે નવ વાગ્યા સુધી જમી શકાય છે.'

પરંતુ વિનવણીનો આ દોર ઘસીને કાપતાં સ્વામીશ્રી બોલ્યા: 'હું અશક્ત પણ નથી, વૃદ્ધ પણ નથી અને રોગી પણ નથી. માટે એ જમવાની વાત કરશો જ નહીં. જેમ થતું હોય તેમ જ થશે.'

સ્વામીશ્રીનો આ ટંકાર સાંભળી સૌ સંતો ચૂપચાપ ઓરડાની બહાર નીકળી ગયા.

ભજન મેં રહે વે ભરપૂર રે

તા. ૯/૧૧ની સવારે ૫:૦૩ વાગ્યાથી ૮:૩૫ વાગ્યા સુધી ખગ્રાસ ચંદ્રગ્રહણ નિમિત્તે યોજાયેલી સભામાં લાભ આપી સ્વામીશ્રી તા. ૧૧/૧૧ના રોજ તેઓના મુલાકાત કક્ષમાં સૌને મળવા બિરાજ્યા. તે વખતે કાવીઠાના બાળક યોગી પટેલે સ્વામીશ્રીને પૂછ્યું: 'બાપા! તમે આખો દિવસ બીઝી (વ્યસ્ત) જ હોવ છો. તમે ફ્રી ક્યારે હોવ છો?'

'તું જ્યારે આવે ત્યારે ફ્રી.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ અતિ વ્યસ્તતા વચ્ચે પણ સંતો-ભક્તોને મળવાનું કદી ન ટાળતા. પરંતુ પેલા બાળક માટે સ્વામીશ્રીનાં આ શબ્દ અને શૈલી સમજવાં અઘરાં

હતાં. તેથી તેણે પુનઃ પૂછ્યું : 'બાપા ! તમે ફ્રી હોવ ત્યારે શું વિચારો છો ?'

'ભગવાનનું નામ, બીજું શું વિચારીએ? ભજન કરીએ, કાગળ લખીએ, કોઈ હરિભક્તને આશીર્વાદ આપીએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

*'ભજન મેં રહે વે ભરપૂર રે...'*ની સ્થિતિ હતી તેઓની !

તે સાથે સ્વામીશ્રી તા. ૧૨/૧૧ની સવારે ઉમલાવના મંદિરની મૂર્તિઓનાં પ્રતિષ્ઠા-પૂજન કરી આજની સાંજે મહેસાણા પહોંચ્યા. અહીંથી તેઓ તા. ૧૩/૧૧ની સવારે આબુ પધાર્યા.

આબુમાં અમૃતધારા

આબુમાં બે દિવસના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી ખરેખરા બાળસનેહી બની રહ્યા. બાળકો સાથે ઉદ્યાનના પ્રાકૃતિક વાતાવરણમાં સભા, તે સભામાં પણ અંતાક્ષરી, પપેટ શૉ, પ્રશ્નોત્તરી વગેરે કાર્યક્રમોનો કિલ્લોલ, ભેળની ઉજાણી વગેરે દ્વારા સ્વામીશ્રીએ બાળકોને આનંદના ઓડકાર ખાતાં કરી મૂક્યાં.

તેની સાથે તેઓએ બાળકોને જ્ઞાનનું ભાથું પણ બંધાવ્યું કે 'આપણે ભગવાનના ભક્ત થયા તો આત્મવિચાર પણ આપણે હંમેશાં કરવો જોઈએ. અહીં આપણે ભણવા માટે આવ્યા છીએ. હવે ન ભણીએ તો ખોટું થાય ને ! એ રીતે આપણે આત્મવિચાર કરવાનો છે. આત્મવિચાર કરવાથી દિવસ દરમ્યાન આપણી કંઈ ખામી, ભૂલ થઈ હોય તો તેનો વિચાર કરીને ટાળવાનું થાય.'

મોજ-મજાના આવા મેવા જમાડવા સ્વામીશ્રી તા. ૧૪/૧૧ના રોજ સંસ્થા-સંચાલિત પ્રાથમિક શાળાના આંગણે જઈ પહોંચ્યા. અહીં તેઓ બાળમિત્રો સાથે ફૂટબૉલ, વૉલીબૉલ, ક્રિકેટ વગેરે રમતોમાં એવા તો ભળ્યા કે *'ટમટમતા તારલિયા અમે, સ્વામી સંગે રમતા...'* પંક્તિ સૌની નજર સામે તરવરવા લાગી.

રમત-ગમતના આ પીરિયડ બાદ સ્વામીશ્રી બાલ મંદિરથી લઈ ચોથા ધોરણ સુધીના દરેક વર્ગખંડમાં ફર્યા. ત્યાં તેઓએ બાળકોને બેસવાની પાટલીથી માંડી શિક્ષકોને લખવાનાં પાટિયાં સુધીની પૂછપરછ વ્યવસ્થાપક શ્રી શ્યામભાઈ રાવલને સાથે રાખી કરી લીધી. તે પછી તેઓ કમ્પ્યૂટર લૅબને પાવન કરતાં કાર્યાલય સંકુલમાં પધાર્યા ત્યારે આ સ્થળ વર્ગખંડમાં ફેરવાઈ ગયેલું. તેમાં પ્રવેશેલા સ્વામીશ્રીને બાળકોએ હર્ષોલ્લાસ વ્યક્ત કરી વધાવ્યાં.

આ અભિવાદન સ્વીકારી સ્વામીશ્રી જાણે પરાવિદ્યાનો વર્ગ શરૂ કરતા હોય તેમ બોલ્યા : 'હું બોલાવું તેમ બધા બોલજો, હં...' આમ કહી તેઓએ

'मातृदेवो भव... पितृदेवो भव... अतिथिदेवो भव... आचार्यदेवो भव... स्वाध्यायान् मा प्रमदः...' વગેરે ઘોષણાઓ બાળકો પાસે ઝિલાવી. તેની સાથે તેઓ જે-તે મંત્રની સરળ સમજૂતી પણ આપતા ગયા. તેને અનુસરતાં સ્વામીશ્રીએ *'ઓ ઈશ્વર! ભજીએ તને, મોટું છે તુજ નામ; ગુણ તારા નિત ગાઈએ, થાય અમારાં કામ...'* પંક્તિ ઝિલાવી સૌને સદ્બોધ સંભળાવ્યો કે 'હંમેશાં ભગવાનનું નામ લેવું, ગુણ ગાવા. તેથી આપણું કલ્યાણ થાય, સુખિયા થવાય અને અભ્યાસ પણ સારો થાય.'

આ પ્રાસંગિક ઉપદેશ આપી સ્વામીશ્રીએ શિક્ષકની અદાથી ચૉક વડે બૉર્ડ પર લખ્યું :

'અભ્યાસ બરાબર કરવો.
આળસ-પ્રમાદ ન કરવો.
ભજન-પ્રાર્થના બરાબર નિયમિત કરવી.'

'અક્ષર'ના આ અક્ષર કાળા પાટિયે નહીં, પણ બાળકોનાં કાળજે અંકિત થઈ ગયા.

'તક્ષશિલા'ને આંગણે

શાળાના સંકુલમાંથી વિદાય લઈ સ્વામીશ્રી સાલગાંવ મુકામે સંસ્થાએ સંપાદિત કરેલી ૮૬ વીઘા જમીનનું નિરીક્ષણ કરવા પધાર્યા. અહીં તેઓ ફળાઉ છોડની વાટિકા, ખળખળતું નાળું, મકાન વગેરે જોતાં-જોતાં એક કાળા સપાટ પથ્થર પર આવી ઊભા રહ્યા ત્યારે તેઓની પાર્શ્વભૂમાં રમણીય પર્વતમાળા અત્યંત સુચારુ રીતે ગોઠવાઈ જતાં કૅમેરાઓ કામે લાગી ગયા.

આ રીતે અર્બુદાચલને પાવન કરી સ્વામીશ્રી તા. ૧૪/૧૧ની સાંજે આવી પહોંચ્યા – 'તક્ષશિલા'ને આંગણે!

અક્ષરધામના નિર્માણની પ્રક્રિયા નિહાળવા નીકળેલા તેઓ હવે જ્યાં-જ્યાં શિલાઓનું તક્ષણ(ઘડતર) કાર્ય થઈ રહેલું ત્યાં-ત્યાં પગલાં પાડવાના હતા. પથ્થરને ઘડનારા કારીગરોને પણ મળવાનો તેઓનો ઇરાદો હતો. જાણે-અજાણે પણ એક યુગકાર્યના ભાગરૂપ બનેલા આ કર્મચારીઓને જ્યારથી સ્વામીશ્રીના કાર્યક્રમની જાણ થયેલી ત્યારથી તેઓનાં મનમાં કૌતુક ઊભરાતું હતું, કારણ કે કોઈ મહાત્મા અગર તો મહાનુભાવ મજૂરોના માથે હાથ મૂકવા આવે તેવો ઘાટ અહીં પહેલી વાર ઘડાતો હતો!

આ કારીગરોની સાથે સંસ્થાના કેટલાય સમર્પિત કાર્યકરો અહીં ધૂણી ધખાવીને બેસી ગયેલા. કુટુંબ-કારકિર્દીના કોડને કચડી કલ્યાણની રોકડી કરી રહેલા આ સ્વયંસેવકો પણ *‘આતુરતા મન અતિ ઘણી, થઈ સ્વામીને મળવા માટ...’*નો ભાવ અનુભવી રહેલા.

આ સૌના મનોરથ પૂરા કરવા પધારેલા સ્વામીશ્રીએ પ્રથમ સરૂપગંજને પાવન કર્યું. અહીં તેઓ ઇટાલિયન આરસમાં કંડારાઈ રહેલો અક્ષરધામનો ઘુમ્મટ નિહાળી કારીગરોના મસ્તકે હાથ મૂકતાં મૂકતાં કારખાનામાં બધે ફર્યા. આ સમયે સાંજે સાત વાગી ગયા હોવાથી અંધારું ઠીક ઠીક ઊતરી આવેલું. શિયાળો હોવાથી શીત લહર પણ ફરી વળેલી. જ્યાં-ત્યાં ખડકાયેલા પથ્થરો અને તેની કરચો વાગવાની પૂરી શક્યતા હતી. છતાં સ્વામીશ્રીને કશાની તમા નહોતી. તેથી તેઓ સર્વત્ર ફરીને કારીગરોની સભામાં પણ બિરાજ્યા. તેમાં તેઓનાં અમૃતવચનો રેલાઈ રહ્યાં કે ‘आज आप सबको मिलकर बहुत आनंद हुआ है। यह काम भगवान का है, इसलिये इस काम से आपके जीवन में शांति मिलेगी। आप जीवन में बहुत सुखी हो जायेंगे।’

આ આશીર્વર્ષા બાદ સામેથી જ કારીગરો સાથે સમૂહછબી પડાવવા પધારેલા સ્વામીશ્રી ઠાકોરજીની સાથે કારીગરોની પાછળ ઊભા રહ્યા. તે જોઈ સૌએ તેઓને આગળ ઊભા રહેવા વિનંતી કરી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : ‘હું આગળ ઊભો રહીશ તો બધાનો ફોટો બરાબર નહીં આવે. પાછળ ઊભો રહીશ તો ફોટામાં બધા કારીગરો વ્યવસ્થિત આવશે.’

સૌને આગળ રાખવાની આ ભાવના સાથે તસવીર પડાવતા સ્વામીશ્રીએ છબીસત્ર વિરમતાં ઈશ્વરચરણદાસ સ્વામીને કહ્યું : ‘કારીગરોને વાત કરો કે આ હરિકૃષ્ણ મહારાજ છે. એમની દૃષ્ટિથી આ બધું થાય છે. એ આપણા પર દૃષ્ટિ કરે છે.’

આમ, જ્યાં જાય ત્યાં મહારાજનો મહિમા વિસ્તારતા સ્વામીશ્રી સરૂપગંજથી પીંડવાડા પહોંચ્યા.

પીંડવાડાનો પ્રવાસ

પીંડવાડામાં યોજાયેલી સ્વાગત-સભામાં શ્રી હર્ષદભાઈ ચાવડાએ અત્રે વિવિધ સ્થળે સેવા બજાવતા સોમપુરા, કારીગરો, સેવાભાવી સત્સંગીઓ વગેરેનો પરિચય આપ્યો. તે સાંભળી આશીર્વાદ આપતાં સ્વામીશ્રી વરસી

પડ્યા કે 'તમારો પરિચય અપાયો એટલે તમારી પણ જય અને પરિચય આપનારની પણ જય! તમે રાત-દિવસ જોયા વિના પોતાનું માનીને કામ કરો છો તો દિલ્હીમાં લાખો માણસો જોશે તે રાજી થશે. એ બધો યશ તમને મળશે. કોઈ પૂછશે કે 'આ કામ ક્યાં થયું છે?', તો કહેવાશે – 'પીંડવાડાની સાઈટ પર.' એટલે તમારા બધાનું નામ બોલાશે.'

આ પ્રસન્નતા સાથે સ્વામીશ્રી તા. ૧૫/૧૧ની સવારે સીવેરા પધાર્યા.

અહીં તેઓએ રૂપકામની સાથે ગજેન્દ્ર પીઠિકાના ગજરાજોનું ઘડતરકામ તથા અક્ષરધામના પ્રવેશદ્વારની રૂપચોકીનું કાર્ય નિહાળ્યું. તે વખતે તેઓ 'अच्छा बनाना... स्वामिनारायण स्वामिनारायण भजन करते काम करना... आशीर्वाद है...' વગેરે કહેતાં સૌ પર પુષ્પો વરસાવતા ગયા.

પરંતુ સ્વામીશ્રીને પથ્થરની સાથે મનુષ્યોના ઘડતરમાં પણ રસ. તેથી તેઓએ અહીં સભા ભરી સૌની કલાને તો બિરદાવી, પણ સાથે જણાવ્યું કે – 'जैसे रफ़ पत्थर को आप घड़ते हैं वैसे हमारा जीवन पत्थर जैसा रफ़ है। तो यह घड़तर हमें करना है कि हमारे जीवन में कोई व्यसन न हो, खराब आदत न हो। अच्छा मनुष्य हमको बनना है।'

આ રીતે માનવશિલ્પના ઘડવૈયા સ્વામીશ્રી અહીંથી જાડેલી પધાર્યા.

અત્રે ધમધમતા કારખાનામાં હ્યુસ્ટન, શિકાગો અને જૂનાગઢનાં મંદિરોનું કામ ચાલતું હતું. તેની કાર્યવાહી જોઈ પુનઃ પીંડવાડા આવી પહોંચેલા સ્વામીશ્રીએ અહીં પણ હાથીખાનું, અક્ષર સ્ટોન ટેક, શાયોના, સી-૪૯, ફાટક વગેરે સ્થળે ચાલતું ઘડતરકામ નિહાળ્યું.

પુસ્તક અને પથ્થરમાં પારંગત

તા. ૧૫/૧૧ની સાંજે પીંડવાડાના આદર્શ વિદ્યામંદિરના આંગણે સભાલાભ આપી સ્વામીશ્રી રાત્રિભોજન માટે બિરાજ્યા ત્યારે સંસ્થાના સમર્પિત કાર્યકર શ્રી સંજયભાઈ પરીખે નિર્માણની ગતિવિધિનો અહેવાલ આપ્યો. તે સાંભળી સંતોષ પામેલા તેઓ તા. ૧૬/૧૧ની સવારે અહીંથી વિદાય લઈ વાટમાં આવતાં સિરોહી અને સુમેરપુરને ધન્ય કરતાં પોણા બાર વાગ્યે પાલી પહોંચ્યા.

અત્રે ઝાલા ઉપવનમાં એક દિવસનું રોકાણ કરી સ્વામીશ્રીએ પુનઃ યાત્રા આગળ ધપાવી અને તા. ૧૭/૧૧ના રોજ તેઓ અજમેરને પાવન કરતાં સાંજે જયપુર પધાર્યા.

અહીં ગુલાબી પથ્થરમાંથી નયનરમ્ય મંદિર આકાર લઈ રહેલું. તેનું તા. ૧૮/૧૧ના રોજ નિરીક્ષણ કરતાં સ્વામીશ્રીએ સંતનિવાસની ઈમારતના સંદર્ભમાં બાંધકામ સંભાળનારા શ્રી જયસુખભાઈ ઝાલાને કહ્યું : 'પહેલા માળની ઓસરીના થાંભલા શિરોહી શૈલીના કેમ નથી કર્યા? પોર્ચ(ભોંયતળિયાની પરસાળ)માં એવા કર્યા છે, પણ ઉપર ચોરસ કર્યા છે.'

'એ થાંભલા આગળ જે જગ્યા છે ત્યાં શિરોહી પ્રકારના થાંભલા આવશે.' કાર્યકરે જણાવ્યું.

પણ આ બચાવ સ્વામીશ્રીને યોગ્ય ન જણાતાં તેઓ બોલ્યા : 'અલગ નહીં, આ જ થાંભલાને એવા કેમ ન કર્યા?'

થાંભલા બનાવતી વખતે જ એલિવેશન(દેખાવ-ઉઠાવ)નો ખ્યાલ રહેવો જોઈએ, જેથી પાછળથી ખોટા ખર્ચા ન કરવા પડે – એ સ્વામીશ્રીને કહેવાનું તાત્પર્ય હતું.

એક જ નજરમાં સંકુલની ખામી-ખૂબીને માપી લેતા તેઓની આ સ્થાપત્યસૂઝના ચમકારાથી હજી સૌ અંજાયેલા હતા ત્યાં જ અલ્પાહાર વખતે તેઓની શાસ્ત્રસૂઝનો શેરડો ફરી વળ્યો.

આજે પુસ્તકનું વાંચન શરૂ કરતાં પૂર્વે વાચક સંતે સ્વામીશ્રીને કહ્યું : "બાપા! આપ આબુ હતા ત્યારે હું આપની સમક્ષ દુર્ગપુર માહાત્મ્ય ગ્રંથ વાંચતો હતો. તેમાં હું 'નારદ ગાંધર્વાદિક...' એમ બોલેલો. તે વખતે આપે પૂછેલું કે 'નારદજીને ગાંધર્વમાં કેમ લખ્યા છે?, કારણ કે નારદજીને દેવર્ષિનો દરજ્જો અપાયો હોવાથી તેઓ ગાંધર્વ કરતાં વિશેષ ગણાય.' આ સાંભળી મેં જોયું તો ખ્યાલ આવ્યો કે મારી વાંચવામાં ભૂલ હતી. ગ્રંથમાં નારદ લખ્યા પછી અલ્પવિરામ મૂક્યું છે, પણ તે મેં ન જોતાં સળંગ વાંચેલું!"

આ ખુલાસો પથ્થરના કામમાં કુશળ સ્વામીશ્રી પુસ્તકના શબ્દોમાં પણ કેટલા ચોક્કસ છે તે સમજાવી ગયો.

સિકંદરામાં સત્સંગની સરવાણી

તા. ૧૯/૧૧ની સવારે જયપુરથી દૌસા પહોંચેલા સ્વામીશ્રી અત્રે મંદિરની સંભવિત ભૂમિ પર પગલાં પાડી માનપુર પધાર્યા. અહીં ચાલતી પથ્થરોની ઘડતર-પ્રક્રિયાને નજરમાં ભરી તેઓએ પોણા બાર વાગ્યે સિકંદરાને પાવન કર્યું.

આ સ્થાનના ત્રણ વિરાટકાય શેડમાં ટાંકણાની ટચ ટચ ચાલતી હતી. ત્યાં એકેએક પથ્થર અને કારીગરને લક્ષમાં લેતાં સ્વામીશ્રી ઘૂમવા માંડ્યા. જેમ પાણીની સરવાણી વચ્ચે આવતા પથ્થરોને ક્યારેક ટપીને, તો ક્યારેક આજુબાજુથી, તો ક્યારેક નીચેથી પાર કરીને આગળ વહે છે, તેમ અહીં પણ સ્વામીશ્રી જ્યાં-ત્યાં પડેલા પથ્થરના ટુકડા, પથ્થરની પાટો, ઘડતરકામનાં ઓજારો વગેરે વચ્ચેથી રસ્તો કાઢતાં કાઢતાં દરેક પર પુષ્પો પધરાવવા લાગ્યા.

તેમાં એક વાર તો તેઓ બે મોટા પથ્થરો વચ્ચેની સાંકડી જગ્યામાંથી નીકળવા જતાં જમણી તરફ થોડા લથડી પણ ગયા. જો કે તરત જ પથ્થરનો ટેકો મળી રહેતાં કશું વાંધાજનક ન બન્યું. એક જગ્યાએ તો એક તરફ પથ્થર અને બીજી બાજુ થાંભલો આવી જતાં અતિ સાંકડી જગ્યા બચેલી. તેમાંથી સ્વામીશ્રી આડા થઈ, થોડા ઘસાઈને પાર નીકળ્યા. આ કષ્ટ અને ઉત્સાહ સાથે તેઓએ સઘળે પગલાં કરી અહીં જ બપોરનું ભોજન લીધું.

તે પછી સૌ કારીગરો અને કાર્યકરો પર સ્વામીશ્રીએ અમૃતધારા વરસાવી કે 'તમે ને અમે, આપણે બધા ભગવાનનું કામ કરીએ છીએ. તમે ધોળે લૂગડે છો અને અમે ભગવે લૂગડે છીએ. પણ કામ ભગવાનનું છે. એટલે અમને ફળ મળે એટલું તમને પણ મળે.'

કામ અને કારીગરોના આ મહિમા સાથે સ્વામીશ્રી આજની સાંજે પણ ધર્મલાભ આપવા સભામાં પધાર્યા ત્યારે બારોલી, કટકર, મેડી, પટૌંડા, મિલકીપુરા, હિન્ડૌન, બહરાવંડા, પીચુપાડા, ગીજગઢ, બંસીપહાડપુર, પુલારા, ગોલાડા, ભુસાવર, ખેરિયા મોડ, રુદાવલ, બયાનાની જગ્યામાં કામ કરતા કારીગરો આવી પહોંચતાં જંગી સભા યોજાઈ ગઈ. તેમાં આશીર્વાદ આપી સ્વામીશ્રી રાત્રે આઠ વાગ્યે જયપુર પરત ફર્યા.[૭]

અક્ષરધામ સેતુ પર અમૃતસેતુ

જયપુરમાં તા. ૨૦/૧૧ની સવારે સ્વામીશ્રીએ ગોવિંદ દેવ મંદિર, જૂના સ્વામિનારાયણ મંદિર તથા માલવિયા ઍપાર્ટમેન્ટમાં આવેલા આપણા નાનકડા

૭. મારવાડની મરુભૂમિ પર વરસેલા સ્વામીશ્રીના મમતામેઘથી તરબતર થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

મંદિરે જઈ ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું. તે પછી તેઓ તા. ૨૧/૧૧ની સવારે પોણા નવ વાગ્યે અહીંથી નીકળી બપોરે દોઢ વાગ્યે દિલ્હીના દ્વારે પધાર્યા!

અત્રે મંદિરમાં દર્શન કરી ૧:૪૦ વાગ્યે જમવા બિરાજેલા સ્વામીશ્રી ભોજન બાદ સવા બે વાગ્યે વિશ્રામ માટે પોઢ્યા, પણ નિયતક્રમથી પોણો કલાક મોડા સૂતેલા તેઓ જાગ્યા તો સમયસર જ!

આ કાર્યનિષ્ઠા સાથે સાડા સાત વાગ્યા સુધી સેવારત રહી સ્વામીશ્રી સંતનિવાસની સમીપવર્તી લૉનમાં આયોજિત ગીતા જ્ઞાનયજ્ઞમાં આવી પહોંચ્યા. સાત દિવસ સુધી જલનારી આ જ્ઞાનયજ્ઞની જ્યોતમાં આજે આશીર્વાદનું અમૃત સીંચી તેઓ ઉતારે પરત ફર્યા.

અહીં તેઓએ બાથરૂમમાંથી બહાર આવતાં બાથરૂમની બત્તી જાતે જ બંધ કરી. તે જોઈ એક સંત બોલ્યા: 'આપ સ્વયંસેવક થયા.'

'સ્વયંસેવક જ છીએ. અમે થોડા મોટા છીએ?' સ્વામીશ્રીએ કહ્યું.

ગોળથી ગળપણ છૂટું પડે તો તેઓથી સેવકભાવ અલગ થાય તેમ હતું.

આ જન્મજાત દાસભાવ સાથે તા. ૨૨/૧૧ની સવારે અક્ષરધામના નિર્માણની પ્રક્રિયા નિહાળવા નીકળેલા સ્વામીશ્રી દિલ્હી સરકાર દ્વારા નિર્માણાધીન અક્ષરધામ સેતુ પર પધાર્યા. અહીંથી તેઓએ અક્ષરધામનું અવલોકન કર્યા બાદ સેતુસૂચક બૉર્ડનું પૂજન કર્યું. તે વખતે તેઓના હોઠેથી શબ્દો સરી પડ્યા: 'દિલ્હીમાં અક્ષરધામ સેતુ થઈ ગયો મારા ભ'ઈ! એટલે આ પુલ પરથી જે આવે તેને દર્શન થશે, તેનું કલ્યાણ થશે.'

સરકારે સિમેન્ટ-કોંક્રીટનો સેતુ બાંધ્યો, પણ સ્વામીશ્રીએ તો કલ્યાણનો સેતુ જ રચી દીધો. સૌ સૌનું કામ કરે ને!

આવું અદ્ભુત દુનિયામાં ફરી થવાનું નથી

તા. ૨૩/૧૧ની સવારે સ્વામીશ્રીની નિત્યપૂજાનાં દર્શન માટે ગોઠવાઈ ગયેલા શ્રી બી. સ્વરૂપ સ્વામીશ્રીના પ્રવચનથી તો એક વર્ષ પહેલાં જ વીંધાઈ ગયેલા. CBDT(Central Board of Direct Taxes)ના સભ્ય એવા તેઓએ ગાંધીનગરના અક્ષરધામની પ્રાર્થના સભામાં સ્વામીશ્રીએ આપેલા આશીર્વાદનું જીવંત પ્રસારણ સાંભળેલું. તે વક્તવ્યમાં સ્વામીશ્રી 'આતંકવાદ' શબ્દ સુધ્ધાં બોલ્યા નહોતા તે આ અધિકારીનું બારીક વિશ્લેષણ. એથીયે વિશેષ, આ અમલદાર માટે સ્વામીશ્રીના સ્વરમાં રહેલી ઋજુતા, સ્પષ્ટતા

અને સહિષ્ણુતા હૃદયસ્પર્શી બની ગયેલી. તેને અનુભવી આ પદાધિકારીને ગાંધીજીનો આત્મા જ સ્વામીશ્રીના અવાજમાં સંભળાયેલો.

આ ઘેરી છાપ હૈયામાં સંઘરીને તેઓ આજે વહેલી સવારે સાડા સાત વાગ્યે સ્વામીશ્રીનાં દર્શન માટે દોડી આવેલા.

અહીં પણ તેઓએ સ્વામીશ્રીનાં પૂજાદર્શનનો સારાંશ જણાવતાં સંતોને કહ્યું: 'સ્વામીશ્રીના મુખારવિંદ પર બે જ ભાવ દેખાય છે. એક – સાદાઈ(simplicity)નો અને બીજો – સ્થિતપ્રજ્ઞતા(equanimity)નો.'

પૂજા બાદ સ્વામીશ્રીને મળતાં પણ શ્રી સ્વરૂપે અનુભૂતિ રજૂ કરી કે – 'आपके आने के बाद हिन्दुस्तान में धार्मिक मुवमेन्ट (आंदोलन) की दिशा बदल गई। पहले हिंदु धर्म में केवल धार्मिक प्रवृत्तियाँ चलती थीं। आपने धार्मिक के साथ सामाजिक और सखावती (चैरीटेबल) – दोनों कार्य किये।'

સ્વામીશ્રીની વાણી અને વર્તણૂકથી ઘાયલ થયેલા આવા કંઈક મહાનુભાવો દિલ્હીના નિવાસ દરમ્યાન મુલાકાતે આવતા રહ્યા.

તેની વચ્ચે યથાવકાશે અક્ષરધામનું નિર્માણકાર્ય નિહાળવા પધારતા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૨૪/૧૧ની સવારે સ્મારકની છતમાં જડાનારી ચાવીનું પૂજન થયું. આ અવસરે આનંદમાં આવી અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

'આપણે છતનું પૂજન કર્યું. તેમાં જરાય આઘું-પાછું ન થાય, કાંકરોય ખરે નહીં, વર્ષો સુધી આમ ને આમ રહે. જોતાંની સાથે માણસને સમાધિ થાય એવું છે! વિચાર આવી જાય કે 'આ કેવી રીતે ગોઠવ્યું હશે?!' ભગવાન ક્યાં-ક્યાં, કેવી-કેવી પ્રેરણા કરે છે! આવું અદ્ભુત કામ મહારાજની દયાથી થયું છે. આવું અદ્ભુત દુનિયામાં ફરી થવાનું પણ નથી. દુનિયામાંથી અહીં જોવા આવશે. અક્ષરધામને કોઈ અવધિ નથી ને અક્ષરધામ જેવું કોઈ ધામ નથી, તો આ ધામ એવું થવું જોઈએ ને! તો એવું થશે.'

અક્ષરધામનું આવું અનેરું માહાત્મ્ય વર્ણવતાં સ્વામીશ્રીએ આ નિર્માણ-કાર્યમાં સમર્પિત થયેલા શ્રી વીરેન્દ્રભાઈ સોમપુરા, ઇજનેર શ્રી અશ્વિનભાઈ પટેલ વગેરે હરિભક્તો તથા ઈશ્વરચરણદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી વગેરે સંતોને પણ બિરદાવ્યા.

તે પછી આસન પરથી ઊભા થયેલા તેઓની નજર પ્રસાદની થાળી પર ગઈ. તેથી સ્વામીશ્રી બોલ્યા: 'આ પ્રસાદ હજુ પડ્યો રહ્યો છે. બધાને આપવા

માંડો. ઉત્સવ થયા પછી પ્રસાદ લેવો પડે. નહીંતર ઉત્સવ અધૂરો રહે.'

આમ કહી તેઓએ સૌને પેંડા વહેંચાવ્યા અને સૌના આગ્રહથી પોતે પણ અલ્પ પ્રસાદી અંગીકાર કરી.

આવા ઉલ્લાસભર્યા વાતાવરણમાં સ્વામીશ્રીએ આજની સાંજે ઉતારાના મુલાકાત ખંડમાં અક્ષરધામ સેતુનાં ૧૨ x ૪ ફૂટનું પરિમાણ ધરાવતાં બે બૉર્ડનું મહાપૂજા સાથે પૂજન કર્યું. આ પ્રસંગે પણ તેઓના ઉરમાં ઊછળતો ઉમંગ એક બૉર્ડ પર ૨૨ ચાંદલા અને બીજા બૉર્ડ પર ૨૬ ચાંદલા દ્વારા અંકિત થઈ ગયો. તે પછી સ્વામીશ્રીના મુખેથી કલ્યાણભાવના સરી પડી કે –

'અક્ષરધામ સેતુ એટલે ભગવાન બધાને પાર કરી દે. જે પુલ ઉપરથી અને નીચેથી પસાર થાય તે બધાને, આકાશમાં ઊડે તે બધાને, વિમાનેય જાય ને પાછા! તે બધાયનું ભગવાન કલ્યાણ કરે ને જીવનમાં શાંતિ રહે.'

કલકત્તામાં શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ

તા. ૨૫/૧૧ની સાંજે સ્વામીશ્રીના નિવાસસ્થાનમાં અક્ષરધામ સંબંધી એક બેઠક ચાલી રહેલી. તેની વચ્ચે સેવકે સ્વામીશ્રીને જ્યૂસનો પ્યાલો પીવા માટે ધર્યો. તે સ્વામીશ્રીએ પકડતાં આ સંત કોગળા કરાવવાનું પાણી લેવા ગયા, પણ પાછા આવેલા તેઓએ શરબતનો પ્યાલો ખાલી જોયો. તેથી તેઓએ સ્વામીશ્રી સમક્ષ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે 'આટલું જલદી પી ગયા! જ્યૂસ તો ધીમે ધીમે પીવું જોઈએ.'

'આપણે ખેડૂતને એવો વિચાર ક્યાંથી હોય? એ તો એક ઘૂંટડે ગટગટાવી જાય.' સ્વામીશ્રી બોલ્યા.

મૂળ તો *'તપસ્વી છો ને રસને તજો છો...'*ની પ્રકૃતિ ધરાવતા તેઓને ખાવા-પીવાની બાબતમાં કોઈ દિલચસ્પી જ નહીં! તેથી આવી ક્રિયાઓ સ્વામીશ્રી ઉતાવળથી આટોપી લેતા અને તરત પોતાની સેવામાં ડૂબી જતા.

આ રીતે દિલ્હીમાં એક અઠવાડિયા સુધી રોકાઈને અક્ષરધામના નિર્માણ-કાર્યને ખૂબ વેગ આપતા તેઓ તા. ૨૮/૧૧ની રાત્રે કલકત્તા આવી પહોંચ્યા.

અહીં સ્વામીશ્રી તા. ૨૯/૧૧ના રોજ જોકામાં વસેલા અમનપુરી ફાર્મ હાઉસમાં પધાર્યા. ગુણાનુરાગી શ્રી અજયભાઈ ઝૂનઝૂનવાલાના આ સંકુલમાં ત્રણ દિવસ માટે સ્વામીશ્રીનો નિવાસ હતો. આ આવાસની નજીકમાં જ આવેલી નિર્માણાધીન મંદિરની ભૂમિ અત્યારે મહોત્સવ સ્થળમાં ફેરવાઈ

ગયેલી. તેના આકર્ષક પ્રવેશદ્વારનું આજની સાંજે છ વાગ્યે ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રી સભામાં પધાર્યા.

તેઓના આ પદાર્પણને અનુસરતાં તા. ૩૦/૧૧ની સવારે શિખરબદ્ધ મંદિરના શિલાન્યાસની સોનેરી ક્ષણ આવી પહોંચી. આ સમયે અનેક મંત્રી અને મુરબ્બીઓ તથા મંદિર-નિર્માણના સહયોગીઓની ઉપસ્થિતિમાં સ્વામીશ્રીએ નિધિકુંભ, પંચ ઇષ્ટિકાઓ, સુવર્ણ ઇષ્ટિકા વગેરેનું પૂજન કર્યું. તેની સાથે મધ્યમાં મુકાનારી પૂર્ણા શિલા પણ પૂજી. તેને મજબૂત દોરડાથી બાંધી એક મીટર વ્યાસ ધરાવતા ૧૫ ફૂટ ઊંડા ગર્તમાં સરકાવવામાં આવી. આ દોરડાના એક છેડાને સ્વામીશ્રીએ પોતાના વરદહસ્તનો સ્પર્શ આપી રાખ્યો. આ રીતે શિલાસ્થાપન બાદ તેઓ પૂજોપચાર, સિમેન્ટનો રસ વગેરે દ્રવ્યો પણ ગર્તમાં પધરાવી ઉત્સવ-સભામાં પહોંચ્યા. અહીં પશ્ચિમ બંગાળના રાજ્યપાલ શ્રી વીરેનભાઈ શાહ સહિત કંઈક અગ્રણીઓએ સ્વામીશ્રીને તેઓના આ યુગકાર્ય માટે બિરદાવ્યા.

૮૩મો જન્મજયંતી મહોત્સવ

કલકત્તામાં નૂતન મંદિરના શિલાન્યાસની શરણાઈના સૂર શમ્યા ત્યાં તો તા. ૧/૧૨ની સવારે સ્વામીશ્રીની ૮૩મી જન્મજયંતીનાં જાંગીરાં ઢોલ ઢબૂકી ઊઠ્યાં. આ ઉત્સવની ઉજવણીમાં સમુદાય સીમિત હતો, પરંતુ સૌનો ઉત્સાહ અમાપ હોવાને કારણે મંચથી માંડવા સુધી સર્વત્ર આકર્ષક સુશોભનનું સામ્રાજ્ય વિસ્તરેલું. તેની વચ્ચે સૌનું અભિવાદન ઝીલતાં મંચ પર ચઢેલા સ્વામીશ્રી અત્રે બેઠેલા મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી વગેરે સદ્‌ગુરુ સંતોને સાવ નીચા નમીને પગે લાગ્યા. તેઓની આ નમ્રતા જોઈ હરખાઈ ઊઠેલું આજનું પ્રભાત આકાશમાંથી કેસર-કુમકુમ વેરતું રહ્યું અને અહીં સંતો-ભક્તોએ ગીતોનો ગુલાલ ઉડાડી સ્વામીશ્રીની પ્રાતઃપૂજાને રંગીન બનાવી દીધી.

આ રંગમાં જન્મજયંતીના સભા-કાર્યક્રમની સુગંધ ઘોળાતાં વાતાવરણમાં દિવ્યતા પ્રસરી રહી. આજની ઉત્સવ-સભામાં પ્રત્યેક પ્રસ્તુતિ શાસ્ત્રોનાં વચનો સાથે તાલ મિલાવતાં સ્વામીશ્રીના જીવનને વધાવતી રહી. તેથી સૌ ઉપનિષદમાં વર્ણવાયેલી આત્મનિષ્ઠા, રામાયણમાં કહેવાયેલી ધર્મનિષ્ઠા, ભાગવતમાં ગૂંથાયેલી ભક્તિનિષ્ઠા, ગીતામાં ગવાયેલી સ્થિતપ્રજ્ઞતા અને

વચનામૃતમાં ઉદ્‌બોધાયેલી 'સમર્થ થકા જરણા'ની સ્થિતિનું દર્શન સ્વામીશ્રીમાં કરી રહ્યા. આ પ્રત્યેક મુદ્દો ક્યારેક સંવાદ, તો ક્યારેક વક્તવ્ય દ્વારા રજૂ થતો. તેની સાથે પ્રસંગોપાત્ત નૃત્યોની સંગત ભળતી રહી. તેના અંતે સૌનાં હૈયે ઊછળતી ઊર્મિઓ કલાત્મક પુષ્પહારો અને પુષ્પાંજલિથી સ્વામીશ્રીનાં ચરણોમાં વહી રહી.

સમગ્ર સત્સંગનો આ ભક્તિભાવ સ્વીકારી સ્વામીશ્રીએ અમૃતધારા વરસાવી કે 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેવા સંત મળ્યા છે તો હવે જાણપણારૂપ દરવાજે રહેવું. આવા સંત આપણને મળ્યા એટલે આપણે છેલ્લો જન્મ છે, સાધન સંપૂર્ણ થયાં છે અને એમણે જે આદેશ આપ્યા છે એ આપણા જીવનમાં રાખીશું તો અક્ષરધામની વાટ આપણે માટે કંઈ દૂર નથી. એવો કેફ હંમેશાં રાખીને અખંડ કથા-વાર્તા, કીર્તન કરવું અને એકબીજાનો મહિમા સમજવો. આ પૃથ્વીનું તળ રહે ત્યાં સુધી અક્ષર-પુરુષોત્તમની ઉપાસના અને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો મહિમા અખંડ રહે એવું જીવન આપણે સર્વ જીવીએ એ જ મહારાજને પ્રાર્થના.'

આ આશીર્વાદથી સૌને ધન્ય કરી ઉતારે પધારેલા સ્વામીશ્રી અત્રે જમવા બિરાજ્યા ત્યારે સામયિક 'પ્રકાશ'નો પાઠ શરૂ થયો. તેમાં શરદ પૂર્ણિમાની સભાનો અહેવાલ વંચાયા પછી આવેલા જાગા ભક્તની જયંતીના વર્ણનમાં પાંચમી આરતી અને દૂધ-પૌંઆના પ્રસાદની વિગત સાંભળી સ્વામીશ્રીએ પૂછ્યું : 'કેમ આ ફરી આવ્યું ? અવળ-સવળ થઈ ગયું ?'

'રિપીટ (પુનરાવર્તિત) થયું લાગે છે !' કો'કે ખુલાસો કર્યો.

ત્યાં વળી બીજાએ આશંકા વ્યક્ત કરી : 'મુદ્રણદોષ હોઈ શકે !'

પરંતુ તે દરમ્યાન વાંચન કરનારા સંતે પાના પર નજર ફેરવી તો તેઓથી જ ઊભી કૉલમ વાંચવામાં ગોટાળો થઈ ગયેલો. તેઓએ માફી માંગતાં ભૂલ સુધારી લીધી.

દેશોદેશમાં ગુંજતા જન્મજયંતીના ડંકા વચ્ચે પણ કથા-શ્રવણમાં આટલા એકાગ્ર થઈ શકતા સ્વામીશ્રીને નીરખી સૌ અહોભાવમાં સરી પડ્યા.[૮]

---

૮. કલકત્તામાં ઊજવાયેલા સ્વામીશ્રીના ૮૩મા જન્મોત્સવની ભવ્યતા અને દિવ્યતા માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

અક્ષરધામનો પાસપોર્ટ

તા. ૧/૧૨ની સાંજે પાઈલાન પાર્ક નામના શૈક્ષણિક સંકુલમાં પધરામણી કરી કલકત્તાના ભવાનીપુરમાં આવી પહોંચેલા સ્વામીશ્રીનો નિવાસ અહીં શ્રી દિનેશભાઈ ઠક્કરના ઘેર હતો. અત્રે સ્વામીશ્રીએ તા. ૫/૧૨ની સવારે આફ્રિકાથી લાભ લેવા આવેલા ૬૧ બાળકો-કિશોરોને કથામૃતનું પાન કરાવી અંતે કહ્યું : 'હવે તમારે બધાને કોઈ પ્રશ્ન હોય તો વાત કરો.'

આ સાંભળી એક કિશોરે પૂછ્યું : ''સ્વામી ! આપે હમણાં કહ્યું કે – 'આપણે મહારાજનાં દર્શન શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજમાં કર્યાં.' તો વર્તમાનકાળે આપનામાં મહારાજ સાંગોપાંગ છે, તેથી આપ મહારાજનું સ્વરૂપ છો એ વાત સાચી ?''

'તમે બોલ્યા એ જ વાત છે ! એમાં કંઈ બીજી કરવાની નથી. પણ 'આ જ ભગવાન છે' એમ વાત ન થાય. 'એમાં રહીને ભગવાન કાર્ય કરે છે' તેમ વાત થાય.'

સ્વામીશ્રીએ જ્ઞાન અને ભાનની આ સમજ આપી ત્યારે એક બાળકે જિજ્ઞાસા પ્રગટ કરી કે 'બાપા ! અક્ષરધામમાં જવાનો પાસપોર્ટ કેવો છે ?'

'સત્પુરુષ મળે ને એમાં આત્મબુદ્ધિ થાય એ મોટો પાસપોર્ટ. એમની આજ્ઞા પાળીએ એ પાસપોર્ટ.'

અક્ષરધામનો આ પરવાનો ઓળખાવ્યા બાદ સ્વામીશ્રીએ અન્ય એક પ્રશ્નના ખુલાસારૂપે આ ઊગતી પેઢીને ઉપયોગી ઉપદેશ આપતાં કહ્યું :

'બધી ફેશનો નકામી છે. વસ્ત્ર અંગ ઢાંકવા માટે છે, પણ સારું કપડું પહેર્યું એનાથી કંઈ જ્ઞાન થાય ? શરીર ટકે એના માટે ખાવાનું છે. બહાર બસો રૂપિયાની ડિશ (ભોજનની થાળી) હોય તોય એ જ છે ને ઘરમાં પાંચ રૂપિયાની ડિશ હોય તોય એ જ છે. ભૂખ ભાંગે તે અગત્યનું છે.

પાંચ-દસ લાખના મકાનથી ચાલતું હોય તો પછી મોટો બંગલો કરીને કરવું છે શું ? સાદાઈ છે તે શાંતિનું કારણ છે. ફેશનથી ખોટા ખર્ચા થાય અને મોજશોખની વૃદ્ધિ થઈ જાય એટલે ભગવાન ભજવાના રહી જાય.

સદ્‌ગુણો એ આપણી શોભા છે, રૂપાળા થયા એનાથી નથી. આપણી જે સ્થિતિ હોય એનાથી ચલાવી લેવું. સદ્‌ગુણો આપણામાં આવે એના માટે સત્સંગ છે. ભગવાનની વાત એ અમૃત જ છે. ભગવાનની આજ્ઞામાં રહીને જે

ખોરાક લઈએ, જોઈએ, હરીએ-ફરીએ કે સાંભળીએ તે બધું અમૃત !'

આવું તો ભાગ્યે જ જોવા મળે

કલકત્તાના રોકાણ દરમ્યાન રોજ સવાર-સાંજ તેરાપંથ ભવનમાં સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદના કાર્યક્રમો યોજાતા. તેની સાથે કામાણી જૈન ભવન, બિરલા હાઈસ્કૂલ, ગુજરાતી એજ્યુકેશન સોસાયટી વગેરે પણ તેઓની પદરજથી પાવન થયાં.

તા. ૧૫/૧૨ની સવારે તો સ્વામીશ્રીએ કલકત્તાના સમીપવર્તી આંદુલ ગામનેય પોતાની ચરણરજથી ધન્ય કર્યું. અત્રે યજમાન શ્રી દિનેશભાઈ, વિજયભાઈ વગેરેનાં ઔદ્યોગિક સંકુલોમાં પગલાં પાડી પુનઃ કલકત્તા પધારેલા તેઓના અમૃતલાભનાં ચોઘડિયાં તા. ૧૫/૧૨ની સાંજથી ચેન્નાઈના આંગણે ગુંજવા લાગ્યાં.

અહીં મંદિરમાં રોકાયેલા સ્વામીશ્રી રોજ સવારે અને સાંજે સી. યુ. શાહ ભવનમાં પધારી ધર્મલાભ આપતા.

આ ક્રમમાં તેઓ તા. ૧૯/૧૨ની સવારે તત્કાલીન એશિયાના સૌથી મોટા નેત્ર-ચિકિત્સાલય – શંકર નેત્રાલયમાં પધાર્યા. તેઓના આ આગમનને સંકુલના સ્થાપક અને વ્યવસ્થાપક શ્રી એસ. એસ. બદરીનાથને દક્ષિણ ભારતનાં પરંપરાગત વાદ્યો નાદસ્વરમ્ અને તવલની સૂરાવલિઓ સાથે વધાવ્યું. સ્વાગતના આ ઉપચાર વચ્ચે તેઓ સ્વામીશ્રીને સાતમા માળે દોરી ગયા. ત્યાંથી સ્વામીશ્રીએ પુનઃ ભોંયતળિયે આવી યજમાન ડૉક્ટરના કાર્યાલયમાં પગલાં પાડ્યાં. અહીં શ્રી બદરીનાથને સ્વામીશ્રીની આંખો તપાસી સેવાનો સંતોષ મેળવ્યો. તેઓ સહિત હૉસ્પિટલના તમામ કાર્યવાહકોએ સ્વામીશ્રીની પધરામણી નિમિત્તે આજે થનારાં તમામ ઑપરેશનો નિઃશુલ્ક કરવાનો નિર્ણય લીધેલો. તેની સૂચના પણ નેત્રાલયના નોટિસ બૉર્ડ પર મુકાયેલી.

તેની નજીકમાં જ શંકરાચાર્ય શ્રી ચંદ્રશેખરેન્દ્ર સરસ્વતીજીની વિરાટ પટમૂર્તિ બિરાજમાન હતી. તે જોતાં વ્હીલચૅરમાંથી ઊતરી સ્વામીશ્રીએ નજીક જઈ ભાવપૂર્વક વંદન કર્યાં. આ સ્નેહ અને સમાદર સાથે તેઓએ અહીં આયોજિત સભામાં નેત્રાલયના કર્મચારીઓને જ્ઞાનદૃષ્ટિ આપી વિદાય લીધી.

આ જ રીતે તા. ૨૦/૧૨ની સવારે તેઓનાં પગલાં જૈન વિદ્યાશ્રમમાં પણ પડ્યાં. તેને અનુસરતાં તા. ૨૧/૧૨ની સાંજે એગમોર વિસ્તારમાં

આવેલા સિંધુ સદનનેય સ્વામીશ્રીનું સાંનિધ્ય માણવા મળ્યું.

અત્રે શહેરની સુપ્રસિદ્ધ ૪૪ સંસ્થાઓએ યોજેલા સ્વામીશ્રીના સન્માન સમારોહને સંબોધતાં સન્માન સમિતિના ચૅરમેન શ્રી કિશનભાઈ શાહે ભાવોર્મિ વહાવી કે 'હું એમ કહીશ કે દેવો પણ ન કરી શકે એવાં કાર્યો સ્વામીશ્રીએ એમના જીવનમાં કર્યાં છે. એમણે આધ્યાત્મિકતા અને સમાજસેવાનો જે સમન્વય કર્યો છે તે બેમિસાલ છે. વળી, તેઓની સમાજસેવા આધ્યાત્મિકતાની બુનિયાદ પર ઊભી છે, જેથી બહુ જ સારી રીતે સેવા થાય છે. આવું તો ભાગ્યે જ જોવા મળે !'

આ જ રીતે સિંધુ સદનના પ્રમુખ શ્રી લાલચંદ નીચાનીએ પણ સ્વામીશ્રીના ગુણાનુવાદ ગાયા કે –

'इनको यारों! प्रणाम करो, ये पारसरूप हैं;
ये इन्सान नहीं यारों! देवतास्वरूप हैं।
इनके उपकारों से पत्थर भी हीरे बन जाते हैं;
इनके स्पर्श से बन जाती बिगड़ी तसवीरें हैं।'

આવી કંઈક અનુભૂતિઓની અભિવ્યક્તિ વચ્ચે ૪૪ સંસ્થાના શ્રેષ્ઠીઓ દ્વારા સુગઠિત થયેલી સન્માન સમિતિએ સ્વામીશ્રીને સન્માનપત્ર, શાલ, પુષ્પગુચ્છ, ગોપુરમ્ આકારની સ્મૃતિભેટ વગેરે ઉપહારો અર્પણ કરી નવાજ્યા.

મંદિર-નિર્માણનો પુરુષાર્થ

તા. ૨૨/૧૨ની સવારે અશ્વિની સુંદરા હૉસ્પિટલ ઍન્ડ રિસર્ચ સેન્ટરને પાવન કરનારા સ્વામીશ્રી આજની સાંજે યુનિવર્સિટી ઑફ મદ્રાસના પરિસરમાં પધાર્યા.

અત્રે આ વિશ્વવિદ્યાલય તથા આપણી સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ઇન્ટિગ્રેશન ઑફ ફિલોસૉફી ઇન લાઇફ (તત્ત્વજ્ઞાનનો જીવનમાં સમન્વય) વિષયક પરિસંવાદ યોજાયેલો. તેમાં મેલુકોટે મઠના પૂજ્ય શ્રી જિયર સ્વામી, મદ્રાસ વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ શ્રી ત્યાગરાજન્ તથા તિરુપતિમાં આવેલી રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાલયના ઉપકુલપતિ શ્રી પ્રહ્‌લાદાચાર્ય સહિત અનેક મૂર્ધન્ય વિદ્વાનો ઉપસ્થિત હતા. તેઓ પૈકીના કેટલાક પંડિતોનાં પ્રવચન બાદ આશીર્વાદ વરસાવી સ્વામીશ્રી ઈસ્ટ કૉસ્ટ માર્ગ પર વસેલા નિત્ય-તરંગિણી ફાર્મ હાઉસમાં આવી પહોંચ્યા.

અહીં જ આજનો રાતવાસો કરી તેઓ તા. ૨૩/૧૨ની સવારે શહેરના મંદિર માટેની સૂચિત જમીનો જોતાં જોતાં મહાબલિપુરમ્ પધાર્યા.

આ પૌરાણિક સ્થાનને પાવન કરી ફાર્મ હાઉસમાં પરત ફરેલા સ્વામીશ્રી અત્રે જોયેલી જમીનો અંગે વિમર્શ કરવા બિરાજ્યા. તેમાં હરિભક્તોએ સવારે જોયા સિવાયની બીજી બે જમીનોનો ઉલ્લેખ કરતાં, સંતોએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આપ આરામ કરો. અમે આ જમીન જોઈ આવીએ.'

પરંતુ 'મારે રૂબરૂ જોવી પડે' એમ કહી સ્વામીશ્રીએ તે ભૂમિનું નિરીક્ષણ કરવા ઇચ્છા દર્શાવી.

પણ બહાર સંધ્યા સમયનું અંધારું ઊતરી આવેલું. વળી, વરસાદ વરસતો હતો. તેથી કો'કે આવતીકાલે જમીન જોવા જવાની દરખાસ્ત મૂકી. પરંતુ આવતીકાલે વિદાયનો દિવસ હતો. તે માટે આખા શહેરનો ટ્રાફિક વીંધીને ઍરપોર્ટ પર પહોંચવા માટે સવારે નવ વાગ્યે ઉતારેથી પ્રસ્થાન કરવું પડે એમ હતું. વળી, જોવાલાયક જમીન અને હવાઈ મથક એકમેકની વિરુદ્ધ દિશામાં હોવાથી આવતીકાલના પ્રસ્તાવ પર ચોકડી મારતાં સ્વામીશ્રીએ અત્યારે જ ગાડીઓ તૈયાર કરવા આદેશ આપ્યો. તેની સાથે ત્રણ મોટી ટૉર્ચ લેવા પણ જણાવ્યું અને પોતે જઈ પહોંચ્યા જે-તે જમીનો પર.

અત્રે સ્વામીશ્રી ઠંડા પવનના સંગે વરસતા ઝરમર વરસાદ વચ્ચે ગાડીમાંથી ઊતરીને નિરીક્ષણ કરવા લાગ્યા. અંધારામાં ઊબડ-ખાબડ જમીન પર ચાલતાં પગ ફગી જવાની પૂરી શક્યતા હોવા છતાં તેઓએ ટૉર્ચ અને ગાડીની બત્તીના અજવાળે જમીનનો અંદાજ મેળવવા પ્રયત્ન કર્યો. ત્યારબાદ સ્વામીશ્રીએ સ્થળ પર જ ઊભા રહી જમીન સંબંધી મંત્રણા પણ કરી.

વ્યક્તિથી માંડી વિશ્વના કલ્યાણનું કેન્દ્ર સમાં મંદિરો સર્જવા માટે ૮૩મા વર્ષે, વિપરીત વાતાવરણમાંય આવો પરિશ્રમ ઉઠાવનારા સ્વામીશ્રીને જોઈ સૌનાં અંતર અહોભાવથી છલકાઈ ઊઠ્યાં.

ધીરજ્યવાનમાં ધીરજ્યવાન રે

તા. ૨૪/૧૨ની સવારે ફાર્મ હાઉસની બહાર બાંધેલા મંડપમાં પ્રાતઃપૂજા માટે બિરાજેલા સ્વામીશ્રીએ માંડ એક માળા કરી હશે ત્યાં મેઘરાજાની સવારી આવી પહોંચી, પરંતુ સ્વામીશ્રી જ્યાં બિરાજેલા ત્યાં જ મંડપનો છેડો આવી જતો હોવાથી વરસાદનાં ટીપાં તેઓની પૂજા પર પડવા લાગ્યાં. તેને છત્રી-પ્લાસ્ટિક

ધરી ખાળવાનો પ્રયત્ન કારગત ન નીવડતાં છેવટે પૂજાની પાટને જ ઊંચકીને ઓસરીમાં લાવવામાં આવી. તેથી સ્વામીશ્રી પણ ચાલુ પૂજાએ ઊભા થઈ અંદર પધાર્યા અને ત્યાં બિરાજી પૂજા પૂર્ણ કરી.

ત્યારબાદ તેઓ અલ્પાહાર લઈ સવા નવ વાગ્યે ઍરપોર્ટ જવા નીકળ્યા ત્યારે અધવચ્ચે જ 'વિમાન મોડું પડશે' તેવો સંદેશો આવ્યો. તેથી ઍરપોર્ટની નજીકમાં આવેલી હાઉસિંગ બૉર્ડ સોસાયટીમાં રોકાવાનું નક્કી થતાં સ્વામીશ્રીએ તે તરફ પ્રયાણ આદર્યું, પરંતુ અહીં અત્તરના વેપારી શ્રી દિનેશભાઈના ઘેર અચાનક આવવાનું થયું હોવાથી સ્વામીશ્રી પધાર્યા ત્યારે રસોઈ તો તૈયાર થઈ નહોતી. તેથી પહેલાં વિશ્રામ અને પછી ભોજનનો તોડ નીકળતાં સ્વામીશ્રી પોઢ્યા. આખરે સંતોએ રસોઈ બનાવી દેતાં તેઓ બપોરે સવા ત્રણ વાગ્યે ભોજન લેવા બિરાજ્યા. તે પછી ઘરના ફળિયામાં સભાલાભ આપી ઍરપોર્ટ પહોંચેલા તેઓને વિમાની સેવાના એક અધિકારી વિમાન તરફ દોરી જવા લાગ્યા, પણ ત્યાં જ પહેલાં અન્ય પ્રવાસીઓને બેસાડી દેવાનું આયોજન ગોઠવાયું. તેથી સ્વામીશ્રી પ્રતીક્ષાલયમાં મુકાયેલી એક સાધારણ ખુરશી પર બિરાજ્યા.

આમ, આજનો આખો દિવસ પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાને કારણે તેઓનાં આરામ, ભોજન, સેવાકીય કાર્યો વગેરે બધું ખોરંભે ચડેલું. છતાં સ્વામીશ્રીએ ઍરપોર્ટ પર પૂર્ણ પ્રફુલ્લિતતા સાથે લંડનથી લાભ લેવા આવેલા યુવકોને વાતો કરી ખૂબ આનંદ પમાડ્યો. એ આનંદ સાથે જ તેઓ ૬:૫૦ વાગ્યે ચેન્નાઈથી ઊડ્યા અને જ્યાં બપોરે બાર વાગ્યે પહોંચવાનું હતું તે કોઈમ્બતુરમાં સાંજે સાડા સાત વાગ્યે પધાર્યા !

કોઈમ્બતુરમાં કલ્યાણનું કેન્દ્ર

કોઈમ્બતુર પધારેલા સ્વામીશ્રીએ તા. ૨૫/૧૨ની સવારે અહીંના નૂતન મંદિરનો વાસ્તુહોમ કર્યો. આ મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ સાથે દક્ષિણના દેવ બાલાજી પણ પ્રતિષ્ઠિત થવાના હોવાથી તે મૂર્તિનેય સ્વામીશ્રીએ પૂજી. અંતે તેઓએ ત્રીસેક યજમાનો પર આશીર્વાદ વરસાવ્યા કે –

'અહીં મંદિર બહુ સરસ થયું છે. જેવું સુંદર મંદિર તેવું સિંહાસન અને જેવું સિંહાસન તેવી મૂર્તિઓ. દર્શન કરતાં શાંતિ થઈ જાય તેવી મૂર્તિઓ છે. બાલાજીની મૂર્તિ પણ સરસ છે. તિરુપતિ બાલાજી જવાનું પુણ્ય અહીં મળી

જશે. ઘણા માણસોથી જઈ ન શકાય તો અહીં દર્શન કરવાથી તેનું પુણ્ય મળી જશે. અહીં એની ભક્તિ થઈ જશે. બાલાજી સાથે ભગવાન શ્રીજીમહારાજ એટલે આપણને ઘેર બેઠાં ગંગા જેવું થયું છે. અહીં વિષ્ણુભાઈ ભટ્ટે મંદિર કર્યું એટલે અનંત જીવોને માટે દ્વાર ખુલ્લું થઈ ગયું.'

આમ, કોઈમ્બતુરને આંગણે ગંગા અવતારનારા સ્વામીશ્રીને આજની સાંજે ૩૫થી વધુ સ્થાનિક સંસ્થાઓએ હર્ષભેર આવકાર્યા. ગુજરાતી સમાજ ભવનની વિશાળ અગાશીમાં યોજાયેલા આ દબદબાભર્યા સમારંભમાં સ્વામીશ્રીને સન્માનપત્ર એનાયત થયું ત્યારે ઊઠેલા તાળીઓના ગડગડાટથી ગગન ગાજી ઊઠ્યું. આ હર્ષનાદ વચ્ચે જ સ્વામીશ્રીએ તા. ૨૬/૧૨ની સવારે નવનિર્મિત હરિમંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા.

ત્યારબાદ શ્રી રાવજીભાઈ પટેલના ઘેર ઉતારે પરત ફરેલા તેઓ અહીં રાત્રે ઠાકોરજી જમાડવા બિરાજ્યા. આ સમયે સામે વાંચન કરવા બેઠેલા એક સંતે 'દુર્ગપુર માહાત્મ્ય' ગ્રંથ નીચે પાથરેલી જાજમ પર મૂક્યો. તે જોતાં જ સ્વામીશ્રીએ ટકોર કરી કે 'તમે પંડિત થઈને પુસ્તક નીચે ન મૂકો. કાં આ બાજુમાં બેઠેલા સંતને આપો કાં ખોળામાં રાખો.'

ભગવાનનાં લીલાચરિત્રો સંઘરીને બેઠેલાં પુસ્તક-પાનાં પણ સ્વામીશ્રીને મન ભગવાનનું સ્વરૂપ જ હતાં. તેથી તેઓ તેનો મલાજો સંપૂર્ણ જાળવતા.

બૅંગ્લોરમાં મૂર્તિપ્રતિષ્ઠા

તા. ૨૭/૧૨ની રાત્રે કોઈમ્બતુરથી બૅંગ્લોર પધારેલા સ્વામીશ્રીના અહીંના આગમનનું પ્રયોજન મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ હતો. કર્ણાટકને આ ઉત્તમ ઉપહાર આપવા આવી પહોંચેલા તેઓને વધાવવા તા. ૨૯/૧૨ની સવારે રાજ્યના ગવર્નર શ્રી ટી. એન. ચાતુર્વેદી ઉપસ્થિત થયા અને તેઓએ અડધો કલાક સુધી સ્વામીશ્રીનો સત્સંગ માણ્યો.

આ ઉષ્માસભર મિલનને અનુસરતાં આવેલી તા. ૩૦/૧૨ના રોજ યોજાયેલા યજ્ઞ અને નગરયાત્રાના ઘોષથી બૅંગ્લોર ગાજી ઊઠ્યું. એ આનંદ તા. ૩૧/૧૨ની સવારે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજતાં સર્વત્ર છવાઈ રહ્યો.

આનંદનાં આ પૂર વચ્ચે મંદિરના હૉલમાં આયોજિત પ્રતિષ્ઠા-સભામાં પધારેલા સ્વામીશ્રીએ મંચ પર ગોઠવાયેલી બેઠક વ્યવસ્થા જોઈ જવાબદાર

સંતોને ઠપકો આપ્યો કે 'મારું આસન હોય તેનાથી થોડું આગળ વક્તાનું આસન હોવું જોઈએ. હરિકૃષ્ણ મહારાજ(ઠાકોરજી)નું આસન મારી પાછળ રાખે છે એય મને ગમતું નથી. ઠાકોરજીને પાછળ રાખશો તો તમે પાછળ રહી જશો.'

ભક્તિભાવથી સભર આ ટકોર સાથે આજની ઉત્સવ-સભામાં આશીર્વાદ વરસાવી ઉતારે પધારેલા સ્વામીશ્રીને મળવા આજની સાંજે આદરણીય સંત પૂજ્ય બાલગંગાધરનાથજી પધાર્યા. તેઓએ સ્વામીશ્રી સમક્ષ પોતાનો આદર વ્યક્ત કર્યા બાદ સત્સંગ-સભાને સંબોધતાં જણાવ્યું કે 'પ્રમુખસ્વામી મહારાજની સરળતા, સૌજન્ય અને સાત્ત્વિક મનોભાવ જોઈને જ સર્વની વ્યથાઓ દૂર થઈ જાય છે. જનસમુદાયને સુખ અને શાંતિ આપનાર આવા મહાન પુરુષ તમને મળ્યા છે તો તમારા જેટલા ભાગ્યશાળી બીજા કોઈ નથી.'

એક માનનીય મહાત્માના મુખેથી નીકળેલાં આ વચનો સાંભળી સૌ સત્સંગીઓ હરખાઈ ઊઠ્યા; પણ ધ્રાસકો પડ્યો – સન ૨૦૦૩ના હૈયે.

છેલ્લા ૩૬૫ દિવસથી સ્વામીશ્રીના સંગે હરખના ગુલાલમાં ગરકાવ બનેલી આ સાલના દિલમાં સ્વામીશ્રીની એક આગવી છાપ અંકિત થઈ ગયેલી. તેણે જોયેલું કે પૂર્વમાં કલકત્તા, તો પશ્ચિમમાં ભાવનગર; ઉત્તરમાં દિલ્હી, તો દક્ષિણમાં કોઈમ્બતુર અને બૅંગ્લોર સહિત ભારતની ચારેય દિશાઓમાં સંસ્કૃતિના સનાતન ધામ સમાં મંદિરોનાં નિર્માણ કે આરંભ કરી દેનારા સ્વામીશ્રી આ વર્ષે ખરેખરો દિગ્વિજય કરી ચૂકેલા. તેની સાથે આ વર્ષને સ્વામીશ્રીની સેનામાં સામેલ થયેલા સાતસો સંતોની શકવર્તી તવારીખ પણ નિહાળવા મળેલી.

તેથી જ તા. ૩૧/૧૨ના રોજ રાત્રિના બાર વાગ્યા તરફ સરકી રહેલા કાળચક્રના કાંટા તેના હૈયે ભાલાની જેમ ભોંકાઈ રહ્યા. આ સમયે સ્વામીશ્રીના વિયોગની વેદનાથી તરફડતી સન ૨૦૦૩ *'હવે જીવવામાં કાંઈ માલ અમે નવ જાણિયે...'* કહેતી સમયના સપાટામાં સમાઈ ગઈ ત્યારે દૂર એક નવી આશા-ઉષા સ્વામીશ્રીને સત્કારવા સજ-ધજ થઈ રહેલી.

અમૃતધારા ૩૭



I will always be with You

(હું હંમેશાં તમારી સાથે રહીશ)

સન ૨૦૦૪

સામાન્ય જણાતા આ પુરુષ અસામાન્ય છે

સન ૨૦૦૪નો પ્રારંભ બૅંગ્લોરમાં કરી તા. ૩/૧ની રાત્રે સિકંદરાબાદ પહોંચેલા સ્વામીશ્રીએ અહીં તા. ૬/૧ની સવારે રાષ્ટ્રપતિ માર્ગ પર ઊભેલી ગુજરાતી હાઈસ્કૂલ અને વૈષ્ણવ હવેલીને પાવન કરી. ત્યારબાદ અક્ષરનિકુંજ વાડી તથા સ્વામિનારાયણ ઉદ્યાનને પોતાની અમીદૃષ્ટિથી સીંચતાં મંદિરે પરત પધારેલા તેઓના વરદહસ્તે તા. ૮/૧ની સાંજે મંદિરના સભાગૃહમાં વાસ્તુયજ્ઞ સંપન્ન થયો. આ અવસરે મંદિર પર પ્રસ્થાપિત થનારા સુવર્ણરસિત કળશ અને ધજાદંડનું પણ પૂજન કરી સ્વામીશ્રી તા. ૯/૧ના રોજ સાયંસભામાં જવા તૈયાર થયા ત્યારે વ્યવસ્થાપકોએ કહ્યું: 'બાપા! આજની સભામાં આપના આસનની આગળ જ વીડિયો બતાવવા પડદો ગોઠવ્યો છે. માટે આપ વીડિયો શૉ દર્શાવાય પછી પધારો તો સારું.'

પરંતુ આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આજે મોટા માણસોની સભા છે. તેમાં મોડા જઈએ તે સારું ન કહેવાય. ટાઈમે પહોંચી જવું જોઈએ.'

આ નિમિત્ત ધરી તેઓ ઉતારેથી નીચે પધાર્યા ત્યારે અહીં મંદિરમાં આરતી ચાલી રહેલી. તે જોઈ હાથમાં ઝાલેલું સેવકનું કાંડું તે તરફ મરોડતાં

સ્વામીશ્રી ઠાકોરજી પાસે પહોંચી આરતી ગાવા લાગ્યા. તે પછી પૂરેપૂરું અષ્ટકગાન કરી તેઓએ આજની વિશિષ્ટ સભામાં પગલાં પાડ્યાં ત્યારે તે આંધ્રપ્રદેશની અદાલતના મુખ્ય ન્યાયાધીશ શ્રી ગુપ્તા સહિત કંઈક કાયદાકીય નિષ્ણાતોથી ભરચક હતી.

તેમાં અતિથિવિશેષ તરીકે સંબોધન કરતાં ભારતના પૂર્વ કાયદા સચિવ અને જર્મનીમાં આવેલા આંતરરાષ્ટ્રીય ન્યાયપંચના પૂર્વ ચૅરમેન શ્રી પી. સી. રાવે જણાવ્યું : 'કોઈ પણ દૃષ્ટિથી નિહાળો, પણ સ્વામીશ્રીનું વ્યક્તિત્વ નિરાળું છે. ખરેખર, તમે ખૂબ જ ભાગ્યશાળી છો કે તમને ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ થઈ છે. સામાન્ય જણાતા આ પુરુષ અસામાન્ય છે. તેઓ સંસારની અનેકવિધ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા હોવા છતાં અનાસક્ત છે.'

એક ધારદાર કાયદાકીય મગજ પર પડેલી સ્વામીશ્રીની આ છાપ આજની રાત્રે વધુ ઘેરી બની. આ સમયે પોઢવા પધારી રહેલા તેઓ સમક્ષ આજે સભામાં પહોંચવા બાબતે તેઓએ દાખવેલી તત્પરતાની વાત ચર્ચાઈ, ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'સભામાં વહેલા જઈએ તો કથા સંભળાય.'

તેઓના આ ખુલાસાના સંદર્ભમાં સેવકે કહ્યું : 'આજે તો સારું થયું કે આપ નીચે આરતીમાં ઊભા રહ્યા. નહીંતર સભામાં તો એ વખતે હજી ધૂન-ગાન જ શરૂ થયેલું.'

'સારું ને ! વહેલા નીકળ્યા તો આરતી થઈ આખેઆખી, એટલો લાભ થયો.' આટલું જણાવી સ્વામીશ્રીએ ઉમેર્યું : 'આણે(સેવકે) કાંડું આમ (સભા તરફ) ખેંચ્યું, પણ મેં આમ (ઠાકોરજી બાજુ) ખેંચ્યું !'

'એ તો તમે સભામાં 'જવું છે... જવું છે...' કરતા'તા એટલે...!'

'એ બરોબર છે, પણ આરતી થતી જોઈએ એટલે મંદિર બાજુ જવાનું મન થઈ જાય ને !' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ જણાતા પ્રવૃત્તિપરાયણ, પણ હતા પ્રભુપરાયણ. સેવા-પ્રવૃત્તિ માટે અહીં-તહીં દોડતા તેઓનાં પગલાં પ્રભુ પાસે પહેલા અને વહેલા પહોંચી જતાં.

માનવનિર્માણનો મહાયજ્ઞ

આ અરસામાં લાભ લેવા સાથે ઘૂમી રહેલા પરદેશી કિશોરો પૈકી અમેરિકાનો જિતેશ ઝાલા તા. ૧૦/૧ની બપોરે સ્વામીશ્રી સમક્ષ બોલ્યો કે 'યોગીજી મહારાજ યોગીગીતામાં કહે છે – 'મને ગુરુ થવું ન ગમે.'

આમ બોલી તે કિશોરે સ્વામીશ્રીને જ પૂછ્યું : 'તમને ગુરુ થવું ગમે છે ?'

'ગુરુ થવાનું જ નથી. સેવક જ થવાનું છે.'

'પણ સ્વામી ! તમે અમારા ગુરુ છો.'

'એ તો બરાબર, પણ અમારે તો સેવક તરીકે રહેવું જોઈએ ને ! ગુરુ થઈને આમ ફુલાઈ જઈએ એમ ન થવું જોઈએ. તમે આવો તો બોલાવવા પડે, ચલાવવા પડે, જમાડવા પડે, તમને પીરસવું પડે. સેવક થવામાં મજા છે. બધાએ સેવક થવાનું છે. આમાં કોઈ મહંત નથી, કોઈ કોઠારી નથી, કોઈ ગુરુ નથી. બધા સેવક છે, દાસ છે. માટે તમેય સેવક થજો.'

આમ, ગુરુપદ ધરાવતા હોવા છતાં ગુરુભાવથી સદંતર મુક્ત રહેલા સ્વામીશ્રીનાં ચરણે ભક્તિઅર્ઘ્ય અર્પણ કરવા આજે મહારાષ્ટ્રના સમુદ્રાલથી ૧૩૨ મરાઠી મુમુક્ષુઓ આવી પહોંચ્યા. તેઓએ ઝાંઝ, પખાવજ, ઢોલક અને એકતારા જેવાં પોતાનાં પરંપરાગત વાદ્યો ગગડાવી આજની સંધ્યાને સંગીતમય બનાવી મૂકી. તેની સાથે પોતાની અંતરવીણાનો સૂર મિલાવતાં ગામના ઉપસરપંચ શ્રી અંગદે સ્વામીશ્રીને કહ્યું :

'અમારા ગામમાં ભૂકંપ આવ્યા પહેલાં ૮૦% લોકો દિવસમાં એક ટંક ભૂખ્યા રહેતા હતા, પણ ભૂકંપ પછી આપની કૃપા વરસી અને ગામ સુખી થયું. આપનો આશરો થયા પછી આખુંય ગામ નિરામિષ અને નિર્વ્યસની બન્યું છે. હવે ગોવધ થતો નથી. આપના આશીર્વાદથી સુગર ફેક્ટરી થઈ એટલે સૌને રોજી મળે છે. સંસ્થાની સહાયથી ગામની શાળામાં ધોરણ ૮ થી ૧૦ સુધીની પરવાનગી મળવાથી ગામના બાળકોને બાજુના ગામમાં ભણવા જવું પડતું તે મુશ્કેલી દૂર થઈ છે. ગયા વર્ષનું પરિણામ ૧૦૦% આવ્યું છે.'

સ્વામીશ્રીની સમાજસેવાના ટેકે કેવળ મકાનો જ નહીં, પરંતુ માનવીઓ પણ પુનર્નિર્માણ પામતા.

સફળ થયું છે જીવતર મારું

જનસેવાની સાથે પ્રભુસેવાનો તંતુ પણ વણતા જતા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા તા. ૧૧/૧ના પ્રભાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉપક્રમે મહાયાગની જ્વાળાઓ પ્રગટી ઊઠી. આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યના ગૃહમંત્રી શ્રી ગૌડે સિકંદરાબાદ શહેરને એક ઉત્તમ ઉપહાર આપવા જઈ રહેલા સ્વામીશ્રીને અભિનંદન પાઠવ્યાં. તે ઝીલી સ્વામીશ્રી તા. ૧૨/૧ની સવારે નવનિર્મિત

મંદિરના દ્વારે પધાર્યા ત્યારે રંગબેરંગી ધજા-પતાકા અને વિવિધરંગી વીજ-દીપકોના ઝળહળાટથી આકર્ષક ભાસતું શ્વેતરંગી મંદિર ચેતનવંતું બની ગયું. દક્ષિણ ભારતની કલાત્મક શૈલીનો અણસાર આપતા આ મંદિરના સુવર્ણરંગી ભવ્ય સિંહાસનમાં સ્વામીશ્રીના વરદહસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થતાં જ આનંદ-મંગલ પ્રવર્તી રહ્યો.

આ મંગલતાના માંડવે શરૂ થયેલી પ્રતિષ્ઠા-સભામાં રાજ્યના ઉદ્યોગમંત્રી શ્રી વિદ્યાધરરાવે સ્વાનુભિૂત વર્ણવી કે 'સ્વામીશ્રી આપણા મહાન દેશના એક એલચી તરીકે કાર્ય કરી રહ્યા છે. જ્યારે મારી સ્વામીજી સાથે મુલાકાત થઈ ત્યારે જાણે જિંદગી સાર્થક થઈ હોય તેવો અનુભવ થયો. એમના સાંનિધ્યમાં આપણે શારીરિક અને માનસિક સ્થિરતા – ધ્યાનમાં હોઈએ એવો અનુભવ થાય છે.'

આ રીતે સ્વામીશ્રીને મળનારી પ્રત્યેક વ્યક્તિ *'સફળ થયું છે જીવતર મારું...'*ની અનુભૂતિ અવશ્ય પામતી.[૯]

તેઓનું આવું સાંનિધ્ય તા. ૧૩/૧થી મુંબઈને મળવા માંડ્યું.

અહીં તેઓની નિશ્રામાં તા. ૧૪/૧ની સાંજે ઉત્તરાયણની પુણ્યપર્વણીનો સમૈયો આવી પહોંચ્યો. આ નિમિત્તે વડાલાના ભક્તિ પાર્કમાં યોજાયેલી ઉત્સવ-સભાના મંચ પરથી સ્વામીશ્રીએ લગાવેલી *'નારાયણ હરે...'*ની આહ્‌લેક ઝીલી ૧૯,૦૦૦ ભક્તોએ દાનપ્રવાહ વહેવડાવી દીધો.

તેમાં સરકતાં સરકતાં આવી પહોંચેલી તા. ૧૫/૧ની બપોરે સ્વામીશ્રી પાસે પચીસ વર્ષનો એક નવયુવાન આવી ચડ્યો. તેનો પરિચય આપતાં એક સંત બોલ્યા કે 'બાપા ! આ યુવક એક ધાર્મિક સંસ્થાના ચુસ્ત અનુયાયી તથા સક્રિય કાર્યકર છે, પણ છેલ્લા કેટલાક સમયથી અણસમજણ અને કુસંગના યોગને કારણે...'

પેલા આગંતુક યુવાનની આટલી ઓળખ અપાઈ ત્યાં તો તે ડૂસકાંની પરનાળ વહાવવા લાગ્યો. એ આંસુમાં જ પોતાના શબ્દોને ઝબોળતાં તે બોલ્યો : 'બાપા ! મેં આપને બહુ ગાળો દીધી છે. જાહેરમાં આપના વિષે ન બોલવાનું

---

૯. સ્વામીશ્રી દ્વારા દક્ષિણ ભારતમાં થયેલા ઉપાસનાના દિગ્વિજયને નિહાળવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

બોલ્યો છું. બધાને ખોટા માર્ગે ચઢાવ્યા છે. મારાં આ પાપ માફ કરો...'

'બધું માફ છે. ભગવાન તને સુખી કરે ને લે, આ કંઠી.' ક્રોધની આગને કરુણાનાં જળથી ઠારતાં સ્વામીશ્રી બોલ્યા.

એટલું જ નહીં, તેઓએ એ યુવાનને તેના નવા ધંધાકીય સાહસમાં સફળતા મળે તે માટે આશીર્વાદ પણ આપ્યા, ત્યારે સૌ સ્વામીશ્રીમાં *'જડભરત કદરજ જેવા, ક્ષમાવાન ઓળખ્યા અમે...'*નું દર્શન પામી રહ્યા.

દયા અપરંપાર જી

તા. ૧૬/૧ની સવારે સ્વાસ્થ્યના પરીક્ષણ માટે હૉસ્પિટલમાં પધારેલા સ્વામીશ્રીને મંદિરે પાછા આવવામાં ઘણું મોડું થતાં બપોરે બે વાગ્યે ભોજનનો મેળ પડ્યો. તેથી તેઓ પરવાર્યા ત્યારે ઘડિયાળ અઢી વાગ્યાનો સમય બતાવી રહેલી. સ્વામીશ્રીના આરામમાં જવાના નિશ્ચિત સમયને એક કલાકનો ધક્કો વાગી ચૂકેલો. છતાં પોતાના આ ખોરવાયેલા દૈનિક કાર્યક્રમની પરવા તજી સ્વામીશ્રી મુલાકાતીઓના પ્રશ્નોને થાળે પાડવા બિરાજ્યા.

તે વખતે પોતાની કેડે આઠ મહિનાના શિશુને તેડી આવી પહોંચેલી એક આધેડ વયની વ્યક્તિએ કહ્યું: 'બાપા! આને આશીર્વાદ આપો.'

સ્વામીશ્રીએ તેમ કર્યું એટલે એ વ્યક્તિ બોલી: 'આ થોડી પ્રસાદી આપના હાથે જમાડો.' આમ કહેતાં તેઓએ ખિસ્સામાંથી કાઢેલું પડીકું સ્વામીશ્રી સમક્ષ ધર્યું.

તેમાંથી ચપટી ભરી સ્વામીશ્રીએ બાળકના બે ગાલ પોચા હાથે દબાવી તેનું મોં પહોળું કર્યું અને એ ખુલ્લી મોંફાટમાં પ્રસાદ પધરાવ્યો. ત્યાં જ ત્રીજી માંગણી આવી: 'બાપા! આનું નામ પાડવાનું છે. જુઓ ને! આમાં રાશિ લખી છે.' આમ કહી એ વડીલે સ્વામીશ્રીના હાથમાં એક ચબરખી મૂકી.

તેઓના આ પ્રસ્તાવથી વ્યવસ્થાપકો ધૂંધવાયા. મુલાકાતીઓની લાંબી હરોળ અને સ્વામીશ્રીને વિશ્રામમાં થઈ રહેલા વિલંબની દરકાર વિના આ મુરબ્બી એક પછી એક મનસૂબા વ્યક્ત કર્યે જ જતા હતા. છતાં તેને સંપૂર્ણ ધીરજ ધારી પૂરા કરી રહેલા સ્વામીશ્રીએ રાશિ પરથી બાળકનું નામ મયંક પાડ્યું.

પરંતુ તે પેલા કાઠિયાવાડી હરિભક્તના હોઠે જલદી ન ચડ્યું. પરિવારમાં પણ આ નામ સૌની જીભે ઝટ નહીં ચઢે તેવી દહેશત તેઓ અનુભવી રહ્યા. તેઓની આ મૂંઝવણને ક્ષણાર્ધમાં પારખી જતાં સ્વામીશ્રી બોલ્યા: 'એમ કરો,

મયૂર નામ રાખો.' આ સાંભળતાં જ એ હરિભક્તનો મનમયૂર નાચી ઊઠ્યો.

આ સૂઝ, શ્રદ્ધા અને સ્નેહ સાથે ચાલીસ મુલાકાતીઓને રાજી કરી સ્વામીશ્રી પોઢ્યા ત્યારે ઘડિયાળમાં ત્રણ વાગ્યાના ટકોરા પડ્યા.

તેઓની આવી દિવ્ય દિનચર્યાનું દર્શન આજની રાત્રે પણ લાધ્યું. આ સમયે મળવા આવેલા એક અઢાર વર્ષીય મરાઠી યુવકે સ્વામીશ્રીને કહ્યું : 'स्वामीजी! जब मैं रात को सोता हूँ तब कोई आकर मेरे दोनों मोज़े (પગમાં પહેરવાનાં મોજાં) उतार देता है। मेरी बंडी (गंजी) भी कोई निकाल देता है।'

આસપાસ ઊભેલા કેટલાક માટે આ વાત રમૂજનો વિષય બની રહી, પણ સ્વામીશ્રીએ તો તેને ગંભીરતાપૂર્વક લઈ સમાધાન આપ્યું કે 'रात को मोजा और बंडी निकालकर सोना, तो कुछ नहीं होगा।'

તુચ્છ વ્યક્તિ કે વિગત પણ સ્વામીશ્રી પાસે પૂર્ણ આદર પામતી.

આ રીતે તેઓએ એક ગાંડા-ઘેલા યુવાનને સંતોષ આપ્યો ત્યાં જ મુલુંડના એક મુમુક્ષુ આવી ચડ્યા. આર્થિક રીતે ભાંગી પડેલા આ ભક્ત પાસે દીકરીનાં લગ્ન માટે વાડી કે હૉલ ભાડે રાખવાની પણ ત્રેવડ રહી નહોતી. આ વીતક કહેતાં તેઓ રડી પડ્યા. તે જોઈ સ્વામીશ્રીએ બાજુમાં ઊભેલા કોઠારી સ્વામી ભણી જોયું. તેઓએ અનુવૃત્તિ સમજી કહ્યું : 'મુલુંડના આપણા મંદિરે ગોઠવી દઈશું.' આ વ્યવસ્થા થતાં જ એક વૃદ્ધ પિતા અને તેઓની નવયુવાન દીકરીની સંસારયાત્રા સરળતાથી સરકવા લાગી.

ભક્તના દુઃખે દુઃખી થઈને બેસી રહેવું એ સ્વામીશ્રીની પ્રકૃતિ નહીં. તેઓ એ દુઃખને અળસાવવા ત્વરિત પગલાં ભરતા. આ રીતે લાખોનાં દુઃખ ફેડનારા સ્વામીશ્રીનું ઋણ કોઈ ફેડી શકે તેમ નથી.

તેને અધિક ન્યૂન કહો કુણ

'કેડમાં દુખાવો રહે છે. ઉધરસ આવે છે. શરદી પણ થોડી છે. માથું થોડું ભારે રહે છે.'

– છેલ્લા કેટલાક દિવસથી શારીરિક અસ્વસ્થતા અનુભવતા સ્વામીશ્રીને તા. ૨૦/૧ની સવારે ડૉક્ટરોએ પૂછ્યું ત્યારે તેઓના મુખેથી આ વાત સરી પડી. તેથી સારવારનાં ચક્રો ગતિમાન થઈ ગયાં. તેની વચ્ચે પ્રાતઃપૂજાથી પરવારી સ્વામીશ્રી અલ્પાહાર ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે બાળકોના કાર્યક્રમ 'સાંસ્કૃતિક વિરાસત'ની વીડિયો શરૂ થઈ.

તેમાં રજૂ થયેલા એક નૃત્યના સંદર્ભે સ્વામીશ્રીએ અલ્પાહાર બાદ આયોજકોને કહ્યું: 'નૃત્યમાં બાળકોએ ઊંચી કરેલી ગુરુપરંપરાની મૂર્તિઓમાં યોગીબાપાની મૂર્તિ નીચી હતી અને આપણી (મારી) ઊંચી હતી. ફરી આવી ભૂલ ન થાય એ માટે જાણપણું રાખજો. સેવકની મર્યાદા સમજીને આપણી મૂર્તિ નીચે રાખવી જોઈએ.'

ગુરુભક્તિમાં આવતી લેશ ઓટ-ખોટ પણ સ્વામીશ્રીને બિલકુલ ન પરવડતી.

આ ભક્તિભાવ સાથે તા. ૨૫/૧ની રાત્રે અટલાદરા પધારેલા તેઓએ અહીં તા. ૨૬/૧ના રોજ શાસ્ત્રીજી મહારાજનો જન્મોત્સવ ઊજવ્યો.

તેને અનુસરતાં સ્વામીશ્રીએ તા. ૨૯/૧ની સવારે દોરા તથા અણખી ગામનાં નવનિર્મિત મંદિરોની મૂર્તિઓનાં પ્રતિષ્ઠા-પૂજન કર્યાં.

તેની સાથે તેઓએ તા. ૩૧/૧ની સવારે અત્રે નિર્માણાધીન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરનો પણ શિલાન્યાસ કર્યો.

આ વિધિ પૂર્ણ કરી મંદિરના પાછળના ભાગે પહોંચેલા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા અત્રે મંદિર-સંકુલના નવીનીકરણની યોજનાનો શુભારંભ થયો.

તેના એક ભાગરૂપે તૈયાર થયેલી નૂતન ગૌશાળાનું નિરીક્ષણ કરવા સ્વામીશ્રી તા. ૨/૨ની સવારે પધાર્યા. લગભગ એક લાખ ચો.ફૂ. જમીન પર વિસ્તરેલી આ ગૌશાળાની રજેરજ માહિતી મેળવી રહેલા તેઓને વ્યવસ્થાપકોએ એક સ્થળ તરફ આંગળી ચીંધતાં કહ્યું: 'બાપા! ત્યાં ગોબર ગૅસનો પ્લાન્ટ આવશે.'

'એની આગળ બાંધેલું મકાન શાના માટે છે?'

'ગૌશાળામાં કામ કરતા માણસોને રહેવા માટે.'

'તો એમને આ ગોબર ગૅસ પ્લાન્ટની દુર્ગંધ નહીં આવે? વળી, ગોબરને કારણે મચ્છર પણ થશે. એટલે એના માટે કંઈક વિચારજો.' આમ જણાવી સ્વામીશ્રીએ વૈકલ્પિક વ્યવસ્થા અંગે સ્થળ પર જ વિમર્શ કર્યો.

તેઓને મન મંદિરના સુવિધાસજ્જ ઉતારાઓમાં રહેનારા મહાનુભાવો જેટલું જ મહત્ત્વ ગૌશાળામાં છાણના સૂંડલા ઉપાડનારા ગમાર કર્મચારીનું પણ હતું. *'તેને અધિક ન્યૂન કહો કુણ...'* એવી સ્વામીશ્રીની સમતાનો જોટો જગમાં જડે એમ નથી.

...તો તાણ છે એમ કહેવાય

તા. ૨/૨ની સાંજે અટલાદરાથી વિદાય લઈ સ્વામીશ્રી આણંદના જે. કે. પાર્કમાં પહોંચ્યા. અત્રે તેઓ રામકૃષ્ણ સેવા મંડળના સુવર્ણ જયંતી મહોત્સવને દીપાવી તા. ૩/૨ની સાંજે અક્ષરફાર્મમાં પધાર્યા.

અહીં છાત્રાલયના વાર્ષિકોત્સવને ધન્ય કરવા આવેલા સ્વામીશ્રી જ્યાં ગાડીમાંથી નીચે ઊતર્યા ત્યાં જ લાકડીના ટેકે ઊભેલા એક પરિચિત તેઓની નજરે ચડ્યા. તેઓને સ્વામીશ્રીએ હસતાં હસતાં પૂછ્યું: 'તમનેય લાકડી આવી ગઈ?' આટલું કહી સ્વામીશ્રી તેઓની લાકડી પોતાના હાથમાં લઈ તેના ટેકે સાત-આઠ ડગલાં ચાલ્યા. તેથી '*સુંદર સારી કર લાકડિયે, ભૂધર ભાળ્યા છે...*'ની હરિસ્મૃતિ સૌને તાદૃશ થઈ ગઈ.

આ સ્મૃતિદાન કરી આગળ વધેલા સ્વામીશ્રીએ તા. ૪/૨ની સવારે બાવીસ ગામ પાટીદાર કેળવણી મંડળ દ્વારા તૈયાર થયેલા કુમાર છાત્રાલયનું ઉદ્‌ઘાટન કર્યું.

તે પછી તેઓએ તા. ૫/૨ની સવારે કરોલી અને મલાતજનાં મંદિરોની નૂતન મૂર્તિઓમાં દૈવત પૂરી પ્રમુખસ્વામી કમ્પ્યૂટર ઇન્સ્ટિટ્યૂટના વાર્ષિક દિનની સભાને પોતાના સાંનિધ્યનું સંભારણું આપ્યું.

આ કાર્યક્રમ શોભાવી સ્વામીશ્રી આજની રાત્રે ભોજન કરવા બિરાજ્યા ત્યારે સારસા ગામે ઠાકોરજી જમાડવા જનારા સંતોની વાત નીકળી. એ સંતો ભોજન-દર્શનનો લાભ લેવા અહીં બેઠા હતા. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'જેને જમવા જવાનું છે તે નીકળો. કો'કને ત્યાં મહેમાન થતાં શીખવું જોઈએ. તમે મોડા-મોડા જાવ તો પેલા (યજમાન) પછી પરવારે ક્યારે?'

આમ, સ્વામીશ્રીએ સમાની ગમ શીખવી. ત્યારે કો'કે કહ્યું: 'આપનાં દર્શનની તાણ મૂકી શકાતી નથી.'

'તાણ તો અંતરમાં રહેવી જોઈએ. વીસરાવા ન જોઈએ.' આટલું જણાવી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'આજ્ઞા લોપવી ન જોઈએ. એ રાજી થાય એમ કરવું. એ અનુસંધાન રહે તો 'તાણ છે' એમ કહેવાય.'

તાણની આટલી માર્મિક સમજ આપી સ્વામીશ્રી તા. ૬/૨ની સવારે નડિયાદ-સ્થિત છાત્રાલયના પ્રાર્થનાખંડની મૂર્તિઓનું પૂજન કરી આજની સાંજે ગાંધીનગર પધારી ગયા.

બાળપ્રવૃત્તિનો સુવર્ણ મહોત્સવ

આ અરસામાં અનેક કળીઓને મઘમઘતાં ફૂલ તથા અનેક સિતારાઓને ઝગમગતા સૂર્ય બનાવી રહેલી સંસ્થાકીય બાળપ્રવૃત્તિના સુવર્ણ મહોત્સવનો શંખનાદ છેલ્લા એક વર્ષથી સંસ્થા અને સમાજમાં ગુંજી રહેલો. ૩૬૫ દિવસના આ સમયગાળા દરમ્યાન અધિવેશન, મુખપાઠ સ્પર્ધા, કીર્તન આરાધના, સાંસ્કૃતિક કાર્યક્રમ, પારાયણ, આદર્શ કુટુંબ અભિયાન જેવા કંઈક કાર્યક્રમોની શૃંખલા સૌને આ સુવર્ણ મહોત્સવ સાથે સાંકળી રહેલી. આ રીતે દેશ-વિદેશમાં બાળપ્રવૃત્તિના સુવર્ણવર્ષનો ડંકો ગજવનારાં ૫,૦૦૦ બાળ મંડળોમાંથી ચૂંટેલાં ૨૦,૦૦૦ બાળ-બાલિકાઓ તા. ૮/૨ની સવારથી ગાંધીનગરમાં આવવા માંડ્યાં.

તેથી આકાશમાંથી ઊતરતાં પંખીઓના મેળાથી જેમ સરોવરનો કાંઠો ઊભરાઈ જાય તેમ આ વીસ હજાર બાળપંખીઓના કલરવથી ગાંધીનગરની ગલી-ગલી ગુંજવા લાગી. અક્ષરધામના મુખ્ય સ્મારકની બરોબર સામે આવેલી લીલીછમ લૉન પર ઠરીઠામ થતાં જતાં આ શ્વેત ગણવેશધારી બાળકોના કંઠમાં શોભતો લાલ રંગનો વસ્ત્રનિર્મિત કાંઠલો અનોખી ભાત ઊપસાવતો હતો. તેની સાથે બાળકોને આપવામાં આવેલા કેસરી, સફેદ અને લીલા રંગના ફુગ્ગાઓ ત્રિરંગાની ઝાંખી કરાવતા હોય તેમ રાષ્ટ્રભક્તિની હવા પ્રસરાવી રહેલા. તેને શ્વાસમાં ભરતાં બાળકોને હવે પ્રતીક્ષા હતી બાળ-પ્રવૃત્તિના પુરસ્કર્તા – સ્વામીશ્રીની!

પણ તેઓના આ પરમ સખા તા. ૮/૨ની એ સ્વર્ણિમ સંધ્યાએ પહોંચ્યા – અક્ષરધામના સ્વાગત-કક્ષ પાસે. અહીં સ્વામીશ્રીએ આજના અતિથિવિશેષ-રૂપે ઉપસ્થિત રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામ, ઉપવડાપ્રધાન શ્રી એલ. કે. અડવાણી, રાજ્યપાલ શ્રી કૈલાસપતિ મિશ્રા અને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને આવકાર્યા.

આ મહાનુભાવોને સાથે લઈ સ્વામીશ્રી અક્ષરધામની પ્રદક્ષિણાને સાંકળતી પીઠિકા પર પધાર્યા ત્યારે અહીં બાળવૃંદ તેઓને ઘેરી વળ્યું. એ બાળસખાઓ વડે દોરાતા સૌ આદરણીય અતિથિઓએ સ્મારક તરફ જવા પગલું ભર્યું તે ક્ષણે જ પંક્તિઓ રેલાઈ રહી: *'સારે જહાં સે અચ્છા, હિન્દોસ્તાં હમારા..'* આ ગીતને વીસ હજાર બાળકોના કોમળ કંઠની સંગત સાંપડતાં તેની બુલંદી ગગને પહોંચી. તે જ સમયે બાળકોના હાથમાં લહેરાઈ રહેલા ત્રિરંગી

ફુગ્ગાઓએ રાષ્ટ્રભાવનાની ચિનગારી ચાંપી દેતાં થનગની ઊઠેલા રાષ્ટ્રપતિ તો સસ્મિત વદને હાથ ઊંચો કરી બાળકોને પ્રતિસાદ આપવા લાગ્યા. લાલ જાજમ પર ડગ દેતાં તેઓ બોલી ઊઠ્યા: 'મને ખૂબ ચેતના અનુભવાય છે. આ બધા જ બાળકોના ચહેરા પર પ્રમુખસ્વામીજીની ચેતના દેખાય છે.'

આ અનુભવ સાથે શ્રી કલામે અક્ષરધામમાં શ્રીજીમહારાજનાં ચરણે પુષ્પાંજલિ અર્પણ કરી સ્મારકના પોડિયમ પર જ તૈયાર થયેલા મંચ પર સ્થાન ગ્રહણ કર્યું.

તેઓના આ સભાપ્રવેશને બાળકોએ રાષ્ટ્રગીતના ગાન સાથે 'શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય'નો નાદ ગજવી વધાવ્યો. તેથી હરખાઈ ઊઠેલા શ્રી કલામે સ્વામીશ્રીને કહ્યું: 'સ્વામીજી! આપને યાદ છે કે દિલ્હીમાં આપની સાથે મારી એક મહાન મુલાકાત થયેલી. એ સમયના આપના ઉદ્‌ગારો હજી મારા મનમાં ગુંજી રહ્યા છે અને મારામાં દિવ્ય સ્પંદનો પ્રસરાવી રહ્યા છે. મને એમ જ અનુભવાય છે કે આપ હંમેશાં મારી સમીપમાં જ છો.'

સ્વામીશ્રીની આ સ્મૃતિને રાષ્ટ્રપતિ વાગોળી રહેલા તે વખતે જ બાળકોના હાથમાંથી છૂટેલા કેસરી ફુગ્ગાઓથી ગગન ભરાઈ ગયું. તેને અનુસરતાં 'અક્ષર-પુરુષોત્તમની જય'નો નારો ગુંજતાં જ બાળકો દ્વારા છોડાયેલા ધવલરંગી ફુગ્ગાઓથી આસમાની આકાશ ઊભરાઈ રહ્યું. છેલ્લે પ્રમુખસ્વામી મહારાજના જયઘોષ સાથે આભની અટારીએ પહોંચેલા લીલા ફુગ્ગાઓએ નભોમંડળમાં ત્રિરંગો લહેરાવી દીધો. આ સમયે સ્વામીશ્રી, રાષ્ટ્રપતિ સહિત માનનીય મહેમાનોએ પણ ફુગ્ગાઓના ગુચ્છ ગગનગામી કરી શુભ ભાવનાઓને આકાશમાં તરતી મૂકી. ગગનગુચ્છની જેમ અધ્ધર ઝૂલતા આ ગુબ્બારાઓ ભણી મંડાયેલી સૌની નજરને ધરતી પર ખેંચી લાવ્યા – સ્વાગત-નૃત્યના સૂરો! *'હે માતૃભૂમિ ભારત! તુઝ પદ વંદના...'* શબ્દો સાથે વહેતી થયેલી આ નૃત્યાંજલિએ સૌનાં હૃદય જકડી લીધાં.

તેના અંતે બે બાળકોની એક વાર્તા આરંભાઈ.

हम कलियाँ हैं, यहाँ पे फूल बनते हैं

બાળકથી લઈને બુઝુર્ગ સુધીના સૌ માટે રોચક એવા વાર્તાના માધ્યમથી રજૂ થવા માંડેલાં બે બાળકોનાં કથાનકમાં એક બાળકનો સંબંધ જળ સાથે હતો, કારણ કે તે નાવિકપુત્ર હતો; બીજા બાળકનો નાતો જમીન સાથે

જોડાયેલો, કારણ કે તે ખેડૂતપુત્ર હતો.

આ બંનેએ મોટા થઈને પોતાનાં ઘર-ગામ છોડ્યાં. એકે વિજ્ઞાનના ક્ષેત્રમાં આકાશી છલાંગ લગાવી, તો બીજાએ અધ્યાત્મના માર્ગે હરણફાળ ભરી.

એક બાળક ઉપર ઊડ્યો, તો બીજો ઊંડો ઊતર્યો. બંનેએ પોતપોતાના માર્ગે સર્વોચ્ચ સિદ્ધિઓ હાંસલ કરી ભારતને નવી ઊંચાઈએ મૂકી દીધું. આ બંને બાળકો પર દેશ અને દુનિયાએ ઇલ્કાબો-ખિતાબો વરસાવ્યા.

એકે ઘર છોડ્યું હતું – દેશને દિશા આપવા અને બીજાએ ઘર છોડ્યું હતું – વિશ્વને પરિવાર બનાવવા!

એક બાળકની ખોજ હતી – કંઈક ખૂટતું પામવાની અને બીજા બાળકનું કામ હતું – અન્યની ખોટ ભરપાઈ કરી આપવાનું!

તે બંનેને દિવ્ય નિયતિએ ભેગા કર્યા.

આમ, કંઈક ખૂટતું પામવાની ઝંખના અને એ ખૂટતું ભરી આપવાની વિગત ધરાવતી આ કથાના તંતુઓ બી.એ.પી.એસ.ના બાળકો નીલકંઠ પટેલ તથા ધર્મ મહેતાના મુખેથી એવા સુચારુ રીતે ગૂંથાતા ચાલ્યા કે તેથી મંત્રમુગ્ધ થયેલા નાયબ પ્રધાનમંત્રી શ્રી અડવાણીજી બોલી ઊઠ્યા: 'મેં ઘણા કાર્યક્રમો જોયા છે, પણ આજે જે અનોખો કાર્યક્રમ નિહાળ્યો છે તે મન પર સદાને માટે એક વિશિષ્ટ છાપ છોડી જશે. જે વાતો બાળકોએ કહી તે હૃદયને સ્પર્શી જાય છે.'

અંગ્રેજી ભાષામાં છટાદાર રીતે ગૂંથાઈ રહેલા આવા હૃદયસ્પર્શી કથાનકના અંતિમ અંકોડે જ્યારે રહસ્ય ખૂલ્યું કે 'જેઓની ગાથા ગવાઈ રહી છે તે બે બાળકો એ બીજું કોઈ નહીં, પરંતુ આપણી નજર સામે બિરાજેલા સ્વામીશ્રી અને રાષ્ટ્રપતિ જ છે,' ત્યારે તો કણકણમાં રોમાંચ વ્યાપી વળ્યો! તાળીઓના પ્રચંડ ગડગડાટથી અક્ષરધામ ગાજી ઊઠ્યું.

એ હર્ષનાદ વચ્ચે હાથમાં પુષ્પહાર લઈ એક જ હરોળમાં દસ બાળકો અક્ષરધામની સોપાનપંક્તિ ચઢવા લાગ્યા. તેઓએ એકસાથે ઠાકોરજી અને સ્વામીશ્રી સહિત મંચ પર બિરાજેલા સંતો-મહાનુભાવોને પુષ્પમાળા પહેરાવી પંચાંગ પ્રણામ સાથે સૌનું અભિવાદન કર્યું.

સ્વાગતની આ આગવી રીતથી હરખાઈ ઊઠેલા શ્રી કલામ તો ઊભા થઈ ગયા અને બાળકોને પોતાના આશ્લેષમાં લેતાં બોલ્યા: 'પ્રમુખસ્વામીજી બહુ અદ્‌ભુત કાર્ય કરે છે.'

પરંતુ તેઓના આ અહોભાવને બેવડાવે તે રીતે ત્રીજી વાર્તા શરૂ થઈ. તેમાં બી.એ.પી.એસ.ની વિશ્વવ્યાપી બાળપ્રવૃત્તિની ગાથા ગવાઈ.

'हम बालसभा में जाते हैं, जीवन को धन्य बनाते हैं... हम कलियाँ हैं, यहाँ पे फूल बनते हैं, हर दम महेंकते हैं...' જેવા શબ્દોના સહારે વહેતી થયેલી આ કાવ્યાત્મક કહાણી સંસ્કાર, શિક્ષણ, સ્વાસ્થ્ય અને અધ્યાત્મના પાયા મજબૂત કરતી સંસ્થાકીય બાળપ્રવૃત્તિના પ્રત્યેક પાસા ઉજાગર કરતી રહી. રંગબેરંગી ફૂલડાં તેમ જ પારેવડાંના પરિવેશમાં ઝૂમતા-ઘૂમતા બાળકોની આ પ્રસ્તુતિ પણ એવી શાનદાર રહી કે આ સુવર્ણ સમારંભનું જીવંત પ્રસારણ નિહાળી રહેલા વિશ્વભરના વાલીઓ પોતાનાં સંતાનોને બી.એ.પી.એસ.ની બાળપ્રવૃત્તિમાં દાખલ કરવા તત્પર થઈ ઊઠ્યા. તે જ વખતે સ્વામીશ્રીના પ્રેમપીયૂષનું પાન કરી આ સંસ્થામાં ખીલેલાં બાળપુષ્પો દ્વારા દિગદિગંતમાં પ્રસરેલી સંસ્કાર-સૌરભનું નિદર્શન થયું. તેના ભાગરૂપે અક્ષરધામની પ્રદક્ષિણા પર પણ પંખી અને પુષ્પના પરિવેશમાં સજ્જ થયેલા બાળકો ડોલવા લાગ્યા. આ રજૂઆતની ભવ્યતા જોઈને રાષ્ટ્રપતિ સહિત સૌ મહાનુભાવોના મુખમાંથી ધન્યવાદના ઉદ્‌ગારો સરી પડ્યા.

પરંતુ આ અહોભાવ તેઓને જ ઓછો-અધૂરો લાગ્યો, જ્યારે બી.એ.પી.એસ.નાં બાળકો દ્વારા થઈ રહેલી સમાજસેવા મંચ પર નયનગોચર થવા માંડી. જે બાળકોની સેવા સમાજે કરવી પડે તે બાળકો વડે થતી સમાજ-સેવા સૌને ચકિત કરી ગઈ. તેમાંય સંસ્થાનાં બાળકોએ ચલાવેલા વિરાટ વ્યસનમુક્તિ અભિયાનની હૃદયવેધક રજૂઆતે તો મહાનુભાવોની આંખોનેય અશ્રુઓથી છલકાવી દીધી. બાળકોમાં આવાં નૂર-હીર સીંચનારા સ્વામીશ્રીની શિશુવત્સલતા પણ એવી ભાવનાત્મક રીતે પ્રદર્શિત થઈ કે અક્ષરધામના કાંગરે-કાંગરે દીવડા પ્રગટી ગયા.

એક પછી એક ઊઘડતી પુષ્પ-પાંખડીઓની જેમ આ સુવર્ણ મહોત્સવ પણ ક્રમશઃ એવા મનમોહક ઢંગથી આગળ ધપી રહેલો કે મુખ્યમંત્રી શ્રી મોદીનું અંતર પોકારી ઊઠ્યું :

'હું સ્પષ્ટ માનું છું કે પુનઃ એક વાર વિશ્વગુરુ બનવાનું સામર્થ્ય પેદા કરવા માટે ભારતની સાંસ્કૃતિક પીઠિકા તૈયાર કરવાનું કાર્ય સ્વયં પ્રમુખસ્વામી મહારાજ દ્વારા થઈ રહ્યું છે. માતા જન્મ આપે છે, પણ પ્રમુખસ્વામી મહારાજ જેવા ગુરુ આપણને જીવન આપી રહ્યા છે તે આપણું સદ્‌ભાગ્ય છે. કેટલાક

લોકોએ એવું વાતાવરણ બનાવી દીધું હતું કે વિદેશથી આવેલી મિશનરીઓ જ માનવકલ્યાણ માટે કાર્ય કરી રહી છે, બાકી હિંદુસ્તાનના સાધુ-મહાત્માઓ તો કાંઈ કરતા જ નથી. આ વ્યાખ્યાઓને બદલવાનું કામ પ્રમુખસ્વામી મહારાજના નેતૃત્વમાં થઈ રહ્યું છે. મેં તો સ્વયં આ સંસ્થાના બાળમિત્રોને ભૂકંપપીડિતોની સેવા કરતા જોયા છે. આ બાળમિત્રો દ્વારા વિરાટ મહોત્સવનું સંચાલન પણ મારી આંખોથી જોયું છે. મેં આ બાળકોમાં કરુણા, શિસ્ત, વિવેક, નમ્રતા અને પ્રેમનાં દર્શન કર્યાં છે.'

રાષ્ટ્રપતિનું સ્વપ્ન સાકાર બને છે

સૌની દાદ મેળવી રહેલા બાળપ્રવૃત્તિના સુવર્ણ મહોત્સવમાં મહાનુભાવોનાં વક્તવ્યો બાદ બાળ-ઉત્કર્ષના નવતર કદમરૂપે kids.swaminarayan.org વેબસાઇટનું ઉદ્‌ઘાટન રાષ્ટ્રપતિના હસ્તે થયું. તેને અનુસરતાં બાળકોએ વૈદિક પ્રાર્થનાના ગુંજારવથી વાતાવરણ ભરી દીધું. તે પછી સૌની આંખો સમક્ષ બી.એ.પી.એસ.ની બાળપ્રવૃત્તિનું અનોખું પ્રદાન ઊભરી આવ્યું.

તેના ભાગરૂપે વિજ્ઞાન અને વ્યવસાય, સૈન્ય તથા સંગીત, પોલીસ તેમ જ પાઈલટ, ડૉક્ટર અને ઇજનેર, સેવા તથા ખેલકૂદ વગેરે અનેક ક્ષેત્રોમાં ઝગમગતા સિતારા બની કંઈકને દિશા ચીંધી રહેલા એવા યુવાનો ક્રમ વાર મંચ પર આવવા લાગ્યા કે જેઓના જીવન-ઘડતરમાં બી.એ.પી.એસ.ની બાળપ્રવૃત્તિએ નિર્ણાયક ભૂમિકા ભજવી હોય. આ પ્રત્યેક નરરત્નોને શ્રી કલામ તેમ જ મંચસ્થ મહાનુભાવોએ ઊભા થઈ બિરદાવ્યાં. સંસ્થાનું આ કાર્ય જોઈ શ્રી કલામ તો અનુભવી રહ્યા: 'તેજસ્વી મનનું મારું સ્વપ્ન મારી નજર સામે સાકાર થતું લાગ્યું. મારી આંખો અશ્રુબિંદુથી છલકાઈ ઊઠી.'[૧૦]

આ ભાવવિભોર અવસ્થામાં જ કાર્યક્રમનું સુકાન સંભાળતાં શ્રી કલામે જણાવ્યું:

'મિત્રો! ભગવાન સ્વામિનારાયણના આ મંદિરમાં આજે મહા પ્રમુખસ્વામી મહારાજની અધ્યક્ષતામાં હું ઉપસ્થિત છું ત્યારે એક સુંદર અને દિવ્ય વાતાવરણ હું નીરખી રહ્યો છું. આવો મહાન પ્રસંગ યોજવા બદલ હું મહા પ્રમુખસ્વામીને અભિનંદન આપવા ઇચ્છું છું. મને કહેતાં આનંદ થાય છે

---

૧૦. *Transcendence: My Spiritiual Experiences with Pramukh Swamiji,* A.P.J. Abdul Kalam, Harper Element, 2015, pg. - 19.

કે આ દિવ્ય સ્થળે જે કાર્ય થઈ રહ્યું છે તે રાષ્ટ્રના વિકાસમાં ખૂબ મહત્ત્વનું બની રહેશે. તેનો સર્વત્ર પ્રસાર થવો જોઈએ.

તમારામાંથી જ કોઈએ મને પ્રશ્ન પૂછ્યો હતો કે આ ભ્રષ્ટ દુનિયામાં શું સુંદર ભારત શક્ય બને?' આમ કહી શ્રી કલામે પ્રશ્નકર્તા બાળકને તેનો પ્રશ્ન દોહરાવવા કહ્યું, ત્યારે અગિયાર વર્ષીય આર્ષ પટેલ ઊભો થયો.[૧૧] તે સાથે જ સામે ગોઠવાયેલા વીસ બાળકો સાથે રાષ્ટ્રપતિની પ્રશ્નોત્તરી આરંભાઈ ગઈ.

તેમાં તેઓએ ભ્રષ્ટાચારમુક્ત ભારતના નિર્માણની રૂપરેખા આપી જીવનમાં સફળતા હાંસલ કરવાનાં રહસ્યો ખુલ્લાં મૂક્યાં. તેની સાથે વિકસિત ભારતની સંરચના વિષયક પોતાના ખ્યાલો, આતંકવાદને અટકાવવા અંગે પોતાના વિચારો, અધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય સાધવાની શીખ સહિત બાળકો પાસેથી પોતાની અપેક્ષાઓ અંગે પણ શ્રી કલામે મનનીય માર્ગદર્શન આપ્યું.

એક મૂર્ધન્ય વૈજ્ઞાનિક અને માસૂમ બાળકોની આ ગોઠડીની રંગત ક્ષણે-ક્ષણે વિશેષ જામતી હતી, ત્યાં જ બાળક કીર્તન પટેલે શ્રી કલામને પૂછ્યું : 'જો ભગવાન આપને એક જ વરદાન માંગવાનું કહે તો આપ શું માંગશો?'

'હું માત્ર એક જ વસ્તુ માંગીશ કે 'હે ભગવાન! મારા દેશના એક અબજ લોકોને આપ સ્મિત આપો.'

શ્રી કલામનો આ ઉત્તર સાંભળી પેલા બાળકે પુનઃ પૂછ્યું કે 'પ્રમુખસ્વામી મહારાજને પ્રથમ વખત મળતી વખતે આપને પ્રથમ વિચાર કયો આવ્યો હતો?'

આ પ્રશ્નનો જવાબ આપતાં શ્રી કલામે કહ્યું : 'જ્યારે હું પ્રમુખસ્વામી મહારાજને મળ્યો ત્યારે મને એમ અનુભવ થયો કે સ્વામીજી એક એવા મહાન આધ્યાત્મિક આત્મા છે કે જેમને બીજા સૌ પ્રત્યે કરુણા અને પ્રેમ છે અને જેઓ પોતામાંથી સૌ પ્રત્યે આધ્યાત્મિક ઊર્જા વહાવ્યા જ કરે છે.'

સ્વામીશ્રીનો આ સ્વાનુભવ વર્ણવી શ્રી કલામે બાળકો પાસે રાષ્ટ્રવિકાસ સંબંધી દસ પ્રતિજ્ઞાઓ લેવડાવી.

આમ, તેઓ આજે બાળકો સાથે ખરેખરા ખીલી ગયા. તેથી જ તો તેઓએ સચિવોની સૂચના અને પોતાના તમામ પ્રોટોકૉલ પડતાં મૂકીને સતત ૪૮ મિનિટ સુધી બાળકો સાથે સંવાદ સાધ્યો.

---

૧૧. આ બાળક સમયાંતરે મહંત સ્વામી દ્વારા દીક્ષિત થઈ સાધુ આર્ષયોગીદાસ બન્યા.

આ બધા બાળકો મૂર્તિઓ સમાન છે

રાષ્ટ્રપતિના ઉદ્‌બોધન બાદ સ્વામીશ્રીએ પોતાના આસન પરથી ઊભા થઈ ઉપસ્થિત બાળસમુદાયને સંબોધતાં જણાવ્યું કે –

"પહેલામાં પહેલું આપણું સ્વરૂપ શું છે એ સમજવાનું છે. આપણા રાજકીય, સામાજિક, ધંધાકીય કે બીજાં કોઈ પણ કાર્ય હોય એ બહુ જ નિષ્ઠાપૂર્વક તમે કરો, પણ એની સાથે સાથે ભગવાનમાં શ્રદ્ધા અને આધ્યાત્મિકતા પણ રાખો. આ આપણું તત્ત્વજ્ઞાન છે કે 'હું આત્મા છું અને ભગવાનની ભક્તિ કરીને મારે મોક્ષપ્રાપ્તિ કરવાની છે.' ભગવાન શ્રીજીમહારાજે પણ કહ્યું છે કે 'નિજાત્માનં બ્રહ્મરૂપં...' એટલે કે પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ભક્તિ કરો.

આ બધી જે વાત મૂળ પાયાની છે એ જો આપણને દૃઢ થાય તો આપણા દરેક કાર્ય આપણે સરળતાથી અને સારી રીતે કરી શકીએ. પચાસ વર્ષ પૂર્વે યોગીજી મહારાજે આ સંસ્કાર બાળકોની અંદર મૂક્યા. બાળકો તરફ એમને ખૂબ પ્રેમ હતો. એમને એમ નહોતું કે 'હું આટલો મોટો મહાપુરુષ છું એટલે આ છોકરા સાથે ન બેસાય.'

આજે એ વાત રાષ્ટ્રપતિ કલામ સાહેબના જીવનમાં જોવા મળે છે. બાળકો માટેનો જે પ્રેમ મેં યોગીજી મહારાજમાં જોયેલો તે આજે મને એમનામાં જોવા મળ્યો છે. એટલે એમને ખૂબ ખૂબ ધન્યવાદ આપીએ છીએ અને અભિનંદન પણ આપીએ છીએ."

સ્વામીશ્રીએ બાળકો સમક્ષ વહાવેલો આ આત્મા-પરમાત્માનો સુવર્ણ-સંદેશ સાંભળી શ્રી કલામ બોલી ઊઠ્યા: 'Pramukh Swamiji treats children with great respect. He sees them as philosopher.' – પ્રમુખસ્વામીજી બાળકો સાથે ખૂબ આદરથી વર્તે છે. તેઓ બાળકોને તત્ત્વજ્ઞાનીની દૃષ્ટિથી જુએ છે.

પરંતુ તેથીયે વિશેષ વાત આશીર્વાદ બાદ સમૂહ આરતીનો કાર્યક્રમ સંપન્ન થયો ત્યારે બની.

આ સમયે સ્વામીશ્રીએ શ્રી કલામને કહ્યું કે 'આરતી મૂર્તિની થતી હોય છે, પણ આ બધા બાળકો મૂર્તિઓ સમાન છે. બાળકો નિર્દોષ છે અને બાળકોના હૃદયમાં ભગવાન બિરાજમાન હોય છે. એટલે આપે જે આરતી કરી તે બાળકોના હૃદયમાં બિરાજમાન ભગવાનની કરી અને બાળકોએ જે

આરતી કરી તે આપના હૃદયમાં બિરાજમાન ભગવાનની કરી.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારો રાષ્ટ્રપતિને ઝંકૃત કરી ગયા. બાળકોને કેવળ તત્ત્વજ્ઞાની નહીં, પરંતુ ભગવાનની મૂર્તિરૂપે જ જોતા સ્વામીશ્રી શ્રી કલામને કંઈક અનોખા જ જણાયા. તેઓ ભાવભીના થઈ સ્વામીશ્રીને લળી પડ્યા.

આવી જ સ્થિતિ શ્રોતાવર્ગમાં બેઠેલા અનેક મંત્રીઓ, તંત્રીઓ, ન્યાયાધીશો, ઉદ્યોગપતિઓ, આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. અધિકારીઓ, સચિવો વગેરે મહાનુભાવોની પણ હતી. સ્વામીશ્રીએ સર્જેલો સંસ્કારી ફાલ જોઈ આજે સૌ તેઓનાં ચરણે નતમસ્તક હતા. તેમાંના જ એક મેજર જનરલ શ્રી સ્વામીનાથન્ તો બોલી ઊઠ્યા : 'હું ઘણા લાંબા સમયથી રાષ્ટ્રપતિના સચિવ-પદે છું, પણ આજ સુધી આવો કાર્યક્રમ મેં જોયો નથી! અદ્‌ભુત કાર્યક્રમ! સર્વોત્કૃષ્ટ મૅનેજમેન્ટ!!'

આમ, બાળપ્રવૃત્તિનો સુવર્ણ મહોત્સવ સાચે જ, સૌની સુવર્ણસ્મૃતિ બની રહ્યો.[૧૨]

વિદાય વેળાની વેધક વિનમ્રતા

સમૂહ આરતી બાદ સ્મૃતિભેટની અર્પણવિધિ અને રાષ્ટ્રગીતના ગાન સાથે સુવર્ણ સમારંભનું સમાપન થતાં સૌની વિદાય લઈ રાષ્ટ્રપતિ શ્રી કલામ તેઓનો મોટર-કાફલો જ્યાં ઊભો હતો તે તરફ ચાલી નીકળ્યા. આ રસ્તે આશરે બસો મીટરનું અંતર કાપી પોતાની ગાડી પાસે પહોંચેલા તેઓએ મોટરમાં બેસતાં પૂર્વે અક્ષરધામની ઝાંખી ઝડપવા જ્યાં પાછું વળીને જોયું તો તેઓએ થોડાક જ ફૂટ દૂર પગપાળા આવી રહેલા સ્વામીશ્રીને જોયા! તેઓની આ ચૂપીલી ચેષ્ટાથી ચકિત થયેલા રાષ્ટ્રપતિએ પૂછ્યું : 'સ્વામીજી! આપે આટલે દૂર મારી ગાડી સુધી આવવાની તસદી શા સારુ લીધી?'

'તમે પણ છેક દિલ્હીથી અહીં આવ્યા ને!' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ સૌજન્યે શ્રી કલામની આંખો ભીની કરી મૂકી. તેઓ સ્વામીશ્રીની વિનમ્રતાથી એવા વીંધાઈ ગયા કે અમદાવાદથી દિલ્હી સુધીની

---

૧૨. દબદબાભેર ઊજવાયેલા બાળપ્રવૃત્તિના સુવર્ણ મહોત્સવની ઝલક મેળવવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

હવાઈ મુસાફરીમાં શ્રી કલામ આ નમ્રતાને જ મમળાવતા રહ્યા. તેનું બયાન આપતાં રાષ્ટ્રપતિના સખા અને સહયાત્રી શ્રી વાય. એસ. રાજને બીજે દિવસે ફોન દ્વારા સંતોને જણાવ્યું કે 'અમારું વિમાન અમદાવાદ છોડીને દિલ્હી પહોંચ્યું તે દરમ્યાન અમારે ભોજન લેવાનું હતું, પણ રાષ્ટ્રપતિશ્રી નહીંવત્ જમ્યા અને આખો કલાક ઉત્સવ તથા પ્રમુખસ્વામી મહારાજની યાદમાં જ વિતાવ્યો.'

એટલું જ નહીં, સ્વામીશ્રીના આ નમ્ર વર્તનની શ્રી કલામના જીવન પર એવી ઘેરી અસર પડી કે આ ઘડી બાદ જ્યારે જ્યારે બી.એ.પી.એસ.ના સંતો રાષ્ટ્રપતિ ભવનમાં પધારતા ત્યારે તેઓ સંતોને સત્કારવા છેક પૉર્ચ સુધી દોડી જતા.

સ્વામીશ્રીની શાંત ક્રિયાઓ પણ મુખર વક્તાને મહાત કરે તેવી પ્રેરક પુરવાર થતી.

સૌને નિરખતા સાચા પ્રેમથી

તા. ૧૧/૨ની સવારે ગાંધીનગરમાં જ કલોલના મંદિરની મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કરી સ્વામીશ્રી આજની રાત્રે ભોજનથી પરવારી એક મીટિંગમાં પરોવાયા. તેમાં તેઓએ અધવચ્ચે જ પત્ર-પરિચારક સંતને બોલાવી બૅંગ્લોરના હરિભક્ત શ્રી ગુણવંતભાઈ પારેખનો ફોન નંબર સેવકોને આપી રાખવા સૂચના કરી. રાત્રે સૂવા જતી વખતે આ સત્સંગી સાથે વાત કરવાની નેમ સ્વામીશ્રીની હતી.

આ વિગત તેઓએ મીટિંગ બાદ પોઢવા માટે પલંગ પર બેસતાં જ સંભારી. તે જોઈ મીટિંગમાં બેઠેલા સંતોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે 'સ્વામી! આપ કોઈ કામ ભૂલતા નથી. અમે બધાય એ ફોનની વાત ભૂલી ગયેલા!'

'ભગવાન અને ભગવાનના કાર્ય સંબંધી કંઈ ભૂલવું નહીં. આ ભગવાનનું કાર્ય છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓએ કદી નોંધો ટપકાવવા પોતાની સાથે ડાયરી-પેન કે ફોન જેવાં ઉપકરણો રાખ્યાં નહોતાં. છતાં તેઓ એક પણ કામ ન ભૂલતા, કારણ કે તેઓ પ્રત્યેક કામને ભગવાનનું કાર્ય માનતા.

પ્રત્યેક કામની જેમ તેઓની દૃષ્ટિમાં પ્રત્યેક વ્યક્તિ પણ જાણે પરમાત્માની પ્રતિકૃતિ. તેથી તેઓ મનુષ્યોનેય ન ભૂલતા.

તેઓની આ વિશેષતા તા. ૧૫/૨ની સવારે ઝળહળી ઊઠી.

આ સમયે ગાંધીનગરથી વિદાય લઈ છારોડી-સરખેજના રાજમાર્ગ પર હીરામણિ છાત્રાલયના ખાતવિધિ માટે પધારેલા સ્વામીશ્રીનો લાભ લેવા બહોળા પ્રમાણમાં જનસમુદાય એકત્રિત થયેલો. મહાનુભાવોની ભીડ પણ ખાસ્સી હતી. તેની વચ્ચે સમારંભ પૂર્ણ કરી સ્વામીશ્રી મંચ પરથી વિદાય લઈ રહેલા ત્યારે તેઓ સભામંડપના અગ્રભાગ તરફ નજર ફેરવવા લાગ્યા. તે જોઈ સંતોએ પૂછ્યું : 'કોઈને શોધો છો ?'

'ના.'

જો કે આટલું કહ્યા પછીયે સ્વામીશ્રીની દૃષ્ટિ કો'કને ખોળતી તો રહી જ ! છેવટે મંચ પરથી ત્રણ પગથિયાં નીચે ઊતરી તેઓએ યજમાન શ્રી નરહરિભાઈ અમીનને કહ્યું : 'અરવિંદભાઈ ક્યાં છે ? એમને બોલાવો.'

'કોણ અરવિંદભાઈ ?'

'સુરેન્દ્રનગરવાળા.'

'હા, એ આવ્યા છે ને !' જ્યાં યજમાન આમ બોલ્યા ત્યાં જ પાસે ઊભેલા એક સ્થૂળકાય દાઢીધારીએ જણાવ્યું : 'એ મારી બાજુમાં જ બેઠેલા !'

'હા, બરાબર ! તમારી બાજુમાં બેઠેલા. સાથે (પૂર્વ સાંસદ શ્રી નવીનચંદ્ર) રવાણી પણ હતા. તે બેયને બોલાવો.' સ્વામીશ્રીએ કહ્યું.

સભામાં કોણ, ક્યાં, કોની સાથે બેઠું છે તેની નોંધ તેઓની નજર લઈ લેતી. તેથી ચકિત થયેલા સૌ અરવિંદભાઈ સંઘવીની શોધખોળ કરવા લાગ્યા.

પરંતુ ભીડમાં તેઓનો પત્તો ન લાગતાં રાજ્યના આ પૂર્વ નાણામંત્રીની જાહેરાત કરવામાં આવી. તે સાંભળી તરત જ સ્વામીશ્રી પાસે દોડી આવેલા એ મુરબ્બી બોલ્યા : 'હું જતો હતો. મને થયું કે આટલી ભીડમાં તમને નહીં મળી શકાય.'

'બાપા અહીં પગથિયાં પર ઊભાં ઊભાં પાંચ મિનિટથી તમારી રાહ જુએ છે.' નરહરિભાઈ બોલ્યા. તે સાંભળી અરવિંદભાઈ તો ભાવવિભોર બની ગયા.

આમ, પ્રત્યેક વ્યક્તિ અને વિગતને ન વીસરનારા સ્વામીશ્રીને પણ દુનિયા ન વીસરે તેમાં શું આશ્ચર્ય !

કોડે કોડે એકાદશી કીજિયે રે

તા. ૧૫/૨ની સાંજે અમદાવાદની રવિસભામાં બિરાજેલા સ્વામીશ્રી પર આવેલા મુખ્યમંત્રી શ્રી મોદીના ટેલિફોનિક સંદેશની જાહેરાત ભરચક

સભામાં થઈ કે 'અમદાવાદથી દરભંગા સુધી શરૂ થતી સાબરમતી ઍક્સપ્રેસ ટ્રેન છપૈયા મુકામે ખાસ ઊભી રહેશે – તેવી ઘોષણા ઉપપ્રધાનમંત્રીએ કરી છે.'

સ્વામીશ્રીની પ્રતિભાથી થઈ રહેલા સંપ્રદાયના ઉત્કર્ષનું આ ઉદાહરણ ઉપસ્થિત ભક્તમેદનીએ હર્ષોલ્લાસથી વધાવી લીધું.

આવા જ અદકેરા આનંદથી છલકાતા સ્વામીશ્રીએ તા. ૧૬/૨ની સાયંસભામાં આજે આવેલી એકાદશીના સંદર્ભમાં કહ્યું :

"કોડે કોડે એકાદશી કરવાની વાત કહી છે. ભગવાનની આવી આજ્ઞાઓ પાળવામાં ઉત્સાહ, ઉમંગ રહેવો જોઈએ. ભગવાનને રાજી કરવા છે તો તપ, વ્રત કરવું, તેનાથી શાંતિ થશે.

પણ આવાં એકાદશી આદિક વ્રત કરવાં, ચાતુર્માસ જેવા નિયમ પાળવા એ કોઈને ગમતું નથી. એને થાય કે 'હાય! એકાદશી આવી! ભૂખે મરી જઈશું.' કદાચ ઉપવાસ કરે તો પાછા સૂઈ જાય આખો દહાડો, તોય નકામું થાય. એકાદશીને દહાડે ખાવાનું મન થાય, 'મારાથી ઉપવાસ થશે નહીં' એવા વિચાર આવે તો એ ઢોરલાંઘણ કહેવાય. માટે એકાદશીને દહાડે હડતાલ પાડી દેવી. એકાદશીએ ભંડારમાં જવું નહીં. રસોડામાં જઈએ તો ખાવાનું મન થઈ જાય ને!

ઉપવાસમાં બધી ઇન્દ્રિયોને સંયમમાં રાખીને ભગવાનની કથા સાંભળીએ તો આપણી એકાદશી થઈ કહેવાય. જેને મહિમા સમજાયો છે તેને કોઈ આડું આવતું નથી. અત્યારે ઘણાં બાળકો, યુવકો, વડીલો, બાઈઓ, ભાઈઓ કેટલા ઉપવાસ કરે છે! ગામોગામ જઈએ ત્યારે જાણવા મળે છે કે આણે આટલા ઉપવાસ કર્યા છે ને પેલાએ આટલા ઉપવાસ કર્યા છે. એટલે શ્રદ્ધા છે એનાથી બધું થાય. મોટાપુરુષને એવું રહે છે કે આપણાં દેહ-ઇન્દ્રિયને થોડા સંયમમાં રાખીએ તો આત્મદૃષ્ટિ થાય ને ભગવાનમાં વૃત્તિ રહે."

તપ-વ્રતનો આ મર્મ-મહિમા સમજાવી સ્વામીશ્રીએ તા. ૧૭/૨ની સવારે નેનપુર તથા સાંખેજ ગામની મૂર્તિઓનાં પૂજન-પ્રતિષ્ઠા કરી તે-તે ગામોના ભક્તોની સેવા સુફળ કરી.

યુવાનોની પ્રેરણામૂર્તિ

તા. ૧૮/૨ની સાયંસભામાં જતાં પૂર્વે સ્વામીશ્રી મંદિરમાં દર્શન માટે પધાર્યા ત્યારે ત્યાં એક યુવાન આનંદ શાહ તેઓની પ્રતીક્ષામાં ઊભા હતા.

જગપ્રસિદ્ધ હાર્વર્ડ યુનિવર્સિટીના પદવીધારી આ યુવાને ઇન્ડોકોર્પ્સ નામની સંસ્થા સ્થાપી, દેશસેવાના ક્ષેત્રે ઝંપલાવેલું. પોતાની જેમ જ કેટલાય વિદેશ-સ્થિત ભારતીય યુવાનોને પણ રાષ્ટ્રસેવામાં જોડનારા આ યુવાનને તેઓના વિશિષ્ટ યોગદાન બદલ વડાપ્રધાન દ્વારા 'ગુજરાત ગૌરવ'ના ખિતાબથી નવાજવામાં આવેલા.

આવા આ તેજસ્વી યુવાન પોતાના અભિયાનમાં વિશેષ પ્રગતિ સાધવા રાષ્ટ્રપતિ શ્રી કલામને મળવા ઇચ્છતા હતા. તેનો લાગ તેઓએ તા. ૮/૨ની રાત્રે શોધી કાઢેલો. આ સમયે અમદાવાદના હવાઈ મથક પર શ્રી કલામને તેઓ મળ્યા ત્યારે રાષ્ટ્રપતિએ તેઓની વિગત જાણ્યા બાદ પહેલો જ પ્રશ્ન પૂછેલો કે 'તમે બી.એ.પી.એસ.ના બાળ (સુવર્ણ) મહોત્સવમાં હતા?'

'ના, હું તમને મળવા અહીં રાહ જોતો હતો.'

'તમારે બી.એ.પી.એસ.ને મળવું જોઈએ. તેઓ પાસે ૫૦,૦૦૦ કાર્યકરો છે. તમારાં કાર્યોમાં મૂલ્યો ઉમેરવાં પ્રમુખસ્વામી અને તેઓના સંતો જે રીતે કામ કરે છે તેમાંથી તમારે પ્રેરણા પ્રાપ્ત કરવી જોઈએ.' શ્રી કલામે કહેલું.

દેશના આશાસ્પદ યુવાનોની પ્રેરણામૂર્તિ તરીકે સ્વામીશ્રીને સ્થાપવામાં રાષ્ટ્રપતિએ લેશ સંકોચ નહોતો અનુભવ્યો.

તેથી તેઓની સલાહને અનુસરતાં આજે પેલા યુવાન સ્વામીશ્રી પાસે દોડી આવેલા. તેઓને સ્વામીશ્રીએ આશીર્વાદ અને માર્ગદર્શન આપી ધન્ય કર્યા.

આ ખાડો જુદો છે

તા. ૨૧/૨ની સવારે અમદાવાદના મંદિરેથી નીકળેલા સ્વામીશ્રી શાહપુર વિસ્તારમાં વસેલા શ્રી કાશીવિશ્વનાથ મંદિરે પધાર્યા. શાસ્ત્રીજી મહારાજના આ પ્રાસાદિક સ્થાનમાં દર્શન કરી આગળ વધેલા તેઓ રસ્તામાં રાજકોટ અને ડાંગરાને લાભ આપતાં રાત્રે ભાદરા પધાર્યા.

અત્રે તેઓ તા. ૨૨/૨ની સવારે નૂતન શિખરબદ્ધ મંદિરના શિલાન્યાસનું સ્થળ જોવા માટે પોતાના ઉતારામાંથી બહાર આવ્યા ત્યારે જ કલોલથી ફોન આવ્યો. અત્યારે ત્યાં મૂર્તિપ્રતિષ્ઠાનો વિધિ ચાલી રહેલો. તે પ્રસંગે આશીર્વાદ મેળવવાની ઇચ્છાથી દીનબંધુદાસ સ્વામીએ જોડેલા ફોનમાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'ડૉક્ટર સ્વામી ત્યાં પધાર્યા છે તો જોગી મહારાજ સાક્ષાત્ પધાર્યા છે એમ સમજજો. જેમણે જેમણે સેવા કરી છે તેમને ભગવાન

સુખી કરે એ આશીર્વાદ છે.'

શિષ્યોનો પણ ગુરુતુલ્ય મહિમા સમજતા સ્વામીશ્રીની આ દિવ્યદૃષ્ટિના તેજથી સૌ અંજાઈ ગયા. તેના ઉજાશમાં જ શિલાન્યાસના સ્થાનનું નિરીક્ષણ કરી સ્વામીશ્રી મંદિરે પરત પધાર્યા.

અહીં તેઓએ આજની સાંજે સભામંડપના એક બાંકડા પર કોઈ સંતનું પોટલું, થેલો અને મચ્છરદાની પડેલાં જોઈ પૂછ્યું: 'કોણ આવ્યું?'

હજી આ પૂછપરછનો કોઈ ચોક્કસ જવાબ આપે તે પહેલાં ત્યાં આવી ગયેલા અનિર્દેશદાસ સ્વામીએ કહ્યું: 'એ મારું પોટલું છે. આપનાં દર્શને આવ્યો ત્યારે આપે આજ્ઞા કરેલી તે મુજબ ખાતવિધિની તૈયારી જોવા સીધો ખાડામાં ગયો હતો.'

આ સાંભળી મર્માળું હસતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ ખાડો જુદો છે! આ તો ભગવાન ને સંત બિરાજવાના છે એના માટે છે. આ ખાડામાં જે ઊતરે એનાં જન્મ-મરણ ટળી જાય.'

મંદિરના ગર્તથી માંડી ગર્ભગૃહ સુધી સૌનો સ્વામીશ્રીને મહિમા!

તેથી જ તેઓ અહીં ગળાયેલા ગર્તમાં આવતીકાલે યોજાનારા ખાતવિધિ પ્રસંગે કોને, ક્યાં બેસાડવા તે વિગતમાં પણ ખૂબ ઊંડા ઊતર્યા. તે માટે તેઓએ મંદિરના વ્યવસ્થાપક ધર્મકુંવરદાસ સ્વામીએ તૈયાર કરેલી યજમાનોની યાદી મંગાવી.

આ સંત વર્ષોથી અહીંનો કાર્યભાર સંભાળતા. તેથી તેઓને નાના-મોટા તમામ હરિભક્તોનો નિકટથી પરિચય. તે મુજબ તેઓએ વિચારપૂર્વક મહેનત કરીને જ સૂચિ બનાવેલી. છતાં તેમાં સ્વામીશ્રીએ સ્વહસ્તે સાત સત્સંગીઓનાં નામ ઉમેર્યાં, જે પેલા સંતથી ચુકાઈ ગયેલાં! સ્વામીશ્રીના હસ્તાક્ષરમાં અંકિત થયેલી એ નામાવલી, ભક્તો સાથેના તેઓના ઘનિષ્ઠ ઘરોબાનો દસ્તાવેજ બની રહી!

સ્વામીશ્રીની પ્રત્યેક ક્રિયા હરિભક્તોનાં હૈયે વિશ્વાસ દૃઢાવતી કે 'સ્વામીબાપા આપણને અને આપણી સેવાને કદી ભૂલતા નથી.'

ગુણાતીતના હસ્તે ગુણાતીત સ્થાનનો ઉત્કર્ષ

શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ દ્વારા નિર્મિત મંદિરોની રોનક વધારી રહેલા સ્વામીશ્રીની નજરમાં ભાદરાનું મંદિર પણ અગ્રસ્થાને

હતું. તે માટે જરૂરી જમીનો સંપાદન કરવાનું કામ તેઓ સ્વયં ખૂબ ખંતથી કરી રહેલા. આ પુરુષાર્થ પાછળ વહેલા સ્વામીશ્રીના પરસેવામાં તેઓનાં કંઈ કેટલાંય આરામ, ભોજન તણાઈ ગયાં હશે! કેટલીક વાર તો જમીન-મકાન અંગેની વાટાઘાટો ચલાવતા તેઓને અપમાનજનક સ્થિતિમાં પણ મુકાઈ જવું પડેલું. છતાં *'તાન એક ઉરમાં રાજી કરવા મહારાજ...'*ની ભાવના રાખી મંડેલા સ્વામીશ્રીની તપશ્ચર્યાથી હવે આ ગુણાતીત નગરમાં વિશાળ શિખરબદ્ધ મંદિરનો માર્ગ મોકળો થઈ ગયેલો. તેથી તા. ૨૩/૨ની સવારે નૂતન ત્રિશિખરીય મંદિરનો શિલાન્યાસ ધામધૂમપૂર્વક સંપન્ન થયો. તે માટે ૪૫ x ૬૦ x ૬ ફૂટના વિશાળ ગર્તમાં પૂર્વાભિમુખે બિરાજી, શુભ ચોઘડિયામાં સ્વામીશ્રીએ કરેલા આ મોટા મંદિરના શ્રીગણેશ વખતે ૭૦૦થી વધુ યજમાનોએ પોતાના ટેકા ધરી કૃતાર્થતા અનુભવી.

ગુણાતીતની જન્મભૂમિના ઉત્કર્ષનું આ પગલું ભરી તા. ૨૪/૨ની બપોરે જૂનાગઢ પહોંચેલા સ્વામીશ્રીએ ગુણાતીતની આ કર્મભૂમિની ઉન્નતિનાં પણ કંઈક કદમ માંડી દીધાં.

તેના ભાગરૂપે તેઓએ આજની સાંજે મંદિરના સંકુલમાં ગુણાતીત સભામંડપ અને પ્રેમવતી ઉપાહારગૃહ ખુલ્લાં મૂક્યાં. તેની વધામણીમાં ગુંજેલા જયનાદ શમે તે પહેલાં તો તા. ૨૫/૨ની સાંજે સ્વામીશ્રીના વરદહસ્તે નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરનો પ્રથમ સ્તંભ પણ રોપાઈ ગયો.

પરંતુ સ્વામીશ્રીની પ્રકૃતિ ઘરની સાથે ફળિયાનુંય જતન કરવાની. તેથી પોતાના આંગણે મંદિરનો એક સ્તંભ ખડો કરનારા તેઓએ તા. ૨૭/૨ની સાંજે જૂનાગઢના પાદરે તો ત્રણ-ત્રણ કલાત્મક પ્રવેશદ્વારો ઊભાં કરી આપ્યાં.

૮૦ x ૬ x ૪૫ ફૂટનું ભવ્ય પરિમાણ ધરાવતા આ એકેએક દ્વારના નિર્માણમાં સ્વામીશ્રીએ સોરઠી શોભા અને સામગ્રીનો ઉત્તમ વિનિયોગ કરાવેલો. પથ્થર પોરબંદરી, તો આકાર ગઢ(કિલ્લા)ના દરવાજા જેવો. વળી, મંદિરની ઘુમ્મટી, અક્ષર દેરી તથા તિલક-ચાંદલા જેવાં ધર્મચિહ્નોથી અંકિત આ દ્વારની બંને કમાનો પર પૂર્ણ કદના વનરાજ શોભી રહેલા. શહેરની શાન સમાં આ પ્રવેશદ્વારોમાં પ્રથમ રાજકોટ-જૂનાગઢ માર્ગ પર આકાર પામેલા અક્ષરદ્વારને સ્વામીશ્રીએ જૂનાગઢના શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટિત કર્યું. આ ઊઘડેલા દ્વારથી મજેવડી દરવાજા સુધીના માર્ગને સરકારી સૂત્રોએ 'ગુણાતીત માર્ગ' જાહેર કર્યો.

આ પથને પાવન કરતા સ્વામીશ્રી મહાનુભાવો સાથે બિલખા-જૂનાગઢના રસ્તે બંધાયેલા યોગીદ્વાર પાસે આવ્યા. અત્રે સ્વામીશ્રીએ વેદોક્તવિધિપૂર્વક આ દ્વાર શહેરને સમર્પિત કર્યું ત્યારે આ ઉદ્‌ઘાટિત દ્વારથી સરદાર પટેલ સર્કલ સુધીની સડક નગરપાલિકાએ 'યોગીજી મહારાજ માર્ગ' તરીકે ઘોષિત કરી.

આજે ખૂલેલાં આ બંને દ્વારની સાથે વંથળીના રસ્તે ટીંબાવાડીના ફાંટા પાસે 'પ્રમુખસ્વામી દ્વાર' પણ સર્જાયેલું અને આ દ્વારથી મોતીબાગ સર્કલ સુધીનો રસ્તો 'પ્રમુખસ્વામી માર્ગ' રૂપે જાહેર કરાયેલો. તેનો ઉદ્‌ઘાટનવિધિ કલેક્ટરના હસ્તે તા. ૧/૧૨/૨૦૦૩ના રોજ આવેલા સ્વામીશ્રીના ૮૩મા જન્મદિને સંપન્ન થયેલો.

આમ, જૂનાગઢ પર વરસેલી સ્વામીશ્રીની આ કૃપાને વાગોળતાં તા. ૨૭/૨ની સાંજે યોજાયેલી દ્વાર-ઉદ્‌ઘાટનની સભામાં શહેરના કમિશનર અને જિલ્લાના કલેક્ટર શ્રી રોહિતકુમાર પાઠકે જણાવ્યું કે 'ચાર-પાંચ મહિના પહેલાં મેં સ્વામીશ્રી સમક્ષ એક નગરદ્વારનો પ્રસ્તાવ મૂકેલો, પણ સામાન્ય માણસ અને સંતમાં શું ફર્ક હોય છે?! આપણી પાસે કોઈ ત્રણ રૂપિયા માંગે તો આપણે માંડ એક રૂપિયો આપીએ અને જેમના દિલમાં વિશાળતા છે એવા સંત એક માગતાં ત્રણ આપે છે. મેં એક દ્વાર માંગ્યો, સ્વામીશ્રીએ ત્રણ-ત્રણ દ્વાર આપ્યાં. શહેરમાં પ્રવેશતાં જ શાતા, પ્રેમ અને એકતા અનુભવાય, શ્રદ્ધા પ્રગટ થાય તે આ દ્વારનો મુખ્ય હેતુ છે. એ કાર્ય સ્વામીજીએ ત્રણ દ્વારો નગરને અર્પણ કરીને કર્યું છે.'

આ શબ્દો કલેક્ટરના હતા, પરંતુ તેમાં રહેલી લાગણી સમગ્ર શહેર-વાસીઓની હતી. તેથી જ સ્વામીશ્રીને આદર આપતા ઊઠેલા તાળીઓના પ્રચંડ ગડગડાટથી ગિરનાર પણ ડોલી ગયો!

શિક્ષકોને સોનેરી શીખ

જૂનાગઢના રોકાણ દરમ્યાન આ તીર્થમાં ધર્મની ધૂણી ધખાવી બેઠેલા પૂજનીય મહાત્માઓ શ્રી ભારતી બાપુ (ભારતી આશ્રમ), શ્રી દલપતગિરિજી (શિવનિકેતન આશ્રમ), શ્રી શેરનાથ બાપુ (ગોરક્ષનાથની જગ્યા), શ્રી વસંતગિરિ બાપુ (ભૂતનાથ મંદિર), શ્રી કરસનદાસ બાપુ (સંત રૈદાસની જગ્યા) વગેરે સાથે પણ સ્વામીશ્રીની મુલાકાતો યોજાઈ. મંદિરે પધારેલા આ સંતો-મહંતોને સ્વામીશ્રીએ શાલ, સ્મૃતિભેટ અને દક્ષિણા અપાવી સત્કાર્યા.

આ ક્રમમાં તા. ૨૮/૨ની સાંજે મંદિરના પરિસરમાં જૂનાગઢ જિલ્લાના ૪,૦૦૦ શિક્ષકો સ્વામીશ્રીનો લાભ લેવા ઊમટી પડ્યા. તેઓને સંબોધતાં સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે –

'આજની આ શિક્ષકોની સભા જોઈને ખૂબ આનંદ થયો છે.

જીવનનો પાયો ચારિત્ર્ય, સંસ્કાર, ધર્મ અને આધ્યાત્મિકતા છે. સમાજનું પરિવર્તન લાવવા માટે આપણું જીવન એવું કરવું પડે. ચેરિટી પોતાના ઘરથી શરૂ થાય. પોતામાં હશે તો આપણાં છોકરાંમાં આવશે, સ્કૂલોમાં આવશે.

આમાં બે વસ્તુ આપણે કરવાની છે : એક તો પરીક્ષા વખતે ચોરી થાય છે તે મૂકવાની છે. આજે કેટલાંક મા-બાપ જ સ્કૂલમાં આવીને છોકરાંને ચોરી કરાવે એ સમાજ ક્યાં જઈને ઊભો રહેશે ? એ છોકરો ભણીને શું ધોળવાનો છે ? એ એન્જિનિયર થશે તો બિલ્ડિંગો પાડશે, ડૉક્ટર થશે તો કેટલાય મરી જશે !

બીજું, આપણા ધર્મનાં પુસ્તકો દરેકે વાંચવાં જોઈએ. જે ધર્મમાં માનતા હોઈએ તેના નિયમોનું પાલન કરવું. એમાંથી સારું જીવન થશે, રાષ્ટ્રની અસ્મિતા પણ આવશે. આજે રાષ્ટ્રની અસ્મિતાની ખામીને કારણે પ્રશ્નો ઊભા થયા છે. આપણા દેશમાં એવા મનુષ્યો હોવા જોઈએ કે કોઈ આંગળી ચીંધી ન શકે. એવો દેશ આપણે બનાવવાનો છે. જે ધર્મમાં આપણે માનતા હોઈએ એ ધર્મની પણ અસ્મિતા હોવી જોઈએ. તેમાં શંકા ન હોવી જોઈએ. એનું ખંડન ન થવું જોઈએ.'

સમાજના પાયાની ઈંટો સમા શિક્ષકોમાં નીતિ અને ધર્મની આ મજબૂતાઈ ધરબી દેનારા સ્વામીશ્રીને વધાવવા તા. ૨૯/૨ની સવારે જૂનાગઢ જિલ્લાની ૮૦ સંસ્થાઓના અગ્રણીઓ હરખભેર દોડી આવ્યા. વેપારીઓ, વકીલો, તબીબો, ઇજનેરો, અધિકારીઓ, અમલદારો, પ્રાધ્યાપકો વગેરેનો વિશાળ વર્ગ ધરાવતી આ સંસ્થાઓએ સન્માનપત્ર આપી સ્વામીશ્રીને સત્કાર્યા ત્યારે *'સોરઠ સરવે ચરણે લાગ્યું, મોહી રહ્યાં નરનાર...'*નો નજારો જામી ગયો.

જેની પ્રભુપદ પ્રીત જડાઈ

તા. ૧/૩ની સવારે સ્વામીશ્રી અલ્પાહાર કરવા બિરાજ્યા ત્યારે અપાઈ રહેલા સ્વયંસેવકોના પરિચયમાં પોલીસ અધિકારી શ્રી શક્તિસિંહનો વારો આવ્યો. ડી.એસ.પી. કક્ષાના પોલીસ અમલદારોને તાલીમ આપતા આ મહાશય સત્સંગ થયા પૂર્વે વ્યસનોમાં અટવાયેલા હતા, પરંતુ સ્વામીશ્રીના

પારસસ્પર્શે કુંદન બન્યા બાદ તેઓએ બધી બદીઓ ફગાવી દીધેલી. તે પછી તેઓને માંસાહાર કરાવી અભડાવવા દોઢ લાખ રૂપિયા સુધીની શરતો બકવામાં આવેલી, પણ આ વંટોળમાંય તેઓ અણનમ રહેલા.

શક્તિસિંહની આ ઓળખ અપાઈ ત્યારે તેઓને ઉદ્દેશી સ્વામીશ્રી બોલ્યા: "ખેતીવાડીમાં ઉત્સવ થયો ત્યારે તમે સેવામાં હતા.'

સાત વર્ષ પૂર્વેની સ્વામીશ્રીની આ સતેજ સ્મૃતિ અનુભવી એ પોલીસ અફસર સહિત સૌ આશ્ચર્ય પામ્યા. લાખોની મેદની વચ્ચે ઊજવાતા ઉત્સવોમાં ક્ષણભર મળેલી વ્યક્તિઓને પણ વર્ષો સુધી યાદ રાખવાની સ્વામીશ્રીની વિશેષતા *'જેનું જથાર્થ કદી વર્ણન ના કરાય, વાણી તથા મુનિ તણાં મન થાકી જાય...'* જેવી રહેલી.

તેઓની આવી જ અન્ય એક અવર્ણનીય પ્રકૃતિનું દર્શન આજની સાંજે થયું.

આ સમયે જૂનાગઢથી ગોંડલ જઈ રહેલા સ્વામીશ્રીએ માર્ગમાં જેતપુર આવતાં શ્રીજીમહારાજના પટ્ટાભિષેકના સ્થાને દર્શન કરવાની ઇચ્છા પ્રગટ કરી. તેથી ગાડી તે તરફ વાળવામાં આવી, પણ મુખ્ય રસ્તો ટ્રાફિકને કારણે અવરોધાઈ ગયેલો, એટલે પોલીસકર્મીઓએ જ ભાદર નાકાના માર્ગેથી પ્રવેશવા સૂચવ્યું. તે મુજબ સ્વામીશ્રી ત્યાં પહોંચ્યા.

પરંતુ અહીંથીયે રસ્તો સાંકડો બની વાંકી-ચૂંકી ગલીમાં ફેરવાઈ જતો હતો. તેમાં સ્વામીશ્રીની ગાડી જઈ શકે તેમ નહોતું. તે વખતે સ્વામીશ્રી પગપાળા જવા તૈયાર થયા. તે જાણી સંતોએ સ્થાનિક રહીશોને 'મંદિર કેટલે દૂર?' એમ પૂછ્યું ત્યારે 'બે-ત્રણ ગલી પછી તરત જ આવે છે' એવો જવાબ મળ્યો. તેથી સૌ ચાલતાં જવા તૈયાર થયા.

પરંતુ નગરવાસીઓનો જવાબ છેતરામણો નીકળ્યો. તેઓએ કહ્યું'તું એટલું નજીક મંદિર ન હોવાથી સ્વામીશ્રીને ઘણું ચાલવું પડ્યું. તેમાંય સાંકડી શેરીઓમાં થોડે-થોડે અંતરે મકાનોની બહાર વેરાયેલાં ડુંગળી-બટાટાનાં છોતરાં, એઠવાડ અને સૂતેલાં ભૂંડણાંઓની હરોળ વચ્ચેથી રસ્તો કાઢવાનો થયો. આ અગવડમાં સાઇકલ-સ્કૂટરની અવરજવર ઉમેરો કરતી રહી. તેને કારણે થોડી-થોડી વારે સ્વામીશ્રીને આઘા-પાછા થવું પડતું. છતાં સ્વસ્થ ચિત્ત અને પ્રસન્ન મુખ રાખી રસ્તો કાપતાં તેઓ મંદિરે પહોંચ્યા.

અહીં તેઓએ દરેક ઠેકાણે શાંતિપૂર્વક દર્શન-દંડવત્ કર્યાં ત્યારે તેઓના

મુખારવિંદ પર સંતોષ લીંપાઈ ગયો. ૮૩મા વર્ષે પણ તેઓએ દર્શન માટે દાખવેલી આ તત્પરતા સ્વયં દર્શનીય બની રહી!

અત્રેથી પાછા વળતાં મુંબઈના એક હરિભક્ત શ્રી કિશોરભાઈની નાની ગાડી આવી જતાં તેમાં બિરાજી સ્વામીશ્રી નદીકિનારે ઊભેલી તેઓની મોટર સુધી પહોંચ્યા. અહીંથી તેઓ સાંજે ૭:૨૦ વાગ્યે ગોંડલ પધારી ગયા.

સાચા સ્વામી પોત્યે ભગવંત

ગોંડલમાં તા. ૨/૩ના રોજ અડધા દિવસના રોકાણમાં પણ સ્વામીશ્રીએ મંદિરના નવનિર્મિત કાર્યાલય સંકુલ તેમ જ ગુરુકુળમાં નિર્માણ પામેલી નૂતન ભોજનશાળા, પ્રયોગશાળા, ગ્રંથાલય, પ્રાર્થનાખંડ વગેરે ઈમારતોનાં ઉદ્‌ઘાટન કરી સાંજે ગઢપુરની વાટ પકડી.

અત્રે ૬:૪૦ વાગ્યે પધારેલા તેઓ જૂના શાકબજારના વિસર્જન અને નવી બજારના સર્જન પર દૃષ્ટિ વેરી મંદિરે આવ્યા.

અહીં તા. ૪/૩ની સવારે સૌ *'ધન્ય સ્વામી! સામર્થ્ય અપાર...'* ગાઈ ઊઠે તેવી એક ઘટના બની રહી.

આ અરસામાં અસલાલીના વતની શ્રી રેખાબહેન પટેલ કેન્સરની બીમારીથી પીડાતાં હતાં. માતાની આ માંદગીની વિગત તા. ૫/૨ના રોજ સ્વામીશ્રીને જણાવતાં દીકરા શ્રી અમિતે કહેલું: 'બાપા! કાં તો માતાને ધામમાં લઈ જાઓ, કાં તો રોગ મટાડી દો.'

આ સાંભળી સ્વામીશ્રીએ 'સૌ સારાં વાનાં થશે' તેમ ધરપત આપેલી.

તેને થોડા દિવસ વીતતાં તેઓએ તા. ૧૪/૨ના રોજ માંદગીના બિછાને સૂતેલી મહિલાને પણ દિવ્ય દર્શન આપી, ચોથી માર્ચની સવારે નવ વાગ્યે ધામમાં તેડી જવાનો કૉલ દઈ દીધો.

અગોચરને નયનગોચર કરતી આ વાણી સાંભળી એ બાઈ તો હરખાઈ ઊઠ્યાં. તેઓનું કેન્સરનું કષ્ટ ક્યાંય કપાઈ ગયું. તે હવે મૃત્યુ આડે રહેલા નહીં, પણ મુક્તિ આડે રહેલા દિવસો ગણવા માંડ્યાં.

આખરે તા. ૩/૩નો દિવસ ઊગ્યો ત્યારે એ મરણાસન્ન મહિલાએ પોતાના પતિ શ્રી પ્રવીણભાઈ પાસે માંગણી મૂકી કે 'મને અત્યારે જ પચીસ કિલો સાકર મંગાવી દો. આવતીકાલે સ્વામીબાપા મને તેડવા આવવાના છે, તે નિમિત્તે મારે સૌને સાકર વહેંચવી છે.'

આમ કહી તે બાઈ ગામની અન્ય મહિલાઓ સાથે બેસી પતિએ લાવી આપેલી સાકરનાં પડીકાં સ્વયં ભરવા માંડી! કુલ ૭૦૦ પડીકાંમાંથી અઢીસો પૅકેટ તો તેઓએ જ ભર્યાં. વળી, સાકરના કટકા કોથળીમાં નાંખતાં તે કહેતાં જાય: 'મારી અંતિમયાત્રા વખતે બંને બાજુ આ પ્રસાદ વહેંચાવજો અને બધાંને ગળ્યું મોઢું કરાવજો. હું તો ધામમાં જ જવાની છું.'

મૃત્યુને પણ કેવો મીઠો આવકાર!

ગુણાતીત ગુરુના સહારે મૃત્યુનો ભય કેવો ભાગે-ભાંગે છે તેનો આ દાખલો નજરોનજર નિહાળી ગામવાસીઓ તો દંગ જ રહી ગયા.

આ આશ્ચર્ય વચ્ચે જ, તા. ૪/૩નું પ્રભાત ઊગ્યું. આજે ગામના બી.એ.પી.એસ. મંદિરમાં પૂજારીની સેવા કરતા રેખાબહેનના પતિએ ઠાકોરજીની ચલમૂર્તિને ફૂલદોલોત્સવના વાઘા ધારણ કરાવી હાથમાં પિચકારી પણ આપી. આ દર્શનનો લહાવો પોતાની પત્નીને અપાવવા તેઓ આરતી વગેરે વિધિથી પરવારી ઠાકોરજીને લઈ પત્નીના ખાટલે પહોંચ્યા. અહીં તેઓએ પત્નીના હાથમાં પિચકારી આપી ત્યારે એ જળભરેલી પિચકારીથી બાઈ ઠાકોરજીને ભીંજવવા લાગી. તે જ વખતે અચાનક તેઓના મુખેથી શબ્દો નીકળ્યા: 'જુઓ... જુઓ... બાપા આવી ગયા રંગવા માટે. આ દીકરાને રંગી નાંખ્યો...! તમનેય રંગી નાંખ્યા...! તમારો ઝભ્ભો પીળો કરી નાંખ્યો...!'

આ સાંભળી પ્રવીણભાઈએ કહ્યું: 'અમે ક્યાં પલળ્યાં છીએ?! અમે કોરા જ છીએ અને અમારા ઝભ્ભા પણ સફેદ છે.'

દિવ્ય ચક્ષુ અને ચર્મ ચક્ષુનો તફાવત આમ ઊભરી આવ્યો ત્યારે તે બાઈ બોલ્યાં: 'તમને ભલે ધોળાં દેખાય પણ મને પીળાં દેખાય છે.'

આમ કહેતાં તેઓએ *'આવ્યા છે મને તેડવા નાથ, હું જાઉં છું મહારાજને સાથ...'*ના અનુભવ સાથે અંતિમ શ્વાસ લીધો ત્યારે તારીખિયું ચોથી માર્ચનો દિવસ અને ઘડિયાળ નવ વાગ્યાનો સમય બતાવી રહેલી. સ્વામીશ્રીએ ભાખેલું ભવ્ય ભવિષ્ય અદલ સત્ય થતું જોઈ સૌના હોઠે પણ શબ્દો રમી રહ્યા: *'સાચા સતસંગી સાચા સંત, સાચા સ્વામી પોત્યે ભગવંત...'*

હું છું દાસ તમારો હે નાથ!

તા. ૫/૩ની સાંજે સ્વામીશ્રી ગઢપુરથી સારંગપુર પધાર્યા ત્યારે અહીં ફૂલદોલોત્સવ નિમિત્તે સભામંચ પર યજ્ઞપુરુષ વાડી ખરેખરી ખીલી ગયેલી.

સેંકડો આમ્રફળોથી લચી પડેલા ઘટાદાર આંબાઓ, શ્વેત પુષ્પોથી શોભતા ચંપા, વટવૃક્ષ પરથી લટકતી વડવાઈઓ, વડલાનાં લીલાં પાંદડાં વચ્ચે જામેલા રક્તવર્ણા ટેટા, સુગરીના કલાત્મક માળા, અહીં તહીં ટહેલતા મોર, હરણાં, સસલાં, પોપટ અને પારેવાંની પ્રતિકૃતિઓ વગેરેથી *'વસંત આવ્યો વનવેલ ફૂલી, કુસુમ કુસુમ રહ્યો ભમર છલી...'*નો માહોલ છવાઈ રહેલો.

તેની વચ્ચે ફૂલવેલથી વીંટળાયેલા હિંડોળામાં લાલ વાઘે-પાઘે ઝૂલતા શ્રીજીમહારાજ, તેઓની આગળ નાનકડા તુલસીક્યારે બિરાજેલા હરિકૃષ્ણ મહારાજ અને વૃક્ષોની ઘટા વચ્ચે ધવલરંગી છત્રીમાં બેઠેલા શાસ્ત્રીજી મહારાજ વન્યસૃષ્ટિને સનાથ કરી રહેલા. તેમાં પદાર્પણ કરનારા સ્વામીશ્રીએ પણ જમણો હાથ લંબાવી ચંપાનાં પાન અને લચી પડેલી કેરીનો સ્પર્શ કરી 'બધું આબેહૂબ બનાવ્યું છે, અસલ હોય એવું લાગે છે...!' કહી સંતોની સેવાને સ્મરણીય બનાવી. ત્યારબાદ તેઓ સામે ગોઠવાયેલા સ્વયંસેવકોને રંગ-સંગનો લાભ આપી ઉતારે પધાર્યા.

અહીં સ્વામીશ્રી તા. ૬/૩ના રોજ પ્રાગજી ભક્તની જયંતીનો ઉત્સવ ઊજવી મુલાકાત માટે બિરાજ્યા ત્યારે સુરતવાસી હરિભક્ત શ્રી રમેશભાઈ ત્રિવેદી પોતાની જમીન સંસ્થાને અર્પણ કરતું લખાણ તૈયાર કરીને લાવ્યા. તે સ્વામીશ્રીને ધરતાં તેઓએ કહ્યું: 'હું જિંદગીમાં જે કમાયેલો તેના ૭૦% આપને આપી દીધું.'

'મને નહીં; ઠાકોરજીને !' સ્વામીશ્રીએ સુધારો સૂચવ્યો.

પરંતુ તેને અમાન્ય ઠેરવતાં હોય તેમ પેલા ભક્તે જણાવ્યું: 'આપનામાં અને ઠાકોરજીમાં શું ફેર છે ?'

'છે, અમે સેવક છીએ એમના.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓમાં સૌને ભગવાનતુલ્ય ઐશ્વર્યનો અનુભવ થતો, છતાં તેઓ તો પોતાને *'હું છું દાસ તમારો હે નાથ...!'* એમ જ સમજતા. મનુષ્યમાત્ર અને તેઓ વચ્ચે પણ આટલો ફેર !

આવી રીત્યે તન જાય છૂટી, એથી વાત બીજી કઈ મોટી

તા. ૭/૩ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાતા ફૂલદોલોત્સવનો લાભ લેવા ઊમટેલા ૫૪,૦૦૦ હરિભક્તોમાં એક શ્રી હરેશભાઈ ધોરાજિયા હતા. તેઓના આંતરડામાં વળગેલા કેન્સરની કક્ષા જોઈ ડૉક્ટરોએ હાથ

ધોઈ નાંખતાં કહી દીધેલું: 'હવે અમે કાંઈ કરી શકીશું નહીં. તમે કો'ક સારી હૉસ્પિટલમાં બતાવો.'

તેથી આ દર્દીને મુંબઈની ટાટા મેમોરિયલ હૉસ્પિટલમાં ખસેડાયેલા. અહીં તબીબોએ ગળામાં છિદ્ર પાડી અન્નનળી ચાલુ કરવાનો ઉપાય સૂચવતાં આ હરિભક્તે સલાહ લેવા સ્વામીશ્રીને ફોન જોડેલો. તે વખતે સ્વામીશ્રી બોલ્યા હતા: 'હવે તમારે કોઈ જાતની સારવાર કરાવવાની જરૂર નથી. તમારા માટે અક્ષરધામનો દરવાજો ખૂલી ગયો છે.'

સ્વામીશ્રીના આ શબ્દો સાંભળતાં જ હૉસ્પિટલની પથારીએ પડેલા આ હરિભક્ત 'I won' (હું જીતી ગયો) કહેતાં ઊછળી પડેલા. તેઓની આ ક્રિયામાં મૃત્યુંજય બન્યાનો આનંદ હતો.

એ જ હરખમાં ગરકાવ તેઓએ સ્વામીશ્રી સમક્ષ દર્શનની ઇચ્છા વ્યક્ત કરેલી. સ્વામીશ્રીએ તેઓને ફૂલદોલ પ્રસંગે આવવાની અનુમતિ આપતાં અત્રે આવી પહોંચેલા એ કેન્સરગ્રસ્ત હરિભક્તના ગળા હેઠે છેલ્લા એક અઠવાડિયાથી તો અન્ન ઊતર્યું જ નહોતું. પાણી માટે પણ તેઓ બરફનો ટુકડો મોંમાં મૂકી રાખતા. ગ્લુકોઝની નળી તો હાથ પર ચઢાવેલી જ રાખવી પડતી.

આવી કથળેલી હાલતમાં આ હરિભક્ત વ્હીલચૅરમાં બેસી ઉત્સવમાં આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેઓને મંચ પર બોલાવી રંગ્યા. ઉત્સવ બાદ પોતાના ઉતારે પણ તેઓ આ હરિભક્તને મળ્યા ત્યારે હરેશભાઈએ પૂછી જ નાંખ્યું કે 'બાપા! ક્યારે તેડવા આવો છો?'

'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ આવશે.'

'તમે નહીં આવો?'

'હા, અમે પણ આવીશું.'

'ક્યારે?'

'આવતા સોમવારે (તા. ૧૫/૩ની) સાંજે ચાર વાગ્યે!' અગમની એંધાણી આટલી સ્પષ્ટપણે આપતાં સ્વામીશ્રી બોલી ગયા.

તેથી સર્જાયેલા વિસ્મયના વાતાવરણ વચ્ચે મુંબઈ પરત ફરેલા હરેશભાઈના સાત દિવસ તો સુખમાં વીતી ગયા, પણ આઠમા દિવસે તા. ૧૫/૩ની બપોરે આશરે પોણા ચાર વાગ્યે તેઓનો શ્વાસ રૂંધાવા લાગ્યો. તે જોઈ તેઓનાં પત્નીએ દિયરને જગાડી પરિસ્થિતિથી વાકેફ કરતાં તરત જ સૌ એકત્રિત થઈ ગયા, ત્યારે પ્રયાણની તૈયારી કરી ચૂકેલા હરિભક્તે સૌને

જનમંગલ નામાવલિનો પાઠ કરવા કહ્યું. આ પ્રભુસ્મરણમાં સૌ લયલીન હતાં ત્યાં જ પથારીવશ હરિભક્ત એકાએક બોલવા લાગ્યા: 'બધા દૂર ખસો. મહારાજ-સ્વામી લેવા આવી ગયા છે.'

આ શબ્દો સાથે તેઓનું આયખું ઓગળ્યું ત્યારે સોમવારની એ સાંજે ઘડિયાળમાં ચાર વાગ્યાના ટકોરા પડ્યા!

તે ધ્વનિ દ્વારા જાણે સાક્ષાત્ સમયદેવતા જ સમસ્ત વિશ્વને કહી રહ્યા:

'આવી રીત્ય દીઠી નહીં ક્યાંઈ, જેવી રીત્ય છે સત્સંગ માંઈ;
આવી રીત્યે તન જાય છૂટી, એથી વાત બીજી કઈ મોટી...'

આ અનુભૂતિ સાથે સ્વામીશ્રીના સામર્થ્યના ડંકા મારતાં સમયદેવતા તો સરકી ગયા, પણ સૌનાં મન સ્વામીશ્રીમાં જ અટકી રહ્યાં.

અમારે રંગ એવો ને એવો રહે

તા. ૮/૩ની બપોરે સ્વામીશ્રી પોઢવા માટે ઢોલિયે બિરાજ્યા ત્યારે તેઓનું રંગરંજિત ધોતિયું જોઈ એક દર્શનાર્થી સંતે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે 'ગઈકાલે રંગોત્સવ થયો ને આજે રંગાયેલાં કપડાં કેમ ?!'

ગઈકાલનાં વસ્ત્રો તો આજે ધોવાઈને સુકાતાં હોવાથી આજનાં કપડાં પર રંગ ન હોવો જોઈએ – એ અનુમાન આ સંતની નવાઈના મૂળમાં હતું.

પરંતુ તેઓના વિસ્મયને વળાંક આપતાં સ્વામીશ્રી કેફથી બોલ્યા: 'તમારી જેમ અમારે રંગ ઓછો ઊતરે? એવો ને એવો રહે! તમારે તો રંગ ચઢેય ખરો ને ઊતરેય ખરો!'

આમ, જીવનપર્યંત એક જ રંગ-ઢંગથી રહેલા તેઓના વરદહસ્તે તા. ૧૧/૩ની સવારે ચંદ્રાસર ગામની મૂર્તિઓમાં દૈવત પુરાયું.

સ્વામીશ્રીનાં એ જ કરકમળોએ તા. ૧૨/૩ના રોજ પાણવીના નવનિર્મિત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાવિધિ સંપન્ન કર્યો.

આ ઉત્સવની સભામાં બિરાજેલા સ્વામીશ્રીને જ્યારે હારતોરા પહેરાવવાના શરૂ થયા ત્યારે નવેક વર્ષનો બાળક હાર્દિક પણ આવી ચડ્યો. માથે ભગવી પાઘ સાથે ભગવાં ધોતિયા-ગાતરિયાના પરિવેશમાં સજ્જ એ બાળકે સ્વામીશ્રીને ચૉકલેટ અને મમરાથી ગૂંથેલો હાર પહેરાવ્યો. તે હાર તેને જ પાછો પહેરાવતાં સ્વામીશ્રી તેનો પહેરવેશ જોઈ સહજભાવે બોલ્યા: 'મોટા થઈને સાધુ થજો.'

બાળકના ચંચળ માનસમાં વવાઈ ગયેલા સ્વામીશ્રીના આ શબ્દો સમય જતાં મહોરી ઊઠ્યા. તેથી આ પ્રસંગ બન્યાનાં તેર વર્ષ બાદ એ બાળક મહંત સ્વામીના વરદહસ્તે દીક્ષિત થયો.[૧૩] સ્વામીશ્રીની સીધી-સરળ વાણી પણ એવી ચોટ-ચટકી લગાડી દેતી કે સ્વપ્નમાંય જેનો વિચાર ન સ્ફુર્યો હોય તેવી બાબત વ્યક્તિનો આચાર બની જતી.

આ રીતે પોતાના રંગે કંઈકને રંગતા તેઓ પાણવીમાં બે પધરામણીઓ કરી તા. ૧૩/૩ની સાંજે લાઠીદડ પધાર્યા.

અહીં નૂતન મંદિરમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓનાં પૂજન-આરતી કરી સ્વામીશ્રીએ તા. ૧૪/૩ની સવારે સારંગપુરમાં પ્રમુખસ્વામી વિદ્યામંદિરના નૂતન સંકુલનું પણ ઉદ્ઘાટન કર્યું.

તેને અનુસરતાં તેઓ તા. ૧૫/૩ની સવારે જાળીલા પહોંચ્યા. અત્રે કળશ અને શિખર સહિત શોભતા નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સ્વામીશ્રીએ તા. ૧૬/૩ની સવારે બોચાસણને પાવન કર્યું.

અહીંથી તેઓએ તા. ૧૯/૩ની સાંજે ઉમલાવ ગામે પધારી નૂતન મૂર્તિઓનાં પ્રતિષ્ઠા-પૂજન કર્યાં. એ જ રીતે સ્વામીશ્રીએ આજે સારોલના નવનિર્મિત મંદિરમાં બિરાજેલી પ્રતિમાઓની પણ આરતી ઉતારી.

અનંત બ્રહ્માંડો અમારું ઘર છે

સારોલથી બોચાસણ પરત ફરેલા સ્વામીશ્રી તા. ૨૧/૩ની સવારે અલ્પાહાર બાદ મુલાકાત આપવા બિરાજ્યા ત્યારે પરદેશથી આવેલા શ્રી હરીશભાઈ પટેલે પૂછ્યું: 'બાપા! ઘેર આવો છો ને?'

આ હરિભક્ત સન ૧૯૭૦થી જ્યારે સ્વામીશ્રી મળે ત્યારે આ પૂછપરછ કરતા રહેતા. સ્વામીશ્રી પણ દરેક વખતે *'તારે ઘેર જ છીએ ને...!'* એમ ઉત્તર આપતા.

પરંતુ આજે તેઓએ તેમ ન કહેતાં એ હરિભક્તને સામે પૂછ્યું: 'ક્યાં?'

ત્યારે એ ભક્તે ફોડ પાડ્યો કે 'અમેરિકા આવો ત્યારે ઘેર આવો છો ને?'

આ સાંભળી સ્વામીશ્રી એ યુવાન સામે ક્ષણભર જોઈ બોલ્યા: 'આખું અમેરિકા અમારું ઘર છે.' પછી ઉમેર્યું: 'આખી દુનિયા નહીં, અનંત બ્રહ્માંડો અમારું ઘર છે.'

---

૧૩. તેઓનું નામાભિધાન સાધુ મુનિવરદાસ કરવામાં આવ્યું.

સ્વામીશ્રીના મુખેથી પરભાવના શબ્દો સરી પડ્યા, તે *'શુભ અક્ષરધામ નામ છે, નહીં સીમા સ્થિતિ સર્વ ઠામ છે...'* તરીકે તેઓનો પરિચય આપી રહ્યા.

તેથી પ્રસરેલા હર્ષોલ્લાસ વચ્ચે તા. ૨૧/૩ની સાંજે બોચાસણથી બોરસદ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે સ્થાનિક સત્સંગ ભવનના સભાગૃહમાં મૂર્તિપ્રતિષ્ઠા સંપન્ન થઈ. તે દ્વારા અત્રે ભવિષ્યમાં વિસ્તરનારા વિશાળ સંકુલની ગતિવિધિને વેગ આપી સ્વામીશ્રી રાત્રે આઠ વાગ્યે બદલપુર પહોંચ્યા.

અહીં તેઓ ભક્તોનું અભિવાદન ઝીલી રાત્રિભોજન માટે બિરાજ્યા ત્યારે કોળિયાથીયે વિશેષ તો આ ગામનાં સંસ્મરણો જ વાગોળતા રહ્યા. વાળુથી પરવારીને પણ સ્વામીશ્રી ગામના અગ્રણી હરિભક્તો સાથે બેઠા. તેમાં આવતીકાલે યોજાનારા મંદિરના દશાબ્દી પાટોત્સવની વિગત પર દૃષ્ટિપાત કરી તેઓ પુનઃ આ ગોકુળિયા ગામ સાથે સંકળાયેલાં શાસ્ત્રીજી મહારાજનાં ચરિત્રો સંભળાવવા માંડ્યા. તેમાં સમય ઘણો વીતતાં હરિભક્તોએ કહ્યું : 'બાપા ! આપનો બહુ ટાઈમ લીધો.'

'ના, ના, બહુ આનંદ થયો. સગાં-વહાલાં ઘણા દહાડે મળે તો આનંદ થાય ને !' સ્વામીશ્રી બોલ્યા.

અહો ! બ્રહ્માંડો જેનું ઘર એવા તેઓએ ગાર-માટીનાં ખોરડાંમાં રહેનારા ભક્તોને પોતાનાં સ્વજન માનેલાં !

બદલપુરમાં વા'લો કરે રે કિલ્લોલ

તા. ૨૨/૩ની સવારે સ્વામીશ્રી ભ્રમણ માટે પધારતાં જ ભૂંગળ, ઘૂઘરા વગેરે પરંપરાગત વાદ્યો ગાજી ઊઠ્યાં અને *'બદલપુરમાં વા'લો કરે રે કિલ્લોલ...'*નો નાદ ઊગતી ઉષાના સેંથામાં સ્વરનું સિંદૂર ભરવા લાગ્યો. સમય જતાં આ ભક્તિની ભરતી એવી ચડી કે આઠ-દસ બાળકો તો તાનમાં આવીને સ્વામીશ્રીના ભ્રમણપથનો છેડો જ્યાં આવે ત્યાં વર્તુળાકારે ઘૂમવા લાગ્યા. કીર્તન સાથે નર્તનની આ જુગલબંદીને દૂરથી જોતાં જ સ્વામીશ્રી મલકાવા માંડ્યા. એ મલકાટ સાથે જ તેઓ બાળકોની નજીક આવી ઊભા રહી ગયા અને ભજનના તાલે તાલ મિલાવતાં પોતાના બેય હાથનાં લટકે બાળકોને પ્રોત્સાહિત કરવા લાગ્યા. પરંતુ ક્ષણવારમાં તો સ્વામીશ્રી ભાવપ્રવાહમાં એવા તણાયા કે બાળકોએ રચેલા વર્તુળના કેન્દ્રસ્થાને પહોંચી ગયા. ત્યાં તેઓએ બાળકોની સાથે હળવા ઠેકા લેતાં મુજરા શરૂ કર્યા. તેથી બાળકોનો આનંદ તો

આસમાનને આંબી ગયો.

આવી જ સ્થિતિ તા. ૨૩/૩ના રોજ વડીલ હરિભક્તોની પણ થઈ રહી. આજે આવેલા મંદિરના દશાબ્દી મહોત્સવ પ્રસંગે આ સત્સંગીઓનો મનોરથ હતો કે 'સ્વામીશ્રીની રજતતુલા કરવી.' પરંતુ આ બાબતે સ્વામીશ્રીએ તેઓને સ્પષ્ટ કહી દીધેલું: 'હું ત્રાજવામાં નહીં બેસું. એવું ગોઠવશો તો સભામાં પણ નહીં આવું.'

સન્માનને ઠેલવામાં હંમેશાં કડક વલણ અખત્યાર કરનારા તેઓના આ ટંકારથી છેવટે સ્વામીશ્રીના ભારોભાર સાકરની રજતતુલા કરવાનો નિર્ણય લેવાયેલો. તે અનુસાર ચાલતી થયેલી ઉત્સવની પૂર્વતૈયારીઓને પાકવાની પળ આજે આવી પહોંચેલી. તેથી આ દિવસની સવારે મંચ પર ગોઠવેલી બાર ફૂટ ઊંચી સુવર્ણરંગી કલામંડિત તુલા પાસે બિરાજી સ્વામીશ્રીએ ગામવાસી ભક્તોનો ભક્તિભાવ બિરદાવ્યો.

તે સાથે હાકલ પણ કરી કે 'કેળવણી માટેનું બળ રાખજો. આપણો કોઈ છોકરો અભણ ન રહેવો જોઈએ. નાનેથી મોટા જે હોય એ બધાને ભણાવવા.'

વળી, સામાજિક સુખાકારીનું વધુ એક દિશાદર્શન કરાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'મેં વાત સાંભળી છે કે અહીં સમૂહલગ્ન વિષે આપ સૌ વિચારી રહ્યા છો, તો એવો વિચાર આવ્યો હોય તો સારો છે અને આશીર્વાદ આપીએ છીએ કે બધા એમાં સારી રીતે લાભ લે. ખોટો ખર્ચો થવા દેવો નહીં. જરૂરિયાત પ્રમાણે જીવન જીવતાં શીખશો અને ભગવાનની ભક્તિ રાખશો તો સર્વ પ્રકારે સુખી થશો.'

મોક્ષની સાથે વ્યવહારનું માર્ગદર્શન એ સ્વામીશ્રીની વિશેષતા હતી. તે દ્વારા ભક્તોને ઉભયપલ્લે સુખી રાખતા તેઓને આજના દશાબ્દી અવસરે કલાત્મક હારતોરાથી વધાવવામાં આવ્યા. તેમાં ૫,૪૮,૪૦૦ તલથી ગૂંથાયેલો મહિલા મંડળનો હાર અને ૯,૯૬૮ લવિંગ-ઇલાયચીથી પરોવાયેલો કિશોરી મંડળનો હાર ધ્યાનાકર્ષક બની રહ્યા. સૌનાં હૈયે સ્વામીશ્રીએ જગાવેલી ભક્તિ અને સૌનાં હૈયે તેઓએ જમાવેલું સ્થાન આ હારનાં એક-એક તલ, લવિંગ અને ઇલાયચીમાં જોઈ શકાતું હતું.

ધર્મપાલનનું એક જ ધોરણ

બદલપુરના મંદિરની દશાબ્દી નિમિત્તે હારતોરાનો વિધિ ચાલી રહેલો

તે વખતે જ સંતોના ઈશારે કેટલાક કાર્યકરો સ્વામીશ્રીને ખ્યાલ ન આવે તેમ તેઓની તુલાનો તખ્તો ગોઠવવા પ્રવૃત્ત થયા. જે સોફામાં સ્વામીશ્રી બિરાજેલા તેને ચાર ખૂણે ચાર સાંકળથી બાંધી મુખ્ય તુલાથી અલગ એવી અન્ય એક તુલાની દાંડી સાથે સાંકળવામાં આવેલો. જો કે આ તુલામાં સામેનું પલ્લું રાખવામાં આવ્યું નહોતું, પરંતુ મુખ્ય તુલાનું એક ત્રાજવું કાઢી તેને જ સ્વામીશ્રીની તુલા સાથે ભેરવી દેવાની પેરવીમાં કાર્યકરો જોડાયા.

અલબત્ત, તેઓની આ ગુપ્ત ગતિવિધિ સ્વામીશ્રીની વિચક્ષણ નજરથી અછતી ન રહી. તેથી તેઓએ તરત જ એક વ્યવસ્થાપક સંતને બોલાવી પૂછ્યું: 'આ શું કરો છો? તમને લોકોને ના પાડી છે તોય પાછા લઈ મંડ્યા છો! આજ્ઞા કેમ પાળતા નથી? તમને આવું કરવાનું જેણે કહ્યું હોય તેને મારી પાસે મોકલો!'

આમ, પોતાની તુલા કરવા અંગે સ્વામીશ્રીની નારાજગી અતિ તીવ્રતા સાથે વ્યક્ત થતાં જ સૌના મનસૂબા ખોટા થઈ ગયા અને હારતોરા બાદ ૧૧:૪૨ વાગ્યે ઠાકોરજીના સામા પલ્લે જ સાકર મુકાવાનો પ્રારંભ થઈ ગયો.

તે વખતે એક સંતે મંચ પર આવી તેઓને સખાભાવથી કહ્યું: 'આપે તુલા માટે કેમ ના પાડી? ગામડામાં તો ચાલે...'

'ગામડામાંય ન ચાલે અને શહેરમાંય ન ચાલે! ભગવાનના આદેશ છેક સુધી રાખવા જોઈએ.' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'ગામડે જુદા ને શહેરમાં જુદા – એવું ન હોય. સામાન્ય હોય તોય નહીં! ભગવાનના આદેશ અમેરિકા હોય કે આવું ગામડું હોય, બધે જ સરખા જ લાગુ પડે છે.'

ધર્મપાલન બાબતે કાયમ એક જ ધોરણ જાળવી રાખનારા સ્વામીશ્રીના મુખ પર આટલું બોલતાં જે ભાવ ઊપસી આવ્યા તે જોઈ કોઈ આગળ એક શબ્દ બોલી ન શક્યું.

અંતે સ્વામીશ્રીના વજનતુલ્ય સાકરથી સભર થયેલા પલ્લા સામે યજમાન ભક્તો એક પછી એક રજતમુદ્રાઓ મૂકવા આવવા લાગ્યા. તે દરેક પર સ્વામીશ્રી અમીદૃષ્ટિ ઢોળતા રહ્યા.

પરંતુ તેઓની આ સ્નેહભરી નજરની સૂક્ષ્મતા રજતતુલાના અંતિમ તબક્કે જોવા મળી. આ સમયે સ્વામીશ્રીએ પાસે ઊભેલા એક સંતને પૂછ્યું: 'હજી સુધી હરિભાઈ કેમ ન આવ્યા? એમને બોલાવો.'

'એમના દીકરાએ સેવા નોંધાવી હોવાથી તેઓનો પુત્ર જ રજત

પધરાવવા આવશે – એમ તેઓએ કહ્યું છે. છતાં આપની મરજી હોય તો બોલાવીએ.'

'હા, બોલાવો.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓની દૃષ્ટિ પોતાની બાજુમાં જ ખડકાઈ રહેલા ચાંદીના ઢગલા પર નહીં, પરંતુ સભામાં બેઠેલા પોતાના સત્સંગીઓ ભણી મંડાયેલી હતી. તેથી જ તો તેઓ સડસડાટ પસાર થઈ રહેલી યજમાનોની હારમાંય એક જૂના સામાન્ય ભક્તને પણ ન વીસર્યા !

એ હરિભાઈ આવ્યા ત્યારે સ્વામીશ્રી ઉમળકાભેર બોલ્યા: 'હવે શંખ વાગ્યો ! તમે આવો નહીં ને ભક્તિ પૂરી થતી હશે ! તમે આવો પછી ભક્તિ પૂરી થાય.'

સ્વામીશ્રીનાં આ મહિમા અને મમતા સૌને મણિ-માણેકથીયે ન તોળાય એવાં અતુલનીય લાગ્યાં !![૧૪]

પૂરે નિજ સેવકની હામું

બદલપુરમાં મંદિરની દશાબ્દી દબદબાભેર ઊજવી સ્વામીશ્રી તા. ૨૪/૩ની સવારે ઉંદેલ પધાર્યા. અત્રે તેઓ નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજનાં પૂજન-આરતી કરી સાંજે ખંભાત પહોંચ્યા.

અહીંના મ્યુનિસિપાલિટી મેદાનમાં જાહેર-સભાનો લાભ આપી તેઓએ તા. ૨૫/૩ની સવારે મંદિરનો ૧૪મો પાટોત્સવ ઊજવ્યો. આ નિમિત્તે સંસ્થા વતી ખંભાતને પ્રમુખસ્વામી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ફર્મેશન ટેક્નોલોજીના સંકુલની ભેટ મળી. તે દ્વારા શહેરનો શૈક્ષણિક ઉત્કર્ષ સાધી આપનારા સ્વામીશ્રીએ આજની સાંજે વટાદરાના નૂતન મંદિરમાં આરતી ઉતારી તા. ૨૬/૩ની સવારે નગરાને પાવન કર્યું.

આ ગામના પુરાતન અને પ્રસિદ્ધ બ્રહ્માજીના મંદિરે દર્શન કરી તેઓનાં પગલાં માલુ ગામમાં પડ્યાં. આ પદાર્પણના પાયામાં સ્વામીશ્રીનાં સ્નેહ અને સતેજ સ્મૃતિ જ કહી શકાય, કારણ કે આ ગામનો એક યુવાન કૌશિક

---

૧૪. બદલપુરમાં સ્વામીશ્રીના સંગે થયેલા કલ્યાણકારી કિલ્લોલને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

પટેલ સન ૧૯૯૪માં અભ્યાસના નિમિત્તે વિદ્યાનગરમાં વસેલા આપણા છાત્રાલયના યોગમાં આવ્યો. અહીં તેને પ્રથમ વાર સ્વામીશ્રીનાં દર્શન થતાં ઉરમાં અરમાન જાગી ગયા કે 'સ્વામીબાપા આપણા ગામમાં આવે તો કેવું ?!' આ મનોરથને વશ થઈ તેણે સ્વામીશ્રીને સોળ પાનાંનો પત્ર લખી દીધો. તેમાં પ્રથમ પાને પોતાનો અને ગામનો પરિચય ટપકાવ્યો. બાકીનાં પંદર પાનાં 'સ્વામીબાપા ! મારે ગામ પધારો'ના લખાણથી ભરી દીધાં !

આ પત્ર વાંચી હસી પડેલા સ્વામીશ્રીએ તે યુવાનને 'અમે આવીશું' એવી બાંયધરી આપેલી.

આ વાયદો કોઈ નોંધ વિના આજે દસમા વર્ષે પણ સ્વામીશ્રીના મનમાં અકબંધ હતો. તેથી તેઓ આ ગામમાં જઈ પહોંચ્યા ત્યારે પેલા નિમંત્રક યુવાનની આંખો હર્ષાશ્રુથી ઊભરાઈ આવી. ગામ નાનું, નિમંત્રક નાનો, આમંત્રણ પણ ટૂંકું ને ટચ, પરંતુ સ્વામીશ્રીનો પ્રેમ અને પ્રતિભાવ કેટલા મહાન! તેઓની આજની પધરામણીની આ પાર્શ્વભૂમિકા જેણે-જેણે જાણી તેનાં હૈયાં અહોભાવથી છલકાઈ ઊઠ્યાં.

મહંત સ્વામીનું મહિમાગાન

માલુ ગામમાં મંદિરના પહેલા પાટોત્સવને પોતાના સાંનિધ્યથી સ્મરણીય બનાવી મહેળાવ પધારેલા સ્વામીશ્રી અત્રે શાસ્ત્રીજી મહારાજના જન્મસ્થાને દર્શન બાદ પલાંઠી વાળી બિરાજી ગયા અને તેઓએ સતત નવ મિનિટ સુધી વિવિધ સંકલ્પોની પરિપૂર્તિ માટે ધૂન ગજાવી. તે પછી ઊભાં-ઊભાં પણ બે મિનિટ સુધી ધૂનની ઝડી વરસાવી દીધી.

પુરુષાર્થમાં લેશ પાછી પાની ન કરનારા સ્વામીશ્રી પ્રાર્થના કરવામાંય પાછું વાળીને ન જોતા.

આ રીતે પ્રાર્થના અને પુરુષાર્થનાં બે ચક્રો પર જીવનરથ દોડાવનારા તેઓ આજની સાંજે નડિયાદ પધાર્યા.

અહીં આખડોલવાસી શ્રી જશભાઈ પટેલના ઘેર રોકાયેલા તેઓ સમક્ષ તા. ૨૭/૩ની સવારે અલ્પાહાર દરમ્યાન 'વચનામૃત રહસ્ય' નામના પુસ્તકમાંથી સાધનામાં આવશ્યક ગુણોના પ્રકરણનું પઠન શરૂ થયું. તેમાં શ્રદ્ધા, વિશ્વાસ, ખપ, સહિષ્ણુતા, ક્ષમા વગેરે ગુણોની વાત વંચાતાં એક સંત બોલ્યા : 'અત્યારે મહંત સ્વામી પાસે આ પુસ્તકનું વાંચન અને વિમર્શ ચાલે

છે. તેઓ ખૂબ સારો ઉમેરો કરી આપે છે.'

'આ બધું એમનામાં છે. ભગવાનની દયાથી ક્ષમા, સહન કરવાનું એમના જીવનમાં છે એટલે તમને બધાને લાભ સારો મળશે.'

મહંત સ્વામીનો મહિમા વર્ણવતાં સ્વામીશ્રીએ સૂચક વાણી રેલાવી દીધી.

તે વખતે કો'કે કહ્યું: 'મહંત સ્વામીને દાઢ બહુ દુઃખે છે. છતાં તે એક આંગળીથી દબાવ્યા કરે અને સાંભળતા પણ રહે. રોજ આઠ-આઠ કલાક બેસે!'

'ધન્ય એમની શ્રદ્ધાને! દુઃખ સહન કરીને પણ કામ કરે છે. આટલું આપણે હોય તો સૂઈ જ જઈએ, પણ એમને એટલી બધી શ્રદ્ધા કે આ વાત કોઈને સમજાઈ જાય તો જીવનું રૂડું થાય, શાંતિ થાય.'

આ રીતે સ્વામીશ્રી મહંત સ્વામીનું મહિમાગાન કરી રહ્યા.

પોતે દુઃખડાં સહેતા

નડિયાદમાં નિર્માણ પામેલા શ્રી સ્વામિનારાયણ સ્મૃતિમંદિરની પ્રતિષ્ઠા ઉપક્રમે તા. ૨૭/૩ની સવારે યોજાયેલા વિશ્વશાંતિ મહાયાગમાં સ્વામીશ્રીને પહોંચવું હતું, પણ અલ્પાહાર બાદ મુલાકાતીઓની હરોળ લંબાતી જ ચાલી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'મારે યજ્ઞમાં જવું છે તો હવે આ અટકાવો. કોઈ બારણે કહેનારું નથી. જે હોય તે આવ-આવ કરે છે.'

આ કટોકટી જોઈ એક અંતેવાસીએ સ્વામીશ્રીને જ કહ્યું: 'આપ સવારે વૉકિંગમાં કાપ મૂકી, સ્નાનવિધિમાં ઉતાવળ કરી સમય બચાવો, પણ સરવાળે સરખું થઈ જાય છે!'

આ અનુભવમાં સેવકે પણ ટાપશી પૂરી કે 'નાહવામાં તો ખૂબ ઉતાવળ કરે છે.'

'શું કરવું? મળનારા એટલા બધા આવી જાય છે એટલે...' સ્વામીશ્રીએ જણાવ્યું.

પોતાની આવશ્યક દૈહિક ક્રિયાઓનો ભોગ આપીને પણ ભક્તોનાં ટાણાં સાચવવાની તેઓની આ પરમ હિતકારી શૈલી, મુલાકાત-સત્ર બાદ સ્વામીશ્રી યજ્ઞશાળાના આંગણે પધાર્યા ત્યારે પણ જોવા મળી.

આ સમયે તેઓ જેવા ગાડીમાંથી ઊતર્યા કે કોલક ગામનો એક ઉત્સાહી યુવક સ્વામીશ્રી પાસે મોટું બૉર્ડ અને પેન લઈને ધસી આવ્યો. તે વખતે સ્વામીશ્રી તડકામાં ઊભા હોવાથી તાપ અને ગરમી અસહ્ય અનુભવાઈ

રહેલાં. વળી, સ્વામીશ્રીને યજ્ઞનું મુહૂર્ત સાચવવાનીયે ઉતાવળ હતી. તેથી જ સંતોએ પેલા યુવાનને વાર્યો હતો, પણ સ્વામીશ્રીના હસ્તાક્ષર લેવાનો હઠાગ્રહ સેવતો તે નજીક આવી જ પહોંચ્યો. તેની આ મનોકામના પ્રેમથી પૂર્ણ કરી સ્વામીશ્રીએ જ્યારે યજ્ઞમાં હવિ હોમવા ચરણ ઉપાડ્યાં ત્યારે તેઓ ભક્તોને રાજી કરવાના યજ્ઞમાં પોતાની જાતને હોમી ચૂકેલા!

સંપ્રદાયના સ્મૃતિસ્થાન અને ગુજરાતના ગૌરવસ્થાનનું સર્જન

નડિયાદમાં હાલ જ્યાં હાઈવે પાસે બી.એ.પી.એસ.નું શિખરબદ્ધ મંદિર શોભી રહ્યું છે ત્યાં જ યોજાયેલા વિશ્વશાંતિ મહાયાગના મંચ પર સ્મૃતિ-મંદિરની મૂર્તિઓ સાથે કોલક, સિયાદા, ઉધના, સચીન, કુદિયાણા અને કડોદનાં મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ પણ શોભી રહેલી.

તે સૌ અર્ચાસ્વરૂપોનાં પૂજન-આરતી બાદ 'આ યજ્ઞમાં જે બેઠા છે અને જે દર્શન કરે છે, જે ન બેઠા હોય અને જે સાંભળશે એ બધાનું ભગવાન કલ્યાણ કરશે' એવા રૂડા આશીર્વાદ પાઠવી સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

અહીં મધ્યાહ્ન ભોજન બાદ ચાલી રહેલા ઔપચારિક વાર્તાલાપમાં સંતોએ કહ્યું: 'બાપા! આપ પરદેશ જાવ છો, તો વરસાદ સારો પડે અને આ વર્ષે સીઝન સારી જાય તેવા આશીર્વાદ આપજો.'

'હા, આપણે ભગવાનને પ્રાર્થના કરશું. લોકો સુખી તો આપણે સુખી. લોકો દુ:ખી તો આપણે દુ:ખી.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આવી સર્વજીવહિતાવહ ભાવનાના પ્રતીકરૂપે જ નડિયાદના અમદાવાદી બજારમાં શ્રી સ્વામિનારાયણ સ્મૃતિમંદિર આકાર પામેલું. તા. ૨૬/૩/૧૮૨૫ના ઐતિહાસિક દિવસે નડિયાદમાં ભગવાન સ્વામિનારાયણ સાથે થયેલી ખ્રિસ્તી પાદરી રિજિનાલ્ડ હેબરની મુલાકાત કેવળ સાંપ્રદાયિક જ નહીં પરંતુ આજે તો સામાજિક મહત્ત્વ ધરાવનારી બીના પણ બની રહી છે, કારણ કે આ અંગે વિદેશી લેખક ડેરિક હ્યુજીસ લખે છે કે –

'Heber had great expectations of the visit, even the hope of converting him to christianity but their meeting was a disappointment.'[૧૫] અર્થાત્ હેબરને આ મુલાકાત પાછળ ખૂબ જ ઊંચી અપેક્ષાઓ હતી. એટલું જ નહીં, સ્વામિનારાયણને ખ્રિસ્તી ધર્મમાં લાવી દેવાની

૧૫. Bishop Sahib; *A Life of Reginald Heber,* by Derrick Hughes; P:155.

તેની આશા હતી. પરંતુ આ બેઠક નિરાશામાં પરિણમી.

આમ, બિશપ હેબરની મુરાદ બર ન આવી અને ગુજરાતને વટલાવવાની તેઓની નેમ પર ભગવાન સ્વામિનારાયણને મળ્યા પછી ઠંડું પાણી ફરી વળ્યું! તેથી જ, જ્યાં ગુજરાતની આગવી ઓળખને અબાધિત રાખતી આ શકવર્તી ઘટના બનેલી તે સ્થળ પર સ્વામીશ્રીએ સર્જેલું મંદિર માત્ર સંપ્રદાયનું સ્મૃતિસ્થાન નહીં, પરંતુ ગુજરાતનું ગૌરવસ્થાન પણ હતું.

આ સ્થાનમાં તા. ૨૮/૩ની સવારે સ્વામીશ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવવા આવી પહોંચ્યા ત્યારે નિયતિએ પણ એક જબ્બર યોગાનુયોગ બેસાડી દીધો. શ્રીજીમહારાજ અને બિશપ હેબરનું મિલન થયું તે તિથિ હતી – ચૈત્ર સુદ સાતમની, તો આજે સ્વામીશ્રી પ્રતિષ્ઠા કરવા પધાર્યા તે તિથિ પણ ચૈત્ર સુદ સાતમની જ નીકળી!

આ દિવસે હજારો ભક્તોના જયજયકાર વચ્ચે સ્વામીશ્રીએ મંદિર-સંકુલના આંગણે તકતીનું અનાવરણ, ચરણારવિંદનું સ્થાપન અને મૂર્તિની પ્રતિષ્ઠાનાં વૈદિક કર્મો સંપન્ન કર્યાં. ત્યારબાદ આશીર્વાદ પાઠવતાં તેઓએ આ સ્થાનમાં બનેલો ભગવાન સ્વામિનારાયણનો પ્રસંગ વિસ્તારથી વર્ણવી અત્રે ઊભા કરાયેલા પ્રદર્શન તેમ જ સમીપવર્તી કમ્યુનિટી હૉલનું પણ ઉદ્‌ઘાટન કર્યું.

અહીંથી સ્વામીશ્રી ભગતજી મહારાજ તથા શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક જૂના મંદિરે દર્શન કરી ઉત્સવ-સ્થળે આયોજિત પ્રાસંગિક સભામાં પધાર્યા. તેમાં તેઓએ આજના મંદિર-નિર્માણ અને આગામી શ્રીહરિ જયંતી મહોત્સવના યજમાનોને આશીર્વર્ષા વરસાવી કૃતાર્થ કર્યા.

સ્વામી સર્વજ્ઞ છો સાક્ષાત્

તા. ૨૯/૩ના રોજ સ્વામીશ્રીના નિવાસસ્થાને આવી ચડેલા ડૉ. રાજેન્દ્રભાઈ પટેલ મનોમન અટવાઈ રહેલા. તેઓને બે મહિના પૂર્વે પોતાના ઘેર થયેલો પુત્રજન્મ હરખાવતો હતો, પરંતુ આજે તે પુત્રને વર્તમાન ધરાવી નામ પડાવવા આવેલા તેઓ મનમાં ભીતિ પણ અનુભવતા હતા કે 'સ્વામીબાપા ન ગમે એવું નામ પાડશે તો?'

આ અવઢવમાં અથડાતા તેઓએ નામકરણ અંગે સ્વામીશ્રીને વાત કરી, પણ તેઓ 'ઘેરથી નક્કી કરી રાખેલું નામ આર્ષ પાડો' એવું કહી ન શક્યા.

આ તરફ સ્વામીશ્રીએ તો સંતોને રાશિ જોવાનું કહી દેતાં આગંતુક

હરિભક્ત વિશેષ મૂંઝાવા લાગ્યા, પણ ત્યાં જ અચાનક સ્વામીશ્રી બોલ્યા: 'રાશિનું રહેવા દો. આર્ષ નામ પાડો. ડૉક્ટરને ગમશે.'

આ સાંભળતાં જ હરિભક્તના હર્ષનો પાર ન રહ્યો. તેઓને નામ તો ગમ્યું જ, સાથે સ્વામીશ્રીનું કામ પણ ગમ્યું! તેઓ *'સ્વામી સર્વજ્ઞ છો સાક્ષાત્, તમથી છાની શી રહે વાત...'*ના અનુભવમાં હિલોળવા લાગ્યા.

ભક્તોનાં દિલને લગીરેય ઠેસ ન પહોંચે તેનું આટલું સૂક્ષ્મ ધ્યાન રાખતા સ્વામીશ્રીએ તા. ૩૦/૩ના રોજ ઊઘડેલી શ્રીહરિ જયંતીની સવારે ૩૯ પાર્ષદોને ભગવાં અને ૧૮ નવલોહિયાઓને વણસીવ્યાં ઉત્તરીય ઓઢાડી શ્રીજીચરણે અનુપમ અર્ઘ્ય ધરી દીધું.

આ જ ભક્તિભાવથી તેઓ આજની રાત્રે શ્રીહરિ જન્મોત્સવ ઊજવી તા. ૩૧/૩ની બપોરે ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે સામયિક 'પ્રકાશ'નો પાઠ શરૂ થયો. તેના એક લેખમાં આવેલી ગૃહસ્થાશ્રમની વિટંબણાઓના સંદર્ભમાં સ્વામીશ્રીએ સામે બેઠેલા એક સંતને રમૂજમાં કહ્યું: 'તમે લગ્ન કર્યાં હોત તો આ બધું વળગત!'

'અત્યારે એના કરતાં વધારે વળગ્યું છે. હરિભક્તોના નોકરી-ધંધાના પ્રશ્નો, તેઓનાં સંતાનોના ઍડમિશનના પ્રશ્નો વગેરે અનેક ઝંઝટ છે.'

પેલા સંતનો આ પ્રતિભાવ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'એ સેવા કહેવાય, ઝંઝટ ન કહેવાય. ભગવાનના ભક્તો, સંતો હોય એના પ્રશ્નો સાંભળવા, માર્ગદર્શન આપવું, મદદ કરવી, એ તો સેવા છે આપણી. એ સેવાની મહત્તા છે.'

સ્વામીશ્રીની કેવી શુદ્ધ અને સર્વોચ્ચ ભાવના! તેથી જ તો તેઓ મુલાકાતો આપવામાં, પત્રો લખવામાં, પધરામણીઓ કરવામાં જીવનભર થાક્યા-કંટાળ્યા નહોતા.[૧૬]

આ બધું કોઠે પડી ગયું

તા. ૩૧/૩ની સાંજે નડિયાદથી વિદાય લઈ મુંબઈ પધારેલા સ્વામીશ્રીની ચરણરજથી તા. ૬/૪ની સવારે નવી મુંબઈમાં આવેલું ધીરુભાઈ

૧૬. સ્વામીશ્રીના સાંનિધ્યમાં નડિયાદના આંગણે સર્જાયેલી ઉત્સવ-ત્રિવેણીમાં અવગાહન કરવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

અંબાણી નૉલેજ સિટી પાવન થયું. અત્રે આ સંકુલના નિર્માતા શ્રી મૂકેશભાઈ અંબાણીએ સ્વામીશ્રીનું સ્વાગત કરી સંકુલની કાર્યવાહી સમજાવી. સ્વામીશ્રીએ પણ સઘળે પગલાં પાડી શ્રી અંબાણીની સફળતા માટે આશીર્વાદ આપી વિદાય લીધી અને મંદિરે આવી બપોરે પોણા બે વાગ્યે - નિયત સમય કરતાં સવા કલાક મોડા જમવા બિરાજ્યા.

પરંતુ તેઓએ આજે વેઠેલો આ ભીડો સાવ વામણો બની રહે તેવો દાખલો તા. ૭/૪ના રોજ નોંધાઈ ગયો.

આજની સવારે ૯:૪૫ વાગ્યે દાદરથી વિદાય લઈ સ્વામીશ્રી ૧૦:૫૦ વાગ્યે માલવણી પહોંચ્યા. અહીં નિર્માણ પામેલા હરિમંદિરમાં આરતી ઉતારી તેઓ મીરાં રોડના મંદિરે પધાર્યા ત્યારે બપોરના ૧૨:૧૦ વાગ્યાનો સમય થઈ ચૂકેલો, છતાં તેઓએ નવનિર્મિત મંદિરમાં મૂર્તિઓનાં પૂજન, આરતી અને સભાની ત્રિવેણીમાં સ્નાન કર્યું જ. તેથી સભા બાદ શ્રી વલ્લભભાઈ કળથિયાના ઘેર ભોજન વગેરેથી પરવારી આરામમાં જતાં બપોરના બે વાગી ગયા.

આમ, રોજની નિશ્ચિત વિશ્રામવેળાથી સ્વામીશ્રી મોડા સૂતેલા છતાં તેઓએ સાંજે વહેલા જાગી નિત્યક્રમથી પરવારી પોણા પાંચ વાગ્યે તો મોટરનું પૈડું ફરતું કરી દીધું અને એક કલાકના સમયાંતરે વસઈના મંદિરને ધન્ય કર્યું. અત્રે પણ નૂતન મંદિરની મૂર્તિઓ પૂજી ભક્તોને આશીર્વાદ આપી સ્વામીશ્રીએ ૭:૦૫ વાગ્યે દાદર ભણી પ્રસ્થાન આદર્યું.

આ મુસાફરીમાં તેઓ ગાડી આઠ વાગ્યે માટુંગા પહોંચી ત્યાં સુધી એકધારું વાંચતા રહ્યા. તે જોઈ ગાડીચાલક યુવાન શ્રી બંદીશ અજમેરાથી પુછાઈ ગયું: 'બાપા! છેલ્લા એક કલાકથી હું જોઈ રહ્યો છું કે આપ સતત પત્રવાંચન કરો છો. એક પત્ર હોય તો ઠીક છે, અત્યારે તો આપ એક જાડી ચોપડી જેવું વાંચી રહ્યા છો! એક કલાકથી એમ ને એમ ઝાલી રાખ્યું છે. આટલું બધું પત્રવાંચન!'

સ્વામીશ્રીના ભીડાનું આવું દર્શન કરી આજે સવારના સત્રમાં ગાડી ચલાવનારા યુવક શ્રી અતુલ અજમેરાએ પણ આશ્ચર્ય વ્યક્ત કરેલું.

આ બંનેને તેઓના અચંબાનો ઉકેલ આપતા હોય તેમ સ્વામીશ્રી અત્યારે બોલ્યા: 'આ બધું કોઠે પડી ગયું એટલે ભીડો ન પડે.'

આ રીતે ભીડો પણ જેઓને ગોઠી ગયેલો એવા સ્વામીશ્રીએ વધુમાં જણાવ્યું: 'હું તો ગાડીમાંય વાંચું, ટ્રેનમાંય વાંચું અને પ્લેનમાં પણ ચાલતું હોય!'

સાધનોથી નિરપેક્ષ તેઓની સેવાધારા વણથંભી વહેતી જ રહેતી.

તેમાં તરતાં તરતાં તેઓ માટુંગામાં ત્રણ પધરામણીઓ કરી રાત્રે ૮:૪૫ વાગ્યે દાદર પરત પધાર્યા ત્યારે આજના ૧૧ કલાકમાં ચાર સત્સંગકેન્દ્રો પાવન થઈ ચૂકેલાં. છતાં સ્વામીશ્રી રાત્રે સાડા દસ વાગ્યા સુધી કાર્યરત રહ્યા.

તેથી લાગણીવશ થઈ એક સંતે અરજ કરી: 'બાપા! આરામ કરો. આપને બહુ થાક લાગ્યો હશે!'

'મને તો કંઈ થાક લાગતો જ નથી.' ભીડાને વાટી નાંખનારા ૮૩ વર્ષના સ્વામીશ્રીએ આટલું કહી ઉમેર્યું: 'તમને બધાને થાક લાગી જાય, કારણ કે તમે બધા જુવાનિયા કહેવાવ. કોઈ દહાડો ભીડો વેઠેલો ન હોય. ચકમચકા કરીને અહીં આવ્યા હો એટલે થાકેય લાગે, આળસેય આવે, ઊંઘવાનું આવે.'

આખા દિવસના અથાક પરિશ્રમ પછી પણ કોઈ ગજબની સ્ફૂર્તિ અનુભવતા સ્વામીશ્રી આટલું બોલી ગયા.

અંતે સૌને સૂત્ર શીખવતાં જણાવ્યું: ''જવાનીમાં એવું બોલાય જ નહીં કે 'મને આ દુઃખે છે કે તે દુઃખે છે!' અત્યારે તો જેટલી થાય એટલી સેવા કરી જ નાંખવી. દેહના ચૂરેચૂરા કરી નાંખવા. આ તો આળસ કરે ને સૂવાની વાત કરે એ શું ધોળવાના હતા!''

તમે સેવકજન આધાર

તા. ૮/૪ની રાત્રે મુંબઈથી નાગપુર પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં તા. ૧૧/૪ની સવારે શ્રી સ્વામિનારાયણ સ્કૂલના નવનિર્મિત ભવનનો ઉદ્ઘાટનવિધિ યોજાઈ ગયો. તેની સાથે જ આ સંકુલના પ્રાર્થનાખંડમાં મૂર્તિપ્રતિષ્ઠા પણ સંપન્ન થઈ.

અનેક સરકારી અધિકારીઓ તથા સખાવતી શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં નાગપુરના નજરાણા સમી આ શાળાની ભેટ ધરી સ્વામીશ્રી પ્રાસંગિક સભામાં પધાર્યા ત્યારે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત શ્રી જાદવજીભાઈ ઍન્કરવાલાએ જણાવ્યું: 'मैं पन्द्रह-बीस साल से स्वामीजी की जो भी प्रवृत्ति देखता हूँ, वह बेमिसाल है। हम रामराज्य की कामना करते हैं, मगर सच्चा रामराज्य तो प्रमुखस्वामी के विचार के माध्यम से ही मिल सकता है।'

મહાનુભાવોના આવા કંઈક અહોભાવ ઝીલી ઉતારે પધારેલા સ્વામીશ્રી સમક્ષ તા. ૧૨/૪ની સવારે સત્સંગી શ્રી મૂળજીભાઈએ વેદના ઠાલવી કે

'બાપા ! દેશ-કાળ એવા છે એટલે (આર્થિક) સેવા ઓછી થઈ ગઈ છે.'

'ચિંતા ન કરવી. સત્સંગ કરો છો એ પણ સેવા છે.' સ્વામીશ્રીએ કહ્યું.

તે દ્વારા હરિભક્તના હૈયાને હૂંફ પમાડનારા તેઓને આજની સવારે મુંબઈથી આવેલો એક યુવાન મળ્યો. તેની વિગત જાણી સ્વામીશ્રી બોલ્યા: 'આટલી વાત તો તારે ત્યાં (મુંબઈમાં) પણ થઈ જાત! બસો રૂપિયા ભાડું ખર્ચીને આવ્યો ને બીજા બસો રૂપિયા જવાના થશે.'

સત્સંગીની મામૂલી રકમનો દુર્વ્યય પણ સ્વામીશ્રી સહી ન શક્યા.

હરિભક્તો સાથેના તેઓના આવા સ્નેહ-સંબંધમાંથી જ આ અરસામાં એક સ્મરણીય પ્રસંગ સર્જાઈ ગયો.

અત્રે સ્વામીશ્રીની નિશ્રામાં યોજાયેલા ઠાકોરજીની સુવર્ણતુલાના આયોજનમાં વ્યક્તિગત અને સામૂહિક મળીને કુલ આઠ તુલાની સેવા નોંધાયેલી; પરંતુ આયોજકોને નવના પૂર્ણાંકને પહોંચવાની ઇચ્છા. તેથી તેઓએ અમરાવતીના એક પટેલ હરિભક્તને તુલાની સેવા કરવા આગ્રહ કરતાં એ હરિભક્તે આર્થિક ભીંસની વિગત જણાવી સેવાની ચુકવણીમાં વર્ષભરની મુદત માંગેલી.

આ ઘટનાનો ઉલ્લેખ જ્યારે સ્વામીશ્રી સમક્ષ થયો ત્યારે તેઓએ એ હરિભક્તની સેવા ન લેવાની સલાહ આપતાં આયોજકોને જણાવ્યું: 'અત્યારે એમને તકલીફ છે અને પટેલનો જીવ છે એટલે જ્યાં સુધી સેવા અપાશે નહીં ત્યાં સુધી એને મનમાં ઉત્પાત મટશે નહીં. માટે તમે આંકડાનો મોહ મૂકી દો. આપણે તો આઠ કે નવ, બધા આંકડા શુભ જ છે.'

સત્સંગીઓના તનની સાથે ધન અને મનની પણ આટલી સૂક્ષ્મ સંભાળ લેનારા સ્વામીશ્રીને *'તમે સેવકજન આધાર...'*ની ઉપમા બિલકુલ બંધ બેસે તેમ હતી.

હું ઊંધો નહીં ફરું, સીધો જ ફરીશ

નાગપુરમાં વિદ્યામંદિરની સાથે મંદિરની ગતિવિધિને પણ વેગ આપતાં સ્વામીશ્રીએ શહેરના વાઠોડા વિસ્તારમાં સંસ્થાએ સંપાદિત કરેલી અગિયારેક એકરની જમીન પર તા. ૧૨/૪ની સાંજે ભૂમિપૂજન કર્યું. આ ભાગ્યવંતી ભૂમિના ઈશાન ખૂણે માંગલિકવિધિ સંપન્ન કરી તેઓએ નકશાના આધારે ઇજનેર શ્રી ભદ્રાયુભાઈ વગેરે સાથે નિર્માણનો વિમર્શ કરી સઘળે

પુષ્પો પધરાવ્યાં. ત્યારબાદ ગાડીમાં બિરાજી સંકુલની સીમાઓને પણ દૃષ્ટિમાં લેતાં સ્વામીશ્રી તા. ૧૩/૪ની બપોરે દિલ્હી આવી પહોંચ્યા.

અત્રે તેઓના વરદહસ્તે તા. ૧૫/૪ની સવારે અક્ષરધામના દ્વારશાખ-પૂજનનો વિધિ સંપન્ન થયો. એ જ કરકમળો વડે તા. ૧૭/૪ની સવારે સભામંડપની પાછળના ભાગમાં કલ્પવૃક્ષ (રૂખડો) રોપાયું. આ રોપાના મૂળમાં તામ્રકળશ વડે જલધારા કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'સરસ ! જે દર્શન કરે તેને શાંતિ થાય.'

ગુણાતીત સંતના સંબંધનો આ પ્રતાપ વર્ણવતા તેઓનું આગમન તા. ૧૮/૪ની રાત્રે અમદાવાદમાં થયું.[૧૭]

અહીં તા. ૨૨/૪ની સાંજે ૨૫મી વિદેશયાત્રા નિમિત્તે યોજાયેલી વિદાયસભા બાદ સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે ઈશ્વરચરણદાસ સ્વામીએ પૂછ્યું કે 'દિલ્હીના અક્ષરધામનો ઉત્સવ આવી રહ્યો છે, તે નિમિત્તે તેની જય બોલાય તેવી સૌની ઇચ્છા છે, તો શું કરવું ?'

આ પ્રસ્તાવ સંબંધી થોડા વિમર્શ બાદ સ્વામીશ્રીએ જ 'દિલ્હી અક્ષરધામ મહોત્સવની જય' એમ બોલવાનો નિર્ણય આપ્યો. તેને ઝીલી લેતાં સંતોએ તે જ ક્ષણે પ્રથમ સ્વામીશ્રીની જય બોલાવ્યા બાદ બુલંદ અવાજે 'દિલ્હી અક્ષરધામ મહોત્સવની જય' ગુંજાવી.

આજે અક્ષય તૃતીયાના દિવસે ઊઠી ગયેલા આ જયઘોષથી વિશ્વને ગજાવવા તા. ૨૩/૪ની સવારથી સ્વામીશ્રીની વિદેશયાત્રા શરૂ થઈ રહેલી. તે પૂર્વે તેઓ મંદિરમાં ઠાકોરજીની વિદાય માંગી ઉતારા તરફ આવ્યા ત્યારે અહીં લીંબડા તળે સલામતી દળના સ્વયંસેવકોની સ્વામીશ્રી સાથે છબી ઝડપવાનું આયોજન ગોઠવાયેલું. તે અંગેની સૂચના આપતાં એક સંતે કહ્યું: 'બાપા ! આ બધાને ફોટો પડાવવો છે, તો આપ જરા ઊંધા ફરી જજો.'

'હું ઊંધો નહીં ફરું, સીધો જ ફરીશ.' સ્વામીશ્રી હળવાશથી બોલ્યા. તેઓની જીભેથી જાણે તેઓનું જીવન જ સરી પડ્યું !

આજીવન જાળવી રાખેલી પોતાની આ આગવી રીત સાથે સ્વામીશ્રીએ

---

૧૭. દિલ્હીમાં સ્વામીશ્રીના વરદહસ્તે થયેલા વિવિધ વૈદિક વિધિ-વિધાનોને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સાડા દસ વાગ્યાના સુમારે વિદેશયાત્રાનો પ્રારંભ કરી દીધો.

આશીર્વાદ આપવા જ આવ્યા છીએ

અમદાવાદથી સ્વામીશ્રીને લઈ ઊપડેલું હવાઈ જહાજ એક પછી એક દેશની સીમાઓ વટાવતું સ્થાનિક સમય અનુસાર અઢી વાગ્યે લંડન ઊતર્યું.

અત્રે સ્વામીશ્રીએ વ્હીલચૅરમાં બેસીને હવાઈ મથકની બહાર નીકળવા પ્રયાણ કર્યું ત્યારે તેઓને આવકારવા આવેલા ઍર ઇન્ડિયાના અધિકારી શ્રી એ. કે. શર્માએ દીનભાવે કહ્યું : 'स्वामीजी ! आशीर्वाद दीजिये।'

'આશીર્વાદ આપવા જ આવ્યા છીએ.' સ્વામીશ્રી પણ કેફથી બોલ્યા.

આ કેવળ તેઓનો સાંપ્રત વિદેશયાત્રાનો જ હેતુ નહોતો, પરંતુ આ તો હતું – તેઓના પૃથ્વી પરના પ્રાગટ્યનું પ્રયોજન. જેઓના હોઠે કદી કોઈ કટુ વેણનો કાંટો ફૂટ્યો નહોતો, તેવા સ્વામીશ્રી જીવનપર્યંત સૌને પોતાની આશીર્વર્ષામાં જ નવડાવતા રહેલા. એ અમૃતધારા હવે લંડનમાં રેલાવા માંડી.

તેના એક-એક બુંદનું રસપાન કરતા સહયાત્રીઓ સાથે સ્વામીશ્રી ઍરપોર્ટથી મંદિરની શેરીએ આવીને ઊભા ત્યારે મંદિર બતાવતાં આત્મસ્વરૂપદાસ સ્વામીએ કહ્યું : 'બાપા ! દૃષ્ટિ કરો.'

'દૃષ્ટિમાંથી તો આ સૃષ્ટિ થઈ છે !' સ્વામીશ્રીએ જણાવ્યું.

આમ કહેતા તેઓની મતિમાં માત્ર મંદિર જ નહીં, અસંખ્ય બ્રહ્માંડો પણ હશે ને ?!

આ રીતે વાત-વાતમાં વાસ્તવિકતા ઘૂંટતા સ્વામીશ્રી મંદિરમાં દર્શન કરી ઉતારે જમવા બિરાજ્યા ત્યારે કો'કે તેઓને ગણતરી ગણાવી કે 'અત્યાર સુધી આપ અહીં બે-ત્રણ વર્ષે એક વાર પધારતા રહ્યા છો, પણ આ વખતે ચાર વર્ષ પછી પધાર્યા. રેકોર્ડ તોડ્યો !'

'હમણાં હમણાં રેકોર્ડ તોડવાનું જ ચાલે છે.' સ્વામીશ્રી બોલ્યા.

ગહેરો મર્મ ધરાવતું તેઓનું આ વિધાન કેટલું વાસ્તવિક ! ભવિષ્યમાં લોકો સ્વામીશ્રીના જીવનનું વિશ્લેષણ કરશે ત્યારે એ પૃથક્કરણના પ્રત્યેક શબ્દે આ વાસ્તવિકતા જ ઊભરતી જણાશે.

નિત્ય નવા નેહ રચનારા

તા. ૨૪/૪ની સવારે સ્વામીશ્રી ભ્રમણ માટે નિજનિવાસની બહાર

પધાર્યા ત્યારે બકિંગહામ પૅલેસના ગાર્ડની વેશભૂષામાં સજ્જ બાળકો જય પટેલ અને તિલક પટેલે તેઓને આવકાર્યા. આ શિશુઓના માથે વહાલપૂર્વક હાથ મૂકતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'ઓહોહો ! ક્યાંથી આવ્યા ?'

'બકિંગહામ પૅલેસથી.' બાળકો જેવું શિખવાડેલું તેવું બોલ્યા.

ત્યારે તેઓને અસલ વતનની ઓળખ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે તો અક્ષરધામથી આવ્યા છીએ – એમ કહેવું. આપણે તો અક્ષરધામના ગાર્ડ છીએ.'

તેઓ બાળકોને જ નહીં, પણ સત્સંગીમાત્રને આ દૃષ્ટિથી નીરખતા.

આ દિવ્ય દૃષ્ટિનું દાન બાળકોના મિષે સૌને કરતા સ્વામીશ્રી નિત્યક્રમથી પરવારી મંદિરમાં દર્શને પહોંચ્યા. અહીં તેઓ લિફ્ટ પાસે આવ્યા ત્યાં જ એક યુવકને જોતાં પૂછ્યું : 'કેમ, સુરેશ (પટ્ટણી) ! શરીર ઊતરી ગયું ! શરીરમાં કંઈ છે તો નહીં ને ?!'

સંતાનનો દુર્બળ દેહ જોઈ માતાના હૈયે ફાળ પડે એ રીતે સ્વામીશ્રીએ ચિંતા વ્યક્ત કરી.

તેથી ગદ્‌ગદ થઈ ઊઠેલા એ યુવાને કહ્યું : 'હા, બાપા ! ડાયાબિટીસ છે.'

'તને તો કંઈ હાર્ટનુંય હતું ને ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

સાત વર્ષ પૂર્વે આ યુવાનના ભાઈ દ્વારા જાણવામાં આવેલી બીમારીની વિગત હજીયે તેઓના મનમાં રમતી હતી ! આવા સ્વામીશ્રી સૌનાં મનમંદિરમાં કેમ ન રમે ?!

તેથી જ આજની સાંજે યોજાયેલી તા. ૨૪/૪ની સ્વાગત-સભા શાનદાર રહી. તેમાં હારતોરાવિધિ વખતે આવેલા હરિભક્ત શ્રી હરમાનભાઈએ સ્વામીશ્રીને પુષ્પગુચ્છ આપી પંચાંગ પ્રણામ તો કર્યા, પરંતુ પોતે ઉંમરલાયક હોવાથી ઊભા થવામાં પડતી મુશ્કેલી નિવારવા હાથમાં રાખેલી લાકડીને ક્યાંક મૂકવાની વિમાસણ અનુભવી રહ્યા. તે કળી જઈ સ્વામીશ્રીએ સ્વયં તે લાકડી ઝાલી લીધી.

તેથી સરળતાપૂર્વક ઊભા થઈ ગયેલા એ વડીલે સ્વામીશ્રીના હાથમાંથી લાકડી લેવાને બદલે ખિસ્સામાંથી માળા કાઢી સ્વામીશ્રીને ફેરવવા આપી. તેને એક હાથે ફેરવતાં સ્વામીશ્રીએ બીજે હાથે લાકડી પકડી રાખી હરિભક્તનો મનોરથ પૂરો કર્યો. તે જોઈ ઇંગ્લૅન્ડના પરિવહન-મંત્રી શ્રી મેક્નોલ્ટી સહિત અનેક મહાનુભાવોની હાજરીમાં ચાલતી સ્વાગત-સભા સરળ, નિર્મળ અને

હેતાળ સ્વામીશ્રીમાં ખોવાઈ જ ગઈ!

શબ્દ આવે તો કાપી નાંખવો

લંડનમાં તા. ૨૫/૪ની સવાર સ્પોન્સર વૉકના નામે લખાયેલી. સ્વામિનારાયણ સ્કૂલના વિકાસ માટે યોજાયેલી આ યાત્રામાં સામેલ થવા ૩,૦૦૦ યાત્રિકો ઉપરતળે થઈ રહેલા. તેઓને સ્વામીશ્રીએ લીલી ઝંડી ફરકાવી વિદાય આપી ત્યારે આજે ઉપસ્થિત બ્રેન્ટના મેયર પણ ધન્યતા અનુભવી રહ્યા. સમાજસેવાના ઉમદા હેતુથી પદયાત્રાના પંથે વહેતા થયેલા આ આબાલવૃદ્ધોને દર્શન આપવા સ્વામીશ્રી પણ ૧૧:૧૫ વાગ્યે ગાડીમાં બિરાજી લંડનના રાજમાર્ગો પર નીકળી પડ્યા.

તેઓ લગભગ એક કલાક સુધી ઘૂમી મંદિરે પરત પધાર્યા ત્યારે અહીં બપોરની ભોજનવેળાએ કોવેન્ટ્રી મંડળનો અહેવાલ આપવા શ્રી પ્રવીણભાઈ કારિયા આગળ આવીને બેઠા. તેઓને જોતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'કેમ છે કારિયા? ૧૯૭૭(ની વિદેશયાત્રા)માં અમારી સાથે હતા. અમારા જૂના મિત્ર.'

આ હેતભાવથી સૌને મળતા-સાંભળતા સ્વામીશ્રી પાસે તા. ૨૬/૪ની સવારે ઇંગ્લેન્ડની વાયુસેનાના વડા સર શ્રી જોક સ્ટીરપ આવી પહોંચ્યા. સ્વામીશ્રી સાથે ગાળેલી પંદરેક મિનિટમાં તેઓને જે અનુભવાયું તેને વાચા આપતાં તેઓએ કહ્યું: 'હું જોઈ રહ્યો છું કે આપની ઉપસ્થિતિથી અહીં બધા બહુ આનંદમાં આવી ગયા છે.'

સ્વામીશ્રીના સાંનિધ્યનો આ અનુભવ માણવા તા. ૨૭/૪ની સાયંસભા ભરચક ભરાઈ ગઈ. તેમાં જ્ઞાનઘન વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'જ્ઞાન એવું પ્રાપ્ત કરવું કે દુનિયાની કોઈ પણ વસ્તુ આપણને અડી જ ન શકે. સાચવવા જ ન પડે. જ્ઞાન એટલે કોઈ પણ પ્રશ્ન આવે એને ઉડાડી દે. કોઈ કહે, 'મૂરખના રાજા છો'; તો કહેવું કે 'વાહ! મૂરખનો, પણ રાજા તો છું ને!' શબ્દ લાગે જ નહીં. કોઈ કહે, 'તમે અભણ છો', તો વિચારવું કે 'અધ્યાત્મજ્ઞાનમાં તો સૌ અભણ જ છે.' શબ્દ આવે તો કાપી નાંખવો. એ વખતે 'હું આત્મા છું' એમ માનવું. કોઈ તમાચો મારે તો ઊભા થઈને પગે લાગવું. જ્ઞાન થાય તો બીજે વૃત્તિ ન જાય.'

જ્ઞાનનો આ લક્ષ્યાર્થ સમજાવી સ્વામીશ્રી તા. ૨૮/૪ની સવારે મંદિરમાં દર્શને જવા નીકળ્યા ત્યારે એક ઠીંગણા યુવકની ઊંચાઈને પ્રમાણ

તરીકે રાખી કેટલાક યુવાનો એ રીતે બેસી ગયેલા કે પેલા ઊભેલા ઠિંગુ અને તેની પાછળ બેઠેલા યુવકોની ઊંચાઈ એકસમાન જ લાગે.

તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'લ્યો, આ તો હઉ(સૌ) સરખા થઈ ગયા !'

આ ગમ્મત દરમ્યાન પેલા ઠિંગુજી તરફ આંગળી કરી કો'કે કહ્યું : 'બૈરું મને મારે છે – એવી ફરિયાદ લઈને આવેલા એ આ યુવકના બાપ જ ને ?!'

'ના, એ જુદા. આ તો વાળંદ છે ને પેલા દરજી હતા. થોડાક કુંધવાળા હતા.' સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી.

ચૌદ વર્ષ પહેલાં ઉપરોક્ત શિકાયત સાથે આવેલા એક સામાન્ય ભક્તની રૂપરેખા હજીયે તેઓના મનમાં અકબંધ હતી !

લાખો લોકોને મળનારા સ્વામીશ્રી જેને મળતા તેને કદી ન ભૂલતા. આવા સ્વામીશ્રીને પણ લોકો કેમ ભૂલે !

અમારું માઈક બગડે જ નહીં

તા. ૨૯/૪ના રોજ મુલાકાત-સત્ર દરમ્યાન એકના એક કામ માટે ત્રીજી વાર આવેલા એક યુવાનને પણ સ્વામીશ્રીએ શાંતિથી સાંભળ્યો ત્યારે તે ગળગળો થઈ જતાં બોલ્યો : 'બાપા ! આપને તસદી આપવા બદલ માફ કરજો.'

'તું દસ વાર મારી પાસે આવીશ તો પણ વાંધો નથી. મને તસદી જરાય નથી. મનમાં હિંમત રાખ ને મહારાજને સંભારીને એવો મંડ કે બધું સેટ (ઠીકઠાક) થઈ જાય.' સ્વામીશ્રીએ કહ્યું.

જીવમાત્રનું બધું સેટ કરવા વિચરતા તેઓની શ્રદ્ધાનો સમંદર અગાધ હતો. તેમાં તસદી-તકલીફનાં તણખલાં તો ક્યાંય ખોવાઈ જતાં.

આ અસીમ શ્રદ્ધાના આસન પર બેસી સ્વામીશ્રી તા. ૨૯/૪ની સાયં-સભામાં આશીર્વાદ આપવા તત્પર થયા ત્યારે જ તેઓ સાથે રખાતું માઇક ચાલુ ન થયું. તેથી મંદિરનો એક સેવક કિશન મકવાણા સ્વામીશ્રી સમક્ષ મંદિરનું માઈક ગોઠવવા લાગ્યો, ત્યારે તેને સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ શું કર્યું તેં ?'

'અમે ક્યાં કશું કર્યું છે ? આ તો આપનું માઈક બગડ્યું છે એટલે...'

'અમારું માઈક બગડે જ નહીં. મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ ને યોગીબાપા એમાં બોલે છે !' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓના આ ઉદ્‌ગારમાંથી *'સંત બોલે તે ભેળો હું બોલું રે...'*નો

શ્રીજીસૂર સંભળાઈ રહ્યો.

તેથી જ આજે સ્વામીશ્રીનાં પ્રથમ દર્શન પામી લીવરપુલ પરત ફરેલા એક અંગ્રેજ શ્રી એન્ડ્રુ જેનરે તા. ૩૦/૪ના રોજ મંદિરના વ્યવસ્થાપકોને લખી જણાવ્યું :

'It was an experience we will never forget. Bapa is clearly a very holy man and I can say without a shadow of doubt it felt like I was meeting God himself. I can still feel the peace and tranquility I felt at that time.' – *આ એક અવિસ્મરણીય અનુભવ છે. બાપા ખરેખર અતિ પવિત્ર પુરુષ છે અને હું નિધડકપણે કહી શકું એમ છું કે તેઓને મળવાથી હું ભગવાનને મળ્યાનો અનુભવ કરી રહ્યો છું. તેઓના સાંનિધ્યમાં મળેલી શાંતિ અને સંવાદિતા હું અત્યારે પણ અનુભવું છું.*

સૂર્યની ગરમી સૂર્યાસ્ત પછી ઘટવા માંડે; ચંદ્રની ટાઢક ચંદ્ર આથમી ગયા બાદ નથી અનુભવાતી; પરંતુ સ્વામીશ્રીની દિવ્યતાની તો વાત જ કંઈક અનોખી. તેનો પ્રભાવ તેઓનું સાંનિધ્ય છૂટે પછી પણ ઓસરવાનું નામ ન લેતો. આ અનુભવ કરી એ અજાણ્યા અંગ્રેજ સ્વામીશ્રીના સત્સંગી બની ગયા.

આમ, અપરિચિત કે ચિરપરિચિત સૌને પ્રભુની પ્રતિકૃતિરૂપે જ અનુભવાતા સ્વામીશ્રીનાં દર્શને તા. ૩૦/૪ની સવારે નેશનલ હિંદુ સ્ટુડન્ટ ફોરમના બે અગ્રણી વિદ્યાર્થીઓ શ્રીયેન અને પ્રિયેન આવી ચડ્યા. વાતચીત દરમ્યાન તેઓએ પોતાના ખિસ્સામાંથી એક નાનકડું ગોળ દર્પણ કાઢી તે સ્વામીશ્રીને ભેટ ધરતાં કહ્યું : 'આપ પૂજામાં રોજ ચાંદલો કરો છો એના માટે અમે આ અરીસો લાવ્યા છીએ.'

તેઓનો આ શુદ્ધ ભાવ સ્વામીશ્રીએ સ્વીકારતાં એ અરીસો તા. ૧/૫થી સ્વામીશ્રીની પૂજાસામગ્રીમાં સ્થાન પામ્યો. સૂતરનો તાંતણો વાઘામાં ગૂંથાઈ જતાં ભગવાનના શ્રીવિગ્રહ પર શોભવા લાગે, તેવી જ કંઈક આ ઘટના બની રહી !

સત્સંગીનું ઘર આદર્શ હોવું જોઈએ

તા. ૧/૫ની સવારે સ્વામીશ્રી મંદિરમાં ઠાકોરજી પાસે પધાર્યા ત્યારે ઘનશ્યામ મહારાજ અને તેઓનું સિંહાસન ફૂલડે ગરકાવ હતું. આ દર્શનથી

ફૂલ જેવા જ પ્રફુલ્લ બની ગયેલા સ્વામીશ્રીએ પ્રસન્નતા વેરતાં પૂજારી મંગલતીર્થદાસ સ્વામીને પૂછ્યું: 'ફૂલ કઈ રીતે આવે છે?'

'વેચાતાં લાવીએ છીએ.'

'કિલોના ભાવે કે ડઝન?'

'વજનથી લાવીએ છીએ.'

'ફૂલ પાણીમાં પલાળેલાં હોય ને?'

'હા.'

'તો તો એનું વજન વધી જાય.' સ્વામીશ્રી બોલ્યા.

ફૂલ પર બાઝેલાં પાણીનાં ટીપાંના વજનની ગણતરી સાથે સંસ્થા ચલાવતા તેઓની ચોકસાઈ કોઈ પણ કારભારીને જાગ્રત રાખે એવી છે.

આમ, વ્યવહારમાર્ગના વિશારદ સ્વામીશ્રીએ આજની સાંજે વાલી દિનની સભામાં માતા-પિતાને પણ તેઓની ફરજ પ્રત્યે સભાન કરતાં કહ્યું:

'બાળકોને સારી પ્રેરણા આપવી એ વાલીનું કામ છે. આખા દિવસમાં બાળકો સાથે અડધો-પોણો કલાક તો બેસવું જોઈએ. સવારે પાઠ-પૂજા કરતી વખતે, ભોજન વખતે પણ બાળકોને સાથે બેસાડવાં, રાત્રે ઘરસભા કરવી. તમને નોકરી-ધંધા હોય એટલે ટાઇમ ઓછો મળતો હોય તે સમજીએ છીએ, પણ અઠવાડિયાના બે દિવસ તો કાઢવા જ! મન મળવાનું કારણ શું છે? ભેગા બેસો. એકબીજાના વિચારોની આપ-લે કરીએ, એકબીજાને સમજવા પ્રયત્ન કરીએ. પણ આ તો ઘરમાં કંઈક વાતમાં જરા મતભેદ થયો કે ઝઘડવાનું. ઝઘડીને શું લાભ છે? થોડું સહન કરવું, થોડું લેટ ગો (જતું) કરવું. ભગવાનનાં સ્તુતિ-ભજન કરો.

સત્સંગમાં આપણે આવીએ છીએ તો આપણા સંસ્કારો એવા દૃઢ થવા જોઈએ કે બીજાને પણ એની અસર થાય, બીજાં કુટુંબો પણ સુધરે. કુટુંબ સુધરશે તો સમાજ સુધરશે. સમાજ સુધરશે તો રાષ્ટ્ર સુધરશે. માટે સત્સંગીના ઘરમાં તો કોઈ ક્લેશ ના જ હોવો જોઈએ. બધા પ્રેમથી રહે, પ્રેમથી વાતો કરે, પ્રેમથી ભજન કરે, નોકરી કરે. આ થાય તો આપણે સત્સંગને કંઈક સમજ્યા કહેવાય.

સત્સંગીનું ઘર આદર્શ હોવું જોઈએ. ફર્નિચર કરો એ ઘરની શોભા નથી. ધર્મ, સંસ્કાર એ શોભા છે. ઘરમાં એક્ટરોના ફોટા હોય, ડાઘુ જેવા હોય એના ફોટા હોય; પણ સારા માણસો, સંતો, તમે જેને માનતા હો એ ભગવાનના

ફોટા રાખો. ઘર એટલું સ્વચ્છ રહેવું જોઈએ કે અંદર બેસતાં શાંતિ થઈ જાય.'

આટલો વાલીધર્મ શીખવી સત્સંગની પ્રથાના પાઠ ભણાવતાં પણ સ્વામીશ્રીએ જણાવ્યું :

'બીજું, અહીં બધા આવે છે, પણ કેટલાક ફોયર(પ્રવેશખંડ)માં બેસે છે. ત્યાં જરૂર નથી, અહીં બેસો. સત્સંગની પ્રથા, એનાં રીત-રિવાજ જાણવાં. આપણે મંદિરમાં શા માટે આવીએ છીએ તે વિચારવું. અહીં સભામંડપમાં બેસવાની કેટલી મજા આવે ! બધી વ્યવસ્થા અહીં છે, છતાં સ્વભાવ એવા છે કે બહાર જઈને બેસે. આ સત્સંગની પ્રથા છે ? પણ આપણે નિયમોને વળગી નથી રહેતા. નિયમનો ભંગ કરવાની ટેવ જ પડી ગઈ છે. લાલ બત્તીમાં જવાય જ નહીં. ત્યાં જેમ શિસ્ત છે, જેમ એને માન આપવું પડે છે, એમ આ મંદિરની પણ મર્યાદાઓ છે. એ બધી જ મર્યાદા સાચવીને આપણે ભક્તિ, સત્સંગ, સેવા કરવાનાં છે.'

આમ, સ્વામીશ્રીએ આજે સત્સંગ અને સંસાર સંબંધી જે એકડા ઘૂંટાવ્યા તે તા. ૨/૫ની સવારે તેઓના જીવનમાં દૃઢ થયેલા દેખાયા.

આ સમયે આશરે ૧૦:૫૦ વાગ્યે ઉતારામાં સોફા પર બિરાજેલા સ્વામીશ્રી પુષ્પાકાર ટેબલ લેમ્પના અજવાળે એક અંતર્દેશીય પત્રમાં રેલાયેલી વેદના-સંવેદના ઉકેલી રહેલા. તે વખતે જ તેઓ પાસે આવી ચડેલો બાળક હરિ પટેલ બોલ્યો : 'બાપા ! મારે એક વાત કહેવી છે.'

'એક શું કામ ? બે કર ને !' સ્વામીશ્રીએ કહ્યું. એટલું જ નહીં, તેની વાતને કાન દેવા તેઓએ પત્ર બાજુમાં મૂકી ચશ્માં પણ ઉતારી નાંખ્યાં અને સહેજ આગળ ઝૂકી બાળકની આંખ સાથે આંખ મેળવી સાંભળવા તત્પર થઈ ગયા.

બાળક માંડ માંડ ગુજરાતી બોલી શકતો હતો, પરંતુ અંગ્રેજી છાંટવાળા તેના અસ્પષ્ટ ગુજરાતીમાંથી 'ચૂરમું' અને 'ભગતજી મહારાજ' એ બે શબ્દોના આધારે પ્રસંગનો હાર્દ સમજી ગયેલા સ્વામીશ્રીએ આખો પ્રસંગ ધ્યાન અને ધીરજ રાખી સાંભળ્યો. અંતે બાળકની પીઠ પર પોલા હાથે ધબ્બો આપતાં રમૂજમાં બોલ્યા : 'તારે ઘરમાં એવું કરવું અને પછી સંતાઈ જવું.'

સ્વામીશ્રીના આટલા લાભથી એ બાળકને આગમનનો હેતુ સિદ્ધ થયેલો લાગતાં તે ચાલી નીકળ્યો અને સ્વામીશ્રી પુનઃ ચશ્માં પહેરી પેલો અધૂરો પત્ર આગળ વાંચવા લાગ્યા.

પ્રવૃત્તિ અને પ્રેમ, કારોબાર અને કાળજીનું સંતુલન રાખવાની પ્રેરણા

આપતું તેઓનું આ ચરિત્ર વિશ્વભરના વાલીઓ માટે દીપસ્તંભ છે.

અસ્મિતાની ઓળખ

તા. ૨/૫ની સાંજે સ્ટેનલી એવન્યૂ, ઈલિંગ રોડ, વૅમ્બલી હાઈ રોડ, હૅરો રોડ, મીડો ગર્થ વગેરેને પાવન કરતી પ્રતીક રથયાત્રા સાંજે છ વાગ્યે મંદિરના આંગણે વિરમી ત્યારે ૬,૦૦૦ રથયાત્રીઓને દર્શન આપવા સ્વામીશ્રી ઉતારામાંથી બહાર આવી પહોંચ્યા. તેઓ અહીં મંદિરની મુખ્ય સોપાનપંક્તિ આગળ આવેલી પ્રથમ ઘુમ્મટીની નીચે તૈયાર કરાયેલા નાનકડા તંબુમાં બિરાજ્યા ત્યારે તેઓને લંડનના મેયર શ્રી કેન લિવિંગ્સ્ટન સહિત ઘણા સ્થાનિક મહાનુભાવોએ સત્કાર્યા. આ અભિવાદન ઝીલી સ્વામીશ્રીએ શાંતિના પ્રતીકરૂપ પારેવાંને આકાશમાં તરતાં મૂક્યાં. તે સાથે જ બાળપેઢીએ ફુગ્ગાઓ છોડી ગગન ભરી દીધું. આ વખતે ગુંજી રહેલા ગીત *'ભારત કી હમ શાન હૈ...'*ના તાલ સાથે ફરકવા માંડેલા ભારત અને સંસ્થાના ઝંડાઓએ વાતાવરણને સંસ્કૃતિના રંગે રંગી દીધું.

આ ઉત્સવિયા માહોલની આંગળી પકડીને તા. ૩/૫ના રોજ આવી પહોંચેલા યુવાદિનના પ્રથમ ચરણમાં સવારે ઠાકોરજીની સુવર્ણતુલા યોજાઈ. ઉડાઉ અને ઉછાંછળીની ઓળખ પામેલી યુવાની સ્વામીશ્રીના સંગે સંયમી અને સેવાભાવી બનેલી. સેવા અને સંયમનાં આ બે પલ્લે ઠાકોરજીને પધરાવી ભક્તિઅર્ઘ્ય ધરવા આતુર એ ૪૦૦ યુવા-યુવતીઓને લાભ આપવા સ્વામીશ્રી ૧૧:૦૦ વાગ્યે 'સત્સંગ અસ્મિતા પર્વ'માં પધાર્યા. તેમાં તેઓએ વિષયવસ્તુને વળગી અમૃતધારા વહાવી કે –

'સત્સંગની અસ્મિતા માટેનું આ સંમેલન છે. દેશની, કુટુંબની અસ્મિતા હોય તો દેશ, કુટુંબ માટે સર્વસ્વ સમર્પણ થઈ જાય; એમ સત્સંગમાં પણ અસ્મિતા હોવી જોઈએ કે સત્સંગ માટે જે કરવાનું હોય એ કરીશ. સત્સંગ ને ભગવાન માટે મન આપવાનું છે. એમની આજ્ઞા વિરુદ્ધ આપણાથી ન થાય એ મન આપ્યું કહેવાય. બજારમાં, પાર્ટીમાં જે વસ્તુ ભગવાનને ન ગમે એ ન અડાય, સિનેમા ન જોવાય. આ આપણી સત્સંગની અસ્મિતા કહેવાય. કોઈ પણ હિસાબે ખોટી વસ્તુ મૂકવી જ જોઈએ. એમાં વારે વારે કહેવાનું ન હોય. બધું કામ મૂકીને પણ સત્સંગમાં, કથાવાર્તા-ભજનમાં જઈએ એ સત્સંગની અસ્મિતા કહેવાય. સત્સંગ માટે છાતી કાઢીને સમર્પણની તૈયારી હોવી જોઈએ.

ભગવાન અને સત્સંગ એ મહાકિંમતી વસ્તુ મળી છે. એના માટે આપણું મન કોઈ દિવસ પાછું ન પડે એ રીતે સત્સંગ રાખજો. યુવક મંડળ, બાળ મંડળ વધારવાનાં છે. એક પણ મેમ્બર ઓછો થાય તો દુ:ખ થવું જોઈએ. તે મંડળો વધારવા તે અસ્મિતા.

સત્સંગમાં ગમે તે માણસ ગમે તેવું બોલી જાય તેનું દુ:ખ કરવાની જરૂર નથી. માણસ છે તે ભૂલેય ખરો. કોઈના અવગુણ આપણે જોવાના નથી. આપણા નીકળે પછી બીજાના જોવાનો અધિકાર છે. અહીં આપણે માન-મોટપ કે અધિકાર માટે આવતા નથી. કોઈને પ્રમુખ બનાવ્યા પછી બદલ્યા એમાં પાછું થાય કે 'મને બદલ્યો!' પણ સરકારી નોકરી કરે છે તેની બદલી નથી થતી? પ્રમુખ છે તે પણ સેવક છે. મોટામાં મોટો હોદ્દો શું કે ભગવાનના દાસ-સેવક થઈને ભક્તિ-સત્સંગ કરવાનાં. જો આવી અસ્મિતા હશે તો આપણો સત્સંગ દૃઢ રહેશે. આવી સમજણ હોય તો પાંચ-પચાસને સત્સંગ કરાવી શકીએ.'

મારી તો બધાને ખાસ આજ્ઞા છે કે...

તા. ૪/૫ની રાત્રે થનારા ચંદ્રગ્રહણનો વેધ સવારે ૧૦:૪૫ વાગ્યાથી બેસવાનો હતો. તે સંદર્ભમાં એક સંતે સ્વામીશ્રીને કહ્યું: 'આપ શાંતિથી સાડા દસ વાગ્યે જમવા આવજો. પછી ભલે પાછળ પાંચ-દસ મિનિટ મોડું થાય. મુહૂર્ત સાચવવામાં આપણે એવું જ કરીએ છીએ ને!'

પરંતુ આ સગવડિયા અર્થઘટન પર ચોકડી મારતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આવું ના બોલવું. લોકોને આવી વાત જલદી પકડાઈ જાય, કારણ કે આવું તો બધાને ગમે છે. એના કરતાં બે-પાંચ મિનિટ વહેલા હોઈએ તે સારું.'

નિયમ-ધર્મના ગઢમાં સ્વામીશ્રી લેશ ફાંકું પડવા ન દેતા. તે મુજબ તેઓએ વેધ બેસવાના સમય પહેલાં જ ભોજન પૂર્ણ કરી દીધું.

ત્યારબાદ દૈનિક ક્રમ આટોપી તેઓ બપોરે સવા વાગ્યે પોઢવા પધાર્યા ત્યારે પણ સંતોએ વિનંતી કરી: 'બાપા! રાત્રે પોણા આઠ વાગ્યે ગ્રહણની સભા છે. તે પહેલાં બીજો કોઈ કાર્યક્રમ નથી. વળી, રાત્રે ઉજાગરો પણ થશે. માટે સાંજે શાંતિથી ઊઠજો.'

આ પ્રસ્તાવને પણ ફગાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ ગ્રહણ નવું ઓછું છે? આવાં ઘણાં ગ્રહણો જોઈ નાંખ્યાં.'

આ ઉદ્ગાર સાથે પોઢેલા તેઓ સાંજે નિયત સમયે જ જાગ્રત થઈ

કામકાજમાં પરોવાઈ ગયા. આ ક્રમ સાત વાગ્યા સુધી અવિરામ ચાલ્યો. તે પછી સાયંભ્રમણ કરી ૭:૪૫ વાગ્યે ગ્રહણની સભામાં પધારેલા સ્વામીશ્રીએ સતત સાડા ત્રણ કલાક સુધી સુખની લહાણ કરી. સવા અગિયાર વાગ્યે સભા વિરમી તોય *'કોઈને જવું નવ ગમે ઘેર, ચિત્ત ચંદ્ર-ચકોરની પેર...'* મુજબ સૌ સ્વામીશ્રીમાં જ લયલીન બની રહ્યા.

દર્શનનાં આ ઘેન બીજે દિવસે પણ ઊતરવાનું નામ ન લેતાં તા. ૫/૫ની સવારથી જ મંદિર પુનઃ ઊભરાવા લાગ્યું. આ દિવસે પોતાના અંતરની એક વાત રમતી મૂકતાં સ્વામીશ્રીએ સાયંસભામાં કહ્યું :

'મારી તો બધાને ખાસ આજ્ઞા છે કે આપણાં શાસ્ત્રો, આપણાં વચનામૃતો અવશ્ય વાંચવાં અને એને દૃઢ કરી લેવાં. પ્રવૃત્તિ બધી કરો એનો વાંધો નથી, પણ આપણા વાંચન માટે ટાઈમ કાઢો. આપણી કેસેટો પણ આવે છે. એ સાંભળો તો પણ તેમાંથી આ અક્ષર-પુરુષોત્તમની વાત સ્પષ્ટ સમજાય છે. આમાં કંઈ ગોઠવણ કરીને સમજાવી દેવાની વાત નથી કે 'ચાલો, શિષ્યમંડળ ઊભું કરીએ.' પણ નક્કર વાત છે. માટે આપણે બહુ સારી રીતે વાંચન રાખવું.'

અમારે તો ભગવાન અને ગુરુનું આકર્ષણ

તા. ૬/૫ની સવારે સ્વામીશ્રી મંદિરે દર્શન કરવા ઓરડાની બહાર પધાર્યા ત્યાં જ સામે ઊભેલા યુવાન વિશ્વાસ પટેલે પગે પડતાં કહ્યું : 'બાપા ! આજથી મેં ચાંદલો કરવાનો નિયમ લીધો છે.'

અહીંના રોકાણ દરમ્યાન તિલક-ચાંદલો કરવાના સ્વામીશ્રીએ કરેલા પડકારાનો આ પડઘો હતો. તે સાંભળી તેઓ રાજી થયા, પણ પછી પોતે જ આ યુવાનના ચાંદલા પર પોતાના જમણા હાથનો અંગૂઠો અડાડી તે અંગૂઠા વડે એ યુવકના નાનકડા પુત્ર જયના ભાલમાં પણ ચાંદલો ચોડી દીધો. તે દ્વારા તેઓએ પેઢી દર પેઢી સત્સંગના સંસ્કારનું સંક્રમણ કરવાની શીખ પ્રત્યેક પિતાને આપી દીધી.

આ સંક્રમણનું સાતત્ય જળવાઈ રહે તે માટે ઠેર ઠેર મંદિરો સર્જતા સ્વામીશ્રીએ તા. ૭/૫ની સવારે સાઉથ ઍન્ડ ઑન સી વિસ્તારના હરિમંદિરની મૂર્તિઓમાં દૈવત પૂરી આપ્યું. આ પ્રતિષ્ઠાવિધિ તેઓએ સતત ૩૫ મિનિટ સુધી ઊભા રહીને સંપન્ન કર્યો ! ૮૩મા વર્ષે પણ સત્સંગની સેવામાં 'ખડે પગે'

તત્પર સ્વામીશ્રીએ આ અવસરે પુષ્પ-અક્ષતની સાથે આશીર્વાદ પણ એવા જ વરસાવ્યા કે 'સંપ-સુહૃદભાવ-એકતાનું સૂત્ર રાખવું એટલે સત્સંગ વધે. બધી જ પ્રકારનું માન મૂકીને અહીં આવીએ તો કોઈ જ અડચણ થાય નહીં. માટે દાસના દાસ થઈ સેવામાં મંડી પડજો.'

આ ત્રણ વાક્યમાં જ સંપ્રદાયની આંતર-બાહ્ય પુષ્ટિનો માર્ગ ચીંધી આપનારા સ્વામીશ્રી પાસે તા. ૮/૫ની સાંજે ગરવી ગુજરાત સામયિકના તંત્રી શ્રી રમણિકભાઈ સોલંકી ઇન્ટરવ્યૂ લેવા આવી પહોંચ્યા. તેમાં સ્વામીશ્રીએ આપેલા ઉત્તરો અનુપમ રહ્યા. જેમ કે –

- આપ વિશ્વભરમાં વિચરણ કરતા રહો છો. એમાં કોઈ એક શહેર કે સ્થળનું આપને આકર્ષણ ખરું? શા માટે?
  'અમારે તો ભગવાન સાથેનું આકર્ષણ છે. બીજું, અમારા ગુરુનું આકર્ષણ છે. એમની આજ્ઞા છે કે તમારે બધે જવું. બાકી આકર્ષણમાં કાંઈ નહીં.'
- ખ્રિસ્તી ધર્મના સર્વોચ્ચ વડા પોપ છે. હિંદુ ધર્મના આવા વડા આપને ગણી શકાય?
  'વડા તો એક ભગવાન છે. આપણે તો સેવક તરીકે કામ કરીએ છીએ. એમના આદેશ મુજબ આપણે કર્યા કરીએ છીએ.'
- કેટલાં મંદિરો બાંધવાની આપની મહેચ્છા છે?
  'આપણી ઇચ્છા કશીય નહીં. જે ભગવાનની ઇચ્છા થાય એ કરવાનું.'

મંદિર-નિર્માણનો વિશ્વવિક્રમ સર્જવા છતાં સ્વામીશ્રી તે પ્રવૃત્તિથી કેટલા નિર્લેપ હતા! સર્વોચ્ચપદે સુયોગ્ય છતાં તેઓ કેવા વિનમ્ર હતા! વિશ્વભરમાં વિચરવા છતાં તેઓ કેવા અનાસક્ત હતા!

હૉલ દુનિયાના સિટિઝન

તા. ૯/૫ની સવારે નવનિર્મિત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા માટે લુટન પધારેલા સ્વામીશ્રીનું સાંનિધ્ય માણવા આ ઉપનગરના મેયર શ્રી ડોલિંગ સહિત અનેક સ્થાનિક મહાનુભાવો દોડી આવ્યા. તેમાંના એક લૉર્ડ શ્રી નવનીત ધોળકિયાએ પ્રતિષ્ઠા-સભાને સંબોધતાં ગૌરવ સાથે કહ્યું: 'પ્રમુખસ્વામી મહારાજ અમારા લંડનના સિટિઝન (નાગરિક) છે.'

આ ઓળખના અનુસંધાનમાં ઇંગ્લેન્ડની રાણીના પ્રતિનિધિ તરીકે

હાજર રહેલા શ્રી દુષ્યંતભાઈ શર્માએ સ્વામીશ્રીને જણાવ્યું: 'આપ ફક્ત લંડનના નહીં, લુટનના પણ સિટિઝન છો.'

તેઓની આ ભાવનાને પણ સ્વામીશ્રીએ સમર્થન આપ્યું, પરંતુ જેવા તેઓ આગળ વધ્યા કે મરક-મરક હસતાં સ્વામીશ્રી બાજુમાં બેઠેલા આત્મસ્વરૂપદાસ સ્વામીના હાથ પર ટપલી મારતાં બોલ્યા: 'હૉલ (આખી) દુનિયાના સિટિઝન (નાગરિક) છીએ. સંકુચિત દૃષ્ટિ શું કામ?'

સાચે જ, સ્વામીશ્રીના હૃદયની વિશાળતા જોતાં તેઓને 'વિશ્વ-નાગરિક'નું બિરુદ જ શોભે. તેનો પુરાવો પણ તેઓ લુટનથી લંડન પધાર્યા ત્યારે મળી ગયો.

અત્રે ભોજનથી પરવારી સ્વામીશ્રી બપોરે દોઢેક વાગ્યે વિશ્રામમાં જઈ રહેલા ત્યાં જ તેઓને આફ્રિકાના એક મંદિરમાં થયેલી પ્રતિષ્ઠાના સમાચાર મળ્યા. તેની સાથે એ પણ જાણવા મળ્યું કે 'આ પ્રતિષ્ઠામાં એક આગેવાન હરિભક્તનો દીકરો હાજર રહ્યો નહોતો.'

આ સાંભળી આરામને હડસેલતાં સ્વામીશ્રીએ આફ્રિકામાં વિચરણ કરતા સંતોને ફોન જોડી કહ્યું: "તમે ખાસ પ્રસાદ લઈને એ દીકરાને ત્યાં જજો અને મારું નામ દેજો અને કહેજો કે 'બાપાએ આશીર્વાદ આપ્યા છે. ભલે વ્યવહારમાં કંઈક પ્રશ્ન હોય પણ મંદિરમાં આવવાનું નિયમિત રાખજો.''

આ ભલામણ કરવામાં સ્વામીશ્રીએ પાંચેક મિનિટ વિતાવી. તેઓને ચિંતા પોતાના આરામની નહીં, પરંતુ એક યુવાનના સત્સંગની હતી.

ગરીબ વ્યક્તિ કોડીની કાળજી રાખે તે તકાદો છે, જ્યારે અબજોપતિ દોકડાની માવજત કરે તેમાં તેની મહાનતા છે. એ રીતે લાખોની સંખ્યાનો શિષ્ય-સમુદાય ધરાવવા છતાં એક સત્સંગી પણ ખડી-રખડી ન પડે તેનું ધ્યાન રાખનારા સ્વામીશ્રી કેટલા મહાન હતા! તેઓની આવી દયાભરી દરકારનું ફળ એટલે આજનો ફૂલ્યોફાલ્યો સત્સંગ!

सब गुरु है

તા. ૧૦/૫ની સવારે મંદિરમાં દર્શને પધારેલા સ્વામીશ્રી યોગીજી મહારાજની મૂર્તિ સમક્ષ આવ્યા ત્યારે ત્યાં યોગીબાપા રસોઈ કરી રહ્યા હોય તેવી શોભા રચવામાં આવેલી. તેના ભાગરૂપે મૂર્તિ આગળ ત્રણ-ચાર સગડીઓ પર ચડાવેલી તાવડીઓમાં રોટલા શેકાઈ રહેલા. તેને ફેરવવાનો

તવેથો યોગીજી મહારાજના હાથમાં અપાયેલો.

યોગીજી મહારાજનું આ સ્વરૂપ જોઈ સ્વામીશ્રી પણ મલક્યા અને મૂર્તિમાં સાક્ષાત્ ગુરુને નિહાળતાં તેઓ બોલી ઊઠ્યા: 'કેમ, આ રોટલા ફેરવવાના નથી?'

પરંતુ ગુરુને આવી તકલીફ આપે તો એ સ્વામીશ્રી શાના?! તેથી તેઓએ જ સ્વયં તાવેથો હાથમાં લઈ ચાર રોટલા ફેરવી દીધા!

આ ચિત્તચોર ચરિત્ર કરી સ્વામીશ્રી મંદિરેથી હવેલી તરફ જઈ રહેલા ત્યારે વચમાં આવતી લાંબી પરસાળમાં ઊભેલા યુવકો સમૂહમાં ગાવા લાગ્યા: 'આગે બિઝનેસ પીછે બિઝનેસ, બિઝનેસ મધ્યે બિઝનેસ; બિઝનેસ મધ્યે ધ્યાન લગાવે, સો સ્વામી કા ચેલા.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'ચેલા કોણ બન્યા હૈ? सब गुरु है, गुरु!'

મજાકમાં ઉચ્ચારાયેલું તેઓનું આ વાક્ય મર્મસભર પણ એટલું જ છે ને!

તે ઉચ્ચારી આગળ વધી ગયેલા સ્વામીશ્રી પાસે તા. ૧૧/૫ની સવારે આવેલા સ્થાનિક હરે કૃષ્ણ મંદિરના અગ્રણી શ્રી ગૌરીદાસ અહોભાવપૂર્વક કહેવા લાગ્યા: 'હું અહીં જ્યારે જ્યારે આવું ત્યારે મંદિરમાં જે ભૂરી જાજમ છે એનું ખાસ નિરીક્ષણ કરું છું. ભૂરો રંગ એવો છે કે થોડો પણ કચરો હોય તો એ દેખાયા વગર રહે નહીં, પરંતુ જ્યારે જ્યારે આવું છું ત્યારે પ્રયત્નપૂર્વક કોશિશ કરવા છતાં એમાં ક્યારેય મેં કચરો જોયો નથી. જાણે કે હું આવવાનો હોઉં એ પહેલાં જ સ્વચ્છ ન કરી હોય! એવું મને અનુભવાય છે.'

મંદિરોના સર્જક સ્વામીશ્રી તેના સંચાલક તરીકે પણ બેનમૂન હતા.

તેનો આ પડઘો હજી તો ગુંજી રહેલો ત્યાં જ આજની સાંજે વલ્લભ નિધિ ટ્રસ્ટના ચૅરમેન શ્રી હરીશભાઈ રૂગાણી આવી પહોંચ્યા. સ્ત્રી-રોગના નિષ્ણાત આ તબીબે સ્વામીશ્રીને જણાવ્યું: 'બાપા! મેં તમારા ચમત્કારો નજરે જોયા છે. મારી પાસે આવેલા કેટલાક દર્દીઓ તમારા ભક્ત હોય છે. જેને-જેને તમે આશીર્વાદ આપ્યા હોય એ બધાંને બાળક થઈ ગયાં છે.'

આમ, સ્વામીશ્રીની આસપાસનું વાતાવરણ આહ્‌લાદક અને આશ્ચર્યજનક અનુભવોથી હરહંમેશ ગુંજતું જ રહેતું.

આપણે તો અક્ષરધામના

લંડનના રોકાણ દરમ્યાન સવારે મંદિરમાં દર્શન બાદ સ્વામીશ્રી હવેલી

તરફ જતા હોય ત્યારે વચ્ચે આવતા પ્રતીક્ષાકક્ષમાં નિત્યપૂજા શરૂ કરનારા બાળકો પોતાની પૂજાપેટી પ્રસાદીભૂત કરાવવા ઊભા રહેતા. તે સૌની પૂજા અને માથે હાથ મૂકી સ્વામીશ્રી આગળ વધતા.

તા. ૧૩/૫ની સવારે ચાલી રહેલા આ ક્રમમાં બાળવૃંદ સાથે વયસ્ક હરિભક્ત શ્રી મૂકેશભાઈ દાલિયા પણ એક પગે માળા ફેરવતાં ઊભા રહી ગયા. પરંતુ જેવું સ્વામીશ્રીએ તેઓ તરફ જોયું કે એ હરિભક્તે સંતુલન ગુમાવ્યું. બરાબર એ જ વખતે તેઓનો હાથ પકડી લેતાં સ્વામીશ્રી બોલ્યા: 'લો, તમને હું ટેકો આપું છું.'

અલબત્ત, આ એક ભક્ત નહીં, પરંતુ સમગ્ર સત્સંગને પોતાના સધ્ધર ટેકે ટટ્ટાર રાખનારા તેઓ હવે અમેરિકા ભણી પ્રયાણ કરવાના હોવાથી આજની સાયંસભા ચિક્કાર ભરાયેલી. તેમાં સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે –

'સમય જતાં કંઈ વાર લાગતી નથી. હજુ જાણે કાલ સવારે જ મંદિર થયું છે ને આપણે પ્રતિષ્ઠા કરીએ છીએ – એ બધું પ્રત્યક્ષ દેખાય છે. આ ભગવાનનો આનંદ છે, તો જે લાભ આપ્યો તેને વાગોળવાનો; પણ 'ગુરુ ગયા ગોકળ ને પછી થયું મોકળ' એમ ન કરવું. ભગવાન બધે જુએ છે. આવી અદ્‌ભુત પ્રાપ્તિ આપણને થઈ છે તો આનંદમાં રહેવું, કેફમાં રહેવું. સ્વરૂપ સમજાશે તો ઝઘડા જેવી કોઈ વસ્તુ રહેશે નહીં. દરેકમાં ભગવાન છે પછી કોણ ખોટો ને ખરાબ છે? આપણે આમાં સંશોધન કરીને પીએચ.ડી. થવાનું છે – 'હું કોણ છું?' એનું સંશોધન કરીને પીએચ.ડી. થાઓ. 'આપણાથી આવું બને એવું નથી કે આ તો બહુ કઠણ છે' એવી મોળી વાત નહીં કરવાની.

આપણે એકલા વિચારીએ એના કરતાં બીજાને કહીએ તો એ વાત દૃઢ થાય. તમે પચ્ચીસ માણસને વાત કરો અને એક માણસને સત્સંગ થાય તો આપણે સો ટકા પાસ! હતાશ નહીં થવાનું. સાવ રાંકા જેવો પડ્યો રહે તો કશું જ ન થાય. 'કોણ મળ્યા છે!' એમ કેફમાં રાચ્યા રહેવું. માટે જેમ-જેમ ચિંતન કરશો, અંતર્દૃષ્ટિ કરશો, એમ શાંતિ શાંતિ થશે.'

વિદાય વેળાનું આ ભાથું બંધાવી સ્વામીશ્રી તા. ૧૪/૫ની સવારે જાગ્રત થયા ત્યારથી લંડનના સત્સંગ મંડળ પર વિરહનાં વાદળાં છવાઈ ગયાં. તેથી આજે તેઓ મંદિર, હવેલી, ભોજનકક્ષ એમ જ્યાં-જ્યાં ગયા ત્યાં-ત્યાં 'લંડન તો તમારું ઘર છે. માટે વહેલા વહેલા પધારજો... આ તો તમારું ઘર કહેવાય. તમારે અહીંથી નીકળવું ન જોઈએ...' એવાં પ્રેમભર્યાં વચનોનો

વરસાદ વરસતો રહ્યો.

બપોરના ભોજન વખતેય યુવક નૈનેશ દ્વારા આવું જ એક બુંદ નીતર્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'ભલા માણસ! અમે તો જ્યાં જઈએ ત્યાં ઘર જ છે. જ્યાં જુઓ ત્યાં અક્ષરધામ છે, તો બીજી વાત જ ક્યાં આવે? ઝૂંપડામાં જઈએ કે મહેલમાં જઈએ, બધાંમાં અક્ષરધામ છે. આપણે તો ઈન્ટરનેશનલ (આંતરરાષ્ટ્રીય) થઈ ગયા. પછી તો લંડનનાય શું ને બીજાનાય શું? આપણે તો અક્ષરધામના!'

સ્વ-સ્વરૂપની આ ઓળખ આપીને આજની બપોરે અઢી વાગ્યે લંડનથી ઉડાન ભરી ગયેલા સ્વામીશ્રી સ્થાનિક સમય અનુસાર સાંજે ૪:૧૦ વાગ્યે ન્યૂયોર્કની ધરતીને સ્પર્શ્યા.

અહીં ઍરપોર્ટ પર જ તેઓના ભવ્ય સ્વાગતનો તખ્તો ટર્મિનલ-૪ પર ગોઠવાયેલો. તેમાં ઉપસ્થિત રાજકીય, સામાજિક અગ્રણીઓના અભિવાદન ઝીલી સ્વામીશ્રી મંદિરે પહોંચ્યા.

અત્રે તેઓ લાંબો પંથ કાપીને આવ્યા હોવાથી કોઈ વિશેષ કાર્યક્રમ નહોતો. તેથી સ્વામીશ્રી દર્શન-ભોજનથી પરવાર્યા ત્યારે ઊર્મિશીલ સંતોએ વિનંતી કરી: 'બાપા! આરામ કરો. જેટ લેગ લાગ્યો હશે!'

'મને એવી અસર ન થાય.' સ્વામીશ્રી બોલ્યા.

જેમ અક્ષરધામ દેશ-કાળથી પર, તેમ અક્ષરધામના સ્વામીશ્રી પણ દેશ-કાળથી અબાધિત!

સ્વામીશ્રીનું સર્વશ્રેષ્ઠ પ્રદાન

અમેરિકામાં સ્વામીશ્રીના આગમનના બીજા જ દિવસે યોગી જયંતીનો યોગ આવી જતાં તા. ૧૫/૫ની સાંજે સ્વાગત-સભાનો દબદબો અનુપમ રહ્યો. તે માટે લૉંગ આઈલેન્ડની ઓફસ્ટ્રા યુનિવર્સિટીના આંગણે નિયત સમયે આવી પહોંચેલા સ્વામીશ્રી ગાડીમાંથી ઊતરી સીધા સભાગૃહ તરફ ચાલવા લાગ્યા ત્યારે કાર્યકર શ્રી મહેન્દ્રભાઈ પટેલે કહ્યું: 'બાપા! એક મિનિટ ઊભા રહો. કારપેટ પાથરવાની બાકી છે.'

પરંતુ સ્વામીશ્રી તો આ સાંભળ્યું - ન સાંભળ્યું કરી પગલાં પાડતા જ રહ્યા. આ રીતે થોડે આગળ જઈ ઘડીભર અટકીને તેઓ બોલ્યા: 'ક્યાં ગયો મહેન્દ્ર?'

આ સાંભળી પેલા કાર્યકર નજીક આવતાં સ્વામીશ્રીએ નીચે ફેલાયેલી હરિયાળી બતાવીને જણાવ્યું: 'આ જો ભગવાનની કારપેટ. લીલીછમ છે ને!?' આટલું કહી પુનઃ ચાલવા લાગેલા સ્વામીશ્રીના પગલે-પગલે તેઓની સાદગી અને સાધુતાની છાપ ઊપસતી રહી.

પોતાના મોભા-મરતબા સચવાય તેવા શિષ્ટાચારની લેશ તમા-તજવીજ તેઓમાં જોવા ન મળતી.

આ શૈલીથી જીવતા સ્વામીશ્રી પ્રથમ પ્રાઇડ હૉલમાં પધાર્યા. અત્રે દોઢસોથી વધુ અગ્રણી અતિથિઓને મળી તેઓએ એરિનામાં પદાર્પણ કર્યું ત્યારે અમેરિકન આગેવાનો સહિત યુનો ખાતેના ભારતીય એલચી શ્રી વિજય નામ્બિયાર વગેરેએ તેઓને સત્કાર્યા. તેમાંના એક ન્યૂયોર્કના સેનેટર શ્રી માઇકલ બાલ્બનીએ સંબોધન કરતાં કહ્યું:

'રાજ્યના સંરક્ષણ વિભાગનો સેનેટર હોવાથી હું આતંકવાદના મુદ્દે ઘણો સક્રિય છું. એ એક બાબત છે કે હું પણ શાંતિ અને સ્વીકૃતિની વાત કરતાં શીખ્યો છું, પરંતુ ભગવાનનું તે કાર્ય કરી બતાવવું તે જુદી વાત છે. જ્યારે મંદિર (અક્ષરધામ) પર હુમલો થયો ત્યારે સ્વામીશ્રીએ શાંતિ અને અહિંસાની સ્થાપના માટે અને આ વેર-ઝેરના ચક્રને અટકાવવા માટે ખૂબ જ મક્કમ અને અઘરી જવાબદારી બજાવી. કોઈ પણ વ્યક્તિ દ્વારા દુનિયાને આપી શકાય તે પૈકીની આ સર્વશ્રેષ્ઠ ભેટ છે, સર્વોચ્ચ પાઠ છે!'

અક્ષરધામ પરના આતંકી હુમલા વખતે સ્વામીશ્રીએ દાખવેલી સાધુતા અને સ્થિરતા દેશ-પરદેશમાં *'વાત આ તો મોટી બહુ...'*નો દરજ્જો પામી ચૂકેલી. કોઈ કલ્પી પણ ન શકે તેવી વાત સ્વામીશ્રીએ જીવી બતાવેલી. તેથી અભિભૂત આ અમેરિકન રાજનેતાએ પણ આજે પોતાનો અહોભાવ વહાવી દીધો.

જે જે હોય એ બધું જ મંદિર બનાવો

તા. ૧૬/૫ની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે ન્યૂયોર્કના મંદિરમાં પુનઃ પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો. આ નિમિત્તે યોજાયેલી સભામાં મંડળના આગેવાન શ્રી કે. સી. પટેલે સ્વામીશ્રી સામું જોતાં કહ્યું: 'બાપા! આ હૉલ નાનો પડે છે, તો એવો સંકલ્પ કરજો કે આજુબાજુની જગ્યા મળી જાય.'

આ સાંભળી સમર્થનમાં ડાબો હાથ ઊંચો કરતાં સ્વામીશ્રી બોલ્યા:

'ઠેઠ ચાઈનીઝનું ચર્ચ છે ત્યાં સુધી કરવું છે !'

આ આર્ષવાણીને ભક્તોએ તાળીઓથી વધાવી લીધી. તેની વચ્ચે મહિલા મંડળે તૈયાર કરેલો સાચા મોતીનો હાર સ્વામીશ્રીને અર્પણ કરવામાં આવ્યો. આ ભક્તિ સ્વીકારી તેઓએ આશીર્વાદ વરસાવ્યા કે –

'આ મંદિર તો કર્યું પણ એની સાથે ઘરને પણ મંદિર કરી દેવું, દુકાનને પણ મંદિર કરી દેવું. જે જે હોય એ બધું જ મંદિર બનાવો. ઇન્દ્રિયો-અંતઃકરણ બધું જ મંદિર બનાવી દેવું. આમ કરતાં કરતાં બ્રહ્મરૂપ થઈ જવાશે ને ભગવાનના ધામમાં બેસીને સુખિયા થઈ જવાશે.'

આ હાકલ સાથે 'ગુણાતીતોઽક્ષરં...' શ્લોક સૌ પાસે બોલાવીને આશીર્વાદનું વિશિષ્ટ સમાપન કરતાં સ્વામીશ્રી સભામાંથી વિદાય થયા.

આંખમાં અવિનાશીનું અમૃત

તા. ૧૬/૫ની સાંજે ઓફસ્ટ્રા યુનિવર્સિટીના એરિનામાં જાહેર-સભાનો લાભ આપી સ્વામીશ્રીએ તા. ૧૭/૫ની સવારે મેઇન સ્ટ્રીટ રેડિયોલોજી હૉસ્પિટલને પાવન કરી.

અહીં શારીરિક તપાસણી બાદ પુનઃ ન્યૂયોર્કના મંદિરે પધારેલા તેઓ તા. ૧૮/૫ની બપોરે મુલાકાતો આપવા લાગ્યા. તે વખતે આગળ રોસ્ટ્રમ મૂક્યું હોવાથી તેઓનાં ચરણ ઢંકાઈ ગયેલાં. તેથી દર્શને આવેલા ડૉ. દેવેન્દ્રભાઈ જાનીએ પૂછ્યું : 'બાપા ! આપના પગ ક્યાં છે ?' આટલું કહેતાં તો તેઓએ રોસ્ટ્રમની અંદર પોતાનો હાથ નાંખી ચરણસ્પર્શ કરવા પ્રયત્ન પણ કર્યો, પરંતુ પીઠિકાની રચના એવી હતી કે તેઓની આ મુરાદ બર ન આવી.

તે જોઈ સ્વામીશ્રી હસતાં-હસતાં બોલ્યા : 'જેટલો પગનો મહિમા છે એટલો જ હાથનો છે !'

તેઓનો આ ઉદ્ગાર *'ગુણાતીત સત્પુરુષ નખશિખ દિવ્ય છે'* તે મર્મ સમજાવી ગયો.

તેથી જ તા. ૨૦/૫ની સાંજે સ્વામીશ્રીને મળી એક અમેરિકન પૂર્વ કમિશનર શ્રી પોલ બઝિયો બોલી ઊઠ્યા : 'હું પોતે હિંદુ ધર્મનો નથી, પણ અત્યારે એટલું તો કહું છું કે સ્વામીજીની આંખમાં મને ભગવાન દેખાય છે.'

સ્વામીશ્રીનાં દર્શનથી થતા આવા અનુભવો અપરંપાર !

સમયભ્રમની સ્મરણીય લીલા

તા. ૨૧/૫ની સાંજે ક્વિન્સ કૉલેજના કૉલ્ડન હૉલમાં ગુરુભક્તિ દિન ઊજવી સ્વામીશ્રી તા. ૨૨/૫ની સવારે વેસ્ટ ચેસ્ટરના નવનિર્મિત મંદિરે પહોંચ્યા. અત્રે પ્રતિષ્ઠિત મૂર્તિઓનાં પૂજન-આરતી બાદ તેઓ સવા બાર વાગ્યે ન્યૂજર્સીના રેરીટન સેન્ટરમાં યોજાયેલી સ્વયંસેવક-સભાને ધન્ય કરી એડિસનના મંદિરે પધાર્યા.

અહીં પહોંચવામાં મોડું થયું હોવાથી સેવકો સ્વામીશ્રીને ઉતારા તરફ લઈ જવા ઉતાવળા થયા. તે જ વખતે એક બાળકે વચ્ચોવચ આવી કહ્યું: 'બાપા ! મારે ચાંદલો કરવો છે.'

કસમયની આ માંગણીને પણ સંતોષવા સ્વામીશ્રી ઊભા રહી ગયા. બાળકે પગના પંજે ઊંચા થઈ સ્વામીશ્રીના ભાલમાં ચાંદલો કર્યો. સ્વામીશ્રીની ઝડપ કોઈની ભાવના ભરખી જાય તેવી કદી ન રહેતી.

આ રીતે બાળકનું પૂજન સ્વીકારી તેઓ ઠાકોરજી પાસે આવ્યા ત્યારે ત્યાં પૂજારીએ આરતીનો સરંજામ તૈયાર રાખેલો, પણ ભોજનનો સમય ઠેલાતો હોવાથી સેવકોએ ના કહી ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'પ્રગટાવી છે તો લાવો.'

ભોજન માટે ભજનમાં કાપ મૂકે તો એ સ્વામીશ્રી નહીં! તેથી ઠાકોરજીને આરતીનું અર્ધ્ય ધરી તેઓ નિવાસસ્થાન ભણી ડગ ભરવા લાગ્યા, પણ વચ્ચે મંદિરના એકાઉન્ટ વિભાગમાં સેવા આપતા શ્રી જે. સી. પટેલને જોતાં જ તેઓએ પૂછ્યું: 'ક્યાં છે ગલ્લાપેટી?'

આ હરિભક્તે ન્યૂયોર્કમાં બિરાજતા સ્વામીશ્રીને પત્ર લખી જણાવેલું: 'આપ જ્યારે ન્યૂજર્સી પધારો, ત્યારે નવી ગલ્લાપેટીનું પૂજન કરો એવી અમારી ઇચ્છા છે.' આ ઇચ્છાને બપોરે એક વાગ્યે પૂર્ણ કરી સ્વામીશ્રી જમવા બિરાજ્યા.

પરંતુ સૌના મનોરથ પૂરા કરવામાં તેઓ પોતાની કાયાને કેટલી કચરતા તેનો ખ્યાલ તો તેઓ આજે ભોજન અંગીકાર કરી સૂતા ત્યારે સૌને આવ્યો!

બપોરે આશરે બે વાગ્યે પોઢેલા તેઓની આંખ સાંજે ઊઘડી ત્યારે તેઓને એમ ભાસ્યું કે 'અત્યારે સવાર પડી છે.' તેથી સેવકો સ્નાન કરીને જગાડવા આવશે તેવી અટકળ સાથે સ્વામીશ્રી પલંગ પર જાગતાં સૂઈ રહ્યા. લગભગ અડધો કલાક આમ વીત્યો તોય કોઈએ પોતાને ઊભા ન કર્યા એટલે તેઓએ સામેથી સેવકને સંભળાય એમ કહ્યું: 'તમે નાહીને આવો, પછી

આપણે ઊઠીએ.'

તે સમયે નારાયણચરણદાસ સ્વામીએ કહ્યું : 'અત્યારે તો સવાર નહીં, પણ સાંજ છે.'

સમયભ્રમની આ સ્મરણીય લીલા રાત-દિવસના ભેદને ભૂંસીને વિચરતા સ્વામીશ્રીની ભીડાભક્તિને ઉજાગર કરી ગઈ.

તીવ્ર વૈરાગ્ય ધન્ય તમારો

તા. ૨૩/૫ના રોજ ન્યૂજર્સીના ભાગ્યમાં સ્વામીશ્રીના પ્રમુખવરણી દિનનો ચાંદલો આવેલો. આ દિવસે ઊમટનારી ભક્તભીડને સમાવવા સ્વામીશ્રીની પ્રાતઃપૂજા રેરીટન સેન્ટરના એક્સપો હૉલમાં ગોઠવેલી. તે માટે અહીં પહોંચેલા સ્વામીશ્રી મંચ તરફ જઈ રહેલા ત્યારે કાર્યકર શ્રી અનિલભાઈ પટેલને જોતાં જ તેઓએ પૂછ્યું : 'તને રોગ હતો તેનું કંઈ સારું થયું ?'

પોતાની કેડ અને કમરની તકલીફ વિષે આ હરિભક્તે સાતેક વર્ષ પહેલાં જણાવેલી વાત હજીયે સ્વામીશ્રીના મનમાં સચવાયેલી ! અક્ષર-પુરુષોત્તમના બગીચાની પૂરતી કાળજી લેવાની જે પ્રતિજ્ઞા તેઓએ ૫૪ વર્ષ પૂર્વે પ્રથમ પ્રમુખવરણી દિને ઉચ્ચારેલી, તે આજે અડધી સદીનાં વહાણાં વહી ગયાં પછી પણ લેશ પોલી પડી નહોતી.

આ અનુભવ સમગ્ર સત્સંગને હોવાથી આજની સાંજે યોજાયેલી ઉત્સવ-સભામાં સૌએ સ્વામીશ્રીને હોંશપૂર્વક વધાવ્યા, પરંતુ સ્વામીશ્રીએ તો સેવકભાવનો સૂર જ છેડ્યો કે –

'સામાજિક, ધાર્મિક, રાષ્ટ્રીય રીતે તમે જેટલા નમ્ર થઈને ચાલશો તો સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે અને તમે આગળ આવશો. 'હું જ કરું' એવું કરવા જાય એ માણસ નીકળી જાય છે, કંઈ કાર્ય કરી શકતા નથી. આપણે જો માન રાખીને રહેશું તો આપણું માન વધશે નહીં, ઊલટું ઘટશે.'

નમ્રતાનો આ પ્રમુખ-સંદેશ વહાવી સ્વામીશ્રી સભાસ્થળેથી મંદિરે આવવા જે ગાડીમાં બિરાજ્યા તે ઊપડતાં જ ગાડીચાલક યુવાન જૈમિન પટેલ અને તેના સાગરીત હિતેશ પટેલે વાત ઉપાડી કે 'બાપા ! આ ગાડી આપને અનુકૂળ તો આવે છે ને ?!'

સુવિધા અને સલામતીની રીતે અતિ સજ્જ આ આધુનિક મોટર સ્વામીશ્રીને સમર્પિત કરી દેવાના ઇરાદા સાથે આ વાતનું મંડાણ થયેલું, પણ

તેનો કોટ ચણાય તે પહેલાં જ તેને કાંકરીથી ખેરવતાં સ્વામીશ્રી બોલ્યા: 'આપણને તો બધું જ અનુકૂળ આવે, પણ આપણે જે જૂનું છે એ બરાબર છે! એ બધી રીતે ફિટ થઈ ગયું છે.'

'એમ તો આપ દરેક મંદિર નવી નવી રીતે જ બાંધો છો. ત્યાં કશું ફિટ નથી થતું, તો...'

'એ તો ભગવાનની વાત છે! એ વાત તો કાયમ નવી જ લાગવી જોઈએ. મંદિરમાં તો હજારો લોકો લાભ લે. આમાં (મોટરમાં) તો આપણને એકલાને જ સુખ.'

'જ્યારે શાસ્ત્રીજી મહારાજે ચાદર ઓઢાડી ત્યારે આપે કહેલું કે 'હું હરિભક્તોને રાજી રાખીશ.' તો આટલી અમારી વિનંતી માન્ય રાખો!'

'તમને રાજી કર્યા જ છે ને!'

'બાપા! અમારી ઇચ્છા છે.'

'આવી ઇચ્છા કરવી જ નહીં! નાની મોટરમાં બેસીએ, જૂની ગાડીમાં બેસીએ તોય અમે રાજી જ છીએ.'

આમ, સ્વામીશ્રીએ મોટર માટે મચક ન આપી તે ન જ આપી. તે જોઈ આજનો પ્રમુખવરણી દિન *'તીવ્ર વૈરાગ્ય ધન્ય તમારો...'* કહેતો વિદાય થયો.

કષ્ટનું કારણ

તા. ૨૫/૫ની સવારે ન્યૂજર્સીના મંદિરેથી નીકળેલા સ્વામીશ્રી આશરે ચાલીસેક મિનિટ બાદ સેન્ટ્રલ જર્સી વિસ્તારમાં વસેલા ૧૫૨ એકરના એક ભૂખંડ પર જઈ પહોંચ્યા. એકમેકને અડોઅડ ત્રણ ભાગમાં વહેંચાયેલી આ જમીનને આગામી નિર્માણ માટે દૃષ્ટિમાં લઈ તેઓ ચૅરીહિલ પધાર્યા.

અહીં નવનિર્મિત મંદિરમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓનાં પૂજન-આરતી કરી પુનઃ એડિસન આવી ગયેલા સ્વામીશ્રી પાસે આજની સાંજે ભરતભાઈ ભટ્ટ નામના મુરબ્બી આવી પહોંચ્યા. તેઓ ૧૫૦ જેટલી શાખા ધરાવતી ગ્રીન પોઈન્ટ બૅંકના પ્રમુખ હતા. તેઓએ વાતવાતમાં સ્વામીશ્રીને જણાવ્યું: "થોડાક દિવસ પહેલાં હું બે-ત્રણ સેન્ટરની મુલાકાત લઈ રાત્રે મોડો ઘેર પહોંચ્યો. આ સમયે મેં મારી પત્નીને કહ્યું કે 'હવે કામ થતું નથી. થાકી જવાય છે.' તે વખતે મારી પત્ની આપનું એક પુસ્તક મારી સમક્ષ ધરતાં બોલી: 'આ જુઓ, પ્રમુખસ્વામી મહારાજ! તેઓ આટલી ઉંમરે આટલું કામ કરે છે, છતાં

થાકતા નથી અને તમે આ ઉંમરે ક્યાં થાકો છો? એમના જીવનમાંથી આટલી તો પ્રેરણા લો!"

જેમ નદીમાંથી જળ ઉલેચનારા અસંખ્ય, તેમ સ્વામીશ્રીરૂપી સંત-સરિતામાંથી પ્રેરણાનું પાન કરનારા પણ અગણિત!

તે માટે સતત વિચરતા તેઓ આજની સાયંસભા માટે એક્સપો હૉલના દરવાજે જઈ પહોંચ્યા ત્યારે પ્રહસનના એક ભાગરૂપે હાથકડીથી બંધાયેલા હરિભક્ત શ્રી પ્રફુલ્લભાઈ રાજાએ દેખા દીધી. તેઓએ સ્વામીશ્રીને જ અરજ કરી કે 'બાપા! આ બંધનથી છોડાવો.'

'એ તો આ છોડાવશે.' બાજુમાં ઊભેલા પોલીસ અધિકારી શ્રી સાબો તરફ નિર્દેશ કરતાં સ્વામીશ્રી બોલ્યા.

ત્યારે પેલા હરિભક્તે પૂછ્યું: 'આપ નહીં છોડાવો?'

'પેલું (જન્મ-મરણનું બંધન) હોય તો આપણે છોડાવીએ, પણ આ હાથકડી તો એ (પોલીસ) છોડાવશે.'

આટલું કહી આગળ વધી ગયેલા સ્વામીશ્રીના આ શબ્દો તેઓનો પરિચય આપી રહ્યા.

તે સાથે તેઓ સભામંચ પર જવા માટે લિફ્ટ પર ઊભા રહ્યા ત્યારે સ્ટેજ-વ્યવસ્થાના સ્વયંસેવક શ્રી જિતુ રાઠોડે પૂછ્યું: 'બાપા! અહીં આપને કોઈ કષ્ટ કે ભીડો તો નથી ને?'

'અહીં રોજ સંધ્યા આરતી થાય છે, પણ તમે મને આરતીમાં ઊભા થવા નથી દેતા એ જ કષ્ટ છે! તું આજે મારા માટે જુદી આરતી લઈને આવજે.'

ભક્તિ તો સ્વામીશ્રીનો પ્રાણ. તે વિના તેઓનો અંતરાત્મા કકળી ઊઠતો.

ભીડાના ભેરુ

તા. ૨૫/૫ની સાયંસભામાં 'પ્રહ્‌લાદજીએ નારાયણ સાથે...' એ 'સ્વામીની વાત' નિરૂપતાં સ્વામીશ્રીએ કહ્યું:

'અભિમાન કોઈનું રહ્યું નથી ને રહેવાનું નથી. આપણે ભગવાનના દાસ, સેવક થઈશું તો આપણું બધું કાર્ય સફળ થશે. તમે સમાજમાં કાર્ય કરો પણ નમ્રતાથી વાત કરશો તો સામાને મનમાં લાગણી થશે ને વાત સાંભળશે. સત્તાના દબાણમાં આપણે કરીએ ખરા, પણ એવા પ્રત્યે ભાવ ન થાય. નમ્ર થઈને જેટલો પ્રેમ તમે આપશો એટલો સામો તમને પ્રેમ મળશે. જેટલા તમે

નમ્ર થશો એટલા બીજા સામે નમ્ર થશે જ અને તમારી વાતને સ્વીકારી લેશે. સમાજમાં, કુટુંબમાં માણસ બહુ જ નમ્ર થઈને કામ કરે તો સફળ થાય. મોટા બુદ્ધિશાળી હોય પણ જો એમાં નમ્રતા ન હોય તો એનું કાર્ય નિષ્ફળ જાય છે.'

નમ્રતાનો અન્ય એક લાભ જણાવતાં સ્વામીશ્રીએ તા. ૨૬/૫ની કિશોર સભામાં પણ જણાવ્યું કે 'જો નિર્માની રહીએ તો અખંડ એ જ દેખાય કે ભગવાન ને સંત બોલાવે-ચલાવે છે.'

આમ, નમવામાં નવ ગુણ જેવો સદ્દુપદેશ વહાવતા તેઓએ તા. ૨૭/૫ની સવારે મુલાકાતો દરમ્યાન હરિભક્ત શ્રી રાવ પટેલને પૂછ્યું : 'કેટલા ખવાય છે ?'

'બે ખવાય.'

'બાજરાના કે જવના ?'

'એના તો જેટલા ખાવા હોય એટલા ભૂખ પ્રમાણે ખાઈ શકાય.'

'અને ઘઉંની ભાખરી ?'

'એ તો બે જ !'

સ્વામીશ્રી અને એ હરિભક્ત વચ્ચેનો આ સંવાદ સૌમાં કુતૂહલ જન્માવી ગયો. ત્યાં જ તેનો ભેદ ખોલતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ રાવને ડાયાબિટીસ એવો કે રોટલા જ ખવાય. એય મર્યાદામાં !'

વર્ષો પહેલાં જાણેલી આ વાત સ્વામીશ્રીએ આજે સ્નેહ અને શીઘ્રતાથી યાદ કરાવી. સત્સંગીઓ સાથેની તેઓની આત્મબુદ્ધિમાં કેટલું ઊંડાણ હતું !

આ પ્રીતિ સાથે આજની બપોરે ભોજન લઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ અહેવાલ આપતાં જાહેર સંપર્ક વિભાગના કાર્યકરે કહ્યું : 'બાપા ! અમારા વિભાગ તરફથી માફી માંગીએ છીએ કે આપને ઘણો ભીડો પડ્યો.'

'લ્યા ! એના માટે તો આવ્યા છીએ. એમાં વળી ભીડો શું ?' સ્વામીશ્રી બોલ્યા.

૮૩મા વર્ષેય ભીડો વેઠવાની તેઓની આ તત્પરતા જોઈ સૌ દંગ રહી ગયા. ભીડાને ભેરુ બનાવી વિચરતા સ્વામીશ્રીએ તેને અઢળક લાભ આપી ન્યાલ કરી મૂક્યો છે !

સુખ-સંતોષના દાતા

તા. ૨૮/૫ની સવારે બેડફર્ડના નવનિર્મિત મંદિરની મૂર્તિઓમાં પ્રાણ

પૂરનારા સ્વામીશ્રીને મળવા તા. ૩૦/૫ના રોજ અમેરિકન રાષ્ટ્રપ્રમુખ શ્રી બુશના પ્રતિનિધિ તરીકે ડૉ. શંભુ બનિક આવી પહોંચ્યા. તેઓએ સ્વામીશ્રીની શાંતિ, માનવતા અને મૂલ્યલક્ષી પ્રવૃત્તિઓને બિરદાવતાં રાષ્ટ્રપ્રમુખ વતી લાઈફ ટાઈમ ઍચિવમેન્ટ ઍવોર્ડ સ્વામીશ્રીને એનાયત કર્યો.

આ જ રીતે તા. ૩૧/૫ની સાંજે ઉપસ્થિત થયેલા મિડલસેક્સ કાઉન્ટીના અમેરિકન સેનેટર શ્રી જોહ્‌ન સ્મિથે વાર્તાલાપ દરમ્યાન પોતાનું અવલોકન રજૂ કરતાં સ્વામીશ્રીને જ કહ્યું: 'હું જ્યાં જ્યાં આપના ઉત્સવોમાં ગયો છું ત્યાં આપના હરિભક્તોને સુખી અને સંતોષી જોયા છે. આપ પ્રેરણા આપીને તેઓને સુખ અને સંતોષ પમાડો છો.'

આમ, *'મસ્ત રહે સહુ મનમાં, કંગાલ ન માને કોઈ...'* એ સ્વામીશ્રીના સત્સંગની ઓળખ બનેલી.

આવા સત્સંગની યુવાપાંખ પર આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ તા. ૧/૬ના રોજ જણાવ્યું:

'સત્સંગ જેટલો મુખ્ય રાખશો એટલી ઘરમાં પણ સરળતા રહે, કારણ કે દરગુજર કરીને વહેવાર ચલાવી લે. સત્સંગ ના હોય એટલે ઘણા આડા ખર્ચા કરી નાંખે, સમય નકામો જાય. પછી ધંધામાં, ઘરમાં અપસેટ થાય.

કોરટમાં જઈએ ત્યારે સાંજ સુધી બેસાડી રાખે ને મુદત પાડે, પણ એનો ધોખો થતો નથી. જગતનો જેવો ખપ રાખીએ છીએ એવો જ ખપ અહીં રાખ્યો હોય તો કોઈ દિવસ ઉત્સાહભંગ થવાય નહીં. ઉત્સાહ સવાયો થાય. સત્સંગમાં માન-અપમાન, દુઃખ ગમે એટલું આવે તોય સત્સંગ પ્રધાન. એને માટે માથું આપી દેવાનું.

સત્સંગમાં અનેક માણસો છે. આપણા માટે ગમે તેમ કહે, પણ આપણે ભગવાન સામે જોવાનું. આપણે વેગી નહીં થવાનું. વેગ આવે ત્યારે અહં થઈ જાય, અવળું કરી નાંખે. એ અવળું ના થાય એ આપણે જોવાનું. બહાર જઈને બધાને ચડાવવા, એકઠા કરવા, અવગુણ ગાવો – એ તો કરવું જ નહીં! સેવા થાય તો કરો, ના થાય તો હાથ જોડો. ઊભરો ચડે છે ને ઊતરે છે એનું કારણ માન છે. મહિમાની દૃષ્ટિ હોય તો આપણે ઊભરો ચડે નહીં, બેસે નહીં. એ સમજણ રાખવી, જેથી કરીને અપ-ડાઉન થાય નહીં.'

અધ્યાત્મવિદ્યાના આવા ઉચ્ચ પાઠની સાથે આજની બપોરે ભારતથી આવેલા સેવકોને વ્યવહારમાર્ગ શીખવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'એકાઉન્ટનો

રેકોર્ડ તો બરાબર રાખવો, આંધળાનેય દેખાય એવો! રેકોર્ડની મહિનાવાર, વર્ષવાર ફાઈલ કરવી. આળસ ન રાખવી. સેકન્ડ પછી કરીશું એ પણ આળસ છે.'

આપની વાત જુદી છે

તા. ૧/૬ની સાયંસભામાં ઠાકોરજીનાં ચરણે ૧૩,૦૦૦ ડૉલરનો ચૅક ધરતાં એડિસનના મેયર શ્રી જ્યોર્જ સ્પડારોએ સ્વામીશ્રીને કહ્યું: "અહીંના ધારાધોરણ પ્રમાણે મંદિર અથવા ધાર્મિક સ્થળને આવી કોઈ સહાય આપી શકાતી નથી, પણ આપની વાત જુદી છે. આપની સંસ્થા માટે મેં પોતે જ ભલામણ કરી કે 'આ કેવળ મંદિર નથી, પરંતુ ખૂબ જ સારી સમાજસેવા કરે છે!' આ જાણ્યા પછી સરકારે આ ક્વૉટા ફાળવેલો છે."

હા, સૌને સ્વામીશ્રીની વાત જુદી જ અનુભવાતી.

તેથી જ તા. ૨/૬ની સાંજે સ્વામીશ્રી પાસે આવી એક ગુણાનુરાગી ઉદ્યોગપતિ શ્રી નરેન્દ્રભાઈ લાખાણી બોલ્યા: 'મારાં માતુશ્રી કેન્સરથી પીડાતાં હતાં, પરંતુ આપે ગઈ વખતે આશીર્વાદ આપ્યા પછી તેઓના સ્વાસ્થ્યમાં ખૂબ જ સુધારો થયો અને સાથે સાથે વ્યવહારમાં પણ અમારી પ્રગતિ થઈ. અમારું આખું કુટુંબ આપને ખૂબ જ માને છે.'

આ કૃતજ્ઞભાવ વિરમ્યો ત્યાં જ તા. ૩/૬ની સવારે આવેલા એક સેવાભાવી ગુણભાવી શ્રી મનોજભાઈ રૂપારેલિયાએ સ્વામીચરણે આભારની લાગણી વહાવી કે 'આપ અમારી ફેક્ટરીમાં આવ્યા પછી અમારી કંપનીની ઘણી પ્રગતિ થઈ છે અને આપની દયાથી જ બધું ચાલે છે.'

સ્વામીશ્રીનાં જુદાં પગલાંના પુરાવારૂપ આ દાખલાની અડોઅડ પોતાનું દૃષ્ટાંત ગોઠવતાં અહીં ઘરેણાંની છ મોટી દુકાનો ધરાવતા પંજાબી યુવાન શ્રી સાગરે કહ્યું: 'સ્વામીજી! સન ૧૯૯૬માં જ્યારે હું આપના આશીર્વાદ લેવા આવ્યો ત્યારે મારી પાસે કશું જ નહોતું. અત્યારે જે કંઈ દુકાનો થઈ છે એ આપના આશીર્વાદથી જ છે.'

સ્વામીશ્રીને જુદા સિદ્ધ કરતી આવી જ એક કેફિયત વર્ણવવા આજે હરિભક્ત શ્રી યોગેન્દ્રભાઈ પરમાર આવી પહોંચ્યા.

આ અરસામાં એકના એક ભરયુવાન પુત્ર શ્રીજીને અકસ્માતમાં ગુમાવનારા આ સત્સંગીએ સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! દીકરો આપનો હતો ને

આપે લઈ લીધો છે. આપ છો એટલે બળ રહે છે.'

આમ કહેતા એ પિતાની સ્વસ્થતા જોઈ સ્વયં સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'આ યોગેન્દ્રની નિષ્ઠા ને સમજણ ખરેખરી ! બીજો હોય તો પોક મૂકે. એની જગ્યાએ આ તો મળવા આવનારને છાના રાખે. આખું કુટુંબ એવું ! ખરેખરો સત્સંગ પચાવ્યો છે.'

સત્સંગમાં રોજેરોજ ઠલવાતા આવા અનુભવો ચોક્કસ પુરવાર કરતા કે 'સ્વામીશ્રીની વાત જુદી છે.' તેઓની આ જુદી વાત માનવીને જુદો બનાવતી. તેથી સમાજ પણ જુદો બનતો.

સહજાનંદી સ્મિતના સ્વામી

તા. ૪/૬ની સવારે ચેરીહિલના સેનેટર અને વુડબ્રિજના મેયરને મુલાકાતનો લાભ આપી પરવારેલા સ્વામીશ્રીનો ઇન્ટરવ્યૂ લેવા ટી.વી. એશિયા ચેનલના સંવાદદાતા શ્રી રોહિતભાઈ વ્યાસ આવી પહોંચ્યા. તેઓ સ્વામીશ્રીના સ્પષ્ટ અને સચોટ ઉત્તરોથી ખૂબ સંતોષ પામ્યા. સ્વામીશ્રીના હોઠેથી ફૂટેલા શબ્દોની સાથે એ હોઠ પર રમી રહેલા સ્મિતથી પણ ઘાયલ થયેલા આ ખબરપત્રી બોલી ઊઠ્યા : 'He has a very divine smile.' – સ્વામીશ્રીનું સ્મિત ખૂબ જ દિવ્ય છે.

'ના, ના, ભગવાનનું છે.' પોતાની પ્રશંસાને ઢાંકવા જતાં સ્વામીશ્રીથી બોલાઈ ગયું ! તેથી સૌના હોઠે સ્મિત ફરકી ગયું.

આ સ્મિત તા. ૫/૬ની સાંજે તો ૨૦,૦૦૦ ભાવિકોના ચહેરા પર રમી રહ્યું. આ સમયે કોન્ટિનેન્ટલ એરિનામાં યોજાયેલા કાર્યક્રમ 'સંસ્કૃતિ'એ અહીં વસતા પ્રત્યેક ભારતીયમાં જબ્બર આકર્ષણ જગાવેલું. તેથી પ્રવેશપત્રો માટેનો ધસારો પણ અસાધારણ રહેલો. સૌની આ ઊંચી અપેક્ષાઓને યથાર્થ ઠેરવતાં અઢીસો જેટલા સંસ્થાકીય બાળ-કિશોર કલાકારોના કાફલાએ ત્રણ કલાકની પ્રભાવક પ્રસ્તુતિ દ્વારા સૌને મંત્રમુગ્ધ કરી દીધા. ધ્વનિ અને પ્રકાશના સંયોજન તેમ જ જલ-જવનિકા(વૉટર સ્ક્રિન)ના ખૂબીપૂર્વક ઉપયોગ સાથે થયેલી આ રજૂઆતનાં કામણ ન્યૂજર્સીના ગવર્નર શ્રી જેમ્સ મેક્ગ્રેવી સહિત કંઈક મહાનુભાવોનાં અંતરમાં પથરાયાં, જે તેઓનાં વક્તવ્યો દ્વારા પ્રગટ થયાં.

જનસમુદાયને ભારતીય સંસ્કૃતિ અને સંસ્કૃતિપુરુષ સ્વામીશ્રીમાં તરબોળ કરતા આ દબદબાભર્યા સમારંભનો શોર હજી શમ્યો નહોતો ત્યાં જ

તા. ૬/૬ની સવારે એક્સપો સેન્ટરમાં ભૂમિપૂજનનો ઘોષ ઊઠી ગયો.

થોડા દિવસ પૂર્વે સ્વામીશ્રીએ સેન્ટ્રલ જર્સીના જે ભૂખંડ પર દૃષ્ટિ વેરેલી ત્યાં અક્ષરધામના નિર્માણની નેમ સાથે આજે આ માંગલિકવિધિ યોજાયેલો. તેના માનમાં વૉશિંગ્ટન ડી.સી.ના મેયરે તો આજના દિવસને 'અક્ષરધામ ભૂમિપૂજન દિન' તરીકે ઘોષિત કરી દીધો. જો કે આ ભગીરથ કાર્યનો યશ ગુરુજનોનાં ચરણે ધરતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ બધા સંકલ્પો શાસ્ત્રીજી મહારાજના છે. યોગીજી મહારાજે ગાંધીનગરમાં સંકલ્પ કર્યો, દિલ્હીમાં પણ સંકલ્પ કર્યો, અહીંયાં પણ એમનો સંકલ્પ ચાલે છે.'

આમ, પ્રત્યેક કાર્યમાં ગુરુને આગળ રાખતા સ્વામીશ્રી તા. ૭/૬ની સવારે એડિસનથી વિદાય લઈ એટલાન્ટા આવી પહોંચ્યા.

અમેરિકનોને અસાધારણ આકર્ષણ

આ વખતે સ્વામીશ્રીના અમેરિકામાં આગમન પૂર્વે ભારતથી અહીં આવેલા બાવન સંતો 'પરમહંસોના પગલે પગલે' અભિયાન અંતર્ગત અમેરિકાના ખૂણે-ખૂણે ઘૂમી વળેલા. સ્થાનિક ૧,૫૦૦ કાર્યકરોએ ગોઠવેલા આયોજન અનુસાર આ સંતોએ ૯૦ દિવસમાં ૧૮,૧૨૮ પધરામણીઓ દ્વારા સત્સંગની સમૃદ્ધિ વધારેલી. આ પધરામણીઓનું અહેવાલ-કથન સ્વામીશ્રી સમક્ષ પ્રસંગોપાત્ત થતું. સંતો-કાર્યકરોનો આ દાખડો જાણી સ્વામીશ્રી પણ પ્રસન્નતા વરસાવતા.

તે ક્રમમાં તેઓ અત્રે એટલાન્ટામાં સ્વાગતની ઔપચારિક સભામાં જ બોલ્યા: 'બધા રાજી થાય એવા સંતો આવ્યા છે. હોમ ડિલિવરી (ઘેર બેઠાં) સત્સંગ! સંતો આવ્યા તો સત્સંગ પણ વધ્યો. આવીને બેસી નથી રહ્યા.'

સભા બાદ ભોજન વખતે પણ સંતોના વિચરણને વખાણતાં સ્વામીશ્રીએ કહ્યું: 'સંતોએ ઘેર-ઘેર જઈને જોઈ નાંખ્યું. અમારા કરતાં પણ વધારે...'

આ સાંભળી સંતોએ જણાવ્યું: 'બાપા! અમારા કરતાં તો આપ કેટલુંય વિચર્યા છો, ભીડો વેઠ્યો છે.'

'એ તો બધું જૂનું થઈ ગયું.' પોતાની પ્રશંસા પર પછેડી પાથરતાં સ્વામીશ્રીએ કહ્યું.

પરંતુ ફૂલની સુગંધને કોણ કેદ કરી શકે? તેમ સ્વામીશ્રીનું સ્વરૂપ અને કાર્ય જ એવું અદ્ભુત! તેથી આજની સાંજે ભોજનકક્ષમાં ભ્રમણ કરી રહેલા

તેઓને જોઈ ભારતીય સમાજના આગેવાન શ્રી મૂકેશભાઈ પટેલના મુખમાંથી શબ્દો સરી પડ્યા: 'સ્વામીજી! આપ જ્યારે ભ્રમણ કરી રહેલા તે જોઈને હું થાકી ગયો. આ ઉંમરે આટલી સ્ફૂર્તિથી તમે ચાલી શકો છો એ જોઈને જ મને નવાઈ લાગે છે.'

આવું આશ્ચર્ય સ્વામીશ્રીની પ્રવૃત્તિ જોઈને ક્લાર્કસ્ટનના મેયર શ્રી લી સ્વાને પણ અનુભવ્યું. તેથી જ તેઓએ આજની સાંજે યોજાયેલી સ્વાગત-સભામાં સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી' અર્પણ કરી નવાજ્યા.

અલબત્ત, અમેરિકાનાં જે-જે કેન્દ્રોમાં સ્વામીશ્રી જતા ત્યાં આ બાબત સર્વ સામાન્યપણે જોવા મળતી. રાજનીતિ, ઉદ્યોગ, શિક્ષણ, સુરક્ષા, સ્વાસ્થ્ય વગેરે વિવિધ ક્ષેત્રોના અગ્રણી અમેરિકનો સ્વામીશ્રીનો લાભ લેવા ઊમટતા રહેતા. તેમાં કો'ક પુષ્પગુચ્છ લઈને આવે, તો કો'ક પ્રોક્લેમેશન (સન્માનપત્ર); કો'ક શહેરની ચાવી અર્પણ કરે, તો કો'ક સ્વામીશ્રીની સ્મૃતિમાં વિશિષ્ટ દિવસની ઘોષણા કરે.

એડિસનમાં સ્વામીશ્રી રોકાયા તે દરમ્યાન ઍસ્કોર્ટ માટે આવતા પ્રત્યેક પોલીસ અધિકારીઓને સ્વામીશ્રીનું એવું ઘેલું લાગી જતું કે તેઓ સ્વામીશ્રી સાથે ફોટા પડાવતા, પૉકેટ કેલેન્ડર પર સ્વામીશ્રીના હસ્તાક્ષર પણ લેતા.

આવા એક પોલીસકર્મી ઍલન સાબો તો સ્વામીશ્રીના નિવાસ દરમ્યાન નોકરીમાં પૂરા પંદર દિવસની રજા મૂકી પૂર્ણ સમયની સેવામાં જ આવી ગયેલા. તેઓને કો'કે પૂછ્યું કે 'તમને સ્વામીશ્રીની ભાષામાં સમજ પડે છે?' ત્યારે આ અમેરિકન અમલદારે કહેલું: 'સ્વામીશ્રી હાથ મિલાવે એ જ મારા માટે ભાષા છે.'

આમ, ઘણી વાર સ્વામીશ્રીની ભાષા કરતાંય અધિક પ્રભાવ તેઓનાં દર્શન-સ્પર્શનો રહેતો. એટલે જ તો તેઓની ગુજરાતી ભાષાથી અજાણ હોવા છતાં અમેરિકનો આખેઆખી સભામાં બેસી રહેતા. દુભાષિયાની મદદ લઈ સ્વામીશ્રીની વાણીનો મર્મ પકડવા મથામણ કરતા.

આકર્ષણના આ અંકોડામાં ગૂંથાતાં તા. ૯/૬ની સાયંસભામાં ગ્વિનેટ કાઉન્ટીના પ્રતિનિધિ તેમ જ જ્યોર્જિયા રાજ્યના સ્પીકર વતી તેઓના મુખ્ય મદદનીશ શ્રી ચક ટોપેન્સિસ ઉપસ્થિત રહ્યા. તેઓએ સ્વામીશ્રીનાં કાર્યોને વધાવતાં સન્માનપત્ર તો અર્પણ કર્યું જ, પણ તેની સાથે આજના દિવસને 'પ્રમુખસ્વામી મહારાજ સ્પિરિટ ઑફ હ્યુમેનિટી ડે' જાહેર કર્યો.

આજનો દિવસ વળી બાળદિન તરીકે પણ સત્સંગ મંડળ ઊજવી રહેલું. તેથી તે સંદર્ભમાં અમૃતધારા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'જેમ બગીચાની જાળવણી કરીએ તો આપણને આનંદ ને લાભ થાય, એમ બાળકો પણ આપણો બગીચો છે. એની કાળજી રાખીશું તો આપણને લાભ થશે. બાળકોને સંસ્કાર આપવા એ મોટી સમાજસેવા છે.'

સ્વામીશ્રીનો સિદ્ધાંત

તા. ૧૦/૬ના દિવસે કિશોરદિન નિમિત્તે કિશોરોનો કલશોર ગુંજતો રહ્યો. કિશોરીઓએ પણ ૧,૦૦૦ વાનગીઓ સ્વયં બનાવી ઠાકોરજી સામે ધરી.

કિશોરપેઢીની આવી ભક્તિને સંકોરતાં સ્વામીશ્રીએ આજની સાયં-સભામાં જણાવ્યું:

'શૂરવીર માણસ લીધેલી ટેક છોડે નહીં. સત્સંગ લીધો છે એ મૂકે નહીં. આ દેશ દૂષણોથી ભરેલો છે, પણ આપણાં ઘણાં બાળકો છે જે ચેષ્ટા નિયમિત બોલે છે ને કથા-વાર્તા પણ સારી કરે છે.

કે. સી.(પટેલ)ના કિરણનો દીકરો આર્મીમાં ગયો, પણ સત્સંગ હતો તો દારૂ-સિગારેટ કાંઈ નહીં ને વેજિટેરિયન (શાકાહારી) રહ્યો, તો સાહેબો રાજી થઈ ગયા ને કહ્યું – 'પૂજા પણ કર.'

સત્સંગમાં આવે તો સૌનો વિકાસ થાય. આપણે શરીરથી ભગવાનને રાજી કરવા જ જન્મ્યા છીએ. માટે અસ્મિતા સાથે ધર્મ અને સમાજનું કામ કરો.'

આ જ રીતે, તા. ૧૧/૬ના રોજ યોજાયેલા યુવાદિનની સવારે સભા-લાભ આપી સ્વામીશ્રી ભોજનના આસને બિરાજ્યા ત્યારે તેઓ પોતાની રોજેરોજની અતિ વ્યસ્ત દિનચર્યાના સંદર્ભમાં બોલ્યા: 'સાત સમેલિયો બળદ છે. ત્યાંથી અહીંયાં ને અહીંયાંથી ત્યાં, એમ ચાલ્યા કરે છે મારા ભ'ઈ!'

આવા પુરુષાર્થી તેઓ કેવા પરમાર્થી છે તેનો પુરાવો પણ આજની સાંજે લાધ્યો.

આ સમયે આવેલા ઇઝરાયલના ડેપ્યુટી કોન્સલ જનરલ શ્રી અવીવ એઝરાએ સ્વામીશ્રીને કહ્યું: 'આપ પવિત્ર આધ્યાત્મિક પુરુષ છો, ઐશ્વર્ય-સંપન્ન છો. તેથી આપને વિનંતી કરું છું કે ઇઝરાયલના કોઈ નાગરિકને હાનિ ન થાય એવા આશીર્વાદ આપો.'

આ નિવેદન સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'અમારો સિદ્ધાંત છે કે

'ભગવાન સૌનું ભલું કરો.' શત્રુ હોય એનું પણ સારું થાય.'

સ્વામીશ્રીની આ ભાવના જોઈ પેલા રાજદ્વારી તો ચકિત રહી ગયા.

ઓરડાને ખૂણા હોય, આકાશને નહીં ! તેમ દીવાલ વિનાનું દિલ ધરાવતા સ્વામીશ્રી પાસેથી કોન્સલ જનરલ પણ પરમાર્થનો પદાર્થપાઠ શીખી વિદાય થયા.

ખુરશી આપીએ અને લઈ પણ લઈએ

તા. ૧૧/૬ની સાયંસભામાં જવા સ્વામીશ્રી નીકળ્યા ત્યારે વાતાવરણમાં ગરમી હોવા છતાં તેઓએ શાલ ઓઢવા માંગી. તે જોઈ સેવકોએ પૂછ્યું : 'તબિયત નરમ જણાય છે ?'

પ્રત્યુત્તરમાં સ્વામીશ્રી કંઈ ન બોલ્યા. તેઓને ચિંતા શરીરની નહીં, યુવા-સભાની હતી. તેથી તેઓ શાલ ધારણ કરી સભામાં પહોંચી જતાં તબિયતની તપાસ શક્ય ન બની. પરંતુ સભા બાદ સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે થર્મોમીટરથી માપતાં તેઓના શરીરમાં તાવની માત્રા માલૂમ પડી. કાયાને કચડીનેય તેઓએ આજે પોતાના હૃદય સમા યુવકોને જાળવી લીધા.

આ જ રીતે તા. ૧૨/૬ની સવારે સ્વામીશ્રીએ કાર્યકરોની મીટિંગને પણ પોતાના કથળેલા સ્વાસ્થ્યનો ધક્કો લાગવા ન દીધો. તેઓએ તાવતૂટતા શરીરે આ બેઠકમાં હાજર રહી અમૃતધારા વહાવી કે –

'અહીં મંદિરો કરીએ છીએ એમાં આપ સૌ તન, મન, ધનનો ભોગ આપો જ છો. હવે સાથે સાથે જ્ઞાન અને સમજણ કરવાની છે. પરસ્પર સંપીને રહેવું. કોઈનો અવગુણ ન લેવો, ચૂં ચાં ન કરવી. ખેંચાખેંચી કે તાણાતાણી ન થવી જોઈએ. દેહે કરીને કે ધને કરીને સેવા કરવામાં વાંધો નહીં આવે, પરંતુ આ વધારે ધ્યાન રાખવાનું છે. જેમ ઘેર સગાં આવે અને મહત્તા આપીએ છીએ એટલી જ મહત્તા સત્સંગીને પણ આપવી.'

આ આશીર્વાદ બાદ સમૂહછબીનો તખ્તો ગોઠવાયો. તે વખતે સ્વામીશ્રીએ સ્થાનિક સત્સંગની પ્રવૃત્તિ સંભાળતા શાંતમૂર્તિદાસ સ્વામીને પણ વ્યવસ્થા મુજબ ખુરશીમાં બેસવા કહ્યું, પણ તેઓ સ્વામીશ્રી પાસે આ રીતે બેસવામાં ખચકાયા. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'અમે સામેથી ખુરશી આપીએ છીએ તો લઈ લે ને !' વળી, ઉમેર્યું : 'ખુરશી આપીએ પણ ખરા અને લઈ પણ લઈએ. એ વખતે મૂંઝાવાનું નહીં. હોદ્દો આપીએ અને લઈ લઈએ ત્યારે મનમાં ન થવું જોઈએ. હોદ્દો હતો જ ક્યાં ?!'

હોદ્દા સંબંધી આ એક મુદ્દો સમજાવી સ્વામીશ્રી ભાંગતી તબિયતે આજની સાંજે ગ્વિનિટ એરિનામાં આયોજિત ગુરુભક્તિ દિનની વિશિષ્ટ સભામાં પણ પધાર્યા. જો કે અહીં તેઓ અમૃતવાણી ઉચ્ચારી રહેલા ત્યારે તેઓના ગળામાં થતું દર્દ અવાજ દ્વારા રોકડું પરખાઈ રહ્યું. છતાં કષ્ટપૂર્વક કંઠને હલાવતા રહી સ્વામીશ્રી વીસ મિનિટ સુધી વરસ્યા. ગઈકાલે જ પોતાના માટે તેઓના મુખેથી નીકળેલું વિધાન 'સાત સમેલિયો બળદ છે'ને આજે સૌ સાર્થક થતું જોઈ ગદ્‌ગદ બની ગયા.

એટલાન્ટામાં શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ

તા. ૧૩/૬ની સવાર અમેરિકાના દક્ષિણ-પૂર્વ પ્રદેશમાં વસતા સત્સંગીઓ માટે સોનેરી સાબિત થઈ, કારણ કે આજે અહીંના લિલબર્નમાં આશરે ત્રીસ એકરની ભૂમિ પર શિખરબદ્ધ મંદિરના શિલાન્યાસની શરણાઈઓ ગુંજી રહેલી. આ અવસરે સ્વામીશ્રી તાવભર્યા શરીરે પણ સમયસર આવી ૩૦ x ૬૦ x ૧૪ ફૂટનું પરિમાણ ધરાવતા ગર્તમાં વિધિ માટે બિરાજી ગયા. મંદિરના પાયામાં તેઓની પરાભક્તિ સાથે પરિશ્રમ પણ પુરાવા માંડ્યો!

ગર્તમાં ઊતરેલા સ્વામીશ્રીએ પૂજોપચારની સાથે ૪૨ પ્રાસાદિક ભૂમિની રજ અને ૭૨ પવિત્ર નદીઓનાં જળ વડે શિલાઓ તથા સુવર્ણમંડિત નિધિકુંભને પૂજ્યાં. તે પછી તેઓએ ૧૦:૩૬ વાગ્યે જાતે જ નીચા નમી નિધિકુંભને ગર્તમાં પધરાવ્યો. તેના અંતે સુવર્ણરસિત લેલા દ્વારા પાંચ વાર સિમેન્ટનો માલ કળશની આસપાસ પૂર્યો. આ લાભ તેઓએ મુખ્ય યજમાનોને પણ અપાવ્યો.

ત્યારબાદ ૧૦:૪૬ વાગ્યાના સમયે શિલાનું સ્થાપન કરી સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે –

''અહીં શિલા બેઠી છે ને ઉપરાંત આ પૂજન કર્યું એટલે ભગવાન ઉપર બેસી ગયા. એટલે કંઈ હલશે નહીં. મંદિર હજારો-લાખો વર્ષો સુધી રહે ને અનેકને એનાં દર્શન થાય એ પ્રાર્થના કરીએ છીએ. આ પૂજન કર્યું એ કંઈ સામાન્ય પૂજન નથી. ભગવાન સાક્ષાત્ બિરાજમાન થયા છે ને શિલા બરાબર આપણે બેસાડી છે.

વાયુદેવ, વરુણદેવ, સૂર્યદેવ અનુકૂળ થઈ ગયા એટલે બહુ તાપ નહીં, ઠંડી નહીં, વરસાદ નહીં. ગઈકાલે રાત્રે વરસાદ હતો પણ અત્યારે બધું સાફ

થઈ ગયું. ભગવાનને આપણે આગળ રાખીએ તો ભગવાન આગળ-આગળ આપણું કામ કરે છે. વહેવારમાં છોકરા-છોકરી પરણાવીએ એ દેહના વહેવાર છે, એમ આ ભગવાનનો વહેવાર છે.

અમે આણંદમાં દાળ ઉઘરાવવા ગયા'તા. તે કેટલાક કહે, 'હમણાં આયા'તા ને વળી પાછા...?!'

'અરે, ભ'ઈ, એક વરસ થઈ ગયું! તું સમજ કેટલા વ્યવહાર થઈ ગયા!'

માટે શ્રદ્ધા, વિશ્વાસથી કરવું. સેવા મળી છે એ આપણાં ધન્યભાગ્ય!''

આ આશીર્વાદ બાદ બીમારીને કારણે સ્વામીશ્રી વિદાય લે અને સદ્‌ગુરુ સંતોની હાજરીમાં ઉત્સવ-સભા થાય તેવું આયોજન હતું, પરંતુ ૨૭ શિલાઓ પર પુષ્પો પધરાવી સ્વામીશ્રી સભામાં પણ બિરાજ્યા. આ સમારોહમાં તેઓને લિલબર્નના મેયર શ્રી જેક બોલ્ટને 'કી ટુ ધ સિટી'થી સન્માન્યા. જ્યોર્જિયાના ગવર્નરે મોકલાવેલા સન્માનપત્રનું પણ વાંચન થયું.

આ બહુમાન સ્વીકારી સ્વામીશ્રીએ ઉપસ્થિત ૬,૫૦૦ ભક્તો-ભાવિકો પર પુનઃ અમૃતધારા વરસાવી કે 'આ શિલાન્યાસમાં ભાગ લઈને આપણે પાયાના માણસો થયા. આ મંદિરથી હજારો, લાખો માણસોને પ્રેરણા મળશે ને કલ્યાણ થશે તેનું પુણ્ય આપને મળશે.'

કામ પોતાનું છતાં યશ બીજાને આપવાની આ રીત સાથે સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે તેઓ એટલો શ્રમ અનુભવી રહ્યા કે ભોજન ન લેતાં એક વાગ્યે સીધા જ શયનાધીન થયા. તે પછી તેઓએ છેક બપોરે સાડા ત્રણ વાગ્યે ઠાકોરજી જમાડ્યા. આમ, અપાર આત્મબળના આધારે સ્વામીશ્રીએ આજનો શિલાન્યાસ સમારંભ શોભાડી દીધો.

આ સંસ્થા કથા-વાર્તા ઉપર જ ઊભી છે

તા. ૧૪/૬ના રોજ પણ સ્વામીશ્રીના સ્વાસ્થ્યમાં સારાં વાનાં ન હોવાથી અલ્પાહાર પછીની મુલાકાતો મુલતવી રાખેલી, પરંતુ જેવું ચળું કર્યું કે સ્વામીશ્રી બોલ્યા: 'જે નવા હોય એને બોલાવી લો.'

જો કે આ રીતે મુલાકાતો આપવામાં તેઓને ઘણી તકલીફ પડી હશે, કારણ કે મળનારા પૂરા થતાં સંતોએ પૂછ્યું: 'હવે શું કરવું છે?' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'થોડો આરામ કરી લઈએ.' છતાં પડખું ઢાળતાં તેઓએ એ તો જણાવ્યું જ કે 'અગિયાર વાગ્યે મીટિંગ રાખી છે તો તે વખતે મને ઉઠાડજો.'

તે મુજબ શિથિલ શરીરમાં પણ સ્વસ્થ મન ધરાવતા સ્વામીશ્રી અગિયાર વાગ્યાના ટકોરે કાર્યવાહકો સાથે બેઠક યોજી બિરાજ્યા, પરંતુ તેમાં બાર વાગતાં સ્વામીશ્રીના ભોજનનો સમય સાચવવાના હેતુથી અગ્રણી હરિભક્ત શ્રી ઘનશ્યામભાઈ એમ. પટેલ બોલ્યા: 'આપણે પંદર મિનિટમાં આ મીટિંગ પતાવી દઈએ.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીની સૂચના આવી: 'તમે પતાવવાની વાત ના કરશો. કામ લઈને બેઠા હોઈએ ત્યારે સમયની સામે જોવાનું ન હોય. ઉતાવળમાં બધું પતાવો અને ચોખવટ ન થઈ હોય તો કાયમ ગૂંચવાડો રહે. એટલે શાંતિથી જ વાત કરજો.'

માંદગીમાં પણ સેવાના આ ઉત્સાહ સાથે સ્વામીશ્રીએ આજે ફક્ત કાર્યકરોને જ નહીં, પરંતુ કામ લઈને બેઠેલી પ્રત્યેક વ્યક્તિને ખપમાં આવે એવું માર્ગદર્શન આપતાં કહ્યું:

'આ તો મંદિરનું કામ છે, ધરમનું કામ છે. ગરમ થયે કંઈ ચાલે જ નહીં. હાથ જોડીને કહીએ તો લોકો કરે. માણસ છે બધા. પ્રેમથી, હેતથી કામ કરો તો નોકર-ચાકર બધા જ તમને ફૂલોથી વધાવે, નહીં તો ધિક્કારે.

નિષ્ઠા સાચી, ભાવના સાચી, મહેનત પણ સાચી, પરંતુ કામ કરવાની રીત શીખી જવી. ગુસ્સો કરવાથી કશું જ વળતું નથી. આબરૂ જાય અને લોકો ધિક્કારે. એના કરતાં મગજ શાંત રાખીને કાર્ય કરવું તો કામ પણ ઝડપી થશે અને મહારાજ રાજી થશે.

સેવા કરો છો એ ખોટું નથી, પણ રવિસભા તો કરવાની જ! એ વિના બધી જ સેવા નકામી થઈ જશે. આ સંસ્થા કથા-વાર્તા ઉપર જ ઊભી છે.'

વિદાય વેળાએ વાંચનની વાત

તા. ૧૫/૬ના રોજ પણ સ્વામીશ્રીની તબિયત અસ્વસ્થ હતી, અવાજ ભારે હતો, છાતીમાં કફ ખખડતો હતો, છતાં તેઓ મુલાકાતો આપી રહેલા.

તે સમયે આવેલા એક યુવકે પૂછ્યું: 'સ્વામીજી! ભગવાન કેવા છે?'

'આ દર્શન તો થાય છે!' સ્વામીશ્રી સહજભાવે બોલી ગયા.

તેઓના આ ઉદ્ગારમાંથી શ્રીજીનો સૂર સંભળાઈ રહ્યો કે *'અમો આવ્યા થકી સુખ જેવું, સંતથી તમને થશે તેવું...'*

પરંતુ પેલો મૂઢમતિ જીવ ભગવાનની આ ભાષા ન સમજી શક્યો. તેથી

સ્વામીશ્રીએ કહ્યું: 'મંદિરમાં જજે. મૂર્તિમાં ભગવાન છે એનાં દર્શન થશે.'

આમ, પાત્રતા પ્રમાણે પીરસતા તેઓ દસ દિવસ સુધી એટલાન્ટામાં અમૃતધારા વહાવી તા. ૧૬/૬ની સવારે મંદિરેથી વિદાય લઈ ઍરપોર્ટ પહોંચ્યા. અહીં ગાડીચાલક ડૉ. વસંતભાઈએ વિનંતી કરી કે 'બાપા! કોઈક વિશિષ્ટ સ્મૃતિ આપો.'

સ્વામીશ્રીએ તેઓને ગાડીના ડેશબૉર્ડ પર માર્કર પેનથી આશીર્વાદ લખી આપી ધન્ય કર્યા! પરંતુ હળવેથી પૂછ્યું પણ ખરું કે 'ડૉક્ટર! તમને વાંચનમાં રસ ખરો?'

'હા.'

'તો હવે ધીમે ધીમે વચનામૃત, સ્વામીની વાતો વગેરેનું પણ વાંચન કરવાનું ચાલુ કરજો. ધીરે ધીરે વાંચવું. ભલે ગુજરાતીનો અભ્યાસ છૂટી ગયો, એ નિમિત્તે ગુજરાતી પણ તાજું રહેશે અને સાંપ્રદાયિક ગ્રંથો પણ વાંચવા મળશે. જીવનચરિત્રો પણ વાંચવાં.'

વિદાય વેળાએ પિતા તરફથી પુત્રને જે કહેવાય તેમાં હૈયાની વાત ખૂલતી હોય છે. એવી જ આ શીખ સંભળાવી સ્વામીશ્રી ૧૧:૨૫ વાગ્યે એલ.એ. જવા નીકળ્યા.

આપણે પણ ઍડવાન્સ છીએ

એલ.એ. પહોંચવા સ્વામીશ્રીએ ઉડાન ભરી ત્યારથી તેઓ સમક્ષ અમેરિકાના આ પશ્ચિમી પ્રદેશ માટે શિખરબદ્ધ મંદિરની માંગ ઊઠવા માંડી. અધ્ધર આકાશમાં જ સહપ્રવાસી બનેલા હરિભક્ત શ્રી જયેશભાઈ પટેલે સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! આટલાં વર્ષોની મહેનત કર્યા પછી પણ એલ.એ.માં મંદિર માટે જમીનનો મેળ પડતો નથી.'

'એ માટે જ આવ્યા છીએ ને રોજ એના માટે અમે ભગવાનને પ્રાર્થના પણ કરીએ છીએ.' આમ કહેતાં સ્વામીશ્રી એલ.એ.ના ઍરપોર્ટ પર ઊતરી મંદિરે પહોંચ્યા.

પરંતુ અહીં મંદિરના ઝાંપે યુવકો શ્રી રાકેશ પટેલ, સંદીપ પટેલ, કલ્પેશ મિસ્ત્રી વગેરે રસ્તો રોકી ઊભા રહી ગયેલા. તેઓના આ પ્રહસનનો ફોડ પાડતાં કૈવલ્યમૂર્તિદાસ સ્વામીએ જણાવ્યું: 'બાપા! આ બધા એમ કહે છે કે મંદિર માટેની જમીનનું ન થાય તો આજે ઝાંપામાંથી અંદર નહીં

આવવા દઈએ.'

'તો અમે બહાર સૂઈ જઈએ. અમને કાંઈ વાંધો નથી. અમે તો જંગલના રાજા છીએ.' કેફપૂર્વક આટલું કહેનારા સ્વામીશ્રીના મુખેથી અંતે વરદાન સરી પડ્યું : 'થઈ જશે જમીનનું !'

આ જ નિર્ધાર તેઓ આજની સાયંસભામાં પણ વ્યક્ત કરતાં બોલ્યા : 'અમેરિકા દેશ ઍડવાન્સ (આગળ) છે એમ આપણે પણ ઍડવાન્સ છીએ. મંદિરની જમીન તો મળશે. આપણે ઍડવાન્સમાં જય બોલાવી દો. આ વખતે આ પાર કે પેલી પાર, કામ થઈ જવાનું !'

કેવળ જમીન જ નહીં, એ જમીન પર મંદિર પણ દેખતા હોય એવો વિશ્વાસ સ્વામીશ્રીની વાણીમાંથી રણકી ઊઠ્યો.

તે પછી તેઓએ સૌમાં ભગવાનનો ભરોસો ઘૂંટાવ્યો કે –

'આપણે તો ભગવાનને આશરે બેઠા છીએ. ભગવાનનું કાર્ય ભગવાન કરે છે. સત્સંગ વધ્યો ને હજી વધશે, પરંતુ મોળી વાત ન કરવી. મોટાપુરુષના વચનમાં વિશ્વાસ કરવો. ૨૫,૦૦૦ના ૫૦,૦૦૦ મળે તો પણ રવિસભામાં આવવું. આવે તો ૨૫,૦૦૦ના ૫૦,૦૦૦ મળે. આજ્ઞા પાળે તો વ્યવહારમાં ખોટ ન જાય. એમની આજ્ઞાથી એક માળા ફેરવે તો હજાર માળા જેટલું ફળ મળે, એક ઉપવાસ કરે તો હજાર ઉપવાસ જેટલું ફળ મળે, એક રૂપિયો સેવા કરે તો હજાર મળે.'

ભૂલા પડીને કર્યું ભલું

તા. ૧૭/૬ની રાત્રે અગ્રણી સંતો સ્વામીશ્રી સાથે બેસી ચાતુર્માસમાં આપવાના વિશેષ નિયમો અંગે વિમર્શ કરી રહેલા. તેમાં નારાયણમુનિદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! આ વખતે 'સૌ સંતો સાંજે ચાર વાગ્યાની માનસી કરે' – એવું લખવું છે ?'

'ભલા આદમી ! આમાં વિશેષ નિયમ ક્યાં છે ? આ તો કાયમનો છે. બધાએ કરવું જ જોઈએ. એમાં 'વિશેષ વ્રત' લખવાથી ફાયદો શું ?' સ્વામીશ્રી બોલ્યા.

પડછાયા લાંબા થતા જાય ત્યારે સમજવું કે સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં છે. તેમ આવશ્યકને પણ 'વિશેષ'નો દરજ્જો મળવા માંડે ત્યારે પ્રણાલીઓ મૃતઃપ્રાય થઈ જાણવી. આવાં ભયજનક બિંદુઓને સ્વામીશ્રી

પારખી જતા અને તે અનુસાર ટકોર કરી પરંપરાઓને જીવંત રાખતા.

તે માટે ઠેર ઠેર મંદિરો પણ સર્જી રહેલા તેઓનો કૃપાકુંભ આ વખતે એલ.એ. પર ઢળતાં તા. ૧૯/૬, રથયાત્રાના દિવસે શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ આવી પહોંચ્યો.

અલબત્ત, જ્યારથી આ મંદિર માટે ચિનો હિલ્સમાં પસંદ કરેલી જમીનનું સંપાદનકાર્ય હાથ ધરાયું ત્યારથી કેટલાક વિઘ્નસંતોષીઓ તરફથી અડચણો આવતી રહેલી. તેથી કંટાળી એક તબક્કે તો શ્રી રવિભાઈ વગેરે સ્થાનિક હરિભક્તો સ્વામીશ્રીને પૂછી બેઠેલા કે 'બાપા! ચિનો હિલ્સ સિવાય બીજે જમીન અંગે વિચાર કરીએ કે કેમ?'

'આપણે એ જ જગ્યા પર મંદિર કરવું છે.' સ્વામીશ્રીએ સ્પષ્ટ નિર્ણય આપેલો.

તે પછી જ્યારે-જ્યારે વિરોધનો વંટોળ ફૂંકાયો ત્યારે-ત્યારે તેને પોતાની આગવી સૂઝ અને હિંમતથી વિખેરતા રહી તેઓ આજે આ પ્રકલ્પને શિલાન્યાસની ક્ષણ સુધી લઈ આવેલા. જો કે હજીયે ભૂમિસંપાદન માટેની સંપૂર્ણ કાર્યવાહી સંપન્ન થઈ ન હોવાથી શિલાન્યાસ ઓન્ટારિયો કન્વેન્શન સેન્ટરમાં યોજાયેલો.

તે માટે સ્વામીશ્રી આ સ્થળ પર પહોંચ્યા ત્યારે એક સ્વયંસેવક તેઓને લિફ્ટ દ્વારા પહેલા માળના એક ઓરડા સુધી દોરી ગયા, પરંતુ ત્યાં તો આજની સભાના આમંત્રિતો અલ્પાહાર લઈ રહેલા. તેઓ સ્વામીશ્રીને જોતાં જ સહેજ સંકોચાઈ ગયા. ત્યાં ઊભેલા કાર્યકર શ્રી ગોવિંદભાઈ વઘાસિયા વગેરે પણ ચોંકી ઊઠ્યા, કારણ કે સ્વામીશ્રીને સીધા વિધિ માટે મંચ પર લઈ જવાના હતા. તે માટેનું પ્રવેશદ્વાર અલગ હતું. પરંતુ સંકલનના અભાવે ગોટાળો સર્જાઈ ગયેલો!

છતાં લેશ ક્ષોભ પામ્યા વિના સ્વામીશ્રી હસતાં હસતાં બોલી ઊઠ્યા: 'વી.આઈ.પી.ના વી.આઈ.પી. પણ રખડી પડ્યા!'

આમ, ગરબડને ગુસ્સાનો નહીં, પણ ગમ્મતનો વિષય બનાવતા તેઓ પુનઃ લિફ્ટ દ્વારા નીચે ઊતર્યા.

હવે અહીંથી ગાડીમાં બેસી બીજા દરવાજે પહોંચવાનું હતું, પણ નીચે જઈને જોયું તો ગાડીચાલક તો સ્વામીશ્રીને ઉતારી મોટરને પાર્કિંગમાં ખડી કરી સભામાં ગોઠવાઈ ગયેલા! તેથી સંતો મૂંઝાયા.

આ પરિસ્થિતિનો ખ્યાલ આવતાં સ્વામીશ્રી બોલ્યા : 'આપણે ક્યાં એ ગાડી લખી રાખી છે ! કોઈ પણ ગાડી હોય એને ઊભી રાખીએ.' આમ કહી તેઓએ ત્યાંથી પસાર થઈ રહેલી એક કાળી મર્સીડીઝને જાતે જ હાથ લાંબો કરી ઊભી રાખી.

તે મોટર હંકારી રહેલા યુવાન વિપુલ પટેલના મનમાં સંકલ્પ રમી જ રહેલો કે 'સ્વામીશ્રીની ગાડી ચલાવવાની સેવા કરવી.' એટલું જ નહીં, આ ગાડી જે ગુણાનુરાગી શ્રી નરેશભાઈની હતી તેઓને પણ મનોરથ હતો કે 'મારી ગાડીમાં સ્વામીશ્રી બિરાજે.'

આ બેય મનોકામનાઓ આજે એકસાથે પૂરી થઈ રહી. તે જાણી શિલાન્યાસની મહાપૂજા માટે સભાગૃહમાં બેસી ગયેલા મોટરમાલિક તો એવા રણઝણી ઊઠ્યા કે તેઓએ ૧,૧૦,૦૦૦ ડૉલરની વિશેષ સેવા નોંધાવી દીધી !

ભૂલા પડીને પણ સૌનું ભલું કરનારા હતા સ્વામીશ્રી !

માળા એ જ અમારી બંદૂક

સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઓન્ટારિયો કન્વેન્શન સેન્ટરના મંચ પર ધામધૂમપૂર્વક ૨૭ શિલાઓનું પૂજન થયું ત્યારે ઓન્ટારિયોના મેયર સહિત ચિનો હિલ્સ, સાન્તાક્લારા, સાન બર્નાર્ડિનો વગેરે કાઉન્ટીના અમેરિકન પદાધિકારીઓ અને કેલિફોર્નિયાના ગવર્નરની કચેરીમાંથી સન્માનપત્ર સાથે આવેલા પ્રતિનિધિ પણ વેદવિધિ જોઈ વિસ્મિત થઈ ગયા. આ સાથે ગઈકાલે સ્વામીશ્રીના ઉતારે આવી સ્મૃતિભેટ અને સન્માનપત્ર અર્પણ કરી ગયેલા હવાઇન ગાર્ડન્સના મેયરની પણ નોંધ લેવામાં આવી.

અમેરિકન રાજનેતાઓનાં આ બહુમાન સ્વીકારી સ્વામીશ્રી આજે એકત્રિત થયેલા ૩,૫૦૦ ભક્તો-ભાવિકો પર આશીર્વાદ વરસાવતાં બોલ્યા :

'કેટલીક વખત મોડું થાય એમાં પણ સારું હોય અને કાર્ય પણ પાછું સર્વોપરી થાય. આપણા બધાની પ્રાર્થના છે તો મહારાજ ધીરજનો અંત લાવશે. હજારો માણસો મંદિરનો લાભ લેશે. દેવો અનુકૂળ થઈ જાય, માણસો અનુકૂળ થઈ જાય એ માટે પ્રાર્થના કરીએ છીએ. તો બધા બળ-હિંમત રાખજો.'

આ રીતે એક અનોખો શિલાન્યાસ સમારોહ સંપન્ન થયો.

નીર વિના નૌકા ચલાવે એ નાવિકની કેવી કળા ! તેમ ભૂમિ વિના શિલાન્યાસ કરી દેનારા સ્વામીશ્રીની આ લીલા પણ ઘણાને અકળ લાગી.

તેને અનુસરતાં સ્વામીશ્રી તા. ૨૦/૬ની સાંજે પુનઃ ઓન્ટારિયો કન્વેન્શન સેન્ટરમાં સભા માટે જઈ રહેલા ત્યારે માર્ગમાં મંદિર માટે નિર્ધારિત કરેલી આશરે વીસ એકરની જમીન આવી. અત્રે શ્રી પરેશભાઈ પટેલ વગેરે હરિભક્તો સાથે વીસેક મિનિટ સુધી ભૂમિનું નિરીક્ષણ કરનારા સ્વામીશ્રીએ અંતે તારની વાડ પાસે જઈ ચાર વાર પ્રાસાદિક પુષ્પો જમીન પર પધરાવ્યાં. તેની સાથે તેઓએ પ્રસાદીભૂત જળનો છંટકાવ કરતાં સંકલ્પ કર્યો કે 'જગ્યા બહુ જ સરસ છે, તો કોઈ વિઘ્ન ન આવે ને એક ધડાકે કામ થઈ જાય.'

સ્વામીશ્રીનાં આવાં કાર્યોથી પ્રભાવિત ગાર્ડેનાના મેયરે તા. ૨૧/૬ની સાયંસભામાં સન્માનપત્ર આપી સ્વામીશ્રીને બિરદાવ્યા, તો નોર્વેકના મેયર વતી નગરના કાઉન્સિલરે 'કી ટુ ધ સિટી'થી સ્વામીશ્રીને વધાવ્યા.

આ જ રીતે તા. ૨૬/૬ની સાંજે એનાહેમ કન્વેન્શન સેન્ટરમાં ધર્મલાભ આપી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે સંતવિચરણનો અહેવાલ શરૂ થયો. તેમાં યશોનિધિદાસ સ્વામીએ સ્વાનુભવ વર્ણવ્યો કે 'અમે ઇન્ડિયો શહેરમાં એક ભાવિકના ઘેર પધરામણી કરવા ગયા ત્યારે તેઓએ અમને પૂછ્યું – તમારે ત્યાં આતંકવાદીઓ આવ્યા છતાં તમે કેમ બેસી રહ્યા? પ્રમુખસ્વામીએ હવે માળાને બદલે બંદૂક ને તલવાર આપવાં પડશે.'

'માળા એ જ અમારી બંદૂક છે.' સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

તેઓનું આ શસ્ત્ર સંહારતું નહીં, પણ સુધારતું. તેને પોતાના હાથમાં ધારી સ્વામીશ્રી તા. ૨૮/૬ની સાંજે એલ.એ.થી ઑર્લાન્ડો આવી પહોંચ્યા.

કંઠી અને કુટુંબ તૂટવા ન દેવાં

વિશ્વભરની મનોરંજન-નગરી સમા ઑર્લાન્ડોમાં મંદિર રચી સ્વામીશ્રીએ તેને મોક્ષનગરી પણ બનાવી છે. તેમાં તા. ૨૯/૬ની સવારે તેઓને મળવા આવેલા એક યુવાનની ઓળખ આપતાં સ્થાનિક હરિભક્તે કહ્યું: 'બાપા! આ મારા બનેવી છે.'

'તમારા બનેવી છે, પણ અમારા તો જૂના સત્સંગી છે.'

દેહનો નહીં, પણ જીવનો સંબંધ જણાવતાં સ્વામીશ્રી એ આગંતુકના દાદા પુરુષોત્તમભાઈ જોરાભાઈની વાત કરતાં બોલ્યા: 'તમે તો આ બોચાસણ સંસ્થાના પાયામાં છો.'

તે દ્વારા એ યુવાનમાં અસ્મિતાનું અમીસિંચન કરી તેના ગળામાં હાથ ફેરવતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'કંઠી છે?'

'ના, તૂટી ગઈ છે.'

'તૂટવા ન દેવી. આ દેશમાં કંઠી અને કુટુંબ – બેય તૂટવા ન દેવાં.' સ્વામીશ્રી બોલ્યા.

અમેરિકા દેશની દશા અને દિશા જોઈ તેઓએ આપેલું આ માર્ગદર્શન સર્વદેશી છે.

આવું જ એક સર્વસ્પર્શી દિશાદર્શન સ્વામીશ્રીએ આજની સાંજે બોબકાર પરફોર્મિંગ આર્ટ સેન્ટરમાં યોજાયેલી સભામાં કરાવ્યું. તે સાંભળી ફ્લોરિડાના એટર્ની જનરલ શ્રી ચાર્લી બોલી ગયા: 'આપની વાતમાં ભગવાનનો સાર આવે છે. આપનો સંદેશ મને ખૂબ જ ગમ્યો છે.'

આ અહોભાવના પ્રતિભાવમાં 'સારી વાત ભગવાન આવીને બોલે છે' કહી સ્વામીશ્રી વિદાય થયા.

પરંતુ તેઓ વિષે આવો જ આદરભાવ લઈ તા. ૩૦/૬ની સાંજે ઑર્લાન્ડોના મેયર શ્રી ડાયર આવી પહોંચ્યા. તેઓએ ઑરેન્જ કાઉન્ટી કન્વેન્શન સેન્ટરમાં યોજાયેલી ગુરુપૂર્ણિમાની પ્રતીક સભામાં ઉપસ્થિત ૬,૦૦૦ ભાવિકોના હર્ષનાદ વચ્ચે સ્વામીશ્રીને સન્માનપત્ર આપી નવાજ્યા અને સ્વામીશ્રીની સ્મૃતિમાં જાહેરાત કરી કે 'જૂનની ૩૦મી તારીખ ઑર્લાન્ડો નગરમાં 'સામાજિક અને આધ્યાત્મિક કાળજીના દિવસ' (Social and Spiritual care day) તરીકે ઊજવાશે.'

આમ, સ્વામીશ્રીનું સાંનિધ્ય સૌમાં શુભ પ્રેરણા સીંચતું રહેતું.

તેનું પાન કરવા તા. ૧/૭થી યુવાશિબિર આરંભાઈ ગઈ.

કોઈ દિવસ મોળો વિચાર નથી આવ્યો

તા. ૧/૭ની સાંજે ૬:૧૦ વાગ્યે સ્વામીશ્રી ઑરેન્જ કાઉન્ટી કન્વેન્શન સેન્ટરમાં આવેલા F-૨૩૪૫ ક્રમાંકના સભાગૃહ પાસે પધાર્યા ત્યારે આ સભાખંડ ૯૧૬ યુવા-યુવતીઓથી ખીચોખીચ હતો. તેમાં મયૂર રથ પર આરૂઢ સ્વામીશ્રીએ પ્રવેશ કરતાં જ *'જેમ ચંદ્ર ઉદય જ્યારે થાય, અતિ સાગર જળ ઊભરાય...'* જેવો નજારો જામી ગયો.

આંખો અનેક, પણ દૃષ્ટિ એક!

હૃદય અનેક, પણ ભાવના એક!
મન અનેક, પણ વિચાર એક!

આવા અલૌકિક વાતાવરણને સર્જતી સ્વામીશ્રીની સ્વાગતયાત્રા મંથર ગતિએ શિબિરાર્થીઓ વચ્ચેથી સરકતી સરકતી મંચ સુધી પહોંચી.

અહીં રથમાંથી ઊતરી મંચ પર સ્વામીશ્રીનું પદાર્પણ થતાં જ મંચની પિછવાઈમાં શોભતા વિશાળ ચિત્રપટ પર વિવિધ દૃશ્યાવલિઓ આકાર લેવા માંડી. તે સમજાવતી હતી કે –

'હે સ્વામી! આ બ્રહ્માંડમાં અસંખ્ય આકાશગંગાઓ. તેમાંથી આપે અવતરણ માટે આ આકાશગંગા પસંદ કરી, પણ તેમાંય આ સૂર્યમંડળ, તેમાંય અનેક ગ્રહોમાંથી આ પૃથ્વી, તેમાંય અબજો મનુષ્યોમાંથી આપે અમને પસંદ કર્યા તે બદલ અમે મહાભાગ્યવાન છીએ.'

સૌને સાંકળતી આ અનુભૂતિનું નિદર્શન નિહાળી સમગ્ર હૉલ તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠ્યો. તેની વચ્ચે ઊઠેલા જયનાદો ઝીલતાં સ્વામીશ્રીએ આસન પર સ્થાન ગ્રહણ કર્યું. તે સાથે જ 'વિચરણ' વિષયક શિબિરનો મંગલદીપ પ્રગટી ઊઠ્યો.

તેના ઉજાશમાં પરવાના થઈને હોમાવા આવેલા શિબિરાર્થીઓ વતી સ્વામીશ્રીને પ્રશ્ન પુછાયો કે 'બાપા! આપ કષ્ટો વેઠી, બીમારીને અવગણી સતત વિચરી રહ્યા છો, તો એની પાછળ કયો વિચાર છે?'

આ જિજ્ઞાસા સંતોષતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'મુમુક્ષુને જ્યારે આધ્યાત્મિક માર્ગમાં આગળ વધવાનું હોય ત્યારે એક વિચાર દૃઢ થઈ જાય પછી ગમે તેટલાં વિઘ્નો આવે પણ પોતાનું કાર્ય મૂકી ન દે. એટલે શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા પછી મને બીજો કોઈ વિચાર જ નથી આવ્યો! વહીવટ કરવાનો એમાં પ્રશ્નો આવે. બીજું, હરિભક્તોને રાજી રાખવા ને કહે એમ કરવું એ પણ નક્કી કરેલું. આધ્યાત્મિક માર્ગમાં બીજું કંઈ ન હોય, પણ ભગવાન કે ગુરુની સામે જોવાનું હોય. એમને શું રુચે એ જ વિચાર પર જીવન રાખવાનું. બીજું જોવા જઈએ તો કોઈ દા'ડો પ્રોગ્રેસ (પ્રગતિ) ન થાય.

ભગવાન કર્તા છે. એ જે કરતા હશે તે સારું કરશે. આપણે કોઈ કાર્ય કરીએ ને ન થાય તો વિક્ષેપ થાય ને મન પાછું પડે, પણ આપણે એક જ વિચાર છે કે આ શાસ્ત્રીજી મહારાજની સંસ્થા છે ને જોગી મહારાજના આશીર્વાદ છે,

એટલે કોઈ દિવસ મોળો વિચાર નથી આવ્યો, થાક નથી લાગ્યો. મુખ્ય એ કે આપણું ધ્યેય સાચું હોય તો ભગવાન બધું અનુકૂળ કરે છે.

તો આ જે કાર્ય થયું છે એમાં પહેલેથી જ નક્કી હતું કે શાસ્ત્રીજી મહારાજ રાજી થાય ને બીજું, જોગી મહારાજના આશીર્વાદથી. આપણે કાંઈ કર્યું નથી. આપણને જે વાત મળી છે એ સાચી છે. મુશ્કેલી આવે તોય મૂકવી નહીં. સાચા ગુરુ મળ્યા છે તો આપણે કંઈ વાંધો આવવાનો નથી.'

સુખમય સંસારની શીખ

શિબિર દરમ્યાન સ્વામીશ્રીનો નિવાસ શિબિરસ્થળના પરિસરમાં જ ઊભેલી રોઝન પ્લાઝા હૉટલના ચૌદમા માળે રાખેલો. અહીં તેઓ ૧૪૩૯ ક્રમાંકના ઓરડામાં પરવારી તા. ૨/૭ની સવારે નિત્યપૂજા માટે કન્વેન્શન સેન્ટર પાસે જઈ પહોંચ્યા. પરંતુ અત્રે ગરબડ એ સર્જાઈ કે ગાડીચાલક જ્યાંથી પ્રવેશવાનું હતું તે સિવાયના અન્ય દરવાજે ગાડી લઈ ગયો અને ત્યાં તાળું હતું. તેને ખોલાવવા ઘણા ઉધામા થયા, પણ તે વ્યર્થ નીવડતાં અંતે જે દરવાજેથી પ્રવેશ મેળવવાનો હતો ત્યાં જ ગાડી લઈ જવી પડી. તે વખતે હસતાં હસતાં ગાડીમાંથી ઊતરેલા સ્વામીશ્રી બોલ્યા : 'આજે ગુરુપૂનમે ગુરુ પણ હલવાણા.'

શરમજનક પરિસ્થિતિને પણ રમૂજપ્રેરક બનાવવાનું તેઓને ખૂબ ફાવતું. તે દ્વારા તેઓ કસૂરવારનાં ક્ષતિ-ક્ષોભને હાંકી કાઢતા. આવા ગુરુ પ્રાણપ્રિય કેમ ન બને ?

તેથી આજે સ્વામીશ્રી સભાસન પર નહીં, પરંતુ સૌનાં હૃદયાસન પર બિરાજી પ્રાતઃપૂજામાં પરોવાયા. તે દરમ્યાન ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુગુણનો ગુલાલ ખૂબ ઊડ્યો. તે આજના દિવસના પ્રત્યેક કાર્યક્રમ પર પણ છવાઈ રહ્યો. તેની છાયા તળે સ્વામીશ્રીએ સવારના સત્રમાં *'જોઈ મૂરતિ મનોહર તારી...'* કીર્તન ગાઈ સૌનાં હૈયાં હરખાવ્યાં.

આ હરખ સાથે જ આરંભાયેલા તા. ૩/૭ના દિવસે કુટુંબધર્મનો કક્કો ઘૂંટાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'જેણે આપણને મોટા કર્યા એ મા-બાપને આપણે અંતિમ શ્વાસ સુધી ન ભુલાય અને એમની સેવા કરીએ એ આપણી સંસ્કૃતિ છે. જીવનસાથીની પસંદગીમાં પણ તમને વિચાર થયો હોય તો તેમાં મા-બાપની સંમતિ મેળવો.

એ ન થાય તો એને કન્વીન્સ કરવા (સમજાવવા) પ્રયત્ન કરો, પણ એને દુઃખ થાય એવું ના કરો. એને જણાવવું જ જોઈએ. મા-બાપ એગ્રી (સંમત) થાય તો આગળ વધો. આ એક સંસ્કૃતિ સાચવવી જોઈએ. પસંદગીમાં પણ સમાજની દૃષ્ટિએ, ધર્મની દૃષ્ટિએ વિચાર કરો. આજે આપણે ભણ્યા-ગણ્યા તે સ્વતંત્ર નથી, આપણે પરતંત્ર છીએ. ભગવાનના સેવક છીએ એટલે એમના આદેશો પાળીને સર્વપ્રકારે સુખિયા થઈએ.

આજે બાપ દીકરા પર કેસ (દાવો) કરે ને છોકરો બાપ પર કેસ કરે. એ ના થાય એ માટે ધર્મ છે. આત્મીયતા થાય એ માટે રોજ પાઠ-પૂજા થાય એમ કરવું. જમવા ભેગા બેસવું ને એકબીજાને મનદુઃખ થાય તો એ લાંબું થવા દેવું નહીં. આપણા સત્સંગમાં કે કુટુંબમાં કે ક્યાંય આંટી પડવા દેવી નહીં. ઘરમાં પણ સૉરી (માફ) કરતાં શીખો. મા-બાપને સૉરી કહેવડાવવાનું હોય જ નહીં! એમની તો આજ્ઞા જ પાળવાની હોય.'

સુખમય સંસારની આ શીખ આપી સ્વામીશ્રીએ આજની સાંજે રંગોત્સવનો લાભ આપ્યો. તેમાં શિબિરાર્થીઓનાં કાયા, કપડાં અને કાળજાં – ત્રણેય રંગાયાં.

આ બેઠા એ અક્ષરધામ જ છે

તા. ૪/૭ની સવારથી યુવા શિબિરાર્થીઓ વિદાય થવા માંડતાં આજના અલ્પાહાર દરમ્યાન સ્વામીશ્રી સમક્ષ કેવળ સંતો લાભ લઈ રહેલા. તેઓએ અત્રે અમેરિકામાં નિહાળેલાં કેટલાંક જ્ઞાનસભર પ્રદર્શનોનું વૃત્તાંત રજૂ કર્યું ત્યારે સ્વામીશ્રીએ સામે બેઠેલા અક્ષરનયનદાસ સ્વામીને પૂછ્યું: 'હવે તો કંઈ જોવાનું રહ્યું નહીં ને?!' આમ કહી સ્વામીશ્રીએ જ ઉમેર્યું: 'એક અક્ષરધામ જોવાનું બાકી રહી ગયું છે!'

'એ તો સામે જ બેઠા છે.' અક્ષરનયનદાસ સ્વામી બોલ્યા.

ત્યારે 'બસ, 'આ બેઠા એ અક્ષરધામ જ છે' એમ સમજવું' કહી સ્વામીશ્રીએ સમર્થન આપી દીધું.

તેથી વ્યાપી વળેલા હર્ષોલ્લાસ વચ્ચે તેઓએ આજની સવારે શિબિર-સ્થળે પધારી ટેમ્પા અને સવાનાનાં મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા. આ અવસરે તે તે શહેરોના સત્સંગીઓને સ્મરણીય આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'સવાના સવાયા જ થવાના ને ટેમ્પાને કાયમ

ટેમ્પો (ઉત્સાહ) રહેવાનો. ભગવાન બેઠા એનો કાયમ આનંદ રહેશે.'

ભગવાનનો આ આનંદ લૂંટવા જ આજની સાંજથી કિશોર-કિશોરી શિબિર શરૂ થઈ. તેમાં દોડી આવેલા ૧,૭૫૦ શિબિરાર્થીઓને શિબિરનો હેતુ દૃઢાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે અક્ષરરૂપ થવાનું છે. ભગવાન અને સંતના ગુણ આપણામાં આવે તો અક્ષરધામનું સુખ આવે. એના માટે આ શિબિર છે.'

શિબિરનો આ પ્રારંભિક સંદેશ આપી પોતાના ઉતારે પધારેલા સ્વામીશ્રી ભોજનથી પરવાર્યા ત્યારે નારાયણમુનિદાસ સ્વામીએ વાત મૂકી કે 'આપ આ પ્રવાસમાં જ્યારે લંડન પધારો તે વખતે શિબિર દરમ્યાન અમેરિકાના સંતોને પણ લાભ લેવાની ઇચ્છા છે, તો...'

આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'જીવનમાં ઉતારે તે લાભ. આજ્ઞા પાળે તે લાભ. આ બેઠા એ લાભ છે? જીવમાં ઊતર્યું કેટલું? પાછી વૃત્તિ કેટલી થઈ? આ તો ત્યાં જઈને 'મને આ ગમ્યું - ન ગમ્યું' એવી અભાવ-અવગુણની વાતો થાય!

સાધુતાની, સ્વભાવ ટાળવાની વાત થાય તે લાભ કહેવાય. આ વાત અંતરમાં ઊતરે તેટલું સુખ. મૂંઝવણ ટળે તે લાભ.'

સ્વામીશ્રીના મતે સત્પુરુષના લાભની વ્યાખ્યા હતી – આંતરિક ફેરફાર, નહીં કે તેઓ સાથે હરફર.

...તો નિયમો પળાય

'વિચરણ'ના મધ્યવર્તી વિચાર સાથે આગળ ધપી રહેલી શિબિરમાં તા. ૫/૭ની સવારે કિશોરો દ્વારા સ્વામીશ્રીને વિનંતી થઈ કે 'બાપા! અનેક સંજોગોમાં પણ આપે ધર્મ-નિયમની અતિશય દૃઢતા રાખી છે, તો આપ અમને એવા આશીર્વાદ આપો કે અમને પણ કઠિન સંજોગોમાં ધર્મ-નિયમની દૃઢતા રહે.'

છડેચોક ધર્મભંગ કરવામાં જ બહાદુરી ગણવા ટેવાયેલી આજની કિશોર-પેઢીથી સ્વામીશ્રીના કિશોરો ઘણા અલગ હતા તે આ તાલાવેલી સૂચવી ગઈ!

તેથી રીઝેલા સ્વામીશ્રી પોતાના આ માનસપુત્રોને અમૃતપાન કરાવવા તત્પર થયા, પણ અત્યારે ચાલી રહેલા કાર્યક્રમના શિરસ્તા અનુસાર વક્તાએ બોલતાં પૂર્વે નગારું વગાડવું ફરજિયાત હતું. કિશોરોની આ ગોઠવણીમાં

ભળતાં સ્વામીશ્રીએ તાલબદ્ધ નગારું ગગડાવી ધર્મનો ઢોલ સુણાવ્યો કે –

'પહેલામાં પહેલું ભગવાન સ્વામિનારાયણને વિષે પૂર્ણ શ્રદ્ધા થાય કે 'એ ભગવાન છે જ અને એમણે જે પ્રણાલિકા અને નિયમો આપ્યાં છે એ બરાબર જ છે!' તો ભગવાને આપેલા નિયમો પળાય. ભગવાન અને ગુરુ એ બેયમાં આપણને દૃઢ શ્રદ્ધા હોય કે 'ખરેખર આ મારું સારું કરનાર છે' તો નિયમો પળાય. ભલે તમને સમજાય કે ન સમજાય, પણ તમે કર્યે જ જાવ તો ધીરે ધીરે એનું જ્ઞાન થઈ જશે.

અનુભવી માણસ પાસે જઈએ તો પીએચ.ડી. થવાય છે, એમ આપણે અક્ષરધામની ડિગ્રી લેવાની છે, તો ભગવાન અને ગુરુ જે કહે એમાં બરાબર શ્રદ્ધા, વિશ્વાસપૂર્વક કરવું. પ્રણાલિકાઓ એટલા માટે છે કે એમાં જેટલા આપણે ઓતપ્રોત થઈએ એટલા આપણે ભગવાનની વધારે નજીક જઈ શકીએ છીએ. તમારી છાપ એવી પડી જાય કે 'આ તો સ્વામિનારાયણ છે એટલે દારૂ, માંસ વગેરે કાંઈ લેશે જ નહીં!' પણ આ તો તમે જ મૂકી દો એટલે તમારું મોરલ (નૈતિક બળ) તૂટી ગયું. પછી દુનિયામાં કોઈ તમારો વિશ્વાસ નહીં કરે. એટલે ચારિત્ર્ય, નિષ્ઠા સચવાવાં જોઈએ. સમય લાગશે, પણ એ કરવું જ! આ માર્ગે આવ્યા છીએ એ સારામાં સારો માર્ગ છે, માટે નિયમો પાળજો. તમને બળ મળશે અને સુખિયા પણ થશો.'

સ્વામીશ્રીએ આજે એવાં હેત અને હળવાશથી બોધ આપ્યો કે દૃઢ ધર્મપાલન માટે કિશોરો કટિબદ્ધ થઈ ગયા.

I will always be with you

કિશોરપેઢીને પાયમાલ કરી રહેલાં 3D – Drugs(નશીલા પદાર્થો), Drinks(દારૂ) અને Dating(વિજાતીય મૈત્રી)નાં દૂષણો સામે શિબિરાર્થીઓને સાવચેત કરતા કાર્યક્રમો તા. ૬/૭ના શિબિરસત્રમાં રજૂ થયા. આ જ વિષયના અનુસંધાનમાં સ્વામીશ્રીએ પણ જાગૃતિનો શંખનાદ ફૂંકતાં કહ્યું :

'કેટલાંક ઝેર એવાં છે કે એને જોવાથી ઝેર ચડે. રૂપ તમે જુઓ ને તમને ઝેર ચડતાં જાય. જેનાથી આપણને નુકસાન થાય એ વાતો આપણે કાઢવાની છે. સમાગમ સતત હોય તો એ થાય. દરરોજ અડધો કલાક એનું સતત મનન, ચિંતન કરો. દરરોજ કલાક કંઈક સારું વાંચન કે સારી વાતો કરો તો તમારી દૃઢતા થશે. 'હું આ માર્ગે ચાલીશ તો થશે જ' – એ દૃઢ વિશ્વાસ!

પ્રશ્નો તો આવે જ, પણ મૂકી ના દેવાય. વિષયો તો કૂતરાં-બિલાડાં પણ ભોગવે છે. આપણે એનાથી કંઈક જુદા છીએ.

વ્યસનોનો નિષેધ છે એ તમે દૃઢ વિશ્વાસ રાખી એ તરફ ના જતા, તો ભગવાન અખંડ આપણી સાથે છે, ગુરુઓ આપણી સાથે છે. આપણે ભગવાનને પોતાના માનીશું તો કાયમ માટે ભગવાન આપણા છે જ! ગુરુ પણ આપણા સાચા મિત્ર કહો કે સગાં કહો કે સ્નેહી છે. દેહના રક્ષણ માટે ને આત્માના રક્ષણ માટે એ હંમેશાં સાથે રહી કાર્ય કરે છે. એનું સતત અનુસંધાન રહેવું જોઈએ.'

આમ કહી સ્વામીશ્રી સૌની વિનંતીથી I will always be with you – હું હંમેશાં તમારી સાથે રહીશ – એમ બોલ્યા. તેઓના આ એક જ વાક્યે સૌ શિબિરાર્થીઓને અહીં જ અક્ષરધામની અનુભૂતિ કરાવી દીધી.

તેણે હજારો હૉટલ-મોટેલનું સંગઠન ધરાવતા એશિયન અમેરિકન હૉટલ ઑનર્સ ઍસોસિયેશનના ચૅરમેન શ્રી નરેશભાઈ પટેલને પણ ઝંકૃત કરી મૂક્યા. આજના શિબિરસત્રમાં ઉપસ્થિત આ મુરબ્બીએ મંચ પર આવી પોતાનો નિર્ધાર વ્યક્ત કર્યો કે 'અહીં આ શિબિરમાં પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યનો અને પ્રવચનનો લાભ મળ્યો. મને એમાંથી ઘણું શીખવાનું મળ્યું. આજથી હું દારૂ અને માંસ ન ખાવાનો નિયમ લઉં છું.'

સ્વામીશ્રીની અમૃતધારાના કાંઠે બેસનારો પણ આટલું તો ભીંજાતો જ!

જીવનભર એ જ કર્યું છે

*'લીલાલહેર અંતર માંહે, પૂર્યા મનોરથ સ્વામી...'*નો અનુભવ કરાવતાં સરકી રહેલી શિબિરની ક્ષણોમાં સૌએ તા. ૫/૭ના રોજ જળઝીલણીના ઉત્સવમાં ડૂબકી લગાવી, તો તા. ૬/૭ના દિવસે શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વ નિમિત્તે દૂધપાકનો સ્વાદ પણ માણ્યો. ભારતીય ઉત્સવોનો પરિચય અમેરિકામાં ઊછરતી પેઢીને થાય તે હેતુસર આ બંને સમૈયા તિથિ જોઈને નહીં, પણ સ્વામીશ્રી જેવા 'અતિથિ'ને જોઈ ઊજવાયા.

તેને અનુસરતાં તા. ૭/૭ના રોજ ગુરુપૂર્ણિમાનો પ્રતીક ઉત્સવ આવી રહેલો. તેના કાર્યક્રમ સંબંધી માહિતી આપવા તા. ૬/૭ની રાત્રે આવેલા સંતો-કાર્યકરોએ સ્વામીશ્રીને કહ્યું: 'આવતીકાલે આપને એવો પ્રશ્ન પુછાશે કે – ગુરુને રાજી કરવા માટે આપે કયું ધ્યેય રાખ્યું હતું?'

'ધ્યેય કયું? રાજી જ કરવાના હતા. જે આજ્ઞા થઈ એ કરવાનું હતું. એમાં કોઈ શંકા હતી નહીં, વિચાર ન હતો. જીવનભર એ જ કર્યું છે.' સ્વામીશ્રીની સાધના અને સિદ્ધિ અનાયાસે ફૂટી નીકળ્યાં.

તે સાંભળી ચકિત થયેલા આયોજકોએ આવતીકાલે ગોઠવાયેલા દૂધપાક પીરસવાના કાર્યક્રમની વાત માંડી ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું:

'જીવમાં ઉતારે એને લાભ કહેવાય. દૂધપાકનો વાટકો પીધો એ લાભ નહીં, પણ સ્મૃતિ છે.' આટલું કહી તેઓએ છાતી પર હાથ મૂકતાં ઉમેર્યું: 'જ્યાં સુધી અહીં નહીં હોય ત્યાં સુધી બળ નહીં આવે. કોઈ કહી જાય, બોલી જાય એટલે તરત પાછું પડી જવાશે.'

સ્વામીશ્રીની વાણીના ચમકારા આજે ઘણું બધું ચોખ્ખું દેખાડતા ગયા.

તે જોઈ સંતો બોલ્યા: 'કેટલાક નિયમોની જાહેરાત પણ કાલે થશે.'

આ વખતે વધુ એક તેજલિસોટો આંકતાં સ્વામીશ્રીએ કહ્યું: 'નિયમોની જાહેરાતો કર્યા જ કરો છો, પણ એનું ફોલો-અપ થાય છે? ફરીથી એના એ જ નિયમ આપવા પડે છે. લોલમલોલ જો કરવાનું હોય તો પછી આ રીતે નિયમ આપવાનો શું અરથ?'

સ્વામીશ્રીને ચીતરેલા મોર કરતાં અસલી ચકલી વધુ પસંદ, કારણ કે તેની પાંખમાં ઊડવાનું જોર તો ખરું! આ રીતે તેઓએ થોડીક ક્ષણોમાં પણ શિબિરના નકશામાં ઘણા રંગ પૂરી આપ્યા.

તે અનુસાર તા. ૭/૭ની સવારે ઉત્સવની રંગરેલ સાથે કિશોરોના અભ્યાસની માવજત લેતું સત્ર પણ યોજાયું. તેમાં કેળવણી માટે ઘર-પરિવારથી દૂર જવા છતાં ધર્મ-નિયમની ટેક જાળવી રાખવા બાબતે સૌને સાબદા કરતાં સ્વામીશ્રી વરસ્યા: 'અભ્યાસ માટે ગમે ત્યાં જાઓ પણ ધર્મ, સંસ્કૃતિ સાચવવી. મન મોળું હોય એટલે બહાનાં થાય કે 'આપણે એકલા, તેથી સત્સંગ કેવી રીતે થાય?' એક શૂરવીર હોય તો સો તલવાર-ભાલાવાળા વચ્ચેથી નીકળી શકે છે, તેમ આપણી પણ જો દૃઢતા હોય તો વિઘ્નો વચ્ચે બધું કરી શકાય. આવા આદર્શ ઘણા છે, કાંઈ અશક્ય નથી. માટે જે ભણો તે સારામાં સારું ભણો, કામ સારામાં સારું કરો ને ભગવાનને સંભારીને કરો.'

ગુરુની પાસે આપણું મન જવું જોઈએ

તા. ૭/૭ની સાંજે શિબિરના મંચ પર વનરાજી ખીલી ઊઠેલી. તેમાં

હિંડોળે ઝૂલી રહેલા શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજની મધ્યમાં સ્વામીશ્રી બિરાજ્યા. તે સાથે જ આરંભાયેલા ગુરુપૂર્ણિમાના કાર્યક્રમમાં સ્વામીશ્રીની 'પ્રમુખ-પ્રતિજ્ઞા'ના શબ્દો ગુંજ્યા. તેના આધારે એક કિશોરે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આપે તો અમને ખૂબ રમાડી-જમાડી હેત કર્યું છે. હવે અમે આપને રાજી કરી શકીએ તેવું જીવન જીવતાં શિખવાડો.'

આ વિનંતીનો પ્રતિસાદ આપતાં સ્વામીશ્રીએ પોતાના જીવનમાં વણાયેલી વાતોના વળ ખોલ્યા કે –

"ગુરુને જો રાજી કરવા હોય તો એમની મરજી, ઇચ્છા, આજ્ઞા સામે નજર હોવી જોઈએ. ગુરુ પાસે પહેલાં તો આપણું મન જવું જોઈએ. આપણે મોજશોખ કરવા આયા નથી. જે માણસની સાથે બનતું જ ના હોય એની સાથે રહેવાની આજ્ઞા કરે તો ત્યાં આપણને થાય કે 'ના, ભ'ઈ, આ નહીં બને !' તો આપણે બ્રહ્મસ્થિતિ પામી શકીએ નહીં. બધી જ તૈયારી હોય ને તરત બધું ફેરવી નાંખે, ત્યારે 'આપણી મહેનત નકામી થઈ' એવું આપણને થાય; પણ એ રાજી થયા કે નહીં ? એ કહે - 'મૂકી દો', તો મૂકી જ દેવાનું ! એ જે સેવા આપે એ કરવાની. એ આપણી નાની-નાની આવી પરીક્ષાઓ કરે કે 'મારું વચન આને કેટલું દૃઢ છે ?' એમાં તત્પર રહીએ તો ગુરુ આપણા પર પ્રસન્ન થાય."

સ્વામીશ્રીએ ખોલી આપેલી ગુરુસેવનની આ દિશા પ્રમાણે સૌએ જીવન-શુદ્ધિની પ્રતિજ્ઞાઓ ધારણ કરી. તે પ્રતિજ્ઞાપત્રોને નિરાંતે જોઈ સ્વામીશ્રીએ મહોર મારી પ્રમાણભૂત પણ કરી આપ્યા. અંતે સૌ પર પિચકારી વડે રંગવર્ષા વરસાવી દરેકને ભક્તિભીના કર્યા.

આમ, એક પછી એક સુખની સીમા બતાવતા સ્વામીશ્રીના સંગે અંતે શિબિરના સમયની સીમા પણ આવી પહોંચી.

અલબત્ત, તે સાથે જ તા. ૮/૭ની સાંજથી બાળ-બાલિકા શિબિરની સરહદ ખૂલી જતાં ૧,૪૮૧ ભૂલકાંઓ અને ૩૬૯ કાર્યકરો સ્વામીશ્રીના સ્નેહવર્તુળમાં પ્રવેશી ગયાં. સ્વામીશ્રીનો ખોળો કદી ખાલી ન રહેતો.

તે મુજબ આરંભ પામેલી બાળશિબિર એટલે વાર્તા અને રમત-ગમતના પેંડામાં પુરાયેલી જ્ઞાનગોળી બાળકોના ગળા હેઠે ઉતારવાની કવાયત ! તેમાં સ્વામીશ્રી તા. ૮/૭ થી ૧૧/૭ દરમ્યાન અતિ કુશળ પુરવાર થયા. આ ચાર દિવસમાં તેઓના કંઠેથી કીર્તન રેલાયાં, કલમમાંથી ચિત્ર દોરાયાં, હોઠેથી વાર્તાઓ ફૂટી અને હાથેથી પ્રસાદી છૂટી. રથયાત્રાની ધૂમ મચી, તો રંગોત્સવની

ઝડી વરસી. દૂધપાકની રેલમછેલ થઈ, તો મુખપાઠ, પૂજા-પાઠ, નિત્ય અભ્યાસ, માતા-પિતાને પંચાંગ પ્રણામ વગેરે બાળસંસ્કારોની પણ પરબ મંડાઈ.

શિબિરસ્થળે અહીં-તહીં ઝૂલતા ફુગ્ગા તથા રંગબેરંગી કાગળની પટ્ટીઓ જેવી જ હળવી અને રંગીન આ શિબિરમાં જાણે ૮૩ વર્ષના એક પ્રગલ્ભ ધર્મગુરુ પર આઠ-દસ વર્ષીય રમતિયાળ બાળકોનો એકાધિકાર સ્થપાઈ ગયો!

આવી આ શિબિરનું સમાપન તા. ૧૧/૭ની સાંજે થતાં જ સ્વામીશ્રીએ માંડેલા અગિયાર દિવસના બ્રહ્મયજ્ઞની પૂર્ણાહુતિ થઈ. તેમાંથી ઊઠેલી ધર્મની ધૂમ્રસેરોથી અમેરિકાના આકાશને આચ્છાદિત કરતા તેઓ તા. ૧૨/૭ની બપોરે ૧૨:૩૫ વાગ્યે કેનેડા પહોંચ્યા.[૧૮]

ટોરોન્ટોમાં હવેલીનું ઉદ્‌ઘાટન

કેનેડામાં સ્વામીશ્રીનો ત્રણ દાયકાનો પરિશ્રમ ટોરોન્ટોના ઇટોબીકોક વિસ્તારની ૧૮ એકર ભૂમિ પર કાષ્ઠનિર્મિત કલામંડિત હવેલીરૂપે લહેરાઈ રહેલો. ૮૬,૦૦૦ ચો.ફૂ.માં વિસ્તરેલી આ હવેલીનાં દ્વારે વિધિવત્ પૂજન કરી સ્વામીશ્રીએ જ્યારે હવેલીમાં પ્રથમ પગલું મૂક્યું ત્યારે કાષ્ઠમાં કોતરેલી કલાકૃતિઓ જીવંત થઈ ઊઠી હોય તેમ ચારેકોર ચેતના ફરી વળી!

આવી ચેતનવંતી હવેલીમાં નિત્ય ઘંટારવ ગુંજતા રહે તે માટે સ્વામીશ્રી અહીં અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને નીલકંઠવર્ણીની સાથે દેવો-અવતારો પ્રતિષ્ઠિત કરવાના હતા. તે નિમિત્તે વિશ્વશાંતિ મહાયાગનો આરંભ તા. ૧૭/૭ની સવારે થઈ ગયો. આ અવસરે ભારતથી આવેલા અન્ય ૩૭ સંતોની સંગત ભળતાં વાતાવરણ વિશેષ માંગલિક બન્યું.

તેની વચ્ચે ૭૦૦ યજમાનોની ઉપસ્થિતિમાં મૂર્તિઓને પૂજી સ્વામીશ્રી સભાગૃહમાં જવા વિદાય થયા ત્યારે જ ઓન્ટારિયોના રેડ ઇન્ડિયન ગવર્નર શ્રી જેમ્સ બાર્ટલમેન આવી પહોંચ્યા. તેઓ સાથે ઔપચારિક મુલાકાત આટોપી સ્વામીશ્રી આ આમંત્રિત અતિથિને લઈને જ વિશ્વશાંતિ પ્રાર્થના સભામાં પધાર્યા. મહાયજ્ઞની સમાંતર ચાલતી થયેલી આ વિશિષ્ટ સભામાં હિંદુ ઉપરાંત

---

૧૮. અમેરિકામાં સ્વામીશ્રીના સંગે સંપન્ન થયેલી સત્સંગ શિબિરોમાં સામેલ થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

જૈન, શીખ, બૌદ્ધ, યહૂદી, ઇસ્લામ, ખ્રિસ્તી વગેરે ધર્મના વિદ્વાનો ઉપસ્થિત હતા. તેઓ સહિત ગવર્નર તથા દેશના સંરક્ષણ-મંત્રી શ્રી જોહ્ન માલ્કમ, પરિવહન-મંત્રી શ્રી હરીન્દર ટખર વગેરે મહાનુભાવોએ પોતાના ધર્મના સારરૂપ તત્ત્વને શ્રોતાઓ સમક્ષ મૂક્યું. તેની સાથે આવાં નવતર આયોજન બદલ સ્વામીશ્રીને પણ બિરદાવ્યા.

આ બિરદાવલી તા. ૧૮/૭ની સવારે બુલંદીએ પહોંચી, જ્યારે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા હવેલીમાં પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો. અલબત્ત, આ તો હજી અક્ષર-પુરુષોત્તમનો ઉતારો જ હતો. તેઓ આગળ જતાં તો આભને ટેકો દે એવા ગગનચુંબી મંદિરમાં ધામધૂમથી બિરાજવાના હતા. તેની જાહેરાત પણ સ્વામીશ્રીએ આજની સભામાં કરાવી કે 'સન ૨૦૦૭માં શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા થશે.'

તે મુજબ અહીંના મંદિર-નિર્માણને વેગ આપવા તેઓ તા. ૧૯/૭ની સવારે નિર્માણાધીન મંદિરની જગ્યાએ પધાર્યા. અત્રે તેઓએ જ્યાં ત્રણેય ખંડમાં મૂર્તિઓ બિરાજવાની હતી ત્યાં રોપાયેલી ભૂંગળીમાં ચંદન રેડી પુષ્પો પધરાવ્યાં. તે દ્વારા પાયામાં સિમેન્ટની સાથે સંસ્કૃતિની સુગંધને પણ પૂરી સ્વામીશ્રી ઉતારે પરત ફર્યા.

સરવજ્ઞ છો સંતના સ્વામી

મંદિરમાં પધારેલા સ્વામીશ્રી અહીં બપોરે ભોજન લેવા બિરાજ્યા ત્યારે એક સ્થાનિક પ્રતિષ્ઠિત શ્રી જ્ઞાની રાજહંસ દર્શનાર્થી વર્ગમાં બેઠા હતા, પરંતુ તેઓ અચાનક અધવચ્ચે ઊભા થયા. તે જોઈ સ્વામીશ્રીએ જ્ઞાનપ્રિયદાસ સ્વામીને કહ્યું: 'આ મહેમાન આવ્યા છે તો તેઓને જમાડ્યા વગર મોકલશો નહીં.'

આ ભલામણ જ્યારે એ સંત દ્વારા પેલા સદ્ગૃહસ્થ સુધી પહોંચી ત્યારે તેઓની રોમાવલિ ખડી થઈ ગઈ. એ જ અવસ્થામાં તેઓ બોલ્યા: 'સ્વામીશ્રી ખરેખર અંતર્યામી છે. મને એટલી બધી ભૂખ લાગી હતી કે એને માટે જ હું અહીંથી ઊભો થયેલો. સ્વામીશ્રીએ અંતર્યામીપણે તમને અહીં મોકલ્યા.'

આટલું જણાવી એ મહાશયે અંતર્યામીપણાની સ્તુતિ કરતાં ત્રણ-ચાર શ્લોકો લલકારી દીધા. તેમાંથી નીતરતો ભાવ સ્વામીશ્રીની પ્રશસ્તિ કરી રહ્યો કે *'આપ છો પ્રભુ અંતરજામી, સરવજ્ઞ છો સંતના સ્વામી...'*

પરંતુ આ વિગત આજની બપોરે પોઢવા જતાં સ્વામીશ્રીને કહેવાઈ ત્યારે તો ચિત્ર સાવ જુદું જ બન્યું! પોતાની પ્રશંસાના આ શબ્દસેતુને ભાંગતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આ તો આવું કંઈક બને એટલે લોકો કહી દે કે 'અંતર્યામી છે', બાકી એવું કશું નથી. આપણે તો મહેમાન દેખાય એટલે સહેજે જ રીત પ્રમાણે પૂછી લઈએ કે જમાડ્યા કે નહીં?'

બ્રહ્માસ્ત્ર છોડવાનું કૌશલ્ય ધરાવનારા મહારથીઓ ગણ્યા-ગાંઠ્યા, પણ તેમાં એવા દુર્લભ કે જેમાં અસ્ત્રપ્રયોગ કર્યા બાદ તેને પાછું વાળવાની ત્રેવડ હોય. તે જ રીતે સિદ્ધિઓ ધરાવનારા થોડા-ઘણા મળે, પણ એ સિદ્ધિને પ્રસિદ્ધિના પાટે ન ચડાવતાં ઢાંકી-ઢબૂરી દે તેવા સ્વામીશ્રી જેવા સિદ્ધપુરુષો કેટલા?!

આપણે તો સાદું સારું

ટોરોન્ટોના મંદિરની ગતિવિધિમાં પ્રાણ ફૂંકી સ્વામીશ્રીએ તા. ૨૦/૭ની સવારે ૧૧:૨૦ વાગ્યે હ્યુસ્ટન પહોંચવા ઉડ્ડયન આરંભ્યું.

આ હવાઈયાત્રામાં સાડા બાર વાગતાં ભોજનની વ્યવસ્થા થવા માંડી. સ્વામીશ્રી સામે પત્તર મૂકવા વિમાનનું સ્લાઈડિંગ ટેબલ કાઢવામાં આવ્યું, પણ અડધા ફૂટિયા એ મેજ પર થાળ રહેવો અશક્ય હતો. તેથી તેની સાથે એક લેટરપૅડ મૂકી ક્ષેત્રફળ વિસ્તારવામાં આવ્યું, છતાં તકલીફ ન ઘટી. આધારવિહોણા લેટરપૅડ અને તે પર અડધા-પડધા ગોઠવાયેલા થાળ – બંનેને હાથ વડે પકડી રાખવાં પડ્યાં. વળી, વિમાનનું ટચૂકડું ટેબલ સ્વામીશ્રીના ઉદરને ભીંસે એવું નજીક હતું. સામે પગ પણ માંડ ટેકવાય એટલી સાંકડી જગ્યા. પગને પહોળા કરવાની વાત તો ભૂલી જ જવાની!

આવી અગવડમાં સ્વામીશ્રીને જમતાં જોઈ વિવેકનિધિદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! આપના માટે જો એક વિમાન લઈ લઈએ તો બધી જ અનુકૂળતાઓ સચવાય.'

'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે ક્યારેય અનુકૂળતાનો વિચાર કર્યો છે? સાધુએ લક્ઝરી(વૈભવ)નો વિચાર જ ન કરવો. આપણે તો સાદું સારું.'

'આપની કૃપાથી અત્યારે હરિભક્તો પ્લેનમાં ફરે છે, તો આપને શું વાંધો?'

'હરિભક્તો ભલે ફરે, પણ આપણે તો સાધુ છીએ.'

'આપને આવી સાંકડી સીટોમાં બેસતા જોઈએ, જમતી વખતે અગવડો જોઈએ ત્યારે એમ થાય કે આપણું એક સરસ પ્લેન હોય તો સારું!'

'એવી બધી ચિંતા આપણે કરવાની ન હોય! બહાર (વિચરણમાં) જ ન નીકળીએ તો કંઈ પ્રશ્ન ન થાય અને જો નીકળીએ તો પછી આવો વિચાર જ કરવાનો ન હોય. અહીં સૂવા તો નથી આવ્યા ને? બહાર નીકળીએ તો પ્લેનમાં અને મોટરમાં, બધે બેસવું પડે. એમાં અગવડ-સગવડનો વિચાર ન કરવાનો હોય.' સ્વામીશ્રી બોલ્યા.

વિમાન ધ્રુવ કાંટાને નજર સામે રાખી ઊડતું હતું, સ્વામીશ્રીનું જીવન સાધુતાના નેજાને નજર સામે રાખી વહેતું હતું.

પરંતુ સંતોએ પોતાની વિનંતી દોહરાવતાં કહ્યું: 'આ તો આપને આરામ મળે એટલા માટે!'

'આપણે જઈને સૂઈ જવાનું છે એ આરામ જ છે ને! આપણે ક્યાં કંઈ દાખડો કરીએ છીએ!'

'અત્યારે પ્લેનમાં જો નિર્ગુણદાસ સ્વામી હોત તો બહુ રાજી થાત!'

'અત્યારે અક્ષરધામમાં રાજી જ થાય છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ અક્ષરધામમાંથી દિવ્ય દૃષ્ટિએ જુએ જ છે. આ જે કંઈ કરે છે એ એ જ કરે છે, નહીંતર તરત અંધારું થઈ જાય.'

'અત્યારે ઠાકોરજીને તો ઉમળકો આવતો હશે કે – નારણદા'ને ક્યારે ભેટીએ! કેવો ડંકો માર્યો!'

'સેવાથી રાજી થાય એ બરાબર છે, બાકી ડંકો મારનાર તો એ જ છે.'

'આ તો દીકરો કામ કરીને આવે તો બાપ રાજી થઈને ભેટે એવી વાત કહીએ છીએ.'

'ભેટે જ છે. રોજ ભેટે છે. પણ કામ તો એ જ કરે છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

જેમ એક જ દીવામાંથી અનેક તેજરશ્મિઓ છૂટે, તેમ આ એક જ વાર્તાલાપમાંથી સ્વામીશ્રીની અનેક ગુણછટા વેરાઈ રહી.

આકાશમાંથી અવતરેલું કે પાતાળમાંથી પ્રગટેલું?!

હ્યુસ્ટન પધારેલા સ્વામીશ્રીનો નિવાસ નવનિર્મિત મંદિરની પાછળના

ભાગે તાજેતરમાં જ સંપાદિત થયેલા મકાનમાં હતો. અહીંથી સાંજે સભામાં જવા નીકળેલા તેઓ વિવિધ સેવાવિભાગો પર દૃષ્ટિ કરી રહેલા. તે ક્રમમાં જ્યાં ૧૨૫ X ૯૫ X ૭૩ ફૂટનું પરિમાણ ધરાવતું મંદિર નજરે ચડ્યું ત્યાં જ તેઓના મુખેથી ઉદ્‌ગાર સરી પડ્યો: 'આકાશમાંથી ઊતરી પડ્યું હોય એવું જ લાગે છે !'

નિર્માણને જોઈ અપાયેલું નિર્માતાનું આ પ્રમાણ આકાશ જેટલું જ ચિરંજીવી રહેશે.

આવા મંદિર પર એક અમીનજર ઢોળી સ્વામીશ્રી તત્કાલીન હરિમંદિરનાં દર્શને પહોંચ્યા. નવું સર્જાય એટલે જૂનું વીસરાય એવું તેઓના જીવનમાં કદી ન બને.

તેથી નાનકડા હરિમંદિરમાં પણ ભાવપૂર્વક આરતી ઉતારી સ્વામીશ્રી ગાડીમાં બિરાજી સભામાંડપ તરફ જવા નીકળ્યા, પરંતુ તેઓએ ગાડી વળાવી નૂતન મંદિર તરફ. ટર્કીના ૨૬,૦૦૦ ઘનફૂટ લાઈમ સ્ટોન, ઇટાલીના ૨૨,૦૦૦ ઘનફૂટ સંગેમરમર, બંસીપહાડપુરના ૩,૦૦૦ ઘનફૂટ ગુલાબી પથ્થર અને મકરાણાના ૩૪,૦૦૦ ચો.ફૂ. આરસમાંથી બનેલા આ 'પ્રભુના પેલેસ'નું દૂરથીયે બારીક નિરીક્ષણ કરતા સ્વામીશ્રીના હોઠેથી વળી એક અભિપ્રાય ફૂટી નીકળ્યો: 'પાતાળમાંથી પ્રગટ્યું હોય એવું લાગે છે !'

આજે આ વિશ્વકર્મા સ્વયં પોતાના સર્જન અંગે વિમાસણમાં પડી ગયા કે 'આ મંદિર આકાશમાંથી અવતરેલું છે કે પાતાળમાંથી પ્રગટેલું ?!' અમેરિકામાં પ્રથમ પ્રતિષ્ઠિત થનારા આ શિખરબદ્ધ મંદિરની રમણીયતાનો આથી મોટો પુરાવો કયો હોઈ શકે !

આવા બેનમૂન મંદિરના આંગણે આજની સાંજે યોજાયેલો સ્વામીશ્રીનો સ્વાગત સમારોહ પણ એવો જ રહ્યો. તેમાંય તેઓ બોલી ઊઠ્યા: 'મંદિર પણ એકદમ અંદરથી નીકળી પડ્યું હોય એવું સુંદર દેખાય છે.'

એની પ્રવૃત્તિમાં સદા નિવૃત્તિ વસી

હ્યુસ્ટનમાં સ્વામીશ્રીના આગમન સાથે જ પ્રતિષ્ઠા મહોત્સવનાં પડઘમ જોરશોરથી ગાજવા માંડેલાં. તેની વચ્ચે તેઓ તા. ૨૧/૭ની સવારે જાગ્યા ત્યારે અહીં તો હજી મોંસૂઝણું જ થયેલું. સ્નાનાદિકથી પરવારી ગયા ત્યારે પણ સ્વામીશ્રી નિત્યપૂજાના જાહેર થયેલા સમયથી સવા કલાક જેટલા વહેલા હતા.

તેથી સેવકોએ સૂચવ્યું : 'થોડા આડે પડખે થાવ તો સારું ! હજુ ઘણો સમય છે.'

'ત્યાં સુધી આપણે ભજન કરીએ, બેસીને ધ્યાન કરીએ.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના જીવનમાં કામકાજની ભરતી આવતાં દોડધામના તરંગો જરૂર ઊઠતા, પણ તેઓના ભીતરમાં તો અક્ષુબ્ધ અને અખંડ ભજનનો જલરાશિ વિસ્તરેલો જ રહેતો. તે તેઓના જીવનમાં ડૂબકી મારતાં અનાયાસે નજરે ચઢતો.

આ દર્શનથી સદ્‌ભાગી બનેલી આજની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે મંદિર પર પ્રસ્થાપિત થનારા સુવર્ણ કળશોનું પૂજન થયું.

ત્યારબાદ દૈનિક ક્રમમાં પરોવાયેલા સ્વામીશ્રી પાસે બપોરના ભોજન પછી સાન એન્ટોનિયોનો એક બાળક આવી ચડ્યો. તેણે પોતાની નવી પૂજા પ્રાસાદિક કરાવવા સ્વામીશ્રી તરફ લંબાવી.

તે વખતે પૂજાસામગ્રીમાં રહેલી માળા પોતાના હાથમાં લેતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'તને માળા ફેરવતાં આવડે છે ?' આટલું પૂછી તેઓ સ્વયં જ મધ્યમા આંગળી પર સર... સર... મણકા સરકાવવા લાગ્યા. આ નિદર્શન દ્વારા બાળકને શિખવાડતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આમ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... બોલતાં માળા ફેરવવી. બીજી કોઈ વાત ન કરવી.'

તે પછી તેઓએ પોતાની આગળ ગોઠવેલા રોસ્ટ્રમ પર પૂજાની પાંચેય મૂર્તિઓ એક હરોળમાં જાતે જ ગોઠવતાં જણાવ્યું : 'જો આસન ટૂંકું હોય તો બંને છેડાની એક-એક મૂર્તિ નીચે બીજી લાઈનમાં મૂકવી.'

એક તરફ હ્યુસ્ટનની ધરતી પર નવનિર્મિત મંદિરના નિર્માણમાં સ્વામીશ્રી જેટલા ઊંડા ઊતરેલા, તેટલો જ રસ તેઓ આજે દસ વર્ષીય બાળકના જીવન-નિર્માણમાં પણ દાખવી રહ્યા. ઘેર લગ્નનો માંડવો નંખાયો હોય ત્યારે સગા દીકરાને પૂજા કરતાં શિખવાડતો કોઈ બાપ દુનિયામાં જ્યારે નજરે ચડશે ત્યારે સ્વામીશ્રીના આ ચરિત્રની ગરિમા વિશેષ સમજી શકાશે.

આ વિશેષતા સાથે વિચરતા સ્વામીશ્રીએ આજની સાંજે પૅડ-પેન લઈ સારંગપુરમાં રહેતા સાધક સમુદાયને સંબોધતાં લખ્યું :

'સર્વે સાધકોને આશીર્વાદ છે. કથા, વાર્તા, ભજન, ભક્તિ કરશો. આળસ-પ્રમાદ રાખવાં નહિ. અભ્યાસ સાથે જીવનચરિત્રો પણ વાંચતાં રહેવું. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજનું (જીવનચરિત્ર) વારાફરતી વાંચવું – સેવા-ભક્તિ સાથે જ્ઞાન-મહિમા પણ રહે તે માટે...'

વળી, સ્વામીશ્રીએ અન્ય એક સાધકને પણ આ જ અરસામાં લખ્યું:

'સાધનામાં મહારાજની નિર્દોષભાવે ભક્તિ કરવી. સત્પુરુષની આજ્ઞા પાળવામાં સંશય ન કરવો. દરેકનો મહિમા સમજવો. અભાવ-અવગુણ ન લેવા. ખટપટ ન કરવી. પોતાના દોષ-સ્વભાવ જોવા ને ટળે તેમ કરવું. બીજા વિચારો આવે તો તે ટાળવા મહારાજનું ભજન કરવું અને મહિમાનો વિચાર કરવો. પોતાની સારપ માટે જુઠું બોલાય તે ખોટ છે. માટે દાસભાવે રહી જુઠ્ઠાનો ત્યાગ કરવો ને તે બોલવું નહીં.'

ગણતરીના કલાકો પછી આવી રહેલી મોટા મંદિરની પ્રતિષ્ઠાના ધમધમાટ વચ્ચે પણ કોઈ ગિરિગુફામાં બેસીને લખતા હોય તેમ અંતર્દૃષ્ટિયુક્ત જીવનના પાઠ સ્વામીશ્રીની કલમમાંથી વહી છૂટ્યા. *'એની પ્રવૃત્તિમાં સદા નિવૃત્તિ વસી...'*નો આ પુરાવો!

માનથી દૂર રમે

તા. ૨૨/૭ની સવારે સ્વામીશ્રી પ્રાતઃપૂજા બાદ હરિમંદિરનાં દ્વારે પહોંચ્યા ત્યાં જ તેઓએ સલામતી વિભાગના એક સ્વયંસેવકને જોઈ પૂછ્યું: 'પેલું દૂધ ચાલુ છે હજી?'

'હા, બાપા!'

સૌ માટે આ સવાલ-જવાબ કોયડો બન્યા, પણ તે યુવકને આશીર્વાદ આપી આગળ વધેલા સ્વામીશ્રીએ જ ફોડ પાડ્યો: 'ડભોઉનો આ પ્રવીણ. વરસો પહેલાં એના બાપાએ ત્યાં દેશમાં મંદિર છે એમાં રોજ દૂધ આપવાનો નિયમ રાખ્યો હતો. આજે પણ એ નિયમ ચાલુ છે.'

સ્વામીશ્રીના હૈયે નાની-મોટી, નવી-જૂની, ગામની-શહેરની, દેશની-પરદેશની કેટકેટલી વિગતો જમા થયે જ જતી! તેઓના હૃદય જેવો રોજમેળ દુનિયા કદી મેળવી શકશે?

આત્મીયતાથી સભર આવા હૈયે સ્વામીશ્રીએ તા. ૨૨/૭ની સાયં-સભામાં મંદિર-નિર્માણના ૨૩૮ સહયોગીઓને સન્માન્યા. તે સાથે તેઓએ આબાલવૃદ્ધ સૌની સેવાને બિરદાવતાં કહ્યું: 'બાળકો, કિશોરો, યુવકો, બાઈઓ, ભાઈઓએ જેમણે આ મંદિરમાં સેવા કરી છે એમને આ એક યાદગીરી રહેશે. આવું કારવિંગ(કોતરણી)વાળું બીજે ક્યાંય તમને જોવા મળશે નહીં. કારીગરી જોતાં જોતાં પણ તમને બે દિવસ થાય એવું છે. હમણાં હું જોઈ આવ્યો. બધા

ભક્તોએ ખૂબ મોટું કાર્ય કર્યું છે. આ સેવાથી બધાને બહુ મોટું ફળ મળશે.'

સૌ પર આ પ્રસન્નતા વરસાવી ઉતારે પધારેલા સ્વામીશ્રીએ અહીં ભોજન દરમ્યાન એક મોટો હાર લાવી રાખવાની સૂચના આપી. તે મુજબ આવેલો હાર તેઓ ભોજન બાદ ઋષિરાજદાસ સ્વામીને પહેરાવતાં બોલ્યા : 'બધા કારીગરોને અહીં લાવવામાં તમે બહુ દાખડો કર્યો છે. તમે વિઝા અપાવ્યા તો તેઓ બધા અહીં પિઝા ખાતા થઈ ગયા.'

આમ, નાના-મોટા તમામની સેવાને સન્માનતા સ્વામીશ્રીએ તા. ૨૩/૭ની સવારે મંદિરના પ્રાસાદપ્રવેશનો વિધિ સંપન્ન કર્યો.

ત્યારબાદ દૈનિક કાર્યમાં પરોવાયેલા તેઓ બપોરે ભોજન બાદ આરામ માટે પલંગ પર બિરાજ્યા ત્યારે તેઓએ જ્ઞાનપુરુષદાસ સ્વામીને પૂછ્યું: 'સાંજનો કાર્યક્રમ શું છે?'

'સ્ટેફર્ડ સેન્ટરમાં કીર્તન આરાધના છે અને એ કાઉન્ટીના મેયર આવી આપને 'કી ટુ ધ સિટી' આપવાના છે.'

'મેયર અહીં આવી ઠાકોરજીને ચાવી આપી જાય તો ચાલે?' સ્વામીશ્રી બોલ્યા. તેઓના મનમાં કેટલાંક બાકી રહેલાં સેવાકાર્યો પૂરાં કરવાની નેમ હતી. તેથી તેઓએ કહ્યું તેમ કાર્યક્રમ બદલાયો.

તે અનુસાર આજની સાંજે સ્ટેફર્ડના મેયર શ્રી લિયોનાર્ડ સ્કારસેલા તથા કોર્પોરેટરો પાસેથી સ્વામીશ્રીએ મંદિરના નાનકડા ઓરડામાં આશરે છ વ્યક્તિઓની હાજરીમાં સન્માન સ્વીકાર્યું. તે વખતે કોઈ જયનાદ ન ગુંજ્યા, કોઈ તાળીઓ ન પડી, કોઈ વાજાં ન ગગડ્યાં, કૅમેરાની કોઈ ફ્લેશ લાઇટ્સ ન ઝબકી. આ બધું જ શક્ય બન્યું હોત – જો સ્વામીશ્રીએ ૬,૦૦૦ ભાવિકોથી ભરચક આજની સભામાં જઈ આ બહુમાન સ્વીકાર્યું હોત તો! પરંતુ તેઓના જીવનમાં અગ્રતાક્રમે હતી – સેવા; નહીં કે સન્માન! જાહેરાતોની ઝાકઝમાળને ઝંખતી જગતની જમાત કરતાં કેટલી નોખી જાત હતી સ્વામીશ્રીની!

હિંદુસ્તાનના શ્રેષ્ઠ સંત

હ્યુસ્ટનના આંગણે તા. ૨૪/૭નો દિવસ યજ્ઞ અને યાત્રા ખાતે નોંધાયેલો. તે મુજબ સ્વામીશ્રીએ સવારે યજ્ઞશાળામાં પધારી ૧૦૭ કુંડોની ફરતે બેઠેલા ૧,૦૮૫ યજમાનોની હાજરીમાં યજ્ઞનારાયણ પ્રગટ કર્યા. ત્યારબાદ તેઓએ મંદિર પર ફરકનારી ધર્મધજાઓને પૂજી. તેની સાથે મૂર્તિઓનું પણ પૂજન કરી

વિદાય લીધી. તે પછી ત્રણ કલાક સુધી ગુંજતા રહેલા વેદમંત્રોથી વિશાળ વ્યોમ છલકાતું રહ્યું.

આ આકાશી ચંદરવા તળે સાયંકાળે ભવ્ય નગરયાત્રાનો પ્રારંભ થયો. તેના ડ્યૂલેસ સ્કૂલથી મંદિર સુધીના માર્ગ પર બે કલાક સુધી ભારતીયતા છવાઈ રહી. મયૂર રથ, ગરુડ રથ, કમળ રથ, પુષ્પ રથ, હિમાલય રથ વગેરે આઠ રથમાં વિરાજતી આકર્ષક મૂર્તિઓ, તેને વધાવતા સોહામણા સંતો, હિલોળતા હરિભક્તો, સકળશ મહિલાઓ, વેશભૂષાધારી બાળકો, ડલાસના બૅન્ડની સૂરાવલિઓ સહિતની ૩૭ રજૂઆતોને સ્થાનિક ટી.વી. ચેનલો પ્રસારિત કરતી રહી. તે દ્વારા શોભાયાત્રામાં સામેલ સાત હજાર સત્સંગીઓનો શિસ્તબદ્ધ સમુદાય જોઈ અમેરિકા અચંબો પામી ગયું.

આવા જ એક વિસ્મયને મનમાં સંઘરી આજની રાત્રે ગુણાનુરાગી શ્રી સુનિલ અરોરા આવી પહોંચ્યા. થોડા દિવસો પૂર્વે ભારતના મૂર્ધન્ય સંત પૂજ્ય ચિન્ના જિયર સ્વામી આ મુરબ્બીના મહેમાન બનેલા. તે સમયે આ મહાશયના આંગણામાં યોજાયેલી સભામાં કો'ક મહિલા મુમુક્ષુએ શ્રી જિયર સ્વામીને પૂછેલું: 'આજે હિંદુસ્તાનમાં શ્રેષ્ઠ સંત કોણ છે ?'

ત્યારે આ માન્યવર મહાત્માએ જણાવેલું: 'સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રમુખસ્વામી એ શ્રેષ્ઠ સંત છે.'

સગા કાને સાંભળેલા સ્વામીશ્રીના આ ગુણગાન આજે પેલા સજ્જનને સ્વામીશ્રી પાસે ખેંચી લાવેલા. અહીં તેઓ સ્વામીશ્રી માટે જે સાંભળેલું તે અનુભવી રહ્યા.

હ્યુસ્ટનમાં શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા

તા. ૨૫/૭ની સવારે નિત્યપૂજા સંપન્ન કરી સ્વામીશ્રીએ ૭ નવયુવાનોને દીક્ષિત કરતાં જ આજનું પ્રભાત ત્યાગ-વૈરાગ્યના તેજથી દીપી ઊઠ્યું. તેના ઉજાશમાં હવે સમય અમેરિકામાં પ્રથમ વાર સાકાર થઈ રહેલી એક ઘટના તરફ સરકવા લાગ્યો.

આ દેશના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં રહેતા હજારો હરિભક્તોના પ્રેમસભર પરિશ્રમથી તૈયાર થયેલું હ્યુસ્ટનનું શિખરબદ્ધ મંદિર એટલે ૧૩૬ નકશીદાર સ્તંભો, ૧૨૨ કલાત્મક કમાનો, ૭૦ વિશાળ છત-વિતાનો અને ૨૨,૫૦૦ શિલ્પાકૃતિઓનું સુચારુ સંયોજન.

૧,૦૦૦ ગજરાજોથી શોભતો ગજ થર, ૧,૫૦૦ અશ્વોથી અલંકૃત અશ્વ થર, ૩,૦૦૦ નરશ્રેષ્ઠો ધરાવતો નર થર અને ૧,૦૦૦ ગાંધર્વથી ભર્યો ગાંધર્વ થર ધરાવતી ચાર સ્તરમાં વિસ્તરેલી જગતી એ આ મંદિરની એક વિશેષતા. તેની સાથે ૨૫,૬૨૦ ચો.ફૂ.ના મંદિર-વિસ્તાર પર ખડાં થયેલાં ઉન્નત ગિરિશૃંગો સમાં પાંચ શિખરો અને ૧૨ રોનકદાર ઘુમ્મટ-ઘુમ્મટીઓ પણ આ મંદિરનું આકર્ષક પાસું.

પથ્થરમાં પુષ્પોની કોમળતા અને પુષ્પોમાં પથ્થરની મજબૂતાઈ, આઠમી-નવમી સદીની પુરાતન સ્થાપત્યશૈલી સાથે એકવીસમી સદીની અર્વાચીન તકનીક, શરદ પૂર્ણિમાનો ચંદ્ર પણ પોતાનું પ્રતિબિંબ જોવા ઘડીભર થંભી જાય એવી ચકચકિત આરસની પરસાળ તે આ મંદિરનું આગવું સૌંદર્ય.

આવી કંઈક કલામયતા તા. ૨૫/૭, અધિક શ્રાવણ સુદ ૮, રવિવારની સવારે ચિરંતન અને ચેતનવંતી બની રહી, જ્યારે ૯:૫૨ વાગ્યે સ્વામીશ્રીએ મંદિરમાં પધરાવેલી મૂર્તિના હૃદય પર પોતાના જમણા હાથે સ્પર્શ કરી પ્રાણાહ્‌વાનનો વિધિ શરૂ કર્યો. વેદિયા વિપ્રોના મુખે ઉચ્ચારાતા મંત્રોને અનુસરતા તેઓએ ૯:૫૮ વાગ્યાના સમયે અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રથમ દૃષ્ટિ ઝીલવા ઠાકોરજી સામે અરીસો ધર્યો ત્યારે તો ધૂનનો જબ્બર ઘોષ ગાજી રહ્યો. તેથી ગગન-ઘુમ્મટ ઊભરાઈ ગયાં. આ ઉત્સાહ વચ્ચે જ ૧૦:૨૦ વાગ્યાના સુમારે અમેરિકાના સૌ પ્રથમ શિખરબદ્ધ મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને ગુરુશિખરોમાં ગુરુપરંપરા પ્રતિષ્ઠિત થઈ. તેને વધાવતાં પ્રગટેલી આરતીની ઝળહળ જ્યોતના ઉજાસમાં પ્રતિષ્ઠાનો શેષ વિધિ પણ ધામધૂમપૂર્વક પૂર્ણ થયો.

અત્યાર સુધી અમેરિકાનાં નગરોને પ્રવચનો તથા પારાયણો દ્વારા ગજાવનારા અનેક પુરાણીઓ અને પ્રવચનકારો અહીં આવી ચૂકેલા, પરંતુ હિંદુ ધર્મને આવું 'પ્રતિષ્ઠા'ભર્યું સ્થાન અમેરિકામાં પહેલી વાર મળ્યું. તેથી આ શકવર્તી ઘટનાનું જીવંત પ્રસારણ જોઈ ૧૫૦ દેશોની જનતાનાં નેત્રો વિસ્ફારિત થઈ ગયાં. ચારેકોર એક જ નાદ ગુંજી રહ્યો: *'જેવો થયો ઉત્સવ એહ ટાણે, થયો ન ક્યાંઈ કદી એ પ્રમાણે...'*

આવી મહત્ત્વપૂર્ણ તવારીખમાં હાજર રહી ધન્યતા અનુભવતા હવાઈ-સ્થિત શ્રી બોધિનાથ સ્વામી સહિત ફોર્ટબેન્ડ કાઉન્ટીના ન્યાયાધીશ શ્રી રોબર્ટ હર્બટ, ભારતના કોન્સલ જનરલ શ્રી તૈયલ વગેરેએ સ્વામીશ્રીને અભિનંદન

પાઠવ્યાં. સ્વામીશ્રીએ પણ પ્રતિષ્ઠા-સભામાં મંદિર-નિર્માણનો હેતુ સંભળાવ્યો કે –

'આપણાં મંદિરો કરવાનું કારણ એ જ છે કે આપણી સંસ્કૃતિ સચવાય, આપણો ધર્મ સચવાય, આપણાં નીતિ-નિયમો સચવાય, આપણાં બાળકોના સંસ્કારેય સચવાય. જો આ વસ્તુ ન થાય તો સંપત્તિ, છોકરાં સર્વ કાંઈ જતું રહેશે. આપણે બધું ખોઈ બેસીશું. આપણે ભારતના છીએ તો ભારતની અસ્મિતા સાથે એની સંસ્કૃતિ આપણે સાચવવાની છે. આ દેશની અંદર પણ દરેકની સાથે સારા સંબંધો રાખીએ. આપણા ધર્મનું મૂળ મંદિરો, શાસ્ત્રો અને સંતો છે. એને જેટલું વધારે મહત્ત્વ આપીશું એટલા આપણે સુખી થઈશું.'

આ આશીર્વાદ વરસાવી સ્વામીશ્રી સભામાંથી વિદાય થયા ત્યારે ઇતિહાસ સર્જવા ટેવાયેલા અમેરિકામાં, તેઓ દ્વારા એક નવો ઇતિહાસ રચાઈ ગયો.

સ્થાપત્યનું શ્રેષ્ઠ રત્ન

તા. ૨૬/૭ની સવારે નૂતન મંદિરના પોડિયમ પર ૧૫૧ સંતો સાથે સ્વામીશ્રીની સમૂહછબી લેવામાં આવી ત્યારની શોભા *'સખા વચ્ચે શોભે જગવંદ, જેમ તારામંડળ માંહિ ચંદ...'* જેવી નીખરી ઊઠી. તે જોઈ આકર્ષાયેલા મિઝૂરી નગરના કાઉન્સિલર શ્રી બોબ બર્ટને તા. ૨૭/૭ની સાંજે સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી' આપી સન્માન્યા. મેયર વતી ઉપસ્થિત તેઓએ સ્વામીશ્રીને કહ્યું કે 'આ મંદિર દ્વારા આપે બધાને નજીક કરી દીધા છે.'

મંદિર વિષે આવો જ એક અનન્ય અહોભાવ ડૉ. ડેન્ટન કુલી દ્વારા પણ સરી પડ્યો.

હૃદયરોગના ક્ષેત્રે 'હૃદયોના રાજા' ગણાતા આ પ્રતિભાસંપન્ન તબીબે અમેરિકામાં કૃત્રિમ હૃદયના સૌ પ્રથમ પ્રત્યારોપણનો કીર્તિમાન સ્થાપેલો. વળી, હૃદયની આશરે એક લાખથી વધુ સફળ શસ્ત્રક્રિયાઓ કરી ચૂકેલા શ્રી કુલી, અમેરિકાના સર્વોચ્ચ નાગરિક પારિતોષિક 'પ્રેસિડેન્શિયલ ઍવોર્ડ ઑફ ફ્રીડમ'થી પણ સન્માનિત. પરંતુ તા. ૨૮/૭ની સાંજે મંદિરમાં દર્શને આવેલા તેઓ સ્વામીશ્રીને કહેવા લાગ્યા :

'અત્યાર સુધી મારા જીવનમાં મેં જેટલાં સ્થાપત્ય જોયાં છે એ બધાંમાં આ સ્થાપત્ય અનન્ય છે. મારી દૃષ્ટિએ બધાં જ સ્થાપત્યમાં શ્રેષ્ઠ રત્ન સમાન

છે. વધારે અગત્યનું તો એ છે કે અહીં આવતાં અત્યંત શાંતિનો અનુભવ થાય છે અને પ્રેરણા મળે છે.'

આ જ વાત તેઓએ આજની સાયંસભામાં પણ દોહરાવી.

તેની સાથે આ જગપ્રસિદ્ધ તબીબને સ્વામીશ્રીનું સૌજન્ય અત્યંત સ્પર્શી ગયું. તે અનુભવ વ્યક્ત કરતાં તેઓએ વિદાય લેતી વખતે જણાવ્યું: 'હું દુનિયામાં ઘણા મોટા માણસોને મળ્યો છું, પણ એ બધામાં પ્રમુખસ્વામીએ મારું સ્વાગત કર્યું એ મારા માટે મોટો પ્રસંગ છે. એ મારા જીવનનો મોટો લહાવો છે.'

આવી જ કંઈક લાગણી સાથે આજે ગુજરાતી સમાજના હોદ્દેદારો ઉપસ્થિત થયેલા. તેઓએ સ્વામીશ્રીને નવાજતાં 'વિશ્વવિભૂતિ' પુરસ્કાર એનાયત કરી કૃતાર્થતા અનુભવી.

આ બહુમાન ઝીલી સ્વામીશ્રી તા. ૩૧/૭ની રાત્રે સાડા નવ વાગ્યે મંદિરના નિરીક્ષણ માટે નીકળી પડ્યા. આ સમયે રાતની રોશનીમાં નાહી રહેલા મંદિરના ઘુમ્મટમાં ગોઠવાયેલી ફાઇબર ઑપ્ટિકની અષ્ટરંગી બત્તીઓ એ રીતે ઝગમગતી હતી કે એક-એક કલાકૃતિ જીવંત ભાસે.

આ નવીન રચનાની સાથે અત્રે ઠાકોરજી તરફના સ્તંભોની વચ્ચે પ્રાકૃતિક ફૂલદાનીઓની હરોળ ગોઠવાયેલી. તેમાંથી પંદર-પંદર મિનિટના સમયે છૂટતાં સુગંધી દ્રવ્યો સૌને તરબતર કરી રહેલાં.

આ વિગતથી સ્વામીશ્રીને વાકેફ કરાયા ત્યારે તેઓએ બાંધકામ સાથે સંલગ્ન અક્ષયમુનિદાસ સ્વામીને પૂછ્યું: 'આ સુગંધનો છંટકાવ થાય ત્યારે એ કેમિકલ (રસાયણ) જ હોય ને?'

'હા.'

'તો એનાથી આરસ નહીં બગડે ને? આનો અભ્યાસ કરી લેજો અને જો આરસ પર અસર થાય તેમ હોય તો સુગંધી દ્રવ્ય રાખવાની જરૂર નથી.' સ્વામીશ્રીએ સૂચવ્યું.

કેટલો સૂક્ષ્મ અને લાંબા ગાળાનો વિચાર! આવા સંત-સ્થપતિનાં સ્થાપત્ય, શ્રેષ્ઠ રત્ન ન બને તો જ નવાઈ!

તેથી જ તો અમેરિકાની ઊર્જાનગરી હ્યુસ્ટનમાં વસેલા સ્ટેફર્ડ ઉપનગરની સાડા બાવીસ એકર ભૂમિ પર નિર્માણ પામેલા આ મંદિરમાં દર્શનાર્થીઓની હારમાળા રોજેરોજ લંબાતી ચાલી. મામૂલી માનવીથી માંડી મહાનુભાવો

સુધીનો પનો ધરાવતા આ યાત્રિકોના મુખેથી ઉદ્‌ગારો પણ સરતા રહ્યા કે –

– 'It has touched me deeply (આ મંદિર મને ઊંડાણથી સ્પર્શી ગયું છે)...

'આ મંદિર રચીને હિંદુ સમાજ માટે સ્વામીશ્રીએ જે દીર્ઘદૃષ્ટિ વાપરી છે એ અભિનંદનીય છે...'

'આ કોઈ માનવનું કાર્ય જ નથી, પરંતુ ભગવાન અને તેમના દેવદૂતોએ કરેલું ચમત્કૃતિભર્યું કાર્ય છે...'

'આ મંદિરના સૌંદર્યને વર્ણવવા દુનિયાની કોઈ પણ ભાષામાં યોગ્ય શબ્દ જ નથી...'

'अमरिका जैसे देश में भी ऐसे भव्य एवं पवित्र स्थान को देखकर मन बाग-बाग हो गया...!'[૧૯]

આપણા સત્સંગીઓમાં આ બહુ જ સારું છે

તા. ૨/૮ની સવારે હ્યુસ્ટનથી વિદાય થતાં પૂર્વે સ્વામીશ્રીએ મંદિરમાં આવેલા ગણપતિજીના દેરે શિવલિંગ સ્થાપ્યું અને ભવિષ્યમાં પ્રતિષ્ઠિત થનારી નીલકંઠવર્ણીની મૂર્તિ પણ પૂજી આપી.

વિદાયની આ ભેટ આપીને તેઓએ શિકાગો તરફ જવા ઉડાન ભરી ત્યારે અહીં પણ તેઓની મહેનત અને માવજત મંદિરરૂપે મહોરી ઊઠેલી.

તેમાં દૈવત પૂરવાના પ્રયોજન સાથે શિકાગો પધારેલા સ્વામીશ્રી ૧૨:૪૫ વાગ્યે ઓ'હેર ઍરપોર્ટ પર ઊતરી મંદિર તરફ ગતિ કરવા માંડ્યા. તે વખતે ગાડીચાલક હરિભક્ત શ્રી પ્રભુદાસભાઈ વાતવાતમાં બોલ્યા: 'અત્યારથી જ મંદિરમાં માણસો બહુ આવે છે.'

'આ તો શું, આનાથી પણ ઘણું માણસ આવશે! વ્યવસ્થિત આયોજન કરશો તો માણસો તો ઢગલાબંધ આવશે.' સ્વામીશ્રીના મુખેથી આર્ષકથન સરી પડ્યું.

તેઓ દ્વારા નિર્મિત તમામ મંદિરોને લાગુ પડતી આ વાત થઈ ત્યાં જ

૧૯. હ્યુસ્ટનમાં ધામધૂમપૂર્વક સંપન્ન થયેલા મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

વળી ગાડીચાલકે જણાવ્યું : 'બાપા ! બધા જ હરિભક્તો ખૂબ સેવા કરે છે.'

'આપણા સત્સંગીઓમાં આ બહુ જ સારું છે કે પોતાની મોટપ મૂકીને બધી સેવામાં જોડાય છે.'

સ્વામીશ્રીએ આપેલા આ પ્રમાણપત્રમાં સત્સંગીઓની કદર અને સત્સંગની ઓળખનું પ્રતિબિંબ છે.

યજ્ઞપુરુષરૂપ સ્વામીશ્રી

'अमरिका को यह मंदिर उपहार में मिला है। शिकागो के इतिहास में यह अवसर सुवर्ण अक्षरों में लिखा जायेगा। भारत की सभ्यता एवं भक्ति देखकर अमरिकन लोग अचंभे में पड़ जायेंगे। यह कार्य महान आत्मा ही कर सकती है।'

શિકાગોમાં તા. ૨/૮ની સ્વાગત-સભામાં ભારતના કોન્સલ જનરલ શ્રી અરુણકુમારનો અહોભાવ આમ વહી રહ્યો.

તેઓએ વર્ણવેલા મહાન આત્મા સમા સ્વામીશ્રીનો સ્પર્શ પામી આજે અન્ય એક સ્થાનિક આગેવાન શ્રી નિરંજન શાહ પણ દોડી આવ્યા. વ્યવસાયે બિલ્ડર એવા આ અગ્રણીના આગમન પાછળ એક આગવું કારણ હતું.

સુખીસંપન્ન આ મુરબ્બી પોતાનાં ધર્મપત્ની સાથે દર સોમવારે મૃત્યુંજય જાપ જપે. દેવમૂર્તિ સમક્ષ બેસી થતા આ વિધિમાં હવન પણ પ્રગટાવે. તેમાં આહુતિ હોમતાં હોમતાં મંત્રરટણ ચાલે. આ જ રીતે આજે પણ તેઓના ઘરમાં જપના ઘોષ સાથે યજ્ઞની જ્વાળાઓ ઊઠી રહેલી. તે દરમ્યાન જ એક નવીન વાત બની, તેના સાક્ષી પતિ-પત્ની બંને થઈ રહ્યાં. પરંતુ જપયજ્ઞ ચાલુ હોવાથી બંનેએ વાતને હૈયામાં સંઘરી રાખી.

થોડી વારે વિધિ પૂરો થતાં જ નિરંજનભાઈએ પત્નીને કહ્યું : 'આજે જ મારે પ્રમુખસ્વામી મહારાજને મળવા જવું છે.'

'તમારે મળવું જ જોઈએ, કારણ કે મને આજે અગ્નિશિખામાં પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન થયાં !'

પત્નીની આ વાત સાંભળી પતિ ચોંક્યા. તેઓએ જણાવ્યું : 'મને પણ એ જ દર્શન થયાં !'

આ દિવ્ય દર્શનથી ખેંચાઈ આવેલા એ શ્રેષ્ઠીએ રોમાંચિત ગાત્રે સ્વામીશ્રીને સ્વાનુભવ વર્ણવ્યો ત્યારે સૌ યજ્ઞપુરુષરૂપ સ્વામીશ્રીને વંદી રહ્યા.

આવા જ્યોતિસ્વરૂપ તેઓને તા. ૪/૮ની રાત્રે સ્થાનિક ગુજરાતી સમાજે 'વિશ્વના માનવીય ઉત્કર્ષના પ્રદાતા'નો ખિતાબ આપી સત્કાર્યા. આ પ્રસંગે ૭૫થી વધુ નામાંકિત ઉદ્યોગપતિઓ દ્વારા વરસેલી અભિનંદનોની વર્ષા ઝીલનારા સ્વામીશ્રીનાં કરકમળો વડે તા. ૫/૮ની સવારે નૂતન મંદિરમાં પ્રાસાદપ્રવેશનો વિધિ સંપન્ન થયો.

તેને અનુસરતાં તા. ૬/૮ની સવારે વિશ્વશાંતિ મહાયાગની જ્વાળાઓ પ્રજ્વલિત થઈ ઊઠી. ૩૫ કુંડોની ફરતે બેઠેલા ૩૫૦ યજમાનોની ઉપસ્થિતિમાં આ યજ્ઞનો પારંપરિક વિધિ કરીને સ્વામીશ્રી આજની સાયંસભામાં પધાર્યા.

અત્રે ધર્મલાભ આપી તેઓ ઉતારે જઈ રહેલા ત્યારે બેય બાજુ હરોળબંધ ઊભેલા દર્શનાર્થીઓમાં નવાગામના એક હરિભક્તને જોતાં સ્વામીશ્રી બોલ્યા: 'ગુણવંત! આવો.'

આ આવકાર ઝીલી નજીક આવેલા એ હરિભક્તને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આવા છે ભગત! દૂરથી દર્શન થઈ જાય એમાં બધું આવી ગયું અને બીજા તો ધમપછાડા કરે.'

આમ, એક અનપેક્ષ ભક્ત પર સામે ચાલીને કરુણા વરસાવતા સ્વામીશ્રી તા. ૭/૮ની સવારે શિકાગોની શેરીઓને ધન્ય કરવા નીકળી પડ્યા. કારણ હતું – શહેરના બાલ્બો એવન્યૂની કોલંબસ ડ્રાઈવથી શરૂ થયેલી નગરયાત્રા.

શિકાગોમાં શોભાયાત્રા

મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે તા. ૭/૮ની સવારે દસ વાગ્યે પ્રારંભ પામેલી શોભાયાત્રામાં મયૂર રથ, ગરુડ રથ, હંસ રથ, ગ્રંથ રથ, કુટિર રથ વગેરેમાં મૂર્તિઓ વિરાજમાન હતી. તે સાથે નીકળેલા આશરે છ હજાર હરિભક્તોના સમુદાયે વિદેશમાં પણ *'લોકો દર્શન કરવાને ધાય, ઠામ ઠામ ઘણી ભીડ થાય...'*નું વાતાવરણ સર્જી દીધું, કારણ કે અહીં ઉલ્લાસ હતો, પણ ઉન્માદ નહીં; વિવિધતા હતી, પણ વિસંવાદિતા નહીં; ગિરદી હતી, પણ ઘોંઘાટ નહીં. આવી આ નગરયાત્રામાં સામેલ દોઢસો સંતો, નૃત્યરત બાળકો-કિશોરો, ભજન-ભક્તિમય ભક્તવૃંદ, શાલીન સન્નારીઓનો સંઘ વગેરેની શોભા અવર્ણનીય બની રહી.

તેમાંય મિશિગન સરોવરના તીરે ઊછળતા બકિંગહામ ફાઉન્ટનની

સામે જ ઊભા કરાયેલા નાના મંચ પર સ્વામીશ્રીને જોતાં તો નગરયાત્રીઓ ઘેલા-ઘેલા બની રહ્યા. છતાં આ આનંદનાં પૂર સંયમની સીમામાં રહીને ઊછળ્યાં. તે જોઈ મેયરની કચેરીમાં ફરજ બજાવતા સ્થાનિક અધિકારી શ્રી જ્હોન ટ્રીચ બોલી ઊઠ્યા: 'શિકાગોના ઇતિહાસમાં અને મારી કારકિર્દીમાં આવા શિસ્તબદ્ધ સમુદાયનો સાક્ષી હું ક્યારેય બન્યો નથી. નગરયાત્રા અત્યંત સુઆયોજિત રહી. નગરયાત્રાના આયોજન બાબતે લોકોને માર્ગદર્શન આપવા બી.એ.પી.એસ. સંસ્થાએ પરિષદો યોજવી જોઈએ.'

આમ, અમેરિકન અમલદારો પર પ્રભાવ પાથરતી આ શોભાયાત્રા સાડા અગિયાર વાગ્યે મોનરો એવન્યૂ પાસે વિરમી ત્યારે સ્વામીશ્રીના મંચની આસપાસ દર્શનાર્થી ભક્તો વીંટળાઈ વળ્યા. તેમાંથી કો'કે 'બી.એ.પી.એસ. - એક પરિવાર'નો નારો ગજવવો શરૂ કર્યો. તેને હરિભક્તો સહિત સ્વામીશ્રી પણ ઝીલવા લાગ્યા. તેની સાથે તેઓ જમણા હાથની પહેલી આંગળીને ઊંચી દર્શાવી એકતાનો બોધ આપી રહ્યા. તે સમયે સ્વામીશ્રીના જમણા કાંડે ભરાવેલું રબર બૅન્ડ તેઓની કર્મઠતાની સાક્ષી પૂરી રહ્યું. ગાડીમાં બેસી પત્રો વાંચતી વખતે આ રબર બૅન્ડ સ્વામીશ્રીએ હાથે ભરાવેલું, એ પત્રવાંચન તેઓએ નગરયાત્રાના સ્થળે ગાડીમાંથી ઊતરતાં પહેલાંની છેલ્લી ક્ષણ સુધી ચલાવેલું. આ સેવામાં લયલીન તેઓ ઊતરતી વખતે એ રબર કાઢવાનું વીસરી ગયેલા. તેથી તેઓની કર્મઠતાનું એ કંકણ અત્યારે દૃષ્ટિગોચર થતું હતું.

શોભાયાત્રાની આ સ્મરણીય સ્મૃતિ આપી સ્વામીશ્રી મંદિરે જવા નીકળ્યા ત્યારે ગાડીચાલકે મિશિગન એવન્યૂનો માર્ગ લીધો, પરંતુ અહીં નગરયાત્રા નિમિત્તે અવરજવર પર લાદેલો પ્રતિબંધ પોલીસકર્મીઓએ હજી ઉઠાવ્યો ન હોવાથી સ્વામીશ્રીની ગાડી અટકી. જો કે તેમાં નગરયાત્રાના આયોજક સ્વામીશ્રીને જોઈ પોલીસે હસતાં હસતાં અવરોધકને હટાવ્યું ત્યારે સ્વામીશ્રીએ પણ પોતાની કૃપાનું કમાડ ઉઘાડ્યું. તેઓ બોલ્યા: 'તેં દરવાજો ખોલ્યો છે તો તારો દરવાજો ભગવાન ખોલશે.'

પરંતુ સ્વામીશ્રી તો આવા એકલદોકલ નહીં, પણ અગણિત જીવો માટે અક્ષરધામનો દરવાજો ખોલવા આવ્યા હતા. પોતાનો આ હેતુ સિદ્ધ કરવા તેઓ હવે અમેરિકાની ધરતી પર વધુ એક શિખરબદ્ધ મંદિરનાં દ્વાર ઉઘાડવા જઈ પહોંચ્યા.

શિકાગોમાં શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા

'We have never seen anything like this before in America' – અમેરિકામાં આજ સુધી આવું અમે ક્યારેય જોયું નથી.

શિકાગોની એબીસી-૭ ટી.વી. ચેનલનો આ અભિપ્રાય તેનો એકલાનો ક્યાં હતો! આ જ અહોભાવ તા. ૮/૮, અધિક શ્રાવણ વદ ૮, રવિવારના રોજ સ્વામીશ્રીના વરદહસ્તે ખુલ્લા મુકાયેલા ૨૧૩ x ૧૧૨ x ૬૦ ફૂટનું પરિમાણ ધરાવતા અમેરિકાના દ્વિતીય શિખરબદ્ધ મંદિરને જોઈ સૌના હોઠે રમી રહેલો, કારણ કે શિકાગોના બાર્ટલેટ ઉપનગરની ડ્યુપેજ કાઉન્ટીમાં ૭૦,૨૪૦ ઘનફૂટ પથ્થરમાંથી ખીલેલું આ ધવલરંગી મંદિર માત્ર રળિયામણું જ નહીં, શિકાગોનું સંભારણું અને નજરાણું પણ હતું.

અમેરિકાના મધ્ય-પશ્ચિમ પ્રદેશમાં વસતા સેંકડો સત્સંગીઓનું સમર્પણ, ૧,૭૦૦ સ્વયંસેવકોના પચીસ લાખ સેવાકલાકો અને બે હજાર શિલ્પકારોના ટાંકણેથી નીતરેલી કલાનો સરવાળો આ મંદિરના ૪૦,૦૦૦ પથ્થરો પર મંડાયેલો. પાંચ ઉત્તુંગ શિખરો, ૧૭ ઘુમ્મટ-ઘુમ્મટીઓ, ૧,૭૦૦ રૂપકામ, ૭૪ કલાત્મક છત, ૧૫૧ સ્તંભો સહિત આ મંદિરના એક-એક અંગ ઘડાયા ભારતમાં અને જડાયા અમેરિકામાં! ટર્કી તથા ઇટાલીની ખાણોમાંથી નીકળેલા લાઈમ સ્ટોન તેમ જ માર્બલ તો અહીં જડાતાં પૂર્વે હજારો નૉટિકલ માઈલની દરિયાઈ ખેપ ખેડીને આવેલા. છતાં ઘડતર-ચણતરની પ્રક્રિયા એવી ગણતરીપૂર્વક ગોઠવાયેલી કે ક્યાંય દોરાભારની ક્ષતિ ન આવી. આ દાખલો અને દાખડો જોઈ સૌ કેમ ન કહે કે 'અમેરિકામાં આજ સુધી આવું અમે ક્યારેય જોયું નથી!'

આવા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાના અવસરે પ્રભાતના પ્રથમ પહોરથી જ *'જન જોવાને આતુર થાય, પથમાં ભીડ બહુ ભરાય...'*ની જેમ ભક્તો-ભાવિકો ઊમટવા લાગ્યા. તેની વચ્ચે સ્વામીશ્રીએ મંદિર તરફ પ્રસ્થાન કર્યું ત્યારે હેલિકૉપ્ટરમાંથી પુષ્પવૃષ્ટિ વરસી રહી. તે ઝીલતાં સ્વામીશ્રીએ મંદિરના ટોચના પગથિયે ઊભા રહી શાંતિના સંકેતરૂપે શ્વેત પારેવાને ગગનમાં તરતું મૂક્યું. તે પછી મંદિરના પ્રવેશદ્વાર અને મધ્ય ખંડના દરવાજાને પૂજતાં-ખોલતાં તેઓ અક્ષર-પુરુષોત્તમ મહારાજ સમક્ષ જઈ ઊભા. અહીં આ યુગલ-સ્વરૂપ જાણે સ્વામીશ્રીને વધાવવા આતુર હોય તેમ મલકી રહેલું. તેમાં વેદવિધિને

અનુસરતાં સ્વામીશ્રીએ પ્રાણ પ્રતિષ્ઠિત કર્યા ત્યારે ઊઠેલા જયઘોષથી અમેરિકાનું આભ ફાટ્યું.

આ પ્રચંડ જયજયકાર સાથે મંદિરમાં વિરાજિત અન્ય મૂર્તિઓનાં પૂજન કરી સ્વામીશ્રી અન્નકૂટ ગોઠવાય ત્યાં સુધી કોળીમંડપમાં સોફા પર બિરાજ્યા. આજે તેઓનું અંતર પણ અકથ્ય આનંદથી ઊભરાતું હતું. એ આનંદ અમૃતધારારૂપે વહેવા લાગ્યો :

'આજે ભગવાન સાક્ષાત્ બિરાજી ગયા. આખી દુનિયામાં ડંકો વાગી ગયો. લાખો, કરોડો માણસોને આ દર્શન (જીવંત પ્રસારણ દ્વારા) થયાં. અક્ષરધામમાં છે એવા ને એવા અહીં મૂર્તિમાં બેઠા છે. નાના-મોટા, બાઈ-ભાઈ બધાંના સહકારથી આવું સુંદર મંદિર બન્યું છે. જોઈને શાંતિ થઈ જાય. ભગવાનની કૃપાથી આપણા ભાવથી પણ અધિક બની ગયું છે. અનંત જન્મથી અનંત દેહે નથી કરી શક્યા તે આ દેહે થયું છે. માટે આનંદમાં રહેવું.'

આ આનંદવર્ષા બાદ સ્વામીશ્રીએ સૌ પર અક્ષતવર્ષા કરી આશીર્વાદ વરસાવ્યા. તે સમયે તેઓએ મંદિરની મૂર્તિઓ ઘડનારા શિલ્પીબંધુઓ શ્રી ગોપાલભાઈ અને કૈલાસભાઈને યાદ કરી આગળ બોલાવ્યા અને તેઓની કલા-ભક્તિ બિરદાવી. આમ, મોટા પ્રસંગે પણ સાધારણ મનુષ્યોને યાદ કરતા સ્વામીશ્રી પ્રતિષ્ઠિત મૂર્તિઓને આરતીનું અર્ઘ્ય ધરી ઉત્સવ-સભામાં પધાર્યા ત્યારે તેઓને સ્થાનિક કૉંગ્રેસમેન શ્રી હેન્રી હાઇડ, ઇલિનોય રાજ્યના પ્રતિનિધિ શ્રી જ્હોન મિલ્નર તથા ભારતીય કોન્સલ જનરલ વગેરે આમંત્રિતો સહિત ૨૬,૦૦૦ની માનવમેદનીએ વધાવ્યા. તે સૌને આશીર્વાદ આપી સ્વામીશ્રી સભામાંથી વિદાય થયા ત્યારે અમેરિકામાં તેઓએ કરેલા આ દ્વિતીય દિગ્વિજયના દુંદુભિ જોરશોરથી ગાજી રહ્યા.

બધાં જ મંદિર એકડા છે

પ્રતિષ્ઠા-સભામાંથી ઉતારે પધારેલા સ્વામીશ્રી ભોજન લેવા બિરાજ્યા ત્યારે અહીં પણ નવનિર્મિત મંદિરની કીર્તિકથાનો અધ્યાય ખૂલી ગયો. તેમાં સૂર પુરાવતાં લંડનવાસી હરિભક્ત શ્રી અરુણકુમાર બોલ્યા : 'રાજાધિરાજ ! ડંકો વાગી ગયો. બહુ જ સુંદર મંદિર થઈ ગયું ! પણ લંડનનું મંદિર તો એકડો છે.'

'બધાં જ મંદિર એકડા છે. જે થયાં છે અને થવાનાં છે એ બધાં એકડા જ સમજી લેવાનાં !' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું :

'મહારાજ અને સ્વામી જ્યાં બેઠા એ નાનું મંદિર હોય કે મોટું મંદિર હોય, બધાં જ એકડા છે. ઊંચા-નીચું કરીએ તો ભાવ ફરી જાય. આપણે તો બી.એ.પી.એસ. – એક પરિવાર.'

સ્વામીશ્રીએ સીંચેલી આવી એકતાની ઈંટો પર રચાતી બી.એ.પી.એસ.ની ઇમારતો. તે પૈકી એક અહીંના નવનિર્મિત મંદિરની ખ્યાતિ-ખૂબી સાંભળી વિદેશી મહાનુભાવોની પણ વણઝાર મંદિર તરફ વળેલી. આ મુરબ્બીઓ રોજ સાંજે યોજાતી સભામાં પોતાની અનુભૂતિઓ વાગોળતા. દીવાલે-દીવાલે દિવ્યતા અને પથ્થરે-પથ્થરે પ્રેમ ધરાવતા આ મંદિરને માણી કો'કે જણાવ્યું: 'આ કાર્ય કોઈ માણસનું નથી, પણ માણસથી પરની વ્યક્તિનું છે', તો કો'કે કહ્યું: 'સ્વામીશ્રીના અનુયાયીઓની સ્વામીશ્રી પ્રત્યેની પ્રતિબદ્ધતા અન્ય લોકો માટે અનુકરણીય ઉદાહરણ બની રહેશે.'

ડેનિયલ પોલેટ નામનો એક વિદ્યાર્થી પણ બોલી ઊઠ્યો: 'હું ખ્રિસ્તી ધર્મનો ચુસ્ત અનુયાયી હોવા છતાં આ મંદિરમાં ભગવાનની વિભૂતિનો મને અનુભવ થાય છે.'

આ જ રીતે જોઆન બેકર નામની વયસ્ક વ્યક્તિએ કહ્યું: 'હું હિંદુ ધર્મનો અનુયાયી નથી છતાં મને અનુભવાય છે કે આ મંદિર એ પવિત્રતાનું ધામ છે.'

મંદિર-મહિમાના આ મંગલગાનમાં પોતાનો તાલ મિલાવતાં પ્રસિદ્ધ સ્થાનિક ઉદ્યોગપતિ શ્રી સોહનભાઈએ તો ભાવવિભોર થઈ કહી દીધું: 'हम भारतीय यहाँ आकर गुम हो रहे थे, लेकिन इस मंदिर से अब हमारी पीढ़ी भी सौ साल तक हिन्दुत्व से जुड़ी रहेगी। यहाँ मंदिर करके स्वामीजी ने हिंदुत्व का पुनः उद्धार कर दिया।'

વિદેશમાં વસતા ભારતીયોને પોતાના મૂળ સાથે સંલગ્ન રાખવામાં અને વિદેશીઓનાં હૈયે ભારત પ્રત્યે આદર જગાવવામાં સ્વામીશ્રી જેવા કામિયાબ મહાપુરુષ ભાગ્યે જ કોઈ હશે કે થશે!

'શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય'નો આરંભ

અમેરિકામાં મંદિરો થતાં તેના સંચાલનની સેવામાં સ્વામીશ્રીએ આ અરસામાં કેટલાક સંતોની નિયુક્તિ કરી. આ સંતોની એક સભા તા. ૧૬/૮ની સવારે સ્વામીશ્રીના નિવાસસ્થાને યોજાઈ. તેના પ્રારંભમાં નારાયણમુનિદાસ

સ્વામી બોલ્યા : 'સ્વામીબાપાના સંકલ્પે આપણને અહીં સેવા મળી છે...'

પરંતુ આ ભૂમિકાને ભાંગતાં સ્વામીશ્રીએ કહ્યું : 'જોગી મહારાજની પ્રેરણા અને સંકલ્પથી જ સેવા મળી છે – એમ બોલો. જોગી મહારાજનો સંકલ્પ હતો કે બધાને લંડન, અમેરિકા, આફ્રિકા મૂકવા છે.'

આ સુધારાને સામેલ કરતાં ઉદ્‌ઘોષકે જણાવ્યું : 'યોગીજી મહારાજના સંકલ્પે અને સ્વામીબાપાની પ્રેરણાથી...'

પરંતુ આ વિધાન પણ સ્વામીશ્રીને ખૂંચ્યું. તેઓએ પુનઃ ઉચ્ચાર્યું : 'એમનો સંકલ્પ અને એમની જ પ્રેરણાથી આ થયું છે. પહેલાં એ સંભારવું.'

બંધબારણે ચાલી રહેલી બેઠકમાંય સ્વામીશ્રીએ ગુરુભક્તિમાં ગાબડું પડવા ન દીધું !

તેઓની આ ભક્તિની ચિનગારી હરિભક્તોને અડી જતાં અહીં પ્રતિષ્ઠિત થનારા નીલકંઠવર્ણીની સુવર્ણતુલા આજની સાયંસભામાં યોજાઈ ગઈ.

હકીકતે સ્થાનિક હરિભક્ત ડૉ. વિજયભાઈ પટેલનાં ધર્મપત્નીનો સંકલ્પ હતો કે 'મારે લગ્નતિથિના અવસરે સ્વામીશ્રીને સોનાથી તોળવા છે.' પરંતુ આ મનોરથ પતિ દ્વારા રજૂ થતાં જ સ્વામીશ્રીએ તેઓને જણાવી દીધેલું કે 'જો મારી સુવર્ણતુલા રાખશો તો હું અહીંથી જતો રહીશ.'

સ્વામીશ્રીના આ પ્રતિભાવથી તેઓની તુલાવિધિનો પ્રસ્તાવ પડતો મૂકી ડૉ. વિજયભાઈ તથા તેઓના ભાઈ ડૉ. જગદીશભાઈએ નીલકંઠવર્ણીની તુલા કરવાનું નિર્ધારેલું. તે મુજબ આજે યોજાયેલા કાર્યક્રમમાં અંતે તો ૯૫ યજમાનોએ યથાશક્તિ ભક્તિ અદા કરી. તેઓ સાથે સ્વામીશ્રીએ મંદિર-નિર્માણમાં વિશેષ જહેમત ઉઠાવનારા સંજયભાઈ પરીખ, રોહિતભાઈ પટેલ, ભરતભાઈ પટેલ વગેરેને સન્માની આશીર્વાદ આપ્યા. આ લાભ દેવવંદનદાસ સ્વામી વગેરે સંતો પણ પામ્યા.

આ ક્રમમાં નવનિયુક્ત ભારતીય રાજદૂત શ્રી રોનન સેન પણ જોડાયા. આ એલચી પોતાની કાર્યવાહી શરૂ કરતાં પૂર્વે સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવા ખાસ વૉશિંગ્ટનથી અહીં સુધી દોડી આવેલા. દેશ હોય કે પરદેશ – સ્વામીશ્રીના અભય હસ્ત માટે રાહદારીથી રાજદ્વારી સુધીના સૌને અપાર આસ્થા રહેતી.

આવા વિશ્વસનીય વરદહસ્તે તા. ૧૭/૮ની સવારે નીલકંઠવર્ણીની અભિષેક મૂર્તિમાં પ્રાણ પુરાયા. આ પ્રસંગે સ્વામીશ્રીએ 'શ્રી સ્વામિનારાયણ

ભગવાનની જય' બોલાવી આશીર્વાદનો આરંભ કર્યો. તે સાથે જ સમગ્ર સંસ્થામાં કથા કે કોઈ પણ કાર્યના પ્રારંભમાં આ 'જય' ગુંજાવવાની પ્રણાલિ આજથી શરૂ થઈ.

મન મારીને આ કાર્ય શોભાડવું

નીલકંઠવર્ણીની પ્રતિષ્ઠા બાદ ઉતારે પધારેલા સ્વામીશ્રી બપોરે પોણા એક વાગ્યે ઠાકોરજી જમાડવા પોતાના ઓરડામાંથી બહાર નીકળ્યા. તે જ વખતે એલ.એ.ના હરિભક્ત શ્રી જિતભાઈ જોષીએ તેઓ સમક્ષ નવુંનકોર ડીવીડી પ્લેયર ધરતાં કહ્યું: 'બાપા! આ આપના માટે છે. આપને કોઈ પણ ડીવીડી જોવી હોય તો તેમાં જોઈ શકાશે. લાંબી મુસાફરીમાં કંટાળો ન આવે એ માટે આ ખૂબ જ સરસ સાધન છે. આપનો સમય પણ એમાં પસાર થઈ જાય. આપને અંગીકાર કરવા માટે વિનંતી કરું છું.'

'આ તમારું સાધન અમે પ્રસાદીનું કરી લીધું અને હવે અમે કહીએ છીએ કે તમારી પાસે જ રાખો.' આટલું કહી એ સાધનને હાથ અડાડતાં સ્વામીશ્રીએ અલમસ્તભાવે ઉમેર્યું: 'મારો સમય તો એવો જાય છે કે ખૂટી પડે છે. કાગળિયાં (પત્રો) વાંચવામાંથી જ ઊંચો આવતો નથી. ભગવાનની દયા છે કે આવા કોઈ સાધનની જરૂર પડતી નથી.'

સ્વામીશ્રીના આ નિઃસ્પૃહભાવને સૌ મૂકવદને જોઈ જ રહ્યા.

પરંતુ આવા અનાસક્ત સ્વામીશ્રીની આત્મીયતાથી આજની સાંજે સૌ ભીંજાઈ રહ્યા.

આ સમયે ભ્રમણ બાદ આસનથી પરવારેલા સ્વામીશ્રી ઠાકોરજીને ધરાવેલાં ફળફળાદિનો પ્રસાદ અંગીકાર કરતા હતા. સામે અમેરિકા ખાતે સ્થાયી થયેલા સંતો છેલ્લો દર્શનલાભ મેળવી રહેલા. આજે લંડન જનારા સ્વામીશ્રીનાં દર્શન પુનઃ ક્યારે થશે તેની કોઈ નિશ્ચિતતા ન હોવાથી વિરહનાં વાદળાં વધુ ઘાટાં બનેલાં. તે કો'ક કો'ક સંતની આંખો દ્વારા વરસવા પણ માંડ્યાં.

અશ્રુની એ ખારાશને અમૃતધારાથી ધોવાનો પ્રયાસ કરતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા: 'આપણાં ભાગ્ય છે કે મહારાજની દયાથી આ દેશમાં આપણે સત્સંગ પ્રચાર માટે આવવાનું થયું! એટલે તમારે એમ ન થાય કે આપણે બહુ દૂર થઈ ગયા...'

પરંતુ આટલું બોલતાં સ્વયં સ્વામીશ્રીની સ્થિતિ *'આંસુ પ્રેમનાં આંખથી*

*ખરે...'*ની થઈ ગઈ. તેથી થોડી ક્ષણો મૌનમાં જ વીતી. છેવટે સ્વસ્થતા પ્રાપ્ત કરી સ્વામીશ્રી પુનઃ બોલ્યા: ''આપણે મનમાં એમ ન રાખવું કે 'દૂર-દૂર જતા રહ્યા ને આપણે કોઈ સંબંધ ના રહ્યો.' એ વિચાર આવવા દેવો નહીં. મહારાજ-સ્વામી આપણી સાથે છે. એ આપણી બધી સંભાળ લે છે. એટલે ઉત્સાહ ને ઉમંગ હંમેશાં રાખવા. મન મારીને ગમે તે કરીને પણ આ કાર્ય શોભાડવું છે અને સત્સંગ કરાવવો છે...''

સંતોને આ શીખ આપી સ્વામીશ્રી હરિભક્તોની સભામાં પધાર્યા ત્યારે અહીં પણ પ્રત્યેકના અંતરમાં *'વિના જળ મત્સ્ય જીવે ન જેમ, અમે તમ વિના જીવિયે કેમ...'*નો ભાવ ઘૂંટાઈ રહ્યો. તેને વિદારવા સ્વામીશ્રીએ હિતવચનો સંભળાવ્યાં કે –

''ભગવાનની મૂર્તિ બેઠી એ તીર્થ થઈ ગયાં. આપણે પણ પંડે તીરથ બની ગયા. આપણે નીલકંઠવર્ણીની પ્રતિષ્ઠા થઈ. મહારાજને થયું કે 'આપણે પણ અમેરિકા જઈએ. બધા જાય છે તો આપણે કેમ નહીં?' એટલે એ વિચારીને એ પણ પધાર્યા. તે આપણા સંકલ્પો પૂરા કરશે. ઘણા આર્થિક, સામાજિક, માનસિક પ્રશ્નો ચાલ્યા કરે. તેમાં ભગવાન આપણો આધાર. ભજન, સેવા, પૂજા કરીએ તો એનું નિવારણ થાય.

હવે મંદિર સર્વોપરી થઈ ગયું. તેને નિભાવવા માટે બધા હરિભક્તોએ ખાસ દસમો-વીસમો ભાગ અર્પણ કરવો. એવા મહાન પુરુષો માટે કરીએ તો એ અનંતગણું થઈને આવે. આ બધું તમે ભગવાન માટે કર્યું એ અનંતગણું પાછું આવશે જ; એક નહીં તો બીજી રીતે! માટે દશાંશ-વિશાંશ આપજો. કથા-વાર્તાનો લાભ પણ પૂરો લેજો.''

વિદાય વેળાએ આ ભમલી ભરાવતાં સ્વામીશ્રી ઠાકોરજીની સંધ્યા આરતી ઉતારી ઍરપોર્ટ પહોંચ્યા. અહીંથી તેઓએ રાત્રે ૮:૫૨ વાગ્યે ઉડાન ભરી ત્યારે ગગનમાં તારાઓ અને ધરતી પર દીવાઓ ઝગમગતા હતા. જાણે આ વખતની ખેપમાં મંદિરો બાંધી સ્વામીશ્રીએ પ્રગટાવેલો ઉપાસનાનો ઉજાશ અમેરિકાના અવની-અંબરમાં છાઈ વળ્યો ![૨૦]

---

૨૦. શિકાગોમાં દબદબાભેર ઊજવાયેલા મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

શ્રદ્ધાના સ્વામી

*'જ્યાં જ્યાં ગયા ત્યાં જયકાર કીધો...'*ની રીતે અમેરિકાનો ધર્મપ્રવાસ પૂર્ણ કરી સ્વામીશ્રીએ તા. ૧૮/૮ની સવારે સ્થાનિક સમય અનુસાર દસેક વાગ્યે લંડનની ધરાને પાવન કરી. આ સમયે સૂર્ય તેઓને અર્ઘ્ય ધરવા હાજર થઈ ગયેલો. તે પર પ્લેનમાં બેઠાં બેઠાં જ આભારસૂચક દૃષ્ટિ કરતાં સ્વામીશ્રી સાડા અગિયાર વાગ્યે મંદિરે પધાર્યા ત્યારે અહીં એકત્રિત ભક્તોએ સ્વાગતનાં સૂત્રો પોકારી મંદિર ગજવ્યું.

આ અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી રોજિંદા ક્રમથી પરવારી તા. ૧૯/૮ની સાંજે કાયદાકીય આંટીઘૂંટીવાળો એક પત્ર ઉકેલવા બેઠા. તે જ વખતે ધૂલિયાથી હરિભક્ત શ્રી યોગેશભાઈ દવેનો ફોન આવતાં સ્વામીશ્રી બોલ્યા: 'તમારો પત્ર મળ્યો છે.' આમ કહી તેઓ આ હરિભક્તે કાગળમાં લખેલા દરેક મુદ્દા ક્રમવાર પોતાની તીવ્ર મેધાથી બોલતા ગયા અને તેનું સમાધાન સૂચવતા ગયા. તે સત્સંગી દ્વારા મોકલાયેલો પત્ર સ્વામીશ્રીને બે-ત્રણ દિવસ પૂર્વે મળ્યો હોવા છતાં તેઓને એકેએક વિગત બરાબર યાદ હતી. તે મુજબ માર્ગદર્શન આપી સ્વામીશ્રી પુનઃ પેલી કાનૂની ગૂંચના અંકોડા ખોલવા લાગ્યા.

તેઓની આવી અચરજકારી પ્રતિભાને માણવા આજની સાયંસભામાં નવનિયુક્ત ભારતીય એલચી શ્રી કમલેશ શર્મા આવી પહોંચ્યા. તેઓને યશસ્વી કાર્યવાહીના આશીર્વાદ આપી ઉતારે પધારેલા સ્વામીશ્રીના શરીરને આજની રાતથી જ તાવ ઘેરી વળ્યો. તેથી શરીરમાં શરદી ખખડવા લાગી. અવાજ પણ ઘેરો થઈ ગયો. છતાં સ્વામીશ્રી તા. ૨૦/૮ની સવારે હરિભક્તોને મુલાકાત આપવા બિરાજ્યા. આ સમયે તેઓ પાસે આવી એક યુવાને કૃતજ્ઞતા વ્યક્ત કરી કે 'સ્વામી ! આપના વચને સિગારેટ છોડ્યે ત્રણ મહિના થઈ ગયા. હજી નિયમ ચાલુ છે. આ તો પરચો થઈ ગયો !' આનંદથી ઊછળતાં આટલું કહી તે યુવક બોલ્યો: 'બાપા ! આવી દૃષ્ટિ પહેલેથી કેમ ન કરી ?'

'અમે તો કરી જ હતી, પણ તારી તૈયારી નહોતી. કદાચ તું થાક્યો હોઈશ, પણ અમે તો કંઈ થાક્યા નહોતા.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓ હતા શ્રદ્ધાના સ્વામી, તેથી 'કોઈ પણ વ્યક્તિને સમજાવીને સુધારી શકાય છે' તે બાબતે તેઓ કદી થાક્યા નહોતા.

મોબાઈલ તો મહાહરામી છે

તા. ૨૫/૮ની સવારે મંદિરે જ યોજાયેલી 'સંસ્કૃતિ' વિષયક કિશોર શિબિરનો મંગલદીપ પ્રગટાવી સંબોધન કરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'એમ સમજાય કે 'દુનિયા ખોટી (નાશવંત) છે અને ભગવાન સાચા છે' તો ગમે તે ઠેકાણે, ગમે તે પ્રસંગે પણ ભગવાન વિશેની ભક્તિ, નિષ્ઠા, શ્રદ્ધા, ધર્મ અને આપણી સંસ્કૃતિ ભૂલી ન જવાય. એવી દૃઢતા આપણે કરવાની છે.'

આ જ રીતે તા. ૨૭/૮થી બાળકો અને યુવકોની શિબિરો યોજાઈ. અનુક્રમે 'આત્મબુદ્ધિ' અને 'करिष्ये वचनं तव'ના મધ્યવર્તી વિચાર સાથે શરૂ થયેલી આ શિબિરોમાં પણ અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

"હમણાં વાત કરી કે 'તમને રાજી કરવા છે.' આ બધું બોલવામાં બોલાઈ જાય, પણ એમાં આપણું મન બહુ આડું આવે. ભગવાનના વચનમાં સ્થિરતા રહેવી અને એમાં વિશ્વાસ આવવો એ બહુ મહત્ત્વની વાત છે. બોલીએ એ પ્રમાણે પાળવું જ જોઈએ. આપણે પણ યુદ્ધના, માયાના મોરચામાં પડેલા છીએ. ટી.વી. ને ઈ-મેલ ને ફી-મેલ ને ફોન ને બીજું ઘણું! કથા સાંભળવા આવીએ અને એ માયા (ફોન) ભેગી લાવીએ તો શું થાય? એ લાવવું જ નહીં. મંદિરમાં આયા તો મોબાઇલ (ફોન) મોટરમાં મૂકીને આવવું. એ મોબાઇલ તો મહાહરામી છે. એ જ્યારે-ત્યારે કોઈનો જીવ લેવાનો છે. એ બધી રીતે બરબાદ કરનારી વસ્તુ છે. હવે આટલામાં આવી ગયું! પેલું તો ટી.વી.માં જોવાનું ને આ તો બધે જ હરતાં-ફરતાં ને અહીં બેઠાં પણ જોવાય. એવો આ ફોન છે – ભયંકરમાં ભયંકર! આવા વાતાવરણમાં આપણે સત્સંગ રાખવો છે. એ માટે ભગવાન અને સંત કહે એમ જ કરવું. એવી જ્યારે તમન્ના થાય ત્યારે આ માયા છૂટે.

જોગી મહારાજની દયાથી ડૉક્ટર સ્વામીને તમે જુઓ છો. ચોવીસ કલાક એમનું મન ભગવાનમાં ચાલે. વૃત્તિ એક જ કે ભગવાન જ સાચા છે અને એમને જ રાજી કરવા છે. કોઈ પદાર્થની ઈચ્છા નથી.

તો કહેવાનું શું કે જરૂર હોય તો ફોન કરવાનો, પણ ઘડીએ ઘડીએ 'એલાવ, તું શું કરે છે?' હવે બેઠો છે, ખાડા ખોદે છે, બીજું શું કરવાનો છે? વેપાર કરો પણ એની સાથે સત્સંગ પ્રધાન. ટાઈમ મળે તો બે જણને જઈને સત્સંગ કરાવો. એ ટાઈમ કાઢો. અમથા ટી.વી.માં ને બજારમાં કલાકો કાઢીએ

એ શું કામ આવે? એના કરતાં રસ્તે જતાં મિત્રોને વાત કરો તો કેટલું પુણ્ય થાય! કેટલી સેવા થાય!

દેહ-ઇન્દ્રિયોનાં સુખ માટે પડાપડી કરવાની નથી. પહેલાં આપણે તૈયાર થવાનું છે. શૂરવીરનું કામ છે. ભગવાન ને સંતની દયાથી શું ના થાય! અહીંથી ઘેર જઈ એનું મનન કરો, પણ ઘેર જઈને લાડવા ખાવા મંડીએ તો એ કામ ના થાય. આના માટે તો હવે 'મારે આ જ કરવું છે' એ નિશ્ચય થઈ જવો જોઈએ. એનાથી સંસારેય ચાલશે, વહેવારેય ચાલશે. તમે એમ ના માનો કે મારું બગડી જશે. આ ભાથું ભરી લેજો અને જરૂર પડ્યે ઉપયોગ કરજો.''

ભજન-ભક્તિના ધંધામાં ભીડો શું?!

અમેરિકાની જેમ અત્રે ઇંગ્લેન્ડમાં પણ સંતો દ્વારા ચાલેલા 'પરમહંસોના પગલે પગલે' અભિયાન અંતર્ગત ૧,૮૧૬ પધરામણીઓ થતાં કેટલાંય ઘરોમાં સત્સંગની શુદ્ધિ અને વૃદ્ધિ આવી વસી. આ જ કાર્ય સ્વામીશ્રી મંદિરમાં રહીને કરી રહેલા. પત્ર, ફોન, મુલાકાત, મીટિંગ, સભા વગેરે દરેક ક્રિયામાં પ્રાસંગિક વાત પૂરી થતાં જ તેઓ સત્સંગનો દોર સાંધી દેતા. જે-તે વ્યક્તિને વ્યસનમુક્તિ, નિત્યપૂજા, તિલક-ચાંદલો, ઘરસભા, રવિસભા, કૌટુંબિક સંવાદિતા, એકાદશી વગેરે પરિપાટી દઢાવતા.

આ ક્રમમાં તા. ૨૯/૮ની સવારે સ્વામીશ્રી મંદિરમાં દર્શને જવા નીકળ્યા ત્યારે પરસાળમાં ઊભેલા યુવકોએ કીર્તન ઉપાડ્યું: *'જન્મ્યા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથે જી...'*

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યાઃ 'આપણે મરવાના નથી, ધામમાં જવાના છીએ. જેને ધામમાં જવાનું હોય એને મરવાનું કહેવાય જ નહીં.'

'અમે ધામમાં જવાના એ નક્કી જ ને?' ચંદ્રેશે પૂછ્યું.

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'આવો ને આવો તિલક-ચાંદલો કાયમ કરતા રહેશો તો ધામ મળી રહેશે.'

આ શબ્દો દ્વારા ખાતરી અને ખટકો – બંનેને દઢાવતાં સ્વામીશ્રી આજની સાયંસભામાં પધાર્યા ત્યારે અહીં યોગી સ્મરણયાત્રા આવી પહોંચી.

સંસ્થાકીય બાળપ્રવૃત્તિ અને યુ.કે. સત્સંગ મંડળની સુવર્ણ જયંતી ઉપક્રમે બે કલાક સુધી ચાલેલા આ રસપ્રદ સાંસ્કૃતિક કાર્યક્રમમાં એક તબક્કે તો સ્વામીશ્રીએ પણ લીલી ઝંડી ફરકાવી આનંદની વ્હિસલ વગાડી દીધી.

તેથી આ કાર્યક્રમમાં સામેલ દોઢસો પાત્રો અને તેઓને તૈયાર કરનારા દિગ્દર્શકો શ્રી જયેન્દ્રભાઈ કલ્યાણી, મહેશભાઈ વૈદ્ય વગેરે તો ઝૂમી જ ઊઠ્યાં.

હર્ષોલ્લાસની આ તીવ્રતા તા. ૩૦/૮ના રોજ ટોચે પહોંચી, કારણ કે આજે રક્ષાબંધનનું પવિત્ર પર્વ આવી ગયું. આ દિવસે સવારના મુલાકાત-સત્ર દરમ્યાન સ્વામીશ્રી વડોદરાવાસી હરિભક્ત શ્રી મનુભાઈ પી. પટેલને રાખડી બાંધવા ગયા ત્યારે આ સત્સંગીએ કહ્યું: 'બાપા! આપ શા સારુ ભીડો લો છો? સંતો બાંધી દેશે.'

'તમે બધા ધંધો કરો છો એમાં કેટલો ભીડો પડે છે?'

'ભીડો તો પડે છે, પણ લાગતો નથી.'

'બસ! અમારે પણ ભજન-ભક્તિનો આ ધંધો છે. એમાં અમને ભીડો શું લાગવાનો?!' પોતાની આ લાગણી જણાવી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'તમે બધા આટલી સેવા અને ભક્તિ કરવા આવો છો તો અમારે પણ સામે થોડોક ભીડો તો વેઠવો જ પડે ને!'

સ્વામીશ્રીના આ હેતભાવે મનુભાઈને ગદ્ગદ કરી મૂક્યા.

*'સર્વે દાસને સુખ દીધું છે, એવું બિરુદ પહેલાંથી લીધું છે...'*ની સ્વામીશ્રીની શૈલી સર્વે સત્સંગીઓને ભીતરથી ભર્યા-ભર્યા જ રાખતી.

સુવર્ણ મહોત્સવની સુવર્ણ સ્મૃતિ

તા. ૫/૯ના રોજ લંડનના મંદિરમાં સર્વત્ર 'ગુલાબી' મિજાજ અને મહેક પ્રસરી રહેલાં, કારણ કે આજે ઊજવાતા યુ.કે. સત્સંગ મંડળના સુવર્ણ જયંતી ઉત્સવ નિમિત્તે વિવિધ રંગછટા ધરાવતાં ૨૩,૦૦૦ ગુલાબોથી મંદિર-પરિસર સજાવવામાં આવેલું. તેની વચ્ચે યોજાયેલી આજની સાયંસભા પણ સુવર્ણસ્મૃતિ આપનારી જ બની રહી. તેમાં, વીતેલાં પચાસ વર્ષનો ઇતિહાસ પ્રસ્તુતિનાં વિવિધ માધ્યમો દ્વારા એવો આબેહૂબ રજૂ થયો કે ત્રણ કલાક પલકારામાં પસાર થઈ ગયા. તેના અંતે સૌ પર આશીર્વાદનું અમૃત ઢોળતાં સ્વામીશ્રીએ કહ્યું:

'પચાસ વર્ષનો સુવર્ણ મહોત્સવનો કાર્યક્રમ કર્યો તો બધાને ધન્યવાદ છે! શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના થયા છીએ તો ખબર રાખીને રંચમાત્ર કસર રાખશે નહીં ને અક્ષધામમાં બેસાડી દઈ સુખિયા કરશે.'

કલ્યાણના આ કૉલથી આજના ઉત્સવને સૌના જીવમાં જડી સ્વામીશ્રી

ઉતારે પધાર્યા. અહીં તેઓ વાળુ કરવા બિરાજ્યા ત્યારે સામે આજના કાર્યક્રમમાં જહેમત ઉઠાવનારા યુવાનો બેઠા હતા. તે સૌ પર સ્વામીશ્રીએ પુનઃ અભિનંદન વરસાવ્યાં, પણ થોડા-ઘણા યુવાનોનાં કોરાં કપાળ જોઈ ભોજન બાદ તેઓ એક યુવકને ઉદ્દેશી કહેવા લાગ્યા :

'તને હમણાં શરીર થોડું વધી ગયું છે છતાં નૃત્ય કરતાં શરમ ન આવી, એમ તિલક-ચાંદલો પણ કરવાનો. એમાં શરમ શાની? વારાફરતી બધા આવો. લ્યો, આ ઉત્સવ ઊજવ્યો એ નિમિત્તે સ્મૃતિ આપીએ છીએ કે તિલક-ચાંદલો નિયમિત કરવો.'

આમ કહી સ્વામીશ્રી એક-એક યુવાનને નિશાન બનાવતાં પ્રેરણા પિવડાવવા લાગ્યા :

'તું ઊભો થા. તિલક-ચાંદલો કરવામાં જો કોઈ કાઢી મૂકે તો મારી પાસે આવજે... આ બધું શરમે-શરમે કરવાનું નથી. અંદરથી તમારે કરવાનું છે. કોઈ કહે છે એટલે કરવું – એમ નહીં...

બકરી! ઊભો થા. હવે સિંહ થા. જૂના છે, ખરેખરા છે, પણ નિયમમાં આઘાપાછા થાય છે...

તું ઠીંગણો છે ને બધા તારી સામે જોઈને હસે છે તોય તને વાંધો આવે છે? તો પછી તિલક-ચાંદલો કરવામાં શું વાંધો રાખવાનો?...

આ જુઓ નિષ્ઠાવાળો, આમ તો બધી વાતો કરે કે સત્સંગ કરાવવો છે, પણ ચાંદલો તો કરતો નથી. તારા બાપા કેટલા ચુસ્ત હતા! તો આપણે થોડુંક તો કરવું જોઈએ કે નહીં?'

લાડ લડાવનારા સ્વામીશ્રી લલોચપો લેશ ન રાખતા. તે મુજબ તેઓએ આજે યુવકોને તિલક-ચાંદલા માટે નિયમબદ્ધ કર્યા.[૨૧]

અમારા યુવાનો તો કાયમ કમિટેડ (પ્રતિબદ્ધ) છે

તા. ૬/૯ના સુપ્રભાતે પણ લંડનના મંદિરમાં 'ફૂલોં કી ઘાટી' જેવો જ નજારો જામી ગયેલો, કારણ કે આજે સ્વામીશ્રીની આયુષ્યના ૩૦,૨૨૫મા

૨૧. લંડન મુકામે સ્વામીશ્રીના સાંનિધ્યમાં રેલાયેલી અલૌકિક લાભની લહાણ લૂંટવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

દિવસે અહીં પ્રતિષ્ઠિત થઈ રહેલા નીલકંઠવર્ણીની વધામણીરૂપે ૩૦,૨૨૫ ગુલાબોની આકર્ષક સજાવટ અત્ર, તત્ર, સર્વત્ર જોવા મળતી હતી. આ શુભ દિવસે સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં બેસી આધ્યાત્મિક અનુભૂતિનો આસ્વાદ માણવા વિશ્વપ્રસિદ્ધ તબીબ ડૉ. એમ. એચ. યાકુબ પણ ખાસ ઉપસ્થિત હતા. આ તબીબ હૃદય અને ફેફસાંના પ્રત્યારોપણની ૨,૫૦૦થી વધુ સફળ શસ્ત્રક્રિયાઓ કરી ચૂકેલા. તેઓને સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા બાદ પુષ્પહાર પહેરાવી સન્માન્યા ત્યારે સભાને સંબોધતાં આ ઇજિપ્શિયન મહાનુભાવે કહ્યું : 'હું પ્રમુખસ્વામી મહારાજની ભલમનસાઈથી ખરેખર પ્રભાવિત છું.'

સ્વામીશ્રીનું આવું પ્રભાવશાળી વ્યક્તિત્વ સવા દસ વાગ્યે મંદિરમાં નિર્માણ પામેલા અભિષેક મંડપમાં પ્રવેશ્યું ત્યારે અત્રે નીલકંઠવર્ણીની મૂર્તિ શોભી રહેલી. તેમાં સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા પ્રાણ પુરાતાં વર્ણીના વિચરણથી યુરોપ પાવન બન્યું.

નીલકંઠવર્ણીની પધરામણીના આ અવસરે યુ.કે.ની ત્રણેય લશ્કરી પાંખના ઉપરી જનરલ સર માઇકલ વૉકર પણ સ્વામીશ્રીનાં દર્શને આવી ગયા. સવારે સવા અગિયાર વાગ્યે સ્વામીશ્રીને મળેલા આ ફૌજી અફસરે કહ્યું : 'આપે આ મંદિર દ્વારા આ દેશને જે સ્થાપત્ય આપ્યું છે તે અદ્વિતીય છે !'

આટલો અહોભાવ વ્યક્ત કરી શ્રી વૉકરે લંડનના મંદિરની પૂર્વ મુલાકાતને વાગોળતાં જણાવ્યું : 'પહેલી વાર હું જ્યારે મંદિરે આવ્યો ત્યારે મેં જોયું હતું કે બધું જ સ્વયંસેવકો દ્વારા થતું. આ જોઈને મને ખૂબ જ આશ્ચર્ય થયું. એ વખતે મેં સૂચન કર્યું હતું કે આવા સ્વયંસેવકો અમારી આર્મી(સેના)માં આવે તો અમને ખૂબ જ લાભ થાય. અમારે ત્યાં તો થોડું પણ કામ કરવાનું હોય તો માણસો તરત જ પગાર ઇચ્છે છે.'

'અમારે ત્યાં તો સ્વયંસેવકો બધા અસ્મિતાવાળા છે અને ભગવાન માટે મરી જવાની તૈયારીવાળા છે.' સ્વામીશ્રી બોલ્યા.

આ સાંભળી જનરલ શ્રી વૉકરે પૂછ્યું : '૩૦-૪૦ વર્ષ પહેલાં અહીંના યુવાનો એવા હતા ખરા, પણ અત્યારે લશ્કર સિવાયનું નવું-નવું કાર્ય કરવામાં કમિટેડ (પ્રતિબદ્ધ) છે. તમારા યુવાનો માટે આવો અનુભવ તમને થાય છે ?'

'અમારા યુવાનો તો કાયમ કમિટેડ છે.' આટલું જણાવી સ્વામીશ્રીએ સંતો તરફ નિર્દેશ કરતાં ઉમેર્યું : 'આ બધા જ યુવાનો આજીવન સમર્પણ કરીને બેઠા છે. બૈરાં નહીં, છોકરાં નહીં, પૈસાની ચિંતા નહીં. ભગવાન માટે

જ કરવાનું.'

સ્વામીશ્રીની આ વાત અને તેના પુરાવારૂપ સંતો – બંને અંગ્રેજ જનરલ માટે આશ્ચર્યનો વિષય બની રહ્યાં. એ વિસ્મયમાંથી જ તેઓના હોઠેથી ઉદ્‌ગાર સરી પડ્યો: 'કેટલા બધા યુવાન સાધુઓ અહીં છે!'

આ અહોભાવ સાથે તેઓએ બે સ્મૃતિભેટ સ્વામીશ્રીને અર્પણ કરતાં કહ્યું કે 'એક, આપ સાથે રાખી શકો એના માટે અને બીજી, આપના આ મંદિર માટે.'

શ્રી વૉકરનું આ સૌજન્ય સ્વીકારી સ્વામીશ્રીએ પણ તેઓને સ્મૃતિભેટ આપી સત્કાર્યા. એક ધર્મવડા અને લશ્કરી વડાનું આ મિલન ઘણી રીતે નોંધનીય બની રહ્યું.

દુનિયાથી પરના પુરુષ

તા. ૬/૯ની સવારે પોણા બાર વાગ્યે સભામાં પધારેલા સ્વામીશ્રીએ પ્રાસંગિક આશીર્વાદ આપતાં જણાવ્યું: 'આજે અહીં નીલકંઠવર્ણી બિરાજમાન થયા છે તો ભગવાનને પ્રાર્થના એ જ કરવાની કે બધાના મનોરથ સિદ્ધ થાય, સૌને ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ દૃઢ થાય, આપણી સાંસારિક-વ્યાવહારિક કંઈ મુશ્કેલી હોય એ પણ દૂર કરે. આપણા મનોરથ પૂરા કરવા એ આવ્યા છે.'

પ્રતિષ્ઠાનો આ હેતુ જણાવી સ્વામીશ્રીએ તા. ૭/૯ના રોજ જન્માષ્ટમી ઊજવી. આ દિવસે તેઓનું સાંનિધ્ય પામી ભારતના સુવિખ્યાત કાયદાવિદ્ શ્રી હરીશ સાલ્વે બોલી ઊઠ્યા: 'સ્વામીશ્રીને મળવું એ એક અનોખો અનુભવ રહ્યો. મારા અંતરમાં અપાર શાંતિનો અનુભવ થયો. એટલું જ નહીં, તમે સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં અનુભવી શકો કે આ પુરુષ દુનિયાથી પરના છે. તેઓની આજુબાજુ અનેક પ્રવૃત્તિઓ થઈ રહી હોવા છતાં તેઓની સ્થિતપ્રજ્ઞતા નોંધવા જેવી છે.'

સ્વામીશ્રીનો ક્ષણિક સહવાસ પણ શાશ્વત સંભારણું બની જતો.

આ અનુભૂતિ અત્રે અનેકને કરાવી સ્વામીશ્રી તા. ૮/૯ની સાંજે લંડનથી વિદાય લેવા તૈયાર થયા. આ સમયે ઠાકોરજીનાં દર્શને જઈ રહેલા તેઓ સમક્ષ કિશોરોએ એક અવાજે ગાયું: *'ભૂલી ન શકાય ઋણ આપનું, ધરીએ કરોડો જનમ...'*

આ સાંભળી સ્વામીશ્રીએ પ્રતિપ્રશ્ન કર્યો: 'શું કહ્યું?' ત્યારે કિશોરોએ પુનઃ *'ભૂલી ન શકાય ઋણ આપનું...'* પંક્તિ ગાઈ.

તેનો મર્મ સમજાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'બરાબર છે! બહુ મોટું ઋણ છે, પણ મોટા થઈને ચૂકવી દેજો. આપણો સત્સંગ બરાબર કરવો ને બીજાને કરાવવો એ ઋણ ચૂકવ્યું કહેવાય. નિયમ-ધર્મ એવા પાળવા માંડો કે બીજાને પણ પ્રેરણા મળે.'

ઋણ અદા કરવાની આ રીત શીખવી સ્વામીશ્રીએ મંદિર-પરિસર છોડ્યું અને પરોવાયા મુલાકાતોમાં!

હા, તેઓ જે મંદિરમાં કરતા તે મોટરમાં શરૂ થયું.

ભારતના એક અંતરિયાળ ગામ સામોજમાં વસતા બાળ સંયોજક શ્રી નરેન્દ્રના અક્ષરવાસ નિમિત્તે તેઓના ભાઈને ફોન જોડી સ્વામીશ્રીએ સાંત્વન આપ્યું કે 'ભાઈ ધામમાં ગયો એ જાણ્યું, દુઃખ થયું. પરંતુ સત્સંગની અને સંસ્થાની સેવા કરી હતી, માટે ભગવાનના ખોળામાં જ બેઠો છે.'

આ વાર્તાલાપ પૂરો થયો તે સાથે જ અમેરિકા ફોન જોડાયો. તેમાં વાત આરંભાઈ: 'આપના બનેવીને બાયપાસ (ઑપરેશન) કરવાનું થયું છે તો આશીર્વાદ છે કે તે સારી રીતે થઈ જાય.'

સડસડાટ દોડતી ગાડીની બંને બાજુએ વિદેશની વૈભવી મહેલાતો પસાર થઈ રહેલી, પરંતુ હરિભક્તોની ચિંતામાં ડૂબેલા સ્વામીશ્રીને તે તરફ નજર નાંખવા સુધ્ધાંની ફુરસત નહોતી. સાચે જ, તેઓ હતા – દુનિયાથી પરના પુરુષ!

તેઓએ હવે સ્પોન્ડ્યુલાઇટિસની શસ્ત્રક્રિયા અંગે અટવાતા અક્ષયમુનિદાસ સ્વામીનો સંપર્ક સાધી કહ્યું: 'તમે ખર્ચાની સહેજ પણ ચિંતા કરશો નહીં. ગમે એટલો ખર્ચો હોય તોય શું? તમે તમારું આખું જીવન સંસ્થા માટે હોમી દીધું છે. તમારા માટે તો જેટલું થાય એટલું ઓછું!'

સ્વામીશ્રીની ગાડી કદી ડામરની સડકો પર દોડી નહોતી. તેઓની જીવનયાત્રા તો *'દુઃખ હરિજનનું દિલે ધરે છે, સુખનિધિ શ્યામ સહાયતા કરે છે...'*ના રસ્તે જ સરકતી રહેતી.

એ જ માર્ગે તેઓ તા. ૯/૯ની સવારે ૭:૨૫ વાગ્યે જોહાનિસબર્ગ આવી પહોંચ્યા.

શીત-ઉષ્ણને સહેતા

તા. ૯/૯ની સાંજે લેનેશિયાના નિર્માણાધીન મંદિરની સામે વસેલા

મેદાનમાં બાંધેલો સભામંડપ સ્વામીશ્રીના સ્વાગતમાં એકત્રિત થયેલી અઢી હજારની મેદનીથી ભરચક હતો. પરંતુ તેમાં પહોંચવા સ્વામીશ્રી જેવા ગાડીમાંથી ઊતર્યા ત્યાં જ ઠંડા પવનના ભયંકર સુસવાટાએ તેઓના શરીરને ભરડો લઈ લીધો. જુવાનજોધનાં પણ રૂંવાડાં ઊભાં ને ઊભાં રાખે એવી આ કાતિલ હવાને ખાળતાં સ્વામીશ્રી કામચલાઉ સભાગૃહમાં પધાર્યા ત્યારે તે પણ ઠંડુંગાર નીકળ્યું. તેમાં સ્વામીશ્રીને બેસવાનું આસનેય ટાઢુંબોળ થઈ ગયેલું. ટમટમિયાની પેઠે જલતું એક હીટર શીત લહરના આક્રમણ સામે ઝીંક ઝીલવામાં નિષ્ફળ નીવડેલું. ૮૩ વર્ષની વય ધરાવતા અને હમણાં હમણાં જ બીમારીમાંથી બેઠા થયેલા સ્વામીશ્રીની સાનુકૂળતા માટે ચાર હીટરની વ્યવસ્થા રાખવાનું સૂચન તો અગાઉથી કરેલું. વ્યવસ્થાપકોએ ચારની સંખ્યા હાજર પણ રાખેલી, પરંતુ તેમાંથી એક હીટર કેવળ સભા શોભાવી રહેલું, તો બીજાં બે મંચની પછવાડે પ્રતીક્ષાલયમાં ઠંડી ખાઈ રહેલાં.

ફલસ્વરૂપે સ્વામીશ્રી બેઠા ઠારમાં ઠીંગરાઈને બિરાજ્યા. ગાંઠ મારીને પહેરેલા ગાતરિયા પર ચુસ્તપણે વીંટાળેલી શાલમાં બંને હાથ ઢબૂરાયેલા રાખ્યા. માથે પાઘ પણ પહેરેલી જ રાખી. એક સંતની ગરમ શાલ તેઓને કેડથી નીચેના ભાગે દબાવીને ઓઢાડી દેવાઈ. ચરણને પણ એક સંતના ગાતરિયા વડે ઢાંકી દેવાયાં. આવી વિપરીતતાઓ વચ્ચે શ્રદ્ધાપૂર્વક બેસી સ્વામીશ્રી સૌની ભાવના સ્વીકારતા રહ્યા.

તેઓના જીવનમાં મહત્ત્વ પ્રેમનું, પરિસ્થિતિનું નહીં. તેથી તેઓ પ્રતિકૂળતાના પવનને સ્વસ્થતાથી ઝીલી શકતા.

આ સ્વસ્થતાના આસન પરથી જ તેઓએ અમૃતધારા રેલાવી: 'આપ બધા બહુ ધાર્મિક છો, કારણ કે દેશમાંથી આવ્યા છો અને સંસ્કાર પણ લાવ્યા છો. એને સાચવવા માટે મંદિરો પણ કર્યાં, પણ જ્યાં સુધી આત્મા-પરમાત્માનું જ્ઞાન દૃઢ ના થાય ત્યાં સુધી અશાંતિ રહે. તે જ્ઞાન દૃઢ કરવા માટે આ સમાગમ છે...'

સ્વામીશ્રી આમ બોલી રહેલા ત્યારે પણ ટાઢનું સામ્રાજ્ય પ્રબળ હતું. તેથી બોલતી વખતે સાહજિક રીતે હલતા તેઓના ડાબા-જમણા હાથ આજે શાલમાં જ ગોટમોટ રહ્યા. આ રીતે ઠંડીમાં ઠૂંઠવાતા તેઓ સૌને હૂંફ આપી ઊભા થયા ત્યારે હસતાં હસતાં બોલ્યા: 'ઠરી ગયા.'

કષ્ટની વાત પણ સસ્મિત વદને જ કહેવાની સ્વામીશ્રીની પ્રકૃતિ.

મારો તો એવો સ્વભાવ કે...

લેનેશિયામાં સ્વામીશ્રીના આગમનના એક પ્રયોજનરૂપ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની આલબેલ તા. ૧૦/૯ની સવારે આરંભાયેલા મહાયાગના મંત્રોએ પોકારી. ૨૮૦ યજમાનોની ઉપસ્થિતિમાં શરૂ થયેલા આ યજ્ઞમાં સાડા દસ વાગ્યે પધારી સ્વામીશ્રીએ વેદવિધિ સંપન્ન કર્યો. તેને અનુસરતાં સાંજે સાડા ચાર વાગ્યે નગરયાત્રાનો નાદ ગાજ્યો. નગરના વિષ્ણુ મંદિરેથી નીકળેલી આ શોભાયાત્રા અઢી કલાકે ફોર્ડબર્ગમાં ઊભેલા નવનિર્મિત મંદિરના આંગણે પહોંચી ત્યાં સુધી લેનેશિયામાં *'સૌનાં હૈયાંમાં હરખ ન માય, જાણે પ્રભુદર્શન ક્યાંથી થાય...'*ની લાગણી વ્યાપી રહી. મયૂરાકાર રથમાં વિરાજિત અક્ષર-પુરુષોત્તમ મહારાજને સૌએ હોંશે હોંશે પોંખ્યા-પૂજ્યા.

આ શોભાયાત્રાના સમયે ડૉ. ભાસ્કરભાઈના ઘેર રખાયેલા ઉતારે સેવાકાર્યોમાં વ્યસ્ત સ્વામીશ્રીને રાત્રે ૮:૨૦ વાગ્યે સેવકોએ ભોજન ગ્રહણ કરવા વિનંતી કરી. તે સાંભળી તેઓ ઊભા તો થયા, પણ ચાલતાં ચાલતાં બોલ્યા: 'કાંઈ ખાવાનું મન જ થતું નથી!'

તેઓના આ ઉદ્ગારમાં અનાસક્તિની સાથે શારીરિક અસ્વસ્થતા પણ ડોકાઈ રહી. છતાં સૌના અનુગ્રહથી સ્વામીશ્રી અલ્પ જમ્યા. તે પછી શયનકક્ષમાં પધારી તેઓએ સોફા પર બેસતાંવેંત સામે ટીંગાડેલી પારદર્શક ઘડિયાળ સામે જોયું. તે ૯:૨૦ વાગ્યાનો સમય સૂચવતી હતી. તેને લક્ષમાં લેતાં સંતોએ કહ્યું: 'આજે આપ ઢીલા જણાઓ છો. વળી, સવારે યજ્ઞમાં જવા-આવવાનો ભીડો પણ વેઠ્યો છે. જમવામાં બરકત આવી નથી. અધૂરામાં પૂરું, પત્રવ્યવહારનું કામ પણ બાકી બચ્યું નથી. તો હવે આરામ કરો.'

પરંતુ આ પ્રસ્તાવને કાને ન ધરતાં સ્વામીશ્રીએ ટિપાઈ પર પડેલું પુસ્તક ઉપાડ્યું. ખાનદેશનો સત્સંગ-ઇતિહાસ વર્ણવતું આ સંસ્થાકીય પ્રકાશન ઉઘાડતાં તેઓ બોલ્યા: 'મારો તો એવો સ્વભાવ કે એક વખત પુસ્તક હાથમાં આવે તો પૂરું કર્યા વગર છોડું નહીં.' આમ કહેતાં વાંચનમાં નિમગ્ન બનેલા પુસ્તકપ્રેમી સ્વામીશ્રી સવા દસ વાગ્યે શયનાધીન થયા.

મહાનુભવી મુનિ તે ખરા

તા. ૧૧/૯ની સવારે લેનેશિયાની અઢી એકર ભૂમિ પર તૈયાર થયેલા

મંદિરે પધારીને સ્વામીશ્રીએ સાડા નવ વાગ્યે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરતાં ચાર હજાર ભક્તો-ભાવિકોમાં ઉલ્લાસ ફરી વળ્યો. આ સમુદાયને અમૃતધારાથી ભીંજવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'મંદિરો ખાલી પથરા બેસાડવાની વાત નથી. એનાથી આપણાં સંસ્કાર ને સંસ્કૃતિ વધે છે. એ વાત આપણને મનાતી નથી એ આપણું અજ્ઞાન છે. મંદિરમાં આવવાથી કોઈને નુકસાન નથી. એ કોઈને ખોટે રસ્તે ચલાવનાર નથી. સુખ-શાંતિ માટે છે. એટલે આવાં મંદિરોની આપણે જરૂર છે.'

આ મંદિર-મહિમા ઉપરાંત સદાચાર, સંવાદિતા અને સત્સંગના કિનારાને સ્પર્શી વહેલા સ્વામીશ્રીના આજના વાક્પ્રવાહે ખ્રિસ્તી પાદરીઓ શ્રી વર્નર અને ડેમનને તરબતર કરી મૂક્યા. સ્વામીશ્રીને સાંભળી સેન્ટ આલ્બન્સ લિબરલ કેથલિક ચર્ચના આ ધર્મોપદેશકો બોલી ઊઠ્યા: 'સ્વામીજી ખૂબ જ સાહજિક બોલે છે. અમને છેલ્લાં સત્તર વર્ષનો અનુભવ છે, પણ સ્વામીજીના અનુભવ આગળ અમારો અનુભવ કાંઈ જ નથી એમ લાગે છે.'

આ અનુભિૂત સાથે તેઓએ પંચાંગ પ્રણામ દ્વારા સ્વામીશ્રી પ્રત્યે આદર વ્યક્ત કર્યો.

સ્વામીશ્રીનાં આવાં પ્રભાવક વક્તવ્ય અને વ્યક્તિત્વ તા. ૧૨/૯ની સવારે યોજાયેલી વિશિષ્ટ સભામાં પણ પ્રકાશી ઊઠ્યાં.

આ સભા વિવિધપ્રાંતીય અને વિવિધધર્મી ૬,૦૦૦ ભાવિકોથી ખીચોખીચ હતી. તેમાં મહાનુભાવોની માત્રા પણ ઘણી. તે સૌને સંબોધતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'આપણે બધા જુદા જુદા ધર્મના અને જુદા જુદા દેશના છીએ, પણ આધ્યાત્મિક રીતે આપણે કોઈ જુદા છીએ નહીં, કારણ કે આપણે બધા ભગવાનના પુત્રો છીએ, સેવકો છીએ. આ દૃષ્ટિ જો આપણામાં આવે તો બધા ભેદભાવ દૂર થઈ જાય. બ્રહ્મ હમારી જાત! એ આપણું સ્વરૂપ છે, તો કંઈ ભેદભાવ નથી. જે ઇષ્ટદેવને માનતા હો તેની ભક્તિ કરો, પણ બીજા ધર્મોનું ખંડન ના કરો. બીજા અવતારોનું ખંડન ના કરો. મહાન પુરુષોનાં લક્ષણો એ જ કે સર્વનું ભલું કરે.'

સ્વામીશ્રીની આવી ઉદાત્ત ભાવનાઓના પાયા પર રચાયેલા હ્યુસ્ટનના મંદિરને આજની તારીખે 'અલ્ટિમેટ હ્યુસ્ટન' ('હ્યુસ્ટનમાં સર્વોચ્ચ') ઍવોર્ડ એનાયત થયો. ટેક્સાસ રાજ્યમાં સૌથી વધુ ફેલાવો ધરાવતા વર્તમાનપત્ર

હ્યુસ્ટન ક્રોનિકલ દ્વારા પ્રસારિત થયેલી ૫૬ પાનાંની ખાસ પૂર્તિમાં આપણા મંદિરને '2004 Sacred Architecture' (વર્ષ ૨૦૦૪ના પવિત્ર સ્થાપત્ય) તરીકે બિરદાવવામાં આવ્યું. તેની યાદગીરી માટે સંસ્થાને સ્મૃતિચિહ્નથી પણ નવાજવામાં આવી.

પરંતુ વિશ્વ ગજવતા પોતાના કાર્યની વધામણીનાં આ વાજાં વાગી રહેલાં ત્યારે સ્વામીશ્રી શું કરતા હતા? તેઓ તો આ સમયે અહીં લેનેશિયામાં નાનાં-નાનાં બાળકોની શક્તિ-ભક્તિને પોષી રહેલા.

હા, જોહાનિસબર્ગ અને લેનેશિયાનું સંયુક્ત બાળ મંડળ હતું તો માત્ર ૯૦ બાળકો અને ૫૦ બાલિકાઓનું; છતાં આ બાળ મંડળીએ બાળપ્રવૃત્તિ સુવર્ણ મહોત્સવ નિમિત્તે તા. ૧૩/૯ની સવારે ૫૦ વાનગીઓ બનાવી ઠાકોરજીને ધરી હતી. તેમાં રહેલાં જલેબી, ગુલાબજાંબુ જેવાં વ્યંજનો પણ બાળકોએ જ તૈયાર કરેલાં. તેઓએ ધરેલો આ અન્નકૂટ નીરખવા સ્વામીશ્રી પધારતાં જ બાળકો ગેલમાં આવી ગયાં અને એક-એક વાનગી સ્વામીશ્રીને ઉત્સાહથી બતાવવા માંડ્યાં. નાનાં બાળકોની આ મોટી વાતને વખાણી સ્વામીશ્રી જમવા બિરાજ્યા.

પરંતુ છેલ્લા કેટલાક દિવસથી તેઓને રગડી રહેલી શારીરિક અસ્વસ્થતાએ આજે પોતાનું માથું વધુ ઊંચું કરતાં સ્વામીશ્રીના શરીરમાં તાવે દેખા દીધી. તેથી તા. ૧૪/૯થી શરૂ થતો બોટ્સ્વાનાનો કાર્યક્રમ મોકૂફ રાખી સ્વામીશ્રી લેનેશિયામાં જ રોકાઈ ગયા.

જેને નહીં રંચક રાગ-દ્વેષ

લેનેશિયાના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી એલ.એ.ના નિર્માણાધીન મંદિરની કાર્યવાહીથી સતત વાકેફ રહેતા હતા, કારણ કે ચિનો હિલ્સમાં બંધાનારા આ મંદિર સામે કેટલાક સ્થાનિક લોકો દ્વારા વાંધો ઉઠાવાયેલો. તે અંગે કાઉન્સિલની કચેરીમાં તા. ૧૪/૯ના રોજ સુનાવણી હાથ ધરાવાની હતી. મેયરની હાજરીમાં જ પાંચ નિર્ણાયકોના જૂથ સમક્ષ થનારી આ પ્રક્રિયામાં મંદિરનો વિરોધ અને તરફેણ કરવા ઊમટેલા સમુદાયમાંથી ૫૦-૫૦ વ્યક્તિઓને ત્રણ-ત્રણ મિનિટ માટે પોતાનો અભિપ્રાય રજૂ કરવાની તક મળવાની હતી. બંને પક્ષકારોની રજૂઆત વચ્ચે અલ્પ સમયનો વિશ્રામ રાખવામાં આવેલો.

આ માહિતીથી સ્વામીશ્રીને વાકેફ કરવા એલ.એ.ના સંતો-કાર્યકરોએ ફોન જોડ્યો ત્યારે સુનાવણીની વિગત જાણી સ્વામીશ્રીએ પૂછ્યું : 'રિસેસમાં જમવાની કાંઈ વ્યવસ્થા રાખી છે ?'

'કાયદા મુજબ જમાડી ન શકાય, પણ વેફર, શરબત વગેરેની વ્યવસ્થા કરી છે.'

વ્યવસ્થાપકોની આ વાત સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'આપણા તરફથી જે ઉપસ્થિત રહ્યા હોય તેમને તો નાસ્તો આપજો જ, પણ જે વિરોધમાં બોલવા આવ્યા હોય એમને પણ આપજો. વેરો-આંતરો રાખતા નહીં.'

આ ભલામણ સૌને ચકિત કરી ગઈ. જે મોંમાંથી પોતાનું ભૂંડું બોલાતું હોય તે મોંમાં પણ ભોજનનો કોળિયો સ્વામીશ્રી મૂકી શકતા. તેઓની ઉદારતા સાગરનેય છીછરો સાબિત કરે તે કક્ષાની હતી.

બોટ્સ્વાનામાં મૂર્તિપ્રતિષ્ઠાનો માહોલ

તા. ૧૬/૯ની સાંજે લેનેશિયાથી બોટ્સ્વાનાના ગેબરોન શહેરમાં પધારેલા સ્વામીશ્રી અત્રે શ્રી પંકજભાઈ બારોટના ઘેર પહોંચ્યા ત્યારે તેઓની તબિયતના સંદર્ભમાં સંતોએ કહ્યું : 'બાપા ! થોડો વિશ્રામ કરો, પછી જમીએ.'

આ વિનંતી સ્વીકારતાં પોણો કલાક પોઢેલા સ્વામીશ્રી જાગ્યા ત્યારે સંતોએ પૂછ્યું : 'કેમ છે ?'

'હજી જામતું નથી !' સ્વામીશ્રી બોલ્યા.

છતાં સત્સંગને જમાવવા તેઓ તા. ૧૭/૯ની સવારે ગેબરોનના નવનિર્મિત મંદિરે જઈ પહોંચ્યા. બોટ્સ્વાનામાં હિંદુ શૈલી અનુસાર રચાયેલું આ પ્રથમ જ ધર્મસ્થાન હોવાથી વીસેક સત્સંગી પરિવારો ધરાવતું અહીંનું નાનકડું મંડળ ઉત્સાહથી ઊછળી રહેલું. તે સૌએ ખભેખભા મિલાવીને ઊભા કરેલા આ મંદિરના ૧૬ મીટર ઊંચા શિખર પર આજે અક્ષર-પુરુષોત્તમની વિજયપતાકા લહેરાઈ રહેલી. એ ધર્મધજા તળે ઊભેલા પંદર ફૂટ લાંબા સુવર્ણરંગી સિંહાસનમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરવા આવેલા સ્વામીશ્રીને આજે સંતોએ વિનંતી કરી કે 'હાલની આપની માંદગીને જોતાં આપ નાની ખુરશી પર બિરાજી પ્રતિષ્ઠાવિધિ કરો તો સારું !'

પરંતુ આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'થોડીક જ વાર માટે આ રીતે કરવામાં મારું મન માનતું નથી.'

તેઓ માંદગીમાં પણ મહારાજની મર્યાદા ન ચૂકતા. તેથી આજે તેઓએ અસ્વસ્થતામાં પણ ઊભાં-ઊભાં જ વૈદિક વિધિ કરી મૂર્તિમાં પ્રાણ પૂર્યા. તે સાથે દુનિયાના વધુ એક દેશમાં અક્ષર-પુરુષોત્તમનું તીર્થ રચાઈ ગયું.

આ અવસરે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'અહીં સત્સંગનો આરંભ પંકજભાઈ અને પુષ્કરભાઈએ કર્યો. સત્સંગ વધતાં નાનું, નાજુક પણ આકર્ષક મંદિર થયું. જેવું મંદિર એવું સિંહાસન છે. મૂર્તિઓ પણ રમણીય છે. આ મંદિરમાં જેણે જાણે-અજાણે સેવા કરી છે એ બધાનું ભગવાન કલ્યાણ કરશે અને બધાને શાંતિ થશે.'

આમ, રત્ન-નગરથી ઓળખાતા બોટ્સવાનાને 'હરિવર હીરલા'ની ભેટ આપી સ્વામીશ્રી તા. ૧૮/૯ની સવારે જોહાનિસબર્ગ પધાર્યા.

અતિશે પ્રભુમાં જેનો પ્યાર

જોહાનિસબર્ગમાં તા. ૧૯/૯ની સવારે મેફેરના આપણા મંદિરનો પાટોત્સવ ઊજવી શ્રી મૂકેશભાઈ પટેલના ઘેર પરત ફરેલા સ્વામીશ્રી અહીં તા. ૨૦/૯ની રાત્રે પત્રવ્યવહારમાં પરોવાયા. તે જ વખતે બહારના ઓરડામાં બેસી સંતો દ્વારા થતા ચેષ્ટાગાનના શબ્દો સંભળાતાં તેઓએ પત્ર-પરિચારક ધર્મચરણદાસ સ્વામીને કહ્યું: 'બહાર સંતો ચેષ્ટા બોલે છે તો આપણે અહીં બેઠાં-બેઠાં જ ચેષ્ટા બોલીએ.' આમ જણાવી તેઓ પત્રપ્રવૃત્તિ સમેટી આહ્નિકમાં પરોવાયા.

આ જ રીતે તા. ૨૧/૯ની રાત્રે ભોજનથી પરવારી ઓરડામાં પધારેલા સ્વામીશ્રીએ પત્ર-પરિચારકને પૂછ્યું: 'ટપાલ છે?'

'ના.'

'કોઈ મળનારું છે?'

'ના.'

'બીજું કંઈ વાંચવાનું (સાંપ્રદાયિક પુસ્તક) છે?'

'ના.'

'એવું કંઈક સાથે રાખવું. આપણે જમતી વખતે ભગવાન સ્વામિનારાયણનું જીવનચરિત્ર વાંચીએ છીએ એ લઈ આવો.' આમ કહેતાં સ્વામીશ્રી તે ગ્રંથવાંચનમાં તલ્લીન બની ગયા. તેઓનું આ દર્શન સૌને સતત પોણો કલાક સુધી પ્રાપ્ત થતું રહ્યું.

સ્વામીશ્રીનું આવું ભક્તિમય જીવન જ તા. ૨૨/૯ની સાયંસભામાં અમૃતધારારૂપે રેલાઈ રહ્યું કે –

'કથા-વાર્તાનો લોભ અખંડ રાખવાનો છે. પૂજા-પાઠ, દર્શન-વાંચન એ કરવાનું છે. ભગવાનની સેવા-ભક્તિમાં થાક ના હોવો જોઈએ. વહેવારમાં ક્યાં થાક લાગે છે? કરવું હોય તો કરીએ જ છીએ. ભગવાનના સ્વરૂપમાં જો આસક્તિ હોય તો થાક ના લાગે. ગમે તે હોય પણ એ મૂકીનેય ભગવાનની કથા-વાર્તાનો ટાઈમ સાચવી લેવો.'

આ સદુપદેશ વહાવી ઉતારે પધારેલા સ્વામીશ્રી ભોજનથી પરવારી ઓરડામાં પધાર્યા ત્યારે અહીં તેઓના સોફાની બાજુમાં પડેલી ટિપાઈ પર 'સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણ: જીવન અને કાર્ય' પુસ્તક પડેલું. ગઈકાલે સ્વામીશ્રીએ પ્રદર્શિત કરેલી રુચિ અનુસાર આ પુસ્તક ઈ-મેઇલ દ્વારા અમદાવાદથી મંગાવવામાં આવેલું. તેને જાતે જ પોતાના હાથમાં લઈ સ્વામીશ્રી અડધા કલાક સુધી વાંચનમાં ગળાડૂબ થઈ ગયા. દિવસભર પ્રવૃત્તિમાં તરતા જણાતા સ્વામીશ્રી તે પ્રવૃત્તિથી કેટલા કોરા રહે છે તે આવા પ્રસંગે પરખાતું.

આ તો ચમત્કારી વાતો કહેવાય!

જોહાનિસબર્ગથી વિદાય લઈ સ્વામીશ્રી તા. ૨૩/૯ની સાંજે નૈરોબી પધાર્યા ત્યારે કેન્યા દેશ દુષ્કાળગ્રસ્ત જાહેર થયેલો. રાષ્ટ્રની આ આપત્તિમાં સહાયભૂત થતાં સ્વામીશ્રીએ આવતાંવેંત ૩,૦૦૦ ટન અનાજનું દાન જાહેર કર્યું. આ નિમિત્તે તા. ૨૪/૯ની સવારે મંદિરે યોજાયેલી સભામાં દેશના ખાસ કાર્યક્રમોનો વિભાગ સંભાળતા મંત્રી શ્રી જેમ્સ કરુમેને સ્વામીશ્રીએ પ્રતીકરૂપે ત્રણ ટન અન્નદાન આપ્યું. ત્યારબાદ તેઓએ વિસા ઓસવાલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષના તરણહોજમાં જળઝીલણી ઉત્સવ ઊજવ્યો. તેને અનુસરતાં તેઓ તા. ૨૫/૯ની સવારે કિસુમુ પહોંચ્યા.

અત્રે તૈયાર થયેલા નવનિર્મિત મંદિરમાં સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૨૬/૯ના રોજ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા. તેની સાથે જ તેઓએ જિંજા, ટરોરો અને મ્વાન્ઝાનાં મંદિરોની મૂર્તિઓમાં પણ પ્રાણ પૂર્યા.

આ પ્રસંગે મંદિરના હૉલમાં જ આયોજિત સભામાં સ્વામીશ્રીએ આશીર્વાદ રેલાવ્યા કે –

'કિસુમુમાં એક વરસમાં મંદિર થયું. અમારે દક્ષિણ આફ્રિકામાં આઠ

મહિનામાં થયું. આ તો ચમત્કારી વાતો કહેવાય! માલ દેશમાં તૈયાર થાય અને મંદિર અહીંયાં તૈયાર કરવું એ કોઈ સહેલી વાત નથી. આ શ્રદ્ધાનો વિષય છે. ભગવાન આ બધું કાર્ય કરે છે. આપણે કરીએ એમ મનાય તો આ થાય નહીં. હરિભક્તોનો પણ ઉત્સાહ છે. આ અક્ષર-પુરુષોત્તમની વાત એ ફસાવી દેવાની વાત નથી. લોકોને છેતરવાની વાત નથી. જેટલો ઉત્સાહ મંદિર કરવાનો છે એનાથી સવાયો ઉત્સાહ કાયમ રહેવો જોઈએ. નિયમ-ધર્મ અને આજ્ઞા-ઉપાસના પાળીને એવી રીતે કાર્ય કરવું કે મંદિર ભરેલું ને ભરેલું રહે.'

મંદિર-નિર્માણ પછીનું આ દિશાદર્શન આપી સ્વામીશ્રી તા. ૨૯/૯ની સવારે કંપાલા પધાર્યા.

આપ વિશ્વની એકતાના કેન્દ્ર છો

કંપાલામાં છ રસ્તાના મોકાના સ્થાને ઊભેલા આપણા મંદિરમાં સ્વામીશ્રીના આગમનને આફ્રિકન ઑરકેસ્ટ્રાએ બોંગો, કોંગો, કાષ્ઠતરંગ (ઝાયલોફોન) જેવાં પરંપરાગત વાદ્યો પર આફ્રિકન તર્જ વગાડીને વધાવ્યું. સ્વામીશ્રીએ પણ તેઓના કાષ્ઠતરંગને રણઝણાવી સંગીતમય બ્રહ્મનો આસ્વાદ ચખાડ્યો. તેની સાથે તેઓએ તા. ૨/૧૦ના રોજ શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિ-પર્વ ઊજવી સૌને દૂધપાકનો સ્વાદ પણ પમાડ્યો.

તેથી ઝૂમી ઊઠેલા અહીંના ૩૨ બાળકો અને ૮૪ યુવકોએ સ્વામીશ્રીને રીઝવવા માથે મુંડન કરાવી દીધું. આ રીતે લોકલાજ અને મોજશોખને નેવે મૂકી વર્તતી વિદેશની ઊગતી પેઢી સ્વામીશ્રીના પ્રભાવનો પરિચય બની રહેતી.

આ પ્રભાવ તા. ૩/૧૦ની સવારે શહેરના સનાતન ધર્મ મંદિરમાં પથરાયો.

તે પ્રભાવથી ખેંચાઈને જ આજની બપોરે યુગાન્ડાના ઉપપ્રમુખ શ્રી ગિલબર્ટ બુકેનિયા સ્વામીશ્રીને મળવા આવી પહોંચ્યા.

નંદલાલભાઈ કારિયાના ઘેર યોજાયેલી આ ઉષ્માસભર મુલાકાતમાં સ્વાગતની ઔપચારિકતા બાદ શ્રી બુકેનિયાએ પોતાનો અહોભાવ વ્યક્ત કર્યો કે 'સ્વામીજી! હું માનું છું કે આપ વિશ્વની એકતાના કેન્દ્ર છો. સમગ્ર વિશ્વને આપમાંથી પ્રેરણા મળે છે. આ આપનો જ દેશ છે – એમ માનજો. આપના અનુયાયીઓ અહીં વસે છે. એના ઉપર આપની જેવી દૃષ્ટિ છે એવી જ અમારા પ્રત્યે પણ રાખજો.'

આ લાગણી સ્વીકારતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આપે જે ભાવના દર્શાવી

તે બદલ આનંદ થયો છે. અમે પ્રાર્થના કરીએ છીએ કે આ દેશની પ્રગતિ થાય. આપને ધર્મનો આદર છે એ સારું છે. ધર્મ એ જ શાંતિ અને પ્રગતિનું મુખ્ય પરિબળ છે.'

સ્વામીશ્રીની આ વાતમાં સંમત થતાં ઉપપ્રમુખે જણાવ્યું: 'આપની સંસ્થા અમારા દેશ માટે ખૂબ જ અગત્યની છે. ફક્ત ધાર્મિક સંસ્કારો આપે છે એટલા માટે નહીં, પણ યુગાન્ડાના આર્થિક વિકાસ માટે પણ એ અગત્યની છે.'

આ વેળાએ સ્વામીશ્રીએ તેઓને ઠાકોરજીનો પણ પરિચય કરાવ્યો. ત્યારબાદ ઉપપ્રમુખના હાથમાં ઠાકોરજી આપતાં તેઓ બોલ્યા: 'આ જ ભગવાન તમારા હૃદયમાં પણ છે.'

સૌમાં ભગવાનને જોવાની સ્વામીશ્રીની આ દૃષ્ટિ શ્રી બુકેનિયાના મુખ પર મુસ્કાન પાથરી ગઈ. આ પ્રસન્નતા સાથે તેઓ ૩૫ મિનિટ સુધી સ્વામીશ્રીનો સત્સંગ માણી વિદાય થયા. સ્વામીશ્રીએ પણ તા. ૪/૧૦ની સવારે કંપાલાથી વિદાય લઈ દારેસલામને પાવન કર્યું.

કર્યા જીવ શરણ ગ્રહ્યાથી નિરોગી

દારેસલામમાં સ્વામીશ્રી પ્રત્યે આદર અભિવ્યક્ત કરતાં અહીંના ઇમિગ્રેશન અધિકારીઓએ ૧૫૦ સહપ્રવાસીઓનો વ્યક્તિ દીઠ ૫૦ ડૉલરનો આગમન વેરો માફ કરી દીધો. તેની સાથે દેશમાં આગમન નિમિત્તે કરવી પડતી સમયખાઉ પ્રક્રિયાઓમાં પણ રાહત આપી. તેથી સ્વામીશ્રી વિમાનમાંથી ઊતરી સીધા જ ગાડીમાં બેસી મંદિર ભણી જવા નીકળ્યા. તે વખતે તેઓ મરક મરક હસતાં બોલ્યા: 'આ જ ઍરપોર્ટ પર એક વખત અમે આવ્યા ત્યારે અમારાં પોટલાં ફેંદી નાંખ્યાં હતાં અને આ વખતે...' આટલું કહી તેઓએ સેવેલા મૌને ઘણું કહી દીધું.

'હતી જ્યાં-જ્યાં ઉપાધિ અશેષ, વધ્યો ત્યાં સતસંગ વિશેષ...' જેવા આ ફેરફારના મૂળમાં સ્વામીશ્રીની સાધુતા જ હતી. તેની ફોરમ આજની સાંજે લક્ષ્મીનારાયણ મંદિરમાં પ્રસરી રહી.

અહીં નિર્માણ પામેલા 'પ્રમુખસ્વામી સભાગૃહ'માં નગરના અગ્રણીઓનું અભિવાદન ઝીલી સ્વામીશ્રી મંદિરે પરત ફર્યા ત્યારે તેઓ સમક્ષ એક ભાવિકે મુશ્કેલી રજૂ કરી કે 'ક્રોધ બહુ આવે છે!'

'કેટલી ઉંમર થઈ?'

'પાંસઠ.'

'આટલાં વર્ષો સુધી ક્રોધને પંપાળ્યો છતાં હેરાન કરે છે?!' સ્વામીશ્રીના શબ્દોમાં વેધક ઉપાલંભ હતો.

તેઓ હંમેશાં હેત-પ્રીતથી જ સાચી વાત સમજાવતા, પરંતુ ક્યારેક નીંભર ઊંઘમાં સૂતેલાને જગાડવા કડવા કટાક્ષનો તણખો ખેરવી દેતા. તે મુમુક્ષુને અજવાળતો, પણ દઝાડતો નહીં.

તેથી ત્રણેક દિવસ પૂર્વે જ એક વ્યસની યુવાનને સ્વામીશ્રી સમક્ષ ધરતાં તેના હિતેચ્છુએ કહેલું: 'બાપા! આને આપે સિગારેટનું વ્યસન ઘણી વાર મુકાવ્યું છે, છતાં છોડતો નથી.'

'કેટલી પીએ છે?' સ્વામીશ્રીએ તે યુવાનને જ પૂછ્યું.

'રોજની પાંચ.'

'બસો પીજે. એને રાખી મૂકજે, અક્ષરધામમાં ભેગી આવશે!' સ્વામીશ્રીના આ આડલયે પેલા યુવકને જિંદગીનો લય મેળવી આપ્યો.

આવા જ એક વંઠેલ વારસને સ્વામીશ્રી પાસે લાવી તેના સ્નેહીએ પોકાર કરેલો કે 'બાપા! આને વ્યસન છે તો...'

'પીવા દો એને! કલ્યાણ તો બીજે જન્મે થશે, પણ આ ક્યાં મળવાનું છે? ભોગવી લેવા દો ને! તમારું શું જાય છે?' સ્વામીશ્રીની આ વાંકી વાતે યુવાનનું જીવન સીધી લીટીમાં લાવી દીધું.

આમ, જીવનશિલ્પોને ઘડતા સ્વામીશ્રીની પ્રક્રિયા અને પરિણામ – બંને દર્શનીય રહેતાં. તેનો વધુ એક દાખલો તા. ૬/૧૦ની સવારે નોંધાયો.

આ સમયે આવેલા એક સ્થૂળકાય ગુણભાવીના ખમીસનું પહેલું બટન ખુલ્લું હોવાથી ગળામાં રહેલા જાતજાતના દોરા-ધાગા સ્પષ્ટ દેખાતા હતા. હાથે ચડાવેલાં ત્રણ-ચાર કડાં પણ અછતાં નહોતાં રહ્યાં. ગોળમટોળ મોઢાવાળા એ વરણાગી ગુણાનુરાગીની ઓળખ આપતાં સ્થાનિક આગેવાને કહ્યું: 'બાપા! આને આમ તો મેં જ બાટલી પર ચઢાવેલો, પણ આપની દયાથી મારું બધું છૂટી ગયું ને આને બધાં જ વ્યસન છે, તો એને મુકાવો.'

આ બગડેલી બાજી હાથમાં લેતાં સ્વામીશ્રીએ પેલા આગંતુકને પૂછ્યું: 'મૂકવું છે?'

ઉત્તરમાં મૌન મળતાં સ્વામીશ્રીએ વ્યસનની તારાજી વિષે ઘણી વાત કરી, છતાં મુલાકાતીનું મોં ન ખૂલ્યું. તેથી સ્વામીશ્રી ન કંટાળ્યા. તેઓએ વળી

પૂછ્યું: 'મંદિરે આવો છો?'

'છોકરાંઓ બધું કરે છે તે પણ ઘણું ને!' વ્યસનીને વાચા ફૂટી, પરંતુ તેમાંથી ઉત્સાહવર્ધક કશું ન નીકળ્યું.

તોય સ્વામીશ્રીનો ઉમંગ ન ઓસર્યો. તેઓ બોલ્યા: 'છોકરાં કરે એનું ફળ એમને મળે અને આપણે કરીએ તો આપણને ફળ મળે. માટે આજે નક્કી કરો અને નિયમ લો.'

'હું નિયમ લઉં તો બે પાપ થાય; એક તો નિયમનો ભંગ થાય અને બીજું, સમાજથી છુપાઈને કામ કરવું પડે એ! આવી ભૂલ થાય.'

'ઝેર ખાવાની ભૂલ થાય છે?'

આ પ્રશ્નના પ્રતિભાવમાં વ્યસનીનું ડોકું ધૂણ્યું. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું: 'તો સમજો કે આ ઝેર જ છે.' આટલું કહેતાં સ્વામીશ્રી એ ભાઈનો હાથ પકડી બોલ્યા: 'પાણી લો.'

'ના, મારે સંતાઈને એ પાપ કરવું પડે એનો અર્થ શું?'

'આ રીતે રાંક રહેવાનો અર્થ શું? હિંમત રાખો. દેહ પડી જશે તો ધામમાં જશો અને નહીં મૂકો તો નરકમાં જશો.'

સ્વામીશ્રીનો આ ચોખ્ખો હિસાબ સાંભળી પેલા પીગળ્યા. તેઓએ હિંમત કરી કે 'ચાલો મૂક્યું. પણ ભૂલ થઈ ગઈ તો?'

'ભૂલ ન જ થાય. પ્રાર્થના કરજો. જો પ્રાર્થના કરશો તો ભૂલ થશે જ નહીં.'

સ્વામીશ્રીની આ સંજીવનીનું પાન કરી એક આદમી સજીવ થઈ ઊઠ્યો.

આજે મુલાકાતીઓની માત્રા મોટી હોવા છતાં પંદરેક મિનિટ સુધી મથ્યા રહીને સ્વામીશ્રીએ એક નરકને નંદનવનમાં પલટાવી દીધું.

બિરાજે યોગી પ્રમુખમાં

દારેસલામની કિસુટ સ્ટ્રીટ કેટલાંક હિંદુ મંદિરોનું સરનામું હોવાથી તે ટેમ્પલ સ્ટ્રીટ તરીકે જ ઓળખ પામેલી. આ ગલી તા. ૫/૧૦ની સવારે વિવિધ વાનગીઓની સોડમથી મઘમઘી ઊઠી, કારણ કે આજે અહીંના મંડળે ૧,૦૫૧ વ્યંજનોનો કલાત્મક અન્નકૂટ ઠાકોરજી સમક્ષ રચેલો. તે જોઈ રાજી થયેલા સ્વામીશ્રી અહીંના નિવાસ દરમ્યાન ટેમ્પલ સ્ટ્રીટના દરેક મંદિરમાં દર્શને જઈ આવ્યા. તેની સાથે સ્વામીશ્રીનાં દર્શને પણ ઘણા મોક્ષભાગીઓની અવરજવર રહી.

આ ક્રમમાં, તા. ૭/૧૦ની રાત્રે આવેલા ઇમીગ્રેશન વિભાગના સ્થાનિક અધિકારી શ્રી કિંગોઈ-ક-કિંગોઈ સ્વામીશ્રીની વિશિષ્ટ ઓળખ આપી ગયા. આ આફ્રિકન મુરબ્બીએ પોતાના ખિસ્સામાંથી વીસ વર્ષ પુરાણું સ્વામીશ્રીનું પૉકેટ કેલેન્ડર કાઢી કહ્યું : 'એ વખતે આપે આ કેલેન્ડર આપેલું, એ હજી હું મારા ખિસ્સામાં સાચવી રાખું છું.'

સ્વામીશ્રીની છાપ-છબીઓને માનવી ભૂલી ન શકતો, કાળ ભૂંસી ન શકતો.

આવા સ્વામીશ્રીના સાંનિધ્યનો લાભ લઈ તા. ૯/૧૦ના રોજ ટાન્ઝાનિયાના વિદેશમંત્રી શ્રી જકાયા કિકવેટે પણ ધન્યતા અનુભવી રહ્યા. તેઓને આગામી વર્ષે થનારી ચૂંટણીમાં દેશના રાષ્ટ્રપ્રમુખ બનવાના આશીર્વાદ આપી સ્વામીશ્રી હરિભક્તોને મળવામાં પરોવાયા.[૨૨]

આ સમયે સ્થાનિક અગ્રણી હરિભક્ત શ્રી સુભાષભાઈ પટેલની વાત નીકળી. તેઓએ સ્વયં પોતાનો પરિચય આપતાં હૃદયરોગના નિષ્ણાત ડૉ. પાંડાને કહેલું : 'તમને પ્રમુખસ્વામી મહારાજના મહિમાનો ખ્યાલ નથી. તેઓ ગધેડાની ગાય બનાવે છે. હું નાનો હતો ત્યારે એટલો તોફાની હતો કે હાથમાં ચપ્પુ રાખતો. થોડો મોટો થયો એટલે બંદૂક રાખવા માંડ્યો. આ બધું મુકાવી પ્રમુખસ્વામી મહારાજે અત્યારે મને માળા આપી દીધી છે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'જોગીબાપાની દૃષ્ટિ પડી ગઈ છે.'

'આપની પણ દૃષ્ટિ કહેવાય જ ને !' એક હરિભક્તે કહ્યું.

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'જુદું કેમ પાડો છો ? બધું ભેગું જ છે ને !'

તેઓના આ શબ્દો *'બિરાજે યોગી પ્રમુખમાં...'*નો પડઘો પાડી ગયા. તે દ્વારા યોગીજી મહારાજ સાથેની પોતાની એકતા સમજાવતા સ્વામીશ્રી આજની સાયંસભા પૂર્ણ કરી મંદિરે જવા નીકળ્યા. આ સમયે તેઓએ ગાડીચાલક યુવક પવન પટેલને સાહજિક પૂછ્યું : 'તારું ઘર ક્યાં છે ?'

આ પૂછપરછના પ્રતિભાવમાં તે યુવાને નજીકમાં ઊભેલા એક મકાન તરફ નિર્દેશ કર્યો. તે પર સ્વામીશ્રીએ અમીનજર કરી ત્યારે કોઈનેય તેનો મર્મ ન પકડાયો, પરંતુ જ્યારે પવનનાં માતુશ્રીને આ ચરિત્રની જાણ થઈ ત્યારે તેઓના હરખનો પાર ન રહ્યો. તેઓએ આજે જ પોતાના પતિ શ્રી

---

૨૨. સ્વામીશ્રીએ આપેલા આશીર્વાદના પ્રતાપે શ્રી કીકવેટે સન ૨૦૦૫માં દેશના રાષ્ટ્રપ્રમુખપદે આરૂઢ થયેલા અને તેઓએ સતત દસ વર્ષ સુધી આ પદ સંભાળેલું.

સુભાષભાઈને કહેલું કે 'જે કોઈ ગાડી ચલાવતા હોય એને કહી આપણા ઘર પર સ્વામીબાપાની દૃષ્ટિ કરાવજો.' આ સંકલ્પ કોઈનાય કહ્યા વિના સ્વામીશ્રીએ પૂર્ણ કરી દીધેલો.

આમ, સૌના મનોરથો પૂરતા તેઓ તા. ૧૦/૧૦ની સવારે મોમ્બાસા પધાર્યા.

સૌ ભેગા આપણું

મોમ્બાસા પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૧૧/૧૦ની સવારે અહીંના મંદિરમાં ગુરુપરંપરાની નૂતન મૂર્તિઓ પ્રતિષ્ઠિત થઈ.

આ માંગલિકવિધિ બાદ બમ્બુરી બીચના કાંઠે કેન્યાટા હાઉસમાં ઉતારે પધારેલા તેઓ તા. ૧૪/૧૦ની સવારે સાડા સાત વાગ્યે પૂજા માટે ઓરડામાંથી બહાર આવ્યા. તે વખતે છવાયેલાં ઘનઘોર વાદળો સવારના પાંચ વાગ્યાનો અહેસાસ કરાવી રહેલાં. વીંઝાતા વાયરા સાથે ઝીંકાતો વરસાદ છત્રીઓને નકામી પુરવાર કરી રહેલો.

આવા વાતાવરણમાં, સ્વામીશ્રી ખુલ્લા સભામંડપને બદલે નિજ-નિવાસમાં જ પ્રાતઃપૂજા કરે તેવી વિનંતી ડૉક્ટરોએ કરી. તે વાજબી હતી, પણ સ્વામીશ્રીએ પૂછ્યું : 'હરિભક્તો કઈ રીતે બેઠા છે ?'

'પતરાંના શેડ નીચે જ્યાં સમાયા ત્યાં સાંકડે-માંકડે બેઠા છે.'

'ચાલો ત્યારે, આપણે પણ ત્યાં જઈએ. સૌ ભેગા આપણુંય થશે.' સ્વામીશ્રી બોલ્યા.

સૌ મુશળધાર વરસાદથી જેટલા નહોતા પલળ્યા એટલા સ્વામીશ્રીની આ સ્નેહધારાથી ભીંજાયા.

આ સમયે સ્વામીશ્રીની સાનુકૂળતા સાચવવા મોટા કદનું એક પ્લાસ્ટિક તાબડતોબ લાવવામાં આવ્યું. તેને પંદરેક યુવાનોએ છેડેથી પકડી લેતાં છત્ર જેવું તૈયાર થઈ ગયું. તેની તળે સ્વામીશ્રી ભીનાશને કારણે લપસણી થયેલી જમીન પર ધીમા પગલે ચાલવા લાગ્યા. આ રસ્તે ભરાયેલું પાણી ક્યાંક-ક્યાંક છબછબિયાં પણ કરાવતું રહ્યું. આ રીતે સ્વામીશ્રી પતરાંના શેડ નીચે આવ્યા ત્યારે આ જગ્યા પણ સાંકડી અને કાયમી ન હોવાથી પૂજાપાટની આજુબાજુ નેવાં નીતરી રહેલાં. તેથી રેલાતું પાણી અટકાવવા ચારેકોર બાલદીઓની શોભા રચાઈ. તેની વચ્ચે સ્વામીશ્રી પૂજામગ્ન થયા ત્યારે ગવાતાં કીર્તનોને

પતરાં પર પછડાઈ રહેલી વરસાદની ધારાઓ સંગત આપતી રહી.

સ્વામીશ્રીની આ છબીને જોઈ ઘેરે સાદે ઘૂઘવી રહેલો મહેરામણ તો સ્વામીશ્રી અહીં આવ્યા ત્યારથી ઊછળી-ઊછળીને તેઓને પોતાને આંગણે બોલાવી રહેલો. તેનો આ આર્તનાદ સાંભળી તા. ૧૫/૧૦ની સવારે સ્વામીશ્રી વ્હીલચૅરમાં બેસી સમુદ્ર કિનારે પધાર્યા. અત્રે તેઓએ ઘૂંટી ડૂબે એ રીતે ઊભા રહી દરિયાના દિલને છલકાવી દીધું.

આ રીતે સત્સંગીથી સાગર સુધી સૌનાં અંતર ભરતા સ્વામીશ્રી તા. ૧૫/૧૦ની સવારે મોમ્બાસાથી નૈરોબી આવી એ જ કામ આગળ ધપાવવા લાગ્યા.

કંટાળો છે જ નહીં

તા. ૧૭/૧૦ની સવારે મુલાકાતોથી પરવારી પત્રવ્યવહારમાં પરોવાયેલા સ્વામીશ્રીને સામે બેઠેલા સ્થાનિક યુવકો શ્રી કિરણભાઈ પટેલ વગેરેએ કહ્યું: 'બાપા! અહીં આપ પંદર દિવસ છો. તમને લાગે કે 'ખાલી ઉપર-નીચે જ જવાનું થાય છે અને કંટાળો આવે છે,' તો કહેજો. અમે આપને બહાર રાઉન્ડ મારવા લઈ જઈશું.'

'ભગવાન ભજીએ છીએ, લોકોને મળીએ છીએ, એની વાતો સાંભળીએ છીએ, ભગવાનની સેવા-પૂજા કરીએ છીએ, ભજન-ભક્તિ થાય છે એટલે કંટાળો છે જ નહીં!' સ્વામીશ્રી બોલ્યા.

શું માનવી શ્વાસ લેતાં કંટાળે? માછલીને તરવામાં કંટાળો ચડે? પતંગિયાને ઊડવાનો કંટાળો હોય? શ્વસવું, તરવું, ઊડવું એ તો માનવી, માછલી અને પતંગિયાનું સહજ કર્મ! આ રીતે સ્વામીશ્રી કર્મમાં પરોવાતા, તેથી તેઓના સુવર્ણસમ જીવનને કદી કંટાળાનો કાટ લાગ્યો જ નહોતો.

આ શૈલી સાથે આજની રાત્રે એક પત્ર વાંચતાં-વાંચતાં સ્વામીશ્રીએ પત્ર-પરિચારક ધર્મચરણદાસ સ્વામીને પૂછ્યું: 'આ જતીન કોણ છે?'

'ખ્યાલ નથી આવતો, કારણ કે સરનામું અમેરિકાનું છે, પણ દેશમાં કયું ગામ છે એની કોઈ ઓળખાણ લખી નથી.'

'તમને પણ ખબર નથી અને મનેય ખબર નથી.' સ્વામીશ્રીએ કહ્યું.

જીવનમાં સાત લાખથીયે વધુ પત્રોના ઉત્તર પાઠવનારા તેઓ એકેય કાગળને યંત્રવત્ નહોતા વાંચતા. તેઓ પત્ર મોકલનારાનો પરિચય પામી

તેના પૂર્વાપરના ઈતિહાસની સમીક્ષા સાથે જવાબ લખતા-લખાવતા.

તેમાં દંભ કપટ નહીં લગાર

સ્વામીશ્રીના ભોજનસત્ર દરમ્યાન ભોજન કરતાં માહિતી વધુ પીરસાતી રહેતી. જેવો *'શ્રીમદ્સદ્ગુણ...'* ભોજનમંત્ર વિરમે કે તરત જ તેઓ સમક્ષ સ્થાનિક કે સંસ્થાકીય સમાચારોનો સિલસિલો શરૂ થઈ જતો. તેમાં નાના-મોટા સૌને બોલવાની તક મળે અને રસ પડે. તત્કાલીન સંસ્થાનો ભાગ્યે જ કોઈ એવો કાર્યકર હશે કે જેણે આ લહાવો નહીં લૂંટ્યો હોય.

સ્વામીશ્રી સાથે સીધો સંપર્ક સાધવાના આ સુગમ સાધનનો લાભ લેતાં તા. ૧૮/૧૦ની સવારે હરિભક્ત શ્રી અરવિંદભાઈ પટેલે વાત માંડી કે 'બાપાની તબિયત લંડનમાં ભયંકર રીતે બગડી હતી. એ માટે અમે બાપાને વિનંતી કરી કે આપને લાવવા માટે ચાર્ટર્ડ વિમાનની મંજૂરી આપો તો...'

હજી આ વાક્ય પૂર્ણવિરામે પહોંચે તે પહેલાં જ સ્વામીશ્રી બોલ્યા: 'એટલી બધી તબિયત બગડી ન હતી. 'ભયંકર' શબ્દ વાપર્યો એ વાપરવાની જરૂર નથી.'

સ્વામીશ્રીને કોઈ પણ પ્રકારનો મુખવટો લેશ પસંદ નહીં. તેઓ અતિશયોક્તિથી તો ખૂબ અકળાતા. આ ખાસિયત તેઓના નિર્દંભ જીવનનો પડઘો પાડતી.

આજે પણ તે સંભળાયો ત્યાં જ અરવિંદભાઈએ સ્વામીશ્રીને કહ્યું: 'અમે જ્યારે ચાર્ટર્ડ વિમાનની વિનંતી કરી ત્યારે આપે કહ્યું હતું કે 'હું મારી તબિયત સારી રાખીશ.' ભગવાન સિવાય આવું કોઈ ન કરી શકે!'

આ વાતને પણ કાપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આટલું બધું ભાર દઈને બોલવાની કંઈ જરૂર નથી. બધું જ મહારાજની ઈચ્છાથી થાય છે અને મહારાજ કરે છે. બીજો કોઈ કાર્યક્રમ હોય તો આગળ વધો. સમય પૂરો થઈ ગયો છે.'

સ્વામીશ્રીના પ્રત્યેક ઉદ્ગાર *'તેમાં દંભ કપટ નહીં લગાર...'* તરીકે તેઓની છબી સૌનાં હૈયે છાપતા ગયા.

વર્તન જોઈને જ પરિવર્તન આવે છે

તા. ૧૮/૧૦ના રોજ અલ્પાહાર બાદ નિજનિવાસના ઓરડામાં સોફા પર બિરાજેલા સ્વામીશ્રી ખોળામાં રાખેલા ઓશીકા પર પૅડ મૂકી પત્રલેખનમાં

મગ્ન હતા. તે વખતે આજની સાયંસભામાં યોજાનારી પ્રશ્નોત્તરીથી તેઓને વાકેફ કરવા કાર્યકરો શ્રી નટુભાઈ પટેલ, યોગેશભાઈ રાણા વગેરે આવી પહોંચ્યા. પરંતુ હાથમાં લીધેલો પત્ર પૂરો કર્યા બાદ જ તેઓ પર નજર ઠેરવતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'લાવો, શું છે ?'

આ સમયે તેઓના હાથમાં અપાયેલા એક ફૂલ્સકેપ કાગળ પર સ્વામીશ્રીની દૃષ્ટિ વસ્ત્ર પર અત્તરનું ટીપું પ્રસરે તેમ રેલાવા માંડી. અંતે તેઓ બોલ્યા : 'આ બધા જ પ્રશ્નોની વાત સભામાં થાય જ છે. આમાં નવું શું છે ?'

'આ તો જે નવા આવ્યા હોય એને આપ વાત કરો એટલે અસર થાય.'

'પહેલાં કાર્યકરોના પોતાના નિયમ-ધર્મ બરાબર હશે તો બીજાને તરત અસર થશે. હંમેશાં વર્તન જોઈને જ પરિવર્તન આવે છે. માટે જ્ઞાન તો બહુ જ કહીએ-સાંભળીએ છીએ, પણ જીવમાં ઊતરવું જોઈએ.'

સામે ત્રણેક વ્યક્તિ જ બેઠેલી, પરંતુ સ્વામીશ્રી સભા સંબોધતા હોય તેવા જુસ્સા સાથે એક-એક પ્રશ્ન વાંચી તેના ઉત્તર આપવા માંડ્યા. તેમાં ચોથો પ્રશ્ન આવ્યો કે 'બાપા ! આપ દૂર હો ત્યારે આપનાં દર્શનની ખૂબ જ તાલાવેલી રહે છે, પરંતુ પ્રત્યક્ષ દર્શન, સમાગમ કરીએ ત્યારે એટલી તત્પરતા જળવાઈ રહેતી નથી. આપના જીવનમાં જોઈએ છીએ તો આપને આપના ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં દર્શનની તાલાવેલી અખંડ રહેતી. એવી સમજણ અમારામાં કેવી રીતે આવે ?'

'મૂળ મહિમાની ખામી છે.' એક જ વાક્યમાં સમાધાન આપી તેનું વિવરણ કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'મહિમા નથી એટલે આવા પ્રશ્નો ઉદ્‌ભવે છે અને ઉમંગ પણ થતો નથી. રોજ સૂઈએ છીએ, ખાઈએ છીએ, નોકરી-ધંધા કરીએ છીએ પણ એમાં થાક વર્તાતો નથી, કારણ કે મહિમા છે. ડૉક્ટર સ્વામી કેવા કડાકા અને ભડાકા કરે છે ! કારણ કે ભગવાન અને સંતનું નિશાન સ્પષ્ટ છે. એ જીવમાં છે તો નવરા રહેતા જ નથી. સારધાર પ્રવાહ ચાલ્યા જ કરે છે. બળ છે તો બોલાય છે. અમથું કાંઈ ઓછું બોલાય ?'

'આપ દૃષ્ટિ કરો તો એવું બળ આવે.'

'પહેલાં લગની લાગવી જોઈએ. પછી પુરુષાર્થ થવો જોઈએ, તો મૂર્તિમાન થાય. હજી જોઈએ એવો મહિમા નથી. આળસ, પ્રમાદ છે. જો શૂરવીર થઈએ તો આ બધું જીવમાં ઊતરે. ગ્રામવાર્તા ગમે જ નહીં.'

'બાપા! બળ આપજો.'

'આ બળની જ વાત છે. મગનભાઈ, યોગીજી મહારાજ, ડૉક્ટર સ્વામી, મણિભાઈ સલાડવાળા... આ બધા જ્યાં જાય ત્યાં એક જ વાત કરે. એમાંથી જ બળ મેળવવાનું છે. બીજું ક્યાંથી લાવવાનો છું?'

'બાપા! આપ મળ્યા એટલે પ્રશ્ન તો નથી, પણ ક્યાંક મૂંઝવણ રહી જાય છે.'

'શરીરના ભાવ છે એટલે મૂંઝવણ આવે, પણ બળ રહેવું જોઈએ. એવી નિષ્ઠા ને સમજણ થવાં જોઈએ કે ક્યાંય વાંધો ન આવે. આ તો સુખ આવે તો એમ થઈ જાય કે 'વાહ! બાપાની દયા!' પણ જો દુઃખ આવે તો દયા ને કૃપા ક્યાં જતી રહે છે એ જ ખબર ન પડે.'

'આજે સાંજે સભામાં આ વાત આપ કરજો.'

'એ તો કરશું જ, પણ મારે ને તમારે બધાએ સ્વભાવ કાઢવાના છે. આ માર્ગમાં મહેનત અને એકાગ્રતા જોઈએ. આ સાધના એક દહાડે ન થાય.'

આમ, ત્રણ જ વ્યક્તિઓને અડધા કલાક સુધી સ્વામીશ્રી જ્ઞાનામૃત પીરસી રહ્યા. *'કાય (થાકે) નહીં કીર્તન કરતાં...'* એ તેઓને જોઈને જ લખાયું હશે કે શું?!

અમને તો જીવનું કલ્યાણ કરતાં આવડે

તા. ૧૮/૧૦ની સાંજે ભરાયેલી હકડેઠઠ સભામાં આવીને સ્વામીશ્રી બિરાજતાં જ મંચ પર મદારીનો પ્રવેશ થયો. તેના બીનવાદનથી ડોલવા માંડેલા નાગરાજે કહ્યું: 'પ્રશ્નો તો બધાને છે, પણ ભગવાનના અખંડ ધારક સંતને પૂછો તો સમાધાન મળે.'

આ પ્રહસન સાથે શરૂ થયેલી પ્રશ્નોત્તરીમાં સ્વામીશ્રીને પુછાયું: 'બાપા! અમે નિયમ-ધર્મ પાળીએ અને ઈમાનદારીથી નોકરી-ધંધો કરીએ તો આર્થિક રીતે સધ્ધર થવાતું નથી અને પ્રામાણિકતાને નેવે મૂકીને નોકરી-ધંધો કરે એ એશ-આરામથી જીવે છે, તો આવા સંજોગોમાં અમારે કેવી સમજણ રાખવી?'

આ સાંભળી, 'આપણને બધાને જ આ પ્રશ્ન સ્પર્શે છે...' કહી ઉત્તરને સાર્વજનિક બનાવતાં સ્વામીશ્રી બોલ્યા:

''આ દુનિયાનો ખેલ એવો છે કે એમાં આપણી શ્રદ્ધા ઘટી જાય, પણ

આ સમજણ રાખવી કે 'ભગવાને આપણને જે સ્થિતિમાં રાખ્યા એ સારા માટે', તો દુઃખ ન આવે. આપણને એમ ન થાય કે આપણે આટલા ભગવાન ભજીએ તો પણ દુખિયા ને પેલો અનીતિ કરે તોય કરોડો કમાય.

શ્રીજીમહારાજ મળ્યા તે આપણાં ભાગ્ય જાગ્યાં. તમારું દુઃખ ટાળનાર મળે, પણ તમારું કલ્યાણ કરનાર કોઈ નહીં મળે.

અમને બીજું કંઈ કરતાં આવડતું નથી. પૈસા આપતાં નથી આવડતું. અમને તો એક જ કે ભગવાનને સુખે સુખિયા થાય. જીવનું કલ્યાણ કરતાં આવડે. અહીં વાર લાગે, પેલું તાત્કાલિક થાય. ફળાઉ ઝાડનો ઉછેર કરવામાં વાર લાગે. કડવા વેલા અમથા-અમથા ઊછરે.

એમ આપણે ભગવાનના ધામમાં જવું હોય તો નિયમ-ધર્મ, આજ્ઞા-ઉપાસના પાળવાં પડે. ખોટું કરીને આગળ વધ્યા એને અંતે દુઃખનું કારણ છે, છે ને છે જ !''

આ જ રીતે રોજેરોજ વિવિધ વિષયવસ્તુ સાથે યોજાતી સાયંસભાઓમાં સ્વામીશ્રી વરસતા રહ્યા. તેની સાથે આકાશમાંથી મેઘધારાઓ પણ મંડાયેલી રહી. એક મહિના પહેલાં જ્યારે સ્વામીશ્રી અહીં પધાર્યા ત્યારે દુષ્કાળગ્રસ્ત કેન્યાને તેઓએ ૩,૦૦૦ ટન અનાજ આપવાનું સૌજન્ય દાખવેલું અને વરસાદ વરસે એવી પ્રાર્થના પણ ઉચ્ચારેલી. તેઓના એ શબ્દો અત્યારે સાકાર થતાં જોઈ મહિના પૂર્વે અન્નદાન લેવા ઉપસ્થિત થયેલા મંત્રી શ્રી જેમ્સ કરુમે તો બોલી ઊઠ્યા : 'He is a miracle man!' – સ્વામીશ્રી ચમત્કારી પુરુષ છે ! આ ચમત્કારી પુરુષના પ્રતાપે કેન્યાએ આજે તેની મૂળભૂત લીલાશ-ભીનાશ પાછી મેળવી લીધી.

મારે જરૂર છે તમારા સત્સંગની

તા. ૧૯/૧૦ની સવારે અલ્પાહાર બાદ મુલાકાતોમાં પરોવાયેલા સ્વામીશ્રી પાસે આવેલો એક આઠ વર્ષીય બાળક બેચેની અનુભવી રહેલો. તેથી થોડીક ક્ષણો સુધી તો તેના હોઠે શબ્દો જ ન ફૂટતાં સ્વામીશ્રીએ સામેથી પૂછ્યું : 'શું છે ?'

આ સ્નેહાળ પૂછપરછથી પેલા શિશુનો હૈયાબંધ છૂટી જતાં એ હીબકાં ભરવા લાગ્યો. એ જ અવસ્થામાં તે બોલ્યો : 'આજે મારાં મમ્મી-પપ્પા સવારે મોડા ઊઠ્યાં એટલે અહીં આવવામાં ઉતાવળ કરવી પડી. તેમાં મારો તિલક-

ચાંદલો રહી ગયો.' આટલું કહેતાં એ બાળકે રુદનનો રાગ પુનઃ છેડી દીધો.

તે સાંભળી ભાવાર્દ્ર થઈ ઊઠેલા સ્વામીશ્રીએ બાળકના માથે હાથ ફેરવતાં ફેરવતાં બાજુમાં ઊભેલા સંતને કહ્યું: 'કંકુની ડબ્બી લઈ આવો.'

તે હાજર થઈ ત્યારે સ્વામીશ્રીએ જાતે જ એ ડબલી ખોલી તેમાં પોતાની આંગળી બોળી. તે દ્વારા તેઓ પેલા બાળકના ભાલમાં ચાંદલો કરતાં બોલ્યા: 'બસ, તારો નિયમ સચવાઈ ગયો.'

તેઓની આ દયા-દરકારથી ઝૂમી ઊઠેલા પેલા શિશુના મુખ પર પણ કુમકુમ જેવી જ હાસ્ય-હરખની લાલિમા છવાઈ ગઈ. રડતો-રડતો આવેલો તે હસતો-હસતો ગયો. આ અનુભવ સ્વામીશ્રી પાસે આવનારો દરેક મુલાકાતી અવશ્ય પામતો.

આવું મુલાકાત-સત્ર પૂર્ણ કરી નિજનિવાસમાં પધારેલા તેઓ અહીં પત્રવાંચન કરી રહેલા ત્યારે એક જૂના સત્સંગી આવ્યા. તેઓને જોતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું: 'અરે, તમે કેમ દેખાતા નથી?'

'બાપા! આપે મને મુંબઈમાં કહેલું કે હૃદયમાં ભગવાન અને સંત રાખવા. મારા હૃદયમાં જ છો આપ.'

'હૃદયમાં એમ ને એમ ઓછા રહે છે? મંદિરમાં આવવું પડે.'

આમ, સ્વામીશ્રીએ તે હરિભક્તને હેતથી ટપાર્યા ત્યારે તેઓએ પોતે લાવેલી ભેટ ધરી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'મારે એની કંઈ જરૂર નથી. મારે જરૂર છે તમારા સત્સંગની.'

'પણ બાપા! હું સત્સંગી તો છું જ ને! 'તમે સાક્ષાત્ ભગવાન છો' – એવું હું માનું છું ને તમને યાદ પણ કરું છું.'

'મંદિરમાં આવવાનું રાખો તો સત્સંગ સાચો. આમ કહો છો સાક્ષાત્, પણ અહીં આજે દેખાયા! આ પ્રેમ ક્યાંથી કહેવાય?'

'આજથી હું રોજ આવીશ.' સ્વામીશ્રીના પ્રેમથી પીગળેલા તે આગંતુક બોલ્યા.

આ રીતે કુમળી કળીથી માંડી બરડ ડાળીઓ સુધીના સૌની માવજત લઈ સત્સંગવનને ખીલવનારા માળી હતા સ્વામીશ્રી!

ઘસાઈએ તો બ્રહ્મરૂપ થઈ જઈએ

તા. ૨૩/૧૦ની સવારે ઠાકોરજી સમક્ષ સત્સંગ મંડળે ધરેલો ૧,૧૫૧

વાનગીઓનો ભવ્ય કલાત્મક અન્નકૂટ જોઈ સ્વામીશ્રીએ પણ પ્રસન્નતા વરસાવી દીધી કે "બેસતા વર્ષે થાય એવો મોટો અન્નકૂટ થયો. વ્યવસ્થિત ગોઠવવું એ પણ એક કળા છે. ભગવાન પણ કળાપ્રિય છે. આ મંદિરમાં પણ કળા છે તો કેટલું સુંદર લાગે છે! અમને વિમાનમાં એક પાઇલટ મળેલા. એમણે કહ્યું કે 'હું નૈરોબી રહું છું ને ત્યાં મેં વુડન(કાષ્ઠની કલાકૃતિવાળું) મંદિર જોયું છે. બહુ ફાઇન છે.' આમ, બધા જ આ મંદિરનાં વખાણ કરે છે. આજે આપે આ ઉત્સવ કર્યો છે તો ભક્તિમાતા અને ધર્મદેવ સહિત મહારાજ મુક્તો સાથે બિરાજ્યા છે અને એ દર્શન થઈ રહ્યાં છે."

અલૌકિક ભાવમાં આ આશીર્વાદ વરસાવી સ્વામીશ્રી આજની સાયં-સભામાં પધાર્યા ત્યારે બાળ મંડળે 'ગુરુદેવનાં ચરણ' વિષયક સંવાદ રજૂ કર્યો. તેમાં ગૂંથાયેલા ગુરુભક્તિના વિષયને જ આધારરૂપે રાખી સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે –

"ગુરુનું જ્ઞાન મેળવવા પે'લામાં પે'લું તો માન મૂકવું પડે. ગુરુ આગળ તો દાસના દાસ થઈ હાથ જોડીને જ રહેવાનું. એના વચનમાં વિશ્વાસ! જોગી મહારાજે પણ ભણેલા-ગણેલા, અપ-ટુ-ડેટ થઈને સારી ડિગ્રીઓ લઈને આવેલા યુવકોને સાધુ કરી ઉપવાસ કરાવ્યા. વાસણ પણ એઠાં ઊટકવાનાં, સાફસૂફી પણ કરવાની અને અભ્યાસ તો ખરો જ. એટલે પે'લામાં પે'લું 'અમે તો ગ્રેજ્યુએટ થઈ આવ્યા છીએ' એ મુકાવ્યું. આપણે પણ આ માર્ગ મૂકવાનો નથી. કૂવા પર દોરડું ખેંચતાં કઠણ પથ્થર હોય તો પણ તૂટી જાય. એમ ઘસાઈએ તો બ્રહ્મરૂપ થઈ જઈએ."

બ્રહ્મરૂપ થવાનું આ માર્ગદર્શન આપી ઉતારે પધારેલા સ્વામીશ્રીની નિશ્રામાં તા. ૨૪/૧૦ની સવારે નકુરુ મંડળે ઠાકોરજીની સુવર્ણતુલા યોજી, તો નૈરોબી મંડળે ચોપડાપૂજનનો લાભ લીધો. આજના દિવસની આ મંગલતા માણી સાયંસભામાં ઉપસ્થિત રહેલા કેન્યાના પર્યાવરણ-મંત્રી શ્રી સ્ટીફન ન્યૂસોકાએ હૃદયોર્મિ વહાવી કે "આજે સવારે હું મારી પત્ની સાથે હતો. તે વખતે તેણે મને પૂછ્યું કે 'તમારા મતે કોણ સૌથી નમ્ર વ્યક્તિ છે?' તે સમયે રાજકીય રીતે હું મહાત્મા ગાંધી વિષે વિચારતો હતો, પણ એ વિચાર આજે ઘણો જૂનો છે, કારણ કે સ્વામીશ્રી અત્યારે અહીં આપણી સામે જ છે."

આ જ રીતે તા. ૨૫/૧૦ની સાંજે મુલાકાતે આવેલા દેશના નાણામંત્રી શ્રી ડેવિડ મ્વીરારિયા પણ સ્વામીશ્રી સાથે વિચાર-વિનિમય બાદ ઉચ્ચારી

ઊઠ્યા : 'સ્વામીશ્રીનાં ઉપદેશ-વચનો કેવળ તમારી સભ્યતાને જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને મદદરૂપ થશે.'

મહાનુભાવોની આ પરંપરામાં તા. ૨૬/૧૦ની સાયંસભામાં કેન્યાના ઉપપ્રમુખ શ્રી મૂડી અવોરી આવી પહોંચ્યા. તેઓએ સ્વામીશ્રીનું સ્વાગત સ્વીકારી સંબોધનમાં જણાવ્યું: 'જેમણે વિશ્વમાં અનેક લોકોનાં જીવનમાં અસર કરી છે એવા પવિત્ર પુરુષની ઉપસ્થિતિમાં આ સંધ્યાએ આપને મળતાં ઘણો આનંદ થાય છે.'

આ ઉપપ્રમુખને અનુસરતાં આજની રાત્રે દેશના સહકારી ખાતાના પ્રધાન શ્રી પીટર ન્ડ્વીગા પણ દોડી આવ્યા. તેઓનો વિભાગ દેશના દુષ્કાળને લક્ષમાં લઈ કૅટલ કૅમ્પ ખોલી રહેલો. તે જાણી સ્વામીશ્રીએ પશુઓ માટે સંસ્થા વતી પાંચ લાખ શિલિંગની ઔષધીય સહાય જાહેર કરી.

મનધાર્યું મૂકી દો તો એક મિનિટમાં સમાધાન

તા. ૨૬/૧૦ની રાત્રે હરિભક્તોને મળી રહેલા સ્વામીશ્રી પાસે આવી એક સત્સંગીએ રીતસર ધા નાંખી કે 'બાપા! અમારું સમાધાન કરાવો. ભાઈઓ વચ્ચે અમારે ભાગ વહેંચવાની બાબતમાં પ્રશ્નો છે.'

'એક જ મિનિટમાં સમાધાન થઈ જાય.'

'ઓહોહો... તો તો બહુ જ સારું!'

'મનધાર્યું મૂકી દો તો એક મિનિટમાં સમાધાન! કોઈ મનનું ધાર્યું મૂકતા નથી. કહે એમ કરી દેવું જોઈએ. ફટ્ દઈને મૂકી દેવું જોઈએ. તમારા બાપા આટલું બધું કમાણા, પણ કશું લઈ ગયા? તો તમે શું લઈ જવાના છો? અને તમે કંઈ ભૂખ્યા નથી, ઘણું બધું કમાયા છો, તો કહી દેવું જોઈએ કે 'ભ'ઈ! તું લઈ જા.' પણ એવું થતું નથી. એને લીધે વાત અટકી પડે છે.'

સ્વામીશ્રીએ સૂચવેલી સમાધાનની આ ફોર્મ્યુલા કોઈ પણ કુટુંબને કકળાટ-ઉકળાટથી બચાવે તેવી છે.

રાજેશરીના વાલેશરી

સ્વામીશ્રીના નૈરોબીમાં નિવાસ દરમ્યાન ચાલતી રહેલી દેશના વરિષ્ઠ નેતાઓની આવન-જાવનના ક્રમમાં તા. ૨૭/૧૦ની સાયંસભામાં કેન્યાના વિપક્ષ નેતા શ્રી ઉહુરુ કેન્યાટા આવી પહોંચ્યા. આ અતિથિ સ્વામીશ્રીના

પગલે-પગલે દેશમાં બેઠેલા ચોમાસાથી પ્રભાવિત હતા. એ જ વાતનો હરખ તેઓએ પોતાના વક્તવ્યમાં વહેંચ્યો કે –

'સ્વામીજી ! આપની થોડા દિવસોથી કેન્યામાં ઉપસ્થિતિ આશીર્વાદરૂપ છે, જે અમે દેશમાં થતી વર્ષાના સ્વરૂપમાં જોઈ શકીએ છીએ. અકલ્પ્ય દુષ્કાળમાંથી પસાર થયા બાદ છેલ્લા થોડા દિવસોથી આપના અને પ્રભુના આશીર્વાદ આ ભૂમિ પર વરસ્યા છે. આપનાં વચનો મેં વાંચ્યાં છે ને સાંભળ્યાં છે કે 'કોણ ક્યાંથી આવે છે કે કયો ધર્મ પાળે છે એ અગત્યનું નથી.' જો આપણે સ્વામીશ્રીએ કહેલાં આ પ્રેરણાદાયી વચનોનું અનુસરણ કરી શકીએ તો હું માનું છું કે વિશ્વ વધુ સુંદર સ્થાન બનશે.'

આ અગ્રણી નેતા સાથે આવેલા શ્રી સ્ટીવ લગાથ પણ દેશનું એક વગદાર વ્યક્તિત્વ હતા. કરદાતાઓની સંપત્તિનું જતન કરતી રાષ્ટ્રીય સમિતિના ઉપાધ્યક્ષ તરીકે ફરજ બજાવતા તેઓએ ભાવોર્મિ વ્યક્ત કરી કે –

'સ્વામીજી ! અમે ઇચ્છીએ છીએ કે આપ અહીં લાબું રોકાઓ, કારણ કે મને ખાતરી છે કે જો આપ રોકાશો તો આ દુષ્કાળ અદૃશ્ય થશે. મેં તમારું સુંદર પૃથક્કરણ જોયું કે 'જો અમેરિકા ૧૦% માંસ ખાવાનું બંધ કરે તો તેઓ વિશ્વની એક કરોડ વસ્તીને જમાડી શકે.' હું પણ પુનર્વિચાર કરું છું કે મારે પણ માંસ ખાવું ચાલુ રાખવું કે નહીં? અમારા કેથલિકમાં પોપ હોય છે તેમ તમારે સ્વામીજી છે. તેઓ ભગવાન સાથે વાત કરે છે.'

મહાનુભાવોનો આ અનહદ આદરભાવ ઝીલી સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે –

"આજે ઉહુરુ કેન્યાટાએ સાથે મળીને વિકાસ કરવાની વાત જણાવી. જોગી મહારાજે સંપ, સુહૃદભાવ, એકતાનું સૂત્ર આપ્યું છે એ દરેક ઠેકાણે લાગુ પડે છે. એ યુનિવર્સલ (વૈશ્વિક) છે.

પણ એકરાગ થવાય ક્યારે? તો ભગવાન ને સંત મળે તો એકરાગ થવાય, નહીંતર થઈ શકે નહીં, કારણ કે આપણે બધા એવા એકબીજાના સર્વોપરી કે 'તારા કરતાં હું ટૉપ છું, તને પછાડવો છે,' એમ વાત કરીએ. પણ જોગી મહારાજ એવા સંત હતા તો એમણે બધાને એક કર્યા છે. આપણા સમૈયા-ઉત્સવની અંદર એક જ કે આપણી યુનિટી (એકતા). એનું મુખ્ય કારણ – ભગવાન ને સંત."

નાના રહેવામાં મજા છે

તા. ૨૮/૧૦ની વહેલી સવારે ૪:૧૪ વાગ્યાથી શરૂ થયેલી ચંદ્રગ્રહણની સભા બાદ સ્નાન-પૂજાથી પરવારી સ્વામીશ્રી ૭:૪૫ વાગ્યે મંદિરમાં દર્શન માટે પધાર્યા. તે વખતે તેઓએ થાળ આરોગી રહેલા ઠાકોરજીની આરતી ઉતારી વિશિષ્ટ ભક્તિ અદા કરી.

આ જ રીતે આજની સાંજે શરદ પૂર્ણિમાના ઉત્સવની આરતી કર્યા બાદ તેઓ તા. ૨૯/૧૦ની રાત્રે ભારત જવા વિદાય લઈ રહેલા, પરંતુ તે માટે મંદિરેથી નીકળતાં પૂર્વે તેઓએ કેટલાક હરિભક્તોને પોતાના ઓરડામાં બોલાવ્યા. અહીં આ સત્સંગીઓને સોંપેલા એક કાર્યના સંદર્ભમાં સ્વામીશ્રી કહેવા લાગ્યા:

'કોઈ પણ પ્રશ્ન ઉકેલવો હોય તો એની પાછળ પડવું પડે. 'હોતી હૈ, ચલતી હૈ' કરવા જશો તો વર્ષો થયે પણ આ પ્રશ્ન પતશે નહીં. સ્વામિનારાયણનો સત્સંગી હોય એ ભજનમાં પણ શૂરો હોય ને વ્યવહારની જવાબદારી પણ એટલી જ અદા કરે.'

આ સતર્કતા સાથે સેવામાં પ્રવૃત્ત રહેતા સ્વામીશ્રી સાંપ્રત વિદેશયાત્રા દરમ્યાન આફ્રિકા, અમેરિકા અને યુરોપ ખંડમાં દિગ્વિજય કરી ચૂકેલા. તેની સાથે તેઓએ પોતાના યોગમાં આવનારા સૌને ભરપૂર લાભ આપેલો. તેથી જ આજની વિદાય વેળાએ હજારો સત્સંગીઓ અને એટલી જ સંખ્યાના ગુણભાવીઓ ગાઈ ઊઠ્યા: *'કોઈ વાતે ન રાખી જ ખામી, અમે પામિયા સંતોષ સ્વામી...'*

આવા આ ૧૯૦ દિવસના ધર્મપ્રવાસમાં ચારેક વખત સ્વામીશ્રીના શરીરમાં માંદગી આવી. ૮૩ વર્ષની વયે બીમારીના હુમલામાંથી પુનઃ બેઠા થતાં ખાસ્સો સમય લાગે. પરંતુ તે કશું જ ગણકાર્યા સિવાય સ્વામીશ્રીએ મીટિંગ-મુલાકાતથી માંડી મંદિર-મહોત્સવ સુધીના સઘળા પ્રસંગો શોભાવી દીધેલા. તેથી જ નૈરોબીથી નીકળેલા તેઓને વિદેશનો સત્સંગ કૃતજ્ઞભાવે નીરખી રહ્યો.[૨૩]

---

૨૩. આફ્રિકા ખંડમાં સ્વામીશ્રીએ વરસાવેલી અનરાધાર અમૃત-વર્ષાથી તરબતર થવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

આ જ સમયે આંખોમાં આતુરતા આંજી સેંકડો સત્સંગીઓનો સમુદાય મુંબઈના ઍરપોર્ટ પર એકત્રિત થઈ ચૂકેલો. તેથી તા. ૩૦/૧૦ની વહેલી સવારે ૩:૦૭ વાગ્યે સ્વામીશ્રીને લઈ આવેલા વિમાન બ્રહ્મપુત્રનું પૈડું ભારતની ભૂમિને સ્પર્શતાં જ પ્રચંડ જયઘોષ ઊઠ્યો. હવાઈ મથકની બહાર પધારેલા સ્વામીશ્રીનાં દર્શન થતાં તો સૌના મુખ *'આજ સખી આનંદ ન માયે, વહાલોજી પ્રેમે પધાર્યા...'*નો ભાવ છલકાવી રહ્યા. આવાં જ ભાવપૂર તા. ૩૦/૧૦ની સાંજે યોજાયેલી સ્વાગત-સભામાં પણ ઊમટ્યાં.

તેમાં આશીર્વાદની અમૃતધારા ભેળવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'સૂરજનો પ્રકાશ કોઈ દિવસ આથમતો નથી, એમ ભગવાન અને સંતનું કાર્ય છે. કથા-વાર્તા, કીર્તન, ભજન-ભક્તિ એ આપણું જીવન છે. એ વાત આપણા જીવ સાથે જડાઈ જવી જોઈએ. એ જ્ઞાન નથી તો દુ:ખ રહે. જેને આત્મા-પરમાત્માનું જ્ઞાન થાય તો કોઈ દુ:ખ છે જ નહીં! નાના રહેવામાં મજા છે. મોટા થવામાં માલ નથી. મોટા થવામાં ખેંચતાણ કરવી પડે. નાના રહેવું, જેથી કોઈનો અવગુણ કે અભાવ આવે નહીં.'

દેશ હોય કે વિદેશ – સ્વામીશ્રીને તો જ્યાં જાય ત્યાં *'નાને સે હો નાને રહીએ...'*ની જ વાત.

વળી વિશ્વ થકી છો વિરક્ત

આ અરસામાં સુરત મુકામે સ્વામીશ્રીની સમાજસેવાના પ્રતીકરૂપ અદ્યતન હૉસ્પિટલ નિર્માણ પામી ચૂકેલી. તેના ઉદ્‌ઘાટનવિધિથી સ્વામીશ્રીને માહિતગાર કરતાં તા. ૩૧/૧૦ની સવારે સુરતથી આવેલા ઉત્તમપ્રકાશદાસ સ્વામી, નિરન્નમુક્તદાસ સ્વામી અને મુનિવંદનદાસ સ્વામીએ જણાવ્યું : 'બાપા! આ હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન અમારે ૧૯મી ડિસેમ્બરે કરવું છે.'

આ દિવસે તિથિ અનુસાર સ્વામીશ્રીનો જન્મદિન આવતો હોવાથી સંતોએ ઉમેર્યું : 'આપની જન્મજયંતીએ ઉદ્‌ઘાટન રાખીએ.'

'જયંતીનું નક્કી છે?'

'બધા એવી વાત કરે છે.'

'હું ક્યાં કહું છું?' આમ કહી ચેતવણીના સૂરમાં સ્વામીશ્રી બોલ્યા : 'જો તમારે (જન્મજયંતીના) ઉત્સવનું નામ લેવું હોય તો હું આવીશ જ નહીં એટલું સમજી રાખજો. ઉદ્‌ઘાટન કરવું હોય તો એક શબ્દ ઉત્સવનો આવવો

ન જોઈએ. ત્યાં જો ભવાઈ કરશો તો હું ત્યાંથી જતો રહીશ.'

આયોજનને અટકાવવા આટલી તાકીદ પૂરતી હતી, પરંતુ પોતાના સન્માન સમારંભોને બને એટલા વધુ કચડવાની વૃત્તિ ધરાવતા સ્વામીશ્રીએ ઉમેર્યું: 'તમે મને લખીને આપો કે જન્મજયંતી નહીં ઊજવીએ. તમારે બીજા બધાનો રાજીપો લેવો છે કે અમારો જોઈએ છે? સમજી લેવાનું કે જયંતી છે જ નહીં! દવાખાનું છે એની જ જાહેરાત કરજો. બીજી કોઈ જ જાહેરાત કરવાની જરૂર નથી. કોઈ હરિભક્ત ત્યાં ન આવે.' આટલું કહીનેય સ્વામીશ્રી ન વિરમ્યા.

જન્મજયંતીની તજવીજને ભોંયભેગી કરી ચૂકેલા તેઓએ તે પર ધૂળ વાળતાં કહ્યું: "મેં જે કહ્યું એ બરાબર ધ્યાન રાખશો. મનમાં સંકલ્પ જ નહીં કરવાના. જે કોઈ ઉત્સાહથી કહેતો હોય એ બધાના સંકલ્પ ખોટા કરી નાંખવાના. કોઈ જ આવે નહીં એ તમારી જવાબદારી છે. નક્કી થયા પછી પણ ઊજવવા માટે મારી જોડે કોઈ પંચાત કરવા માટે આવે નહીં. રાજીપો લેવો છે કે મનધાર્યું કરવું છે? એ દિવસે પણ, જયંતી નિમિત્તે હાર પહેરાવવો – એવું કશું જ કરવાનું નથી. 'આજે જયંતી છે' એવું પણ બોલવાનું નથી."

સ્વામીશ્રીનો એક-એક શબ્દ *'જગથી વિરક્ત એવા, સંત સોહામણા...'* તરીકે તેઓની મૂર્તિ કંડારતો ગયો.

આ મૂર્તિદર્શન તા. ૩૧/૧૦ની સાયંસભામાં વિશેષ પ્રભાવક બન્યું.

આ સમયે સભા બાદ સ્વામીશ્રીનાં સમીપ દર્શનનો કાર્યક્રમ યોજાયો હોવાથી તેઓનું આસન મંચની ધાર સુધી લાવવાનું હતું. તે માટે સ્વામીશ્રી આસનથી નીચે ઊતરવા ગયા ત્યાં જ સંતોએ કહ્યું: 'આપ આસન ઉપર જ બેસી રહો. અમે સોફા સાથે આપને ઊંચકી આગળ લઈ જઈએ.'

પરંતુ આમ કરવામાં સ્વામીશ્રીનું મન ન માન્યું. આ સમયે સંતોએ પુનઃ વિનંતી ઉચ્ચારી ત્યારે તેઓ બોલ્યા: 'આપણે એ રીતે (સોફા પર બેઠાં બેઠાં આગળ) જઈએ તો લોકો વળી તાળીઓ પાડે છે.'

તાળીઓની ઉઘરાણી માટે સદા સક્રિય રહેતી દુનિયાથી કેટલા નોખા હતા સ્વામીશ્રી!

સુખે દુઃખે જે સમતા પ્રમાણે

તા. ૧/૧૧ની રાત્રે મુંબઈથી દિલ્હી આવી પહોંચેલા સ્વામીશ્રી

ઍરપોર્ટથી અક્ષરધામ તરફ જઈ રહેલા ત્યારે રસ્તામાં સરકાર તરફથી લાગેલાં અક્ષરધામનાં સાઈનબૉર્ડ નજરે ચઢવા માંડ્યાં. આ સંદર્ભમાં મંદિરે પધારેલા સ્વામીશ્રીને સંતોએ કહ્યું : 'રસ્તા ઉપર અત્યારથી અક્ષરધામ મંદિરનાં સાઈનબૉર્ડ મુકાઈ ગયાં છે. આપનો આ પ્રતાપ !'

'બધો મહારાજનો પ્રતાપ છે.' સ્વામીશ્રી બોલ્યા.

આ દાસભાવ સાથે અત્રે લાભ આપવા માંડેલા તેઓએ તા. ૩/૧૧ની રાત્રે વાળુ કર્યું. તે પછી હાઈડ્રોલિક પદ્ધતિથી નીચે ઊતરી રહેલું તેઓના ભોજનનું આસન કંઈક ખામીને કારણે અવાજ કરવા માંડ્યું. તે જોઈ કો'ક બોલ્યું : 'આ તો કડાકા ને ભડાકા થાય છે.'

'આવા કેટલાય ધબાકા થાય, પણ મને તો ફેર પડતો જ નથી.' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું : 'અહીંથી પડીને ક્યાં જવાના છીએ? સ્થિર જ બેઠા રહીએ એટલે કાંઈ વાંધો જ ન આવે.'

સ્વામીશ્રીનું આ પ્રાસંગિક નહીં, પણ કાયમી બયાન. *'સુખે દુઃખે જે સમતા પ્રમાણે...'* એવા તેઓ કદી કોઈ પરિસ્થિતિથી વિચલિત ન થતા.

આવા સદા સ્થિર સ્વામીશ્રી સમક્ષ તા. ૪/૧૧ની સવારે શ્રુતિપ્રકાશદાસ સ્વામી દ્વારા એક પુસ્તકનું વાંચન શરૂ થયું. તેમાં સાહિત્ય, સંગીત, કલા વગેરે વિવિધ ક્ષેત્રોમાં મૌલિક અને અલૌકિક પ્રદાન આપનારા ભગવાન સ્વામિનારાયણનો મહિમા વર્ણવતાં લખાયેલું કે *'શ્રીજીમહારાજે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ – આ પાંચ અનાદિ ભેદનું તત્ત્વજ્ઞાન યુક્તિપૂર્વક આપ્યું.'*

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'યુક્તિપૂર્વક નહીં, 'અનુભવપૂર્વક' એમ લખવું.'

યુક્તિપૂર્વક શબ્દ દ્વારા કો'ક અધૂરિયાને શ્રીજીના તત્ત્વજ્ઞાનમાં કંઈક ભેળસેળની શંકા ઊપજવાની શક્યતા ખરી. તેને નિવારતાં આ સૂચન દ્વારા સ્વામીશ્રીએ શ્રીજીમહારાજના પ્રમાણભૂત તત્ત્વજ્ઞાનને પુષ્ટ કરી આપ્યું. અક્ષરધામની નિર્માણ-પ્રક્રિયા જોવા આવેલા તેઓ અહીં દિલ્હીમાં દિવસના મોટા ભાગનો સમય પથ્થરના કામમાં જ પરોવાયેલા રહેતા, છતાં પુસ્તકના જ્ઞાનમાંય તેઓ કેવા ઊંડા ઊતરી શકતા !

પુસ્તક અને પથ્થર વચ્ચે આવું સંતુલન સાધનારા સ્વામીશ્રી માટે ભવિષ્ય સદા ગાતું રહેશે : *'આ તુલ્ય નહીં બીજા થયા...'*

कमाल की बात

'हम ह्युस्टन, शिकागो और लंदन जाके आए। आपके मंदिरों के दर्शन किए। मेरी दृष्टि से ये मंदिर आठवीं अजायबी जैसे हैं। आपकी दिव्य शक्ति के सिवा ये कार्य नहीं हो सकता है। ये मंदिर करके भारतीय संस्कृति का सही स्थान आपने विश्व को दिखा दिया है। इतनी अच्छी तरह से प्रेझन्ट (प्रस्तुत) करना वो किसी का काम नहीं है। आपने दुनिया को यह करके दिखाया है।

और ये दिल्ली का मंदिर हमने देखा! इम्पोसीबल (अशक्य)! ऐसा स्मारक करने में पचास साल तो लगते ही हैं। आपने इतनी जलदी ये सब कर दिखाया वो कमाल की बात है!'

પદ્મશ્રી અને ગ્રેમી જેવા પ્રતિષ્ઠિત પુરસ્કારોથી વિભૂષિત વીણાવાદક શ્રી વિશ્વમોહન ભટ્ટની અંતરવીણા તા. ૫/૧૧ની સવારે આમ રણઝણી ઊઠી. આ સંગીતકાર પર સ્વામીશ્રીની મોહિની એવી છવાઈ ગયેલી કે તેઓએ પોતા સારુ રાખેલી ખુરશી પણ હડસેલીને સ્વામીશ્રીનાં ચરણોમાં જ આસન જમાવતાં ઉપરોક્ત અભિપ્રાય રેલાવી દીધો.

તેઓને આશીર્વાદ આપી સ્વામીશ્રી નિર્માણાધીન અક્ષરધામની મુલાકાતે નીકળ્યા. અહીં આ તેઓનો નિત્યક્રમ થઈ પડેલો. ક્યારેક પરિસરની ઉદ્યાનસૃષ્ટિ, તો ક્યારેક પ્રદર્શનસૃષ્ટિ; ક્યારેક સ્મારક, તો ક્યારેક ઉપાહારગૃહ; ક્યારેક પ્રદક્ષિણા, તો ક્યારેક જલકુંડ. આમ, સહસ્રદલે ખીલી રહેલા અક્ષરધામના એક-એક પત્ર-પાંખડીની સ્વામીશ્રી માવજત લઈ રહેલા. તેઓની આ નિરીક્ષણયાત્રા દરમ્યાન કલા અને કલ્યાણ – બંનેનું જતન થતું.

તેથી જ નારાયણ સરોવરમાં મુકાનારા ગૌમુખ માટે તેઓએ 'વ્યવસ્થિત, નાજુક આકાર આવે એવું કરજો' એમ સૂચન કર્યું; તો સંગીતમય ફુવારાનું કાર્ય કરી રહેલા બે પરદેશી નિષ્ણાતોને પણ સલાહ આપી કે 'આ કાર્ય તો આધ્યાત્મિક છે; માટે થોડુંક મનોરંજન આપવું પડે ખરું, પણ એમાં બોધ આધ્યાત્મિકતાનો મળે એવું કરજો.'

ફૂલની એક-એક પાંખડીમાંથી સુગંધ ફોરે અને મિષ્ટાન્નના એક-એક કણમાંથી મીઠપ મળે તેમ સ્વામીશ્રીના એક-એક કાર્યમાંથી આધ્યાત્મિકતા જ પ્રગટતી. એટલે જ તેઓએ જ્યાં સંગીતમય ફુવારો ઊછળવાનો હતો તે યજ્ઞપુરુષ કુંડની રચના બાબતે પણ સંતોને સવાલ કર્યો: 'આ યજ્ઞકુંડ શાસ્ત્ર

પ્રમાણે કર્યો છે? મુખ્યકુંડની આજુબાજુના નાના કુંડ પણ શાસ્ત્ર મુજબ છે?'

અક્ષરધામ દ્વારા સ્વામીશ્રી ભારતીય સંસ્કૃતિને ચિરંજીવ કરવા માંગતા હતા. તેઓનો આ ઉમદા હેતુ આવી કાળજી દ્વારા પળે-પળે દૃષ્ટિગોચર થતો રહેતો.

આ કારણથી જ અહીં સ્વામીશ્રીને મળવા આવેલા બહુરાષ્ટ્રીય કંપની ઈન્ડોરામાના માલિક શ્રી ઓમપ્રકાશ લોહિયા બોલી ઊઠ્યા: 'મંદિરો તો અમે પણ બાંધ્યાં છે, એટલે અમને ખબર છે કે મંદિર બાંધવું એટલે શું? અક્ષરધામ જોઈને એટલું જ કહી શકું કે 'भारतीय संस्कृति की इससे बड़ी सेवा कोई नहीं कर सकेगा।'

કટ ન વળે એને જ કમ્પ્લેન (ફરિયાદ) હોય

પથ્થરોમાં કંડારાઈ રહેલી અબોલ છતાં પડછંદા ગજાવતી અક્ષરધામની અનુપમ સૃષ્ટિનો ચિતાર લઈ સ્વામીશ્રી તા. ૫/૧૧ની બપોરે જમવા બિરાજ્યા ત્યારે બાગાયતનો વિભાગ સંભાળતા ડૉ. કરસનભાઈ કીકાણીએ અહેવાલ આપવો શરૂ કર્યો. તેમાં આ સેવાભાવી હરિભક્તે અક્ષરધામની વીસ એકર ભૂમિ પર લીલીછમ જાજમની જેમ પથરાયેલી લૉન તથા ૧૦,૦૦૦ વૃક્ષો વગેરેનો ઉલ્લેખ કરી ફાયકસ વૃક્ષની જુદી જુદી જાત બતાવતાં સ્વામીશ્રીને કહ્યું: 'આ વૃક્ષને જેમ વાળીએ તેમ વળી જાય, એટલે તેને જેવો આકાર આપવો હોય એ રીતે આપી શકાય. એને કોઈ કમ્પ્લેન નહીં.'

'જે કટ વળી જાય એને શું ફરિયાદ હોય? કટ ન વળે એને જ કમ્પ્લેન હોય!' સ્વામીશ્રી બોલ્યા.

તે દ્વારા તેઓએ જીવનવૃક્ષના વિકાસની વાત પણ કહી દીધી.

પ્રેમ અને પ્રગતિનું પ્રતીક

સ્વામીશ્રી દ્વારા ઊંચા થઈ રહેલા અક્ષરધામમાં કેવળ પથ્થરો જ નહોતા ઘડાતા, પરંતુ એ પથ્થરોને ઘાટ આપનારા કારીગરો પણ ઘડાઈ રહેલા, કારણ કે અત્રે નિર્માણ-પ્રક્રિયા સંભાળતા સંતો રોજ આ શિલ્પીઓને સત્સંગની વાતો સંભળાવતા. તેથી તેઓનાં વ્યસનો છૂટતાં જીવન સધ્ધર બનેલાં. તેઓ દેવાના કૂવામાંથી બહાર આવેલા. તેઓની મહેનત હવે કુટુંબીઓને પણ સંતોષ આપવા માંડેલી, કારણ કે કુટેવોમાં ખર્ચાતી રકમ ઝૂંપડાની જગ્યાએ

ઘર અને તે ઘરમાં રાચરચીલારૂપે ફૂટવા લાગેલી. ઇમારતની સાથે ઇન્સાનને પણ ઉઠાવનારી સ્વામીશ્રીની આવી કાર્યશૈલીનો સીધો અનુભવ કરી રહેલા ૧,૩૦૦ કારીગરોએ તા. ૬/૧૧ની સવારે ઠાકોરજીની રજતતુલા કરી ઇતિહાસ રચી દીધો!

તે જોઈ આજે સ્વામીશ્રીનાં દર્શને આવેલા સેટલમેન્ટ કમિશનના નિયામક શ્રી બી. સ્વરૂપ બોલી ઊઠ્યા: 'કેટલાંક મોટાં સ્થાપત્યોને જોવા જવામાં મારો હંમેશાં વિરોધ રહ્યો છે, કારણ કે આવાં સ્મારકો શોષણના પ્રતીક છે. આવાં ભવ્ય સ્મારક થયા પછી કારીગરોના હાથ કાપી નાંખવામાં આવતા! પરંતુ આજે જ્યારે આ અક્ષરધામને જોઉં છું ત્યારે મારા અંતરમાં કંઈક જુદી જ ભાવના ઊભરાય છે. આ સ્મારક શોષણનું નહીં, પ્રેમ અને પ્રગતિનું પ્રતીક છે.'

તેના પુરાવારૂપે આયોજિત આજની રજતતુલામાં કારીગરોને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'इस कार्य से आपका परिवार तो समृद्ध होगा और साथ साथ आत्मकल्याण भी होगा। युगपर्यंत रहनेवाला यह कार्य है।'

ઇતિહાસમાં પહેલી જ વાર

તા. ૮/૧૧ની સવારે સવા નવ વાગ્યાના શુભ મુહૂર્તમાં સ્વામીશ્રી અક્ષરધામના આમલસારાનું પૂજન કરવા મુખ્ય સ્મારકના આંગણે આવી પહોંચ્યા. અત્રે પગથિયાં ચઢતાં જ સ્મારકની ડાબી બાજુએ આમલસારો ગોઠવવામાં આવેલો. તેની પર બિરાજેલા ઠાકોરજી સમક્ષ વેદવિધિ અનુસાર સ્વામીશ્રીએ પૂજન સંપૂર્ણ કર્યું.

અહીંથી તેઓ જમણી બાજુએ ગોઠવેલી મુખ્ય ચાવી તરફ જવા નીકળ્યા, પરંતુ આ રસ્તે પાથરણું ન હોવાથી તેઓને ચંપલ પહેરાવવામાં આવ્યાં. વળી, સ્વામીશ્રીને સાનુકૂળતા રહે તે માટે સંતોએ બેય બાજુ ખસીને વચ્ચે માર્ગ કરી આપ્યો. છતાં સ્વામીશ્રી તે માર્ગે ન જતાં સંતોને ચાતરી બીજે રસ્તે આગળ વધ્યા.

તે જોઈ સંતોએ કહ્યું: 'બાપા! અહીંથી સીધા રસ્તે પધારો.'

'સંતોની વચ્ચે જોડા પહેરીને ન ચલાય.' સ્વામીશ્રી બોલ્યા.

કેવો સૂક્ષ્મ વિવેક! કેવો મહિમા!

મહિમાના આ માર્ગે હંમેશાં ચાલનારા સ્વામીશ્રીએ ચાવી સહિત નાના-મોટા નવ આમલસારાને પણ પૂજ્યા. આજથી બરાબર ચાર વર્ષ પૂર્વે થયેલા અક્ષરધામના શિલાન્યાસ વખતે તેઓએ અક્ષરધામના પહેલા પથ્થરને પૂજી ગર્તમાં પધરાવેલો; આજે અક્ષરધામના છેલ્લા પથ્થરનું પૂજન તેઓનાં કરકમળો દ્વારા થયું.

તે જોઈ સુવિખ્યાત સોમપુરા શ્રી બચુભાઈ હર્ષાશ્રુભરી આંખે બોલી ઊઠ્યા :

"અત્યાર સુધી 'જેવી ડિઝાઈન હોય એવું જ નકશીમાં ઊતરે' એવું અમે માનતા ન હતા. ઇતિહાસમાં પહેલી જ વાર જેવી ડિઝાઈન કરી હોય એવું જ નકશીકામ જો કોઈએ પણ કર્યું હોય તો એ પ્રમુખસ્વામી મહારાજે! પ્રમુખસ્વામી મહારાજ અમારા માટે તો ભગવાન છે. સામાન્યપણે આટલું મોટું કામ કરતાં અમારી ચાર પેઢીઓ વીતી જાય. ૬૦ વર્ષે પણ આ પૂરું ન થાય. પરંતુ એ કામ પ્રમુખસ્વામી મહારાજે ચાર વર્ષમાં પૂરું કર્યું. આ પણ અમારા માટે એક આશ્ચર્યની વાત છે."

સ્વામીશ્રીનું પ્રત્યેક કાર્ય જે તે ક્ષેત્રના નિષ્ણાતોને *'આ તો જાદુ જેવું મને લાગે, ભાઈ કેમ આ ભ્રાંતિ તે ભાગે...'* બોલવા ફરજ પાડે તેવું રહેતું.

જન્મજયંતીના દરવાજે તાળું

તા. ૮/૧૧ની સાંજે પોતાના ઓરડામાં ઈશ્વરચરણદાસ સ્વામી સાથે અક્ષરધામના નિર્માણકાર્યમાં સંકળાયેલા સર્વે સંતોની બેઠક યોજીને બિરાજેલા સ્વામીશ્રીએ વાત માંડી કે –

"આવતીસાલ અક્ષરધામનો મોટો ઉત્સવ આવે છે, એટલે મારા મનમાં એમ છે કે જન્મજયંતીનો ખોટો ખર્ચો કરવાની જરૂર નહીં. 'પ્રકાશ'માં પણ વાત લખી દેવી કે 'સ્વામી જ્યાં હોય ત્યાં કોઈએ જવું નહીં. સમૈયો બંધ જ રાખવામાં આવ્યો છે.' એક વાર નહીં, પણ બે-ત્રણ વાર લખી લેવું. બરાબર છે ને!"

પોતાની ભવ્ય જન્મજયંતીનો છેદ ઉડાડતો સ્વામીશ્રીનો આ પ્રસ્તાવ સાંભળી સૌ સંતો ચિત્રવત્ થઈ રહ્યા.

તે જ વખતે સ્વામીશ્રી વધુમાં બોલ્યા : "આ તો શું, બધાને કહ્યું હોય તો દરેકના મનમાં એક જ વાત રહે કે 'સમૈયો બંધ છે.' સ્વામી જ્યાં હોય

ત્યાં પણ કોઈએ આવવું નહીં. આપણે પણ 'જન્મજયંતી છે' એવી વાત કોઈને કરવાની જ નહીં! પરદેશથી પણ કોઈ ન આવે એવું કહી દેજો. મનમાંથી વાત છટકી જાય એ પહેલાં બધાને બોલાવી આ વાત કરી દીધી.'

આમ, આ વર્ષે આવી રહેલી પોતાની જન્મજયંતીના દરવાજે તાળું ભિડાવી સ્વામીશ્રી તા. ૯/૧૧ની સાંજે દિલ્હીથી રાજકોટ આવી પહોંચ્યા.

कुन्दनवाली काया है, दीपकवाली छाया है

રાજકોટ પધારેલા સ્વામીશ્રીએ ઠાકોરજીની શયન આરતી ઉતાર્યા બાદ નવ વાગ્યે આશીર્વર્ષા વરસાવતાં કહ્યું:

"ભગવાન સ્વામિનારાયણના પ્રતાપે અને શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપાની કૃપાથી પરદેશમાં સત્સંગ વધી રહ્યો છે. આ વખતે હ્યુસ્ટન અને શિકાગોની પ્રતિષ્ઠા નિમિત્તે જવાનું હતું. સૌ હરિભક્તોનો ઉત્સાહ જોઈને મસ્તક નમી જાય. એમની સેવા, ભક્તિથી બે જ વર્ષમાં મંદિર થઈ ગયું. ત્યાંના લોકો પણ મંદિરમાં ખૂબ આવ્યા. બધા કહે, 'મંદિર કરીને અમેરિકાનું ગૌરવ વધાર્યું છે.' આ બધો ભગવાનનો પ્રતાપ! ન ધારેલું ને ન વિચારેલું થઈ જાય. બધા કાર્યક્રમ પતાવીને દેશમાં આવ્યા. દિલ્હી ગયા. ત્યાંથી વિચાર ગોઠવ્યો કે અહીંથી રાજકોટ સીધું કઈ રીતે જવાય? રાજકોટ તો સૌરાષ્ટ્રનું કૅપિટલ કહેવાય ને સત્સંગની રીતે પણ, કારણ કે આ જિલ્લામાં અક્ષર દેરી છે, એટલે ગુજરાતમાં સૌથી પહેલું અહીં પહોંચી જવું ને સૌનો રાજીપો મેળવી લેવો. અહીં બધાનાં દર્શન થયાં. આનંદ થયો. કાલે નિરાંતે મળીશું."

આ આનંદકારી અને આત્મીયતાભરી અમૃતધારાથી સૌને તૃપ્ત કરી સ્વામીશ્રી ઉતારે પધાર્યા તે સાથે જ મંચ પર આવતીકાલે યોજાનારા તેઓના દબદબાભર્યા સ્વાગત સમારંભની તૈયારીઓ થવા માંડી.

આખરે તા. ૧૦/૧૧ના રોજ આવેલી ધનતેરસની એ શુભ સવારે દસ વાગ્યે મંદિર-પરિસર પુનઃ ૧૨,૦૦૦ની જનમેદનીથી ઊભરાઈ ગયું. તેની વચ્ચે શહેરના ૧૦૮થી વધુ આગેવાનોએ સ્વામીશ્રીને પુષ્પગુચ્છ આપી સત્કાર્યા, સન્માનપત્ર એનાયત કરી બિરદાવ્યા અને હૃદયોર્મિ વહાવી વધાવ્યા.

આ ક્રમમાં કલેક્ટર શ્રી મહેશભાઈ જોષીએ જણાવ્યું: 'રામકૃષ્ણ પરમહંસનું જીવનચરિત્ર લખતી વખતે રોમા રોલાને મૂંઝવણ થઈ હતી. તેઓને ફક્ત ગૉડમેન શબ્દ સૂઝેલો, છતાં લાગ્યા કરતું કે 'આ શબ્દ હજી

અપૂર્ણ છે.' એ જ રીતે ગિનિઝ બુકને સ્વામીશ્રીનું સન્માન કરતાં મૂંઝવણ થઈ હશે! તેઓએ લખ્યું તો ખરું કે 'Most influential person' (અતિ પ્રભાવશાળી વ્યક્તિ), પરંતુ તેઓની ભાવના એવી હતી કે 'Most undefinable person' (અતિ અવર્ણનીય વ્યક્તિ). પ્રમુખસ્વામી મહારાજ એવી વિભૂતિ છે કે જેને જોઈને સમગ્ર વિશ્વને અનુભૂતિ થાય કે આ મહાપુરુષને આપણે કઈ રીતે કોઈ વ્યાખ્યામાં ઢાળી શકીએ! કવિએ આવા મહાપુરુષને જોઈને ગાયું છે કે –

'तुम निकले जिस गाँवों से, सूरज निकले उन गाँवों में;
चन्दनवाली साँस तुम्हारी, कुन्दनवाली काया है;
बादलवाली धूप तुम्हारी, दीपकवाली छाया है।'

આવા કંઈક અહોભાવ અને અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી આજની રાત્રે ગોંડલમાં અક્ષર દેરીના આંગણે આવી પહોંચ્યા.

સ્નેહનો સાથિયો

તા. ૧૧/૧૧ના પ્રભાતે સાડા સાત વાગ્યે સ્વામીશ્રી નિજનિવાસમાંથી બહાર પધારી સભામંડપમાં આવ્યા ત્યારે આ જગ્યા ભક્તભીડથી છલકાતી હતી. તેમાં પણ દૂર બારણે ઊભેલા એક સાધારણ સ્થિતિના હરિભક્તને ઈશારા દ્વારા નજીક બોલાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'જાયવાના પૂંજાભાઈ ખરેખરા ભગત હતા. એમણે યોગીજી મહારાજની બહુ સેવા કરેલી. એમના દીકરા આ જીવરાજભાઈ. સેવાભાવી છે.'

સ્વામીશ્રીએ પૂરેલા આ સ્નેહના સાથિયાથી આજની સવાર શોભી ઊઠી. છેક છેવાડે ઊભેલાને પણ ન ભૂલતા તેઓ આજે પ્રાતઃપૂજા બાદ યોગી સ્મૃતિમંદિરે દર્શન કરી ઉતારાની પાછળ લહેરાતી આંબલી પાસે પહોંચ્યા, ત્યારે અહીં તેઓને ચૂંટણીની ટિકિટથી વારંવાર વંચિત રહી જતા એક હરિભક્તે હળવાશથી પૂછ્યું: 'બાપા! બીજી ટિકિટ ન અપાવો તો કાંઈ નહીં, અક્ષરધામની ટિકિટ તો અપાવશો ને!'

'એ તો પાકી!' ધબ્બો મારતાં સ્વામીશ્રી દૃઢતાપૂર્વક બોલ્યા. પછી કહ્યું: 'એ ટિકિટ આપવી છે એટલે તો આ લોકનું કંઈ આપતા નથી. સારી રીતે રોટલા મળશે, આબરૂ રહેશે, પછી બીજું શું જોઈએ?'

સ્વામીશ્રીના આ શબ્દોમાંથી તેઓની પરમ હિતકારી છબી પ્રકાશી રહી.

તેના ઉજાસમાં તા. ૧૨/૧૧ના રોજ આવેલી દિવાળીની સાંજે ચોપડાપૂજનનો વિધિ સંપન્ન થયો.

તેને અનુસરતાં તા. ૧૩/૧૧ના રોજ ફૂટેલા વિ.સં. ૨૦૬૧ના પ્રથમ પ્રભાતે સ્વામીશ્રીએ મહાપૂજાનું મંગલગાન ગુંજાવ્યું. તેમાં પણ તેઓ સમગ્ર વર્ષ દરમ્યાન ભક્તોને શુભ-લાભ મળતા રહે તેવા સંકલ્પો સાથે ધૂન ગજાવી અન્નકૂટોત્સવમાં પધાર્યા. અહીં તેઓએ સૌને નવા વર્ષના આશીર્વાદ પાઠવી તા. ૧૪/૧૧ની સવારે ડોડિયાળા, દેરડી (કુંભાજી), મેવાસા તથા રાજકોટના પરાં વિસ્તાર શાસ્ત્રીનગરનાં મંદિરોમાં બિરાજનારી મૂર્તિઓમાં પ્રાણ પૂરી પ્રતિષ્ઠાનો ચંદરવો રચી દીધો.

ક્યારેય થાક લાગતો નથી

નવા વર્ષના દિવસોમાં સૌ સત્સંગીઓને સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવાની ઝંખના હોય. તે સંતોષવા સ્વામીશ્રી આ સમયગાળામાં રોજ સરેરાશ ૬૦૦થી વધુ ભક્તો-ભાવિકોને મળતા રહ્યા. દેશ-વિદેશથી ફોનની ભરમાર પણ એવી જ ચાલી. નવા વર્ષના પ્રથમ દિવસે જ સ્વામીશ્રીએ પચાસથી વધુ ફોનમાં આશીર્વાદ પાઠવ્યા. આવી વ્યસ્તતાની વચ્ચે સમય મળે ત્યારે તેઓ પત્રલેખનમાં પણ પરોવાઈ જતા.

એક વાર આવા વચગાળામાં મળેલી એક-બે મિનિટનો ઉપયોગ કરવાના ઈરાદે તેઓએ પત્ર-પરિચારકને કહ્યું: 'લાવો કાગળ, બે-ત્રણ વાંચી લઈએ.'

'પત્ર આવ્યા છે, પણ રૂમમાં પડ્યા છે.'

'એવું કેવું? પત્ર હંમેશાં હાજર જ રાખવા. થોડો ટાઈમ મળે ને વંચાઈ જાય.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓનું આ ફક્ત ટાઈમ-મૅનેજમેન્ટ જ નહીં, પરંતુ ભક્તોની મુશ્કેલીઓને ફેડવાની તત્પરતા પણ ખરી.

આવા સ્વામીશ્રી તા. ૧૫/૧૧ની સવારે અને બપોરે મંદિરમાં તથા સાંજે અને રાત્રે અક્ષર દેરીમાં ફિલ્માંકન માટે પધાર્યા. અક્ષરધામમાં પ્રદર્શિત થનારી આ ફિલ્મ ઉતારવા આજે મંદિરમાં ફરી વાર અન્નકૂટ પૂરેલો. તેમાં થાળગાન કરતા સ્વામીશ્રીનું ફિલ્માંકન થયું. અક્ષર દેરીમાં દર્શન, પ્રદક્ષિણા, આરતી અને મહાપૂજા કરી રહેલા સ્વામીશ્રીનાં દૃશ્યો પણ કંડારવામાં આવ્યાં.

ત્યારબાદ તેઓ વાળુથી પરવાર્યા ત્યારે તેઓનાં દર્શને આવેલા એક ગુણાનુરાગી શ્રી મોટા ચૂડાસમાએ કહ્યું: 'મને મનમાં એમ હતું કે દિવાળી અને નવા વર્ષ પછી થોડી ગિરદી ઓછી થાય એટલે હું આપને મળું, પરંતુ અત્યારે પણ મેં જોયું કે હરિભક્તોનો ધસારો તો એટલો ને એટલો જ છે. હરિભક્તોને મળતા જોઈને મને એમ લાગ્યું કે આ બધા મળનારાઓ આપને થકવી નાંખશે.'

'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની કૃપા છે એટલે ક્યારેય થાક લાગતો નથી.' સ્વામીશ્રી બોલ્યા.

૮૩ વર્ષીય તેઓનો આ ઉદ્‌ગાર સૌના ચહેરા પર આશ્ચર્ય પાથરી ગયો. પ્રેમ અને પરોપકારથી સદા સભર સ્વામીશ્રીના જીવનમાં પ્રવેશવાની તક થાકને કદી મળી નહોતી.

સ્વામીજી તો મહાપ્રતાપી

તા. ૧૬/૧૧ની સવારે ગોંડલના અક્ષરવાસી ભક્ત શ્રી સી. સી. પટેલના નિમિત્તે ચાલતા પારાયણની પૂર્ણાહુતિમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'ભગવાનના ભક્તનો તો ગમે તે રીતે દેહ પડે, પણ અવગતિ થાય નહીં. સત્સંગ-ભક્તિ નથી કરતા એને કાંઈ મુશ્કેલી ન પડે એવી રીતે દેહ પડે, એના માટે સ્મશાનમાં હજારો માણસો આવે ને ચંદનનાં લાકડાંમાં બાળે તો પણ તેની અવગતિ થવાની. કારણ, મૂળ વસ્તુ ભગવાનનો આશરો નથી. ભગવાનનો ભક્ત હોય એનું દુનિયાની દૃષ્ટિએ બધું ખરાબ દેખાય, એની સ્મશાનયાત્રામાં કોઈ આવનાર પણ ન હોય, લાકડાં પણ પૂરાં ન હોય, પણ મૂળ આશરો દૃઢ છે માટે અક્ષરધામમાં જ જાય. ભક્તિ કરેલી નિષ્ફળ જતી નથી.'

સત્સંગની આ સમજણ સીંચી આજની સાંજે ગઢપુર પહોંચેલા સ્વામીશ્રી અત્રે તા. ૧૭/૧૧ની સવારે પ્રાતઃપૂજામાં પરોવાયા. તેના અંતભાગમાં ઠાકોરજીને થાળ ધરાવવો શરૂ થયો. તે જ વખતે સભાગૃહના એક ખૂણે મંચ પાસે પારાયણ નિમિત્તેનો પૂજનવિધિ પણ આરંભાયો. તેને થોડી પળો વીતી હશે ત્યાં જ સ્વામીશ્રીએ એક સંતને બોલાવી કહ્યું: 'નીચે પૂજન ચાલી રહ્યું છે. સામે ડલાસના રસિકભાઈ બેઠા છે. તેઓનાં પત્નીની પુણ્યસ્મૃતિમાં આજે પારાયણ રાખ્યું છે, પણ તેઓને પૂજનમાં બેસાડવાનું ચૂકી ગયા છે, તો તેઓને

અત્યારે પૂજામાં બેસાડજો.'

સ્વામીશ્રી દ્વારા ક્ષણે-ક્ષણે લેવાતી આવી કાળજી વ્યવસ્થાપકોની સરતચૂકને સરભર કરતી રહેતી.

આવા જ હેતભાવથી તેઓએ તા. ૧૮/૧૧ની સવારે ઉગામેડી અને નાના રાજકોટનાં મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનું પૂજન કર્યું. ત્યારબાદ આજની સાંજે અત્રે મંદિરમાં અક્ષરધામની ફિલ્મ માટે સમૂહ આરતીના દૃશ્યનું ફિલ્માંકન થયું. તેની સાથે ઘુમ્મટ તળે પાટ પર બિરાજેલા સ્વામીશ્રીની ધ્યાનસ્થ મુદ્રા અને માળાજાપને પણ કચકડે કંડારવામાં આવ્યાં.

આ કાર્યક્રમ આટોપી આજની રાત્રે સારંગપુર પધારેલા સ્વામીશ્રી અહીં ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે તેઓ સમક્ષ એલ.એ.થી આવેલું અન્નકૂટના પ્રસાદનું બોક્સ મુકાયું. મંદિર આકારની એ રચનામાં શિખરને સહેતુક અલગ રખાયેલું. એલ.એ.ના મંદિરની ઊંચાઈ માટે સરકારે આપેલી પરવાનગી મુજબ મંદિર પર શિખર ચઢાવવાનું શક્ય બને તેમ રહ્યું નહોતું. તેથી એલ.એ.ના સંતો-ભક્તોએ 'સ્વામીશ્રી જ મંદિર પર શિખર ચઢાવી આપે' તેવી ભાવના રાખી શિખરને અલગથી મોકલેલું.

સૌની આ લાગણી સ્વીકારતાં સ્વામીશ્રીએ સ્વહસ્તે થર્મોકોલમાંથી નિર્મિત શિખરને મંદિર પર સ્થાપ્યું. પરંતુ તેઓની અહીં થયેલી આ નાની અને ગમ્મતભરી ક્રિયાએ જાણે નિયતિનો ક્રમ પલટાવી દીધો. તેથી સમય જતાં એલ.એ. મંદિર પર શિખર સ્થાપી શકાય તેટલી ઊંચાઈને સરકારે બહાલી આપી દીધી. સ્વામીશ્રીનો આ પ્રતાપ એલ.એ.નું મંદિર રહેશે ત્યાં સુધી ગવાતો રહેશે.

નવ ભૂલું હું ભક્તને ક્યારે

તા. ૧૯/૧૧ના રોજ સારંગપુરમાં ચાલેલા અક્ષરધામની ફિલ્મનાં દૃશ્યો કંડારવાના ક્રમમાં, સ્મૃતિમંદિરની પ્રદક્ષિણામાં સંતો-ભક્તોને મળતા સ્વામીશ્રી, મંદિર પાછળ ઊભેલી છત્રીએ દર્શન કરતા સ્વામીશ્રી, મંદિરના પ્રાંગણમાં બાંધેલા સભામંડપમાં વ્યક્તિગત દર્શન આપવા બિરાજેલા સ્વામીશ્રી, મંદિરના કાયમી સભામંડપના લીંબડાવાળા છેડે શ્રીજીમહારાજની મૂર્તિ સમક્ષ દીવડો પ્રગટાવતા સ્વામીશ્રી વગેરે દૃશ્યોનું ફિલ્માંકન થયું.

તે પછી ઉતારે આવી બિરાજેલા સ્વામીશ્રીએ હ્યુસ્ટનથી આવેલા

ફોનમાં વાત કરતાં ત્યાંના વ્યવસ્થાપક અનિર્દેશદાસ સ્વામીને કહ્યું: 'તું અહીં સારંગપુરમાં રહેતો ને દરવાજા આગળ સેવામાં ઊભો રહેતો ને ફોન લઈને દોડાદોડી કરતો એ બધું યાદ કરું છું.'

સ્વામીશ્રીની પ્રકૃતિ હતી: *'મારા ભક્ત મને ન વિસારે, નવ ભૂલું હું ભક્તને ક્યારે...'*

આ રીતે અનેક સંતો-ભક્તોને અહર્નિશ યાદ કરી આનંદ માણતા સ્વામીશ્રી તા. ૨૦/૧૧ની સવારે સ્મૃતિમંદિરના ચોકમાં પ્રાતઃપૂજા કરવા બિરાજ્યા. ત્યારબાદ અલ્પાહારથી પરવારી તેઓ મંદિરની ઉત્તર તરફની રૂપચોકીમાં બિરાજી સંતો-ભક્તો સાથે ગોષ્ઠી કરવા લાગ્યા. તેઓની આ બંને દિનચર્યાનાં દૃશ્યો અક્ષરધામની ફિલ્મ માટે ઝડપવામાં આવ્યાં.

તેને અનુસરતાં, સ્વામીશ્રી તા. ૨૧/૧૧ની સવારે ખાંભડા પહોંચ્યા. અત્રે તેઓ સ્થાનિક ભક્તોની સેવાથી તૈયાર થયેલા નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી આજની સાંજે પોણા છ વાગ્યે સારંગપુરથી વિદાય લેવા તૈયાર થયા.

આ સમયે સભામંડપમાં દર્શન કરવા પધારેલા તેઓને મંદિરની વાડીમાં ઊગેલી તુવેરનો હાર જ્ઞાનેશ્વરદાસ સ્વામી પહેરાવવા આવ્યા, પરંતુ તેઓને અટકાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ હાર મંદિરમાં ઠાકોરજીને પહોંચાડજો. ઠાકોરજીને શોભે એવો હાર છે.'

આમ કહી સન્માનને ઠાકોરજી તરફ વાળી દેનારા તેઓ ભક્તિથી શોભી રહ્યા. આ શોભાને ધરતાં સ્વામીશ્રી રાત્રે પોણા આઠ વાગ્યે અમદાવાદ પધાર્યા.

અમલ થાય એટલી જ સફળતા મળે

અમદાવાદમાં સ્વામીશ્રીનું સ્વાગત કરવા માટે આતશબાજીના ધૂમધડાકા અને ભક્તોના ગગનભેદી જયનાદો જાણે એકબીજાની સ્પર્ધામાં ઊતરી પડ્યા હોય તેવું વાતાવરણ ખડું થઈ ગયું. ઉપરથી પડેલી થાળીને જમીન સુધી પહોંચવાનો માર્ગ ન મળે તેમ મંદિરનું સંકુલ ભક્તમેદનીથી ઊભરાઈ રહેલું. તે સૌનું અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા ત્યારે મંદિર પણ પુષ્પો અને દીવડાઓની શોભાથી મહેકી-ચમકી રહેલું.

તેની વચ્ચે સ્વામીશ્રીની નજર જોઈ ગઈ કે પ્રદક્ષિણાના એક થાંભલાને ટેકે બેઠેલા એલ.એ.ના માણેકભાઈ અને તેઓના પુત્રની નજીકમાં રહેલો

દીપસ્તંભ એ રીતે મુકાયો છે કે સહેજ જાણપણું ચુકાય તો દઝાઈ જવાય. તેથી સ્વામીશ્રીએ જાતે જ એ દીવો બાજુ પર હટાવી દીધો. ભક્તોને ઊની આંચ ન આવે તેનું અખંડ જાણપણું રાખનારા હતા તેઓ! તેઓની આ આત્મીયતાના અજવાળાથી સ્વાગતનો માહોલ વિશેષ ઝળહળી ઊઠ્યો.

તેના ઉજાસમાં તા. ૨૨/૧૧ના રોજ અક્ષરધામ સંબંધી કેટલુંક ફિલ્માંકન થયા બાદ પોતાના ઉતારે બિરાજેલા સ્વામીશ્રીની મુલાકાતે અમેરિકાની પાર્લામેન્ટ ઑફ વર્લ્ડ રિલિજિયન(વિશ્વધર્મ સંસદ)ના ચૅરમેન શ્રી વિલિયમ લેસર આવી પહોંચ્યા. વિશ્વના સામાજિક અને આધ્યાત્મિક ઉત્કર્ષની સાથે લોકોને શુદ્ધ પાણી પીવા મળી રહે, નિરાશ્રિતોની સંભાળ લેવાય, ગરીબ દેવાદારનાં દેવાં માફ થાય, ધર્મ-ધર્મ વચ્ચેના વિખવાદ શમે જેવા હેતુસર આ સંસદ દર પાંચ વર્ષે એક પરિષદ યોજતી. પરિષદોની આ પરંપરામાં પૂર્વે સ્વામી વિવેકાનંદ પણ આ સંસદને સંબોધી ચૂકેલા.

એ સંસદનું હાલમાં સુકાન સંભાળતા ચૅરમેન શ્રી લેસર દિલ્હીથી ખાસ સ્વામીશ્રીને મળવા માટે જ આજે ઉપસ્થિત હતા. પાદરીનું પદ ધરાવતા તેઓએ સ્વામીશ્રીને કહ્યું: 'આપની પ્રસિદ્ધિ છે એટલે ખાસ આદર વ્યક્ત કરવા અને સાથે સાથે આપનું માર્ગદર્શન મેળવવા માટે હું આવ્યો છું.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આપની પ્રવૃત્તિ જાણીને આનંદ થયો, પણ પહેલાં તો માણસમાં પોતામાં જાગૃતિ આવે તો જ બીજે બધે પરિવર્તન થાય, તો જ જળ પણ શુદ્ધ થાય. વિચાર બધાને આવે છે, પણ અમલ થાય એ વધારે મહત્ત્વનું છે. નિરાશ્રિતોને ફરીથી સ્થાપિત કરવા એ માનવસેવાનું મોટું કામ છે, પરંતુ ખાલી મદદ કરવાની સાથે જો બીજો વિકલ્પ ન આપીએ તો ગરીબી મટતી નથી. તેઓને સાથે સાથે નોકરી-ધંધા મળે એવાં સાધનો ઊભાં કરવાં પડે. બાકી ગમે એટલી મદદ કરીએ પણ બીજે દહાડે જેવો હતો એવો થઈ જાય.'

વિશ્વધર્મ સંસદના એક-એક મુદ્દા સંબંધી સ્વામીશ્રી તલસ્પર્શી છણાવટ કરી રહ્યા. તેઓના મુખે સચોટ ઉપાયો ટૂંકમાં કહેવાતા જોઈ શ્રી લેસરને અહીં આવવું સાર્થક અનુભવાયું.

તે વખતે સ્વામીશ્રીએ દેવામાફી અંગે પણ દિશાદર્શન આપ્યું કે –

'દેવામાફીની વાત સારી છે, પણ સાથે સાથે તેનું અંતર સાફ થાય એ વધારે જરૂરી છે. એનામાં વ્યસન-દૂષણ હોય અને ખોટા ખર્ચા કરી લેતો હોય

તો એ બધાંમાંથી એને પાછો વાળવો જોઈએ. બાકી ખેડૂત હોય, બળદ લાવવા માટે પૈસા લીધા હોય, પણ જો વ્યસન હોય તો બળદને બદલે બીજું કરી નાંખે. એટલે આ પ્રકારની જે મનોવૃત્તિ છે એને સુધારવાની જરૂર છે. માટે આયોજન એવું કરવું કે જીવમાં સંસ્કાર થાય. સારી વૃત્તિ થાય એ માટે વિશેષ કામ કરવું જરૂરી છે.'

આટલું કહી ધાર્મિક વિખવાદના વિષયની સ્પષ્ટતા કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ધર્મમાં જે કંઈ અંદર-અંદર ઝઘડા થાય છે એ કોના તરફથી થાય છે એનું પહેલાં સંશોધન કરવું જોઈએ. જે ધર્મમાં જે માનતો હોય એમાંથી બળજબરીપૂર્વક ફેર ન કરવો જોઈએ. પ્રલોભનો ન આપવાં જોઈએ. બીજાના ધર્મને આદર આપતાં શીખવવું જોઈએ. એકબીજા ધર્મો પોતપોતાની રીતે ખેંચાખેંચી કરે તો આ પ્રશ્ન ક્યાંથી હલ થાય? પોતાનો ધર્મ સંખ્યાના આધારે વધારવાનો કોઈ અર્થ નથી. ધર્મની રીતે કોઈ પણ જીવની હિંસા ન થાય એનું પણ ખાસ ધ્યાન રાખવું જોઈએ.'

સ્વામીશ્રીના આ વિચારોથી પ્રભાવિત થયેલા શ્રી લેસરે ભેગા મળીને કામ કરવાની અભિલાષા પ્રગટ કરી ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'વિચારોથી તો આપણે સાથે જ છીએ. ક્યારેક જરૂર પડે તો ભેગા બેસીને કામ કરીએ એમાં વાંધો નથી. મૂળ આયોજન ગમે એટલું થાય, પણ અમલ થાય એટલી જ સફળતા મળે.'

આયોજન સાથે અમલીકરણના હિમાયતી હતા સ્વામીશ્રી. તેઓ વાતોનાં વડાં ન થાય એ વાસ્તવિકતાને સારી રીતે સમજતા અને સમજાવતા.

जिन में दंभ कपट नहीं माया

તા. ૨૩/૧૧ની સવારે મંદિરમાં શણગાર આરતી ઉતારતા સ્વામીશ્રીનું ફિલ્માંકન થયું. તે પછી સભામંચ પર પધારેલા તેઓના વરદહસ્તે ઓઢવ, ખોરજ, મેમનગર અને ગાંધીનગરના સેક્ટર-૨૨માં બંધાયેલાં મંદિરોની મૂર્તિઓમાં દૈવત સિંચાયું.

પ્રભુસેવાનું આ કાર્ય કરી જનસેવાના કામ માટે કદમ ઉઠાવતા સ્વામીશ્રી આજે દસ વાગ્યે છારોડી ગામની સીમમાં પધાર્યા. અહીં તેઓએ જનસહાયક ટ્રસ્ટ દ્વારા નિર્મિત છાત્રાલયનાં દ્વાર ખોલવાની સાથે જીવનસંધ્યા કુટિર નામે

વૃદ્ધાશ્રમનો પાયો પણ નાંખ્યો. તે દ્વારા આયોજક શ્રી નરહરિભાઈ અમીનનો મનોરથ પૂર્ણ કરી સ્વામીશ્રી આજની સાંજે આંબલીવાળી પોળે પહોંચ્યા.

અત્રે અક્ષરધામ માટે જરૂરી ફિલ્માંકન બાદ તેઓ મંદિરે પરત પધાર્યા ત્યારે તેઓનાં દર્શન-આશીર્વાદ પામવા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દોડી આવ્યા. તેઓને માર્ગદર્શન આપી સ્વામીશ્રીએ તા. ૨૪/૧૧ની સવારે અખિલ ભારતીય દર્શન પરિષદના સુવર્ણ જયંતી સમારોહનો દીપ પ્રગટાવ્યો.

આ અવસરે ભારતભરમાંથી ઉપસ્થિત ૩૦૦ વિદ્વાનોને સંબોધી સ્વામીશ્રી સાંજે પુનઃ આંબલીવાળી પોળે પધાર્યા. અત્રે તેઓની પધરામણીને કચકડે કંડારવામાં આવી.

ત્યારબાદ મંદિરે આવેલા તેઓ તા. ૨૪/૧૧ની સાયંસભામાં પધાર્યા ત્યારે દર્શન પરિષદમાં એકત્રિત પંડિતોમાંથી ચૂંટેલા વક્તાઓનાં પ્રવચનો થઈ રહેલાં. તેનું શાંતિપૂર્વક શ્રવણ કરનારા સ્વામીશ્રીના વક્તવ્યનો આરંભ આઠ વાગ્યે થયો. તેમાં તેઓ પૂર્વવક્તાઓ દ્વારા પસંદ થયેલા હિન્દી ભાષાના માધ્યમને અનુસર્યા, પરંતુ એ વાક્પ્રવાહમાં વચ્ચે-વચ્ચે ગુજરાતી ભાષાની ધારા પણ અનાયાસે ભળતી રહેતાં તેઓના આશીર્વાદ પ્રેરણાદાયીની સાથે આનંદદાયી પણ બનવા લાગ્યા.

જેમ કે – 'सत्ता में સુખ માન્યું है, इसलिये तो दौड़ते हैं आज। दूसरी बात – धन के लिये दौड़ते हैं। ये देश छोड़ के अमेरिका भी जाते हैं। वहाँ अ-लीगली(गैरकानूनी) काम करते हैं। जो वृक्ष को मूल नहीं है, वहाँ शाखाओं कहाँ से आयेंगी? પાંદડાં, ડાળખાં, ફૂલ नहीं आ सकते हैं। हम मूल को समझे। જે ભારતનું તત્ત્વજ્ઞાન છે તેને સમજીએ...'

ભાષાના આવા સંમિશ્રણને કારણે શ્રોતાઓમાં નિર્દોષ રમૂજની છોળ્યો ઊછળવા લાગી. તે જોઈ સ્વામીશ્રી નિખાલસતાથી બોલ્યા:

'हमारी हिन्दी ऐसी है, એટલે કોઈ હસના નહીં. इन्होंने (पूर्ववक्ताओं ने) हिन्दी बोली तो हमें भी प्रेरणा मिली કે मैं भी हिन्दी बोलू। बाकी हिन्दी हमारा विषय नहीं...'

તેઓના આ ખુલાસાથી તો રમૂજનો રસ વધુ ઊંચે ઊછળ્યો. તેમાં તરબતર સૌને જનક રાજાનું દૃષ્ટાંત સમજાવતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા:

''जनक राजा ने स्वप्न में अपनी मिलकत घूमा (गँवा) दिया। भिक्षापात्र मिट्टी का मिला। भिक्षा मिली। वो ले गये। एक अच्छा ठिकाना

गोत (ढूंढ) के बिचार किया कि यहीं બેઠूं (बैठूं) और भोजन करूं।

એટલામાં બે ખૂંટ जिसे बैल बोलते है, वह छूटा रहते है। સામસામે लड़ते राजा के पास आये। लेकिन राजा ऊठ गया। श्वास चढ़ गया। ठिकरा पड़ गया। उसके साथ में निद्रा चल गई... उसने पंडितों बुलाया और प्रश्न पूछा। कोई अच्छी तरह से जवाब नहीं मिला। अष्टावक्र ऋषि था। वे सभी अंगों से टेढ़े थे। सबने हस दिया। ऋषि ने बोल दिया कि आप लोग अज्ञानी हैं। क्योंकि તમે हमारी चामड़ी में देखते हैं।

जैसे कोई नदी आती है, ઘણા વળાંકવાળી, जिसे प्यास लगी है वह વિચારે कि ऐसी नदी है तो पानी नहीं पीना है, तो वह प्यास से मर जायेगा। आत्मा का ज्ञान होगा तो आत्मा વાંકા-ચૂંકા टेढ़ा नहीं है, दिव्य है... જો જ્ઞાન હતું તો દુઃખ ના થયું. गुणातीतानंद स्वामी ने बात बतलाया कि ઘરમાં રહેવું તો મહેમાનની માફક રહેવું. एक दफ़े चले जाने का है। જેટલી ઇચ્છાઓ ઓછી એટલી શાંતિ છે. એ ક્યારે થશે ? તો ऐसे संत मिल जायेगा तो सच्चा ज्ञान हो जायेगा। इस ज्ञान से ભગવાનનું શાશ્વત ધામ પામી જવાય છે..."

ટ્રેનના બે પાટા ભેગા થઈ છૂટા પડી જાય ને વળી પાછા ભેગા થાય તેમ સ્વામીશ્રીના પ્રવચનની ગાડી હિન્દી-ગુજરાતીના પાટે દોડતી રહી. તેથી સૌને આનંદ તો આવ્યો, પરંતુ 'जिनमें दंभ कपट नहीं माया, तिनके हृदय बसहुं रघुराया' તરીકે સ્વામીશ્રીનો મહિમા પણ સમજાયો.

સામાન્ય રીતે મનુષ્ય જેમાં પોતાને ફાવટ ન હોય તે કામ હાથમાં જ ન લે, પરંતુ મંચ પર બેઠેલા પરપ્રાંતીય વિદ્વાનો શ્રી એસ. કે. દૂબે અને ડૉ. રામજીસિંગ તથા સભામાં ગોઠવાયેલા ગણ્યા-ગાંઠ્યા હિન્દીભાષી શ્રોતાઓને સુવાણ થાય તે હેતુસર સ્વામીશ્રી આજે હિંદીમાં બોલ્યા. તેઓને સભાસદો પર પ્રભાવ પાથરવાનો ઇરાદો નહોતો, પરંતુ મુમુક્ષુઓને જ્ઞાન દઈ તેઓનું રૂડું કરવાની ભાવના હતી. તે માટે હિંદી બોલવામાં થતી ગરબડનેય સ્વામીશ્રીએ ગમ્મતનો વિષય બનાવી દીધી. નિખાલસપણે પોતાની ભૂલ કબૂલી પણ ખરી.

તેઓના આ નિર્દંભ વર્તનથી અભિભૂત થયેલા ડૉ. રામજીસિંગ તો બોલી ઊઠ્યા : 'सामने हजारों हरिभक्त गुज़राती भाषा समझते थे, फिर भी सिर्फ़ मेरे लिये ही स्वामीजी ने हिन्दी में प्रवचन किया। यह उनकी बहुत बड़ी कृपा कही जायेगी। कितना धीर-गंभीर प्रवचन और कोई अहंकार नहीं...!'

સ્વામીશ્રીનાં સરળ વાણી-વર્તન સૌનાં હૈયાંની આરપાર ઊતરી જતાં.

આ આપણો ઢાંચો છે

તા. ૨૫/૧૧ની સવારે અમદાવાદથી બોચાસણ પધારેલા સ્વામીશ્રીએ અહીં મંદિરના કાયમી સભામંડપમાં ભક્તોનું સ્વાગત સ્વીકારી અમૃતધારા વહાવી કે 'આજે ટેક્નિક વધી એટલે સગવડ વધી. અહીં બેઠાં-બેઠાં અમેરિકા અને લંડન જોવા મળે છે. એમ જો ભક્તિ કરી બ્રહ્મરૂપ થઈએ તો અહીં બેઠાં-બેઠાં જ અક્ષરધામનો અનુભવ થાય. એ સ્થિતિ પ્રાપ્ત કરવા આપણે ભેગા થયા છીએ.'

આધ્યાત્મિક કરામતની આ વાત કરી સ્વામીશ્રી નિજનિવાસમાં પહોંચ્યા. અત્રે તેઓ ઠાકોરજી જમાડી પોઢવા જઈ રહેલા ત્યારે ભગવત્ચરણદાસ સ્વામીએ ભાવના વ્યક્ત કરી કે 'મારા મનમાં ઘણા વખતથી એક સંકલ્પ રહે છે કે જ્યારે આપની શતાબ્દી ઊજવાય ત્યારે બધા જ દેશના રાષ્ટ્રપતિઓ આવે અને ઉત્સવ ઊજવે.'

'અમારે તો એવો કોઈ સંકલ્પ થતો જ નથી.' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'ભગવાનની ઇચ્છા હોય એમ થાય છે. આપણે તો ભગવાનની ઇચ્છાને અનુકૂળ થઈને રહેવાનું છે.'

'આપ ભલે વિચરણ ન કરો, ખાલી બેઠા રહો તોય બધાને આનંદ રહ્યા કરે ને પોષણ મળ્યા કરે.'

'આપણો તો ઢાંચો જ જુદી જાતનો છે. આપણે જો બેસી રહેવાનું થાય તો મૂંઝવણ થઈ જાય. આપણને સેટ જ ના થાય. શાસ્ત્રીજી મહારાજ ફર્યા, યોગીજી મહારાજ ફર્યા. સત્સંગમાં હળવું-મળવું, વાતો કરવી, સુખે-દુ:ખે સૌની સાથે રહેવું, ભાગ લેવો – આ બધું કરવું એ આપણો ઢાંચો છે.'

કેવા અલૌકિક ઢાંચામાં ઢળેલા હતા સ્વામીશ્રી!

એવો વિચાર કોઈ દિવસ આવ્યો નથી

તા. ૨૮/૧૧ની સવારે ઉતારાના ઓરડામાંથી બહાર પધારેલા સ્વામીશ્રી નીચે ઊતરવા લિફ્ટ પાસે આવ્યા ત્યાં જ એક ઉત્સાહી કાર્યકર 'સ્વામીની વાત'નો મુખપાઠ બોલવા ગયા, પણ તેઓની જીભે શબ્દ ફૂટે તે પૂર્વે સ્વામીશ્રીના હોઠેથી સૂચના છૂટી: 'પહેલાં લાઈટ બંધ કરો.'

બિનજરૂરી બત્તીઓ બુઝાવતો કરકસરનો કરંટ સ્વામીશ્રીમાં અખંડ વહેતો.

તે દ્વારા સૌમાં સેવા અને સુટેવનો ઉજાશ પાથરતા તેઓનો એક ઐતિહાસિક ઇન્ટરવ્યૂ લેવા તા. ૨૯/૧૧ની સવારે આકાશવાણીના નિયામક શ્રી તુષારભાઈ તથા વરિષ્ઠ અધિકારી શ્રી ભાનુભાઈ આવી પહોંચ્યા. વિશ્વકક્ષાના નેતાઓનો અવાજ ચિરંતનકાળ સુધી પૃથ્વીવાસીઓ માણી શકે તે માટે આ અરસામાં આકાશવાણીનો દફતરી વિભાગ વિવિધ મહાનુભાવો સાથેની પ્રશ્નોત્તરી ધ્વનિમુદ્રિત કરી રહેલો. તેમાં સ્વામીશ્રીની પણ પસંદગી કરવામાં આવેલી.

તેથી સાજ-સમાજ સાથે આવી ગયેલા આકાશવાણીના કાર્યવાહકોએ ધ્વનિમુદ્રણની પૂર્વતૈયારીઓ પૂર્ણ થતાં જ પ્રશ્નોત્તરી આરંભી. તેમાં સામેલ થતાં જાણીતા સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરીએ સ્વામીશ્રીને પૂછ્યું: 'અમે આટલાં વરસોથી જોતાં આવ્યા છીએ કે આપે થોડું ભણ્યા હોવા છતાં સંસ્થાનો આટલો સારો વહીવટ કર્યો. આકાશવાણીના શ્રોતાઓને થોડો ખ્યાલ આવે તે માટે આપ જણાવશો કે કેવી પદ્ધતિથી આપ કાર્ય કરતા ગયા?'

'ભગવાનની કૃપા અને ગુરુના આશીર્વાદ સિવાય તો કોઈ વસ્તુ શક્ય બનતી નથી. તેની સાથે પુરુષાર્થ હોવો જોઈએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ તબક્કે અક્ષરવત્સલદાસ સ્વામીએ જિજ્ઞાસા પ્રગટ કરી કે 'સ્વામી! આપે લાખો ઘેર પધરામણીઓ કરીને સૌને શાંતિનો માર્ગ બતાવ્યો છે. આપને વિનંતી છે કે કુટુંબમાં સુખ-શાંતિ રહે તે માટે કેવી સમજણ સાથે વ્યવહાર કરવો જોઈએ?'

'અત્યારે ઘર-ઘરમાં પ્રશ્ન છે. તેથી યોગીજી મહારાજે ઘરસભાનો આદેશ આપ્યો છે. આજે પરસ્પર આત્મીયતા નથી. તે લાવવા આધ્યાત્મિકતાની જરૂર છે. ઘરસભામાં સાંજે જમીને કથા-વાર્તા, ભજન કરે તો તેનાથી બાળકોને પણ સંસ્કાર મળે. ઘરસભાથી ઘણા પ્રશ્નો ઊકલ્યા છે.'

સ્વામીશ્રીએ આ એક ચોંકાવનારી વાત ઉચ્ચારી. હકીકતે ઘરસભાની સંકલ્પના તો તેઓનું પોતાનું જ નવતર પ્રદાન. છતાં તેને ગુરુના નામે અંકે કરી સ્વામીશ્રીએ યોગીજી મહારાજનો યશ અમર અને પોતાનું પ્રદાન શૂન્ય બનાવી દીધું. બ્રહ્માંડમાં જ્યાં સુધી આકાશ-વાણી રહેશે ત્યાં સુધી સ્વામીશ્રીની આ ગુરુભક્તિ વીસરાશે નહીં.

આવા ગુરુભક્ત તેઓને વધુમાં પુછાયું કે 'આટલા મોટા સમાજના શ્રદ્ધાપુરુષ બનવા માટે ધર્મગુરુઓએ કઈ રીતે જીવન જીવવું જોઈએ?'

'ધર્મગુરુઓએ તો સારું આદર્શ જીવન જીવવું પડે. ગુરુ શુદ્ધ અને પવિત્ર હોવા જોઈએ. ઉપરનો દેખાવ હોય તો થોડો સમય ચાલે ને પછી બધું ઠપ થઈ જાય. જેટલું વર્તન સારું હોય તેટલો પ્રજાને સંતોષ થાય, શિષ્યોનો ઉત્કર્ષ થાય.'

ધર્માચાર્યોની આ સંહિતા સ્વામીશ્રીએ સંભળાવી ત્યારે નિયામક શ્રી તુષારભાઈએ પૂછ્યું : 'અમે જોઈએ છીએ કે આપ જે કલ્પો છો તે કાર્ય જરૂરથી થાય છે, પણ આપ ચમત્કાર વિષે કંઈ બોલતા નથી. તો આપના આરાધ્ય કોણ છે ને આપ કેવી રીતે આરાધના કરો છો, જેથી આ કાર્યો થાય છે ?'

આ કુતૂહલને સંતોષતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'કલ્પો એ પ્રમાણે કાર્ય નથી થતાં. આપણે તો ભગવાનને આરાધીએ કે 'આ કાર્યમાં સાથે રહેજો.' દરેક પૂજામાં પ્રાર્થના કરીએ છીએ. 'આ કાર્ય આપણાથી થાય છે' એવો વિચાર કોઈ દિવસ આવ્યો નથી. એવો વિચાર છે પણ નહીં. પ્રથમથી જ વિચાર એવો હતો કે ગુરુ શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ કહે તેમ કરવું. આપણે કર્તા માનીએ તો મૂંઝવણ થાય. ભગવાનના કાર્યમાં તરબોળ રહીએ તો કંઈ બોજ ન લાગે. આખો દિવસ પ્રામાણિકપણે વિશ્વાસ રાખીને મહેનત કરવી, પરિણામ ભગવાનને જે આપવું હોય તે આપે – એમ રાખી સૂઈ જવું.'

આ રીતે ૧૧:૨૦ થી ૧૨:૩૫ વાગ્યા સુધી ચાલેલી આ ચર્ચા-વિચારણામાં સ્વામીશ્રીની જીવનભાવનાઓ અને જીવનશૈલી ઉજાગર થતી રહી.

નાસ્તિક વાતથી રહે છે દૂર

તા. ૧/૧૨ની સવારે ધર્મજના મંદિરનો રજતજયંતી પાટોત્સવ ઊજવી બોચાસણ પરત પધારેલા સ્વામીશ્રીએ તા. ૨/૧૨ની સવારે ખાનપુર(રણોલી)ના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા.

ત્યારબાદ અલ્પાહાર લેવા બિરાજેલા તેઓ સમક્ષ શ્રીજીમહારાજના જીવનચરિત્રનું વાંચન શરૂ થયું. તેમાં મહારાજ ૨,૦૦૦ બાલદી પાણી ભરી નાહ્યાનું વર્ણન આવતાં શ્રોતાઓમાં થોડો ગણગણાટ શરૂ થયો. કો'ક બોલ્યું કે 'કૂવામાંથી પાણી કાઢી ૨,૦૦૦ બાલદી વડે નાહવામાં ઓછામાં ઓછા ત્રણ-ચાર કલાક નીકળી જાય.' બીજાએ ટાપશી પૂરી : 'આ થોડું અશક્ય લાગે છે.'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'ભગવાન નાહ્યા એટલે બધું જ શક્ય કહેવાય. No શંકા. દેવો પણ આવીને નવડાવી ગયા હોય ! એટલે આ ચરિત્રોમાં શંકા

કરવાની જ નહીં.'

સ્વામીશ્રી પાસે બુદ્ધિની સાથે શુદ્ધિ પણ હતી. તેથી તેઓનાં વાણી-વર્તન શ્રદ્ધાને સંકોરે તેવાં જ રહેતાં.

તેનો લાભ હવે આ મહિનાની તા. ૧૩ થી ૨૦ સુધી નવસારીને મળવાનો હતો, પરંતુ તેની જાણ કરતાં સ્વામીશ્રીએ આજે નવસારી મંદિરના વ્યવસ્થાપક નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીને ફોન જોડી કહ્યું: '૧૯મી તારીખનો સરક્યુલર (પરિપત્ર) તમને મળ્યો છે ને? તેને બરાબર વાંચ્યો છે ને? તો એ પ્રમાણે જ આયોજન કરજો. જન્મજયંતીનું આયોજન કરવાનું જ નથી. જો કાંઈ પણ કરશો તો મારો મૂડ જતો રહેશે. તમારે સભામંડપના ઉદ્‌ઘાટન નિમિત્તે યજ્ઞ કરાવવો છે, પણ યજ્ઞનો મૂડ પણ જતો રહેશે. માટે કાંઈ જ કરવાનું નથી એનું ધ્યાન રાખજો.'

આમ, સન્માનને વધુ એક મુક્કો-ધક્કો મારી સ્વામીશ્રી શયનાધીન થયા.

મુક્તિ આપે આ ભવની

'અમારા કુટુંબમાં કાયમ સંપ જળવાઈ રહે એના માટે શું કરવું?'

'બધા જ કુટુંબીઓ ભેગા થઈને રોજ ઘરસભા કરજો.'

તા. ૩/૧૨ની સવારે મુલાકાતમાં આવેલા એક ભાવિકની પૂછપરછનો આ જવાબ આપી સ્વામીશ્રી આજની સાંજે આણંદ આવી પહોંચ્યા.

અત્રે તા. ૪/૧૨ની સવારે તેઓના વરદહસ્તે ગામડી, વઘાસી અને પાર્થ ટાઉનશિપમાં તૈયાર થયેલાં મંદિરોની મૂર્તિઓનાં પ્રતિષ્ઠા-પૂજન થયાં.

ત્યારબાદ તા. ૫/૧૨ની સવારે અક્ષર ફાર્મમાં નિત્યપૂજા કરી મંદિરે પરત ફરી રહેલા તેઓએ ગાડીનું સુકાન મરડાવી મોટરને સત્સંગી શ્રી રમણભાઈ પટેલના ઘર તરફ લેવડાવી. બ્રેઈન હેમરેજને કારણે પથારીવશ આ ભક્ત કેટલાક દિવસથી ખાવાનું પણ છોડી કેવળ સ્વામીશ્રીનાં દર્શન ઝંખી રહેલા. તેઓનો આ આર્તનાદ સાંભળી તેઓના આંગણે પહોંચેલા સ્વામીશ્રી આ હરિભક્તના મસ્તકે પ્રાસાદિક પુષ્પ મૂકતાં બોલ્યા: 'ભગત! સેવા બહુ કરી છે, તો ભગવાન દયા કરશે અને સુખિયા કરશે. હવે ભગવાનમાં જ વૃત્તિ રાખજો.'

આ આશીર્વાદ આપી સ્વામીશ્રી વિદાય થયાના બીજા જ દિવસે તો રમણ ભગત અક્ષરવાસ પામ્યા. અંતિમ વેળાએ સ્વામીશ્રી સ્વયં તેડવા પધાર્યા

છે – તે દર્શન પામેલા તેઓએ, છેલ્લી ઘડીએ નજીક આવતાં પોતાનાં પત્નીને પણ કહી દીધું: 'તમે આઘા જાઓ. સ્વામીબાપા અહીં બેઠા છે.'

આ ભલામણ સાથે બનેલો રમણભાઈના પ્રાણપ્રયાણનો ઘટનાક્રમ જોઈ અક્ષરવાસી ભક્તના પુત્રનો માંહ્યલો વીંધાઈ ગયો. પિતાની અંતિમવિધિ બાદ દર્શને આવેલા તેણે સ્વામીશ્રીને કહ્યું: 'અત્યાર સુધી મેં એક પણ એકાદશી કરી નથી. મંદિરે જવામાં પણ અનિયમિત છું, પરંતુ આપ પિતાજીને અંતકાળે દર્શન આપી જે રીતે ધામમાં લઈ ગયા તે જોઈ મારું પરિવર્તન થઈ ગયું છે. હું નિયમ લઉં છું કે હવેથી એક પણ એકાદશી ચૂકીશ નહીં અને નિયમિત પૂજા તથા સભા કરીશ. મને સત્સંગ દૃઢ થાય એવા આશીર્વાદ આપો.'

આમ, ભક્તોના દેશકાળની સાથે અંતકાળ પણ સુધારતા સ્વામીશ્રીએ આજે આણંદના મંદિરે પહોંચી પાટોત્સવ ઊજવ્યો.

ત્યારબાદ તેઓ મુલાકાત કક્ષમાં પધાર્યા ત્યારે આજની બપોરે પોણા બસો મુમુક્ષુ માર્ગદર્શન લેવા હરોળબંધ ઊભા હતા. તેમાંના એક સાધારણ સ્થિતિના સત્સંગીને જોતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું: 'મુકુંદ! કેમ છે?'

'બહુ સારું, બાપા! આપની દયા છે.' આમ કહી વાર્તાલાપ કર્યા બાદ આગળ વધેલા આ હરિભક્ત બોલી રહ્યા: 'આટલાં વર્ષોમાં મેં ક્યારેય સ્વામીબાપાને પત્ર લખ્યો નથી કે ફોન પણ કર્યો નથી, પણ સ્વામી ક્યારેય મારું નામ ભૂલતા નથી. જ્યારે મળું ત્યારે નામ સાથે બોલાવે છે.'

આવી અલૌકિક રીત-પ્રીત ધરાવતા સ્વામીશ્રીએ આજે મંદિરના માઈક રૂમની સેવા સંભાળતા યુવકોને આશીર્વાદ આપ્યા કે 'તમે બધા માઈકમાં સેવા કરો છો, તો આ સેવાથી અમાયિક થઈ જવાશે.'

સૌને આ સ્થિતિ પમાડવા વિચરતા સ્વામીશ્રી આજની સાંજે વિદ્યાનગરના મંદિરનો પાટોત્સવ ઊજવી તા. ૬/૧૨ની સવારે નડિયાદના સંતરામ મંદિરે પધાર્યા.

માન્યું પોતાને સેવકપણું

સુપ્રસિદ્ધ ધર્મસ્થાન સંતરામ મંદિરના મહંત પૂજ્ય નારાયણદાસજી મહારાજ થોડા સમય પૂર્વે બ્રહ્મલીન થયેલા. તેઓને શ્રદ્ધાંજલિ સમર્પિત કરવા આવેલા સ્વામીશ્રીએ પ્રથમ શ્રી સંતરામ મહારાજના સમાધિસ્થાને ચરણપાદુકા પર તુલસી અને ગુલાબ ચઢાવી પ્રાર્થના ઉચ્ચારી. તેની સાથે તેઓએ બાજુમાં

આવેલી પૂજ્ય શ્રી લક્ષ્મણદાસજી મહારાજની સમાધિએ પણ શ્રદ્ધાસુમન અર્પણ કરી મંદિરના કાર્યાલયમાં પગલાં કર્યાં.

અહીં વર્તમાન મહંત પૂજ્ય રામદાસજી મહારાજ તેઓને હાર પહેરાવવા તૈયાર થયા ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'પહેલાં અમે પહેરાવીએ, કારણ કે આપ ગાદી પર વિરાજિત થયા છો.' આમ કહી સ્વામીશ્રીએ હાર પહેરાવ્યો.

તે પછી ચાલી રહેલા પ્રાસંગિક વાર્તાલાપમાં એક સ્થાનિક સંતે સ્વામીશ્રીને કહ્યું : 'સાધુસમાજમાં કહેવત છે કે 'ઘૂમે એ શૂરા ને બેસે એ પૂરા.' આપ તો સતત ઘૂમો છો એટલે શૂરા છો.'

'આપણે શૂરવીર નહીં, પણ ભગવાનની ઇચ્છા અને ગુરુની પ્રેરણાથી જ બધું થાય છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ નમ્રતા સાથે વીસેક મિનિટ સુધી પ્રાસંગિક વિમર્શ કરી તેઓ પૂજ્ય રામદાસજી મહારાજ સાથે બ્રહ્મલીન શ્રી નારાયણદાસજી મહારાજના સમાધિસ્થાને પધાર્યા. અત્રે પુષ્પહાર ચઢાવી સ્વામીશ્રીએ આ ધર્માત્માને અંજલિ આપી. આ સમયે તેઓએ સમીપમાં ઊભેલા વર્તમાન મહંતને પણ નીચા નમી પગે લાગતાં કહ્યું : 'તમે પણ અમને આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રીનો આ સેવકભાવ જોઈ પૂજ્ય શ્રી રામદાસજી મહારાજ બોલ્યા : 'સ્વામી ! આપ તો જ્ઞાનવૃદ્ધ છો. વડીલ છો. આપે મને આશીર્વાદ આપવાના હોય !'

તેઓ દ્વારા આ સ્થાન શોભે અને વિકસે તેવી શુભેચ્છા પાઠવી સ્વામીશ્રી વિદાય થયા.

તમને દુઃખી નહીં થવા દઉં

સંતરામ મંદિરેથી નીકળેલા સ્વામીશ્રી કૉલેજ રોડ પર ઊભેલા આપણા મંદિરે આવી પહોંચ્યા ત્યારે અત્રે તા. ૭/૧૨ની સવારે તેઓ પાસે આવેલા એક પરદેશી હરિભક્તની કિડની કથળી ગયેલી. તેઓને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'હવે શાંતિથી ભજન કરજો. બધું સારું થશે.'

'પણ ભજન કઈ રીતે કરું ? છોકરાંઓએ મારો પાસપોર્ટ અને ટિકિટ લઈ લીધાં છે.'

'એ શું કામ લઈ જાય વળી ?'

'હેરાન કરવા માટે. મારા સસરા પણ એવું કરે છે.'

હરિભક્તે આ આપવીતી જણાવી ત્યારે ચારેબાજુથી ભીંસાયેલા તેઓને હળવા કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'તમે અહીં રહીને ભજન કરો. તમારી દવા અને બધી વ્યવસ્થા અહીં જ થઈ જશે.'

પરંતુ આગંતુકને આસક્તિનો અંકોડો ન છૂટ્યો. તેઓએ પરદેશ પરત ફરવાનું રટણ ચાલુ રાખ્યું કે 'મારો વીમો ત્યાંનો છે. જો ત્યાં દવા કરાવું તો બધું મફત થાય.'

'અહીં દવા કરાવો એ ત્યાંના પ્રમાણમાં મફત જેવી જ છે ને! માટે અહીં જ રહેજો. ત્યાં ગયા પછી માથાકૂટ થાય એનો અર્થ શું?' આટલું કહી સ્વામીશ્રી વધુમાં બોલ્યા: 'અહીં બધી જ વ્યવસ્થા કરી દઈશું. તમને દુ:ખી નહીં થવા દઉં! પણ તમે શાંતિથી ભજન કરો.'

સ્વામીશ્રીના મુખેથી સરી પડેલી આ ખાતરી – 'તમને દુ:ખી નહીં થવા દઉં' તે પ્રાસંગિક નથી, પણ કાયમી છે. આ બાંયધરી એકને માટે નથી, પરંતુ સમસ્ત સત્સંગ સમાજને છે.

એકાગ્ર અને અનુકૂળ

આ વર્ષના શ્રાવણ માસ દરમ્યાન નડિયાદમાં થયેલાં વિસ્તારવાર પારાયણોનું સ્તર ઊંચું લાવવાના હેતુથી એક સ્પર્ધા રાખવામાં આવેલી. તેમાં પીજ રોડ, પીજ ભાગોળ અને વિશ્વકર્મા નગરનાં મંડળોએ વિજેતાપદ મેળવેલું. તેઓને ઇનામ એનાયત કરવાનો કાર્યક્રમ તા. ૭/૧૨ની સાયંસભામાં સ્વામીશ્રી પધાર્યાની થોડીક ક્ષણોમાં શરૂ થયો. તેથી કાર્યકરો ક્રમશઃ પારિતોષિક લેવા સ્વામીશ્રી પાસે આવવા માંડ્યા. પરંતુ આ સમયે પત્રવાંચન કરી રહેલા સ્વામીશ્રી એક કાર્યકર આવે એટલે તેઓને ઇનામ આપી પુનઃ પત્ર વાંચવા લાગે. તે પત્ર માંડ થોડો વંચાય ત્યાં બીજા કાર્યકર આવે. તેઓને પારિતોષિક આપી સ્વામીશ્રી વળી પત્રવાંચનમાં ડૂબી જાય. તેઓની આ રીત કાર્યકરો બાદ અગ્રેસરોને સ્મૃતિભેટ આપતી વખતે પણ જળવાઈ રહી.

ક્ષણેક્ષણને લેખે લગાડવાની આવી વૃત્તિ સાથે પ્રવૃત્તિમાં પરોવાતા સ્વામીશ્રી કાર્યમાં એકાગ્ર પણ એવા જ રહેતા. તેથી જ તેઓ આજે ઇનામ આપીને તરત જ પત્રવાંચનની અધૂરી વિગત સાથે અનુસંધાન મેળવી લેતા.

આ રીતે સભા સંપન્ન કરી તેઓ આજની રાત્રે ભોજન લઈ રહેલા ત્યારે મધ્યસ્થ કાર્યાલયના સંતોએ અહેવાલ આપતાં કહ્યું: 'બાપા! આ વખતે

જ્યાં અમારી કાર્યકરોની શિબિર ગોઠવાઈ હોય ત્યાં જ આપનો કાર્યક્રમ ગોઠવાયો હતો. તેથી ઉતારા, સભા-કાર્યક્રમ, ભોજન-વ્યવસ્થા વગેરેમાં મુશ્કેલી પડે એમ હતું, પણ આપે દયા કરીને અમારી શિબિરો સચવાય એ રીતે આપનો કાર્યક્રમ ફેરવી દીધો.'

'તમારો પત્ર આવ્યો એટલે પછી સૂતાં સૂતાં વિચાર કર્યો કે બધું ગોઠવાયેલું હોય એમાં તકલીફ પડે એવું છે, એટલે વિઘ્ન ન આવે એમ કાર્યક્રમ ફેરવી લીધો.' સ્વામીશ્રી બોલ્યા.

કીડીની સાનુકૂળતા સાચવવા ગજરાજ માર્ગ કરી દે એ કેવું ?! પરંતુ જે બીજે ભાગ્યે જ જોવા મળે તે સ્વામીશ્રી પાસે રોજ જોવા મળતું.

અમે ગુરુની ભાવના પૂરી કરીએ છીએ

તા. ૯/૧૨ના રોજ નડિયાદથી વિદાય લઈ ભરૂચ પધારેલા સ્વામીશ્રી અહીંના મંદિરનો તૃતીય પાટોત્સવ ઊજવી પ્રાસંગિક સભામાં પધાર્યા ત્યારે મંદિરને ધબકતું રાખનારા ભક્તોની ગુણગાથા શરૂ થઈ. તેમાં કેટલાક સાઠ-સાઠ કિ.મી.ના પંથ પગપાળા કાપી દર પૂનમે મંદિરે આવનારા હતા, તો કેટલાક આપમેળે મળેલી હજારો રૂપિયાની મત્તા તેના માલિકને પરત કરનારા હતા. આ ક્રમમાં સોથી વધુ વખત વચનામૃતના પાઠ કરનારા આગળ આવ્યા, તો પાંત્રીસ વર્ષથી એક પણ રવિસભા ન ચૂકનારા જયેશભાઈ આલીવાલા પણ ઊભા થયા.

અલબત્ત, સ્વામીશ્રીએ તૈયાર કરેલો આવો સદ્‌ગુણી સત્સંગ સમાજ સર્વત્ર જોવા મળતો. તેથી જ તેઓ તા. ૧૦/૧૨ની સવારે સણસોલીના મંદિરની મૂર્તિઓમાં દૈવત આરોપી તા. ૧૧/૧૨ની બપોરે ઉતારામાં બિરાજેલા ત્યારે છોટા ઉદેપુરના સમીપવર્તી વરધી ગામથી કેટલાક ગુણભાવીઓ આવી પહોંચ્યા. તેઓએ સ્વામીશ્રીને કહ્યું: 'આપના સત્સંગીઓનું જીવન જોઈને અમને પણ દારૂ મૂકવાનું મન થયું છે, એટલે ખાસ ટેમ્પો ચલાવીને અમે અહીં આપનાં દર્શને આવ્યા છીએ.'

આ સંઘને સ્વામીશ્રીએ વ્યસનમુક્ત કરી સત્સંગ તરફ વાળ્યો અને આવો સદાચાર પ્રવર્તાવવા વિચરતા તેઓ તા. ૧૩/૧૨ની સાંજે નવસારી પધાર્યા.

અત્રે તા. ૧૫/૧૨ની સવારે મંદિરના નિકટવર્તી તપોવન આશ્રમના શ્રી હંસબોધી મહારાજ આવી પહોંચ્યા. તેઓએ વાતચીતમાં અહોભાવ વ્યક્ત

કર્યો કે 'સ્વામીજી! સમગ્ર સમાજમાં હું આપને ગુણવાન જોઉં છું. આપ જે વિશાળ કામ કરી રહ્યા છો એના પ્રમાણમાં અમે તો કાંઈ જ કરતા નથી. અમે તો ખૂબ નાના છીએ.'

'ધર્મ કે સમાજસેવાના કામમાં નાનું કે મોટું કશું જ હોતું નથી. જે સેવા કરે છે એ મોટા છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ કદી વ્યાપ-માપની માયામાં ફસાયા નહોતા.

તેઓની આ ઉમદા વિચારધારાથી પ્રભાવિત થતાં હંસબોધી મહારાજે કહ્યું: 'ગુરુદેવની આજ્ઞાથી હું આશ્રમ સંભાળું છું. તેઓની ઇચ્છા પૂરી કરવી એ જ મારું ધ્યેય છે.'

'અમે પણ એ જ કરીએ છીએ. અમારા ગુરુની ભાવના જ પૂરી કરીએ છીએ. બીજી કોઈ જ ઇચ્છા નથી.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓ હતા – ગુરુમુખી, ગુરુગામી અને ગુરુમય.

વિપત્તિકાળમાં આપ છો ધણી

તા. ૧૭/૧૨ની બપોરે ૨૦૦થી વધુ મુલાકાતીઓને સંતોષ આપનારા સ્વામીશ્રી પાસે છેલ્લે આવેલા કઠોર ગામના બાબુભાઈ મોદીએ પોતાની થેલીમાંથી એક પૅકેટ કાઢ્યું. તેને ખોલતાં અંદરથી નીકળેલી તસવીરોમાં સ્વામીશ્રીનું નવતર રૂપ પ્રકાશી રહ્યું. એ છબીસંપુટમાં સ્વામીશ્રી આ હરિભક્તની દુકાનના ગલ્લે બેસી ઘરાકોને નાની-મોટી ચીજ-વસ્તુઓ તોળી આપતા દેખાતા હતા.

તેનું સૌ આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યા ત્યાં જ પેલા સત્સંગી બોલ્યા: 'મારાં ધન્ય ભાગ્ય છે કે સ્વામીબાપા મારી આ દુકાને ત્રણ-ત્રણ વખત આવી ગયા છે!'

આ શબ્દો સાંભળનારા સૌની નજર સમક્ષ *'વાર વાર ઉર પ્યાર ધર, શિર પર કર ધરનાર...'* સ્વામીશ્રીની તસવીર તરવરી રહી.

આવા સ્વામીશ્રી નવસારીના નિવાસ દરમ્યાન રોજ ઉતારેથી ગાડીમાં બેસી મંદિરે દર્શન કરવા પધારતા. આ ક્રમાનુસાર તેઓ તા. ૧૮/૧૨ની સવારે પણ મોટર પાસે આવ્યા ત્યારે તેનું રૂફ (છાપરું) ખુલ્લું જોઈ તેઓએ પૂછ્યું: 'આ ગાડી ક્યાંથી આવી?'

સ્વામીશ્રીની આ પૂછપરછથી આશ્ચર્ય સાથે હસી પડેલા સંતોએ જણાવ્યું: 'બાપા! આપ દિલ્હીથી રાજકોટ ઊતર્યા ત્યારથી આ જ ગાડીમાં

બેસો છો અને આ રૂફ પણ ઘણી વખત ખોલવામાં આવે છે.'

જે ગાડીમાં સ્વામીશ્રી ૩૭ દિવસથી ઘૂમી રહેલા તેનાથી તેઓ આટલા બેખબર હતા!

આવા અનાસક્ત તેઓ પાસે આજે આવી ચડેલા ઉત્તર ગુજરાતના એક યુવાનનો હાથ કાગળયુક્ત હતો. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'કંઈ પૂછવું છે?'

પ્રતિભાવમાં મૌન પ્રસરી રહ્યું. છતાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'આ કાગળિયાં શેનાં છે? કંઈ કહેવું છે?'

'હા.'

'તો બોલ.'

પરંતુ મજબૂરીના ભારથી તે યુવકના હોઠ ન ખૂલ્યા.

તેથી સ્વામીશ્રીએ એક સંતને કહ્યું: 'તમે આને બાજુમાં લઈ જઈ એની વાત સાંભળો. પછી મારી પાસે લઈ આવો.' આમ કહી સ્વામીશ્રી અન્ય મુલાકાતીઓને મળવા લાગ્યા.

તે દરમ્યાન પેલા યુવાનની વીતક-કથા પ્રકાશમાં આવી. દેવાના ભારથી દટાયેલો અને રોજગાર વિના ટળવળતો તે સ્વામીશ્રી પાસે સહાયની આશાએ આવેલો, પરંતુ સંકોચના માર્યા તેની જીભ ઊપડતી નહોતી. તેની આ વિગત જાણી સ્વામીશ્રીએ પત્ર-પરિચારકને કહ્યું: 'આ છોકરો જ્યાં રહે છે તે મંદિરના આપણા કોઠારીને પત્ર લખી દેજો કે નોકરી અગર તો જે અનુકૂળ હોય તે આને બતાવે.'

ભલે લોકમાં કહેવત હોય કે 'માંગ્યા વિના મા પણ ન પીરસે', પરંતુ સ્વામીશ્રી એવા હતા કે જેઓ માંગ્યા વિના પણ ઘણું દઈ દેતા.

આપણે બધા ધણી છીએ

તા. ૧૮/૧૨ની સવારે અગિયાર વાગ્યે નવસારીના મંદિર-સંકુલનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રીના મુખેથી વિવિધ વિભાગો જોતાં જોતાં સલાહો પણ સરતી રહી કે –

'સંડાસ-બાથરૂમ વગેરે ખૂણાખાંચરાની જગ્યાઓ કાયમ સ્વચ્છ રહેવી જોઈએ. જ્યારે ઉતારા કરીએ એ વખતે નળ કે લાઇટ વગેરેનાં ફિટિંગ ઉપર ખૂબ જ ધ્યાન રાખવું જોઈએ. ખૂણેખાંચરે ક્ષાર બાઝી ગયો હોય તો એ પણ સાફ કરતા રહેવું જોઈએ. નળ પણ ટપકતો નથી – એ જોઈ લેવું જોઈએ.

લાદી-ફિટિંગ પણ ખાસ ઉપર નજર રાખીને કરાવવું જોઈએ. એનો ઢાળ બરાબર હોવો જોઈએ. એના સાંધા બરાબર મળેલા હોવા જોઈએ.'

સ્વચ્છતાની આ શીખ સાથે આગળ સરકેલા આજના દિવસના અસ્ત પછી ઊગ્યો – તા. ૧૯/૧૨, માગશર સુદ આઠમનો અસામાન્ય દિન. પરંતુ તે પણ અન્ય દિવસની જેમ જ આગળ વધી રહ્યો. આજે આવેલી પોતાની ૮૪મી જન્મજયંતીની ઉજવણી પર સ્વયં સ્વામીશ્રીએ જ બેસાડેલા સજ્જડ જાપ્તાને કારણે તેઓને એક પણ હાર ન પહેરાવાયો. ક્યાંય ખૂણેખાંચરે પણ કોઈથી જન્મજયંતીનો 'જ' સુધ્ધાં બોલી ન શકાયો, ત્યારે જયનાદની તો વાત જ ક્યાં રહી?! મંચના સુશોભનરૂપે પણ વૃક્ષનું એક પાંદડું કે કાગળના તોરણનું એક પતાકડું ઝૂલી ન શક્યું. અલબત્ત, આજના દિવસની આ સાધારણતા જ સ્વામીશ્રીની અસાધારણતા બની રહી.

તે સાથે તેઓએ આજની રાત્રે મંદિરની સેવામાં સંકળાયેલા સંતો-કાર્યકર્તાઓને માર્ગદર્શન આપતાં કહ્યું:

'જેને જે કામ સોંપ્યું હોય એ પરફેક્ટ કરવું. ગમે તે આવે અને ગમે ત્યારે આવે, પણ પ્રેમથી બોલાવવા-ચલાવવા. જાતે જઈને જમાડવા. આકળા ના થઈ જવું. શાંતિથી કામ લેવું. ઉતારાનું મેઈન્ટેનન્સ પણ વારેવારે જોઈ લેવું. મહેમાન જાય એટલે ઉતારો સાફસૂફ થઈ જવો જોઈએ. મંદિરમાં એક માણસ બપોરે જાગતો હોવો જોઈએ, જે ઉતારા અને જમાડવાની વ્યવસ્થા સાચવી શકે.

સેવાની બાબતમાં આળસ ન રાખવી. જૂના કોઠારીઓ ઠાકોરજીની પૂજા પણ કરતા, ભંડાર પણ કરતા ને કોઠાર પણ કરતા. જુવાન માણસને આળસ ન શોભે. જવાનિયો તો ધારે એ કરી શકે. એને તો તાજગી રહેવી જોઈએ. કામ કેમ ન થાય? 'મારાથી આટલું જ થાય' એવી માન્યતાઓ આજકાલ થઈ ગઈ છે, પણ એ બધાં આળસ ને પ્રમાદ મૂકવાનાં છે. ગામડે ફરનાર સંતોએ સાંજે જઈને તરત પાછું ન આવવું. એક-બે દિવસ ત્યાં રોકાવું, જેથી નવા સંપર્ક થાય અને જે જૂના હોય એની સાથે આત્મીયતા થાય. એ રીતે સત્સંગ વધે.

મંદિર લઈને બેઠા છીએ એટલે ધ્યાન બધાએ રાખવું. લાઈટો વગેરે ખોટાં વપરાતાં હોય તો દરેકે ધ્યાન રાખવાનું. સ્વચ્છતા પણ દરેકે રાખવાની છે. આપણે બધા ધણી છીએ. આ મિલકત આપણી જ છે. સોંપ્યું હોય એ જ કરે એવું ન રાખવું. 'પેલો પેલું કરશે...' એવું કરવાનું જ નહીં! દસ માણસનું

કામ આપણા એકલાથી કેમ ન થાય? કોઈ દિવસ કામ કરનારો માણસ ન આવ્યો હોય તો માણસની આળસે કરીને બેસી ન રહેવું. કામ કરી જ નાંખવું. પરાધીન દશા ભોગવશો તો આળસ-પ્રમાદ વધી જશે. એટલે લોકો પર કામ નાંખી દેતાં ન શીખવું. આપણાં કપડાં આપણે જ સાફ કરવાં. લઘરવઘર ના રાખવાં. આપણા ટેબલ ઉપર પણ કાગળિયાં એમ-તેમ પડી રહેવાં ન જોઈએ.'

સ્વામીશ્રીનો આ સર્વદેશી સંદેશ તેઓના ૮૪મા જન્મદિનની નોંધનીય તવારીખ બની રહ્યો.

માન-અપમાન જેવું તો આપણે ક્યાં છે?

શહેરમાં લદાયેલી સંચારબંધી ઊઠતાં જ સરિયામ રસ્તાઓ ચહલ-પહલથી ધબકવા માંડે તેમ તા. ૧૯/૧૨નો જન્મજયંતી દિન પસાર થઈ જતાં તા. ૨૦/૧૨ની સવારે જન્મજયંતીની વાતો વહેતી થઈ. તે ક્રમમાં અલ્પાહાર વખતે કો'કે સ્વામીશ્રીને કહ્યું: 'ગઈકાલે સવારે અહીં લગ્ન કરનારા વરરાજાના ગળામાં હાર હતો અને આપની જન્મજયંતી હોવા છતાં આપના ગળામાં કશું જ નહીં!'

આ મતને જરા જુદી રીતે પુષ્ટ કરતાં ઘનશ્યામચરણદાસ સ્વામી બોલ્યા: 'યોગીબાપાએ કહ્યું હતું કે 'પ્રમુખસ્વામીની જન્મજયંતી શાનદાર ઊજવવી.' પણ એવું ગઈકાલે થયું નહીં. એટલે યોગીબાપાને નહીં ગમ્યું હોય.'

'અરે, યોગીબાપા તો બહુ જ રાજી થયા હશે!' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું: ''એ રાજી થઈને કહેતા હશે કે 'અક્ષરધામના ઉદ્‌ઘાટન નિમિત્તે આવું કરો છો, તો હું રાજી છું.' અક્ષરધામનો સંકલ્પ પણ એમનો જ હતો ને!''

ગુરુના સંકલ્પને સિદ્ધ કરવા માટે જીવન યાહોમ કરનારા સ્વામીશ્રીએ આ વર્ષે જન્મજયંતીના સન્માનને પણ સ્વાહા કરી દીધું.

તેથી વિશેષ ઝળહળી ઊઠેલી તેઓની બ્રહ્મજ્યોતના અજવાળે આજની સવારે નવસારીના મંદિર-પરિસરમાં 'નારાયણસ્વરૂપ સભાગૃહ'નું ઉદ્‌ઘાટન થયું. આ નિમિત્તે સંકુલની આમ્રઘટાઓ તળે યોજાયેલા વૈદિક વિશ્વશાંતિ મહાયાગમાં પણ સ્વામીશ્રી પધાર્યા. અત્રે તેઓએ ૮૧૦ યજમાનો પર આશીર્વર્ષા વરસાવી નવસારીના ૩૫૦ વર્ષ પુરાણા આશાપુરા મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી અક્ષર-પુરુષોત્તમ મહારાજની આરસપ્રતિમાઓને પૂજી.

ત્યારબાદ આજની સાંજે તપોવન આશ્રમમાં પગલાં પાડી સ્વામીશ્રી

સાત વાગ્યે સાંકરી પધાર્યા.

અહીં તેઓએ મંદિરની ઘુમ્મટઘટા નીચે જ ગોઠવાઈ ગયેલા ભક્તો પર અમૃતધારા વરસાવતાં કહ્યું: 'આ નાના ગામમાં પણ મોટું મંદિર ભક્તોએ ઉત્સાહ બતાવ્યો તો થયું. દરવાજો તો ક્યાંય મળે નહીં એવો મોટો રાજમહેલ જેવો થઈ ગયો છે. આવા નાના ગામમાં પણ પૂનમને દિવસે સાત-આઠ હજાર માણસો આવે છે. મોટાં મંદિરોમાં નથી આવતા એટલા અહીં આવે છે. સંતોના વિચરણથી આદિવાસીઓમાં એવો સત્સંગ થઈ ગયો છે. વળી, પાછું શિબિરો પણ અહીંયાં જ થાય, એટલે લાભ મળ્યા કરે. ભીડો તો પડે છે, પણ ભીડામાં આનંદ છે. એ ભીડો પડે છે એટલે લાંબું-પહોળું થશે પણ ખરું. ભગવાનના પ્રતાપે કાર્ય ચાલે છે.'

પ્રભુનો આ પ્રતાપ સૌના જીવનમાં ઘોળાતો રહે તે હેતુથી સ્વામીશ્રીએ તા. ૨૧/૧૨ની સવારે હળદવા, નવાપુર, કોલ્હાકુઈ અને અરેઠ ગામોનાં નવનિર્મિત મંદિરોની મૂર્તિઓનાં પ્રતિષ્ઠા-પૂજન કર્યાં. આ અવસરે એકત્રિત થયેલા તે તે ગામોના ભક્તોને આશીર્વાદ આપતાં તેઓ બોલ્યા: 'સ્થાન વગર સત્સંગ વધે નહીં. પરચા કરે તો માણસો ભેગા થાય, પણ જીવમાં નિષ્ઠા ના બેસે. આપ બધા ભેગા થઈને મહારાજની ઇચ્છા મુજબ મંદિરો કરો છો, તો જે ગામમાં એક મંદિર થાય તે ગામનો આવરદા વધે, જાહોજલાલી વધતી જાય, વિકાસ થતો જાય.'

મંદિર-મહિમાનો આ ઘૂંટ સ્વામીશ્રીએ તા. ૨૩/૧૨ની સવારે આવી પહોંચેલા ૫૦૦થી વધુ ખાનદેશી ભક્તોને પણ પિવડાવ્યો. આ પ્રસંગે જ તેઓનાં કરકમળો વડે ખાનદેશનાં બેટાવદ અને વડગામનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પુરાયા.

તેને અનુસરતાં આજની રાત્રે શરૂ થયેલી મુલાકાતોમાં સ્વામીશ્રી સમક્ષ કેટલાક ભાવિકોએ અપરાધભાવ અનુભવતાં કહ્યું: 'અમારા ગામમાં કેટલાક અજ્ઞાનીઓએ આપનું અપમાન કર્યું હતું. એ વાત સંભારીને અમને ખૂબ જ દુ:ખ થાય છે. અમારે આપને ગામમાં લઈ જવા છે. માફી માંગવી છે. એ માટે આમંત્રણ આપવા જ આવ્યા છીએ.'

સ્વામીશ્રી પાસે ૧૮૦ ડિગ્રીનાં આવાં પરિવર્તનોની પરંપરા સર્જાતી જ રહેતી. તેમાં આજે સુરતમાં સ્થાયી થયેલા બિલિયા ગામના મુમુક્ષુઓ પણ જોડાયા.

પરંતુ તેઓની વિગત સાંભળી સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા: 'માન-અપમાન જેવું તો આપણે ક્યાં છે? આપણે તો ભગવાનનાં દર્શન કરવાં હતાં. ભલે અપમાન થયું, પણ દર્શન થઈ ગયાં. એમાં બધું આવી ગયું.'

અતિ સહજતાથી સ્વામીશ્રીએ પારકી ભૂલને ભૂંસી નાંખી. *'માનાપમાને મન ન ડોલાવે...'*ની તેઓની સ્થિતિ સૌને ચકિત કરી ગઈ.

દુઃખ કાપે દુખિયા તણા

તા. ૨૬/૧૨નો રવિવાર પૂનમના સંગે ઊગ્યો હોવાથી સાંકરીનું મંદિર ૧૫,૦૦૦થીયે વધુ ભક્તોની ભીડથી છલકાતું હતું. તેઓને પ્રાતઃસભામાં લાભ આપી સ્વામીશ્રી નિજનિવાસમાં પધાર્યા ત્યાં જ ત્સુનામીની કરુણાંતિકાના સમાચાર મળવા લાગ્યા.

આજની સવારે ઇન્ડોનેશિયા પાસે ઘૂઘવતા હિંદ મહાસાગરના તળિયે સ્થાનિક સમય મુજબ સવારે સાત વાગ્યે ભારતીય પ્લેટ અને યુરેશિયન પ્લેટની ટકરામણ થતાં ભારતીય પ્લેટ ગણતરીની સેકન્ડોમાં જ દસ મીટર જેટલી ખસેલી. તેના દબાણથી સાગરનું પેટાળ આશરે સો ફૂટ ઊંચે ચડ્યું. તેણે દરિયામાં જ નવ રિક્ટર સ્કેલનો ભૂકંપ સર્જતાં સમુદ્રમાં પ્રચંડ દબાણ પેદા થયું. તે કારણે ઊંચાં-નીચાં ઊછળવા માંડેલાં મોજાંઓએ પળ વારમાં જ એક કલાકના ૪૫૦ થી ૮૦૦ કિ.મી.ની ઝડપ મેળવી લીધી. એટલું જ નહીં, કિનારા નજીક આવતાં આ મોજાંઓએ દસ-દસ માળનાં મકાનોને ખેદાન-મેદાન કરી નાંખે એટલી ઊંચાઈ પણ પ્રાપ્ત કરી. આવાં વિકરાળ મોજાંઓનો રાક્ષસી પંજો દક્ષિણ એશિયાઈ દેશોના દરિયાઈ કિનારા પર ફરી વળતાં ભયંકર હોનારત સર્જાઈ ગઈ. ઇન્ડોનેશિયા, થાઇલેન્ડ, શ્રીલંકા તેમ જ ભારતનાં તામિલનાડુ, પોંડિચેરી અને આંદામાન-નિકોબાર વગેરેના તટપ્રદેશોમાં વસતા આશરે અઢી લાખ લોકોને દરિયો તાણી ગયો. લાખો ઘરોનેય તેણે ડુબાડ્યાં.

આ પ્રાકૃતિક પ્રકોપ સાંભળી દ્રવી ઊઠેલા સ્વામીશ્રીએ સૌની સુખાકારી માટે ભગવાનને પ્રાર્થના કર્યા બાદ પુરુષાર્થનું ચક્ર પણ તેજ ગતિએ દોડતું કર્યું. તેથી દેશ-વિદેશમાં ફેલાયેલો સત્સંગ-સાગર સ્વામીશ્રીનો આદેશ થતાં જ ત્સુનામીની તારાજી થાળે પાડવા હડુડવા લાગ્યો. સેંકડો સ્વયંસેવકો ભારત ઉપરાંત અમેરિકા, યુરોપ, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, આફ્રિકામાં રાહત-સામગ્રી

એકઠી કરવા મંડી પડ્યા, તો દુર્ઘટનાની એકવીસમી મિનિટે જ ચેન્નાઈના સ્વયંસેવકો આસપાસનાં ગામોમાં પહોંચી મદદરૂપ બનવા લાગ્યા.

અમદાવાદના મંદિરે તૈયાર થઈ વિમાનમાર્ગે તામિલનાડુના અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચેલાં દસ હજારથી વધુ ફૂડપૅકેટ્સ કંઈકની આંતરડી ઠારવા લાગ્યાં. આજની સાંજથી જ ચેન્નાઈના ઈસ્ટ કૉસ્ટ રોડ પર પ્રગટી ગયેલા સંસ્થાકીય રાહત રસોડાના ચૂલા પણ અસરગ્રસ્તોની જઠરાગ્નિ શમાવવા માંડ્યા. તેમાં જમનારાનો આંકડો અંતે તો ૧,૭૪,૦૦૦ સુધી પહોંચ્યો.

પરંતુ વિશેષતા એ રહી કે સંસ્થાના દ્વારે મદદ માટે ઊભેલાને સ્વામીશ્રીએ માંગણ નહીં, પણ માનવ તરીકે જ જોયા. તેથી તેઓએ આદેશ આપ્યો કે 'સ્થાનિક લોકોની આહાર-પદ્ધતિ મુજબ જ તેઓને ભોજન આપવું.'

તે મુજબ દક્ષિણ ભારતીય સંકટગ્રસ્તોની થાળીઓ પોંગલ, સાંભાર, ઉપમા, ઈમલી ભાત, બેસીબેલા ભાત વગેરે વૈવિધ્યસભર દક્ષિણ ભારતીય વાનગીઓથી છલકાવા માંડી. આ રીતે રોજના હજારોને જમાડતાં રસોડાં દુર્ઘટનાના દોઢ-દોઢ મહિના પછીયે ધમધમતાં રહ્યાં. તે જોઈ પ્રભાવિત થયેલા સરકારી આરોગ્ય અધિકારી શ્રી એન. કાનાગાસાબાઈ બોલી ઊઠ્યા: 'આ વિસ્તારમાં ગરમ ભોજન પૂરું પાડતી એકમાત્ર સંસ્થા બી.એ.પી.એસ. છે. આ કામ બિરદાવવા જેવું છે. રોજનું ૫,૦૦૦નું ભાણું એ નાનું કામ નથી અને એ વળી સ્વાદિષ્ટ, પૌષ્ટિક, તાજું અને ચોખ્ખું! આજે લોકો જે ઇચ્છે છે તે જ ભોજન તમે આપો છો, જેથી લોકોને એકનું એક ખાવાનો કંટાળો ન આવે.'

આ રીતે સુયોગ્ય આહારની સાથે ઔષધીય સહાયો પણ સંસ્થા દ્વારા પૂરઝડપે પહોંચવા માંડી. શરીરની સ્વસ્થતાનું લક્ષ્ય રાખી વહેતી થયેલી આ સેવાધારાએ ફક્ત શ્રીલંકામાં જ ૧.૨ કરોડ ડૉલરની દવાઓનું વિતરણ કર્યું. તેથી આ કાર્યમાં સહયોગ આપનારી અમેરિકી સંસ્થા સિટી હોપ ઈન્ટરનેશનલ પણ ગૌરવ અનુભવી રહી. સંસ્થાના ૧૯ તબીબો અને પાંચ પરિચારિકાઓના વૃંદ સાથે ગામડે-ગામડે ઘૂમતા સ્વયંસેવકોને જોઈ તામિલનાડુના પટ્ટીપુલ્લમ્કુપમ્ ગામનો એક નાગરિક હાશનો શ્વાસ લેતાં બોલ્યો: ''અમને સૌથી વધુ ચિંતા અમારાં બાળકોની હતી – 'આ બાળકો બીમાર પડશે તો શું કરીશું?' પરંતુ બી.એ.પી.એસ.ના ડૉક્ટરોએ અમારા ગામમાં આવીને કાર્ય કર્યું, તેથી અમે હવે ખૂબ રાહત અનુભવીએ છીએ.''

આમ, મૂંઝવણ ઊભી થાય ત્યાં જ મદદ માટે પહોંચતા સંસ્થાના

સંતો-સ્વયંસેવકોએ તામિલનાડુનાં કાંચીપુરમ્, કડલુર, નાગપટ્ટીણમ્, તાંજોર વગેરે જિલ્લાનાં ૫૧ ગામોમાં સેવાની સરવાણી વહાવી દીધી.

તાત્કાલિક સહાય બાદ ભાંગી પડેલાને પગભર થવા તાડપત્રી, સ્ટવ, ઘડા, થાળી, પ્યાલા, ચાદર, ધાબળા, સાડી, લૂંગી, બાલદી, ટમલર, સાબુ વગેરે ઘરગથ્થુ વપરાશની વસ્તુઓ પહોંચાડવાનું શરૂ થયું. આ સેવાકાર્યને કારણે આશરે ૬,૦૦૦થી વધુ પરિવારો સ્થિર થયા. ૨૬ ટન ચોખા, ૧૬ ટન દાળ, ૪ ટન સોજી વગેરે અનાજ પણ વહેંચાયું. પીવાલાયક પાણી માટે જળવિતરણ ઉપરાંત હેન્ડપંપ અને પાણીની ટાંકીઓ પહોંચાડાઈ. તેની સાથે ચારદીપ નામના સેવાભાવી સંગઠનને સંસ્થા દ્વારા ૪૦૦ ગાયોનું દાન પણ કરવામાં આવ્યું. તે જોઈ સંગઠનના અગ્રણીઓ બોલી ઊઠ્યા: 'આપે ગાયો દાનમાં આપી ૪૦૦ કુટુંબોનું જીવન જીવવા જેવું બનાવ્યું તે બદલ આભાર.'

સંસ્થાનાં આવાં વિવિધલક્ષી અને મૂળગામી રાહતકાર્યથી કૃતજ્ઞ બનેલા નેમ્મેલીકુપમ્ ગામના પ્રમુખે પણ લેખિત પત્રમાં જણાવ્યું: *'અમારી પાસે શું હતું? અમે સાવ ખાલી હાથે રસ્તા પર ઊભા હતા. બી.એ.પી.એસ. સંસ્થાએ અમને જીવન આપ્યું. જેમ મા બાળકની સંભાળ લે તેમ આ સંસ્થાએ અમારી દેખભાળ કરી છે.'*

આમ, નાત-જાત કે કર્મ-ધર્મ જોયા વિના સરતી આ સંસ્થાકીય સહાયો બે ગંજાવર સ્ટીમરો દ્વારા કલકત્તાથી ૧૪૦૦ કિ.મી.નું દરિયાઈ અંતર કાપી છેક આંદામાન-નિકોબાર સુધી પણ પહોંચી.

અહીંના મુખ્ય મથક પોર્ટ બ્લેરની સરકારી કુમારશાળામાં છાવણી નાંખી રાહતસામગ્રીઓ વહેંચ્યા બાદ સંસ્થાના સ્વયંસેવકો દ્વારા ચૌલધારી, જંગલીઘાટ, વાનદૂર, મીઠીખારી વગેરે પચીસથી વધુ સ્થળોએ રાહતકેન્દ્રો ખોલી સામગ્રીઓનું વિતરણ કરવામાં આવ્યું. તેમાં રખાયેલી ચીવટ જોઈ પોર્ટ બ્લેરના શિક્ષણ નિયામક શ્રી રાજકુમારના મોંમાંથી શબ્દો નીકળી ગયા: 'મોટા ભાગના લોકો ખોરાક વહેંચવાનું જ વિચારે છે, બીજું કંઈ નહીં; જ્યારે બી.એ.પી.એસ. સંસ્થા વ્યક્તિની પાયાની જરૂરિયાત વિષે વિચારે છે. આ જ એક એવી સંસ્થા છે કે જેણે નાહવાના સાબુ, વૉશિંગ પાઉડર, માથાનું તેલ અને અન્ય ઘર-વપરાશની વસ્તુઓ પૂરી પાડી છે. આ જ સૂચવે છે કે તમે લોકોની કેટલી કાળજી રાખો છો!'

પ્રકોપપીડિતોની આ ખેવનાની સાથે ત્સુનામીના તાંડવમાં દિવંગત

થયેલા આત્માઓ તથા બચી ગયેલા અસરગ્રસ્તોની શાંતિ માટે વિશ્વભરમાં ફેલાયેલાં સંસ્થાનાં ૯,૧૦૦ મંડળો અને મંદિરોમાં પ્રાર્થના સભાઓ યોજાઈ. તેમાં દેશના વડાપ્રધાનો, રાજ્યના મુખ્યપ્રધાનો, સાંસદો, રાજદૂતો સહિત મોટી સંખ્યામાં લોકો ઊમટ્યા. આ ક્રમમાં લંડનના મંદિર ખાતે યોજાયેલી અસરગ્રસ્તો માટેની સહાય સભામાં ઇન્ડોનેશિયા, મલેશિયા, શ્રીલંકા, થાઈલેન્ડ, માલદિવ્સ, મ્યાનમાર, બાંગ્લાદેશના રાજદ્વારી પ્રતિનિધિઓને પાંચ લાખ પાઉન્ડ્સની સહાય સંસ્થા દ્વારા આપવામાં આવી.

આ રીતે જ્યાં કોઈને 'સ્વામિનારાયણ' નામ સુધ્ધાંની જાણ નહોતી ત્યાં પહોંચીને સંસ્થાએ કરુણાગંગા વહાવી દીધી. તેમાં સ્નાન કરનારા સૌ *'દુ:ખ કાપે દુખિયા તણા, એવું અંતર અધિક ઉદાર...'* સમા સ્વામીશ્રીને નમી પડ્યા.

પતિત અધર્મી કંઈક કોટિ તાર્યા

તા. ૨૭/૧૨ની સાંજે સાંકરીથી વિદાય લેતાં પૂર્વે મંદિર પર દર્શને પધારેલા સ્વામીશ્રી અત્રે પ્રદક્ષિણામાં આવ્યા ત્યારે અહીં ગુરુશિખરો વચ્ચેની રૂપચોકીમાં બે મોરલા વિહરી રહેલા. તે જોઈ કો'કે સ્વામીશ્રીના ખોબામાં સીંગદાણા આપી મોરને જમાડવા કહ્યું. તેથી સ્વામીશ્રીએ નજીક જઈ ખોબો ધરતાં બંને મોર દોડતાં દોડતાં આવી ચપ ચપ ચણવા લાગ્યા. આ રીતે ત્રણ વાર ખોબો ભરી સ્વામીશ્રીએ મોરને ખવડાવ્યું. ભાવતાં ભોજન મળવાથી એ ટહેલતા સારંગો હવે ટહુકવા માંડ્યા, તો સ્વામીશ્રીની આ લીલા નિહાળી એ મત્તમયૂરોની સાથે સૌનાં મનમયૂર પણ નાચી ઊઠ્યાં.

વાતાવરણમાં આવી પ્રસન્નતા લીંપતાં સ્વામીશ્રી સાંકરીથી તીથલ પધાર્યા.

આ સાગરકાંઠાને તેઓએ આવતાંવેંત તા. ૨૮/૧૨ની સવારે નીલકંઠ-વર્ણીની ભેટ ધરી. મંદિરના પોડિયમની નીચે તૈયાર થયેલા અભિષેક મંડપમાં વર્ણીરાટ્‌ને પધરાવતાં સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે 'અહીં દરિયાની હવા ખાવા લોકો આવે છે, એમ મહારાજ પણ વિરાજ્યા છે. એમનાં દર્શન કરશે અને અભિષેક કરશે એના બધા સંકલ્પો ભગવાન પૂરા કરશે, જેના જે પ્રશ્નો હશે એ દૂર કરશે. શ્રદ્ધા હોય તો કામ થઈ જાય. જેમ દરિયાનો પાર ન પામી શકાય એમ ભગવાનનો પણ અપરંપાર મહિમા છે. એવા સમર્થ ભગવાનની શ્રદ્ધાપૂર્વક ભક્તિ કરીશું તો આપણને શાંતિ, શાંતિ અને શાંતિ થઈ જશે.'

આ જ રીતે તા. ૩૦/૧૨ની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે ગાડરિયા, અરવાડા, ઓલગામ, આછવણી અને કોસંબા ભાગડા ગામનાં મંદિરોની મૂર્તિઓનાં પ્રતિષ્ઠા-પૂજન થયાં.

તા. ૩૧/૧૨ના પ્રભાતે પણ સ્વામીશ્રીએ બીલપોડી, કાંગવી, ખાંડાભવાડા, હનમતમાળ, નળીમધની, સોઢલવાડા, ધરાસણા, ઉમરસાડી, મોતીવાડા તથા ઘેજ ગામનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા.

આમ, અત્રે તેઓએ ચાર દિવસમાં ચૌદ મંદિરો ધબકતાં કરી દીધાં.

પરંતુ આ સિદ્ધિથીયે અદકેરી સ્વામીશ્રીની વિશેષતાઓ તેઓનાં ભોજન તથા ભ્રમણ વખતે છતી થતી રહી.

આ સમયે તીથલ ક્ષેત્રમાં કાર્યરત મંડળો અને મંદિરોના મૂળમાં રહેલા કાર્યકરોનો પરિચયવિધિ ચાલતો. સંતો દ્વારા રજૂ થતી આ ઓળખ સાંભળી સૌને અનુભવાતું કે 'આ પંથકમાં ખડાં થઈ રહેલા બી.એ.પી.એસ. મંદિરોના પાયામાં પથ્થરો નહીં, પણ પરિવર્તનો છે.'

એક જમાનામાં અઠંગ અને કુખ્યાત ગણાતા લોકો આજે અહીં અદના સ્વયંસેવક બની મંદિર માટે ભૂમિદાન કરતા, પાયા ખોદતા, ઈંટો ઉપાડતા અને ચણતર કરતા થયેલા.

જેઓને સગાં સંતાન કરતાં દારૂની કોથળી કે બૉટલો વધુ વહાલી હતી, જેઓની જિંદગીઓ ઘર-ખેતરનાં આંગણાં કરતાં થાણેદારની કસ્ટડીઓમાં વધુ વીતતી, કૂકડાં-બકરાંનો વધ જેઓને મન ઘાસ વાઢવા જેટલો સાધારણ હતો, અજ્ઞાન તેમ જ અંધશ્રદ્ધાના અંધકારમાં અથડાતા રહેવાને કારણે જેઓ સાન, ભાન અને જ્ઞાન ગુમાવી બેઠેલા, એવા આ વંચિત, શોષિત તથા પીડિત સમાજમાં સ્વામીશ્રીએ સંતો-કાર્યકરોની સહાય વડે જનજાગૃતિનું અસાધારણ આંદોલન ચલાવેલું. તેના ફળસ્વરૂપે અહીં –

'નિત્ય નિયમ ધરી નહાય, પૂજા પાઠ કરી અન્ન ખાય;
માખીને પણ કદિયે ન મારે, કેમ માણસને તે સંહારે;
દારૂ પીને જે છાકટા થતા, નથી કેફ તે કોઈ ચાખતા;
*એવા ભક્ત થયા છે અનેક, એ તો આશ્ચર્ય વાત જે એક...'*નું ચિત્ર ખડું થઈ ગયેલું.

માનવતાથી મહેકતો આ બગીચો જોઈ સ્વામીશ્રી સ્વયં તા. ૨૯/૧૨ની રાત્રે બોલી ઊઠેલા: 'કેવા સંસ્કારી છોકરાં કહેવાય! ભગવાન જ આવા

છોકરાં મોકલે છે. છોકરાંઓના પ્રસંગો સાંભળી બહુ આનંદ થયો. અત્યારથી છોકરાંઓમાં આવા સંસ્કાર થઈ ગયા તો ભવિષ્યમાં પણ બહુ જ ઉપયોગી થશે અને સુખી થશે. તમે ભગવાન સ્વામિનારાયણની લાજ રાખીને સંપ્રદાયનું ગૌરવ વધાર્યું છે.'

સ્વામીશ્રી દ્વારા ઠેર ઠેર થતી રહેલી આવી ક્રાંતિ અને તે દ્વારા સર્જાતી શાંતિના સરવાળા સન ૨૦૦૪ છેલ્લા ૩૬૬ દિવસથી માંડી રહેલી. ન કેવળ આદિવાસી પ્રદેશ, પરંતુ પરદેશમાં વિસ્તરેલો સ્વામીશ્રીનો પ્રભાવ પણ આ વર્ષે સગી આંખે નિહાળેલો. અમેરિકાની ધરતી પર સ્વામીશ્રીએ સર્જેલાં બે ભવ્ય શિખરબદ્ધ મંદિરો તો હજીયે સૌની જેમ આ વર્ષ માટે પણ આશ્ચર્યનો વિષય જ બની રહેલાં. એટલે જ આજે તા. ૩૧/૧૨ના રોજ તેના આયુષ્યની અવધિ આવી પહોંચી તોય તે સ્વામીશ્રીના ગુણગણની ગણતરીમાં તો ઊણું જ ઊતર્યું.

તેથી આજની રાત્રે બાર વાગ્યે વિદાય થતી સન ૨૦૦૪ સ્વામીશ્રીને સંબોધતાં ગાતી ગઈ કે –

'ગુરુગુણ ગણતાં ન પાર આવે, કહી કહી જો જુગના જુગો ગુમાવે...'

અમૃતધારા ૩૮



અક્ષરધામનું અવતરણ

સન ૨૦૦૫
વિકાસના એક નવા યુગનો પ્રારંભ

કોઈ પણ કુટુંબમાં સંતાનના જન્મનું વર્ષ સ્ત્રી-પુરુષને માતા-પિતાનો દરજ્જો આપી તેઓની ઓળખમાં વિશેષતાનું ઉમેરણ કરે છે. તેથી તે વર્ષ પરિવાર માટે યાદગાર બની રહે છે.

કોઈ પણ દેશ માટે તેનું સ્થાપનાવર્ષ તે દેશના અસ્તિત્વ સુધી મહત્ત્વપૂર્ણ ઘટના ગણાય છે, કારણ કે એ વર્ષથી દેશના વિકાસનો એક નવો યુગ આરંભાય છે.

દુનિયા સન ૧૯૦૩ અને ૧૯૬૯ને હરખભેર સંભારે છે, કારણ કે તે તે વર્ષે માનવજાતે અનુક્રમે વિમાની ઉડ્ડયન તથા ચંદ્ર પર આરોહણ દ્વારા આકાશ અને અવકાશમાં છલાંગ લગાવી દીધી. પૃથ્વી પર ચાલનારા મનુષ્ય માટે એક નવો યુગ શરૂ થઈ ગયો.

આવા જ એક નવા યુગનાં પડઘમ સન ૨૦૦૫ના પ્રથમ પ્રભાતે ગાજી રહ્યાં, કારણ કે આજે એ વર્ષનો ઉદય થઈ ચૂકેલો જે વર્ષે આકાર લેનારું એક સર્જન ન કેવળ બી.એ.પી.એસ. સંસ્થા કે આ સંવત્સર, બલ્કે સમગ્ર સૃષ્ટિનો શણગાર બનવાનું હતું.

તેની ભવ્ય આગાહી કરતાં સ્વામીશ્રીએ સ્વયં લખ્યું :

'આ વર્ષમાં અક્ષરધામનું ઉદ્‌ઘાટન થશે અને સંસ્થાના વિકાસનો એક નવો યુગ (શરૂ) થશે.'

ઊઘડતી સાલની સવારે સંસ્થાનું આ ઉજ્જ્વળ ભવિષ્ય ભાખી આપનારા તેઓએ આ દિશામાં ચાલનારા સંતો ફંટાઈ-ફંગોળાઈ ન જાય તે માટે સળંગ માર્ગે દીપસ્તંભો ખોડતા હોય તેમ વધુમાં લખ્યું :

'(૧) સંસ્થાના વિકાસ અને ઉત્કર્ષ માટે નિયમ-ધર્મ, આજ્ઞા-ઉપાસના, મહિમા, સંપ, એકતા માટે જાણપણે રહીને જેમ સેવા, ભક્તિ, ભજન, કથા-વાર્તા કરેલ છે તે જ રીતે વિશેષ જાણપણું રાખીને આગળ કાર્ય આળસ-પ્રમાદ મૂકીને કરવું.

(૨) નિયમ-ધર્મ, આજ્ઞા-ઉપાસનામાં ગૌણતા થાય અને ઘસારો આવે તેવા આજના જમાનામાં સાધુતાને લાંછન લાગે તેમ ન કરવું.

(૩) દેશ-પરદેશમાં જે મહારાજની આજ્ઞા છે તેનો સંપૂર્ણ ખ્યાલ રાખવો.

(૪) મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજને નથી ગમતું તે ન જ કરવું. તેઓને રાજી કરવા છે તે તાન રાખવું.'

આમ, નવા યુગના પાયામાં સ્વામીશ્રીએ આજ્ઞા-ઉપાસનાને મૂક્યાં. આ જ તેઓની વિશેષતા. તેઓ આકાશને આંબતા, પણ મૂળને ન છોડતા.

સદ્‌ગુણી સમાજના સર્જક

તા. ૧/૧ની સવારે સ્વામીશ્રીના વિશાળ કાર્યને પડઘાવતો દરિયો તીથલના મંદિર સામે જ હુલસી રહેલો. ખારાશભર્યા એ સમંદરને કાંઠે સૌને અમૃતપાન કરાવતા સ્વામીશ્રીને આજે સુરતથી આવેલા ઉત્તમપ્રકાશદાસ સ્વામીએ વિનંતી કરી કે 'બાપા ! સુરત પધારવાની તારીખ આપો.'

'એ બધું તો ભગવાનની ઇચ્છા પ્રમાણે થાય. મહારાજે ક્યાં ક્યારેય તારીખ આપી હતી ! જઈને ઊભા રહેતા હતા. એમ આપણું પણ સમજવું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આમ, કેવળ ઈશ-ઇચ્છાને આધીન રહી વિચરતા તેઓ તા. ૨/૧ની સવારે મંદિરના સભાખંડમાં યોજાયેલા સમારોહમાં પધાર્યા. વલસાડ અને તેનાં સમીપવર્તી નગરોના ૬૦૦ મહાનુભાવોના એ મેળાવડામાં સ્વામીશ્રીનો

સ્વાનુભવ ઉચ્ચારતાં ધારાસભ્ય શ્રી દોલતભાઈ દેસાઈએ કહ્યું :

"આજે પ્રમુખસ્વામીના આશીર્વાદથી એમના સંતો જે રીતે ઘડાયા છે તેની એક જ વાત મારે કરવી છે. વર્ષો પહેલાં ૧૯૮૨માં આ સંસ્થાના આચાર્ય સ્વામી(નરેન્દ્રપ્રસાદદાસ સ્વામી)એ મારી પાસે આવી કહ્યું: 'આપ અમને કોઈ પણ વ્યસનીને ત્યાં લઈ જાવ. અમારે નિયમ છે કે દિવસ દરમ્યાન એક વ્યસનીનું વ્યસન તો છોડાવવું જ ! જો આજે વ્યસની ન મળે તો અમારી આજની જવાબદારીમાંથી અમે ચૂક્યા કહેવાઈએ.' તેઓની આ વાત સાંભળી હું એમને વારી ફળિયામાં લઈ ગયો. ત્યાં તેઓએ એક વ્યક્તિને વ્યસનમુક્ત થવાની પ્રેરણા આપી. આજે હું જોઉં છું – એ જ વારી ફળિયામાં થોડા મહિના પહેલાં ૪,૦૦૦ વ્યસનમુક્ત માણસોની સભા થઈ હતી !"

આ જ અનુભૂતિને પુષ્ટ કરતાં નૂતન કેળવણી મંડળના ચૅરમેન શ્રી કે. પી. દેસાઈ બોલ્યા :

'પ્રમુખસ્વામીએ દેશ-પરદેશમાં જે કાર્ય કર્યાં છે એનો હું સાક્ષી છું. આ સંસ્થાનાં પરદેશનાં મંદિરોમાં પ્રમુખસ્વામીની ગેરહાજરીમાં પણ, અત્યારે સભા છે એનાથી ચાર ગણી મોટી સભાઓ મેં જોઈ છે, અને વળી દરેકમાં નમ્રતા કેટલી ?! હું દાખલ થયો તે પહેલાં મને પગે લાગ્યા ! મને આશ્ચર્ય થાય છે કે પ્રમુખસ્વામીએ કેવા હરિભક્તો ઊભા કર્યા છે ! આ સંસ્થાના સંતોની કાર્યપદ્ધતિ જોઈને પણ ઘણી વાર ભગવાં પહેરવાની ઇચ્છા થાય છે, પરંતુ તેઓની તપશ્ચર્યા જોઈને મન પાછું ફેરવાઈ જાય છે.'

આવા કંઈક અહોભાવોને નમ્રતાપૂર્વક ઝીલી સ્વામીશ્રીએ આજની સભામાં આશીર્વાદ વરસાવ્યા.

તે પછી ઉતારા તરફ જઈ રહેલા તેઓએ વ્યવસ્થાપક સંતને બોલાવી એક જગ્યા તરફ નિર્દેશ કરતાં કહ્યું: 'ગયા વખતે હું આવ્યો ત્યારે તમને અહીં કઠેડો કરી દેવા કહેલું, પણ તે હજી સુધી થયો નથી, તો હવે કરાવી લેજો.'

સ્વામીશ્રીની આ ખાસિયત હતી, જે તે મંદિરમાં તેઓ પૂર્વે પધાર્યા હોય ત્યારે તેઓએ જે જે સૂચના આપી હોય તે તેઓને વિના નોંધે યાદ રહેતી. આ રીતે એક હજારથી વધુ મંદિરોનું તેઓએ કરેલું સફળ સંચાલન મૅનેજમેન્ટના અભ્યાસીઓ માટે સંશોધનનો વિષય બને એવું છે.

આવા ફિરસ્તા બીજે ક્યાં મળે!

તા. ૨/૧ની સાંજે તીથલથી વિદાય લઈ વાપી પધારેલા સ્વામીશ્રીની જાહેર-સભા અત્રે વાપી ઇન્ડસ્ટ્રિયલ ઍસોસિયેશનના વિશાળ હૉલમાં યોજાઈ. આ સભાગૃહના ઉદ્‌ઘાટન બાદ આયોજિત આ પ્રથમ જ સભા વાપીના પ્રતિષ્ઠિતોથી ભરચક હતી. તેમાંના કેટલાક આગેવાનો હારતોરાથી સ્વામીશ્રીને સત્કાર્યા બાદ પોતાની ભાવોર્મિ વહાવવા લાગ્યા.

આ ક્રમમાં અગ્રણી ઉદ્યોગપતિ શ્રી ગફુરભાઈ બિલખિયાએ જણાવ્યું :

"અમે ગાંધીનગરના અક્ષરધામમાં ગયા હતા. એ જ અક્ષરધામમાં આતંકવાદી હુમલો થયો હતો. એ વખતે પ્રમુખસ્વામી મહારાજ ગાંધીનગરથી ફક્ત થોડાક જ કિ.મી. દૂર હતા. એમણે તે વખતે એટલું જ કહ્યું હોત કે 'આ હુમલો હિંદુ ધર્મ ઉપરનો જ હુમલો છે,' તો ઓછામાં ઓછા ૧૦,૦૦૦ મુસલમાનો એ જ વખતે કપાઈ જાત, પણ એમણે ધીરજ રાખીને શાંતિ માટે અપીલ કરી. સ્વામીએ અપીલ કરી તો બધા જ મુસ્લિમો બચી ગયા. આવા ફિરસ્તા બીજે ક્યાં મળે! આનાથી કેવો મોટો ચમત્કાર! પ્રમુખસ્વામી મહારાજ પયગંબરથી બિલકુલ નજીકના છે."

આવા સ્વામીશ્રીએ આજે અમૃતધારા વહાવતાં જણાવ્યું :

"ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં કહ્યું છે કે धर्मो ज्ञेयः सदाचारः । – સદાચાર એ ધર્મ છે. ધર્મ એટલે હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તીની વાત નથી. ગમે તેમાં માનતો હોય પણ સદાચારી હોય તો માણસ કહેવાય. ધર્મ એક જ છે, ભગવાન એક જ છે. એમાં ભેદભાવ પાડ્યા સિવાય જેને જેમાં શ્રદ્ધા હોય, જે શાસ્ત્રમાં, જે પુરુષમાં વિશ્વાસ હોય એના નિયમમાં રહી સુખિયા થવું. પણ માણસને થઈ ગયું કે 'મારો ધર્મ મોટો ને તમારો નાનો. અમારી વાત સાચી ને તમારી ખોટી.' એના ઝઘડા છે. ધર્મ ખોટો નથી. ભગવાન ખોટા નથી. ખોટા આપણે છીએ. આપણે ભેદ પાડીએ છીએ. ભગવાન ભેદ પાડતા નથી. સંત પણ બધા માટે પરોપકાર કરે છે. દરેકમાં સારું છે, દરેક શાસ્ત્રમાં પણ સારું છે. તે ગ્રહણ કરી લો ને! ખરાબ શું કરવા ગ્રહણ કરો છો?"

સ્વામીશ્રીએ રેલાવેલા આ આશીર્વાદમાં વાપીવાસીઓને વિશ્વધર્મની સુગંધ અનુભવાઈ. અલબત્ત, સ્વામીશ્રીને સાંભળનારા કોઈનેય એમ ન લાગતું કે તેઓ કોઈ એક સંપ્રદાયના ઉપદેશકને સાંભળી રહ્યા છે. સૌને પોતપોતાના

ધર્મનો ધબકાર સ્વામીશ્રીના સ્વરમાં સંભળાતો.

વિશ્વસનીય અને વિશ્વવંદનીય

તા. ૨/૧ની સાંજે વાપીથી સેલવાસ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં તા. ૩/૧ની સવારે કુડાચા ગામના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પુરાયા ત્યારે આદિવાસી બંધુઓએ પોતાનાં પરંપરાગત વાદ્યો વડે વાતાવરણ ગજવી મૂક્યું.

આવો આનંદ આજની સાંજે અથાલ ગામે પણ વ્યાપી વળ્યો.

અત્રે નૈરોબીના હરિભક્ત શ્રી અરવિંદભાઈ પટેલ દ્વારા તૈયાર થયેલા ઔદ્યોગિક સંકુલ પ્રમુખ પેપર પ્રોડક્ટનું ઉદ્‌ઘાટન કર્યા બાદ લૉનમાં એકત્રિત થયેલા સેલવાસના કાર્યકરોને સંબોધતાં સ્વામીશ્રી બોલ્યા: 'આજે તમે બધા આવ્યા ને તમારાં દર્શન થયાં ને આનંદ થયો. તમારાં નિયમ, નિષ્ઠા, કાર્ય, સત્સંગ માટેનું મમત્વ, જીવમાં સત્સંગ, શિર સાટાની ભક્તિ, ગમે તેવી મુશ્કેલીઓ વેઠીને, છાપરે-છાપરે જંગલમાં જઈને કાર્ય કરો છો તે વાત નાની નથી. ધીરે ધીરે સેલવાસનાં બો'તેરે-બો'તેર ગામમાં આપણે સત્સંગ કરવો છે. એકેય ગામ બાકી ના રહી જવું જોઈએ.'

સેલવાસના સત્સંગને આ લક્ષ્ય ચીંધતાં સ્વામીશ્રીએ તા. ૪/૧ની સવારે બાલદેવીના કુટિર મંદિરની મૂર્તિઓમાં દૈવત સીંચ્યું.

તેઓનાં આવાં અનેક કાર્યોના સાક્ષી બનેલા સ્થાનિક સાંસદ શ્રી મોહન ડેલકર તો તા. ૫/૧ની સવારે સ્વામીશ્રી સમક્ષ કબૂલાત જ કરી બેઠા કે 'અમે અમારી મીટિંગોમાં ખાસ ચર્ચા કરીએ છીએ કે વિશ્વાસ રાખવા જેવા કોઈ પુરુષ હોય તો આપ જ છો. આપને લીધે જ આ સેલવાસ ઊંચું આવ્યું છે.'

એક સંસદ સભ્યની આ અનુભૂતિનો પડઘો પાડતો પત્ર આજે સ્વામીશ્રી પર આવી ચડ્યો. ધરમપુરના જેલ રોડ પર આવેલી મહાદેવ શેરીમાં રહેતા એક મુસ્લિમે એ ટપાલમાં સ્વામીશ્રીને લખી જણાવેલું: *'હું વાળંદનો ધંધો કરું છું. અત્યારે મારી પાસે કોઈ જ મૂડી નથી. વાળ કાપવા માટે જરૂરી એવો અરીસો, કાંસકો અને ખુરશી તથા બાંકડો હું ભાડેથી લાવું છું. જો આપ મને મદદ કરો તો મારું જીવન સુખી થાય.'*

કોઈ જ પિછાણ વિનાના આદમીનો આ કાગળ વાંચી સ્વામીશ્રીએ એક પરિવારને પગભર થવા જરૂરી રકમ મોકલી આપવાની સૂચના સ્થાનિક વ્યવસ્થાપકને આપી, પરંતુ વાત હવે અહીંથી વળાંક લે છે.

આજે સ્વામીશ્રી સેલવાસથી વિદાય લેવાના હોવાથી પેલા વ્યવસ્થાપક છેલ્લા કલાકોની વ્યસ્તતામાં પરોવાઈ ગયા. પરંતુ તા. ૫/૧ની સાંજે પાંચ વાગ્યે સ્વામીશ્રીએ મુંબઈની વાટ પકડ્યાને પાંચ દિવસ વીત્યા ત્યારે તા. ૧૦/૧ના રોજ વ્યવસ્થાપક પર શ્રી ઇસ્માઇલ ખલીફાનું પોસ્ટકાર્ડ આવી પહોંચ્યું :

'મહેરબાન માનવંતા, જય શ્રી સ્વામિનારાયણ.

સવિનય નમ્રતાપૂર્વક અરજ કરવાની કે વિશ્વવંદનીય પ.પૂ. ગુરુદેવ શ્રી પ્રમુખસ્વામીને મેં સેલવાસ પધારેલા ત્યારે મારા માટે મદદરૂપ થવા પત્ર લખેલ. ગુરુદેવે કદાચિત્ આપશ્રીને મારા માટે યોગ્ય ઘટતું કરવા જણાવ્યું હશે, તો આપ સમય કાઢી મને યોગ્ય માર્ગદર્શન લખીને આભારી કરશો.'

આ વિગત વાંચતાં જ પેલા વ્યવસ્થાપકને સ્વામીશ્રીએ સોંપેલું કાર્ય યાદ આવ્યું. તેઓ વીસરાઈ ગયેલી આ વાત થાળે પાડવા જ્યાં પ્રવૃત્ત થયા ત્યાં જ તેઓના હાથમાં બીજું એક પોસ્ટકાર્ડ આવ્યું :

'જય શ્રી સ્વામિનારાયણ.

મહેરબાન, વિશ્વવંદનીય પ.પૂ. શ્રી પ્રમુખસ્વામી મહારાજે મારી અપીલ સ્વીકારી મદદરૂપે રૂા. ૧૭૦૦/- મોકલ્યા છે, જે મને આજ રોજ ટપાલ દ્વારા બપોરે એક કલાકે મળ્યા છે. હું કયા શબ્દોમાં તેઓનો ઉપકાર માનું તે સમજાતું નથી. મેં આ પહેલાં ટપાલ લખેલ તેને રદ ગણશો. મદદ મળી છે. હું પરવરદિગાર પાસે તેઓની તંદુરસ્તી ભલાઈ માટે દુઆ કરતો રહીશ. આભાર.'

એક મુસ્લિમ બિરાદરનાં આ બે પોસ્ટકાર્ડમાં સ્વામીશ્રીની ભેદભાવ-રહિત મમતા-માવજતનું જ મંત્રગાન નથી, જરા કાન માંડશો તો તેમાંથી સ્વામીશ્રીની કરુણા અને ચીવટના સૂરો પણ સંભળાશે.

સ્વામીશ્રીને મદદ માંગતો પત્ર મળ્યો હતો – તા. ૫/૧ના રોજ. મની ઑર્ડર દ્વારા જે-તે વ્યક્તિને રકમ પહોંચતાં બે-ત્રણ દિવસ તો લાગે. છતાં તા. ૧૦/૧ની બપોરે જરૂરતમંદના હાથમાં રકમ આવી ગઈ! જેને કામ સોંપ્યું છે તે આ ભૂલી ગયા છે એ વિગત સ્વામીશ્રી કેવી રીતે જાણી ગયા હશે?! તે જાણ્યા પછી પણ તેઓ તે યાદ કરાવવાનું માંડી વાળી જાતે જ મદદ પહોંચાડવા તત્પર થઈ ગયા! મુંબઈ જેવા મહાનગરમાં પોતાના સ્વાગતમાં ઊઠેલા જયજયકાર વચ્ચે, તેઓ કો'ક ખૂણામાં રહેતા એક અપરિચિતનું જતન કરવાનું ન ભૂલ્યા! તેઓને માન-પાન કરતાં માનવીમાં વધુ રસ હતો. તે રસ આજે એક ગરીબ મુસ્લિમના જીવનમાં રેડાઈ જતાં આ આદમી સ્વતંત્ર રીતે

રોજગારી રળતો થઈ ગયો.

પરંતુ ચરમસીમા હવે આવે છે!

મુંબઈના વાતાનુકૂલિત યોગી સભાગૃહમાં તા. ૧૬/૧ની સાયંસભામાં સ્વામીશ્રી બિરાજ્યા ત્યારે તે હૉલ ભક્તભીડથી ભરેલો હતો. સામે બેઠેલા આશરે સાડા ત્રણ હજાર ભક્તોની દૃષ્ટિ સ્વામીશ્રી પર મંડાયેલી. સભામાં કથા કરી રહેલા સંતવક્તાની વાણીનો વિષય પણ સ્વામીશ્રી જ હતા. તે સમયે એક પછી એક પત્રો ઉકેલી રહેલા સ્વામીશ્રીએ પત્ર-પરિચારકને અચાનક પૂછ્યું : 'પેલા ધરમપુરવાળા મુસલમાનને પૈસા પહોંચી ગયા કે નહીં?'

સ્વામીશ્રીનું ધ્યાન કથામાં ગવાઈ રહેલા પોતાનાં ગુણગાન કે પોતા પર ચોંટેલી સૌની નજરમાં નહીં, પણ એક દુઃખિયારાનું દુઃખ દૂર કરવામાં લાગેલું.

અગિયાર દિવસ પહેલાં વિદાયની ઉતાવળમાં વાંચેલા પત્રની વિગત તેઓને હજી અદલ યાદ હતી. આ ચોકસાઈ સાથે સાત લાખથીયે વધુ પત્રોને પ્રતિસાદ આપનારા હતા સ્વામીશ્રી!

પઈએ પઈનો હિસાબ ચોખ્ખો હોવો જોઈએ

આ અરસામાં ત્રાટકેલી ત્સુનામીની હોનારત બાદ સ્વામીશ્રીની પ્રેરણાથી પુરજોરમાં રાહતકાર્ય ચાલી રહેલું. તેમાં ટેકો અડાડતાં એક નાના સત્સંગકેન્દ્ર દ્વારા અમુક રકમ એકત્રિત કરવામાં આવેલી, પરંતુ આ મંડળની મર્યાદિત ક્ષમતા જોઈ તે ગામના જ કેટલાક આગેવાનોએ સત્સંગી કાર્યકરોને કહ્યું : 'આ પૈસા તમારા મંદિરના બાંધકામમાં વાપરી નાંખો.'

આ વિગત સ્વામીશ્રી પાસે આવી ત્યારે તેઓ તરત જ બોલ્યા : 'સુનામી નિમિત્તે આવેલા પૈસા સંસ્થામાં વપરાય જ નહીં. જે પૈસા જે નિમિત્તે આવ્યા હોય એ સેવા ત્યાં જ જવી જોઈએ. પઈએ પઈનો હિસાબ ચોખ્ખો હોવો જોઈએ. સરકારને પણ એવો જ હિસાબ આપણે આપવાનો. ભલે પછી પાંચ રૂપિયા આવ્યા હોય, પણ એ સમાજસેવામાં જ જવા જોઈએ.'

સ્વામીશ્રીનું અધ્યાત્મ કેવળ કથા-પ્રવચનોમાં જ નહીં, તેઓના વ્યવહારમાં પણ આરપાર જોઈ શકાય એવું પારદર્શક હતું.

હર્ષ-શોક તે રહે અતીતા

તા. ૧૧/૧ની સવારે સ્વામીશ્રી પાસે સત્સંગી પ્રૉફેસર શ્રી રમેશભાઈ

દવે અક્ષરધામના ઉદ્‌ઘાટનનું મુહૂર્ત કાઢીને લાવ્યા. તેઓ જ્યોતિષશાસ્ત્ર અનુસાર વિવિધ યોગનું વિવરણ કરતાં બોલ્યા: 'જો લાભપાંચમે ઉદ્‌ઘાટન થાય તો એ વસ્તુ ચિરકાળ સુધી રહેશે.'

'આપણે ચિરકાળ જ રાખવું છે.' સ્વામીશ્રીએ કહ્યું.

જો કે આવા ચિરંજીવી અક્ષરધામનું ગળું ઘોંટવા મેદાને પડેલા કેટલાક અસંતુષ્ટો દ્વારા આ સમયમાં અક્ષરધામની કાયદેસરતા પડકારતો એક ખટલો ભારતની વડી અદાલતમાં દાખલ થયેલો. તેની સુનાવણી તા. ૧૨/૧ના રોજ થવાની હતી. તેમાં આવનારા ફેંસલાની જિજ્ઞાસા કેટલાકના મનમાં ઉદ્વેગ પણ લઈ આવેલી.

પરંતુ આ સમયે સ્વામીશ્રી તો લેશ ઉચાટ અનુભવ્યા સિવાય એક સંસ્થાકીય મીટિંગમાં પરોવાયા. ભગવાનના ભરોસે જીવતા તેઓ મુશ્કેલીઓ ફેડવા પુરુષાર્થ કરતા, પણ ચિંતા નહીં. તે અનુસાર આજે કામકાજમાં ડૂબેલા તેઓને પોણા બાર વાગે સમાચાર મળ્યા કે 'નિષ્ણાત ન્યાયાધીશોએ અક્ષરધામના નિર્માણકાર્યને સંપૂર્ણતઃ કાયદેસર, બિનવિવાદાસ્પદ અને તમામ આરોપોથી મુક્ત જાહેર કર્યું છે.'

આ ખબરથી વ્યાપી વળેલી ખુશાલી વહેંચવા કેટલાક સંતો સ્વામીશ્રીના ઓરડામાં દોડી આવ્યા. તેઓના મુખેથી સરતી વાતોમાં પા-એક કલાક વીત્યો ત્યારે કો'કે સ્વામીશ્રીને કહ્યું: 'હવે જમવાનો સમય થવા આવ્યો છે, તો મોં મીઠું કરો.'

પરંતુ સ્વામીશ્રી બોલ્યા: 'આ મીટિંગ પૂરી થાય પછી જમીએ.'

આમ કહેતાં તેઓ પુનઃ વિમર્શમાં પરોવાઈ ગયા. એક ઝળહળતો વિજય તેઓના કાર્યનો લય ખોરવી ન શક્યો!

આમ, ઉચાટ અને ઉન્માદથી સદા મુક્ત સ્વામીશ્રીએ આજની સાયંસભામાં જણાવ્યું:

'સારા કામમાં સો વિઘ્ન આવે, પણ ભગવાનની ઇચ્છા હોય એમ જ થાય છે. *'માણસ જાણે મૈં કર્યું, કરતલ બીજો કોઈ; આદર્યાં અધૂરાં રહે, હરિ કરે સો હોઈ.'* ભગવાન આગળ કોઈનું ચાલતું નથી. ભગવાન અને સંતનું કાર્ય બીજાના સુખને માટે છે, પણ ઈર્ષ્યાવાળા કોઈનું સારું દેખી શકે નહીં. દિલ્હીનો સંકલ્પ છે એ પૂજ્ય યોગીજી મહારાજનો સંકલ્પ છે. મહાસમર્થ સંત કહેવાય. જે બોલે એ સિદ્ધ થાય. એ જે બોલે તે મીનમેખ ન થાય. સૂર્ય-ચંદ્ર ફરે, પણ

એ વાણી ફરે નહીં. ગમે તેટલા ઉધામા કરે, પણ મોટાપુરુષની વાણી સફળ થાય છે. એમાં કોઈ વાંધો આવવાનો નથી. જયજયકાર થઈ જશે. સર્વોપરી ડંકો વાગી જશે. ધામધૂમથી એની પ્રતિષ્ઠા થશે. હજારો-લાખો માણસો આવશે. આપણે મનમાં ગ્લાનિ પામવાની નહીં. ભગવાન વિઘ્ન લાવે છે તે સારા માટે અને વિઘ્ન ટાળે છે તે પણ સારા માટે. આપણે સુખિયા રહેવું ને બીજાને સુખિયા કરવા.'

સંતનું સ્વરૂપ ધારી, શ્રીજી આજ પધાર્યા રે

તા. ૧૪/૧ની સાંજે વડાલામાં આવેલા ભક્તિ પાર્કમાં ઉત્તરાયણના ઉત્સવની ઉજવણી કરીને મંદિરે પરત ફરેલા સ્વામીશ્રીની નિશ્રામાં, તા. ૧૭/૧ની સાંજે પૂનાના હરિભક્તોએ ઠાકોરજીની ૮૫ રજતતુલા કરી ભક્તિભાવ દર્શાવ્યો. તેઓની આ ભક્તિરૂપી દોરીથી બંધાઈને સ્વામીશ્રી પણ તા. ૨૧/૧ની સવારે પૂના આવી પહોંચ્યા. અત્રે અજમેરા પરિવારના યોગી પાર્કમાં રોકાયેલા તેઓએ મંદિરના નિર્માણ માટે વિવિધ જમીનોનું નિરીક્ષણ કરવાની સાથે સ્થાનિક સત્સંગ મંડળને પણ પુષ્ટિ આપી.

આ જ કાર્ય માટે સ્વામીશ્રી તા. ૨૩/૧ની બપોરે બાર વાગ્યે સુરતના મંદિરે પધાર્યા ત્યારે અહીં હજારો હરિભક્તો દર્શન માટે ઊમટ્યા હતા, પરંતુ તેમાં સ્વામીશ્રી સારુ તૈયાર કરાયેલા સુશોભિત માર્ગથી થોડે છેટે ઊભેલી એક મહિલાનું મન બને એટલું વહેલું અહીંથી સરકી જવા તલપાપડ હતું. સ્વામિનારાયણ સંપ્રદાયની અન્ય એક શાખામાં શ્રદ્ધા ધરાવતાં આ હર્ષાબહેન સત્સંગી પતિના કહેવાથી અત્રે કમને આવેલાં. જો કે આવતાં પહેલાં તેઓએ પતિ સમક્ષ શરત મૂકેલી કે 'જો આજની સાંજે તમે મને ચોપાટીએ ફરવા લઈ જાઓ તો હું મંદિરે આવું.'

પતિએ તે વાયદો આપતાં આજે મંદિરના આંગણે આવેલી એ મહિલાનું મન સ્વામીશ્રી કરતાંય તેઓ માટે તૈયાર કરાયેલી રંગોળી પર વધારે ચોંટેલું, પરંતુ તે કલાત્મક માર્ગ પર સ્વામીશ્રીએ પગલું મૂકતાં તેઓનાં ચરણારવિંદ અનાયાસે પેલી મહિલાની નજરે ચડ્યાં. તે જોતાં જ એ બાઈ દંગ રહી ગઈ. તેઓને સ્વામીશ્રીનાં ચરણને સ્થાને મૂર્તિ કે છબીમાં જોયેલાં ચાખડીએ ચઢી ચાલતા શ્રીજીમહારાજનાં ચરણ દેખાયાં! તેથી કૌતુકની મારી એ મહિલાએ નજર ઊંચી કરી તો સ્વામીશ્રીના સ્થાને શ્રીજીમહારાજ દર્શાયા!

આ અકલ્પ્ય અનુભવથી રણઝણી ઊઠેલી એ મહિલાની આંખો અશ્રુધારા વહાવવા લાગી. તેમાં તેઓનો પૂર્વગ્રહ તો ક્યાંય તણાઈ ગયો. બી.એ.પી.એસ.ના મંદિરમાં પગ મૂકવા તૈયાર નહીં એવાં આ મહિલા એ જ ક્ષણે સ્વામીશ્રીના આશ્રિત બની સમય જતાં તો સંસ્થાના કાર્યકર વૃંદમાં પણ ભળી ગયાં.

સ્વામીશ્રીના પગલે પગલે સૌને પ્રતીતિ આવતી કે *'સંતનું સ્વરૂપ ધારી, શ્રીજી આજ પધાર્યા રે; કોટિ જીવોનું કલ્યાણ કરવા, અવની ઉપર આવ્યા રે...'*

સુરતમાં નીલકંઠવર્ણીની પ્રતિષ્ઠા

તા. ૨૫/૧ની સવારે સુરતના મંદિરે ગુંજી રહેલી ગુણાતીત દીક્ષાદિનની સૂરાવલિને સંગત આપવા આજે અહીં સાક્ષાત્ નીલકંઠવર્ણીની પણ પધરામણી થઈ રહેલી. ભગવાન સ્વામિનારાયણના આ કિશોર સ્વરૂપના કાયમી આવાસ માટે મંદિરની નીચે આવેલા રંગમંડપે ભવ્ય અભિષેક મંડપના રૂપ-રંગ સજી દીધેલાં. તેમાં સવારે સાડા દસ વાગ્યાના મંગલ મુહૂર્તે સ્વામીશ્રીએ ૧૭૪ યજમાનોની ઉપસ્થિતિમાં નીલકંઠવર્ણી પધરાવ્યા. તેઓ પર સુવર્ણ કળશ વડે પ્રથમ જલાભિષેક કર્યા બાદ ઉત્સવ-સભામાં બિરાજેલા સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે 'નીલકંઠવર્ણી આપ બધાના સંકલ્પો પૂરા કરશે. મોટામાં મોટું તો બ્રહ્મરૂપ થવાનો સંકલ્પ, અક્ષરધામમાં જવાનો સંકલ્પ, ભગવાનનો મહિમા સમજાય એ સંકલ્પ, સત્સંગ વધે એ સંકલ્પ સિદ્ધ થાય. બહુ જન્મના સંસ્કારે આ યોગ થાય છે. એવા સાચા પુરુષનાં જાણે-અજાણે દર્શન થઈ જાય તો આપણો બેડો પાર થઈ જાય.'

સ્વામીશ્રીની આવી કૃપા સુરતવાસીઓ પર તા. ૨૬/૧ના રોજ ખરેખરી વરસી રહી. આ દિવસની સવારે તેઓએ પ્રાતઃપૂજા બાદ ઊભાં-ઊભાં ૭૧૨ મુમુક્ષુઓને વર્તમાન ધરાવ્યાં! તે પછી અલ્પાહાર કરી સ્વામીશ્રીએ ૪૦૦ ભાવિકોને મુલાકાત આપી. બપોરે પણ ભોજન બાદ તેઓ આશરે ૨૦૦ હરિભક્તોને મળ્યા અને રાત્રિભોજન પછી ૪૦૦ને! દિવસ આખાનો સરવાળો માંડો તો કુલ મુલાકાતીઓ થયા – ૧૭૧૨!

આમ, એક-એકને વ્યક્તિગત મળતા સ્વામીશ્રીથી થતા પરચાઓનો પુરાવો તા. ૨૭/૧ની સવારે પૂર્યો.

આ સમયે દર્શન માટે નીકળેલા સ્વામીશ્રીને તાલબદ્ધ લેજીમ વગાડીને દોરી રહેલા ભક્તો સુરતના મંદિર હેઠળ આવતા ગ્રામ્ય વિસ્તારના

પ્રતિનિધિરૂપે હતા. આ લેજીમ મંડળીમાં કો'ક પૂર્વે ચાર-ચાર, પાંચ-પાંચ લાખ રૂપિયાના દારૂ ગટગટાવી જનારું હતું, તો કો'કે ચાર-પાંચ કરોડ રૂપિયાનો દારૂ વેચી કાઢેલો. કો'ક ૧૫-૧૫ કે ૪૦-૪૦ વર્ષથી આ બદીમાં ખદબદતું હતું, તો કો'કના ઘેર દારૂ ગાળવાની ભઠ્ઠી રાત-દિવસ ચાલતી હતી, પરંતુ આજે તેઓ કંઠીબદ્ધ સત્સંગી થઈ તેઓએ પહેરેલા શ્વેત-શુદ્ધ ઝભ્ભા-લેંઘા જેવું જ ચોખ્ખું જીવન જીવી રહેલા. આવા પાંચ-પંદર નહીં, પણ સુરતનાં ગામડાંઓમાંથી આજે આઠેક હજાર હરિભક્તો સ્વામીશ્રીનો લાભ લૂંટવા એકત્રિત થયેલા.

તેમાં કો'ક હતું – સમજણનું સીમાચિહ્ન, તો કો'ક હતું – પ્રામાણિકતાનું પ્રતીક. કો'ક નિષ્ઠા-નિયમમાં પર્વતપ્રાય, તો કો'ક સેવા-સમર્પણમાં શૂરવીર. આ બધું જ શક્ય બનેલું સ્વામીશ્રીનાં એકાદ દર્શન કે મુલાકાતથી. તેની કૃતજ્ઞતારૂપે આજે આ ભક્તોએ વ્યસનો છૂટતાં બચેલી આવકમાંથી સોનું લાવી ઠાકોરજીને તોળ્યા. સ્વામીશ્રી કેવળ વ્યસનમુક્તિ જ નહોતા કરતા; એથીયે આગળ, તેઓ વ્યસનમુક્તને પ્રભુભક્તિમાં જોડી દેતા.

ધરે નહીં અંતર સ્વાભિમાન

સંતુલન એ સ્વામીશ્રીની વિશેષતા. તેથી જ તેઓ જીવનું જતન અને દેહની દરકાર – બંનેની યથાયોગ્ય સંભાવના કરી જાણતા. તેના ભાગરૂપે તેઓએ સુરતમાં શિખરબદ્ધ મંદિરના સર્જન બાદ અદ્યતન આરોગ્ય મંદિર ખડું કર્યું. ૯ ઑપરેશન થિયેટર, ઇન્ટેન્સિવ કૅર યુનિટના ૩૨ પલંગ અને કુલ ૧૫૦ પથારીની સુવિધા ધરાવતી આઠ મજલાની આ બી.એ.પી.એસ. પ્રમુખસ્વામી હૉસ્પિટલમાં બધી જ યાંત્રિક સામગ્રી આધુનિકતમ હતી, પરંતુ તેના દર સામાન્ય જનને પરવડે તેવા હતા. સાધારણ માનવી પણ અસાધારણ સ્વાસ્થ્ય-સુવિધા પામી શકે તેવા લક્ષ્ય સાથે સ્વામીશ્રીએ ઊભા કરેલા આ ચિકિત્સાલયમાં લેમિનર ઍર ફ્લો, એપોક્સી ફ્લોર અને સ્ટીલની દીવાલો દ્વારા સંપૂર્ણ જંતુમુક્ત બે ઑપરેશન થિયેટરો તો સમગ્ર ગુજરાતમાં પ્રથમ વાર નિર્માણ પામેલાં.

વળી, રાજ્યની પ્રથમ હરોળની હૉસ્પિટલોમાં પણ અગ્ર ક્રમાંકે સ્થાન પામનારી આ હૉસ્પિટલમાં એલોપેથી, આયુર્વેદ અને હોમિયોપેથી ઉપચાર પદ્ધતિનો ત્રિવેણી સંગમ સર્જાયેલો. તેથી આરોગ્યના ક્ષેત્રે પ્રયાગ બનેલા આ સંકુલનું ઉદ્‌ઘાટન કરવા તા. ૩૦/૧ના રોજ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી

ઉપસ્થિત થવાના હતા.

પરંતુ પોતાના નામ સાથે સંકળાયેલી આ હૉસ્પિટલના ઉદ્‌ઘાટનમાં હાજર રહેવા સ્વામીશ્રી ઇચ્છતા નહોતા. તેથી તેઓ ઉદ્‌ઘાટનના બે દિવસ પૂર્વે તા. ૨૮/૧ની સવારે હૉસ્પિટલના નિરીક્ષણ માટે જઈ પહોંચ્યા.

અહીં સ્વામીશ્રીએ સવારે દસ વાગ્યે દ્વારશાખને ચાંદલા કરી નાડાછડી છોડી. ત્યારબાદ દરેક માળ પર પુષ્પો પધરાવતાં તેઓ ત્રીજા માળે પધાર્યા. અત્રે ચાલી રહેલું સુવિધાસજ્જ ઑપરેશન થિયેટરનું કામ બતાવતાં ડૉક્ટરોએ કહ્યું : 'બે દિવસમાં આ કામ સંપૂર્ણ થઈ જશે. ત્રીસમી તારીખે મુખ્યમંત્રી સાથે આપણે આ જોઈશું.'

'ત્રીસમી તારીખે મારે આવવું નથી. અત્યારે જ જોઈ લઈએ.'

આટલું કહી આગળ નીકળી ગયેલા સ્વામીશ્રી સંતોની સારવાર માટે રખાયેલી અલાયદી વ્યવસ્થા, અગાશી વગેરે જોઈ હૉસ્પિટલના સભાગૃહમાં પધાર્યા. અહીં યોજાયેલી ઔપચારિક સભા બાદ પણ સંતોએ સ્વામીશ્રીને કહ્યું : 'હવે ત્રીસમી તારીખે ઑફિશિયલ (અધિકૃત) ઉદ્‌ઘાટનમાં મળીશું.'

'ત્રીસમીનું આજે આવી ગયું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ જ વાત તેઓએ આજની સાંજે હૉસ્પિટલ નિમિત્તે આયોજિત મીટિંગમાં પણ ઉચ્ચારી કે 'હવે ત્રીસમીએ જ્યારે ઑફિશિયલ ઉદ્‌ઘાટન છે ત્યારે હું નહીં આવું. મુખ્યમંત્રીની સાથે મોટેરા સંતો રહે. આ વાત પહેલેથી ચાલી આવે છે. ગઢડાનું ખાતમુહૂર્ત કરવાનું હતું એ વખતે પણ શાસ્ત્રીજી મહારાજે પહેલાં જ પોતે વિધિ પતાવી દીધી. ભાવનગર મહારાજા માટે બે ઈંટો રાખીને કહ્યું કે 'એ આવશે ને આ મુહૂર્ત કરી લેશે.' એમ ગઈકાલે રાત્રે જ મને વિચાર આવી ગયો. આપણે આપણા ટાઇમમાં મુહૂર્ત કરી લીધું. બધાને લાભ મળી ગયો.'

આમ, પોતે જ તૈયાર કરેલી હૉસ્પિટલનો ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ સ્વામીશ્રીએ ઠુકરાવી દીધો. તેઓએ ઊભા કરેલાં સંકુલોની સાથે તેઓની આવી જીવનશૈલી જનમાનસ પર ઘેરો પ્રભાવ પાથરતી. સંકુલો તો સમય જતાં જર્જરિત થશે, પણ સ્વામીશ્રીની આ સાધુતા તો સદાય જીવંત રહેશે.

મનના રોગ કાઢવા હોય તો અહીંયાં આવજો

તા. ૩૦/૧ની સવારે નવ વાગ્યે અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી બી.એ.પી.એસ. પ્રમુખસ્વામી હૉસ્પિટલનું લોકાર્પણ કરી મંદિરે યોજાયેલી સભામાં આવ્યા ત્યારે સ્વામીશ્રીએ ઊભા થઈને તેઓનું અભિવાદન કર્યું. તે વખતે શ્રી મોદી કેટલીય વાર સુધી પંચાંગ પ્રણામ કરી સ્વામીશ્રીનો ચરણસ્પર્શ મેળવી રહ્યા.

તે પછી તેઓએ વક્તવ્ય આપતાં જણાવ્યું :

'હૉસ્પિટલો તો ઘણી હોય છે, સારી પણ હોય છે, આધુનિક પણ હોય છે, પરંતુ બીજી હૉસ્પિટલ અને આ પ્રમુખસ્વામી હૉસ્પિટલમાં થોડો ફરક છે. આ હૉસ્પિટલ સંપૂર્ણ આધુનિકતાથી સજ્જ છે, પણ આ હૉસ્પિટલ પર આધ્યાત્મિકતાનો અભિષેક છે. સંપ્રદાયો, મઠો, ધર્માચાર્યોની આપણે ત્યાં કાંઈ ખોટ નથી, પણ આ સમગ્ર પરંપરામાં અલગ ચીલો ચાતરીને નવી આધ્યાત્મિક ચેતના પ્રગટાવવાનું કામ પૂજ્ય પ્રમુખસ્વામીના નેતૃત્વમાં થયું છે. એની અસર ચારે તરફ વર્તાઈ રહી છે. હવે સુરતમાં કોઈને પણ હૉસ્પિટલ બનાવવી હોય તો આ પ્રમુખસ્વામીએ હૉસ્પિટલ બનાવી તેનાથી કંઈક સારું બનાવવું પડે. એનો અર્થ એ કે પ્રમુખસ્વામીનાં જ્યાં પગલાં પડે એ સ્ટાન્ડર્ડ (પ્રમાણભૂત) બની જાય. હવે કોઈને મંદિર બનાવવું હોય તો અક્ષરધામથી નીચે વિચાર જ ના કરાય.

બીજો એક અનુભવ છે કે પહેલાં વિદેશ જાવ તો પરિચિત હોય તે નમસ્તે કહે. પણ છેલ્લાં દસ વર્ષમાં પરિસ્થિતિ એવી બની છે કે નમસ્તેને બદલે 'જય સ્વામિનારાયણ' કહે છે. 'જય સ્વામિનારાયણ' આપણી ઓળખ બની ગઈ છે. આ ઓળખ પેદા થવાનું કારણ એ કે પ્રમુખસ્વામી સમાજમાં પરોવાઈ ગયા છે. હું ભાગ્યશાળી છું કે એમના પ્રતાપે કશું ખોટું કરવાની ઇચ્છા જ નથી થતી. સરકારે ભારતને વિદેશમાં પ્રમોટ (પ્રચલિત) કરવા માટે 'ઇન્ડિયા ફૅર' (ભારતમેળા) કર્યા. ભારત સરકારને આ વિચાર ભગવાન સ્વામિનારાયણની ૨૦૦મી જન્મજયંતી ઊજવાઈ હતી એમાંથી મળ્યો હતો.

મને યાદ છે કે અયોધ્યામાં પહેલી કારસેવા થઈ ત્યારે પૂજ્ય પ્રમુખસ્વામી લંડનમાં હતા. ત્યાં સવારના સાડા ત્રણ વાગ્યા હતા અને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે આખી રાત લંડન મંદિરમાં કીર્તન કર્યું અને આશ્ચર્ય કે લંડનથી મને શોધીને ફોન કર્યો! એનો અર્થ એ કે તેઓ સમાજજીવન સાથે કેવા જોડાઈ ગયા છે! ૧૯૯૨માં ૨૬મી જાન્યુઆરીએ મેં શ્રીનગરના લાલ ચોકમાં ત્રિરંગો ફરકાવ્યો. આતંકવાદીઓએ ગોળીઓ છોડી બધું ખેદાનમેદાન

કરી નાંખ્યું. જીવતા પાછા આવ્યા ને જમ્મુ પહોંચ્યા ને પહેલો ફોન પ્રમુખસ્વામીનો આવ્યો : 'તમે સલામત છો ને?' ત્યારે તો મુખ્યમંત્રી બનવાનો કોઈ સવાલ જ નહોતો. એક સામાન્ય કાર્યકર્તાની આટલી બધી દરકાર જ બતાવે છે કે સમાજને પોતાનામાં અંગભૂત કરીને પ્રમુખસ્વામી કાર્ય કરે છે.

પ્રમુખસ્વામી ત્યાં હૉસ્પિટલમાં પધાર્યા નહીં. કારણ શું? અમારે શીખવા જેવું છે. હૉસ્પિટલ સાથે પ્રમુખસ્વામીનું નામ જોડ્યું છે એટલે ઉદ્‌ઘાટનમાં ન આવ્યા. આ નાની વાત નથી. શિષ્યભાવે આપણા મનમાં ઉમંગ હોય કે 'પ્રમુખસ્વામીનું નામ રાખીએ', પણ એ તો અલિપ્ત, અનિકેત, નિર્મોહી! અંતરમનની એક અદ્‌ભુત રચના હોય તો જ આ શક્ય બને."

મુખ્યમંત્રીએ આ ભાવના વહાવ્યા બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા કે 'સુરતને આંગણે તન-મનના રોગ કાઢવા આ દવાખાનું કર્યું છે. શરીરના રોગ તો જશે, પણ સાથે મનના રોગ કાઢવા મંદિર છે. મનના રોગ કાઢવા હોય તો અહીંયાં આવજો.'

આ જ રીતે આજની સાયંસભામાં પણ સ્વામીશ્રીએ કહ્યું : 'હૉસ્પિટલનું કામ સર્વોપરી થયું છે, દરેકને શાંતિ મળે એવું કાર્ય છે. આ બધાં કાર્યો કરીએ તો છીએ, પણ એની સાથે આપણે આધ્યાત્મિક વાતો પણ ભૂલવી ન જ જોઈએ. ધ્યાન, ભજન, કથા-વાર્તા, કીર્તનને મહત્ત્વ આપવાનું છે. દવાખાનાંમાં દર્દીઓ આવે તેની પાસે જઈને પણ પ્રાર્થના કરવામાં આવે તો દરદીનું દરદ ઘણું ઓછું થઈ જાય. એ શાંતિ માટેનું સાધન છે. એટલે અહીંયાં પણ આપણે એ પ્રથા રાખવી. ભગવાનની પ્રાર્થના નિયમિત થવી જોઈએ. અહીંયાં જાણીને મને બહુ આનંદ થયો છે કે ઘણા ભાઈઓ દૂર હોવા છતાં મંગળા આરતીમાં નિયમિત આવી જાય છે. જેમ દવાઓથી લાભ થાય તેમ પ્રાર્થનાથી થાય છે.'[૨૪]

ચારિત્ર્ય જાળવી રાખો એ જ આજ્ઞા

તા. ૩૧/૧ની સવારે ડુંગરી અને ખાંજણ ફળિયા ગામનાં મંદિરોની

૨૪. સુરત-સ્થિત પ્રમુખસ્વામી મહારાજ હૉસ્પિટલના લોકાર્પણ સમારોહને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

મૂર્તિઓમાં દૈવત આરોપી સ્વામીશ્રી આજની સાંજે છાત્રાલય દિનની વિશિષ્ટ સભામાં પધાર્યા. તેમાં સંવાદની પ્રસ્તુતિ બાદ ઠાકોરજીની રજતતુલા કરનારા વિદ્યાર્થીઓ મકાઈની ધાણીનો ૨૭૫ ફૂટ લાંબો હાર પહેરાવવા આવ્યા ત્યારે એકે પ્રાર્થના કરી કે 'બાપા ! આશીર્વાદ આપો – સુખી થઈએ.'

'નિયમ અને સત્સંગ જાળવજો તો સુખી જ છો. એ જ મૂડી છે.'

'બાપા ! આજના દિવસે આપની શું આજ્ઞા છે ?'

'ચારિત્ર્ય જાળવી રાખો એ જ આજ્ઞા છે.' સ્વામીશ્રી બોલ્યા.

આવી જ પ્રેરણા તેઓએ પોતાના આશીર્વાદમાં વરસાવતાં જણાવ્યું :

"જેને ચારિત્ર્યરૂપી ધન પ્રાપ્ત થયું છે એ માણસ કાયમ માટે સુખી જ રહેવાનો છે. આપણી અપેક્ષાઓ જેટલી વધારે એટલું ખોટું કામ થવાનું. હું ઘણી વખત વાત કરું છું કે લક્ષણ વગરનું શિક્ષણ ભક્ષણ કરે. જ્યાં સ્ત્રી-પુરુષ મર્યાદા ન સચવાતી હોય એવા ગરબામાં નહીં જવાના નિયમ બધાએ લીધા છે એમાં હું ખૂબ રાજી છું. સારધાર, જીવનના અંત સુધી આને મૂકશો નહીં, તો તમારું જીવન સાચું. 'જે નિયમો લીધા તે દુઃખ પડે તોય પાળવા જ છે' એ નક્કી રાખજો."

ધર્મપાલન બાબતે સ્વામીશ્રી પાસે સમાધાનની વાત કદી ન મળે.

કૌટુંબિક સંવાદિતાનાં સમીકરણ

તા. ૧/૨ની સવારે સુરતમાં મુલાકાતનો મહાકુંભ યોજાઈ જતાં સ્વામીશ્રી એક બેઠકે ૨,૦૨૫ વ્યક્તિઓને મળ્યા ! તે પછી બે બંધુઓ વચ્ચે વણસેલા વિખવાદને વિદારવા બેઠેલા તેઓએ જે કહ્યું તે પ્રત્યેક પરિવારે દિલ અને દીવાલ પર કોતરી રાખવા જેવું હતું. સ્વામીશ્રી બોલ્યા :

'તમે બધા મહેનત કરીને આગળ આવ્યા છો. હવે મિલકતની બાબતમાં જે ઝઘડો છે તો થોડું મોટું મન રાખીને, અંદરોઅંદર બેસીને એકબીજાના વિચારો સાંભળી લઈને કામ પતી જાય એ કરવું, કારણ કે બહાર કરવા જશો તો બધાને તો ભેગા કરવા કરતાં ઝઘડાવવામાં વધારે રસ હોય છે. કૉર્ટ-કચેરી કરીએ એમાં ખોટા ખર્ચા થાય ને વૈમનસ્ય પણ ઊભું થાય. મન નોખાં રહ્યા કરે અને પછી આપણાં છોકરાંઓમાં પણ એ જ ભાવના ચાલુ રહે. એટલે એવું ન થાય એનું ધ્યાન રાખજો. પૈસા મહત્ત્વના નથી, મહત્ત્વનો છે એકબીજાનો પ્રેમ રહે એ. કુટુંબભાવના રહે એ અગત્યનું છે.

માટે મિલકતનો ભાગ પાડતી વખતે આ વિચાર કરજો. કોઈ કોઈનું નસીબ લઈ જવાનું નથી. નસીબમાં હશે તો આવવાનું જ છે. નસીબ હશે તો છોકરા પણ કમાશે. માટે એ ચિંતા ભગવાન પર છોડી દેવી.'

પારસ્પરિક પ્રેમનું પોત ફાટે-ફીટે નહીં એવું આ મૂલ્યવાન માર્ગદર્શન આપી સ્વામીશ્રી તા. ૩/૨ની સવારે ઉધના પહોંચ્યા. અહીં તેઓએ નવનિર્મિત મંદિરની મૂર્તિઓનાં આરતી-પૂજન કરી આશીર્વાદ વરસાવતાં કહ્યું : 'બધા મંડળની જય. દામોદરભાઈ અને એમના કુટુંબની પણ જય. એમણે બહુ પ્રેમ અને મહિમાથી મંદિર તૈયાર કર્યું છે. હવે અહીં હજારો ભગવાન ભજશે એનું પુણ્ય તેમને મળશે. આમાં સહકાર આપનાર મનોજભાઈ પટેલને પણ સુખ-શાંતિ થશે અને આનંદ થશે. આ ભગવાનનું કાર્ય થયું એટલે આપણો છેલ્લો જન્મ.'

મંદિરની સેવાનો આ મહિમા વર્ણવી વિદાય થયેલા સ્વામીશ્રીએ વિચરણના આગામી ક્રમમાં ડુમસને પાવન કર્યું. અત્રે બે દિવસનો લાભ આપ્યા બાદ આગળ નીકળેલા તેઓ તા. ૫/૨ની સાંજે સુરતના હીરાબાગ વિસ્તારમાં નિર્માણ પામેલા નૂતન સંસ્કારધામની મૂર્તિઓને આરતીનું અર્ઘ્ય ધરી અટલાદરા આવી પહોંચ્યા.

અહીં તા. ૬/૨ની સવારે તેઓના વરદહસ્તે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરનાં દ્વાર ખૂલતાં જ વહેતી થયેલી સરસ્વતીની ધારાને રાજ્યના મહેસૂલ-મંત્રી, શહેરના મેયર સહિત સમસ્ત વડોદરાવાસીઓએ વધાવી લીધી. આ શાળાસંકુલ માટે ભૂમિદાન કરનારા સંનિષ્ઠ સત્સંગી શ્રી પી. ડી. પટેલ તથા તેઓના સુપુત્રોને પણ સન્માનિત કરવામાં આવ્યા.

સંસ્થાનિર્મિત આઇ-મેક્સ ફિલ્મનો જયજયકાર

આ અરસામાં પેરિસના લા જિઓડ મુકામે આંતરરાષ્ટ્રીય આઇ-મેક્સ ફિલ્મ ફેસ્ટિવલ યોજાયેલો. આ દસમા ફિલ્મ મહોત્સવમાં મનોરંજનના માંધાતા જેવા ડિઝની વર્લ્ડ સહિત વિશ્વપ્રસિદ્ધ ફિલ્મ નિર્માતાઓની નવ આઇ-મેક્સ ફિલ્મોનું નિદર્શન તા. ૧૧/૧થી વીસ દિવસ સુધી સમયાંતરે થતું રહેલું.

આ ક્રમમાં સંસ્થા દ્વારા નિર્મિત મિસ્ટિક ઇન્ડિયા ફિલ્મ પણ પ્રસ્તુત થયેલી. તે ત્રણ લાખ દર્શકોને મંત્રમુગ્ધ કરી ગઈ તેનું એક કારણ હતું – ભારતમાં બનેલી અને ભારત પર બનેલી આ સૌપ્રથમ ફિલ્મમાં રજૂ થતી

નીલકંઠવર્ણીની કલ્યાણયાત્રા.

ફિલ્માંકનના ક્ષેત્રે વીસમી સદીના ઉત્તરાર્ધમાં આવેલા એક વળાંકને કારણે ૩૫ મિ.મી.ની પટ્ટી પર ઝિલાતાં દૃશ્યો ૭૦ મિ.મી.ની પટ્ટી પર મુદ્રિત થવા માંડેલાં. તેને પ્રદર્શિત કરવા માટે આશરે ૬૦ x ૯૦ ફૂટના પહોળા ચિત્રપટનો ઉપયોગ થતો ચાલેલો. તેમાં પણ આટલા વિરાટ પડદા પર રજૂ થતી લાર્જ ફોર્મેટ ફિલ્મો ૭૦૦ થી ૭૫૦ની સંખ્યાના દર્શક સમુદાયને સમાવતા થિયેટરમાં જ પ્રસ્તુત થતી હોવાથી સૌને એક રોમાંચકારી અનુભવ મળતો.

સરેરાશ ચાલીસેક મિનિટની સમયાવધિ ધરાવતી આ ફિલ્મોમાં મુખ્યત્વે કુદરતની વિશેષતાઓ, અવકાશ વિજ્ઞાન જેવા વિષયો પર માહિતી પીરસવામાં આવતી, પણ મિસ્ટિક ઇન્ડિયા દ્વારા વિશ્વમાં સર્વપ્રથમ વાર એવી ફિલ્મ બનેલી કે જેમાં ૧૧ વર્ષીય એક બાળકની દિલધડક દાસ્તાન રજૂ થઈ હોય.

આ ઉપરાંત, ૪૫,૦૦૦ કલાકારોનો કાફલો, બળબળતા રણથી બરફીલા હિમાલય સુધીનાં ૧૦૦ સ્થળો પર ફિલ્માંકન, ૫૭૦થી વધુ ચુનંદા સ્વયંસેવકોના દસ લાખ જેટલા સેવા-કલાકોના વિનિયોગની વિગતો પણ સૌનાં નેત્રો વિસ્ફારિત કરતી રહી. ઉઘાડે પગે, કેવળ કૌપીનભર રહીને નીલકંઠવર્ણીએ ખેડેલી ૧૨,૮૦૦ કિ.મી.ની યાત્રાએ આખા ભારતને આવરી લીધું હોવાથી આ ફિલ્મમાં ક્યારેક ભારતીય ઉત્સવોનો રંગ ઊડતો, તો ક્યારેક ફૂલ-પ્રફુલ્લિત ભારતની સૌરભ પ્રસરતી. ક્યારેક પડદો બેનમૂન ભારતીય શિલ્પ-સ્થાપત્યથી ભરચક થઈ જતો, તો ક્યારેક ચિત્રપટ પર ભારતનો વિરાટ દરિયાકિનારો ઘૂઘવવા માંડતો. દેશ-વિદેશનાં ૧૭ ગ્રંથાલયોમાંથી મેળવાયેલા ૨૭૦ પ્રમાણભૂત સંદર્ભગ્રંથોના આધારે ગૂંથાયેલી આ ફિલ્મમાં, ગીત, સંગીત, નૃત્ય, ચિત્ર જેવી વિવિધ ભારતીય કલાઓ, જનજીવન, રીત-રિવાજો વગેરે એક સળંગ સૂત્રમાં એ રીતે પરોવાયેલાં કે જ્યાં તે રજૂ થાય ત્યાં ભારતની હવા પ્રસરી રહેતી.

તેથીયે અદકેરું આકર્ષણ જમાવતા બાળયોગી નીલકંઠવર્ણીનાં સાહસ, શૌર્ય, સેવા, સહનશીલતા, શ્રદ્ધા, કરુણા વગેરે સદ્ગુણો. બસો વર્ષ પૂર્વેના પ્રસંગોને કચકડે કંડારવા તે તે કાળનાં દૃશ્યો પણ એવાં આબેહૂબ ખડાં કરવામાં આવેલાં કે દર્શક પોતે એકવીસમી સદીનો નાગરિક છે તે વીસરી જાય.

આવા આકર્ષક અને વાસ્તવિક કથાનકને હોલીવૂડના વિશ્વવિખ્યાત ફિલ્મ નિર્દેશક શ્રી કિથ મેલ્ટન, પ્રખ્યાત સિનેમેટોગ્રાફર શ્રી રીડ સ્મૂટ,

સિદ્ધહસ્ત પટકથા લેખક શ્રી મોઝ રિચાર્ડ્સ અને કમલેશ પાંડેની કુશળતાનો સ્પર્શ સાંપડતાં તે ખૂબ જ રોચક બનેલું. સુવિખ્યાત અભિનેતા શ્રી પીટર ઓટૂલેના અવાજ અને સંગીત ક્ષેત્રના મહારથીઓ શ્રી સેમ કાર્ડન તથા રોનુ મઝુમદારનાં સાજ-સંગીત સાથે આ પટકથા વહેતી ત્યારે સૌ સાંસ્કૃતિક કુબેર સમા ભારતની ભવ્યતામાં ખેંચાઈ જતા, વિવિધતામાં એકતા ધરાવતા ભારતમાં ખોવાઈ જતા. તેથી જ પેરિસના આંતરરાષ્ટ્રીય મહોત્સવમાં મિસ્ટિક ઇન્ડિયા ફિલ્મ દર્શકોનાં અતિ અધિક અભિનંદનની અધિકારી બની રહી.

તે જોઈ તા. ૫/૨ના રોજ યોજાયેલા એક દબદબાભર્યા સમારંભમાં નીલકંઠવર્ણીની આ ફિલ્મને 'ધ ઑડિયન્સ ચોઇસ પ્રાઇઝ' (દર્શકોની પસંદગીનું પારિતોષિક) એનાયત કરવામાં આવ્યું. આ અવસરે ઊઠેલો તાળીઓનો પ્રચંડ ગડગડાટ સ્વામીશ્રીની એક મહાન સંસ્કૃતિસેવાને બિરદાવી રહ્યો. એક અકિંચન સંતની પ્રેરણા, પરામર્શ અને પ્રોત્સાહનના ત્રિવેણી સંગમે પ્રગટેલી આ ફિલ્મે વિશ્વને અચંબામાં મૂકી દીધું. તેથી જ તા. ૩૧/૧ના રોજ જાહેર જનતા માટે આ પ્રભાવિક ફિલ્મની પ્રથમ પ્રસ્તુતિ સિંગાપોરના પ્રસિદ્ધ ઓમની થિયેટરમાં થઈ ત્યારે આ દેશના રાષ્ટ્રપ્રમુખની સાથે રશિયા, ઇઝરાયલ, સ્વિડન, નોર્વે, ઇજિપ્ત, રોમાનિયા વગેરે વીસ દેશોના રાજદૂતો પણ ઉપસ્થિત રહ્યા.

પ્રસિદ્ધિનાં પડઘમ વચ્ચે આત્મીયતાનો સૂર

'અત્યાર સુધી અન્ય કોઈ પક્ષીવિદ્ સાથે મારા સંબંધો સારા રહ્યા નથી. સૌની સાથેના અણબનાવને લીધે કંટાળીને મેં મારું કાર્ય છોડી દીધું હતું. હું ૨૬ વર્ષનો યુવાન છું છતાં સૌ મને બુઢ્ઢો કહેતા, પણ આજથી પક્ષીજગત સંબંધી પરિષદો ભરવાનું, આ વિષે અન્ય સાથે વિચાર-વિમર્શ કરવાનું વગેરે કામ હું ફરીથી શરૂ કરી રહ્યો છું. મને આવી પ્રેરણા મળી એના મૂળમાં મિસ્ટિક ઇન્ડિયા નામની આઇ-મેક્સ ફિલ્મ છે. તેમાં જોવા મળેલી એક નાના બાળકની હિંમત જોઈને મને ખરેખર પ્રેરણા મળી છે કે ઈર્ષ્યા, રાગ-દ્વેષ કે માન-અપમાન ભૂલી જઈને પોતાના ધ્યેય તરફ આગળ વધવું જોઈએ.'

તા. ૭/૨ની સવારે અલ્પાહાર લઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ અમેરિકન પક્ષીવિદ્ શ્રી માઇકલનો આ અનુભવ રજૂ થયો ત્યાં જ સમાચાર આવ્યા કે 'કેનેડાના સડબરી મુકામે યોજાયેલા આઇ-મેક્સ ફિલ્મ મહોત્સવમાં પણ મિસ્ટિક ઇન્ડિયા ફિલ્મને છેલ્લાં કેટલાંક વર્ષોમાં સૌથી વધુ સફળ નીવડેલી દસ

ફિલ્મો સાથે પ્રસ્તુત કરવામાં આવી. આ સ્પર્ધામાંય નીલકંઠવર્ણીની ફિલ્મે અગ્ર ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.'

મિસ્ટિક ઇન્ડિયા ફિલ્મે વિશ્વભરમાં ગજવેલા આ ડંકાના નાદ સાંભળતાં સાંભળતાં જ સ્વામીશ્રીનો અલ્પાહાર પૂરો થયો. તેથી દર્શન માટે બેઠેલા સૌ ભક્તો ફિલ્મની ગૌરવગાથા સાંભળી રોમાંચિત હતા, પરંતુ આ યશોગાનથી સાવ અલિપ્ત સ્વામીશ્રી તો અલ્પાહાર પછીની મુલાકાતો દરમ્યાન મંદિરમાં રહેતા એક આદિવાસી સેવક કિડિયાને મળ્યા. એટલું જ નહીં, તેઓએ સામે ઊભેલા યોગીચરણદાસ સ્વામીને કહ્યું : 'આનો ફોટો પાડો.'

વેશ-કેશ, રૂપ-રંગ કે કાર્ય-કારકિર્દી વગેરે એકેય પાસાથી જોતાં આ કિડિયો ફોટાની ફ્રેમમાં ફિટ થાય એમ નહોતો, પરંતુ સ્વામીશ્રીના અંતરમાં જડાયેલી આ આદિવાસી શ્રમજીવીની છબીના પ્રતિબિંબરૂપે જ આજે તેનો ફોટો પડ્યો. તે વખતે સ્વામીશ્રી બોલ્યા : 'ચાલીસેક વર્ષથી આ કિડિયો અહીં અટલાદરામાં જ સેવા કરે છે. ક્યારેય જવાનું નામ લીધું નથી. બધું જ કામ કરવાનું. કોઈને ના નહીં પાડવાની ને ક્યારેય પગાર વધારવાનું કહેવાનું જ નહીં. કામ કર્યે રાખે.'

આખું વિશ્વ જ્યારે સ્વામીશ્રીના કાર્યને બિરદાવી રહેલું ત્યારે તેઓ એક મજૂરનાં ગુણગાન ગાવામાં ડૂબ્યા. પોતાની પ્રસિદ્ધિનાં પડઘમ વચ્ચે આદિવાસીના આત્મીય બની રહેનારા સ્વામીશ્રીની આ ગુણગરિમાને કંડારવા માટે આઇ-મેક્સ ફિલ્મની પહોળી પટ્ટી પણ ટૂંકી પડે.

બોડેલીમાં શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ

તા. ૭/૨ના રોજ સ્વામીશ્રીને મળવા આવેલા સર્વ વિદ્યાલયના હોદ્દેદારો કડીમાં બાવીસ જેટલી શાળા-કૉલેજોનો કુશળતાપૂર્વક વહીવટ ચલાવી રહેલા. તેઓ દ્વારા સંચાલિત આ શિક્ષણ સંસ્થા હવે ડીમ્ડ યુનિવર્સિટીનું પદ પામવાની દિશામાં અગ્રેસર હતી. તેથી માણેકભાઈ, ડૉ. રામભાઈ વગેરે કાર્યવાહકોએ આજે સ્વામીશ્રી સમક્ષ રજૂઆત કરી કે 'સર્વ વિદ્યાલય જ્યારે યુનિવર્સિટીનું રૂપ ધારણ કરે ત્યારે તેનું નામ 'પ્રમુખસ્વામી યુનિવર્સિટી' રાખવું છે.'

મૌખિકરૂપે આટલી માંડણી બાદ અગ્રણીઓએ આ બાબતે અનુમતિ માંગતો વિનંતીપત્ર પણ ધર્યો, પરંતુ તે સમયે સ્વામીશ્રીએ જણાવ્યું : 'અમારું નામ જોડ્યા વગર અમે સાથે જ છીએ ને ! કોઈ એવા મોટા દાતા હોય એમનું

નામ રાખજો ને !'

આ શબ્દો સાથે જ એક પ્રતિષ્ઠાભર્યા પ્રસ્તાવ પર પૂર્ણવિરામ મૂકી સેવાકાર્યોમાં પરોવાઈ ગયેલા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૧૦/૨ની સવારે અમદાવાદના હીરાવાડી વિસ્તારમાં તૈયાર થયેલા મંદિરની મૂર્તિઓનાં પૂજન-પ્રતિષ્ઠા થયાં.

તેને અનુસરતાં તા. ૧૧/૨ની સવારે બોડેલીના શિખરબદ્ધ મંદિરના શિલાન્યાસની શરણાઈઓ ગુંજી ઊઠી.

૧૨૦ x ૪૦ કિ.મી.માં પથરાયેલા આ પૂર્વ પટ્ટીના આદિવાસી પ્રદેશનો ઉત્કર્ષ સાધવા સ્વામીશ્રી છેલ્લા ત્રણ દાયકાથી પ્રયત્નશીલ હતા. તેઓનો આ પુરુષાર્થ હવે અહીં મંદિરરૂપે મહોરવાનો હતો. આવા ઐતિહાસિક પ્રસંગે ૫,૦૦૦ આદિવાસીઓ વૈદિક મહાપૂજામાં સામેલ થયા હતા. તેમાંનાં એક મહિલા તો બોર વેચીને ગુજરાન ચલાવનારાં હતાં, છતાં તેઓએ બે શિલાની સેવા કરી યોગદાન આપેલું.

આવા કંઈક ભક્તોનો ભક્તિભાવ સાર્થક કરવા સ્વામીશ્રી પણ અટલાદરાથી નીકળી ૯:૫૦ વાગ્યે ઓરસંગ નદીના કિનારે આવી ઊભા. અત્રે તેઓએ શ્રી પ્રકાશભાઈ પટેલે આપેલી અગિયાર એકરની ભૂમિ પર ૨૦,૦૦૦ની જનમેદનીનો જયકાર ઝીલતાં મંદિરની શિલાઓને પૂજી ગર્તમાં સ્થાપી.

આ અવસરે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રાજ્ય કક્ષાના કેન્દ્રિય રેલમંત્રી શ્રી નારાયણસિંહ રાઠવાએ જણાવ્યું :

'આ વિસ્તારમાં જોયું છે કે સત્સંગ થયા પહેલાં અહીં કશું જ નહોતું, પણ જેમ જેમ સ્વામિનારાયણની કૃપા થઈ ને સૌ સત્સંગી થયા એનાથી અહીં ઘણો જ સુધારો થયો. બડવાઈ કરવાવાળા બડવા પણ સ્વામિનારાયણ થઈ ગયા. પહેલાં તો અહીં રાત્રે નીકળવું હોય તો નીકળી પણ ન શકાય, ને અત્યારે સત્સંગ થયા પછી રાત્રે જવું હોય તો કોઈ જ પ્રકારની બીક નથી લાગતી. કાંટાળી ધરતી હવે ધાર્મિક ધરતી થતી જાય છે. આ કેવળ પ્રમુખસ્વામી મહારાજની કૃપાથી જ થયું છે.'

સાધુતા મુખ્ય

બોડેલીથી અટલાદરા પરત પધારેલા સ્વામીશ્રી અહીં તા. ૧૨/૨ની સવારે અલ્પાહારથી પરવાર્યા ત્યારે શહેરના પ્રતિષ્ઠિત તબીબ શ્રી હેમંતભાઈ

બ્રહ્મભટ્ટ મળવા આવ્યા. તેઓને સંતોએ પૂછ્યું: 'રવિસભામાં આવવાનું કેમ છે?'

આ પૂછપરછના પ્રતિભાવમાં ડૉક્ટરે આછું સ્મિત વેર્યું ત્યારે સ્વામીશ્રી મર્મમાં બોલ્યા: 'પહેલાં સંતો ફોન કરીને બોલાવતા. હવે કોઈ બોલાવતા નથી પછી ક્યાંથી આવે?' આટલું કહી તેઓએ ડૉક્ટરને જણાવ્યું: 'બીજા કોઈ ટેલિફોન કરે કે ના કરે, પણ અમારો ટેલિફોન તો કાયમ છે જ. એટલે રવિસભામાં કાયમ આવી જ જવાનું!'

આમ, એકના નિમિત્તે સૌને રવિસભાનો ટેલિફોનિક સંદેશ કાયમ માટે પાઠવી સ્વામીશ્રી આજની રાત્રે ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે તેઓ સમક્ષ સારંગપુરમાં ઊજવાયેલા યજ્ઞપુરુષ પર્વનો અહેવાલ રજૂ થવા લાગ્યો. તેમાં અપૂર્વમુનિદાસ સ્વામી ઉપાસના દિનની ઉજવણીનો મુદ્દો જણાવતાં બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજે પત્ર, વિચરણ અને મંદિર દ્વારા ઉપાસના ફેલાવી હતી...'

'આ બધાંમાં પણ સાધુતા મુખ્ય. વિચરણ, મંદિર ખરાં, પણ એમની સાધુતા દૃઢ હતી. તેના દ્વારા ઉપાસના ફેલાઈ.' સ્વામીશ્રીએ ઉમેર્યું.

સત્સંગના પ્રવર્તનનું આ મૂળ શાસ્ત્રીજી મહારાજની જેમ તેઓએ પણ બરાબર પકડેલું. તેથી જ આ અરસામાં એક દુર્લભ પ્રતિભાવ તેઓના મુખેથી સરી પડ્યો.

સ્વામીશ્રીના અટલાદરામાં રોકાણ દરમ્યાન સુરતની પ્રમુખસ્વામી હૉસ્પિટલમાં બે સંતોને દાખલ કરવામાં આવેલા. તેમાંના એક તો સોરઠના એક પ્રસિદ્ધ ધર્મસ્થાનમાં મહંતપદે રહી ચૂકેલા. તેઓના કાર્યકાળ દરમ્યાન જ સ્વામીશ્રી એ સ્થાનમાં પધારેલા, પરંતુ તે વખતે આ મહંતે મંદિરની જાળી ભિડાવી દેતાં સ્વામીશ્રી દર્શન કરી શક્યા નહોતા. બે વર્ષ બાદ સ્વામીશ્રી પુનઃ આ મંદિરમાં દર્શન કરવા ગયેલા ત્યારે પણ આવી જ અપમાનજનક કુચેષ્ટાનું પુનરાવર્તન કરવામાં આવેલું.

આવા તેજોદ્વેષથી પીડાતા એ સંત કાળક્રમે સોરઠથી સુરત આવીને વસેલા. અહીં પોતાની સ્વતંત્ર સંસ્થા સ્થાપનારા તેઓને મસ્તકમાં કંઈક તકલીફ થતાં મુંબઈ ખસેડાયેલા, પણ ત્યાં તેઓની તપાસ કરનારા ન્યૂરો સર્જને કહી દીધું: 'કંઈ થઈ શકે તેમ નથી.' તેથી તેઓને પુનઃ સુરત લાવવામાં આવેલા.

આ સમયે તેઓના કેટલાક શિષ્યોએ પ્રમુખસ્વામી હૉસ્પિટલના કાર્યવાહકોને ફોન જોડી પોતાના ગુરુને હૉસ્પિટલમાં દાખલ કરવા વિનંતી

ઉચ્ચારી. તે મુજબ પેલા સંત માટે આપણી હૉસ્પિટલમાં યોગ્ય વ્યવસ્થા કરી દેવામાં આવી.

અહીં તેઓ જ્યારે સારવાર લઈ રહેલા ત્યારે તેઓના અનુયાયીઓએ જ સત્સંગી ડૉ. જોશીને કહ્યું : 'અમારા ગુરુએ પ્રમુખસ્વામી મહારાજને દર્શન પણ કરવા દીધાં નહોતાં, પરંતુ તેઓને પ્રમુખસ્વામી હૉસ્પિટલમાં ભરતી થવું પડ્યું.'

આ હકીકત જાણી ડૉક્ટર આશ્ચર્ય અનુભવી રહ્યા.

તેઓએ આ વિગત અહીં અટલાદરામાં સ્વામીશ્રીને જણાવતાં કહ્યું : 'બાપા ! દાંતે વાધરી છોડાવે તે ગુણાતીત. આજે આ એવું જ થયું !'

'એવું ન બોલાય. આ તો તમને સંતોની સેવા મળી.' આટલું કહી સ્વામીશ્રીએ એ સંતની સારવારનો ખર્ચ પણ ન લેવાની ભલામણ ડૉક્ટરને કરી !

*'સુખ કરવા જ સદૈવ આપ ઇચ્છે...'*ની સાધુતા સાથે જીવતા સ્વામીશ્રી પોતાનું ભૂંડું કરનારાનું પણ ભલું જ કરતા. મીણબત્તીને જલાવનારો પણ પ્રકાશ જ પામે છે ને !

જીવનચરિત્ર વાંચીને રાજી કરો

તા. ૧૩/૨ના રોજ આવેલી વસંત પંચમીની સાયંસભા રવિવાર હોવાથી ચિક્કાર ભરાયેલી. તેમાં સદ્‌ગુરુ સંતો સાથે યોજાયેલી પ્રશ્નોત્તરી બાદ સ્વામીશ્રીને પણ પ્રશ્ન પુછાયો કે 'જેમ સદ્‌ગુરુ સંતોએ આપને રાજી કર્યા છે અને આપે શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજને રાજી કર્યા છે, એમ અમે સૌ આપને કઈ રીતે રાજી કરી શકીએ ?'

આ જિજ્ઞાસાના ઉત્તરરૂપે સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે –

''આપણે બધા ભગવાન ને સંતને રાજી કરવા આવ્યા છીએ, પણ સાથે થોડા સ્વભાવો હોય એટલે પ્રશ્નો થાય છે, પણ શ્રીજીમહારાજ અને પરંપરાનાં જીવનચરિત્ર વાંચીને સમજણ આવે તો પછી પ્રશ્નો પૂછવાની કોઈ જરૂર રહેશે નહીં. એ વાંચીને જીવમાં ઉતારો એટલે થઈ રહ્યું. વચનામૃત સારી રીતે વાંચો. એમાં બધા પ્રશ્નોના ખુલાસા આપણને મળી જાય છે. મુમુક્ષુ છે એને મળશે. મુમુક્ષુ નથી એને નથી મળવાના. જેને ખપ છે એને આ વાત સમજાશે અને એનું કલ્યાણ થશે.

પ્રશ્નો આવે તો નિરાકરણ આપણે જ કરવાનું છે. આપણા ગુરુઓને

પ્રશ્નો આવ્યા ત્યારે કેમ કર્યું એનો જ વિચાર કરવો પડે. આ આપણા ઘરની વાતો છે, પણ દરરોજ તાજું કરવું પડે.

દુનિયામાં બધે ફરીએ પણ 'હું કોણ છું? કેમ આવ્યો છું?' એ જોવાનું છે. આધ્યાત્મિક બાબતમાં તમે તમારું જ જોયા કરો. તમને તમારી ભૂલ દેખાશે તો જ તમે પાછા વળશો. 'આવોયા આમ કરે છે, તેમ કરે છે' એવું હશે તો કોઈ દિવસ આગળ આવવાના જ નથી. એટલે આપણી પાસે જીવનચરિત્ર છે, એ વાંચીને રાજી કરવા પ્રયત્ન કરો. પ્રયત્ન નથી કરતા એટલે નથી થતું. ભગવાનને સંભારીને આપણું કર્તવ્ય કરતા રહીશું તો શાંતિ, શાંતિ ને શાંતિ.''

આ શાંતિનું સામ્રાજ્ય વિશેષ વિસ્તારવા સ્વામીશ્રીએ તા. ૧૮/૨ની સવારે સામોજ, કઠવાડા અને ચવલજ ગામનાં નવનિર્મિત મંદિરની મૂર્તિઓમાં દૈવત પૂર્યું.

તેને અનુસરતાં ફૂટેલી તા. ૨૦/૨ની સવારે વડોદરા શહેર અને ગ્રામ્ય વિસ્તારના સત્સંગીઓએ અટલાદરાના મંદિરમાં વિરાજમાન થનારા ઘનશ્યામ મહારાજની વધામણીમાં સુવર્ણના સમર્પણની સરિતા વહાવી દીધી. આ નિમિત્તે ૪,૬૦૦થી વધુ ઘરોમાં થયેલી ઠાકોરજીની પધરામણી પણ વડોદરાના સત્સંગ-ઇતિહાસનું સુવર્ણ પ્રકરણ બની રહી. આ ગૌરવગાથાની અંતિમ લીટીઓ આજની સાયંસભામાં લખાઈ ત્યારે ત્રાજવે બિરાજેલા ઠાકોરજી ભક્તોની સેવાભાવના જોઈ મલકી ઊઠ્યા. હેતની આ હેલી વચ્ચે હરિકૃષ્ણ મહારાજની ભવ્ય શોભાયાત્રા નીકળ્યા પછી એકેએક ભક્તે તુલામાં વિરાજિત ઠાકોરજીને ભક્તિનું સુવર્ણપુષ્પ ચડાવ્યું.

સૌનો આ ભક્તિભાવ સ્વીકારતાં સ્વામીશ્રી તા. ૨૧/૨ની સવારે હિંમતનગર આવી પહોંચ્યા.

પોશીનામાં આદિવાસી મહાસંમેલન

હિંમતનગરમાં મંદિરના સમીપવર્તી સહકારી હૉલમાં સ્વામીશ્રીની પ્રાતઃપૂજા અને મહાકાળી મંદિરના સમીપવર્તી પ્રાંગણમાં સાયંસભાના કાર્યક્રમો ગોઠવાયેલા. આ બંને સ્થળે પ્રથમ દિવસથી જ ભક્તભીડ ઊમટવા લાગી. તેને પોતાનાં દર્શન અને આશીર્વાદથી શાતા પમાડતા સ્વામીશ્રી તા. ૨૩/૨ની ઢળતી સંધ્યાએ કાંકણોલ ગામની સીમમાં આવેલી એક નિશ્ચિત જગ્યાએ પધાર્યા. હાઈવેને અડીને જ ઊભેલી આ ભૂમિ પર તેઓએ નિર્માણાધીન

શિખરબદ્ધ મંદિરનો સંકલ્પ કરતાં ધૂન ગજાવી.

આ ધૂનને પ્રચંડ પ્રતિસાદ આપતો ઘોષ તા. ૨૪/૨ની સવારે ઊઠ્યો, જ્યારે સ્વામીશ્રી પોશીનાના આંગણે પધાર્યા.

સાબરકાંઠાના આદિવાસી પંથકનું મુખ્ય વ્યાપારી કેન્દ્ર ગણાતું આ નગર આજે સંસ્થા દ્વારા આયોજિત આદિવાસી મહાસંમેલનને કારણે વનવાસીઓથી ઊભરાતું હતું. સ્વામીશ્રીનો પ્રવેશ થતાં જ તુવેર, ધોડી, ઝાંઝવા, દિગ્થળી, ભરમિયાં, કોદરિયા, પાલિયાબિયા, ખંઢોળા, પીપળિયા, ખણઘાટી વગેરે અંતરિયાળ ગામોમાંથી ઊમટેલો ૮,૦૦૦ની સંખ્યાનો આદિવાસી સમાજ તેઓને કૃતજ્ઞતાની કીકીથી નીરખી રહ્યો. આ સંમેલનમાં ઉપસ્થિત ઘણા ખરા આદિવાસીઓનો ભૂતકાળ વ્યસન અને લૂંટફાટને કારણે બેહાલ, પણ વર્તમાનકાળ સત્સંગથી થયેલા પરિવર્તનને કારણે ખુશહાલ હતો. તેથી જ સ્વામીશ્રીના સ્વાગતમાં ઢબૂકવા માંડેલા ઢોલ અને મર્યાદા મુજબ ઊભેલી કળશધારી મહિલાઓનાં મંગલ ગાન સૂરો રેલાવી રહ્યાં :

'આજે આજે હોનાનો હુરજ ઊગિયો, આજે આજે મારા બાપા આવ્યા પોંયણા રે...
આજે આજે મારે આંગણિયાં દીપાવો રે, આજે આજે મારાં ફૂલડે વધાવો રે...'

ભભકાભર્યું નહીં, પણ ભાવભર્યું આ સ્વાગત સ્વીકારી સ્વામીશ્રી મંચ પર પધાર્યા ત્યારે અહીં તો આદિવાસી ગામની હૂબહૂ ઝાંખી કરાવતી શોભા વિલસી રહેલી. સ્વામીશ્રીના આસનની પાર્શ્વભૂમાં ખડી થયેલી ઝૂંપડી પર પરંપરાગત ચિતરામણ અને ભરત ભરેલા ચાકળા ઓપી રહેલા. મંચની ધારે માટીના કુંભ, આસોપાલવનાં પાંદડાં તથા શ્રીફળ શોભતાં હતાં, તો મંચના છેડે લચી પડેલાં કેસૂડાં અને આંબાનાં ઉપવનોથી સ્વામીશ્રી સાચે જ કો'ક આદિવાસીના કૂબામાં બિરાજ્યા હોય તેવો ભાસ થઈ રહ્યો.

અત્રે તેઓનાં ચરણે ભાવોર્મિનો પ્રથમ કળશ આ પ્રદેશમાં આદિવાસી-ઉત્કર્ષની પ્રવૃત્તિ કરી રહેલા શ્રી ગુલાબસિંહે ઢોળ્યો. તેઓએ જણાવ્યું કે –

'પ્રમુખસ્વામીના પ્રતાપે આજે આદિવાસીઓ પણ શુદ્ધ બ્રાહ્મણની જેમ પૂજા કરે છે એ નાનોસૂનો ચમત્કાર નથી. હું દૃઢપણે માનતો થયો છું કે જ્યાં સુધી સત્સંગ ન હોય ત્યાં સુધી કોઈ વિકાસ થઈ શકે નહીં, કારણ કે આજથી બાવીસ વર્ષ પહેલાં આદિવાસીઓના વિકાસ માટે મેં સરકારી નોકરી છોડી દીધેલી. મેં ઘણા પ્રોજેક્ટ બનાવ્યા. મારા પોતાના સાતેક લાખ રૂપિયા ગુમાવ્યા. છતાં જોઈએ એવું કામ હું કરી શક્યો નહોતો. પણ સત્સંગ થયા

પછી અત્યારે આદિવાસીઓનાં પરિવર્તનને હું જોઈ શકું છું.'

આ પ્રસંગે ઉપસ્થિત શ્રી સોમભાઈ પણ અહીં યથાશક્તિ સમાજસેવા કરનારા. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આ મોટા ભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'આ વિસ્તારના આદિવાસી પંથકમાં હું પહેલાં પણ આવેલો છું, પરંતુ આપનો સત્સંગ થયા પછી આ આદિવાસીઓમાં જે પરિવર્તન મેં નોંધ્યું છે એની પ્રેરણાને લીધે જ આજે હું આ સંમેલનમાં આવ્યો છું.'

આમ, આદિવાસીઓમાં સ્વામીશ્રીએ આણેલી ક્રાંતિ અને શાંતિથી સૌ પ્રભાવિત હતા. આજે તેઓનાં સાક્ષાત્ દર્શન થતાં સૌના આનંદે માઝા મૂકેલી. તેથી જ તો આ નગરના તમામ દુકાનદારો પણ આજે દુકાનોના દરવાજા બંધ રાખી કલ્યાણની કમાણી રળી રહેલા. આ ઉલ્લાસમાં સ્વામીશ્રીના આશીર્વાદનું અમૃત ભળતાં એકેએક વનવાસી-નગરવાસી અનેરા આહ્લાદનો અનુભવ કરવા લાગ્યા.

પોશીનામાં નિર્માણ પામનારા સંસ્થાના મંદિરની બાજુમાં જ આવેલી ભૂમિ પર યોજાયેલા આ મહાસંમેલન બાદ સ્વામીશ્રી શહેરના પુરાણા દેરાસરમાં પધાર્યા. અહીંના મગન વિહાર અતિથિગૃહમાં ભોજન અને વિશ્રામ લઈ તેઓ સાંજે દેરાસરમાં વિરાજિત શાંતિનાથની મૂર્તિને વંદન કરી ખેડબ્રહ્મા પહોંચ્યા. અત્રે મંદિરમાં પૂનમ નિમિત્તે એકત્રિત ભક્તસમુદાયને સત્સંગ-લાભ આપી સ્વામીશ્રી રાત્રે હિંમતનગર પરત ફર્યા ત્યારે આદિવાસી વિસ્તારની આબોહવા બદલાઈ ચૂકેલી.

દોષ કલંક મિટાય કે, શુદ્ધ કરત હૈ સંત

તા. ૨૭/૨ની સવારે હિંમતનગરથી વિદાય લઈ ખેરાળુ પહોંચેલા સ્વામીશ્રીએ અહીંના નવનિર્મિત મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનું પૂજન કરી બપોરે પોણા બાર વાગ્યે મહેસાણાને પાવન કર્યું.

અહીં તા. ૩/૩ની સાંજે સભાગૃહ તરફ જઈ રહેલા તેઓના ગમન-પથની બંને બાજુ ગોઠવાયેલા અઢીસો જેટલા મુમુક્ષુઓ આજે સંધ્યાકાળે પણ ઊઘડતી સવારનો ઉજાશ અનુભવતા હતા.

મહેસાણાના નિકટવર્તી સુણસર ગામના આ જનસમુદાયની કેળવણીનો કક્કો જ કંઈક જુદો હતો. અહીં 'ક' કજિયાનો, 'ખ' ખંજરનો, 'ગ' ગાળાગાળી અને ગેરરીતિનો એમ ચાલતું. મનુષ્ય આખા દિવસમાં જેટલું પાણી ન પીએ

તેટલો ૮-૧૦ લોટા દારૂ ગટગટાવનારા પણ આ સમુદાયમાં સામેલ હતા. જો તમે એમના લત્તાઓમાં લટાર મારવા નીકળો તો લથડિયું ખાઈને શેરીની વચ્ચોવચ પડેલા એકાદ-બે તો જોવા મળી જ જાય. ચોરી-લૂંટફાટ એ આ સમાજમાં રિવાજનો દરજ્જો પામેલાં. ગમે તેની માલિકીનાં મૂંગાં પશુઓને આંતરી માંસની જ્યાફત ઉડાવવાની, પૈસા ખૂટે તો રાહદારીઓને ફટકારીને લૂંટી લેવાના એ આ સમુદાયની તાસીર હતી. લૂંટ અને લઠ્ઠા વગર જીવતર ગુજારતો બાયલો ગણાય એવું તેઓનું વલણ. તેથી પોલીસે એક જમાનામાં આ ગામને ક્રિમિનલ એક્ટના ચોપડે ચઢાવી દેતાં પંદર વર્ષથી મોટી ઉંમરના દરેક પુરુષ ગામવાસીએ દિવસમાં બે વાર પોલીસ થાણે હાજરી પુરાવવી પડતી. આ પતનમાંથી ગામને ઉગારવા શ્રી રવિશંકર મહારાજે સન ૧૯૩૫થી સાતેક વર્ષ સુધી અહીં ડેરા-તંબુ ખોડેલા, પણ તેઓનાં પગરખાંય ઉઠાવી જનારા આ ગામમાંથી નીકળેલા.

આમ, નૈતિકતાના તળિયે બેસેલા આવા ગામમાં ડૉક્ટરની ફરજ નિભાવવા સ્વામીશ્રીના એક કાર્યકર શ્રી પથુભા દેસાઈ નિયુક્ત થયા. તેઓએ અહીં બદલાવની હવા ફૂંકવાની શરૂઆત કરી. જો કે તેની સામે પણ વિરોધની આંધી ઊઠી. એકાદ વ્યક્તિને જ વ્યસનમુક્તિની વાત થઈ હશે ત્યાં તો રામપુરી ચપ્પા સાથે બે-ચાર જણા ધસી આવ્યા. તેઓએ પથુભાને ચીમકી આપી દીધી કે 'અહીં ડૉક્ટર સિવાયનું કોઈ કામ કરશો તો જિંદગી સલામત નહીં રહે.'

પરંતુ સ્વામીશ્રી પાસેથી સુધારાની પ્રક્રિયા શીખેલા આ કાર્યકરે આસ્તે-આસ્તે પોતાની ઝુંબેશ જારી રાખતાં ગામ પલટાવા લાગ્યું. તેથી સન ૨૦૦૧ના જૂન માસમાં મહેસાણાના મંદિરેથી સર્વદર્શનદાસ સ્વામી અને મંગલમૂર્તિદાસ સ્વામી અહીં આવ્યા. તે ઘડીથી વહેતી થયેલી સત્સંગધારા આ ગામના ખોરડે-ખોરડેથી વ્યસનો-કુટેવોને તાણવા લાગી. તેથી પરિવર્તનનો પ્રકાશ પામેલા આ ગામવાસીઓ પૈકીના એક શ્રી કડવા ભગત તો પોતાના ગામમાં મંદિર કરવા માટે અડધા વીઘા જમીન સંસ્થાને સુપરત કરવાની તૈયારી સાથે આવી પહોંચેલા. તેઓના કપાળમાં હવે કલંકને બદલે તિલક-ચાંદલો ચમકી રહેલો.

સ્વામીશ્રી પધારતાં જ આ અઢીસો ગ્રામજનોએ તેઓને ઉમળકાભેર વધાવ્યા. સ્વામીશ્રીએ પણ સૌ પર પુષ્પો પધરાવી ધર્મમાર્ગે દૃઢ રહેવાના

આશીર્વાદ પાઠવ્યા ત્યારે તેઓ દ્વારા પરિવર્તનના પ્રકરણનું વધુ એક પૃષ્ઠ આલેખાઈ ગયું.

છાત્રાલયની ચતુર્થ દશાબ્દી

મહેસાણામાં મંગલતા પ્રસરાવી સ્વામીશ્રી તા. ૪/૩ની સવારે કલોલ પધાર્યા. અત્રે નવનિર્મિત મંદિરમાં બિરાજેલી મૂર્તિઓનાં પૂજન-આરતી બાદ તેઓ અહીં જ બપોરનાં ભોજન-વિશ્રામ ગ્રહણ કરી સાંજે વિદ્યાનગર પહોંચ્યા ત્યારે તેઓની વધામણીમાં શબ્દો ગુંજી ઊઠ્યા :

'આવી ઘડી આનંદની, આજે આંગણે વાગી શહનાઈ;
વાગ્યા ઢોલ ને રણકી ઝાલર, ચતુર્થ દશાબ્દી આઈ...'

હા, અહીં યોગીજી મહારાજે સ્થાપેલું છાત્રાલય તેની આવરદાના ચાર દાયકા પૂરા કરી રહેલું. તે નિમિત્તે યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં સામેલ થવા દેશ-પરદેશમાંથી પૂર્વ વિદ્યાર્થીઓ ઊમટ્યા હતા. તે સૌનાં અંતરમાં એક જ ભાવના પડઘાઈ રહેલી કે –

'આવો સૌ ભેગા મળી અતીતની ઝાંખી કરીએ;
ગયા સમયની ધૂળ ખંખેરી, યાદોને ઢંઢોળીએ...'

પરંતુ ફૂલની પાંખડીનો એકેય ખૂણો જો સૌરભ વિનાનો હોય તો છાત્રાલયની કોઈ પણ સ્મૃતિમાં સ્વામીશ્રી ન ચમકે એમ બને ! તેથી છાત્રાલય સાથે અભિન્નપણે સંકળાયેલા તેઓને પણ સૌ યુવાનોએ આ ઉત્સવમાં નોતરેલા. તે મુજબ પધારેલા સ્વામીશ્રીનું સૌ છાત્રોએ ગગનભેદી જયનાદોથી સ્વાગત કર્યું.

આજની આ ઔપચારિકતા બાદ તા. ૫/૩ની સવારે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા ઉત્સવના ઉદ્‌ઘાટનનો દીપ પ્રગટતાં ચતુર્થ દશાબ્દીનો વિધિવત્ પ્રારંભ થયો. આ કાર્યક્રમના ઘડનારા યુવાનો હોવાથી એકેએક રજૂઆતમાં સૂઝ, શક્તિ અને સર્જનાત્મકતાનો ત્રિવેણી સંગમ જોવા મળી રહ્યો. સંવાદ અને પરિસંવાદ, પ્રશ્નોત્તરી તથા પ્રસંગકથન, ગાયન તેમ જ નર્તન વગેરે બહુઆયામી પ્રસ્તુતિઓ રસદર્શન અને માર્ગદર્શનથી ભરપૂર બની રહી. આ રજૂઆત કરનારા એકેએક પૂર્વછાત્ર અને સ્વામીશ્રી વચ્ચેનો સંબંધ ગુરુ-શિષ્યથીયે અધિક તો પિતા-પુત્ર અને મિત્ર-મિત્ર જેવો હતો. તેથી પળે-પળ હાસ્ય અને હળવાશના હલેસે આગળ ધપી રહી.

આ ક્રમમાં આજની સાંજે આવી પહોંચ્યો – સંત સન્માન સમારોહ.

વિદ્યાનગરનું આ છાત્રાલય તત્કાલીન સમયે વિશ્વભરમાં એકમાત્ર એવું સંકુલ હતું કે જેમાં રહીને ૭૦થી વધુ સુશિક્ષિત યુવાનોએ સંસારનો અંચળો ઉતારી આત્મકલ્યાણ અને સમાજસેવા માટે ભગવો ભેખ લીધો હોય. છાત્રાલયના આ વિશિષ્ટ પ્રદાનને વધાવવા ચારુતર વિદ્યામંડળ થનગની રહેલું. તે માટે શાસ્ત્રી મેદાનમાં વિશાળ શમિયાણો ઊભો કરાયેલો. તેમાં વિદ્યામંડળના અધ્યક્ષ શ્રી સી. એલ. પટેલ તેમ જ માનવંતા મંત્રીઓએ ૭૨ સંતોને શાલ અને પુષ્પગુચ્છથી સત્કાર્યા ત્યારે આ પ્રસંગે ઉપસ્થિત શહેરની જનતા તો સ્વામીશ્રીનું કાર્ય જોઈ અહોભાવ ઉચ્ચારી ગઈ.

આ જ ભાવ તા. ૬/૩ના દિવસે છાત્રાલયમાં યોજાયેલા કાર્યક્રમોમાં પણ ઘોળાઈ રહ્યો. તેમાં પોતાની અમૃતધારા ભેળવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"જોગી મહારાજે કહ્યું : 'ચૈતન્ય મંદિર કરવાં છે.' એમાંથી આપના જેવા યુવકો, સંતો થયા એ જોગી મહારાજનું બહુ મોટું કાર્ય છે, બહુ મોટી સેવા છે. 'જોગી મહારાજ સાચા છે, આ સત્સંગ સાચો છે, આ મંદિર સાચું છે, કથા-વાર્તા સાચી છે, સંતો-હરિભક્તો સાચા છે' – એવી શ્રદ્ધા જોઈએ. સત્સંગનો ખપ એવો રાખવો કે કલ્યાણ, મોક્ષ અહીંયાં જ છે. સર્વે તીર્થો અહીંયાં જ છે. આ વાતને વળગી રહેવાનું છે. ગમે ત્યાં જાવ પણ સત્સંગ જીવમાંથી જવો ન જોઈએ.'

આ આશીર્વાદ સાથે ચતુર્થ દશાબ્દી મહોત્સવ પૂર્ણાહુતિના આરે પહોંચ્યો ત્યારે પ્રત્યેક છાત્ર સ્મરણની સરગમથી ઝંકૃત હતો, નવાં જોમ અને જુસ્સાથી અલંકૃત હતો.

...તો હું હાજર જ છું

ચતુર્થ દશાબ્દીની ઉજવણી બાદ ઉતારે પધારેલા સ્વામીશ્રી ભોજન કરવા બિરાજ્યા ત્યારે એક યુવાન સ્વરચિત ગીત લલકારવા ગયો, પરંતુ તે આલાપ છેડે એ પહેલાં તો સ્વામીશ્રીએ તાન છેડી દીધી કે 'આમ સ્વામી... સ્વામી... કરે છે, પણ જીવમાં નથી એટલે તિલક-ચાંદલો કે નિયમ-ધર્મ આવતાં નથી. જો એ આવે તો તારો પ્રેમ સાચો; નહીં તો ખોટો. કવિતાઓ કરે છે પણ એ તો ખાલી દેખાડવાની વાત થઈ. જીવમાંથી થવું જોઈએ.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારમાં પ્રેમનો મર્મ પ્રગટ થઈ રહ્યો. પરંતુ તેને ન

પકડી શકનારા પેલા યુવાને કહ્યું : 'બાપા ! ગમે એવા પણ તમારા છીએ. માટે માનસીમાં હું બોલાવું તો આપ હાજર રહેજો.'

'તું તિલક-ચાંદલો કરીશ તો હું હાજર જ છું.' સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

તેઓની આ વાણી થોડે દૂર બેઠેલા યુવાન હરપાલસિંહને ચોટ લગાડી ગઈ. સત્સંગી પરિવારનો આ યુવક પણ તિલક-ચાંદલો કરવા અંગે અવઢવમાં અટવાતો હતો, પરંતુ આજે આ બાબતે સ્વામીશ્રીનો અભિપ્રાય સાંભળી તે નિયમ પાળવા કટિબદ્ધ થઈ ગયો. તેણે તિલક-ચાંદલો કરવાનો પોતાનો નિર્ણય જણાવ્યો ત્યારે સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'મારો દાખડો સફળ થયો.'

નિયમપાલક પર આ પ્રસન્નતા વરસાવનારા તેઓ તા. ૭/૩ની સવારે આણંદ પધાર્યા ત્યારે અહીં પૂજન-પ્રતિષ્ઠાનો નયનરમ્ય નજારો જામી ગયો. તેમાં પ્રથમ સ્વામીશ્રી મંદિરની પ્રદક્ષિણામાં તૈયાર થયેલાં ગુરુશિખરોનાં સિંહાસન પૂજી સભામંડપમાં આવ્યા. અત્રે તેઓના વરદહસ્તે થામણા, બાલાસિનોર, પીપળાતા, ખીજલપુર અને યોગીનગરનાં મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પુરાયા. આ અવસરે તે તે ગામોના હરિભક્તો સહિત વિશાળ સંખ્યામાં એકત્રિત ભક્તસમુદાય પર આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'પહેલાં તો એક હરિમંદિર કરવું હોય એમાંય ફાંફાં પડતાં'તાં, પણ શાસ્ત્રીજી મહારાજની દયાથી સત્સંગીઓ સુખિયા થયા તો આજે એક દા'ડે પાંચ-પાંચ મંદિરોની પ્રતિષ્ઠા થાય છે. તે દા'ડે બે-પાંચ સાધુ હતા અને અત્યારે તો સાધુઓ પણ જ્યાં જુઓ ત્યાં ઢગલો. શ્રીજીમહારાજ પાસે વનવિચરણમાં સિદ્ધિઓ આવીને કહે, 'અમને અંગીકાર કરો.' પણ મહારાજ કહે, 'અત્યારે હું વર્ણી વેશે છું એટલે કંઈ ન કરી શકાય. પણ હું જ્યારે સંપ્રદાયનું સ્થાપન કરીશ ત્યારે અમારા હરિભક્તોને ત્યાં જજો.' મહારાજે આ સંકલ્પ કરેલો એટલે હરિભક્તોને અત્યારે મોટર-બંગલા થઈ ગયું. સત્સંગ પણ એવો થયો. અત્યારથી મંદિર ભરાઈ જાય છે તો સત્સંગ કેટલો વધતો જાય છે !'

આમ કહી આજે પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનાં ગામોની વારાફરતી સ્મૃતિ કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'યોગીનગરમાં મને કાંટો વાગ્યો'તો. ફૂલ છાંટવા ગયા'તા ને કાંટો આરપાર નીકળી ગયો'તો. ત્યાં પણ મંદિર સારું થઈ ગયું. દરેક ગામનો વિકાસ થાય અને જયજયકાર થઈ જાય એ પ્રાર્થના.'

સ્વામીશ્રીના રૂડા આશીર્વાદની આ વાદળી આજની સાંજે ગામડી અને વઘાસીમાં પણ વરસી. આ ગામોમાં તૈયાર થયેલાં નૂતન મંદિરોની મૂર્તિઓનાં

પૂજન-આરતી કરી સ્વામીશ્રીએ ગામવાસીઓની ભક્તિ સાર્થક કરી.

સત્સંગી સર્વે સ્વકુટુંબ જેવા

વઘાસીથી વિદ્યાનગર પધારેલા સ્વામીશ્રી તા. ૮/૩ના રોજ વિદાયદિન હોવાથી ઘણા વ્યસ્ત હતા. રેખામાં રહેલાં અડોઅડ બિંદુઓની જેમ ઊભેલા એક-એક કાર્યને તેઓ ત્વરાથી નિપટાવતા હતા. તે જ વખતે તેઓએ એક યુવકને જોતાં તેને ઊભો રાખી પૂછ્યું : 'મેં એવું સાંભળ્યું છે કે તું ખર્ચા વધારે પડતા કરે છે, એ સાચું છે?'

આમ પૂછી સ્વામીશ્રીએ તેના ખેતીના કામકાજમાં રસ લઈ ઘણું માર્ગદર્શન આપ્યું. અતિ ભરચક કાર્યક્રમમાં પણ તેઓ ગામડામાં રહેતા એક પરિવારને સુખી રાખવા થંભી ગયા.

તેને અનુસરતાં આવેલી આજની સાંજે તો વિદાયની ઘડી નજીક આવી જતાં કાર્યો ઉકેલવામાં સ્વામીશ્રીની ઝડપ વધુ તેજ બની. છતાં તેઓએ સ્વામિનારાયણ વિદ્યાપીઠના એક કાર્યવાહક શ્રી શનુભાઈ પટેલને બોલાવી જણાવ્યું : 'મારા પર આ શાળામાં રહેતી એક બાળકીનો પત્ર આવ્યો છે. તેનાં માતા-પિતા અમેરિકા રહે છે અને આ બાળકીને અહીં માતા-પિતા વગર ગમતું નથી. તો તમે એને મળી યોગ્ય કરજો.'

રોકાણની છેલ્લી મિનિટોની તડામારીમાં પણ એક બાળકીની ચિંતા કરવા સ્વામીશ્રી થોભી ગયા. જો *'સત્સંગી સર્વે સ્વકુટુંબ જેવા...'*ની ભાવનાથી જીવન જિવાતું હોય તો જ આ શક્ય બને.

તેથી જ તો અહીંથી વિદાય લેવા ઊભા થઈ ગયેલા સ્વામીશ્રીએ પોતાને મળવા આવેલા યુવાન યોગેશ પટેલને પૂછ્યું : 'અલ્યા! તું રાવજીભાઈને સ્કૂટર પર ફેરવે છે?'

આણંદના આ વડીલ હરિભક્તને સ્વામીશ્રીએ આજે પ્રાતઃપૂજામાં જતી વખતે સ્કૂટર પર સવાર થયેલા જોયા હતા. તે સમયે તેઓના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડેલા : 'આ ઉંમરે રાવજીભાઈ સ્કૂટર પર બેસે છે?'

જાણે એ વૃદ્ધને પડતી અગવડનો ખૂણો પોતાને વાગ્યો હોય તેમ તેઓ વેદના અનુભવી રહેલા. તેથી જ અત્યારે તેઓના દીકરાને સ્વામીશ્રીએ પૂછ્યું, ત્યારે તેણે ગાડીનો ડ્રાઈવર ન આવ્યાનું કારણ જણાવ્યું. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'ડ્રાઈવર ન આવે તો તારે મૂકી જવા. ધ્યાન રાખવું.'

આમ, આજે વિદાયની વ્યસ્તતા વચ્ચે પણ બાળ, યુવાન અને વડીલ એમ ત્રણેય પેઢીની ખેવના કરવામાં ઊંડા ઊતરેલા તેઓ સૌને જનક-જનની સમા ભાસી રહ્યા.

સદા કાળ સુખી રહે તેહ

વિદ્યાનગરથી મહેળાવ પધારેલા સ્વામીશ્રી અહીં તા. ૯/૩ની સવારે મંદિરમાં પહોંચ્યા ત્યારે ઠાકોરજી આહીરના પરિવેશમાં દર્શન દઈ રહેલા. તેની સાથે તેઓ નેતરાં તાણી રહ્યા હોય તેવી શોભા પણ રચવામાં આવેલી. સ્વામીશ્રી આવતાં જ પૂજારી વિશ્વવંદનદાસ સ્વામીએ નેતરાંનો બીજો છેડો તેઓના હાથમાં આપતાં સ્વામીશ્રી નેતરાં તાણવા લાગ્યા. તેથી *'નરહરિ નેતરાં તાણે...'*ની સાથે *'ગુરુહરિ નેતરાં તાણે...'*નું આ અનુપમ દર્શન પામી સૌ ધન્ય થઈ ઊઠ્યા.

આ ધન્યતા તા. ૧૧/૩ના રોજ આવેલા પાટોત્સવના દિવસે ચરમ-સીમાએ પહોંચી. આજે હજારો ભક્તોની ભીડથી મંદિર ઊભરાતું હતું. જો કે તેઓ કરતાંય અધિક ઉત્સાહ તો સ્વામીશ્રીને હતો. તેથી જ તેઓ હાલમાં વળગેલા ભારે શરદીના પ્રકોપને ન ગાંઠતાં નિયત સમયે પાટોત્સવની આરતી ઉતારવા આવી પહોંચ્યા.

અત્રે ત્રણેય ખંડમાં આરતીનું અર્ઘ્ય આપી સ્વામીશ્રી પ્રદક્ષિણામાં પધાર્યા ત્યારે ચોપાસ ઊમટેલી મેદની જોઈ એક સંતે કહ્યું : 'તમે તો જ્યાં જાવ ત્યાં ઉત્સવ. ત્રણસો ને પાંસઠ દિવસ ઉત્સવ.'

'ઉત્સવ ને ઉત્સવ.' સ્વામીશ્રી પણ એ સંતના શબ્દોને દોહરાવી બોલ્યા : 'એકલા હોઈએ તો પણ ઉત્સવ ને હજારો હોય તો પણ ઉત્સવ.' આ વાક્યને બે વાર પુનરાવર્તિત કરતાં સ્વામીશ્રીએ ઉમેર્યું : 'જ્યાં જઈએ ને જ્યાં હોઈએ ત્યાં ઉત્સવ ને ઉત્સવ જ !'

તેઓની આ કેફિયતમાંથી *'સદા કાળ સુખી રહે તેહ...'*ની સ્વામીશ્રીની સ્થિતિ સાથે તેઓના સાંનિધ્યનો પ્રભાવ પણ ઝળકી રહ્યો.

શબ્દકોશની બહારની વાત

તા. ૧૩/૩ની સાંજે મહેળાવથી લીંબડી પધારેલા સ્વામીશ્રીની સ્વાગત-સભામાં સૌરાષ્ટ્ર નિમ્બાર્ક પીઠના મહંત પૂજ્ય લાલદાસજી મહારાજ ઉપસ્થિત

હતા. તેઓએ સંબોધન કરતાં જણાવ્યું કે 'અખિલ ભૂમંડલને સત્યનો માર્ગ બતાવનાર પ્રમુખસ્વામી છે. બાપાનું વિચરણ શબ્દકોશની બહારની વાત છે. આટલી ઉંમર હોવા છતાં તેઓ લોકોનાં દુઃખ અને દર્દને સતત દૂર કરતા રહે છે. તેઓ સંત શિરમોર છે. ત્યાગ, સમર્પણ અને યોગસાધનાની જે વાતો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે તે તેઓએ વાણી અને વર્તનનું એક દોરડું બનાવી પોતાના જીવનમાં વણી લીધી છે.'

લોકહૃદયમાં આવી અમીટ છાપ ધરાવતા સ્વામીશ્રી સભામાં ધર્મલાભ આપી ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે સ્થાનિક કાર્યકરોનો પરિચયવિધિ રજૂ થયો. ભોજન બાદ આ જ કાર્યકર્તાઓ સમૂહછબી પડાવવા આસપાસ ગોઠવાઈ ગયા ત્યારે સ્વામીશ્રી સ્વયં તેઓને સૂચના આપતાં કહેવા લાગ્યા : 'કાર્યકરો ! હસજો, કારણ કે જે કાર્યકર્તા હોય એ ક્યારેય ઉદાસ ન જોઈએ. એ તો હંમેશાં હસતા-રમતા જ જોઈએ.'

મોવડીની આ રીતિ-નીતિ શીખવતા સ્વામીશ્રી પાસે આજની રાત્રે ગઢાળીના અક્ષરવાસી યુવાન શ્રી દિનેશ કળથિયાના સંબંધીઓ તથા ભાગીદારો આવી પહોંચ્યા. એક અકસ્માતમાં પરલોક સિધાવી ગયેલા આ સત્સંગી યુવકની ચાહના હીરા બજારમાં ઘણી હતી. તેને સ્વામીશ્રી વિષે પણ અપૂર્વ ભક્તિભાવ. આ વિગતો આજે સૌએ સંભારી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'એ માણસ દરેકને પ્રિય લાગે તેવો હતો. ધંધો પણ એવો ચલાવતો અને ભક્તિ પણ એવી કરતો, પણ મહારાજની ઇચ્છા મુજબ થયું.'

આ આશ્વાસન આપી સ્વામીશ્રીએ અક્ષરવાસી યુવકના બાળક દર્શન તથા કુટુંબીજનોને ઉદ્દેશી પત્ર લખ્યો કે –

'તારી ઉંમર નાની છે અને તારા પિતા અક્ષરધામમાં મહારાજની સેવામાં બેસી ગયા છે, પણ કોઈ પ્રકારની ચિંતા કરશો નહીં. તેની ઉપર ભગવાન અને સંતના રાજીપારૂપી છત્ર હતું તેવું જ આપ સર્વે કુટુંબીજનો ઉપર પણ કાયમ રહેશે. ઘરમાં સર્વે સંપથી રહેશો. તું ધીરે ધીરે મોટો થઈ જઈશ અને અભ્યાસ સારો કરીને પિતાનો ધંધો સંભાળે તેવો હુશિયાર થઈશ. માટે સર્વે બળ રાખજો. મહારાજનો આશરો દૃઢ રાખજો. સત્સંગ જીવમાં રાખજો. દરરોજ પાઠ-પૂજા કરજો. મંદિર ઘરમાં રાખવું, જેથી કાયમ દર્શન થાય.'

૮૪ વર્ષીય એક પીઢ અને પ્રસિદ્ધ ધર્મગુરુ દ્વારા ફક્ત ચાર મહિનાના નાદાન બાળકની ખેવના લેતી લાગણીની આવી લિપિ આ અગાઉ કે આ

પછી પણ કદી રેલાઈ હશે ખરી ?! સ્વામીશ્રીનું વિચરણ શબ્દકોશની બહારની વાત, પણ તેઓનાં વહાલ અને વર્તન તો વિશ્વકોશની બહારની વાત !

હાશ ! નિરાંત થઈ

તા. ૧૪/૩ની સવારે સ્વામીશ્રી પ્રાતઃપૂજા કરવા પધારી રહેલા ત્યારે ૭:૪૦ વાગ્યાનો સમય થયો હોવાથી સૂર્યનો પ્રકાશ પૂરતો હતો, છતાં હેલોજન બત્તીને ચાલુ જોઈ સ્વામીશ્રીએ સૂચના આપી: 'આ આટલી મોટી લાઇટ (સૂર્ય) બળે છે અને આ નકામી શું કામ બાળતા હશે ? બંધ કરો એને.'

તેઓના આ આદેશનો અમલ થાય - ન થાય ત્યાં તો તેઓ વળી બોલ્યા: 'હજી કેમ બંધ ન કરી ?' આમ કહી વ્યવસ્થાપક ચાંપ સુધી ન પહોંચ્યા ત્યાં સુધી સ્વામીશ્રી લાઇટ સામે જ જોતાં ઊભા રહ્યા. આખરે એ બત્તી બુઝાઈ ત્યારે તેઓના મુખેથી બોલ સરી પડ્યા : 'હાશ ! નિરાંત થઈ.'

આ ઉદ્‌ગાર સાથે સ્વામીશ્રી પ્રાતઃપૂજાના અંગભૂત માનસીમાં પરોવાયા.

તેઓના જીવનમાં *'કરકસરથી કરીએ કામ, સારું દીસે ને ઊગરે દામ...'*ની રીત હંમેશાં ઝગારા મારતી જોવા મળતી.

મને ક્યારેય ટેન્શન નથી રહેતું

તા. ૧૪/૩ના રોજ અલ્પાહાર બાદ ચાલતી મુલાકાતો દરમ્યાન જ અક્ષરધામના પથ્થરોનું કામ સંભાળી રહેલા શ્રી હર્ષદભાઈ ચાવડાનો ફોન આવતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'કેમ છે ?'

'આપની દયાથી સારું છે, પણ થોડુંક ટેન્શન વધી જાય છે.'

'ટેન્શન શેનું ? તને તો જોગીબાપાએ કેટલા થાપા માર્યા છે ! મને ક્યારેય ટેન્શન નથી રહેતું તો તને શું કામ આવે છે ?' સ્વામીશ્રી બોલ્યા.

આમ, પ્રવૃત્તિનો પર્વત માથે ઉપાડવા છતાં પારેવાના પીંછા જેટલી હળવાશ સાથે વિચરતા તેઓ આજની સાંજે ઠાકોરજીની રજતતુલાના મહોત્સવનો લાભ આપી તા. ૧૫/૩ના રોજ વઢવાણ થઈને સુરેન્દ્રનગર પધાર્યા.

અહીંના રોકાણ દરમ્યાન તા. ૧૯/૩ની સવારે જિલ્લાના અગ્રણી પોલીસ અધિકારીઓ દર્શને આવ્યા. તેમાંના એક શ્રી કટારાએ સ્વામીશ્રીને જણાવ્યું : 'પોશીનામાં થયેલાં પરિવર્તનની વાત સાંભળીને મને આનંદ થયો. હું પણ એ જ સાબરકાંઠા વિસ્તારમાંથી આવું છું. પોશીનાના આદિવાસીઓ

કેવા હોય એનો મને પ્રત્યક્ષ અનુભવ છે. મારા સાઢુ પોલીસ અધિકારી હતા. દસેક વર્ષ પહેલાં તેઓએ કોઈક આદિવાસીને માર્યો હશે. બીજા ગામના આદિવાસીઓને આ ખબર પડતાં જ બધા તીર-કામઠાં લઈને હુમલો કરવા આવી પહોંચ્યા. સારું થયું કે સાઢુ હાથમાં ન આવ્યા, નહીં તો એમને પણ મારી નાંખત. આવા ક્રૂર આદિવાસીઓ ત્યાં વસે છે. આ વિસ્તારમાં આઠ હજાર આદિવાસીઓ સભા માટે ભેગા થાય એ આપની સિદ્ધિ છે. ત્યાં આપના કામની ખૂબ જ જરૂર છે.'

સન ૧૮૩૦માં રાજકોટ આવેલા મુંબઈના અંગ્રેજ ગવર્નર સર જ્હોન માલ્કમને ઠેર ઠેરથી જાણવા મળેલું કે –

'એક સ્વામિનારાયણ વડે, તહાં ફોજ ન રાખવી પડે;
સ્વામિનારાયણે કર્યું જેહ, ન બને કોઈ નર થકી તેહ.
ખૂન કરતાં કરે નહીં વાર, પ્રભુનો ડર ન ધરે લગાર;
તેને સ્વામિનારાયણ મળ્યા, તેથી ધર્મને મારગે વળ્યા.'

આવો જ અનુભવ સન ૧૯૭૧થી ૨૦૧૬ના સમયગાળામાં થયેલા શાસકો અને રક્ષકોને સ્વામીશ્રી વિષે થઈ રહેલો.

જીવતા દેવ

તા. ૧૯/૩ની સવારે ૨૦૦ મુલાકાતીઓને સંતોષ આપી નિજનિવાસ તરફ જવા ઊભા થતાં પહેલાં સ્વામીશ્રીએ 'આવો બેય જણા નજીક' કહી બે સ્થાનિક સંતોને પાસે બોલાવી પૂછ્યું : 'હું અહીં આટલા દિવસથી છું. પહેલે દિવસે મેં સભામાં ભરતને જોયો હતો. પછી જોયો નથી. એ કેમ આવતો નથી ?'

'આમ તો રોજ સવારે દર્શને આવી જ જાય છે, પણ પછી દુકાને બેસે છે. એમની જગ્યાએ એમના દીકરા અહીં સેવામાં જ હોય છે.'

'પણ જોગીબાપાનો આટલો લાભ લીધો છે તો એણેય આવવું જોઈએ ને ! સાંજે એને બોલાવજો.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓના આવા હેતભર્યા ખટકાને કારણે પેલા ભરતભાઈ શાહ સાંજે આવી પહોંચ્યા. તેઓને જોતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'આવી ગયો તું ? આટલા દિવસ થયા ને કેમ દેખાતો નથી ?'

આટલું કહી તેઓએ સાથે ઊભેલા સંનિષ્ઠ સત્સંગી શ્રી નટુભાઈ વડગામાને પણ જણાવ્યું : 'આ તો તમારો ભાઈબંધ છે. તમારે એને લઈ

આવવો જોઈએ ને!'

તે વખતે ભરતભાઈ બોલ્યા : 'બાપા! હું તો આપનો જ છું.'

'એમાં ક્યાં ના છે? પણ રોજ આવી જવાનું. મને મળી જવું.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓ હતા – *'જેને કોય શું નથી સનેહ...'* એવા નિઃસ્પૃહી. છતાં તેઓ દ્વારા થતું આવું જનની-શું જતન સૌને ભીંજવી જતું.

તેના એક અનુભવી એટલે અહીંના પ્રસિદ્ધ સામાજિક કાર્યકર શ્રી નાગજીભાઈ. શહેરના અનાથાશ્રમનું સૂત્ર સંભાળતા આ મુરબ્બીએ આજે સ્વામીશ્રી પાસેથી આશીર્વાદ મેળવ્યા બાદ સૌને ઉદ્દેશી જણાવ્યું : 'હું તો જાહેર સમારંભોમાં પણ કહું છું કે તમને પ્રમુખસ્વામી દ્વારા જીવતા દેવ મળ્યા છે. આ દેવને સૌ બાથમાં લઈ લો, નહીં તો પાછળથી પસ્તાવાનો વારો આવશે.'

શિશુ સમ ગણી લાડ તે લડાવે

આ અરસામાં ઝાલાવાડ પંથકનાં ગામોમાં વિચરણ કરી સત્સંગની અભિવૃદ્ધિ કરનારા હરિપ્રકાશદાસ સ્વામી તથા વિશુદ્ધજીવનદાસ સ્વામીનો અક્ષરવાસ થયેલો. તેઓની પુણ્યસ્મૃતિમાં અત્રે યોજાયેલા પારાયણની પૂર્ણાહુતિનો દિવસ તા. ૨૨/૩ના રોજ આવતાં આજની સવારે સભામંડપ ખીચોખીચ ભરાયેલો. તેમાં સત્સંગીઓ ઉપરાંત શહેરના ભાવિકો પણ ઘણા હતા. તે સૌ પર અમૃતધારા વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'સંસ્કાર ગળથૂથીમાંથી આપવા પડે. ડૉક્ટર સ્વામી કહે છે કે બાળક જન્મે એની સાથે કાનમાં 'જય સ્વામિનારાયણ' કહી દેવાનું. સંસ્કાર ન હોય તો ઘેર-ઘેર ઝઘડા ચાલે છે...'

સૌ આ અમૃતઘૂંટ ગળા હેઠે ઉતારી રહેલા ત્યાં જ નવાગામ(સેજકપર)નો એક દસ વર્ષીય બાળક પ્રશાંત પટેલ હાથમાં વેફરની કોથળી સાથે મંચ પર ચડી આવ્યો. સ્વામીશ્રી તરફ સરકતા આ સહેજ મંદબુદ્ધિના શિશુને સ્વયં-સેવક વારવા ગયા, પણ તે વખતે સ્વામીશ્રી જ બોલ્યા : 'આવી ગયો તું? આવ... આવ...'

'મા'ની મીઠપ પણ ભોંઠપ અનુભવે એવું હેત આ આવકારમાં હતું. તેથી બાળક સ્વામીશ્રી ભણી ખેંચાયો. તે નજીક આવતાં જ તેના માથે હાથ મૂકી સ્વામીશ્રી તેને બેઠાં બેઠાં જ ભેટતાં બોલ્યા : 'અત્યારે તારી (બાળ સંસ્કારની) જ વાત ચાલે છે. ભજન કરજે અને સુખિયો થજે.'

આમ કહેતાં સ્વામીશ્રીએ જાહેર-સભામાં નહીં, પણ ઘરનાં ઓરડા-ઓસરીમાં બેઠા હોય એવી સાહજિકતાથી એ બાળકને લાડ લડાવ્યા. તે જોઈ સમગ્ર સભા હિલોળે ચડી ગઈ.

સત્પુરુષ અવળાનું સવળું કરી આપે

સુરેન્દ્રનગર મુકામે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલા વિવિધ કાર્યક્રમોની કરોડરજ્જુ જેવાં ૭૫૦ બાઈ-ભાઈ સ્વયંસેવકો તા. ૨૨/૩ની સાંજે મંદિર-પરિસરમાં ગોઠવાઈ ગયેલાં. તે સૌ પર સંતનિવાસની ઓસરીમાં સજાવેલા આસને બેસી આશીર્વર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આપણું શોભે છે એમાં આપણા કાર્યકર્તાઓની અને યુવક મંડળની ખૂબ સેવા છે. આ સેવા મળી છે એ આપણાં મોટાં ભાગ્ય છે. આ ભગવાન શ્રીજીમહારાજ (વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૯માં) બોલે છે. એમનાં વચન એટલે આપણા માટે સોનાના શબ્દો. એમાં કોઈ ફેરફાર હોય જ નહીં ! એમાં કોઈ શંકા ન હોય.

આ ઉત્સવો ઊજવાય છે એનો મુખ્ય આધાર તમારા ઉપર છે. બહારથી માણસ આવતા હોય એ વ્યવસ્થાને બરાબર સમજી ન શકે. એમાં બોલાબોલી થાય, પણ એને સહન કરીને આપ સેવા કરો છો એ આપણી મોટી શોભા છે. સેવામાં અંદરોઅંદર પ્રશ્નો થાય પણ આ બધામાં એક રાગ, એક રુચિ, એક સંપ રાખી, નિરાકરણ કરી કામ કરીએ એ મોટી વાત છે. આપણા મોટા મોટા સમૈયા સફળ થયા, લાખો માણસો આવ્યા એને આપણે સાચવી શક્યા એનું કારણ શું ? તો તમારા બધાની સમજણ. તમારો સેવા કરવાનો ઉમંગ.'

આમ, સૌ સ્વયંસેવકો પર સ્વામીશ્રીએ ખૂબ પ્રસન્નતા વરસાવી.

તે પછી શરૂ થયેલાં સમીપ દર્શનના કાર્યક્રમમાં પુરુષો દર્શન કરીને જમણી તરફ જવા લાગ્યા. આ ગતિવિધિ થોડી વાર સુધી જોઈ સ્વામીશ્રીએ એક સંતને બોલાવી પૂછ્યું : 'આ જમણી બાજુ જઈ રહેલા સ્વયંસેવકો જમવા ક્યાં જાય છે ?'

'મંદિરની ફરતે ચકરાવો લઈ ભોજનશાળામાં.'

'ભોજનશાળા ક્યાં આવી ?'

'ડાબી તરફ.'

'તો પછી સ્વયંસેવકોને જમણી બાજુને બદલે ડાબી તરફ જ વાળો ને !'

વ્યવસ્થામાં આટલો ફેરફાર સૂચવી સ્વામીશ્રીએ જણાવ્યું :

'મંદિરની ફરતે જઈને આ બધા પુરુષો મહિલા મંડળમાંથી પસાર થાય એમાં ભેળીસાળો થાય. એના કરતાં સીધા જ ભોજનશાળામાં જાય તો શું વાંધો ?'

સ્વામીશ્રી *'સદાચારો પાળે પણ વળી પળાવે સ્વજનને...'*ની શૈલી અનુસાર ચાલતા. તેથી તેઓના સાંનિધ્યમાં ધર્મધ્વજ લેશ ન નમતો.

તેઓનું આ સમયસરનું સૂક્ષ્મ સૂચન જોઈ ઘનશ્યામચરણદાસ સ્વામી બોલ્યા : 'બાપા ! તમે બહુ જ પ્રેક્ટિકલ છો. આ તો અવળાનું સવળું કરી આપ્યું !'

'સત્પુરુષ હંમેશાં અવળાનું સવળું કરી આપે છે.' હસતાં હસતાં સ્વામીશ્રીએ સમર્થન આપ્યું.

કરુણા વરસે, વ્હાલપ નીતરે

તા. ૨૩/૩ની સાંજે સુરેન્દ્રનગરથી વિદાય લઈ વાટમાં આવતા રંગપુર ગામે સ્વામીશ્રીની પધરામણી થતાં સૌ ભક્તો રંગમાં આવી ગયા. અહીંના નૂતન મંદિરમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓની આરતી ઉતારી સ્વામીશ્રી સારંગપુર પહોંચ્યા ત્યારે અત્રે તો *'આવ્યા તે સત્સંગના ધણી, આજ ધન્ય ઘડી અમે ગણી...'*નો આનંદ છાઈ વળ્યો.

પરંતુ આ ઉલ્લાસને તા. ૨૪/૩ની સાંજથી સ્વામીશ્રીની માંદગીનું ગ્રહણ લાગ્યું. આ સમયે સ્વયંસેવકો માટેનો ફૂલદોલ ઊજવી સ્વામીશ્રી ઉતારે પધાર્યા તે સાથે જ તેઓના શરીર પર મેલેરિયાએ હુમલો કર્યો. તેથી શરીરનું તાપમાન તા. ૨૫/૩ના રોજ તો ૧૦૩ ડિગ્રી સુધી પહોંચી ગયું.

રંગમાં ભંગ પડ્યા જેવી આ સ્થિતિ સર્જાતાં ચારેકોર પ્રાર્થના અને પ્રદક્ષિણાના દોર શરૂ થઈ ગયા, પરંતુ સ્વામીશ્રીની દરેક માંદગીમાં બનતું'તું એમ જ થયું. તાવ ધખતા શરીરે પણ તેઓ તા. ૨૫/૩ના રોજ મંદિર અને સ્મૃતિમંદિરનાં દર્શનનો ક્રમ ન ચૂક્યા. તેથીયે વિશેષ, તા. ૨૬/૩ની સવારે પોણા દસ વાગ્યે તેઓએ જ્ઞાનેશ્વરદાસ સ્વામીને પોતાના ઓરડામાં બોલાવી કહ્યું : 'આમ તો (માંદગીને કારણે) દીક્ષાવિધિ આપણે કૅન્સલ કરી હતી, પરંતુ મને એમ થાય છે કે દૂર-દૂરથી સૌ આવ્યા હશે, તો આજે જ દીક્ષા આપી દઈએ. તમે ત્યાં જઈને બધી જ તૈયારી કરાવો. હું હમણાં જ દસ - સવા દસ વાગ્યે આવી જઉં છું.'

આ સૂચનાને અનુસરતાં સ્વામીશ્રી સમયસર સભામાં આવી ગયા. અત્રે તેઓને ફક્ત દીક્ષા સમારોહ પૂરતું રોકાવા અરજ કરવામાં આવી, પણ સ્વામીશ્રીનું શરીર માંદું હતું, સ્નેહ તો તાજો જ હતો. તેથી ૧૩ યુવાનોને પાર્ષદી દીક્ષા આપ્યા બાદ તેઓ આજના ફૂલદોલે ૪૭,૦૦૦ ભક્તોને રંગવા માટે તાવતૂટતા શરીરે આસન પર બેસી જ રહ્યા. તેથી સૌ કેસૂડાંના નહીં, પણ સ્વામીશ્રીની કરુણાના રંગે નીતરી રહ્યા.

એનો ભાવ પ્રભુ પર ભારી

તા. ૨૮/૩ની સવારે સ્વામીશ્રીને માંદગીમાં થોડી રાહત જરૂર હતી. છતાં અશક્તિએ હજી કેડો મૂક્યો નહોતો. પરંતુ તેને ગણકાર્યા વિના પત્રલેખન કરી રહેલા સ્વામીશ્રીને A4ના કદનો એક કાગળ ધરતાં સંતોએ કહ્યું : 'યુ.કે.ના બાળકો આ વખતે 'સત્સંગ કરો ને કરાવો' વિષયના આધારે શિબિર કરવાના છે. આ વાક્ય આપે આ કાગળ પર લખી આપવાનું છે.'

'એમાં આવડા મોટા કાગળની શું જરૂર છે ?'

'મોટો કાગળ હોય તો સચવાય ને ! નાનો કાગળ ખોવાઈ જાય. વળી, આ પ્રાસાદિક પત્ર મઢવો હોય તો પણ અનુકૂળતા રહે.'

પરંતુ આ ખુલાસા સ્વામીશ્રીની કરકસરના કિલ્લામાં ફાંકું ન પાડી શક્યા. તેઓ બોલ્યા : 'નાનાથી ચાલતું હોય તો મોટું શું કામ બગાડવું ?' આમ કહી તેઓએ નાના કાગળ પર જ અંગ્રેજીમાં વાક્ય લખી આપ્યું ત્યારે સ્વામીશ્રીના હસ્તાક્ષર કાગળ પર અને તેઓની કરકસર કાળજે કોતરાઈ ગઈ.

પોતાની આ કાયમી શૈલી સાથે સ્વામીશ્રી તા. ૩૧/૩ની બપોરે ભોજન ગ્રહણ કરી રહેલા ત્યારે વંચાતા પુસ્તકમાં શ્રીજીમહારાજની બાળલીલાઓનું વર્ણન આવ્યું. તે સાંભળી હરિભૂષણદાસ સ્વામીએ પૂછ્યું : 'બાપા ! આપ ભમરડા રમેલા ?'

જવાબમાં સ્વામીશ્રીએ 'હા' પાડી ત્યારે કો'કે પૂછ્યું : 'તે વખતે લખોટીઓ હતી કે નહીં ?'

'હતી ને !'

'આપ ડાબોડી હતા કે જમોડી ?'

'લખોટી રમતા ત્યારે ડાબા હાથે રમતા. બાકી બીજામાં જમણા હાથે જ હતા.' આટલું કહી સ્વામીશ્રી સામે બેઠેલા ચૈતન્યમૂર્તિદાસ સ્વામી તરફ નિર્દેશ

કરતાં બોલ્યા: 'આની જેમ ડાબોડી નહીં.'

આ સંત દસ વર્ષ પૂર્વે સ્વામીશ્રીએ ખેડેલી વિદેશયાત્રામાં સહપ્રવાસી તરીકે સામેલ થયેલા. તે વખતે તેઓની ડાબે હાથે લખવાની પ્રકૃતિ સ્વામીશ્રીની જાણમાં આવેલી, પરંતુ તે હજી તેઓને યાદ હતું!

સ્વામીશ્રીનાં આવાં તીક્ષ્ણ નિરીક્ષણ અને સ્મૃતિનો અનુભવ કરનારા હજારો મળી આવે.

તેથી સૌને વિસ્મય પમાડતા સ્વામીશ્રી તા. ૧/૪ની સાંજે ઓરડામાં બેસી પત્રવાંચન કરી રહેલા, પરંતુ સાત વાગ્યે મંદિરમાં સંધ્યા આરતીનું નગારું ગગડતાં જ તેઓના નિવાસકક્ષની બહાર બેઠેલા શ્વેતમુનિદાસ સ્વામી, સ્નેહમુનિદાસ સ્વામી વગેરે સંતોએ ત્યાં બેઠાં બેઠાં જ આરતીગાન આરંભ્યું.

તે અવાજ અંદર સ્વામીશ્રીને સંભળાતાં તેઓએ તે જ ઘડીએ પત્ર સંકેલી ટિપાઈ પર મૂક્યો અને ચશ્માં ઉતારી પત્ર-પરિચારકને કહ્યું: 'આ બધા બહાર આરતી ગાય છે ને આપણે તો રહી જાય છે! ચાલો, આપણે પણ આરતી બોલી લઈએ.' આમ કહેતાં સ્વામીશ્રી નેત્રો મીંચી ઠાકોરજીને આરાધવા લાગ્યા.

આ દર્શનના સદ્ભાગી જૂજ હતા, પણ તેઓનાં મન આરતીની કડીઓ સાથે સ્વામીશ્રીને વધાવતાં ગાઈ રહ્યા: *'એની ભક્તિ તો ઉત્તમ લાગે, એવી ભક્તિ મોટા મુનિ માંગે...'*

સ્વરૂપનિષ્ઠામાં બધી જ સાધનાનો સમાવેશ

સારંગપુરમાં સ્વામીશ્રીના સ્વાસ્થ્યે પુનઃ પોતાનો લય મેળવી લેતાં રોજ તેઓનાં ભોજન દરમ્યાન વિદ્યાર્થી સંતો દ્વારા પ્રેરક પ્રસ્તુતિઓની પરંપરા વહેવા માંડી.

આ ક્રમમાં તા. ૧/૪ની વાળુવેળાએ 'સાધનાની શરૂઆત ક્યાંથી?' વિષયક એક રસપ્રદ પરિસંવાદ પિરસાયો. તેમાં ભાગ લેનારા તેર સંતો જેમ જેમ બોલતા ગયા તેમ તેમ ગૂંચાતા ગયા. અંતે એ ગૂંચવણનો ગોટો સ્વામીશ્રી સમક્ષ ધરતાં તેઓએ પૂછ્યું: 'બાપા! જીવનમાં જે જે શબ્દો સાંભળીએ તે તે રૂપે સાધના કરવાનું મન થઈ આવે છે. તેથી સાધનામાં કોઈ બરકત આવતી નથી. તો આપ જ કહો કે સાધનાની શરૂઆત ક્યાંથી કરવી?'

આ ગૂંચવણને ઉકેલતાં સ્વામીશ્રી બોલ્યા: 'સ્વરૂપનિષ્ઠામાં બધી જ

સાધના આવી જાય છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તથા સેવા, તપ, વ્રત એ બધું જ સ્વરૂપનિષ્ઠા હશે તો આપોઆપ આવી જશે. એ સિવાય કશું જ નહીં આવે. સ્વરૂપનિષ્ઠા હશે તો અખંડ નિર્દોષભાવ રહેશે. સ્વરૂપનિષ્ઠાનું બળ હશે તો મહારાજની સેવામાં પહોંચી જવાશે.'

અધ્યાત્મનો આ એકડો ઘૂંટાવી સ્વામીશ્રીએ તા. ૨/૪ની સવારે સમાજ-વિકાસનું એક કદમ ભરી આપ્યું. આ સમયે તેઓના વરદહસ્તે બરવાળા તાલુકાનાં દસ ગામોમાં તૈયાર થયેલાં આંગણવાડી, ગ્રામસમાજ વાડી અને પંચાયત ઘરની ચાવીઓ તે તે ગામોના સરપંચોને સુપરત થઈ. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને રિલાયન્સ કંપનીના સંયુક્ત કાર્યરૂપે થયેલું આ નિર્માણ સાર્થક કરી સ્વામીશ્રીએ તા. ૩/૪ની સવારે બોટાદના મંદિરમાં બિરાજનારી અક્ષર-પુરુષોત્તમ મહારાજની નૂતન મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા. આ અવસરે ઠાકોરજીને વધાવતાં બોટાદના સત્સંગ મંડળે ૧૦૦ રજતતુલા કરી વિશિષ્ટ ભક્તિ દર્શાવી.

દયાવંત દિસે તેનું દિલ

તા. ૩/૪ની સાંજે નિજનિવાસમાં સેવારત સ્વામીશ્રી પાસે પ્રાસાદિક પુષ્પો લેવા આવેલા જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ કહ્યું: 'જૂનાગઢના એક મુમુક્ષુ તેઓના પુત્ર સાથે અહીં આવ્યા છે. દીકરાને વળગેલા હોઝકીન્સ પ્રકારના કૅન્સરને કારણે તેના સમગ્ર શરીર પર ત્રણથી ચાર હજાર જેટલી નાની-મોટી ગાંઠો ફૂટી નીકળી છે. એટલે તેને રૂમમાં આવવાની 'ના' પાડી છે. માટે આપ આશીર્વાદરૂપે ફૂલ આપો.'

'ફૂલ શું કામ? એને અહીં લઈ આવો ને!' સ્વામીશ્રી બોલ્યા.

દીકરાને સોડમાં લેતાં 'મા' કદી ખચકાય ખરી? આવી જ મમતાથી સ્વામીશ્રી એ રોગગ્રસ્ત બાળકને પોતાના ઓરડામાં લઈ આવવા જણાવી રહ્યા.

પરંતુ આ અંગે કેટલાક વ્યવસ્થાપકોનું મન ન માન્યું, કારણ કે તેઓ હજી થોડા સમય પૂર્વે જ સ્વસ્થ થયેલા સ્વામીશ્રીની તબિયત સંબંધી કોઈ જોખમ ઉઠાવવા માંગતા નહોતા.

આ સમયે સ્વામીશ્રીની કરુણાએ વચલો માર્ગ સૂચવ્યો: 'તો એ છોકરાને રૂમની બહાર લઈ આવો. આપણે એના ઉપર પ્રસાદીનું જળ છાંટીએ અને આશીર્વાદ આપીએ, જેથી એનું કલ્યાણ થાય.'

આ રીતે એક અજાણ્યા બાળકના દુ:ખમાં ભાગીદાર થવા તત્પર બનેલા સ્વામીશ્રીએ પોતાના સ્વાસ્થ્યને જોખમમાં મૂકી દીધું. અલબત્ત, તેઓને તો આ પ્રસ્તાવમાં જોખમ નહીં, જતન જ દેખાતું હતું.

તે મુજબ અલૌકિક ભટ્ટ નામના પેલા બીમાર બાળકને સ્વામીશ્રીના ઉતારાની પશ્ચિમે આવેલા બગીચા બાજુની ઓસરીએ લાવવામાં આવ્યો. અહીં સાંજના છ વાગ્યે પણ ઉનાળાની લૂ તીવ્રતાથી ફૂંકાઈ રહેલી. તેને ખમતાં સ્વામીશ્રી એક રોગી શિશુ પર શીતળતા વરસાવવા લાગ્યા. તેઓએ એ બાળકને વર્તમાન ધરાવી તેના સુખ માટે પ્રાર્થના કરતાં કરતાં દર્દીના શરીર પર પ્રાસાદિક પુષ્પ અને પાણી પધરાવ્યાં. એ બાળકના પિતાને પણ હૂંફ આપી કે 'ભગવાન દયા કરશે. હવે વધારે દુ:ખી ન થાય એવી પ્રાર્થના કરી છે.' આ સાથે સ્વામીશ્રીએ પથારીએ પડેલા બાળકને પણ હામ પૂરી કે 'તું ભગવાનને યાદ કરતો રહેજે. દુ:ખ ન પડે એવા આશીર્વાદ છે.'

એક અપરિચિત બાળક માટે પણ પોતાની પરવા તજી બળબળતી ગરમીમાં દોડી ગયેલા સ્વામીશ્રીની આ કરુણા જોઈ સૌ ગદ્‌ગદ થઈ ગયા.

આ બાળકને આશીર્વાદ આપવા બહાર આવતાં પૂર્વે જ સ્વામીશ્રીએ નાદુરસ્ત તબિયત ધરાવતા ખ્રિસ્તી ધર્મવડા પોપ જ્હોન પૉલને સ્વાસ્થ્યની શુભકામના પાઠવતો પત્ર લખેલો. એક વિશ્વવ્યાપી ધર્મના ધુરંધરથી માંડી બાળક સુધી એકસમાન વરસેલો તેઓનો આ મમતામેઘ સૌને ભીંજવી ગયો.

હું તો રોજ હાથ જોડું છું

તા. ૬/૪ની સવારે બરવાળાના નવનિર્મિત મંદિરની મૂર્તિઓમાં દૈવત પૂર્યા બાદ સ્વામીશ્રી તા. ૮/૪ની રાત્રે ભોજનખંડમાં પ્રવેશ્યા ત્યારે તેઓ કરબદ્ધ હતા. હાથ જોડેલી એ મુદ્રામાં જ સ્વામીશ્રી આખો ભોજનખંડ વીંધી પોતાના આસન પર જઈ બિરાજ્યા ત્યારે આરુણિ ભગતે પૂછ્યું : 'આજે કેમ આમ હાથ જોડીને આવ્યા ?'

'હું તો રોજ હાથ જોડું છું.' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું :

'દરેકમાં ભગવાન રહ્યા છે એટલે હાથ જોડવા જ જોઈએ ને ! શાસ્ત્રીજી મહારાજે જે શિખવાડ્યું છે એ પ્રમાણે જ હું રાખું છું. હાથ જોડીને કામ લેવું, તો દિવ્યભાવ પણ રહે, મહિમા પણ રહે અને આનંદ પણ રહે.'

પ્રણામના હકદાર સ્વામીશ્રી હંમેશાં પ્રણામની મુદ્રામાં જ રહેતા.

આ શૈલી સાથે તેઓ તા. ૧૦/૪ની સવારે ગઢપુર પધારતાં અત્રે દિવ્ય સંનિધિ પર્વ નિમિત્તે એકત્રિત થયેલાં ૪૪૪ બાઈ-ભાઈ અગ્રેસરોનાં મુખકમળ ખીલી ઊઠ્યાં.

આપણું થર્મોમીટર આપણી પાસે જ છે

દિવ્ય સંનિધિ પર્વના પ્રથમ દિવસ તા. ૧૧/૪ના રોજ ચૈત્ર સુદ ત્રીજની તિથિ હતી. ૧૭૯ વર્ષ પૂર્વે આ તિથિએ શ્રીજીમહારાજ દ્વારા જેતલપુર પ્રકરણનું પહેલું વચનામૃત ઉદ્‌બોધાયેલું. તેને અનુલક્ષીને આજે મંચ પર બિરાજમાન શ્રીજીમહારાજની મૂર્તિને આ વચનામૃતના વર્ણન અનુસાર વાઘા-અલંકાર ધારણ કરાવવામાં આવેલા. કાર્યક્રમનો ઉપાડ પણ વચનામૃતની રીત મુજબ પ્રશ્નોત્તરીથી થયો. સંતો-ભક્તો પ્રશ્ન પૂછતા ગયા અને સ્વામીશ્રી ઉત્તર આપતા ગયા. જેમ કે –

- *ઘણી વાર સુહૃદભાવને લક્ષમાં રાખી જતું કરવા જઈએ તો સમયસર કામ નથી થતું અને સમયસર કામ કરાવવામાં કો'કને વઢીને કહેવા જતાં સુહૃદભાવ ગૌણ થાય છે. આવી પરિસ્થિતિમાં સમયસર કાર્યપાલનનો આગ્રહ રાખવો કે સુહૃદભાવ ન તૂટે એનો?*

  'આપણે સમયસર કાર્ય કરવું છે એ હકીકત વસ્તુ છે, પણ કહીએ ને અભાવ આવી જાય તો આપણો એક સત્સંગી ચાલ્યો જાય. માટે સુહૃદભાવ રાખીને બીજે દિવસે હેત-પ્રેમથી વાત કરો તો એનો એ પાછો કામ કરશે. એટલે સુહૃદભાવ મુખ્ય વસ્તુ છે. કામ તો બીજી રીતે સુધરી શકે, પણ મન તૂટ્યાં એટલે સુધરે નહીં. સુહૃદભાવ તૂટ્યો એટલે ગયું! માટે ગમે તેટલું અપમાન થાય, દુઃખ થાય, આપણું કાર્ય કદાચ ન કરે, ભલે મોડું થાય, પણ સુહૃદભાવ તૂટવો ન જોઈએ. (સમયસર કામ ન થવાથી) માર્ક (ગુણાંક) જશે એનો વાંધો નહીં, પણ સંપ-સુહૃદભાવના માર્ક વધારે જતા રહે છે. એમાં વધારે નુકસાન છે.'
- *સેવા કે ભક્તિ આપની રુચિ પ્રમાણે થઈ રહી છે એની નિશાની શું? આપ કહેશો કે 'સુખ વર્તે.' તો માન-મોટપનુંય સુખ તો વર્તે જ છે. મનધાર્યું કરીએ એમાં પણ સુખ તો જબરજસ્ત આવે છે.*

'સત્પુરુષની રુચિ પ્રમાણે થતું હોય તો આપણને અંતરમાં શાંતિ રહે. રુચિ પ્રમાણે ન થતું હોય તો મનમાં અશાંતિ ને દુઃખ રહે. એટલે આપણું થર્મોમીટર આપણી પાસે જ છે. અંતરમાં આનંદ આવે, કેફ રહે એટલે રુચિ પ્રમાણે વર્ત્યા એમ કહેવાય. મનધાર્યું કરવામાં સુખ જબરજસ્ત આવે, પણ એમાં પડવાના જ છે. ભગવાન અને સંતની આજ્ઞાથી કરો તો રાજીપો છે. એ કહે એ ઉગમણી દિશા - તો આપણે મહિમા સમજ્યા કહેવાય! (મનધાર્યું કરવાના) જબરજસ્ત સુખ કરતાં (આજ્ઞાથી કરવામાં) થોડું સુખ મળે તો પણ હજારગણું છે. માટે એ રાખજો.'

આ રીતે ચાલતી પ્રશ્નોત્તરીના ક્રમમાં નિર્દેશક શ્રી અશ્વિનભાઈ ઠક્કરે પૂછ્યું કે –

- *બાપા! અમને મળેલી સત્સંગની સેવામાં નિર્વિઘ્ને પાર પડાય અને અંતિમ લક્ષ્ય સિદ્ધ થાય તે માટે આપના અનુભવ મુજબ સૌથી પાયાની વાત કઈ છે, જે અમારે પ્રતિક્ષણ યાદ રાખવી જોઈએ?*

  'મહિમાની દૃષ્ટિ પહેલી. મહિમા હશે તો ગમે તેટલું અપમાન થશે તોય એ સેવા તમે કરવાના છો ને કરવાના છો. મહિમા હોય તો મળેલી સેવા નિર્વિઘ્ને પાર પડે. નિર્વિઘ્ને એટલે કોઈનો અભાવ ન આવે, નિયમ-ધર્મ અને કથા-વાર્તામાં ગૌણતા ન આવે. કોઈ પણ કાર્ય સોંપે એમાં ગૌણતા ન આવે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આપણો આધાર આપણી સાથે છે

દિવ્ય સંનિધિ પર્વમાં તા. ૧૧/૪ના સાયંસત્રમાં વધુ એક અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'દેહભાવ છે એટલે મોળા વિચાર આવે, પણ કાર્ય કરવા માંડે તો વાંધો ન આવે. આંધળો માણસ ઍવરેસ્ટ ચડી ગયો છે! એવી રીતે આપણે ગમે એટલી મુશ્કેલી આવે, શરીરમાં રોગ આવે તોય પાછું પડવાનું ન હોય, ત્યારે આપણે વસ્તુ સમજ્યા કહેવાય; પણ *રડતા હોય ને પીયરિયાં મળ્યાં* – આપણે કષ્ટ પડતું હોય ને આપણા જેવા મળે ને મોળી વાત કરે કે 'મરી જઈશ, શું કામ મંડ્યો છે?' એટલે આપણે ચાલ્યા! પણ સંસારમાં જેટલો ઉત્સાહ-ઉમંગ છે એનાથી હજારગણો અહીં રાખવાનો છે. મહારાજ ગયા નથી, પણ

ગુણાતીત પરંપરામાં મળે છે. એટલે આપણે ભિખારી કે નોધારા થયા નથી. આપણો આધાર આપણી સાથે છે.

સવારે ઊઠ્યા ને (સત્સંગ પ્રવૃત્તિનો) એક પરિપત્ર આવી જ જવાનો છે, એ સમજી જ રાખવાનું છે અને એનો અમલ કરવામાં પણ પાછી પાની નહીં કરવાની. આપણે તો સોળવલ્લું સોનું. માન-પાન માટેનો આ સત્સંગ નથી, દાસના દાસ થવાનો ને સહન કરવાનો આ સત્સંગ છે. આવી રીતે સમજણ થશે તો કોઈ વાંધો આવશે નહીં. આપણે ભૂલ નથી કરવી પણ કદાચ કોઈથી થઈ જાય તો ક્ષોભ નથી પામવાનું. ભગવાન અને સંત દયાળુ છે. એ આપણા ગુના ને ભૂલો સામે જોતા નથી. એ આપણી સેવા, ભક્તિ, નિષ્ઠાને જુએ છે. આવો અવસર આયો છે તો શૂરવીર હોય એ છાતીના ઘા લે. બરડાના ઘા લેવાના નથી. સત્સંગમાં કંઈ દુ:ખ પડ્યું ને ચાલ્યા, પણ વે'વારમાં ક્યાં દુ:ખનો અંત આવે છે? માટે મહિમા સમજીને જોગી મહારાજને રાજી કરવા. હજારો જીવને તમારા થકી સત્સંગ થશે તો એનું પુણ્ય કેટલું બધું મળશે ?!"

સત્સંગ મારો ને હું સત્સંગનો

તા. ૧૨/૪ની સવારે દક્ષિણ ગુજરાતના વાઘમ્બા ગામના કુટિર મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂરી સ્વામીશ્રી આજની સાંજે દિવ્ય સંનિધિ પર્વમાં પધાર્યા ત્યારે અહીં 'જેવી સમજણ તેવું ફળ' કાર્યક્રમ ચાલી રહેલો. તેમાં 'અમુક પરિસ્થિતિ વખતે પોતે શું કરે?' તે વિષયક મંતવ્યો કાર્યકરો જણાવતા હતા. આ ક્રમમાં એક કાલ્પનિક પરિસ્થિતિ એવી ઊભી કરવામાં આવી કે 'મને હાલના કાર્યકર પદમાંથી બદલે અગર તો રદ કરે કે મારું સેવાક્ષેત્ર બદલે તો હું શું કરું?'

આ અંગે બે કાર્યકર્તાઓએ પોતાના મનોભાવો જણાવ્યા બાદ 'આવી પરિસ્થિતિમાં શું કરવું જોઈએ?' એમ સ્વામીશ્રીને પુછાતાં તેઓએ કહ્યું :

'આપણે મહારાજ-સ્વામીને રાજી કરવા આવ્યા છીએ. તે તો હોદ્દા પર હો કે ન હો, તો પણ કરી શકો છો. 'મારો હોદ્દો ગયો' એમ કરી મૂકી દો તો સત્સંગમાં આવી સમજ્યા શું? આપણે અહીં અધિકાર માટે આવ્યા જ નથી. દાસના દાસ થઈને સેવા કરવા આવ્યા છીએ. બીજા પાછા કહે, 'લે, જોયું ને! મોટી થઈને સેવા કરતી'તી! પણ તારું સાંભળ્યું? આગળથી ખેંચાઈ મરતો'તો તોય તને કાઢી નાંખ્યો.' આવું કહે એટલે મન પાછું પડે. પણ કોણે કાઢ્યો

છે? ભગવાનની ઇચ્છા હશે તેમ થતું હશે! એટલે આપણે રાજી થકા કરવાનું છે. બદલીઓથી કે ફેરફારથી આપણે મનમાં લાવવાનું નથી. મનદુઃખ થાય તો બીજા દસને પાછા પાડે કે 'સત્સંગમાં આપણી કિંમત નથી.' પણ આપણી કિંમત કેટલી છે? કોડીની. ભગવાનના કામમાં કરોડોના થયા. અબજો કહો તો પણ ઓછું છે. એમ મનમાં ભાવ રહેવો જોઈએ. માન થાય કે અપમાન, તિરસ્કાર થાય, તો પણ 'સત્સંગ મારો છે ને હું સત્સંગનો છું' – એ દૃઢતા આપણે કરવાની છે. હોદ્દા ન મળ્યા તો તેની ચિંતા નહીં કરવાની. મનમાં જરાય ડંખ ન થવો જોઈએ. વિચાર પણ ન આવવો જોઈએ, તો આપણે સત્સંગી ખરેખરા.'

અમૃતનો આવો જ બીજો એક ઘૂંટ આવી ગયો જ્યારે અગ્રેસરો વતી સ્વામીશ્રીને પુછાયું: 'મારી જાણ બહાર નિર્ણય લેવાઈ જાય અને ક્ષેત્રિય મીટિંગમાં એની જાહેરાત થઈ જાય તો શું કરવું?'

આ પરિસ્થિતિનું નિરાકરણ લાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'જાણ બહાર તો આપણા ઘરમાંય થાય છે, નોકરી કરતા હો ત્યાંય થાય છે, તોય ત્યાં બેસી રહીએ છીએ. ત્યાં યસ (હા) કહેવું જ પડે છે ને! એટલે જાણ બહાર નિર્ણય થયો હોય, પણ સંસ્થાના હિત માટે હોય તો પછી કાંઈ કરવાનું નહીં, પણ પેલો અહં છે કે 'મને પૂછ્યા વિના કેમ કર્યું? હું સંયોજક. હું મેઈન (મુખ્ય). મને પૂછવું જોઈએ.' પણ તમે ઘરમાં મેઈન છો તોય કેટલું બોલે છે! તે ઘડીએ શું કરો છો? જય સ્વામિનારાયણ કહી પગે જ લાગવાનું હોય, નહીંતર રોટલા થાય બંધ! એવી રીતે અહીં ભગવાનના ભક્તોનો મહિમા સમજીને એમની સાથે વ્યવહાર રાખવો જોઈએ. અયોગ્ય થયું હોય તો કાર્યકરનો ઉત્સાહ તૂટી ન જાય, એની કાર્ય કરવાની શક્તિ ચાલી ન જાય એટલા માટે પ્રેમથી કહેવું.'

આપણે તો ઠંડક જ છે

'બી.એ.પી.એસ. – એક પરિવાર' વિષયક ચાલતા દિવ્ય સંનિધિ પર્વનું સમાપન તા. ૧૩/૪ની બપોરે થતાં ઉપસ્થિત સૌ કાર્યકરોને આઇસક્રીમનો પ્રસાદ જમાડવામાં આવ્યો. તેના અનુસંધાનમાં તા. ૧૪/૪ની સાંજે એક સંતે સ્વામીશ્રીને પૂછ્યું: 'આપના માટે આઇસક્રીમની એક વાટકી લઈ આવું?'

'ના, જરૂર નથી.' સ્વામીશ્રીએ જણાવ્યું. પછી ધીરે રહી ઉમેર્યું:

'આપણે તો ઠંડક જ છે.'

રણની રેત બુંદ બુંદ માટે તલસે, પણ સિંધુને બુંદની શું અપેક્ષા? તેમ હિમાલય જેવું હૈયું ધરાવતા સ્વામીશ્રીને ટાઢક માટે કોઈ ઉપકરણોની આવશ્યકતા નહોતી.

આવા નિજાનંદી તેઓએ આજની રાત્રે દિવ્ય સંનિધિ પર્વના એક આયોજક સંતને કહ્યું: 'જ્યારે જ્યારે આવાં પર્વ કે શિબિરોનું આયોજન થાય, કોઈ પણ મીટિંગ હોય ત્યારે ત્રણ-ચાર મંદિરોમાંથી સંતો ભેગા થઈને આવે તો પેટ્રોલ ઓછું બગડે, મોટરને ઘસારો પણ ઓછો લાગે, પૈસા પણ બચે. આ રીતનું આયોજન કરાવતાં શીખો.'

આ સૂચનના અનુસંધાનમાં જ એક પૂર્વપ્રસંગ સંભારતાં સ્વામીશ્રી બોલ્યા: "એક ઠેકાણે શિબિરમાં ઘણા બધા ભેગા થયેલા જોઈ મેં ત્યાંના સંતને કહ્યું, 'આટલા બધાને બોલાવવાની શી જરૂર?' ત્યારે એ કહે, 'મારે બધા સાથે સંબંધ હોય એટલે બોલાવવા પડે ને!' મેં તરત જ એને કહ્યું કે 'આપણે ગૃહસ્થ ઓછા છીએ? તારા કરતાં તો વધારે સંબંધ મારે છે. આખી સંસ્થા સાથે મારે સંબંધ છે. એટલે શું ઘડીએ-ઘડીએ બધાને બોલાવવાના?' એટલે આ બધી બાબતમાં વ્યવહાર ઘાલવાની જરૂર નહીં. લોકો પાટોત્સવમાં પણ બોલાવે, એનો અર્થ શું? મોટા સમૈયાઓમાં બધા આવે એ બરાબર છે, જેમાં બધાને દર્શન થાય."

પોતાની આ રુચિ જણાવતાં સ્વામીશ્રી પોઢ્યા ત્યારે સૌને વ્યાવહારિક વિવેકની વાટ સ્પષ્ટ થઈ ગઈ.

સત્ત્વશીલ સમૈયા

તા. ૧૫/૪ની સવારે લંગાળા અને ઉમરાળાનાં મંદિરની મૂર્તિઓમાં દૈવત પૂર્યા બાદ સ્વામીશ્રી મુલાકાતો આપવા બિરાજ્યા ત્યારે તળ ગઢડાના એક જ્યોતિષી તેઓ પાસે આવી ચડ્યા. આ જોષીએ આવતાંવેંત કહ્યું: 'અહીં મહામંત્ર દ્વિશતાબ્દીનો સમૈયો થયો ત્યારે હું પહેલી વખત આપની સભામાં આવ્યો. એ ભવ્યતા જોઈને મારા જીવમાં થઈ ગયું કે 'આવું કાર્ય બીજો કોઈ ન કરી શકે.' ત્યારથી મારાં તમાકુ અને બીડી છૂટી ગયાં. લોકો મને સમજાવી-સમજાવીને થાકી ગયેલા, પણ હું વ્યસન છોડતો નહોતો. હવે મારી તમાકુ અને ચૂનાની ડબ્બીમાં આરતીની દિવેટ રાખું છું.'

કચરાને કોહિનૂરમાં પલટી દે એવા સ્વામીશ્રીના સત્ત્વશીલ સમૈયાની આટલી છડી પોકારી પેલા મુરબ્બી વિદાય થયા બાદ આવેલા ગઢડાના જ શંભુભાઈ રાજગોરને જોતાં સ્વામીશ્રી બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના વખતથી આમને સંબંધ. સરકારી, દરબારી અધિકારીઓને મંદિરે લઈ આવે, સૌને અહીં દર્શન કરાવે, જમાડે, પણ પોતે ક્યારેય મંદિરનું જમ્યા નથી.'

નાના-નાના ભક્તોની ઝીણી-ઝીણી વિગતો પણ વર્ષોનાં વર્ષો સુધી સ્વામીશ્રીના હૈયે અકબંધ રહેતી. ચિત્રગુપ્તના ચોપડે કદી ચૂક પડે, પણ તેઓના રોજમેળમાં સૌની પાકી નોંધ મળતી.

તે સાથે વિચરતા તેઓએ તા. ૧૮/૪ના રોજ આવેલી શ્રીહરિ જયંતીના પૂર્વાર્ધનો લાભ ગઢડાને અને ઉત્તરાર્ધનું સુખ અમદાવાદને આપ્યું.

ગણિતે ગણ્યાથી નથી એ ગણાતું

અમદાવાદના રોકાણ દરમ્યાન તા. ૨૨/૪ની સવારે સાયન્સ સિટી વિસ્તારના આઇ-મેક્સ થિયેટરમાં પધારેલા સ્વામીશ્રી સમક્ષ મિસ્ટિક ઇન્ડિયા ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી. તેને પોતાની અમીદૃષ્ટિથી ધન્ય કરી સ્વામીશ્રીએ તા. ૨૪/૪ની સવારે મહીજડાના નવનિર્મિત મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા.

તે પછી આજની જ સાંજે આશીર્વાદ લેવા મંદિરે આવી પહોંચેલા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સ્વામીશ્રી વિષે પોતાનો પૂજ્યભાવ પ્રગટ કરતાં સત્તાધીશ મટી સેવક જ બની રહ્યા. તેઓ ઉતારેથી સભામાં પધારી રહેલા સ્વામીશ્રીને હાથનો ટેકો આપતાં ચાલ્યા. એટલું જ નહીં, સોફા પર બેસવા જતા સ્વામીશ્રીને પણ તેઓએ પોતાના હાથનો ટેકો ધરી બેસાડ્યા.

આથીયે અધિક આદર પ્રગટ કરતાં શ્રી મોદીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું: 'આપણે મહાભાગ્યશાળી છીએ કે પ્રમુખસ્વામી જેવા મહાપુરુષ આજના યુગમાં આપણું માર્ગદર્શન કરી રહ્યા છે. રાષ્ટ્રને જરૂરી સમયાનુકૂલ શક્તિ તેઓ આપતા રહે છે. અક્ષર-પુરુષોત્તમ સ્વામિનારાયણ સંપ્રદાયે માનવજાતનું શું કલ્યાણ કર્યું છે એ મૂલવવા માટે આપણે બહુ નાના પડીએ, પણ પચીસ વર્ષ પછી એનું મૂલ્યાંકન થશે કે જીવનમાં આધ્યાત્મિકતા અને વૈજ્ઞાનિકતા, દિવ્યતા અને ભવ્યતાનો સુમેળ કરીને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં સમાજ-જીવનને આધ્યાત્મિક ચેતના આપવાનું કામ આ યુગમાં પ્રમુખસ્વામીના

નેતૃત્વમાં કેવું થયું છે !'

સ્વામીશ્રીના મૂલ્યાંકનનો મુદ્દો આવે ત્યારે સમર્થ શાસકો પણ પોતાને અસમર્થ જાહેર કરતાં ખચકાતા નહીં.

'ગીતા'ના શ્લોકનું સાકાર સ્વરૂપ

તા. ૨૭/૪ની સવારે અમદાવાદનાં પરાં વિસ્તાર મણિનગર અને નવા વાડજમાં તૈયાર થયેલાં મંદિરોની મૂર્તિઓમાં દૈવત આરોપી સ્વામીશ્રી આજની સાંજે સભામાં અમૃતધારા વહાવવા લાગ્યા. *'હાં જી ભલા સાધુ...'* કીર્તનના આધારે વહેતા આ સદુપદેશની ભાષા ગુજરાતી હતી, છતાં આ ભાષાથી અજાણ એવા દૂરદર્શનના નિયામક શ્રી એલ. ટી. મંડવાલ ડોલી ઊઠ્યા. ૮:૨૦ વાગ્યે આશીર્વાદ વિરમ્યા ત્યારે આ અધિકારીએ અનુભવ વ્યક્ત કર્યો કે 'ये संस्था के बारे में मेरी जानकारी नहीं थी, लेकिन पहली दफ़ा यहाँ आकर प्रमुखस्वामी के आशीर्वचन से मैं प्रभावित हुआ हूँ। इतने छोटे से आशीर्वाद में जीने का तरीका अच्छी ढंग से कहा गया।'

અમૃતના આસ્વાદને ભાષા સાથે શું નિસ્બત? તેમ સ્વામીશ્રીની વાણી પણ *'થાય વૃષ્ટિ અમૃત તણી જેમ, કથા અમૃત વરસે છે એમ...'*ની પેઠે રેલાતી. તેથી તે ભાષાથી અજાણને પણ પુષ્ટિ-તુષ્ટિ પમાડતી.

વળી, જેવી તેઓની વાણી તેવી જ તેઓની વર્તણૂક. તેઓની નિઃશબ્દ ચેષ્ટા પણ વિદ્વાનોને વીંધી નાંખતી. આ અનુભવ તા. ૨૮/૪ની સવારે સો વર્ષીય પ્રકાંડ પંડિત શ્રી કે. કા. શાસ્ત્રી કરી રહ્યા. તેઓ સ્વામીશ્રીને મળવા આવ્યા ત્યારે આ વિચક્ષણ વૈષ્ણવને આવકારવા સ્વામીશ્રી સોફા પરથી ઊભા થઈ સામા ચાલ્યા.

આ સૌજન્યથી અભિભૂત થઈ જતાં શ્રી શાસ્ત્રી બોલ્યા: 'આપ આ રીતે ઊભા થઈ સામે આવો એની મને શરમ આવે છે.' આમ કહેતાં તેઓ 'હું ગુરુજનો સમક્ષ ક્યારેય ઊંચા આસને બેઠો નથી' જણાવી સ્વામીશ્રી સમક્ષ પલાંઠી વાળીને જ બેઠા. સ્વામીશ્રીએ તેઓને હાર, શાલ અને દક્ષિણાથી સન્માની સંવાદ સાધ્યો.

સો વર્ષના આ બુઝુર્ગને બિરદાવી તેઓ આજની સાંજે પહોંચ્યા શિશુકુંજમાં. આ સમયે મંદિરમાં યોજાયેલા વર્તમાનધારણ વિધિમાં સ્વામીશ્રીએ ૭૫૫થી વધુ બાળકોને વર્તમાનમંત્ર આપી ભગવાનના ખોળે મૂક્યા અને ૮૪

બાળકોની લટ લઈ પ્રતીકાત્મક ચૌલ સંસ્કાર કરી આપ્યો.

આમ, શિશુથી શતાયુ સુધીના સૌને સુખ આપતાં તેઓ આજની સાયંસભામાં પધાર્યા ત્યારે વિખ્યાત મૅનેજમેન્ટ નિષ્ણાત શ્રી બી. એન. દસ્તૂર દર્શન માટે ઉપસ્થિત હતા. તેઓએ મૅનેજમેન્ટ વિષયક સ્વલિખિત પુસ્તક સ્વામીશ્રીને અર્પણ કરેલું. તેનું આજે સ્વામીશ્રી દ્વારા ઉદ્‌ઘાટન કરાવી શ્રી દસ્તૂરે ખીચોખીચ સભાને સંબોધતાં કહ્યું :

'મેં મૅનેજમેન્ટની તાલીમ દેશ-વિદેશમાં ઘણા લોકો પાસેથી લીધી છે. ભગવદ્‌ગીતાનો 'अधिष्ठानं तथा कर्ता...' (૧૮/૧૪) મારો માનીતો શ્લોક છે. તેમાં મૅનેજમેન્ટની અદ્‌ભુત વાત કરવામાં આવી છે. અત્યાર સુધીની ૭૦ વર્ષની મારી જિંદગીમાં મેં ઘણા અનુભવો કર્યા છે, પરંતુ આ શ્લોકનો સાક્ષાત્કાર કરનાર મૅનેજર મને મળ્યો ન હતો. પરંતુ વરસ પહેલાં આ સંસ્થાની કાર્યપદ્ધતિ જોઈ ત્યારે મને લાગ્યું કે ગીતાના શ્લોકને સાકાર કરનાર સાત દાયકામાં કોઈ મળ્યા હોય તો એ આ પ્રમુખસ્વામી મહારાજ છે! મારાં જિંદગીનાં જે કાંઈ વર્ષો બચ્યાં છે એ પ્રમુખસ્વામીને આપવાની તૈયારી છે, જો પ્રમુખસ્વામી લેવા તૈયાર હોય તો!'

'दुनिया की शान है' ऐसा बोलो

તા. ૨૯/૪ની સવારે સ્વામીશ્રી પ્રાતઃપૂજા કરવા મંચ પર પધાર્યા ત્યારે અહીં દિલ્હીના અક્ષરધામ પર પ્રસ્થાપિત થનારા પાંચ કળશ શોભી રહેલા. ૮.૪ ફૂટની ઊંચાઈ અને ૬ ફૂટનો ઘેરાવો ધરાવતા મુખ્ય કળશની સાથે ૬.૨ ફૂટ ઊંચા અન્ય ચાર કળશોની આભા સૂર્ય-શશાંક સમાન ભાસી રહેલી. આ કળશસમૂહની લગોલગ ૨૩.૯ ફૂટ લાંબો ધજાદંડ પણ ભવસાગરની નૌકાના શઢની જેમ ઊભેલો. તેમાંથી સ્વામીશ્રીએ સૌપ્રથમ અશોક વૃક્ષનાં પર્ણપટલ અને કમળપત્રોની ભાત ધરાવતા સુવર્ણ કળશોનાં ત્રણેય અંગો – મસ્તક, ગ્રીવા તથા નાભિને વારાફરતી પાંચ-પાંચ ચાંદલા કરી પૂજ્યા. તેને અનુસરતાં તેઓએ સુવર્ણરસિત ધ્વજદંડની પાટલી અને પ્રત્યેક ગાંઠળીને પણ નીચા ઝૂકી-ઝૂકીને ચાંદલા ચોડ્યા. અંતે પાંચેય કળશ તથા ધજાદંડને સ્વામીશ્રીએ આરતીનું અર્ઘ્ય ધર્યું ત્યારે આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનનારા સૌ જય જય ઉચ્ચાર કરી રહ્યા.

તેથી જ આજે સ્વામીશ્રીના અલ્પાહાર વખતે ધર્મપ્રકાશદાસ સ્વામીની

કવિકલ્પના ઊછળી આવી કે *'भारत की संस्कृति है जेहि, प्रसिद्ध सारे विश्व में तेहि। ताकी गरिमा आज बढ़ाई, अक्षरधाम दीन्हा है रचाई॥'* આ ભાવોર્મિ બાદ એ સંત અક્ષરધામના સંદર્ભમાં બોલવા ગયા કે *'भारत की शान है...'*

પરંતુ તેઓને અટકાવતાં સ્વામીશ્રીએ કહ્યું : ''अकेली भारत की नहीं, *'दुनिया की शान है'* – ऐसा बोलो।''

દિલ્હીના અક્ષરધામનો પ્રતાપ વર્ણવતી વધુ એક ભવિષ્યવાણી સ્વામીશ્રીના મુખેથી સરી પડી.

આચરણપૂત આધ્યાત્મિકતાનો સારાંશ

તા. ૩૦/૪ના રોજ નવા વાડજના નૂતન હરિમંદિરને પાવન કરનારા સ્વામીશ્રીએ તા. ૨/૫ની સવારે મણિનગરમાં નિર્માણ પામેલા મંદિરને પણ પોતાના સાંનિધ્યથી ધન્ય કર્યું.

અહીં પ્રાસંગિક સભામાં ધર્મલાભ આપી શાહીબાગના મંદિરે પરત પધારેલા તેઓ બપોરે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે ભારતીય સેનાના નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ શ્રી સુરીન્દર કોચરે લખેલા 'ગીતા' વિષયક પુસ્તકની વાત નીકળી. આ પુસ્તકની પ્રસ્તાવના માનનીય શ્રી જે. પી. વાસવાનીએ લખેલી અને તેનું ઉદ્‌ઘાટન દેશના પૂર્વ ગૃહમંત્રીશ્રી એલ. કે. અડવાણીના હાથે થવાનું હતું.

આવા આ પ્રતિષ્ઠિત પ્રકાશનની પૂર્વભૂમિકા બાંધતાં લેખક શ્રી કોચરે My Inspiration(મારો પ્રેરણાસ્રોત)નું મથાળું મૂકી લખેલું :

'સન ૧૯૯૨માં ગાંધીનગરના અક્ષરધામ ખાતે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથે થયેલી મારી મુલાકાત અને વાર્તાલાપે આધ્યાત્મિકતાના પ્રદેશમાં મારો પ્રવેશ કરાવ્યો. એમનાં દર્શને મને એવી શાંતિ, નિશ્ચિંતતા અને હળવાશથી ભરી દીધો કે આધ્યાત્મિકતાની મીઠી સુગંધથી હું અઠવાડિયાંઓ સુધી વીંટળાયેલો રહ્યો. સ્વામીશ્રીની સાદગી અને સંસ્કારી નમ્રતાએ મારા કાળજાને વીંધી નાંખ્યું. પ્રેમ અને કરુણાના સંદેશને પ્રસરાવવાનું અસાધારણ ધ્યેય લઈને વિચરતા તેઓ સાદું જીવન જીવે છે.

જ્યારે હું અક્ષરધામમાં ગયો ત્યારે મેં પ્રગાઢ શાંતિ અનુભવી. અહીં બિરાજિત ભગવાન સ્વામિનારાયણની સ્વર્ણમયી મૂર્તિની આધ્યાત્મિક

આભા એટલી પ્રભાવક છે કે મેં અતૂટ શાંતિ અને સંવાદિતા અનુભવ્યાં. અક્ષરધામ દ્વારા મને આધ્યાત્મિકતાનો ફુવારો જડ્યો છે. દેખાવ, રચના, અભિવ્યક્તિ અને સંદેશની દૃષ્ટિએ અક્ષરધામ એક વૈશ્વિક સંકુલ છે. અહીં મેં મારી જાતને સાંસ્કૃતિક વારસાથી સભાન, તાજગીસભર અને નવીનીકરણ પામેલી અનુભવી. આધ્યાત્મિક જીવન તરફ મારું આ પ્રથમ પગલું. મેં માંસાહાર અને મદ્યપાનથી મુક્ત થયાની ખુશી અનુભવી.

સ્વામીજી આપણા જીવનનાં બંધ બારણાં ઉઘાડી નાંખે છે અને આપણને આપણા ભૌતિક અસ્તિત્વથી પર એવા પરમ આનંદયુક્ત જીવન તરફ દોરી જાય છે. તેઓ રોજિંદા જીવનની સમસ્યાઓનું વ્યવહારુ સમાધાન આપે છે. આ પુસ્તકના છેલ્લા પાને મુકાયેલું તેઓનું દિવ્ય અવતરણ અને અક્ષરધામનું દૃશ્ય આચરણપૂત આધ્યાત્મિકતાનો સારાંશ છે.'

સર્જક અને સર્જન – સ્વામીશ્રી અને અક્ષરધામનો કેવો અલૌકિક પ્રભાવ !

આજ મને ઊભરા આવે રે...

તા. ૫/૫નો દિવસ અમદાવાદના રોકાણનો અંતિમ દિન હોવાથી ઘણી જ વ્યસ્તતા વચ્ચે વીતી રહેલો. તેથી સ્વામીશ્રીનું રાત્રિભોજન પણ થોડું ઠેલાયું. ભોજન પછીયે મીટિંગ-મુલાકાતનો મારો સારો ચાલ્યો. તેનો છેડો આવતાં સ્વામીશ્રીએ પત્રનું કામકાજ હાથ પર ધર્યું. તે ક્રમમાં જેના ઉત્તર અપાઈ ગયેલા તેવા કેટલાક પત્રો ફાડી નાંખવાનો આદેશ પત્ર-પરિચારકને આપી સ્વામીશ્રી સ્વયં પણ મદદ કરવા લાગ્યા.

આ કાર્યવાહી દરમ્યાન તેઓના હાથમાં A4ના કદનો એક પત્ર આવ્યો. તે અડધો જ લખાયેલો. તેથી તેની અડધી કોરી બાજુ ફાડી એ કાગળ ધર્મચરણદાસ સ્વામીને આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આ કાગળનો ટુકડો કોરો છે. ઉપયોગમાં આવશે.'

અમદાવાદમાં પખવાડિયાના રોકાણ દરમ્યાન કરોડોના કામકાજની મીટિંગો કરનારા સ્વામીશ્રીના અહીંના મુકામ પર આ ચરિત્ર સાથે પૂર્ણવિરામ મુકાયું.

આવી અલૌકિક જીવનશૈલી ધરાવતા તેઓ તા. ૬/૫ની સવારે

ઓઢવના ઔદ્યોગિક વિસ્તારમાં બનેલા હરિમંદિરમાં ધર્મલાભ આપી વિદ્યાનગર આવી પહોંચ્યા.

અત્રે તેઓની નિશ્રામાં યોજાયેલી દ્વિભાગીય સંત શિબિરના આજથી શરૂ થતા પ્રથમ સત્રમાં ૪૫૦થી વધુ સંતો એકત્રિત થઈ ગયેલા. તેઓને જોતાં જ હરખાઈ ઊઠેલા સ્વામીશ્રી આશીર્વાદના પ્રારંભમાં બોલ્યા :

'આજ મને ઊભરા આવે રે, આજ મને ઊભરા આવે રે;
સંતોનાં દર્શન કરી, આજ મને ઊભરા આવે રે...'

આ ઉમંગ સાથે તેઓ અહીં તા. ૧૦/૫ સુધી અમૃતધારા વહાવતા રહ્યા.

સ્વામીશ્રીનો આહાર

સંત શિબિરના પ્રથમ તબક્કાનું સમાપન થતાં જ તા. ૧૧/૫થી આંતર છાત્રાલય શિબિરનો મંગલદીપ પ્રગટી ગયો. તેના ઉજાશમાં પરવાના બની હોમાઈ જવા ઉપસ્થિત આશરે ૩૦૦ વિદ્યાર્થીઓને પણ સ્વામીશ્રી ભરપૂર ભાથું પૂરું પાડવા લાગ્યા. તેની વચ્ચે આજની રાત્રે આવેલા હરિભક્ત શ્રી મોતીભાઈ પટેલે મર્મમાં કહ્યું : 'બાપા ! મારે ત્રણ જગ્યાએ ઘર છે – દેશમાં, લંડનમાં અને અમેરિકામાં. તમે મને કયા દેશમાંથી ધામમાં લઈ જવા આવવાના છો ? તો હું ત્યાં જઈને રહું.'

'તમે જ્યાં હશો ત્યાંથી અમે અક્ષરધામમાં લઈ જઈશું.' સ્વામીશ્રીએ બાંયધરી આપી.

આવા અંત સમયના બેલી સમા તેઓની મીટિંગોનો દોર તા. ૧૨/૫ની રાત્રે તેઓના ભોજનને આંટીએ ચડાવી રહ્યો. તેથી નારાયણચરણદાસ સ્વામીએ કહ્યું : 'સ્વામી ! જમવું નથી ?'

'ખાવા-પીવાની શું ચિંતા ?' સેવાને જ મેવાની જેમ આરોગતાં સ્વામીશ્રીએ આટલું જણાવી ઉમેર્યું : 'કામમાં ખાવા-પીવાની ચિંતા હોવી જ ના જોઈએ. ખાવા ઓછા આવ્યા છીએ ? ખાવાનું તો ખઈએ જ છીએ ને ! ભજન, કીર્તન, કથા-વાર્તા થાય છે, સંતોનાં દર્શન થાય છે, સેવા થાય છે, પછી બીજાની શું જરૂર છે ?'

સ્વામીશ્રીની આ અલમસ્તાઈમાંથી જ ફૂટેલી તેઓની અમૃતધારાઓ વડે તા. ૧૫/૫ થી તા. ૧૯/૫ દરમ્યાન યોજાયેલી સંત શિબિરનો દ્વિતીય તબક્કો પણ તરબતર થઈ રહ્યો.

ભજે તે પ્રભુને રૂડી પેર

સંત શિબિરના બીજા સત્રની પૂર્ણાહુતિ બાદ તા. ૨૦/૫થી આરંભાયેલા બાળપ્રવૃત્તિના દિવ્ય સંનિધિ પર્વમાં ૬૮૯ બાલ-બાલિકા અગ્રેસરો ચાર દિવસ સુધી 'આત્મબુદ્ધિ' વિષયક કાર્યક્રમોનો લાભ લેતાં રહ્યાં. લાભની આ ખાણ તા. ૨૩/૫ની સાંજે સ્વામીશ્રી ભાવનગર પધારતાં અહીં પણ ખૂલી ગઈ.

અત્રે નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરના પરિસરમાં તૈયાર થયેલા સંત આશ્રમનું ઉદ્ઘાટન સ્વામીશ્રીના આગમન સાથે થઈ ગયું. આ નૂતન નિવાસમાં બિરાજી તા. ૨૪/૫ની સાંજે પત્રવાંચન કરી રહેલા તેઓએ સાત વાગતાં જ સભામાં જવા ઇચ્છા દર્શાવી. તેથી પત્ર-પરિચારક સંત સેવકોને બોલાવવાના હેતુસર ઓરડાની બહાર નીકળ્યા. તે વખતે ઓરડામાં એકલા બિરાજેલા સ્વામીશ્રીના કાને સભામંડપમાં શરૂ થયેલી આરતીનો ધ્વનિ સંભળાતાં તેઓ નેત્રો મીંચી આરતી ગાવા લાગ્યા. થોડી વારે ઓરડામાં પ્રવેશેલા સેવકો તો આરતીના સૂરમાં તાલીનો તાલ મિલાવી અવિનાશીની આરાધનામાં ડૂબેલા સ્વામીશ્રીને નીરખી જ રહ્યા.

આમ, ભજનની સાહજિક પ્રકૃતિ ધરાવતા સ્વામીશ્રી તા. ૨૭/૫ની બપોરે મુલાકાતીઓને સંતોષ આપી શયનકક્ષમાં પધાર્યા ત્યારે સંતો પણ દર્શન માટે સાથે ને સાથે ઓરડામાં પ્રવેશી ગયા. તેમાંના એક સંતની સાથે સ્વામીશ્રીને કંઈક અંગત વાત કરવી હતી, પણ શયનખંડમાં ઘણી સંખ્યા જોઈ તેઓએ પેલા સંતને બાથરૂમમાં બોલાવી લીધા. અહીં સ્વામીશ્રી સ્નાન કરવા બેસતી વખતે વપરાતી ખુરશી જાતે જ ખસેડીને નજીક લાવ્યા અને તે પર બિરાજી વાતચીત શરૂ કરવા જતા હતા, પરંતુ તેઓની આ ગતિવિધિનો ખ્યાલ આવતાં સંતોએ કહ્યું: 'બાપા! આપ ઓરડામાં બેસી શાંતિથી વાત કરો. અમે બહાર જતા રહીએ છીએ.' આમ કહેતાં સંતો ઓરડામાંથી નીકળી ગયા ત્યારે સ્વામીશ્રીએ પલંગ પર બેસી પેલા સંત સાથે વિમર્શ કર્યો.

તેઓ સત્તાધીશ હોવા છતાં સદા સરળ અને સાનુકૂળ થઈને જ વર્તતા.

ચિત્તે ક્રોધ ચડે નહીં તોય

ભાવનગરના રોકાણ દરમ્યાન નિર્માણાધીન મંદિરની કાર્યવાહીને સ્વામીશ્રીએ ખૂબ વેગ આપ્યો. બાંધકામના નિરીક્ષણની સાથે તેઓ સભા અને

મુલાકાત ઉપરાંત ભોજન તેમ જ ભ્રમણના સત્રમાં પણ આ પ્રકલ્પને પુષ્ટિ આપતા રહ્યા.

આ ક્રમમાં તા. ૨૯/૫ની સાંજે તો તેઓએ સ્વયં આશીર્વાદ બાદ સભામાં જાહેરાત કરતાં કહ્યું: 'હવે અહીં મંદિરમાં પ્રતિષ્ઠા થશે, ઠાકોરજી વિરાજશે, એટલે હવેથી છેલ્લે 'જય' પણ બોલવાની.' આમ કહી સ્વામીશ્રીએ પોતે જ 'ભાવનગર મંદિર મહોત્સવની જય' પાંચ વાર ઝિલાવી.

મંદિરનો આ જયનાદ ગુંજાવી ઉતારે પધારેલા તેઓ તા. ૩૧/૫ની સવારે મુલાકાતીઓને માર્ગદર્શન આપી રહેલા. તે વખતે એક મુમુક્ષુએ મૂંઝવણ રજૂ કરી કે 'મારા વેવાઈ અન્ય એક સંપ્રદાયના અનુયાયી છે. હું જ્યારે એમના ઘેર જઉં ત્યારે આપનું ખોદ્યા કરે છે.'

'જેટલું ખોદવું હોય એટલું ખોદવા દો ને ! એમાં શું વાંધો છે ? આપણે તો પ્રાર્થના કરવી કે એની બુદ્ધિ સારી થાય.' સ્વામીશ્રી ઠંડકથી બોલ્યા.

'ક્રોધ ચડવાનું કારણ હોય, ચિત્તે ક્રોધ ચડે નહીં તોય;

ક્ષાંતિ (ક્ષમા) નામ તો તેનું લખાય, ભગવાનમાં તે તો જણાય...' મુજબ ભગવાનનો આ ગુણ સ્વામીશ્રીમાં પણ દૃષ્ટિગોચર થતો.

આવા ભગવદ્‌ગુણોના ધારક તેઓના વરદહસ્તે તા. ૩/૬ના રોજ નિર્માણાધીન મંદિરનાં ઉદુંબર અને દ્વારશાખનાં પૂજન સંપન્ન થયાં. તેની સાથે સ્વામીશ્રીએ આજની યોગી જયંતીએ ગ્રંથનિર્માણના કાર્યમાં પણ પ્રાણ ફૂંક્યા. સારંગપુરમાં વિશેષ અભ્યાસ કરનારા સંતો સાથે અત્રે આવેલા ભદ્રેશદાસ સ્વામીને આશીર્વાદ આપતાં તેઓ બોલ્યા: 'તમે ભણી-ગણીને વિદ્વાન થયા છો એ સત્સંગની શોભા છે. હવે આપણા અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંતનાં શાસ્ત્રો થઈ જાય એ મોટામાં મોટું કામ છે.'

*'પુષ્ટિ વધે ગ્રંથથી સંપ્રદાયની, છે એ જ રીતિ જગમાં સદાયની...'*ના રહસ્યને સ્વામીશ્રી યથાર્થ પામેલા.

તેથી મંદિર-નિર્માણની સમાંતર સાહિત્ય-સર્જનની સેવા પણ ચલાવતા તેઓ દ્વારા ભાવનગરમાં ઊંચા થઈ રહેલા મંદિરને ટેકો અડાડવા અહીં પસ્તી સંકલનથી માંડી સુવર્ણ સમર્પણ સુધીના વિવિધ કાર્યક્રમો યોજાયેલા. તેના એક ભાગરૂપે તા. ૩/૬ની સાયંસભામાં ઠાકોરજીની સુવર્ણતુલા યોજાઈ. તેમાં સ્વામીશ્રીના નિવાસ દરમ્યાન જે ૧૦૪ ઘરોમાં હરિકૃષ્ણ મહારાજની પધરામણી થયેલી તેના યજમાનોએ સુવર્ણદાન કરી જીવતરને ધન્ય કર્યું.

આવો જ લહાવો લૂંટવા હવે જૂનાગઢ પણ થનગની રહેલું. એ સોરઠી સત્સંગને પોષણ આપવા તા. ૪/૬ની સાંજે સ્વામીશ્રી જૂનાગઢ આવી પહોંચ્યા.

મંદિરોના પ્રખર પુરસ્કર્તા

આ અરસામાં, થોડી ક્ષીણ થયેલી સ્વામીશ્રીની શ્રવણશક્તિને સરભર કરનારું યંત્ર તા. ૫/૬ની સવારે આવી જતાં સ્વામીશ્રીએ તે ઠાકોરજીને ધરાવ્યું અને થોડી વાર સુધી તે મશીન હરિકૃષ્ણ મહારાજનાં કરકમળમાં પણ મૂકી રાખ્યું. તેઓની આ નાની-શી ક્રિયા સૌના કાનમાં ભક્તિનો પડઘો પાડી રહી.

આ જ ભક્તિ આજની સાયંસભામાં સ્વામીશ્રીના મુખેથી અમૃતધારારૂપે ફૂટી નીકળી. આજે રજૂ થયેલા સંવાદ 'મંદિરમાં પ્રભુ બિરાજે છે'ના વિષય-તંતુને પકડી તેઓએ જણાવ્યું :

"દરેક મનુષ્ય પોતાના ધર્મગ્રંથોને બરાબર સમજે તો પછી કોઈ પ્રશ્ન જ નથી. સૌને પોતાના ધર્મમાં શ્રદ્ધા હોય ને એની રીતે પાઠ-પૂજા કરતો હોય એમાં વાંધો શું હોય? જેને ધર્મમાં, મંદિરોમાં શ્રદ્ધા ન હોય એને વિચાર આવે કે 'આ પથરા ખડકવા ને મૂર્તિઓ પધરાવવી એની શી જરૂર છે?' પણ સ્કૂલો, કૉલેજો, દવાખાનાં ને બધી સગવડો જોઈએ છે તો એની પાછળ ખર્ચા કરવા પડે છે. દેશની રક્ષા માટે મિલિટરીની જરૂર છે. એમ જેને ભગવાનમાં શ્રદ્ધા છે એ મંદિરો કરે, મસ્જિદો કરે, ચર્ચ પણ કરે, ગુરુદ્વારા પણ કરે, માતા-મહાદેવનાં મંદિરો પણ થાય. એને ખોટું કહેવું એટલે સમજ્યા નથી. એ સમાજનાં અંગ છે. સાધુ-સંતો એ સમાજના અંગ છે. વ્યસનોના ખર્ચાનો વિચાર કે પ્રશ્ન થતો નથી. એની પાછળ કરોડો રૂપિયા ખર્ચી નાંખીએ, પણ મંદિરો થાય છે એને માટે પ્રશ્ન થાય છે. એટલે પોતે ધર્મને સમજ્યા નથી.

કેટલાક કહે છે કે 'ભેગા થઈને કરો. બધા ફાંટાની શી જરૂર છે?' પણ જેને જેમાં શ્રદ્ધા થઈ તે એ પ્રમાણે ભજે. એમાં આપણને દુઃખ શું કામ થાય છે? અને કહે, 'મૂર્તિઓ કેમ પૂજો છો?' પણ તમે બધા મૂર્તિપૂજક જ છો. આખી દુનિયા કોઈક ને કોઈક સ્વરૂપે મૂર્તિ જ પૂજે છે. કેટલાક લોકો કો'ક પ્રતીકને માટે પૂજ્યભાવ ધરાવે છે. તેથી તેઓ તે પ્રતીકને મોટાં મોટાં સ્થાનો બાંધી તેમાં સ્થાપિત કરે છે. કેટલાક લોકો જેને પોતે ઈષ્ટ માન્યા છે તેનાં ચિત્ર કે સ્ટેચ્યૂ સ્મૃતિરૂપે પોતાનાં સ્થાનોમાં મૂકે છે. તેના વિષે આદર, પ્રેમ રાખે છે. તેમાં દિવ્યતા જુએ છે. તો એ એક પ્રકારે મૂર્તિમાં શ્રદ્ધા થઈ કે નહીં?

પછી કોઈ કહે કે 'અમે મૂર્તિપૂજામાં માનતા નથી.' તો એ વાત કરવી તે તો ખોટી જ છે. એ જ રીતે આપણે હિંદુઓને મૂર્તિમાં શ્રદ્ધા છે. મૂર્તિઓની વિધિસર પ્રાણપ્રતિષ્ઠા થાય છે. એમાં ભગવાન બિરાજે છે એ આપણે પરાપૂર્વથી માનીએ છીએ.

એ ભગવાનને ભજવા સ્થાન હોવું જરૂરી છે. જેમ સમાજમાં પણ પાર્લામેન્ટ ને ધારાસભા શું કામ કરવી પડે છે? ઝાડ નીચે બેસીને રાજકાજ ના થઈ શકે? પણ એને માટે યોગ્ય સ્થાન, વ્યવસ્થા હોવી જ જોઈએ તો કામ સારી રીતે થાય છે. અધિવેશનોમાં લાખો રૂપિયા ખર્ચાય છે એ દેશના વિકાસ માટે છે, પણ આપણે ન જાણતા હોઈએ તો થાય કે 'કેમ આ ખર્ચો?' લગ્નમાં પાર વગરના ખર્ચા થાય છે. એ બધા ખર્ચાને જોતા નથી ને વાત કરવી કે 'આ મંદિરોમાં બધું ખોટું ખર્ચ થાય છે'; પણ ખોટું નહીં, બધું જ ભગવાનની ઇચ્છા પ્રમાણે સારું થાય છે. આજે કેટલાં બધાં પશુઓની હિંસા થાય છે! વ્યસનો ને જુગારના અડ્ડા ખરાબ જ છે ને! છતાં એ બધું પોષાય છે, તો પછી મંદિરોમાંથી તો સંસ્કાર મળે છે. તે કેમ પોષાતા નથી? માણસો સંસ્કારી થશે તો સમાજમાં શાંતિ થશે. મંદિરો દ્વારા જેટલા સુધરશે એટલું સારું થશે.

આજે કરોડો રૂપિયા શિક્ષણ પાછળ ખર્ચાય છે, છતાં બે-ત્રણ શિક્ષકો સારા ન હોય એટલે દુનિયામાંથી શિક્ષણ જ બંધ કરી દેવું એવું નથી. ડૉક્ટરોમાં, અધિકારીઓમાં, પ્રધાનોમાં પણ કેટલાક એવા ખરાબ હોય છે. એટલે તંત્ર બંધ ન કરાય, ચલાવવું જ પડે. ગામમાં બે-ચાર તોફાની હોય ને લોકોને હેરાન કરતા હોય એણે કરીને ગામ ખોટું થઈ જાય છે? ને ગામને બાળી નાંખો? એમ ધર્મસ્થાનોમાં બે-ચાર ઠેકાણે કંઈક જોવામાં આવ્યું એટલે બધું ખોટું છે? પણ જ્યારે હોય ત્યારે મંદિરો પર ધોંસ આવી જાય છે. પણ હવે આપણે તો બધા હિંદુ છીએ, તો હિંદુ થઈને વિચાર તો કરવો જોઈએ. આપણે મા, બેન, દીકરી, પત્ની બધાં જોડે કેવો મર્યાદા મુજબ વ્યવહાર કરીએ છીએ! આ મર્યાદાઓનું કોણે તમને કહ્યું? એ મર્યાદાઓને માન્ય કરતા હો તો તે મર્યાદાઓ આપનારા ભગવાનનેય માન્ય કરવાના છે, પણ આપણે ધર્મમાં ઊંડા ઊતરતા નથી. ઉપર-ઉપરનું સાંભળીને બધું કરીએ છીએ. જીવનમાં કરવાનું છે એ કરે નહીં ને આર્ગ્યૂમેન્ટ (દલીલ) કર્યા કરે.

પણ જે દલીલો કરે છે એને કોઈ દા'ડો એક પૈસો મંદિર માટે આપવાનો હોય નહીં ને બોલ્યા કરે કે 'બધું ખોટું છે, ખોટું છે...' ભ'ઈ!

તમે મંદિર માટે કાંઈ ન કરો તો કાંઈ નહીં, પણ તેની વિરુદ્ધ બોલશો નહીં એ મોટી સેવા છે. જેમ આપણા કુટુંબ પર દયા છે એવી બધા પર રાખો. બધાને આદર આપો. જે ભગવાનને માનતા હો એના આદેશમાં રહો. તમે તમારું જુઓ, તો આગળ વધી શકશો. બીજાનું જોશો તો લડાઈ ને ઝઘડા થશે ને વિકાસ નહીં થાય. માટે ધર્મમાં રહીને જીવન ધન્ય કરવું.''

આજે શ્રદ્ધા અને તર્કની સરાણે ચડીને આવતા સ્વામીશ્રીના એકેએક શબ્દની ધાર કંઈક અનોખી જ રહી.

અલમસ્ત યોગીને ગાયા કરું

તા. ૬/૬ની સવારે જૂનાગઢના શ્રીજીનિર્મિત મંદિરે દર્શન કરી પરત પધારેલા સ્વામીશ્રી તા. ૭/૬ની સાંજે આપણા નિર્માણાધીન મંદિરનું નિરીક્ષણ કરવા નીકળ્યા. આ સમયે બાંધકામની દેખરેખ રાખતા ધર્મકીર્તિદાસ સ્વામી, પ્રશાંતદર્શનદાસ સ્વામી વગેરે સાથે પૂછપરછ કરી માહિતી મેળવતા જતા તેઓનાં કરકમળો દ્વારા તા. ૮/૬ની સાંજે મંદિરના આમલસારાનું પૂજન થયું.

આમ, જૂનાગઢમાં સ્વામીશ્રીના રોકાણથી મંદિરના નિર્માણની પ્રવૃત્તિને ખૂબ વેગ મળી રહ્યો. આ સેવાયજ્ઞમાં હોમાયેલા હરિભક્તોને પ્રેરણા પૂરી પાડવા પ્રતિદિન યોજાતી સાયંસભામાં ગુરુપરંપરાના જીવન આધારિત વિવિધ કાર્યક્રમો રજૂ થતા.

તે ક્રમમાં તા. ૯/૬ના રોજ ઊજવાઈ રહેલા યજ્ઞપુરુષ દિનના અવસરે સતાધાર ગાદીના મહંત પૂજ્ય વિજય બાપુ પધાર્યા. બે વાર સ્નાતકની પદવી પામેલા તેઓએ સભાને સંબોધતાં જણાવ્યું : 'આજે સ્વામીબાપાના સાંનિધ્યમાં બોલવાનું શું હોય? એમનાં દર્શનમાત્રથી બોલતી બંધ થઈ જાય છે. હું ફક્ત બે જ વ્યક્તિને 'બાપા' કહું છું. એક અમારા આપા ગીગાને અને બીજા પ્રમુખસ્વામીને.'

એક માન્યવર મહાત્માના આ અહોભાવને અનુસરતાં તા. ૧૦/૬ના રોજ યોગી દિન આવી પહોંચ્યો. તે નિમિત્તે સાયંસભામાં યોગીજી મહારાજનું સુરેખ શબ્દચિત્ર ઉપસાવતાં સ્વામીશ્રીની વાણી રેલાવા લાગી કે –

''પુત્રનાં લક્ષણ પારણાંમાંથી થાય, એમ યોગીજી મહારાજનું નાનપણથી જ શુદ્ધ ને પવિત્ર જીવન. પહેલેથી વિચાર હતો કે ભગવાન ભજવા છે, તો જૂનાગઢમાં આવી ગયા. બધી સેવા બહુ પ્રેમથી કરતા. 'મને ફાવશે

- નહીં ફાવે' તેવો શબ્દ તેમની ડિક્શનરીમાં જ નહોતો. સેવા ને ભજન કર્યા કરે. નવરા તો રહે જ નહીં. નવરા હોય તો માળા ફેરવે, પુસ્તક લે, કીર્તન ગાય. ત્યાગ-વૈરાગ્યની છટા પણ એવી. દિવસે સૂવાનું નહીં ને રાત્રે કોથળો પાથરીને સૂતા. એમને શરીરની કોઈ તમા જ નહીં. સૂકલકડી શરીર હતું, પણ ભગવાનની કૃપા ને ભગવાનની નિષ્ઠા હતી તો આત્મબળ બહુ હતું. કોઈ પણ સેવામાં પાછા પડે નહીં. બધાનો રાજીપો લીધો.

બધા પૂછે : 'તમને 'જોગી' કેમ કહે છે ?' તો કહે : 'અમે ગુણાતીતાનંદ સ્વામીનો વારસો લીધો છે, બીજી કોઈ સાધના કરી નથી. અક્ષરરૂપ થઈ ભગવાનની ભક્તિ કરીએ એ અમારી સાધના છે.' પોતાની કોઈ મહત્તા નહીં કે 'મેં કર્યું, મારાથી થયું.' દાસભાવે, સેવકભાવે વર્ત્યા છે. દરેક માટે સરખો પ્રેમ. છેલ્લે તબિયત સારી નહોતી, તો પણ આફ્રિકા ને લંડન જઈ આવ્યા. એવું નહીં કે 'શરીર સારું નથી'; પણ 'મારે સેવા કરવી છે' એ ભાવ. દેહભાવ હતો જ નહીં. આત્મભાવે જ વર્ત્યા છે. કોઈ અભાવ-અવગુણ નહીં. એમની વિશાળતા બહુ હતી. એટલે એમના પ્રત્યે કોઈને અભાવ પણ ના થાય.

એમનું હાસ્ય હંમેશાં માટે હોય જ. એમનું હાસ્ય નિર્દોષ હતું. કોઈ દંભ માટે નહીં. સહેજે-સહેજે એમની પાસે બેસી રહેવાનું મન થાય. એમની ભાષા ગામઠી કાઠિયાવાડી હતી, પણ આપણા હૃદય ભેદી નાંખે. એમને એક વાત હતી કે 'ભણેલા-ગણેલા સાધુ થાય તો સંપ્રદાયનો વિકાસ થાય.' એટલે એવી રીતે ૫૧ સાધુ કર્યા. એમને એક હતું કે 'સંસ્કારી સમાજ તૈયાર થાય.' તો આજે બાળ મંડળ, કિશોર મંડળ, યુવક મંડળ ચાલે છે. જોગી મહારાજ બહુ ભણેલા નહીં, પણ એમની આર્ષદૃષ્ટિ હતી. એમનામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, સત્ય, દયા, અહિંસા, પરોપકાર એવા ગુણો હતા તો આપણને એમના વિષે પ્રીતિ થઈ છે. તો ભગવાનને પ્રાર્થના કરીએ કે એમના જેવા ગુણો આપે, એમના આદેશો જીવનમાં ધારીને સુખિયા થઈએ."

જેણે યોગીજી મહારાજને નીરખ્યા ન હોય તેની નજર સમક્ષ પણ યોગીજી મહારાજ તરવરવા લાગે એ રીતે આજે સ્વામીશ્રી બોલી રહ્યા. આ કમાલ તેઓની વર્ણનશક્તિની નહીં, પણ ગુરુભક્તિની !

ગુણાતીતના વારસાની વાતો

આ અરસામાં સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્થા દ્વારા તૈયાર થયેલી

આઈ-મેક્સ ફિલ્મ મિસ્ટિક ઇન્ડિયા વિશ્વભરમાં ધૂમ મચાવી રહેલી. જ્યાં-જ્યાં તેના પ્રિમિયર શૉ થતા ત્યાં-ત્યાં મંત્રી-મહાનુભાવોના મેળા જામતા. વિલાયતમાં વાગેલા આવા એક ડંકાની DVD અહીં જૂનાગઢમાં આવેલી. તે તા. ૧૧/૬ની સાંજે ટ્રેડમિલ મશીન પર ભ્રમણ કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ શરૂ કરવામાં આવી.

જો કે એ નિદર્શનમાં અવારનવાર બાઈઓનાં દૃશ્યો આવતાં હોવાથી સ્વામીશ્રી ઢળેલી નજરે જ ચાલતા રહ્યા. પડદા સામું નજર સુધ્ધાં ન કરી.

પરંતુ તેઓની પ્રકૃતિ *'સર્વે શિષ્યોને ધર્મ પળાવો...'*ની! તેથી આજની રાત્રે વીડિયો સાથે સંબંધિત સૌને બોલાવી સ્વામીશ્રીએ કહ્યું: 'આવી વીડિયો બતાવવી જ નહીં. સંતોએ આ વીડિયો જોવાની જરૂર જ નહીં. ભલે એ પ્રીમિયર શૉના ઉદ્‌ઘાટનની હતી, પરંતુ પ્રચાર માટે બરાબર છે. આપણા માટે એ છે જ નહીં! આ બાબતનું ધ્યાન રાખવું.'

આ ખટકો કાયમ રહે તે માટે સ્વામીશ્રીએ પ્રાયશ્ચિત્તરૂપે સંબંધિત સૌને એક-એક ઉપવાસ કરી લેવા કહ્યું. તેની સાથે પોતાના પત્ર-પરિચારક સંતને પણ જણાવ્યું: 'જે જે મંદિરોમાં આ ડી.વી.ડી. ગઈ હોય એ બધી જ જગ્યાઓએ ફોન કરી દો કે – સંતોએ આ જોવાની નથી અને બધી જ ડી.વી.ડી. અમદાવાદના કાર્યાલયમાં મોકલી દેવી.'

ધર્મધુરંધર સ્વામીશ્રીનું આ ધર્મપાલન જોઈ આજની જેઠ સુદ ચોથના રોજ આવેલો પ્રમુખવરણી દિન ધન્યતા અનુભવી રહ્યો.

અલબત્ત, ધર્મનો બોધ સંભળાવતો વાણીનો ધોધ તા. ૧૨/૬ના રોજ પણ સ્વામીશ્રીના મુખેથી વહી રહ્યો. આજે પ્રાતઃપૂજા બાદ મંદિરના કળશ અને ધજાદંડનું પૂજન કરી ઉતારે પધારેલા તેઓએ સંતોને ધર્મ-મર્મ જણાવતાં કહ્યું:

'ભલે કરોડ રૂપિયાનો લાભ થતો હોય, પણ સ્ત્રી-ધનના નિયમો મૂકીને કરીએ તો એનો અર્થ નથી. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજમાં સાધુતા અને નિયમ-ધર્મ પાકાં હતાં. સહેજ પણ રજોગુણ નહીં. ગુણાતીતનો એ જ વારસો છે. પ્રવૃત્તિ આપણાથી બહુ ના થાય તો ચિંતા ન કરવી. સત્સંગ વધે કે ઘટે એ ભગવાનના હાથમાં છે. આપણે જાણી જોઈને ઘટાડવાની વાત નથી, પણ નિયમ-ધર્મ લોપીને સત્સંગ થતો હોય તો એમાં કોઈ વિશેષતા નથી. વધારે પ્રચાર-પ્રસાર કરવામાં મર્યાદા મૂકવી પડે, નિયમ-ધર્મને ઘસારો આવે તો આપણે એ રીતે સત્સંગ નથી વધારવો. ગમે એવો વિદ્વાન હોય

પણ નિયમ-ધર્મ પાળવાના જ છે. કથા-વાર્તા, ચેષ્ટા ગૌણ ન થવી જોઈએ. ભજન-કીર્તન ગૌણ ન થવાં જોઈએ. મૂળ સાધુનો મારગ એ છે.

આજકાલ જે કોઈ સાધનો થયાં છે એ બધાં જ આપણા નિયમ-ધર્મમાં ખામી લાવે એવાં છે. માટે એને વધારે પડતું મહત્ત્વ ન આપવું. જો વધારે પડતું મહત્ત્વ આપીશું તો આપણું કરવાનું રહી જશે. ગામડે વિચરણ કરીને આવીએ તો સેવા તરત જ જાતે જ જઈને જમા કરી દેવી.

કમ્પ્યૂટરને તો કોઈએ અડવું જ નહીં. પ્રોગ્રામ કરવા જઈએ પણ પ્રોગ્રામ સૂઈ ગયો! જો અડ્યા તો પછી ધીમે ધીમે બધું જ અડાશે. કૅમેરો ભલે મંદિરનો હોય પણ આપણે અડીએ તો ક્યારેક ફોટા લેવાનું પણ મન થઈ જાય. માટે એને અડવું જ નહીં. હાથમાં તલવાર હોય તો ઉગામવાનું મન થઈ જાય, એમ આમાં પણ એવું છે. આપણાથી એવા નિયમ-ધર્મ લોપાય જ નહીં. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની આબરૂ જવી ન જોઈએ. સંસ્થા વગોવાય નહીં એ આપણે જોવાનું છે. ડગલે ને પગલે વિચારવું કે 'આ બરાબર છે? આ સારું છે?' પાછલી પેઢીમાં દૂષણ પેસી ન જાય એ રીતે જોવું.

હંમેશાં બધાને સાથે રાખીને જ કામ કરવું. એમાં શાંતિ રહે. એકલા આગળ આવવાની ભાવના સાથે કામ કરીએ, પણ પછી આગળ જતાં પાર વગરની મૂંઝવણ થાય. આપણી મર્યાદામાં રહીને સેવા કરીએ તો બધું જ ઊગી નીકળશે. લીટાની બહાર જવું જ નહીં. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ હજી દૂર નથી, નજીક જ છે. એટલે બને એટલી સાવધાની રાખીને સત્સંગ કરીશું તો આગળ સંસ્થાને કોઈ વાંધો નહીં આવે. અત્યારે તો નિયમ-ધર્મમાં બધા છે જ અને મેં જે કહ્યું એ પ્રમાણે જ તમે કરો છો એ સારું છે, પણ આગળ જતાં આવું ન થઈ જાય એનું ધ્યાન રાખવું.'

*'જેમ હીરાને ઓપ ચડાવ્યો, તેમ ધર્મીને ધર્મ બતાવ્યો...'*ની રીતે સ્વામીશ્રીએ આજે ધર્માનુશાસનના પાઠ શિખવાડ્યા.

ઠેઠ સુધીની વાત

તા. ૧૨/૬ની સાયંસભામાં જૂનાગઢના મંદિરનો સભામંડપ સમર્પણ-વીરોથી છલકાઈ ઊઠ્યો, કારણ કે અહીં ખડા થઈ રહેલા મંદિરના પાયામાં જાણે સુવર્ણશિલાઓ મૂકતા હોય તેમ શહેર અને ગ્રામ્ય વિસ્તારના ૧૦,૦૦૦થી વધુ ભક્તો આજે ઠાકોરજીને સોને તોળવા તત્પર થયેલા. જે હરિકૃષ્ણ મહારાજે

૧,૭૦૦થી અધિક ઘરોમાં પધરામણી કરેલી, તેઓને વધાવવાનો સત્સંગીઓનો ઉમંગ જૂનાગઢની ખેંગાર વાવને પણ છીછરી કરી મૂકે એમ ઊછળી રહેલો. તે જોઈ આજની સભામાં ઉપસ્થિત મેયર સહિતના અગ્રણીઓ પણ અચંબો પામી ગયા. તેની વચ્ચે શરૂ થયેલા સુવર્ણતુલા સમારોહમાં લાભ આપી સ્વામીશ્રી તા. ૧૩/૬ની સવારે જેતપુરમાં દર્શન કરીને ગોંડલ પધાર્યા.

અત્રે આજની સાંજે નિત્યક્રમથી પરવારતાં જ તેઓએ એક સંતને સૂચના આપી કે 'બહાર કુઆલાલુમ્પુરના હરસુખભાઈ કામદાર સાથે વિવેકસાગર સ્વામી બેઠા છે. તેઓને અહીં લઈ આવો.'

'આપ પ્રસાદ જમી લો, પછી મળીએ.'

'પછી વિવેકસાગર સ્વામીને કથા કરવાનો ટાઇમ થઈ જશે, માટે પહેલાં બોલાવી લાવો.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓ બીજાની અનુકૂળતાનો વિચાર પહેલો કરતા. તેથી જ આજે સ્વામીશ્રી પ્રસાદ લેવાનું ઠેલી પ્રથમ સંત-ભક્તને મળ્યા.

ત્યારબાદ સત્સંગ-સભામાં ધર્મલાભ આપી તેઓ રાત્રે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે દિવ્યકિશોરદાસ સ્વામી દ્વારા થઈ રહેલા ગ્રંથવાંચનમાં વાક્ય આવ્યું : 'कितने भी कष्ट आये, वे परमहंस सहन करते थे।'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ તે વાક્ય દોહરાવવાનું કહી પૂછ્યું : 'આમાં શું આવ્યું ?'

'સહન કરવાની વાત આવી.' સંતો બોલ્યા.

ત્યારે 'કેટલું સહન કરવાનું ?' એમ પૂછી સ્વામીશ્રીએ જણાવ્યું : 'જન્મ્યાથી ઠેઠ મરીએ ત્યાં સુધી સહન કરવાનું છે. બે દહાડાની વાત નથી, ઠેઠ સુધીની વાત છે. આવું સહન કર્યા પછી પણ ભગવાનની ભક્તિ, સત્સંગ અને મહિમા એવાં ને એવાં જ રહેવાં જોઈએ.'

સહનશીલતાની અનહદ સરહદ સ્વામીશ્રીએ બતાવી દીધી. તે તેઓના જીવનમાં કાયમ જોવા મળતી.

વાંધો મનના દુઃખનો છે

તા. ૧૪/૬ની સાંજે ઠાકોરજીનો પ્રસાદ અંગીકાર કરી રહેલા સ્વામીશ્રીનાં દર્શન માટે બેઠેલા નિરંજનમુનિદાસ સ્વામીનો નિર્દેશ કરી એક સંતે ભલામણ કરી કે 'બાપા ! એમનું શરીર સારું રહે એવા આશીર્વાદ આપો.'

'એ મનથી સુખિયા છે એટલે દેહથી ભલે દુઃખ હોય તોય વાંધો ન આવે. વાંધો મનના દુઃખનો છે. જે મનથી સુખિયા ન હોય એના દુઃખનો ક્યારેય પાર ન આવે.' સ્વામીશ્રી બોલ્યા.

જિંદગીના નકશા બદલી નાંખે એવી કરામત તેઓના સહજ વાર્તાલાપમાંથી લાધી જતી. આ કરામતની કચેરી તા. ૨૦/૬ની સવારથી રાજકોટમાં ખૂલી ગઈ.

હું ખાલી ઇન્સ્ટ્રુમેન્ટ (સાધન) છું

તા. ૨૩/૬ની સવારે રાજકોટમાં સ્વામીશ્રીનાં દર્શને આવેલા ઑલ ઇન્ડિયા રેડિયોના સ્થાનિક નિયામક શ્રી તુષારભાઈ શુક્લ ખૂબ ગદ્‌ગદિત હતા. અહીંના આકાશવાણી મથકમાં આજથી જ પોતાની ફરજ નિભાવવાનું શરૂ કરી રહેલા તેઓએ મનમાં ઘોળાતું આશ્ચર્ય રજૂ કરતાં સંતોને કહ્યું: 'શિક્ષણ કરતાં અધ્યાત્મ કઈ રીતે સરપાસ (આગળ) થઈ શક્યું એ જ ખબર નથી પડતી! પ્રમુખસ્વામી મહારાજ માંડ છ-સાત ધોરણ સુધી ભણ્યા છે, છતાં આજે દરેક ક્ષેત્રને આટલું સફળ માર્ગદર્શન પૂરું પાડી શકે છે. આ કઈ રીતે થાય એ મારી કલ્પના બહારનું છે.'

'મારી પણ કલ્પના બહારનું છે.' સ્વામીશ્રી બોલી ઊઠ્યા. પછી ઉમેર્યું: 'સ્વામિનારાયણ ભગવાનની કૃપા અને જોગીબાપાના આશીર્વાદથી જ બધું ચાલે છે ને એ જ માર્ગદર્શન કરે છે. કોઈ વાદ્યના વગાડનારા જુદા હોય એમ હું ખાલી ઇન્સ્ટ્રુમેન્ટ છું, વગાડે છે મહારાજ અને જોગીબાપા.'

સ્વામીશ્રીની આ નમ્રતાથી રણઝણી ઊઠેલા પેલા અધિકારી તો 'વાહ... વાહ... ક્યા ખૂબ...! ક્યા ખૂબ...!' પોકારી ગયા, પણ સ્વામીશ્રી તો હજીયે કહી રહેલા: 'ગુરુની કૃપા અને ભગવાનની ઇચ્છા સિવાય કાંઈ જ થતું નથી. એ જ બધો સાજ મેળવી આપે છે ને એ જ બધું કાર્ય કરે છે.'

*'લવ ન ધરે અમર્ષ આપ, મન સમજે સઉ શ્રીજીનો પ્રતાપ...'*ની સ્વામીશ્રીની જીવનશૈલી દુનિયા તો શું, દેવલોકમાંય મળવી દુર્લભ!

બી.એ.પી.એસ.ની મુખ્ય પ્રવૃત્તિ

તા. ૨૩/૬ની સાયંસભામાં સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય આપતી પ્રસ્તુતિઓ જ્ઞાન અને ગમ્મતના પાટે દોડતી રહી. પ્રથમ વાર જ

મંદિરમાં પગ મૂકતી વ્યક્તિ પણ સંસ્થાના કાર્યનો વ્યાપ અને હાર્દ પામી શકે એવી આ રજૂઆત બાદ આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા :

'આ બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા શું કાર્ય કરે છે એ બધી વાતો જાણવા મળી, પણ આપણી મુખ્ય પ્રવૃત્તિ આત્મારૂપે થઈને પરમાત્માની ભક્તિ કરવી એ છે. તે દરેકને સમજાવવાની છે. એ સમજાશે તો આ બધી પ્રવૃત્તિ થશે અને શાંતિ પણ થશે. આ અનુસંધાન સાથે બધું કરો તો સુખ, સુખના ઢગલા. નહીં તો પછી ફલાણું ગામ ને નાત ને બાદશાહ ને રાંક. પણ અલ્યા ! કશુંય રાંક નથી. આપણે ચૈતન્ય છીએ, અક્ષર છીએ, બ્રહ્મ છીએ. દેહભાવ હોય તો થાક લાગે, ઉજાગરા લાગે, માન-અપમાન લાગે. માટે બીજું બધું રહી જશે તો ચાલશે, પણ આ રહી જશે તો નહીં ચાલે.'

આમ, સંસ્થાના વિશ્વવ્યાપી કાર્યવર્તુળનું કેન્દ્રબિંદુ સ્વામીશ્રીએ જણાવી દીધું.

તેની જ આસપાસ સ્વામીશ્રીના રાત્રિભોજન દરમ્યાન પણ વિવિધ વાતો ચકરાતી રહી. તેમાં ઝંપલાવતાં જ્ઞાનવત્સલદાસ સ્વામી બોલ્યા : 'બાપા ! આપ બીજી પણ વાત કરો છો કે સંપ હશે તો પૃથ્વીનું તળ રહેશે ત્યાં સુધી સંસ્થાને કંઈ વાંધો નહીં આવે...'

આ વાતને અહીં જ અટકાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'પૃથ્વીનાં તળ તો કેટલાંય બદલાઈ ગયાં ! આપણે તો અક્ષરધામની જ વાત કરવી. અક્ષરધામ અવિનાશી છે, જો સંપ હશે તો સંસ્થા પણ અવિનાશી થઈ જશે.'

સઘળા મનોરથ સિદ્ધ થાય

રાજકોટના રોકાણ દરમ્યાન તા. ૨૨/૬ના રોજ હાથમાં નવજાત શિશુને ઊંચકી આવેલા અંકલેશ્વરના ભાવિક શ્રી ચૂનીભાઈએ કહેલું : 'સ્વામીજી ! મારે લગ્ન થયે ચૌદ વર્ષ વીતવા છતાં સંતાનસુખ મળ્યું નહોતું, પણ ભરૂચમાં આપના આશીર્વાદ બાદ આ બાળક જન્મ્યો છે. આપ એનું નામ પાડી આપો.'

સ્વામીશ્રીના આ પ્રતાપનો પરિમલ હજી વાતાવરણમાં ઊડી રહેલો ત્યાં જ તા. ૨૩/૬ના રોજ તળ રાજકોટના રહીશ શ્રી વિનોદભાઈ રૂગાણીએ હર્ષાશ્રુ સાથે સ્વામીશ્રીને જણાવ્યું : 'લગ્ન થયે ચોવીસ વર્ષ વીત્યાં છતાં મારે સંતાન નહોતું. દેશભરના નિષ્ણાત ડૉક્ટરો પણ તેની શક્યતા જોતા નહોતા. પરંતુ આપના આશીર્વાદ અને પ્રાસાદિક જળથી હવે ઘેર પારણું બંધાયું છે.'

આ જ રીતે જૂનાગઢના યુવાન શ્રી ચેતન દવેએ તા. ૧૦/૬ની મિતિ મારી સ્વામીશ્રી પર લખેલા પત્રમાં જણાવેલું :

'મારાં લકવાગ્રસ્ત માતુશ્રી આઠ વર્ષથી પથારીવશ હતાં. ઘણી સારવાર અને માનતાઓ કરવા છતાં તબિયત સુધરતી નહોતી, પરંતુ આપના પ્રાસાદિક ગુલાબનું જળ મેં મારી માતાને પિવડાવતાં બીજે જ દિવસે ૯૯% ફરક થઈ ગયો ! હું આપનો સદાય ઋણી રહીશ. મને અમદાવાદની એક સારી કંપનીમાં ઉચ્ચ પગાર અને સંપૂર્ણ સવલતો આપતી નોકરીનો ઑર્ડર મળ્યો છે, પણ મારાં માતુશ્રીની તબિયત આપની કૃપાથી સુધરી છે એટલે મેં આ સંસ્થામાં જ સેવા કરવાનું યોગ્ય માન્યું છે અને નોકરી જવા દીધી છે, તે આપની જાણ માટે.'

આ અરસામાં, ઉત્તર ગુજરાતના ખેરાલુ ગામમાં થયેલી પ્રતિષ્ઠાના અવસરે ભૂમિદાન કરનારા શ્રી પ્રેમજીભાઈ દેસાઈએ પણ સંતો સમક્ષ સ્વાનુભવ વર્ણવેલો કે 'મંદિર કરવા માટે મેં ચાલીસ લાખ રૂપિયાની જમીન આપી, પણ મને એવો અનુભવ થયો કે મારા ધંધામાંથી મને એક જ મહિનામાં ૫૦ લાખ રૂપિયાનો નફો થઈ ગયો. હું સમજું છું કે મેં સંસ્થાને કશું જ આપ્યું નથી. ઊલટું, પ્રમુખસ્વામીએ વધારીને મને આપ્યું છે.'

રોજેરોજ ખડકાતા આવા કંઈક અનુભવ અને અહોભાવ સ્વામીશ્રીને વધાવતાં એક જ સૂર ગુંજાવતા કે *'ધન ધાન્ય સુખ સંપત્તિ પામે, પુત્ર પણ પામે સહી; સઘળા મનોરથ સિદ્ધ થાય, રહે કશી ખામી નહીં.'*

તમે હરિભક્તો સોનાના છો

તા. ૨૪/૬ની સવારે રાજકોટના મૅડિકલ ઍસોસિયેશનનું સન્માનપત્ર સ્વીકારનારા સ્વામીશ્રીની નિશ્રામાં તા. ૨૫/૬ની સવારે જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનું સંમેલન યોજાયું. તેમાં સૌને દોરવણીની કેળવણી આપી ઉતારે પધારેલા સ્વામીશ્રી પર આજે એક પત્ર આવ્યો. તેમાં લંડનવાસી હરિભક્ત શ્રી અરુણકુમારે ભાવના વહાવેલી કે *'દિલ્હી અક્ષરધામમાં ગુરુપરંપરાની સોનાની મૂર્તિઓ બેસે.'*

આ લાગણીને પ્રતિભાવ આપતાં સ્વામીશ્રીએ લખ્યું : *'તમે હરિભક્તો સોનાના છો. એમાં બધું આવી ગયું, એટલે બીજા સંકલ્પ કરવા નહીં.'*

આવી મહિમાદૃષ્ટિ સાથે વિચરતા સ્વામીશ્રી તા. ૨૬/૬ના રોજ જૂના

મંદિરે દર્શન કરી સત્ય સાંઈ હાર્ટ હૉસ્પિટલમાં પધાર્યા. અત્રે અસ્પતાલના કાર્યવાહકોને આશીર્વાદ આપી મંદિરે પરત ફરેલા તેઓના સાંનિધ્યમાં હરિભક્તોએ ઠાકોરજીની રજતતુલા યોજી. તેમાં સૌએ સ્વામીશ્રીના વજનતુલ્ય ચાંદીથી હરિકૃષ્ણ મહારાજને તોલી ભક્તિ દાખવી.

આ ભાવ સ્વીકારી સ્વામીશ્રી ઉતારે આવ્યા ત્યારે અહીં મંદિરના વ્યવસ્થાપક યોગીસ્વરૂપદાસ સ્વામીએ દિલગીરી વ્યક્ત કરી કે 'બાપા! આપે એક અઠવાડિયું રોકાઈ બધાને ખૂબ લાભ આપ્યો, પણ એમાં આપને ભીડો પડ્યો હોય તો માફ કરશો.'

આ સાંભળતાં જ, 'જુઓ, આ બધો ભીડો કાંઈ નડતો નથી,' કહી સ્વામીશ્રી બોલવા માંડ્યા :

'દેશ-પરદેશમાં વિચરણ કરીએ છીએ, સમૈયા-ઉત્સવ થાય છે એ ભીડો કાંઈ નડતો નથી. આ ભીડા માટે તો અમે જન્મ્યા છીએ. કથા-વાર્તા, ભજન કરવું, ગામોગામ મંદિરો કરવા માટે તો જન્મ્યા છીએ, પણ તમારો સંપ તૂટે એ મોટો ભીડો પડે. તમારે સંપથી કામ ચાલે તો અમારે કોઈ ભીડો ખરો? કશો જ ભીડો નથી. ભીડો તો આ જ છે કે સંતોમાં સંપ તૂટી જાય, હરિભક્તોમાં સંપ તૂટી જાય. સંપ્રદાયનું ખરાબ દેખાય એવી આપણી પ્રવૃત્તિ થવી ન જોઈએ. આપણે લઈને આખો સંપ્રદાય ખરાબ દેખાય એ ન થાય એનું જાણપણું રાખવું. આપણા સ્વભાવને લઈને મંદિરને, અક્ષર-પુરુષોત્તમ સંસ્થાને ધક્કો લાગે એ ન થાય. આપણા સ્વામિનારાયણ ભગવાનની, ગુરુની લાજ છે. આપણે લઈ એમનું ગૌરવ ન હણાવું જોઈએ. એ મોટી સેવા છે.'

જવાબદારી અને સમજદારીની આ શીખ આપી તા. ૨૭/૬ની સવારે રાજકોટથી વિદાય થયેલા સ્વામીશ્રી ડાંગરાને લાભ આપતાં ભાદરા આવી પહોંચ્યા.

આપણા અવગુણ જોઈએ તો આગળ વધાય

ભાદરામાં પણ નૂતન શિખરબદ્ધ મંદિરનાં મંડાણ થઈ ચૂક્યાં હોવાથી તા. ૨૮/૬ની સવારે સ્વામીશ્રી નિર્માણ-પ્રક્રિયા નિહાળવા નીકળ્યા ત્યારે મંદિરનો ઘણો ખરો પાયો પુરાઈ ગયેલો. તેમાં વરસાદને કારણે પાણી પણ ઠીક ઠીક ભરાયેલું. ત્યાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે પાયામાં પૂરવા માટે લાવેલા કાળા પથ્થરોનો ઢગલોયે ખડકાયેલો. તેમાંથી બે પથ્થર લઈ સ્વામીશ્રીએ

પાયામાં પધરાવ્યા.

આ જ ભક્તિભાવથી તેઓ તા. ૩૦/૬ની સવારે જૂના મંદિરે જવા નીકળ્યા, પરંતુ આ સમયે વરસાદને કારણે શેરીઓમાં કીચડ થઈ ગયેલો. તેમાં ક્યાંક-ક્યાંક દેખાતા સૂકી જમીનના બેટ માંડ પગલું મુકાય તેવા સાંકડા હતા. છતાં ધોતિયાનો એક છેડો થોડો ઉપર ખોસતાં સ્વામીશ્રી શાંતિભાઈ છનિયારાના મકાનમાંથી પસાર થઈને મંદિરે પહોંચ્યા.

અત્રે ભાવપૂર્વક દર્શન કરી પુનઃ કાદવ ખૂંદતાં ખૂંદતાં ઉતારે આવેલા તેઓએ આજની સાંજે મંદિરના સંતનિવાસનો ખાતવિધિ કરી જામનગરને પાવન કર્યું.

અત્રે સ્વામીશ્રીનો નિવાસ અક્ષર વાડીમાં ઠરાવેલો. નિર્માણાધીન મંદિરની આ ભૂમિ પર પ્રથમ વાર રોકાયેલા તેઓએ અહીં તૈયાર થયેલા સભામંડપમાં તા. ૩/૭ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજની આરસ-પ્રતિમાઓમાં પ્રાણ પૂર્યા. તેની સાથે સ્વામીશ્રી રેલરાહત કાર્યને પણ દિશા ચીંધતા રહ્યા.

આ અરસામાં ત્રાટકેલો ભારે વરસાદ ગુજરાતભરમાં ઠેર ઠેર તબાહીનું તાંડવ ખેલી રહેલો. તેને થાળે પાડવા સંસ્થાનાં વીસ મંદિરોના ૧૦૭ સંતો સહિત ૧,૭૦૦ સ્વયંસેવકો દ્વારા આશરે બે લાખ ફૂડપૅકેટ્સનું વિતરણ થયું અને સવા ત્રણ લાખ વ્યક્તિઓને સ્વાદિષ્ટ-પૌષ્ટિક ભોજન પણ પીરસાયું. સંસ્થાની આ સમયસરની સેવાથી સ્થિર થયેલાં ૯૫ ગામો સ્વામીશ્રીને વધાવતાં એક જ સૂર રેલાવી રહ્યાં: *'વા'રુ (રક્ષક) છે વસમી વેળા તણા, જ્યારે પળ આવે આકરી...'*

આ અનુભવ જામનગરને પણ કરાવતાં સ્વામીશ્રી અત્રે સાત દિવસ સુધી ખૂબ વરસ્યા. તા. ૭/૭ના રોજ તો તેઓએ સૌને રથયાત્રાના પ્રતીક ઉત્સવનો પણ લાભ આપ્યો. આ પ્રસંગે અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'શ્રીજીમહારાજે આ સંપ્રદાય ચલાવ્યો તેમાં ભારતની સંસ્કૃતિ તોડી નથી નાંખી, બધું જ રાખ્યું છે. પંચદેવને માન્ય રાખ્યા, એની સ્થાપના કરી. એમણે પોતાની મૂર્તિ પધરાવી બીજાનો નિષેધ નથી કર્યો. એમણે વાત કરી કે તમને જે ઇષ્ટદેવમાં શ્રદ્ધા હોય એની પૂરી ભક્તિ કરો, પણ બીજા ધર્મનો અનાદર ન કરો. ભગવાન સ્વામિનારાયણે કોઈ સંપ્રદાય કે ગીતા, ભાગવત વગેરે ગ્રંથનો નિષેધ નથી કર્યો. તેમાંથી પોતાના સિદ્ધાંતને અનુકૂળ હોય તે વસ્તુ આદરથી લીધી છે. અત્યારે જે ઝઘડા થાય છે એમાં મૂળ કારણ અજ્ઞાન છે.

'મારું સાચું છે અને હું કરું એ જ સાચું છે,' એટલે તકરાર થવાની! આપણામાં અવગુણ કેટલા છે એ જોઈએ તો આગળ વધાય. જામનગરનાં ભાગ્ય છે કે અહીં રથયાત્રાનો ઉત્સવ મળ્યો તો એની સ્મૃતિ રહે, શાંતિ થાય એ જ પ્રાર્થના.'

આશા ઉરે ના જશની ધરે છે

તા. ૮/૭ની સવારે જામનગરથી દિલ્હી પધારેલા સ્વામીશ્રી મંદિરમાં દર્શન કરી નિજનિવાસમાં સોફા પર બિરાજ્યા ત્યારે ૧૨:૦૫ વાગ્યાનો સમય થયેલો. તેથી ભોજનના નિયત સમયને હજી થોડી વાર હોવાથી અક્ષરધામના નિર્માણકાર્ય સાથે સંકળાયેલા ઈશ્વરચરણદાસ સ્વામી, આનંદસ્વરૂપદાસ સ્વામી, ધર્મવત્સલદાસ સ્વામી વગેરે સંતો સ્વામીશ્રીની આસપાસ ગોઠવાઈ ગયા.

તેઓની વાતમાં ગુંજવા માંડેલા અક્ષરધામની પ્રસિદ્ધિના પડઘામાં કો'કે કહ્યું: 'આપણે તો અક્ષરધામના પ્રચાર માટે કાંઈ કર્યું નથી. છતાં આખા દિલ્હીમાં અક્ષરધામ સેતુ, અક્ષરધામ મંદિર, સ્વામિનારાયણ અક્ષરધામ એમ બૉર્ડ વાગી ગયાં. દિલ્હીના નકશામાં અક્ષરધામનું સ્થાન મૂકી દીધું.'

આ સૂરમાં પોતાનો સૂર મિલાવતાં અન્ય એકે જણાવ્યું: "અક્ષરધામ નિમિત્તે યમુના તરી જશે. તેના કાંઠા હંમેશાં ગંદા જ રહેતા, પરંતુ અક્ષરધામ થયું ને સુપ્રીમ કૉર્ટે સિક્કો માર્યો તો એ નિમિત્તે બધા હવે અરજી કરવા માંડ્યા છે કે 'અમને આ બાંધવા દો. તે બાંધવા દો.' એટલે અક્ષરધામ નિમિત્તે બધું તરી જાય."

'અનંત બ્રહ્માંડ પણ તરી જાય, પછી આ દિલ્હીનું તો શું!'

સ્વામીશ્રીના આ અભિપ્રાયમાંથી અક્ષરધામનો પ્રતાપ છલકાઈ ઊઠ્યો!

પરંતુ વાર્તાલાપને હવે આ પ્રતાપના મૂળ તરફ વાળતાં સંતોએ સ્વામીશ્રીને કહ્યું: 'બેઠાં બેઠાં આપ જ બધું કરો છો. કોઈને ખબર જ પડતી નથી.'

'જોગીબાપાનો સંકલ્પ કામ કરે છે, એટલે જે કામ કરે છે એનેય ખબર પડતી નથી!'

'પણ યોગીજી મહારાજનો સંકલ્પ તો આટલું મોટું અક્ષરધામ કરવાનો ન જ હોય ને!'

'એવું કેવું બોલો છો? એમનો એકેય સંકલ્પ નાનો નહોતો. બ્રહ્માંડ ડોલાવવાની જ વાતો કરતા, તો આ અક્ષરધામ તો શું હિસાબમાં!'

'પણ આ અક્ષરધામ તો આપે જ કર્યું ને!'

'આપની ક્યાં વાત કરો છો? એ તો જોગીબાપાનો જબરજસ્ત મોટો સંકલ્પ! માટે ડંકો થઈ જ જાય.'

'પણ યોગીજી મહારાજની એ વાત તો જે એમનું સ્વરૂપ હોય એમને જ એટલે કે આપને જ ખબર પડે!'

'આપનેય ખબર નથી પડી હજુ.' સ્વામીશ્રી બોલ્યા.

આ સમયે વિશ્વપ્રસિદ્ધ અવકાશી સંસ્થા નાસાના વૈજ્ઞાનિક શ્રી નવરત્ન રાજારામનો સંદર્ભ આપતાં સંતોએ કહ્યું :

"આ વિજ્ઞાની અક્ષરધામની મુલાકાત બાદ અંગકોરવાટનું મંદિર જોવા ગયા હતા. ત્યાંથી એમણે અહીં લખી મોકલ્યું : *'જેવો મેં અંગકોરવાટના મંદિરમાં પ્રવેશ કર્યો, ત્યારે હું ખાવાનું તો ભૂલી ગયો, પણ સૌથી પહેલું મને અક્ષરધામ યાદ આવ્યું! આજે આટલાં વર્ષો પછી અંગકોરવાટથી પણ વિશેષ કાર્ય થઈ રહ્યું છે. અંગકોરવાટના સ્થાનિક લોકો એમ માને છે કે 'આ મંદિર દેવતાઓ બનાવી ગયા.' એમ હજારો વર્ષો પછી લોકો એમ માનશે કે 'આ અક્ષરધામ પણ દેવતાઓએ બનાવ્યું છે."*

"એમણે જે કહ્યું એ વાત સાચી! અહીં પણ લોકોને લાગશે કે 'આ માણસનું કામ નથી, પણ અક્ષરમુક્તો કરી ગયા." આમ કહી સ્વામીશ્રીએ પોતાનું કર્તૃત્વ દૈવીશક્તિના પાલવ પાછળ ઢાંકી દીધું.

પરંતુ તે પડદો હટાવતાં સંતોએ કહ્યું : 'આ બધું કેવળ આપ જ કરો છો છતાં તમે આપના માથે લેવાને બદલે પાછું ગોળ-ગોળ વાળીને છૂટું કરી મૂકો છો.'

'તમને સાચી વાત સમજાવી જોઈએ ને! મૂળિયું મૂકીને ડાળે બાઝો એનો કોઈ અર્થ નહીં. શક્તિ બધી એમની જ છે, એટલે એમનો જ મહિમા ગવાય.' સ્વામીશ્રીએ વધુ એક વાર ક્રેડિટનો કળશ ઠેલી દીધો.

પરંતુ નક્કર અનુભવને કોણ નકારી શકે? તેથી સંતો બોલ્યા : 'લોકો આટલું બધું કહે છે તોય તમે બીજા પર નાંખી દો છો. બહાર તો ઊંધું હોય છે. લોકો ના પાડે તોય ગુરુ કહે કે 'કહેજો કે આ બધું મેં કર્યું છે.' જ્યારે અહીં તો આખી દુનિયા કહે છે કે 'આપે જ કર્યું છે' ને તમે ના પાડો છો! તમને આમાં મળે છે શું?'

'ભગવાન રાજી થાય ને!' સ્વામીશ્રીએ તરત જણાવ્યું. વળી, ઉમેર્યું : 'આપણી ગુરુપરંપરાની વાત જ એ છે. એક જ શબ્દ આવતો કે 'સર્વ કર્તા

પરમાત્મા જ છે.' જોગીબાપા બોલેલા કે 'દિલ્હી તખત છે ને ડંકો મારવો છે.' એ ઘડીએ આ વાત રમત જેવી લાગે, પણ અત્યારે એ સાચી ઠરે છે.'

જેમ-જેમ વાર્તાલાપ આગળ વધતો ગયો તેમ-તેમ સૌ સ્વામીશ્રીની ગુરુભક્તિના ગુલાલમાં ગરકાવ થતા ગયા. પચીસેક મિનિટ ચાલેલી આ ગોષ્ઠીમાં સંતો તરેહ-તરેહથી અક્ષરધામના નિર્માણમાં સ્વામીશ્રીનું સામર્થ્ય પુરવાર કરવા મથતા રહ્યા, પણ લેશ ન ફાવ્યા. તેઓના એકેએક દાખલા, દલીલ કે દૃષ્ટાંતના ઉત્તરરૂપે સ્વામીશ્રીનું દિલ તો પોકારતું રહ્યું : *'હું દાસ છું ને પ્રભુ દેવ મારો... હું દાસ છું ને ગુરુ દેવ મારો.'*

કેટલા મોટા! છતાં કેટલા સાદા!

દિલ્હીમાં સ્વામીશ્રીનું આગમન રથયાત્રાના દિવસે જ થતાં તા. ૮/૭ની સાંજે મંદિર અને અતિથિ નિવાસ વચ્ચેના ચોકમાં આ ઉત્સવ ધામધૂમથી ઊજવાયો. કલાત્મક રથમાં બિરાજેલા ઠાકોરજીને સૌએ મંદિરની પાંચ પ્રદક્ષિણા ફેરવી રથવિહાર કરાવ્યો. છેલ્લી પ્રદક્ષિણામાં તો સ્વામીશ્રી પણ જોડાતાં *'આનંદની તો ઊપજી લહેર...'* જેવો માહોલ ખડો થઈ ગયો.

આ લહેરમાં તરબતર થવા કંઈક મહાનુભાવોની આવનજાવન તા. ૯/૭થી શરૂ થઈ ગઈ. આ ક્રમમાં દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી જોશી બાદ આજની સાંજે આવેલા શ્રી રોબર્ટ બ્લેક ભારત ખાતે ડેપ્યુટી ચીફ ઑફ મિશનની ફરજ બજાવતા અમેરિકન અધિકારી હતા. તેઓ સ્વામીશ્રીને મળતાંવેંત અહોભાવ ઉચ્ચારવા લાગ્યા : 'હું માનું છું કે આપ ભારતના જ નહીં, પણ સમગ્ર માનવજાતના એલચી છો. મને આશ્ચર્ય તો એ થાય છે કે આટલી મોટી વ્યક્તિ આટલી સાદી રીતે જીવે છે!'

આ અમેરિકન અમલદારને સ્વામીશ્રીની સાદગી અને સાધુતાનો એવો નેડો લાગી ગયો કે દસેક મિનિટનું સાંનિધ્ય માણ્યા બાદ વિદાય થયેલા તેઓ પાંચેક મિનિટ બાદ પુનઃ સ્વામીશ્રી પાસે દોડી આવ્યા. આ રીતે પરત ફરવાનો તેઓનો એકમાત્ર હેતુ હતો – સ્વામીશ્રીના હસ્તે નાડાછડી બંધાવવી! સ્વામીશ્રીએ તેઓને સ્નેહસૂત્ર બાંધી કૃતાર્થ કર્યા. પરદેશીઓને પણ ભારતીય સંસ્કારોમાં અભિરુચિ જગાવી દે એવું હતું સ્વામીશ્રીનું સાંનિધ્ય!

તેની નિશ્રામાં ઊજવાનારા અક્ષરધામ ઉદ્‌ઘાટન મહોત્સવને આકાર આપવા અહીં અત્યારે વિવિધ સેવાવિભાગોની બેઠકો યોજાતી હતી. સ્વામીશ્રી

આ એક-એક વિભાગની કાર્યવાહી નક્કર અને ચોક્કસ કરતા ગયા.

તેની વચ્ચે તા. ૧૧/૭ની બપોરે અક્ષરધામની નિર્માણ-પ્રક્રિયા સાથે સંલગ્ન આત્મકીર્તિદાસ સ્વામીએ ધા નાંખી કે 'બાપા! આજે વરસાદ જામેલો છે. આપ એટલી દયા કરજો કે થોડા દિવસ ખમી જાય, જેથી રાત-દિવસ કામ ચાલે છે એ અટકે નહીં.'

આ સાંભળતાં સ્વામીશ્રી બોલ્યા : 'વિઘ્ન વગર કામ થતાં જ નથી.'

'તો વિઘ્ન થોડાં ઓછાં કરો ને!'

'વિઘ્નમાં કામ થાય છે એ મોટામાં મોટું કામ નહીં! બધાને જુસ્સો રહે ને!' સ્વામીશ્રીએ કહ્યું.

કાર્ય સંબંધી આવા આગવા અભિગમ ધરાવતા તેઓના વરદહસ્તે તા. ૧૩/૭ની સવારે અક્ષરધામના આમલસારામાં મુકાનારી તકતીનું પૂજન થયું. અક્ષરધામના હેતુ અને સર્જકની માહિતી આપતો આ શિલાલેખ હજારો વર્ષો પછી પણ સૌને અત્યારે વ્યતીત થઈ રહેલા વર્તમાન સુધી તાણી લાવશે.

આ વાત સમજવા જેવી છે

તા. ૧૫/૭ની સવારે સ્વામીશ્રી મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે અહીં શાસ્ત્રીજી મહારાજના ખંડ પાસે ઊભેલા લંડનવાસી બાળક મયૂર પટેલે પૂછ્યું : 'બાપા! તમને શાસ્ત્રીજી મહારાજ કેમ ગમે છે?'

'તને તારા બાપુજી ગમે છે કે નહીં?'

'હા.'

'તો આ મારા બાપુજી છે એટલે ગમે જ ને!' બાળક સમજે તેમ સ્વામીશ્રી બોલ્યા. તેમાંથી શાસ્ત્રીજી મહારાજ સાથેના તેઓના સંબંધની સૌરભ પણ પ્રસરી રહી.

તેની વચ્ચે તા. ૧૬/૭ની રાત્રે ઠાકોરજી જમાડ્યા બાદ પોતાના ઓરડામાં બિરાજેલા સ્વામીશ્રી એક સંદર્ભના પરિપ્રેક્ષ્યમાં બોલવા લાગ્યા :

"જે મંદિરમાં રહીએ એનું મમત્વ રાખવાનું છે, એનો વાંધો નથી, પણ દુરાગ્રહ ન હોવો જોઈએ. નહીં તો મોટાપુરુષ કહે તો પણ ન મનાય. આપણે ભગવાન અને સંતની ઇચ્છા મુજબ જ ચાલવાનું, તો જ સુખ-શાંતિ રહે, નહીં તો બંધાઈ જવાય. મમત્વવાળાને અવળું પડે તો સ્તુતિ કરતો હોય એ નિંદા કરવા માંડે. હજારગણો દ્રોહ કરે તો પણ સંતોષ ન થાય. ભગવાન અને

સંત રાજી થાય એ પ્રમાણે જ કરવું એનું નામ ભક્તિ! આપણાથી ક્યાં કંઈ થાય એમ છે? જે કંઈ થાય છે એ ભગવાન ને સંતથી થાય છે. માટે આપણે તો એટલું જ સમજવાનું છે કે જે મંદિરમાં હોઈએ ત્યાં મમત્વથી સેવા કરવી પણ ઝોળી હંમેશાં ખીંટીએ ટીંગાડી રાખવી. જ્યારે આજ્ઞા થાય ત્યારે નીકળી જ જવાનું. આપણને ઉઠાડીને ભગાડી દે તોય સહેજ પણ વિચાર આવવો ન જોઈએ. એમ ન માનવું કે 'કોઈએ ચશમપોશી કરી હશે, કાનભંભેરણી કરી હશે, ખટપટ કરી હશે!' બધા આ સમજણ કરી લેજો.

જ્યારે પણ ઉપાધિ આવે ત્યારે આ સમજણ પાકી રાખવી. આપણને રસ્તે મૂકી દે તો પણ લેશમાત્ર સંકલ્પ ન થવો જોઈએ. એમ ન માનવું કે 'મારી લાજ લૂંટાઈ ગઈ!' જંગલમાં જવું પડે તો પણ બહેતર છે. સત્પુરુષ કહે એટલે શંકા વગર ચાલી જ નીકળવું એ આપણું કામ છે. એ કહે એ જ આપણું બંધન. રસ્તામાં પડી રહેવું પડે તો ત્યાં પડી રહેવું, પણ એ જ્યાં કહે ત્યાં જ જવાનું! જ્યાં આજ્ઞા કરે ત્યાં આપણને કેમ ન ફાવે? જેની સાથે રાખે એની સાથે ફવડાવી દેવું જોઈએ. શાસ્ત્રીજી મહારાજ તો એકબીજાને અનુકૂળ ન હોય એવી જ જોડ રાખતા, જેથી એકબીજાને બ્રહ્મરૂપ કરે. શાસ્ત્રીજી મહારાજ આવું કરતા તોય એ વખતે સારામાં સારું ચાલ્યું. સમજણમાં સુખ અને શાંતિ છે એ સમજી રાખો. બ્રહ્માનંદ સ્વામીએ ભવ્ય મંદિર કર્યું તોય ઉપાડ્યા. કંતાન આપ્યું તો પણ ન ડગ્યા. સીતાજીનો પણ ક્યાં વાંક હતો? આપણે આવી સમજણ રાખવાની છે. સીતાજીની સમજણ ત્યાગી માટે અને જનકની સમજણ ગૃહસ્થ માટે છે.

જ્યાં સુધી આજ્ઞા થાય એ મંદિરમાં સેવા પ્રેમ અને ભક્તિભાવપૂર્વક કરવી. એમાં પાછું ઢચુંપચું ન રાખવું. એમ ન માનવું કે 'મારી બદલી કરી નાંખી. હવે મારી કિંમત શું?' કિંમત તો ભગવાન અને સંતે કરી જ છે. આવા અક્ષરધામમાં બેસાડ્યા એ જ મોટી કિંમત છે. પરંતુ જ્યારે આજ્ઞા થાય ત્યારે આ સમજણ ના હોય તો મરવાના પણ વિચાર આવી જાય. પણ ભ'ઈ! એવા વિચાર શું કામ કરે છે? મનનું મૂકી દે એ મરવા બરાબર જ છે. મૂકવાનું છે એ મૂકતા નથી ને બીજું બધું કર્યે રાખે છે. મૂળ તો સ્વભાવ મૂકવાની વાત છે. આ વાત સમજવા જેવી છે."

અક્ષરધામમાં મૂર્તિસ્થાપન અને કળશ-આરોહણ

તા. ૧૭/૭ના રોજ આવેલી આષાઢ સુદ દશમ બાલપ્રભુ ઘનશ્યામે

કરેલા ગૃહત્યાગથી તવારીખમાં અમર બની છે. આ તિથિના લલાટે લાગેલું શાશ્વતીનું તિલક આજે ૨૧૩ વર્ષ બાદ ફરી એક વાર ઘૂંટાવાની નોબતો બજી રહેલી. તેથી જ આ અવસરને વધાવવા અક્ષરધામની સ્તંભપંક્તિઓએ ફૂલોના શણગાર સજી દીધેલા. એકમેક સાથે મળી ગયેલાં આ પુષ્પ અને પથ્થર માર્દવ તથા મજબૂતાઈનો મેળ જામે ત્યારે કેવું સૌંદર્ય નીખરી ઊઠે છે તે દર્શાવતાં હતાં. તેઓના આ સંદેશને પોતાના જીવનથી પડઘાવતા સ્વામીશ્રી જ્યારે નવેક વાગ્યાના સુમારે અક્ષરધામના મુખ્ય ઘુમ્મટ નીચે આવી બિરાજ્યા ત્યારે તે પીંડિકા-અધિવાસનની વિધિથી ગુંજી રહેલો.

જે પીઠ પર શ્રીજીમહારાજની ૧૧ ફૂટ ઊંચી સુવર્ણમંડિત ધાતુમૂર્તિ ચિરંતન કાળ સુધી સૌને દર્શનદાન દેવા બિરાજવાની હતી તે પીઠના આ પૂજનમાં પ્રથમ પીઠિકાના ગર્તમાં ઈશ્વરચરણદાસ સ્વામી દ્વારા મધ અને ઘીનું અંજન થયું. ત્યારબાદ મુખ્ય પીઠને જળ વડે પ્રક્ષાલિત કરી અક્ષત-કંકુ દ્વારા પૂજવામાં આવી. આ પૂજનને અનુસરતાં પીઠને ભગવા વસ્ત્રથી આચ્છાદિત કરવામાં આવી. તે દરમ્યાન પંચાંગન્યાસ, દિગ્રક્ષણ અને પીંડિકા-અધિવાસનના મંત્રોનો ઘોષ થઈ રહ્યો. આ મંત્રોચ્ચાર શમતાં જ પીઠ પર પાથરેલું વસ્ત્ર હટાવાયું અને દિક્પાલ વગેરેનાં આવાહન બાદ સ્વામીશ્રીના વરદહસ્તે પીંડિકાના ગર્તમાં રત્નનિક્ષેપ, બીજનિક્ષેપ, ધાતુનિક્ષેપ, ખનીજનિક્ષેપ અને ઔષધિનિક્ષેપના વિધિ થયા. તે પછી ગર્તનું મધુપાયસ વડે લીંપન કરવામાં આવ્યું.

આ રીતે વૈદિક પરંપરા અનુસાર પીંડિકા-અધિવાસન સંપન્ન કરી સ્વામીશ્રી મુખ્ય રૂપચોકીમાં ગોઠવાયેલા બાર કળશની સામે આવી બિરાજ્યા. તે દરમ્યાન તેઓ દ્વારા પૂજાયેલી પીઠ પર ૨૬૦૦ કિલોનું વજન ધરાવતી શ્રીજીમહારાજની મૂર્તિ પ્રસ્થાપિત કરવાની ગતિવિધિ આરંભાઈ ગઈ.

તેની સમાંતર કલશ-અધિવાસન માટે પધારેલા સ્વામીશ્રીએ પ્રત્યેક કળશમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ, દેવતાઓ અને વરુણદેવના આવાહન, સ્થાપન કર્યાં. તે પછી કલશ-અભિમંત્રણના વિધિ બાદ કળશના અધિવાસિત જળ વડે ઠાકોરજીને સ્નાન કરાવ્યું. તે જ વખતે બરાબર ૧૦:૧૦ વાગ્યે અક્ષરધામની મુખ્ય પીઠ પર અક્ષરાધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ પ્રસ્થાપિત થઈ. અક્ષરધામના શિલાન્યાસ વખતે શ્રીજીમહારાજનાં દિવ્ય અસ્થિપુષ્પોનો જે નિધિકુંભ સ્વામીશ્રીએ ગર્તમાં પધરાવેલો, તે કુંભ પરથી

જ ૪૫ ફૂટ ઉપર આવેલી પ્રાસાદનલિકા પર આ ભવ્ય પ્રતિમા બિરાજી. આ ઐતિહાસિક ક્ષણને પોતાની અમીદૃષ્ટિથી સીંચતા સ્વામીશ્રી ધૂન ગજાવી પોડિયમ પર ગોઠવાયેલા કળશમંડળ પાસે પધાર્યા.

અક્ષરધામની ટોચે બેસનારા આ કળશોને અમદાવાદમાં પૂજતી વખતે તેઓએ ઉમળકો વ્યક્ત કરેલો કે 'મારે તો દૂધ વડે કળશનો અભિષેક કરવો હતો.' તેથી આજે અહીં તેઓએ કળશોને કેસરમિશ્રિત દૂધ વડે અભિષિક્ત કરી સંતો-ભક્તો પાસે પણ દૂધનો અભિષેક કરાવ્યો. આ દુર્લભ દર્શનને નજરે ભરવા આવી ચડેલા ઇન્દ્રદેવ પણ કળશ પર અમીછાંટણાં વેરી ગયા.

આ રીતે કળશપૂજનનો વિધિ પૂર્ણ કરી અક્ષરધામમાં બિરાજી ગયેલી મૂર્તિ પાસે પધારેલા સ્વામીશ્રીએ અત્રે શ્રીજીમહારાજનાં ચરણારવિંદનું પૂજન કર્યું. ત્યારબાદ આ મૂર્તિ પર પણ તેઓએ પંચામૃત વડે અભિષેક કર્યો અને કરાવ્યો. તે પછી થયેલી સ્નપનવિધિના અંતે શ્રીજીમહારાજના કંઠમાં ભવ્ય હાર અને કાંડે મોતી ગૂંથેલી નાડાછડી પહેરાવવામાં આવી. તે શોભાથી યુક્ત મહારાજને સ્વામીશ્રીએ ૧૧:૧૫ વાગ્યે છ દિવેટયુક્ત સુવર્ણરસિત આરતી વડે ઝળહળતું અર્ઘ્ય ધર્યું ત્યારે સર્વત્ર આનંદ છવાઈ ગયો.

આ માંગલિક માહોલમાં જ આશીર્વાદની અમીવાદળી વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા :

"આજે આપણને બહુ આનંદ થાય છે. મહારાજ-સ્વામીના પ્રતાપે, શાસ્ત્રીજી મહારાજ - જોગી મહારાજના સંકલ્પે અને સંતો-હરિભક્તોની મહેનતથી આવું સરસ કામ થઈ ગયું છે. 'આ મંદિર ને અક્ષરધામ સારું છે' એટલો ગુણ લેશે, એની વાત કરશે એ બધાનું ભગવાન કલ્યાણ કરશે."

આ વરદાન આપી વિદાય થયેલા સ્વામીશ્રીની ગાડી અક્ષરધામની સામે ઊભી રાખવામાં આવી. અહીંથી તેઓ પોતાની ઇચ્છા અનુસાર અભિજિત નક્ષત્રમાં અક્ષરધામના શિરે પ્રસ્થાપિત થઈ ગયેલા સુવર્ણ કળશ અને ધજાદંડ પર દૃષ્ટિ કરતાં બોલી ઊઠ્યા : 'જય મહારાજ ! વાવટો ફરકી ગયો. જબરજસ્ત કામ થયું. આખી દુનિયામાં ડંકો વાગી ગયો.'

હર્ષના આ સાહજિક ઉદ્‌ગાર સાથે સ્વામીશ્રીએ આજે અક્ષરધામ પર ફરકાવેલી ધર્મધજા જ્યાં સુધી વાયુ-વ્યોમ રહેશે ત્યાં સુધી મહારાજની યશગાથા પ્રસરાવતી રહેશે.

અભિમાન ધરે નહીં લેશ

સ્વામિનારાયણનો વિજયવાવટો લહેરાવી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે અહીં ઉપસ્થિત સંતો-ભક્તોએ *'આજ મારે ઘેર, થાય લીલા લહેર...'*ના નાદ સાથે નર્તન કરી સ્વામીશ્રીને વધાવ્યા. તે પછી દિવસ દરમ્યાન ચાલી રહેલા વાર્તાલાપોની ધરી 'કળશ ચડી ગયા... ધજા ફરકી ગઈ... મૂર્તિ બેસી ગઈ...' જેવાં વાક્યો જ બની રહ્યાં. વાતવાતમાં સૌના મુખેથી આજે થયેલાં મૂર્તિસ્થાપન અને કળશ-સ્થાપનનો આનંદ ઊછળી આવતો હતો.

તેના અનુસંધાનમાં જ, આજની સાંજે પ્રસાદ અંગીકાર કરી રહેલા સ્વામીશ્રીને પરમતત્ત્વદાસ સ્વામીએ પૂછ્યું: 'બાપા ! આજે અક્ષરધામ પર કળશ-સ્થાપન થઈ ગયું. 'આપે બહુ જ મોટું કાર્ય કર્યું' એમ બધા કહે છે. આપને એવું લાગે છે ?'

'આપણે કર્યું હોય તો લાગે ને !'

'પણ બધા કહે છે ને !'

'બધા તો કહે, પણ આપણે જાણીએ છીએ ને કે આ કાર્ય કોણે કર્યું છે ! મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની પ્રેરણાથી થયું છે. 'આપણે કરીએ છીએ' એમ માનીએ તો પડીએ હેઠા.' સ્વામીશ્રી બોલ્યા.

*'અભિમાન ધરે નહીં લેશ...'*ની તેઓની આ જીવનશૈલી પણ અક્ષરધામના કળશ જેવી જ ચમકીલી, ચિરંજીવ અને ચિત્તચોર રહેવાની.

કંકોતરી ત્યાં લખી પૂર્ણ પ્રીતે

અક્ષરધામના પરિસરમાં આઇ-મેક્સ થિયેટર આગળ પ્રતિષ્ઠિત થનારી નીલકંઠવર્ણીની ૨૭ ફૂટ ઊંચી અને ૪,૫૦૦ કિલો વજન ધરાવતી પ્રતિમાનું પૂજન તા. ૧૯/૭ની સવારે કરી સ્વામીશ્રી એ જ દિવસની સાંજે દિલ્હીથી બોચાસણ આવી પહોંચ્યા.

અહીં તેઓના સાંનિધ્યમાં તા. ૨૧/૭ના રોજ ગુરુપૂર્ણિમા ઉમંગભેર ઊજવાઈ. આ અવસરે સૌને આશીર્વાદથી ધન્ય કરી સ્વામીશ્રીએ તા. ૨૩/૭ની સાંજે એક વિશિષ્ટ પત્રમાં લખી જણાવ્યું :

'સર્વે સંતો તથા નાના-મોટા હરિભક્તો સર્વે પ્રત્યે...

વિશેષ બોચાસણ આવતાં પહેલાં નવ-દસ દિવસ (હું) દિલ્હી

ગયો હતો. ત્યાં કામકાજ સારું ચાલે છે અને ટાણે પૂરું થઈ જશે. સર્વેનો દાખડો અદ્‌ભુત છે. પૂ. યોગીજી મહારાજનો સંકલ્પ છે એટલે સર્વોપરી થશે. જે કોઈ દર્શને ચાલુ કામે આવે છે તેઓ પણ જોઈને રાજી થાય છે. પ્રદર્શન તથા નીલકંઠવર્ણીની મૂર્તિ પણ ઊભી ઊંચી તૈયાર થઈ ગયેલ છે. તે પણ અમે નીકળેલ ત્યારે સ્થળ ઉપર લઈ ગયેલ. તે પણ સ્થાપન થઈ હશે.

સ્મારકનું (કામ) પણ અદ્‌ભુત થયેલ છે અને મહારાજની મૂર્તિ પણ ૧૧ ફૂટ બેઠી સ્થાપન કરી છે, કારણ કે આવી મૂર્તિ તે વજનદાર છે તે ક્રેઈન છૂટી જાય પછી અંદર લઈ જઈ શકાય નહીં. માટે સામાન્ય નાનો ઉત્સવ જેવું કરીને બેસાડી છે તે હવે અંદર જે બાકી કામ છે તે કરશે. તે મૂર્તિ પણ અદ્‌ભુત છે. તેમાં શ્રીજી(સ્વરૂપ) સ્વામી ને ભક્તિનંદન સ્વામીની મહેનત ખૂબ છે. બેંગકોક જઈને તૈયાર કરાવેલ છે.

તો હવે ઉત્સવની તૈયારી ચાલે છે અને દેશમાંથી અને પરદેશના હરિભક્તો પધારશે અને સર્વેને અલૌકિક દિવ્ય લાભ મળશે. માટે દરેક ઉત્સાહ રાખી આવાં ભવ્ય અને દિવ્ય દર્શન અને ઉત્સવનો લાભ લેવા પધારશો. કોઈ મોળી વાત ન કરતા. સર્વેને આશીર્વાદ છે.'

લંડનના સત્સંગ મંડળને ઉદ્દેશી લખાયેલા આ હસ્તાક્ષર દ્વારા સ્વામીશ્રીએ અક્ષરધામ મહોત્સવનો હરખ વહાવી દીધો. તેથી સમગ્ર સત્સંગમાં ખુશાલી ફરી વળી.

કષ્ટ હોય તે સર્વથા કાપું

આ અરસામાં, સ્વામીશ્રી પર પત્ર મોકલનાર એક બિનસત્સંગી મહિલા દાંપત્ય-જીવનમાં વિખવાદનો પ્રશ્ન વેઠી રહેલાં. તેમાંથી ઊગરવા તેઓએ પોતાની સઘળી વિગત જણાવતો કાગળ તો સ્વામીશ્રીને મોકલેલો, પણ તેમાં તેઓ કયા સરનામે જવાબ પાઠવવો તે જ લખવાનું ચૂકી ગયેલાં. તેથી પત્ર-પરિચારક મૂંઝાયા, પરંતુ સ્વામીશ્રીએ રસ્તો શોધી કાઢ્યો.

તેઓએ ટપાલમાં મહિલાએ લખેલું તેઓના એક સંબંધી શ્રી લેનિન જોશીનું નામ વાંચ્યું. આ યુવાન વિદ્યાનગરના છાત્રાલયમાં ભણતો તેવો ઉલ્લેખ પણ કાગળમાં જોઈ સ્વામીશ્રીએ છાત્રાલયના વ્યવસ્થાપકને ફોન જોડ્યો, પરંતુ ત્યારે ખ્યાલ આવ્યો કે તે યુવકને તો અહીં ભણીને વિદાય થયે

પાંચ વર્ષ વીતી ગયાં છે. આ જાણી સ્વામીશ્રીએ જૂના રેકોર્ડની તપાસ કરવા કહ્યું. તેમાંથી પેલા છાત્રના ઘરનો ફોન નંબર મળતાં તેઓએ વિદ્યાનગરના હરિભક્ત શ્રી શનુભાઈ પટેલ દ્વારા તે વિદ્યાર્થી પાસેથી પત્ર મોકલનાર મહિલાનું સરનામું મેળવ્યું.

પરંતુ સ્વામીશ્રીના પ્રેમ અને પરિશ્રમનો પનો આટલેથી ન અટક્યો. તેઓએ નિશ્ચિત સરનામે આશીર્વાદ પાઠવતો પત્ર તો મોકલાવ્યો, પણ તા. ૨૬/૭ની સવારે શનુભાઈને બોલાવી પૂછ્યું : 'આ મહિલાને હાલ કોઈ બીજો આધાર નથી, તો કરમસદના આપણા કન્યા છાત્રાલયમાં તેઓને રાખી શકાય કે કેમ ?'

સત્તાધીશ હોવા છતાં આદેશની જગ્યાએ અનુમતિ માંગતી સ્વામીશ્રીની આ નમ્રતા જોઈ દંગ રહી ગયેલા તે હરિભક્તે જણાવ્યું : 'સ્વામી ! અમારે તો આપ કહો તેમ કરવાનું જ હોય !'

આમ, સત્સંગથી અપરિચિત એક મહિલા માટે પણ સ્વામીશ્રીએ કરાવેલી આ વ્યવસ્થા મુજબ તે મહિલા તેર મહિના સુધી સંસ્થાકીય વિદ્યાપીઠમાં રહ્યાં. તે દરમ્યાન તેઓના જીવનનિર્વાહની તમામ જવાબદારી સંસ્થા ઉઠાવતી રહી. તેથી કૃતકૃત્ય બનેલાં આ મહિલાના લગ્નજીવનનો પ્રશ્ન પણ સ્વામીશ્રીના આશીર્વાદથી ઊકલી જતાં તેઓ પુનઃ પતિગૃહે જવા નીકળ્યાં ત્યારે તેઓનું હૈયું સ્વામીશ્રી પ્રત્યેની કૃતજ્ઞતાના ભાવથી ઊભરાઈ આવ્યું.

કરે કસર અનેક પ્રકાર

આ વખતે સ્વામીશ્રીએ બોચાસણમાં સુદીર્ઘ રોકાણ ઠરાવ્યું હોવાથી રોજ જુદાં જુદાં સત્સંગ ક્ષેત્રોના કાર્યકરો અને હરિભક્તો ક્રમ પ્રમાણે લાભ લૂંટવા આવી રહેલા. તેઓની સાથે સામાજિક-રાજકીય આગેવાનો પણ માર્ગદર્શન લેવા દોડી આવતા. પરદેશથી આવેલા ઘણા કિશોરો પણ ભંભલી ભરી રહેલા. સ્વામીશ્રી દરેકને ચાંચ મુજબ ચણ વેરી તૃપ્તિ પમાડતા.

તે ક્રમમાં તેઓએ તા. ૧૧/૮ની સાંજે સંતોનેય જ્ઞાનવાર્તા સંભળાવી શાંતિ પમાડી. આ સંતસભા બાદ, સૌને સ્વામીશ્રીના હસ્તે પ્રસાદ મળે અને સ્વામીશ્રીના હાથ ન બગડે – એવા શુભાશયથી ભંડારી હરિવત્સલદાસ સ્વામી પ્રસાદને પ્લાસ્ટિકના નાના બોક્સમાં લઈ આવ્યા, પરંતુ તે જોતાં જ સ્વામીશ્રી મર્મમાં બોલ્યા : 'સમૈયામાં જેમ પ્રસાદના બોક્સ અપાય છે એવો ઠાઠ કરીને

લાવ્યા છે !'

તે પછી તેઓએ સંતોને સંબોધી કહ્યું: 'પ્રસાદ જમીને આ ડબલું ભંડારીને પાછું આપી દેજો, જેથી કામ લાગે.'

ભંડારીને પણ ટકોર કરી કે 'એમ ન માનવું કે પ્રમુખસ્વામીના હાથે પ્રસાદ આપવાનો છે તો કાગળિયું ન અપાય. કાગળમાં આપવામાં કાંઈ જ વાંધો નહીં. કાગળિયાં સારાં, તે પ્રસાદ જમીને ફેંકી દેવાય. શોભા એટલી ઓભા.'

સંસ્થાકીય સ્રોતનો સહેજ પણ દુર્વ્યય સ્વામીશ્રીને ખટકતો. *'કરે કસર અનેક પ્રકાર...'*ની તેઓની પ્રકૃતિ.

પરંતુ કેફના તો તેઓ ગાડેગાડાં લૂંટાવતા. તેની ઝાંખી કરાવતાં સ્વામીશ્રીએ તા. ૧૨/૮ની પ્રાતઃકથામાં જણાવ્યું:

'પ્રાપ્તિ મોટી છે, પણ અંધારામાં રહીએ તો સત્સંગમાં મોળપ આવી જાય. આણંદના જીવાભાઈ મેયર થયેલા, પણ કોઈ જાતના સત્કારની અપેક્ષા નહીં. યોગીજી મહારાજ ભેગા ડ્રાઈવર તરીકે સેવા કરે. મહિમા કે 'અક્ષરધામના પુરુષની સેવા મળી છે !' રાષ્ટ્રપતિની નોકરી મળે તો 'અહોહો... ડંકો વાગી ગયો !' પણ એવા તો કેટલાય રાષ્ટ્રપતિ દુનિયામાં થઈ ગયા ! ભગવાન તો રાષ્ટ્રપતિનાય રાષ્ટ્રપતિ કહેવાય. એવા ભગવાનના અખંડ ધારક સંતની સેવા મળી તો કેટલો કેફ રહેવો જોઈએ ! ભગવાન આગળ તો કરોડો રાષ્ટ્રપતિ આંટા મારે. એવા ભગવાનને સમ્યક્ રીતે ધારણ કરનારા સંત આપણને બોલાવે, થાપા મારે, રમાડે, જમાડે, આપણી વાતો-મુશ્કેલી સાંભળે, એના માટે ધૂન-પ્રાર્થના કરે... પેલા રાષ્ટ્રપતિ તો પૂછતાય ન હોય કે 'ખાધું કે નહીં ?' તમારા માટે વિચારેય ન કરે. છતાંય કેફ રહે. એવો કેફ અહીં નથી રહેતો એટલે સુખ નથી આવતું.'

દરેક બાબતમાં કરકસરનો આગ્રહ સેવતા સ્વામીશ્રી મહિમા સમજવા-સમજાવવામાં કોઈ કસર ન છોડતા.

હરિજનનાં મન કરે જ રાજી

તા. ૧૪/૮ની સવારે દક્ષિણ ભારતથી એક હરિભક્તનો સ્વામીશ્રી પર ફોન આવ્યો કે 'બાર માળનું મકાન છે. તેમાંથી મારે કયા માળે ફ્લેટ લેવો ?'

'તમને અનુકૂળ હોય ને સારું બાંધકામ હોય ત્યાં લેજો.'

'ના, આપ આજ્ઞા આપો એ માળે લઉં.'

'સારું ત્યારે ! ત્રીજો માળ લેજો.'

કેટલી નગણ્ય બાબત ! છતાં સ્વામીશ્રીએ પૂરતો રસ લઈ માર્ગદર્શન આપ્યું. *'હરિજનનાં મન કરે જ રાજી...'*નો સ્વભાવ ધરાવતા તેઓને પોતાના મોભા કરતાંય વધુ ખેવના ભક્તોનાં મનની રહેતી.

તેથી જ અહીંના રોકાણ દરમ્યાન એક વાર મૂળ બોચાસણના પણ અમેરિકા રહેતા હરિભક્ત શ્રી મણિભાઈએ સ્વામીશ્રીને ફોન જોડી કહ્યું કે 'બાપા ! આ વખતે હું ગુરુપૂનમે બોચાસણ આવી શક્યો નથી, તો એક મિનિટ ફોન પકડી રાખજો. હું પહેલાં આપને દંડવત્ કરી લઉં, પછી વાત કરું.'

આમ કહી એ સત્સંગી તો હજારો માઈલ દૂરથી દંડવત્ કરવા માંડ્યા. તેઓએ છ દંડવત્ કર્યા ત્યાં સુધી સ્વામીશ્રીએ હાથમાં ફોન પકડી રાખ્યો. તે પછી પેલા ભક્તે ફોનમાં પોતાની વાત માંડી.

આ જ રીતે તા. ૧૬/૮ની સવારે મૂળ પલિયડના પણ અમેરિકા રહેતા શ્રી ગોવિંદભાઈનો ફોન આવ્યો. તેઓ જ્યારે સ્વામીશ્રીનાં દર્શને આવે ત્યારે પોતાના પહાડી અવાજમાં જયનાદ ઉચ્ચારે. તેઓની આ ખાસિયતના જાણકાર સ્વામીશ્રીએ આજે ફોનમાં વાત શરૂ કરતાં પહેલાં કહ્યું : 'ગોવિંદભાઈ ! જય બોલાવો.' અને એ હરિભક્તે જાણે સ્વામીશ્રી પ્રત્યક્ષ ઊભા હોય એમ અમેરિકામાં બુલંદ સ્વરે 'જય' બોલાવી. તેઓને સંગત આપતાં સ્વામીશ્રીએ અહીં છેલ્લે 'જય... જય... જય...' કહી જયનાદ ઝીલ્યો. ત્યારબાદ વ્યાવહારિક માર્ગદર્શન આપ્યું.

તે પછી નિત્યક્રમમાં પરોવાયેલા સ્વામીશ્રી પાસે આજની બપોરે વસોથી મહેન્દ્રસિંહ આવ્યા. તેઓને સ્વામીશ્રીના ચરણસ્પર્શ કરવાનો કાયમ ભક્તિભર્યો આગ્રહ રહે. તેને અનુકૂળ થઈને સ્વામીશ્રી પણ પોતાની આગળ ગોઠવેલું રોસ્ટ્રમ ખસેડાવી પોતાના આસનને નીચું લેવડાવે અને આ હરિભક્તને પ્રેમથી મળે. આજે પણ એ રીતે જ તેઓએ આ સત્સંગીને સંતોષ પમાડ્યો.

આમ, લાખો સંત-સત્સંગીઓનાં મનને સાચવનારા સ્વામીશ્રીનાં સ્નેહ અને સરળતાના દાખલા *'હું તે કેટલા કહી સંભળાવું, ન ગણાય ગણ્યા શું ગણાવું...'* કહેવા પ્રેરે એમ છે.

આજ્ઞાથી સેવા કરે છે એ ભેગા જ છે

તા. ૧૭/૮ની રાત્રિએ સ્વામીશ્રીના શરીરમાં અચાનક માંદગીનો

ઉપદ્રવ થતાં તેઓને ત્રણ વાર ઊલટી થઈ. તેની સાથે તાવ પણ આવી જતાં આરામ અનિવાર્ય બન્યો. તેથી મંદિરમાં દર્શન સિવાય બીજો કોઈ જાહેર લાભ ન રહ્યો. આખો દિવસ સ્વામીશ્રી નિજનિવાસમાં જરૂરી વિશ્રામની સાથે આવશ્યક મીટિંગો, પત્રલેખન, ગ્રંથશ્રવણ વગેરેમાં સમય વિતાવે. ક્યારેક વાંચનને અનુરૂપ વાતો પણ ધીમા સ્વરે કરે.

આ ક્રમમાં તા. ૨૨/૮ની રાત્રે શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિઓના વનમાં સ્વામીશ્રી એવા ખોવાઈ ગયા કે દોઢ કલાક વીતી ગયો. તેમાં તેઓએ વર્ણવેલા શાસ્ત્રીજી મહારાજના અપ્રતિમ પ્રભાવના પ્રસંગો સાંભળી એક સંતે કહ્યું: 'બાપા! આપે પણ ૩૫ વર્ષમાં એટલું બધું બેઠું ઐશ્વર્ય વાપર્યું છે કે આપની સાથે કામ કરનારનેય ખબર ન પડે કે કામ કેવી રીતે થાય છે?'

'મનેય ખબર પડતી નથી કે કેમનું કામ થાય છે! શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના આશીર્વાદ છે. સ્વામીની દયાથી બધું જ ચાલે છે.' સ્વામીશ્રી બોલી ઊઠ્યા.

તેઓની આ નમ્ર જીવનશૈલી તા. ૨૩/૮ની સવારે જરા વધુ ઊઘડી. આ સમયે અલ્પાહાર લઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ તેઓએ પૂર્વે કરેલાં ભીડાભર્યાં વિચરણનો અધ્યાય ખૂલી ગયો. તેના અનુસંધાનમાં ભગવત્ચરણદાસ સ્વામીએ કહ્યું: 'સ્વામી! નવા હરિભક્તો થયા હોય કે સંતો-પાર્ષદો થયા હોય એ બધાને આપે પહેલાં જે દાખડો કર્યો છે એની તો ખબર જ ન પડે! નાનાં-નાનાં ગામોમાં આપ ફરતા. કેટલાક તો વળી એવી રકઝક કરે કે આપણને એમ થઈ જાય કે અહીં ફરી આવવું જ ન જોઈએ...'

આ વાતને અધવચ્ચેથી જ ઉડાડતાં સ્વામીશ્રી બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો દાખડો કેવો! જ્યારે કંઈ જ નહોતું ત્યારે એમણે વાવ્યું. કજાડ જમીન ખેડીને ફળદ્રુપ બનાવી. દાખડો એમણે કર્યો છે અને એનું ફળ આજે આપણે વેડીએ છીએ. એ વખતે તો કેટલાં દુઃખ! પગે છાલા પડી જાય. ટાઢ, તડકો ને વરસાદ સહન કરવાનાં. એવી વિપરીત પરિસ્થિતિમાં એમણે ખેડાણ કર્યું છે ને જમીનને એવી ફળદ્રૂપ કરી છે કે છોડ નાંખતાંની સાથે જ ઊગી નીકળે. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ મહિનો-મહિનો એક-એક ગામમાં પડ્યા રહ્યા ને સત્સંગ કરાવ્યો એ બધું ઊગ્યું!'

સૂર્યના પ્રકાશમાં શશી-સિતારાનાં તેજ લય થાય તેમ સ્વામીશ્રીએ પોતાના પરિશ્રમને ગુરુજનોના પુરુષાર્થમાં વિલીન કરી નાંખ્યો.

પરંતુ પ્રત્યક્ષદર્શી વાત કેવી રીતે ખોટી થાય? તેથી સંતોએ જણાવ્યું : 'આપે મહેનત કરીને અને આર્ષદૃષ્ટિ રાખીને સંસ્થાનું બંધારણ એવું ઘડ્યું છે કે બધું જ સમતોલ – વ્યવહાર પણ અને સાધુતાય! બીજો કોઈ હોય તો બહારના દબાણને વશ થઈને બીજા ચાળે ચડી જાય. આપે નિયમ-ધર્મમાં રાખી પ્રવૃત્તિ કરાવી.'

'એ બધું જ શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજનું કાર્ય. એમાં આપણી બુદ્ધિ કે શક્તિ કાંઈ કામ ન લાગે. યોગીજી મહારાજના સંકલ્પે સંતો વધ્યા. સંસ્થા પણ એટલી વધી કે સંતો પહોંચી વળે એમ નથી.'

'આપની આટલી સાધુતા, મહાનતા અને આપે કરેલા પુરુષાર્થના અમે સાક્ષી છીએ, છતાં કાયમ દિવ્યભાવ કેમ રહેતો નથી?'

'દિવ્યભાવ છે, પણ વહેવારમાં છીએ એટલે ક્યારેક થોડું એવું થઈ જાય. જીવુબા અને લાડુબા ભક્ત ખરેખરાં, છતાં મંદિર કરતી વખતે ખાંચો રહી ગયો! જાણપણું હોય તો પાછી વૃત્તિ રહે.'

'એ આપની કૃપા કહેવાય.'

'અંતર્દૃષ્ટિ થાય એ કૃપા. બાકી ભેગા રહીને મહિમા સમજવો અઘરો.'

'તો તો આપની ભેગા રહે છે એ સંતોને ધન્યવાદ આપવા જોઈએ.'

'એ ભેગા રહે છે એમ તમે બધા પણ ભેગા જ રહો છો. જે નોખા રહીને આજ્ઞાથી સેવા કરે છે એ ભેગા જ છે. હવે સંતો વધ્યા એટલે સાવ અંગત રીતે કદાચ લાભ ન મળે, પણ એટલું તો ચોક્કસ કે મનમાં રાજી થઈએ છીએ કે બધા સંતો બહુ સારી સેવા કરે છે.'

સ્વામીશ્રીના આ ભાવસભર ઉદ્‌ગારો સાંભળી સંતોની સ્થિતિ તો *'વધે હર્ષ સુણી એવી વાણી, આવે આંખમાં પ્રેમનાં પાણી...'* જેવી થઈ રહી!

સન્માન એ ભગવાનનાં ઘરેણાં છે, આપણાં નહીં

તા. ૨૪/૮ની સાંજે બોચાસણથી અટલાદરા પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૭/૮ના રોજ જન્માષ્ટમીનો ઉત્સવ યોજાયેલો, પરંતુ તાજેતરમાં આવેલી માંદગીના સંદર્ભમાં બાર વાગ્યા સુધી ચાલનારી આ ઉત્સવ-સભા વહેલી પૂરી કરી સ્વામીશ્રીને આરામ આપવાનો હેતુ વ્યવસ્થાપકો સેવી રહેલા.

તે જાણી સ્વામીશ્રીએ તા. ૨૬/૮ની સાંજે સ્પષ્ટપણે કહી દીધું કે 'આપણે તો મહારાજે, શાસ્ત્રીજી મહારાજે અને યોગીજી મહારાજે જે

પ્રણાલિકા સ્થાપી છે એ પ્રમાણે જ કરવાનું છે. બીજા ચાલ પાડવાની જરૂર નહીં. જે છે એ બરાબર છે!'

આમ, જીવનની પ્રત્યેક પળે પ્રણાલીઓની પાળોને મજબૂત કરનારા સ્વામીશ્રી તા. ૨૯/૮ની સાંજે પ્રસાદ અંગીકાર કરી રહેલા ત્યારે સામે બેઠેલા સંતોમાંથી એક બોલ્યા: 'બાપા! પાંચ વર્ષ પહેલાં આપે આજના દિવસે યુનોમાં પ્રવચન કરીને ડંકો માર્યો હતો.'

'સન્માન તો ભગવાનનાં થાય છે. એ એમનાં ઘરેણાં છે, આપણાં નહીં. ભગવાન જ બધું કરે છે ને કરાવે છે.' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'આપણે જો એમ માનીએ કે 'મેં કર્યું', તો અહં આવે ને! થયું તોય મહારાજની ઇચ્છા ને ન થયું તોય મહારાજની ઇચ્છા! ગમે તે મુશ્કેલીમાં પણ જો આ સમજણ હોય તો વાંધો ન આવે.'

'આવી સમજણ આપ સાધુ થયા ત્યારથી જ હતી કે પછી ઠેઠ જન્મ્યા ત્યારથી?'

'મોટાપુરુષ થકી જ આ વિચાર દૃઢ થાય ને! શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ થકી આ વિચાર આવ્યો ને ચાલે છે.' પોતાની જન્મસિદ્ધ મહાનતાનો મુગટ સ્વામીશ્રીએ હળવે રહીને ગુરુના શિરે મૂકી દેતાં આ વાતનો છેડો આવી ગયો.

પરંતુ તેઓના ગુણગાનનો નહીં. તેથી ગામડે વિચરણ કરતા સંતોએ પોતાનો અનુભવ રજૂ કર્યો કે ''અમે બહાર ગામડે ફરતા હોઈએ ત્યારે ઘણા માણસો કહે છે કે 'અક્ષરધામ પર હુમલો થયો ત્યારે પ્રમુખસ્વામીએ બહુ જ ધીરજ રાખી.' આજે પણ બધા યાદ કરે છે!''

'એ ધીરજ રહી એ પણ મહારાજની જ ઇચ્છાની વાત.' આટલો ખુલાસો કરી સ્વામીશ્રીએ જણાવ્યું: 'ધીરજ ગુમાવી દઈએ તો એનો કોઈ અર્થ નથી અને એનાં રોદણાં રડ્યા કરીએ તો પણ શું વળવાનું હતું? એના કરતાં ભગવાનની ઇચ્છાથી જે થયું એને સ્વીકારી લીધું એટલે પત્યું! આવી સ્થિતિ થાય પછી સુખ કે દુઃખમાં સમભાવ રહે. જો એ ઘડીએ ઊભરામાં આવી જઈએ તો આપણને ને બધાને દુઃખ થાય. કોઈ પણ કાર્યમાં કે સ્થિતિમાં મહારાજનું કર્તાપણું સમજીએ તો વાંધો ન આવે.'

'દિલ્હીમાં આપ એક વખત એવું બોલ્યા હતા કે – અક્ષરધામમાં આટલા બધા પથરા ખડકાયા છે, પણ છાતી ઉપર એક કાંકરીનો પણ ભાર નથી.'

આ સાંભળી હસી પડતાં સ્વામીશ્રી બોલ્યા : ''ભાર લઈને ફરીએ તો ભારમાં ને ભારમાં આપણે દબાઈ જઈએ. બધું જ ભગવાનની દયાથી ચાલે છે, પણ આ વાત સમજાઈ ન હોય એટલે પ્રશ્ન થાય, પણ ગુણાતીત - બ્રહ્મરૂપ સ્થિતિમાં જતા રહેવું. એ સ્થિતિમાં જતા રહીએ એટલે કોઈ વાંધો જ ન આવે. કોઈ જગ્યાએ પ્રશ્ન થયા હોય, બોલાચાલી થઈ હોય કે પછી મનદુઃખ થયું હોય તો એ વાતની ચટપટી થયા જ કરે કે 'આનું આમ કરી નાંખું ને તેમ કરી નાંખું.' એના કરતાં ભૂલી જવાની જ વાત. ઉદ્વેગમાં ને ઉદ્વેગમાં સુખ ને શાંતિ બધું જ જતું રહે. પણ આ તો કેવું ? 'તારો બાપ કેમ મર્યો ?' તો કહે, 'તાવ આવ્યો ને ટપ મરી ગયો.' થઈ રહ્યું ! એનું પિષ્ટપેષણ જ નહીં. એમ કોઈ પણ મનદુઃખ થાય તો ભૂલી જવાની જ વાત કરવી. એટલે કોઈ પ્રશ્ન જ ન થાય.''

આમ, ભૂલી જવાની વાત યાદ રહી જાય એ રીતે સ્વામીશ્રીએ કહી !

તે સાંભળી સંતોએ પૂછ્યું : 'આપ આટલા નિર્લેપ છો છતાં જ્યારે કામ કરવા બેસો ત્યારે એકદમ ઓતપ્રોત થઈ જાવ છો. નાનામાં નાનું કામ હોય તોય આપ એટલો જ રસ લો છો...'

'એ તો કામ માથે લીધું છે ને બુદ્ધિશક્તિ ચાલે છે એટલે બરાબર કરવું જ જોઈએ, કારણ કે આ ભગવાનનું કામ છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓએ આજે રેલાવેલી પરાવાણીમાં તેઓની ગુણવંત સંત તરીકેની છબી ઝિલાઈ રહી.

મીઠાશથી કરશો એટલું શોભશે

તા. ૩૧/૮ની સવારે ડાંગ જિલ્લાનાં નાની ઢોલડુંગરી અને બારસોલ ગામમાં તૈયાર થયેલાં કુટિર મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પૂરી સ્વામીશ્રી ઉતારે પધાર્યા. અહીં એક હરિભક્ત સાથે વાત કરી રહેલા તેઓના મુખેથી અમૃત સરી પડ્યું કે –

'આપણે સેવા કરીએ છીએ એ ભગવાન માટે કરીએ છીએ, બીજા માટે કરતા નથી. અંતરમાં નિષ્ઠા, સત્સંગ એ બધું પાકું હોય પણ કામમાં ઝઘડા ન થવા જોઈએ. મીઠાશથી જેટલું કામ કરશો એટલું શોભશે. સત્સંગમાં તો ગરીબ થઈને જ રહેવું જોઈએ. નાનામાં નાનાને પગે લાગીને જ કામ થાય. એટલે આ વસ્તુ ધ્યાનમાં રાખજો.'

કાર્યના પ્રકાર કરતાં પણ કાર્યની પદ્ધતિ સ્વામીશ્રીને મન મહત્ત્વની હતી.

તેઓની આવી પવિત્ર પદ્ધતિનો અનુભવ આ અરસામાં અમેરિકાને પણ થયો.

અત્રે લુઝિયાના અને મિસિસીપી રાજ્યોમાં ત્રાટકેલા કેટરિના નામના વાવાઝોડાથી ઘણી તારાજી સર્જાયેલી. તેમાં બેહાલ અને બેઘર બનેલાઓને સ્વામીશ્રીના આદેશથી હ્યુસ્ટન તથા જેક્સન ખાતે આવેલાં સંસ્થાનાં મંદિરોમાં આશ્રય સાથે ભોજનની સવલતો પૂરી પાડવામાં આવી. બિલોક્સી, ગલ્ફ કૉર્ટ, હેરિસબર્ગ જેવા અસરગ્રસ્ત વિસ્તારોમાં પણ ચક્રવાતથી પીડિત લોકો માટે સંસ્થા દ્વારા આહાર અને નિવાસની વ્યવસ્થાઓ ઊભી કરાઈ. આ હોનારતમાં હરિભક્તોએ પોતાની મોટલોના દરવાજા આફતગ્રસ્તો માટે ચોવીસ કલાક ખુલ્લા રાખ્યા. તેથી સૌને અનુભવ થયો કે જેમ કહેરને દેશ-કાળનાં બંધન નડતાં નથી તેમ સ્વામીશ્રીની મહેર પણ દેશ-કાળથી અબાધિત છે.

એવા ને એવા રહ્યા!

તા. ૨/૯ની સવારે અમેરિકાથી આવેલા શ્રી ભાસ્કરભાઈએ પોતાના દીકરાને સ્વામીશ્રી સમક્ષ ધરતાં કહ્યું: 'બાપા! તમે આને સમજાવો કે જીવનમાં ખાલી સત્સંગ જ ઓછો કરવાનો છે! તમે એને કહો કે આટલો ભપકાબંધ ચાંદલો ન કરે, થોડોક ઝાંખો કરે. એ આમ ચાંદલો કરીને જાય એટલે દસ હજાર માણસોની વચ્ચે જુદો પડી જાય છે.'

'અક્ષર-પુરુષોત્તમવાળા દુનિયામાં તો શું, આખા બ્રહ્માંડમાં જુદા પડે એવા હોય!' સત્સંગની તરફેણ કરતાં સ્વામીશ્રીના મુખેથી બી.એ.પી.એસ.ના આશ્રિતની ઓળખ સરી પડી. વળી, તેઓએ ઉમેર્યું: 'એ ચાંદલો કરે છે એ બરાબર જ છે. આપણે તો ભપકાબંધ ચાંદલો જ કરવાનો છે. જીવનમાં સત્સંગ જ પ્રધાન રાખવાનો છે.'

સ્વામીશ્રીના અધ્યાત્મમાં પિતાને આદર આપવાની સાથે પરમ પિતા માટે ફના થવાની વાત પણ હતી.

તે દ્વારા એક સંતુલિત સમાજ ઘડતા તેઓ સાયંસભા બાદ ઉતારે પધારી ભોજન બાદ મુલાકાતોમાં પરોવાયા ત્યારે એક મોટા શહેરના હરિભક્ત આવી પહોંચ્યા. તેઓ વડોદરાની નિકટવર્તી એક નદીના કિનારે ૫૦૦ એકર જમીન ખરીદી વ્યવસાય વિકસાવવા માંગતા હતા. તેઓની વાત સાંભળી સ્વામીશ્રીએ નિર્ણય આપતાં પૂર્વે એ વિસ્તારમાં વિચરતા સ્થાનિક સંતને બોલાવી જમીન અંગે અભિપ્રાય પૂછ્યો ત્યારે એ સંતે જણાવ્યું: 'આ જગ્યા નદીકિનારે હોવાથી

દર વરસે ત્યાં પાંચ-પાંચ ફૂટ પાણી ભરાઈ રહે છે. તે કારણે ત્યાં જોઈએ એવો પાક પણ થતો નથી. આવી જમીનને ડાબર જમીન કહેવાય છે.'

આ હકીકત જાણી પેલા હરિભક્તે પોતાનો વિચાર પડતો મૂક્યો.

રોજના સરેરાશ અઢીસો-ત્રણસો મનુષ્યોને માર્ગદર્શન આપતા સ્વામીશ્રી પ્રત્યેક વ્યક્તિ-વિગતમાં આટલા ઊંડા ઊતરતા! *'કામમાં નહીં કરિયે કચાશ...'* એ તેઓની વણલખી પ્રતિજ્ઞા હતી.

તે અનુસાર કાર્યરત સ્વામીશ્રી તા. ૫/૯ની સાયંસભામાં પધાર્યા ત્યારે વિવેકસાગરદાસ સ્વામી કથામાં બોલી રહેલા: 'સ્વામીશ્રી દેશ-પરદેશમાં ફરે છે, પણ એવા ને એવા જ લાગે...'

આ સાંભળી મર્માળું હસતાં હસતાં સ્વામીશ્રી ઉચ્ચર્યા: 'એવા ને એવા રહ્યા!'

તેઓના આ શ્લેષમાંથી *'તમને તો ન નડે વિકાર...'* તરીકે તેઓની ઝાંખી મળી રહી.

ઊંધું-ચત્તું થાય જ નહીં

તા. ૬/૯ની સવારે સામશ્રાવણી નિમિત્તે પ્રાતઃપૂજા બાદ મંચ પર જ યજ્ઞોપવીતના પરિવર્તનનો વિધિ કરતા સ્વામીશ્રીએ પોતાનું ગાતરિયું કાઢી જનોઈને બે હાથે ભરાવી સૂર્યોપસ્થાપનની મુદ્રામાં ઊંચી કરી. તેથી *'અશરણશરણ ભુજદંડ મહારાજના...'*, *'છાતી પો'ળી પ્યારી રે...'* અને *'ઉદર અતિ સુખકારી'* પર *'નલિન સમ નાભિ'*નાં દર્શન એકસાથે થતાં સૌ ભક્તો *'આજ સફળ થઈ આંખડી'*નો અનુભવ કરી રહ્યા.

તેની વચ્ચે સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે ઉત્સવના દિવસને કારણે મુલાકાતીઓની ભીડ ઘણી રહી, પરંતુ સૌને સ્વામીશ્રીએ પોતાની આગવી પ્રતિભાથી માર્ગદર્શન આપ્યું.

તે જોઈ રહેલા એક સંતે મુલાકાતના અંતે સ્વામીશ્રીને કહ્યું: 'આપને કેટકેટલી જવાબદારી છે! એક પછી એક હરિભક્તો મળનારા આવતા જાય ને પોતાના પ્રશ્નોની રજૂઆત કરે. તમારે થોડાક સમયમાં સ્થિર બુદ્ધિ રાખીને નિર્ણય આપવો પડે. એ જ રીતે સંસ્થાનાં પણ ઘણાં કામ હોય. એમાં જો શાંત ચિત્તે નિર્ણય ન અપાય તો ઊંધું-ચત્તું થઈ જાય.'

'ઊંધું-ચત્તું થાય જ નહીં! ઊંધાનું ચત્તું થાય, પણ ઊંધું તો ન જ થાય!

ભગવાનનું કામ ભગવાન કરે છે. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ કામ કરે છે.' સ્વામીશ્રીએ ખુલાસો કર્યો.

*'સાચા સંત તેમાં અમે રૈ'યે રે...'*ની રીતે જેઓમાં રહી સ્વયં શ્રીજીમહારાજ કાર્ય કરતા તેવા સ્વામીશ્રીથી ઊંધું થાય જ કેવી રીતે ?!

જૂનાનું જતન

તા. ૭/૯ની બપોરે ભોજન બાદ ચાલી રહેલી મુલાકાતોમાં જંબુસરના એક હરિભક્તને જોતાં જ સ્વામીશ્રી ઉમંગથી બોલી ઊઠ્યા : 'ભગવતી ! તને મેં બહુ યાદ કર્યો ! પેલા છોકરા સાથે કે'વડાવ્યું'તું તે એ સમાચાર મળ્યા'તા ? કેમ દેખાતો નથી ? અહીં તો આવી જવું.'

સ્વામીશ્રીના હૈયેથી ઊછળી આવેલી આ સ્નેહધારાએ પેલા સત્સંગીનાં આંખ અને અંતરને ભીનાં કરી મૂક્યાં. તેઓ ગળગળા સાદે બોલ્યા : 'બાપા ! હું એક વખત આવી ગયેલો. સભામાં દર્શન કરેલાં.'

'એમ નહીં, અમે અહીં આવીએ ત્યારે એકાદ વખત નજરમાં આવી જવું, એટલે ખબર પડે કે તું આવ્યો'તો.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓ ઘણી વાર કહેતા : 'નવું કરવું એનો વાંધો નહીં, પણ જૂનું ભૂલવું નહીં. જૂનાને સંભારીને બોલાવવા. જ્યારે આ સંસ્થામાં કોઈ નહોતું, એ વખતે એ બધા હતા. એને લઈને તો આપણે આગળ થયા છીએ. જોગીબાપા તો કોઈ ગામડે ગયા હોય તો સંભારીને, સામે ચાલીને એને ત્યાં મળવા જતા.'

ગુરુનો આ વારસો અદલ ઝીલનારા સ્વામીશ્રી પણ વિમાનયુગમાં આવ્યા છતાં ગાડાયુગને ભૂલ્યા નહોતા.

તેથી જ તેઓએ અહીં એક વાર પોતાના પત્ર-પરિચારકને પૂછ્યું : 'પેલા સી. સી. લુહાર કેમ દેખાતા નથી ?'

'બે દિવસ પહેલાં આવી ગયા હતા.'

'ભલે આવ્યા હોય, પણ મને મળ્યા નથી. ફરીથી બોલાવજો.' સ્વામીશ્રીએ કહ્યું.

જૂનાનું કેવું જતન ! પોતાની આ પ્રકૃતિને કારણે જ સ્વામીશ્રી કદી જૂના નહીં થાય.

તેઓના આવા પારલૌકિક પ્રેમનો પ્રવાહ તા. ૯/૯થી સારંગપુરમાં રેલાવા લાગ્યો. તેમાં તા. ૧૪/૯ના રોજ ઉતાવળી નદીનાં ખળકતાં નીરમાં

યોજાયેલા જળઝીલણી એકાદશીના ઉત્સવની ધારા ભળતાં સૌ તરબતર થઈ રહ્યા. તે પૈકી લાખિયાણીના એક હરિભક્તને જોતાં જ સ્વામીશ્રી ઉમળકાભેર બોલ્યા: 'અહોહો... સવજી! આવી ગયો!' આટલું કહી તેઓએ આસપાસ ઊભેલા સૌને આ સત્સંગીની ઓળખ આપી કે 'યોગીબાપાને પહેલી વખત ગામમાં લઈ જનાર આ હતા.'

સ્વામીશ્રીની આવી યાદદાસ્ત અને બરદાસ્ત હરિભક્તોનાં હૈયાં છલકાવતી રહેતી.

સનાતન ધર્મના સંવર્ધક

તા. ૧૭/૯ની સવારે મંદિરમાં દર્શન કરવા પધારેલા સ્વામીશ્રી પ્રદક્ષિણાના નૈર્ઋત્ય ખૂણેથી જમણી તરફ વળી રહેલા ત્યારે જ વરસાદને કારણે ભીની ભોંય પર પાથરેલી જાજમ સરકતાં તેઓ લપસ્યા. આ સમયે ધીરે ધીરે નીચે બેસી પડેલા સ્વામીશ્રી સહેજ આડા પણ ઝૂકી ગયા. તેને કારણે તેઓની કરોડરજ્જુનો સૌથી નીચેનો મણકો સહેજ અસરગ્રસ્ત થતાં ત્યાં દુખાવો શરૂ થયો. તેની સાથે આસપાસના સ્નાયુઓમાં પણ દર્દ ઊપડ્યું. તેની તબીબી તપાસ કરતાં બે-ત્રણ સપ્તાહમાં પીડા ટળી જશે તેવું નિદાન થયું. તેથી સૌએ રાહતનો દમ લીધો.

પરંતુ આ કષ્ટમાં પણ પોતાના દૈનિક ક્રમનો લય યથાવત્ જાળવી રાખનારા સ્વામીશ્રીની મુલાકાતે તા. ૧૮/૯ની સાંજે ગઢડા-સ્થિત રામજી મંદિરના મહંત પૂજ્ય જગદીશ બાપુ આવી પહોંચ્યા. તેઓએ પ્રાસંગિક વાર્તાલાપમાં સ્વામીશ્રી પ્રત્યે અહોભાવ ઉચ્ચાર્યો કે 'आप विश्व में जहाँ भी मंदिर करते हैं, वहाँ सनातन धर्म को साथ में लेकर चलते हैं। राधा-कृष्ण, सीता-राम, हनुमानजी, गणपतिजी सबकी मूर्तियाँ की स्थापना करते हैं। मेरी दृष्टि से आपका यह कार्य सांप्रदायिकता से भी ऊँचा और विशुद्ध भारतीय है। भारतीय संस्कृति का आपने जो कार्य किया है, वो कोई नहीं भूल सकेगा।'

મહંતજીનો આ ભાવ ઝીલી સ્વામીશ્રી તા. ૧૯/૯ની સાંજે પ્રસાદ અંગીકાર કરવા બિરાજ્યા ત્યારે સામે બેઠેલા સંતોએ વરસાદ બંધ કરવાનો સાદ પાડતાં કહ્યું: 'વીસ મિનિટમાં અઢી ઇંચ વરસાદ ખાબકી ગયો છે! હવે ઊભો પાક રોળાઈ રહ્યો છે. સૌની વિનંતી છે કે 'વરસાદ અટકાવો.'

આટલું કહી ઈન્દ્રની રૌદ્રતાનો અંદાજ આવે તે માટે સ્વામીશ્રીના

ઓરડાની બારીઓ પણ ખોલવામાં આવી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'ધૂન કરીએ જેથી કડાકા-ભડાકા ને વરસાદ બંધ થાય!' આમ કહેતાં તેઓએ મેઘની ગડગડાટી સામે ધૂનની કડકડાટી બોલાવવી શરૂ કરી.

તે દરમ્યાન ખુરશી પર બિરાજેલા સ્વામીશ્રીએ લંબાવેલાં ચરણ પર ઓઢાડેલો ધાબળો એમનો એમ જ રહ્યો. સામે પ્રસાદ મૂકેલું ટેબલ પણ યથાવત્ રહ્યું. પ્રસાદ લેતી વખતે છાતી પર મૂકેલો રૂમાલ અને ખોળામાં રાખેલું ઓશીકુંય 'જૈસે થે'ની સ્થિતિમાં રહ્યાં, તો ધૂનમાં એકતાર થયેલા સ્વામીશ્રી પણ જાણે મૂર્તિ બની ગયા! ન તો તેઓની આંખ ઊંચી-નીચી થતી હતી કે ન ચરણ! તાળીના લયમાં પણ કોઈ વધ-ઘટ નહીં, તો ધૂન કરતા તેઓના હાથની પણ એક જ સ્થિતિ!

આખરે લોકકલ્યાણ માટે સ્વામીશ્રીએ આદરેલા આ પ્રાર્થનાયજ્ઞની જ્વાળાઓથી મેઘરાજા દાઝ્યા હોય તેમ અડધા કલાકમાં જ વરસાદ થંભી ગયો. આકાશ ચોખ્ખું થયું. નેવાં નીતરી રહ્યાં. છતાં તેથી અજાણ સ્વામીશ્રી તો ધૂનમાં તલ્લીન જ હતા. છેવટે તેઓને તેઓની જ પ્રાર્થનાનો પરચો જણાવાયો ત્યારે સ્વામીશ્રી વિરમ્યા. તે વખતે સૌ સંતો એક અવાજે બોલી ઊઠ્યા: 'આપે ખરેખર ચમત્કાર કર્યો!'

'બધાએ જોરદાર ધૂન કરી તો મહારાજે પ્રાર્થના સાંભળી.' સ્વામીશ્રીએ જણાવ્યું. સૌ તેઓએ પૂરેલા પરચાથી તરબતર હતા, પણ સ્વામીશ્રી તો તેથી કોરા જ રહ્યા.

પ્રાર્થનાનો પ્રતાપ

તા. ૨૧/૯ના રોજ સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વનો સમૈયો ઊજવી સ્વામીશ્રી તા. ૨૩/૯ની રાત્રે દિલ્હી આવી પહોંચ્યા ત્યારે અહીં પણ અક્ષરધામ મહોત્સવની પૂર્વતૈયારીઓ પર પાણી ફેરવવાના ઇરાદાથી મેઘરાજા અવારનવાર ઝાપટાં વરસાવી રહેલા. તેથી વેરવિખેર થતી વ્યવસ્થાઓ જોઈ મજૂરથી મોવડી સુધી સૌનાં હૈયાં ભગ્ન અને ભયભીત થઈ જતાં હતાં, પરંતુ હવે સ્વામીશ્રી પધારતાં પ્રત્યેકનું અંતર અપૂર્વ હાશ અનુભવવા માંડ્યું. તેથી જ રાત્રે નવ વાગ્યે અક્ષરધામના પરિસરમાં થયેલા તેઓના આગમનને સમૈયાની સેવામાં આવી ગયેલા સંતો-સ્વયંસેવકોએ પ્રચંડ જયનાદોથી વધાવ્યું.

આ જ રીતે આ અરસામાં હ્યુસ્ટનના માથે પણ ઉપાધિનાં પોટલાં છૂટવાની નોબતો ગડગડી રહેલી. દરિયામાં ઊઠેલું રીટા નામનું વાવાઝોડું ૨૭૦ કિ.મી.ની ઝડપે અમેરિકાની આ ઊર્જાનગરી પર ત્રાટકવા આગળ ધસી રહેલું. તે સાથે એક જ દિવસમાં બારથી વધુ ઇંચ વરસાદની શક્યતા સેવાઈ રહેલી. વાયુ-વરુણના આ તાંડવને નાથવામાં મહાસત્તા પણ લાચાર પુરવાર થયેલી. આગાહી અને સ્થળાંતર સિવાય તે કશું કરી શકે એમ નહોતી. આ ચક્રવાતના વમળમાંથી ઊગરવા હ્યુસ્ટન છોડીને ભાગી રહેલા મનુષ્યોની ગાડીઓથી અમેરિકાના આઠ-આઠ માર્ગીય રસ્તા પણ ભરચક થઈ રહેલા.

ચારેકોર પ્રવર્તી રહેલી આ અંધાધૂંધીના માહોલની ખબર તા. ૨૨/૯ના રોજ સ્વામીશ્રીને મળી ત્યારથી તેઓએ પોતાના અમોઘ શસ્ત્ર સમાં ધૂન-પ્રાર્થનાને કામે લગાડી દીધેલાં. અંતે એ જ કામિયાબ નીવડ્યાના સમાચાર તા. ૨૪/૯ની સાંજે આવી ગયા. હ્યુસ્ટનથી રણકેલા સંતો-કાર્યકરોના ફોન દ્વારા વાવાઝોડું ફંટાઈ ગયાની ખબર મળતાં જ સ્વામીશ્રીએ 'જય' બોલાવી. પરની પીડા ટળતાં તેઓએ અત્યંત આનંદ અનુભવ્યો.

કાળજી અને કરકસર

અક્ષરધામ મહોત્સવની પૂર્વતૈયારીઓમાં પ્રાણ પૂરવા પધારેલા સ્વામીશ્રી આગમનની પ્રથમ ઘડીથી જ પરિસ્થિતિ અનુસાર માર્ગદર્શન આપવા માંડેલા. તે અનુસાર તેઓએ પ્રથમ મીટિંગ તો ઍરપોર્ટથી અક્ષરધામ સુધી આવતાં જ ચાલુ ગાડીએ ઈશ્વરચરણદાસ સ્વામી સાથે યોજી કાર્યની સમીક્ષા કરી લીધેલી. ત્યારપછી રોજેરોજ વિવિધ સેવાવિભાગોને મળતા સ્વામીશ્રી તા. ૨૫/૯ની રાત્રે પથ્થરની કાર્યવાહી સંભાળતા સંતો-ભક્તો સાથે બેઠા. તેમાં તેઓ મકરાણા જતા હતા તે સમયની વાત નીકળતાં હર્ષદભાઈ ચાવડા બોલ્યા : 'એ વખતે બાર રૂપિયે ઘનફૂટ આરસ મળતો. અત્યારે એના ૧૯૦ રૂપિયા થઈ ગયા છે !'

'એવા જમાનામાં અમે જીવેલા હોઈએ પછી અત્યારે કાંઈ બગાડ થાય તો કેવું લાગે ?!'

સ્વામીશ્રીની આ વાત સાંભળી પેલા કાર્યકર્તાએ કહ્યું : 'છતાં આપ નવી પેઢી સાથે સેટ થઈ જાઓ છો. મને તો કોઈ બગાડ કરતું હોય તો તરત થઈ જાય કે – આને કાંઈ સમજણ પડતી નથી !'

'અમે પણ બગાડ થતો જોઈએ, પણ શું થાય? અમારા હાથ-પગ તમે બધા છો. અમારાથી હવે કામ થાય નહીં. બીજાને બહુ કહીએ તો એમાં કામ બગડે. પહેલાં તો કોઈ કામ કરવાની ના પાડે તો આપણે જાતે કરી નાંખતા; પણ હવે તો શરીર ચાલે નહીં, ઘડીકમાં આમ દુઃખે ને ઘડીકમાં આ ભાગ દુઃખે.'

સ્વામીશ્રીના મુખેથી ગ્લાનિ નહીં, પણ પ્રેરણા સરી પડી.

તે દ્વારા સૌને જાગ્રત કરતા તેઓ જ્યારે સારંગપુર હતા ત્યારે તેઓ પર એક કાગળ આવેલો. મોટા અક્ષરે લખાયેલો આશરે ચારેક પાનાંનો એ પત્ર સ્વામીશ્રીએ બે-ચાર વાર પરબીડિયામાંથી કાઢી, થોડો વાંચી, વળી પાછો મૂકી દીધેલો. ભાવનગરથી દિલ્હી આવતાં વિમાનમાં પણ તેઓએ આ ટપાલ વાંચેલી, પરંતુ કોઈ પ્રત્યુત્તર નહોતો જણાવ્યો. તે વખતે પત્ર-પરિચારકે પૂછેલું કે 'આનું શું કરવાનું છે?'

ત્યારે સ્વામીશ્રી બોલેલા: 'વિચારીને કહીશ. વચ્ચે-વચ્ચે યાદ કરાવજો.'

તે મુજબ તા. ૨૬/૯ની સવારે ફરી એક વાર એ પત્ર લઈને સ્વામીશ્રી બેઠા. એક કિશોરીની કથની સંઘરીને આવેલા એ કાગળમાં લખનારે જણાવેલું:

'આ કિશોરીનું વેવિશાળ એક કિશોર સાથે થયું છે, પણ મા-બાપને રાજી રાખવા દબાણથી સગાઈ કરવી પડી છે. હકીકતે કિશોરીને તે છોકરો પસંદ નથી. તેથી તેણે તેને કહી દીધું છે: 'હું બાપાને પત્ર લખીશ. તે કહે તેમ કરીશ.' છોકરાને પણ આ વાત માન્ય છે.'

આ પત્ર પર છેલ્લા પાંચેક દિવસથી વિચારી રહેલા સ્વામીશ્રીએ આજે પત્ર-પરિચારકને કહ્યું: 'છોકરો કોણ છે તેની તપાસ કરો. પરિસ્થિતિ શું છે એ સમજી લો. ત્યારપછી આનો જવાબ લખીશું.'

એક હાથમાં અક્ષરધામના વિરાટ મહોત્સવનું સૂત્ર પકડીને બેઠેલા સ્વામીશ્રીનો બીજો હાથ કેટલી ચીવટથી એક કિશોરીના જીવનની કાળજી લઈ રહેલો! આવી ચોકસાઈ સાથે સાત લાખથીયે વધુ પત્રોના જવાબ પાઠવનારા સ્વામીશ્રીને અજોડ કહેવામાં શાની અતિશયોક્તિ?!

સમૈયામાં રહી નહીં ખામી

'ચાલતું હતું ત્યાં કારખાનું, મોટું મંદિર તે કરવાનું;
સંત હરિજન પાળા અપાર, કરતા હતા કામ તે ઠાર.

જોયા ત્યાં કેટલાએક કડિયા, ચણવા સારુ પાલખે ચડિયા;
લાવો લાવો ઈંટો એમ ભાખે, કોઈને પળ ઊભા ન રાખે.
કોઈ માથે ઈંટો લેઈ આવે, કોઈ તો ત્યાં તગારાં ભરી લાવે;
એક એક સાથ કરે હોડ, દેવા વસ્તુ કરે દોડાદોડ.
કરે કામ જનો ટોળે ટોળે, જય સ્વામિનારાયણ બોલે;
ઘડે છે પથરા કોઈ ઠામ, તેના શબ્દે ગાજી રહ્યું ગામ.
ક્યાંઈ લુહાર લોઢાં ઘડે છે, ક્યાંઈ સુતાર કામે અડે છે;
રસ્તે જનારા જન એહ ઠામે, જોઈ જોઈને અચરજ પામે...'

શ્રીજીમહારાજના સમયમાં લખાયેલા મંદિર-નિર્માણના આ શબ્દચિત્રને અત્યારે અક્ષરધામ સાકાર કરી રહેલું. તેના પરિસરમાં તા. ૨૭/૯ના રોજ અગિયાર બ્રિટિશરો આવી ચડ્યા. તેમાં પાંચ સાંસદો હતા, તો લૉર્ડની પદવી ધરાવતા ચાર મહાનુભાવો પણ ખરા. આ વૃંદ અક્ષરધામ નિહાળ્યા બાદ સ્વામીશ્રીને મળ્યું ત્યારે તેઓની વાણી 'અદ્‌ભુત... અદ્‌ભુત...' કહેતાં આગળ જ ન વધી શકી. એક સાંસદ તો આંખમાં આંસુ સાથે બોલ્યા : 'આવા ઐતિહાસિક સ્મારકના સર્જકને હું પ્રત્યક્ષ મળી શક્યો એ મારા માટે ધન્યતાની વાત છે !'

આવી ધન્યતા ઉત્સવની પૂર્વતૈયારીઓ નિહાળવા સ્વામીશ્રી જે સેવા-વિભાગમાં પધારતા ત્યાં પણ ફરી વળતી.

તે ક્રમમાં તા. ૨૮/૯ની સવારે રસોડા વિભાગમાં પહોંચેલા તેઓએ અત્રે રોટલીનો ઢગલો જોતાં એમાંથી એક રોટલી મંગાવી. જ્યારે રોટલી આવી ત્યારે સ્વામીશ્રીએ બે પડાળી એ કણકનું એક પડ છૂટું પડાવી ચકાસણી કરી. તેના આધારે તેઓએ વ્યવસ્થાપકોને જણાવ્યું : 'રોટલીની કોર જાડી કેમ રહી જાય છે ? રસોયાને તમારે સૂચના આપવી જોઈએ કે શાંતિથી વણે ને કોર જાડી ન રહે. એટલું અમથું અમથું બગડે.' આમ કહી તેઓએ બ્રહ્મતીર્થદાસ સ્વામીને કહ્યું : 'મારી રૂબરૂમાં તમે રસોયાને સૂચના આપો.'

પરંતુ રસોયા આવતાં જ સ્વામીશ્રી સ્વયં કહેવા લાગ્યા : 'रोटली सरखी होनी चाहिए। રોટલી કોરવાળી જોઈએ જ નહીં. શાંતિથી વણજો ને પાતળી વણજો.'

જ્યાં આટલી ઝીણવટ સાથે સ્વામીશ્રીનાં દિલ, દૃષ્ટિ અને દિમાગ કામ કરતાં હોય તે અક્ષરધામના ઉત્સવમાં શું ખામી રહે ?

નહીં છળ કપટ લગાર્ય

તા. ૩૦/૯ની સવારે અક્ષરધામનું નિર્માણકાર્ય નિહાળવા પધારેલા સ્વામીશ્રીએ પગરખાં ઘર જોઈ સૂચના આપી કે 'અક્ષરધામમાં જેમ કોતરણી છે તેમ આ બૂટ હાઉસને પણ થોડાક નાના કાંગરા લગાવી દેજો, જેથી બધું મળતું આવે.'

આ જ રીતે તેઓએ અક્ષરધામમાં મુકાયેલી શ્રીજીના સમકાલીન ભક્તોની મૂર્તિઓ જોઈ જણાવ્યું: 'આમાં દરેકની નીચે નામ કોતર્યાં છે, પણ એ નામમાં રંગ ભરી દેજો, જેથી બધાને વંચાય.'

આમ, ઠેકઠેકાણે પોતાનાં સોનેરી સૂચનોનો રંગ ભરી સ્મારકને અદ્‌ભુત ઉઠાવ આપતા સ્વામીશ્રીએ મહારાજની મૂર્તિ સમક્ષ મૂકેલી દાનપેટી વજનદાર હોવા છતાં તેને જમીન સાથે જડી દેવાની સલાહ આપી.

આ ક્રમમાં તેઓ શ્રીજીમહારાજની મૂર્તિ સમક્ષ આવી ઊભા રહ્યા ત્યારે આ પ્રતિમાને આખરી ઓપ આપવાનું કાર્ય ચાલી રહેલું. તેના દેખાવ અંગેનો નિર્ણય લેવા માટે સ્વામીશ્રી સમક્ષ નીલકંઠવર્ણીની બે મૂર્તિઓ મૂકવામાં આવી. તેમાં એક ચળકાટવાળી હતી અને બીજી ચળકાટ વગરની. તે બતાવી સ્વામીશ્રીને પૂછવામાં આવ્યું: 'મહારાજની મૂર્તિ કેવી રાખવી? ચળકાટયુક્ત કે ચળકાટ વગરની?'

આ સમયે એક મંતવ્ય એવું આવ્યું કે 'મૂર્તિ ચમકવાળી હોય તો લોકોને સોનાની હોય એવો ભાસ થાય. ઘણી જગ્યાએ આવી મૂર્તિઓ છે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'પંચધાતુની મૂર્તિ છે, તો સોનાની છે એવું દેખાડવાની જરૂર નથી. એ પ્રકારની વાતો કરવાની પણ જરૂર નથી કે 'સોનું છે.' આપણે તો ભક્તિભાવ છે એટલે બધું જ સોનું છે. જે છે એ જ બતાવવું સારું! ભગવાન બેઠા છે એટલે બધું જ સોનું છે. ભગવાને બુદ્ધિ આપી છે એ પ્રમાણે આપણે બેસાડ્યા એ પણ સોનું જ છે.'

સ્વામીશ્રીને ભક્તિ ખપે, ભભકો નહીં; દિવ્યતા ગમે, દેખાવ નહીં; તેઓ સાચામાં રમે, સોનામાં નહીં. તેઓની આ રીત અનુસાર અક્ષરધામ ખડું થયું છે.

આપણે કોઈ દિવસ રિટાયર્ડ (નિવૃત્ત) થતા જ નથી

તા. ૩૦/૯ની સાંજે સ્વામીશ્રી સભામાં લાભ આપવા પધાર્યા ત્યારે

૧,૫૦૦થી વધુ સ્વયંસેવકો શિસ્તબદ્ધ ગોઠવાઈ ગયેલા. પરંતુ આ એક-એક સ્વયંસેવક વ્યક્તિ નહીં, પણ ઇતિહાસ હતો. સ્વામીશ્રીએ ફૂંકેલું અક્ષરધામ મહોત્સવનું રણશિંગુ સાંભળી દોડી આવેલા આ સમર્પણવીરોમાંથી કો'કે કારકિર્દી કચડેલી, તો કો'કે કૌટુંબિક પ્રસંગો. કો'કે સ્વાસ્થ્યની દરકાર ઠેકાણે પાડેલી, તો કો'કે વ્યવસાયને કોરાણે મૂકેલો. કેટલાક તો કપાતા પગારે અને જો તેમ મેળ ન પડ્યો તો નોકરીઓ ઠુકરાવીને પણ અહીં સેવામાં દોડી આવેલા. અત્રે આવ્યા પછી પણ ક્યારેક વરસાદ, તો ક્યારેક ઠાર-ઠંડી, તો ક્યારેક આંધી-ગરમી સહન કરીનેય આ સેના સેવાના મોરચે મંડી રહેલી.

તે સૌને જોતાં જ પ્રસન્ન થઈ ગયેલા સ્વામીશ્રીએ આશીર્વર્ષા વરસાવી દીધી કે –

'તમે પોતાનું કામકાજ, વેપાર, નોકરી, ધંધો, ખેતીવાડી વગેરે જતું કરી અક્ષરધામની સેવાને મહત્તા આપી એ બહુ જ મોટી વાત છે. આપણે અહીંયાં સેવા કરીએ છીએ, ભગવાન ત્યાં (ઘેર) સેવા કરે છે. આપણા બધાની ખબર રાખનાર એ છે. આપણે બ્રહ્મરૂપ થવું છે એમાં કોઈ કસર રહી ન જાય એ પણ એમનું કામ ચાલુ જ રાખે છે. જીવનમાં ઘણી મુશ્કેલીઓ મૂકે, પ્રસંગો મૂકે એ બધું આપણું ઘડતર થાય છે. એ કરતાં કરતાં સ્વભાવ ટળી જાય ને ધામમાં બેસાડી દેશે. આ વરદાન છે. આવો મહિમા હોય તો અગવડમાંય જરાય દુઃખ થાય નહીં.

અક્ષરધામ જોઈને બધા છક થઈ જાય છે. ચારેય બાજુ 'અહોહો...! આ શું કરી નાંખ્યું છે!' એવું દરેકને થઈ ગયું છે. જોગી મહારાજનો સંકલ્પ શું કામ કરે છે! બધા આશ્ચર્ય પામી જાય છે. તેમાં તમે ને અમે સંતો બધાય સેવામાં આવી ગયા છીએ, કારણ કે સાકટમ નોતરું છે, પાઘડીબંધ નથી. ભગવાન સ્વામિનારાયણ, જોગી મહારાજ ટૂંકા મનના નથી. એટલે સાકટમ નોતરું આપ્યું છે. અક્ષરધામનો અનુભવ અહીંયાં કરવાનો છે.'

ઉત્સવના સ્તંભ સમા સ્વયંસેવકો પર આ અમીવાદળી વરસાવી ઉતારે પધારેલા સ્વામીશ્રીએ અહીં પણ પ્રસંગોપાત્ત સેવાની સરવાણી વહાવતાં કહ્યું :

'આપણે ત્યાં તો કોઈ કામ પૂરું થતું જ નથી. કામ ન હોય તો માળા તો છે જ ને! ભજન કરવાનું. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ કોઈ દિવસ રિટાયર્ડ થયા હતા? શ્રીજીમહારાજ પણ રિટાયર્ડ થયા નથી. આપણે તો સેવા પતે એટલે મહિમાની વાતો કરવાની. એ પણ સેવા જ છે ને! આપણે

કોઈ દિવસ રિટાયર્ડ થતા જ નથી. કથા-વાર્તા કરીએ એ મોટી સેવા છે. ભજન કરતાં કરતાં આપણે દેહ છોડવાનો છે. અત્યારે પથ્થરની સેવા છે. એ પૂરું થાય એટલે ભજન, માળા, કથા-વાર્તા એ બધું કરવાનું છે.'

સફળતાનું સરનામું

તા. ૧/૧૦ની સવારે અક્ષરધામનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રી સહજાનંદ પ્રદર્શન ખંડમાં પધાર્યા ત્યારે અહીં તેઓ નીલકંઠવર્ણીના લોજ ગામમાં પ્રવેશનું દૃશ્ય જોઈ બોલ્યા: 'વડનાં પાંદડાં લીલાં થતાં જાય છે', કારણ કે આ પૂર્વે તેઓ આ ખંડ નિહાળવા આવેલા ત્યારે પાંદડાંઓ લાલ રંગનાં હતાં – તેનો તેઓને આજેય ખ્યાલ હતો!

નિરીક્ષણની આ બારીકાઈ સાથે ઘૂમતા સ્વામીશ્રી સંસ્કૃતિવિહાર પ્રદર્શનમાં પહોંચ્યા ત્યારે અહીં મુકાયેલા એક દૃશ્યમાં કેટલાક ઋષિઓને ઘરેણાં પહેરાવેલાં જોઈ તેઓએ કહ્યું: 'ઋષિઓ ક્યારેય ઘરેણાં પહેરતા ન હતા. માટે એ કાઢી નાંખવાં.'

આમ, પોતાના એક-એક સૂચનથી સંકુલને સર્વાંગી બનાવતા સ્વામીશ્રીએ તા. ૨/૧૦ની સાંજે જયપુરને પાવન કર્યું. આ સમયે ગુલાબી નગરી તરીકે ઓળખાતી રાજસ્થાનની આ રાજધાની વધુ ગુલાબી બની ગયેલી, કારણ કે સ્વામીશ્રીના દૂરસંચાર અને દોરીસંચારથી જ અહીં સાડા પાંચ એકરની વિશાળ ભૂમિ પર ૭ શિખરો, ૧૦ ઘુમ્મટ-ઘુમ્મટીઓ, ૬૪ સ્તંભો, ૧૧૧ તોરણ-કમાનો સહિતનું ૬૨ ફૂટ ઊંચું ભવ્ય ગુલાબી મંદિર ખડું થઈ ગયેલું. બંસીપહાડપુરના ૬૦,૦૦૦ ઘનફૂટ ગુલાબી પથ્થરમાંથી આકાર પામેલા આ નાગરાદિ શૈલીના મંદિરની ભેટ આપવા આવેલા સ્વામીશ્રીને રાજસ્થાની ભક્તોએ રાજસ્થાની દમામથી જ આવકાર્યા.

આ સ્વાગત ઝીલી સ્વામીશ્રી તા. ૩/૧૦ની સવારે પોતાના ઉતારામાં બિરાજેલા ત્યારે શ્રી શૈલેન્દ્રભાઈ મોદી નામના એક મુમુક્ષુ જીવનની સફળતાનાં સૂત્રોનું લખાણ અર્પણ કરવા આવ્યા. ફ્રેમમાં જડેલા એ લેખમાં 'શું કરવું? કઈ રીતે કરવું? કઈ રીતે બોલવું? પૈસા કઈ રીતે કમાવવા? કઈ રીતે બચાવવા? કઈ રીતે વાપરવા?' વગેરેની સમજૂતી અંગ્રેજીમાં હતી. આ વિગતોનો અર્થ સ્વામીશ્રીએ કરાવ્યો. અંતે તેઓએ લેખ લાવનારા મુરબ્બીને કહ્યું: 'આ બધું લખ્યું છે એ તો સારું જ છે, પણ તેની સાથે ભગવાનની પાઁચ

माला करना और मंदिर में हप्ते में एक दफ़े आना, तो ये जो लिखा है वह सफल होगा। सफलता का कारण ये ही है कि पाँच माला करना।'

સફળતાના સરનામારૂપે સ્વામીશ્રીએ માળા અને મંદિર ચીંધી આપ્યાં.

જેજેકારથી જયપુર ગાજે

તા. ૩/૧૦ની સાંજે ૪:૧૭ વાગ્યે સૂર્યગ્રહણ શરૂ થતું હોવાથી સ્વામીશ્રીએ આ દિવસની સવારે જ દિલ્હી ફોન જોડી સમૈયાના વ્યવસ્થાપકોને સૂચના આપી કે 'આજે ગ્રહણ છે તો કામકાજ કરતા હોય એ બધાં કામ બંધ કરીને ગ્રહણની સભામાં બેસે એમ કરજો. બધાને બોલાવી લેજો. ગ્રહણ છૂટ્યા પછી બધા સ્નાન કરવા જાય અને પછી બધા માટે રસોઈ બનાવે એમ પણ કહેજો.'

સ્વામીશ્રીના આ આદેશ અનુસાર અક્ષરધામમાં આજની સાંજે ચાર વાગ્યાથી છ વાગ્યા સુધી સોપો પડી ગયો. અલબત્ત, સ્વામીશ્રીએ જ્યારથી શિલાન્યાસ કર્યો ત્યારથી સતત ગાજતા રહેલા આ સંકુલના આજના સૂનકારમાં પણ ધર્મનો ધબકાર સ્પષ્ટપણે સંભળાતો હતો. જે વખતે સીમિત સમયમાં કાર્ય થાળે પાડવા માટે સેકન્ડોની ગણતરીએ કામ ચાલી રહેલું ત્યારે બે કલાક સુધી સેવાને સ્થગિત કરવાની આજ્ઞા કરનારા સ્વામીશ્રીને મન કામકાજ કરતાંય ધર્મ-નિયમની મહત્તા અધિક હતી. તેથી તેઓએ અહીં જયપુરમાં પણ સૂર્યગ્રહણનો સમૈયો ઉમંગભેર ઊજવ્યો.

તેને અનુસરતાં તા. ૪/૧૦ની બપોરે માંગલિક કળશયાત્રા નીકળી. સ્થાનિક પ્રણાલિકા અનુસાર કોઈ પણ મંગળ કાર્ય પૂર્વે યોજાતી આ યાત્રામાં આશરે ૨૭૫ મહિલાઓએ પોતાના મસ્તકે જળભરેલા કળશ મૂકી પ્રતિષ્ઠાનાં પડઘમ ગજાવ્યાં. નવનિર્મિત મંદિરના નિકટવર્તી વિસ્તારોને પાવન કરનારી આ યાત્રામાં મયૂર રથ, સૂર્ય રથ, પ્રાસાદ રથ વગેરેમાં બિરાજી દર્શનદાન આપનારી મૂર્તિઓ ખેરવા ગામમાં પ્રતિષ્ઠિત થવાની હતી.

આ કળશયાત્રાના સમાપન સાથે જ સન્માન સમારોહની સાંકળ જડાઈ ગઈ. મંદિરના ખુલ્લા પ્રાંગણમાં યોજાયેલા આ સમારંભમાં મંદિર-નિર્માણના સહયોગીઓ ઉપરાંત ગુજરાતથી આવેલા ૭૦૦ સ્વયંસેવકોને પણ સ્વામીશ્રીએ કૃપાશિષ પાઠવ્યા. તેની સાથે આજના અવસરે ઠાકોરજીની સુવર્ણતુલા કરી રાજસ્થાની ભક્તોએ રાજીપો રળી લીધો.

ઉત્સવોના આ ક્રમમાં તા. ૫/૧૦ની સવારે સ્વામીશ્રીના સાંનિધ્યમાં વિશ્વશાંતિ મહાયાગની અગ્નિશિખાઓ પ્રજ્વલિત થઈ ઊઠી. તેમાં હવિ હોમવા મંદિરના સમીપવર્તી પ્રતાપ સ્ટેડિયમમાં તૈયાર કરાયેલી યજ્ઞશાળાના ૭૮ કુંડોની ફરતે બેઠેલા ૮૪૪ યજમાનોમાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી અશોક ગેહલોત સહિત સાગવાડા અને ડુંગરપુરના ૬૧ આદિવાસી કારીગરો તથા મકરાણામાં પથ્થરકામ કરનારા ૨૪૦ સલાટો પણ સામેલ હતા.

આવા આ યજ્ઞનો મંત્રોચ્ચાર શમતાં જ આજની સાંજે સવા ચાર વાગ્યે મૂર્તિઓની નગરયાત્રાનો પ્રારંભ થઈ ગયો. શહેરના મેયર દ્વારા ફરકાવાયેલી લીલી ઝંડી સાથે આલ્બર્ટ હૉલથી શરૂ થયેલી પોણો કિ.મી. લાંબી આ શોભાયાત્રા ત્રિપોલિયા દ્વાર, બડી ચૌપડ, જૌહરી બજાર મુખ્ય માર્ગ, સાંગાનેરી દ્વારને પાવન કરતી રવીન્દ્ર મંચ પાસે વિરમી ત્યાં સુધી ગુલાબી નગરીમાં ગરવો ગુલાલ ઊડી રહ્યો.

જયપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા

તા. ૬/૧૦ની સવારે ૮:૪૦ વાગ્યે સ્વામીશ્રી નવનિર્મિત મંદિરના ગર્ભગૃહમાં પધારી મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ સંપન્ન કરવા લાગ્યા ત્યારે જયપુરનાં ૭૫ વર્ષ પુરાણા સત્સંગ-ઇતિહાસનું સુવર્ણપૃષ્ઠ આલેખાવા માંડ્યું. સેંકડો યજમાનોના અપ્રતિમ ઉત્સાહ વચ્ચે શહેરના સમૃદ્ધ વિસ્તાર વૈશાલી નગરમાં નિર્માણ પામેલા મંદિરે અક્ષર-પુરુષોત્તમ મહારાજને પધરાવી સ્વામીશ્રી ઉત્સવ-સભામાં પધાર્યા. અહીં પણ મહોત્સવનો મંચ રાજ્યના કંઈક મંત્રીઓ ઉપરાંત જયપુરના મહારાજા શ્રી ભવાનીસિંગ સહિત અનેક નામાંકિત મહાનુભાવોથી ખીચોખીચ હતો. મંડપ તો ૭,૦૦૦થી વધુ ભાવિકો દ્વારા ક્યારનોય છલકાઈ ગયેલો.

આ શ્રોતાગણને સંબોધતાં ગૃહમંત્રી શ્રી ગુલાબચંદ કટારિયા બોલ્યા : 'अच्छाई सब में है, किन्तु उसका एहसास स्वामीजी करा रहे हैं।'

આ જ રીતે પી.ડબલ્યુ.ડી. વિભાગના મંત્રી શ્રી રાજેન્દ્રસિંહ રાઠોડે અહોભાવ વ્યક્ત કર્યો કે 'मानवदेह में आज देवस्वरूप अवतार प्रमुखस्वामी महाराज प्रकट हुए हैं। मंदिर-निर्माण का आपका यह उपहार युगों-युगों तक इस मरुभूमि की जनता स्मरण करेगी।'

રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ઘનશ્યામભાઈ તિવારીએ પણ ભાવોર્મિ

વહાવી કે 'प्रमुखस्वामी महाराज एक शलाकापुरुष हैं। स्वयं जगप्रतिष्ठित संत हैं। ऐसे संत इस राष्ट्र की रीढ़ समान हैं।'

આ અવસરે રાજસ્થાનના અધિક ઍડવોકેટ જનરલ શ્રી ભરતભાઈ વ્યાસે સ્વાનુભવ વર્ણવ્યો કે 'मैं प्रमुखस्वामी महाराज में महान राष्ट्रनायक की छवि देखता हूँ। आज प्राणप्रतिष्ठा महोत्सव में उन्होंने जो कृपा मुझ पर की वह अनिर्वचनीय है। अब यह देह रहे - न रहे इसकी कोई परवाह नहीं है। आदि शंकराचार्यजी के बाद स्वामीजी में मैं चैतन्यदेव का स्फुरण देख रहा हूँ।'

આમ, મરુભૂમિમાં મંદિર કરી સ્વામીશ્રીએ ખીલવેલી મોક્ષની વસંતથી આજે સૌ પ્રફુલ્લિત હતા. આ ઉલ્લાસભર્યા વાતાવરણમાં જ સૌને આશીર્વાદ પાઠવી સ્વામીશ્રી મંદિરે પધાર્યા. અત્રે તેઓએ અભિજિત નક્ષત્રમાં મંદિરમાં પ્રતિષ્ઠિત અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રથમ આરતી ઉતારી ત્યારે વાતાવરણ જયનાદોથી ગાજી રહ્યું.

આ પ્રતિષ્ઠાવિધિ બાદ ઉતારે આવેલા સ્વામીશ્રી આજે સમગ્ર દિવસ દરમ્યાન ખૂબ જ વ્યસ્ત રહ્યા. તેઓએ લગભગ ૭૦૦ વ્યક્તિઓને મુલાકાત આપી. કંઈક સચિવો અને શ્રેષ્ઠીઓ સાથે બેઠકો યોજી. પત્રવાંચન તથા ફોનની પ્રવૃત્તિ પણ જારી રહી.

આ પરિશ્રમ જોઈ રાત્રે આરામ માટે શયનકક્ષ તરફ જઈ રહેલા સ્વામીશ્રીને બ્રહ્મવિહારીદાસ સ્વામીએ કહ્યું : 'આપને એક નિયમ આપવાનો છે કે દિવસમાં આપે ફક્ત દસ જ ફોન લેવાના.'

'એ તો મારી ને તમારી સત્તા બહારની વાત છે.'

'સમગ્ર બ્રહ્માંડમાં આપની સત્તા બહાર શું છે ?!'

'હરિભક્તોને જોઈને ઉમળકો આવી જાય છે.' આટલું કહેતાં સ્વામીશ્રી ઓરડામાં પ્રવેશી ગયા.

આ ભક્તવત્સલતા સાથે તેઓ જયપુરને ધન્ય કરી તા. ૭/૧૦ની રાત્રે દિલ્હી આવી પહોંચ્યા.[૨૫]

---

૨૫. જયપુરમાં ગાજેલા શિખરબદ્ધ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના જયજયકારને સાંભળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

વિઘ્નમાત્ર ટળી ગયાં

દિલ્હીમાં સ્વામીશ્રીનું પુનરાગમન થયું ત્યારે સો એકરના અક્ષરધામની સાથે દિલ્હી વિકાસ પ્રાધિકરણની સો એકર ભૂમિ 'પ્રમુખસ્વામી નગર'માં ફેરવાઈ ગયેલી. અક્ષરધામ પરિસરની બાજુમાં જ આવેલી જમીન પર મહોરી ઊઠેલું આ 'નગર' ૨૫,૦૦૦ હરિભક્તો તથા ૮,૦૦૦ બાઈ-ભાઈ સ્વયં-સેવકોના નિવાસની વ્યવસ્થા ધરાવતું હતું. તેની સાથે વિરાટકાય રસોડાં તેમ જ ભોજનશાળા, ૨૭૫ X ૧૮૦ ફૂટનો વિશાળ સભામંડપ, ૧૬ લાખ લિટર પાણીની ક્ષમતાવાળાં ત્રણ સરોવરો, ૩૦ સેવાવિભાગોનાં કાર્યાલયો, કલાત્મક પ્રવેશદ્વાર સહિત અનેક રચનાઓથી સુસજ્જ આ 'નગર' ઇન્દ્રપ્રસ્થની શોભામાં અભિવૃદ્ધિ કરી રહેલું. તા. ૧૨/૧૦ થી તા. ૬/૧૧ સુધી ચાલનારા અક્ષરધામ મહોત્સવમાં તબક્કાવાર આવનારા હજારો હરિભક્તોને અક્ષરધામનાં દર્શનની સાથે આ 'નગર'નો પણ લાભ મળવાનો હતો. દર્શનાર્થીઓનો આ પ્રવાહ શરૂ થાય તે પહેલાં અક્ષરધામના વિવિધ અંગોને ખુલ્લાં મૂકતી વૈદિક વિધિઓની પરંપરા તા. ૮/૧૦થી આરંભાઈ ગઈ.

આ દિવસે આવેલી આસો સુદ પંચમીની તિથિએ અનુરાધા નક્ષત્ર, આયુષ્યમાન યોગ, કૌલવ કરણ અને પાવનકારી રવિયોગના ચંદરવા તળે સવારે પોણા આઠ વાગ્યાથી મુખ્ય સ્મારકમાં પીઠિકાપૂજન નિમિત્તે મહાપૂજાનો પ્રારંભ થઈ ગયો. તેની સમાંતર પોતાના નિવાસસ્થાને પ્રાતઃપૂજા માટે બિરાજેલા સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં યંત્રપૂજન તેમ જ નાગ, કૂર્મ, અનંત વગેરે પીઠસ્થ દેવતાઓનું પૂજન શરૂ થયું. તે પૂર્ણ થતાં બરાબર પોણા નવ વાગ્યે શુભ ચોઘડિયામાં અક્ષરધામના ઘુમ્મટ તળે પીઠિકાપૂજનના મંત્રો ગુંજવા લાગ્યા. આ વિધિમાં સ્વામીશ્રીને સાડા દસ વાગ્યે પધારવાનું હતું, પણ તેઓ નવેક વાગ્યે તો હાજર થઈ ગયા.

તે વખતે બારિક કોતરણીયુક્ત કાષ્ઠના ભવ્ય સિંહાસનમાં અભયમુદ્રા અને સુખાસન સાથે ભગવાન સ્વામિનારાયણની દેદીપ્યમાન મૂર્તિ બિરાજી ગયેલી. તેઓના જમણા હાથે અનાદિ સેવક અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી કરબદ્ધ સેવકમુદ્રામાં દર્શન આપી રહેલા. બ્રહ્મ-પરબ્રહ્મનાં આ દિવ્ય સ્વરૂપોનો ઉદ્‌ઘોષ કરતા ભગતજી મહારાજ હાથમાં વચનામૃત ગ્રંથ ધારીને ઊભેલા, તો બી.એ.પી.એસ.ના સ્થાપક શાસ્ત્રીજી મહારાજ ભાવાંજલિ અર્પણ

કરતા હોય તેમ બે હાથ લંબાવીને શ્રીજીમહારાજ સમક્ષ વિનય કરી રહેલા. દિલ્હીમાં મંદિર કરવાનો સંકલ્પ કરનારા યોગીજી મહારાજ એ સંકલ્પની પરિપૂર્તિ માટે ધૂન ગજાવી રહ્યા હોય તેવી મુદ્રામાં શોભતા હતા, તો આ અક્ષરધામના વિશ્વકર્મા સ્વામીશ્રી ગુરુના સંકલ્પને પૂર્ણ કરવાની સેવા મળવાથી અહોભાવ સાથે આભારમુદ્રામાં જણાતા હતા.

ત્રણ માળ ઊંચા અષ્ટકોણીય સ્વામિનારાયણ મંડપમાં બિરાજેલાં આ સ્વરૂપોની ઉપર કલાત્મક ઝુમ્મર સાથે છત્ર બનીને ઝળૂંબી રહેલો ઉત્તુંગ ઘુમ્મટ ભારતીય નાગરાદિ શૈલીનાં સ્થાપત્યોમાં સૌથી ઊંચો હોવાનું ગૌરવ અનુભવી રહેલો. આ ઘુમ્મટની રેખાઓ અને પાટશિલાઓમાં કંડારાયેલા મુકુટધારી સેંકડો અક્ષરમુક્તો શ્રીજીમહારાજને પુષ્પવૃષ્ટિથી વધાવી રહેલા, તો ઘુમ્મટને ધારીને ઊભેલા ભદ્રક પ્રકારના ચતુષ્કોણીય સ્તંભો ભગવાન સ્વામિનારાયણના મહાન પરમહંસોની શિલ્પાકૃતિઓથી અલંકૃત હતા.

આ નયનરમ્ય શોભા સાથે રાધા-કૃષ્ણ, સીતા-રામ, લક્ષ્મી-નારાયણ અને શિવ-પાર્વતીનાં સ્વરૂપો પણ આ મહાલયમાં પ્રતિષ્ઠિત થવાનાં હતાં. મુખ્ય પીઠિકા તથા આ તમામ યુગલ દેવોની પીઠિકાઓનું પૂજન સ્વામીશ્રી પધારતાં એકસાથે આરંભાયું. વેદમંત્રોના ઘોષ વચ્ચે પૂજન બાદ પ્રત્યેક મૂર્તિની પીઠિકા તળે સ્વામીશ્રીએ સ્વયં યંત્ર, કૂર્મ, અનંત વગેરે પધરાવવાની ઇચ્છા વ્યક્ત કરી. તે અનુસાર તેઓ નીચા નમી-નમી ગર્તમાં પૂજાદ્રવ્યોનો નિક્ષેપ અને દેવતાઓનું સ્થાપન કરવા માંડ્યા. તેમાં એક ક્ષણે સહાયક સંત ડાબા હાથે પુષ્પ તથા અક્ષત આપવા ગયા ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'હું ડાબે હાથે આપેલું કાંઈ લેતો નથી.'

વિધિ-વિધાનમાં આ સતર્કતા અને સંપૂર્ણતા સાથે સંલગ્ન તેઓ શ્રીજી-મહારાજ તથા ગુરુપરંપરાની પીઠિકા પૂજ્યા બાદ સીતા-રામની પીઠિકાના ગર્ત પાસે પધાર્યા. અત્રે ૯:૨૩ વાગ્યે ભૂમિના આધારરૂપ કૂર્મ અને નાગદેવતાનો સ્થાપનવિધિ ચાલી રહેલો તે જ ક્ષણે ધરા ધ્રૂજી ! જાણે કે સ્વામીશ્રીએ આવાહિત કરેલા નાગદેવતાએ પોતાની હાજરી પુરાવતાં મસ્તક ન ધુણાવ્યું હોય !

હકીકતમાં આ ભૂકંપનો આંચકો આવેલો. પાકિસ્તાનના મુઝફ્ફરાબાદની આસપાસના પ્રદેશમાં નોંધાયેલા ૭.૬ રિક્ટર સ્કેલની તીવ્રતા ધરાવતા ધરતીકંપનાં વલયો છેક અહીં સુધી વિસ્તરેલાં. તેથી સ્વામીશ્રીને સ્મારકની બહાર લાવી દેવાયા. પરંતુ તેઓ પગથિયાં ઊતરી

ત્યાં જ વ્હીલચૅરમાં બિરાજી ધૂન કરવા લાગ્યા.

૯:૨૬ થી ૯:૩૫ વાગ્યા સુધી પ્રાર્થનાનો આ દોર ચલાવ્યા બાદ સ્વામીશ્રી 'સ્વામિનારાયણ ભગવાનની જય' બોલાવી ઉચ્ચર્યા: 'મહારાજની દયાથી બધું શાંત થઈ ગયું છે. ભવિષ્યમાં વિઘ્ન આવવાનું હશે તે અત્યારે થોડું આવી ગયું. શેષનારાયણ બેસી ગયા. હવે વિઘ્નમાત્ર ટળી ગયાં. જે પછી આવવાનું હતું તે પહેલાં આવી ગયું. શૂળીનું દુઃખ કાંટે મટી ગયું.'

આટલું કહી સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા: 'મૂર્તિઓની સ્થાપના થઈ એટલે વજન આવે, તેથી (શેષનારાયણ) થોડાક ડોલે ને! આપણો વિધિ પૂરો થયો ને આ થયું!'

આ સાંભળનારા સૌને વિધિ કરવા ઉતાવળે દોડી આવેલા સ્વામીશ્રીની ચેષ્ટાનો મર્મ અત્યારે પકડાયો. તેની સાથે ભૂકંપમાં અક્ષરધામની કાંકરીયે ન ખરતાં આ સ્મારકની મજબૂતાઈ પણ પરખાઈ ગઈ.

નહીં શ્રીજીનું લોપે વચન

અક્ષરધામના વિવિધ વિભાગોની ઉદ્‌ઘાટન-શૃંખલામાં સ્વામીશ્રી તા. ૮/૧૦ની સાંજે પાંચ વાગ્યે ૭૦ ફૂટ ઊંચા આઇ-મેક્સ થિયેટરના દ્વારે આવી ઊભા. નીકલંઠવર્ણીના વનવિચરણ પર આધારિત લાર્જ ફોર્મેટ ફિલ્મ વિશ્વભરમાં ડંકો મારી હવે અહીં પ્રસ્તુત થવાની હતી. તે માટે ખાસ તૈયાર કરાયેલા પ્રેક્ષાલયના દરવાજાને વૈદિક વિધિપૂર્વક ખોલી સ્વામીશ્રી એ થિયેટરના મધ્યમાં સજાવેલા પોતાના આસન પર બિરાજ્યા. અત્રે ઉપસ્થિત સંતો સાથે તેઓ આજે ૮૫ x ૬૫ ફૂટના વિશાળ પડદા પર નીલકંઠવર્ણીની ફિલ્મ જોવાના હતા, પરંતુ તે પૂર્વે સ્વામીશ્રીએ સંબંધિત કાર્યકરોને સૂચના આપી કે 'આ ફિલ્મમાં જ્યાં જ્યાં મહિલાઓનાં દૃશ્યો આવતાં હોય ત્યાં પ્રોજેક્ટર પર હાથ મૂકી દેજો.'

તેઓની આ તકેદારી જોઈ સૌનાં હૈયાં ગાઈ ઊઠ્યાં: *'એવા સાધુને અતિ ધન્ય ધન્ય, નહીં શ્રીજીનું લોપે વચન.'*

આ ધન્યવાદ ઝીલતા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા તા. ૯/૧૦ની સવારે સહજાનંદ પ્રદર્શન ખંડની સૃષ્ટિ ખૂલી ગઈ.

ભગવાન સ્વામિનારાયણના પ્રસંગો દ્વારા જીવન-ઘડતરનો સંદેશ વહાવતું આ પ્રદર્શન એનિમેટ્રોનિક્સની આધુનિકતમ કરામત, પૂતળાંઓની

આબેહૂબ વેશભૂષા અને દૃશ્ય-સજાવટ, ધ્વનિ-પ્રકાશના સુચારુ સંયોજન તથા ચોટદાર પ્રસ્તુતિનો ચોક પૂરતું હતું. જુદા જુદા તેર ખંડો દ્વારા પ્રેમ અને પ્રામાણિકતા, નમ્રતા અને નિર્ભયતા, સેવા અને શાંતિ, એકતા અને અહિંસા વગેરે મૂલ્યોની પ્રેરણા આપવા અહીં ક્યાંક ચિત્રપટ પર દૃશ્યાવલિઓ સર્જાય છે, તો ક્યાંક છપૈયાનું પાદર ખડું થઈ જાય છે; ક્યાંક કાઠિયાવાડના દરબારગઢની ડેલી, તો ક્યાંક હિમાલયની ગિરિકંદરાઓ; ક્યાંક દુષ્કાળની હૃદયદ્રાવક સ્થિતિથી ઉજ્જડ ભૂમિ, તો ક્યાંક રાજદરબારની ઝાકઝમાળ; ક્યાંક વન્યસૃષ્ટિ તો ક્યાંક જ્ઞાનદૃષ્ટિ. મંત્રમુગ્ધ કરતી આવી એક-એક રચના જોઈ દર્શકોનાં દિલ પોકારી ઊઠતાં કે *'દેખી સમુદ્ર મનમાં સર તુચ્છ લાગે, ધામો બીજાં અલપ 'અક્ષરધામ' આગે.'*

પ્રેક્ષકને આવા જ અનુભવમાં તરતો મૂકી દેતો સંસ્કૃતિવિહાર પણ અક્ષરધામનું એક અનોખું આકર્ષણ. અહીં સરસ્વતી નદીના તટે ૧૦,૦૦૦ વર્ષ પહેલાં પાંગરેલી પૂર્ણ વિકસિત ભારતીય સંસ્કૃતિની ભવ્યતાનું દર્શન માત્ર બાર મિનિટના નૌકાવિહાર દ્વારા થાય છે. આઠસો મનમોહક પૂતળાંઓ જાણે જીવંત થઈને સંસ્કૃતિની અમરગાથા સંભળાવતાં હોય તેવી ઝાંખી કરાવનારા આ વિહારમાં, દર્શકને પોતે હજારો વર્ષ પૂર્વેના ભારતનો નાગરિક હોવાની અનુભૂતિ થાય છે. આ જલયાત્રામાં એકસાથે છ બળદોથી થતી ખેતી, વૈદિક નગરની સમૃદ્ધ બજારોમાં ધમધમતા વસ્ત્ર, સુવર્ણ વગેરેના ઉદ્યોગ, વિજ્ઞાન પરિષદ ભરીને બેઠેલું ઋષિમંડળ, ઔષધોના પિતામહ ગણાતા ચરકની ઔષધશાળા, વિશ્વભરના દસ હજાર વિદ્યાર્થીઓને ૬૪ વિદ્યાઓમાં પારંગત કરતી તક્ષશિલા વિદ્યાપીઠના વર્ગખંડ, ઘૂઘવતા સમુદ્રનાં મહાકાય મોજાંઓ પર વિહરતા ભારતીય વેપારીઓ સહિત નૃત્ય, સ્થાપત્ય, સાહિત્ય, યોગ, ખેલ, સંગીત વગેરેમાં ભારતનું પ્રભુત્વ અને પ્રદાન જોઈ પ્રત્યેક યાત્રી અસ્મિતાથી તરબતર થઈ જાય છે. ગહન અને બૃહદ્ સંશોધનના આધારે એકત્રિત થયેલી નક્કર હકીકતો દ્વારા ભવ્ય ભૂતકાળનો ઉપયોગ કરી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવાનો સંદેશ વહાવતો આ સંસ્કૃતિવિહાર પણ તા. ૯/૧૦ની સવારે સ્વામીશ્રી દ્વારા ખુલ્લો મુકાયો.

વૈદિક વિધિ સાથે આ પ્રદર્શનનાં દ્વાર ઉઘાડી સ્વામીશ્રી સ્વયં ઠાકોરજી સાથે મયૂરાકાર નૌકામાં બિરાજ્યા અને એક અદના દર્શકની અદાથી તેઓએ નૌકાવિહાર કરતાં કરતાં ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓને નજરમાં ભરી.

આપણે ક્યારેય સ્પર્ધા કરતા જ નથી

તા. ૯/૧૦ની રાત્રે અક્ષરધામના નિર્માણકાર્ય સાથે સંકળાયેલા સંતો સાથે વિમર્શ કરી રહેલા સ્વામીશ્રી સહસા બોલી ઊઠ્યા: 'દુનિયામાં અત્યારે જે કંઈ જોવાનું છે એમાં કેવળ ભૌતિકવાદ છે. તેથી શાંતિ કેવી રીતે થાય? અહીં અક્ષરધામમાં તો નખશિખ આધ્યાત્મિકતા છે. આ વસ્તુ એવી બની છે કે આવતાંની સાથે, જોતાંની સાથે શાંતિ થઈ જાય.'

અક્ષરધામની યથાર્થ વિશેષતા તેના સર્જકના મુખેથી સરી પડી.

તે સાંભળી કો'કે કહ્યું: 'અક્ષરધામ એવું થયું છે કે હવે સ્પર્ધા જેવું કાંઈ રહ્યું જ નહીં!'

'આપણે ક્યારેય સ્પર્ધા કરતા જ નથી. સ્પર્ધામાં પડ્યા જ નથી.' સ્વામીશ્રી બોલ્યા.

પોતાની આ જીવનશૈલીને જ વિશેષ ઘૂંટતાં તેઓએ વધુમાં જણાવ્યું:

''આપણો પહેલેથી જ આ સિદ્ધાંત છે. શાસ્ત્રીજી મહારાજ પણ સ્પર્ધા માટે નીકળ્યા ન હતા. અક્ષર-પુરુષોત્તમનો સિદ્ધાંત પ્રવર્તે એ માટે નીકળ્યા હતા. ઘણા બધા એમ કહે છે કે 'આપણી સંસ્થા જેવી બીજી કોઈ સંસ્થા નથી.' પણ આવી વાતોમાં આપણે તો ના જ પાડીએ છીએ કે 'આવું કહેવું જ નહીં.' 'દુનિયામાં આના જેવું બીજે ક્યાંય છે જ નહીં' એવું કહેવાની શી જરૂર? આવીને જોશે એટલે એ જાતે જ સમજતો થઈ જશે. આપણે સારી ભાવનાથી કરીએ એટલે ભગવાન ભળે છે. શાસ્ત્રીજી મહારાજનો સિદ્ધાંત જ એ હતો કે 'હરીફાઈ ન કરવી.' જોગીબાપાએ પણ નથી કરી. વિરોધ કરનારનો પણ વિરોધ નથી કર્યો.''

સ્વામી કરે સેવકની સહાય

તા. ૧૦/૧૦ની સવારે નિત્યક્રમથી પરવારી પત્રવાંચનમાં પરોવાયેલા સ્વામીશ્રીએ સ્વયંસેવક દળના સંતોને બોલાવી જણાવ્યું:

'સમૈયામાં સેવા કરવા આવેલા સ્વયંસેવકોમાં જે ગરીબ હોય, રૂપિયા ભરી શકે એમ ન હોય તો એને આપણે જ મદદ કરીને (દિલ્હીમાં) બધું બતાવી દેવું. અહીં સુધી આવ્યા છે તો હરદ્વાર, હૃષીકેશની જાત્રામાં જવું હોય તો એના માટે વ્યવસ્થા કરી દેવી. છપૈયાનો પણ વિચાર કરી શકાય.

એના માટે જુદી બસ કરવી પડે તો એ રીતે અથવા જે પૈસાવાળા જતા હોય એમની ભેગા એ બસને મોકલી દેવી, જેથી રહેવા-જમવાની વ્યવસ્થા થઈ જાય. બધાએ અહીં આવીને સેવા કરી છે તો સાથે સાથે જાત્રા પણ થઈ જાય. બધાને યાદ રહે કે 'આપણે અહીં આવ્યા હતા ને જાત્રા થયેલી.'

સ્વયંસેવકના પણ સેવક થઈને રહેતા સ્વામીશ્રીના અંતરમાં સૌને રાજી કરવાના અને મદદરૂપ થવાના આવા કોડ જાગતા જ રહેતા.

તેથી જ એક વાર તેઓને ખ્યાલ આવ્યો કે અહીં ઋતુ-પરિવર્તન અને ધુમ્મસભર્યા વાતાવરણને કારણે ઘણા સ્વયંસેવકો તેમ જ હરિભક્તો બીમાર પડી રહ્યા છે. વળી, ગૅસના બાટલાની અછતને કારણે પ્રવર્તતી ગરમ પાણીની તંગી પણ તકલીફ વધારે છે.

આ પરિસ્થિતિમાં સ્વામીશ્રીએ વિવિધ સેવાવિભાગો સાથે સંપર્કનાં ચક્રો ગતિમાન કરી દીધાં. તેની સાથે સ્થાનિક સંતો ધર્મવત્સલદાસ સ્વામી, મુનિવત્સલદાસ સ્વામી વગેરેને પણ ચૂલા અને લાકડાંના વિકલ્પ અંગે બંદોબસ્ત કરવા જણાવ્યું. સૂચના આપ્યા પછીયે સમયે-સમયે કાર્યવાહીની પ્રગતિ અંગે પૂછતા રહી સ્વામીશ્રીએ એક દિવસમાં તો ગરમ પાણીની અછતને ઓગાળી નાંખી. તેથી બીજે દિવસે ડોલ-ડબલાં ભરી નહાયેલા હરિભક્તો અને સ્વયંસેવકો હૂંફાળા પાણીથી નહીં, પણ સ્વામીશ્રીની હૂંફાળી લાગણીથી ભીંજાઈ ગયા.

આમ, *'ઘડી ઘડી પળમાંય, સ્વામી કરે સેવકની સહાય...'*ની સ્વામીશ્રીની આ પ્રકૃતિ મહોત્સવ દરમ્યાન પૂરબહારમાં ખીલેલી રહી.

અહીં જીવન જ બદલાઈ જશે

'પ્રમુખસ્વામી મહારાજ પાસે લોકોને પ્રેરિત કરવાની પ્રચંડ શક્તિ છે. વગર બોલ્યે એક મહાન આત્મા હજારોને શાંતિ, નિઃસ્વાર્થ સેવા અને પ્રેમના વાતાવરણમાં અસાધારણ સર્જન કરવા પ્રેરી શકે, એ જ સૂચવે છે કે એમનામાં અસામાન્ય વિવેક, પ્રેમ અને ભગવત્સાક્ષાત્કાર હોવો જોઈએ. આ મહાન આત્મા પાસે પર્વતોને હલાવવાની શક્તિ છે, માનવજાતને હલાવવાની શક્તિ છે, સંસ્કૃતિઓ બદલી નાંખવાની શક્તિ છે.'

સ્વામીશ્રી માટે આવો ઉમદા અભિપ્રાય ધરાવનારા વિખ્યાત અમેરિકન લેખક ડૉ. ડેવિડ ફ્રોલી તા. ૧૦/૧૦ની બપોરે બાર વાગ્યે સ્વામીશ્રીને રૂબરૂ

મળ્યા ત્યારે તો અત્યંત ભાવવિભોર બની ગયા. ભારતીય સંસ્કૃતિના ઊંડા અભ્યાસી થઈને શ્રી વામદેવ શાસ્ત્રીરૂપે પણ પ્રસિદ્ધિ પામેલા આ મહાશયે સ્વામીશ્રીને કહ્યું : 'દિલ્હીમાં આપે અક્ષરધામનું નિર્માણ કર્યું એટલે વાતાવરણ બદલાશે. સૌનાં મન અને માનસ પણ બદલાશે. આ સ્થાનથી જબરજસ્ત વાતાવરણ ઊભું થશે, જે ભૂતકાળને ભવિષ્ય સાથે જોડશે. આ વાતાવરણથી ભૂમિ અને સંસ્કૃતિ પણ બદલાઈ જશે. નાનામાં નાના બાળકને પોતાની સંસ્કૃતિ માટે ગૌરવ હોવું જોઈએ એ આના દ્વારા સિદ્ધ થશે! આ સ્મારક હિંદુ ધર્મના પુનર્જીવનનું કેન્દ્ર બનશે. અહીં જૂનાં મૂલ્યો, કળા, સ્થાપત્ય અને છેલ્લાંમાં છેલ્લાં આધુનિક સાધનોનો સુમેળ થયેલો છે. આ સંકુલ લોકો માટે અભ્યાસ અને જ્ઞાનની પીઠ બની રહેશે. અહીં મોટી મોટી પરિષદો થશે.'

'અહીં જીવન જ બદલાઈ જશે. આસુરી ભાવના નીકળીને દૈવી ભાવ જાગ્રત થશે.' સ્વામીશ્રી બોલ્યા.

અક્ષરધામના નિર્માણની પાર્શ્વભૂમાં તેઓનો હેતુ પ્રસિદ્ધિનો નહીં, પણ પરિવર્તનનો હતો. તેઓના આવા નેક ઈરાદાઓએ જ આ ઈશ્વરીય ઈમારતને ઊંચાઈ અને સરસાઈ અપાવી છે.

સર્વગુણે સંપન્ન કામ

તા. ૧૧/૧૦ની સવારે સ્વામીશ્રી મંદિરમાં દર્શન કરી રોજિંદા ક્રમાનુસાર પોડિયમ પર પધાર્યા ત્યારે સામેનું વિશાળ પટાંગણ સ્વયંસેવકોથી ભરચક હતું. તેઓ સમક્ષ સ્વામીશ્રીએ અક્ષરધામના અભિષેક મંડપમાં બિરાજમાન થનારા શ્રી નીકલંઠવર્ણીને ચંદન-પુષ્પથી પૂજ્યા.

જયપુરના મંદિરની પ્રતિષ્ઠાવિધિ વખતે જ સ્વામીશ્રીના વરદહસ્તે દૈવત પામેલી આ મૂર્તિ આજે પાલખીયાત્રા દ્વારા અહીંથી અભિષેક મંડપ સુધી પહોંચવાની હતી. એ પાલખી ઊંચકવા સદ્‌ગુરુ સંતો તૈયાર હતા, પણ સ્વામીશ્રીને ઉમળકો આવી જતાં તેઓએ ડાબા દાંડે ટેકો ધરી દાદરા સુધી ડગ ભર્યાં. આ રીતે પોતાની ભક્તિ અદા કરી તેઓ દસેક વાગ્યે અભિષેક મંડપમાં પણ આવી પહોંચ્યા. મુખ્ય સ્મારકની પાર્શ્વભૂમાં તૈયાર થયેલા આ કલાત્મક મંડપમાં શ્રી નીલકંઠ પ્રભુની ત્રણ ફૂટ ઊંચી મૂર્તિ પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રી નારાયણ સરોવરના કાંઠે પધાર્યા.

અક્ષરધામની ડાબી, જમણી અને પાછળની બાજુમાં હિલોળતું અઢી ફૂટ

ઊંડું આ સરોવર બત્રીસ લાખ લિટર પાણીની ક્ષમતા સાથે ૫૦-૫૦ ફૂટના અંતરે મૂકેલા કમળકુંડથી સોહામણું ભાસતું હતું. તેમાં ૧૦૮ ગોમુખમાંથી ઠલવાતી જલધારાઓનો નિનાદ પણ ઘણો જ કર્ણપ્રિય અનુભવાતો હતો. આ સરોવરમાં ભગવાન સ્વામિનારાયણના પ્રાસાદિક નદી, તળાવ, સરોવરના તીર્થજળનું સિંચન કરવાનો તડાગ-ઉત્સર્ગ વિધિ અત્યારે યોજાયેલો. તે માટે ૧૫૧ તામ્રકળશમાં ભરેલાં ૧૫૧ તીર્થોનાં નીર લઈ સંતો સરોવરની સોપાનપંક્તિ પર ગોઠવાઈ ગયેલા. સ્વામીશ્રી પણ ઊંચા આસને આવી બિરાજતાં જ વરુણનું આવાહન કરતા મંત્રોની સાથે કળશ-પૂજનના શ્લોકો ગુંજવા લાગ્યા. તેને અનુસરતાં ૧૫૧ તીર્થોના પૂજનમાં જોડાયેલા સ્વામીશ્રીએ પ્રથમ પોતાની આગળ મૂકેલા પાંચ રજતકળશોને પૂજ્યા. તેની સાથે તેઓએ તરભાણામાં પધરાવેલા નાગ, કૂર્મ, હંસ, મંડૂક, કરચલા વગેરે જળદેવતાઓને પણ જલાભિષેકથી પખાળ્યા. તે પછી આ દેવોને કળશમાં સ્થાપી સ્વામીશ્રીએ તે કળશ મહંત સ્વામીને આપ્યો. તેમાં રહેલું જળ મહંત સ્વામીએ સરોવરની મધ્યમાં જઈ નારાયણ સરમાં પધરાવ્યું. તે જ વખતે સંતોના હાથે પણ ૧૫૧ કળશોનું જળ 'ॐ श्रीस्वामिनारायणाय नमः'ના ઉચ્ચારણ સાથે ધારારૂપે નારાયણ સરોવરમાં ભળવા માંડ્યું.

તેમાં પોતાની અમૃતધારા ભેળવતાં સ્વામીશ્રી બોલ્યા : 'અહીં જે દર્શન કરશે તેને બધાં તીર્થોનું ફળ મળશે. દર્શન કરે તેનું પણ કલ્યાણ ને પાણી માથે ચઢાવે તેનું પણ કલ્યાણ. જ્યારે જ્યારે દિલ્હી આવવાનું થાય ત્યારે આ તીર્થમાં દર્શન કરજો. આ પૃથ્વી પરના અક્ષરધામનાં દર્શન કરશે તો ઉપર અક્ષરધામમાં બેસાશે. સાથે નીલકંઠવર્ણી પધરાવ્યા છે. તેમનો અભિષેક થાય તે ઘેર બેઠાં ગંગા. ભારતની તમામ સંસ્કૃતિ આમાં આવી ગઈ. પ્રદર્શનોમાં બધી સંસ્કૃતિનો સમાવેશ થઈ ગયો છે. સર્વગુણે સંપન્ન કામ થયું છે. આ જોઈને જ માણસને સમાધિ થઈ જાય.'

આજે સરોવરની જેમ સ્વામીશ્રીનું હૈયું પણ હર્ષના હિલોળા લઈ રહ્યું.

चलो चलें हम अक्षरधाम

દિલ્હીમાં યમુનાના કિનારે આવેલા નોઈડા વળાંક પરથી અક્ષરધામ સેતુ ઓળંગીને ૧૦૦ એકરમાં પથરાયેલા અક્ષરધામ પરિસરમાં પ્રવેશતાં જ અહીં ચોમેર વિલસી રહેલી ભવ્યતા અને દિવ્યતાનો પ્રથમ આસ્વાદ દશ દ્વાર

પાસે માણવા મળે છે. દશે દિશામાંથી શુભ વિચારોની પ્રાપ્તિને વધાવતા આ દશ દ્વારમાં રચાતો જલધારાઓનો પડદો આગંતુકના અંતરને ભીંજવી દે છે.

આ તરબતર હૈયે યાત્રિક ત્રીસેક પગલાં આગળ વધે ત્યાં જ તેની નજરે ચડતા બાર સૂર્યસ્મારકોનું તેજ તેનાં ભીતરને ઝળાંહળાં કરી મૂકે છે. અહીં બાર કલામય ઘુમ્મટીઓમાંથી છૂટતા જ્યોતિર્મય આદિત્યોના તેજ ઝીલતો યાત્રી આગળ સરકીને આશરે ૬૮મા કદમે ભક્તિદ્વારે આવી ઊભો રહે છે. અત્રે તેના શિરે રાધા-કૃષ્ણ, સીતા-રામ, રેવતી-બળદેવ, સાવિત્રી-બ્રહ્મા ઇત્યાદિ ૨૦૮ યુગલ સ્વરૂપોના આશીર્વાદ વરસી પડે છે.

ભક્ત-ભગવાનના પારસ્પરિક દિવ્ય પ્રેમનો સંદેશ વહાવતાં આ સ્વરૂપોને મનમાં ભરી અહીંથી આગળ વધેલો અતિથિ સ્વાગતકક્ષમાં પ્રવેશે ત્યારે તેને આવકારવા છત પર વર્તુળાકારે ઝૂમી રહેલા ૫૦૧ ઘંટનો નિનાદ આત્માને ઢંઢોળી દે છે. રોમરોમ રણઝણાવતું આ સ્વાગત ઝીલી સત્કાર-સદનની બહાર નીકળતો દર્શનાર્થી મયૂરદ્વારને જોતાં જ મંત્રમુગ્ધ બની રહે છે.

પરસ્પર ગૂંથાયેલાં નમણાં અને નયનરમ્ય મયૂરતોરણો તથા કલામંડિત સ્તંભ પર આબેહૂબ રીતે કંડારાયેલા ૮૬૯ મયૂરો જોઈ યાત્રીનો મનમયૂર પણ નાચી ઊઠે છે. આ મયૂરદ્વારનું જ પ્રતિબિંબ પાડતો અન્ય એક મયૂરદ્વાર સામેની બાજુ પણ દેખાય છે અને આ બે દ્વારની મધ્યમાં બિરાજે છે – ભગવાન સ્વામિનારાયણનાં ચરણારવિંદ.

શ્વેત સંગેમરમરમાંથી શિલ્પાંકન પામેલાં સોળ ચિહ્નોથી અંકિત આ પદારવિંદને ચાર ખૂણે ગોઠવાયેલા ચાર શંખમાંથી અવિરત વહેતી જલધારા પખાળ્યા કરે છે. આ હૃદયંગમ દૃશ્ય નીરખી અતિથિનું મસ્તક અનાયાસે શ્રીજીચરણે ઝૂકી પડતાં ગાઈ ઊઠે છે: *'પરમ પવિત્ર તે ચરણ આજ દીઠાં જ અમે, તવ પદપદ્મને પ્રણમિયે પ્રિય જાણી અતિ...'*

આ ભાવના સાથે નમેલું યાત્રિકનું એ શીશ ઉપર ઊઠતાં જ તેની નજરે ચઢે છે – ૩૫૬ x ૩૧૬ x ૧૪૧ ફૂટના પરિમાણમાં વિસ્તરેલું ગુલાબી પદ્મપુષ્પ સમું અક્ષરધામ !

સૌંદર્યમયી સ્મારકસૃષ્ટિ

અક્ષરધામ એટલે છ ઇંચથી માંડીને બાર ટનનું વજન ધરાવતા ૩,૦૦,૦૦૦ કલાત્મક પથ્થરોનું શાસ્ત્રીય સંયોજન અને ૯ કલાપૂર્ણ ઘુમ્મટ,

૨૦ ચતુષ્કોણ શિખર, ૨૩૪ કલામંડિત સ્તંભ અને ૨૦,૦૦૦ શિલ્પાકૃતિઓનો સરવાળો.

તેની સાથે ૧૪૮ કલામંડિત ગજરાજો, ૧૨૫ માનવમૂર્તિઓ તથા ૪૨ અન્ય પ્રાણીઓનાં શિલ્પો દ્વારા ૮૦ લોક-કથાઓને પ્રસ્તુત કરતી ૧,૦૭૦ ફૂટ લાંબી અને ૧૦ ફૂટ ઊંચી ગજેન્દ્ર પીઠ પણ અક્ષરધામનું એક આકર્ષક પાસું. તેને સંગત આપે છે – ધાતુશિલ્પોથી અંકિત ૧૮૦ ફૂટનો વિશાળ પટ ધરાવતી નારાયણ પીઠ.

ઉપરોક્ત બંને પીઠ પર ઊભેલા અક્ષરધામનો મહાકાય મંડોવર ૨૫ ફૂટ ઊંચો અને ૬૧૧ ફૂટ લાંબો છે. ૨૦૦ શાસ્ત્રશુદ્ધ શિલ્પોને સમાવતા આ સ્થાપત્યમાં જડાયેલા ૧૨,૦૦૦ પથ્થરના ટુકડાઓમાંથી માત્ર નવ ઇંચનો એક જ પથ્થર ખોટો ઘડાયેલો. આ ચીવટ અને ચોકસાઈ પણ અક્ષરધામની એક આગવી ઓળખ.

આ પરિચયનું જ પ્રતિબિંબ પડે છે – ૩,૦૦૦ ફૂટ લાંબી અને ૪૫ ફૂટ ઊંચી બે માળની પરિક્રમામાં. ૧૫૫ સામરણ શિખરો, ૧૪૫ ઝરૂખાઓ અને ૧,૧૮૪ સ્તંભોના ૪૩,૯૪૬ લાલ પથ્થરમાંથી બનેલી આ પ્રદક્ષિણાના પાયામાં ૧૧,૦૦૦ સંતો, સ્વયંસેવકો તથા શિલ્પીઓનો ત્રીસ કરોડ કલાકોનો પરિશ્રમ પુરાયો છે.

પાંચ વર્ષની સમયાવધિમાં તૈયાર થયેલું આવું વિશાળ સંકુલ વિશ્વ પહેલી જ વાર નિહાળી રહેલું. આવા સ્મારકને જોવા યાત્રી દોટ ન મૂકે તો જ નવાઈ !

આ તાલાવેલી સાથે અક્ષરધામના પ્રથમ પગથિયે પહોંચેલો અતિથિ ૪૭ દાદરા ચઢી જ્યારે અક્ષરધામના મુખ્ય સ્મારકમાં પ્રવેશે છે ત્યારે તેની દૃષ્ટિ સમક્ષ શ્વેત સંગેમરમરમાંથી કંડારાયેલાં શિલ્પોની એક કમનીય અને કલામય દુનિયા ખૂલી જાય છે.

તેમાં નજરે ચડે છે – ૪૯૬ મૂર્તિઓ અને ૬૩૪ કલાકૃતિઓથી વિભૂષિત ૭૨ ફૂટ ઊંચો પરમહંસ મંડપ. તેની સાથે ભગવાન સ્વામિનારાયણની ૧૧ ફૂટ ઊંચી ધાતુપ્રતિમા અને ગુરુપરંપરાની ધાતુમૂર્તિઓને સમાવતો સ્વામિનારાયણ મંડપ પણ આંખોને જકડી લે છે. આ જ રીતે ઊંધી થાળી જેવા આકારના ૩૮ ફૂટ વ્યાસ ધરાવતા ઘુમ્મટમાં કંડારાયેલા ભગવાન સ્વામિનારાયણના બાળસ્વરૂપ ઘનશ્યામનાં ચરિત્રોને દર્શાવતો ૩૨ ફૂટ ઊંચો ઘનશ્યામ મંડપ અતિથિને બાલપ્રભુના જન્મસ્થાન છપૈયાની ખેપ કરાવી દે છે.

આ મંડપોના માધુર્યની સાથે અહીં ૫૪૦ મૂર્તિઓ અને ૧,૫૪૭ અન્ય શિલ્પો દ્વારા શ્રીજીમહારાજના જીવનની વિવિધ લીલાઓની ઝાંખી કરાવતો ૭૨ ફૂટ ઊંચો લીલામંડપ અનેરી શાતા પમાડે છે, તો ભગવાન સ્વામિનારાયણના કિશોરસ્વરૂપ શ્રી નીલકંઠવર્ણીના પ્રસંગોની ઝલક આપતો નીલકંઠ મંડપ પણ મનને મોહી લે છે.

ભગવાન સ્વામિનારાયણનાં કેશ, માળા, વસ્ત્ર, ચરણચિહ્ન વગેરેથી અલંકૃત ૭૨ ફૂટ ઊંચા સ્મૃતિમંડપ અને ૪૦૩ માનવશિલ્પો તથા ૭૭૧ અન્ય શિલ્પોથી ભગવાન સ્વામિનારાયણના ભક્તસમુદાયનું નિદર્શન કરતા ૭૨ ફૂટ ઊંચા ભક્તમંડપનું સૌંદર્ય પણ પ્રભાવક ભાસે છે. પ્રભાવની આ પરંપરા જળવાઈ રહે છે – સહજાનંદ મંડપ, પુરુષોત્તમ મંડપ અને ૧૧ X ૮ ફૂટના એક એવા આઠ વિશાળ પટ પર અંકિત શ્રીજીમહારાજનાં લીલાચિત્રોની ત્રિવેણી દ્વારા.

આમ, દસ વિભાગમાં વહેંચાયેલી આ સમગ્ર સ્મારકસૃષ્ટિ સત્, ચિત્ અને આનંદ તથા સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌ની અનુભૂતિ કરાવે છે.

પરિસરનો પરિચય

અક્ષરધામના મુખ્ય સ્મારકની કલા-કોતરણી અને રસ-સંદેશથી અભિભૂત અતિથિ મનમાં એક અમીટ છાપ સંઘરીને ૨૧ પગથિયાં નીચે ઊતરે ત્યાં જ શરૂ થાય છે – નારાયણ પીઠ. પ્રદક્ષિણાની આ પ્રથમ જગતીમાં અક્ષરધામની ત્રણેય બાજુ તામ્ર-પિત્તળના દ્રાવણમાંથી નિર્મિત ૬૦-૬૦ ફૂટ લાંબા ત્રણ ધાતુપટ પર ભગવાન સ્વામિનારાયણનું લોકજીવન, વિચરણ, ઉત્સવો વગેરે ઉપસાવવામાં આવ્યું છે.

આશરે ૩૧૦ પગલાંમાં આ પરિક્રમા પૂર્ણ કરી નીચે ઊતરતો યાત્રિક પ્રવેશે છે – ગજેન્દ્ર પીઠની જગતીમાં. હાથી અને પ્રકૃતિ, હાથી અને મનુષ્ય તથા હાથી અને દિવ્ય તત્ત્વના ત્રણ વિભાગમાં વહેંચાયેલી આ આશરે ૪૫૦ ડગલાંની પ્રદક્ષિણા પ્રાચીન ભારતીય શાણપણને ઉજાગર કરે છે. શિલ્પ-સ્થાપત્યના ક્ષેત્રે પશુ પ્રજાતિને આટલી ઉદાર અંજલિ ભાગ્યે જ અપાઈ હશે!

આ પ્રભાવક પ્રસ્તુતિ પરથી માંડ-માંડ નજર હટાવતો યાત્રિક તેની જમણી તરફ વળી અક્ષરધામના કંઠમાં ઝૂલતી માળા સમી પરિક્રમા વટાવતો આગળ વધે ત્યાં જ તે ૩૦૦ X ૩૦૦ ફૂટના વિશાળ યજ્ઞપુરુષ કુંડમાં ગરક

થઈ જાય છે. ૨,૮૭૦ પગથિયાં, ૧૨૮ ગવાક્ષ મંદિર તથા ૨૦ શિખરપંક્તિથી શોભતો આ જલકુંડ પાણી, પ્રકાશ અને ધ્વનિના સંયોજન દ્વારા આગવો જીવન-સંદેશ પ્રસ્તુત કરે છે. તેના ભાગરૂપે અહીં ૮૦-૮૦ ફૂટ ઊંચે ઊછળી ગગનમાં ગેલ કરતા ફુવારાઓ પર વિવિધરંગી પ્રકાશના શેરડાઓ પડે છે. તેને સંગત આપતી સૂરાવલિઓ ન કેવળ કુંડની ફર્શ, પરંતુ દર્શકોનાં મનને પણ ભીંજવી દે છે.

નીલકંઠ પ્રભુની ધાતુમૂર્તિ સમક્ષ થતી આ રજૂઆત નિહાળ્યા બાદ યાત્રિકને આકર્ષે છે – અષ્ટદલ યોગી હૃદય કમળની સૌરભ.

ફૂલ ભણી ભમરાની પેઠે અહીં ખેંચાઈ આવેલા તેની મૈત્રી અત્રે વિશ્વભરના મહાપુરુષો સાથે રચાય છે. દેશ-વિદેશમાં દરેક યુગની પ્રતિભાવંત વ્યક્તિઓએ ભગવાન અને મનુષ્યમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેઓના ચૂંટેલા વિચાર-મૌક્તિકો યોગી હૃદય કમળની પ્રત્યેક પાંખડીએ ઝૂલતા જોઈને યાત્રિકને પણ સ્વ અને વિશ્વનું ભવિષ્ય ઉજ્જ્વળ ભાસવા લાગે છે.

તેના હૈયે પ્રગટેલા આ આશાના દીવામાં ભારત ઉપવન દિવેલ પૂરે છે. અહીં ભારતીય વીરરત્નો, રાષ્ટ્રરત્નો, બાલરત્નો અને નારીરત્નોની કાંસ્ય પ્રતિમાઓનો ઝગમગાટ પ્રવર્તે છે. રત્નોની ખાણ સમા ભારતે પકવેલાં આ મોતી-મણિઓના ઉજાશથી અક્ષરધામના અતિથિને પોતાનો જીવનપથ ચોખ્ખો દેખાવા લાગે છે.

વળી, અત્રે કુલ વીસ એકરની હરિયાળી પર ૨૫ ઉદ્યાનો ખીલી ઊઠ્યાં છે. તેમાં લહેરાતાં ૬૦ પ્રકારનાં ૩૫,૦૦૦ વૃક્ષો તથા ૨૫૦ પ્રકારના ૭,૩૬,૦૦૦ છોડવા યાત્રિકને અનુભવાવા જ નથી દેતાં કે તે સાડા આઠ લાખ ઘનફૂટ પથ્થરમાંથી નિર્મિત અક્ષરધામના સંકુલમાં વિહરી રહ્યો છે. સો એકરના આ સમગ્ર પરિસરમાં એકેય ઇમારતનું બાંધકામ આધુનિક ન લાગે તેની પૂરતી તકેદારી રખાઈ હોવાથી, કોઈ પણ દર્શકને પોતે પ્રાચીન ભારતીય મંદિરની જ મુલાકાત લઈ રહ્યો હોય તેવી અનુભૂતિ થાય છે.

આમ, સર્વ રીતે અનોખા જણાતા આ અક્ષરધામના પ્રાસાદ-પ્રવેશની ચિરંજીવ ક્ષણ આવી પહોંચી – તા. ૧૨/૧૦, વિજયા દશમીના રોજ.

અક્ષરધામમાં પ્રાસાદ-પ્રવેશ

તા. ૧૨/૧૦, આસો સુદ દશમ, વિ.સં. ૨૦૬૧ની સવારે સાડા દસ

વાગ્યે જ્યારે સ્વામીશ્રી ઠાકોરજી સાથે અક્ષરધામ પરિસરના મુખ્ય પ્રવેશદ્વારે પધાર્યા ત્યારે ત્રણ શાખામાં વિસ્તરેલા આ દ્વારના મધ્યમાં સ્વામીશ્રીની સાથે કોઠારી સ્વામી તથા ઈશ્વરચરણદાસ સ્વામી ઊભા રહ્યા. જમણે દ્વારે મહંત સ્વામી અને ડાબે દ્વારે ડૉક્ટર સ્વામીએ સ્થાન લીધું. તે સાથે જ શરૂ થયેલા વૈદિક મંત્રોચ્ચારના ઘોષથી ગાજતા વાતાવરણમાં સંકલ્પ અને પૂજનવિધિ બાદ સ્વામીશ્રીએ મધ્ય દ્વારે બાંધેલી સુવર્ણ સાંકળી ખોલી. આ ક્ષણને સૌએ હર્ષનાદ, જયનાદ અને તાળીનાદથી ભરી દીધી.

આ ઐતિહાસિક અને માંગલિક અવસરે દ્વારની ત્રણેય શાખા સમક્ષ શ્રીફળ વધેરવામાં આવ્યાં. તેને અનુસરતાં સ્વામીશ્રીએ ઠાકોરજીને આગળ રાખીને પૂર્ણ કળશ હાથમાં લીધો અને દ્વારના ઉંબરે જમણું ચરણ પ્રથમ મૂકી પ્રવેશ કર્યો. અત્રે થોડાં ડગલાં ચાલી ગોલ્ફ કાર્ટમાં બિરાજેલા તેઓ દશ દ્વાર, દ્વાદશ સૂર્યસ્મારક, ભક્તિદ્વાર, મયૂરદ્વાર વગેરે પર અમીદૃષ્ટિ તથા પુષ્પવૃષ્ટિ વરસાવતાં અક્ષરધામના પગથિયે પહોંચ્યા.

અહીંથી ખુરશીમાં બિરાજી અક્ષરધામના દરવાજે આવી ઊભેલા સ્વામીશ્રીએ દ્વારના ઉદ્‌ઘાટનનો વિધિ કર્યો. તે પછી તેઓએ બંને દ્વારશાખ પર પાંચ-પાંચ ચાંદલા કરતાં જ આ 'અક્ષર' દ્વાર ઊઘડ્યું. આ સમયે મકર રાશિમાં સ્થિર ચંદ્રની મંગલ દૃષ્ટિ સાથે થયેલા સ્વામીશ્રીના પ્રાસાદ-પ્રવેશને સૌએ હર્ષોલ્લાસથી વધાવી લીધો.

અહીં આજે સવારથી જ મૂર્તિપૂજન શરૂ થઈ ચૂકેલું. મંડોવરમાં બિરાજિત પ્રત્યેક મૂર્તિઓનું પણ પૂજન થાય તેવી સ્વામીશ્રીની ઇચ્છાને લક્ષમાં રાખી ત્યાં બેઠેલા સંતો-ભક્તો પણ વેદવિધિને અનુસરી રહેલા. તેની વચ્ચે સ્વામીશ્રી પધારતાં જ અક્ષરધામ યાવચ્ચંદ્રદિવાકરૌ રહે તેવી મંગલકામના સાથે સંકલ્પવિધિ કરાવવામાં આવ્યો. તે પછી મૂર્તિનાં પૂજન અને પ્રતિષ્ઠા નિમિત્તે સૌના કલ્યાણને ચિંતવતાં સ્વામીશ્રીએ ચારેકોર પુષ્પ તથા અક્ષત વેર્યાં.

તેને અનુસરતાં શરૂ થયેલી આરતીના આવર્તન બાદ મહંત સ્વામીએ ઉદ્‌બોધન કર્યું કે 'આજે યોગીબાપાની છાતી કરોડગણી ફૂલતી હશે. એમના અંતરમાં અક્ષરધામનું જે દૃશ્ય હશે તેના કરતાં પણ અનંતગણું અધિક સ્વામીશ્રીએ કરી આપ્યું છે. સ્વામીશ્રીને આપણે પ્રણામ કરીએ તેટલાં ઓછાં છે. કેટલાં વિઘ્ન આવ્યાં, પણ સ્વામીશ્રીનો સંકલ્પ દૃઢ હતો તો આજે મહારાજ બિરાજી ગયા.'

આ ક્ષણે ગુરુભક્તિ અદા કર્યાનો અપૂર્વ આનંદ માણતા સ્વામીશ્રીએ પણ જણાવ્યું :

"યોગીજી મહારાજે ભવ્ય સંકલ્પ કર્યો કે 'જમુનાને કાંઠે મંદિર થાય.' એ સંકલ્પ આજે પૂરો થાય છે. અહીં મહારાજની મૂર્તિ સર્વોપરી, દિવ્ય અને અનંત સુખ આપે એવી વિરાજમાન થઈ છે. આજે ભગવાનનાં દ્વાર અનંત જીવો માટે ખુલ્લાં થયાં છે. જેણે આમાં તને-મને-ધને સેવા કરી છે તેનું કલ્યાણ થશે. આ મૂર્તિ બેઠી છે તો અનંત બ્રહ્માંડમાં સત્સંગ થશે. અત્યારે ટેક્નિક આવી છે તો ઉદ્‌ઘાટન પ્રસંગે સેટેલાઇટ દ્વારા આખી દુનિયામાં દર્શન થશે. દેવોને પણ દર્શન થશે. આપણાં ભાગ્ય કે આ સેવા આપણને મળી! આ સેવાથી અંતરમાં શાંતિ થશે."

આ આશીર્વાદ સાથે જ અક્ષરધામનાં દર્શન માટે માનવપ્રવાહ વહેવા લાગ્યો.[૨૬]

તેજલ તીર્થના તીરે

અક્ષરધામનાં દર્શન માટે તા. ૧૨/૧૦ થી તા. ૪/૧૧ સુધીમાં આશરે સવા લાખ હરિભક્તો આવવાના હતા. પ્રદર્શન ખંડોની ક્ષમતા મુજબ પ્રતિદિન ચારેક હજાર વ્યક્તિઓ લાભ લઈ શકે તેમ હોવાથી દર્શનયાત્રા માટે ક્ષેત્રવાર દિવસો ફાળવાયેલા. તે ક્રમમાં મુકરર તારીખે દિલ્હી પહોંચતા સત્સંગીઓ અક્ષરધામ, 'નગર' અને દિલ્હીનાં દર્શનનો લાભ એક-એક દિવસમાં મેળવતા. રોજ સ્વામીશ્રીની પ્રાતઃપૂજા અને સાયંસભા પણ માણતા.

સાયંસભાનો આ ક્રમ તા. ૧૨/૧૦થી જ આરંભાયો. તેમાં આજે અક્ષરધામના નિર્માણમાં વિશેષ સહયોગ આપનારા ૮૦૦ જેટલા શિલ્પી, કારીગરો, ઠેકેદારોને શાલ અને સ્મૃતિભેટ અર્પણ કરી સન્માનવામાં આવ્યા.

સૌનું આ બહુમાન કર્યા બાદ ઉતારે પધારેલા સ્વામીશ્રી ઠાકોરજી જમાડી સંસ્કૃતિવિહાર પ્રદર્શનની મુલાકાતે પહોંચ્યા.

અહીં તેઓ છેલ્લે પધાર્યા ત્યારે તેઓએ સૂચન કરેલું કે – 'નૌકા-

૨૬. અક્ષરધામના આંગણે યોજાયેલાં વિવિધ માંગલિક આયોજનોમાં સહભાગી થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

વિહારની ગતિ એટલી ઝડપી છે કે કઈ બાજુ જોવું તેનો ખ્યાલ રહેતો નથી. માટે જો તે ગતિ ધીમી થતી હોય તો કરવી અને દરેક ખંડમાં જે-તે વિભાગનાં બૉર્ડ પણ મૂકવાં. તેની પર લાઇટ આવે તેમ કરવું, જેથી બધા સારી રીતે જોઈ, સમજી શકે.'

આ સૂચન મુજબ આજે ગોઠવણ થઈ ચૂકેલી. તે જોઈ સ્વામીશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો. તે સાથે તેઓ સાડા નવ વાગ્યે યજ્ઞપુરુષ કુંડ પાસે જઈ પહોંચ્યા. અત્રે તેઓએ નીલકંઠવર્ણીની વિરાટ પ્રતિમાનું પૂજન કરી કુંડની ઉત્તર દિશાએ આવેલા ધર્મમંડપમાં આસન ગ્રહણ કર્યું. આ સ્થળેથી સંગીતમય ફુવારાનું નિરીક્ષણ કર્યા બાદ સ્વામીશ્રીએ પ્રદક્ષિણાના એક ગવાક્ષમાં ઊભા રહી રોશનીથી તરબતર અક્ષરધામ પર દૃષ્ટિ કરી. આ સમયે શોભા અને સુવિધાને લક્ષમાં રાખી ગોઠવાયેલી વિવિધરંગી બત્તીઓના અજવાળે અક્ષરધામની આભા અનેરી નીખરી રહેલી. તેની આ ઝળહળ જ્યોતિને સમીપવર્તી નારાયણ સરોવર પૂરેપૂરી ઝીલી રહેલું. તેથી *'તેજ તેજ જિયાં તેજ અંબાર...'*નો નજારો જામી ગયેલો.

આ તેજલ તીર્થના તીરે નિર્મિત 'નગર'ના સભામંચ પર સ્વામીશ્રી તા. ૧૩/૧૦ની સવારે પ્રાતઃપૂજા કરવા પધાર્યા. સૌને દર્શનસુખ પ્રાપ્ત થાય તે માટે ઉત્સવ દરમ્યાન હવે આ જ ક્રમ રહેવાનો હતો.

संसार के दूसरे विधाता

તા. ૧૩/૧૦ના રોજ પ્રાતઃપૂજાથી પરવારી ઉતારે પહોંચેલા સ્વામીશ્રીને બપોરના ભોજન બાદ કો'ક પૂછી બેઠું કે 'સ્વામી! આપને લાગે છે કે આપ વૃદ્ધ થઈ ગયા છો?'

'વૃદ્ધ જેવું દેખાતું જ નથી. નાના હતા એવું જ લાગે છે! અત્યારે શરીર જરા સાથ નથી આપતું, પણ વાંધો ન આવે.'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાંથી તેઓની આંતરિક સ્થિતિ પરખાઈ રહી. ૮૪મા વર્ષે પણ તેઓ ૨૪મા વર્ષે હોય તેવી ઊર્જા અનુભવી રહેલા.

તેઓની આ ઊર્જાના ઉજાસમાં આજની સાંજથી શ્રીસ્વામિનારાયણ-ચરિતમાનસ ગ્રંથ પર પારાયણ વહેવા લાગ્યું. રોજ સાયંસભામાં યોજાનારા આ કથાસત્ર બાદ આમંત્રિત મહાત્માઓ અને મહાનુભાવોની વ્યાખ્યાનમાળા પણ ગોઠવાયેલી.

તેનો પ્રારંભ કરતાં આજે મૂર્ધન્ય સંત પૂજ્ય સત્યમિત્રાનંદગિરિજીએ જણાવ્યું કે – 'पिछले तीन घण्टों मैं अक्षरधाम का दर्शन करता रहा। यहाँ तो प्रस्तर बोल रहे हैं। सब दर्शन करने के बाद मैं विचार करने लगा कि विधाता के मन में भी संभवतः ईर्ष्या हो रही होगी कि मेरे ही समान धरती पर फिर से कोई व्यक्ति उत्पन्न हुआ है, जिन्होंने इस अभिनव संसार का निर्माण किया है। यदि प्रमुखस्वामी महाराज स्वीकार करते तो वे विधाता अपनी बगल में आसन देकर उन्हें कहते, 'आप संसार के दूसरे विधाता हैं।'

यदि आप संसार के क्षेत्र में देखना चाहे तो गंगोत्री, यमुनोत्री, बदरी और केदार – ये चार धाम उत्तराखण्ड के हैं, लेकिन उत्तराखण्ड में जाते समय दिल्ही पहले आता है। उस दिल्ही में बना यह पाँचवाँ धाम – अक्षरधाम सब लोगों के लिये निश्चित रूप से पुण्य का प्रदाता बनेगा। सारे देश की संपूर्ण यात्रा करने के बाद यदि किसी भारतवासी ने इस पवित्र अक्षरधाम का दर्शन नहीं किया तो उसकी यात्रा अधूरी रहेगी।

प्रमुखस्वामी महाराज भगवा वस्त्र में भले एक संप्रदाय में बिराजमान हों, लेकिन भगवत्स्वरूप हैं। मैं उनको एक अवतारी पुरुष मानता हूँ।'

आपने किल्ला जित लिया है

સ્વામીશ્રીના અણમોલ સર્જન અક્ષરધામને અંજલિ આપવાનો એક અપ્રતિમ જુવાળ સમગ્ર સત્સંગમાં જાગેલો. તેની સાક્ષી રોજેરોજ આવતા હજારો હરિભક્તોના ચહેરા પર છલકાતો ઉત્સાહ પૂરતો હતો. આ સત્સંગીઓમાં સેલવાસના ૨૧ યુવાનો અને ચિન્મયદાસ સ્વામી વગેરે સંતો મશાલયાત્રા કરીને અહીં આવેલા, તો બોચાસણના ૨૫ યુવકો તથા વડોદરાના ૨૬ દોડવીરો અનુક્રમે જ્યોતયાત્રા અને દોડયાત્રા કરી અત્રે પહોંચેલા. આ શૃંખલામાં રાયમ, ધરોડા, બોદાલ, અમદાવાદના કેટલાક યુવાનો તથા હરિભક્તો સાઇકલયાત્રા દ્વારા અક્ષરધામના આંગણે આવી ગયેલા. ગીદરડી ગામના ૬૭ વર્ષીય વડીલ શ્રી ભાયાભાઈ પ્રજાપતિ તથા વરાડના શ્રી જયદીપસિંહ રાણા તો પગપાળાં અહીં પહોંચેલા.

અત્રે આવતાં જ અક્ષરધામનાં દર્શન પામી ભાવવિભોર બની જતા આ સત્સંગી સમુદાયથી તા. ૧૪/૧૦ની સાયંસભા ભરચક હતી. તેમાં રામકૃષ્ણ મિશનના વરિષ્ઠ સંત પૂજ્ય જિતાત્માનંદ સ્વામીએ ભાવોર્મિ વહાવી

કે – 'This Akshardham stands as a symbol of glory of India! (આ અક્ષરધામ ભારતની ભવ્યતાનું પ્રતીક બનીને ઊભું છે!) बहुत दुःख था, दिल्ली में कुछ नहीं था। लेकिन आज जान आ गई। यहाँ सारी दुनिया के आदमी मनुष्य के रूप में आएँगें, किन्तु देवता होकर जाएँगें। भारत का मस्तिष्क ऊँचा उठा दिया। इतिहास के पन्नों में आपका (प्रमुखस्वामी महाराज का) नाम अमर हो गया है। आपने किल्ला जित लिया है। हिन्दु धर्म का गौरव आपने मनोस्थापित कर दिया है! भगवान ने आपको माध्यम बनाया है।'

વળી, આ વિદ્વાન સંન્યાસીએ વધુમાં જણાવ્યું કે –

'In Pramukh Swami I found a child-like egoless saint. In such an egoless saint, God will work wonders, there is no doubt about that. I love him. I've got a deep love for him.'

અર્થાત્ 'પ્રમુખસ્વામી દ્વારા મને એક બાળક જેવા અહંશૂન્ય સંત મળ્યા છે. આવા નિરહંકારી સંત દ્વારા ભગવાન આશ્ચર્યો સર્જે તે વિષે કોઈ શંકા નથી. મને તેઓ વિષે પ્રગાઢ પ્રેમ છે.'

જેની સુધા સમાન છે વાણી

તા. ૧૫/૧૦ની સવારે પ્રાતઃપૂજા બાદ ઉતારે પધારી રહેલા સ્વામીશ્રીએ સ્વાગતકક્ષ પાસે જ ઊભેલા એક ફાળિયાધારીને જોઈ ગાડી ઊભી રખાવી. તે પછી તેઓએ કાચ ઉતારી પેલા હરિભક્તને ઇશારા વડે બોલાવતાં કહ્યું: 'આ તો ગોવિંદભાઈ (સોનાણી)! રોજીદ ગામના!' આમ કહેતાં સ્વામીશ્રી એ વૃદ્ધ સત્સંગીને પ્રેમથી મળ્યા. તેઓ ઉંમરલાયક હોવાથી વ્હીલચૅરની વ્યવસ્થા કરી આપવા પણ સંતોને આદેશ આપ્યો.

જ્યારે મહોત્સવનો મંચ પોતાના ગુણાનુવાદથી ગાજી રહેલો, જ્યારે વિશ્વની અજાયબી પોતાના હાથે સર્જાયેલી, જ્યારે રોજેરોજ હજારોની ભીડ પોતાનાં દર્શન માટે જામતી હતી, ત્યારે પણ નાનકડા ગામના આ એક હરિભક્તની સંભાળ લેવા ગાડી થંભાવનારા સ્વામીશ્રીને જોઈ સૌનાં હૈયાં પણ થંભી ગયાં.

આવું જ વાતાવરણ આજની સાયંસભામાં પણ વ્યાપી વળ્યું. તેમાં પોતાનો સ્વાનુભવ તરતો મૂકતાં ભારતના પ્રસિદ્ધ અણુવૈજ્ઞાનિક શ્રી આર. ચિદમ્બરમે જણાવ્યું: 'પ્રમુખસ્વામી મહારાજને વારંવાર મળવાનું થયું છે. મને

તેઓનું ગુજરાતી સમજાતું નથી, પણ તેઓ જ્યારે-જ્યારે વાત કરે છે ત્યારે મનને શાંતિ મળે છે.'

જેમ મધમાં રહેલા તત્ત્વને ન જાણનારો પણ મધ ચાખતાં જ મીઠાશ મમળાવતો થઈ જાય, તેમ સ્વામીશ્રીની ભાષાને ન સમજનારા પણ સ્વામીશ્રીનો સ્વર સાંભળીને શાંતિના ઝરામાં ઝબકોળાઈ જતા.

આવી જ શાંતિની અનુભૂતિ આજના અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત ઉદ્યોગપતિ શ્રી એલ. ડી. મિત્તલ તથા પ્રસિદ્ધ પ્રકાશક શ્રી અમરચંદ ગાલાએ પણ વાગોળી.

अगर ऐसा वातावरण पूरे देश में फैल जाए तो !

તા. ૧૬/૧૦ની સવારથી જ અક્ષરધામના આંગણે ઊભી થઈ ગયેલી મહાનુભાવોની હારમાળામાં પરોવાયેલા શ્રી મનુભાઈ એટલે વિખ્યાત કંપની સમય ક્વાર્ટ્ઝના માલિક. તેઓએ આજે સ્વામીશ્રીને કહ્યું : 'આ અક્ષરધામ જોતાં મારું હૃદય ભરાઈ આવ્યું. આંખમાં આંસુ આવી ગયાં. અક્ષરધામમાં પધરાવેલી મૂર્તિ જોઈને હું ગદ્‌ગદ થઈ ગયો !' આટલું કહેતાં અહીં પણ આ ઉદ્યોગપતિની આંખો નીતરવા માંડી.

આવા જ ભાવ અને અહોભાવ સાથે આજની સાંજે આવી પહોંચેલા પ્રસિદ્ધ કંપની કેડિલાના ચૅરમેન શ્રી ઇન્દ્રવદનભાઈ મોદી સ્વામીશ્રીને મળતાં જ બોલી ઊઠ્યા : 'એક ઉદ્યોગપતિ તરીકે હું એટલું કહી શકું કે પાંચ વર્ષમાં કોઈ મનુષ્ય આવું ભવ્ય સ્મારક કરી જ ન શકે. નિરાકાર ઈશ્વરને જો સાકાર-રૂપે જોવા હોય તો પ્રમુખસ્વામીજીનું જ દર્શન કરવું રહ્યું.'

આવી આગવી અનુભૂતિઓના અધ્યાય આજની સાયંસભામાં પણ ઊઘડ્યા. તેમાં સૂર પુરાવતાં મંચ પર બિરાજમાન તેરાપંથના જૈનાચાર્ય શ્રી મહાપ્રજ્ઞજીએ પોતે માણેલો રોમાંચ વ્યક્ત કર્યો કે – 'यहाँ आने के बाद मैंने धर्म का साकार रूप देखा। प्रमुखस्वामी से लेकर सभी संतों में जो एक मैत्री का भाव देखा तो मुझे लगा कि अगर ऐसा वातावरण पूरे देश में फैल जाए तो ये सांप्रदायिक समस्या का बड़ा समाधान हो सकता है। मध्याह्न में हमने स्वामिनारायण का जीवनवृत्त (आई-मेक्स फिल्म) देखा। सचमुच आश्चर्य हुआ कि किशोर अवस्था में एक व्यक्ति कैसे इतना अभय हो सकता है ! कितना साहस के साथ जीवन चला सकता है ! कल्पना से परे की बात है।'

આમ, અક્ષરધામમાં આવનારા પ્રત્યેક માનવી, મહાનુભાવ કે મહાત્મા એક કલ્પનાતીત દુનિયાનો જ અનુભવ કરી રહેતા. આ શૃંખલામાં આજે દિવ્ય જીવન સંઘના ઉપાધ્યક્ષ પૂજ્ય નિર્લિપ્તાનંદજીની સાથે પ્રખ્યાત અખબારી ગૃહ દિવ્ય ભાસ્કરના માલિક શ્રી રમેશચંદ્ર અગ્રવાલ પણ જોડાયા.

दिल्ली का दिल

તા. ૧૭/૧૦ની સાંજે ૫:૦૪ થી ૬:૦૩ વાગ્યા સુધી ચંદ્રગ્રહણનો સમૈયો ઊજવ્યા બાદ સ્વામીશ્રીએ રાત્રે ૮:૦૦ થી ૧૦:૩૦ વાગ્યા સુધી ગુણાતીત જન્મોત્સવનો લાભ આપી સૌને 'અક્ષર' સ્મૃતિમાં રસબસ કરી દીધા.

તેને અનુસરતાં તા. ૧૮/૧૦ની સાંજે ભારત સાધુ સમાજના પ્રમુખ પૂજ્ય મંગલાનંદજી મહારાજ પધાર્યા. તેઓની સાથે જ ઉપસ્થિત થયેલા સાધુ સમાજના મહામંત્રી પૂજ્ય હરિનારાયણાનંદજીએ આજની સાયંસભામાં સ્વાનુભવ રજૂ કર્યો કે 'नीलकंठवर्णी की यात्रा देखकर दो-तीन दफ़े तो आँखों से आँसू आ गये। नीलकंठवर्णी की क्या त्यागवृत्ति थी!! विश्व के स्तर पर ऐसा काम करनेवाला, मार्गदर्शन देनेवाला प्रमुखस्वामी को छोड़कर कोई दिखाई नहीं देता। गाँधीजी राष्ट्रीय आंदोलन के जनक थे और आप (स्वामीश्री) आध्यात्मिक आंदोलन के जनक हैं!'

આ રીતે જ અક્ષરધામથી પ્રભાવિત થયેલા આર્ષ વિદ્યા ગુરુકુળના કાર્યવાહક પૂજ્ય દયાનંદ સરસ્વતીજીએ તા. ૧૯/૧૦ની સાયંસભામાં વક્તવ્ય આપ્યા બાદ વિશ્વવ્યાપી ગાયત્રી પરિવારના અધ્યક્ષ ડૉ. પ્રણવભાઈ પંડ્યાએ કહ્યું : 'दिल्ली में दिल नहीं था, स्वामीजी ने दिल लाकर रख दिया - यहाँ मंदिर बनाकर। अध्यात्म आज यहाँ अक्षरधाम के रूप में आकर स्थापित हो गया है। ये कितनी बड़ी सेवा हुई है भारतीय संस्कृति की, धर्म की! अब लोग जब हिन्दुस्तान आयेंगे तो आकर वो कहेंगे कि 'दुनिया में दो तरह के लोग हैं - जिन्होंने दिल्ली का अक्षरधाम देखा हैं, जिन्होंने नहीं देखा हैं।' जिन्होंने देखा है उनमें से मैं हूँ! मैं समझता हूँ कि आनेवाले दिनों में ये कीर्तिमान बनेगा।'

જેના મનમાં કપટ નહીં રે

દરેક સત્સંગ-કેન્દ્રમાંથી અક્ષરધામ મહોત્સવમાં આવવા માટે ઉત્સુક હરિભક્તોનાં નામ નોંધતી વખતે સંખ્યાની ચોક્કસતા મેળવવા વ્યક્તિ દીઠ

સો રૂપિયા ઉઘરાવવામાં આવેલા, પરંતુ આ નોંધણી ઉત્સવના ત્રણ-ચાર મહિના પહેલાં થયેલી. તે પછી જે તે વ્યક્તિને ઊભા થયેલા કેટલાક આકસ્મિક સંજોગોને કારણે જૂજ સંખ્યાના હરિભક્તો અહીં આવી શકતા નહોતા.

આ સમાચાર મળતાં સ્વામીશ્રીએ તા. ૨૦/૧૦ની સવારે વિભાગીય વડા સંતોની એક બેઠક બોલાવી કહ્યું: 'વારા પ્રમાણે દરેક હરિભક્ત અહીં આવે તો છે જ! બધાની વ્યવસ્થા પણ સરસ થાય છે, પરંતુ જે લોકો સંજોગોવશાત્ આવી શક્યા ન હોય એ બધાની નોંધ પણ આપણી પાસે છે જ! તો મારા મનમાં એમ છે કે દરેક પાસેથી ટિકિટ પેટે સો રૂપિયા લીધા છે એ રૂપિયા જે ન આવ્યા હોય એને પાછા આપી દેવા. જેને ન લેવા હોય તે ધર્માદો ગણે એનો વાંધો નથી, પરંતુ ન લેવા હોય કે લેવા હોય એ બધા પાસેથી સહી તો લઈ જ લેવી.'

આ સૂક્ષ્મ વિચારથી સૌ ચકિત હતા ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'આ પૈસાની બાબત છે. એમાં તો પાઈએ પાઈની ચોકસાઈ રાખવી જ જોઈએ. એટલે જે કોઈ આવી શક્યા ન હોય એના પૈસા આપણે યાદ કરીને પાછા આપી દેવા.'

આ સૂચન સ્વામીશ્રીની પ્રામાણિકતાને આભ ઊંચી સાબિત કરી રહ્યું.

નામ નોંધાવ્યા પછી અત્રે ન આવી શકનારા સત્સંગીઓ માટે સંસ્થા તો ઉતારા, સીધાં-સામગ્રી વગેરેનો ખર્ચો કરી જ ચૂકેલી. છતાં તે ઘસારો વેઠીનેય સ્વામીશ્રીએ ન આવનારા ભક્તોને તેઓની રકમ પાછી આપવાનો આદેશ આપ્યો.

તે સાંભળી કો'કે પૂછ્યું: 'બાપા ! આપની પાસે કોઈની ફરિયાદ આવી હતી ?'

'ના, ફરિયાદ મારી જ છે, કારણ કે આ પૈસાની બાબત છે. પૈસાની બાબતમાં ચોખ્ખું જ જોઈએ. આપણી પાસે નોંધ છે તો આ કાર્યવાહી કમ્પ્લીટ (પૂર્ણ) કરી નાંખવી.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓની પ્રતિભા કેટલી સ્વચ્છ અને શુદ્ધ, પ્રામાણિક અને પારદર્શક હતી !

અવર્ણનીય અક્ષરધામ

તા. ૨૦/૧૦ની બપોરે ભોજન ગ્રહણ કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ અહેવાલ આપતાં રસોડા વિભાગના સંતોએ કહ્યું: 'અહીં હરિભક્તોની બધી

જ રસોઈમાં ચોખ્ખું ઘી વાપરવામાં આવે છે.'

હકીકતે આ સૂચન સ્વામીશ્રીનું જ હતું. છતાં તેઓ બોલ્યા: 'આ વ્યવસ્થાથી જોગીબાપા અતિ રાજી થશે. જોગીબાપાના સંકલ્પ પ્રમાણે અક્ષરધામ થયું છે ને એમની ઇચ્છા પ્રમાણે ઉત્સવ ચાલે છે.'

તેના સંતોષ સાથે સ્વામીશ્રી આજની સાયંસભામાં પધાર્યા ત્યારે તોતાદ્રિમાં આવેલા રામાનુજ મઠના પૂજ્ય જિયર સ્વામી તથા બૅંગ્લોર-સ્થિત આદિ ચુનચુનગિરિ મઠના અધ્યક્ષ પૂજ્ય બાલગંગાધરનાથજી અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત હતા. તેઓને મહંત સ્વામીએ હારતોરાથી સત્કાર્યા બાદ પૂજ્ય જિયર સ્વામીએ સભાને સંબોધતાં કહ્યું: 'हम बहुत सारी इमारतें देख चुके हैं, परंतु ये जो अक्षरधाम बना है वह अनुपम है, अतुल्य है। इसके सामने रखी जाए ऐसी इमारत नहीं है ऐसा मैं कहूँ वह अतिशयोक्ति नहीं है। अक्षरधाम का वर्णन करने के लिए डिक्षनेरी (शब्दकोश) में कोई प्रोपर वर्ड (सुयोग्य शब्द) नहीं मिलता है।'

આ અહોભાવને સૌ વાગોળી રહેલા ત્યાં જ પૂજ્ય બાલગંગાધર-નાથજીના શબ્દો સંભળાયા: 'વૈકુંઠ જ અહીંયાં સર્જિત કર્યું છે. એને લઈ પ્રમુખસ્વામી મહારાજને આપણે વૈકુંઠાધિપતિ જ કહી શકીએ. જગતમાં જે કંઈ સારું કરી શકાય એ બધું જ પ્રમુખસ્વામી મહારાજે અહીંયાં કરીને બતાવ્યું છે. ગમે તેવો નાસ્તિક માણસ પણ અક્ષરધામનાં દર્શન કરશે તો તેના અંતરમાં પણ શાંતિ થશે. વર્ણન કરવા માટે મારી પાસે શબ્દો નથી. ગૌરવથી હિંદુ કહેવામાં આપણે વિચાર કરવો પડે એવા સમયમાં આ દર્શન કરીએ તો આપણે ગૌરવથી કહી શકીએ કે 'આપણે હિંદુ છીએ.' સ્વામીબાપાએ દરેકના હૃદયમાં ભગવાનને બેસાડીને આ કાર્ય કર્યું છે. એના માટે જેટલા જન્મ લઈએ એટલા ઓછા પડે.'

આમ, અક્ષરધામને નિરખી સૌની સ્થિતિ *'જોઈ ઉર ઊપજી ખુશી વિશેષ, વરણન તેનું ન થૈ શકે અશેષ...'*ની બની રહેતી.

આવું અક્ષરધામ આજની સભા બાદ સ્વામીશ્રીને બહારના હાઈવે પર લઈ જઈ દેખાડવામાં આવ્યું. તે વખતે રાત્રિના અંધકારમાં તેજથી તરબતર આ સંકુલ કોઈ દેદીપ્યમાન નક્ષત્રની જેમ ચમકી રહેલું. તેમાં બિરાજેલા શ્રીજીમહારાજનાં દર્શન પણ અહીંથી અદ્ભુત લાગતાં હતાં. તેથી સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા.

संस्कृति-गंगा की गंगोत्री

તા. ૨૦/૧૦ની રાત્રે પત્રવ્યવહારમાં પરોવાયેલા સ્વામીશ્રીને કોઠારી સ્વામીએ એક કાગળ હસ્તાક્ષર કરી આપવા ધર્યો. તેમાં તેઓએ પણ કેટલીક વિગતો લખી હતી. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'કોઠારી સ્વામીના અક્ષર બહુ જ સારા. પહેલેથી જ સારા.' આટલું જણાવી તેઓ બોલ્યા : 'કોઠારી ! આશીર્વાદ આપો કે મારા અક્ષર પણ સારા થાય.'

એક તરફ અક્ષરધામમાં આવતા પ્રત્યેક મહાનુભાવ સ્વામીશ્રીની મોંફાટ પ્રશંસા કરી રહેલા ત્યારે સ્વામીશ્રીના મુખેથી નીકળેલા આ ઉદ્‌ગાર સૌને અહોભાવ ઉપજાવી ગયા.

આવો જ અહોભાવ વ્યક્ત કરતાં તા. ૨૧/૧૦ની સાયંસભામાં બૅંગ્લોરથી આવેલા પેજાવર મઠના પૂજ્ય શ્રી વિશ્વેશતીર્થજી મહારાજે કહ્યું : 'हमारा अध्यात्म, संस्कृति, भक्ति, ज्ञान केवल शास्त्रों में बंधित था। उस शास्त्रों की जटा में से संस्कृति की गंगा को प्रमुखस्वामी ने प्रवाहित की। प्रमुखस्वामी महाराज समग्र विश्व में भारतीय संस्कृति की गंगा को प्रवाहित करनेवाले नूतन भगीरथ हैं। अक्षरधाम हमारी संस्कृति-गंगा की गंगोत्री है। यह दिल्ली जो इन्द्रप्रस्थ कहलाता था, इस इन्द्रप्रस्थ का इन्द्रभवन यह अक्षरधाम मंदिर है। '

સ્વામીશ્રીની આવી બિરદાવલીઓ હવે નિત્યક્રમ બની ચૂકેલી. છતાં તેની વચ્ચે પોતાનો દાસભાવ અખંડ રાખનારા સ્વામીશ્રીએ તા. ૨૩/૧૦ની પ્રાતઃપૂજા બાદ અક્ષરધામના પરિસરમાં પ્રતિષ્ઠિત થનારા શ્રીજીમહારાજનાં વિરાટ ચરણારવિંદનું પૂજન કર્યું. આ પદારવિંદનું કદ વિશાળ હોવાથી તેઓએ લળી-ઢળીને પણ પ્રત્યેક આંગળીઓ પર ચાંદલા કરી પુષ્પો પધરાવ્યાં.

સૌથી નમ્ર, સૌથી મૃદુ, સૌથી અદ્‌ભુત

મહોત્સવમાં આવી રહેલા પ્રત્યેક મહાનુભાવ પ્રથમ અક્ષરધામનાં દર્શન કરી સ્વામીશ્રીને મળવા ઉતારે આવતા. તે સમયે સૌના ચહેરા પર સર્જકને મળવાની ઉત્સુકતા સ્પષ્ટપણે જોઈ શકાતી. આ અતિથિઓ માટે સ્વામીશ્રી તેઓના મોભા અનુસાર બેઠક-વ્યવસ્થા ગોઠવાવતા, પરંતુ મોટા ભાગના મુરબ્બીઓ પોતાનો આદર અભિવ્યક્ત કરતાં સ્વામીશ્રી સમક્ષ પલાંઠી વાળીને જ બેસતા.

તે વખતે સ્વામીશ્રીની સાદગી અને સરળતા જોઈ મહાનુભાવોનું આશ્ચર્ય બેવડાતું, કારણ કે અક્ષરધામ જેવા અકલ્પનીય સ્મારકના વિશ્વકર્મા સમા સ્વામીશ્રીના ઓરડામાં ન તો કોઈ વૈભવી રાચરચીલું જોવા મળે કે ન તો કોઈ આધુનિક ઉપકરણો નજરે ચડે. વેશમાં પણ વણસીવ્યાં વસ્ત્ર પહેરેલા તેઓ અતિ સાદા લાગે. તેમાંય આગંતુક અતિથિ જ્યારે જાણે કે સ્વામીશ્રી કોઈ પણ પ્રકારનાં ચલણી નાણાંનો સ્પર્શ સુધ્ધાં નથી કરતા ત્યારે તો તેઓનાં નેત્રો વિસ્ફારિત થઈ જાય. અક્ષરધામની સાથે સ્વામીશ્રી પણ કોઈ અલૌકિક પ્રતિભા જ લાગે. તેથી તેઓનો વરદહસ્ત પોતાના શિરે મુકાય તે માટે અતિથિ મસ્તક ઝુકાવે. આમ કરવામાં ક્યારેક તો સંત-મહાત્મા પણ બાકાત ન રહે. પરંતુ પોતાને સૌથી ન્યૂન સમજતા સ્વામીશ્રી તેવું કદી ન કરે અને સામે પોતે આશીર્વાદની યાચના કરે. તેઓની આ સાધુતા પણ આવનારાને અદકેરી અનુભવાય. તેથી તા. ૨૩/૧૦ના રોજ આવેલા ભાગવત કથાકાર શ્રી રમેશભાઈ ઓઝા તેમ જ પરમાર્થ નિકેતનના પૂજ્ય ચિદાનંદ સરસ્વતીજી પણ પ્રભાવિત થયા.

આવી જ અનુભૂતિથી તા. ૨૪/૧૦ના રોજ સ્ટૉક હોલ્ડિંગ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયાના નિયામક શ્રી જયરામન અય્યર ઝૂકી ગયા. તેઓએ સ્વામીશ્રી વિષે પોતાનો અભિપ્રાય આપતાં સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું: 'જો કોઈ નાસ્તિક એમ કહે કે 'મને ભગવાન બતાવો,' તો પ્રમુખસ્વામી મહારાજનો ફોટો તેને ધરી દેવો. અને જો એ એમ કહે કે 'મારે ભગવાન સાથે વાત કરવી છે', તો તેને પ્રમુખસ્વામી મહારાજ સાથે વાત કરાવો.'

એક સંસારીનો આ અનુભવ તા. ૨૫/૧૦ના રોજ પધારેલા ચિન્મય મિશનના વરિષ્ઠ સંત શ્રી નિખિલાનંદજીનો પણ થઈ રહ્યો. તેથી તેઓ બોલી ઊઠ્યા: 'પ્રમુખસ્વામીને મળતાં સાક્ષાત્ ભગવાનને મળતા હો એવું લાગે. સૌથી નમ્ર, સૌથી મૃદુ, સૌથી અદ્‌ભુત વ્યક્તિ! હું કલ્પના નથી કરી શકતો કે આટલી સાદી વ્યક્તિ આટલું મહાન કાર્ય કેવી રીતે કરી શકે!'

આવી કંઈક હૃદયસ્પર્શી અનુભૂતિઓ સાથે મહાનુભાવો સમી સાંજે મહોત્સવના મંચ પર ઉપસ્થિત થતા. અહીં પણ તેઓને *'શ્રોતા બેઠા હજારો હજાર, કોઈ ન બોલે શબ્દ લગાર...'*ની સભાશિસ્ત મંત્રમુગ્ધ કરી દેતી. બાળ, કિશોર અને યુવા પેઢી દ્વારા રજૂ થતાં નૃત્યથી તો તેઓ ઝૂમી ઊઠતા. ત્યારબાદ સંસ્થાના વડીલ સંતો દ્વારા પોતાને મળતાં પુષ્પહાર, શાલ અને સ્મૃતિભેટનાં

સન્માનમાંથી ફોરમતી સૌજન્યની સુગંધ માણીને પણ મંચસ્થ મહેમાનો ગદ્‌ગદિત થઈ જતા. આ જ અવસ્થામાં તેઓ પ્રેરક પ્રવચન આપતા. તે સમયે સ્વામીશ્રી સ્વયં એક ઉત્તમ શ્રોતા બની જતા. તેની ઘેરી છાપ વક્તા પર પડતી.

સભા બાદ મંચ પરથી વિદાય લેતી વખતે પણ સ્વામીશ્રી મહાનુભાવને આગળ કરી પોતે તેઓની પાછળ ચાલવાનો ઈરાદો સેવે. લિફ્ટ દ્વારા નીચે ઊતરતી વખતેય સ્વામીશ્રી મહેમાનને પોતાની સાથે રાખે. તેઓની આ લાગણી જોઈ વિદાય લેતાં પ્રત્યેક અતિથિનું હૈયું ગદ્‌ગદિત થઈ ઊઠતું.

મહોત્સવનો મેરુદંડ

અક્ષરધામ મહોત્સવ દરમ્યાન સ્વામીશ્રીનાં ભોજનસત્ર વખતે મહોત્સવના મેરુદંડનું દર્શન લાધતું, કારણ કે આ સમયે વિવિધ સેવા-વિભાગોના સંતો-કાર્યકરો જે-તે વિભાગની કાર્યવાહીનો અહેવાલ આપતા. તેમાં રજૂ થતી સેવાનો વ્યાપ, સ્વયંસેવકોની ફરજપરસ્તી વગેરે વિગતો સૌને હેરત પમાડતી રહેતી.

જેમ કે, હરિભક્તોને સ્નાન માટે ગરમ પાણીની સુવિધા આપવા રોજ ૧૫૦ લિટરની ક્ષમતાનાં ૬૨ જેટલાં તપેલાં વહેલી સવારથી ચૂલે ચડાવાતાં, તો હરિભક્તો ટ્રેનમાંથી ઊતરે ત્યાંથી તેઓને 'નગર'ના ઉતારે પહોંચાડવા સવારે પાંચ વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધી સ્વયંસેવકો ફેરા કરતા રહેતા.

રસોડા વિભાગ પ્રતિદિન આશરે ૨૫,૦૦૦ વ્યક્તિઓને જમાડવા ધમધમતો રહેતો. તેની સાથે હરિભક્તોને યાત્રા-પ્રવાસમાં સાથે લઈ જવા રોજનાં ૪,૫૦૦ ફૂડપૅકેટ્સ તૈયાર કરવામાં આવતાં. રોજની ૪૦ મણ રોટલીઓ બનાવવામાં રાત્રે બે વાગ્યાથી બીજા દિવસની સવારે અગિયાર વાગ્યા સુધી કાર્યરત સ્વયંસેવિકાઓ દિવસ-રાત એક કરતી. રસોડા વિભાગમાં દરરોજ રહેતા છ ટન શાકભાજી અને ૬,૦૦૦ લિટર દૂધના વપરાશ પરથી તેના ગંજાવર તંત્રનો અંદાજ પામી શકાતો.

'નગર'ની રોજિંદી ૧૮ લાખ લિટર પાણીની જરૂરિયાતને પહોંચી વળવા તત્પર પાણી વિભાગે આંધીને કારણે ઊડતી ધૂળની ડમરીઓ વચ્ચે પાઈપલાઈનોને જમીનમાં ઉતારી હતી, તો ત્રણ પાળીમાં પચાસેક તબીબો સ્વાસ્થ્ય-સુરક્ષા માટે ખડે પગે રહેલા.

કોઈ પણ અતિથિને 'નગર' કે અક્ષરધામ હજી બે મિનિટ પહેલાં

જ જનતાના લાભાર્થે ખુલ્લું મુકાયું હશે તેમ લાગતું તેનું શ્રેય રાત આખી માથે લઈને સાવરણી ફેરવતા સ્વચ્છતા વિભાગને આભારી. આ સ્વયંસેવકો અક્ષરધામના ગર્ભગૃહથી માંડી શૌચાલય સુધીની સ્વચ્છતા નમૂનેદાર જાળવતા.

આ જ રીતે આખા 'નગર'ને ઝળહળાવતો વિદ્યુત વિભાગ કે સમૈયાને સુરક્ષિત રાખતો સલામતી વિભાગ, હજારોની ભીડને સુવ્યવસ્થિત કરતો દર્શન વિભાગ કે પ્રથમ પગલું મૂકનારને પણ ચિરપરિચયનો અનુભવ કરાવતો પૂછપરછ વિભાગ, કાયમી વસાહતમાં પણ જોવા ન મળે એવી ચોકસાઈ સાથે 'નગર' ખડું કરનાર બાંધકામ વિભાગ કે સાઈકલથી લઈને મર્સીડીઝ જેવી વૈભવી ગાડીને ઘસરકો પણ ન પડે તેમ જાળવતો પાર્કિંગ વિભાગ... જ્યાં જુઓ ત્યાં *'મંડ્યા કામે હજારોહજાર, જેજેકાર કરે છે ઉચ્ચાર...'*નો માહોલ જોવા મળતો.

તનતોડ સેવાની સાથે આ સ્વયંસેવકો ક્રમાનુસાર શિબિરનો પણ લાભ પામતા. મંદિરના કાયમી સભામંડપમાં યોજાતાં આ જ્ઞાનસત્રોમાં સૌ પ્રવચન, પ્રશ્નોત્તરી, પરિસંવાદ, પ્રયોગાત્મક પ્રસ્તુતિ વગેરે માધ્યમો દ્વારા સેવાની શુદ્ધિ અને વૃદ્ધિની કેળવણી મેળવતા. આ સમજ શ્રમમાં ભળતાં સેવાની સાથે સંપ, સૌહાર્દ અને સહનશીલતાની ત્રિવેણી રચાઈ રહેતી.

તેમાં ઝબકોળાયેલા ભારતના એક પૂર્વ રાજદૂત શ્રી કિરણભાઈ દોશી તો બોલી ઊઠ્યા : 'આવા સ્વયંસેવકો હોવા એ ખૂબ હૂંફ આપી દે છે. આપણે સાંભળીએ છીએ કે ભારત ૨૧મી સદીનો શક્તિશાળી દેશ થશે. આ વાતો આવા સ્વયંસેવકોને જોઈએ ત્યારે સાચી લાગે છે. મને ભારતીય હોવાનો ગર્વ છે કે તેની પાસે આવા સ્વયંસેવક છે!'

આવી જ લાગણી અનુભવતાં સેટલમેન્ટ કમિશનના ઉચ્ચ અમલદાર શ્રી બી. સ્વરૂપે પણ જણાવ્યું : 'સ્વયંસેવકોનાં સંપ, સમર્પણ અને કાર્યનિષ્ઠા જોઈને હું પ્રભાવિત થયો છું. કોઈ ઑફિસ વિના, કોઈ વિવાદી વિઘ્નો વિના આટલાં સમર્પણ અને નિષ્ઠાથી ચકિત થઈ ગયો છું.'

આમ, સૌની દાદ મેળવતાં આઠેક હજાર બાઈ-ભાઈ સ્વયંસેવકો આ સમૈયાની ધોરી નસ સમાં બની રહેલાં.

જ્યાં નાસ્તિક આસ્તિક બને છે

તા. ૨૭/૧૦ની રાત્રે સાડા આઠ વાગ્યે સ્વામીશ્રીનાં દર્શને આવેલા

આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કલાકાર અને સ્થપતિ શ્રી સતીષ ગુજરાલે પોતાનો પરિચય આપતાં પ્રથમ જ વાક્ય ઉચ્ચાર્યું : 'હું આમ તો એક નાસ્તિક છું.'

પદ્મવિભૂષણનો ઇલ્કાબ પામેલા તેઓએ સ્વામીશ્રી સમક્ષ બીજી વાત ઉચ્ચારી : 'આઠ વર્ષની ઉંમરે ભગવાને મારી શ્રવણશક્તિ હરી લીધી, પરંતુ આંખની શક્તિ રાખી તો આજે આ અક્ષરધામના સર્જક એવા આપનાં દર્શન કરવા માટે હું ભાગ્યશાળી બન્યો !'

જીવનના પરોઢિયે જ સાંભળવાની ક્ષમતા ગુમાવ્યા છતાં અદમ્ય પુરુષાર્થથી ચિત્ર અને સ્થાપત્યના ક્ષેત્રે વિશ્વમાં ટોચની કક્ષાએ પહોંચેલા આ નાસ્તિક નિષ્ણાતે આટલી ભૂમિકા બાદ જણાવ્યું :

''જીવનમાં એવો સમય આવે છે જે તમને એમ માનવા મજબૂર કરે છે કે કોઈ એક દિવ્ય શક્તિ છે જે આવા સ્થાન(અક્ષરધામ)ના સર્જન માટે માનવીને શક્તિ આપે છે. મને કહેવામાં આવ્યું કે 'આ અક્ષરધામ માત્ર પાંચ જ વર્ષમાં બન્યું છે.' હું કેવળ ચિત્રકાર નથી, આર્કિટેક્ટ પણ છું. મેં બાંધકામલક્ષી કંઈક પ્રકલ્પો જોયા છે. ભારતની મર્યાદાઓ અને ઢબને જોતાં આવું નિર્માણ કરવામાં પચાસ વર્ષ લાગે, પરંતુ પાંચ વર્ષના અલ્પ સમયગાળામાં બન્યું તે કરતાંય, શું બન્યું એ વધુ પ્રશંસનીય છે. આ એક અતિ સુંદર અને સુઆયોજિત સ્થાન છે. એટલું જ નહીં, આ સ્થાન નાસ્તિકને આસ્તિક બનાવે એવું છે, કારણ કે કેટલીક વિગતો એવી હોય છે જે તર્કથી સમજાવી શકાતી નથી. અહીં તર્કથી પરની બાબત સંકળાયેલી છે. આ સ્થાનના સર્જન પાછળ મને કોઈ દિવ્ય શક્તિનો હાથ રહેલો અનુભવાય છે અને તે દિવ્યતા હજી કામ કરી રહી છે.

એક કલાકાર તરીકે મારો અનુભવ પૂછો તો મારી લાગણી એ છે કે આ સ્થાન ઘણા કલાકારોને લજ્જા પમાડી દેશે અને બતાવશે કે ભક્તિપૂર્ણ કલા શું કરી શકે છે ! અહીં અક્ષરધામમાં પ્રત્યેક સ્તંભ, પ્રત્યેક છત સર્વોત્કૃષ્ટ છે અને બેનમૂન કલાની નીપજ છે. મને નથી લાગતું કે આવનારાં અમુક વર્ષો સુધી અક્ષરધામની બરાબરી કરી શકે એવું અન્ય સ્મારક નિર્માણ પામે. પૂર્વે આકર્ષ્યા ન હોય એટલા મનુષ્યોને તે દિલ્હી તરફ ખેંચશે. હું અહીંથી જે છાપ લઈ જઈ રહ્યો છું તે શબ્દાતીત છે. તેણે મને અવાક્ કરી મૂક્યો છે. હું આવાં સ્થાનોથી અજાણ નથી. મેં દુનિયા જોઈ છે. ભવ્ય સ્મારકો નિહાળ્યાં છે, પણ અહીં આવતાં જ દંગ રહી ગયો છું ! મને ગૌરવ છે કે આવા અક્ષરધામથી હું થોડા માઇલ દૂર જ વસવાટ ધરાવું છું.''

આમ, સૌનાં હૃદયમાં ઊર્જા અને ઉષ્મા સાથે અસ્મિતા તેમ જ આસ્તિકતા ભરતા અક્ષરધામને અપાતી અંજલિઓ અવિરત વહેતી જ રહેતી.

પીડા કરી સ્વજનના મનની વિનાશ

અક્ષરધામનાં દર્શન કરવા ગુજરાતથી આવતા સત્સંગીઓના સંઘ હરિદ્વાર, હૃષીકેશ, છપૈયા વગેરે તીર્થોનાં દર્શનનો ક્રમ પણ ગોઠવતા. તે અનુસાર હરિદ્વાર પહોંચેલા એક ભક્તવૃંદના સદસ્ય શ્રી જામભાના આકસ્મિક અક્ષરવાસની ખબર તા. ૨૭/૧૦ના રોજ સ્વામીશ્રીને થઈ. આ સમાચાર મળતાં જ અહીંના પરપ્રાંતીય વિસ્તારમાં આ અક્ષરવાસી ભક્તનાં સ્વજનોને કોઈ હેરાનગતિ ન કનડે તે માટે પ્રવૃત્ત થઈ ગયેલા સ્વામીશ્રીએ, પ્રથમ તો ગુજરાતના અચારડા ગામમાં રહેતા આ દિવંગત ભક્તનાં પત્ની-પુત્રને હરિદ્વાર આવવા માટે ટિકિટ વગેરેની વ્યવસ્થા કરવાનો આદેશ સંતોને આપ્યો. તેની સાથે આ કુટુંબીઓ ઍરપોર્ટ પર ન અટવાય તેની તકેદારીરૂપે એક કાર્યકરને હવાઈ મથક ભણી રવાના થવાની તાકીદ પણ કરી દીધી.

દૂરનો આ મામલો થાળે પાડી સ્વામીશ્રીએ નિકટની પરિસ્થિતિ નિપટાવતાં બે સંતોને સદ્‌ગતના અંતિમવિધિ માટે હરિદ્વાર જવા આજ્ઞા કરી. તેની સાથે તેઓ પ્રાસાદિક કંઠી અને પુષ્પહાર મોકલવાનું ન ચૂક્યા, તો સરકારી દફતરમાંથી મૃતકનું પ્રમાણપત્ર પણ સરળતાથી મળી જાય તે અંગે તજવીજ કરવા સ્વામીશ્રીએ સંતોને જણાવ્યું. મરણોત્તર વિધિ બાદ આ દિવંગત ભક્તના સંબંધીઓ અત્રે દિલ્હી આવે ત્યારે તેઓનાં ભોજન વગેરેનો સુયોગ્ય પ્રબંધ પણ તેઓએ ગોઠવી દીધો.

સ્વામીશ્રીએ લીધેલી આવી પળેપળની કાળજીથી નિર્વિઘ્ને ઉત્તરક્રિયા કરી જ્યારે અક્ષરવાસી ભક્તના પરિવારજનો તા. ૨૮/૧૦ની સવારે સ્વામીશ્રીને મળ્યા ત્યારે ગદ્‌ગદ બનેલા તેઓએ જણાવ્યું: 'બાપા! આપે અમારી આટલી બધી ચિંતા કરી...!'

'ચિંતા તો કરવી જ પડે ને! આ તો ઘર અને કુટુંબ છે. મૂળ પરપ્રાંતમાં આ બધું થયું અને અજાણ્યા પ્રદેશમાં નકામી મુશ્કેલીઓ ન થાય એના માટે ચિંતા કરવી પડે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આ દયાળુ પ્રકૃતિનો અનુભવ ભાવનગર જિલ્લામાં વસેલા ખંઢેરા અને (જસપરા) માંડવા ગામના હરિભક્તોએ પણ કર્યો. આ સંઘની

બસને જયપુરમાં અકસ્માત નડ્યાના સમાચાર મળતાં જ ચિંતિત બની ગયેલા સ્વામીશ્રીએ ઈજાગ્રસ્તોની સારવાર અંગે પૂછપરછ અને પ્રયત્ન આદરી દીધાં. તેની સાથે તેઓ સંતોને આ ભલામણ કરવાનું પણ ન ચૂક્યા કે 'એ લોકોને અક્ષરધામનાં દર્શનનો દિવસ વીતી ગયો હશે, તો તેની વ્યવસ્થા કરી દેજો, જેથી બધાંને સારી રીતે દર્શન થઈ જાય.'

આમ, અક્ષરધામ મહોત્સવની અનેકવિધ જવાબદારીઓ અને વ્યસ્તતા વચ્ચે સ્વામીશ્રી એક-એક સત્સંગીને સ્વજનની જેમ સાચવતા.

સૌથી હિંમતવાન પુરુષ

તા. ૨૮/૧૦ની સાંજે સ્વામીશ્રી ઠાકોરજીનો પ્રસાદ અંગીકાર કરવા બિરાજ્યા ત્યારે તેમાં પેર નામના ફળની ચીરીઓ હતી. રાષ્ટ્રપતિ ભવનના ઉદ્યાનમાં લચેલાં આ ફળ રાષ્ટ્રપતિએ સ્વયં સ્વામીશ્રી માટે મોકલેલાં.

તેઓનો આ ભાવ ગ્રહણ કરી આજની સાયંસભામાં પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં વિખ્યાત દૈનિક पंजाब केसरीના માલિક શ્રી વિજય ચોપરાએ કહ્યું : 'मैंने आज सारा दिन यहीं गुजारा है। मैंने अपने जीवन में इतना सुंदर स्थान नहीं देखा। मैं इस वक्त काफी भावुक हूँ। नीलकंठ की फिल्म देखने के बाद मैं रोता ही रहा हूँ। आपने इतनी सुंदर चीज़ बना दी है कि मैं कुछ कहने में असमर्थ हूँ!'

ભગવાન પ્રત્યે નહીંવત્ આસ્થા ધરાવનારા આ તંત્રીને અક્ષરધામની અસરે આટલું કહી અટકવા ન દીધા. તેઓએ એ જ ભાવવિભોર અવસ્થામાં પોતાનું બયાન આગળ વધાર્યું : 'आप पाँच साल में इतना बड़ा सुंदर कार्य कर सकते हैं, तो अगर प्रमुखस्वामी के हाथ में पाँच साल देश की बागड़ौर दे दी जाए तो भारत का नकशा बदल जाएगा। ऐसे आदमियों की ज़रुरत है देश को। जिन्होंने धन नहीं छुआ और सारा जीवन ब्रह्मचर्य में बिताया है, ऐसे मिल जाये तो देश कहीं का कहीं पहुँच जायेगा। ये बात मैं अपने हृदय से कर रहा हूँ। ताली बजाने के लिये नहीं कर रहा हूँ। हमारे बच्चों के पास ऐसा कुछ साधन नहीं है, नाहीं माँ-बाप, नाहीं शिक्षक, नाहीं हमारी सरकार कुछ देने में समर्थ है, जो आपने दिया है।'

આ સ્વાનુભવ વહાવતી વખતે પદ્મશ્રીના ખિતાબથી અલંકૃત શ્રી ચોપરા પોતાની આંખોમાં ઊભરાયેલાં હર્ષાશ્રુને માંડ-માંડ ખાળી શક્યા.

આવી જ અનુભૂિત સાથે તા. ૩૦/૧૦ના રોજ શ્રી ડી. આર. કાર્તિકેયન પણ છલકાઈ ઊઠ્યા. સી.બી.આઇ.ના પૂર્વ નિયામક અને રાષ્ટ્રીય માનવ-હક આયોગના નિર્દેશકની જવાબદારી સંભાળનારા આ વિચક્ષણ અમલદાર અસ્ખલિતપણે બોલી રહ્યા :

'હું ઘણી વાર દેલવાડા જતો ત્યારે મને લાગતું કે આવી કોતરણી કદી ન થઈ શકે, પરંતુ અહીં અક્ષરધામમાં દેલવાડા જેવી જ અને અમુક રીતે તો દેલવાડાથીયે અધિક સુંદર કારીગરી જોવા મળી! મને લાગે છે કે જો સાત અજાયબીઓનું પુનર્મૂલ્યાંકન કરવામાં આવે તો આ અક્ષરધામ સર્વોચ્ચ સ્થાન લઈ જશે. પ્રત્યેક ભારતીયને આનો ગર્વ હોવો જોઈએ. મને કહેવામાં આવ્યું કે અહીં ૮,૦૦૦થી વધુ સ્વયંસેવકો કાર્યરત છે. આ અકલ્પનીય છે. પ્રમુખસ્વામી મહારાજે સર્જેલો આ મોટામાં મોટો ચમત્કાર છે! સરકારો અને વિશ્વભરની બહુરાષ્ટ્રીય કંપનીઓએ આમાંથી શીખવા જેવું છે. જેણે સમાજ માટે પોતાનું સઘળું કુરબાન કરી દીધું હોય એવી એક વ્યક્તિ, એક સંત, એક સંન્યાસી આટલો પ્રેમ, સહાનુભૂતિ અને સમર્પણભાવ પ્રેરી શકે તે ખરેખર આશ્ચર્યકારક છે. મેં જોયેલો આ મોટામાં મોટો ચમત્કાર છે.

અક્ષરધામનું સર્જન પણ એક ચમત્કાર જ છે. આટલા વિશાળ પરિસરનું નિર્માણ કરવા હિંમત જોઈએ. પ્રમુખસ્વામી મહારાજ એક અત્યંત પ્રેમાળ વ્યક્તિ હોવા છતાં પૃથ્વી પર જીવતા સૌથી હિંમતવાન પુરુષ પણ છે. કોઈ સરકાર કે કોઈ શહેનશાહ આવું ન કરી શકે. કોઈ પગારદાર કર્મચારી પણ જે ન કરે તે સેવા અહીં વિશ્વભરમાંથી આવેલા હજારો સ્વયંસેવકો કરી રહ્યા છે. આ સ્વયંસેવકોમાં જેવું સમર્પણ છે તેનું ૧૦% પણ જો સરકારી કર્મચારીઓમાં આવે તો સમગ્ર દેશનું કલેવર બદલાઈ જાય. મને પ્રશ્ન થાય છે કે સરકારથી આવું કાર્ય કેમ નથી થતું? હું માનું છું કે આ એક મહાન અંજલિ છે અને સમગ્ર દુનિયાએ તેમાંથી બોધપાઠ લેવો જોઈએ.'

દેવતાઈ સર્જન

તા. ૩૦/૧૦ની સાંજે નિત્યક્રમથી પરવારેલા સ્વામીશ્રી પાસે આવેલા બે આદરણીય આરબ અગ્રણીઓનાં ખિસ્સાંમાં સ્વામીશ્રીની તસવીરો હતી. તેમાંથી સૌ પ્રથમ બાહરીનના વાણિજ્ય મંત્રાલયમાં સચિવપદે ફરજ બજાવતા શ્રી અબ્દુલ એચ. ઝમાને પોતાના ખિસ્સામાં રહેલું પૉકેટ કેલેન્ડર કાઢતાં

સ્વામીશ્રીને કહ્યું: 'તમારા ફોટા વગર હું ક્યાંય બહાર જતો જ નથી. તમારા આશીર્વાદથી જ હું સેક્રેટરી થયો છું.'

આ અનુભૂતિને અનુસરતાં બીજા આરબ ઉમરાવ શ્રી હસન કમાલે પણ જણાવ્યું: 'મેં લખેલી કવિતામાં આપે જે હસ્તાક્ષર કર્યા હતા એ કવિતા હું કાયમ પાકિટમાં સાથે જ રાખું છું અને આપનો ફોટો પણ!' આટલું કહેતાં બાહરીનના આ રાષ્ટ્રીય કવિનું હૃદય પોકારી ઊઠ્યું: 'આપે અક્ષરધામની જે મહાન રચના કરી છે એ ચમત્કાર જ લાગે છે.'

આ જ લયમાં સૂર પુરાવતાં શ્રી ઝમાન બોલ્યા: 'પાંચ વર્ષથી પણ ઓછા સમયમાં અક્ષરધામનું કાર્ય પૂરું કર્યું એ તો મનાતું જ નથી! મેં મક્કા, મોરોક્કો અને વેટિકન જોયાં છે, પણ આના જેવું ક્યાંય નથી!'

'ભગવાને બનાવ્યું છે.' અહોભાવનો આ પ્રતિભાવ સ્વામીશ્રીએ આપ્યો.

તે સાંભળી શ્રી કમાલે કહ્યું: 'ભગવાને આપને એવો પવિત્ર હાથ આપ્યો છે કે તમે જ્યાં એ હાથ મૂકો ત્યાં આવી રચનાઓ થાય છે!'

આ ભાવના વહાવતાં બંને મહાનુભાવોએ પોતાનાં ખિસ્સાંમાંથી સુકાયેલું પુષ્પ પણ કાઢ્યું. તે કોથળીમાં વીંટાળેલું. તેની સ્મૃતિસૌરભ ફેલાવતાં શ્રી ઝમાને સ્વામીશ્રીને જણાવ્યું: 'સન ૧૯૯૭માં જ્યારે આપ પહેલી વખત મળ્યા ત્યારે આપે અમને પુષ્પ આપ્યું હતું. એ હજી અમે રાખી મૂક્યું છે. તમે અમારા હૃદયમાં છો.' આમ કહી તેઓ આરબ પ્રણાલી અનુસાર સ્વામીશ્રીનો હાથ પકડી તે પર ચુંબન કરતાં બોલ્યા: 'તમારી મૂર્તિ અને હાર બધું જ ઘેર રાખ્યું છે. રોજ મૂર્તિને નમસ્કાર કરીને જ ઘરમાંથી નીકળું છું. તેથી હું મારા જીવનમાં સુખી છું.'

એક આરબનો આ અનુરાગ સ્વામીશ્રીની વિશ્વવ્યાપી પ્રતિભાનો પરાગ પ્રસરાવી ગયો.

તેને જ આજની સાયંસભામાં વિશેષ ફેલાવતાં શ્રી ઝમાને કહ્યું: 'આજે અમે અક્ષરધામ જોયું. આ એવી અદ્‌ભુત રચના છે કે બીજા ગ્રહના લોકોએ આવીને બનાવ્યું હોય એવું લાગે! મનુષ્યનું આ કામ નથી. પાંચસો વર્ષ પછી આપણે હોઈશું નહીં, પણ ત્યારે લોકો એમ કહેશે કે આ કોઈક દેવતાઓ આવીને બનાવી ગયા છે.'

આ અવસરે કવિ શ્રી કમાલે તો ઓડ નામના પોતાના પરંપરાગત વાદ્યને હાથમાં લઈ અરેબિક ભાષામાં સ્વરચિત કાવ્ય - A message from

the heart to the saint (સંતને હૃદયનો સંદેશ) લલકારી દીધું.

આ આલાપમાં જ પોતાના સ્વરની મિલાવટ કરતા હોય તેમ તા. ૩૧/૧૦ની સાયંસભામાં ઇન્ટરનેશનલ હૉસ્પિટલ ઑફ બાહરીનના પ્રમુખ ડૉ. ફૈઝલ ઝીરાએ જણાવ્યું: "હું ગુજરાતી ભાષા સમજતો નથી, પણ ફક્ત સ્વામીશ્રીનો અવાજ સાંભળું છું અને ચમત્કાર સર્જાય છે! કોઈકે મને પૂછ્યું કે 'તમે છેક બાહરીનથી આ ઉત્સવમાં પધાર્યા!' તો મેં જવાબ આપ્યો કે 'આ ક્ષણ માટે આખી દુનિયાનો ત્યાગ કરવો પડે તો ત્યાગ કરવા જેવો છે.' વીસ વર્ષ પહેલાં હું પ્રમુખસ્વામીના સંપર્કમાં આવ્યો અને મારું જીવન બદલાઈ ગયું."

પારસમણિ જેવા સ્વામીશ્રીના સ્પર્શની અસર માંધાતાથી માંડી મજૂર સુધી એકસમાન જોવા મળતી. તેનું આજે વધુ એક દર્શન પામી સૌ ધન્ય થઈ ઊઠ્યા.

ધન્યતાભર્યા આ માહોલમાં જ છેલ્લા અઢાર દિવસથી ચાલતા શ્રીસ્વામિનારાયણચરિતમાનસ ગ્રંથના પારાયણની પૂર્ણાહુતિ થઈ.

માનવધર્મની મીઠાશ

તા. ૧/૧૧ની સવારે દિલ્હીના મંદિર અને મહોત્સવના મંચ-માંડવાની શોભા આજે આવેલી દિવાળીની યાદ અપાવતી હતી. આ સજાવટને સાર્થક કરતાં સ્વામીશ્રી પ્રાતઃપૂજાથી પરવારી ઉતારે પધાર્યા ત્યારે અહીં તેઓને મળનારામાં પરદેશથી આવેલા હરિભક્તો ઘણા હતા. તેમાં એક બાળકને જોતાં જ સ્વામીશ્રી પૂછી બેઠા: 'યોગી! તું આવી ગયો?'

'હા, તમે મારે ઘેર આવ્યા નથી એટલે તમને લેવા આવ્યો છું.'

'શેમાં લઈ જઈશ?'

'તમને વધારે ગમે એ પ્લેનમાં લઈ જઈશ.'

'મને તો તું જ ગમે છે.' સ્વામીશ્રીએ કહ્યું.

દિવાળીની સવારે જ્યારે મહોત્સવનું મેદાન અનેક મહેમાનો અને મહાનુભાવોથી ભરચક હતું ત્યારે એક બાળક સાથે તેઓએ સાધેલો આ આત્મીય સંવાદ તે શિશુ સહિત સૌનાં હૈયે અજવાળું ફેલાવી ગયો.

આવો જ ઉજાશ આજની બપોરે શફીક શાહ પણ પામી રહ્યો. કાશ્મીરી શાલ બનાવવાનો ઉદ્યમ કરતો આ બિરાદર અક્ષરધામ જોઈને તેના સર્જકને મળવાનો ઉમળકો ન રોકી શકતાં સ્વામીશ્રીના ઉતારે આવી પહોંચેલો. અહીં સ્વામીશ્રીએ જાણ્યું કે 'તેને આજે રોજા છે' ત્યારે તેઓએ પ્રસાદ મંગાવી

તે બંદાને આપતાં કહ્યું : 'आज शाम को हमारी और से रोज़ा छोड़ना। आज हमारा दिवाली का दिन है और आपका भी पवित्र दिन है। आपके लिये मैं प्रार्थना करूँगा।'

સ્વામીશ્રીની આ આત્મીયતાએ એ મુસ્લિમની આંખના ખૂણા ભીના કરી દીધા. એક હિંદુ સંતના હાથે કો'ક મુસ્લિમને રોજા છોડવા મળેલા આ પ્રસાદથી વાતાવરણમાં માનવધર્મની મીઠાશ મઘમઘી ઊઠી.

આ ગળપણ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી મોદી પણ મમળાવી રહ્યા, કારણ કે આજની રાત્રે વાળુ લેવા જઈ રહેલા સ્વામીશ્રીને સંતોએ સમાચાર આપ્યા : 'આવતીકાલે થનારા અન્નકૂટ નિમિત્તે ઠાકોરજીને ધરાવવા નરેન્દ્રભાઈ મોદીએ મીઠાઈનું બૉક્સ મોકલ્યું છે.'

'એમણે બૉક્સ મોકલ્યું છે તો અન્નકૂટ બાદ આપણા તરફથી તેઓને પણ પ્રસાદનું બૉક્સ મોકલજો. સાથે પત્ર પણ લખજો કે આપના દ્વારા વિકાસનાં કાર્યો સારાં થાય તે માટે પ્રાર્થના કરી છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

એક માસૂમ બાળકની ખેવનાથી શરૂ થયેલો તેઓનો આજનો દિવાળીનો દિવસ એક મુખ્યમંત્રીની સંભાવના સાથે પૂરો થયો. સ્વામીશ્રીની આ સમતા અને મમતાને માણતાં-માણતાં વિક્રમ સંવત ૨૦૬૧ સમયની સોડમાં સમાઈ ગઈ.

અમારો તો એક જ સિદ્ધાંત છે કે...

તા. ૨/૧૧ની સવારે વિ.સં. ૨૦૬૨ની પ્રથમ પ્રાતઃપૂજા પૂર્ણ કરી સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે –

'સર્વે સંતો-હરિભક્તોને બેસતા વર્ષના જય સ્વામિનારાયણ !

આજે ભગવાન સ્વામિનારાયણની દયા અને જોગી મહારાજની કૃપાથી એવો સુમેળ થયો છે કે આપણે બધા દેશ-પરદેશના ભેગા થઈ આ ઉત્સવ અહીં અક્ષરધામમાં ઊજવીએ છીએ. આ અક્ષરધામ બન્યું છે પણ અદ્‌ભુત ! જેનું વર્ણન ન થઈ શકે. જેટલા મહાત્માઓ, મહાનુભાવો આવે છે એ બધા જોઈને કહે છે કે 'આ અદ્‌ભુત છે !' વિચાર પણ ન આવી શકે એવું આ કાર્ય થયું છે. દેશ-પરદેશના નાના-મોટા બધા સંતો-ભક્તોએ તન, મન, ધનથી સેવા કરી છે. અગવડ, મુશ્કેલીઓ જોઈ નથી. અહીં સ્વયંસેવકોએ પણ સારી સેવા કરી છે. જોગી મહારાજનો સંકલ્પ હતો તો બ્રહ્માંડોમાં આ વાત પહોંચી

છે. મોટામાં મોટો તો જોગી મહારાજનો ઉપકાર માનવાનો છે કે એમણે સંકલ્પ ન કર્યો હોત તો આપણે કરી ન શકત, પણ એમણે ભવ્ય અને દિવ્ય સંકલ્પ કર્યો, તો આ થયું.

ગઈકાલે દિવાળી ગઈ. તેમાં ચોપડાપૂજન થયું. મહારાજે વચનામૃતમાં નામું લખવાનું કહ્યું છે, તો આપણે કેટલા વધ્યા-ઘટ્યા તે તપાસવું. આપણે ઘટવાનું નથી, પણ વધવાનું છે. આખો સત્સંગ દિવ્ય છે તો સર્વના ગુણ જોઈ ભક્તિ કરવાની. ભગવાનને પ્રાર્થના કરીએ કે આ વર્ષ સર્વ પ્રકારે સુખ-શાંતિવાળું બને અને ભક્તિ પણ કરી શકીએ.'

નવા વર્ષે સૌને આ અમૃતધારાનું આચમન કરાવી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે તેઓ દવા સાથે કંઈક ભોજન ગ્રહણ કરે તે વિનંતીનો દોર શરૂ થયો, પરંતુ અન્નકૂટ બાદ જ અન્નનો કણ મોંમાં મૂકવા બાબતે મક્કમ સ્વામીશ્રીએ ૮૪મા વર્ષે પણ લેશ મચક ન આપી. તે જોઈ ડૉક્ટર બોલ્યા: 'દવા સાથે કંઈ જમો નહીં તો તે ગરમ પડે.'

'અમે તો ચિંતા ભગવાન પર જ છોડી છે.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓએ આ સૂર આજે ગુજરાતના મુખ્યમંત્રીને પણ સંભળાવ્યો. જ્યારે શ્રી મોદીએ નૂતન વર્ષ નિમિત્તે આશીર્વાદ મેળવવા સ્વામીશ્રીને ફોન જોડ્યો ત્યારે તેઓએ લાગણીના દાવે કહ્યું: 'બાપા! આપે ખૂબ મોટું કાર્ય ઉપાડ્યું છે, પરંતુ બધું જ કાર્ય આપના માથે રાખતા નહીં...'

''અમારો તો એક જ સિદ્ધાંત છે કે – 'જે કંઈ કામ થાય છે તે ભગવાનની ઇચ્છાથી થાય છે. કર્મ કરીએ પણ ફળની આશા નહીં રાખવાની.' એમ ભગવાન પર છોડી દીધું છે. તમારે પણ એ જ રીતે કાર્ય કરવું, જેથી બોજો ન લાગે.''

સ્વામીશ્રીના મુખેથી સ્રવેલી આ સિદ્ધાંતસુધાનું પાન કરી નવું વર્ષ હરખાઈ ઊઠ્યું.

भगवान के प्रति प्रेम का स्मारक

તા. ૨/૧૧ની સવારે એક આગામી કાર્યક્રમથી સ્વામીશ્રીને વાકેફ કરતાં સંતોએ કહ્યું: 'અક્ષરધામના નિર્માણમાં વિશેષ સહયોગ આપનારાનો સન્માન સમારોહ આવતીકાલે રાખ્યો છે.' આમ કહી તેઓએ બતાવેલી સન્માનિત થનારાની યાદી જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'બધાનું સન્માન થાય

છે, તો ઈશ્વર(ચરણ) સ્વામીનું નહીં? એમને પણ હાર પહેરાવીશું. એમની સાથેના સંતોને પણ હાર પહેરાવીશું.'

યશને વહેંચવાની આ વાત સાંભળી એકે સ્વામીશ્રીને જ કહ્યું : 'પહેલાં બધા સંતો ભેગા થઈને આપને હાર પહેરાવશે. આપે જબરજસ્ત ગોવર્ધન ઊંચક્યો અને આ બધાએ ટેકો કર્યો.'

'ગોવર્ધન તો જોગીબાપાએ ઉપાડ્યો છે. આપણને તો કાંઈ ખબર જ નથી કે 'કઈ રીતે અક્ષરધામ થયું?' બધો એમના સંકલ્પનો પ્રતાપ છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ દાસભાવ સાથે તેઓએ આજની બપોરે બાર વાગ્યે મંદિરમાં ઠાકોરજી સમક્ષ પુરાયેલા કલાત્મક અન્નકૂટની આરતી ઉતારી. સમય નવા વર્ષનો, સંગ સ્વામીશ્રીનો અને સ્થાન અક્ષરધામ – આ ત્રિવેણીમાં સૌ મન મૂકીને નહાયા. તેમાં ભળેલી અન્નકૂટની શોભા અને સુગંધે સૌને અનહદ આનંદના આંગણે રમતા મૂકી દીધા.

આ જ અનુભવમાંથી પસાર થઈ રહેલી આજની સાયંસભામાં દિલ્હીના પૂર્વ લેફ્ટનન્ટ ગવર્નર શ્રી વિજય કપૂરે જણાવ્યું : 'પ્રમુખસ્વામી મહારાજ આશા અને પ્રગતિનો ફુવારો છે. પ્રોત્સાહન અને શક્તિનાં એટલાં બધાં કિરણો તેમનામાંથી છૂટે છે કે તેઓ તેમના અનુયાયીઓ માટે બળ અને શક્તિનું ઉદ્‌ગમસ્થાન બની જાય છે.'

આ અવસરે અગ્રણી ભારતીય રાજદ્વારી શ્રી એલ. એમ. સિંઘવીએ પણ કહી દીધું કે – 'ताजमहल एक स्त्री के प्रति पुरुष के प्रेम का स्मारक है और अक्षरधाम भगवान के प्रति मनुष्य के प्रेम का स्मारक है। मैं समझता हूँ कि इन पाँच-दश हज़ार वर्षों में प्रमुखस्वामी महाराज से बड़ा विश्वकर्मा कोई नहीं होगा। अक्षरधाम का हर एक पत्थर, इंट और शिल्प अति सुंदर और बेजोड़ है, परंतु स्वामीश्री की छवि का सौंदर्य उन सभी पर सरसाई स्थापित कर दें ऐसा है। ऐसे संतशिरोमणि को पाने में अवतारवाद की सार्थकता है।'

આવા સંતશિરોમણિનો સંગાથ સાંપડતાં આજથી શરૂ થયેલા સંવત્સરને પણ પોતાનું આયખું સાર્થક થતું અનુભવાયું.

हम बदले के लिये कुछ नहीं करते हैं

તા. ૨/૧૧ની સાયંસભામાં આશીર્વાદ પાઠવી સ્વામીશ્રી ઉતારે પધાર્યા

ત્યારે તેઓને મળવા ધર્માચાર્ય શ્રી શ્રી રવિશંકર આવી પહોંચ્યા. આર્ટ ઑફ લિવિંગના આ પ્રણેતાને સ્વામીશ્રીએ પુષ્પહાર પહેરાવી આવકાર્યા ત્યારે રવિશંકરજીએ પણ સ્વામીશ્રીને દક્ષિણી ઢબની શાલ ઓઢાડી. તે પછી પોતાની અનુભૂતિ પ્રગટ કરતાં તેઓએ સ્વામીશ્રીને કહ્યું: 'नये साल में आपसे मिलने का बहुत मन था। मैंने अपने साक्षात्कार (इन्टरव्यू) में कहा था कि – हरियाणा, पंजाब और उत्तर भारत में जितने मंदिर अब तक तोड़े गये थे, उनका बदला ये मंदिर(अक्षरधाम)ने ले लिया है।'

'हम बदले के लिये कुछ नहीं करते हैं, लोगों के कल्याण के लिये करते हैं। जो तोड़नेवाले हैं वो उसका काम कर गये, हम हमारा काम करते हैं।' સ્વામીશ્રીના આ શબ્દોમાંથી તેઓનાં ઉદ્દેશ અને ઉદાત્ત ભાવના સરી પડ્યાં.

તેથી પ્રભાવિત થયેલા શ્રી શ્રી રવિશંકરજી બોલી ઊઠ્યા: 'He is a saint – so natural and he doesn't carry the weight. He is like a flower.' અર્થાત્ 'સ્વામીશ્રી સહજ સ્વભાવે જ એક સંત છે. પોતાના શિરે કોઈ બોજો ન ધરાવતા તેઓ ફૂલ સમા હળવા છે.'

આ હળવાશ સાથે વિચરતા સ્વામીશ્રીની મુલાકાતે તા. ૩/૧૧ની સાંજે હવાઈ ટાપુથી પૂજ્ય શ્રી બોધિનાથ વેયલન સ્વામી આવ્યા. આ પ્રસંગ માટે જ સતત પચીસ કલાકનો એકધારો પ્રવાસ ખેડીને આવેલા હિમાલયન ઍકેડમીના આ અધ્યક્ષે પોતે નિહાળેલા અક્ષરધામનો અનુભવ ઉચ્ચાર્યો કે 'હિંદુ ધર્મનું જે શ્રેષ્ઠ છે એ બધું જ અહીં છે.'

તેઓએ આ અનુભૂતિ આજની સાયંસભામાં પણ વાગોળી.

ત્યારબાદ સ્વામીશ્રી દ્વારા અક્ષરધામના નિર્માણમાં સહયોગ આપનારી વ્યક્તિઓનું સન્માન થયું. તેની સાથે સૌએ આ વિક્રમસર્જક સંકુલના વિશ્વકર્મા સ્વામીશ્રીને પણ સત્કાર્યા. તે સમયે તાળીઓના ગડગડાટ ગજાવતા દસ હજાર શ્રોતાઓએ ઊભા થઈ સ્વામીશ્રી પ્રત્યે પોતાનો પ્રેમાદર પ્રગટ કર્યો ત્યારે બહાર વરસી રહેલા વરસાદથી વાતાવરણમાં જેટલી આર્દ્રતા પ્રસરી નહોતી તેટલી સભામંડપમાં ફેલાઈ ચૂકી.

આ ભાવભીના માહોલમાં અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

"અક્ષરધામનું જે કાર્ય થયું છે તે ભગવાન સ્વામિનારાયણ અને જોગી મહારાજના સંકલ્પે થયું છે. એટલે જેટલો કંઈ જશ આપીએ એ મહારાજ, સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજને છે. જેણે

સેવાઓ કરી એને જે સ્મૃતિભેટ આપી એના કરતાં અનંતગણું આપીએ તો પણ ઓછું છે. દેશ-પરદેશમાં જે રહે છે એમણે આ કામ જલદી થાય, સારું થાય એના માટે વ્રત, દોડયાત્રા વગેરે ઘણું બધું કર્યું. આ કાર્યમાં સંતો, હરિભક્તોનું એવું સમર્પણ છે કે (વચનામૃત) લોયા-૩ સિદ્ધ કરી બતાવ્યું છે. જોગી મહારાજનું સૂત્ર – સંપ, સુહૃદભાવ અને એકતા જીવમાં ઊતર્યું તો અત્યારે અશક્ય શક્ય બન્યું છે!

કોઈનું નામ રહી ગયું હોય, ભુલાઈ ગયું હોય તો માફ કરે. જોગી મહારાજનો સંકલ્પ હતો કે 'આખા બ્રહ્માંડમાં સત્સંગ કરાવવો છે, આખી દુનિયામાં સત્સંગ કરાવવો છે.' આ કાર્ય અક્ષરધામ દ્વારા થશે અને એ બધું જ પુણ્ય આપ બધાને મળવાનું છે. જે ભાવિકોએ સાથ-સહકાર આપ્યો છે, પણ નથી આવી શક્યા એ બધાને પણ અક્ષરધામ મળે એ પ્રાર્થના.''

પ્રગટ પ્રભુનો પ્રતાપ

તા. ૩/૧૧ની સાંજે યોજાયેલા સન્માન સમારોહ વખતે જ ત્રાટકેલા વરસાદે કામચલાઉ ધોરણે બાંધેલા મંડપો પલાળી મૂકેલા. તેને કારણે સ્વયં-સેવકોના નિવાસમાં પરિસ્થિતિ વિકટ બનેલી. છતાં સ્વયંસેવકોનો ઉત્સાહ અણનમ હતો. તેથી સભા બાદ સ્વામીશ્રી જ્યારે સ્વયંસેવક નગરમાં દૃષ્ટિ કરવા પધાર્યા ત્યારે એક-એક સ્વયંસેવકની બાંયધરી ગુંજી રહી: *'સ્વામી ચિંતા ન ધરશો ચિત્ત, ખરી વાત કહું છું ખચીત...'*

અક્ષરધામના અવતરણ જેવી જ અલૌકિક વાત આ સમર્પણના પ્રાગટ્યની હતી. તેની વેદી પર પોતાના જીવનની આહુતિ આપતાં તા. ૪/૧૧ની સવારે ૧૩ સુશિક્ષિત નવયુવાનોએ સ્વામીશ્રીના વરદહસ્તે પાર્ષદી દીક્ષા ગ્રહણ કરી અને ૨૩ પાર્ષદોએ ભગવાં ધારણ કર્યાં.

*'કળિજુગમાં તજે ઘર આપ, તે તો પ્રગટ પ્રભુનો પ્રતાપ...'*ની આ ઝાંખી કરાવી સ્વામીશ્રી 'નગર'માં તૈયાર થયેલી યજ્ઞશાળામાં પધાર્યા. અહીં અક્ષરધામમાં પ્રતિષ્ઠિત થનારી શ્રીજીમહારાજ, ગુરુપરંપરા અને પૌરાણિક યુગલ સ્વરૂપોની પ્રતીકાત્મક મૂર્તિઓના સાંનિધ્યમાં હોમ શરૂ થયેલો. તેમાં બોચાસણ, ચાણસદ અને છપૈયાથી આવેલી જ્યોત દ્વારા પ્રગટેલા અગ્નિદેવને વિધિવત્ કુંડમાં સ્થાપ્યા બાદ સ્વામીશ્રીએ ધૂન ગજાવતાં સંકલ્પ કર્યો કે 'આજે યજ્ઞનું પ્રાગટ્ય થયું છે, તો પ્રાર્થના કરીએ કે લાખો, કરોડો

વર્ષ સુધી આ અક્ષરધામને કોઈ જ વાંધો ન આવે ને એમાંથી લાખો લોકો પ્રેરણા મેળવતા રહે.'

યજ્ઞની અગ્નિશિખા જેવી જ આ પવિત્ર અને ઉજ્જ્વળ ભવિષ્યવાણી ઉચ્ચારી સ્વામીશ્રી યજ્ઞકુંડની ચોપાસ પાથરેલાં પાથરણાં પર અડવાણે પગે એક પ્રદક્ષિણા ફર્યા. તે પછી તેઓએ પ્રત્યેક મૂર્તિનો શુદ્ધ ઘીમાં અધિવાસ કરાવવાની સૂચના આપી. વિધિ કરાવનારા ભૂદેવોને પણ દક્ષિણામાં નાણાં સાથે સુવર્ણ આપવાનું જણાવ્યું.

તેઓની આવી કૃપાદૃષ્ટિના પ્રતાપે આજની સાંજે સંસ્થાની મહિલા પાંખે મહિલા સંમેલનની પણ શાનદાર ઉજવણી કરી. તેમાં ઉપસ્થિત રહેલાં દિલ્હીના મુખ્યમંત્રી શ્રીમતી શીલા દીક્ષિત તો બોલી ઊઠ્યાં: 'અક્ષરધામ એક અસાધારણ સર્જન છે. મેં પૂર્વે આવું ક્યારેય અનુભવ્યું નથી. અક્ષરધામે મારા પર પાડેલા પ્રભાવની અસરથી હું હજી મુક્ત થઈ શકી નથી. મનુષ્યથી અશક્ય એવું સ્વામીશ્રીએ કરી બતાવ્યું છે. જે વ્યક્તિ આ અક્ષરધામના સર્જનની કલ્પના કરી શકે, આટલા બધાને પ્રેરી શકે તે આ પૃથ્વી પરના ભગવાન જ હોઈ શકે.'

આમ, ચારેકોર છાઈ રહેલા 'પ્રગટ' પ્રભુના પ્રતાપને પગલે-પગલે હવે એક એવો દિવસ આવી ચઢ્યો કે જેને માણવા તો દેવો પણ આભની અટારીએ ગોઠવાઈ ગયા!

અક્ષરધામનું અવતરણ

તા. ૬/૧૧ની સવારે ૬:૪૦ વાગ્યા પછી વીતેલી બાવનમી સેકન્ડે થયેલા સૂર્યોદયથી સિદ્ધિયોગ આરંભાઈ ચૂકેલો. તે મૂળ નક્ષત્રના ચોથા ચરણમાં ગોઠવાઈ ગયેલા ચંદ્રથી વધુ ફળદાયી બનેલો. અધોમુખ નક્ષત્રમાં ચંદ્રની આ સ્થિતિ દેવસ્થાપન માટે શુભ અને શ્રેષ્ઠ ગણાઈ છે. તેમાં પણ સુકર્મા યોગ, બવ કરણ અને રવિ વારનો ત્રિવેણી સંગમ થતાં આજના મુહૂર્તની મંગલતા તેની ચરમસીમાએ પહોંચેલી.

આવા યોગાનુયોગમાં વિ.સં. ૨૦૬૨ની કાર્તિક સુદ પાંચમ, સૌભાગ્ય પંચમીની સવારે સાત વાગ્યે થયેલા પ્રચંડ શંખનાદથી અક્ષરધામનો ઘુમ્મટ ગાજી ઊઠ્યો. તે સાથે જ પ્રારંભ પામેલા પ્રતિષ્ઠાના પૂર્વવિધિમાં ઘુમ્મટ તળે બેઠેલા સંતો-ભક્તોની સાથે ગજેન્દ્ર પીઠની પ્રદક્ષિણામાં પણ આઠેય

દિશાઓમાં તૈયાર થયેલી યજ્ઞવેદિકાઓમાં હોમ થવા લાગ્યો. વેદિયા વિપ્રોના નરવા કંઠેથી ગુંજતા મંત્રો ઉત્તર દિશામાંથી આવતા હેમંત ઋતુના મંદ, શીતળ વાયુ સાથે મળી નભોમંડળને ભરવા માંડ્યા. તેને શરણાઈઓના સૂરની સંગત સાંપડતાં ઊભી થયેલી પવિત્રતાએ વાતાવરણને લીંપી દીધું.

આ સમયે નિજનિવાસમાંથી બહાર પધારેલા સ્વામીશ્રી મંદિરમાં દર્શન કરવા પહોંચ્યા ત્યારે મધ્યખંડમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજે ધારણ કરેલા વાઘા વિશિષ્ટ હતા. ન કેવળ તેનાં ઘાટ-ભાત કે રંગ-ચમકથી, પરંતુ તેમાં છુપાયેલા ભક્તિભાવથી. અક્ષરધામનું નિર્માણ કરવા પાછળ સ્વામીશ્રીનો હેતુ રહેલો – 'इस स्वामिनारायण अक्षरधाम में प्रत्येक को जीवन-गढ़न की प्रेरणा मिले और जीवन दिव्य बने यही भगवान से प्रार्थना।' આ પ્રયોજનને ઠાકોરજીએ અંગીકાર કરેલા વાઘા યથાર્થ ઝળકાવતા હતા, કારણ કે આ શણગાર એ કારીગરોની બચતમાંથી બનેલા કે જેઓ અક્ષરધામનું કામ કરતાં-કરતાં વ્યસનમુક્ત થયા હતા. તેઓની વ્યસનોમાં રોળાતી સંપત્તિ આજે ઠાકોરજીના શ્રીવિગ્રહ પર વાઘારૂપે ચમકી રહેલી! મૂર્તિઓની આજની શોભા પ્રતીતિ કરાવતી હતી કે 'અક્ષરધામ એ શોષણનું નહીં, પણ પોષણનું પ્રતીક છે.'

અક્ષરધામની આ અદ્વિતીયતાનું સૌને દર્શન કરાવતા સ્વામીશ્રી ૯:૨૫ વાગ્યે અક્ષરધામમાં બિરાજેલી મૂર્તિઓમાં પ્રાણ પૂરવા સ્મારકના દ્વારે આવી ઊભા રહ્યા. આ કલામંડિત દરવાજાની દ્વારશાખ પર બાંધેલી સુવર્ણ સાંકળીને તેઓએ ખોલતાં જ ઊઘડેલા 'અક્ષર'દ્વારથી ચારેકોર આનંદ-મંગલ પ્રવર્તી રહ્યો. પૂર્વવિધિમાં સામેલ ભક્તોએ સ્વામીશ્રીના આ પ્રવેશને હર્ષોલ્લાસથી વધાવી લીધો.

આ અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી વિશિષ્ટ રીતે તૈયાર કરાયેલી યંત્ર-સંચાલિત પાલખીમાં બિરાજ્યા. અહીં તેઓના ભાલે ઈશ્વરચરણદાસ સ્વામીએ કુમકુમનો ચાંદલો કરી અક્ષત ચોડ્યા. જમણા હાથે કંકણબંધન પણ કર્યું. તેને અનુસરતાં સ્વામીશ્રી સુવર્ણતાસકમાં મૂકેલી જલપૂરિત કનક-કટોરીમાંથી સુવર્ણની ચમચીમાં જળ લઈ સંકલ્પવિધિમાં જોડાયા.

આ વિધિ પૂર્ણ થતાં હવામાં તરતી પાલખી દ્વારા ૧૧ ફૂટ ઊંચી શ્રીજીમહારાજની મૂર્તિના મુખારવિંદ સામે પહોંચેલા સ્વામીશ્રી શલાકા વડે મૂર્તિને સ્પર્શ્યા. તે પછી તેઓએ ભૂદેવોના બુલંદ કંઠે વહેતી વેદની ઋચાઓ

વચ્ચે પોતાનાં બંને કરકમળને શ્રીજીમહારાજના હૃદયકમળ પર રાખી મૂર્તિમાં ચૈતન્યનો પ્રવેશ કરાવ્યો. ત્યારબાદ સ્વામીશ્રીએ દર્ભવેષ્ટિત સુવર્ણશલાકાનો સ્પર્શ સર્વ ઇન્દ્રિયોને કરાવી જમણા હાથનો અંગૂઠો મહારાજના હૃદય પર રાખી ૐકારનો નાદ ગુંજાવ્યો. તેને ઉપસ્થિત યજમાનોએ પણ ઊંચે સાદે સાથ આપતાં અક્ષરધામ પ્રણવ નાદથી ગાજી રહ્યું. સોળ વખત થયેલો આ ઘોષ શમતાં સ્વામીશ્રીએ મૂર્તિના જમણા કર્ણમાં 'सहजानन्दाय विद्महे...'નો ગાયત્રી મંત્ર ઉચ્ચાર્યો. આ મંત્રગાન કરી તેઓએ અંજનશલાકા વડે મૂર્તિનું જમણું નેત્ર અને તે પછી ડાબું નેત્ર ઉન્મિલિત કર્યું.

તે સાથે જ શ્રીજીમહારાજનાં કરુણાસભર નેત્રકમળમાંથી છૂટેલાં શાંત તેજ વડે અક્ષરધામ આલોકિત થઈ ઊઠ્યું. એ તેજઅંબારમાં સ્વામીશ્રીએ મૂર્તિના મસ્તકે પુષ્પ ચઢાવી મહારાજને મુખદર્શન કરાવતાં દર્પણ ધર્યું.

આ રીતે વિધિવત્ શ્રીજીમહારાજની પ્રતિષ્ઠા કરીને તેઓએ ગુરુપરંપરા તથા પૌરાણિક યુગલ સ્વરૂપોનાં પૂજન કર્યાં. તેના અંતે સ્વાગત-મંત્રના ગાન વચ્ચે સ્વામીશ્રીએ અક્ષરધામનાં શિલ્પોમાં પણ દેવો, ગાંધર્વો, ઋષિગણ, ભક્તો વગેરેને આવાહિત કર્યા. આમ, તેઓએ સમગ્ર સંકુલને એક દિવ્ય ચૈતન્યભૂમિકા બનાવી દઈ અન્નકૂટ સાથે મૂર્તિઓની આરતી ઉતારી. તે વિરમતાં જ અક્ષરધામની મુખ્ય પીઠિકા પર બિરાજેલા સ્વામીશ્રીને સાત સેરમાં ગૂંથેલો મોગરાનો હાર પહેરાવવામાં આવ્યો.

તેને સૌની વિનંતીથી કંઠમાં ધારી રાખીને અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

"મૂળ અજ્ઞાનનો નાશ કરીને, જન્મ-મરણ ટાળીને, ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ આપીને, બ્રહ્મરૂપ થઈને અક્ષરધામમાં બેસાડે એવી રીતનું આ કાર્ય છે. આ કાર્યમાં જેણે-જેણે સેવા કરી છે તેને મહારાજ યાદ કરી છેવટે અક્ષરધામમાં બેસાડી દેશે. આપણે પણ આ મૂર્તિની સ્મૃતિ કરજો. સમૈયાની સ્મૃતિ કરજો. આ લાભ મોટો છે.

આપણે આ દેહ રહે ત્યાં સુધી એવું કાર્ય કરવું છે કે મહારાજ રાજી, રાજી ને રાજી થઈ જાય. હવે આપણે બીજો કોઈ જન્મ લેવાનો છે નહીં. આ જ જન્મે કલ્યાણ થશે. અક્ષરધામમાં પહોંચી જઈશું. કોઈ જાતનો ડગમગાટ રાખવો નહીં કે 'મારું કલ્યાણ થશે કે નહીં થાય? અક્ષરધામમાં જઈશ કે બીજે જઈશ?' આપણે અક્ષરધામમાં જ જવાના છીએ. કેટલાક પૂછે છે કે 'કલ્યાણ

થશે?' પણ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા પછી પૂછવાનું શું હોય? 'થઈ જ ગયું' એમ સમજી લેવું.''

આજે સ્વામીશ્રી ખૂબ હરખમાં હતા. તે હર્ષ તેઓની આ વાણીમાં પણ ઊભરાઈ રહ્યો. તે દ્વારા સૌને અભય વરદાન આપતાં તેઓએ આજે એક અમર ઇતિહાસ રચી દીધો. એ ઇતિહાસનું વધુ એક સુવર્ણપૃષ્ઠ લખાવાની ઘડીઓ તરફ સમય હવે સરકવા લાગ્યો.

અક્ષરધામનું લોકાર્પણ

તા. ૬/૧૧ની બપોરથી જ અક્ષરધામનું પરિસર *'મળ્યા લોક હજારો હજાર, ચાલવાનો ન માગ લગાર...'*ની જેમ ઊભરાવા માંડેલું. તેથી આજની સાંજે યોજાયેલા અક્ષરધામના લોકાર્પણ સમારોહમાં સભાપ્રવેશ નિયંત્રિત હોવા છતાં ક્યાંય તલપૂર જગ્યા બચી નહોતી.

આવા સમયે નિજનિવાસમાં નિત્યક્રમથી પરવારેલા સ્વામીશ્રી ઘડિયાળ સામું જોઈ બોલ્યા: 'હજી નીકળવાને દસેક મિનિટની વાર છે, તો લાવો પત્રો વાંચી લઈએ.' આમ કહી પત્રવ્યવહાર આરંભી દેનારા તેઓએ એક ભક્તને સ્વચ્છંદે ચઢી ગયેલી તેઓની દીકરીઓ અંગે માર્ગદર્શન આપી અન્ય સાતેક ટપાલોના જવાબ પણ લખાવ્યા. સ્વામીશ્રીમાં મહાનુભાવોના મેળાવડા સમા આજના મહત્ત્વપૂર્ણ સમારંભમાં પહોંચી જવાની ન કોઈ તાલાવેલી જણાઈ કે ન મહાનુભાવોને મળી લેવાની તત્પરતા દર્શાઈ. આ સમયે સ્વામીશ્રીમાં જોવા મળી – ભક્તો પ્રત્યેની કરુણા અને સેવા પ્રત્યેની સભાનતા.

તે સાથે તેઓ નિયત સમયે મયૂરદ્વાર પાસે આવેલા મુલાકાત કક્ષમાં પધાર્યા ત્યારે દેશના વિપક્ષ નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણી અહીં ઉપસ્થિત હતા. તેઓ ગઈકાલે જ સ્વામીશ્રીને નિરાંતે મળ્યા હોવાથી અત્યારે ઔપચારિક મિલન થયું ત્યાં જ રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામ આવી પહોંચ્યા. તેઓને સ્વામીશ્રી આવકારતા હતા તે જ વખતે વડાપ્રધાન શ્રી મનમોહનસિંઘનું પણ આગમન થયું. તેની થોડી વારમાં તો દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી બનવારીલાલ જોષી મુલાકાત ખંડમાં પ્રવેશ્યા.

આજના લોકાર્પણ સમારોહના આ અતિથિવિશેષો સાથે સ્વામીશ્રીએ બરાબર સાડા પાંચ વાગ્યે સમારંભમાં જવા પ્રસ્થાન કર્યું. તે માર્ગે પ્રથમ આવેલા શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પાસે સૌ થંભ્યા. અત્રે પોતાનો

અહોભાવ વ્યક્ત કરતાં શ્રી કલામે સ્વામીશ્રીને કહ્યું : 'ફક્ત પાંચ વર્ષમાં આપે આ કઈ રીતે કર્યું ?! આ તો ચમત્કાર જ છે ! અહીં મને પ્રત્યેક કણમાં શક્તિનો સ્રોત અનુભવાય છે.'

'મહારાજની ઇચ્છાથી થયું છે.'

'ના, આપની ઇચ્છાથી. આ સમગ્ર સર્જન પાછળ રહેલો શક્તિનો સ્રોત અને રહસ્ય આપનામાં સમાયેલાં છે.'

શ્રી કલામના આ અહોભાવ વચ્ચે સૌ આગળ વધ્યા.

આ સમયે સ્વામીશ્રી અને આદરણીય અતિથિઓને બંને બાજુ ઉપસ્થિત માનવમેદનીએ રાષ્ટ્રધ્વજ ફરકાવી આવકાર્યા. આ અભિવાદન સ્વીકારતાં સ્વામીશ્રી અને મહાનુભાવોએ અક્ષરધામની સોપાનપંક્તિ સમક્ષ રચવામાં આવેલા ઉપમંચ પર સ્થાન ગ્રહણ કર્યું. તે સાથે જ આરંભાયેલા સ્વાગત-ગીતના અંતિમ ચરણમાં સો નૃત્યકારો એ રીતે ગોઠવાઈ ગયા કે મંચ પર અશોકચક્ર સહિત ત્રિરંગો ફરકતો હોય તેવો નજારો જામી રહ્યો. ઉદ્‌ઘાટન સમારોહનો આ શાનદાર પ્રારંભ નિહાળી સૌની આંખોમાં આશ્ચર્ય અંજાઈ ગયું.

પળે-પળે પલટાતા વિવિધરંગી પ્રકાશના શેરડાઓથી નાહી રહેલા અક્ષરધામની આગળ થઈ રહેલી આ પ્રભાવક પ્રસ્તુતિઓના ક્રમમાં હવે શરૂ થયો – સંસ્કૃતિવિહાર.

તેના ભાગરૂપે ભવ્ય ભારતની ઝાંખી કરાવતી કલાસભર અને સંદેશ-સભર રથ-રચનાઓ મંચ પરથી પસાર થવા લાગી. તે દ્વારા કૃષિ, રાજનીતિ, વિજ્ઞાન, ગણિત, સાહિત્ય, આરોગ્ય, શિક્ષણ, યોગ, કલ્યાણમય ભાવનાઓ વગેરે વિષયમાં ભારતે વિશ્વને આપેલા આગવા પ્રદાનને નિહાળી સૌ અસ્મિતાથી સભર થઈ ઊઠ્યા.

આ ક્રમમાં સમયાતીત સર્જન સમા અક્ષરધામની નિર્માણગાથા અને દર્શનયાત્રાની ઝલક વક્તવ્ય તથા વીડિયો દ્વારા રજૂ થઈ. તેને નિહાળી જાણે સૃષ્ટિનાં પંચ મહાભૂત અક્ષરધામની અભિવંદના કરવા ક્રમશઃ હાજર થવા માંડ્યાં. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશને ભિન્ન ભિન્ન પરિવેશ, વાજિંત્ર, રંગછટા તથા પ્રકાશવર્ષાથી આબેહૂબ ઉપસાવતા ૪૫૦ કલાકારોના કાફલાની આ પ્રસ્તુતિ અત્યંત રોમાંચકારી બની રહી. પરંતુ તેથીયે અધિક આનંદ રાષ્ટ્રપતિ તો સ્વામીશ્રીનું મુખારવિંદ જોઈને અનુભવી રહ્યા હશે. તેથી તેઓ કાર્યક્રમ દરમ્યાન વારંવાર બોલી રહેલા કે 'પ્રમુખસ્વામીને જુઓ, કેટલા

વિનમ્ર છે ! ફિલ્મમાં નીલકંઠવર્ણીની જે નિર્દોષતા છે એવી નિર્દોષતા એમના મુખ પર દેખાઈ રહી છે !'

આમ, સર્જન અને સર્જકના સંમોહને આજે સૌને વિવશ કરી મૂકેલા તે જ સમયે સ્વામીશ્રી તથા મહાનુભાવોને મુખ્ય મંચ પર પધારવા વિનંતી થઈ. તે એક યુગાતીત સંકુલના લોકાર્પણની ઘડીઓનું મંગલાચરણ હતું. તેણે સૌને ઉત્સુક કરી મૂક્યા. ૧૫૦થી વધુ દેશોમાં આ સમારંભનું જીવંત પ્રસારણ માણી રહેલા દર્શકો પણ ઉત્કંઠ થઈ ગયા.

તેઓની આ આતુરતાનો અંત લાવતાં બરાબર સવા છ વાગ્યે સ્વામીશ્રી અને રાષ્ટ્રપતિ, વડાપ્રધાન તથા વિપક્ષ નેતાએ વૈદિક મંત્રોચ્ચારના સંગે અક્ષરધામના દ્વારે બાંધેલી નાડાછડી છોડી. આ સમયે અધ્ધર અંતરીક્ષમાં લાભ પાંચમનો ચંદ્ર ઉજ્જ્વલ શુક્રતારક સાથે ઝળહળી રહેલો. પૂર્વમાં પૂર્વાષાઢા નક્ષત્ર પણ ખીલી ગયેલું. ચંદ્ર ધનુ રાશિમાં અને સૂર્ય વિશાખા નક્ષત્રમાં ચમકી રહેલા. ગુરુ, શુક્ર, શનિ વગેરે ગ્રહો પણ શ્રેષ્ઠ સ્થાનમાં ભ્રમણ કરી રહેલા. આવી અત્યંત શુભ અને માંગલ્યસૂચક વેળાએ અક્ષરધામ વિશ્વને સમર્પિત થયું ત્યારે આ શાશ્વત ક્ષણે ચારેકોરથી નાદ ગુંજી રહ્યો : *'રહેશે શશી સૂર્ય આ ઠામ, રહેશે ત્યાં સુધી એનું નામ.'*

આ ઉદ્‌ગાર અક્ષરધામ અને સ્વામીશ્રી – બંને માટે સાર્થક હતો, કારણ કે અક્ષરધામ એટલે જ સ્વામીશ્રી અને સ્વામીશ્રી એ જ અક્ષરધામ !

ભારતને સૌથી મહાન ભેટ

અક્ષરધામમાં પ્રવેશતાં જ સૌ મહાનુભાવો દિવ્ય અને દેદીપ્યમાન મૂર્તિ તથા બારીક અને સુઘડ કલા જોઈ ચકિત થઈ ગયા. અત્રે સ્તંભે-સ્તંભે દેવમૂર્તિઓનાં ચરણોમાં ભાતીગળ પુષ્પોના મોટા ગુચ્છ ગોઠવાયેલા. સ્તંભોના મૂળમાં પણ ગુચ્છોની આકર્ષક ગોઠવણી કરવામાં આવેલી. મધ્ય મંડપની ચારેય બાજુએ તોરણો ઝૂલી રહેલાં. વેદિકાની આસપાસ પણ પુષ્પોની મનોહર સજાવટ હતી. શોભા અને સુગંધના આ સુભગ સમન્વય વચ્ચે સ્વામીશ્રી તથા મહાનુભાવોએ શ્રીજીચરણે પુષ્પાંજલિ સમર્પિત કરી. આ પ્રસંગે સ્વામીશ્રીએ સૌને કહ્યું : 'હું પ્રાર્થના કરું છું કે આપ સૌ આ દેશનું સફળતાપૂર્વક સંચાલન કરી શકો. વળી, દેશમાં સંપ વધે, વિકાસ થાય અને સલામતી પ્રવર્તે એ માટે પણ હું પ્રાર્થના કરું છું.'

અક્ષરધામના લોકાર્પણની ક્ષણે સ્વામીશ્રીએ વહાવેલી દેશહિતની આ ઉમદા ભાવનાથી કૃતાર્થ બનેલા અતિથિઓ અક્ષરધામની કલા નિહાળવામાં નિમગ્ન થયા. તે વખતે શ્રી કલામના હૈયેથી વધુ એક વાર અહોભાવ સરી પડ્યો કે 'પાંચ જ વર્ષમાં આટલી ભવ્ય સ્થાપત્યકલા પ્રમુખસ્વામી સિવાય કોઈ કરી જ ન શકે. રાષ્ટ્રને આ સૌથી મહાન ભેટ પ્રમુખસ્વામીએ આપી છે. આ કાર્ય સમગ્ર રાષ્ટ્રને આત્મવિશ્વાસ પ્રેરશે કે કોઈ પણ મહાન કાર્ય જો ધારીએ તો થઈ શકે છે!'

આ લાગણી સાથે સ્મારકની બહાર આવેલા માનવંતા મહેમાનો સાથે સ્વામીશ્રી અક્ષરધામના પોડિયમ પર બિરાજ્યા. મહાનુભાવોના આ મંચપ્રવેશને વધાવતાં ઊઠેલા હર્ષનાદની વચ્ચે મહંત સ્વામીએ રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, વિપક્ષ નેતા અને લેફ્ટનન્ટ ગવર્નરને પુષ્પહારથી સત્કાર્યા.

ત્યારબાદ શરૂ થયેલાં વક્તવ્યોના ક્રમમાં વડાપ્રધાન ડૉ. મનમોહનસિંઘે જણાવ્યું : 'मुझे बताया गया है कि इस परिसर के निर्माण में जो भी खर्च हुआ है, उस पैसे को भक्तों ने दान के रूप में इकठ्ठा किया है। इससे जाहिर होता है कि स्वामिनारायणजी के भक्तों की श्रद्धा कितनी व्यापक है! मुझे यह भी बताया गया है कि इस मंदिर के निर्माण में लोहे का इस्तेमाल नहीं हुआ है और इसे परंपरागत तरीके से बनाया गया है। यह सुंदर परिसर दिल्ली की इमारतों में अव्वल दर्जे में होगा। हजारों-लाखों दर्शक और भक्त इसे देखने के लिये चारों कोनों से आयेंगे। वे यहाँ के शांत और भक्तिभरे वातावरण से प्रभावित होंगे और निश्चित ही धार्मिक और मानसिक रूप से तरक्की करके वापस लौटेंगे। मैं प्रमुखस्वामी महाराज का आभारी हूँ कि उन्होंने इस अवसर पर मुझे यहाँ आने का मौका दिया।'

આ ભાવોર્મિ વહાવનાર વડાપ્રધાનને મહંત સ્વામીએ શાલ તથા સ્વામીશ્રીએ સુવર્ણરસિત સ્મૃતિભેટ સાથે માળા આપીને સન્માન્યા. સ્વામીશ્રીનું આ સૌજન્ય સ્વીકારી વડાપ્રધાને વિદાય લીધી અને લોકાર્પણ સમારોહ આગળ વધ્યો.

વિશ્વની એક અનન્ય અજાયબી

અક્ષરધામના લોકાર્પણ સમારંભમાં સંબોધન કરતાં શ્રી લાલકૃષ્ણ અડવાણીએ જણાવ્યું : 'प्रसिद्ध पत्रिका रीडर्स डायजेस्ट ने सेवन्टी वन्डर्स

ऑफ द वर्ल्ड – आधुनिक दुनिया के सत्तर (७०) चमत्कार नाम का ग्रंथ प्रकाशित किया है। उसमें एक वन्डर लंदन में बना हुआ स्वामिनारायण का मंदिर रखा है। लेकिन आज मैं कह सकता हूँ कि इस अक्षरधाम को आकर के कोई देखेगा तो मुझे संदेह नहीं कि इसको कहा जायेगा – The unique wonder of the world. यह एक सर्वथा अनन्य, सर्वथा अद्वितीय, एक आश्चर्यजनक निर्मिति है विश्वभर में। यमुना के तट पर अक्षरधाम का निर्माण करके प्रमुखस्वामीजी ने एक बहुत बड़ा कार्य किया है, जिसके लिये मैं उनका अभिनंदन करता हूँ, अपना कोटी कोटी प्रणाम अर्पित करता हूँ।'

આવા જ અહોભાવ સાથે રાષ્ટ્રપતિ શ્રી કલામ પોતાનું વક્તવ્ય શરૂ કરે તે પૂર્વે તેઓએ અક્ષરધામ માટે રચેલા કાવ્યનું પઠન થયું. તેનો સાર એ હતો કે 'અક્ષરધામ મારું ઘર છે. અહીં આવતાં મને મારી માતા મળી. હું એમના ખોળામાં માથું મૂકીને રડ્યો, કારણ કે હું મારા ઘરમાં આવ્યો હતો. મને માતાએ ચૂમી લીધો અને મને અંધકારમાં પ્રકાશપુંજ વેરતું અક્ષરધામ દેખાયું.'

આ ભાવોદ્રેક સાથે શ્રી કલામે પોતાના વક્તવ્યમાં કહ્યું :

'આજે જ્યારે મેં અક્ષરધામ સાંસ્કૃતિક પરિસરમાં પ્રવેશ કર્યો ત્યારે મને એ પ્રશ્નનો જવાબ મળી ગયો કે 'આધ્યાત્મિકતા અને સમાજસેવાનો સમન્વય તમે કઈ રીતે કરી શકો છો?' ખરેખર તો તમે બંનેને જુદાં જ કેવી રીતે પાડી શકો? જેઓ સાચી રીતે સમાજસેવા કરવા ઇચ્છતા હોય તેઓએ ખરા આધ્યાત્મિક બનવું જ રહ્યું અને જેઓ ખરા અર્થમાં આધ્યાત્મિક હોય, તેઓ જ સાચી રીતે સમાજસેવા કરી શકે છે. આ તમારું સૂત્ર છે.'

બી.એ.પી.એસ.ની આ વિશેષતા છતી કરી શ્રી કલામ અક્ષરધામનું મહિમાગાન કરતાં વધુમાં બોલ્યા :

'આ અક્ષરધામના સર્જક કોણ છે? એ સર્જકને આપણે મહાકાય ચિત્રપટ પર જોઈએ છીએ – બાળવયના સ્વામિનારાયણ. આ દિવ્ય બાળકનું ચૈતન્ય પ્રમુખસ્વામી મહારાજમાં બિરાજમાન છે અને આપણે જોઈએ છીએ અક્ષરધામનો જન્મ. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને તેઓના સમર્પિત સેવકોના વૃંદે પ્રાચીન સંસ્કૃતિના ભવ્ય વારસાનું આધુનિક ટેક્નોલોજી સાથે પુનઃ સર્જન કર્યું છે. જેને આપણે મોટે ભાગે પોથીઓમાં જોતા હતા તેને વાસ્તવિક બનાવ્યું છે.

પ્રમુખસ્વામી મહારાજે આ સુંદર સાંસ્કૃતિક પરિસરના સર્જન માટે

શ્રેષ્ઠ પ્રતિભાવંત લોકોને એકત્રિત કર્યા છે. આ પરિસર બહુવિધ રીતે મનની શક્તિ, માનવીની સંકલ્પશક્તિ, અણનમ આધ્યાત્મિકતા, કરુણાની મહેક, વિજ્ઞાન અને મેડિકલ પ્રતિભાનું અદ્‌ભુત સંયોજન, વિવિધ સંસ્કૃતિના અનેક રંગો અને અંતે આત્મજ્ઞાનની તાકાતને અભિવ્યક્ત કરે છે. આજે અક્ષરધામનાં દર્શનથી મને પ્રેરણા મળી છે અને વિશ્વાસ જાગ્યો છે કે સન ૨૦૨૦ પહેલાં વિકસિત ભારતને સાકાર કરવાનું ચોક્કસ શક્ય છે – આપના જેવા લાખો પ્રજ્વલિત માનસ દ્વારા.'

આ અનુભૂતિ સાથે પોતાના વક્તવ્યને વિરામ આપતાં પૂર્વે શ્રી કલામે પ્રવચનના અંતિમ ચરણમાં આ અવસરને લક્ષમાં રાખીને પોતે લખેલી પાંચ પ્રતિજ્ઞાઓ જાહેર કરી.

हम तो सेवक, दास

આજે યોજાયેલા અક્ષરધામના લોકાર્પણ સમારોહમાં જ નહીં, પણ છેલ્લા એક મહિનાથી ધમધમતા મહોત્સવમાં આવનારા પ્રત્યેક યાત્રિક આ સંકુલ અને તેના નિર્માતા સ્વામીશ્રી માટે પ્રશંસાનાં પુષ્પો વેરી રહેલા. પરંતુ સ્વામીશ્રીએ આજે પોતાનું આ એક શ્રેષ્ઠ સર્જન વિશ્વને સમર્પિત કરતાં જણાવ્યું :

"जोगीबापा का एक संकल्प था કે जमुना के किनारे मंदिर થાય. उसकी भावना थी कि ये धाम से संस्कार मिले, शांति मिले और લોકોની અંદર राष्ट्रभावना जाग्रत हुए, समाजभावना जाग्रत हुए, ब्रह्मभावना जाग्रत हुए और लोगों का कल्याण हुए। ऐसी भावना से अक्षरधाम किया है। अक्षरधाम बनाने में कोई ऐसी बात नहीं है कि 'हम कोई से હરીફાઈ कर रहे है। हमारी बड़ाई વધી જાય, हमारा ये कार्य सब से ऊँचा है, ऐसी बात नहीं है।' दूसरे से हम ज्यादा करें, अच्छा करें – ऐसी बात भी नहीं है। हमारे (हमें) किसी से राग-द्वेष नहीं है। ये कार्य करने का यही भाव है कि सब भगवान का आश्रित हुए और कल्याण हुए।

આ अक्षरधाम बनाया है तो इसमें कोई इच्छा नहीं है कि 'हम सब से बड़ा हो जाये, हमारी दुनिया में प्रतिष्ठा बन जाय કે हम यही कार्य करके दूसरों को दिखाई दिये કે हम कैसे काम करते हैं।' ये कोई भावना नहीं है।

આ कार्य हुआ है वो भगवान स्वामिनारायण के प्रताप से हुआ है और शास्त्रीजी महाराज, योगीजी महाराज की प्रेरणा और संकल्प से और साथ में

हमारे संत लोग की बहुत बड़ी सेवा है और साथ में हरिभक्त जो देश-परदेश के हैं उस सब का सहकार, समर्पण है और भाविक लोग का सहकार है, तो कार्य हुआ है। हम तो सेवक, दास। कार्य तो ये लोगों ने किया। तो हम भगवान से प्रार्थना करते है कि इस अक्षरधाम से દરેક को प्रेरणा मिले। यहाँ जो भी आवे उसे आत्मा की शांति मिले। દરેકના માટે प्रेम की वृद्धि हो जाय। बाद में यहाँ जो सब लोग पधारें हैं उन सबका आभार मानता हूँ।

ॐ शांतिः शांतिः शांतिः..."

સ્વામીશ્રીના શબ્દે-શબ્દે સેવકભાવનો સૂર સંભળાઈ રહ્યો. તેઓના આ શબ્દો પણ અક્ષરધામની સાથે અમરત્વની દીક્ષા પામી ગયા.

આ જ સમયે અક્ષરધામ અને તેમાં બિરાજિત શ્રીજીમહારાજ તથા ગુરુપરંપરાને વધાવવા હજારો આરતીઓ પ્રજ્વલિત થઈ ઊઠી. તેનાં તેજોવલયોની વચ્ચે આજનો લોકાર્પણ સમારોહ સંપન્ન થયો.

આ મારું કાર્ય નથી

લોકાર્પણ સમારોહ બાદ સ્વામીશ્રી અને મહાનુભાવો મુલાકાત કક્ષમાં પધાર્યા ત્યારે અહીં સ્વામીશ્રી સાથે વાર્તાલાપ કરતાં શ્રી કલામ કહેવા જ લાગ્યા કે –

'સ્વામીજી! જ્યારે હું અક્ષરધામ અને આપનું કાર્ય જોઉં છું ત્યારે તેમાં મને સંઘભાવના અને હજારો ભક્તોનો પરિશ્રમ દેખાય છે. આટલો ઉત્સાહ અને આધ્યાત્મિકતા ધરાવતા સ્વયંસેવકોને આપ કેવી રીતે આકર્ષી શકો છો? મારા 'ભારત ૨૦૨૦'ના સ્વપ્નને સાકાર કરવા આવશ્યક એવા અર્થપૂર્ણ અને આધ્યાત્મિક નેતૃત્વને હું ક્યારનો ઝંખી રહ્યો છું.

સ્વામીજી! આપ સાચી આધ્યાત્મિકતાનું મૂર્તિમાન સ્વરૂપ છો. આપનામાં એટલી બધી દિવ્ય શક્તિ છે કે આ દુનિયામાં બધું જ શક્ય છે એમ મને લાગે છે. અધિક સુંદર ભારતના નિર્માણ માટે હું આપની સાથે કામ કરવા માંગું છું. સ્વામિનારાયણ ભગવાને આપના આત્મામાં સંપૂર્ણ પ્રવેશ કર્યો છે. એમાંથી આખું અક્ષરધામ સાહજિક રીતે ખીલી ઊઠ્યું.'

'આપની વાત બરાબર છે. ભગવાન જ કામ કરે છે. આ મારું કાર્ય નથી.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આ ભક્તિ, અનાસક્તિ અને અહંશૂન્યતાની ત્રિવેણી સૌને

તરબતર કરી ગઈ.

પાંચ વર્ષનો કલ્પનાતીત કાર્યકલાપ

લોકાર્પણ સમારોહ પૂર્ણ થતાં અક્ષરધામનું આંગણું છોડી રહેલા સભાસદોનાં મનમાંથી હજીયે આજનો ઉત્સવ ખસ્યો નહોતો. આજે મહાનુભાવોએ વારંવાર ઘૂંટેલું આશ્ચર્ય – પાંચ જ વર્ષમાં અક્ષરધામનું નિર્માણ! – સૌનાં મનમાં ઘોળાઈ રહેલું. પરંતુ તેઓને નવેમ્બર-૨૦૦૦માં થયેલા અક્ષરધામના શિલાન્યાસથી માંડીને આજે નવેમ્બર-૨૦૦૫માં થયેલા અક્ષરધામના ઉદ્‌ઘાટન વચ્ચેનાં પાંચ વર્ષમાં સ્વામીશ્રીએ બીજાં કેટલાં કાર્યો પૂર્ણ કર્યાં છે તેનો અંદાજ ક્યાં હતો?!

અક્ષરધામના સર્જનની સાથે-સાથે સ્વામીશ્રી પાંચ વર્ષમાં આણંદ, સાંકરી, ધોળકા, ભરૂચ, દિલ્હી, હ્યુસ્ટન, શિકાગો અને જયપુર ખાતે ભવ્ય શિખરબદ્ધ મંદિરોનાં નિર્માણ કરી ચૂકેલા, તો તેઓએ આ પાંચ વર્ષમાં જ ૧૭૪ હરિમંદિરોને પણ પૃથ્વીપટે રમતાં મૂકી દીધેલાં. આથીયે અધિક, આ પાંચ વર્ષમાં સ્વામીશ્રીએ ૧૧૦ યુવાનોને સંતદીક્ષાથી વિભૂષિત કરેલા.

વળી, ધર્મ-મંદિરો અને ચૈતન્ય-મંદિરોની આ શૃંખલામાં આરોગ્ય-મંદિરની આરાધનાનો મેળ બેસાડતાં તેઓએ પાંચ વર્ષમાં ડભોઈ, અટલાદરા અને સુરત મુકામે અદ્યતન સુવિધાસજ્જ હૉસ્પિટલો ખડી કરી દીધેલી. ચોથે ચોક પૂરતાં સ્વામીશ્રીએ ધર્મ-મંદિર, ચૈતન્ય-મંદિર અને આરોગ્ય-મંદિરની સાથે વિદ્યા-મંદિરોની કડી પણ જડેલી. તેથી આ પાંચ વર્ષના સમયખંડમાં જ તેઓ દ્વારા કરમસદ, અટલાદરા, સારંગપુર અને નાગપુરમાં સંસ્થા-સંચાલિત શાળાઓ, ભૂકંપ કે અન્ય આપત્તિગ્રસ્ત ગામોમાં ૫૧ શાળાઓ, સુરતમાં અદ્યતન છાત્રાલય અને નાગપુર, વિદ્યાનગર, સેલવાસ, ચાકુલિયા (ઓરિસ્સા) તથા ખંભાતમાં નૂતન કમ્પ્યૂટર ઇન્સ્ટિટ્યૂટ્સ કાર્યરત થઈ ચૂકેલાં.

સમાજનાં સ્વાસ્થ્ય, શિક્ષણ અને સંસ્કૃતિનાં આ જતનની સમાંતર સન ૨૦૦૦ થી ૨૦૦૫ દરમ્યાન સમાજસેવાની સરિતાના પહોળા પટે સ્વામીશ્રીએ ભૂકંપગ્રસ્ત કચ્છનાં ૧૫ ગામોમાં ૧,૭૦૦ મકાનોનું નિર્માણ, ૫૧૬ ગામોમાં રાહત સામગ્રીઓનું વિતરણ, અઢાર લાખ અસરગ્રસ્તોને ભોજન, ૯૨,૦૦૦ દર્દીઓની સારવારનાં વિરાટ કાર્યો કર્યાં. તેની સાથે તેઓએ ઓરિસ્સાના ચક્રવાત, કેન્યાના દુષ્કાળ, અમેરિકાના વાવાઝોડા અને

એશિયામાં ત્રાટકેલા ત્સુનામીના તાંડવ જેવી કંઈક કુદરતી આપત્તિઓમાં રાહતકાર્યોની પરંપરા ખડકી દીધી.

સાધુના નિયમ-ધર્મમાં સંપૂર્ણ રહીને, અંગત મિલકતરૂપે કોડીની પણ મૂડી રાખ્યા વિના, ઉંમરના ૭૯મા વર્ષથી ૮૪મા વર્ષની આવરદા દરમ્યાન, કોઈ નિશ્ચિત આવાસ કે કાર્યાલયની સુવિધા વિના, ભિન્ન ભિન્ન અભ્યાસ-આવડત, કુળ-કળા તેમ જ પ્રાંત-પ્રકૃતિ ધરાવતી હજારો વ્યક્તિઓને એક તાંતણે સુગ્રથિત રાખી, વિશ્વકક્ષાના સ્મારકનું સર્જન કરવાથી માંડી આપત્તિગ્રસ્તને સાબુ-સાવરણી પૂરી પાડવા સુધીનો કાર્યકલાપ પાંચ જ વર્ષમાં કુશળતાપૂર્વક સંપન્ન કરનારા સ્વામીશ્રી જેવા મહાપુરુષ વિશ્વે આજ દિન સુધી જોયા-જાણ્યા નથી.

સ્વયંસેવકોને લાખ-લાખ દંડવત્નું અર્ઘ્ય

તા. ૭/૧૧ના દિવસે પ્રસાર માધ્યમોનાં પાનાં-પડદા પર અક્ષરધામના લોકાર્પણ સમારોહની વિગતો જ પ્રભુત્વ ભોગવતી રહી. દરેક તંત્રી અને ખબરપત્રી પોતાની મતિ મુજબ આ શકવર્તી ઘટનાને મૂલવી રહેલા.

તે ક્રમમાં અમેરિકાની ખ્યાતનામ સમાચાર સંસ્થા CNN દ્વારા તેની વેબસાઈટ પર 'સહિષ્ણુતાનું હિંદુ મંદિર' શીર્ષક હેઠળ લખાણ મૂકવામાં આવ્યું :

> *'ભારતના મુસ્લિમ રાષ્ટ્રપતિ, શીખ વડાપ્રધાન અને વિરોધપક્ષના હિંદુ નેતાએ આજના યુગના સર્વથી મોટા હિંદુ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું. એ જ બતાવે છે કે ભારત કોમી વિવિધતા ધરાવતો દેશ છે.'*

આ રીતે દેશ-દુનિયાના ખૂણે-ખૂણેથી ઊતરતી અક્ષરધામની આરતી વચ્ચે તા. ૭/૧૧ની સાંજે અક્ષરધામ મહોત્સવની અંતિમ સભા 'નગર'ના સભાગૃહમાં શરૂ થઈ. તેમાં ઘૂઘવી રહેલા સમર્પણના સાગરમાં કોઈ છીપલું નહોતું, જે હતાં તે બધાં જ મૂલ્યવાન મોતી સમાં હતાં. જે ૮,૦૦૦ બાઈ-ભાઈ સ્વયંસેવકોએ આ વિરાટ મહોત્સવને પોતાના ખભે ઊંચકેલો તેઓ 'મારે અક્ષરધામ બનવું છે' વિચારવસ્તુ સાથે આરંભાયેલી આ સભામાં એકત્ર થયેલાં. અક્ષરધામ મહોત્સવમાં એક પણ અનિચ્છનીય બનાવ બન્યો નહોતો તેનું શ્રેય સ્વામીશ્રીના આશીર્વાદની સાથે આ સ્વયંસેવકોની સેવા અને સમજણને ખાતે જમા થતું હતું. મહોત્સવની આટલી લાંબી સમયાવધિ દરમ્યાન કોઈ અટવાયું-અથડાયું નહીં તેમાં મહત્તમ ફાળો આ કાર્યકરોની સૂઝ-શક્તિનો હતો.

તેમાંનાં કેટલાંક તો દૂર કે નિકટનાં સગાં-સ્વજનોનાં અવસાનની ખબરો મળી છતાં ફરજ ચૂક્યાં નહોતાં, તો કેટલાંક બીમારીઓના ભોગ બનવા છતાં સેવામાં મંડ્યાં રહેલાં. કો'ક નબળી આર્થિક સ્થિતિની પરવા તજીને સેવા કરવા દોડી આવેલું, તો અહીં આવીનેય સૌ સમય સામે ન જોતાં સેવા સામે જોઈને જ ઊઠતાં-બેસતાં રહેલાં. મહોત્સવમાં આવેલા કોઈ મહાનુભાવ આ સેવાભાવી, સમર્પિત અને સંગઠિત સ્વયંસેવક વૃંદથી પ્રભાવિત થયા વિના રહ્યા નહોતા. સ્વયં સ્વામીશ્રી પણ સ્વયંસેવકોની આ ગુણસંપદા જોઈ ગદ્‌ગદ બની ગયા.

એ જ ભાવમાં આજે તેઓની અમૃતધારા વહી નીકળી :

"આપે જે સેવા કરી છે તે 'ન ભૂતો ન ભવિષ્યતિ' છે. આપણે અત્યાર સુધી સેવાઓ કરી છે એનો આ કળશ ચડી ગયો છે. અક્ષરધામની સેવા મળી એ નાની-સૂની વાત નથી. તમે જે સેવા કરી છે એ મહાન સેવા છે, મોટામાં મોટી સેવા છે, અંતરે સુખ-શાંતિ રહે અને અંતે મહારાજની સેવામાં બેસાય એવી સેવા છે. અનંત જન્મના લખચોરાશીના ફેરા ટળી જાય એવી આ સેવા છે. પોતાના ઘરનું કામકાજ, નોકરી-ધંધો બધું મૂકી દીધું. શરીરની તકલીફો હોય એ પણ આવ્યા ને સેવા કરી. કોઈ જાતનો વિચાર કર્યા વિના બે, ચાર, છ મહિના ને વરસ સુધી સેવા કરી. આ સમૈયામાં આપ બધાએ લોયા-૩ (વચનામૃત) સિદ્ધ કર્યું છે. શરીર સામે અને સંસાર સામે જોયું નથી. શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ રાજી થઈ અક્ષરધામમાં બેસાડી દેશે એવી આ સેવા છે. એ સેવાનું કોઈ મૂલ્ય થઈ શકે નહીં.

'આપણે દિલ્હી ગયા ને અક્ષરધામની સેવા કરી છે' એ દરરોજ યાદ કરવાનું. આ જે સેવા કરી છે એ માટે આપ સર્વને ધન્યવાદ છે. આ તમારી સેવાને માટે ઘણું કરીએ તો પણ ઓછું છે. તમને લાખ-લાખ દંડવત્ કરીએ તો પણ ઓછા છે. તમે જે કર્યું એનો કોઈ બદલો આપી શકાય એમ નથી. આ પ્રસંગે આવ્યા ને કંઈ ખાવા-પીવામાં, કામકાજમાં, રહેવા-કરવામાં મુશ્કેલી થઈ હોય તો માફ કરજો. રાજી રહેજો."

સેવાના શિરપાવરૂપ આ શબ્દોએ સ્વયંસેવકોનાં અંતર વલોવી નાંખ્યાં. તેમાંથી ઊઠેલી ઊર્મિઓ હારતોરારૂપે સ્વામીશ્રીના કંઠે વીંટળાવા માંડી.

તે વખતે સ્વામીશ્રીના અંતરમાં પણ સદ્‌ગુરુ સંતોને સન્માનવાનો ઉમળકો જાગ્યો. તેથી તેઓએ ઈશ્વરચરણદાસ સ્વામીને કહ્યું : 'મારા વતી

સદ્‌ગુરુ સંતોને હાર પહેરાવો.' તે અનુસાર મંચ પર ઉપસ્થિત મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી અને વિવેકસાગરદાસ સ્વામીને પુષ્પહારથી સત્કારવામાં આવ્યા. છેલ્લે ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને પણ ભવ્ય પુષ્પમાળા અર્પણ કરી. તે હાર સ્વામીશ્રીએ તેઓને સામે પહેરાવી પ્રસન્નતા દર્શાવી.

તે પછી આરંભાયેલી આરતી અધવચ્ચે પહોંચી હશે ત્યાં જ સ્વામીશ્રીએ સંતોને સૂચના આપી : 'મારે ઈશ્વરચરણ સ્વામીને હાર પહેરાવવો છે.'

'હમણાં આપે પહેરાવ્યો ને !'

'એ તો એમના તરફથી હાર હતો. મારા તરફથી તો હજી બાકી છે ને !' સ્વામીશ્રી બોલ્યા.

આ ભાવના સાથે તેઓએ અક્ષરધામના વિરાટ પ્રકલ્પનું સફળતાપૂર્વક સંયોજન સાધનારા ઈશ્વરચરણદાસ સ્વામી પર પોતાનો કૃપાકુંભ ઢોળતાં તેઓને આરતી બાદ ઊભાં-ઊભાં જ હાર પહેરાવી આશ્લેષમાં લીધા. આ સમયે સ્વામીશ્રીનું મુખારવિંદ અતિ ભાવાર્દ્ર બની ગયું. એ જ સ્થિતિમાં ઉદ્‌ઘોષક દ્વારા બુલંદ સ્વરે ગજાવાયેલી 'દિલ્હી અક્ષરધામ મહોત્સવની જય' ત્રણ વાર ઝીલી સ્વામીશ્રીએ આ મહાન ઉત્સવને શાશ્વતીની ફ્રેમમાં મઢી દીધો. તે સાથે જ છેલ્લાં દોઢ વર્ષથી પ્રત્યેક સત્સંગીના હૃદયનો ધબકાર બની ગયેલા અક્ષરધામ મહોત્સવના જયનાદે પણ આકાશમાં ઓગળી અનંત સાથે મૈત્રી સાધી લીધી.

પ્રભાવના પુરાવા

તા. ૮/૧૧ના રોજ અક્ષરધામનાં દ્વાર વિશ્વવાસીઓ માટે ખૂલતાં જ જેમ બંધનાં બારણાં ઊઘડતાં પાણીનો પ્રવાહ ધસમસતો વહેવા માંડે તેમ માનવપૂર અક્ષરધામના આંગણે ઊમટવા લાગ્યું. તેમાં બે અતિથિઓ વિશિષ્ટ બની રહ્યા. એકને તો રાષ્ટ્રપતિ શ્રી કલામે જ અહીં મોકલેલા. તેઓએ ગઈકાલે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા ભોજન સમારંભમાં ઝેક દેશના રાષ્ટ્રપ્રમુખનાં પત્નીને ભલામણ કરેલી કે 'બીજા કાર્યક્રમ રદ કરીને પહેલાં અક્ષરધામ જોઈ આવો.' તે અનુસાર આજની સવારે સાડા આઠ વાગ્યે શ્રીમતી લિવિઆ અક્ષરધામના દરવાજે આવી ચૂકેલાં.

બીજા મુરબ્બી શ્રી લાહોટી એક અઠવાડિયા પૂર્વે જ સુપ્રીમ કૉર્ટના મુખ્ય ન્યાયમૂર્તિના પદેથી નિવૃત્ત થયેલા. આ ન્યાયાધીશે આજની સાંજે

સ્વામીશ્રીને જણાવ્યું : 'परसों मैं उपराष्ट्रपति के वहाँ गया था। वहाँ प्रधानमंत्री मिलें। उन्होंने प्रसन्न हो के कहा कि – अक्षरधाम बहुत बड़ा काम हुआ है!'

વડાપ્રધાનની સિફારિશથી જ શ્રી લાહોટી આજે અહીં આવી પહોંચેલા.

અક્ષરધામના આવા અમીટ પ્રભાવને અનુભવતાં જાણીતા સાહિત્યકાર શ્રી ગુણવંત શાહે પણ તા. ૧૦/૧૧ની સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજા દરમ્યાન સભાને સંબોધતાં જણાવ્યું :

'અક્ષરધામના મંદિરમાં એક પણ થાંભલો એવો નથી, જે કલાશૂન્ય હોય! આ પવિત્ર સ્થાનકમાં એક પણ કલાક એવો નથી, જે ઉત્તમ કક્ષાના મૅનેજમેન્ટનો સ્પર્શ ન પામ્યો હોય! અહીં એક પણ ખૂણો એવો નથી, જે માનવસેવાની સુવાસથી વંચિત હોય! સ્વામિનારાયણના સંતો ને ભક્તોની માનવસેવા જ્ઞાતિ અને કોમથી પર હોય છે. એ હકીકતમાં મને ઉદાત્ત હિંદુત્વનાં દર્શન થાય છે.

આદરણીય પ્રમુખસ્વામીજીની નિર્મળ આંખોને નજીકથી નિરખવાનું બને ત્યારે બાળસહજ સરળતા અને કિસાનસહજ સ્નેહભાવ પ્રગટ થતો દીસે છે. પ્રમુખસ્વામીમાં રહેલાં સરળતા, સમત્વ અને સૌજન્યને કારણે સ્વામિનારાયણ સંપ્રદાયને પણ માનવધર્મની દીક્ષા પ્રાપ્ત થઈ છે.'

અહીં ટીકાને કોઈ જ અવકાશ નથી

'यहाँ अक्षरधाम में जो अनुभूति हो रही है उसका शब्दों से वर्णन असंभव है। प्रधानमंत्री यहाँ आये थे। उन्होंने भी मुझे बोला था कि – ऐसा स्थान मैंने कहीं नहीं देखा है। उसकी सुरक्षा की पूरी व्यवस्था करो।'

– અક્ષરધામ વિષે આ અનુભવ વહાવી તા. ૧૩/૧૧ની બપોરે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી શિવરાજ પાટીલે વિદાય લીધી.

તેઓને અનુસરતાં આ જ દિવસની સાંજે જગવિખ્યાત વ્યંગ-ચિત્રકાર શ્રી આર. કે. લક્ષ્મણ અક્ષરધામના દરવાજે આવી પહોંચ્યા. રાષ્ટ્રપતિ ભવનના અતિથિ બનેલા આ પ્રતિભાવાન કાર્ટૂનિસ્ટને અહીં આવવાની પ્રેરણા આપનાર રાષ્ટ્રપતિ શ્રી કલામ હતા.

અલબત્ત, આ પ્રસિદ્ધ ચિત્રકારનું આજે અક્ષરધામમાં આવવું એ તેઓની પત્ની માટે વિસ્મયનો વિષય બનેલું. પોતાના પતિની પ્રકૃતિને જાણનારી એ સન્નારીનું કહેવું હતું કે 'મારા પતિ એક સ્થાનમાં બે વખત

તો જતા જ નથી. તેઓ અહીં બીજી વાર આવ્યા એ ખરેખર અક્ષરધામનો ચમત્કાર છે !'

પરંતુ ગઈકાલે અડધી આઇ-મેક્સ ફિલ્મ નિહાળનારા શ્રી લક્ષ્મણના મન પર નીલકંઠવર્ણીની પ્રતિભા કબજો જમાવી ચૂકેલી. તેથી પદ્મવિભૂષણના ખિતાબથી અલંકૃત તેઓએ સંદેશો મોકલાવેલો કે 'હું આખી ફિલ્મ અને બીજું બધું પણ શાંતિથી જોવા કુટુંબ સહિત આવું છું.'

તે અનુસાર આજે આવી ગયેલા આ અતિથિ શારીરિક તકલીફને કારણે વ્હીલચૅરમાં બેસીને સઘળે ઘૂમી રહેલા. પરંતુ સંસ્કૃતિવિહાર પ્રદર્શનના દ્વારે મૂંઝવણ ઊભી થઈ. અહીં તેઓને વ્હીલચૅરમાંથી ઊભા કરી નૌકામાં બેસાડવા પડે એમ બન્યું ! તેમ કરતી વખતે પહોંચેલી હાલાકીથી શ્રી લક્ષ્મણના મુખેથી સિસકારો નીકળી ગયો. તે જોઈ સંતોએ સહાનુભૂતિ દર્શાવી કે 'તમારું આ કષ્ટ જોઈ અમને દુઃખ અને દિલગીરી થાય છે. આપ નૌકાવિહારમાં ન બેસો તો સારું !'

'દુઃખ તો થોડી ક્ષણો માટેનું હોય છે, પણ આવી અનુભૂતિ શાશ્વત હોય છે. માટે દુઃખને ગણકારશો નહીં. મારે આ જોવું જ છે.'

શ્રી લક્ષ્મણનો આ અભિપ્રાય સાંભળી સૌને થયું : 'અક્ષરધામે 'ધ કૉમન મૅન'ના[૨૭] આ રચયિતા પર અનકૉમન (અસાધારણ) કામણ પાથરી દીધાં છે !'

આ જ સ્થિતિમાં શ્રી લક્ષ્મણ સર્જન બાદ સર્જકને મળવા સ્વામીશ્રીના નિવાસસ્થાને આવ્યા. અહીં તેઓની વ્હીલચૅર સ્વામીશ્રી સમક્ષ ગોઠવાઈ, પરંતુ અત્રે પણ કંઈક અસાધારણ બનવા લાગ્યું. અક્ષરધામની અનુભૂતિને વાણીથી વર્ણવવા અસમર્થ બનેલા આ વિચક્ષણ કલાકાર થોડીક જ ક્ષણોમાં તો અશ્રુઓ દ્વારા પોતાની લાગણી વહાવવા લાગ્યા. મેગ્સેસે ઍવૉર્ડ મેળવનારા આ ૮૪ વર્ષના કલાકારનું આમ ધ્રુસકે ને ધ્રુસકે રડવું એ આસપાસ ઊભેલા સૌ માટે અકળ આશ્ચર્ય બની રહ્યું. અક્ષરધામે આજે એક નવા આર. કે. લક્ષ્મણનું સર્જન કરી દીધું હતું. એ શ્રી લક્ષ્મણ આજે સ્વામીશ્રી સમક્ષ એટલું જ બોલી શક્યા : 'Nothing to say.' – 'હું કંઈ જ કહી શકું તેમ નથી !'

---

૨૭. વિવિધ ક્ષેત્રની વિસંગતિ પર વ્યંગ કરી બોધ આપવા શ્રી લક્ષ્મણે રચેલું એક કાલ્પનિક પાત્ર. તે પચાસ વર્ષથી વધુ સમય સુધી રોજ 'You said it by Laxman'ની નોંધ સાથે અંગ્રેજી અખબાર ધ ટાઈમ્સ ઑફ ઇન્ડિયાના પ્રથમ પાને છપાતું રહેલું.

આ સમયે વાતાવરણમાં છવાઈ ગયેલું તેઓનું મૌન તેઓએ પ્રતિભાવપોથીમાં લખેલા આ શબ્દોનો પડઘો પાડી રહ્યું કે 'હું દુનિયાના ખૂણે-ખૂણે ફર્યો છું, પરંતુ આવી અનુભૂતિ મને ક્યારેય થઈ નથી!'

હૃદયના આ ભાવને કેટલીયે ક્ષણો સુધી મૌન તથા આંસુઓ દ્વારા જ વાચા આપ્યા બાદ શ્રી લક્ષ્મણે ઉચ્ચાર્યું: 'Everything around here is very unique.' – 'અહીં ચારેકોર ફેલાયેલું સઘળું અદ્વિતીય છે.'

થોડી વારે વધુ સ્વસ્થ થતાં તેઓ બોલ્યા: 'આમ તો મારો ટીકાખોર સ્વભાવ છે, પરંતુ અહીં સ્મારક, પ્રદર્શન, ફુવારો કે એક પણ વસ્તુ એવી નથી કે જેની ટીકા થઈ શકે. મેં દરેકની ટીકા કરી છે, પણ અહીં ટીકાને કોઈ જ અવકાશ નથી.'

આ પ્રમાણપત્ર સાથે સ્વામીશ્રીનો સ્વાનુભવ વર્ણવતાં પણ શ્રી લક્ષ્મણે કહ્યું: 'સ્વામીશ્રીને મળ્યાની અનુભૂતિ એવી હતી કે જાણે હું શાંતિના મહાપ્રવાહમાં ખાબકી પડ્યો હોઉં. તેઓની સંવેદનાત્મક અને અસરકારક સંનિધિમાં મારું હૃદય ભરાઈ આવ્યું. મારા જીવનમાં આવું ક્યારેક જ બનતું હોય છે.'

આ ઊર્મિઓ સાથે સ્વામીશ્રીના ઓરડાની બહાર નીકળેલા શ્રી આર. કે. લક્ષ્મણે પાંચ વાર 'પ્રમુખસ્વામી' નામનો ઉચ્ચાર કરી વિદાય લીધી ત્યારે તેઓ સહિત સૌ એક અનકૉમન (અસાધારણ) અનુભવની આબોહવામાંથી પસાર થઈ રહ્યા.

આખી આલમમાં અક્ષરધામનો અમલ

તા. ૧૫/૧૧ની સવારે અક્ષરધામની મુલાકાત અને સ્વામીશ્રીનાં દર્શને આવેલા સુપ્રિમ કૉર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી વાય. કે. સબરવાલને અહીં આવવાની પ્રેરણા આપનારા હતા – રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન!

આ બંને ટોચના પદાધિકારીઓની ભલામણથી અત્રે પહોંચેલા શ્રી સબરવાલને ઊભા થઈને સન્માનવાની ઇચ્છા સ્વામીશ્રીની હતી, પરંતુ આ ન્યાયમૂર્તિએ તો આવતાંવેંત સ્વામીશ્રીનાં ચરણોમાં સ્થાન લઈ લીધું. તેઓને પુષ્પહાર પહેરાવી સ્વામીશ્રીએ આવકાર્યા ત્યારે શ્રી સબરવાલ બોલી ઊઠ્યા: 'आपने सारे देश के लिये तो क्या, विश्व के लिये एक प्रेरणाधाम बना दिया है। हमारी पुरानी हिस्ट्री (इतिहास) देखने से अपने आप गौरव जाग उठा।

स्वामीजी! आपको सारी ह्युमेनिटी (मानवजात) याद रखेंगी। आनेवाली नसलें आपको याद रखेंगी। ये नहीं किया होता तो पूरी संस्कृति का गौरव चला जाता।'

સુપ્રીમ કૉર્ટના મુખ્ય ન્યાયાધીશનો આ ચુકાદો સર્વાનુમતે સૌએ શિરે ચઢાવ્યો છે તેનો પુરાવો પણ આ અરસામાં મળી આવ્યો.

અહીં અક્ષરધામમાં ગાઈડ (માર્ગદર્શક) તરીકે સેવા આપતા સ્વયંસેવકોને બપોરની ગરમીમાં રાહત મળે તે હેતુસર ટોપીઓ ખરીદવાની હતી. તે માટે નિલેશ ટાંક વગેરે સ્વયંસેવકો દિલ્હીની એક દુકાનમાં ચડ્યા.

તેઓનો એકસમાન ગણવેશ જોઈ દુકાનદારે કુતૂહલવશ પૂછ્યું : 'कहाँ से आते हो?'

'अक्षरधाम से।'

'नोईडा ब्रिज़ पर है वही ना! प्रमुखस्वामी का अक्षरधाम?'

'जी, हाँ। वही।'

'आपको कितनी कैप चाहिये?'

સ્વયંસેવકોએ પોતાની જથ્થાબંધ જરૂરિયાત જણાવી. ત્યારે એ દુકાનદાર બોલ્યા : 'आपको जितनी चाहिये, अच्छी से अच्छी ले लीजिये।'

'किन्तु कीमत क्या रहेगी?'

'आपको जितने रुपये देने है, उस ड्रोअर में रख दीजिये। मैं बाहर खड़ा हूँ।'

દુકાનદારની આ ઉદારતા જાણવા છતાં સ્વયંસેવકોએ કિંમત જાણવા આગ્રહ કર્યો, ત્યારે એ વેપારીએ જણાવ્યું : 'अगर आप पचास पैसे रखेंगे तो भी चलेगा। ये मेरी और से अक्षरधाम की खिदमत मान लूंगा।'

'आपका नाम?'

'आलम।'

આ એક આલમ નહીં, પણ આખી આલમને આજે અક્ષરધામનો અમલ ચઢી ગયેલો. પ્રત્યેક વર્ગને અક્ષરધામ આગવું અને અમારું અનુભવાઈ રહેલું.

આપણે તો કાયમ તુષ્ટા, તુષ્ટા ને તુષ્ટા

તા. ૧૮/૧૧ની રાત્રે શરદીના પ્રકોપમાં રાહત રહે તે માટે ગરમ વરાળનો નાસ લઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ કેટલાક ઉદ્દંડ મનુષ્યોની વાતો

નીકળી. તે સંદર્ભમાં કો'ક બોલ્યું: 'અમુકને ક્ષણે રુષ્ટા ક્ષણે તુષ્ટા (ઘડીકમાં ખીજે, ઘડીકમાં રીઝે) જેવું હોય.'

આ સાંભળી સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે તો કાયમ તુષ્ટા (રાજી), તુષ્ટા ને તુષ્ટા; એટલે વાંધો જ ન આવે. આપણે તો જ્યાં બેસાડે ત્યાં બેસી જવાનું, ખુરશી હોય કે ન હોય! આપણે તો ભોંયપથારી પણ ચાલે.'

આ સરળતા અને સહજ આનંદ સાથે વિચરતા સ્વામીશ્રી પાસેથી હવે મહોત્સવમાં સેવા કરવા આવેલા સારંગપુરના દોઢસો સંતો તા. ૧૯/૧૧ની બપોરે વિદાય લઈ રહેલા. તે સૌ ક્રમશઃ દર્શને આવવા લાગ્યા, ત્યારે સ્વામીશ્રીના હોઠેથી ઉદ્‌ગાર સરી પડ્યો: 'બસ! જાવ છો? અમારે તો અહીંયાં બધું ખાલી ખાલી થઈ જશે!'

આ સાંભળી સંતોનાં હૈયાં ભરાઈ આવ્યાં.

'સંત સહુ મને પ્રાણથી પ્યારા...' સમજતા સ્વામીશ્રીને સંતોનો સહવાસ ખૂબ ગમતો.

પરિવર્તનનું પ્રહરી

અક્ષરધામ તરફ દિન-પ્રતિદિન વધી રહેલા સૌના અનુરાગનું માપ અહીં ઊમટતા માનવ-મહેરામણની રોજેરોજ વધતી સંખ્યા પરથી નીકળતું. ન કેવળ આ આંકડા, પરંતુ વિવિધ દેશ, ધર્મ, માન્યતા વગેરેને વરેલી વ્યક્તિઓના અત્રે આવી બદલાતા આચાર-વિચાર પરથી પણ અક્ષરધામનો પ્રભાવ પરખાતો.

તેના ઉદાહરણરૂપે, ઇન્ડિયન ઍરલાઇન્સના સામયિક 'સ્વાગત'નાં પત્રકાર પ્રીતિ વર્માલાલ તા. ૨૦/૧૧ના રોજ અક્ષરધામમાં પ્રવેશ્યાં. તેઓએ પરિસરમાં પગ મૂકતાં જ સ્વયંસેવકોને કહી દીધું: 'I don't believe in God.' – 'હું ભગવાનમાં માનતી નથી.' પરંતુ અક્ષરધામ નિહાળ્યા બાદ તેઓએ અભિપ્રાય લખી જણાવ્યો:

'અહીંનાં અદ્‌ભુત સ્થાપત્ય-સૌંદર્યથીયે વિશેષ તો અક્ષરધામની મુલાકાત મારા માટે અંતર્દૃષ્ટિની ક્ષણ બની રહી છે. આ સ્થાને મને આત્માને સ્વચ્છ કરવાનો અવસર મેળવી આપ્યો છે.'

આમ, અક્ષરધામ નાસ્તિકને આસ્તિક, તો આસ્તિકને ભાવિક બનાવી રહેલું. અહીં આવી કેટલાંય પતિ-પત્ની કે પિતા-પુત્ર પોતાની ફરજથી સભાન

થવા માંડેલાં. અત્રે કો'કની યુવાનીને શાણપણની પાંખો ફૂટી નીકળતી, તો કો'ક પોતાના સ્વભાવ પર કાબૂ મેળવવાનો કીમિયો શીખતું. ક્યાંક મનોરંજન મળતું, તો ક્યાંક મનોમંજન પણ થતું.

આ અક્ષરધામ દ્વારા કોઈ દિલ્હીને, કોઈ દેશને તો કોઈ દુનિયાને ભાગ્યવંત લેખતું. મૂર્તિમંડપમાં બિરાજેલા શ્રીજીમહારાજ સમક્ષ તો *'મૂર્તિમાં ચોંટિયું ચિત્ત, કોઈ પાછા ન વળે ખચિત...'*નો માહોલ સર્જાઈ જતો.

પરમેનન્ટ પ્રોજેક્ટ (કાયમી કામ)

સૌને ન કેવળ આકર્ષી રહેલા, પરંતુ પરિવર્તિત કરી રહેલા અક્ષરધામનાં દર્શને તા. ૨૦/૧૧ની બપોરે ખ્યાતનામ વૈજ્ઞાનિક શ્રી રઘુનાથ માશિલકર આવી પહોંચ્યા. ફેલો ઑફ રોયલ સોસાયટીનું બહુમાન પામેલા આ મહાનુભાવ વિજ્ઞાન અને ઉદ્યોગના ક્ષેત્રે સંશોધન કરી રહેલી કાઉન્સિલ(CSIR)ના નિયામકપદે ફરજ બજાવતા હતા. તેઓ સ્વામીશ્રી પાસે આવ્યા ત્યારે બેસવા માટે ખુરશી તૈયાર હતી, પણ સ્વામીશ્રીનાં ચરણોમાં જ આસન જમાવી તેઓએ કહ્યું: 'मुझे मेरे २०,००० वैज्ञानिकों को यह अक्षरधाम दिखाना है। मेरे भीतर यह देखकर गौरव जाग उठा है कि – मैं हिन्दू हूँ और भारतीय हूँ।'

આ સમયે શ્રી માશિલકરનો પરિચય આપતાં તીર્થસ્વરૂપદાસ સ્વામી બોલ્યા: 'બાપા! આ સાહેબને પચાસેક પ્રતિષ્ઠિત ઍવોર્ડ્સ મળ્યા છે, પણ આથીયે શ્રેષ્ઠ ઍવોર્ડ મળે તેવા આપ આશીર્વાદ આપો.'

આ સાંભળતાં જ શ્રી માશિલકરે જણાવ્યું: 'आज मुझे स्वामीजी के चरणों में बैठने का मिला वह मेरे लिए सबसे बड़ा ऍवोर्ड है।'

આ અહોભાવ સાથે વિદાય થયેલા આ વિખ્યાત વૈજ્ઞાનિકે અહીં ભોજન લેતી વખતે સાથે ઊભેલા સ્વયંસેવકોને પણ કહ્યું: 'स्वामीजी के चरणस्पर्श से मुझे शांति का अनुभव हुआ। उनके चेहरे पर क्या तेज़ है! वे दिव्य है। स्वामीजी को मिलने से मेरे जीवन के सौ साल बढ़ गये हो ऐसा मुझे आनंद हुआ।'

સ્વામીશ્રીનું આવું દિવ્ય સાંનિધ્ય આજની સાંજે અક્ષરધામની પ્રદક્ષિણાને સાંપડ્યું. આ સમયે પરિક્રમાના બીજા માળે પધારેલા તેઓએ અહીંથી સમગ્ર પરિસરને નિહાળતાં નિહાળતાં વિશેષ વ્યવસ્થા અંગે સૂચનો આપ્યાં. એ જ રીતે સ્વામીશ્રીએ તા. ૨૧/૧૧ની સવારે ગજેન્દ્ર પીઠની

વિલક્ષણતાઓનું નિરીક્ષણ કર્યું.

ત્યારબાદ ઉતારે પધારેલા તેઓ પાસે તા. ૨૪/૧૧ની સાંજે વિશ્વપ્રસિદ્ધ હાર્ટ સર્જન ડૉ. સુબ્રહ્મણ્યમ્ ઉપસ્થિત થયા. તેઓએ અક્ષરધામનાં દર્શનની સ્વાનુભૂતિ રજૂ કરી કે 'હું અક્ષરધામમાં પ્રવેશ્યો અને શાંતિ સિવાય જાણે કે બધી જ વસ્તુઓ અંતરમાંથી નીકળી ગઈ હોય એવા અનુભવો થયા.'

આટલું કહી તેઓએ સ્વામીશ્રીને માર્મિક પ્રશ્ન પૂછ્યો કે 'આપનો હવે પછીનો પ્રોજેક્ટ કયો છે ?'

'સત્સંગ કરાવવો, ભજન કરવું-કરાવવું, વિશ્વમાં શાંતિ પ્રસરે, સૌમાં ભક્તિ વધે ને સારી ભાવના થાય એ પ્રોજેક્ટ ચાલુ જ છે અને સાથે-સાથે આ મંદિરો થતાં જાય છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

છેલ્લા દોઢેક મહિનાથી અક્ષરધામના સર્જક તરીકે સતત ફૂંકાઈ રહેલા પોતાની પ્રશંસાના પવન વચ્ચે પણ સ્વામીશ્રી પોતાનું ધ્યેય – ભજન અને પરોપકારમાંથી તસુભાર ડગ્યા નહોતા.

સ્વામીશ્રીના ચહેરાની આજુબાજુ ભગવાનની આભા

તા. ૨૭/૧૧ની બપોરે આશરે સવા બાર વાગ્યે સુપ્રીમ કૉર્ટના ન્યાયાધીશ શ્રી સી. કે. ઠક્કરને લઈ આવેલી ગાડી અક્ષરધામના પરિસરમાં ઊભી રહી ત્યાં જ આ ન્યાયમૂર્તિ પોતાનાં કૉટ અને ટાઈ કાઢવા લાગ્યા. તે જોઈ સંતોએ કારણ પૂછ્યું, ત્યારે આ જજ બોલ્યા : 'સંતનાં દર્શને જઈએ ત્યારે આવાં હોદ્દા કે માન રાખવાનાં ન હોય.'

આ શબ્દોમાંથી સ્વામીશ્રી વિષેના તેઓના સ્નેહ અને આદર નીતરી રહ્યા. પોતાનો આ અહોભાવ સહેતુક છે તે જણાવતાં તેઓએ સ્વામીશ્રીને પોતાના જીવનનો એક ઘટનાક્રમ સંભળાવી કહ્યું : 'આજે આપના પ્રતાપે હું સુપ્રીમ કૉર્ટનો જસ્ટિસ છું.'

આટલું કહી શ્રી ઠક્કરે ઉમેર્યું : 'અક્ષરધામમાં આંતકવાદી હુમલો થયો તે વખતે હું મુંબઈમાં હતો. આ ઘટનાનું ટી.વી. પર પ્રસારણ થઈ રહેલું. ગુજરાતના માણસ તરીકે મારી સાથેના જે જજ હતા તેઓ મને કહેતા હતા કે 'પ્રમુખસ્વામીએ પગલાં લેવાં જોઈએ.' પરંતુ એ અરસામાં આપે ચોખ્ખી 'ના' પાડી દીધી. આપની આ સાધુતા પછી હું અત્યંત પ્રભાવિત હતો. પહેલાં મને આપના પ્રત્યે માન હતું, પછી પૂજ્યભાવ હતો, પણ આ પ્રસંગ થયા પછી હું

માનું છું કે 'આપ ભગવાનની કક્ષામાં આવો એ હદે સત્પુરુષ છો.' મને એ હદે માન વધી ગયું છે.'

આ અપ્રતિમ આદરનો પ્રતિભાવ આપતાં સ્વામીશ્રીએ તો એટલું જ જણાવ્યું : 'ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા જ છે કે 'કોઈ મારે કે તાડન કરે તો તે સહન કરવું અને તેના હિતનો વિચાર કરવો.' સાધુનો આ જ ધરમ છે.'

આ સાંભળી શ્રી ઠક્કર બોલ્યા : 'क्षमा वीरस्य भूषणम् – ક્ષમા શૂરવીરનું ઘરેણું છે – એ બધી કહેવાની વાતો થાય. બાકી કરવાનું આવે ત્યારે આ બધું ભૂલી જવાય છે. પણ તે આપે કરી બતાવ્યું છે !'

'બધું ભગવાન કરાવે છે. એમની પ્રેરણાથી થાય છે.'

'મને તો આપના ચહેરાની આજુબાજુ ભગવાનની આભા દેખાય છે.' જજે જજમેન્ટ આપી દીધું.

અક્ષરધામ પરના આતંકી હુમલા વખતે સ્વામીશ્રીએ દાખવેલી સ્વસ્થતા અને સાધુતા ઇતિહાસની એક અમર તવારીખ બની જન-જનના હૃદયમાં કોતરાઈ ગયેલી. તેને વાગોળતાં કોઈ થાક્યું નહોતું અને થાકશે પણ નહીં ![૨૮]

પત્રવ્યવહારમાં પ્રેમ અને પરિશ્રમ

તા. ૨૭/૧૧ની રાત્રે ભોજન બાદ સ્વામીશ્રી સમક્ષ મહોત્સવના જાહેર સંપર્ક વિભાગમાં સેવા આપનારા સંતો બેઠા હતા. તેઓએ વાર્તાલાપના એક વળાંકે સ્વામીશ્રીને પૂછ્યું : 'આપે શાસ્ત્રીજી મહારાજના સંતો સાથે પણ કામ કર્યું છે અને અત્યારે અમારા જેવા નાના સંતો સાથે પણ કામ કરો છો. દરેકની સાથે આપ પ્રેમથી કામ કરી શકો છો એનું રહસ્ય શું છે ?'

'દરેકને નમતા રહીએ, દરેકનું મન સાચવીએ, કોઈની રાવ-ફરિયાદ કરીએ નહીં, દરેકનો મહિમા સમજીએ એટલે વાંધો ન આવે. દરેકના સ્વભાવ ઓળખી રાખવા કે આ એનો સ્વભાવ છે. પછી મનમાંથી કાઢી નાંખવું. યાદ રાખીએ કે બીજાને વાત કરીએ એ લાંબું ચાલે. જેટલું યાદ રાખીએ એટલું દુ:ખ. વચનામૃત, કથા-વાર્તા, જ્ઞાન એ યાદ રાખવું. દુનિયાનું ભૂલવું.'

---

૨૮. અક્ષરધામની અટારીએથી આ આહ્લાદક અને પ્રેરણાદાયક સંકુલની ગરિમા માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

સ્વામીશ્રી બોલ્યા.

આ શૈલી સાથે કાર્યરત તેઓ દિલ્હીમાં દિગ્વિજય કરી તા. ૧/૧૨ની સાંજે કલકત્તા આવી પહોંચ્યા. આ પૂર્વ પ્રદેશને તેઓની કાર્યપદ્ધતિનું એક અપૂર્વ દર્શન લાધ્યું.

આ અરસામાં સ્વામીશ્રી પર નવસારીના ભાવિક શ્રી ચંદ્રકાંતભાઈ વખારવાલાનો પત્ર આવેલો, પરંતુ ટપાલમાં અક્ષર ગરબડિયા હોવાને કારણે સ્વામીશ્રી અને તેઓના પત્ર-પરિચારક તે ન ઉકેલી શક્યા. છતાં સ્વામીશ્રી ન ધખ્યા, ન કંટાળ્યા. તેઓએ નવસારીમાં રહેતા સંતોને આ વ્યક્તિનો સંપર્ક સાધી તેઓની વિગત મેળવી પોતાને જણાવવા કહ્યું. આ રીતે તે વ્યક્તિની મુશ્કેલી જાણનારા સ્વામીશ્રીએ તા. ૨/૧૨ના રોજ આ મુરબ્બીને પત્ર લખી જણાવ્યું: 'વહેવાર સુધરે, દેશ-કાળ સારા થાય, દેવું છે તે દૂર થાય તે માટે પ્રાર્થના કરી છે.'

વિશ્વપ્રસિદ્ધ અક્ષરધામના નિર્માતા તરીકે અઢળક સન્માન રળ્યા પછી પણ સાધારણ આદમીના કામમાં કેવી ચીવટ! અક્ષરધામના નિર્માણનો અમલ ન ચઢ્યો હોય કે કોઈ પણ વ્યક્તિ સામાન્ય દરજ્જાની ન જણાતી હોય અગર તો પ્રત્યેક કાર્ય ભગવાનને પ્રસન્ન કરવાના ભાગરૂપે થતું હોય તો જ આટલી સૂક્ષ્મ કાળજી સંભવે. આવી દરકાર સાથે સાત લાખથીયે વધુ પત્રો વાંચનાર-લખનાર હતા સ્વામીશ્રી!

જ્યાં જઈએ ત્યાં ઘર

કલકત્તામાં હિમાંશુભાઈ અજમેરાના ઘેર રોકાયેલા સ્વામીશ્રીને મળવા તા. ૪/૧૨ની સવારે શ્રી રૂસી મોદી આવ્યા. ઍર ઇન્ડિયા અને ઇન્ડિયન ઍરલાઈન્સના ચૅરમેનપદે રહી ચૂકેલા આ મહાનુભાવે સ્વામીશ્રીને વાતવાતમાં પૂછ્યું: 'આપનું પરમેનન્ટ હોમ (કાયમી ઘર) ક્યાં છે?'

'પૂરી દુનિયા!' આમ કહેતાં સ્વામીશ્રીએ પોતાનો જમણો હાથ અધ્ધર કરી પહેલી આંગળી હવામાં ગોળ-ગોળ ફેરવી.

આ જવાબ ૮૮ વર્ષીય શ્રી મોદીને નવાઈ ઉપજાવી ગયો. સો એકરમાં પથરાયેલા વિરાટ અક્ષરધામના વિશ્વકર્માને પોતાનું કહી શકાય એવું કોઈ ઘર નથી તે જાણી એ મુરબ્બી બોલ્યા: 'એટલે તમારું ઘર જ નથી, એમ ને?!'

'જ્યાં જઈએ ત્યાં ઘર.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ અનાસક્તિ અને આત્મીયતાથી વિચરતા તેઓએ તા. ૭/૧૨ની સવારે જોકામાં નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરની કાર્યવાહીનું નિરીક્ષણ કર્યું. આ મંદિરનો પ્રથમ સ્તંભ તા. ૮/૧૨ની બપોરે તેઓના વરદહસ્તે મુકાયો.

આજનો દિવસ તિથિ અનુસાર સ્વામીશ્રીના જન્મદિનનો હતો, પરંતુ અક્ષરધામના મહોત્સવમાં જ પોતાના જન્મોત્સવને વિલીન કરી દેનારા તેઓની સૂચના અનુસાર આજે જન્મજયંતી સંબંધી કોઈ વિશેષ આયોજન ન થયું. સ્તંભરોપણ વિધિ જ આજના ઐતિહાસિક દિવસની મુખ્ય ઘટના બની રહી.

આમ, શક્ય એટલી તમામ રીતે સન્માનને ઠેલતા સ્વામીશ્રી તા. ૧૧/૧૨ની સવારે શૌચવિધિ બાદ ધૂળથી હાથ ધોઈ રહેલા. દેશ હોય કે પરદેશ – તેઓની આ રીત કાયમ રહેલી. તેઓએ હાથ ધોવા સાબુ કદી વાપર્યો નહોતો. તે અનુસાર તેઓ જે ધૂળથી હાથ ધોઈ રહેલા તેને આજે જ પડીકામાંથી છોડી શીશીમાં ભરેલી. તે જોઈ સ્વામીશ્રીએ સેવકને પૂછ્યું : 'આ માટી ક્યાંથી આવે છે ?'

'વિદ્યાનગરથી આત્મદર્શન સ્વામી તૈયાર કરીને મોકલે છે.'

'હવે બે દા'ડામાં તો આપણે જઈશું, તો બોટલમાં માટી વધશે એનું શું કરશો ?'

'તે તો જવા દઈશું. ધૂળ જ છે ને !'

'ના, ફેંકી નહીં દેવાની. અહીંના સંતોને આપી દેવાની. આપણે ફરી આવીએ ત્યારે વપરાય.' સ્વામીશ્રી બોલ્યા.

અક્ષરધામના સર્જકની આ કરકસરયુક્ત જીવનશૈલી સૌને ચકિત કરી ગઈ.

વધ્યો દિન દિન પ્રબળ પ્રતાપ

તા. ૧૨/૧૨ના રોજ કલકત્તાના મંદિરનો પાટોત્સવ ઊજવી ગાંધીનગર પધારેલા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા અહીં તા. ૧૩/૧૨ની સાંજે ગોપાલપુરાના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પુરાયા.

ત્યારબાદ ઉતારે પધારેલા સ્વામીશ્રી સમક્ષ તા. ૧૪/૧૨ની સવારે રાષ્ટ્રપતિ શ્રી કલામના એક પ્રવચનનો અંશ વંચાયો.

છેલ્લાં બે વર્ષમાં હસ્તકલાના શ્રેષ્ઠ કસબી તરીકે પસંદ થયેલા લોકોને રાષ્ટ્રીય પારિતોષિકોથી સન્માનતાં શ્રી કલામે તા. ૧૨/૧૨ના રોજ એક

ખીચોખીચ સમારંભમાં કહેલું :

'તાજેતરમાં જ મેં સમગ્ર વિશ્વ માટે અક્ષરધામને ખુલ્લું મૂક્યું હતું. પ્રમુખસ્વામીએ દેશ-પરદેશનાં હજારો શ્રેષ્ઠ મનને ભેગાં કરીને આ અદ્‌ભુત સાંસ્કૃતિક સંકુલનું સર્જન કર્યું છે. તે શિક્ષણ, અનુભૂતિ અને સાક્ષાત્કારનું સ્થાન બન્યું છે. તે પરંપરાગત રીતે ચાલી આવતી પથ્થરની કલા, સભ્યતા, પુરાતન મૂલ્યો, શાણપણ, આધુનિક ટેક્નોલોજીનો સમન્વય કરે છે. આ સંકુલનાં વિવિધ પાસાંઓ મનની શક્તિ, મનુષ્યનું મનોબળ, અદમ્ય ઉત્સાહ, વિકસિત કરુણા, વૈજ્ઞાનિક અને તબીબી કૌશલ્યનું સંયોજન, વિભિન્ન સંસ્કૃતિની અસંખ્ય રંગછટાઓ તથા જ્ઞાનની શક્તિનું નિદર્શન કરે છે. ૨૦,૦૦૦ જીવંત શિલ્પો ધરાવતું આ કાર્યરત સંકુલ ૩૦ કરોડ માનવકલાકોના સદ્‌વ્યયથી સર્જાયું છે.'

અક્ષરધામના ગૌરવગાનનો આ નાદ હજી હવામાં ગુંજી રહેલો ત્યાં જ તા. ૧૫/૧૨ની સાંજે ગાંધીનગરમાં કાર્યરત એક ગુરુકુળના વ્યવસ્થાપક શ્રી હરિપ્રકાશદાસ શાસ્ત્રી સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા. તેઓ પણ દિલ્હીના અક્ષરધામથી અતિ પ્રભાવિત હતા. તેથી આવતાંવેંત સ્વામીશ્રીને કહેવા લાગ્યા : 'મારી ઑફિસમાં જ મેં દિલ્હીના અક્ષરધામનો ફોટો રાખ્યો છે. અત્યાર સુધી સ્વામિનારાયણ સંપ્રદાયમાં થયેલા સંતોએ જે કંઈ કાર્ય કર્યું એનાથી વધારે કાર્ય પ્રમુખસ્વામી મહારાજે કર્યું છે એવું હું ઘણાને કહું છું. આવું કાર્ય તો રાજસત્તા પણ ન કરાવી શકે.'

પોતાની આ પ્રશસ્તિ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'પ્રમુખસ્વામી શું કરવાના હતા? બધું શ્રીજીમહારાજ કરે છે અને સંકલ્પ જોગીબાપાનો!'

સ્વામીશ્રીનો આ પ્રતિભાવ *'વધ્યો દિન દિન પ્રબળ પ્રતાપ, તોય ઈશ્વરને ભજે આપ...'*ની તેઓની જીવનશૈલી ઉજાગર કરી રહ્યો. શ્રેષ્ઠતા અને નમ્રતાનો આવો સમન્વય બીજે મળવો દુર્લભ! તેથી જ આજની સાયંસભામાં કમલનયનદાસ સ્વામીના કંઠેથી સાર્થક કીર્તન ગવાયું કે –

'જોટો જડે નહીં જગમાં, સૌને સમજાય છે;
પ્રમુખસ્વામી રે તમારું નવખંડમાં નામ, આજ ઘરોઘર ગવાય છે...'

એમાં ખોટું શું છે?

તા. ૧૬/૧૨ની બપોરે સ્વામીશ્રી આરામ માટે પલંગ પર પોઢ્યા ત્યારે તેઓ નિયત સમય કરતાં અડધો કલાક મોડા હતા. તેની યાદી સંતોએ અપાવી

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'ઘડિયાળ સામે જોવાનું જ ન હોય.'

આ રીતે સમય નહીં, પણ સેવા સામે નજર રાખી વિચરતા તેઓ પાસે આજની રાત્રે બે બાળકોને લઈ એક કાર્યકર આવ્યા. પિતાથી અલગ રહેતા આ બાળકોને તેઓની માતા કચરા-પોતાંના કામ કરી ઉછેરી રહેલી. આજે મંદિરમાં યોજાયેલા પારાયણમાં સેવા નોંધાવનારાં આ શ્રમજીવી મહિલાએ પોતાના બાળકોને આશીર્વાદ અપાવવા સ્વામીશ્રી પાસે મોકલ્યા હતા. પરંતુ તેઓની વિગત જાણી સ્વામીશ્રીએ એક સ્થાનિક સંતને કહ્યું : 'આ છોકરાઓને અભ્યાસમાં 'ફી'ની સહાય મળે એની વ્યવસ્થા કરાવજો.'

આશીર્વાદની સાથે સ્વામીશ્રીએ વરસાવી દીધેલી આ કરુણાએ બે ઊગતી કળીઓ અને એક ડગમગતી જિંદગીને સધ્ધર સહારો આપી દીધો. અનાયાસે આવી ચડેલા આગંતુકોને પણ સ્વામીશ્રી પાસેથી *'કશી ચિંતા ન રાખશો તમે...'*ની બાંયધરી અવશ્ય મળતી.

તે દ્વારા સૌને નિશ્ચિંત કરતા તેઓએ તા. ૧૭/૧૨ની બપોરે સંતો સાથેના એક સાહજિક વાર્તાલાપમાં જણાવ્યું : 'મારાથી થયું કે મેં કર્યું – એમ થોડીક પણ ભાવના આવી ગઈ તો પડ્યો જ સમજો ! એમાં દુ:ખ જ છે.'

આ સાંભળી બ્રહ્મવિહારીદાસ સ્વામીએ કહ્યું : 'આજે આખી દુનિયા પેટન્ટ(એકાધિકાર)ની પાછળ પડી છે. જે કંઈ કર્યું હોય એને પોતાના નામે કરાવી લે કે 'મેં જ કર્યું છે.' જ્યારે આપનું તો તંત્ર જ નોખું છે. આપ તો 'મેં કાંઈ જ કર્યું નથી, બધું કરનાર ભગવાન છે' એમ સમજો છો !'

'એમ આપણે માનીએ એમાં ખોટું શું છે ? આ તો લોકો માની બેઠા છે કે 'મેં કર્યું છે.' હકીકતમાં એ ખોટું છે. સૂકું પાંદડું પણ આપણાથી હાલતું નથી. ભગવાનનું છે ને ભગવાન જ કરે છે.'

આટલું કહી સ્વામીશ્રીએ તે સંતનો હાથ કોણીથી પકડી જણાવ્યું : 'આ હાથ આપણે ધારીએ તો પણ ઊંચો ન થાય, જો ભગવાનની મરજી ન હોય તો ! આ હૃદય પણ એમની મરજીથી જ ચાલે છે. માટે ભગવાનનું સર્વકર્તાપણું માનવામાં જ સુખ છે.'

સહન કરવાનું લોહીમાં જ આવી ગયું છે

તા. ૧૭/૧૨ની સાંજે પ્રસાદ અંગીકાર કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ આધુનિક ઉપકરણોની વાત નીકળતાં તેઓ બોલ્યા : 'આજકાલ ટી.વી. એવું

પેઠું છે કે છૂટે જ નહીં. છોકરાઓના સંસ્કાર વધારે બગાડે. સારું કરવા જતાં ખરાબ પેસી ગયું! પણ આપણે સાધુએ તો નિષેધ કર્યા જ કરવો; ભલે કોઈ સુધરે કે ન સુધરે. વ્યસનમુક્તિ ને ટી.વી. જોવામાં વિવેકની વાત કર્યે જ રાખવી. સોને કહીએ ને એમાંથી પાંચ-પચાસ પાછા વળે તો પણ સારું જ છે ને! આપણે તો પાછા પડવું જ નહીં.'

'આપને એવી આશા ખરી કે આ બધું બંધ થઈ જશે?'

'આપણે તો મહારાજની આજ્ઞા છે કે 'વ્યસનમુક્ત કરો', એટલે કરવાનું. આપણે શું કામ હિંમત હારવી? જે આવે એને વાત કર્યે રાખવી. મહારાજની આજ્ઞા પળે ને એના જીવનમાં સુધારો થાય.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આવી અગાધ શ્રદ્ધા સાથે તેઓ તા. ૧૯/૧૨ની સવારે કેસલી ગામના મંદિરની મૂર્તિઓમાં દૈવત પૂરી તા. ૨૦/૧૨ની સવારે ભરૂચ પધાર્યા.

અહીં તા. ૨૧/૧૨ની સાંજે સ્વામીશ્રી પ્રસાદ ગ્રહણ કરતા હતા તે દરમ્યાન એક અંગ્રેજી સામયિકમાં છપાયેલી કટાક્ષ-કથા વંચાઈ. તેમાં અક્ષરધામ વિષે ટીકાત્મક લખાણ હતું. તે સાંભળી આનંદપ્રિયદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું: 'આવું સાંભળીને મને તો સામે જવાબ આપવાનું બહુ મન થઈ જાય, પણ આપ વારે વારે સહન કરવાનું કહો છો એટલે બેસી રહીએ, શું થાય?'

તેઓની આ અકળામણ સાંભળી બાળક-શું નિર્દોષ હાસ્ય વેરતાં સ્વામીશ્રી બોલ્યા: 'આપણે તો સહન કરવાનું લોહીમાં જ આવી ગયું છે!'

'પણ ફૂંફાડો તો મારવો જ જોઈએ ને? કંઈક ચમત્કાર બતાવો ને!'

'શ્રીજીમહારાજે પણ એવા ચમત્કાર બતાવ્યા નથી, તો આપણે ક્યાંથી બતાવવાના છીએ?' સ્વામીશ્રીએ જણાવ્યું.

ક્ષમાભાવ એ તેઓના લોહીનો લય હતો. તે જીવનભર ખોરવાયો નહોતો. સામર્થ્ય સાથે આવી સહનશીલતા જ સ્વામીશ્રીને અદ્વિતીય સિદ્ધ કરતી રહી છે.

દયાસાગર શાંત સ્વભાવ

તા. ૨૨/૧૨ની સવારે મુલાકાતો આપી રહેલા સ્વામીશ્રી પાસે એક પિતા તેઓના બાળકને લઈ હાજર થયા, પરંતુ એ શિશુએ આવતાંવેંત ભેંકડો તાણ્યો. છતાં તેને ગણકાર્યા વિના તેના માથે વહાલપૂર્વક હાથ ફેરવતાં

સ્વામીશ્રી બોલ્યા: 'છાનો રહે. રડે છે શું કામ? તને તો જન્મ-મરણમાંથી કાઢવાનો છે.'

સ્વામીશ્રીનાં કરુણા અને સામર્થ્ય એકસાથે રેલાઈ રહ્યાં.

તેઓની આ દયાથી આજે એક અપંગ પણ ભીંજાઈ ગયો. પોતાના પિતા સાથે આવેલા એ યુવાનના નાકમાં નળી ખોસી હતી. તેના વતી પિતાજીએ વાત માંડી: 'અમે મૂળ જૂના સંપ્રદાયના. આ મારો દીકરો આપના વિષે બેફામ બોલ્યો છે. મને લાગે છે કે તે કારણે જ એની આ દશા થઈ છે!'

બાપના આ બોલમાં સંમતિ પૂરતાં છોકરાએ પણ માથું હલાવ્યું.

પરંતુ તે બંનેને શાતા પમાડતાં સ્વામીશ્રી બોલ્યા: 'એવું કાંઈ મનમાં લાવશો નહીં. બોલી ગયા તો કાંઈ નહીં. ભૂલી જવું. ભગવાનની માળા કરજો. એ બધું સારું કરશે. પ્રસાદીનું જળ આપીએ છીએ એ પીજો.'

સ્વામીશ્રીના સાંનિધ્યમાં માફી અને મમતાનું જ વર્ચસ્વ રહેતું. શત્રુ હોય કે સ્નેહી – સૌને તેઓ સમાનભાવે મળતા.

તેઓનો આવો સહવાસ તા. ૨૫/૧૨ની બપોરથી સુરતને સાંપડ્યો.

અહીં આજની સાંજે યોજાયેલા સ્વાગત કાર્યક્રમથી સ્વામીશ્રીને વાકેફ કરતાં મુનિવંદનદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! બરાબર સાત વાગ્યે આપ સભામાં પધારી જાઓ તો સારું!'

'હા, સંત કહે એમ કરીએ તો સુખ આવે. સંતો આટલો બધો દાખડો કરે, સત્સંગ કરે ને કરાવે, તો એમની આજ્ઞામાં રહીએ તો સુખ આવે ને!' સ્વામીશ્રી બોલ્યા.

આ હૃદયવેધક સરળતા સાથે તેઓએ તા. ૨૭/૧૨ની સવારે અંબાચના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા અને તા. ૨૯/૧૨ના રોજ સુરતના મંદિરનો પાટોત્સવ પણ ઊજવ્યો.

પોતાની આવરદાના આ અંતિમ ઉત્સવનો આનંદ માણી તા. ૩૧/૧૨ની રાત્રે સન ૨૦૦૫ અસ્તાચળે આથમી ત્યારે સ્વામીશ્રીના સંગે તેને 'અક્ષરધામ' બક્ષિસરૂપે મળી ચૂકેલું. તેથી આજની વિદાય વેળાએ તેના કણ-કણ અને ક્ષણ-ક્ષણ ગાઈ રહ્યાં :

'અમને આપી અલૌકિક સુખ અધિક સુખિયા કર્યાં,
અમે જાણ્યું જે જગમાં એક અમે જ સભાગિયાં...'

અમૃતધારા ૩૯



ભગવાન જેને મન ભાવ્યા

સન ૨૦૦૬
મંદિરનું મહિમાગાન

તા. ૧/૧ની સવારે પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ પાંડેસરા ગામની મૂર્તિઓમાં પ્રાણ પૂરી આ વર્ષની ગળથૂથીમાં મંદિરનું માધુર્ય સીંચી દીધું. એ જ રીતે તેઓની અમૃતધારાનું પાન કરવા આજની સાંજે યોજાયેલી રવિસભામાં પણ ૩૫,૦૦૦ની જનમેદની ઊમટી પડી.

સુરતના મંદિરની દશાબ્દી નિમિત્તે આયોજિત આ સમારંભમાં સ્વામીશ્રીએ કહ્યું: 'મંદિરથી લોકોનાં જીવન શુદ્ધ બને છે ને અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે. એવો આ મંદિરનો પ્રતાપ છે. મંદિરથી આર્થિક સ્થિતિ પણ સુધરે છે. માટે મંદિરોની જરૂર છે. એનાથી આપણી સંસ્કૃતિ ટકી છે. 'મંદિરોની જરૂર નથી' એમ કહેનારાની ભૂલ છે. સ્કૂલ વગર છોકરાં ક્યાં ભણે? એમ આધ્યાત્મિક રીતે શાંતિ માટે મંદિરોની જરૂર છે. એનાથી જ ભારત આજે ઉજ્જવળ રહ્યો છે. એટલે આવાં મંદિરો હજારો નહીં, લાખો થાય તો પણ આપણને કંઈ ખોટ આવતી નથી. માટે આ મંદિરનો લાભ લો છો ને લેજો.'

સ્વામીશ્રીએ વર્ણવેલો આ મંદિર-મહિમા આજે દિલ્હી-સ્થિત અક્ષરધામના આંગણે આવેલા એક લાખથી વધુ દર્શનાર્થીઓએ અનુભવ્યો. તેઓ પૈકીના

એક બેલ્જિયમના પોલીસ અધિકારી શ્રી માઇકલ મસ્સે તો બોલી ઊઠ્યા : 'અક્ષરધામે મારા ઘણા ખરા પ્રશ્નો ઉકેલી નાંખ્યા. મારા અને મારા પરિવાર માટે હું જે આધ્યાત્મિક માર્ગદર્શનની શોધમાં હતો તે મને અહીં મળ્યું !'

આ જ રીતે ભારતના કાયદા કમિશનના સભ્ય શ્રી સી. કૃષ્ણમૂર્તિએ અક્ષરધામ અંગે અનુભૂતિ ઉચ્ચારતાં કહ્યું : 'આજે એવો દિવસ છે કે જેમાં મારા આત્મામાં એક અદૃશ્ય પરિવર્તન થયું છે. પ્રમુખસ્વામી મહારાજ મારા માટે એક જીવંત અને હાલતા-ચાલતા ભગવાન છે.'

અલૌકિક અનુભવોની આ શૃંખલામાં પોતાનો અંકોડો ભેળવતાં વિદેશી હૂંડિયામણના આદાન-પ્રદાન સાથે સંકળાયેલા એક મૅનેજર શ્રી તરુણ ખંડેલવાલે પણ જણાવ્યું : 'હું ગૌરવ સાથે ધન્યતા અનુભવું છું કે જે ભૂમિ પર અક્ષરધામ ઊભું છે તે ભારતમાં હું જન્મ પામ્યો છું !'

અક્ષરધામની આવી અનેરી અનુભૂતિને વાગોળતાં અમેરિકન આર્કિટેક્ટ શ્રી જ્હોન અઝારિયને તો કહી દીધું : 'અહીં અક્ષરધામમાં આધ્યાત્મિકતાનું જે સૌંદર્ય છે તેને વર્ણવવું અઘરું છે.'

આમ, જ્યાં માનવી મૂંગા થઈ જાય અને પથ્થરો બોલતા સંભળાય એવા અક્ષરધામની આરતી ઉતારતાં આજથી આરંભાયેલું નવું વર્ષ હરખભેર આગળ સરકવા લાગ્યું.

આજ્ઞા લોપાય એ ઝેર બરાબર

તા. ૩/૧ની સાંજે સત્સંગ-સભામાં ધર્મલાભ આપી ઉતારામાં પ્રવેશી રહેલા સ્વામીશ્રીને ત્રણ મુમુક્ષુઓની ઓળખાણ કરાવતાં શ્રીજીનંદનદાસ સ્વામીએ કહ્યું : 'બાપા ! આ લોકો સેવા સારી કરે છે, પણ ડુંગળી-લસણ ખાય છે. ન ખાવાનો નિયમ આપો.'

આ સાંભળી સ્વામીશ્રી એ ત્રણેય યુવાનોની છાતી પર હાથ મૂકી બોલ્યા : 'આવતીકાલે સવારે હું તમને ઝેર આપીશ. ખાવું છે તમારે ? મન થાય છે ? ન થાય, કારણ કે દૃઢ નિશ્ચય થઈ ગયો છે કે ઝેર ખાવાથી મરી જવાય. એમ મહારાજની આજ્ઞાનો નિશ્ચય થવો જોઈએ. મહારાજની આજ્ઞા લોપાય એ ઝેર બરાબર છે. માટે આજથી એ નિયમ લો.'

સ્વામીશ્રીના આટલા જ શબ્દોથી જાગી ગયેલા એ ત્રણેય મુમુક્ષુ નિયમ-પાલન અંગે કટિબદ્ધ થયા.

આ રીતે ધર્મનો ધ્વજ લહેરાવતાં સ્વામીશ્રી આગળ વધ્યા ત્યાં કેટલાક યુવકો રોજિંદા ક્રમ મુજબ કીર્તન લલકારવા લાગ્યા. તેમાં ઘૂંટાતો પ્રાપ્તિનો કેફ સાંભળી સ્વામીશ્રીએ જણાવ્યું :

"મહારાજ મળ્યા તો ખરા, પણ હવે કરવાનું શું ? મહિમા સમજ્યા તો આજ્ઞા સારધાર પાળવી. તો ભક્ત સાચા, નહીં તો અધૂરા. 'લાવો ને, ભગવાન ક્યાં જુએ છે ?' એમ માનીને ભોગવવા ન માંડવું. ભગવાન બધે જ જુએ છે. માટે દારૂ, સિગારેટ, તમાકુ બધું જ ઝેર માનીને ક્યારેય અડવું નહીં. લોકો કહે કે 'આમ કરો ને તેમ કરો, તો શરીર સારું રહેશે.' પણ આજ્ઞા વિરુદ્ધ કશું જ કરવું નહીં."

આજ્ઞાપાલનનો આ આલાપ આજે રાત્રે જમતાં-જમતાં પણ સ્વામીશ્રીએ છેડી દીધો કે –

'કોઈ પણ જગ્યાએ જઈએ, આજ્ઞા લોપવી નહીં. આ તો આપણને લઘુતાગ્રંથિ થઈ ગઈ છે કે ધંધો ચલાવવા સાથે જમવું પડે ને પીવું પડે. અરે ! ધંધો ન ચાલે તો ધૂળમાં જાય. ભગવાન ચલાવશે, અને નહીં ચલાવે તો ધામમાં જઈશું. ભગવાનમાં વિશ્વાસ નથી એટલે આ બધી ડગમગ થઈ જાય છે. બધાને જીવમાં એવું થઈ ગયું છે કે ઈંડાં ખાવાથી તબિયત સારી થાય, પણ કોઈ જીવને મારી નાંખીને ક્યારેય સારું થયું છે ? આજે બધાએ શાસ્ત્ર મૂકી દીધાં. એનો વિશ્વાસ જ નહીં. આવાં સામાન્ય તર્ક ને પ્રચારનો વિશ્વાસ આવે છે. જીવની આ કાયરતા છે.'

યુવાશક્તિની આગવી કદર

તા. ૪/૧ની સાંજે પ્રસાદ અંગીકાર કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ એક સંતે વાત મૂકી કે 'આઠમી તારીખના રવિવારે નવસારી ક્ષેત્રના હરિભક્તોનો શાકોત્સવ એક વાડીમાં યોજાયો છે. ઉત્સવ માટે આ જ દિવસ સૌથી વધુ અનુકૂળ હતો, પરંતુ આ દિવસે સુદ નોમનો ઉપવાસ આવે છે તેનો ખ્યાલ પછી આવ્યો, તો ત્યાંથી પુછાવે છે કે સંતોએ શું કરવાનું ?'

'સંતો કથા-વાર્તા કરે, બીજું શું ? કથા-વાર્તા કરવી એ જમવા કરતાં અધિક છે. આ તો હરિભક્તોનો ઉત્સવ કહેવાય. આપણે તો કથા-વાર્તા કરવાની.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓ કદી તપના પોતને પાતળું પડવા ન દેતા.

આ તપનું તેજ તેઓએ તા. ૫/૧ના રોજ યુવાદિન નિમિત્તે ચાર હજારથી વધુ યુવા-યુવતીઓમાં સીંચતાં જણાવ્યું :

'યોગીજી મહારાજે મંડળો સ્થાપ્યાં છે એ ખાલી વાત કરવા પૂરતાં નથી. જે વર્તન, ઉત્સાહ, ધગશ છે એ દિન-દિન પ્રત્યે વધવાં જોઈએ. ઇન્દ્રિયોનો સંયમ કર્યા વગર છૂટકો નથી. હિંમત, બળ, ધીરજ ને વિશ્વાસ હોય તો સાધના થાય. ન થાય એવું કશું નથી. આદર્શ આપણી સામે છે. તે જોઈ ચાલીશું તો આપણી ફત્તેહ છે, ડંકો વાગે એવો છે, તો આ લાભ લઈ લેવો. ગગન ભરી દેવાની વાત છે પણ એ બોલીને નહીં, વર્તન એવું કરવું કે જયજયકાર થઈ જાય. બધા યુવકોને ધન્યવાદ ને આશીર્વાદ છે. દર વરસે એક યુવક વધારજો. લૉસ (ખોટ) ન થવો જોઈએ. નફો થવો જોઈએ.'

નિયમો પાળી નફો રળવાની આ વાત દઢાવી સ્વામીશ્રીએ તા. ૭/૧ની સવારે સારોલ અને ટિચકિયા ગામનાં મંદિરોની મૂર્તિપ્રતિષ્ઠા સંપન્ન કરી નફાનાં નાભિકેન્દ્ર સ્થાપી દીધાં !

આવું એક કેન્દ્ર એટલે અહીં સુરતમાં કાર્યરત સંસ્થાકીય છાત્રાલય. તેમાં રહેતા વિદ્યાર્થીઓએ તા. ૭/૧ની સાયંસભામાં 'પ્રગટ' વિષયક પરિસંવાદ પ્રસ્તુત કર્યો. તેથી પ્રસન્ન થયેલા સ્વામીશ્રીએ કહ્યું :

''આજે છાત્રાલયના યુવકોએ જે રજૂઆત કરી એ જોઈને ખૂબ આનંદ થયો. આપણે એમનો આભાર માનવો જોઈએ. મને વિચાર થયો કે આપણે આવા બધી રીતે તૈયાર છોકરાઓ છે તો અમેરિકા ને બીજે-તીજે મોકલી જ્ઞાન આપે એવું કરીએ. બધા પ્રચાર કરી શકે એવા છે. જ્યારે વિદ્યાનગરનું છાત્રાલય થયું ત્યારે યોગીજી મહારાજ બોલ્યા'તા કે 'અહીં ભણશે એ છોકરાઓ સારા જ્ઞાની થશે ને હજારોને સત્સંગ કરાવશે.' એ હજારોને સત્સંગ કરાવવામાં આમનો નંબર લાગી ગયો છે કે આ જો બહાર નીકળશે તો ઘણાને સત્સંગ કરાવશે. સાધુ જેવું કામ કરે એવા તૈયાર થયા છે. બહુ મજબૂત રીતે પ્રમાણ રજૂ કર્યાં. છાતીનો ઘા વાગી જાય એવી બળની વાત છે. તો હવે જ્યાં-જ્યાં, જે-જે મળે એને વાત કરજો. સંવાદ રચ્યો એટલું સીમિત નહીં. તમારા દ્વારા પણ સત્સંગ અદ્‌ભુત થશે.'

યુવાશક્તિની કેટલી કદર ! દુનિયાનો મોટા ભાગનો વર્ગ જ્યારે યુવા પેઢીને વખોડવાલાયક ગણતો, ત્યારે સ્વામીશ્રીએ તેઓને વરદાનરૂપ જાણેલા. તેઓના આ અલગ અને આગવા અભિગમથી યુવાનો પણ આગવા બનતા.

સત્સંગ લીલો પલ્લવ રહે કથા-વાર્તાથી

તા. ૮/૧ના રોજ સુરત મુકામે ઊજવાયેલા પ્રતીક ઝોળી ઉત્સવમાં સંખ્યા અને સમર્પણ – બંને હદ વળોટી ગયાં. તે સંદર્ભમાં તા. ૯/૧ની રાત્રે ડુમ્મસમાં ઠાકોરજી જમાડી રહેલા સ્વામીશ્રી સમક્ષ કો'ક બોલ્યું: 'સુરતમાં સત્સંગ જામ્યો છે.'

'સત્સંગ લીલો પલ્લવ રહે એ કથા-વાર્તાથી.' સ્વામીશ્રીએ ટૂંકમાં જ સત્સંગ-વિકાસનું મૂળ બતાવી દીધું.

તેને મજબૂત કરવા ઠેર-ઠેર વિચરતા તેઓ પાસે તા. ૧૦/૧ની સાંજે આવેલા એક યુનિવર્સિટીના ઉપકુલપતિએ હૈયું હળવું કરતાં કહ્યું: 'પહેલાં મને બીજા ધર્મના સંસ્કાર હતા. એ વખતે હું આપની પ્રવૃત્તિઓ વિષે અજાણ હતો. તેથી બધાની ભેગેભેગો અણસમજણમાં તમારો દ્રોહ કરતો રહેલો, પરંતુ અત્યારે અત્યંત દુઃખ થાય છે કે મારાથી આ બહુ મોટી ભૂલ થઈ છે! આપ મારા પર દૃષ્ટિ કરજો.'

સ્વામીશ્રીના શુદ્ધ વર્તનનું તેજ ભલભલા પૂર્વગ્રહોને પિગાળી દેતું. તેથી વેઠિયાથી માંડી વિદ્વાન સુધીના સૌ વહેલા-મોડા પણ સ્વામીશ્રીને નમી પડતા.

આ હકીકત આજે નિહાળી સૌ અચરજ અનુભવી રહ્યા ત્યાં જ સ્વામીશ્રીએ પેલા વાઇસ ચાન્સેલરના વલોપાતને ઠારતાં જણાવ્યું: 'તમને સાચી દૃષ્ટિ મળી છે તો ભગવાન દયા કરશે. માફ કરનારા એ છે. ચિંતા કરશો નહીં.'

આ શબ્દોથી ઉપકુલપતિને શાતા પમાડી સાયંસભામાં પધારેલા સ્વામીશ્રીએ અહીંના દાનવીર સમાજસેવક અને સંનિષ્ઠ સત્સંગી શ્રી છોટુભાઈ પીઠાવાલાને સન્માનિત કર્યા. જાહેર-સેવાનાં કાર્યોમાં બહુમૂલ્ય પ્રદાન આપવા બદલ કેટલીક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ આ યજમાનને જ્વેલ ઑફ ઇન્ડિયા, લાઇફ ટાઇમ ઍચિવમેન્ટ ઍવોર્ડ જેવાં પારિતોષિકોથી નવાજેલા. સ્વામીશ્રીએ પણ તેઓને બિરદાવતાં જણાવ્યું: 'છોટુભાઈ પીઠાવાલાએ પોતાનું જીવન ખૂબ સુંદર રીતે વિતાવ્યું છે. સાદાઈ પણ એટલી જ છે. કોઈ જાતનું વ્યસન-દૂષણ નથી. સાથે સાથે એમનામાં ભક્તિભાવ છે એ પણ બહુ મોટી વાત છે. અહં પણ નથી. જાણે કંઈ છે જ નહીં, એમ વર્તે છે તો એને લઈને સન્માન થાય છે.'

આ કૃપા નતમસ્તકે ઝીલનારા શ્રી પીઠાવાલાએ પોતાનું સન્માન સ્વામીશ્રીનાં ચરણે ધરી કૃતાર્થતા અનુભવી.

અનેરી શબ્દસૂઝ

તા. ૧૦/૧ની રાત્રે સ્વામીશ્રીને મળવા આવેલા એક કુટુંબના પિતા, પુત્રો અને પૌત્રો વચ્ચે વકરેલા વૈમનસ્યને વિદારી સ્વામીશ્રીએ આ પરિવારને ભડથું થતાં બચાવી લીધેલો. તેઓએ આગેવાન સત્સંગીઓને મધ્યસ્થી તરીકે રાખી મિલકત સંબંધી કાયદાકીય કાર્યવાહી પણ સુમેળથી સંપૂર્ણ કરાવેલી. તેથી આભારવશ એ કુટુંબના બંને ભાઈઓ પોતાના સંબંધીઓ સાથે આજે આવ્યા ત્યારે સ્વામીશ્રીએ જ સામેથી પૂછ્યું : 'જય બોલાઈ ગઈ ?'

'હા.'

'શેની ?'

'પ્રમુખસ્વામી મહારાજની.'

'સહજાનંદ સ્વામીની જય પહેલાં બોલ, નહીં તો બધું અવળું થશે. આપણે રીત શીખવી.' સ્વામીશ્રી બોલ્યા.

આવા ભક્તિભર્યા હૈયેથી અમૃતધારા વહાવતાં તેઓ બોલ્યા : 'હવે બંને પક્ષ એવી પ્રતિજ્ઞા કરો કે કોકડું ગૂંચાય નહીં. એટલું સમજી રાખો કે જીવનમાં ખાલી પૈસા મહત્ત્વના નથી, પ્રતિષ્ઠા પણ મહત્ત્વની છે. આપણી જ આબરૂનો ધજાગરો થાય એ કેવું કહેવાય ? એક વખત સમાધાન થયું પછી બધું મૂકી દેવું.'

આ શીખ અને સ્નેહથી ગળગળા થયેલા એક કુટુંબીએ ગઈકાલે સ્વામીશ્રીની હાજરીમાં પોતા દ્વારા ઉગ્રભાવે થઈ ગયેલી રજૂઆત બદલ દિલગીરી વ્યક્ત કરી. તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'તને કહેવાનો તો મારે હક્ક છે અને તને દુઃખ લાગે તો પણ હું કહેવાનો છું.'

જેમ માતા કડવું ઔષધ પિવડાવી સંતાનને નીરોગી કરે છે, તેમ સ્વામીશ્રી પણ દુઃખ લાગે તેવું કહીને મુમુક્ષુને સુખી કરતા.

આ રીતે વિચરતા તેઓ તા. ૧૨/૧ની બપોરે મુંબઈ પધાર્યા.

અહીં તેઓના સાંનિધ્યમાં યોજાયેલા ઉત્તરાયણ પર્વના કાર્યક્રમની રૂપરેખા આપતો કાગળ સંતોએ તા. ૧૩/૧ની સવારે સ્વામીશ્રીને ધર્યો. તે વાંચતાં વાંચતાં 'વિશેષ દાન જાહેરાત' લખેલા શબ્દે અટકી સ્વામીશ્રીએ

આયોજકોને પૂછ્યું : 'આનો અર્થ શું ?'

'જેઓએ મોટી સેવા કરી હોય તેઓના નામની જાહેરાત.'

'બીજું કાંઈ ખરું ?'

'ના.'

'તો 'વિશેષ દાન' લખ્યું છે એનો અર્થ શો ?'

સ્વામીશ્રીની આ ટકોરથી સૌને ખ્યાલ આવ્યો કે 'વિશેષ 'દાન' નહીં, પણ વિશેષ 'દાતા'ની જાહેરાત કરવાની હોય !'

આમ, અનેરી શબ્દસૂઝ ધરાવતા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૪/૧ની સાંજે ભક્તિ પાર્ક ખાતે ઉત્તરાયણનો ઉત્સવ ધામધૂમથી ઊજવાયો. તેમાં મંચ પર રચેલા કલ્પવૃક્ષની સઘન છાયામાં બિરાજેલા સ્વામીશ્રીની ઝોળી સૌએ છલકાવી દીધી. આ ઉત્સવનું સૌજન્ય દાખવનારા અજમેરા પરિવારના સભ્યોએ તો દાન પર દક્ષિણાની જેમ ઠાકોરજીની સુવર્ણતુલા કરી વિશેષ પ્રસન્નતા મેળવી.

મત્સરમુક્ત મહાત્મા

પુણ્યપર્વણીની ઉજવણી બાદ મંદિરે પધારેલા સ્વામીશ્રીએ તા. ૧૬/૧ની સાયંસભામાં અમૃતવાણી રેલાવી કે 'આપણે રસ્તે જવું ને આપણે રસ્તે આવવું. બાકી બહાર આમ ડોકિયાં કરશો ને તેમ ડોકિયાં કરશો તો બધે પછડાવાનું જ છે. આપણે સત્સંગ, કથા-વાર્તા, ભજન કરવાનું છે, તો સુખિયા થવાય. નિયમ સચવાય એમાં દેહ પડી જતો નથી. આજ્ઞા પાળીએ એટલું મન શુદ્ધ થાય ને મોહ ટળે. એવા સંત આપણને મળ્યા છે તો ગાફલ ન રહેવું.'

સ્વામીશ્રીની આવી અમૃતવર્ષા ઝીલી પરિપુષ્ટ થયેલું અહીંનું મઝગાંવ મંડળ આ વર્ષે તેની સ્થાપનાની રજત જયંતી ઊજવી રહેલું. તે નિમિત્તે આ વિસ્તારના ભક્તોએ કરેલી ઠાકોરજીની રજતતુલાથી પ્રસન્ન થયેલા સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે –

'સત્સંગ એ આપણું વિશાળ કુટુંબ છે. મંદિર આપણું ઘર છે. એમ મનાય તો પછી 'અમે ઘણી સેવા કરી પણ કોઈ પૂછતું નથી' એમ ન થાય. જીવમાં મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મુખ્ય થાય એ આપણે કરવાનું છે. એ સત્સંગ થશે એટલે સુખ-સુખના ઢગલા. 'હું' ને 'મારું' એટલું જ મૂકીએ એટલે શાંતિ, શાંતિ, શાંતિ.'

આવી શાંતિના સોદાગર સમા સ્વામીશ્રી પાસે તા. ૧૯/૧ના રોજ પૂના બ્લાઈન્ડ ઍસોસિયેશનના હોદ્દેદારો આવી પહોંચ્યા. તેઓએ નંદુરબારમાં નિર્માણ પામી રહેલી પોતાની હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રી કરે તેવી મહેચ્છા જણાવી. તેઓને આશીર્વાદ આપી સ્વામીશ્રીએ ધન્ય કર્યા ત્યાં જ ઉપસ્થિત થયેલા એક ભાવિકે કહ્યું: 'સ્વામીજી! ભગવાનની દયાથી મને સંપત્તિ તો મળી છે. હવે મને મનમાં એમ થાય છે કે ગરીબ લોકોને સુખી કરવા કામ કરતી સંસ્થાઓને હું કંઈક મદદ કરું.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'હમણાં જ નંદુરબારથી આંખની હૉસ્પિટલવાળા આવેલા. તે લોકો સારી સારવાર કરે છે અને ગરીબોની મફત સારવાર કરે છે. તમારી ઇચ્છા હોય તો ત્યાં દાન આપજો.'

આ ભલામણમાંથી મત્સરમુક્ત મહાત્મારૂપે સ્વામીશ્રીની છબી પ્રકાશી રહી. પોતાની સંસ્થા દ્વારા અનેક પ્રકારે ગરીબોની સેવા થતી હોવા છતાં તેઓએ દાનનો પ્રવાહ અન્ય સેવાભાવી સંસ્થા તરફ વાળી દીધો.

વ્યવસાયનો વિવેક

તા. ૧૯/૧ની સાયંસભામાં 'સર્વ શાસ્ત્રનો સાર એ કે...' કહી સ્વામીશ્રીએ જણાવ્યું: 'ભગવાનનું સ્વરૂપ સમજવું, આત્માનું સ્વરૂપ સમજવું અને આત્મારૂપે થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી. આ સમજાઈ જાય તો બેડો પાર ને ન સમજાય તો હતા ત્યાં ને ત્યાં!'

આ રીતે સૂત્રમાં શાસ્ત્રને સમજાવતાં તેઓ તા. ૨૦/૧ની સાયંસભામાં આવી બિરાજ્યા ત્યારે ઉદ્‌ઘોષક દ્વારા ડૉ. ભગુભાઈ પટેલ, પ્રભુદાસ સાંગાણી, કાંતિભાઈ પટેલ (કિર્લોસ્કર), હરીનભાઈ દવે વગેરે ભક્તોનું ગુણકથન રજૂ થયું. તેના અનુસંધાનમાં જ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'જેને જીવનો સત્સંગ કહીએ એવા હરિભક્તોનાં દર્શન આપણને થયાં. એ બધાએ ભજનનો વેપાર કર્યો છે. આપણે વહેવાર કરીએ એ સાઈડ બિઝનેસ (ગૌણ વેપાર) ને ભગવાનની ભક્તિ કરીએ એ મેઈન બિઝનેસ (મુખ્ય વ્યવસાય) કહેવાય. એમાં અડીખમ રહેવાનું. ક્રિકેટમાં નાના-મોટા બધા તૈયાર થઈ જાય, ધંધો-કામકાજ મૂકી દે ને તાન ચઢી જાય કે 'કેટલા બૉલ થયા? કેટલા રન થયા? કોણ જામ્યા? શું થયું? કેમ થયું?' આટલું તાન આપણને ભગવાનની કથા સાંભળવામાં છે ખરું? કથા-વાર્તામાં શું આયું એ

કોઈ પૂછે છે ? પેલામાં સમય મળે છે ને અહીં No ટાઈમ ! પણ સત્સંગ મુખ્ય રાખવો ને બીજું સાઈડ બિઝનેસ રાખવું. તેથી કંઈ નુકસાન નથી. એટલે એ વિચાર રાખવો કે મુંબઈમાં આ સત્સંગ કરવા માટે આવ્યા છીએ. અહીં ગાંડા હોય એ ડાહ્યા થઈ જાય ને સત્સંગમાં આવી સ્વભાવ ઝળકાવે તો ડાહ્યા હોય તોય ગાંડા થઈ જાય, બેય વસ્તુ છે. એટલે તમામ વસ્તુ ભૂલીને ભગવાન પ્રધાન રાખીએ.'

વ્યવસાયનો આવો વિવેક સમજાવતાં સ્વામીશ્રી તા. ૨૧/૧ની સાયં-સભામાં પણ વરસ્યા કે "ઘણાને મંદિર આવવાનું કહે ત્યારે બોલે, 'સ્વામી આવે ત્યારે જઈશું'; પણ 'સ્વામી આવે ત્યારે ખાઈશું, સ્વામી આવે ત્યારે ઑફિસે જઈશું, સ્વામી આવે ત્યારે સૂઈશું' એમ થાય છે ? એટલે જેવો છે તેવો મહિમા સમજ્યા નથી. નિયમોનાં બંધનથી મુક્તિ છે. મૂળના બંધનથી હજારો વરસ સુધી વડ રહે એ એનું બંધન છે કે વિકાસ છે ? સૂર્યે આજ્ઞા પાળી તો પ્રકાશ થયો, એમ આપણે આજ્ઞા પાળીએ તો બ્રહ્મરૂપ કેમ ન થવાય ? માટે શ્રદ્ધા-વિશ્વાસ રાખીને મંડી જ પડવાનું છે."

આવો વિચાર જ ન કરવો

તા. ૨૩/૧ના રોજ યોગીજી મહારાજના અંતર્ધાન દિન નિમિત્તે સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં ગવાયેલાં પ્રાસંગિક કીર્તનો સાંભળી લંડનના યુવાન નીરજ તન્નાની ચિત્તવૃત્તિ હલબલી ગઈ. તે જ અવસ્થામાં તેણે અલ્પાહાર બાદ સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! અંતરમાં એવી બીક લાગ્યા કરે છે કે – આપ છો ત્યાં સુધી તો વાંધો નહીં, પણ પછી શું થશે ?'

"આવો વિચાર જ ન કરવો. શ્રીજીમહારાજનો આશરો છે ને ! મહારાજ-સ્વામીની નિષ્ઠા છે એટલે લાભ મળ્યા કરશે. ભગવાન છે જ, એટલે 'શું થશે ?' એ ચિંતા ન કરવી."

"પણ આજે યોગીજી મહારાજનાં કીર્તનો ગવાયાં ત્યારે એમ લાગ્યું કે 'યોગીજી મહારાજ તો હવે નથી.' એ જ રીતે મહારાજના ધામગમન પછી બ્રહ્માનંદ સ્વામીના વલોપાતનું વર્ણન કથામાં સાંભળીએ ત્યારે પણ એમ વિચાર આવ્યા કરે કે 'આપણું શું થશે ?' એટલે દયા કરજો."

'એટલું સમજવું કે સંસ્થામાંથી શ્રીજીમહારાજ ગયા જ નથી અને જવાના પણ નથી. આ લોક છે એટલે મનુષ્ય શરીર ધરીને આવે અને એ શરીર

ગમે ત્યારે મૂકી જ દેવાના છે, પણ જે આધ્યાત્મિકતા છે એ તો હંમેશાં પ્રગટ જ હોય છે. એકાંતિક સંત દ્વારા ભગવાન હંમેશાં પ્રગટ જ છે. બીજા આવશે એમાં પણ આવું જ હેત થશે. માટે મહારાજ જતા રહ્યા છે એવું માનવું જ નહીં.'

સ્વામીશ્રીના આ શબ્દો દ્વારા *'તમે મુજને અદર્શ ન જાણો...'* એ શ્રીજી-વાણીનો જ પડઘો ગાજી રહ્યો. આ અવિનાશી નાદ ચિરંતન કાળ સુધી સત્સંગીઓને સદા સનાથ રાખશે.

જેણે ભક્તિ જથારથ જાણી

તા. ૨૩/૧ની બપોરે ભોજનનો સમય થતાં પત્રવ્યવહારના કાર્યની સંકેલણી કરી સ્વામીશ્રી ચશ્માંને તેના ખોખામાં મૂકવા ગયા. તે જોઈ સેવકે કહ્યું : 'લાવો, હું મૂકી દઉં.'

'ના, મને મૂકવા દો.'

'પણ ચશ્માંની દાંડી વાંકી જાય છે.'

'એ તો હું સરખી કરી દઈશ.' આમ કહેતાં સ્વામીશ્રી ચશ્માંને ઠીક રીતે ખોખામાં મૂકતાં બોલ્યા : 'વળી પાછા આળસુ થઈ જવાય. બધા બધું જ કરતા હોય પછી ટેવ પડી જાય. માટે આટલું તો કરવા દો !'

આવી સેવાવૃત્તિ અને સાવધાની સાથે વિચરતા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં મુંબઈના મંદિરમાં ઘનશ્યામ મહારાજની નૂતન મૂર્તિ પ્રતિષ્ઠિત થવાની હતી. તે માટે તા. ૨૩/૧ના રોજ નવી મૂર્તિ લઈ અત્રે આવી પહોંચેલા ભક્તિનંદનદાસ સ્વામીના મનમાં આજની રાત્રે જૂની મૂર્તિનો ઉત્થાપનવિધિ કરવાની ગણતરી હતી. પરંતુ તેઓને સ્વામીશ્રીએ જણાવ્યું : 'વહેલી સવારે ચાર વાગ્યાના શુભ મુહૂર્તથી ઉત્થાપનનું કાર્ય શરૂ કરજો. અત્યારે રાત્રે એ કામ કરશો તો બાજુના ખંડમાં પણ ઠાકોરજી છે, એમને હેરાનગતિ થાય.'

આ ભક્તિભાવ સાથે સ્વામીશ્રીએ તા. ૨૫/૧ની સવારે મંદિરના દક્ષિણ દેરામાં ઘનશ્યામ મહારાજને વિધિપૂર્વક પ્રતિષ્ઠિત કર્યા. વળી, તેઓએ શહેરના પરાં વિસ્તાર અંધેરી(પશ્ચિમ)ના સંસ્કારધામની મૂર્તિઓમાં પણ દૈવત પૂર્યું. આ નિમિત્તે સૂર્યકિરણો દ્વારા પ્રગટેલા અગ્નિની સાક્ષીએ થયેલા હોમની ધૂમ્રસેરો વચ્ચે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે –

'અત્યારે અભિજિત નક્ષત્ર ચાલી રહ્યું છે. તે બધાં જ નક્ષત્રોમાં શ્રેષ્ઠ કહેવાય. હવે કોઈ વિઘ્ન નહીં આવે. ગોંડલની મૂર્તિ જેવા જ ઘનશ્યામ

મહારાજ છે. પ્રકાશ નીકળે છે. જે દર્શન કરશે એને શાંતિ થશે. સંકલ્પ પૂરા કરશે. દૃષ્ટિ પડે ને અંતર ખૂલી જાય એવી મૂર્તિ છે. ઓરિસ્સાના શંકર વગેરેએ બનાવી છે. અક્ષરધામ(દિલ્હી)માં જે મૂર્તિઓ છે એ બધી એ લોકોએ જ બનાવી છે. ભગવાનને કામ કરવું હોય તો ગમે એની પાસેથી કરાવે છે. ભગવાનને પ્રાર્થના કરીએ કે મુંબઈમાં ચારે બાજુ સત્સંગ વધે. તે માટે એક રુચિ, એક વિચાર, એક સંગઠન જોઈએ. અહં-મમત્વ મૂકીને ચાલીએ તો કામ સરસ અને સર્વોપરી બની જશે.'

દુઃખી કોઈને દેખી શકો નહીં

મુંબઈમાં ધામધૂમપૂર્વક બિરાજેલા ઘનશ્યામ મહારાજને વધાવતાં બાળકોએ તા. ૨૬/૧ની સાયંસભામાં ઉમંગભેર બાળદિન ઊજવ્યો. તેની એકેએક પ્રસ્તુતિમાં રસ લઈ સ્વામીશ્રીએ સૌને ખૂબ લાભ આપ્યો. તે જોઈ દસ વર્ષીય એક બાળક સાગર પટેલ સભા સમાપ્ત થતાં જ સ્વામીશ્રીના ખોળે જઈ પહોંચ્યો.

અલબત્ત, ગ્લાનિથી છલકાતા તેના હૈયે શરૂઆતમાં તો હોઠનેય ફરકવા ન દીધા. તેથી સ્વામીશ્રી પણ શાંતિથી તેની સામું જોતાં બેસી રહ્યા. હકડેઠઠ સભાગૃહ આ નીરવ સંવાદને માણી રહ્યું. થોડી વારે બાળકને વાચા ફૂટતાં તેણે કહ્યું : 'પ્રમુખસ્વામી ! મારું દુઃખ તમે જ દૂર કરી શકશો. હું અને મારી બહેન સાવ ઝૂંપડામાં રહીએ છીએ. પિતાની આવક એટલી બધી નથી. અમારી પાસે ભણવાના પણ પૈસા નથી. તમે અમને કાંઈક કરી આપો.'

'સાગર'ને પણ જ્યાં સમાવાનું મન થાય એ સ્વામીશ્રીનું દિલ કેવું દરિયાવ હશે ! તેની વિશાળતામાંથી ફૂટેલા દયાના ઝરણાએ આજે એક બાળક અને તેની બહેનને તારી લીધાં. સ્વામીશ્રીએ બાજુમાં ઊભેલા કોઠારી સ્વામીને કહ્યું : 'આનું સરનામું લઈ લેજો અને એ તથા એની બહેન, બંનેને ભણવામાં મદદ થાય એ રીતે કરજો.'

મૂર્તિની સાથે બાળકમાં પણ 'ઘનશ્યામ'ને જોતા સ્વામીશ્રી *'દુઃખી કોઈને દેખી શકો નહીં, એવા છો દેવ દયાળ...'*ની કક્ષાના સંત હતા.

આવું ને આવું વઢતા રહેજો

મુંબઈમાં સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન તા. ૨૭/૧ના રોજ મહિલાઓ

દ્વારા ભક્તિદિનની ઉજવણી થયા બાદ તા. ૨૮/૧ની સાયંસભામાં યુવાદિનનો કાર્યક્રમ રજૂ થયો. તેના મુખ્ય વિષયવસ્તુ તરીકે રહેલી 'આત્મબુદ્ધિ'ને સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આત્મબુદ્ધિની દૃઢતા વિશેષ ને વિશેષ થાય એ માટે બધાં અધિવેશનો ને ઉત્સવ, સમૈયા કરીએ છીએ. ભગવાન ને સંતને વિષે આત્મબુદ્ધિ હોય તો એમણે આપેલા નિયમોની દૃઢતા થાય.

તમને વાત કરું કે હમણાં લંડનથી છોકરાઓ એના મિત્રના લગ્નમાં આવેલા. ત્યાં ડિસ્કોનું ગોઠવેલું, પણ આ સત્સંગી છોકરાએ ના પાડી દીધી. લંડનના દસ-બાર યુવકો આવેલા તેય ન ગયા. આ સમયે આવી દૃઢતા રહેવી અઘરી છે. એમ થાય કે 'કન્યાનો બાપ ના પાડશે તો?' હવે કન્યાઓ તો કેટલીયે પડી છે, પણ એને ધ્યેય હતું કે ભગવાનને રાજી કરવા છે, તો આપણે રાજી થયા કે આવા શૂરવીર છોકરાઓ છે જે કોઈની મહોબતમાં લેવાતા નથી.

મનને મારી નાંખવું પડે તો આ બધા નિયમ પળે. ગમે તેટલી મોટપ મળે, ઇલ્કાબેય મળે, પણ એની કોઈ જરૂર નથી. આપણે તો મહારાજ-સ્વામીને રાજી કરવા છે.'

આત્મબુદ્ધિનો આ મર્મ સમજાવી સ્વામીશ્રી તા. ૩૧/૧ની રાત્રે મુંબઈથી અટલાદરા આવી પહોંચ્યા ત્યારે અહીં તો ઘનશ્યામ મહારાજ, નીલકંઠવર્ણી અને ગુરુપરંપરાની મૂર્તિપ્રતિષ્ઠાનો ત્રિવેણી સંગમ સર્જાઈ ગયેલો.

તેની વચ્ચે તા. ૧/૨ની સવારે આવેલા ૯૩ મુલાકાતીઓ પૈકી ચરોતરના હરિભક્ત શ્રી ભરતભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'મારી દીકરીનું કાંઈ ગોઠવાતું નહોતું એટલે એક દિવસ આપની મૂર્તિ સમક્ષ બેસીને હું આપને ખૂબ વઢ્યો, ને બીજે જ દિવસે મુરતિયો જોવા આવ્યો અને પાંચ દિવસમાં તો લગ્ન પણ થઈ ગયાં.'

આ વાત સાંભળી હસતાં હસતાં સ્વામીશ્રી બોલ્યા : 'બસ ! હવે એવું કંઈ થાય તો આવું ને આવું વઢતા રહેજો.'

કેવા નમ્ર, નિર્મળ અને નિખાલસ હતા સ્વામીશ્રી !

ચીવટ-ચોકસાઈની ચરમસીમા

અક્ષરધામ મહોત્સવ દરમ્યાન એક અમેરિકાવાસી મહિલાએ સ્વામીશ્રી પર પત્ર લખી જણાવેલું :

'અમે દિલ્હી આવેલા ત્યારે મારું સ્વેટર ત્યાં રહી ગયું છે. તેમાં ૫૦૦ ડૉલર અને દવા છે. જો એ મળે તો મોકલી આપવા વિનંતી.'

સ્વામીશ્રી વિષે સૌને *'દુખાય દાસ જે સમે, કરો સહાય તે સમે...'*નો વિશ્વાસ હતો. તેથી આવી ક્ષુલ્લક સમસ્યાઓ હલ કરવા પણ સૌ તેઓનો જ સંપર્ક સાધતા. આ મહિલાએ એમ જ કરેલું.

તેઓનો આ ભરોસો સત્ય ઠેરવતાં સ્વામીશ્રીએ પણ મહોત્સવ દરમ્યાન પરદેશી ભક્તોના ઉતારાની વ્યવસ્થા સંભાળતા અલાબામાના હરિભક્ત શ્રી મહેન્દ્રભાઈ પટેલને આ વિગતથી વાકેફ કરેલા. આ કાર્યકરે શોધખોળ ચલાવતાં સ્વેટર હાથ લાગી ગયેલું! આ હકીકત પણ સ્વામીશ્રી દ્વારા ઊજવાતા સમૈયાઓની પવિત્રતાનો પુરાવો જ ને! અન્યથા દિલ્હી જેવા શહેરમાં જ્યાં ઉત્સવના આંગણે રોજના ૨૫,૦૦૦થી વધુ મનુષ્યો ઊભરાતા હોય ત્યાં આવી ચીજ અને ચલણી નાણું યથાવત્ કેવી રીતે રહે?! પરંતુ *'પડી વસ્તુ ઉપાડે ન કોય, ભલે હેમનું ભૂષણ હોય...'*ની રીત સ્વામીશ્રીના સમૈયામાં પ્રવર્તતી.

તેથી રકમ અને દવા સાથે પ્રાપ્ત થયેલું સ્વેટર દિલ્હીથી અમેરિકા પરત મોકલવામાં આવેલું, પણ આ સંપેતરું ત્યાં કો'ક ભળતી જ મહિલાને અપાઈ જતાં મૂળ માલિકને ન પહોંચ્યું. આ ખબર સ્વામીશ્રીને મળતાં તેઓએ પુનઃ તપાસનું ચક્ર ગતિમાન કરાવેલું.

તે મુજબ આજે તા. ૧/૨ની રાત્રે અહીં અટલાદરામાં પેલા સ્વયંસેવક શ્રી મહેન્દ્રભાઈને જોતાં જ સ્વામીશ્રીએ સ્વેટર સંબંધી પૂછપરછ કરી જણાવ્યું: 'જો એ બહેનને સંતોષ ન થતો હોય તો બીજું એવું સ્વેટર અને ૫૦૦ ડૉલર મોકલાવી દેજો.'

એક મહિલાની મામૂલી મુશ્કેલીને ફેડવા માટે બબ્બે મહિના સુધી ખટકો રાખનારા સ્વામીશ્રીની ચીવટ-ચોકસાઈનો જોટો જડે એમ નથી.

પહેલાં ગુરુ છે, પછી આપણે છીએ

તા. ૨/૨ના રોજ ઊગેલી શાસ્ત્રીજી મહારાજની જન્મજયંતીએ અટલાદરામાં વિશ્વશાંતિ મહાયાગ અને નગરયાત્રાની વસંત જામી ગયેલી. આ અવસરને સ્મરણીય બનાવવા ભદ્રેશદાસ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજનું જીવન-કવન ગૂંથતું એક અષ્ટક રચેલું. આ સંસ્કૃત-સ્તોત્રનું ગાન સ્વામીશ્રીએ આજે પ્રાતઃપૂજા માટે સ્થાન લેતાં જ શરૂ થયું. તેમાં શાસ્ત્રીજી મહારાજની

પ્રશસ્તિ હોવાથી સ્વામીશ્રી સ્તોત્રના શબ્દે-શબ્દે ગુરુની સ્મૃતિનો આનંદ માણતાં ડોલી રહ્યા.

આ જ વાત તેઓએ પૂજા બાદ રચયિતા સંતને બોલાવી કહી કે 'શ્લોકો સારા બન્યા. શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ થઈ!' પરંતુ આટલું જણાવી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'આ શ્લોકોમાં યોગીજી મહારાજનું નામ ન આવ્યું. યોગીબાપાએ પણ ઉપાસના-પ્રવર્તનનું કાર્ય કરેલું. એમણે મને પ્રમુખ વરણી વખતે આશીર્વાદ આપેલા, તો એમના મહિમાનો શ્લોક પણ ગૂંથી નાંખજો.'

સ્વામીશ્રીની ગુરુભક્તિનું આ ગુલ ખીલતાં જ આજની વસંત પંચમીનો દમામ અધિક ઊંચકાઈ ગયો. તેથી તરબતર થયેલા ભદ્રેશદાસ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું: 'આપે સૂચવ્યું તેવું અમને યાદ ન આવ્યું, પણ આપના અંતરમાં દૃઢ ગુરુભક્તિ છે તો યોગીજી મહારાજ તરત યાદ આવ્યા!'

'ગુરુભક્તિ તો હોવી જ જોઈએ ને! પહેલાં ગુરુ છે, પછી આપણે છીએ.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ ભક્તિપુષ્પની પાંખડીઓ આજે મહાયાગના માંડવે પણ ફોરી રહી. ૧,૪૩૭ યજમાનોની ઉપસ્થિતિમાં ચાલતા આ યજ્ઞમાં સ્વામીશ્રી પહોંચ્યા ત્યારે મંચ પર અટલાદરાના મંદિરમાં બિરાજનારા ઘનશ્યામ મહારાજ, નીલકંઠવર્ણી તથા ગુરુપરંપરાની સાથે અમદાવાદના હીરાવાડી વિસ્તાર તેમ જ બામણગામ અને પીપળિયા ગામનાં મંદિરની મૂર્તિઓ પણ પધરાવેલી. આ અર્ચાસ્વરૂપો સમક્ષ બેસી વિધિમાં પરોવાયેલા સ્વામીશ્રીએ જોયું તો પૂજા-સામગ્રીમાં ગુલાબનું એકેય ફૂલ નહોતું; કેવળ હજારીનાં જ પુષ્પો હતાં. તેથી તેઓએ સંતોને આદેશ આપ્યો: 'ગમે ત્યાંથી ગુલાબ શોધી લાવો. આજે વસંત પંચમીનો દિવસ અને આટલો મોટો યજ્ઞ છે તો ગુલાબ ન રખાય?'

સ્વામીશ્રીની આ ગુલાબી ભક્તિની ફોરમ માણતાં આગળ વધેલા યજ્ઞ-વિધિમાં ઠાકોરજીને થાળ ધરાવાયો. તે પછી આવેલી મુખવાસની થાળીમાં ફોલ્યા વિનાની એલાયચી જોતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'આવી એલચી મહારાજ કેવી રીતે જમે? દાણા ફોલવા જોઈએ ને!'

તેઓની આજની એક-એક ક્રિયા પ્રતીતિ કરાવી રહી કે *'એણે ભક્તિ ભલી કરી જેવી, આજ અન્યથી નવ થાય એવી...'*

તેનાં વધુ એક દર્શનથી આજની રાત્રિ પણ અજવાળી રહી.

આજે રાત્રે વાળુ બાદ સ્વામીશ્રી સાથે આવતીકાલે થનારી મૂર્તિપ્રતિષ્ઠા

સંબંધી વિમર્શ શરૂ થયો. તેમાં મંદિરની પ્રદક્ષિણામાં તૈયાર થયેલાં ચાર ગુરુશિખરોમાં કયા દેરામાં કયા ગુરુનું સ્વરૂપ પધરાવવું તે વિષય નીકળતાં સંતોએ કહ્યું: 'પૂર્વ બાજુથી ગણીએ તો પ્રથમ શિખરમાં ભગતજી મહારાજ, બીજામાં શાસ્ત્રીજી મહારાજ, ત્રીજામાં યોગીજી મહારાજ અને ચોથામાં પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિ પધરાવાશે.'

આ સાંભળી સ્વામીશ્રીએ સૂચન કર્યું: 'પહેલા ખંડમાં ભગતજી મહારાજ છે એ બરાબર, પણ છેલ્લા ખંડમાં યોગીજી મહારાજ આવે એવું કરો. પગથિયાં ચઢતાં જ આપણી મૂર્તિ તરત દેખાય એનો શો અર્થ? યોગીજી મહારાજનાં દર્શન થાય એ સારું ને!'

સ્વામીશ્રીની અતિ અનિચ્છા હોવા છતાં સંતો-ભક્તો *'બલિહારી ગુરુદેવ કી...'*ના ન્યાયે તેઓની મૂર્તિ પધરાવતા, પરંતુ તે પ્રતિમા ઝટ નજરે ન ચડે એવા સ્થાને મુકાવવાની ખેવના સ્વામીશ્રી સેવતા. 'પહેલાં ગુરુ છે, પછી આપણે છીએ'નો સિદ્ધાંત તેઓની દરેક ક્રિયામાં જોવા મળતો.

અટલાદરામાં ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા

તા. ૩/૨ની સવારના માંગલિક મુહૂર્તમાં સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા મંદિરના પશ્ચિમ દેરે ઘનશ્યામ મહારાજ બિરાજતાં જ ઊઠેલા જયઘોષથી અટલાદરાનું આકાશ ભરાઈ ગયું. આ સમયે જાહેરાત થઈ કે 'વડોદરાના તમામ નાગરિકો માટે હવે આ મૂર્તિનાં દર્શન સ્વામીશ્રી ખુલ્લાં મૂકે છે.'

'એકલા વડોદરા શહેરના નહીં, પણ સમગ્ર વિશ્વ માટે આ દર્શન ખુલ્લાં છે.' સ્વામીશ્રીએ સુધાર્યું.

આ જ વિશાળ ભાવનાથી તેઓએ ગુરુપરંપરા, નીલકંઠવર્ણી અને નૂતન શિખરો તળે હનુમાનજી-ગણપતિજીને પણ પ્રતિષ્ઠિત કર્યા. આ પ્રતિષ્ઠા નિમિત્તે કેટલાય બાળકો, યુવકોએ પોતાની ખિસ્સાખર્ચી સમર્પિત કરેલી, તો વડીલોએ પસ્તીથી માંડી સુવર્ણ સુધીનાં દાન કરેલાં. તપ-વ્રતની પણ હારમાળા ખડકાઈ ગયેલી. પ્રતિષ્ઠા ન થાય ત્યાં સુધી પગરખાં ન પહેરવાનો નિયમ રાખનારા એક શ્રમજીવીએ તો બે વરસ ઉઘાડે પગે વિતાવેલાં. સૌની આ ભક્તિને આજે સુફળ કરી સ્વામીશ્રીએ તા. ૫/૨ની સાયંસભામાં ગોધરાના શિખરબદ્ધ મંદિરનું ખાતમુહૂર્ત પણ સંપન્ન કર્યું.

તેની સાથે આ અરસામાં તેઓએ જૂનાગઢના મંદિરનું નિર્માણકાર્ય

ઉપાડેલું. તે અંગે જરૂરી આરસની ખરીદી કરવા મકરાણા ગયેલા આત્મકીર્તિદાસ સ્વામીએ તા. ૭/૨ના રોજ સ્વામીશ્રીને કહ્યું: 'અક્ષરધામ માટે ખરીદેલા આરસમાંથી હજી ઘણો માલ બચ્યો છે, તો તેનો ઉપયોગ જૂનાગઢના કામમાં કરીએ તો કેવું?'

'તમારી વાત સાચી, પણ એ અંગે આપણે સ્થાનિક સંતોને પૂછવું પડે.'

સ્વામીશ્રીનો આ પ્રતિભાવ સૌને અચંબો પમાડી ગયો, કારણ કે અક્ષરધામના બાંધકામની સંપૂર્ણ અર્થવ્યવસ્થા તેઓને આભારી હતી. તેથી કોઈનીયે સંમતિ લેવાની સ્વામીશ્રીને જરૂર નહોતી. છતાં તેઓએ ઈશ્વરચરણદાસ સ્વામી અને આત્મસ્વરૂપદાસ સ્વામીને બોલાવી પૂછ્યું: 'આ સંત કહે છે કે અક્ષરધામના કામમાં વધેલો માર્બલ જૂનાગઢમાં વપરાય એમ છે. આ બાબતે તમારું શું કહેવું છે?'

'બાપા! અક્ષરધામ તો આપે જ કર્યું છે. આપે અમને પૂછવાનું હોય જ નહીં.' સંતોએ જણાવ્યું.

પરંતુ આજે જોવા મળેલી સ્વામીશ્રીના નેતૃત્વની શૈલી સૌને પ્રભાવિત કરી ગઈ![૨૯]

આ તો અબજો રૂપિયા આપતાં પણ નહીં મળે

તા. ૮/૨ની રાત્રે સ્વામીશ્રી ભોજન ગ્રહણ કરી રહેલા ત્યારે ચાલતા થયેલા એક કાર્યક્રમમાં તેઓને પ્રશ્ન પુછાયો કે 'દેહભાવ ટાળવો એ આપના હાથમાં છે કે અમારા હાથમાં છે?'

'પોતાના જ હાથમાં છે.'

આમ કહી સ્વામીશ્રીએ પુરુષાર્થની પ્રેરણા આપી.

ત્યારે આદર્શસેવાદાસ સ્વામી બોલ્યા: 'ગુણાતીતાનંદ સ્વામીએ તો કહ્યું છે કે મોટાપુરુષ લગારેક દૃષ્ટિ કરે તોય દોષો ટળી જાય.'

'દૃષ્ટિ કરી ત્યારે તો અહીં બેઠા છો. હવે કેટલી દૃષ્ટિ જોઈએ? હવે પ્રયત્ન કરવાનો છે. એ કહે એમ આજ્ઞા પ્રમાણે કરવું જોઈએ. ખાલી દૃષ્ટિ

---

૨૯. અટલાદરાના આંગણે આયોજિત આ દિવ્ય અને ભવ્ય પ્રતિષ્ઠાપર્વમાં સામેલ થવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

કરવાથી ડૉક્ટર ઓછા થવાય છે? ભોજન હોય, પણ ચાવવાનું તો આપણે જ છે ને?! એમ પુરુષપ્રયત્ન કરીએ નહીં ને પછી કહીએ કે 'કંઈક દયા કરો', એ કઈ રીતે થાય? ઠેઠ અક્ષરધામથી આયા એ કેટલી કૃપા છે!'

સ્વામીશ્રીએ આજે એકસાથે પ્રાપ્તિ અને પુરુષાતનની વાત જણાવી દીધી.

પ્રાપ્તિનો આ પરિમલ તેઓ તા. ૧૩/૨ની સવારે બોચાસણમાં પધારતાં અહીં પણ પ્રસરવા લાગ્યો.

અત્રે તા. ૧૪/૨ની સવારે સ્વામીશ્રી ૭૦ જેટલા મુમુક્ષુઓને મળી આસન પરથી ઊભા થવાની તૈયારીમાં હતા. તે વખતે તેઓએ સામે ઊભેલા શ્રી સંદીપભાઈ રાવને બોલાવતાં કહ્યું: 'ગુલાબ લાવો. એને પણ આપીએ.' આમ કહી એક ગુલાબ આ સેવાભાવી હરિભક્તને આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'લોકો પાંચસો ને હજાર રૂપિયાનાં લઈને એકબીજાને આપે છે, પણ આ તો અબજો રૂપિયા આપતાં પણ નહીં મળે! પેલું તો લઈને નાંખી દેવાનું ને આ તો કાયમ ભગવાન ને સંતનો સંબંધ યાદ આવે.'

સ્વામીશ્રીએ ફૂલની સાથે મૂર્તિ પણ આપી દીધી.

વ્યવહારમાર્ગના વિશારદ

આવતા વર્ષે ઊજવાનારા સંસ્થાના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે અત્યારે અહીં બોચાસણમાં ગુરુશિખરોનાં નિર્માણની ગતિવિધિ શરૂ થયેલી. તેના ભાગરૂપે મંદિરની પાછળ આશરે પંદરેક ફૂટ ઊંડો ગર્ત ગાળવામાં આવેલો. આ ખોદકામને કારણે શાસ્ત્રીજી મહારાજે નાંખેલો આ મંદિરનો પાયો ઉઘાડો થતાં તેનું અલભ્ય દર્શન સૌને લાધ્યું. સ્વામીશ્રીએ પણ તે લાભ લીધો. એ પાયાને મજબૂત કરનારા ગુરુવર્યોની પ્રતિષ્ઠા માટે તૈયાર થનારાં ગુરુશિખરોનો શિલાન્યાસ સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૧૬/૨ની સવારે સંપન્ન થયો.

એ જ કરકમળો દ્વારા તા. ૧૭/૨ના પ્રભાતે પીજ, કુકવાડ, અલારસા, અલીન્દ્રા અને નરસંડાનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પુરાયા.

ત્યારબાદ તા. ૧૯/૨ના રોજ બોચાસણથી વિદાય લઈ વિદ્યાનગર પધારેલા સ્વામીશ્રીએ આજની સાંજે અક્ષરફાર્મમાં નિર્માણ પામેલા નૂતન સભાગૃહનું ઉદ્‌ઘાટન કર્યું.

અહીં જ રોજ પ્રાતઃપૂજા અને સાયંસભાનો લાભ આપતા તેઓ તા. ૨૧/૨ની સાંજે છાત્રાલયમાં પ્રસાદ ગ્રહણ કરી રહેલા ત્યારે સારંગપુરની

વાડીમાં તૈયાર થયેલાં બોર અને ચેરી ટામેટાં લઈને સંતો પ્રવેશ્યા. સ્વામીશ્રીએ તે ફળો પર દૃષ્ટિ કરી સામે બેઠેલા સૌને વહેંચવા આજ્ઞા આપી, પરંતુ ઉપસ્થિત વ્યક્તિઓ અને ફળફળાદિની માત્રાનું માપ ક્ષણવારમાં કાઢી લેનારા તેઓ તરત બોલ્યા : 'જેણે બોર લેવું હોય એ ટામેટું ન લે અને ટામેટું લેવું હોય એ બોર ન લે.'

તેઓની આ સૂચનાથી રમૂજ પણ પ્રસરી રહી અને સૌને પ્રસાદીયે પૂરતી મળી રહી. *'ત્યાગી ન જાણે વ્યવહારનીતિ...'* એ ઉક્તિ સ્વામીશ્રી પાસે કાયમ ખોટી ઠરતી રહેલી.

શિક્ષણની સાથે સંસ્કાર અગત્યના છે

તા. ૨૧/૨ની ભરચક સાયંસભામાં છાત્રાલયના વિદ્યાર્થીઓએ 'અભ્યાસ ચડે કે સંસ્કાર?' વિષયક રસપ્રદ ચર્ચાનું સમાપન કરતાં સ્વામીશ્રીને કહ્યું : 'અમને કશી જ ખબર પડતી નથી કે 'આમાં શું શ્રેષ્ઠ છે?' માટે આપ જ નિર્ણય આપો.'

આ વિનંતીના પ્રતિભાવમાં સ્વામીશ્રી બોલ્યા : 'આપ બધા ભણેલા બેઠા છો ને હું એક અભણ માણસ એનો ઉત્તર કેવી રીતે આપી શકું?'

આટલું કહી મંદ-મંદ હસી રહેલા સ્વામીશ્રી સૌને અહંશૂન્યતાની અમીરી ભોગવતા જણાયા. તે પછી તેઓએ શિક્ષણ અને સંસ્કારના સંતુલનની શીખ આપતાં જણાવ્યું :

"વિદ્યાનું મહત્ત્વ તો છે જ. એનાથી દેશનો વિકાસ થાય છે, પણ એ વિકાસની પછવાડે સંસ્કાર ન હોય તો પછી પોતાના સ્વાર્થની વાત થાય. પોતાનો, પોતાના કુટુંબનો વિકાસ કેમ થાય એટલું જ થાય. આજે દરેક ક્ષેત્રમાં પોતાનાં કાર્ય કરવા માટે હડતાલ પાડે છે, હક માંગે છે. તો એને ભણતર શું કામનું? દેશ માટે સમર્પણભાવના હોવી જોઈએ, એ સંસ્કાર. અત્યારના ડૉક્ટરો, વકીલો, સાયન્ટિસ્ટોનો આપણે નિષેધ નથી કરતા, પણ આજે દેશમાં કરોડો નહીં, અબજોના કૌભાંડ થાય છે. આ ક્યાં સંસ્કાર રહ્યા? વચ્ચે ખાનાર તો ભણેલા જ છે ને! માણસ ભણ્યો છે એ ખોટું નથી, પણ પૈસા માટે જ કરવું એ ભાવના ખોટી છે. ભ્રષ્ટાચાર સિવાય કાંઈ ચાલતું જ ન હોય તો ભણ્યા એ કામનું શું? એટલે શિક્ષણની સાથે સંસ્કાર બહુ જ અગત્યની વસ્તુ છે. સંસ્કારહીન મનુષ્ય ગમે એટલા ભણેલા હોય, પણ અનર્થ જ થાય.

આજે છોકરાઓ મા-બાપને ઘરડાંઘરમાં મોકલી આપે છે. માટે ભણેલા હોય કે અભણ, પણ એને સંસ્કાર જોઈશે. અભણ હશે ને એનામાં સંસ્કાર હશે તો ભણેલા કરતાંય સારું કામ કરી શકશે. સંસ્કારી માણસ બધાને માન્ય થાય છે. એટલે ભણતર જ મહત્ત્વનું છે એવું નથી, સંસ્કાર મહત્ત્વના છે.

તમે ભણ્યા, ગણ્યા, પૈસા કમાવ છો, આયોજન-સંશોધન કરો છો એ ક્યાંથી થયું? ભગવાને બુદ્ધિ ન આપી હોત તો થાત નહીં. હવે એ ભગવાનને ભૂલીને કહીએ કે 'ભગવાનની જરૂર નથી.' એ વાતો થતી હોય, તો ભણેલા પણ અસંસ્કારી કહેવાય. ભણેલાના મોઢામાંથી એ ન નીકળવું જોઈએ કે 'આ બધું ખોટું છે.' બધું સારું છે, આપણે ખોટા છીએ, કારણ કે આપણને એવો વિચાર આવ્યો માટે ખોટા છીએ.

હ્યુમન રાઇટ(માનવ હક)ની વાતો કરે છે તો પછી બૉંબ બનાવવાની કંઈ જરૂર ખરી? માણસને મારવાની વાતો કરે ને પાછા હ્યુમન રાઇટ્સની ફિલોસોફી પણ એ જ કરે! એ બધા ભણેલા જ છે, પણ શું કામનું? ભણ્યા પણ સંસ્કાર ન હોવાથી, માનવનો કેમ સંહાર થાય એવાં સાધનો ખોળ્યાં! એટલે સંસ્કાર મહત્ત્વની વસ્તુ છે. પેલી વસ્તુ (શિક્ષણ) બીજા નંબરે આવે છે. ભણવું અગત્યનું નથી, પણ ભણવાની સાથે સંસ્કાર અગત્યના છે."

ભણેલાએ પણ ભણવાનો પાઠ સ્વામીશ્રીએ આજે પાકા પાયે શીખવી દીધો.

મન અભિમાન ન આણે રે

તા. ૨૨/૨ની સવારે આવેલા ૧૩૨ મુલાકાતીઓમાં ગાંધીનગરના શ્રી ગાંડાભાઈ પટેલ પણ હતા. આ યોગશિક્ષકે સ્વામીશ્રીને કહ્યું: "હું કોઈ પણ પ્રકારના પ્રચાર વગર બબ્બે હજાર વ્યક્તિઓની યોગશિબિરો યોજું છું ને આસન કરાવતી વખતે અચૂક કહું છું કે '૮૫ વર્ષની કોઈ વ્યક્તિમાં પાંચ વર્ષના નિર્દોષ બાળકનાં દર્શન કરવાં હોય તો પ્રમુખસ્વામી મહારાજ પાસે જજો. તેઓ આ દુનિયાનું કલ્યાણ કરી રહ્યા છે."

ન જાણે કેવાં-કેવાં સ્વરૂપે સ્વામીશ્રી લોકોના હૃદયમાં પ્રવેશી ગયેલા!

આ વ્યાપક પ્રભાવ સાથે તા. ૨૪/૨ની સાયંસભામાં જવા નીકળેલા તેઓની ગાડી અક્ષરફાર્મમાં જવા માટે મુખ્ય રસ્તેથી ગલીમાં વળી ત્યાં જ સ્વાગતમાં કમાન રચવામાં આવેલી. તે સ્વામીશ્રીને ઘણા દિવસથી ખૂંચતી હતી, પરંતુ આજે ગાડીમાં સ્થાનિક વ્યવસ્થાપક સંત ભેગા બેઠેલા એટલે

તેઓને સ્વામીશ્રીએ કહ્યું: 'આવાં પોસ્ટર લગાડવાનાં હોય તો એક બાજુ યોગીજી મહારાજને પણ રાખવા.'

'આપણે તો કામ સોંપી દીધું હોય એટલે ખ્યાલ ન રહ્યો.'

'નીચેના માણસોએ ભલે કર્યું, પણ આપણે તો ધ્યાન દોરવું જોઈએ ને! મૂળ પુરુષો ક્યારેય ભૂલવા નહીં. જે કંઈ છે એ એમને લીધે છે. આપણે એની પાછળ-પાછળ ચાલવાનું છે, તો સુખ-શાંતિ રહે. મહારાજની ને જોગીબાપાની મહત્તા વધે એ જ આપણે કરવાનું છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની આ ભવ્ય ભાવના આજની સાયંસભામાં પણ પ્રકાશી રહી. તેમાં બોચાસણ મુકામે મંદિર કરવાનો શાસ્ત્રીજી મહારાજે આણંદમાં લીધેલો નિર્ણય રજૂ કરતો સંવાદ પ્રસ્તુત થયા બાદ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'ભગવાનની ઇચ્છા મુજબ ચરોતરનો સત્સંગ વધ્યો છે, ગામોગામ મંદિરો થયાં છે. અહીં પણ સભામંડપ થયો ને!'

આટલું કહી સ્વામીશ્રી 'પ્રમુખસ્વામી સભાગૃહ'ને બદલે બોલ્યા: ''ભગવત્ચરણ સભાગૃહ થયો. કહેવાનું શું કે ભગવત્ચરણ હોય કે પ્રમુખસ્વામી હોય – એ તો બધા વાયરો ખાય છે. ભગવાન વગર સૂકું પાંદડું પણ હાલી શકે એમ નથી. એ સત્સંગ વધે એવો સંકલ્પ કરી ગયા છે એટલે આ બધાં કાર્ય થાય છે. 'મેં કર્યું' એમાં મુશ્કેલીઓ આવે, ભગવાનની ઇચ્છાથી થાય એમાં સરળતા થઈ જાય. 'અમે દેશની, સમાજની સેવા કરી' એમ બધાને થોડું-થોડું અહં આવે છે, પણ ભગવાનની ઇચ્છા હોય એમ થાય છે. 'મેં આટલી સેવા કરી તો સારો હોદ્દો મળવો જોઈએ, મારી પ્રતિષ્ઠા વધવી જોઈએ' એવી કોઈ આશા રાખવી નહીં. જે કાર્ય કરો, પણ એટલું રાખો કે 'મારે ભગવાન રાજી થાય એમ કરવું છે', તો અહં નહીં આવે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ હાથ જોડીને કામ કરતા. નમ્રતા, સાધુતા, ભક્તપણું રાખીએ તો બધું સરળ થાય છે ને આવાં બધાં કાર્યો થાય છે.''

મંદિર ભરેલું રહેવું જોઈએ

તા. ૨૪/૨ની સાયંસભા સમાપ્ત થયા બાદ છાત્રાલયમાં પધારેલા સ્વામીશ્રી ભોજનકક્ષમાં પ્રવેશ્યા ત્યાં જ એક યુવકે બુલંદ સ્વરે છડી પોકારી: 'ભગવી ધોતી, ભગવું ગાતરિયું, હાથમાં માળા... ઘણી ખમ્મા...! ઘણી ખમ્મા...!'

આ સાંભળી સ્વામીશ્રીએ પણ એ યુવાનના પરિવેશને લક્ષમાં લઈ

છડી લલકારી કે 'ધોળો લેંઘો ને ધોળો ઝભ્ભો, આંખમાં ચશ્માં ને માથે ઓછા વાળ... ઘણી ખમ્મા...! ઘણી ખમ્મા...!'

યુવા પેઢી સાથે કેટલા રસબસ હતા સ્વામીશ્રી! યુવાનોને આ હદે લાડ લડાવનારા તેઓની છડીઓ યુવાની કેમ ન પોકારે!

યુવકોનો આ પ્રેમભાવ ઝીલતાં સ્વામીશ્રીએ તા. ૨૬/૨ની સવારે વિદ્યાનગરથી વિદાય લઈ નરસંડાને પાવન કર્યું.

અત્રે તેઓ તળાવ કિનારે બનેલા નવનિર્મિત મંદિરમાં આરતી ઉતારી આશીર્વાદ આપતાં બોલ્યા: 'નરસંડાના હરિભક્તો બળિયા છે. અહીંથી તો અમારે સાધુને ઉપવાસનાં પારણાં કરવા લીંબુ આવતાં. હવે અહીં આવું સુંદર મંદિર થયું છે, તો તે ભરેલું રહેવું જોઈએ. જેણે-જેણે આ મંદિરમાં તન, મન, ધનથી સેવા કરી છે તે બધા પર ભગવાનનો રાજીપો થશે ને દેશકાળ પણ સારા થશે.'

આ અમૃતધારા વરસાવી નડિયાદ પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૨૭/૨ના રોજ મંદિરનો પાટોત્સવ ઊજવી તા. ૨૮/૨ની સવારે અકલાચાના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા.

તેને અનુસરતાં તેઓ તા. ૧/૩ની સાંજે અમદાવાદ પધાર્યા.

બી.એ.પી.એસ. એક જ છે

અમદાવાદની સ્વાગત-સભામાં સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા ત્યાં જ નડિયાદના પ્રફુલ્લભાઈ ઠાકર એક દિલરુબા લઈ હાજર થયા. શાસ્ત્રીજી મહારાજે ગોંડલમાં વગાડેલું આ વાજિંત્ર તેઓએ સ્વામીશ્રીને અર્પણ કર્યું ત્યારે સ્વામીશ્રીએ પણ તેને ખોળામાં ધારણ કરી સૌના અંતરતાર રણઝણાવી દીધા.

આ જ હેતુસર તેઓ તા. ૨/૩ની સાયંસભામાં જવા જેવા ઉતારાની બહાર પધાર્યા કે ત્યાં જ તેઓએ જૂનાગઢથી આવેલા સંતોને જોતાં પૂછ્યું: 'સવારે અગિયાર વાગ્યે આવવાનું કહેલું ને મોડા કેમ આવ્યા?'

આ સાંભળી કો'ક બોલ્યું: 'બાપા! આ ઉંમરે હવે આ બધી ચિંતા આપે કરવાની જ ન હોય.'

'ચિંતા વગર કશું જ થતું નથી. જો ચિંતા ન કરીએ તો બધું રખડી પડે.' સ્વામીશ્રીએ કહ્યું.

આ ચીવટ સાથે તેઓ તા. ૩/૩ની સવારે જૂનાગઢના પ્રતિષ્ઠા

મહોત્સવનો વિમર્શ કરી રહેલા. તેમાં એક પ્રાસંગિક વાતના અનુસંધાનમાં કો'કે જણાવ્યું : 'આ વખતે શિવરાત્રિ નિમિત્તે સ્નાન કરવા માટે બે અખાડાઓ વચ્ચે મોટો ડખો થઈ ગયેલો.'

"એ જે થયું એ, પણ આપણે ત્યાં ડખા થવા ન જોઈએ. આપણે તો વન (એક). એક જ અક્ષર-પુરુષોત્તમ. હૉલ હિંદુસ્તાનમાં જ્યાં જઈએ ત્યાં બી.એ.પી.એસ. એક જ. આખી દુનિયામાં પણ બી.એ.પી.એસ. એક જ. 'આ આનું મંદિર ને આ તેનું મંદિર, આ મારો વિસ્તાર ને પેલો એનો વિસ્તાર' એવું કાંઈ જ થવા દેવું નહીં. કાયમી આ જ ભાવના રાખવી. બી.એ.પી.એસ. એક જ છે. આપણો અખાડો એક જ છે."

સ્વામીશ્રીએ આગવી રીતે એકતાનો એકડો ઘૂંટાવી દીધો.

ભગવાન સાથે ડાઈરેક્ટ હૉટ લાઈન

તા. ૫/૩ની સાંજે રવિસભા નિમિત્તે ભરચક મંદિર-પરિસર જોઈ સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'મહારાજના વખતમાં મહારાજની મૂર્તિનું આકર્ષણ એવું હતું કે જેટલા માણસો દરબારમાં હોય એટલા જ લક્ષ્મીવાડીએ હોય ને એટલા જ ભક્તિબાગમાં હોય. એવું અહીં દેખાય છે.'

સ્વામીશ્રીના મુખેથી સરી પડેલું આ સૌમ્ય સામ્ય પુરાવો પૂરતું ગયું કે *'સ્વામી ! તારા રૂપે આજ શ્રીજી મળ્યા...'*

સૌ આ શ્રીજીસંનિધિના સુખમાં ગરકાવ હતા ત્યાં જ તા. ૭/૩ની રાત્રે ૧૧:૫૫ વાગ્યે ભૂકંપનો આંચકો આવ્યો. આ સમયે સ્વામીશ્રી તો નિદ્રાધીન હતા, પરંતુ સંતો તેઓને જગાડી બહાર ખુલ્લા પરિસરમાં લઈ આવ્યા. અહીં સ્વામીશ્રી ખુરશીમાં બિરાજ્યા. જેમ-જેમ આ વાત વહેતી થઈ તેમ-તેમ મંદિરમાંથી સંતો-ભક્તો એકત્રિત થવા લાગ્યા. તેઓ સાથે ભજન-કીર્તન કરતાં કલાકેક વિતાવી સ્વામીશ્રી પુનઃ ઉતારામાં પધારી શયનાધીન થયા.

પરંતુ રાત્રે નિદ્રાનો લય ખોરવાયો હોવા છતાં બીજે દિવસે તેઓનો દૈનિક ક્રમ નિયત સમયે જ શરૂ થઈ ગયો. તે અનુસાર સ્વામીશ્રી તા. ૯/૩ની સવારે મંદિર પર દર્શન કરવા પધાર્યા ત્યારે ત્યાં સુખશય્યાના ખંડ આગળ ઊભેલા ભગવત્ચરણદાસ સ્વામીએ આડો હાથ ધરી ગમ્મતમાં કહ્યું : 'દર્શન નહીં કરવા દઉં.'

'મારે તો ડાઈરેક્ટ હૉટ લાઈન (સીધો સંપર્ક) છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ સાહજિક ઉદ્‌ગારમાંથી *'અખંડ મૂર્તિ પ્રભુ કેરી દેખે...'*ની તેઓની ગુણાતીત સ્થિતિ ઝળકી રહી.

...તો બીજાના દોષ તમારામાં આવશે

આ અરસામાં નર્મદા બંધની ઊંચાઈ વધારવાની પરવાનગી મળતાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૯/૩ના રોજ કેવડિયા કૉલોની પહોંચેલા. અહીં તેઓએ બંધના કાર્યનો પુનઃ આરંભ કરાવતાં પૂર્વે સ્વામીશ્રીને ફોન જોડી આશીર્વાદ મેળવ્યા. આ જ રીતે નર્મદા નિગમના ચૅરમેન શ્રી પી. કે. લહેરીએ પણ શુભાશિષ પ્રાપ્ત કર્યા. સ્વામીશ્રી સ્વયં આ સમાચારથી ખુશ થતાં બોલી ઊઠ્યા : 'જોરદાર કામ થઈ ગયું ! હવે ડેમ વહેલી તકે પૂરો થાય, કોઈ અડચણ કે વિઘ્ન આવે નહીં તે માટે ધૂન કરી લઈએ.' આમ કહી કેટલીક મિનિટો સુધી નેત્રો મીંચી ધૂનરત બનેલા તેઓએ અંતે જયનાદ ગજવ્યો. તેમાં નર્મદા મૈયાની પણ જય બોલાવી જણાવ્યું : 'ખરી જય તો જોગીબાપાની બોલાવવાની છે, કારણ કે એમના સંકલ્પ ને ઇચ્છાથી આ કાર્ય થાય છે.'

ઇતિહાસ સાક્ષી પૂરે છે કે સ્વામીશ્રી પણ નર્મદા યોજના નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે અથાક જહેમત ઉઠાવતા રહેલા. તેથી જ તો વારે-તહેવારે શાસકો અને અધિકારીઓ તેઓ પાસે આશીર્વાદ તેમ જ માર્ગદર્શન લેવા આવતા રહેતા. છતાં આ યોજનાની પ્રગતિનો યશ સ્વામીશ્રી કાયમ માટે યોગીજી મહારાજનાં જ ચરણે ઢોળી દેતા.

ગુરુભક્તિનો આ માર્ગ કદી ન ચૂકનારા તેઓ તા. ૧૦/૩ની સવારે મંદિરે જવા નીકળ્યા ત્યારે પરિસરમાં ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓ તેમ જ વિદ્યાર્થિનીઓ બેઠેલાં. આ સમય ગુજરાત શૈક્ષણિક બૉર્ડ દ્વારા લેવાનારી દસમા-બારમા ધોરણની પરીક્ષાઓનો હતો. તેથી સ્વામીશ્રી જ્યાં-જ્યાં પધારે ત્યાં-ત્યાં આવા વિદ્યાર્થીઓને અલગ બેસાડી આશીર્વાદ અપાવવામાં આવતા. સ્વામીશ્રી પણ પ્રત્યેક છાત્ર પર દૃષ્ટિ અને પુષ્પો વેરી સૌને હામ પૂરતા. વિદ્યાર્થિનીઓ માટે પણ પ્રસાદીભૂત ફૂલો મોકલાવતા. તેઓની આ કૃપા સાંપડતાં સૌ પરીક્ષાર્થીઓ નિશ્ચિંત થઈ રહેતાં. વિદ્યા સાથે ઉમેરાતો આ વિશ્વાસ તેઓના ગુણાંકમાં ઘણો ફેર પાડી દેતો.

તે મુજબ આજે પણ આ પાયાની શૈક્ષણિક સેવા કરી સ્વામીશ્રી તા. ૧૧/૩ની સાંજે મંદિરના ઑડિયો સ્ટુડિયોમાં પધાર્યા. અત્રે તેઓએ ગઢડા

પ્રથમ પ્રકરણના પહેલા વચનામૃતનું વાંચન કર્યું. તેઓનો આ ધ્વનિમુદ્રિત સ્વર 'વચનામૃત'ની ઑડિયો બુકમાં સંગ્રહિત થઈ આજેય સૌને નાદબ્રહ્મનો અનુભવ કરાવી રહ્યો છે.

આવી જ અમૃતધારા આજની સાયંસભામાં રેલાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"આપણે ભેળસેળવાળા છીએ, પણ અહીં ચોખ્ખા થવા આવ્યા છીએ, તો બીજાને શું કામ ભેળસેળવાળી વાત કરવી? નગારું-ઢોલ લઈને 'સાંભળો ભ'ઈ... સાંભળો ભ'ઈ...' એવાં ઢોલ વગાડવાની જરૂર નથી. આપણું ટાળવાનો પ્રયત્ન કરો. ભગવાન એકદમ સ્વચ્છ છે, એમાં જગત, માયા, પ્રપંચ નથી. મોટાપુરુષને વિષે પણ એ નથી અને એમના સંબંધમાં સત્સંગીઓ છે એમાં પણ એ જ જોવાનું. જેની ભૂલો છે એ સત્સંગમાં ટકી શકશે નહીં. એના પાપે કરીને ગમે ત્યારે સત્સંગમાંથી પડવાનો છે. આપણે ડહાપણ કરવાની જરૂર નથી. બીજાને વાતો કરીએ કે 'આમ છે ને તેમ છે, ફલાણું છે ને ઢીકણું છે,' એ બધું તમે શું કામ કરો છો? યોગ્ય વ્યક્તિને કહી દો, એ કરશે. આપણું ટાળવાને બદલે બીજાનું પ્રકાશ કરીને આપણે જાણીએ – 'હું સારી સેવા કરું છું', પણ એ સેવા નથી. બીજાનું જોયા કરશો, તો નહીં હોય તોય બીજાના એ દોષ તમારામાં આવશે. માટે બ્રહ્માદિકને દુર્લભ એવો સત્સંગ મળ્યો છે, એવો જો મહિમા હોય તો ભેટંભેટા, નહીં તો છેટંછેટા."

છોળ્યો રંગની ઊછળે એવી

તા. ૧૨/૩ના સુપ્રભાતે અમેરિકાનાં નેસવિલ અને પાર્સીપનીનાં મંદિરોની આરસ-પ્રતિમાઓનાં પૂજન-આરતી કરી સ્વામીશ્રી તા. ૧૩/૩ની સવારે સારંગપુર પધાર્યા.

અત્રે તા. ૧૫/૩ના રોજ આવેલા ફૂલદોલોત્સવમાં કેસર-કેસૂડાંનો રંગ ઊડે તે પહેલાં તો સ્વામીશ્રીનાં લટકે-લહેકે જ સૌને રંગી નાંખ્યા. જ્યારે સ્વામીશ્રીએ ઉત્સવ-સભાના મંચ પર પદાર્પણ કર્યું ત્યારે *'વરતાલ ગામ ફૂલવાડીએ...'* કીર્તન ગવાઈ રહેલું. તે સાંભળી સ્વામીશ્રી સ્વયં તાનમાં આવી ગયા અને મંચ મધ્યે આસન પર બેસતાં પૂર્વે ઊભાં-ઊભાં તાલી વગાડી તાલ દેવા લાગ્યા.

થોડી વારે સિંહાસને બિરાજ્યા બાદ પણ તેઓ કીર્તનના શબ્દો

અનુસાર લટકાં કરતા જ રહ્યા. *'હેમ કડાં બેઉ હાથમાં રે, દશે આંગળિયે વેઢ...'*નું ગાન થયું ત્યારે તેઓએ પોતાના બેય હાથની દશે આંગળીઓ પ્રસારી વેઢ હોવાની સંજ્ઞા કરી. *'કેડે કટારો આંકડો રે...'* શબ્દો ગવાયા ત્યારે તો યુદ્ધ માટે સજ્જ થતો શૂરવીર કમરે કટાર ખોસે તેવી મુદ્રા કરી. *'સોરઠની તલવાર...'*નો ઉલ્લેખ થતાં સ્વામીશ્રીએ મૂઠ ભરાવીને પકડેલી તલવારથી પ્રહાર થતો હોય તેવી ચેષ્ટા કરી.

આવી રસલહાણની વચ્ચે સ્વામીશ્રી શ્રીજીમહારાજના રંગોત્સવને વર્ણવતાં બોલ્યા કે 'મહારાજે બધાને રંગ છાંટીને આનંદ આનંદ કરાવી દીધો.'

આ શબ્દોને સાકાર કરતા તેઓ પણ આજે આશીર્વચન આપ્યા બાદ દોઢેક કલાક સુધી સૌ પર રંગ વરસાવતા રહ્યા.

આરામ તો હરામ થઈ ગયો છે

ફૂલદોલોત્સવ બાદ સ્વામીશ્રીના શરીરને શરદી તથા આંખોના ચેપે સકંજામાં લેતાં આંખમાં તો કલાકે કલાકે એન્ટિબાયોટિક ટીપાં નાંખવાનું શરૂ થયું. છતાં જમણી આંખે ઘણી લાલાશ રહેતી. ત્યાં ખંજવાળ પણ ખૂબ આવતી, પરંતુ ન ખંજોળવાની સૂચના તબીબોએ આપી હોવાથી તે આંખને ટિસ્યૂ પેપર વડે ઢાંકી તે કાગળ ટકી રહે તે માટે સ્વામીશ્રી વાંચવાનાં ચશ્માં પહેરી રાખતા.

આવી તકલીફ વચ્ચે પણ તેઓએ મીટિંગ-મુલાકાત તેમ જ પત્રવાંચન તથા લેખનનો ક્રમ જાળવી રાખ્યો. તે જોઈ સંતો આરામ કરવા કહે ત્યારે સ્વામીશ્રી જણાવે: 'અત્યારે કામ અટકાવીએ તો પત્રોના ઢગલે ઢગલા આવતા રહે ને પાછળથી ઠેલાય, એના કરતાં વાંચી લઈએ. પેલાએ કેટલા પ્રેમથી લખ્યો હોય! તો આપણે વાંચવો તો પડે જ ને!'

હરિભક્તો વિષેની આ લાગણી સ્વામીશ્રી સભાપ્રસંગ કે મંદિરમાં દર્શને પધારે ત્યારે પણ જોવા મળતી. આ સમયે તેઓ પોતે જ આંખો પરનું ટિસ્યૂ પેપર અને ચશ્માં હટાવી લેતા, જેથી હરિભક્તોમાં પોતાની નાદુરસ્ત તબિયતને કારણે ચિંતાનું મોજું ન પ્રસરે.

આ ક્રમમાં સ્વામીશ્રી તા. ૨૩/૩ની સવારે સ્મૃતિમંદિરેથી મંદિર ભણી આવી રહેલા ત્યારે ગોલ્ફ કાર્ટ ચલાવનારા સાધક યોગેશે[30] કહ્યું: 'બાપા!

૩૦. તેઓ સમયાંતરે સ્વામીશ્રી દ્વારા દીક્ષિત થઈ સાધુ નિર્મલપ્રેમદાસ બન્યા.

આપને આટલું બધું ઇન્ફેક્શન છે, છતાં આપ બધાને એવી જ રીતે મળો છો, પત્ર લખો છો! આંખમાં દુખતું હોવા છતાં ક્યારેય અકળાતા નથી.'

'સાધુ થયા એટલે આપણે કોઈ જ વાતમાં કંટાળો ન લાવવો. કંટાળે કોઈ કામ થાય છે ખરું?' આટલું જણાવી સ્વામીશ્રી બોલ્યા: 'ભક્તો બધા દૂર-દૂરથી આવ્યા હોય તો બધાને મળવું તો પડે ને?! આપણે આળસ કે પ્રમાદ રાખવાનાં જ નહીં. ભગવાન ભજી લેવા.'

*'તન તમ અરથે જ છે ધર્યું, કદી આળસ અલ્પે ન કરું...'*ની રીત સ્વામીશ્રીમાં સદા જોવા મળતી.

તેથી જ તેઓ તા. ૨૯/૩ની સાંજે ૪:૪૪ થી ૫:૪૪ વાગ્યા સુધી સૂર્યગ્રહણના સમૈયાનો લાભ આપી તા. ૧/૪ની રાત્રે નિજનિવાસમાં બિરાજ્યા ત્યારે પુરુષોત્તમચરણદાસ સ્વામીએ નિમંત્રણ આપ્યું કે 'બાપા! આપ દક્ષિણ ગુજરાતમાં આવો ત્યારે બે-ત્રણ દિવસ સાપુતારામાં પણ રોકાણ રાખજો, જેથી આરામ થઈ જાય ને!'

'આરામ તો હરામ થઈ ગયો છે. આરામ થાય એવો છે જ ક્યાં? ને આરામની જરૂર પણ નથી.' ૮૫મા વર્ષે સ્વામીશ્રી બોલ્યા.

પુરુષાર્થભર્યા જીવનનો આવો દાખલો બીજે ક્યાં અને ક્યારે મળશે?!

તે તો સર્વોપકારી જ ઠરે

આ અરસામાં હિંમતનગરના હરિમંદિરની રજત જયંતી ઊજવાઈ રહેલી. તે નિમિત્તે તા. ૨/૪ના રોજ સાબરકાંઠાના સત્સંગીઓનો સંઘ ઠાકોરજીની રજતતુલા કરવા સારંગપુર આવી પહોંચ્યો. તે સૌ પર પ્રસન્નતા વરસાવતાં આજની સાયંસભામાં સ્વામીશ્રીએ કહ્યું:

'સાબરકાંઠા મંડળ પર યોગીજી મહારાજની દૃષ્ટિ પડેલી છે તો આજે ૬૦૦ જણા ત્યાંથી અહીં આવ્યા છે. કેટલો બધો પ્રેમ, નિષ્ઠા હોય તો આ થાય! 'સ્વામી આપણા સાબરકાંઠામાં આવશે ત્યારે જ કરીશું' એવો આગ્રહ નથી રાખ્યો. બહુ સારા છે, મહિમાવાળા છે. એક રાગ ને એક રુચિ. નિષ્ઠાવાળાનું આ કામ છે. ભગવાનને તો પ્રેમ સાથે સગાઈ છે. આપને આવો પ્રેમ, ઉત્સાહ છે તો તમને ધન્ય છે. તમે આપ્યું છે એનાથી ભગવાન અનંતગણું આપે ને તમારા પર રાજી થાય.'

આ અમૃતધારાથી સૌને તરબતર કરી સ્વામીશ્રીએ તા. ૬/૪ના રોજ

શ્રી સ્વામિનારાયણ જયંતી પણ ધામધૂમથી ઊજવી. ત્યારબાદ તેઓ જ્યાં ઉતારે પધાર્યા ત્યાં જ રાત્રે સાડા અગિયાર વાગ્યે ધરતીકંપના બે આંચકાથી ધરા ધ્રૂજી ઊઠી. અલબત્ત, તેની તીવ્રતા હળવી હોવાથી થોડી વારમાં બધું થાળે પડી ગયું.

પરંતુ તા. ૮/૪ની સવારે યોજાયેલી એક વિશિષ્ટ સભાના જે સાક્ષી બન્યા તેઓનાં હલી ઊઠેલાં હૈયાંને ઠરવામાં ઘણી વાર લાગી.

આ સમયે ધોલેરાથી સત્તરેક કિ.મી. દૂર વસેલાં ભાણગઢ વગેરે બારેક અંતરિયાળ ગામોમાં સંસ્થાના સંતો-કાર્યકરોની મહેનતથી પરિવર્તનનો પવન ફૂંકાયેલો. પંદરેક હજારની વસ્તી ધરાવતો આ ગ્રામ-સમુદાય સત્સંગની અસર તળે આવ્યા પહેલાં તો દારૂમાં ડૂબેલો, જુગારમાં હારેલો અને વહેમ વગેરેમાં ભરમાયેલો હતો. ખારભૂમિ અને અપૂરતો વરસાદ પણ પ્રજાને પીંખી રહેલાં. તેથી કુટુંબે-કુટુંબે ક્લેશ-કજિયાની કથનીઓ સાંભળવા મળતી. શાળાશૂન્ય આ વિસ્તારમાં શિક્ષણનો અભાવ પણ જીવનધોરણ ઊંચું જ આવવા દેતો નહોતો.

પરંતુ છેલ્લાં ચારેક વર્ષથી અહીં વહેતા થયેલાં સત્સંગનાં વહેણ પ્રથમ તો ભાણગઢમાં એક શાળા લઈ આવ્યાં. સ્વામીશ્રીની પ્રેરણા અને સંસ્થાની સખાવતથી આખાયે પંથકમાં જોવા ન મળે એવા મજબૂત મકાનમાં ભાણગઢ ખાતે વિદ્યામંદિર ચાલતું થયું. જો કે અહીંના ગરીબ કોળી ચોમાસાના ચાર માસ સિવાય પોતાના કબીલા સાથે ગામતરે નીકળી જાય. તેથી શાળા રેઢી પડે. આ સમસ્યાને પણ ઉકેલતાં સ્વામીશ્રીએ વિદ્યાભવનની પડખે છાત્રાલય બાંધી આપ્યું, જેથી બહારગામ જતાં વડીલોની પાછળ ભણનારા છોકરાંને ઢસડાવું ન પડે. શિક્ષણની સાથે સ્વાસ્થ્યની જાળવણી માટે સ્વામીશ્રીએ નવું ઔષધાલય પણ ઊભું કરી દીધું.

તેઓએ આ ખારભૂમિમાં વહેવડાવેલી સમાજસેવાની સરિતાઓમાં સ્થાનિક આગેવાનોએ પોતાની સેવાધારાઓ ભેળવી. તેઓ અત્યાર સુધી આપબળે સમાજસુધારણા માટે ઝઝૂમતા હતા, પણ સંતશક્તિનો સંગાથ સાંપડતાં તેઓની મહેનત પણ ઊગી નીકળી. ફલસ્વરૂપે આ પંથકનાં ઘોઘલા, ખૂણ, મહાદેવપુરા, ભાણગઢ, મીંગલપુર, ગાંધીપરા, રાહ તળાવ, ઝાંખી ગામમાં જનજાગૃતિનો શંખ એવો ફૂંકાયો કે પંચાયતના સભ્યોએ જ સદાચારની સંહિતા જાહેર કરી. તેમાં દારૂ પીનાર-પાનાર, જુગાર રમનાર-રમાડનાર

વગેરેને દંડની જોગવાઈ કરવામાં આવી. તેથી આ ગામોમાં આવી વસેલી સમૃદ્ધિએ મુંડી, કામા તળાવ, સરસલા, દેવપુરા જેવાં ગામોને પણ આકર્ષ્યાં.

આ બારેય ગામોના મોવડીઓ દ્વારા તા. ૮/૪ના રોજ સારંગપુરમાં ગ્રામ્ય જાગૃતિ અભિયાનની વિશિષ્ટ સભા સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજવામાં આવેલી. તેમાં ઉપસ્થિત હજારો કોળી ભાઈઓ સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞતા અનુભવી રહેલા. આ ભાવ પુરુષો કરતાં મહિલાઓમાં વધુ બુલંદ હતો.

તેને વાચા આપતા હોય તેમ જાણીતા કટાર લેખક ડૉ. શરદભાઈ ઠાકરે જણાવ્યું : "આ પંથકના લોકોની કરુણ કથની સાંભળીએ ત્યારે ધ્રૂજી જવાય છે. એમ થાય છે કે 'જો દવાખાનું ન કર્યું હોય તો તેઓ ક્યાં જાત ?' આ આખી પ્રવૃત્તિનું પ્રેરકબળ પ્રમુખસ્વામી છે. આ મંદિરમાં આવું છું ત્યારે સાક્ષાત્ ઈશ્વરના ધામમાં આવ્યો હોઉં એવો અનુભવ થાય છે."

આ પ્રસંગે ભાવોર્મિ વ્યક્ત કરનારા ભાણગઢના સરપંચ શ્રી ચંદુભાઈ, ભાનુમાલા ટ્રસ્ટના શ્રી અરુણભાઈ, આ પંથકના સામાજિક કાર્યકર શ્રી અનિરુદ્ધસિંહ વગેરેએ પણ ઉત્કર્ષનું શ્રેય સ્વામીશ્રીને આપતાં કહ્યું : "જાણે કે સાક્ષાત્ ભગવાને પ્રસન્ન થઈને આપ્યું હોય એમ સ્વામીબાપાએ અમને આપ્યું છે. પહેલાં હું માનતો કે 'દવાખાનું હું ચલાવું છું', પણ હવેથી માનું છું કે 'બાપાની દૃષ્ટિ ને કૃપાથી જ આ કાર્ય થાય છે, હું તો ફક્ત નિમિત્તમાત્ર છું.' આ વિસ્તારમાં દારૂબંધીનું કામ સિદ્ધ થયેલું છે એમાં હું પ્રમુખસ્વામીની કૃપા અને દૃષ્ટિ જોઉં છું."

આમ, એક આખેઆખા પંથકને ઊંચકવામાં ખભો ધરીને સ્વામીશ્રીએ સર્વોપકારીનું બિરુદ સાર્થક કર્યું.

ભગવાન ભજવા આવે એ બધા મોટા

ગ્રામ જાગૃતિની સભામાં સૌને પ્રોત્સાહન આપી સ્વામીશ્રી બપોરે સાડા બાર વાગ્યે ભોજનખંડમાં બિરાજ્યા ત્યારે હાલના વાતાવરણમાં વરસતી લૂની વાત નીકળી. કાળઝાળ ગરમીને કારણે સ્વામીશ્રી અહીં સવારની સભામાં પધારતા નહોતા, પરંતુ આજે ગ્રામોત્કર્ષની પ્રવૃત્તિને ઉત્તેજન આપવા માટે તેઓ દેહની સૂધ વિસારી ખાસ ઉપસ્થિત થયેલા.

તે સંદર્ભમાં જનમંગલદાસ સ્વામીએ કહ્યું : 'આજે આપ સભામાં બહુ વહેલા આવી ગયા ! આ બધા કંઈ એવા માણસો નહોતા કે વહેલા આવવું

પડે. બધા નાના માણસો હતા.'

'આપણે મોટા શું ને નાના શું ? ભગવાન ભજવા આવે એ બધા મોટા !'

'આ તો તડકો બહુ હતો એટલે વાત કરીએ છીએ.'

'મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ તડકામાં જ ફર્યા છે ને !'

'મહારાજની ઉંમર તો ૪૯ વર્ષની જ હતી. એ યુવાન કહેવાય એટલે બહુ વાંધો ન આવે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના વખતમાં પણ શરીર એવાં ખડતલ...'

'તો અત્યારે ખડતલ નથી ?'

'અત્યારે તો બધું તકલાદી થઈ ગયું !'

'બધું મનનું તકલાદી છે, બાકી આત્માનું બળ એવું છે કે આખી દુનિયા રંગાઈ જાય. મૂળ મન મોળું છે.'

'આત્મા ગમે એટલો બળિયો હોય, પણ મહિનો ખાધા વગર ઓછું રહેવાય છે ?'

'અરે, મહિનો તો શું, ખાધા વગર વરસ પણ રહેવાય. ખાવું જ પડે એવી કોઈ જ જરૂર નથી. આ તો ટેવ પડી એટલે થાય છે. બાકી આત્માને એવી કશી જ જરૂર નથી.'

'તેમ છતાં શાસ્ત્રીજી મહારાજે જ એક હરિભક્તને કહેલું કે – તારો સ્વામી લોઢા-લાકડાનો ઓછો છે ?'

'એવું કહેનારા પણ છેવટ સુધી ગામડે ફર્યા જ છે ને ! નહોતું ચલાતું તો ગાડામાં બેસીને પધરામણી કરતા.'

'પણ ગાડામાં બેસીને ધીમી ગતિએ એ ઠેઠ સુધી ફર્યા ને તમે તો દસ વર્ષમાં આડો આંક વાળી દીધો !'

'મારા કરતાં તો એમણે વધારે દાખડો કર્યો છે. પાયો એમણે નાંખ્યો છે, બાકી આપણે તો ખાડામાં જ હતા. ડુ યુ અન્ડરસ્ટેન્ડ ? (તમે સમજ્યા ?)'

'હા, પણ આજે સાંજે શાંતિથી ઊઠજો. દાખડો બહુ થયો છે.'

'મોટાપુરુષ જે કરી ગયા એ આપણે કરવાનું છે. શરીર કામ આપે ત્યાં સુધી કરી જ લેવાનું છે.'

'પણ હવે આપની ઉંમર થઈ ગઈ એટલે આરામ કરવો પડે.'

'બધા સંતો તૈયાર થઈ ગયા એટલે અમને આરામ મળે જ છે ને !'

'તમે સૂવો કે બેસો, કેવળ દર્શન આપો તો પણ સૌ રાજી થાય.'

'હરિભક્તોને જેમ દર્શનની તાલાવેલી હોય એમ આપણે પણ તાલાવેલી હોય ને !' સ્વામીશ્રીએ કહ્યું.

આમ, આજના ભોજન દરમ્યાન તેઓની ધગશ, કરુણા, આત્મીયતા, આત્મનિષ્ઠા વગેરે સદ્ગુણોનો સ્વાદ સૌને એકસાથે માણવા મળ્યો.

જેની પ્રભુપદમાં બહુ લગની

તા. ૯/૪ની સવારે ડીસાના મંદિરની મૂર્તિઓમાં દૈવત સીંચનારા સ્વામીશ્રીએ તા. ૧૧/૪ના રોજ કઠલાલના મંદિરની મૂર્તિઓમાં પણ પ્રાણ પૂર્યા.

વૈદિક વિધિઓના આ ક્રમમાં તા. ૧૩/૪ના દિવસે યજ્ઞપુરુષ સ્મૃતિમંદિરનો રજત જયંતી પાટોત્સવ ઉમંગભેર ઊજવાયો. આ અવસરે ૪૫ યુવાનોએ પાર્ષદી દીક્ષા અને ૧૩ પાર્ષદોએ સાધુ દીક્ષા ગ્રહણ કરી શાસ્ત્રીજી મહારાજે પ્રગટાવેલી ઉપાસનાની જ્યોતમાં પરવાના બનીને ઝંપલાવ્યું. આ સમર્પણનિષ્ઠ ત્યાગીવૃંદને બિરદાવતાં સ્વામીશ્રીએ અમૃતધારા વરસાવી કે 'ભગવાનમાં શ્રદ્ધા હોય તો બધું થઈ શકે છે. ભગવાન પ્રધાન રાખીને જો કાર્ય કરીશું તો સુખ, સુખના ઢગલા છે.'

આ ઢગલા પર સારંગપુરને મૂકી સ્વામીશ્રી તા. ૧૪/૪ની સવારે બોટાદ પહોંચ્યા. અત્રે તેઓએ તાજેતરમાં જ પધરાવાયેલી નૂતન મૂર્તિઓનાં પૂજન-આરતી કરી ગઢડાને પાવન કર્યું. અહીં લક્ષ્મીવાડી, જૂના મંદિર વગેરે સ્થળે દર્શન કરી સ્વામીશ્રી આપણા મંદિરે ઠાકોરજીને દંડવત્ કરવા ઝૂક્યા ત્યારે તેઓએ છેલ્લા ચાર કલાકમાં આ છઠ્ઠી વખત છ-છ દંડવત્નો અર્ઘ્ય ભગવાનનાં ચરણે ધર્યો. ઉંમરના ૮૫મા વર્ષે પણ સ્વામીશ્રી ભક્તિમાં લેશ શિથિલ ન જણાયા.

આવા ભક્તિપરાયણ તેઓ આજની બપોરે જમવા બિરાજ્યા ત્યારે એક અખબારમાં નિયમિતપણે આવતી સંતકૉલમ 'ઊઘડતી સવારે'નું વાંચન શરૂ થયું. તેમાં સ્વામીશ્રીએ ગ્રહણ કરેલાં વિવિધ રોગ અને માંદગીનાં વર્ણન આવ્યાં. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'બધું લખ્યું, પણ મોતિયાનું ન લખ્યું ?'

તેઓના આ માર્મિક અવલોકનથી સૌ હસી પડ્યા. પોતાને નિમિત્ત બનાવી હાસ્ય નિપજાવવાની સ્વામીશ્રીની કળા તેઓની નમ્રતા અને નિખાલસતાનો પુરાવો પૂરતી.

નર્મદા યોજનાના પાયામાં માળાની મજબૂતાઈ

આ અરસામાં નર્મદા બંધની ઊંચાઈને ૧૧૧ મીટરથી વધારીને ૧૨૨ મીટર સુધી લઈ જવાનો ચુકાદો ભારતની વડી અદાલતે આપેલો, પરંતુ તે કેટલાક કહેવાતા પર્યાવરણવાદીઓને હજમ ન થતાં તેઓ દ્વારા દિલ્હીમાં દેખાવો શરૂ થયેલા. તેમાંના અમુક તો આ ચુકાદા સામે મનાઈ હુકમ લાવવાની પેરવીમાં પણ પડ્યા. પ્રજાની પીડાને પિછાણ્યા વિના કેવળ અંગત સ્વાર્થને પોષવા માટેની જ આ દુષ્પ્રવૃત્તિ હતી.

તેની પર ચડેલો પર્યાવરણની ચિંતાનો મુખવટો હટાવતાં સ્વામીશ્રીએ તા. ૧૬/૪ની રવિસભામાં વાત ઉપાડી કે –

"નર્મદા યોજનામાં વિઘ્ન આવ્યું છે. પર્યાવરણના માણસો ઉપવાસ પર ઊતર્યા છે. જેને પેટમાં દુખતું હોય એ વિઘ્નો કર્યા જ કરવાના છે, પણ આપણે 'વિરોધીઓની બુદ્ધિ સારી થાય ને કાર્ય પૂર્ણ થઈ જાય' એવી પ્રાર્થના કરવી. પોતાનાં પૂજા-પાઠમાં પણ એક-બે માળાઓ વધારે કરવી. ભગવાનનાં દર્શન કરો ત્યારે પણ પ્રાર્થના કરવી કે 'કાંઈ અધૂરું રહે નહીં.' કોઈ મોળી વાત કરે તો કહેવું, 'બેસ, આ ગુજરાત આખાનો પ્રશ્ન છે.' નાત, જાત, પક્ષો કોઈનો પ્રશ્ન નથી. એને માટે ધગશ, પ્રેમ, હેતથી વાત કરવી કે 'આ થવું જ જોઈએ. વિઘ્ન દૂર થવું જ જોઈએ.' પૈસા લાવીને વિઘ્ન નાંખવા પ્રયત્ન કરે છે, પણ એ મુરાદો પૂરી ન થાય એ માટે આપણે ધૂન કરીએ."

આમ કહી સ્વામીશ્રીએ સતત ૧૧ મિનિટ સુધી ધૂન કરાવ્યા બાદ વળી કહ્યું: 'આજે ધૂન કરી છે તે આટલો મોટો અવાજ ભગવાનની દયાથી દિલ્હી સુધી પહોંચી ગયો છે. એટલે દરરોજ સાંજે ભેગા થાવ ત્યારે ઘરસભામાં પણ બધા ધૂન કરજો. ૧૧ મીટર ઊંચું લેવાનું છે તો આપણે અહીંયાં ૧૧ મિનિટ સુધી ધૂન કરી છે. આખા ગુજરાતનો પ્રશ્ન છે, આપણો પોતાનો પણ પ્રશ્ન છે એમ માનીને આ કાર્ય કરવાનું છે.'

આમ, રાજ્યનો કોઈ વર્ગ નર્મદા યોજનાના વિરોધીઓનો હાથો ન બને તે માટે સ્વામીશ્રીએ સૌને જાગ્રત કરી દીધા.

આ હાકલનો પડઘો સભા બાદ સ્વામીશ્રીના ભોજન વખતે પણ ગાજી રહ્યો. તે સાંભળી એક સંત બોલ્યા: 'નર્મદા યોજનાનો વિરોધ કરનારાઓને તેઓ જે જે ભગવાનને માનતા હોય એ ભગવાને દર્શન આપીને કહી દેવું

જોઈએ કે – આમાં વિરોધ કરશો નહીં.'

'જે ભગવાનને માનતા હોય એ આવું કરે ખરા?!' આ વેધક વાંધો ઉઠાવી સ્વામીશ્રીએ જણાવ્યું :

"જે ભગવાનને માનતા હોય એના દિલમાં દયા હોય. એ આ રીતે કોઈને દુઃખી કરે ખરા?! પણ આ બધા તો એવા છે કે બીજાનો વિચાર જ નથી કરતા. એ લોકો કહે છે કે 'જે ગરીબો છે એના માટે વ્યવસ્થા કરો.' પણ તમારા પક્ષમાં પરદેશથી જે પૈસા આવે છે એ પૈસા ગરીબોને આપો ને! પણ આ પકડ્યું એ પકડ્યું! પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટેનું છે. પોતાની પ્રસિદ્ધિ માટે જ છે. આવા માણસોને સમજાવો તો પણ સમજે નહીં. આપણે બધા પૂજામાં બે માળા વધારે કરજો. બધાં મંડળોમાં ધૂન કરાવજો."

'બે-પાંચ દિવસમાં આ બધું પતી જશે ને?!'

'કાલે જ પતી જાય એવું કરવું છે.' સ્વામીશ્રીની તાલાવેલી ઊછળી આવી. તેનું કારણ જણાવતાં તેઓએ જ કહ્યું :

'એક સેકન્ડ જાય તોય કરોડોનું નુકસાન છે એ આ વિરોધ કરનારા જાણે છે ખરા? સરખાઈથી જો થવા દીધું હોત તો આવી બે નર્મદા યોજના થઈ જાય! આપણે પ્રાર્થના કરો કે જેટલી પરવાનગી બાકી છે એ બધી જ મળી જાય, વિઘ્ન ઊડી જાય અને ધમધોકાર કામ ચાલે. અત્યારે સારું છે કે પગે ચાલતો માણસ અને પશુ-પંખી બધાં (નર્મદા યોજના બાબતે) એક થઈ ગયાં છે. એટલે ધડાકો થઈ જશે. લોકો ગુજરાતના ઉત્કર્ષને દેખી શકતા નથી.'

અવકાશયાત્રીને પૃથ્વી પર વહેતી નદી-નહેર નજરમાં ન આવે, પરંતુ સ્વામીશ્રી અધ્યાત્મના યાત્રી હોવા છતાં જનહિતના મુદ્દે આટલા સાબદા થઈ શકતા.

બ્રહ્મચર્ય પાળે ધરી પ્રીત

તા. ૧૭/૪ની સવારે સ્વામીશ્રી અલ્પાહાર અને મુલાકાતોથી પરવારી પોતાના ઓરડામાં પધાર્યા ત્યાં જ સમાચાર આવ્યા કે 'નર્મદા બંધનું કામ ચાલુ રાખવાનો સુપ્રીમ કૉર્ટનો ચુકાદો આવી ગયો છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીના મુખેથી શબ્દો સરી પડ્યા : 'આપણું કામ ચાલુ થઈ ગયું.'

નર્મદા યોજનાને તેઓએ 'આપણું' કામ ગણેલું! તે માટે તેઓ

ગઈકાલે વિશ્વાસપૂર્વક બોલેલા કે 'કાલે જ પતી જાય એવું કરવું છે. ધડાકો થઈ જશે.' આ શબ્દો આજે સંપૂર્ણ સાર્થક ઠર્યા. સ્વામીશ્રીના સંકલ્પને કોઈ વિરોધ-અવરોધ નડે તેમ નહોતા.

આ જ સમયે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફોન જોડી સ્વામીશ્રીને કહ્યું: 'આપના આશીર્વાદથી જે ચિંતા હતી એ દૂર થઈ. આપ પણ જે ચિંતા કરતા હતા તે ફળી.' આ શબ્દોમાં સ્વામીશ્રીના સામર્થ્ય પર રહેલો શ્રી મોદીનો ભરોસો પરખાઈ રહ્યો.

આ સમયે તેઓ નર્મદા યોજનાના વિરોધીઓ સામે વિરોધ પ્રદર્શિત કરવા ૫૧ કલાકના ઉપવાસ પર ઊતરેલા. તેઓને પારણાં કરાવવા સ્વામીશ્રી પધારે તેવી ઇચ્છા મુખ્યમંત્રી સહિત સમગ્ર મંત્રીમંડળની હતી. તે માટે સરકાર તરફથી હેલિકૉપ્ટરની વ્યવસ્થાનાં ચક્રો પણ ગતિશીલ થઈ ગયેલાં. પરંતુ શ્રી મોદીના સમર્થનમાં ઉપવાસ પર ઊતરેલી અન્ય ૧૫૧ વ્યક્તિઓમાં કેટલીક મહિલાઓ હોવાથી સ્વામીશ્રી મંચ પર આવે ત્યારે ધર્મમર્યાદા ન સચવાય. તેથી આ બાબતે સ્વામીશ્રીએ ઉત્સાહ ન દાખવતાં તે આયોજન અમલી ન બન્યું. પરંતુ *'અંતર શુદ્ધ સદા રહી, બ્રહ્મચર્ય પાળે ધરી પ્રીત...'*ની સ્વામીશ્રીની ઓળખ વધુ એક વાર ઉજાગર બની. તે જ્યાં સુધી નર્મદા વહેશે ત્યાં સુધી ચમકતી રહેશે.

સખી જોયા મેં ઊંડને તીરે

તા. ૧૮/૪ની સવારે સ્વામીશ્રી સતત અઢી કલાકની મુસાફરી ખેડીને ગઢડાથી ભાદરા પહોંચ્યા. તેથી અહીં મંદિરમાં દર્શન બાદ ૧૧:૫૦ વાગ્યે સેવકોએ તેઓને વિનંતી કરી કે 'લાંબેથી આવ્યા છો તો થોડો આરામ કરો.'

'કાંઈ જરૂર નથી. આરામ કરીએ એના કરતાં સંતો સાથે બેસીએ ને!' સ્વામીશ્રીએ જણાવ્યું.

સંતો પ્રત્યેની તેઓની આ લાગણી સાથે આરંભાયેલા વાર્તાલાપમાં ભારે સેવાઓની વચ્ચે ૮૬ કલાકના નિર્જળ ઉપવાસ કરનારા ધ્યાનનિષ્ઠદાસ સ્વામીનો ઉલ્લેખ થયો. તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું: 'પાણી લાવો.' તેઓની આ ઇચ્છા મુજબ લીંબુનું શરબત આવતાં સ્વામીશ્રી એ ઉપવાસી સંતને પારણાં કરાવતાં બોલ્યા: 'ગયા વખતે અમે આવ્યા ત્યારે પણ આણે ઉપવાસ કર્યા હતા.'

એક નાના સંતની નાની-શી વિશેષતા એક વર્ષ વીતી જવા છતાં સ્વામીશ્રીને યાદ હતી. તેઓ *'આજ આપ્યાં જે સંતને સુખ, તે તો કહ્યાં જાય કેમ મુખ...'*ની રીતે સંતો પર વરસતા.

તેની એક છાલકથી તેઓએ આજની સાંજે પણ સૌને ભીંજવી દીધા.

આ સમયે નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરની કાર્યવાહી નિહાળી સ્વામીશ્રી ઊંડવતીના કિનારે પધાર્યા ત્યારે આ નદી બે કાંઠે વહી રહેલી. તેના ખળખળ નિનાદ અને પંખીઓના કલરવ સિવાય અન્ય કોઈ શબ્દ સંભળાતો નહોતો. આવા વાતાવરણની આહ્‌લાદકતા શીતળ મંદ પવનની લહેરખીઓ વધારી રહેલી. તેનો હાથ પકડીને હીંચકતી વૃક્ષની ડાળીઓ લચી-લચીને નદીના પ્રવાહ સાથે ગુફતેગૂ કરવા પ્રયત્ન કરી રહેલી.

સરિતા અને સમીરના આ સંગમે ઠાકોરજીને સ્નાન કરાવવાનું મન સ્વામીશ્રીને થઈ આવ્યું. તે માટે તેઓએ પગથિયાં ઊતરી કિનારે જવા ઇચ્છા દર્શાવી, પણ આ ચડ-ઊતરની તકલીફ નિવારવા સંતોએ પોતે નીચે જઈ ઠાકોરજીને સ્નાન કરાવી દે તે ઉપાય સૂચવ્યો, પરંતુ તેને નકારતાં સ્વામીશ્રી સ્વયં સંતોના હાથ પર બેસી નીચે આવ્યા.

અત્રે તેઓ વડલાની નીચેના ભાગ તરફ આવેલા કિનારે પથ્થરિયા ઓટલાના ડાબે ખૂણે સંતોએ પાથરેલાં ગાતરિયાં પર બિરાજ્યા. અહીંથી તેઓએ ઠાકોરજીના સરિતસ્નાનને ભક્તિભાવથી નિહાળ્યું. તે પછી સ્વામીશ્રીએ સ્નાનવિધિથી પરવારેલા ઠાકોરજીને પોતાના શિરે સ્થાપી અલૌકિક સ્મૃતિ આપી. ત્યારબાદ શુભ સંકલ્પોની પરિપૂર્તિ માટે ધૂન ગજાવતાં તેઓએ અંતે કહ્યું : *'આવ્યા હરિ ઊંડને તીરે...* એ કીર્તન બોલો.'

સંતોએ આ ભજન ઉપાડતાં સ્વામીશ્રી પંક્તિએ પંક્તિએ અનુરૂપ લટકાં કરી સ્મૃતિજળ ઉડાડવા લાગ્યા. *'ચડી રે વડ પર ધરા માંહે, કૂદી પડ્યા કિરતાર...'*ની કડી આવતાં તેઓએ પાછળ દેખાતા વડ તરફ નિર્દેશ કરીને મહારાજ કૂદકો લગાવતા હોય તેવી ચેષ્ટા કરી. *'શ્રીહરિ કહે એક ચલાખો લાવો...'*નું ગાન થતાં પોતાના ગાતરિયાને જ ફેલાવી તેને ચલાખાનું સ્વરૂપ આપ્યું. કીર્તનનો છેડો આવતાં સ્વામીશ્રી ગુરુસ્મૃતિમાં સરી પડ્યા કે "જોગીબાપા અહીં છેલ્લે આવ્યા ત્યારે સમૈયા જેવું કર્યું હતું. તે વખતે યોગીચરણે રેતીના પટમાં નાનું મંદિર કરી એમાં મૂર્તિ પધરાવી'તી. યોગીબાપા કહે : 'આરતી ઉતારો.' અહીં આરતી કરાવી હતી. એવું સુખ આપ્યું હતું !"

એ સુખમાં આજે પણ સૌ હિલોળા લઈ રહેલા ત્યાં જ સ્વામીશ્રી ઊભા થઈ નદીના ભાગ પર ઝૂમી રહેલી વડવાઈ પાસે પધાર્યા. અહીં તે વડવાઈ પકડીને ઊભેલા તેઓની મૂર્તિ જોઈ સૌનાં હૈયાં ગાઈ ઊઠ્યાં: *'આનંદ વળી અદકો ઉપજાવ્યો, શીતળ મંદ સમીરે; સખી જોયા મેં ઊંડને તીરે...'*

તે વખતે સ્વામીશ્રીને ઉમળકો આવતાં તેઓ બોલ્યા: 'બધા પાછળ આવી જાવ.' આમ કહી સંતો-ભક્તો સાથે તેઓએ વારાફરતી છબી લેવડાવી. આ અલભ્ય લાભની લહેરોમાં તરતાં-તરતાં સૌ સ્વામીશ્રીની સાથે જ જૂના મંદિરે દર્શન કરી ઉતારે પરત ફર્યા.

એથી અજાણ્યું નથી લગાર

તા. ૨૧/૪ની સવારે ભાદરામાં નિર્માણાધીન મંદિરના કણપીઠનો પથ્થર સ્થાપી સ્વામીશ્રી તા. ૨૨/૪ના રોજ ડાંગરા થઈને રાજકોટ પધાર્યા.

અહીં તેઓ આજની સાંજે ભ્રમણ કર્યા બાદ અચાનક ઊભા રહી ગયા અને એક ખૂણે બેઠેલી વૃદ્ધ વ્યક્તિ તરફ આંગળી ચીંધતાં બોલ્યા: 'તેઓને બોલાવો, મળવું છે.'

'પણ ચાલવાને કારણે અત્યારે તમે હાંફો છો. માટે પછી મળીએ તો સારું!' સેવકોએ ચિંતા દર્શાવી.

છતાં સ્વામીશ્રીએ 'ના, અત્યારે બોલાવો જ' કહી મળવાનો આગ્રહ સેવતાં તે વૃદ્ધને સમીપ લાવવામાં આવ્યા.

આવતાંવેંત તે વ્યક્તિ ગળગળા સાદે સ્વામીશ્રીને કહેવા માંડી: 'વરસોથી આપનાં નજીકથી દર્શન કરવાની ઝંખના હતી અને વરસોથી હું એક જ પ્રાર્થના કરતો હતો કે આપનાં ચરણકમળનો સ્પર્શ મને થાય.'

આ શબ્દો સાંભળનારા સૌને સ્વામીશ્રી *'એથી અજાણ્યું નથી લગાર, જાણે સર્વે અંતરમાંહિ બા'ર...'* જેવા જણાયા.

આમ, દરેકના મનોરથો સુફળ કરતા તેઓ તા. ૨૪/૪ની સાંજે પ્રસાદ ગ્રહણ કરી રહેલા ત્યારે તેમાં શેરડીનાં માદળિયાં મુકાયેલાં. તે તૈયાર કરનારા પ્રભુપ્રકાશદાસ સ્વામી પણ સામે જ બેઠા હતા. તેઓએ કહ્યું: 'હું કાયમ સૂડી ભેગી જ રાખું છું. ઠાકોરજી માટે જરૂર પડે એટલે શેરડી છોલીને એનાં માદળિયાં કરી દેવાનાં.'

આ વિગત જાણી સ્વામીશ્રી બોલ્યા: *'લોટો, દોરી ને છરી, એની*

મુસાફરી ખરી. તાજપરના સવા વાલા કાયમ સૂડી ભેગી રાખતા. સોપારી પણ રાખે ને ઝીણી ઝીણી કાતરતા જાય.'

ગામોગામ પથરાયેલા હજારો હરિભક્તોની ઝીણી-ઝીણી વાતોને પ્રસંગ પડ્યે તત્કાળ કહેતા સ્વામીશ્રીની આત્મીયતા કાયમ અપાર જ અનુભવાતી.

ગરવા ગિરનારની ગોદમાં ગગનચુંબી ગુલાબી ધામ

રાજકોટને એક સપ્તાહ સુધી સત્સંગનું સુખ આપી સ્વામીશ્રી તા. ૨૯/૪ની સવારે જૂનાગઢના દરવાજે આવી પહોંચ્યા ત્યારે અહીં નવનિર્મિત મંદિરની પ્રતિષ્ઠાનાં પડઘમ ઠેર ઠેર સંભળાવા લાગ્યાં. *'ઘોર અતિ વંકી ધરતી પર, વંકા પથરાયા બહુ પ્હાડ...'* જેવી સોરઠની ભૂમિના ભાલે તિલકની જેમ શોભવા માંડેલા ૧૬૩ x ૧૩૩ x ૭૧ ફૂટનું પરિમાણ ધરાવતા આ શિખરબદ્ધ મંદિરને આવકારવા સમગ્ર સોરઠ થનગની રહેલો. ૪૫,૦૦૦ ઘનફૂટ ગુલાબી પથ્થરમાંથી ખડું થયેલું આ મંદિર તેની આસપાસ ૨૨ એકરમાં પથરાયેલાં ફળાઉ વૃક્ષો, ૮૮,૦૦૦ ચો.ફૂ.માં વિસ્તરેલી હરિયાળી અને ચોતરફ ફેલાયેલા બગીચાઓમાં ઝૂમતાં ૩૩,૦૦૦ ફૂલછોડ તથા ઝાડની સઘન સૃષ્ટિ વચ્ચે આકર્ષક ભાસતું હતું.

૨૭ ફૂટ અને ૭ ઇંચનો વ્યાસ ધરાવતા એક મુખ્ય ઘુમ્મટ સહિત કુલ ૨૧ ઘુમ્મટ-ઘુમ્મટીઓ, ત્રણ ઉત્તુંગ શિખરો સાથે તાલ મિલાવતાં અન્ય ૬ શિખરો, ૧૩૬ કલામંડિત સ્તંભો, ૧૪૧ કોતરણીપૂર્ણ તોરણો તથા ૩૨,૮૩૭ શિલ્પાંકિત શિલાઓના સુચારુ સંયોજન વગેરેથી અલંકૃત નાગરાદિ શૈલીનું આ મંદિર ઊંચું કરવામાં વંથળી, વેરાવળ, ધોરાજી અને જૂનાગઢનાં ચાર ક્ષેત્રમાં વહેંચાયેલા સોરઠી સત્સંગીઓએ ૯,૬૦,૦૦૦ કલાકોની સેવાસરિતા વહાવેલી. તેમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કરવા સ્વામીશ્રી પધાર્યા ત્યારે નગરના પ્રવેશથી મંદિરમાં પ્રવેશ સુધી જયજયકારનો માહોલ જામી ગયો.

સૌનો આ આવકાર ઝીલતાં સ્વામીશ્રીએ તા. ૩૦/૪ના રોજ આવેલી અક્ષય તૃતીયાની સાંજે મંદિરના નિર્માણમાં સહયોગ આપનારા દાતાઓ તથા પ્રતિષ્ઠા મહોત્સવને સફળ બનાવવા એકત્ર થયેલાં ૨,૫૦૦ બાઈ-ભાઈ સ્વયંસેવકોને બિરદાવ્યાં. નવનિર્મિત મંદિરની સામે જ આવેલા કૃષિ વિશ્વ-વિદ્યાલયના આંગણે યોજાયેલા આ સન્માન સમારંભમાં અતિથિવિશેષપદેથી બોલતાં મહામંડલેશ્વર શ્રી ભારતી બાપુએ જણાવ્યું : 'અહીં ગિરનારની ગોદમાં

સમસ્ત સાધુસમાજ કે રાષ્ટ્ર ગૌરવ લઈ શકે એવા મંદિરનું નિર્માણ થયું છે. સનાતન ધર્મનો દિગ્વિજય કરનાર પ્રમુખસ્વામી છે.'

આખું શેહેર ચડ્યું ચકડોળ

સિદ્ધક્ષેત્ર જૂનાગઢમાં તા. ૧/૫થી આરંભાયેલા ત્રિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવમાં સામેલ થવા આજની સવારે મહંત સ્વામી અને કોઠારી સ્વામી પણ આવી પહોંચ્યા. તેઓ જ્યારે સ્વામીશ્રીના કક્ષમાં પ્રવેશ્યા ત્યારે પત્રવાંચન કરી રહેલા સ્વામીશ્રીએ ચશ્માં ઉતારી આ સદ્ગુરુઓને પ્રેમથી આવકાર્યા અને સામે બેસાડી વિચરણનું વૃત્તાંત પૂછ્યું. તે સમયે મહંત સ્વામીના કાર્યક્રમની વિગતો જાણી સ્વામીશ્રી બોલ્યા : 'શરીર નાનું છે પણ કામ મોટું કરે છે.'

આ મહિમા સાથે તેઓ આજની રાત્રે 'જય જય ગુણાતીતાનંદ' નૃત્ય-નાટિકાનો પૂર્વાર્ધ નિહાળવા પધાર્યા.

આ પ્રસ્તુતિ માણવા ઉપકુલપતિ શ્રી બી. કે. કિકાણીના સહયોગથી કૃષિ યુનિવર્સિટીના પ્રાંગણમાં તૈયાર કરાયેલું મહોત્સવ સ્થળ તા. ૨/૫ની સવારે વૈદિક મંત્રોના ઘોષથી ગાજવા લાગ્યું. અહીંની યજ્ઞશાળામાં જૂનાગઢના મંદિરની મૂર્તિઓ સાથે મેંદરડા, કેશોદ, ભાયાવદર, મોટી મારડ, સ્વામીના બોડકા અને મજરા ગામનાં મંદિરોમાં બિરાજનારી પ્રતિમાઓ પણ પધરાવાયેલી. આ અર્ચાસ્વરૂપો સન્મુખ બેસી ૧,૯૩૧ યજમાનો વૈદિક વિધિને અનુસરી રહેલા. તેઓની ઉપસ્થિતિમાં સ્વામીશ્રીએ યજ્ઞના પ્રારંભિક વિધિ બાદ સર્વે મૂર્તિઓનું પૂજન કર્યું. અંતે સૌ પર આશીર્વાદ વરસાવી તેઓએ વિદાય લીધી. તે સાથે જ યજ્ઞનો શેષ વિધિ આગળ ધપતાં ઊઠવા માંડેલી ધૂમ્રસેરોથી ગગન અને ગિરનાર છવાવા લાગ્યાં.

તે આજની સાંજે અક્ષર-પુરુષોત્તમના જયજયકારથી ગુંજી પણ ઊઠ્યા. શહેરના મેયર દ્વારા ફરકાવાયેલી લીલી ઝંડી સાથે જ બપોરે ત્રણ વાગ્યે શરૂ થયેલી ત્રણેક કિ.મી. લાંબી શોભાયાત્રા જેમ જેમ શહેરની સડક પર સરકવા લાગી તેમ તેમ મયૂર રથ, સૂર્ય રથ, ગરુડ રથ, સિંહ રથ, ગિરનાર રથ, હંસ રથ, પ્રાસાદ રથ, વટવૃક્ષ રથમાં બિરાજેલી મૂર્તિઓની અમીનજરથી નગરવાસીઓ પાવન થવા લાગ્યા. મૂર્તિઓની દિવ્યતા સાથે ભજનની રમઝટ બોલાવતો સંતસમુદાય, વિવિધ કળા-હુન્નરની ઝાંખી કરાવતા બાળ-કિશોરો, અશ્વારોહી સાફાધારી યુવાનો, બૅન્ડની સૂરાવલિઓ, ધજાધારી ભક્તવૃંદ,

કળશધારી મહિલા મંડળ વગેરે અનેક નવીનતાની ભવ્યતા ભળતાં જૂનાગઢની શેરીએ શેરીએ *'ઘણાં માણસ દર્શને મળ્યાં, ઠામ ઠામ તે તો ટોળે વળ્યાં...'*નાં દૃશ્યો સર્જાવા લાગ્યાં.

ફલસ્વરૂપે કૃષિ વિદ્યાલયથી પ્રારંભ પામેલી આ નગરયાત્રા મોતી બાગ, સરદાર બાગ, બસ સ્ટેન્ડ, ચિતાખાના ચોક, એમ. જી. રોડ, કાળવા ચોક વગેરે વિસ્તારોને હિલોળે ચડાવી નવનિર્મિત મંદિરના પરિસરમાં વિરમી ત્યાં સુધીના ત્રણ કલાક દરમ્યાન *'જોવા આનંદ કેરા કિલ્લોલ, આખું શેહેર ચડ્યું ચકડોળ...'*ની સ્થિતિ ઊભી થઈ રહી. તે આજની રાત્રે રજૂ થયેલા 'જય જય ગુણાતીતાનંદ' નૃત્યનાટિકાના ઉત્તરાર્ધમાં પણ જોવા મળી. ૨૩૦ જેટલા સત્સંગી બાળ, કિશોર, વડીલો દ્વારા પ્રસ્તુત થયેલી આ ગુણાતીત ગાથા નિહાળી વીસ હજારથીયે વધુ પ્રેક્ષકોની સાથે ગિરનાર પણ ડોલી ગયો.

જૂનાગઢમાં મૂર્તિપ્રતિષ્ઠા

*'મને વહાલો છે સોરઠ દેશ, દિવ્યરૂપે રહીશ હંમેશ...'*ની શ્રીજીવાણીને સાકાર થવાની નોબતો તા. ૩/૫ના રોજ વાગી રહેલી. આજે વિ.સં. ૨૦૬૨ની વૈશાખ સુદ છઠના બુધવારે અમૃત ચોઘડિયાનું નામ ખરેખર સાર્થક થઈ રહ્યું. આ શુભ મુહૂર્તમાં યંત્ર-સંચાલિત પાલખીએ બિરાજેલા સ્વામીશ્રીએ મંદિરના મધ્ય ખંડમાં શાસ્ત્રોક્ત વિધિને અનુસરતાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કર્યા ત્યારે આ વૈદિક ઉપાસનાના જૂનાગઢી જ્યોતિર્ધરોને ઉચિત અને ઉમદા અંજલિ અપાઈ રહી. વળી, ઘનશ્યામ મહારાજ, હરિકૃષ્ણ મહારાજ, નીલકંઠવર્ણી, ગુરુપરંપરા સહિત સંસ્કૃતિના પ્રમુખ દેવો-અવતારો પણ આજે અહીં બિરાજ્યા. તેઓને અનેક અગ્રણીઓની ઉપસ્થિતિમાં સ્વામીશ્રીએ જ્યારે પ્રથમ આરતીનું અર્ઘ્ય ધર્યું ત્યારે ચોમેર વ્યાપી વળેલા તેજથી અધર્મનું અંધારું નામશેષ થઈ ગયું.

ઉપાસનાના આ ઉજાશમાં યોજાયેલી પ્રતિષ્ઠા-સભા ૨૧,૦૦૦થી વધુની જનમેદની વડે ભરચક હતી. તેમાં સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે 'સોરઠના ભક્તોનો ઉત્સાહ, ઉમંગ, સહકાર અને અહીંયાં રહેતા સંતોના પ્રયત્નથી આવું સુંદર મંદિર થયું છે તો ભગવાન એમને બ્રાહ્મીસ્થિતિ કરાવે. 'હું' ને 'મારું'ને લઈને બધી મુશ્કેલીઓ થાય છે. બ્રાહ્મીસ્થિતિવાળા સદ્‌ગુરુથી એ ટળે છે.'

પ્રતિષ્ઠાના આ પ્રસંગે સ્વામીશ્રીએ શહેરનાં તથા આસપાસનાં તમામ સ્વામિનારાયણ મંદિરો સહિત જૂનાગઢનાં પ્રસિદ્ધ ધર્મસ્થાનોમાં ભગવાનના રાજભોગની સેવા નોંધાવવા આજ્ઞા આપી. તેની સાથે તેઓએ આજના અવસરે ઉપસ્થિત જૂનાગઢના પૂજનીય મહાત્માઓ તથા પ્રસિદ્ધ મહાનુભાવોને પણ શાલ-સ્મૃતિભેટથી સન્માન્યા.[31]

તીર્થદર્શનની તીવ્ર તડપન

જૂનાગઢને મંદિરરૂપે એક અનુપમ નજરાણું ભેટ ધરી તા. ૬/૫ની સવારે જેતપુર પધારેલા સ્વામીશ્રીને અત્રે નિર્માણાધીન હરિમંદિરનું કામકાજ નિહાળી જ્યાં શ્રીજીમહારાજનો પટ્ટાભિષેક થયેલો તે સ્થળે બંધાયેલા મંદિરે પણ દર્શન કરવા જવું હતું, પરંતુ વૈશાખની બળબળતી ગરમીનું કારણ ધરી સહયાત્રીઓએ આ ભીડો ન ઉઠાવવા વિનંતી કરી. તે અંગે સ્વામીશ્રીનું મન તો ન માન્યું, છતાં સૌનો અતિ આગ્રહ થતાં તેઓ ગોંડલ આવી પહોંચ્યા.

તે વખતે ઘડિયાળમાં પોણા બાર વાગ્યાનો સમય જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'આટલા વહેલા અહીં આવી ગયા એની જગ્યાએ મંદિરે જઈ આવ્યા હોત તો શું વાંધો હતો?'

એક પ્રાસાદિક સ્થાનનાં દર્શન ચુકાઈ ગયાનો રંજ જાણે હજીયે તેઓના કાળજાને કોરી રહેલો. દર્શન ચૂક્યાની આ ઘટનાએ સ્વામીશ્રીને ઘણા વ્યથિત કર્યા હશે તેનો તાળો, તેઓએ ગોંડલ પહોંચી જેતપુર મંદિરના કોઠારીને લખેલા એક પત્ર પરથી મળ્યો. એ કાગળમાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'હમો જૂનાગઢથી નીકળ્યા ત્યારે દર્શન કરવા આવી શક્યા નહોતા, તો આપ રાજી રહેશો ને માફ કરશો. ઠાકોરજીને પણ હમારા વતી માફી માંગશો ને હમારા વતી દર્શન કરશો. આ સાથે એક હરિભક્ત દ્વારા સેવા મોકલેલ છે, તો રાજી રહેશો.'

શ્રીજીમહારાજનાં પ્રસાદીભૂત સ્થાનોનો સ્વામીશ્રીને અનહદ મહિમા હતો. તેથી સ્વયં તીર્થસર્જક હોવા છતાં તેઓના જીવનમાં તીર્થદર્શનની તીવ્ર

---

૩૧. જૂનાગઢમાં નિર્મિત નૂતન શિખરબદ્ધ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

તડપન નિરંતર જોવા મળતી.

કરુણા અપરંપાર

ગોંડલમાં સ્વામીશ્રીએ ગાળેલા દિવસોના દસકા દરમ્યાન તા. ૧૬/પની સવારે આવેલા નગરપતિ શ્રી ગોવિંદભાઈ દેસાઈએ કહ્યું:

"પ્રમુખસ્વામી મહારાજે ગોંડલ પર કરેલા અસીમ ઉપકારનું વર્ણન થઈ શકે તેમ નથી. *'ચાહ નહિ, ચાહત નહિ, મનવા બેપરવાહ; જિસકો કછુ ના ચાહિએ, વો શાહનકા શાહ.'* પ્રમુખસ્વામી મહારાજ એવા શહેનશાહ છે કે જેઓને કોઈ અપેક્ષા નથી.

અહીં ફાસ્ટ ટ્રેક કૉર્ટ બનવાની હતી, પણ જ્યાં કૉર્ટનો પ્રસ્તાવ હતો એ મેદાન પર અદાલત ન થાય તે માટે અમે આંદોલન કર્યું. તેથી સરકારે કૉર્ટ બનાવવાની જ ના પાડી દીધી. એને કારણે અમારા વકીલ મિત્રોને ફટકો લાગ્યો. અમે હાઈકૉર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય ન્યાયાધીશોને મળવા ગયા, તો તેઓએ કહી દીધું: 'તમે બસ ચૂકી ગયા છો.'

તે વખતે અમને ખબર પડી કે 'હાઈકૉર્ટના એક વરિષ્ઠ જજ પ્રમુખસ્વામી મહારાજનાં દર્શને આવે છે.' અમે આ તકનો લાભ લઈ સઘળી વિગત સ્વામીશ્રીને જણાવતાં કહ્યું: 'આપ કૃપા કરો.' અને જાણે કે ચમત્કાર થયો! જસ્ટિસે અમને સામેથી ફોન કરી કહ્યું: 'હું તમને મળવા માંગું છું.' અમે તેઓને મળ્યા ત્યારે તેઓએ જણાવ્યું: 'અમે તમને પૂરી કૉર્ટ આપીએ છીએ.' આ પ્રમુખસ્વામી મહારાજની કરુણા છે."

આજનો સૂર્ય આજનું અંધારું કાઢે, આવતીકાલનું નહીં; જ્યારે સ્વામીશ્રીની કરુણા તો વર્ષોનાં વર્ષો સુધી સૌનાં કામ સારતી રહે તેમ સરતી-વરસતી. આવાં કરુણાજળમાં ગોંડલને ઝબકોળતાં તેઓ તા. ૧૬/પની બપોરે બાર વાગ્યે ભાવનગરની સરહદે આવી પહોંચ્યા.

સેવાધારીને પીએચ.ડી.ની પદવી

ભાવનગરની નારી ચોકડી પાસેના સીમાડે મેયર તથા સ્થાનિક સંતો-સત્સંગીઓનું અભિવાદન સ્વીકારી સ્વામીશ્રીએ શહેરના વિકાસનું એક કદમ ઉઠાવતાં અત્રે સંસ્થા તરફથી બંધાનારા નગરદ્વારના ગર્તમાં પુષ્પો પધરાવ્યાં.

આમ, પ્રથમ પગલે જ નગરને નજરાણું ધરવાની તજવીજ કરી

તેઓ મંદિર ભણી અગ્રેસર થયા ત્યારે ઠેર ઠેર *'ઊભા થૈ સહુ દુકાનદાર, કરે નાથજીને નમસ્કાર...'*નાં દૃશ્ય સર્જાઈ રહ્યાં, કારણ કે આ શહેરના વાઘાવાડી માર્ગે ખડા થયેલા ૧૬૯ X ૧૨૮ X ૬૫ ફૂટના ભવ્ય ગુલાબી મંદિરે પ્રતિષ્ઠા પહેલાં જ શહેરવાસીઓના મનનો કબજો લઈ લીધેલો. ૫,૯૪,૨૮૫ ચો.ફૂ. વિસ્તારના પટે ખીલેલી અક્ષરવાડીમાં બંધાયેલું આ મંદિર જોઈ સૌનાં અંતર ગાઈ રહેલાં કે –

'નવાં નવે છે શિખરો રૂપાળાં, હિમાદ્રીનું શૃંગ સમાન ભાળ્યાં;
પાષાણ સર્વે અતિ ઊજળા છે, ભાસે મણી સ્ફાટિક તે ભલા છે;
સોપાન સારાં એ કૃત વિધિ છે, શું ચૌદ લોકો ચડવા સીઢી છે;
શોભે તહાં દ્વાર ત્રણે અતિશે, તે મોક્ષનાં દ્વાર સમાન દીસે;
કરી ઘણી ઉત્તમ કોરણી છે, જોતાં જનોની ચિતચોરણી છે;
છે પાથર્યા આરસપાણ કેવા, રૂપા તણી પાટ રૂપાળી જેવા.'

આવા પંચશિખરીય મંદિરના ૧૩૬ સ્તંભ અને એટલાં જ તોરણો તથા કલામંડિત ૧૨ ઘુમ્મટ-ઘુમ્મટીઓ, ૨૦ ગવાક્ષ, ૨૧ ઝરૂખા વગેરેમાં મૂકેલાં અસંખ્ય રૂપકામને જીવંત કરવા સ્વામીશ્રી પધારી ચૂકેલા.

તેઓના સાંનિધ્યમાં આજની સાંજે મંદિર-નિર્માણના સહયોગીઓ અને ૩,૩૦૦ સ્વયંસેવકોને સન્માનિત કરતી સભા સંપન્ન થઈ. તેમાં આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા :

'આ પ્રતિષ્ઠા ઉત્સવમાં સત્સંગીઓ, બાળકો, યુવકો, મહિલા મંડળ બધાંને ધન્યવાદ છે, કારણ કે આવા ઉનાળાના તાપમાં દેહની ચિંતા કર્યા સિવાય ભગવાન અને સંતને રાજી કરવા આ કાર્ય કર્યું છે. ભગવાનને રાજી કરવા આ સેવા કરી એ માટે તમને બધાંને પણ પીએચ.ડી.ની ડિગ્રી મળી છે. આ સમૈયો સારો અને સર્વોપરી થઈ જશે. એ યશ તમને મળશે. ઘરનું કામ હોય એ પણ છોડીને પહેલું મહત્ત્વ મંદિરની સેવાને આપ્યું છે, તો આનું ફળ અંતે ભગવાનનું ધામ મળશે. કાલે કળશ ચઢી જશે તે ભેગો તમારા બધાનો પણ કળશ ચઢી જશે. ઠાકોરજી બેસશે એટલે બધાંનો ઉદ્ધાર થશે, ધંધા-રોજગાર સારા ચાલશે, પ્રજામાં સુખ-શાંતિ રહેશે.'

આમ, અત્યંત પ્રસન્નતા દાખવી સ્વામીશ્રીએ સૌનો દાખડો સુફળ કરી દીધો.

ભાવનગરને ભગવાનની ભેટ

તા. ૧૭/૫થી ભાવનગરના આંગણે આરંભાયેલા ત્રિદિવસીય મંદિર મહોત્સવના પ્રથમ ચરણરૂપે સ્વામીશ્રીએ આજની સવારે કળશ તથા ધજાદંડનાં પૂજન કર્યાં. તેને અનુસરતાં મંદિરની નિરીક્ષણ-યાત્રાએ નીકળેલા તેઓ નિર્માણકાર્યમાં અપાર જહેમત ઉઠાવનારા સોમપ્રકાશદાસ સ્વામી, બ્રહ્મસેવાદાસ સ્વામી વગેરે દ્વારા સઘળી રચનાથી વાકેફ થતા ગયા.

આ જ રીતે સ્વામીશ્રી સમક્ષ આજની સાયંસભામાં ગોહિલવાડની ગુણિયલ ગાથા પ્રસ્તુત થઈ. શ્રીજીમહારાજથી અત્યાર સુધી વિસ્તરેલા ભાવનગરના સત્સંગ-ઇતિહાસની કડીબદ્ધ રજૂઆત કરતા આ સાંસ્કૃતિક કાર્યક્રમે સત્સંગીઓ ઉપરાંત શહેરીજનોને પણ અસ્મિતાથી તરબતર કરી મૂક્યા.

તે પછી ઊગેલી તા. ૧૮/૫ની સવારે યજ્ઞવિધિના મંત્રઘોષે ભાવનગરને ભરી દીધું. તેની વચ્ચે ૨૦૦ કુંડોની ફરતે બેઠેલા ૧,૬૦૬ યજમાનોની ઉપસ્થિતિમાં મૂર્તિઓનાં પૂજન સાથે મહાયાગનો આરંભ કરાવી ઉતારે પધારેલા સ્વામીશ્રીએ અહીં વ્યવસ્થાપકોને સૂચના આપી: 'આવતીકાલની પ્રતિષ્ઠા નિમિત્તે શહેરનાં વિખ્યાત મંદિરો, આશ્રમો તથા અનાથાશ્રમોમાં સંસ્થા વતી થાળ-ભેટ નોંધાવજો.'

સૌના ઉત્કર્ષની આ યજ્ઞીય ભાવના વહાવી સ્વામીશ્રી સેવામાં પરોવાયા અને આજની સાંજે સાડા ચાર વાગ્યાથી નગરના રાજમાર્ગો ભવ્ય શોભાયાત્રાથી ગાજવા લાગ્યા. સો જેટલાં વિવિધ આકર્ષણો ધરાવતી અઢી કિ.મી. લાંબી આ નગરયાત્રા ચાર કિ.મી.નો પંથ કાપી પીલ ગાર્ડનથી નવનિર્મિત મંદિરે પહોંચી ત્યાં સુધી તે *'કોઈ તો પુષ્પવૃષ્ટિ કરે છે, કોઈ તો ધન્ય ધન્ય કહે છે...'*ની રીતે સૌનો આવકાર ઝીલતી રહી.

આ શોભાયાત્રાએ તા. ૧૯/૫, વૈશાખ વદ સાતમ, શુક્રવારના રોજ યોજાયેલી મૂર્તિપ્રતિષ્ઠાની ઉત્સુકતા નગરવાસીઓમાં જગાડી દેતાં આ દિવસની સવારથી માનવપ્રવાહ મંદિર ભણી વહેવા માંડ્યો. તેમાં મંત્રી-મેયર સહિત કંઈક મહાનુભાવો પણ તણાયા. આ સૌની ઉપસ્થિતિમાં સ્વામીશ્રીએ યંત્ર-સંચાલિત પાલખીમાં બિરાજી વૈદિક વિધિ મુજબ અક્ષર-પુરુષોત્તમ મહારાજમાં પ્રાણ પૂર્યા ત્યારે હરિભક્તોએ ગજવેલા જયનાદથી ગગન-ઘુમ્મટ ગુંજી રહ્યાં. પ્રતિષ્ઠિત મૂર્તિઓની પ્રથમ આરતી સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા ઊતરી

ત્યારે ઊઠેલો હર્ષોલ્લાસ તો શહેરની સીમાઓને પણ ઓળંગી ગયો. પ્રતિષ્ઠા બાદ પ્રત્યેક મૂર્તિનાં પૂજન કરી ઉત્સવ-સભામાં બિરાજેલા સ્વામીશ્રીએ ૩૧,૦૦૦થી વધુ ભક્તો-ભાવિકોને આશીર્વર્ષાથી તૃપ્ત કરી સભાગૃહમાંથી વિદાય લીધી ત્યારે તેઓના હસ્તે ભાવનગરને ભગવાનની ભેટ મળી ગયેલી.

મૂર્તિપ્રતિષ્ઠાના આ પ્રસંગે યાહોમ થઈ ગયેલા સ્થાનિક હરિભક્તોનો સન્માનવિધિ તા. ૨૧/૫ની સાયંસભામાં યોજાયો. તેમાં અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'અત્યારે બધાનો સત્કાર સમારંભ થયો એ બહુ આનંદની વાત છે. બહારથી આવે એનો સત્કાર તો કરીએ છીએ, પણ ઘરના ભૂલી જવાય ! પણ આપ સૌને યાદ કરી ખૂબ સારી રીતે સન્માન્યા તો બધાને ધન્યવાદ છે. આ સેવાના ફળરૂપે નાનાં-મોટાં, બાઈ-ભાઈ બધાંને અંતકાળે મહારાજ આવશે ને મંદિરનાં દર્શન આપી લઈ જશે. આપણે પણ સેવા, ઉત્સવની સ્મૃતિ કરતા જ રહેવાનું.'

સત્સંગીઓને આ વરદાન આપી સ્વામીશ્રીએ મંદિરનો મર્મ સમજાવતાં જણાવ્યું :

'લોકોની દૃષ્ટિ જુદી છે કે આવા મોટા સમૈયા કરીને ખોટા ખર્ચા કરે છે, આ મંદિરોના પથરા ખડકીને ખોટા ખર્ચા કરે છે, પણ લોકોને સમજાય નહીં એટલે બોલે. મૂર્તિઓમાંથી પ્રેરણા મળે છે. આજે દેશના નેતાઓ થઈ ગયા એના ફોટા રાખીએ છીએ, શું કરવા ? એટલા માટે કે એમાંથી પ્રેરણા મળે છે. એમ મૂર્તિઓ પધરાવી છે એમાંથી પણ પ્રેરણા જરૂર મળે છે. પણ માણસને આજે થઈ જ ગયું છે કે આ બધું ખોટું છે. પણ ખોટું કહેશો તો તમે ક્યાં રહેવાના છો ? તમારો સમાજ, રાષ્ટ્ર નહીં ચાલે. એટલે જાગ્રત રહેવાની જરૂર છે. મંદિર થઈ ગયું એટલે હાશ નહીં કરવાની. મંદિરનો ઉપયોગ આપણે કરવાનો.'

આ મંદિર-મહિમા સમજાવતા સ્વામીશ્રી તા. ૨૪/૫ના રોજ ભાવનગરમાં યોગી જયંતી ઊજવી તા. ૨૫/૫ની બપોરે સુરત થઈને નવસારી આવી પહોંચ્યા.[૩૨]

---

૩૨. ભાવનગરમાં ઊજવાયેલા નૂતન શિખરબદ્ધ મંદિરના મૂર્તિ-પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

વ્યક્તિ-ઘડતર અને સમાજસેવા

નવસારીમાં તા. ૨૬/૫ની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે ઓંજલના સમીપવર્તી બોરીફળિયા ગામની મૂર્તિઓમાં દૈવત પુરાયું. આ જ ક્રમ તા. ૨૭/૫ના રોજ પણ ચાલુ રહ્યો. આજે સ્વામીશ્રીએ મીણકચ્છ અને ગણદેવા (ભૂરી ફળિયા) ગામનાં મંદિરોની મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરી.

આ વિધિ બાદ તેઓનાં દર્શને આવેલા વિખ્યાત જાદુગર શ્રી કે. લાલે સંબોધન કરતાં સ્વાનુભવ ટાંક્યો કે –

''પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી હું જ્યાં-જ્યાં શૉ કરું ત્યાં-ત્યાં વ્યસનમુક્તિ કરાવું છું. આજથી એકાદ વર્ષ પહેલાં પૂનાના એક ગુટકા ઉત્પાદકે મારો સંપર્ક કરેલો. તેઓના મૅનેજરે મને ગુટકાની જાહેરાતમાં સમર્થન આપવા માટે ૧૧ લાખ રૂપિયાની ઑફર કરી. તેમાં મેં અસંમતિ જાહેર કરતાં તેઓ રકમ વધારતાં વધારતાં ૫૧ લાખ રૂપિયા આપવા તૈયાર થયા. આ વાર્તાલાપ દરમ્યાન રાજ્યના એક મંત્રી પણ હાજર હતા. તેઓએ મને કહ્યું : '૫૧ લાખ રૂપિયા એમ ને એમ શું કામ જવા દો છો?' ત્યારે મેં કહ્યું : 'મારા ઉપર પ્રમુખસ્વામીના આશીર્વાદ છે. એમણે મને પ્રેરણા આપી છે અને હું દરેકને વ્યસનમુક્તિની વાત કરું છું. માટે મારાથી આ શક્ય નહીં બને.' આજે બાપાની કૃપાથી અમારા બધા જ શૉ હાઉસફૂલ જાય છે.''

સ્વામીશ્રીએ કરેલાં આ વ્યક્તિ-ઘડતર અને સમાજસેવાનાં મૂલ્ય કેટલાં ?

તેને અમૂલ્ય જાણી આજની સાંજે નવસારીની નગરપાલિકા તથા શહેર અને જિલ્લાની ૧૪ સંસ્થાઓ દ્વારા સ્વામીશ્રીને સન્માનપત્ર આપી નવાજવામાં આવ્યા. આ પ્રસંગે કાર્યક્રમની પૂર્વભૂમિકા બાંધતાં રાજ્ય યુવા ભાજપના ઉપાધ્યક્ષ શ્રી દાસાએ તો કહી જ દીધું : 'અત્યાર સુધી લોકો ભારતને તાજમહલથી ઓળખતા હતા, હવે પછી પ્રમુખસ્વામીને લીધે સંસાર ભારતને અક્ષરધામ દ્વારા ઓળખશે.'

આજના આ શુભ અવસરે સ્વામીશ્રીના સાંનિધ્યમાં એક ઐતિહાસિક તૈલચિત્રનું પણ અનાવરણ થયું. દાંડી ખાતે તૈયાર થયેલા ગાંધીજીના જીવન આધારિત પ્રદર્શનમાં મુકાનારા આ ચિત્રમાં તા. ૧૩/૩/૧૯૩૦ના રોજ નવાગામ ખાતે યોજાયેલી શાસ્ત્રીજી મહારાજ અને ગાંધીજીની મુલાકાતને ઉપસાવવામાં આવેલી. ભારતની આઝાદી માટે શાસ્ત્રીજી મહારાજે આપેલા

આશીર્વાદ અને યોગીજી મહારાજે ફેરવેલી માળા આ ચિત્રાંકન દ્વારા જનતાની જાણમાં આવ્યાં.

આ દબદબાભર્યા સમારોહને અનુસરતાં સ્વામીશ્રી તા. ૩૦/૫ની સવારે ભીનાર તથા મહુડી ગામની મૂર્તિઓમાં પ્રાણ પૂરી ૧૧:૦૦ વાગ્યે તીથલના મંદિરે આવી પહોંચ્યા.

વલસાડમાં વિદ્યાસંકુલનો પ્રારંભ

તીથલમાં સ્વામીશ્રીના પદાર્પણ સાથે જ મંદિરમાં બંધાયેલા નૂતન સંતનિવાસનું ઉદ્‌ઘાટન થઈ ગયું. એ જ રીતે તા. ૩૧/૫ના રોજ આવેલા પ્રમુખવરણી દિનની સાંજે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા વલસાડમાં નિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરનાં પણ દ્વાર ખૂલ્યાં.

તીથલથી આશરે વીસેક મિનિટના રસ્તે વસેલા પારડી-પરનેરા વિસ્તારની ૩૭ એકર ભૂમિ પર સ્વામીશ્રીની પ્રેરણાથી આકાર પામેલું આ સંસ્થાકીય વિદ્યાસંકુલ એટલે સુવિધાસજ્જ વર્ગખંડો અને પ્રયોગશાળાઓ, સમૃદ્ધ ગ્રંથાલય, આરોગ્યની સવલતો, સગવડસભર છાત્રાવાસ, રમત-ગમત દ્વારા કૌશલ્યને ખીલવતાં બંધ અને ખુલ્લાં મેદાનો, તરણહોજ, સભાગૃહ, મંદિર જેવી કંઈક રચનાઓ દ્વારા વિદ્યાર્થીઓનો સમતોલ વિકાસ કરતું મથક. બાલમંદિરથી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સુધીનો વ્યાપ ધરાવનારા આ સંકુલના પ્રવેશદ્વારે પધારી સ્વામીશ્રીએ નાડાછડી છોડી તે સાથે જ ઊગતી પેઢીનાં ભાગ્ય ઊઘડી ગયાં. અનેક નામી મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિદ્યામંદિરનો વિધિવત્ પ્રારંભ કરતા તેઓએ આજે એક વર્ગખંડમાં પધારી નાનકડા શિશુઓનો પ્રથમ પીરિયડ પણ લીધો.

તેમાં સંસ્કાર અને સદાચારની શીખ આપી તેઓ ઉદ્‌ઘાટન સભામાં પહોંચ્યા ત્યારે તે ૨૦,૦૦૦થી વધુની જનસંખ્યા વડે ઊભરાતી હતી. વરસાદી વાતાવરણમાં મેઘની ધારા સહેતો આ શ્રોતા-સમુદાય શાંતિથી બેઠો હતો. તે સ્વામીશ્રીની આશીર્વર્ષાથી ભીંજાય તે પૂર્વે આજે ઉદ્‌ઘાટિત થયેલા વિદ્યામંદિરનો ચિતાર સંકુલના નિયામક દ્વારા રજૂ થયો. તે પછી ભૂમિદાતા શ્રી ડુંગરશી ગાલાએ સ્વામીશ્રીમાં વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું : 'અમારા ટ્રસ્ટે નક્કી કર્યું કે આ ભૂમિસંકુલ પ્રમુખસ્વામીને જ અર્પણ કરવું, કારણ કે દેશ-વિદેશમાં લોકોને પ્રમુખસ્વામી પ્રત્યે જે સ્નેહ અને આદર છે એ અમે જોયા છે. આ

સંસ્થાનો પારદર્શક વહીવટ પણ અમે જોયો છે. આજે આ સંકુલ જોતાં અમને લાગે છે કે અમારા સ્વપ્ન કરતાં પણ અદ્ભુત સંકુલ અહીં નિર્માણ પામશે.'

આ રીતે સૌના વિશ્વાસપાત્ર ઠરનારા સ્વામીશ્રીએ સમારંભના અંતે અમૃતધારા વહાવતાં જણાવ્યું: 'આજના વિદ્યામંદિરના ઉદ્ઘાટન પ્રસંગે વરુણદેવે પણ દયા કરી. દેવોને પણ ઇચ્છા થાય છે કે આવા પ્રસંગે આપણે પણ લાભ લઈએ. અહીં જે આ સંકુલ થયું છે એમાં પરા અને અપરા – બેય વિદ્યાનો સમન્વય છે. અહીંયાં બાળકો અભ્યાસ કરશે, એનું જીવન સુધરશે. કુટુંબ, સમાજ, રાષ્ટ્રની પણ સેવા કરે એવું બળ એમને મળે. આપને થોડીક તકલીફ પડી છે તો માફ કરજો, પણ તમે હાજરી આપી એથી અમને સારી પ્રેરણા મળશે, અમે આ કાર્યમાં આગળ વધી શકીશું. વરસાદ તો થયો છે, પણ બધા પરસાદ (ભોજન) લઈને જજો.'

વરસાદની ધારા કરતાંય સ્વામીશ્રીની આ પ્રેમલધારાથી પ્રજાજનો વધુ ભીંજાયા.

ભગવાન જેને મન ભાવ્યા

તીથલના દરિયાકાંઠે તા. ૨/૬ની સવારે વરસી રહેલા મુશળધાર મેઘને વાયરાનો સંગાથ મળતાં આમતેમ વીંઝાતી તેની પ્રચંડ ધારાઓ ગમે તેવા છત્રને પણ નિરર્થક બનાવી રહેલી. તેથી સ્થાનિક વ્યવસ્થાપક વિવેકસ્વરૂપદાસ સ્વામી દ્વારા સ્વામીશ્રીને વિનંતી કરવામાં આવી કે 'વરસાદમાં આપ સવારે મંદિરમાં દર્શને ન જતાં સાંજે જવાનું રાખો.'

પરંતુ આ પ્રસ્તાવને ઉડાડી દેતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ઠાકોરજીનાં દર્શને જવાની કોઈ દિવસ ના પાડવી નહીં. ભલે ગમે એટલો વરસાદ પડે કે ઠંડી પડતી હોય, પણ દર્શન માટે કોઈ દિવસ આવી વાત કરવી જ નહીં.'

સ્વામીશ્રીના આ અભિપ્રાયમાં જોર ઘણું હોવાથી કોઈ વધુ બોલી ન શક્યું. અલબત્ત, વચગાળાની વ્યવસ્થારૂપે દર્શને જતાં પૂર્વે બંધ સભાગૃહમાં પ્રાતઃપૂજા ગોઠવી દેવાઈ. તેમાં પોણો કલાક જેટલો સમય પસાર થતાં વરસાદની તીવ્રતા ઘટી ગઈ અને સ્વામીશ્રી મંદિર પર દર્શને પધાર્યા. તેઓની આ ભક્તિ જોઈ ઘડીભર તો મેઘરાજા પણ થંભી ગયા, કારણ કે *'ભગવાન જેને મન ભાવ્યા...'* એવા સ્વામીશ્રીનાં આ દર્શન તેઓને મન નવીન હતાં.

આ જ રીતે તેઓ તા. ૩/૬ની સવારે બનનારી એવી જ એક

નવીનતમ ઘટનાને નિહાળવા પરોઢિયાથી આકાશમાં આંટા મારી રહેલા, પરંતુ સ્વામીશ્રીએ આંબા તલાટ(નાયકપાડા), તેજલાવ(વડ ફળિયા), ચાસમાંડવા, સરૈયા(કુંડળ ફળિયા), ટોરવણ, ખુડવેલ અને તલાવચોરા(બારોલિયા)નાં મંદિરોની મૂર્તિપ્રતિષ્ઠા સંતનિવાસના ભોંયતળિયે આવેલા બંધ ચોકમાં કરતાં મેઘરાજા એકસાથે સાત મંદિરોની પ્રતિષ્ઠાના એ ઉત્સવને ન માણી શક્યા. તેથી નિરાશ થયેલા તેઓ ચોધારે અશ્રુ સારવા લાગતાં પૃથ્વી પલળી રહી.

આ ક્રમ તા. ૪/૬ના રોજ પણ જારી રહ્યો. આ દિવસે તો સ્વામીશ્રીએ સંતઆશ્રમના ચોકમાં રોહિણા(બેડા ફળિયા), વંકાછ, રાબડી, નાના વાઘછીપા, ઊગતા-પાનવા, ખરેડી, માંકડબન, કુરગામ-તુંબી, તાડ ફળિયા(પારડી) અને ભૂતસર એમ દસ ગામોનાં મંદિરોની મૂર્તિઓમાં દૈવત પૂર્યું. ક્યાંક હરિમંદિર તો ક્યાંક કુટિર મંદિરોની સ્થાપનાના આ સિલસિલામાં સ્વામીશ્રી દ્વારા બે જ દિવસમાં થયેલાં સત્તર મંદિરોનાં અવતરણની બીના અભૂતપૂર્વ બની રહી.

ભક્તો છે પ્રાણથી પ્યારા

તા. ૬/૬નો દિવસ તીથલ મુકામે સ્વામીશ્રીના રોકાણનો આખરી દિન હોવાથી તે ઘણી વ્યસ્તતામાં વીત્યો. છતાં સૌને સંપૂર્ણ સંતોષ આપી સ્વામીશ્રી રાત્રે ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે અત્રે મંદિર-નિર્માણમાં શિર સાટે પક્ષ રાખનારા યુવકોનો પરિચય વિવેકરત્નદાસ સ્વામીએ આપ્યો.

તેના અંતે હરિભક્ત શ્રી રાજુભાઈ બોલ્યા : 'બાપા ! આ વખતે આપને બહુ ભીડો આપ્યો છે...'

'લ્યો, બધું પતી ગયા પછી વાત થઈ!' આટલું કહી સ્વામીશ્રીએ ગમ્મત કરતાં જણાવ્યું : 'હવે આ બાબતનું ધ્યાન પહેલેથી રાખજો. આમાં તમારો વાંક નથી. બધે આવું જ ચાલે છે !'

હા, સખત ભીડાનો સતત માર સ્વામીશ્રીને હંમેશાં ઝીલવાનો થતો. છતાં વિશેષતા એ રહેતી કે ભીડાની ભઠ્ઠીમાંયે તેઓના સ્નેહનું ઝરણું કદી ન સુકાતું, ન શોષાતું.

તેથી જ આજે ભોજન બાદ એક બેઠકે ૨૦૦ મુમુક્ષુઓને મળેલા સ્વામીશ્રી એક હરિભક્તને જોતાં જ બોલી ઊઠ્યા : 'ક્યાં રહો છો ? હું રોજ સંભારું છું.'

તેઓના આ સ્નેહઝરતા શબ્દો સાંભળી કોલકના શ્રી દયારામભાઈ તો

ગદ્ગદ જ બની ગયા.

આવી જ સ્થિતિ તા. ૭/૬ની સવારે એક વૃદ્ધ સત્સંગીની પણ થઈ રહી. આજે તીથલના રોકાણની છેલ્લી પ્રાતઃપૂજા પૂર્ણ કરી આસન પરથી ઊભા થઈ રહેલા સ્વામીશ્રી દૂરથી આ વયસ્ક વ્યક્તિને આવતી જોઈ અટકી ગયા અને પૂછ્યું : 'પેલા ભાઈ શું લઈને આવે છે ?'

સૌએ જોયું તો એ વડીલ કાગળમાં હાર વીંટીને લાવેલા. જાતે ગૂંથેલી એ પુષ્પમાળા તેઓ સ્વામીશ્રીને પહેરાવવા ઇચ્છતા હતા, પરંતુ ગિરદીમાં આગળ આવવાનો માગ મળતો નહોતો. તે જ વખતે સ્વામીશ્રીએ સામેથી કહ્યું : 'બોલાવી લ્યો, જૂના છે.'

આ શબ્દો સાંભળતાં એ ડગમગતું ઘડપણ હરખપદૂડું થઈ સ્વામીશ્રી પાસે દોડી આવ્યું. કાગળના ડૂચામાં સંઘરાયેલા પ્રેમને પણ પારખનારા હતા સ્વામીશ્રી !

આ રીતે સાગરકાંઠે પ્રેમનો પારાવાર રેલાવી તેઓ તા. ૭/૬ની સવારે દસ વાગ્યે તીથલથી વિદાય થયા ત્યારે અફાટ સમુદ્ર પણ તેઓનાં ચરણ ચૂમવા ઊછળી ઊછળીને આગળ ધસતો રહ્યો, પરંતુ સ્વામીશ્રીની રફતારને આંબવું તેના માટે મુશ્કેલ થઈ પડ્યું અને સ્વામીશ્રી ભરૂચની ભાગોળે આવી પહોંચ્યા. આ મુસાફરીમાં તેઓ વચ્ચે આવતી નર્મદામાં પુષ્પો પધરાવવાનો ક્રમ ન ચૂક્યા.

આપણે તકલીફને માનતા નથી

ભરૂચમાં તા. ૭/૬ની રાત્રે દર્શને આવેલા ડિસ્ટ્રિક્ટ જજ શ્રી મનુભાઈ ઠક્કરનો પરિચય આપતાં સંતોએ સ્વામીશ્રીને કહ્યું : 'ઠક્કર સાહેબને સરકાર તરફથી ગાડી મળે છે, પણ તેઓ રોજ મંદિરે દર્શન માટે આવે ત્યારે ગાડીમાં જેટલું મીટર ચઢ્યું હોય એનું બિલ સરકારને ચૂકવી દે છે. તેઓને એવી ભાવના રહે છે કે સરકારી પૈસે હું દર્શને આવું તો મારી ભક્તિનો નાશ થઈ જાય.'

આ સાંભળી શ્રી મનુભાઈ બોલ્યા : 'આ તો સ્વામીબાપાએ જ વારસો આપ્યો છે. એમાંથી હું પ્રેરણા લઉં છું.'

આમ, સૌ માટે પ્રામાણિકતાના પ્રેરણાસ્રોત ઠરેલા સ્વામીશ્રીએ અત્રે રોકાઈને ખૂબ લાભ આપ્યો. તેથી તા. ૧૧/૬ની સાંજે તેઓએ આપેલા સુખનું સરવૈયું માંડતાં સંતોએ કહ્યું : 'બાપા ! આપને પાંચ દિવસમાં કંઈ

તકલીફ પડી હોય...'

'આપણે તકલીફને માનતા નથી. ભગવાન મળ્યા પછી તકલીફ શું?' સ્વામીશ્રી કેફથી બોલ્યા.

તકલીફોને ટોડલે ટાંગી વિચરતા તેઓએ નવસારીના રોકાણ વખતે જ ભરૂચના સંતોને કહેલું: 'ભરૂચનું મંદિર તો અમારું ઘર કહેવાય. આમંત્રણ આપવાનું ના હોય. અમે આવવાના જ છીએ.'

આ વચનોને સાર્થક કરતાં સ્વામીશ્રી અત્રે સુખસાગર છલકાવી તા. ૧૨/૬ની બપોરે સાડા બાર વાગ્યે અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં ઠાકોરજીનાં દર્શન બાદ ઉતારે પધારેલા તેઓ બોલ્યા: 'ભરૂચથી હું નીકળ્યો ત્યારે સવા બાર વાગ્યે અહીં પહોંચવાનો ટાર્ગેટ મેં બાંધ્યો હતો. દર વખતે આપણે આવીએ છીએ એ રસ્તે આવ્યા હોત તો ચોક્કસ સવા બાર વાગ્યે આવી જાત; પરંતુ આજે (ઍસ્કોર્ટે) નવો રસ્તો લીધો અને ચકરાવો થયો, એને કારણે ટાર્ગેટમાં મોડા પડ્યા!'

આ રીતે પળેપળની ગણતરી સાથે સ્વામીશ્રી ચાલતા.

તમારી જે વાણી અમૃત સમ જાણી

અમદાવાદમાં તા. ૧૩/૬ની સાયંસભામાં પહોંચેલા સ્વામીશ્રી સમક્ષ *'પેટ કટારી રે, મારીને સન્મુખ ચાલ્યા...'* પદનું ગાન થયું. તેને જ વિષય બનાવી સ્વામીશ્રીએ બ્રહ્મપડછંદા ગજાવ્યા કે –

''સાચા શૂરા કોઈ દિવસ પાછા ન પડે. જેમ લોહીની છોળ્યો ઊડે એમ શૂરવીરને શૂરાતન ચઢે. શૂરા માણસોને મોળી વાત હોય નહીં. કેટલાક પહેલેથી મોળી વાત કરે. એ નમાલા કોઈ દા'ડો જીત કરી શકે નહીં. ૫૦૦ પરમહંસો માથું મૂકીને નીકળ્યા હતા. તે વખતે માર ખાવાનો હતો. બ્રહ્માનંદ સ્વામી મહાકવિ કે જેને રાજા-મહારાજા શિરપાવ આપે, ગોપાળાનંદ સ્વામી મહાન યોગી, નિષ્કુળાનંદ સ્વામી વૈરાગ્યની મૂર્તિ; આ એક-એક ભગવાન થઈને પૂજાય એવા હતા. એવું જ્ઞાન, એવો પ્રભાવ ને આવડત હતી! છતાં સ્વામિનારાયણ ભગવાનના દાસ થયા. મહારાજનાં દર્શનમાં જેવું સુખ છે એવું બીજામાં નથી એ માનીને બધાં દુઃખ વેઠ્યાં. સહન કરીને સિંધુડા ગાયા. એ લડતા હતા – અંતઃશત્રુ સાથે, માણસો સામે નહીં.

શાસ્ત્રીજી મહારાજે પણ કોઈ દહાડો મોળી વાત નથી કરી કે 'આ

નહીં થાય.' થશે જ! જોગી મહારાજને પણ એવો જ પાવર હતો – ડંકો વાગશે; તો આજે અક્ષર-પુરુષોત્તમનો ડંકો વાગે છે. એક માણસ શૂરવીર થાય તો હજારોને શૂરવીર કરે. એટલે આળસ-પ્રમાદ ખંખેરીને આ વાતનો આલોચ રાખવો. માયા, મોહનો ત્યાગ કરી સંતનો સમાગમ એવો કરીએ કે બ્રહ્મરૂપ થઈ અક્ષરધામમાં જવાય."

આ અમૃતધારા વહાવી નિજનિવાસમાં પધારેલા સ્વામીશ્રી પાસે તા. ૧૯/૬ની સવારે આવેલા એક મુરબ્બી ગુજરાતમાં મંચ-મંડપના સુશોભન ક્ષેત્રે મોટું નામ ધરાવતા હતા. તેઓએ સ્વાનુભવ વર્ણવતાં સ્વામીશ્રીને જ કહ્યું :

"લગભગ પાંચ-સાત વર્ષ પહેલાં હું જ્યારે આપનાં દર્શને આવ્યો ત્યારે અમારું કુટુંબ છિન્ન-ભિન્ન હતું. ભાઈઓ-ભાઈઓ વચ્ચે બોલ્યે વ્યવહાર નહોતો. મેં આપની સમક્ષ આ વાત કરી ત્યારે આપે એટલું જ કહ્યું હતું કે 'તમારા ભાઈઓ કદાચ તમારા ઘેર ન આવે, તમને સહકાર ન આપે અથવા તો તમારી સાથે ઝઘડે, પણ તમારા તરફથી તમારે એમને બોલાવવા અને એમના ઘેર જવું, એમના પ્રસંગો સાચવવા.'

આપના આ આદેશ પ્રમાણે મેં કર્યું. એક ભાઈ હૉસ્પિટલમાં હતા ત્યારે મેં જઈને એમની સેવા કરી. એને કારણે પેલા ભાઈઓમાં પરિવર્તન આવ્યું. એટલું જ નહીં, આજે બધા જ ભાઈઓ મારા ઘેર આવતા થઈ ગયા છે. મેં જે આ કર્યું એનાથી મારા અંતરમાં પણ શાંતિ થઈ અને આનંદ આવ્યો."

સમાજના એક શ્રેષ્ઠીની આ કેફિયતમાંથી *'તમારી જે વાણી અમૃતસમ જાણી મન ધરી, અમે તેથી જીવ્યા નહિતર ન આશા હતી જરી...'*નો ભાવ ઝરી રહ્યો.

આવી અનુભૂતિથી અનેકનાં જીવતરને ધન્ય કરનારા સ્વામીશ્રીનું માર્ગદર્શન મોતી-માણેકથીયે મૂલ્યવાન સાબિત થતું રહેતું, પરંતુ તેનું વિતરણ તેઓ એટલું છૂટે હાથે અને સહજ રીતે કરતા કે કોઈ કલ્પી પણ ન શકે કે અહીં મફતના મૂલે મણિ મળી રહ્યા છે! આજે એ મણિના ઉજાશથી અનેક ઘરોમાં અજવાળું છે.

આપણે કોઈ વાતની મહત્તા જોઈતી જ નથી

તા. ૨૦/૬ની સવારે સ્વામીશ્રી મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે અહીં હરિકૃષ્ણ મહારાજના ખંડ પાસે દુબઈથી આવેલા આરબ ગુણાનુરાગી શ્રી

નાસર અલીએ પરફ્યૂમ ધર્યું. તેઓની આ ભેટ પૂજારી ધર્મતિલકદાસ સ્વામીને આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ ભગવાનને પ્રેમથી ધરાવજો ને એમના માટે પ્રાર્થના પણ કરજો.'

સ્વામીશ્રીની આ કૃપાથી ધન્ય થયેલા શ્રી નાસરે દુબઈમાં મંદિર કરવા અરજ ગુજારી ત્યારે તેઓના માથે હાથ મૂકતાં સ્વામીશ્રીએ કહ્યું: 'અમે ઠાકોરજી સમક્ષ પ્રાર્થના કરીએ છીએ કે તમારો સંકલ્પ પૂરો થાય.'

આ આર્ષવાણી ઉચ્ચારી આગળ વધેલા તેઓ તા. ૨૧/૬ની સવારે મંદિરના ઘુમ્મટ તળે પધાર્યા ત્યારે અહીં પખાવજની થપાટોના સંગે ઊતર-ચડ થતી લયની સાથે અનેક ઝાંઝની સંગત અને બુલંદ કંઠે થતા વૃંદગાનના ઘોષ ભળતાં અનેરો કીર્તન-કિલ્લોલ છવાઈ ગયેલો. દરેક એકાદશીએ પરંપરાગત રીતે ઓચ્છવિયા કીર્તનોની જમાવટ કરતી અહીંની ભજનમંડળીને આજે સ્વામીશ્રીની સંનિધિમાં રમઝટ બોલાવવાનો મોકો મળ્યો હતો. તેથી એકેએક ભજની *'મોરો ઘણા મેઘ નિહાળી જેમ, બોલે મુખે કીર્તન સર્વ તેમ...'*ની રીતે કડીઓ લલકારી રહેલા. સ્વામીશ્રી પણ ઠાકોરજીનાં દર્શન કરીને આ વૃંદ સામે ફર્યા અને દ્રુત લયમાં મચેલા ઝાંઝના નિનાદની સાથે પોતાના હાથ થોડાક ઊંચા કરીને ઝાંઝ વગાડતા હોય તેમ તાલ આપવા લાગ્યા. તે જોઈ કો'કે ઝાંઝ ધરતાં સ્વામીશ્રી કુશળતાપૂર્વક તાલેતાલ મિલાવીને લટકાં સાથે ઝાંઝ વગાડવા માંડ્યા.

તેના રસપાનથી પરમ તૃપ્તિ અનુભવી આનંદનો ઓડકાર ખાતાં પ્રસિદ્ધ પત્રકાર શ્રી અજય ઉમટે આજે મુલાકાત દરમ્યાન સ્વામીશ્રીને કહ્યું: 'ઓચ્છવનાં ગીતોની સાથે આપનાં દર્શન કરી મારી તો બેટરી ચાર્જ થઈ ગઈ.'

આટલું જણાવી આ ખબરપત્રીએ એક પુરાણી સ્મૃતિ ઉખેળી કે 'અક્ષરધામના ઉદ્‌ઘાટનનું લખાણ અમે બે પાનાં ભરીને દિવ્ય ભાસ્કર અખબારમાં એટલું સુંદર રીતે છાપ્યું હતું કે એ છાપાંની માંગ સતત દસ દિવસ સુધી રહી. દેશ-પરદેશથી ખૂબ ફોન આવ્યા હતા.'

આ હકીકત કહી શ્રી ઉમટે વધુમાં ઉમેર્યું: 'મેં દિવ્ય ભાસ્કરમાં એવું લખ્યું હતું કે 'તાજમહાલને પણ ટક્કર મારે એવું અક્ષરધામ છે.' ત્યારે આપે મને ટકોર કરેલી કે 'તાજમહાલને પણ ટક્કર મારે – એવી વાત ન લખવી.'

આ વિગત અત્યારે સાંભળીનેય સ્વામીશ્રી બોલ્યા: 'બરાબર છે. આપણે તો બધા માણસોના કલ્યાણ માટે કર્યું છે, કોઈને નીચા પાડવા નહીં.

આ તો આપણી ભક્તિ છે અને યોગીબાપાનો સંકલ્પ હતો એટલે કર્યું છે. કોઈની હરીફાઈ માટે નથી કર્યું.'

આવી જ અન્ય એક ઉચ્ચ જીવનભાવના પ્રગટ કરતાં સ્વામીશ્રીએ આજની રાત્રે પ્રાસંગિક વાર્તાલાપમાં જણાવ્યું :

"આપણે કોઈ વાતની મહત્તા જોઈતી જ નથી. જે નથી કરતા એ બતાડીને શું કરવાનું છે? એના કરતાં તો માળા કરીને બેસી ના રહીએ? ભજન કરીએ. બાકી ખોટો દેખાવ કરવાનો અર્થ શું? દુનિયાના માણસો પાસેથી મહત્તા શું લેવાની? યોગીજી મહારાજ કહેતા : 'નાને સે હો નાને રહીએ...' આપણે તો એવો પણ દાવો કરવાની જરૂર નહીં કે 'પ્રમુખસ્વામી જ અક્ષરધામ કરી શકે, બાકી કોઈની તાકાત નથી.' આપણે નાના રહેવામાં શું વાંધો છે? મહારાજ કરે છે ને મહારાજ જ પ્રેરણા આપે છે.

બીજી સંસ્થાઓમાં આપણે દાન કરીએ એની જાહેરાત કરવાની પણ જરૂર નહીં. આ હાથે આપ્યું ને આ હાથે ગયું, એમાં બધું આવી ગયું. આપણે તો લો પ્રોફાઇલ (સામાન્ય સ્તરના) રહેવું. એમાં જ મજા છે. આપણે તો ભગવાન ભજવા આવ્યા છીએ. એ સુખ જ લેવા જેવું છે."

આ જીવનશૈલી સ્વામીશ્રીએ વિશ્વવંદનીય બન્યા પછીયે જાળવી જાણેલી.

આપણે કોઈને તસ્દી શું કામ આપવી?

તા. ૨૧/૬ની સાંજે ઠાકોરજીનો પ્રસાદ ગ્રહણ કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ યોગીવલ્લભદાસ સ્વામીએ અક્ષરપીઠનો અહેવાલ આપતાં કહ્યું : 'ગામડે વિચરણ કરતા સંતોને સત્સંગનું સાહિત્ય નિઃશુલ્ક આપવાની યોજના વિચારી છે.'

'સારું થયું. આ રીતે તમારું સદાવ્રત ચાલુ રહે તો એનાથી ગરીબ લોકોમાં પણ સત્સંગના સંસ્કારો પડશે.'

'સ્વામી! આ તો આપના નામે સદાવ્રત ચાલે છે.'

'આપણા નામે તો શું ચાલવાનું છે? શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના નામે બધું ચાલે છે. એમનું સદાવ્રત મોટું. અમે તો ખાલી આંટા મારીએ છીએ.' સ્વામીશ્રી બોલ્યા.

આ રીતે પોતાની ગૌણતા અને ગુરુનું ગૌરવ પ્રસ્થાપિત કરી તા. ૨૨/૬ની સાયંસભામાં પધારેલા તેઓએ અમૃતધારા વહાવી દીધી કે –

''માસ્ટર કી એટલે 'હું બ્રહ્મ છું ને ભગવાનનો દાસ છું, સેવક છું.' એવી દૃઢતા થાય તો ગમે તે તાળાં ઊઘડી જાય. કટાયેલાં તાળાં પણ ઊઘડી જાય ને મજબૂત તાળાં પણ ઊઘડી જાય. એક જ છે કે 'કર્તા ભગવાન છે. હું નથી.' એના માટે આ રાત-દિવસનો દાખડો છે. આટલી દૃઢતા જો આપણને થાય તો વહેવારિક-સાંસારિક પ્રશ્નો આવે ત્યારે આપણે કોઈ વાંધો આવે નહીં. ગમે એટલાં સુખ-દુઃખ, માન-અપમાન, ગમે તે પ્રસંગો બને તો એની અંદર સ્થિરતા રહે, શાંતિ રહે. એ ચાવી આપણને મહારાજે આપી છે.''

સૌના હાથમાં સુખની આ ચાવી મૂકતાં સ્વામીશ્રી સભા બાદ ઉતારે આવી મુલાકાત અને મીટિંગોના ક્રમમાં પરોવાયા. એ દોર છેક રાત્રે સાડા દસ વાગ્યા સુધી અવિરામ ચાલ્યો. આ સમયે બેઠકનું સમાપન થયું ત્યારે સંતો હાજર હોવા છતાં સ્વામીશ્રીએ વાંકા વળીને પાછળ રાખવામાં આવેલી બત્તી જાતે બંધ કરી. તે જોઈ સૌએ આવી તકલીફ ન ઉઠાવવા કહ્યું, ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'આપણે કોઈને તસ્દી શું કામ આપવી? આપણે ક્યાં કોઈને સેવા આપવી છે? આપણે તો જાતે કરી લેવું.''

૮૫મા વર્ષે પણ સેવા કરવાનો સ્વામીશ્રીનો આ તરવરાટ સૌ માટે પ્રેરક અને પ્રભાવક બની રહ્યો.

સળગતી સમસ્યાનું સમાધાન

તા. ૨૪/૬ની સવારે આયોજિત યુવાસભામાં સ્વામીશ્રી બિરાજ્યા ત્યારે અમદાવાદ શહેર તથા ગ્રામ્ય વિસ્તારની સાથે ગાંધીનગર અને મહેસાણાથી ઊમટેલાં આશરે ૪,૫૦૦ યુવા-યુવતીઓથી આ સંમેલન હકડેઠઠ બની ગયેલું. *'તમારા હૃદયાકાશમાં પંખી બની ઊડ્યા કરું'*ના ઓરતા સેવતા આ યુવાધને આજે ગોષ્ઠીના માધ્યમથી સ્વામીશ્રી સાથે સંવાદ સાધવો શરૂ કર્યો. સ્વામીશ્રી પણ અનુભવથી રસબસ ઉત્તરો દ્વારા યુવામાનસને નિઃશંક કરતા ગયા.

તે ક્રમમાં યુવાહૃદયને વલોવતી વિજાતીય આકર્ષણની ભીંસ અને તેને કારણે યુવા-યુવતીઓ દ્વારા ભરી દેવાતાં અવિચારી પગલાંઓ બાબતે સ્વામીશ્રીએ માર્ગદર્શન આપ્યું કે –

''આ તમારે બહુ મોટો પ્રશ્ન થયો છે, પણ આપણી સંસ્કૃતિ શું છે અને સંસ્કાર શું છે એનો વિચાર કર્યો હોય તો બહુ વાંધો ન આવે. પહેલું એમ નથી

સમજતાં કે મારે મા-બાપ છે. ભગવાનની આજ્ઞા શું છે એ વિચાર જ નથી આવતો! રૂપ જુઓ, સારા ભણેલા હોય, ચટાપટા કરીને ફરતા હોય એમાં મોહ પામી જવાનું હોય? બે જણા નક્કી કરી દો પણ જેનાથી જન્મ થયો છે, જેણે આપણને મોટા કર્યા છે એને પૂછવું એટલી ફરજ નથી? બે માણસની જરા મરજી તો જાણવી જોઈએ ને!

પણ પશ્ચિમનો વાયરો આપણને નડ્યો છે. ત્યાં છોકરા-છોકરી સોળ વરસનાં થાય એટલે સ્વતંત્ર. એમનાં મા-બાપ સાથે કોઈ સંબંધ જ નહીં! આ બધી આપણી સંસ્કૃતિ નથી કે ઘડીકમાં લગ્ન કરવાં ને ઘડીકમાં ફોક કરવાં. મા-બાપની રજા જ્યાં સુધી ન મળે ત્યાં સુધી પહેલેથી નક્કી ન કરવું જોઈએ. ભલે તમને ગમે એટલું ગમતું હોય, પણ મા-બાપને નથી ગમતું તો મને નથી ગમતું. ભગવાનને નથી ગમતું તો મને નથી ગમતું. ભગવાન, મોટાપુરુષ, મા-બાપને ગમતું ન હોય ને આપણે કરી બેસીએ તો એનાથી કંઈ વધારે સુખ છે? ભલે દુઃખ પડે પણ માતા-પિતાને, ભગવાન અને સંતને ગમ્યું છે કે નહીં તે જુઓ. પેલી (સ્વતંત્ર) રીતે કરો છો તોય દુઃખ તો પડે છે. એના કરતાં પૂછીને કરીએ ને એ દુઃખ પડે તો સારું. તેમાં સંતોષ. પેલું દુઃખ પડે તો પછી આપણો કોઈ ધણી ન થાય. માટે આપણી મર્યાદાઓ જાણવી જોઈએ, સમજવી જોઈએ ને પાકી રાખવી જોઈએ. મનસ્વી રીતે હઠ નહીં કરવી જોઈએ. બધી રીતે મા-બાપ રાજી થાય એમ જ કરવું જોઈએ. સંત ને શાસ્ત્રની આજ્ઞાનો વિચાર પહેલો કરવો જોઈએ. મર્યાદાઓ સાચવીશું તો સુખ ને શાંતિ છે અને ભગવાન રાજી થશે.''

આવેગોને નાથવાની આ શીખ સાંભળી હળવું થયેલું પ્રત્યેક યુવાહૈયું સ્વામીચરણે ઝૂકી પડ્યું. તેના પ્રતીકરૂપે સ્વામીશ્રીને યુવાનો દ્વારા મખમલી હૃદયનો હાર અર્પણ થયો.

દેશ આખાના 'બાપા'

તા. ૨૭/૬ના રોજ અમદાવાદમાં રથયાત્રાનો ઉત્સવ ઊજવી ગાંધીનગર પધારેલા સ્વામીશ્રી તા. ૨૮/૬ની સવારે રાયસણ આવી પહોંચ્યા. આજે અહીં ત્રીસ એકરની ભૂમિ પર નિર્માણ પામેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સહિત અનેક પ્રતિષ્ઠિતોની ઉપસ્થિતિ મંચ પર હતી. તેમાં શ્રી મોદીએ જણાવ્યું : 'હું તો કહું

છું કે બાપાને ફક્ત સ્વામિનારાયણ સંપ્રદાયના તમે ન ગણો. એ તો હવે સૌના છે, દેશ આખાના છે.'

આ અહોભાવ ઝીલતાં સ્વામીશ્રીએ બાલમંદિરથી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સુવિધા ધરાવતા નવનિર્મિત શાળાસંકુલના દ્વારે પધારી નાડાછડી છોડી. શ્રી મોદીએ શ્રીફળ વધેર્યું. તેઓ સ્વામીશ્રી પ્રત્યેના અનુરાગને કારણે આજે કૅબિનેટની કાર્યવાહી ઠેલીને ખાસ હાજર રહેલા. તેથી ઉદ્‌ઘાટન વિધિ બાદ મુખ્યમંત્રી પરત ફર્યા અને સ્વામીશ્રી ૧,૦૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતા આ સમગ્ર સંકુલમાં પુષ્પો વેરી ગાંધીનગર પધાર્યા.

અત્રે તેઓ તા. ૩૦/૬ની સવારે સાનહોઝેના મંદિરની મૂર્તિઓનાં પૂજન-આરતી કર્યા બાદ તા. ૨/૭ના રોજ પુનઃ રાયસણના શૈક્ષણિક પરિસરનું નિરીક્ષણ કરી અમદાવાદ પહોંચ્યા.

અહીં તા. ૩/૭ની પ્રાતઃપૂજા પછી સ્વામીશ્રીએ મહેસાણાના મોઢેરા રોડ વિસ્તારના સંસ્કારધામની પટમૂર્તિઓમાં દૈવત પૂરી અમદાવાદના મંદિરમાં તૈયાર થયેલા અભિષેક મંડપમાં પદાર્પણ કર્યું. તે સાથે જ શ્રીજીમહારાજની અભિષેક મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠાનો આરંભ થયો.

આ અવસરના યજમાનોથી ચિક્કાર મંડપમાં સ્વામીશ્રીએ વૈદિક વિધિ મુજબ મૂર્તિમાં ચૈતન્યનો વાસ કરાવી સૌ પર આશીર્વાદ વરસાવ્યા કે –

'આજે આ મૂર્તિ પધરાવી છે તે આપણા બધા ગુના માફ કરવા માટે, આપણા દરેક સંકલ્પ પૂરા કરવા માટે છે. અમારે સાધુને પણ ભગવાન એવી દયા કરે કે અમારામાંથી પણ કામ, ક્રોધ, લોભ જે હોય એ નીકળી જાય, હરિભક્તોને પણ અહં-મમતા હોય એ બધું નીકળી જાય ને છેલ્લે ભગવાનનું સુખ પ્રાપ્ત થાય. મહારાજની દયાથી અહીંયાં જે જે આવશે, દર્શન કરશે, અભિષેક કરશે એના બધા સંકલ્પો ભગવાન પૂરા કરશે ને સર્વેને શાંતિ થશે, દરેક સુખિયા થશે.'

આ આશીર્વાદ સાથે સ્વામીશ્રીએ પ્રથમ અભિષેક કરતાં મહારાજને શંખપૂરિત કેસર જળ બાદ કેસરિયા દૂધ અને શુદ્ધ જળથી સ્નાન કરાવ્યું.

એ તો અક્ષરના રહેનાર

અમદાવાદથી તા. ૭/૭ની સવારે વિદાય લઈ બોચાસણ પધારેલા સ્વામીશ્રીનાં દર્શને તા. ૯/૭ના રોજ હ્યુસ્ટનના એક મુરબ્બી આવી ચડ્યા.

લકવાના હુમલા પછી તેઓએ મન અને શરીર પરનો કાબૂ ગુમાવી દીધેલો. તેથી તેઓએ સ્વામીશ્રીની સામે વિચિત્ર રીતે જોતાં-જોતાં જ માનસિક અસમતુલા સાથે પૂછ્યું : 'તમે ક્યાંથી આવ્યા?'

'અક્ષરધામથી.' સ્વામીશ્રી બોલ્યા. તેમાંથી *'એ તો અક્ષરના રહેનાર, આવી લીધો મનુષ્ય અવતાર...'*નો રણકો ઊઠી ગયો.

તેના પડઘા હજી ડૂબ્યા નહોતા ત્યાં તો તા. ૧૧/૭ના રોજ ગુરુ-પૂર્ણિમાનો ઉત્સવ આવી પહોંચ્યો. આ દિવસે અલ્પાહાર કરતા સ્વામીશ્રી સમક્ષ પ્રસ્થાનત્રયી પર શ્રી સ્વામિનારાયણ ભાષ્ય લખી રહેલા ભદ્રેશદાસ સ્વામીએ સારામાં સારું લેખન થાય તેવી પ્રાર્થના ઉચ્ચારી.

તે સાંભળી કો'ક બોલ્યું : 'બાપા! અત્યાર સુધી જે જે આચાર્યોએ ભાષ્યો રચ્યાં છે એ ઝાંખાં પડી જાય એવું ભાષ્ય થાય એવા આશીર્વાદ આપો.'

'આપણે કોઈને ઝાંખા નથી પાડવાના. બીજાં બધાં જ ભાષ્ય સારાં છે, પણ મહારાજનો યથાર્થ મહિમા વર્ણવાય એવાં ભાષ્ય રચાય એવી પ્રાર્થના આપણે કરવી. આ ભાષ્યમાં વિશેષતા સારી રીતે આવે એવી પ્રાર્થના કરવી.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓના જીવનમાં *'કોઈ સાથે મત્સર ન રાખે, મનમાં મિત્રતા અભિલાખે...'*ની જ ભાવનાનું વર્ચસ્વ રહેલું. તેઓ અક્ષરધામમાંથી અવતરેલા તેનો આ પણ એક સબળ પુરાવો!

આધ્યાત્મિક સમાજસેવક

તા. ૧૧/૭ની ગુરુપૂર્ણિમાના ઉત્સવમાં રાજ્યના કૃષિમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ પોતાના વક્તવ્ય દરમ્યાન નર્મદા યોજનાના કાર્યને મળેલા સ્વામીશ્રીના સહયોગને સંભારી કૃતજ્ઞતા વ્યક્ત કરી. તે પછી પ્રવચન માટે ઊભા થયેલા પૂર્વમંત્રી શ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું : 'હું પણ જ્યારે મંત્રી હતો ત્યારે નર્મદા યોજના સાથે સંકળાયેલો હતો. આજે હું અને ભૂપેન્દ્રસિંહ કે જેઓ વિરોધપક્ષની વિચારધારાવાળા છીએ, છતાં અમે બંને વ્યક્તિઓ કહીએ છીએ કે નર્મદા યોજનાની સફળતામાં સૌથી મોટું યોગદાન જો કોઈનું હોય તો તે પ્રમુખસ્વામી મહારાજનું છે.'

સ્વામીશ્રીની નિષ્પક્ષ અને નિઃસ્વાર્થ સમાજસેવાના આ સબૂતને સમૈયામાં ઉપસ્થિત ૪૫,૦૦૦ની સંખ્યાના સમુદાયે હર્ષોલ્લાસથી વધાવી લીધો.

પરંતુ આ ઉમંગ આસમાનને અડે એવી વાત બની સ્વામીશ્રીના આશીર્વાદ બાદ.

આ અરસામાં તેઓ પર આવેલા એક નનામી પત્રમાં કો'ક ભાવિકે લખી જણાવેલું :

'આજના જમાનામાં આપના જેવા સંતોનાં દર્શન થતાં નેત્રને પ્રભુ મળ્યા હોય એવો આનંદ થાય છે. આપને નમ્ર વિનંતી છે કે ગુરુપૂર્ણિમાને દિવસે પ્રત્યેક હરિભક્તને આપ એવો આદેશ આપજો કે 'તેઓ વૃક્ષો વાવે.' આપના સિવાય આ પૃથ્વીને નંદનવન કોઈ નહીં બનાવી શકે.'

સ્વામીશ્રીની વિશ્વસનીય પ્રતિભાનો પરિચય આ પત્રનો એકેએક શબ્દ આપી રહેલો. એ ટપાલના લખાણને લક્ષમાં લેતાં, લાખો વૃક્ષો વાવવા-ઉછેરવાનું અભિયાન સફળતાપૂર્વક ચલાવનારા સ્વામીશ્રીએ આજે એકત્રિત થયેલી જંગી મેદનીને અનુરોધ કર્યો કે 'વૃક્ષોની વાત પણ બહુ અગત્યની છે. જરૂર હોય ત્યાં કાપો એનો વાંધો નથી, પણ સામે એટલાં જ તમે વાવો. તો આપણું જીવન ટકશે, નહીં તો ખલાસ થઈ જશે. દર વરસે એક, બે, પાંચ વૃક્ષો વાવવાં. એનો ઉછેર થાય. આ પરોપકારનું કાર્ય કરીએ.'

આ અપીલની સાથે સ્વામીશ્રીએ સભાના અંતે વૃક્ષારોપણની પ્રેરણા આપતી જાહેરાત ઉદ્‌ઘોષક પાસે કરાવી.

સમાજનું ભલું થતું હોય તેવી કોઈ પણ વાતને સ્વીકારી અમલમાં મૂકી જાણવાની તેઓની સરળતા, અહંશૂન્યતા અને તત્પરતાના ત્રિવેણી સંગમે આજની ગુરુપૂર્ણિમા સંપન્ન થઈ. જ્યાં આવા આધ્યાત્મિક સમાજસેવક હોય ત્યાં સમાજ અને સેવા – બંને શોભી ઊઠે છે.

રાખવી સહુની બરદાશ

તા. ૧૬/૭ની સવારે અગિયારેક વાગ્યે અમદાવાદ જઈ રહેલા સંતો સાથે એક મહાનુભાવ માટે પ્રાસાદિક પુષ્પહાર મોકલવાની ઇચ્છા સ્વામીશ્રીને હતી. તેથી તેઓએ બાજુમાં ઊભેલા સ્થાનિક સંતને કહ્યું : 'પ્રસાદીનો હાર મંગાવો. મોગરાનો હોય તો સારું.'

'ઠાકોરજીને ધરાવ્યો હશે તો મંગાવી લઉં.'

'મહારાજને અને હરિકૃષ્ણ મહારાજને મોગરાના હાર ધરાવેલા છે. બેમાંથી કોઈ પણ એક હાર લઈ આવો.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને મૂર્તિની સાથે મૂર્તિનાં વાઘા, અલંકાર, શણગાર વગેરે પણ ઈદં યાદ રહેતું.

આ રીતે પ્રવૃત્તિમાં નહીં, પરંતુ પરમેશ્વરમાં મન પરોવીને વિચરતા સ્વામીશ્રી તા. ૧૯/૭ના રોજ બોચાસણથી અટલાદરા પધાર્યા.

પરંતુ અહીં તા. ૨૨/૭થી તેઓનું શરીર તાવ, શરદી અને ઉધરસના તરભેટે ફસડાઈ પડ્યું. તેમાંથી સંપૂર્ણ સ્વસ્થ થતાં લગભગ બે અઠવાડિયાં લાગ્યાં. છતાં આ સમયગાળા દરમ્યાન પણ તેઓએ પ્રતિદિન મંદિરમાં દર્શનનો ક્રમ તો અતૂટ જ રાખ્યો. ૧૦૦ ડિગ્રી ફેરનહીટ સુધી પહોંચી જતું શરીરનું તાપમાન કે આષાઢ-શ્રાવણના વરસાદની મુશળધાર હેલી પણ સ્વામીશ્રીની ભક્તિના આ લયને ખોરંભે ન ચડાવી શકી.

ઠાકોરજીનાં દર્શનની સાથે નિજનિવાસમાં સ્વામીશ્રીની સેવાધારા પણ અખંડ વહેતી રહી. માંદગીને ખદેડવા ઘણી વાર સ્વામીશ્રીના કપાળ પર ઠંડાં પાણીનાં પોતાં મૂકવાં પડતાં, લગભગ રોજ નાસ લેવાનો થતો; ક્યારેક લોહી વગેરેનાં પરીક્ષણ કરવાની, તો ક્યારેક એક્સ-રે લેવા જેવી પ્રક્રિયાઓ પણ ચાલતી. 'ખાવાની સહેજ પણ રુચિ થતી નથી, ઝીણો તાવ રહે છે' – આ સ્વામીશ્રીનું જ તેઓની તબિયત વિષેનું બયાન! વારંવાર ઉધરસ ખાવાને કારણે તેઓને પીઠ-પાંસળાં પણ દુખતાં.

આવા સંજોગોમાંય તા. ૨૪/૭ની સાંજે પત્રો વાંચી લીધા બાદ સ્વામીશ્રીએ પત્ર-પરિચારક ધર્મચરણદાસ સ્વામીને પૂછ્યું : 'લખવાના કાગળો છે?'

'આપની તબિયત સારી નથી તો પછીથી લખીશું.'

'ના, લાવો. વાંધો નહીં આવે.' સ્વામીશ્રીએ કહ્યું અને તેઓની કલમેથી સ્યાહી નહીં, પણ સ્નેહ રેલાવા લાગ્યો.

આ જ રીતે તા. ૪/૮ની રાત્રે પત્રવ્યવહાર ચલાવી રહેલા સ્વામીશ્રીને નાસ લેવાનો સમય થતાં તેઓએ છેલ્લે વાંચેલી ટપાલ પત્ર-પરિચારકને આપતાં જણાવ્યું : 'હજી આમાં લખેલી વિગત મગજમાં બેઠી નથી, એટલે ફરીથી મને પત્ર આપજો, તે પછી જવાબ લખીશું.'

એક-એક પત્રને કેવો અદલ ન્યાય આપતા હતા સ્વામીશ્રી! શિથિલ સ્વાસ્થ્યમાં પણ *'રાખવી સહુની બરદાશ, તેમાં કરવી ન કંઈ કચાશ...'*ની તેઓની જીવનશૈલી લેશ ઢીલી ન જણાતી.

જેહ સર્વનો ઉપકાર કરે

આ વર્ષનું ચોમાસું મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતને 'જે પોષતું તે મારતું'ના કુદરતી ક્રમનો પરચો પૂરતું પસાર થઈ રહેલું. આકાશમાંથી વરસતું જે જળ જીવનરૂપ ગણાયું છે, તે જ આ સમયે જીવન હણવા બેઠેલું. પરંતુ અતિવૃષ્ટિના આ સંકટને નાથવા સ્વામીશ્રીએ સંસ્થાને વધુ એક વાર રાહતકાર્ય માટે સાબદી કરી દીધી. તે માટે તેઓએ શ્રાવણ માસ નિમિત્તે ચાલી રહેલાં પારાયણોના પ્રવાહને પણ સૌની સેવામાં વાળી દીધો. તેથી કથા કરવા નીકળેલા સંતોએ હાથમાં ઝાલેલાં પોથી-પુસ્તક મૂકી કછોટા વાળ્યા અને ઝંપલાવી દીધું આ સેવાસરિતામાં. તેની સાથે નવસારી, સેલવાસ, તીથલ, સાંકરી, ભરૂચ, અટલાદરા, બોચાસણ, મહેળાવ, અમદાવાદ, આણંદ વગેરે વીસેક મંદિરોમાં ફૂડપૅકેટ્સ બનાવવા રસોડાં ધમધમવા લાગ્યાં.

પરંતુ આ વખતના જળપ્રલયે સુરતની મૂરતને તો ખરેખરી ખરડી મૂકેલી. ઉકાઈ બંધમાં જળસંચયની ક્ષમતા ખૂટી પડતાં તેના ખોલાયેલા દરવાજામાંથી પ્રતિ સેકન્ડે વછૂટવા માંડેલા લાખો ક્યુસેકના જળજથ્થાએ સુરતની શેરીઓમાં પાણીની સપાટી સાથે સૌના જીવ પણ ઊંચા કરી મૂકેલા. એક-એક કલાકમાં એક-એક બબ્બે ફૂટની ઝડપે વધી રહેલી જળમાત્રા પંદર-વીસ ફૂટની ઊંચાઈને આંબી જશે તેવું સરકારી સૂત્રોએ જાહેર કરી દેતાં પ્રજા બેબાકળી બની ગઈ.

તેની વહારે પહોંચતા સ્વામીશ્રીએ તા. ૮/૮ની સવારથી અટલાદરાના મંદિરે બાર કલાકની સળંગ ધૂન ચાલુ કરાવી. પ્રાર્થનાનું આ પગલું સ્થિર કરી તેઓએ પુરુષાર્થનું કદમ ઉઠાવતાં પોતાના ઓરડાને જાણે ડિઝાસ્ટર મૅનેજમેન્ટનો કન્ટ્રોલ રૂમ બનાવી દીધો. તેમાંથી છૂટતા આદેશને ઝીલી ૫૦ સંતો અને ૨,૧૦૦ સ્વયંસેવકો રાહતકાર્યમાં મંડી પડ્યા.

સંસ્થાના આ સેવાભાવી વૃંદે જનસેવાના યજ્ઞમાં તા. ૯/૮ના રોજ આવેલો રક્ષાબંધનનો તહેવાર પણ હોમી દીધો. તેથી પાણીને પાર કરવામાં કુશળ વીસેક ટંડેલ યુવાનો તીથલથી સુરત પહોંચ્યા, તો મોટરબૉટ લઈ સારંગપુરના સંતો અહીં આવ્યા. તેઓએ પૂરમાં ફસાયેલા કંઈકને તાર્યા. તેમાંય વૃદ્ધો, બાળકો અને સગર્ભા સ્ત્રીઓને તો આ સહાયકો દેવદૂત જેવા જ જણાયા. સંસ્થા દ્વારા જોતજોતાંમાં વહેંચાયેલાં ૩,૨૪,૧૫૫ ફૂડપૅકેટ્સ; પીવાલાયક

પાણીનાં ૪,૨૧,૩૦૦ પૅકેટ્સ; ૧૪,૬૫૦ અસરગ્રસ્તોને ગરમાગરમ ભોજન; ૧૭,૦૦૦ થેલી દૂધની સાથે પાંચ ટન દૂધના પાઉડર વગેરેની સહાય મળતાં પાણીમાં ડૂબી રહેલા અનેક લોકો તરવા લાગ્યા.

આ સમયે સુરતના બી.એ.પી.એસ. મંદિર અને પ્રમુખસ્વામી હૉસ્પિટલમાં પણ પંદરેક ફૂટ પાણી ફરી વળેલાં. છતાં આ બંને સ્થાનોએ પોતાની પરોપકારી છબીને પૂરેપૂરી સાર્થક કરી. હૉસ્પિટલમાં ૫૦૦થીયે વધુ આપત્તિગ્રસ્તોને નિઃશુલ્ક સારવાર અપાઈ, તો ૬ મોબાઇલ દવાખાનાંએ ઘેર-ઘેર પહોંચી સાતેક હજાર સંકટગ્રસ્તોને સ્વસ્થ કર્યા. હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓની સાથે તેઓનાં સ્વજનો સહિત બસો વ્યક્તિઓને જમાડવાનું આયોજન પણ મંદિર દ્વારા થયું.

આમ, બે-ચાર દિવસમાં જ ચારેકોર ફરી વળેલાં સ્વામીશ્રીની સહાયનાં પૂર વરસાદનાં પાણી ઓસર્યાં પછીયે ઊછળતાં જ રહ્યાં. નદીનાં નીર ઊતર્યાં પછી તાતી જરૂરિયાત ઊભી થઈ – સુરતને સ્વચ્છ કરવાની. તેમાં થનારો સહેજ પણ વિલંબ રોગચાળાની આફત નોતરે તેમ હોવાથી બાર જે.સી.બી. મશીનો તેમ જ વીસ ડમ્પર મશીનો સાથે સંતો-સ્વયંસેવકો રોજના ૧,૫૦૦ ખટારા લેખે કચરો ઉથામવા માંડ્યા. જ્યાંથી કાદવ-કીચડ હટે ત્યાં તરત જ જંતુનાશક દવા-પાઉડરનાં પડ છંટાતાં. તેની સમાંતર આશરે પાંચેક હજાર પરિવારોને પંદર દિવસનો ટેકો મળી રહે તેટલી સીધા-સામગ્રી પણ પહોંચાડાતી ગઈ.

આ કાર્યવાહીમાં સ્વયંસેવકો માટે સ્વામીશ્રીની એક સૂચના ખાસ રહી કે 'હરિભક્તોનાં ઘર હોય એ જ રીતે આજુબાજુ રહેનારાનાં ઘરને પણ સાફ કરવાનાં. સંકુચિત દૃષ્ટિ રાખવાની નહીં. અનાજ વગેરે જીવન-જરૂરિયાતની કીટ આપવામાં પણ વેરો-વાંતરો કરવો નહીં. નાત-જાત જોવી નહીં. અત્યારે સૌને મદદ કરવાની આપણી ફરજ છે. આપણે આપણી મહત્તા માટે આ નથી કરતા.'

આ ઉમદા ભાવના સાથે સ્વામીશ્રીએ અસ્વસ્થ તબિયતમાં પણ રેલ-રાહતનો પ્રકલ્પ કુશળતાપૂર્વક સંપન્ન કર્યો.

એવા સ્વામી છે દિલના દયાળ

રેલરાહત કાર્યની સમાંતર સ્વામીશ્રી અટલાદરામાં આશરે ૧૨૫ની

સંખ્યામાં આવેલાં પરદેશી બાલ-બાલિકા, કિશોર-કિશોરીઓને પરાવિદ્યાના પાઠ ભણાવતા રહ્યા. પાંચ દિવસ સુધી ચાલેલી આ શિબિરમાં તેઓએ દર્શન, વાતો, પ્રસાદી અને મળવું – લાભની આ ચારેય દિશાઓ ઉઘાડી દેતાં સર્વે શિબિરાર્થીઓ તાજગીથી તરબતર થઈ ગયા.

આ જ અનુભવ તા. ૧૬/૮ના રોજ જન્માષ્ટમીની ઉત્સવ-સભામાં કરાવી સ્વામીશ્રી તા. ૧૭/૮ની સાંજે અમદાવાદથી હવાઈમાર્ગે બૅંગ્લોર આવી પહોંચ્યા.

અહીં તેઓ સૌનું સ્વાગત ઝીલી મંદિરમાં દર્શન કર્યા બાદ ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે રાત્રિના પોણા અગિયાર વાગી ચૂકેલા. તે વખતે સ્થાનિક વ્યવસ્થાપક સરલજીવનદાસ સ્વામી સામે બેસી સત્સંગપ્રવૃત્તિનો અહેવાલ આપવા માંડ્યા. પરંતુ પ્રથમ દિવસે જ તેઓની આ વર્તણૂક સ્વામીશ્રીને ઠીક ન લાગી. તેથી તેઓએ ભોજન બાદ ઓરડામાં જતાં પૂર્વે ટકોર કરી કે 'તમેય મારી જેમ આવીને બેસી ગયા પણ અમારી સાથે આવેલા કયા હરિભક્તને ક્યાં ઉતારવાના છે, ક્યાં જમાડવાના છે, ક્યાં સુવડાવવાના છે એ બધી વ્યવસ્થા કરો. તમારે દર્શન કરવાં હશે તો નિરાંતે એક-બે નહીં, પણ ત્રણ કલાક સુધી સામે બેસાડીશ, પણ અત્યારે જાઓ અને સરભરા કરો.'

જીવન આખું સત્સંગીઓની સંભાળ લેવામાં વિતાવનારા સ્વામીશ્રી સંતોને આ જ માર્ગે દોરતા. તેમાં દેખાતી શિથિલતાને તેઓ જાણપણું આપી દૂર કરતા. અલબત્ત, આમ કરતી વખતે તેઓની રીત સાધુતાસભર રહેતી.

તેથી જ તા. ૧૮/૮ની રાત્રે આરામમાં જતાં પૂર્વે સ્વામીશ્રીએ પેલા વ્યવસ્થાપક સંતને જોઈ કહ્યું : 'કાલે મેં તમને વાત કરી એ બદલ માફ કરજો, પણ મૂળ તમારે પહેલા દિવસે આવી રીતે બેસી ન જવાય, માટે ધ્યાન રાખવું. બધી વ્યવસ્થા આપણે કરવાની હોય. દોડાદોડી આપણે કરવાની હોય. એ વ્યવસ્થામાં કદાચ લાભ ન મળે તો ચિંતા ન કરવી. બધું ગોઠવાઈ જાય પછી જોઈએ એટલો લાભ લેવાય ને! એટલે એ ધ્યાન રાખવું.'

ઠેસ ન પહોંચે તે રીતે કહ્યું હોય છતાં તેનો રંજ સ્વામીશ્રીને રહી જતો. તે તેઓ દિલગીરી વ્યક્ત કરે ત્યારે જ દૂર થતો. તેઓની આ પ્રકૃતિ *'એવા સ્વામી છે દિલના દયાળ, નિજ દાસ તણા પ્રતિપાળ...'* તરીકે તેઓનો પરિચય આપી જતી.

જેને જોતાં જ ઈશ્વર ભાસે

તા. ૧૯/૮ની સવારે સ્વામીશ્રીની મુલાકાતે આવેલા પ્રસિદ્ધ સંત પૂજ્ય શ્રી બાલગંગાધરનાથજી ૩૦૦ જેટલાં વિદ્યાસંકુલોના સંચાલકની સાથે રોજ દસ-પંદર હજાર અભ્યાગતોને જમાડનારા. શિક્ષણ અને સદાવ્રતની આ પ્રવૃત્તિને કારણે રાજ્યમાં તેઓનો પ્રભાવ ઘણો; પરંતુ તેઓને સ્વામીશ્રીની ચાર બાબતો પ્રભાવિત કરી ગયેલી.

તે જણાવતાં તેઓએ આજે કહ્યું: 'જગતમાં આપ એક જ એવું ઉદાહરણ છો કે જેઓએ આટલાં બધાં મંદિરો બાંધ્યાં હોય અને આવા સંતો કર્યા હોય...! ઋષિમુનિઓએ ગ્રંથો દ્વારા જે આપ્યું તેને આપે સાકાર કર્યું છે... આપ ગામડે-ગામડે જઈને સામાન્યમાં સામાન્ય માણસોને પણ મળો છો. જનસંપર્કના આપના કાર્યથી મને બહુ જ પ્રભાવ પડ્યો છે... ભગવાનના અવતાર હોય એ જ આવું કાર્ય કરી શકે! સૌને માતૃપ્રેમ આપીને આટલા બધા માણસોને ખેંચવા એ બહુ જ મોટી વાત છે.'

એલચી અને લવિંગનો હાર તથા દક્ષિણી શૈલીની શાલ વડે સ્વામીશ્રીને સન્માનતાં સન્માનતાં શ્રી બાલગંગાધરનાથજીએ ઘણું કહી દીધું.

પરંતુ તેના પ્રતિભાવમાં સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાન છે એટલે એ કામ કરે છે. ગમે એવા હોય, પણ બધા માણસ જ છે ને! એ બધાને પણ સુખી કરવા છે. એને ભગવાનનો સંબંધ થાય. એ બધાને મળીએ તો એમને પણ પ્રેરણા મળે.'

સ્વામીશ્રીના આ શબ્દોમાં ભગવાનના કર્તૃત્વનું જ્ઞાન હતું, મનુષ્ય-માત્રના ગૌરવનું ગાન હતું, તેના ઉત્કર્ષનું ભાન હતું.

આ ત્રિવેણીથી વિશેષ અભિભૂત થતાં શ્રી બાલગંગાધરનાથજીએ જણાવ્યું: 'આપના જેવા સત્પુરુષનાં દર્શન થવાં એ સહેલું નથી. આપનાં દર્શન કરું છું ત્યારે સાક્ષાત્ ભગવાનનાં દર્શન થતાં હોય એવું અનુભવું છું.'

સ્વામીશ્રીનું વ્યક્તિત્વ *'જેને જોતાં જ ઈશ્વર ભાસે...'* જેવું હતું. છતાં નમ્રભાવે વર્તનારા તેઓએ આ આગંતુક મહાત્માનું શાલ અને સ્મૃતિભેટથી સ્વાગત કરી હરિભક્ત પાસે યથોચિત દક્ષિણા પણ મુકાવી.

આ સૌજન્યને સ્વીકારી શ્રી બાલગંગાધરનાથજીએ વિદાય લીધી અને સ્વામીશ્રી અત્રે નિર્માણાધીન છાત્રાલયના ગર્તમાં પુષ્પો પધરાવવા

પહોંચ્યા. મંદિરના સંકુલની ડાબી તરફ આવેલી આ જગ્યાને પ્રસાદીભૂત કરી તેઓએ તા. ૨૦/૮ની સવારે બૅંગ્લોરથી આશરે ચાલીસેક કિ.મી. દૂર વસેલી બિલેનકોટની ચાલીસ એકર ભૂમિ પર પદાર્પણ કર્યું.

સ્થાનિક સત્સંગના વિકાસને સમાવવાના હેતુસર સંપાદિત થયેલી આ જમીનમાં જ્યાં બોર હતો ત્યાં સ્વામીશ્રી ઊતર્યા અને ગાડીના બૉનેટ પર જ નકશો પાથરી જગ્યાની વિગતો સમજ્યા. તે પછી તેઓએ પુષ્પવૃષ્ટિ અને ધૂન દ્વારા ભવિષ્યનાં કાર્યો સફળ થાય તે માટે પ્રાર્થના કરી. અંતે આ ભૂમિના રખેવાળની ઓરડીમાં પણ ઠાકોરજી પધરાવી બૅંગ્લોર પરત ફર્યા.

અહીં આજની સાંજે સ્થાનિક સત્સંગીઓએ પંદરેક સુવર્ણતુલાઓ દ્વારા હરિકૃષ્ણ મહારાજને તોળતાં આ ઉદ્યાન નગરીમાં ભક્તિની વસંત મહોરી ઊઠી.

કથામૃત પ્રાપ્તિ તે, દિલ લાગી સુખદેણ

તા. ૨૨/૮ની સવારે મંદિરના મહેમાન બનેલા પેજાવર મઠના મહંત પૂજ્ય વિશ્વેશતીર્થજી મહારાજનું સ્વામીશ્રીએ આસન પરથી ઊભા થઈ શાલ તથા હાર વડે સન્માન કર્યું. આ આદર સ્વીકારી વાર્તાલાપનો આરંભ કરતાં જ વિશ્વેશતીર્થજીના મુખેથી પ્રથમ ઉદ્‌ગાર નીકળ્યો : 'હજી અક્ષરધામનો અનુભવ ભુલાતો નથી!'

આમ, પોતાનાં જીવન અને કાર્યથી સૌનાં હૃદયમાં અમીટ પ્રભાવ છોડતા સ્વામીશ્રી પૂર્વનિર્ધારિત કાર્યક્રમ અનુસાર તા. ૨૩/૮ની સાંજે બૅંગ્લોરથી ચેન્નાઈ પધારવાના હતા, પરંતુ આકસ્મિક ફેરફારને કારણે તેઓ આ દિવસની બપોરે સવા બાર વાગ્યે આવી પહોંચ્યા. તેઓના આ વહેલા આગમનને સ્થાનિક સત્સંગીઓએ ઉમંગભેર વધાવ્યું.

આ ઉમળકો ઝીલી સ્વામીશ્રી મંદિરસંકુલના ત્રીજા માળે આવેલા નિજનિવાસમાં પધાર્યા ત્યારે ઠાકોરજી થાળ આરોગી રહેલા. તેથી તેઓ પોતાનું ભોજન ઠેલી સંતો સાથે વાતે વળગ્યા.

આ તકનો લાભ લેતાં સ્થાનિક સંતોએ કહ્યું : 'બાપા! પહેલાં આપ આજની સાંજે પધારવાના હતા એટલે અત્રે કોઈ વિશેષ સભા રાખી નહોતી. પરંતુ હવે આપ બપોરે આવી ગયા છો, તો સાંજે મંદિરના હૉલમાં જ સત્સંગીઓની સભા ગોઠવી દઈશું. તેમાં આપ નહીં આવો તો ચાલશે.'

પ્રવાસ ખેડીને આવેલા ૮૫ વર્ષીય સ્વામીશ્રીને તસ્દી ન પડે તેવી

ખેવના સાથે મુકાયેલો આ પ્રસ્તાવ સાંભળતાં જ સ્વામીશ્રી સહેજ અકળાઈને બોલ્યા: 'આવી વાત તમારે મને કરવાની નહીં. અહીં સંતાડી રાખવા ઓછા લાવ્યા છો? તમારે તો એમ જ કહેવું કે 'આપ પધારો.'

'સૉરી!'

'એક વાર નહીં, દસ વાર સૉરી કહો.' હસતાં હસતાં સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓના આ આદેશનું અક્ષરશઃ પાલન કરતાં પેલા સંતે દસ વાર સૉરી કહી ક્ષમા માંગી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'ભણેલા-ગણેલા ભૂલ કરે એટલે એણે દસ વાર સૉરી બોલવું જોઈએ.'

કથામાં મુકાતો કાપ સ્વામીશ્રીને હંમેશાં કઠતો. કથાપ્રસંગમાં મોડા પહોંચાય તોય તેઓનો જીવ કકળી ઊઠતો. થોડા સમય પૂર્વે જ અટલાદરા મુકામે રક્ષાબંધનની સભામાં સમયસર પહોંચવા તૈયાર થઈ ગયેલા સ્વામીશ્રીને કેટલાક અનિવાર્ય મુલાકાતીઓ આવી જતાં દસેક મિનિટ મોડું થયેલું. તેથી તેઓ મંદિરેથી સભામંડપમાં જતી વખતે ગાડીમાં બેઠાં બેઠાં ખરખરો કરવા માંડેલા કે 'સભામાં વહેલા જઈએ તો કથા સંભળાય. અડધો કલાક કથા સંભળાય તો સારું રહે, પણ એક પછી એક મળનારા ચાલુ જ રહે છે! સભામાં થોડાક વહેલા પહોંચાય તો સારું!'

૮૫મા વર્ષે પણ આ મુમુક્ષુતા સાથે વિચરતા સ્વામીશ્રીની કથાશ્રવણની આસક્તિને પ્રવૃત્તિ કે પ્રસિદ્ધિમાંથી કોઈ અવરોધી શક્યું નહોતું.

દક્ષિણમાં દયાનો દરિયો

અક્ષરધામના સર્જક તરીકે સ્વામીશ્રીની ખ્યાતિને લક્ષમાં લઈ ચેન્નાઈના નિવાસ દરમ્યાન તેઓ માટે સલામતીનો ચુસ્ત બંદોબસ્ત સરકાર દ્વારા ગોઠવાયેલો. જો કે આ સુરક્ષા કવચ સ્વયં સ્વામીશ્રીને જ ઠીક નહોતું જણાતું. મોકળે મને માનવીઓને મળવું એ તો તેઓનું જીવન હતું. તેથી તેઓએ જ સુરક્ષાની સઘન વ્યવસ્થાને હળવી કરાવેલી.

તે સાથે વિચરતા તેઓએ તા. ૨૪/૮ની સાંજે ચેટપેટ વિસ્તારમાં આવેલા અરિજ્ઞર અન્ના અરંગમ્ હૉલને પોતાના સાંનિધ્યથી ધન્ય કર્યો.

પરંતુ આથીયે અધિક ધન્યતા તા. ૨૫/૮ની સવારે પટ્ટીપુલમ્કુપમ્ અને મહાબલિપુરમ્કુપમ્ નામનાં બે ગામો અનુભવી રહ્યાં. ત્સુનામીની થપાટો

વડે ધ્વસ્ત થયેલાં આ બંને ગામો અત્યારે સ્વામીશ્રીના પરોપકારના પાયા પર પુનઃ ખડાં થઈ અનુક્રમે સ્વામિનારાયણ નગર અને પ્રમુખસ્વામી નગર તરીકે તામિલનાડુના નકશા પર ઊભરેલાં. ફક્ત તેર જ મહિનાના ટૂંકા સમયગાળામાં સંસ્થા દ્વારા થયેલી આ ગામોની કાયાપલટ બાદ હવે અહીંનાં રહેઠાણ અને રહેવાસી – બંને તફાવતનો અનુભવ કરી રહેલાં.

તેનું કારણ એટલું જ કે વરુણના તાંડવથી ભોંયભેગાં થયેલાં કાચાં ઘર નાળિયેરીનાં પાંદડાં અને દોરડાથી બનેલાં, જ્યારે સ્વામીશ્રીની કરુણાના કોંક્રીટ વડે ૩૦૦ ચો.ફૂ.ના વિસ્તારમાં ઊભાં થયેલાં એક-એક પાકાં મકાન દીવાનખંડ, શયનખંડ, રસોડું અને વરંડાથી સુવિધાસંપન્ન હતાં. પરંતુ સ્વામીશ્રી વરસતા ત્યારે કશું શેષ ન છોડતા. તેથી તેઓએ ૧૪૫ ઘર ધરાવતા સ્વામિનારાયણ નગર અને ૧૦૦ મકાન ધરાવતા પ્રમુખસ્વામી નગરમાં ખાલી ખોખાં ખડાં કર્યાં નહોતાં. મકાનોની સાથે સ્વામીશ્રીએ પંખા, ટ્યૂબલાઇટ, ખાટલા, ગાદલાં, ટાંકી, વાસણ વગેરે ઘરવખરીથી પણ આ ઘરોને ભરી આપેલાં. તેથી જ આ ગામવાસીઓની હથેળી સાથે હૈયાં પણ ભરાઈ આવેલાં. તેનો અંદાજ આજે તેઓએ સ્વામીશ્રીને આવકારવા શેરીએ શેરીએ લટકાવેલાં રંગબેરંગી તોરણો પરથી આવતો હતો. આ ફરફરતી પતાકાઓ ગ્રામજનોનાં હરખને જ દર્શાવી રહેલી.

સૌના આ ઉત્સાહને પ્રતિસાદ આપવા ચેન્નાઈથી નીકળેલા સ્વામીશ્રી રસ્તામાં કૃષ્ણન્ કારનૈ ગામે સંસ્થા-સંપાદિત ૩૭ એકરની ભૂમિ પર પધાર્યા. અત્રે તેઓએ ઊબડ-ખાબડ જમીન હોવા છતાં ઠેકઠેકાણે જઈ નિરીક્ષણ કર્યું. તે પછી આગળ વધેલા તેઓ નવનિર્મિત પ્રમુખસ્વામી નગરમાં અમીદૃષ્ટિ વેરી સ્વામિનારાયણ નગરના પાદરે પધાર્યા ત્યારે જયજયકારનો માહોલ પ્રવર્તી ગયો.

પરંતુ આ સત્કાર ઝીલવા સ્વામીશ્રી ઉતાવળા ન થયા. તેઓ નવી વસાહતના નાકે એક આછા છાંયાવાળા વૃક્ષ તળે ગાડી ઊભી રખાવી રાજ્યપાલ શ્રી સુરજિતસિંગ બરનાલાની પ્રતીક્ષા કરવા લાગ્યા. સંકટ સમયે કોઈનીયે રાહ જોયા વિના મદદ માટે દોડી જનારા સ્વામીશ્રી સન્માનના અવસરે સૌને સહભાગી બનાવતા !

તે મુજબ સ્વામીશ્રીએ દસેક મિનિટ વાટ જોવામાં વિતાવી ત્યાં જ અગિયાર વાગ્યે રાજ્યપાલ આવી પહોંચ્યા. તેઓને સાથે લઈ સ્વામીશ્રી એક ગ્રામવાસી માછીમાર શ્રી લક્ષ્મણમ્‌ના નવા ઘર આગળ આવ્યા. તેના આંગણે

નાડાછડી છોડી ગામનો લોકાર્પણવિધિ કરવા સ્વામીશ્રી અને રાજ્યપાલની સાથે કાંચીપુરમ્‌ના કલેક્ટર પણ સામેલ થયા. આ મહાનુભાવોની ઉપસ્થિતિમાં વેદોક્ત વિધિપૂર્વક સ્વામીશ્રીએ ગામનાં દ્વાર પ્રજાજનો માટે ખુલ્લાં મૂક્યાં ત્યારે આ ક્ષણને ગ્રામજનોએ તવીલના તાલ અને નાદસ્વરમ્‌ના સૂરોથી ગુંજાવી દીધી. તેની વચ્ચે અહીંથી દસેક કિ.મી. દૂર તૈયાર થયેલા પ્રમુખસ્વામી નગરનો પ્રતીકાત્મક લોકાર્પણવિધિ પણ અત્રે જ સંપન્ન થયો.

તેને અનુસરતાં સ્વામીશ્રી અને મહેમાનો ઘરમાં પ્રવેશ્યા ત્યારે મકાનોની સુઘડ અને સુદૃઢ બાંધણી જોઈ તમામ અતિથિઓ સ્વામીશ્રીની પ્રશંસા કરવા લાગ્યા. અલબત્ત, આ યશકળશ સ્વામીશ્રી તો ઠાકોરજીના શિરે જ ઢોળતા રહ્યા. આ રીતે એક ઘરમાં પગલાં કરી તેઓ અને મહાનુભાવો ગામની બહાર ખુલ્લા મેદાનમાં બાંધેલા સભામંડપ તરફ જવા નીકળ્યા ત્યારે રસ્તાની બંને બાજુએ હરોળબંધ ઊભેલા ગ્રામજનો પુનર્વસન સાથે પુનર્જીવન આપનારા સ્વામીશ્રીને વધાવતાં ચાલ્યા.

ઉદ્‌ઘાટન સભામાં પણ આસપાસનાં ગામોની મેદની ઊમટી પડતાં ૨,૦૦૦થી વધુનો સમુદાય એકત્રિત થઈ ચૂકેલો. તેમાં સ્થાનિક ધારાસભ્ય તથા અધિકારીઓની પણ હાજરી હતી. તેઓ સમક્ષ કલેક્ટર શ્રી પ્રદીપ યાદવે તામિલ ભાષામાં લોકાર્પણની જાહેરાત કરી. તેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી. ત્યારબાદ રાજ્યપાલે સ્વામીશ્રી તથા સંસ્થાની સરાહના કરતાં જણાવ્યું: 'સાદગી અને શાણપણના ધારક પ્રમુખસ્વામી મહારાજ હિંદુ ધર્મના સારતત્ત્વનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. આ સંસ્થાના સ્વયંસેવકો દુર્ઘટનાની વીસમી જ મિનિટે રાહતકાર્યમાં જોડાઈ ગયેલા તે જાણી મને ખૂબ આનંદ થયો છે.'

સ્વામીશ્રીએ પણ અમૃતધારા વહાવી કે 'બીજાના દુઃખમાં ભાગીદાર થવું એ આપણી સંસ્કૃતિ છે. બીજાને આપવું એ આપણા હિંદુ ધર્મના સંસ્કારો છે. ભગવાનની કૃપા અને સૌના સહકારથી આ સુંદર કાર્ય થયું છે. ભગવાનને પ્રાર્થના કરીએ કે આવું દુઃખ ફરી કોઈને આવે નહીં.'

આ અમીવાદળી વરસાવી વિદાય થયેલા સ્વામીશ્રી માર્ગે આવતાં રેડીપરકુપમ્‌માં શ્રી રમેશભાઈ પટેલના ફાર્મ હાઉસમાં બપોરનાં ભોજન-વિશ્રામ લઈ સાંજે ચેન્નાઈ પરત ફર્યા.

આપણાથી તો પાપડ પણ ભાંગે એમ નથી

તા. ૨૭/૮ની સવારે ચેન્નાઈના વિખ્યાત શંકર નેત્રાલયમ્‌ના નિર્માણાધીન સંશોધન કેન્દ્રની ઈંટોનું પૂજન કર્યા બાદ સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૨૯/૮ની સવારે કૃષ્ણન્ કારનૈ અને વિલિનૂર ગામોનાં સંસ્કારધામની મૂર્તિઓમાં પ્રાણ પુરાયા. આ પ્રસંગે તે તે ગામોના તામિલ ભક્તો પણ આવ્યા હતા. તેઓને વ્યક્તિગત મળી સ્વામીશ્રીએ સામૂહિક સત્સંગ માટે પુષ્ટિ આપી.

તેને અનુસરતાં આજની સાંજે સ્થાનિક સત્સંગીઓએ ઠાકોરજીની તુલસીતુલાનો લાભ લીધો.

એ જ રીતે તા. ૩૧/૮ની સાયંસભામાં ચેન્નાઈનાં વિવિધ ગુજરાતી સંગઠનોએ સ્વામીશ્રીને સન્માનપત્ર એનાયત કરી બિરદાવ્યા. તેઓની સાથે હમણાં જ ઉદ્‌ઘાટિત થયેલાં સ્વામિનારાયણ નગર અને પ્રમુખસ્વામી નગરથી આવેલા ખેડૂત તેમ જ માછીમાર વર્ગના પ્રતિનિધિઓએ પણ છીપલાંનો હાર, નટરાજની મૂર્તિ અને નકશીદાર હોડી સ્વામીશ્રીને અર્પણ કરી કૃતજ્ઞતા પ્રદર્શિત કરી.

આમ, દક્ષિણમાં દિવ્યતાની લહેર પ્રસરાવી સ્વામીશ્રી તા. ૧/૯ની રાત્રે દિલ્હી આવી પહોંચ્યા ત્યારે અહીં માત્ર નવ જ મહિનામાં ૪૨ લાખથી વધુ મનુષ્યોને આકર્ષી ભારતનાં દર્શનીય સ્થળોમાં અગ્ર ક્રમાંકે આવી ગયેલું અક્ષરધામ હર્ષપુલકિત થઈ ઊઠ્યું. તેણે પાથરેલાં કામણની કથા રોજેરોજ સ્વામીશ્રીનાં ભોજન અને ભ્રમણ દરમ્યાન કહેવાતી ચાલી. તેની સાથે શરૂ થયેલા મહાનુભાવોના આવાગમનમાં પૂર્વ વડાપ્રધાન શ્રી દેવ ગૌડા, પૂર્વ ઉપવડાપ્રધાન શ્રી એલ. કે. અડવાણી, ઉપરાષ્ટ્રપતિ શ્રી શેખાવત સહિત અક્ષરધામથી પ્રભાવિત ૪૦૦ મહાનુભાવો સ્વામીશ્રીને મળવા ફક્ત ૪૮ કલાકના સમયગાળામાં જ આવી પહોંચ્યા!

આવી વ્યસ્તતા વચ્ચે સ્વામીશ્રી તા. ૩/૯ની બપોરે એક બેઠક બાદ બાથરૂમ તરફ જઈ રહેલા ત્યારે અક્ષરધામના સંદર્ભમાં ધર્મવત્સલદાસ સ્વામીએ કહ્યું : 'સ્વામી! આપનું આ અંગત કામ છે એટલે તેમાં આપે પ્રવેશ તો કરવો જ પડશે.'

આ સાંભળતાં જ થંભી ગયેલા સ્વામીશ્રી થોડાક પાછા વળી ચપટી વગાડતાં બોલ્યા : 'આપણું ક્યાં કંઈ છે? ભગવાનનું અંગત કામ છે. આપણું

કહેવાતું હશે ? આપણાથી તો પાપડ પણ ભાંગે એમ નથી.'

આટલું કહી આગળ વધેલા સ્વામીશ્રીના પગલે-પગલે *'તે છે શ્રીજીના દાસાનુદાસ...'*ની છાપ ઊપસતી રહી.

નિર્માણનાં નિમંત્રણોની સળંગ શૃંખલા

તા. ૪/૯ની સાંજે અક્ષરધામમાં હિલોળતા નારાયણ સરોવરમાં સ્વામીશ્રીએ ઊજવેલા જળઝીલણી એકાદશીના ઉત્સવનો ઉલ્લાસ હજી ઊછળતો હતો ત્યાં જ તા. ૫/૯ની સાંજે હરિયાણાના મુખ્યમંત્રી શ્રી ભૂપિન્દરસિંહ હુડા આવી પહોંચ્યા. પોતાના અગ્રણી સચિવો અને મંત્રીઓ સાથે આવેલા તેઓએ સ્વામીશ્રીને કુરુક્ષેત્રમાં અક્ષરધામ બનાવવાનું આમંત્રણ આપતાં કહ્યું : 'हम आप चाहो इतनी भूमि दे देंगे।'

આ જ રીતે અહીં આવેલા હિમાચલ પ્રદેશના ગવર્નર શ્રી કોકજેએ પણ સ્વામીશ્રીને જણાવ્યું કે 'मैं शासन की तरफ से निमंत्रण देने के लिए आया हूँ कि हिमाचल में भी अक्षरधाम बनाओ।'

આ જ લયમાં રામાનુજ સંપ્રદાયના આચાર્ય પૂજ્ય ચિન્ના જિયર સ્વામી સ્વામીશ્રીને મળ્યા ત્યારે બોલ્યા : 'जैसे आपने यहाँ यमुना के तट पर अक्षरधाम बनाया, वैसे गंगा के तट पर भी कीजिए।'

સૌની આવી વિનંતીઓમાંથી સ્વામીશ્રીના કાર્યનો મહિમા ગુંજતો રહેતો, પરંતુ તેઓ તો પ્રતિભાવમાં એક જ વાત કરતા કે 'भगवान की कृपा होगी तो हो जायेगा। जो कुछ होता है, भगवान की प्रेरणा से होता है।'

આ વિચાર સાથે વિચરતા સ્વામીશ્રીએ તા. ૭/૯ની રાત્રે ૧૧:૩૫ વાગ્યાથી ૧:૧૦ વાગ્યા સુધી ચંદ્રગ્રહણનો સમૈયો કરી તા. ૧૦/૯ના રોજ શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિપર્વ પણ ધામધૂમપૂર્વક ઊજવ્યું. તેનો આસ્વાદ ચાખીને ૧૭૫ સંતોનો સંઘ ચાર ધામની યાત્રાએ સંચર્યો.

રાષ્ટ્રપતિ સ્વામીશ્રીના વિચાર ઝંખે છે

અક્ષરધામમાં સ્વામીશ્રીના સહવાસનું સદ્ભાગ્ય માણવા તા. ૧૧/૯ની સાંજે રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામ આવી પહોંચ્યા. તેઓ ગજેન્દ્ર પીઠિકા, સંગીતમય ફુવારો, આઇ-મેક્સ ફિલ્મ વગેરેનું દર્શન કરીને રાત્રે ૯:૨૫ વાગ્યે સ્વામીશ્રીને મળ્યા ત્યારે ખૂબ ભાવવિભોર હતા. એ જ સ્થિતિમાં તેઓએ

કહ્યું: 'હું માનું છું કે જે કોઈ અક્ષરધામ જોશે તો એની કેવળ પોતાના જીવન પર જ નહીં, પણ સમગ્ર વિશ્વના માનવજીવન પર અસર પડશે. વિશ્વમાં શાંતિ લાવવા માટે અક્ષરધામ બહુ મોટો ભાગ ભજવશે. હું આ રમણીય પવિત્ર સ્થાનમાં બીજી વાર આવ્યો છું. મને અહીં બહુ શાંતિ થાય છે. નવું શીખવા મળે છે.'

આ અનુભવ જણાવી શ્રી કલામે અક્ષરધામમાં આવવાથી લોકોના જીવનમાં આવેલાં પરિવર્તનોનું એક પુસ્તક રચવાનું સૂચન ધર્યું. તેને વધાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આપનો આ સારો વિચાર અમે અમલમાં મૂકીશું.'

આ સમયે શ્રી કલામે અન્ય એક મનોરથ પણ સ્વામીશ્રી સમક્ષ પ્રગટ કર્યો કે 'મારા મનમાં વિચાર આવે છે કે આપણે બંને ભેગા થઈને લોકોના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ આવે એવું કંઈક માર્ગદર્શન આપીએ. હું ત્રણ પાનાંનું એક લખાણ તૈયાર કરું છું. એમાં આપ પણ આપના વિચારો ઉમેરો ને આપણે બંને નીચે સહી કરીએ. આપ મહાપ્રમુખજી! જ્યાં હશો ત્યાં હું આપની સહી લેવા આવીશ.'

રાષ્ટ્રપતિની આ વાતના પ્રતિભાવરૂપે સ્વામીશ્રી તેઓને ઠાકોરજીનો મહિમા સમજાવતાં બોલ્યા: 'આ હરિકૃષ્ણ મહારાજ સમક્ષ આપના વિચારો રજૂ કરીએ, તો એ સિદ્ધ કરશે.'

વળી, તેઓએ આગળ વધેલા વાર્તાલાપમાં ઉમેર્યું: 'કોઈ પોતાને બ્રહ્મરૂપ માને, ભગવાનનો દાસ, સેવક માને તો કોઈ ઉપાધિ ન થાય ને શાંતિ, શાંતિ, શાંતિ થઈ જાય. આ સિદ્ધ થાય તો 'આપ મુસલમાન છો, હું હિંદુ છું... આપ રાષ્ટ્રપતિ છો, હું સાધુ છું...' એ ભાવના જ છૂટી જાય છે.'

સ્વામીશ્રીના આ વિચારોથી મુગ્ધ બનેલા રાષ્ટ્રપતિએ જણાવ્યું: 'આપણે જે પ્રેરણાપત્ર લખીશું એમાં તમારું આ વાક્ય આવવું જોઈએ કે 'તમે સાધુ નથી, હું રાષ્ટ્રપતિ નથી.' આપણે બધા એક જ છીએ.'

આમ, આશરે પચીસ મિનિટ સુધી આ ઉષ્માસભર મિલન ચાલી રહ્યું.

તેની એક અનન્ય ફળશ્રુતિ વર્ણવતાં શ્રી કલામે નોંધ્યું છે:

'પ્રમુખસ્વામીજી સાથે હું મારી વિષમ પરિસ્થિતિ અંગે વિમર્શ કરવા માંગતો હતો, પણ હું મારા વિષયનો ઉલ્લેખ કરું તે પહેલાં જ સ્વામીજીની ઉપસ્થિતિમાં મારા તમામ પ્રશ્નોના ઉત્તર મળી ગયા. મારા મનની બધી જ દ્વિધાઓ ઓગળી જતાં મને ખૂબ જ સુવાણ થઈ રહી. મેં સ્વામીજીનો આભાર

માન્યો.'[33]

આટલું કહી શ્રી કલામે 'जीवेम शरदः शतम्। पश्येम शरदः शतम्।' બોલી સ્વામીશ્રીને શતાયુ માટે શુભકામના પાઠવી.

नभ से भी ऊँचा अक्षरधाम

તા. ૧૨/૯ની સવારે સ્વામીશ્રીને મળેલા ૯૦ મુલાકાતીઓમાં, કરોડોની મિલકત ધરાવતા ઉદ્યોગપતિ શ્રી બાલકૃષ્ણ શર્મા પણ હતા. તેઓને પોતાના પુત્રના આકસ્મિક અવસાનને પગલે હતાશાનો શિકાર બની ચૂકેલા પૌત્રની ચિંતા સતાવતી હતી. ડૉક્ટર થયેલા તે પૌત્રને આશીર્વાદ આપવા શ્રી શર્માએ સ્વામીશ્રીને વિનંતી કરી ત્યારે સ્વામીશ્રીએ એ યુવકને હતાશાને હાંકી કાઢવાનો અકસીર ઉપાય સૂચવ્યો : 'भगवान को प्रार्थना करो और सबके भले का विचार करोगे तो आपका डीप्रेशन આપોઆપ दूर हो जायेगा।' આમ કહી તે ડૉક્ટર યુવાનને તેઓએ રોજ 'સ્વામિનારાયણ' નામની પાંચ માળા ફેરવવાની ચરી પણ ચીંધી.

સ્વામીશ્રીની આ કૃપાથી ગદ્‌ગદ થયેલા શ્રી બાલકૃષ્ણજી તો 'अक्षरधाम देख के मेरे मन में कुछ पंक्ति स्फुरी है...' કહેતાં બોલવા માંડ્યા :

'मुझको ऐसा लगा यहाँ पर, सचमुच रहता राम है;
कभी किसी ने पूछा होगा, यह नभ कितना ऊँचा होगा;
इस नभ से भी ऊँचा मैंने, देखा अक्षरधाम है...'

તેઓની આ ભાવોર્મિ નોંધી લેવા સ્વામીશ્રીએ સંતોને જણાવતાં વધુ એક મોતી અક્ષરધામના કીર્તિકિરીટમાં જડાઈ ગયું.

આવા આભથીયે ઊંચા અક્ષરધામનાં દર્શન માટે આજની રાત્રે પૂર્વ વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઈ આવી પહોંચ્યા. અહીં સંગીતમય ફુવારો, આઇ-મેક્સ ફિલ્મ વગેરે નિહાળ્યા બાદ તેઓના હોઠેથી શબ્દો સરી પડ્યા : 'आप लोगों ने चमत्कार कर दिया!'

સર્જન બાદ સર્જક સ્વામીશ્રીને મળતાં પણ આ શબ્દસમ્રાટ માત્ર એટલું જ બોલી શક્યા : 'यह अक्षरधाम वर्णनातीत लगा!'

આ અભિપ્રાય સાંભળનારા સૌને 'नभ से भी ऊँचा अक्षरधाम'ની

---

૩૩. *Transcendence: My Spiritiual Experiences with Pramukh Swamiji,* A.P.J. Abdul Kalam, Harper Element, 2015, pg. - 36, 37.

કલ્પના વાસ્તવિક જણાઈ.

મૅનેજમેન્ટનાં બ્રહ્મસૂત્રો

તા. ૧૪/૯ની રાત્રે દિલ્હીથી મુંબઈ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં રોજેરોજ નૂતન કાર્યક્રમોની હારમાળા ગૂંથાવા માંડી. પ્રાતઃપૂજાથી આરંભાતો આ ક્રમ સ્વામીશ્રીના શયન સુધી અખંડ રહેતો.

તે મુજબ તા. ૧૬/૯ની સવારે અલ્પાહાર દરમ્યાન યોજાયેલી ગોષ્ઠીની પૂર્વભૂમિકા બાંધતાં પાર્લાના કાર્યકર શ્રી કમલેશભાઈ પટેલ બોલ્યા કે 'બાપા! આપે અમારા સૌના માટે આપના દેહના ચૂરેચૂરા કરી દીધા છે...'

'હજી ચૂરેચૂરા ક્યાં થયા છે? આગળ શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજે જે રીતે ચૂરેચૂરા કર્યા છે એની આગળ આપણે તો ક્યાં કંઈ કર્યું છે?' સ્વામીશ્રીએ જણાવ્યું.

તે દ્વારા વધુ એક વાર પોતાના પર ગુરુઓની સરસાઈ સ્થાપનારા તેઓની કલમેથી તા. ૧૭/૯ના રોજ શાણપણની સરવાણી ફૂટી નીકળી. આ દિવસે અમેરિકામાં કાર્યરત નેશનલ મૅનેજમેન્ટના તમામ સદસ્યોને ઉદ્દેશી લખાયેલા એક પત્રમાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આપ સર્વે સેમિનારમાં ભેગા થયા છો તે જાણી આનંદ થયો છે. સારામાં સારું મૅનેજમેન્ટ થાય અને કાયદાકીય રીતે સરળતા રહે એ માટે જુદાં જુદાં કૉર્પોરેશનો કર્યાં છે. દરેક કૉર્પોરેશન પોતપોતાની રીતે સારામાં સારું કાર્ય કરે, પણ જો અંદરોઅંદર સંકલન કરીને કાર્ય થાય તો વધારે સારું કાર્ય થઈ શકે. શરીરનાં બધાં અંગો એકબીજાને અનુકૂળ થઈ કાર્ય કરે છે એમ સંસ્થા શરીર છે અને મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ પ્રાણ છે. આપણે તેઓની પ્રેરણા પ્રમાણે કાર્ય કરીએ અને તેઓને રાજી રાખવાનું તાન રાખીએ તો મહેનત કરવામાં કંટાળો ન આવે, ઉત્સાહ ખૂબ રહે, ખોટો અહં ન આવે અને સારામાં સારું કાર્ય થાય. તે જ આપણા માટે મોટામાં મોટું મૅનેજમેન્ટ છે.

સંપ, સુહૃદભાવ, એકતા તે યોગીજી મહારાજનું સૂત્ર યાદ રાખીએ. અંદરોઅંદર મતભેદ થાય તો મતભેદ ભૂલી જઈને એકબીજાનો મહિમા સમજીએ તો સેવા કરવાનો ઉત્સાહ વધે અને આનંદ રહે. જે કાર્ય કરીએ તે નિયમ પ્રમાણે કરીએ અને રિપોર્ટીંગ બરાબર કરીએ તેમ

જ કાયદાનું ધ્યાન રાખીને કરીએ અને નેશનલ બૉર્ડ સાથે ચર્ચા કરીને એમના નિર્ણય પ્રમાણે કરીએ. આપણે એક જ પરિવારના છીએ એવું સમજીને સારી રીતે સંકલન કરીને કાર્ય કરીશું તો મહારાજ-સ્વામી રાજી થશે. આપણે આખા અમેરિકાને રંગવું છે. એ કાર્યમાં તમે બધા હાથ-પગ છો. તમે સર્વે જે મહેનત કરો છો એ માટે સર્વેને ધન્યવાદ છે.'

સ્વામીશ્રીનું આ લખાણ સંસ્થાકીય મૅનેજમેન્ટનાં બ્રહ્મસૂત્રોનો દરજ્જો પામે તેવું છે.

કમિશનમાં અક્ષરધામ

મુંબઈમાં સ્વામીશ્રીનાં ભોજન દરમ્યાન થતી વિવિધ રજૂઆતોમાં તા. ૧૮/૯ની સવારે મલાડના કાર્યકરો દ્વારા ગુણકથનનો કાર્યક્રમ શરૂ થયો. તેમાં ઓછી આવડત પણ અધિક ઉત્સાહ ધરાવતા શંકર ભગતની વાત કરતાં કાર્યકર્તાએ કહ્યું: 'એક પૈસાદાર વ્યક્તિએ આ હરિભક્તને મહેણું મારતાં સંભળાવેલું કે – ભગત! તમે દર ઉત્તરાયણે ઝોળી માંગવા નીકળો છો તે કમિશન કેટલું આપે છે?'

'તમારે કહેવું કે મારે કમિશન તો અક્ષરધામ છે!' સ્વામીશ્રીએ જ જવાબ વાળતાં કહી દીધું.

વળી, શંકર ભગતની સેવાને બિરદાવતાં પણ તેઓએ જણાવ્યું: 'શંકર ભગત સેવક થઈને જ બધું કાર્ય કરે છે એટલે લોકોને ભાવ થાય છે. સાચા ભગત છે. કોઈ અપેક્ષા જ નહીં. બાકી આવું હોય તો પૂજાવા માંડે, પણ આ તો નાથ ભક્તની જેમ બુદ્ધિશાળી છે.'

ભક્તોનો આવો મહિમા સમજતા સ્વામીશ્રી તા. ૨૦/૯ની સવારે મંદિરના બાંધકામ સંબંધી બેઠક યોજીને બિરાજ્યા. તેમાં આર્કિટેક્ટ શ્રી જયેન્દ્રભાઈ પટેલ એક નકશો સમજાવતાં બોલ્યા: 'બાપા! આ ૧૫ X ૧૫ ફૂટનું માપ છે...'

'ના હોય. એક બાજુ ઓછું લાગે છે.' સ્વામીશ્રીએ તરત જ કહ્યું.

આ સાંભળી આર્કિટેક્ટે ઊંડાણથી જોઈ જણાવ્યું: 'બાપા! આપની વાત સાચી છે. ૧૨ X ૧૫ ફૂટનું માપ છે.'

'તો ઠીક. જેટલું છે એટલું જ કહો.' સ્વામીશ્રી બોલ્યા.

માપપટ્ટી વિના કેવળ નજરથી નકશાને માપતા તેઓને માપવાનો

માપદંડ કોઈ પાસે નહીં મળે.

આ રીતે સતત બે કલાક સુધી ચાલેલી આ મીટિંગ બાદ સ્વામીશ્રીને ભોજન માટે ઊઠવાનું થયું, પરંતુ તેમાં વચ્ચે એક મિનિટનો સમયાવકાશ સર્જાતાં તેઓએ એક પત્ર વાંચી લીધો !

'ક્ષણ વ્યર્થ ન કાઢે કાળ...' એ સ્વામીશ્રીનો સહજ સ્વભાવ હતો.

અભિનયમાં પણ મોળી વાત અમાન્ય

તા. ૨૨/૯ની સવારે 'થઈએ યોગી જેવા'ના મધ્યવર્તી વિચાર સાથે આયોજિત કાર્યકર સંમેલન મુંબઈ અને મહારાષ્ટ્રના ૧,૨૦૦ કાર્યકર્તાઓથી ભરચક હતું. તેમાં રસપ્રદ છતાં બોધપ્રદ પ્રહસનો રજૂ કરી પ્રત્યેક પ્રસ્તુતિના અંતે સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવાનો ઉપક્રમ હતો.

તે અનુસાર મોળી વાત ન કરવા વિષયક એક પ્રેરક સંવાદની રજૂઆત બાદ સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી :

'કોઈનાં મહેણાં-ટોણાંથી સત્સંગમાં મોળા ન પડી જવાય. સત્સંગમાં માણસ આવે તો ધમધમતો આવવો જોઈએ, પાવર આવવો જોઈએ, ઉત્સાહ હોય કે 'મને આજે બહુ સારી સેવા મળી !' કાર્યકર્તાની સભામાં જવાનું થયું, મારે પ્રવચન-કીર્તન બોલવાનું થયું – એનો આનંદ, કેફ હોવો જોઈએ. મડદું થઈને બેસી જાય તો બળ ન આવે. જોગી મહારાજે જીવનપર્યંત મોળી વાત કરી નથી. એ ગુરુના શિષ્યો આપણે છીએ. તો સત્સંગમાં બોલવાનું થાય તો સાંભળી લેવું. સહન કરવું એ આપણું કામ છે. ગુરુ ચાલ્યા છે એ રસ્તે ચાલવાનું છે. નહીં કરીએ તો ગુમાવવાનું આપણે છે. એટલે મોળી વાત કરવી નહીં, સાંભળવી નહીં ને મોળી વાત કરે તો ઉપવાસ કરવો.'

આમ બોલતાં સ્વામીશ્રીએ સંવાદમાં મોળી વાત કરનારા કાર્યકરનું પાત્ર ભજવનારા યુવક ગોપાલ વંડરાને સંબોધી કહ્યું : 'તેં મોળી વાત કરી ને ! તો આજે ઉપવાસ કરી નાંખજે.' પરંતુ જણાવ્યું : 'આજે તો કાર્યકરો માટે સારામાં સારી રસોઈ છે. એટલે આજે ઉપવાસ ન કરતો, પણ કાલે કરી દેજે.'

આ સમયે એક સંત બોલ્યા : 'બાપા ! આ તો કાર્યકર છે. માત્ર સંવાદમાં અભિનય પૂરતું જ મોળું બોલ્યો છે.'

પરંતુ આ ખુલાસો સાંભળી સ્વામીશ્રીએ ઉપવાસ અંગે કોઈ જ બાંધછોડ ન કરી. તેઓને અભિનયમાં પણ મોળી વાત અમાન્ય ઠરી.

અલબત્ત, ઉપવાસ પછી આવેલા પારણાંના દિવસે સ્વામીશ્રી પેલા યુવક માટે શરબતની વ્યવસ્થા કરવાનું પણ ન ચૂક્યા. સ્વહસ્તે તેને પ્રસાદેય આપ્યો. આધ્યાત્મિકતાના પાઠને જીવનમાં ઘૂંટાવવા સ્વામીશ્રી દયા અને દંડ – બંનેનો યોગ્ય ઉપયોગ કરી જાણતા.

કષ્ટ સહ્યું પણ સદા પરકષ્ટ કાપ્યું

તા. ૨૪/૯ની સવારથી સ્વામીશ્રીના સ્વાસ્થ્યે અચાનક પલટો મારતાં આ સમયે ગળામાં ચેપ લાગવાને કારણે તેઓનો અવાજ ઘોઘરો થઈ ગયો. ગળું પણ ભારે અને લાલ જણાતું હતું. સ્વામીશ્રીના શરીરની તાસીર મુજબ તેઓ પર થયેલા માંદગીના હુમલાઓમાં મોટે ભાગે પ્રથમ લક્ષણરૂપે આવી પરિસ્થિતિ જોવા મળેલી. તેથી તબિયત વધુ ન વણસે તે માટે તબીબો તકેદારીનાં પગલાં લેવા માંડ્યા. તેના એક ભાગરૂપે તેઓએ આજે અલ્પાહાર બાદ નાસ લઈ આરામ કરવાનું સૂચવ્યું, પરંતુ સ્વામીશ્રી ઉકાળા-પાણીથી પરવારી ૧૫૯ મુલાકાતીઓને મળ્યા! જેટલો સંપર્ક વધુ થાય તેટલું ઇન્ફેક્શન વકરવાની શક્યતા પણ વધે, છતાં સ્વામીશ્રીએ આ જોખમ ન ગણકારતાં સૌનું જતન કર્યું.

મુલાકાતો પછીયે તેઓએ વિશ્રામની વિનંતી નકારતાં સતત બે કલાક સુધી મીટિંગ ચલાવી, તો આજની સાંજે પણ આરામમાંથી જાગીને સ્વામીશ્રીએ એક કુટુંબનો ક્લેશ નિવારવા દોઢ કલાકની સુદીર્ઘ બેઠક યોજી. તેમાં તેઓ ભારે અવાજે પણ ઘણું બોલ્યા, છતાં આજની રવિસભામાં આગ્રહપૂર્વક પધાર્યા. અહીં વચગાળાના ઉપાયરૂપે સંતોએ 'કેવળ દર્શન પૂરતાં છે' તેમ વિચારી સ્વામીશ્રીને આશીર્વાદ ન આપવાનો પ્રસ્તાવ ધર્યો, પરંતુ તેનેય ફગાવતાં સ્વામીશ્રી 'મુંબઈ રંગવું છે'ના કાર્યક્રમ બાદ બાવીસ મિનિટ સુધી વરસ્યા.

પરંતુ ઘસાતા ગળે તેઓએ આજે ઉઠાવેલા બોલવાના પરિશ્રમથી તા. ૨૫/૯ની સવારે ગળાની લાલાશ અને અવાજનું ઘોઘરાપણું વધુ ઘેરા બની ગયાં. તેથી નિવાસકક્ષમાં જ પ્રાતઃપૂજા કરવાની સલાહ ડૉક્ટરોએ આપી, પણ તેને અવગણી સ્વામીશ્રીએ સભાગૃહમાં પ્રાતઃપૂજા કરી ભક્તોને લાભ આપ્યો.

ત્યારબાદ તેઓએ અલ્પાહાર અંગીકાર કર્યો ત્યારે સૌએ ગઈકાલે કુટુંબ-ક્લેશ નિવારવા તેઓએ યોજેલી મીટિંગનો અધૂરો ક્રમ આજે આગળ ન ચલાવવા જણાવ્યું. તે વખતે સહેજ અકળાઈને સ્વામીશ્રી બોલ્યા : 'તમે બધા

કાંઈ બોલશો નહીં. હું મારી રીતે બધું કરી લઈશ. મારે એમને મળવું જ છે. એ લોકોને પછી આજે નીકળી જવાનું છે.' આમ કહેતાં તેઓ પોતાની તબિયત તોડીને પણ એક કુટુંબને સાંધવા બેઠા.

સ્વામીશ્રીની આવી પરગજુ પ્રકૃતિ તા. ૨૬/૯ની સવારે પણ ઝળકી ઊઠી.

આજે તેઓએ કુટુંબના કજિયાથી કંતાતા અન્ય એક હરિભક્તને બોલાવેલા. તે જોઈ ડૉક્ટરોએ કહ્યું: 'આપ જેટલું વધુ બોલો એટલું ગળું વધુ ઘસાય. તેથી દવાનું જોઈએ તેવું પરિણામ ન આવે.'

'મારે બહુ બોલવાનું નથી. ટૂંકી જ વાત છે.'

'એક કામ કરીએ. અહીં ટિપાઈ પર સ્પીકર મૂકીએ અને આપ માઈકમાં બોલો. એટલે આપ ધીમેથી બોલશો તોય સંભળાશે.'

સંતોએ આ સૂચવ્યું ત્યાં જ પેલા હરિભક્તનો ઓરડામાં પ્રવેશ થયો. તેઓને પણ સ્વામીશ્રીની માંદગીથી વાકેફ કરતાં સંતોએ કહ્યું: 'પાંચેક મિનિટમાં તમારી વાત પૂરી કરી દેજો.'

'પાંચની જગ્યાએ કદાચ દસ પણ થાય, એનો વાંધો નથી. ભલે વધારે ટાઈમ થાય, એની ચિંતા નથી.' આમ કહેતાં સ્વામીશ્રીએ જ સંતોના સૂચનનું સમાધાન કરી દીધું અને તેઓની શરૂ થયેલી 'ટૂંકી વાત' બે કલાક સુધી ચાલી!

*'કષ્ટ સહું પણ સદા પરકષ્ટ કાપું...'*ની રીત સ્વામીશ્રીએ અખત્યાર કરેલી. તેથી અન્યને કાજે જાતને ઘસી નાંખતી આવી ઘટનાઓ તેઓના જીવનમાં રોજબરોજ જોવા મળતી.

ચાલે સમજીને સમય પ્રમાણે

તા. ૨૬/૯ની બપોરે પલંગ પર બિરાજી નાસ લેતા સ્વામીશ્રીએ સામે બેઠેલા એક સંતને કહ્યું: 'નવરા બેઠા છીએ તો તમારી સ્કૂલનો રિપોર્ટ આપો.'

તેથી બહારગામથી આવેલા એ સંતે અહેવાલ આપતાં જણાવ્યું: 'નવું બાંધકામ ચાલે છે, મીટિંગો પણ હોય છે. તેથી રોજ બે-ત્રણ કલાક સ્કૂલની જગ્યા પર રહેવું પડે છે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'સેવા-સરભરા બધું બરાબર છે, પણ એમાં આપણે કથા, ચેષ્ટા, દર્શન, પૂજા વગેરે ચુકાય નહીં એનો ખટકો રાખવો. નહીં તો આ વ્યવહારમાર્ગ એવો છે કે મગજમાં ભરાઈ જાય પછી આહ્નિક યાદ જ ન આવે. રાત-દિવસ એના જ વિચાર આવે. આપણે સમાજસેવા કરીએ

છીએ એ બરાબર, પણ સમાજસેવા કરવામાં આપણું જતું ન રહેવું જોઈએ.'

સંતુલન એ સ્વામીશ્રીની વિશેષતા હતી. *'દેશકાળને ઓળખી જાણે, ચાલે સમજીને સમય પ્રમાણે...'* એ તેઓની ઓળખ હતી.

વિકાસનાં મૂળ

આ અરસામાં સ્વામીશ્રીને ગળે વળગેલો ચેપ ધીરે ધીરે શરીરમાં કફ સંઘરતો જતાં ઉધરસનો ઉપદ્રવ પણ ચાલુ થઈ ગયો. આ ખાંસી ઊંડાણથી આવવાને કારણે આંખની નળીઓમાં લોહીનું દબાણ વધી જતાં સ્વામીશ્રીની જમણી આંખના જમણા ખૂણે હૅમરેજ થયું. તેથી તે ખૂણો લાલઘૂમ બની ગયો. ઉધરસ પણ ગમે ત્યારે આવતાં ગમે ત્યારે થૂંકવાનું થતું. તેથી સ્વામીશ્રી બેઠા હોય તેની બંને બાજુ નાના વાટકા મૂકી રાખવા પડતા.

તે જોઈ તા. ૧/૧૦ના રોજ સંતોએ કહ્યું : 'યોગીબાપા હંમેશાં થૂંકદાની સાથે રાખતા. એમ હવે તમારે પણ રાખવી પડશે.'

'વારસામાં આ પણ આવે ને!' મંદ મંદ હસતાં સ્વામીશ્રી બોલ્યા.

આ હળવાશ સાથે માંદગીનો સમય વિતાવી રહેલા તેઓને છેલ્લા બે-ત્રણ દિવસથી દાક્તરી સૂચના અનુસાર સભામાં જવાનું નહોતું બન્યું, પરંતુ આજની સાંજે પોણા સાત વાગ્યે સ્વામીશ્રી અચાનક બોલ્યા : 'ચાલો, સભામાં જઈએ.'

'આજે જવાનું નથી.' સેવકે કહ્યું.

'પણ પેલો 'મુંબઈ રંગવું છે' કાર્યક્રમ આજે હોય ને?!' સ્વામીશ્રીએ જણાવ્યું.

છેલ્લી બે રવિસભાથી સળંગ સૂત્રની જેમ સરતા આ કાર્યક્રમનો ત્રીજો ભાગ આજની રવિસભામાં રજૂ થવાનો હતો. તેને ખ્યાલમાં રાખી સ્વામીશ્રીએ સભામાં જવા આગ્રહ સેવ્યો ત્યારે સંતોએ ફોડ પાડ્યો કે 'એ કાર્યક્રમ આવતીકાલે ગોઠવ્યો છે અને આપણે તેમાં જવાનું છે.'

આ સાંભળી સંતોષની લાગણી અનુભવતા સ્વામીશ્રી પત્રવ્યવહારમાં પરોવાયા અને સૌ તેઓની રવિસભાની આસક્તિમાં ખોવાયા.

કથાની આ લગનીમાંથી જ તા. ૩/૧૦ની સવારે સ્વામીશ્રીના મુખેથી અમૃતધારા ફૂટી નીકળી :

'જેટલી નિયમ-ધર્મની દૃઢતા હોય એટલો આપણો વિકાસ થાય.

આપણા વિકાસમાં મૂળ આજ્ઞા-ઉપાસના, નિયમ-ધર્મ, સહનશીલતા, દરેકનો મહિમા, સંપ, સુહૃદભાવ, એકતા. નિયમ-ધર્મ ને સહનશીલતા એ મુખ્ય કારણ. સહન કરવામાં બધું જ આવી જાય છે. એકબીજાનું, અંદરોઅંદરનું સહન કરવાનું, તો જ આપણું કામ આગળ વધે. જો આપણે એકબીજાનો વિરોધ કર્યા કરીએ તો શાંતિ ન રહે.

વિરોધ થવાનું કારણ શું? તો 'મારું ધાર્યું ના થયું.' આપણામાં રહેલા માનને લઈને વિરોધ થાય. પણ એ બધા ભાવ મૂકીને સહનશીલતા રાખવી. સંપ-સંગઠન મુખ્ય વસ્તુ છે. આપણે થોડુંક જ સહન કરતાં શીખીએ તો કોઈ પ્રશ્ન ઊભો ન થાય. આપણો બધાનો ધ્યેય એક જ છે કે 'મહારાજ-સ્વામીને રાજી કરવા છે', પણ સ્વભાવને લઈને ભેદ પડી જાય છે. એટલે સ્વભાવ મૂકવાના છે ને ગુણગ્રાહક થવાનું છે.'

આ તક ઝડપી લેજો

આ અરસામાં ગુજરાતને ભરડી રહેલા ચીકનગુનિયાના રોગચાળાને કારણે તા. ૭/૧૦ના રોજ આવેલો શરદ પૂર્ણિમાનો ઉત્સવ મુંબઈના ભાગ્યમાં લખાયો. આ ઉત્સવ બાદ પણ ગુજરાત જવાનું ઠેલાતાં મુંબઈનું રોકાણ લંબાયું. આ સમયે સ્વામીશ્રીનાં ભોજન વખતે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સમયની વીડિયો દર્શાવવાનો ક્રમ શરૂ થયો. તેમાં એક નવીન રહસ્ય ખોલતાં તા. ૧૨/૧૦ની સવારે સ્વામીશ્રીએ કહ્યું: 'શાસ્ત્રીજી મહારાજ ફક્ત લખવામાં જ જમણેરી હતા. બાકી દાતણ કરવાથી માંડીને મોટા ભાગની બધી ક્રિયા ડાબા હાથે કરતા એટલે એ રીતે ડાબોડી પણ હતા.'

વળી, તા. ૧૪/૧૦ની બપોરે એક વીડિયોમાં આંબલીવાળી પોળના મકાનનું દૃશ્ય આવ્યું. તેમાં મકાન ઉપર જડેલાં પતરાં બતાવી સ્વામીશ્રી બોલ્યા: 'આ પતરાં ઉપર અમે કાયમ સૂઈ જતા.'

આમ, સ્મૃતિસત્ર જેવાં બની રહેલાં આ વીડિયોદર્શનમાં સ્વામીશ્રી ક્યારેક પડદા પર દેખા દેતા તત્કાલીન સંતો-ભક્તોનો પરિચય આપવામાં અને તેઓનો મહિમા ગાવામાં પણ ગુલતાન થઈ જતા. તે વખતે તેઓ હાથમાં કોળિયો હોય તોય કોળિયા સાથે હાથ લંબાવી જે-તે સંત-ભક્તને ઓળખાવતા જાય. ક્યારેક કંઈક પ્રવાહી પીવા હાથમાં પ્યાલો પકડ્યો હોય તો તે પ્યાલા સહિત હાથ લંબાવી ઓળખાણ આપે. કોઈ વાર ફ્રેમમાં કોઈનું

અલ્પ કે અડધું જ અંગ ઝડપાયું હોય તો સ્વામીશ્રી ડાબે-જમણે ઝૂકીને કે નીચા નમીને તે સંત-ભક્તને ઓળખવાની માનુષીલીલા કરે. આ રીતે તેઓને વીડિયોદર્શનમાં એટલો રસ પડી જાય કે અલ્પાહાર અને ભોજન પૂરું થયા પછી પણ પા-અડધો કલાક સુધી આ સ્મૃતિયાત્રા સરકતી રહે.

જો કે ઇતિહાસને માણવાનો આ આનંદ અત્યારે તો પ્રત્યેક સત્સંગી ઉઠાવી રહેલા, કારણ કે આવતા વર્ષે યોજાનારા સંસ્થાના શતાબ્દી મહોત્સવ નિમિત્તે તા. ૯/૧૦થી સમગ્ર સંસ્થામાં યોગયજ્ઞનો આરંભ થઈ ચૂકેલો. આ શતાબ્દી મહોત્સવની આલબેલ પોકારતાં સ્વામીશ્રીએ તા. ૧૭/૧૦ના રોજ સમગ્ર સત્સંગને વીડિયો આશીર્વાદ દ્વારા જણાવ્યું :

'શતાબ્દી ઉત્સવ આવે છે એમાં ખબડદાર થઈને ભાગ લેવાનો છે. શાસ્ત્રીજી મહારાજે દાખડો કરીને સંસ્થા ઊભી કરી છે, એને સો વરસ પૂરાં થયાં છે એટલે ઉત્સવ પણ સારો થશે. શૂન્યમાંથી સર્જન કર્યું એ શાસ્ત્રીજી મહારાજની મહત્તા કહેવાય. યોગીજી મહારાજના સંકલ્પથી દિલ્હીમાં અક્ષરધામ થઈ ગયું એ આ કાર્યની સિદ્ધિ છે. શતાબ્દી નિમિત્તે પ્રોગ્રામ ચાલુ થઈ ગયા છે. અહીં પણ સંતોએ 'મુંબઈ રંગવું છે'નો ખૂબ સુંદર સંવાદ કર્યો. હવે તમે બધા પણ તન, મન, ધનથી સમય કાઢજો. એવો ઉત્સવ ઊજવીએ કે વિશેષ ડંકા વાગે. લાખોની સંખ્યામાં બધા લાભ લે. જોરદાર પ્રાર્થના કરજો, જેથી સમૈયો નિર્વિઘ્ન થાય. આપણને આ સેવા મળી છે તો મહિમાથી, સંપ-સુહૃદભાવ-એકતાથી કરીશું તો સવાયું કાર્ય થશે. આ તક ઝડપી લેજો.'

સંસ્થા શતાબ્દીનાં આ દુંદુભિ ગગડાવી વિલાયત જવા વિદાય થયેલા સ્વામીશ્રીએ તા. ૧૮/૧૦, વાઘ બારસની સાંજે ૬:૫૦ વાગ્યે લંડનની ધરતી પર પદાર્પણ કર્યું.

સિદ્ધાંતની બહાર કરીએ એની વેલ્યૂ (કિંમત) નહીં

દિવાળીના દિવસોમાં લંડન પધારેલા સ્વામીશ્રીનું સાંનિધ્ય અહીંના પ્રત્યેક સત્સંગીને અનુભવ કરાવી રહેલું કે *'દીપોત્સવી તો બહુ આવી જાય, આવો કદી ઉત્સવ તો ન થાય.'*

આ અનુભૂતિને તા. ૨૧/૧૦, દિવાળીની સવારે સ્વામીશ્રીએ વહાવેલી અમૃતધારાએ વિશેષ ઘૂંટી. તેમાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'આપણે ભગવાનના ભક્તોને તો દિવાળી, દિવાળી ને દિવાળી જ

છે. ભગવાનનું જ્ઞાન થયું એ મોટો પ્રકાશ. મોટાપુરુષના સમાગમથી એ પ્રકાશ થાય. આપણે 'દિન દિન દિવાળી' શા માટે કહ્યું કે ઘરના મંદિરની અંદર દરરોજ આરતી-પૂજા તો થવી જ જોઈએ. આ મુખ્ય વસ્તુ છે. આપણો નિયમ છે કે સ્વામીની પાંચ વાતો ને એક વચનામૃત વાંચીએ તો આપણો પ્રકાશ ઝગમગ રહ્યા કરે. ભગવાનના ભક્તોને ક્યારેય અંધકાર નથી. સ્વામી કહેતા, 'આપણે ચૂં ચૂં કરવું નહીં.' અખંડ કેફમાં રહેવું. કોઈ માન-અપમાન કરે, તિરસ્કાર કરે ત્યારે પ્રકાશ ઠંડો ન થવો જોઈએ. વધારે આનંદમાં રહેવું જોઈએ. શબ્દ લાગી જાય છે ત્યાં સુધી અંધકાર છે.'

અંતરને અજવાળતો આ જ્ઞાનદીપક પ્રગટાવી ઉતારે પધારેલા સ્વામીશ્રી અહીં ધર્મદીપક પ્રજ્વલિત કરતા હોય તેમ એક પ્રાસંગિક વાતના સંદર્ભમાં બોલ્યા: 'સિદ્ધાંતની બહાર જઈને ગમે એટલું કરીએ એની વેલ્યૂ (કિંમત) જ નહીં. પ્રચાર તો થાય, પણ કિંમત ના રહે. સૌ સૌના ધર્મમાં રહો તો સુખી રહેશો.'

આ ધર્મદીપના અજવાળે આજની સાંજે ચોપડાપૂજન કર્યા બાદ આ વર્ષની અંતિમ અમૃતધારા વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

'કેટલાકને થાય કે આ વિધિમાં શું? ચોખા ઉડાડ્યા, ફૂલ ઉડાડ્યાં, પાણી છાંટ્યું, પતી ગયું, પણ એ બહુ અગત્યની વસ્તુ છે. આ વિધિ-વિધાન, મંદિરો, મૂર્તિઓ, ઉત્સવો આપણાં સુખ-શાંતિ માટે છે. દુનિયાની બધી વસ્તુ હોય, પણ ભગવાન આપણી સાથે ન હોય તો કાંઈ નથી. એ ભગવાન દેવાવાળા છે, લેવાવાળા નથી. ભગવાન કહે છે કે 'તમે એકગણું દાન કરો ને અનંતગણું પુણ્ય.' બધા ગણ્યે જ રાખો. ગણી-ગણીને થાકી જાય એટલું બધું આપે છે. ભગવાનની તિજોરી ખાલી થાય એવી નથી. આપણી ભરેલી રાખવી હોય તો પૂજન, વંદન, પ્રાર્થના કરો.'

આ આશીર્વાદ વરસાવી પૂજામાં ગોઠવેલા પ્રત્યેક ચોપડા પર સૌના શુભ-લાભની કામના સાથે પ્રાસાદિક પુષ્પો પધરાવી સ્વામીશ્રી વિદાય થયા.

અગત્યમાં અગત્યની વાત આ છે

તા. ૨૨/૧૦ના રોજ અન્નકૂટોત્સવ અને રવિવારનો સંગમ થઈ જતાં લંડનનું મંદિર ભક્તભીડથી છલકાવા માંડ્યું. આ મંગલ દિનની પ્રાતઃપૂજાના અંતિમ ચરણમાં સ્વામીશ્રીએ સામેથી જ સૂચન કરી સંતો પાસે શાંતિપાઠ અને

'निजाश्रितानां सकलार्तिहन्ता...' શ્લોકનું ગાન કરાવી સૌની સુખાકારી ઇચ્છી.

તે પછી ૧૦:૫૦ વાગ્યે તેઓ મંદિરના મધ્ય ખંડ સમક્ષ ઠાકોરજીને અન્નકૂટ ધરાવવા પધારી ગયા. આ સમયે શ્રીજીમહારાજ સમક્ષ ૧,૧૦૦થી વધુ વાનગીઓનો રસથાળ ગોઠવાઈ ચૂકેલો. તે ભક્તિભાવપૂર્વક મહારાજને જમાડી સ્વામીશ્રી ગોવર્ધનપૂજા અને આરતી બાદ હવેલીમાં પહોંચ્યા.

અહીં આવતા વર્ષે આવી રહેલી સંસ્થાની શતાબ્દીને નજરમાં રાખી બોચાસણના મંદિરની ભવ્ય પિછવાઈ રચવામાં આવેલી. તેની અગ્રભૂમાં ૧૧૦ ફૂટના પહોળા પટ્ટે પગથીઓ રચી કલાત્મક અન્નકૂટ સજાવવામાં આવેલો. હજારથીયે વધુ વ્યંજનોની સોડમથી સમગ્ર સભાગૃહ મહેકી રહેલું. અત્રે પણ આરતી ઉતારી સ્વામીશ્રીએ સૌને નૂતન વર્ષના આશીર્વાદ પાઠવ્યા. આ લાભ લઈ અંગ્રેજ સાંસદો અને ભારતીય રાજદૂત સહિત કંઈક મહાનુભાવો કૃતાર્થ થયા. દિવસ દરમ્યાન તો ૪૧,૦૦૦થી વધુ ભાવિકો અન્નકૂટનો આગવો અનુભવ વાગોળતાં ધન્ય બન્યા.

આ ધન્યતા તા. ૨૩/૧૦થી પ્રારંભ પામેલા નૂતન વર્ષ વિ.સં. ૨૦૬૩ના પ્રથમ પ્રભાતે પણ જળવાઈ રહી. તેમાં તા. ૨૫/૧૦ની સાયંસભામાં સ્વામીશ્રીએ રેલાવેલી અમૃતધારા ભળતાં તે વિશેષ આસ્વાદ્ય બની. આજે સ્વામીશ્રીએ જણાવ્યું :

'ભગવાનની એક આજ્ઞા પાળે તો પણ એનું મોટું કામ થઈ જાય. રવિવારની સભા કરવી એટલી જ આજ્ઞા છે. એ પાળીએ તો અક્ષરધામ ઢૂંકડું થઈ જાય. વાર જ ન લાગે. પણ એટલી આજ્ઞા પાળવામાં આપણે પૂરેપૂરું ધ્યાન આપી શકતા નથી. આજ્ઞા નાની છે પણ એમાં મોટો ડુંગરો હોય, હિમાલય પર્વત જેવું લાગે છે કે 'રવિસભામાં કેવી રીતે જવાશે?' પણ અગત્યમાં અગત્યની વાત આ છે. એને માટે આપણો આગ્રહ ને સમય આપવાનો છે. નોકરી-ધંધો બધું જ કરો, પણ એમાં રવિવારની સભા સારી રીતે કરો તો એમાં અક્ષરધામ થઈ જશે. એટલામાંય જો આપણે ઢીલા-પોચા થઈએ તો પછી નકામું છે. આ આજ્ઞા સુખ-શાંતિ માટે છે. તો બધાય ટાઈમ લઈને આવી જ જજો.'

આમ માનો તો તમારા બધા પ્રશ્નો ઊકલી જાય

લંડનમાં પ્રતિદિન યોજાતી સાયંસભામાં પારાયણ બાદ સ્વામીશ્રીની

પરાવાણીનો પ્રવાહ વહી છૂટતો. તા. ૨૬/૧૦ના રોજ પણ આ ક્રમ જાળવી રાખતાં સ્વામીશ્રી બોલ્યા :

''ભક્તોના પ્રસંગો સાંભળીએ છીએ કે જે તન, મન, ધનથી સમર્પણ હતા એવાને પણ દુ:ખ આવ્યાં છે. છતાં મહારાજ સિવાય કોઈને કર્તા માન્યા નહીં કે 'ફલાણે બગાડ્યું, ઢીંકણાંએ બગાડ્યું.' કોઈ બગાડનાર નથી. બગાડનાર મહારાજ છે, જિવાડનાર ને મારનાર એ છે. ભગવાનને વિષે કર્તાપણું હોય તો ગમે તે પ્રસંગે, ગમે તે ઠેકાણે આપણને ઉત્સાહ-ઉમંગ રહે, સત્સંગ ઘસાય નહીં, પાછું પણ પડાય નહીં. સવળું લેવું, અવળું ન લેવું.

ઘણાને બોલાવીએ કે 'કેમ નથી આવતા ?' તો કહે, 'તમારા વૉલન્ટિયર (સ્વયંસેવક) ડોબા જેવા રાખ્યા છે. સમજતા નથી કે 'હું કોણ છું ?' આટલામાં પાછા પડી જાય. પણ અહીંના ટોની બ્લેર(વડાપ્રધાન)નો સિક્યોરિટીવાળો આપણને પાછા પાડે તો કંઈ દુ:ખ થાય ખરું ? એમાં મન મનાવી લઈએ છીએ. ત્યારે આ તો અનંત રાષ્ટ્રપતિના રાષ્ટ્રપતિ છે, રાજાઓના રાજા છે. શ્રીજીમહારાજ સાક્ષાત્ મળ્યા, એમણે બોલાવ્યા, ચલાવ્યા એ કેટલી કૃપા છે ! છતાં કોઈ આવો પ્રસંગ થઈ જાય તો દુ:ખ માનવું ન જોઈએ. બધા પ્રશ્નોનું નિરાકરણ એક જ છે – ભગવાનને સર્વકર્તા સમજવા. ઑલ ઈન વન. આમ માનો તો તમારા બધા પ્રશ્નો ઊકલી જાય. સુખ ભગવાને આપ્યું છે. દુ:ખેય ભગવાને આપ્યું છે. એની ઇચ્છા છે તો ભોગવી લો. આવું જો ભગવાનનું કર્તાપણું હોય તો ચોવીસેય કલાક આનંદ, આનંદ ને આનંદ.'

ભક્ત ભલા મન ભાવે

તા. ૨૯/૧૦ની સવારે સ્વામીશ્રીના હસ્તે વર્તમાન ધરાવી કંઠી પહેરનારા જર્મન યુવાન મારકસે સ્વામીશ્રીને જ કહ્યું : 'હું આપનાં આશીર્વચનોની CD લઈ ગયો છું. મને ભલે સમજાતું નથી, પરંતુ આપની વાણી સાંભળીને ખૂબ આનંદ થાય છે.'

આવો આનંદ આજની રાત્રે સ્વામીશ્રીના ભોજન બાદ પણ વ્યાપી વળ્યો. છેલ્લા બે-ત્રણ દિવસથી સ્વામીશ્રી સંતો-ભક્તોને વિશેષ સુખ આપવા સૌની સાથે જ ચેષ્ટાગાન કરતા હતા. તેથી આજે પણ સૌ વાળુ પૂરું થતાં જ સ્વામીશ્રીના આસનની આસપાસ ગોઠવાઈ ગયા.

તે વખતે વીડિયો લેતા એક યુવકના મિષે હરિભક્ત શ્રી મોતીલાલ

ચગની વાત નીકળતાં સ્વામીશ્રીના મુખેથી મહિમાગાનનો અધ્યાય ખૂલી ગયો અને તેઓ દેશ-પરદેશના ભક્તોને સંભારતાં બોલવા જ માંડ્યા કે –

"મોતીલાલને કથા-વાર્તા કરવાનો બહુ ઇશક. ઈશ્વરભાઈ માસ્તર પણ ખૂબ કથા કરતા. આસ્ટનનો સત્સંગ દુર્ગેશ દવેને કારણે. એણે બધાં જ ઘરમાં ઉપાસના પાક્કી કરાવી દીધી.

કેટલાક પેટાળા હોય ને કેટલાક પાંખાળા હોય. જે પેટાળા હોય તે ચાલે તોય કેટલું ચાલી શકે? અને પાંખાળા તો તરત જ ઊડે. એમ કેટલાક હરિભક્ત એવા હોય કે જેનો પોતાનો સત્સંગ સારો હોય, પણ બીજા થોડાકને સત્સંગ કરાવે એ પેટાળા કહેવાય. ને પાંખાળા હોય તે ઊડી-ઊડીને બધે જ જઈને કથા-વાર્તા કરે.

ચુનીકાકા એવા હતા. શિક્ષક હતા ને કથા-વાર્તા કરવા ખાસ જતા. આફ્રિકામાં હરમાનભાઈ, મગનભાઈ, સી. ટી. કાકા પણ ખૂબ કથા કરતા. જી. ડી. (ગિરધરભાઈ), એ. પી. (અંબાલાલ) કાકા, મહેન્દ્રભાઈ બેરિસ્ટર પણ કથા કરે છે ને કરતા. સી. એમ.(પટેલ)નું આવું અંગ નહીં, પણ બેઠા હોય ત્યાં આનંદ કરાવી દે. ફંડ સારું ઉઘરાવતા. વલ્લભભાઈ ટાંક દેશમાં બધી જ જગ્યાએ ફરે. હર્ષદભાઈ દવેનું પણ એવું. અંબાલાલકાકા (બકરીપોળ) પણ વાતો કરતા અને મણિલાલ નાનાલાલ ભટ્ટ તો ગામડે-ગામડે ફરતા. એમની જાંબુ જ્ઞાતિમાં સત્સંગ કરાવ્યો. વીરચંદ મોદી, હકા બાપુ પણ સારામાં સારી કથા કરે. એવા હરિભક્તો ગામોગામ કથા-વાર્તા કરીને સત્સંગ કરાવતા. અમેરિકામાં કે. સી. પટેલે ફરી ફરીને ઘણો સત્સંગ કરાવ્યો."

આમ, સ્વામીશ્રીના મુખેથી ભક્તોનાં ગુણગાન સરતાં જ રહ્યાં. સત્સંગના પ્રવર્તનની સેવા કરનારા પ્રત્યેક સત્સંગીનું નામ તેઓના ચોપડે કાયમ જમા રહેતું.

અમારે ભક્તિ જ મુખ્ય છે

તા. ૩૧/૧૦ની સવારે મુલાકાતે આવેલા સ્થાનિક હરે કૃષ્ણ મંદિરના કાર્યવાહકો પૈકી વરિષ્ઠ વ્યવસ્થાપક શ્રી ગૌરીદાસે સ્વામીશ્રીને જણાવ્યું : 'હું અન્નકૂટના દિવસે આપનાં દર્શને આવ્યો હતો. આપના આશીર્વાદ મેં સભામાં સાંભળેલા. ગુજરાતી હું સમજતો નહોતો, પણ આપ આશીર્વાદમાં પંદરથીયે વધુ વખત 'ભક્તિ' શબ્દ બોલ્યા હતા. મને આનંદ થયો, કારણ કે ભક્તિ

અમારો મૂળ વિષય છે.'

'અમારે પણ ભક્તિ જ મુખ્ય છે.' સ્વામીશ્રીએ કહ્યું.

તેની પુષ્ટિમાં શ્રી ગૌરીદાસ 'ભગવત્કૃપા અને સંતકૃપા વગર ભક્તિ ન થઈ શકે'નો ભાવ દર્શાવતા ચૈતન્ય મહાપ્રભુના બંગાળી વાક્યનો અંગ્રેજી અનુવાદ બોલ્યા. તેનું ભાષાંતર કરવા જ્યાં યોગવિવેકદાસ સ્વામીએ પ્રયત્ન આદર્યો ત્યાં જ સ્વામીશ્રીએ જણાવ્યું: 'ખ્યાલ આવી ગયો, બરાબર છે.'

તેઓના આ ખુલાસામાંથી તેઓનું સર્વજ્ઞપણું પ્રકાશી રહ્યું.

તેના ઉજાસમાં સૌએ તા. ૨/૧૧ના રોજ પ્રબોધિની એકાદશીનો ઉત્સવ ઊજવ્યો.

તેના પગલે-પગલે તા. ૩/૧૧ની સાંજે આવી પહોંચેલી સ્વયંસેવક સભા ૧,૧૦૦ બાઈ-ભાઈ કાર્યકરોથી ખીચોખીચ હતી. દિવાળી-અન્નકૂટના સમૈયામાં દિન-રાત એક કરનારાં આ સેવાભાવીઓને બિરદાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'તમારી અદ્‌ભુત ભક્તિ ધન્યવાદને પાત્ર છે. એક રુચિ, એક રાગ હતો તો જયજયકાર થઈ ગયો. આપણે ૬૦-૬૦ દિવસ ઉત્સવો ઊજવાય એ વૉલન્ટિયરોના પ્રતાપે. આપણે મોટા સમૈયા કર્યા છે એનું મુખ્ય કારણ એ છે કે આપણું આયોજન. દરેક માણસ આયોજન બરાબર કરે તો કોઈ જાતની ખામી આવે નહીં. આવું આયોજન આજે લંડનમાં મેં જોયું તો આનંદ થઈ ગયો છે, શાંતિ થઈ ગઈ છે કે કોઈ જાતની ફરિયાદ નથી આવી. માટે ફરીથી બધાને આશીર્વાદ છે. સેવા કરવામાં એક વિચાર રાખવાનો છે કે માન, મોટપ, કીર્તિ, પ્રતિષ્ઠા માટે આ સેવા છે જ નહીં. દાસના દાસ થયા ત્યારે આ થયું છે.'

સ્વતંત્ર હોવા છતાં સૌનો સહકાર લઈ સૌની સરાહના કરવાની સ્વામીશ્રીની રીત અલૌકિક હતી.

છો ભક્તવત્સલ દયાળુ

લંડન મુકામે રોકાયેલા સ્વામીશ્રીનું સાંનિધ્ય માણવા અમેરિકામાં રહી સેવા કરતા સંતો પણ ક્રમાનુસાર આવી રહેલા. અહીં સ્વામીશ્રીનાં દર્શન પામી હર્ષપુલકિત થતાં તેઓ સ્વામીશ્રી સમક્ષ પોતાની પ્રવૃત્તિનું નિવેદન કરી માર્ગદર્શન અને આશીર્વાદ મેળવતા.

આ ક્રમમાં તા. ૪/૧૧ના રોજ આવેલા એક સંતમંડળે સાનહોઝેમાં

ચાલતા મંદિર-નિર્માણનો અહેવાલ આપતાં હરિભક્ત શ્રી પ્રમોદભાઈ પટેલનો ઉલ્લેખ કર્યો. આ સત્સંગી ઘણો ઘસારો વેઠી બાંધકામમાં સહયોગ આપી રહ્યા છે તે વિગત સાંભળીને સ્વામીશ્રી બોલ્યા :

"એ તો બહુ ઉત્સાહી છે, પણ એને આર્થિક રીતે નુકસાન ન થાય એ ધ્યાન રાખજો. એને મહિમાની દૃષ્ટિ છે, પણ ભવિષ્યમાં એનું ચાલે એ જોજો. આવા માણસોની ખબર આપણે રાખવી પડે. વચ્ચે એનો વ્યવહાર કેવો હતો એ ખબર છે? એ દરેક ધંધામાં મંદિરનો ભાગ રાખવાની વાત કરે. હું એને ના જ પાડું. એ રીતે તમારે પણ ધ્યાન રાખવું. કામ કરાવો એનો વાંધો નહીં, પણ એના ઘરનું ગોપીચંદન ન જાય એની ખબર રાખજો. એણે એના ગામની જમીન અને ઘરબાર બધું મંદિરને આપી દેવાની વાત કરી. એટલે મેં એને કહ્યું કે 'દેશમાં આવે ત્યારે પ્રસંગે જરૂર પડે, એટલે ઘર રાખ.' ત્રણેય ભાઈઓ મહિમાવાળા છે, પણ આપણે ધ્યાન રાખવું."

આ જ રીતે સંસ્થાની શતાબ્દીના પ્રસંગે સેવા કરવા માટે પોતાનું મકાન વેચી દેનારા પોર્ટુગલના શ્રી માનસિંગને પણ સ્વામીશ્રીએ અહીંના રોકાણ દરમ્યાન કહ્યું : 'તમારે આવું ન કરવું. આપણી પાછળ બૈરાં-છોકરાં છે, એ બધાંને દુઃખ ન થાય એ માટે હવેથી બચત કરતા રહેજો.'

સ્વામીશ્રીની કાર્યપદ્ધતિમાં જેમ વસ્તુનો બગાડ ન થાય તેની તકેદારી રહેતી, તેમ વ્યક્તિનું શોષણ ન થાય તે બાબત પણ મુખ્ય રહેતી. વળી, તેઓને એક-એક હરિભક્તના વ્યવહારનોય ખ્યાલ હોય. તેથી તેઓ તે મુજબ જ જે-તે ભક્તની સેવા સ્વીકારે. ઘણી વાર ઉત્સાહી સત્સંગી ગજા ઉપરાંતનું અર્પણ કરવા તત્પર બને છતાં સ્વામીશ્રી તે ઊભરાને ઠારે. આ ગતિવિધિમાંથી તેઓનું ભક્તવત્સલ સ્વરૂપ ઊભરી આવતું.

તેનાં દર્શનનું ઘેલું હરિભક્તોને નિત રહેતું. તેથી દેશના કેટલાક સત્સંગીઓ તો નિયમ એવો રાખતા કે, 'દર પૂનમે સ્વામીશ્રી પાસે પહોંચવું.' કેટલાક પ્રત્યેક રવિવારે, તો ઘણા મહિનાની આખરી તારીખે દર્શનની ટેક ધારી તે મુજબ દોડી આવતા. પરંતુ જ્યારે સ્વામીશ્રી પરદેશ-પ્રવાસ ખેડે ત્યારે તેઓ આ સમુદાયને કહે કે 'છેક ત્યાં સુધી દોડવાની જરૂર નહીં. અમે પરદેશ હોઈએ ત્યારે નજીકના મંદિરે દર્શન કરી આવવાં.' છતાં તા. ૫/૧૧ના રોજ આવેલી કાર્તિકી પૂનમે ભારતથી કેટલાંક બાઈ-ભાઈ ઠેઠ અહીં લંડન ખાતે ફક્ત દર્શનનું અમૃત પીવા ઊડી આવ્યાં!

ખરેખર, સ્વામીશ્રી વિષે સૌનો પ્રેમ વર્ણન ન થાય એવો અગાધ હતો.

હજારો વર્ષની હાકલ

તા. ૬/૧૧ની સવારે સ્વામીશ્રી મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે આજે આવેલી કાર્તિક વદ પડવાની તિથિને લક્ષમાં લઈ મધ્ય ખંડ અને ઘુમ્મટમાં શાસ્ત્રીજી મહારાજના મહાભિનિષ્ક્રમણનું દૃશ્ય સર્જાયેલું. તેના એક ભાગરૂપે શુદ્ધ ઉપાસનાના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજે કરેલા પ્રયાણની યાદ અપાવતો વરતાલના મંદિરનો હનુમાનજીવાળો દરવાજો ખડો થયેલો. તેની સાથે ગામના મુખીનું ગાડું, તેમાં બિરાજેલા શાસ્ત્રીજી મહારાજ, તેઓને અનુસરી રહેલા પાંડવ સરખા પાંચ સંતો અને મુઠ્ઠીભર હરિભક્તો વગેરે *'વૃત્તાલય સે ચલા સ્વામી, શુદ્ધ ઉપાસના વ્રતધારી...'* સમા શાસ્ત્રીજી મહારાજને સૌના માનસપટ પર યથાર્થ ઉપસાવી રહેલા. આ સઘળું જોઈ સ્વામીશ્રી તો ભાવવિભોર થઈ ગયા.

એ જ સ્થિતિમાં તેઓ દર્શન બાદ ઘુમ્મટમાં પધાર્યા ત્યારે તેઓના મસ્તકે પણ શાસ્ત્રીજી મહારાજના સમયની યાદ અપાવતું ફાળિયું બાંધવામાં આવ્યું. તે ધારણ કરી શાસ્ત્રીજી મહારાજના એક સાથીદારરૂપે મહાપ્રસ્થાનમાં જોડાઈ ગયેલા સ્વામીશ્રીના મુખ પર કૃતજ્ઞતા અને કટિબદ્ધતાના ભાવ ઊપસી આવ્યા. આંખોમાં ભીનાશ પથરાઈ ગઈ. એ આર્દ્રતાને *'ગામે ગામે ઘૂમે સંતો, કઠિન કરતા સાધના...'* કીર્તને વધુ ચમકાવી. આ પદમાં આવેલી કડી *'...યજ્ઞપુરુષ છે સાથે'*ને તો સ્વામીશ્રીએ ત્રણ વાર ગવડાવી. આ પુનરાવર્તન તેઓના આનંદ-ઉત્સાહની ગવાહી પૂરી રહ્યું.

આ રીતે ઉત્સાહભેર યાત્રામાં સામેલ થયેલા તેઓ હનુમાનજી અને ગણપતિજીના ખંડ આગળ થઈને સભામંડપમાં પહોંચ્યા. અત્રે મંચ પર પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી રસોડાવાળા દરવાજા તરફ આવેલા પગથિયેથી નીચે ઊતર્યા ત્યારે ત્યાંથી પુનઃ શાસ્ત્રીજી મહારાજની દિગ્વિજય-યાત્રાનો પ્રારંભ થયો. સ્વામીશ્રીના મસ્તકે ફરી એક વાર ફાળિયું બાંધવામાં આવ્યું. તેઓની સાથે સંતો અને જુનવાણી પરિવેશમાં સજ્જ ભક્તો પણ જોડાયા. આ યાત્રા રસોડાવાળા દરવાજેથી ઉતારા તરફના દરવાજે પહોંચી ત્યાં સુધી સ્વામીશ્રી કીર્તનની કડીએ-કડીએ લટકાં કરતા રહ્યા. તે જોઈ સૌ ધન્યતા અનુભવી રહ્યા.

સ્વયં સ્વામીશ્રી પણ આ જ અનુભવમાંથી પસાર થઈ રહેલા. તેથી

તેઓએ માઈક મંગાવી અમૃતલાભ વહેંચવા ઇચ્છા દર્શાવી, પરંતુ આટલું ચાલવામાંયે તેઓને ચડેલો હાંફ જોઈ કોઈએ માઈક આપવા બાબતે ઉત્સાહ ન દાખવ્યો. છતાં સ્વામીશ્રીના હૈયે ચડેલું ભાવપૂર અટકે તેમ નહોતું. તેઓ વગર માઈકે બોલવા માંડ્યા : 'આજે શાસ્ત્રીજી મહારાજ નીકળ્યા તેને સો વરસ થયાં છે. સો વરસ સુધી શાસ્ત્રીજી મહારાજનું કાર્ય ચાલ્યું અને હવે બીજું હજારો વર્ષ સુધી ચાલે એ માટે સંતો અને હરિભક્તો આવી ને આવી શૂરવીરતા રાખજો.'

આમ, હજારો વર્ષની હાકલ લગાવી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે કોઈ પૂર્વતૈયારી વિના ઊજવાઈ ગયેલા અપૂર્વ ઉત્સવનાં સુખડાં સૌ વાગોળી રહ્યા. તે મમળાવતાં સ્વામીશ્રી પણ બોલી ઊઠ્યા : 'શૉર્ટ(ટૂંક)માં પણ સારો ઉત્સવ ઊજવાઈ ગયો. શાસ્ત્રીજી મહારાજ નીકળ્યા ત્યારે પાંચ હતા, પણ એવા બળમાં નીકળ્યા હતા કે આજે સો વરસે આપણને આટલું બળ રહે છે.'

બધાએ આ સમજવાનું છે

તા. ૮/૧૧ની સવારે આવેલા સો મુલાકાતીઓ પૈકીના એક પીપળાવના શ્રી નટુભાઈને જોતાં સ્વામીશ્રી બોલ્યા : 'અહીં આ મંદિર થયું એ જગ્યા જ્યારે કંપનીએ વેચવા કાઢી ને પાટિયું લાગ્યું ત્યારે પહેલવહેલી વાત મને આમણે કરી હતી.'

આ રીતે મંદિરના પાયાની એક વિગતને ખુલ્લી કરનારા સ્વામીશ્રી પાસે આજે આવનારા અન્ય એક મુરબ્બી પ્રકાશભાઈએ પોતાની ઓળખ આપી કે 'હું કંપાલાના પી. ટી. શાહનો દીકરો છું.'

'મૂળ ઉમરેઠના ને ?'

સ્વામીશ્રીનો આ પ્રતિભાવ સાંભળી 'હા' કહેતાં પેલા આગંતુકનાં નેત્રો વિસ્ફારિત થઈ ઊઠ્યાં, કારણ કે સ્વામીશ્રી તેઓના પિતાને ૩૬ વર્ષ પૂર્વે કંપાલામાં મળેલા. તે પછી એ પિતાને સત્સંગનો યોગ વિશેષ રહ્યો નહોતો, તેથી સ્વામીશ્રીને મળવાનું ખાસ બન્યું નહોતું. છતાં આજે નામ સાંભળતાં સ્વામીશ્રીએ ગામની વાત પણ કહી આપી.

૮૫મા વર્ષે આટલી સતેજ સ્મૃતિ ધરાવતા તેઓ પાસે ગઈકાલે જ કોઠારી સ્વામી અમેરિકાનો ધર્મપ્રવાસ પૂર્ણ કરી આવી પહોંચેલા. તેઓના વિચરણનો અહેવાલ આજની બપોરે મંગલદર્શનદાસ સ્વામીએ સ્વામીશ્રી સમક્ષ

રજૂ કર્યો. તેના આધારે આજની રાત્રે સંતોને સંબોધતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"આ જુઓ, કોઠારી સ્વામી. આ આદર્શ જોઈ લો. એક જ રહેણી-કરણી. જોગીબાપાએ કોઠારી બનાવ્યા હતા. ૪૩ વર્ષ કોઠાર કર્યો, પણ અત્યાર સુધી કોઈ ડાઘ નહીં. કોઈ કહેવાપણું નહીં. ગુણાતીતાનંદ સ્વામીની જે વાત હતી કે 'ઝોળી ટિંગાડી છે. આચાર્યની આજ્ઞા થાય એટલે આ ઊપડ્યા!' તેવું જ આમનું છે. મેં ફક્ત કાગળ લખ્યો. મારે ને એમને વાત જ નથી થઈ, છતાં તત્કાળ કોઠારીપદ છોડી દીધું. આ તો વાત થાય તો પણ 'ફલાણાએ બત્તી મારી છે' એમ ચાલે. ભલા માણસ! બત્તી મારવાની વાત જ ક્યાં છે? પણ સ્વામીમાં અભાવ આવી જાય.

કોઠારી સ્વામીને તો કશું જ નહીં. ઊભા થઈને સીધી ચાવી આપી દીધી, સેકન્ડમાં! રૂમમાં રાખેલાં ચંપલ પણ ન લીધાં. કેટલી બધી સાધુતા છે! આ નિર્લેપ કહેવાય. આ વસ્તુ મુખ્ય છે. આપણે આ શીખવાનું છે. 'મને અહીં મૂકો, ફલાણે મૂકો, ઢીકણે મૂકો' એવું કશું જ નહીં. બધું એક જ છે ને! જ્યાં જઈએ ત્યાં ભગવાન ભજવાના છે, પછી એવી ખટપટ શા માટે કરવી? સ્વામી બોલ્યા ને પતી ગયું. કોઠારીએ કરી બતાવ્યું. બધાએ આ સમજવાનું છે."

શ્રેષ્ઠમાંથી શીખ આપવાની સ્વામીશ્રીની પ્રકૃતિ હતી. ક્યારેક તેઓ શાસ્ત્રીજી મહારાજના સમકાલીન સંતોને સંભારીને, તો ક્યારેક યોગીજી મહારાજના દીક્ષિત સદ્‌ગુરુ સંતોને ઉદાહરણરૂપે ગણાવી સંતોને સાધુતાનું શિક્ષણ આપતા રહેતા.

વહાલ કરે તે વાલી

તા. ૧૦/૧૧ના રોજ યોજાયેલી વાલી દિનની વિશેષ સભામાં ગૃહસ્થ ભક્તોને પારિવારિક એકતાના પાઠ ભણાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"દરેક મનુષ્ય કે પશુ-પંખીને પ્રેમ જોઈએ છે. તે માટે વાલીએ બાળક જેવા થવું પડે. એને ગમતું હોય એમ કરે તો બાળકને પ્રેમ વધતો જાય. પ્રેમ જો વધતો જાય તો કહે એમ કરે, પણ જો એને પ્રેમ જ ન મળ્યો હોય તો બહાર ફરતો-રખડતો થઈ જાય. એટલા માટે આપણે ઘરસભાની વાત કરીએ છીએ.

આપણે જાણીએ 'બાળક કંઈ સમજતું નથી,' પણ બાળક જેટલું સમજે છે એટલું આપણે નથી સમજતા. સંસ્કાર પડ્યા હોય તો બાળક મોટું થાય તો પણ તમારા પ્રત્યેનો પ્રેમ દૃઢ થઈ જ જાય છે. આપણે બાળક પાસે બેસવાનો

ટાઈમ નથી એટલે એને પ્રેમ મળે નહીં. પછી એ બિચારું ગમે ત્યાં ટી.વી. જોઈ લે. એમાંથી એવા જ વિચારો આવે. માટે ટાઈમ આપવો જોઈએ. વાલીનો અર્થ જ એ છે કે એને વહાલ કરવું જોઈએ.

ગમે એ રીતે એને વહાલ કરજો, તો કદાચ એ બગડ્યો હશે તોય સુધરશે. માણસ એક દા'ડે સાંભળીને તૈયાર થતો નથી. સતત કરવું પડે છે. શાસ્ત્રીજી મહારાજ નાહવા બેસે ત્યારે લીમડાના છોડ પાસે પાટલો નાંખીને ન્હાય કે 'આ ઝાડને ઉછેરવું છે.' એવા લીંબડા સારંગપુર, અટલાદરામાં છે. એવી રીતે બાળકને ટાઈમ આપીએ. આપણે રમકડું આપીએ એટલે એ તો રમ્યા કરે, પણ રમકડામાં કંઈ મજા આવતી હશે? રમકડું એટલે રમકડું, પણ એની સાથે બેસવું, વહાલ કરવું. એમાંથી એને સત્સંગ થશે. કૂવામાં પાણી હોય તો હવેડામાં આવે. પછી બાળકને કહીએ કે 'તું આમ થઈ ગયો!' પણ મૂળ ભૂલ તો આપણી છે કે એને જે સાચવવો જોઈએ એ સાચવ્યો નથી.

બાળક, કુટુંબ તમારી સંપત્તિ છે. એને પણ સાચવો, તો એ તમારાથી સવાયું કરી બતાવશે.

તો વાલીઓને ખાસ એ જ પ્રાર્થના છે કે બાળકોને સંસ્કાર આપો."

દેહાદિકનું નથી એને ભાન

તા. ૧૦/૧૧ની રાત્રે ૧૦:૨૦ વાગ્યે પત્રલેખનનું કાર્ય આટોપી સ્વામીશ્રીએ ઊંચું જોયું. તે દ્વારા ઓરડામાં વાતાવરણ ઠંડું થઈ ગયું છે તે કહેવા તરફ તેઓનો ઇશારો હતો. તે જોઈ એક અંતેવાસી બોલ્યા: 'સ્વામીશ્રીને કાગળ લખતા હોય કે કોઈ પણ પ્રવૃત્તિ કરતા હોય ત્યારે ઠંડીની ખબર જ ન પડે, પણ કામ પૂરું થાય પછી કહે, 'બહુ ઠંડું લાગે છે.'

આ સાંભળી મંદ સ્મિત વેરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'કામ કરતા હોઈએ, ભજન કરતા હોઈએ ત્યારે તો દેહભાવ હોય જ નહીં, પણ કામ પૂરું થાય એટલે વળી પાછો દેહભાવ આવી જાય.'

'દેહભાવ તમને ન આવે.'

'લોઢા-લાકડાંના ઓછા છીએ? – શાસ્ત્રીજી મહારાજ આમ કહેતા. આપણે પણ એમ રાખવું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ વાર્તાલાપમાંથી તેઓની દેહાતીત સ્થિતિ પ્રકાશી રહી. તેની સાથે ભક્તે કેવી રીતે સેવા કરવી જોઈએ તેનું માર્ગદર્શન પણ મળી રહ્યું.

તે અનુસાર તા. ૧૧/૧૧ના રોજ સ્થાનિક સંતો-ભક્તોએ સંસ્થા શતાબ્દીનો પ્રતીક ઉત્સવ યોજી દીધો. આ નિમિત્તે ગોઠવાયેલી સાયંસભામાં સ્વામીશ્રીએ સ્વયં 'બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવની જય'નો ત્રણ વખત ઉદ્‌ઘોષ કરી કહ્યું :

'લંડનથી શરૂઆત થઈ ગઈ, કારણ કે આખી દુનિયામાં જેણે રાજ કર્યું એ અહીંથી કર્યું છે, તો આપણે અહીંથી જ આરંભ થાય છે, એટલે એનો ડંકો દેશ-પરદેશમાં બધે જ વાગી જવાનો. હવે આપણે સો વરસ થયાં છે ને સંપ્રદાયમાં જોડાયા છો તો એવું જોડાવું કે આપણા ગ્રંથોને ખાસ વાંચવા. મોટરમાં વાંચો, પ્લેનમાં વાંચો, કામકાજમાં ટાઈમ મળે તો વાંચો. આ સંપ્રદાયના થયા છીએ તો એ સંપ્રદાયનું પૂરેપૂરું જ્ઞાન હોવું જોઈએ, તો કોઈ પણ આવે તોય આપણને હલાવી શકે નહીં. ચોવીસ કલાકમાંથી બે કલાક કાઢો તોય બહુ છે. આ શતાબ્દી ઉત્સવ ચાલે છે તો આપણે એવી દૃઢતા કરવી કે એક વરસમાં પાંચ તો સત્સંગી કરવા. શતાબ્દી મહોત્સવ એવો ઊજવો કે હજારો-લાખો માણસોને આ વાત સમજાઈ જાય.'

બધા જ મુક્તો છે

તા. ૧૨/૧૧ના રોજ સ્વામીશ્રીની પ્રતીક જન્મજયંતીનો તખ્તો ગોઠવાઈ ગયેલો. તેના પ્રથમ ચરણરૂપે સ્વામીશ્રીના વરદહસ્તે આજની સવારે બર્મિંગહામ અને કોવેન્ટ્રીનાં મંદિરોમાં બિરાજમાન થનારી અક્ષર-પુરુષોત્તમ મહારાજની આરસ-પ્રતિમામાં પ્રાણ પ્રતિષ્ઠિત થયા.

તેને અનુસરતાં સ્વામીશ્રી સાંજની સભામાં પધારતાં જ હકડેઠઠ હવેલી જયનાદો દ્વારા ગાજી ઊઠી. સૌએ કલાત્મક પુષ્પહારો વડે સ્વામીશ્રીને આવકાર્યા. મહિમાસભર પ્રવચનોથી તેઓને બિરદાવ્યા. પરંતુ આ અભૂતપૂર્વ અભિવાદનનો પ્રતિભાવ આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ જે કાંઈ અત્યારનો ઉત્સવ તમે ઊજવી રહ્યા છો એ બધો પ્રતાપ મહારાજ, સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો છે. એમની આગળ તો આપણે બહુ જ નાના છીએ. ઉત્સવમાં આવ્યા એ બધા જ મુક્તો છે – એમ સમજીને કાર્ય કરવાનું છે.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગાર તા. ૧૪/૧૧ની સવારે સાકાર થઈ રહ્યા. આ સમયે ક્રમવાર સ્વામીશ્રીને મળી રહેલા મુલાકાતીઓ સાથે એક મંદબુદ્ધિનો

કિશોર પણ આવી ચડ્યો. તેણે અણસમજમાં સ્વામીશ્રીના માથે હાથ મૂકવા પ્રયત્ન કર્યો, પરંતુ પોતાની સ્થૂળ કાયાને કારણે તે ઊભાં ઊભાં પણ સ્વામીશ્રીના મસ્તક સુધી હાથને ન પહોંચાડી શક્યો. તે જોઈ સ્વામીશ્રી સ્વયં આગળ ઝૂક્યા અને બોલ્યા : 'લે, અમને આશીર્વાદ આપ.'

કેવી સરળતા ! કેવી અહંશૂન્યતા !

૨૬મી વિદેશયાત્રાની પૂર્ણાહુતિ

*'આવે ને જાય વીજળી જેમ, વહ્યા જાય દિવસ ઝટ તેમ...'*ની રીતે લંડન ખાતે સ્વામીશ્રીના રોકાણનો એક મહિનો હવે પૂરો થવા આવતાં વિદાયના વાતાવરણથી સૌ વ્યગ્ર બની ગયા. આ વ્યગ્રતાની અસર તા. ૧૬/૧૧ની રાત્રે સ્વામીશ્રી પોઢવા જઈ રહેલા ત્યારે તો તીવ્રતાથી અનુભવાઈ રહી, કારણ કે વિદાય પૂર્વેની આ અંતિમ રાત્રિ હતી. પરંતુ વાતાવરણમાં વ્યાપેલી ગંભીરતાને હળવી કરતાં સ્વામીશ્રી જ બોલ્યા : 'જોતજોતાંમાં યજ્ઞ પૂરો થઈ ગયો.' એમ કહી મંદ સ્મિત સાથે તેઓએ સામે ઊભેલા સંતોને જણાવ્યું : 'યજ્ઞ પૂરો થાય ને બધા પૂર્ણાહુતિ કરે એમ આપણે બધા એકસાથે ૐ બોલીએ.'

વળી, યૌગિક પ્રક્રિયા શીખવતાં સ્વામીશ્રીએ ઉમેર્યું : 'બધા પલાંઠી વાળીને બેસો. એક શ્વાસ ઊંડો લો અને આંખ મીંચી જાવ. જોગી મહારાજ, શાસ્ત્રીજી મહારાજને ધારો. શ્વાસ લાંબો લઈને સાદ ઊંચો ચડાવજો.'

આમ, સૌની વિરહાતુર ચિત્તવૃત્તિને સંતના સ્વરૂપમાં જોડાવી સ્વામીશ્રીએ પણ સૌ સાથે ૐકારનો દીર્ઘ નાદ ગજવ્યો. અંતે 'શાંતિઃ શાંતિઃ શાંતિઃ શાંતિઃ' એમ ચાર વાર ઉચ્ચારી તેઓ બોલ્યા : 'લ્યો ત્યારે, યજ્ઞ પૂરો થયો.'

પરંતુ તેઓએ અહીં રહી પ્રગટાવેલા શાંતિયજ્ઞની ધૂમ્રસેરો ઝટ ઓગળે તેમ નહોતી. તેમાં જ સૌને લીન-વિલીન કરતાં વિદાય થયેલા સ્વામીશ્રી તા. ૧૮/૧૧ની સવારે ૧૧:૨૦ વાગ્યે અમદાવાદના ઍરપોર્ટ પર આવી ઊતર્યા. તે સાથે જ તેઓની છવ્વીસમી વિદેશયાત્રા પર પૂર્ણવિરામ મુકાયું.

સંતોનાં દર્શન થાય એ જ મેવો

અમદાવાદના હવાઈ મથકેથી ગાંધીનગર પધારેલા સ્વામીશ્રી અહીં આજની રાત્રે શયનાધીન થવા પલંગ પર બિરાજ્યા ત્યારે સામે દર્શનાર્થી સંતો

બેઠા હતા. તેમાંના એક દેવકૃષ્ણદાસ સ્વામીને જોતાં સ્વામીશ્રીએ તેઓની સ્વાભાવિક પ્રકૃતિના સંદર્ભમાં પૂછ્યું: 'દૂધનું કેમ છે?'

'રોજ પીઉં છું,' કહી આ સંત બોલ્યા: 'આપે ૧૯૮૮માં અક્ષરજીવન સ્વામીને દૂધ ન પીવાનો નિયમ આપ્યો ત્યારે તેઓએ મને પણ આવો નિયમ લેવાનું કહેલું. તે વખતે મેં 'મને ક્યાં નિયમ આપ્યો છે?' કહી 'ના' પાડેલી.'

'એવું કેમ? મિત્રનું તો રાખવું જોઈએ.'

'એમના કહેવાથી મારે શા માટે દૂધ પીવાનું મૂકવું જોઈએ? આપ કહો તો તરત મુકાઈ જાય.'

'તો લો, આવો નજીક. આજથી લઈ લો નિયમ.' આમ કહેતાં સ્વામીશ્રીએ આ સંતને દૂધ ન પીવાનો નિયમ આપી દીધો.

લેશ ન કઠે એ રીતે જીવને તપ-ત્યાગના માર્ગે ચઢાવી દેવાની સ્વામીશ્રી પાસે આગવી કળા હતી.

તે સાથે તેઓ તા. ૨૦/૧૧ની સાંજે સંસ્થા શતાબ્દીના શુભારંભ મહોત્સવની મીટિંગ કરવા બિરાજ્યા. બોચાસણ મુકામે યોજાનારા આ ઉત્સવની તડામાર તૈયારીઓનો અહેવાલ રજૂ કરતાં પૂર્વે વ્યવસ્થાપક સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું: 'મેવો (સાંજે ઠાકોરજીને ધરાવેલો ફળ-ફળાદિનો પ્રસાદ) નથી લેવો?'

'તમે બધા મેવો જ છો. બીજો મેવો લેવા ક્યાં જવો? સંતોનાં દર્શન થાય એ જ મેવો છે ને!' સ્વામીશ્રી બોલ્યા.

સંતોને જોવાનો તેઓનો દષ્ટિકોણ જ કંઈક અલગ હતો.

ગણે ન નિંદા, ન ગણે વખાણ

તા. ૨૨/૧૧ની સવારે આવેલા ૧૩૦ મુલાકાતીઓમાં અમેરિકાના ચેરીહિલ મુકામે રહેતા હરિભક્ત શ્રી રોહિતભાઈ પટેલે સ્વામીશ્રીના જીવનને ઝીણવટથી જોયું હશે. તેથી તેઓએ પૂછ્યું: 'બાપા! આપ સવાર, બપોર અને સાંજ થોડુંક થોડુંક જમો છો, પરંતુ મને પ્રશ્ન એ થાય છે કે વચ્ચે વચ્ચે ભૂખ લાગે તો આપ શું કરો?'

'ભૂખ જ નથી લાગતી. મને તો એમ જ થાય છે કે ત્રણની જગ્યાએ બે ટાઈમનું ભોજન કરી નાંખીએ.' સ્વામીશ્રી બોલ્યા.

જીવની જેમ જીભને પણ ક્યારેય ઘડપણ નથી આવતું; પરંતુ

સ્વામીશ્રીની તો વાત જ કંઈ નોખી હતી.

આ ત્યાગ-વૈરાગ્ય સાથે તેઓ તા. ૨૩/૧૧ના રોજ ગાંધીનગરના મંદિરનો પાટોત્સવ ઊજવી તા. ૨૪/૧૧ની રાત્રે વાળુ ગ્રહણ કરવા બિરાજ્યા. તે સમયે તાજેતરમાં જ ભરૂચ મુકામે સરકાર દ્વારા યોજાયેલી ચિંતન શિબિરનો વિષય ફૂટ્યો.

મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજ્યના મંત્રીઓ, સચિવો વગેરે ઉચ્ચ હોદ્દેદારોની એ બેઠકમાં સ્વામીશ્રીના અક્ષરધામને પણ અભ્યાસનો વિષય બનાવવામાં આવેલું. માત્ર પાંચ જ વર્ષમાં સ્વામીશ્રીએ સર્જેલા આ અદ્ભુત સંકુલને મૅનેજમેન્ટના મોડલ તરીકે રાખી સૌ તેમાંથી શીખવા માંગતા હતા. તે માટે સંસ્થાના પ્રતિનિધિરૂપે રજૂઆત કરવા ગયેલા યુવક શ્રી કલ્પેશભાઈ ભટ્ટે જણાવેલી વિગતોથી સૌ ઘણા પ્રભાવિત થયેલા. આ મુદ્દો અહીં ગાંધીનગરમાં સ્વામીશ્રીનાં દર્શને આવતા અમલદારો, મંત્રીઓ અચૂક યાદ કરતા.

તે ક્રમમાં આજની રાત્રે સ્વામીશ્રીના ભોજન વખતે રાજ્યના મુખ્ય સચિવ શ્રી સુધીર માંકડનો એક પત્ર વંચાયો.

તેના અનુસંધાનમાં આનંદસ્વરૂપદાસ સ્વામી બોલ્યા: 'બધી જ જગ્યાએ અધિકારીઓ આટલી પ્રશંસા કરે છે, છતાં અંગ્રેજી ભાષામાં લખતા કેટલાક કટાર લેખકોએ ટીકા કરી છે.'

'સારું... સારું... એમની આ પ્રકારની સેવા થાય છે.' સ્વામીશ્રીએ ઠંડકથી કહ્યું. પછી ઉમેર્યું: 'આપણે તો ફૂલાં ચડાવે એમ આ પણ ચડાવનાર મળે ને! બેય સમ. આપણે તો ફૂલ પણ નથી જોઈતાં ને કાંટા પણ. જે કામ કરવું છે એ ભગવાનને રાજી કરવા કરવું છે. ભગવાન આપણી સાથે છે.'

ભગવાનરૂપી ધરીના આધારે જ ઘૂમતા સ્વામીશ્રીના જીવનચક્રમાં ટીકાના કાંટા કદી પંક્ચર પાડી શક્યા નહોતા, તો પ્રશંસાનાં પુષ્પોનો ઢગલો તે ચક્રની ગતિને રૂંધી શક્યો નહોતો. *'ગણે ન નિંદા, ન ગણે વખાણ...'*ની રીતે સરતું રહેલું તેઓનું જીવન!

ગુણગંગામાં ગરકાવ

તા. ૨૪/૧૧ની રાત્રે ભોજન બાદ શરૂ થયેલી મુલાકાતોમાં અમેરિકાથી આવેલા શ્રી કનુભાઈ પટેલ, ડૉ. હર્ષદભાઈ સી. પટેલ વગેરે ભાઈઓને જોતાં સ્વામીશ્રી બોલ્યા: 'મહારાજનું મોકલેલું જ કુટુંબ છે. જાણે

કે સેવા માટે જ જન્મ થયો છે. બધાને નિષ્ઠા ને સમર્પણ. એક જ વાત! પાછળથી શું થશે એની ચિંતા જ નહીં.'

આ જ રીતે ગઢિયા પરિવારના શ્રી નીતિનભાઈ, જયેશભાઈ અને જિતુભાઈને ઉદ્દેશી સ્વામીશ્રી બોલ્યા હતા કે 'ત્રણેય ભાઈઓ મણિ જેવા છે. સેવાભાવી અને જરા પણ અપેક્ષા નહીં. કોઈ બોલી-ચાલી જાય તો ખોટું ન લાગે. જમાડવામાં પણ નર્યો પ્રેમ. સંતો અને ભક્તોનો પાછો મહિમા ને વળી એકધારો.'

આ રીતે સ્વામીશ્રી એક-એક ભક્તને *'સતસંગી સરવ છે એવા, અતિશે જ વખાણવા જેવા...'*ની મહિમાદૃષ્ટિ સાથે નિરખતા.

તેથી તેઓની ગુણગંગામાં જ ગરકાવ રહેતા સ્વામીશ્રી તા. ૨૫/૧૧ની સાંજે ગાંધીનગરથી વિદાય લઈ બોચાસણના પાદરે પધાર્યા ત્યારે અહીં તેઓને સંસ્થાના શતાબ્દી મહોત્સવને વધાવતી કલાત્મક કમાનોએ આવકાર્યા. જે સ્થાનમાં સો વર્ષ પૂર્વે સંસ્થાના પાયા પાતાળે ધરબાયેલા, એ સ્થાન આજે શતાબ્દીનું શિખર ચઢાવવા થનગની રહેલું. તે નિમિત્તે યોજાયેલા સમૈયામાં બોચાસણના દોઢસો જેટલા ખેડૂતોએ પાકની પરવા તજી આશરે ૨૩૫ એકર જમીન ઉત્સવ ઊજવવા સમર્પી દીધેલી. આ સમર્પણની બુનિયાદ પર ગામની સીમમાં વિરાટ અક્ષર-પુરુષોત્તમ નગર ખડું થઈ ગયેલું. તેના કેન્દ્રબિંદુ સમો ૧૨૦ X ૨૦ X ૧૦ ફૂટના પરિમાણનો સભામંચ તો રાજમહેલ જેવી ભવ્યતા ધરાવતો હતો. તેને શોભાવતાં સ્વામીશ્રીએ મંચપ્રવેશ કર્યો ત્યારે સામે બેઠેલાં ૨૮ સેવાવિભાગોનાં નવેક હજાર બાઈ-ભાઈ સ્વયંસેવકોએ ગજવેલા ઘોષથી ન કેવળ બોચાસણ, પણ બ્રહ્માંડ ગાજી ઊઠ્યું.

સૌના આ અભિવાદનમાં પુષ્પહારોની ભવ્યતા ભળતાં વાતાવરણ સુગંધીમાન બની રહ્યું. તેમાં પોતાની અમૃતધારા ઘોળી સ્વામીશ્રી મંદિરે પધાર્યા ત્યારે તે પણ શતાબ્દીના અવસરે નવતર સ્વાંગ સજીને ઊભેલું. તેની પહોળી થયેલી પ્રદક્ષિણાના પાછળના ભાગે નિર્માણ પામેલાં ચાર ગુરુશિખરોમાં ગુરુ-પરંપરા, સુખશય્યાના ખંડમાં ઘનશ્યામ મહારાજ અને રંગમંડપમાં નીલકંઠવર્ણી પધરાવવાની પૂર્ણ તૈયારીઓ થઈ ચૂકેલી. મંદિર-પરિસરમાં સર્વત્ર લાદી જડી દેવાતાં તે વિશેષ સુઘડ ભાસી રહેલું. ઘુમ્મટ પણ શ્રીજીમહારાજનાં લીલા-ચરિત્રો દર્શાવતાં ચિત્રો તેમ જ નવીન કોતરણીયુક્ત રૂપકામથી શોભતો હતો. આ તમામ નવસંસ્કરણ પર દૃષ્ટિ વેરી સ્વામીશ્રી નિજનિવાસમાં પધાર્યા.

એ છે પંડિત ને હું છું અનુભવી

બોચાસણના આંગણે યોજાયેલા ત્રિદિવસીય મહોત્સવના પ્રથમ દિવસ તા. ૨૬/૧૧ની સવાર અક્ષરબ્રહ્મ વિશ્વશાંતિ મહાયાગના મંત્રોચ્ચારથી ગુંજી ઊઠવા ઊઘડી. આ યજ્ઞ માટે તૈયાર કરાયેલી ૪૦૨ કુંડો ધરાવતી યજ્ઞ-શાળાને ધજા-પતાકા, કદલીસ્તંભ, વિવિધ ફૂલછોડ અને તોરણો ઇત્યાદિથી અલંકૃત કરવામાં આવેલી. તેની તળે પવિત્ર પરિધાનમાં બેઠેલા ૩,૫૩૬ યજમાનો સામે ૧૮૦ ફૂટ લાંબા મંચ પર બોચાસણમાં બિરાજનારાં નૂતન અર્ચાસ્વરૂપોની સાથે ભરોડા, ખાનકૂવા, વલાસણ, ખંભોળજ, નાપાડ, ગાના, ઉત્તરસંડા, પલાણા, બાકરોલ ગામોનાં મંદિરો તથા અમદાવાદના ઇસનપુર અને રાણીપ વિસ્તારનાં સંસ્કારધામોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ દર્શન દઈ રહેલી. આ લાભ લૂંટવા ઘણા મંત્રીઓ, ધારાસભ્યો વગેરે પણ યજ્ઞભૂમિના આંગણે આવી પહોંચેલા.

તે સૌની ઉપસ્થિતિમાં યજ્ઞનો આરંભ અને મૂર્તિપૂજનનો મંગલ વિધિ કરી મંદિરે પધારેલા સ્વામીશ્રી ભોજન બાદ આવતીકાલે યોજાનારા પ્રતિષ્ઠાવિધિનો વિમર્શ કરવા બિરાજ્યા. તેમાં તેઓએ જણાવ્યું: 'હું સવારે નવ વાગ્યે પૂજાવિધિમાં આવી જઈશ.'

'આપ સાડા નવ વાગ્યે પધારો, તો અડધા કલાકમાં સમગ્ર વિધિ પૂરો થઈ જાય. આપણે મુખ્યમંત્રીને દસ વાગ્યે બોલાવ્યા છે.'

વ્યવસ્થાપક સંતની આ વાત સાંભળ્યા પછીયે સ્વામીશ્રીએ કહ્યું: 'હું નવ વાગ્યે આવી જઈશ.'

ત્યારે વળી પેલા સંતે પોતાનો મત વ્યક્ત કર્યો: 'નવ વાગ્યે આવશો, પણ બધો વિધિ તો અડધા કલાકમાં પૂરો થઈ જશે.'

'અડધો કલાકમાં ન પતે. પછીની વિધિ પણ કલાક ચાલશે.'

સ્વામીશ્રીએ આમ કહ્યું છતાં વિધિ કરાવનારા પેલા સંતે 'વહેલા આવવાની જરૂર નથી' એમ ગાણું ગાયે રાખ્યું, ત્યારે સ્વામીશ્રી ઘડીભર તેઓ સામે ઠાવકાઈથી જોઈ રહ્યા. પછી બોલ્યા: 'હું કહું છું ને લાંબુ થશે, એટલે હું કહું છું એ બરાબર છે.'

તોયે પેલા સંતે સ્વામીશ્રીને ભીડો ન પડે તે હેતુસર મોડા આવવા બાબતે આગ્રહ જારી રાખ્યો, ત્યારે સ્વામીશ્રીએ સાથે બેઠેલા સંતો તરફ જોઈ

કહ્યું : 'એ છે પંડિત અને હું છું અનુભવી. એ કહે છે, પણ એમ નહીં પતે.'

આ અંગે અન્ય કોઈ અભિપ્રાય આવે તે પહેલાં સ્વામીશ્રી દલીલ કરનારા પેલા સંત તરફ મીઠી નજર કરતાં મૃદુ વાણી ઉચ્ચર્યા : 'મને કેટલાં વર્ષ થયાં ? ૮૬.'

સ્વામીશ્રીનું આ માર્મિક વિધાન સાંભળી તે સંત શાંત થઈ ગયા. જ્ઞાનવૃદ્ધ અને અનુભવથી સમૃદ્ધને કોણ પહોંચે ?!

શતવાર્ષિક પાટોત્સવની ધન્ય ક્ષણ

તા. ૨૬/૧૧ની સાંજે પોણા ચાર વાગ્યે બોચાસણના અક્ષર-પુરુષોત્તમ વિદ્યાલયથી પ્રારંભ પામેલી સવા બે કિ.મી. લાંબી નગરયાત્રા મયૂર રથ, ગરુડ રથ, હંસ રથ, સૂર્ય રથ વગેરેમાં શોભતી મૂર્તિઓ તથા ગામોગામથી ઊમટેલી ભજનમંડળીઓ, ૪૦૦થી વધુ સંતો તેમ જ ધ્વજધારી અસવારો અને હજારો બાઈ-ભાઈ ભક્તોના મહેરામણ વગેરેથી ભરચક હતી. આ શોભાયાત્રા ગામના પ્રજાપતિ નાકા, સુભાષ ચોક, આઝાદ ચોક વગેરે જે-જે સ્થળે વિચરી ત્યાં-ત્યાં પુષ્પોનો વરસાદ વરસી રહ્યો. આ વૃષ્ટિ ઝીલતી યાત્રા સાંજે છ વાગ્યે 'નગર'ના ઘનશ્યામ સભાગૃહમાં સભારૂપે ફેરવાઈ ગઈ. તેમાં પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે મંદિર-ઉત્સવમાં સહયોગ આપનારા દાતાઓનો સન્માનવિધિ સંપન્ન થયો.

તેને અનુસરતાં તા. ૨૭/૧૧ની સવારે પ્રતિષ્ઠા મહોત્સવ આવી પહોંચ્યો. સો વર્ષ પૂર્વે શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રતિષ્ઠિત થયેલા અક્ષર-પુરુષોત્તમ મહારાજ આજે કાયાકલ્પ પામીને નૂતન સુવર્ણમંડિત સિંહાસનમાં બિરાજી ગયેલા. તેઓની જમણી બાજુના ખંડમાં મંદ સ્મિત વેરતા ઘનશ્યામ મહારાજ પધરામણી કરી ચૂકેલા. પ્રદક્ષિણાના પાર્શ્વભાગમાં જેસલમેરના પથ્થરમાંથી નિર્મિત શિખરોની છાયામાં ગુરુપરંપરાએ સ્થાન ગ્રહણ કરી લીધેલું. નીચે રંગમંડપમાં પરિવ્રાજક શ્રી નીલકંઠવર્ણી પણ સ્થિર થઈને ઊભા રહી ગયેલા. આ અવતારીના અભિષેક મંડપની આગળ ગણપતિજી તથા હનુમાનજીની નવીન મૂર્તિઓ નવાં દેરાંમાં વાસ કરવા આતુર હતી.

આ સમસ્ત મૂર્તિમંડળને સ્વામીશ્રીએ વડીલ સંતો સાથે વેદવિધિપૂર્વક પ્રતિષ્ઠિત કર્યું ત્યારે મંદિરની શોભા અનેરી નીખરી ઊઠી. તેને નિહાળવા આવી પહોંચેલા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને સાથે રાખી સ્વામીશ્રીએ

શતવાર્ષિક પાટોત્સવની આરતી ઉતારી તે વખતે વિમાનમાંથી પુષ્પવૃષ્ટિ વરસી રહી. તે ઝીલી સ્વામીશ્રી અને શ્રી મોદી રંગમંડપમાં નીલકંઠવર્ણી સમક્ષ પધાર્યા. અહીં પ્રતિષ્ઠાના મંત્રોચ્ચાર બાદ સ્વામીશ્રીની સૂચના અનુસાર સંસ્થાના ભૂદેવ શ્રી ઘનશ્યામભાઈ શુક્લે રાજ્યાભિષેકના મંત્રોની સાથે મૃત્યુંજય મંત્રો પણ ઉચ્ચાર્યા. તે સમયે સ્વામીશ્રી મુખ્યમંત્રી પર વારે વારે અક્ષત પધરાવી આશીર્વાદ વરસાવતા રહ્યા. આ ઐતિહાસિક ઘડી રાજ્ય અને રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્યની બની રહી. આ રીતે ધુરાવાહકને અભય કવચ બક્ષી સ્વામીશ્રીએ નીલકંઠવર્ણીનું પૂજન કર્યું. શ્રી મોદી પાસે પણ પૂજન કરાવ્યું. તે પછી કેસરજળથી ભરેલા શંખ વડે સ્વામીશ્રીએ વર્ણીનો અભિષેક કર્યો અને મુખ્યમંત્રી પાસે પણ અભિષેક કરાવી તેઓ ઉત્સવ-સભામાં જઈ પહોંચ્યા.

ગુજરાતના કર્તા-હર્તા

સ્વામીશ્રીના સભાગૃહમાં પગલાં થતાં જ ૫૦,૦૦૦થી વધુની સંખ્યામાં એકત્રિત ભક્તસમુદાય હિલોળે ચડી ગયો. તેને સંબોધતાં મુખ્યમંત્રી શ્રી મોદીએ જણાવ્યું :

"પૂજ્ય પ્રમુખસ્વામી જે મને અને તમને ગુરુ જેવા લાગે છે, પણ એમની અંદર પડેલો શિષ્યભાવ સાષ્ટાંગ પ્રણામ કરવા યોગ્ય છે. એમની નાની ઉંમરમાં શાસ્ત્રીજી મહારાજે કદાચ એકાદ વાક્ય કહ્યું હોય એ આજે પણ એમના મનમાં રમતું હોય. એ એમના ગુરુપદની મહાનતા છે. મારે મન બી.એ.પી.એસ. એક સંસ્થા નહીં, પણ એક આંદોલન છે. સમગ્ર વિશ્વમાં માનવતાને વરેલા પ્રત્યેક વ્યક્તિ સુધી તે આજે નહીં તો કાલે પહોંચવાનું છે. પ્રમુખસ્વામી મહારાજ આવડો મોટો સમારંભ લંડન, અમેરિકા અને ધારે તો સાઉદી અરેબિયામાંય કરી દે; પણ જ્યાં મૂળ છે ત્યાં, જ્યાંથી પ્રાણશક્તિ પ્રાપ્ત થઈ છે તે બોચાસણમાં આ ઉત્સવ મનાવ્યો.

આની સાથે પ્રમુખસ્વામી મહારાજનો જન્મદિવસ જોડાયેલો હોવા છતાં એમને પોતાના જન્મ-દિવસ જોડે લેવા-દેવા જ નથી. આજે પૂજા થઈ તો પૂજ્ય પ્રમુખસ્વામીએ મારા માટે એક અલગ પૂજા કરાવડાવી. કદાચ પ્રમુખસ્વામી મહારાજને મારી પાસે ખૂબ અપેક્ષાઓ હશે. મારા દીર્ઘાયુ માટે આજે આવા મહાન પર્વમાં મને જોડ્યો. આવા શ્રેષ્ઠ સંતપુરુષના આશીર્વાદ મળ્યા છે એ હિંમતના આધારે કહું તો મારી અંદર ભવિષ્યની જેટલી પણ

સદ્દ્પળો પડી છે તે બધી જ પ્રમુખસ્વામી મહારાજનાં શ્રીચરણોમાં ધરું છું અને બી.એ.પી.એસ.નાં સવા સો વર્ષ ઊજવીએ ત્યારે પૂજ્ય પ્રમુખસ્વામી આપણી હાજરીમાં આશીર્વાદ આપે.

મારા રાજ્યના સાચામાં સાચા સંસ્કૃતિ ઍમ્બેસેડર (રાજદૂત) કોઈ હોય તો પૂજ્ય પ્રમુખસ્વામી બાપા છે. સમગ્ર વિશ્વમાં ગુજરાતનો જયજયકાર પૂજ્ય બાપાનાં જ્યાં જ્યાં ચરણ પડે ત્યાં થયા વગર રહેવાનો નથી. એમને શબ્દોથી બોલવું ન પડે. એમના આચરણથી બધું થતું હોય છે. મને તો વિશ્વાસ છે કે હવે ગુજરાતને આનાથી મોટા કોઈ બ્રાન્ડ ઍમ્બેસેડરની જરૂર નથી. એ જ અમારા ગુજરાતના કર્તા-હર્તા. એમના જ આશીર્વાદથી આપણું ગુજરાત ફૂલે-ફાલે, સુખ-સમૃદ્ધિમાં આગળ વધે.

૨૧મી સદીના ભવિષ્યને જોવાની ઈશ્વરે મને જે શક્તિ આપી છે તેમાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને જોઈને મેં રાયસણની શાળાના ઉદ્દ્ઘાટન વખતે જાહેરમાં વિનંતી કરી હતી કે 'આપના દ્વારા આ શતાબ્દી વર્ષ નિમિત્તે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેમ્પલ મૅનેજમેન્ટ ઊભી થાય.' તમારી પાસે જે છે એ બધાને મળવું જોઈએ એવી મારી લાગણી છે. હું તો કહું છું કે મંદિરો જ શું કરવા, દરેક આધ્યાત્મિક પ્રવૃત્તિને તમારે ત્યાંથી માર્ગદર્શન મળે. આ મારી વિનંતી છે. એમાંથી અમારી સરકારેય શીખશે. હું તો શીખું જ છું.''

સ્વામીશ્રીના વ્યક્તિત્વને એક આગવા અંદાજથી અંજલિ ધરી શ્રી મોદીએ વિદાય લીધી.

તે પછી અન્ય મહાનુભાવોનાં વક્તવ્યો બાદ આશીર્વાદનો પ્રારંભ કરતાં સ્વામીશ્રીએ 'બી.એ.પી.એસ. દ્વિશતાબ્દી મહોત્સવ'ની જય ઉચ્ચારી! તેઓની આ મનુષ્યલીલાનું મહત્ત્વ તો બી.એ.પી.એસ.ના દ્વિશતાબ્દી મહોત્સવે જ યથાર્થ સમજાશે! તે સમયે જ્યારે સ્વામીશ્રીનો આ જયનાદ ગુંજશે ત્યારે તે સાંભળનારાના ઉરમાં વ્યાપેલો રોમાંચ કોણ માપી શકશે?!

આજે પણ સ્વામીશ્રીના આ જયઘોષને ભક્તોએ તાળીઓથી વધાવી લીધો. તે ઝીલતાં સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાનની ઇચ્છાથી જે બોલાતું હશે એ, કારણ કે આપણે એવા એક વાતાવરણમાં બેઠા છીએ એટલે આપણી બધી સ્થિતિ ભુલાઈ જાય છે.' આટલું કહી તેઓએ સંસ્થાના સ્થાપક અને સંવર્ધક સમા શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજના ગુણાનુવાદ ગાઈ અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાની સત્યતા સૌને દૃઢ કરાવી.

સંસ્થા શતાબ્દીનો શાનદાર શુભારંભ

તા. ૨૮/૧૧ના રોજ આવેલો માગશર સુદ આઠમનો દિન સૌને *'એ તો દિવસ નવાઈનો એવો, જુગોજુગ સમરે જન એવો...'* અનુભવાતો હતો. તેથી આજે રચાયેલા સ્વામીશ્રીની ૮૬મી જન્મજયંતી અને સંસ્થાની શતાબ્દીના પવિત્ર સંગમમાં ડૂબકી મારવા પ્રાતઃપૂજાના પ્રસંગે જ ૮૦,૦૦૦થી વધુ ભક્તો ઊમટી પડેલા. તેઓને દર્શનદાન દેવા ઉતારામાંથી બહાર પધારેલા સ્વામીશ્રી સૌપ્રથમ મંદિરમાં પહોંચ્યા. અત્રે તેઓ પ્રદક્ષિણામાં ઊભેલા તમામ સદ્‌ગુરુ સંતોને નીચા નમી પ્રણામ પાઠવતાં બોલતા ગયા: 'આશીર્વાદ આપો કે બધે સત્સંગ વધે ને સૌ સુખિયા થાય.'

આ નમ્રતાભરી પ્રાર્થના સાથે બધે દર્શન કરતાં કરતાં સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજના ખંડમાં પધાર્યા ત્યારે અહીં એક ઘંટ લટકતો હતો. તે દ્વારા તેઓએ ચૌદ વખત ડંકા વગાડતાં જ જાણે ચૌદ લોકમાં બી.એ.પી.એસ.ની શતાબ્દીનો નાદ ગુંજી ઊઠ્યો.

ઉત્સવની આ આલબેલ પોકારી સભાગૃહમાં પધારેલા સ્વામીશ્રીએ અહીં ગાડીમાંથી ઊતરતાં સામે જ ત્યાગવલ્લભદાસ સ્વામીને જોયા. તેથી તેઓની નજીક જઈ આ સદ્‌ગુરુને આશ્લેષમાં લેતાં સ્વામીશ્રી સ્વયં ભાવાર્દ્ર બની ગયા. આ સ્નેહમિલનથી આજના પ્રભાતને રંગી મંચ પર બિરાજેલા તેઓની નિત્યપૂજા દરમ્યાન જન્મોત્સવની વધામણીનાં કીર્તનો રેલાઈ રહ્યાં. તેના સૂર સાંભળી ખેંચાઈ આવેલા બે લાખ ઉપરાંત ભક્તોથી સાંજની ઉત્સવ-સભા છલકાઈ ઊઠી.

સ્વામીશ્રીની જન્મજયંતીની સાથે સંસ્થા શતાબ્દીનો ઉદ્‌ઘોષ કરતી આ સભા *'ભાવ ધરીને બોલો જય જય, અક્ષર-પુરુષોત્તમ...'*ના નાદથી પ્રારંભ પામી. આ આરંભને હજારો હરિભક્તોએ બી.એ.પી.એસ.ની ઓળખ સમી ધજાઓ ફરકાવી આવકાર્યો. તેને અનુસરતાં આગળ વધેલો સમગ્ર કાર્યક્રમ સંસ્થાના સ્થાપક શાસ્ત્રીજી મહારાજને સમર્પિત રહ્યો. વિવિધ સંતો દ્વારા શાસ્ત્રીજી મહારાજની ધર્મનિષ્ઠા, ક્ષમાભાવના, નમ્રતા, પ્રચંડ પુરુષાર્થ, ભક્તિભાવ વગેરે ગુણો ટૂંકાં વક્તવ્યો દ્વારા રજૂ થયા. તે પછી પ્રસ્તુતિ પામેલો વીડિયો શૉ *'અક્ષરધામથી મહા એકાંતિક અવની ઉપર આવ્યા...'* કીર્તનના આધારે હતો. તેણે સૌની નજર સમક્ષ શાસ્ત્રીજી મહારાજને વિચરતા કરી દીધા.

તેઓની આ દિવ્ય પ્રતિભાને નજરોનજર નિહાળનારા શાસ્ત્રીજી મહારાજના સમકાલીન પંદરેક હરિભક્તોનું પણ આ અવસરે સન્માન થતાં સૌને પાયાની ઈંટોનું દર્શન લાધી રહ્યું. આ જૂના હરિભક્તોને સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજને જ મળતા હોય એવા ભાવથી આવકાર્યા.

ત્યારબાદ મહંત સ્વામીએ સ્વામીશ્રીનાં ચરણે ગુરુભક્તિનું પુષ્પ ચઢાવતાં જણાવ્યું: "શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે 'મારું કર્તવ્ય ચાલુ રહેશે.' આવા પુરુષનો ઠેલ તેમના જેવા પુરુષ જ ઝીલી શકે. યોગીબાપા ઘણી વાર કહેતા કે 'પ્રમુખસ્વામી શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે.' કોઈ ગુરુ પોતાના અનુગામીને પોતાના ગુરુની ઉપમા ક્યારેય ન આપે. આ કેટલી મોટી વાત છે! આપણને લાગે કે શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ ગયા જ નથી, પ્રમુખસ્વામીરૂપે આપણી સમક્ષ જ છે. એમણે પોતાના મનનું ધાર્યું કર્યું જ નથી. યોગીબાપાના બધા સંકલ્પો પ્રમુખસ્વામીએ પૂરા કર્યા છે. એમાંય સ્વામીશ્રીએ કોઈ બણગાં ફૂંક્યાં નથી. નિર્માનિતાથી અને સરળતાથી શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સંકલ્પ પ્રમાણે જ કાર્ય કરી રહ્યા છે."

મહંત સ્વામીએ ઉડાડેલા આ ગુરુમહિમાના ગુલાલની વચ્ચે જ ઈશ્વરચરણદાસ સ્વામીએ સંસ્થા શતાબ્દીની ઉદ્ઘોષણા કરી વાર્ષિક આયોજનો જાહેર કર્યાં. તે દરમ્યાન સ્વામીશ્રી સમક્ષ કલામય નંદાદીપ ગોઠવાઈ ગયો. તેમાં ગોઠવેલી દીવેટોને સ્વામીશ્રીએ જાહેરાત થતાં જ પ્રજ્વલિત શલાકા વડે પ્રગટાવી ત્યારે 'બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવની જય'ના ગગનભેદી નાદ ગુંજી ઊઠ્યા. શતાબ્દીના આરંભની આ ઐતિહાસિક ક્ષણ સૌના જીવમાં જડાઈ ગઈ. તેનો આનંદ નૃત્ય દ્વારા અભિવ્યક્ત થયો. આ સમયે મંચ પર નર્તન કરતા બાળ-કિશોરોને લાખો હૈયાં સંગત આપી રહ્યાં.

*'લૈયે લેવાય તેટલો લા'વો, ફરી અવસર ક્યાં મળે આવો...'*ના ભાવ સાથે ઝૂમી રહેલા એ હૈયાંઓને અમૃતધારાથી તરબતર કરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં પ્રથમ મંદિર કર્યું છે તેનાં સો વર્ષ નિમિત્તે આ ઉત્સવ ઊજવીએ છીએ. જોગી મહારાજે પણ અલૌકિક કાર્ય કર્યું. આ બે પુરુષોના આદેશ પ્રમાણે રહીને જેટલું કાર્ય કરીશું એટલું થશે. આપણી કોઈ મહત્તા નથી. અંદર ભગવાન બેઠા છે એ શક્તિ આપે છે ત્યારે હું વાત કરું છું ને તમને સંભળાય છે...'

સ્વામીશ્રીની આ પરાવાણી વીસેક મિનિટ સુધી સરતી રહી, પણ

આશ્ચર્ય એ અનુભવાયું કે આજે પોતાના જન્મદિને પોતાના સંબંધી એક હરફ તેઓના હોઠે ન ફરક્યો! તેની સાથે તેઓના વડપણ હેઠળ સંસ્થાએ મેળવેલી સિદ્ધિ-પ્રસિદ્ધિના ઢોલ પીટતો એક બોલ સંસ્થાની શતાબ્દીના આરંભે સ્વામીશ્રીની જીભ પર ન ફૂટ્યો!!

*'દુરહંકાર નહીં એકે આની, એ તો ગુણ કહિયે નિરમાની...'*ની ઝાંખી કરાવતા સ્વામીશ્રીના આ આશીર્વાદ વિરમ્યા ત્યાં જ તેઓને વધાવવા લાખ-લાખ દીવડા ઝળહળી ઊઠ્યા. એ દીપસાગરની સપાટી પર ચંદ્રબિંબ સમું સ્વામીશ્રીનું મુખારવિંદ તરતું રહ્યું. તેનું રસપાન કરતાં કરતાં ભક્તભ્રમરો આરતીના શબ્દો ગુનગુનાવતા રહ્યા. તેને આતશબાજીની ધામધૂમ સંગત આપતી રહી. દીપદાનના આ અવિસ્મરણીય દશ્ય સાથે શતાબ્દીના શુભારંભનો સમારોહ સંપન્ન થયો.[૩૪]

સર્વે જાણે છે અંતરજામી

બોચાસણમાં ઊજવાયેલા સંસ્થા શતાબ્દીના ઉત્સવે ગામના તળાવ-કિનારે નીલકંઠવર્ણીના પ્રાસાદિક સ્થળનો પણ જીર્ણોદ્ધાર થયેલો. તેના ભાગરૂપે અત્રે નિર્માણ પામેલી નૂતન કલાત્મક છત્રીમાં ચરણારવિંદનાં પ્રતિષ્ઠા, પૂજન અને આરતીનો વિધિ તા. ૩૦/૧૧ની સવારે કરી સ્વામીશ્રી તા. ૬/૧૨ની સાંજે આણંદ પધાર્યા.

અહીં તા. ૭/૧૨ના રોજ આણંદ તથા વિદ્યાનગરનાં મંદિરોનો પાટોત્સવ અને અંગ્રેજી તારીખ અનુસાર સ્વામીશ્રીના જન્મદિનની ત્રિવેણી રચાઈ રહી. તેમાં પંદર હજારથી વધુ ભક્તોને ઝબકોળી સ્વામીશ્રી આણંદ મંદિરે પરત ફર્યા ત્યારે તા. ૯/૧૨ની બપોરે સંતોએ વાત માંડી : 'અમને એમ લાગે છે કે આપને આરામ મળી રહે તે માટે કોઈક શાંત સ્થળે લઈ જવા. આપ રોજ કેટલીય વ્યક્તિઓને મળો છો, એમાં કોઈ માંદાનો ચેપ લાગતાં આપ પણ માંદા પડી જાઓ છો.'

આ અરસામાં સ્વામીશ્રીના શરીરમાં ઊપડેલા ઉધરસના ઉપદ્રવને

૩૪. બી.એ.પી.એસ. શતાબ્દી મહોત્સવના શાનદાર શુભારંભમાં સહભાગી થવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

નજરમાં રાખી આ પ્રસ્તાવ મુકાયો. બોચાસણનો સમૈયો ઊજવાયા બાદ તરત શરૂ થયેલી આ તકલીફ ગોળીઓ, આયુર્વેદિક ઉપચારો, નાસ લેવો વગેરે ક્રિયાઓથી પણ કાબૂમાં આવતી નહોતી. તેને કારણ ઊંઘ અને મોં – બંનેમાં કનડગત અનુભવાતી. સંતોએ વાત કરી તે વખતેય સ્વામીશ્રીને ખાંસી ચઢતાં સૌએ કહ્યું: 'જુઓ, આવું થયે રાખે ! ઉધરસ આવી કે નહીં ?'

'આવે તો એને ના ઓછી પડાય છે ?' ઉધરસ ખાતાં ખાતાં જ આટલું બોલી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'જે આવે એને ભોગવવાનું જ ! 'કેમ આવ્યું ? કેવી રીતે આવ્યું ? શું થશે ?' એવી બધી ચિંતા કરવાની જ નહીં. મહારાજની જેવી ઇચ્છા ! મટે તોય ઠીક ને ન મટે તોય ઠીક.'

'પણ હવે વ્યવહાર થોડો ઓછો થાય તો સારું.'

'આપણે ક્યાં વ્યવહાર છે ? આ તો ભગવાનનું કામ છે, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનું કામ છે. જગતનું કામ હોય એને વ્યવહાર કહેવાય. આ તો નિર્ગુણ કહેવાય.'

આમ કહી સ્વામીશ્રીએ એકાંતમાં જઈ આરામની વાત ફગાવી ત્યારે ઓરડામાં ઊભેલા ડૉ. કિરણભાઈ સંતોના પક્ષમાં ભળતાં હળવાશથી બોલ્યા: 'અમે બધા શું કહેવા માંગીએ છીએ એનો કંઈક ખ્યાલ તો આપને આવે છે ને ?'

'તમે શું કહેવા માંગો છો એટલું જ નહીં, પણ તમારું આગળનું આયોજન શું છે અને શું કરવા માંગો છો એ બધું જ ખબર પડી જાય છે.' સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું.

આ હાસ્ય ઘણું મર્મસભર હતું. તેમાંથી *'સર્વે જાણે છે અંતરજામી, પણ મનુષ્યલીલા કરે સ્વામી...'*નો ભાવ પ્રગટ થઈ રહ્યો.

સારી બુદ્ધિ સ્વભાવમાં શાંત

તા. ૯/૧૨ની સાયંસભામાં જતાં પૂર્વે સ્વામીશ્રી આણંદના મંદિરની સમીપે નિર્માણ પામેલા પ્રમુખ મહોલનું ઉદ્‌ઘાટન કરવા પધાર્યા. ચાર માળના આ સુવિધાસજ્જ અતિથિનિવાસના દ્વારે તેઓ નાડાછડી છોડી અંદર પ્રવેશ્યા. તે પછી તેઓએ દરેક માળના પ્રત્યેક ઓરડામાં પુષ્પો વેરી સંકુલને તીર્થતુલ્ય કરી મૂક્યું.

પરંતુ આ ક્રિયા કરતાં કરતાં સ્વામીશ્રીએ એક પગથિયા તરફ નિર્દેશ કરી સહજ સ્વભાવે પૂછ્યું: 'આ પગથિયું કેટલા ઇંચનું છે ?'

'બધાં સાડા છ ઇંચનાં જ છે.' સાથે ફરી રહેલા ઇજનેર અને આર્કિટેક્ટે કહ્યું.

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'આ થોડું વધારે ઊંચું નથી લાગતું ?'

'ના, ના, બરાબર જ છે.'

આ રીતે એ જ જવાબ મળતાં સ્વામીશ્રીએ મૌન સેવ્યું, પણ પરિસરમાં બધે જ ફર્યા પછી પુનઃ તેઓએ પેલા પગથિયા તરફ એક પ્રશ્નસૂચક દૃષ્ટિ કરી. તેથી માપપટ્ટી મંગાવી પગથિયું માપવામાં આવતાં તે સાડા છ ઇંચને બદલે સાડા સાત ઇંચનું માલૂમ પડ્યું ! સ્વામીશ્રીની આ નિરીક્ષણશક્તિ જોઈ સૌ મોંમાં આંગળાં નાંખી ગયા.

*'સારી બુદ્ધિ સ્વભાવમાં શાંત...'*નો દુર્લભ સમન્વય સ્વામીશ્રીમાં સધાયેલો. તેથી પ્રથમ પગલે જ ખામી-ખૂબી પારખી જનારા તેઓ ખૂબ નમ્રતાથી પોતાની વાત મૂકતા. તે ન સ્વીકારાય તોય આકળા ન થતા. પોતાનો મત સત્ય અને સુયોગ્ય પુરવાર થાય ત્યારે પણ ભૂલભરેલો ભોંઠપ ન અનુભવે તેમ તેઓ વર્તતા. આવી કાર્યશૈલી સ્વામીશ્રીના સાધુતાસભર મૅનેજમેન્ટનો પુરાવો પૂરતી.

તેને નિહાળવાનો લહાવો તા. ૧૧/૧૨ની બપોરથી મહેળાવને મળવા લાગ્યો.

અહીં બાર વાગ્યે પધારેલા સ્વામીશ્રી પ્રથમ શાસ્ત્રીજી મહારાજના જન્મ-સ્થાને પહોંચ્યા. અત્રે ગુરુહરિનાં દર્શન કરતાં જ હર્ષપુલકિત થઈ ઊઠેલા તેઓ ક્યાંય સુધી અનિમિષ નયને મૂર્તિને નીરખી રહ્યા. ત્યારબાદ દંડવત્ કરવા ઝૂકેલા સ્વામીશ્રી છેલ્લા દંડવતે ઊભા થવાને બદલે પલાંઠી વાળીને બેસી ગયા.

આ સમયે તેઓના શરીરને કેડ, સાથળ, ઘૂંટણ અને પિંડીમાં ઉપડેલા દુખાવા કચરી રહેલા. સ્વામીશ્રી ગાંધીનગર પધાર્યા ત્યારથી જ તેની સારવાર ચાલુ થઈ ગયેલી. છતાં આજે એ તકલીફને ગણકાર્યા સિવાય તેઓએ પલાંઠી જમાવી દઈ સંતોને કીર્તન ગાવા કહ્યું. આ આદેશના ઇશારે ગવાયેલા *'સ્વામીજી તો મહાપ્રતાપી...'* પદ બાદ સ્વામીશ્રીએ આગામી વર્ષે સંસ્થાનો શતાબ્દી મહોત્સવ ધામધૂમથી ઊજવાય અને અમેરિકાના અક્ષરધામનું કાર્ય નિર્વિઘ્ને આગળ ધપે તેવા સંકલ્પો સાથે ધૂન આદરી.

પ્રાર્થના પછી ઊભા થયેલા તેઓ જન્મસ્થાનની ઓરડીને અહોભાવથી જોતાં એક-એક થાંભલા અને પાટડાનો સ્પર્શ કરી બહાર પધાર્યા. અહીંથી

પ્રાસાદિક ચોરે થઈ મંદિરે આવી પહોંચ્યા.

કશી વાતે ન રાખો કચાશ

મહેળાવના નિવાસ દરમ્યાન મંદિર-પરિસરમાં નવા બંધાયેલા રસોડાની ડાબી બાજુના મેદાન પર સભામંડપ ઊભો કરવામાં આવેલો. અત્રે રોજ સાંજે સ્વામીશ્રી ધર્મલાભ આપવા પધારતા.

તે ક્રમમાં તા. ૧૨/૧૨ના દિવસે સૌને આશીર્વાદ આપી તેઓ ઉતારે જતાં પહેલાં નવા રસોડાને પ્રસાદીભૂત કરવા જઈ પહોંચ્યા. અહીં તેઓ એક ઠેકાણે ઊટકાતાં વાસણોનું ચોકડી બહાર રેલાતું પાણી જોઈ બોલ્યા: 'આ રીતે પાણી બહાર જાય પછી મચ્છર થાય અને રોગ થાય. એટલે સ્વચ્છતા પહેલેથી રાખવી. આયોજન પહેલેથી કરવું, જેથી આ પાણી ગટર ભેગું વહી જાય. સ્વચ્છતાનો ખટકો રાખવો જોઈએ, નહીં તો ગંદકી ને ગંદકી જ થયે રાખશે.'

આટલી ટકોર કરી આગળ વધેલા સ્વામીશ્રીએ હરિભક્તોના ભોજનમાં ફોતરાંવાળી મગની ખીચડી જોઈ કહ્યું: 'આ તો ગુજરાત(ચરોતર) કહેવાય. અહીં આ ખીચડી કોઈ ખાય નહીં, એટલે જાળવજો.'

પોતાના ભોજન અંગે કદી પળોજણમાં ન પડનારા સ્વામીશ્રી ભક્તોના ભોજન બાબતે ઘણું ઝીણું વિચારતા. તેમાં તેઓ સત્સંગીઓનાં સ્વાસ્થ્ય અને સ્વાદની તો ગણતરી કરતા જ, પરંતુ પ્રાદેશિક રસ-રુચિની વિગતોયે તેઓના ધ્યાન બહાર ન જતી.

તેથી જ તા. ૧૩/૧૨ની સાયંસભામાં શરૂ થયેલા હારતોરાના ક્રમમાં મહેળાવના સંતોનો વારો આવ્યો ત્યારે સ્વામીશ્રીએ ભંડારી કીર્તિવર્ધનદાસ સ્વામીને પૂછ્યું: 'કેટલા માણસની રસોઈ કરી છે?'

'સાડા ત્રણ હજારની.'

'તો તો બહુ વાંધો નહીં આવે, છતાં જોઈ લેજો. માણસો થોડા વધારે લાગે છે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને રસ સન્માનમાં નહીં, સત્સંગીઓની સરભરામાં રહેતો.

કાળજું કોરતી કરકસર

તા. ૧૪/૧૨ની સાંજે મહેળાવથી વિદાય લઈ પીપળાતા પધારેલા સ્વામીશ્રીએ અત્રે નવનિર્મિત મંદિરમાં બિરાજેલા ઠાકોરજીનાં પૂજન-આરતી

કર્યાં. આ મંદિરના નિર્માણમાં વિશેષ સૌજન્ય દાખવનારા હરિભક્ત શ્રી ચંદુભાઈએ બે દિવસ પૂર્વે સ્વામીશ્રીને કહેલું: 'બાપા! અમારા પરિવારની અત્યંત ઇચ્છા છે કે આપ એક વાર મંદિરમાં પધારજો. આ વખતે ન થાય તો ફરી વાર પણ પધારજો ખરા.'

આ મનોરથને ભાંગતી તબિયતે પણ પૂરો કરી સ્વામીશ્રીએ અમદાવાદની વાટ પકડી.

આ સમયે ઍક્સપ્રેસ હાઈવે પર સડસડાટ દોડવા માંડેલી મોટરની જેમ સ્વામીશ્રીની નજર પણ પત્રો પર ફરવા લાગી. તે ક્રમમાં તેઓએ વધુ પાનાં ધરાવતો એક મોટો કાગળ હાથમાં લીધો, પરંતુ તે ખોલવા જતાં તેમાં ભરાવેલી સેફ્ટી પીન નીચે પડી ગઈ. તેને શોધવા સ્વામીશ્રી પાનાં બાજુ પર મૂકી પીનને ઉઠાવવા પ્રયત્નશીલ થયા, પણ પીન તેઓના બે પગની વચ્ચે એ રીતે પડેલી કે તે દોડતી ગાડીએ નીચા નમીને લેવાય તેમ નહોતી. તે વખતે સ્વામીશ્રીએ યુક્તિ અજમાવી.

તેઓએ એક મોટું પરબીડિયું લઈ તેને બેય હાથે આડું પકડ્યું અને કચરો જેમ સૂપડીમાં ભરીએ તેમ થોડા નીચા વળીને સેફ્ટી પીનને કાગળ પર સેરવી લીધી અને તેનો પુનઃ ઉપયોગ કરવા પરબીડિયામાં પણ મૂકી દીધી!

એક વિશ્વવ્યાપી સંસ્થાનો ધામધૂમથી શતાબ્દી વર્ષમાં પ્રવેશ કરાવનારા સ્વામીશ્રીની આ કરકસર સહયાત્રીઓના કાળજે કોરાઈ ગઈ.

સરકતા સમયે શિથિલતા નહીં, સુવિધાઓ વચ્ચે સડો નહીં, સત્તાધીશ હોવા છતાં છૂટછાટ નહીં – આ હતી સ્વામીશ્રીના સદ્‌ગુણોની વિશેષતા.

ન દીર્ઘસૂત્રીપણું ઉર આણે

તા. ૧૪/૧૨ની સાંજે અમદાવાદ પધારેલા સ્વામીશ્રીના સ્વાસ્થ્યની જાળવણીના એક ભાગરૂપે તા. ૧૫/૧૨થી ઈ.ઈ.સી.પી. નામની ઉપચાર પદ્ધતિ શરૂ થવાની હતી, પરંતુ શસ્ત્રક્રિયા વિના હૃદયની નળીઓને વધુ કાર્યક્ષમ કરતી આ સારવારનો પ્રારંભ કરતાં પૂર્વે સ્વામીશ્રીએ યંત્રનું વિધિવત્ પૂજન કરાવ્યું. તે પર ઠાકોરજી મુકાવ્યા. શ્રીફળ પણ વધેરાવ્યું. આ રીતે શુભ મુહૂર્તમાં યંત્રનું ઉદ્‌ઘાટન કરી તેઓ સવારે અગિયાર વાગ્યે યંત્ર પર સૂતા અને ગતિવિધિ આરંભાઈ.

તે જોઈને આજની રાત્રે શયનાધીન થઈ રહેલા સ્વામીશ્રીને કો'કે

પૂછ્યું : 'મુહૂર્ત વગેરે સાચું છે ?'

'સાચું જ ને ! જ્યોતિષશાસ્ત્ર વેદોનું છે.'

'આપના જેવા બુદ્ધિશાળી પણ માનતા હોય ત્યારે શંકાનું કોઈ કારણ નથી.'

'આપણે નહીં, મહારાજ પણ મુહૂર્ત જોવરાવતા. શાસ્ત્રીજી મહારાજ પણ મુહૂર્ત જોવરાવતા. મોટાની રીતનો ભંગ ન થાય એટલું આપણે કરીએ. નહીં તો સામાન્ય માણસો બધી જ પ્રકારની છૂટ લઈ લે.' સ્વામીશ્રી બોલ્યા.

ખોટા વાદે-છંદે ચઢવાનું છીંડું કોઈને ન જડે તેવી ક્રિયાઓ તેઓની રહેતી.

આવી જ તેઓની અન્ય એક પ્રેરક જીવનશૈલી તા. ૧૭/૧૨ની રાત્રે ઝળકી ઊઠી.

આ સમયે પત્રવાંચન કરી રહેલા સ્વામીશ્રીને જાણવા મળ્યું કે 'પણસોરા ગામના હરિભક્ત શ્રી દિનુભાઈ મુખ્ય માર્ગને અડીને આવેલી તેઓની ત્રણ એકર જમીન સંસ્થાને મંદિર માટે અર્પણ કરવા માંગે છે, પરંતુ તેઓને હજી સુધી સંસ્થા તરફથી કોઈ પ્રતિભાવ મળ્યો નથી.'

આ જાણી સ્વામીશ્રીએ તે વિસ્તારમાં વિચરતા સંતોને ફોન જોડી કહ્યું : 'જમીનની બધી વિગતો લઈને કાલે અહીં આવી જાવ. આપણે ચર્ચા કરી લઈએ.'

તે સાથે જ ઘણા વખતથી વિલંબાતી એક વિગતનો બાર-પંદર કલાકમાં જ યોગ્ય નિકાલ આવી ગયો. *'ન દીર્ઘસૂત્રીપણું ઉર આણે...'*ની સ્વામીશ્રીની કાર્યપદ્ધતિનો અનુભવ કર્યા વિનાનું ભાગ્યે જ કોઈ રહ્યું હશે.

અણધારી અને આશ્ચર્યકારી વિશ્રામલીલા

તા. ૧૮/૧૨ની સવારે અલ્પાહાર દરમ્યાન વંચાયેલી શાસ્ત્રીજી મહારાજના સમયની કેટલીક તવારીખમાં સ્વામીશ્રીએ કરી આપેલી સ્પષ્ટતા અને પુષ્ટિ સંતોના મનમાં અહોભાવની સાથે જિજ્ઞાસા પણ જન્માવી ગઈ. તેથી સ્વામીશ્રી પાસે રહેલા ઐતિહાસિક વિગતોના ખજાનાને ઉલેચવા તા. ૧૯/૧૨થી તો આયોજનબદ્ધ સ્મૃતિસત્ર જ ગોઠવાઈ ગયું. તેના ભાગરૂપે રોજ રાત્રે વાળુ બાદ સંસ્થાકીય સામયિક 'પ્રકાશ'ના જૂના અંકો સ્વામીશ્રી સમક્ષ વંચાવા લાગ્યા. તેમાં આવતા ઉલ્લેખોના આધારે સંતો પ્રશ્ન પૂછે અને સ્વામીશ્રી સમાધાન આપે. આ પ્રશ્નોત્તરી સ્વામીશ્રીના પૂર્વાશ્રમ અને ત્યાગાશ્રમના પ્રારંભની ઘણી અપ્રસિદ્ધ વાતો પરથી પડદો ઊંચકનારી બની

રહી. તે આવરણો જેમ જેમ હટતાં ગયાં તેમ તેમ સ્વામીશ્રીની પ્રતિભાનો નૂતન પરિચય મળવા માંડ્યો. તેથી આ સ્મૃતિસુધાનો આસ્વાદ માણવા અમદાવાદનાં સમીપવર્તી મંદિરોના સંતો પણ ઊમટવા લાગ્યા.

તેની વચ્ચે દિવસ દરમ્યાન વિવિધ સેવાકાર્યો આટોપતા સ્વામીશ્રીએ તા. ૨૦/૧૨ની સવારે અમેરિકાથી આવેલા એક હરિભક્ત સાથે મીટિંગ પૂરી કરી. તે પછી તેઓએ આ સત્સંગીને બહાર બેઠેલા પોતાના પત્ર-પરિચારકને અંદર મોકલવા જણાવ્યું, પરંતુ કંઈક સમજફેર થવાથી પેલી વ્યક્તિ તો એમ ને એમ જ ચાલી નીકળી. આ બાજુ સ્વામીશ્રીએ થોડી વાર રાહ જોઈ પણ મુલાકાત ખંડમાં કોઈ ન આવતાં તેઓએ બાજુની ટિપાઈ પર પડેલા પત્રો સ્વયં લઈ વાંચવા શરૂ કર્યા. તે કાર્ય પણ પૂરું થયું છતાં કોઈ પરિચારક ઓરડામાં ન પ્રવેશ્યા.

તેથી સોફા પર બિરાજેલા સ્વામીશ્રી કોઈનાય ટેકા વિના જાતે જ ઊભા થઈ ગયા. પગ પર ઢાંકેલી શાલ પણ પોતાની સાથે લીધી અને શયનખંડમાં આવી પલંગ પર શાલ ઓઢી પોઢી ગયા !

થોડી વારે કંઈક કામ અંગે આ ખંડમાં પ્રવેશેલા ભક્તિજીવનદાસ સ્વામી તો બત્તીઓ ચાલુ, બારણાં ખુલ્લાં અને સ્વામીશ્રીના ઢોલિયા પર કો'કને સૂતેલા જોઈ ચોંકી જ ગયા. તેઓએ આ વિગત સેવકોને જણાવી કે 'બાપાના પલંગ પર કોઈ સૂઈ ગયું છે !'

આ જાણી સૌ ઓરડામાં ધસી આવ્યા અને તપાસ કરી તો સ્વયં સ્વામીશ્રી જ ઘસઘસાટ પોઢી ગયેલા. તેથી તેઓને ખલેલ ન પહોંચે એમ સેવકો રજાઈ ઓઢાડવા ગયા, પરંતુ તેનો સ્પર્શ થતાં જ સ્વામીશ્રી જાગી ગયા. તેઓની આ અણધારી વિશ્રામલીલા સૌનાં હૈયે સુખદ આશ્ચર્ય જન્માવી ગઈ.

નિત્ય અને નિરપેક્ષ મોટપ

તા. ૨૦/૧૨ની રાત્રે વાળુ કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ એક ભક્તની વાત નીકળતાં સ્વામીશ્રી બોલ્યા : 'એ પરદેશમાં અમારી સાથે હતા ત્યારે સંતો પધરામણીએ જાય તે વખતે ગાડીમાં કાયમ આગળ જ બેસી જાય.'

આ સાંભળી સંતોએ સ્વામીશ્રીને કહ્યું : 'એ જો આપની સાથે હોય તો તો આપે પણ ધ્યાન રાખવું પડે, નહીં તો ત્યાંય આગળ બેસી જાય.'

'ભલે ને બેસે, આપણે તો બધું ઓપન (જાહેર) જ છે ને !'

'પણ તો પછી આપ ક્યાં બેસો ?'

'આપણે પાછળ બેસીએ. આપણે ઓછું લખી રાખ્યું છે કે અહીં જ બેસવું ? આગળ તો આગળ ને પાછળ તો પાછળ. આપણું ક્યાં કંઈ નીચું થઈ જવાનું છે ?' સ્વામીશ્રી બોલ્યા.

તેઓની મોટપ આગળ-પાછળ કે ઉપર-નીચે જેવા કોઈ સ્થાન પર આધારિત નહોતી. તેઓની મોટપ ભૂત, ભવિષ્ય કે વર્તમાન જેવા કોઈ કાળ સાથે પણ સંબંધ ધરાવતી નહોતી. તેઓની મોટપ પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણ જેવી કોઈ દિશાનીયે ઓશિયાળી નહોતી. *'જે હશે સોનું તે રહેશે સોનું...'* મુજબ સ્વામીશ્રીની મોટપને કોઈ દેશ, દિશા કે કાળ કાતરી-વેતરી શકે એમ નહોતા.

આવી નિત્ય અને નિરપેક્ષ મોટપના માલિક સમા તેઓના સંગે સન ૨૦૦૬ હરખભેર આગળ વધી રહેલી, પરંતુ તેનું આ સૌભાગ્ય રોળાવાની ઘડી તા. ૩૧/૧૨ની રાત્રે આવી પહોંચતાં તે ઝૂરવા લાગી. સંસ્થાની શતાબ્દીના શુભારંભનો સ્વાદ ચાખી ગયેલી તેને આ શતાબ્દીની ચરમસીમા જોવાના કોડ હતા, પરંતુ તે પૂર્વે તો તેની નિયતિનું નાવ કાળના કાંઠે લાંગરી જતાં સન ૨૦૦૬ને ન છૂટકે સ્વામીશ્રીની અમૃતધારામાંથી બહાર નીકળવું જ પડ્યું.

અલબત્ત, આ સમયે સતત ૩૬૫ દિવસ સુધી મળેલા સ્વામીશ્રીના સંગથી તરબતર તેની કાયાના કણ-કણમાંથી પ્રાર્થનાના સૂર વહી નીકળ્યા કે –

'હે સ્વામી !

તમારી મૂર્તિમાં અચળિત અમારાં મન હજો,
તમારો હે ત્રાતા જગત સઘળામાં જય થજો.'